શ્રી અરવિંદ

યોગ વિષે પત્રો-૨

181.45
A8L3-2
1987

શ્રી અરવિંદ આશ્રમ : પોંડિચેરી

યોગ વિષે પત્રો

ગ્રંથ ૨

LETTERS ON YOGA

(in 3 volumes)

The greater part of the vast body of Sri Aurobindo's letters, mostly to his disciples, was written during the 1930 to 1938.

This yoga accepts the value of cosmic existence and holds it to be a reality; its object is to enter into a higher Truth-Consciousness or Divine supramental Consciousness in which action and creation are the expression not of ignorance and imperfection, but of the Truth, the Light, the Divine Ananda. But for that, surrender of the mortal mind, life and body to that Higher Consciousness is indispensable, since it is too difficult for the mortal human being to pass by its own effort beyond mind to a supramental Consciousness in which the dynamism is no longer mental but of quite another power. Only those who can accept the call to such a change should enter into this yoga.

CONTENTS

VOL. I : The Supramental Evolution; Religion, Morality, Idealism and Yoga; Reason, Science and Yoga; Planes and Parts of the Being; Rebirth, etc.

VOL. II : The Object of Integral Yoga; Basic Requisites of the Path; Sadhana through Work, Meditation, Love and Devotion; Experiences and Realisations; Visions and Symbols; Experiences of the Inner and the Cosmic Consciousness, etc.

VOL. III : The Triple Transformation Psychic-Spiritual-Supramental; Transformation of the Mind, the Vital, the Physical, the Subconscient and the Inconscient, etc.

Subjects : Yoga, Philosophy, Psychology.
Translations : German, Hindi, Gujarati.

*

શ્રી અરવિંદ

યોગ વિષે પત્રો

ગ્રંથ ૨

: અનુવાદક :

કે. સુ. કાપડિયા

શ્રી અરવિંદ સોસાયટી (શાખા)

અમદાવાદ – ૩૮૦ ૦૦૬

પ્રકાશક : શ્રી અરવિંદ આશ્રમ ટ્રસ્ટ વતી
હસમુખ શાહ, શ્રી અરવિંદ સોસાયટી
'સેન્ટર' પ્રિતમનગર, પહેલો ઢાળ, અમદાવાદ – ૩૮૦ ૦૦૬

7067

પ્રથમ આવૃત્તિ : જાન્યુઆરી ૧૯૮૭

પ્રત : ૧૧૦૦

181.45
A823-2
1987

કિંમત : રૂા. ૭૫-૦૦

© શ્રી અરવિંદ આશ્રમ ટ્રસ્ટ : પોંડિચેરી

૧૫,૧૨૭૫

પ્રાપ્તિસ્થાન :

૧ શ્રી અરવિંદ આશ્રમ સેલ્સ એમ્પોરિયમ, શ્રી અરવિંદ આશ્રમ બસ સ્ટોપ, પ્રિતમરાય રોડ, બરોડા બૅન્ક પાસે, એલિસબ્રિજ, અમદાવાદ – ૩૮૦ ૦૦૬

૨ શ્રી અરવિંદ આશ્રમ સેલ્સ એમ્પોરિયમ, શ્રી અરવિંદ નિવાસ, દાંડિયા બજાર, વડોદરા – ૩૯૦ ૦૦૧

3 SABDA, SRI AUROBINDO ASHRAM
Pondichery – 605 002

મુદ્રક : ગોવર્ધન દવે, નવસર્જન એકેડેમી પ્રેસ, નારગોલ. ૩૯૬ ૧૩૫ જી. વલસાડ.

નિવેદન

શ્રી અરવિંદ બર્થ સેન્ટેનરી લાયબ્રેરીના ત્રણ વોલ્યુમ્સ નં. ૨૨, ૨૩, ૨૪–'લેટર્સ ઓન યોગ'નું ગુજરાતી ભાષાંતર 'યોગ વિષે પત્રો' શિર્ષક હેઠળ ત્રણ ગ્રંથમાં કરવામાં આવ્યું છે, તેમાંનો આ બીજો ગ્રંથ–વોલ્યુમ નં ૨૩નું ભાષાંતર છે.

સાધકો, શિષ્યો અને જિજ્ઞાસુઓને પ્રત્યુત્તરરૂપે લખેલા મોટા ભાગના આ પત્રો શ્રી અરવિંદે સને ૧૯૩૦ થી ૧૯૩૮ દરમિયાન લખેલા હતા, જે આપણા સૌને માટે એક અમૂલ્ય બક્ષિસ છે.

જીવન જીવ્યાનો સાચો આનંદ તો તેમને માટે છે કે જેમને "સમગ્ર જીવન યોગ છે" એ શ્રી અરવિંદના સૂત્રની અનુભૂતિ થઈ હોય! માનવ આ અનુભૂતિ કેવી રીતે પ્રાપ્ત કરી શકે?

શ્રી અરવિંદનો સૂર્યપ્રકાશિત પૂર્ણ યોગનો માર્ગ આપણને આ અનુભૂતિ પ્રાપ્ત કરાવી શકે તેમ છે. પરમાત્મા, આત્મા, જીવ અને જગત–આ સૌના અરસ-પરસના સંબંધનું રહસ્ય પૂર્ણયોગ આપણી સમક્ષ ખુલ્લું કરી આપે છે. અને સાધકને તેના મૂળ સ્વરૂપમાં સ્થિત કરી આપી જગત ઉપરના તેના અસ્તિત્વને સાર્થક કરી આપે છે. જીવનનું એવું એક પણ ક્ષેત્ર નથી કે જેને શ્રી અરવિંદના આ પત્રોનો સ્પર્શ ન થયો હોય.

વાચકને જીવન પ્રત્યેની એક નવી જ દૃષ્ટિ કેળવવામાં અને ઊર્ધ્વ પ્રત્યે આરોહણ કરવાના માર્ગમાં આ પત્રો સહાયભૂત થાય એ ભાવના સાથે......

હસમુખ શાહ

શ્રી અરવિંદ સોસાયટી–અમદાવાદ

અનુક્રમ

(ભાગ પહેલો)

વિભાગ ૧

પૂર્ણ યોગનો હેતુ ૧

વિભાગ ૨

સમન્વયની પદ્ધતિ અને પૂર્ણ યોગ ૨૫

વિભાગ ૩

યોગમાર્ગના પાયાની જરૂરિયાતો ૪૫

વિભાગ ૪

યોગસાધનાનો પાયો ૧૩૯

વિભાગ ૫

કર્મયોગદ્વારા સાધના ૧૭૫

વિભાગ ૬

ધ્યાન મારફતે સાધના ૨૨૯

વિભાગ ૭

પ્રેમ અને ભકિત દ્વારા સાધના ૨૬૧

વિભાગ ૮

યોગમાં માનવ સંબંધો ૩૧૫

વિભાગ ૯

સાધના – આશ્રમમાં અને બહાર ૩૬૧

*

(ભાગ બીજો)

વિભાગ ૧

અનુભૂતિઓ અને સાક્ષાત્કારો ૩૯૩

વિભાગ ૨

દર્શનો અને પ્રતીકો ૪૪૯

વિભાગ ૩

આંતર તેમ જ વિશ્વરૂપ ચેતનાની અનુભૂતિઓ ... ૫૦૫

★

યોગ વિષે પત્રો

ગ્રંથ ૨

શ્રી અરવિંદ બર્થ સેન્ટેનરી લાયબ્રેરી
વૉલ્યુમ નં. ૨૩નું સંપૂર્ણ ભાષાંતર

(ભાગ પહેલો)

વિભાગ ૧

પૂર્ણ યોગના હેતુ

પૂર્ણ યોગનો હેતુ

આ યોગનો હેતુ પ્રભુની હાજરી અને તેમની દિવ્ય ચેતનામાં પ્રવેશ કરીને અને તેમનાથી સંચાલિત થવાનો છે. કેવળ પ્રભુ પ્રત્યે પ્રભુને ખાતર જ પ્રેમ કરવાનો અને આપણી પ્રકૃતિનો દિવ્ય પ્રકૃતિ સાથે સંવાદ સ્થાપવાનો છે, આપણે આપણા સંકલ્પમાં, કાર્યોમાં અને જીવનમાં તેના કરણ બનવાનું છે. આપણો હેતુ એક મહાન યોગી બનવાનો અથવા અતિમાનવ બનવાનો નથી (જો કે તે પ્રમાણે બની શકે ખરું) અથવા અહંકારની શકિત, મિથ્યાભિમાન અથવા આનંદ ખાતર પ્રભુની ઉપર પકડ જમાવવાનો નથી. તે મોક્ષ માટે પણ નથી, જો કે મોક્ષથી મુક્તિ તેમ જ બીજું બધું જ પ્રાપ્ત થઈ શકે છે. પરંતુ આ બધી વસ્તુઓ આપણા યોગના લક્ષ્યો ન હોઈ શકે. આપણું એક માત્ર લક્ષ્ય પ્રભુ જ છે.

*

આ યોગમાં ફકત અતિમાનવ બનવાના વિચારથી જ પ્રવેશ કરો તો તે એક પ્રાણિક અહંકારનું કાર્ય બને, જે તેના હેતુનો નાશ કરે છે. જેઓ તેમના મનના ખ્યાલમાં આ હેતુને અગ્રભાગે રાખે છે, તેઓ આધ્યાત્મિક રીતે અથવા બીજી રીતે અચૂક દુ:ખમાં આવી પડે છે. આ યોગનો પ્રથમ હેતુ દિવ્ય ચેતનામાં પ્રવેશ કરવાનો હોય છે. તેમાં પોતાના વિભકત કરનાર અહંકારનો વિલય કરવાનો હોય છે. (આ પ્રમાણે કરવામાં પ્રસંગવશાત્ વ્યકિત પોતાના સાચા વ્યક્તિત્વને અથવા આત્માને શોધી શકે છે. તે મર્યાદિત, મિથ્યાભિમાની અને સ્વાર્થી માનવ અહંકાર હોતો નથી, પરંતુ પરમાત્માનો અંશ હોય છે.) અને તેનો બીજો હેતુ અતિમાનસ ચેતનાને પૃથ્વી પર ઉતારી લાવીને મન, પ્રાણ અને શરીરનું રૂપાંતર સાધવાનો હોય છે. બાકીનું બીજું બધું આ બે લક્ષ્યોના ફકત પરિણામરૂપ જ હોઈ શકે છે, નહિ કે આ યોગનું મૂળભૂત લક્ષ્ય.

*

તમારા યોગ વિષેના જે કેટલાક ખોટા વિચારો છે તેમાંથી તમારે બહાર નીકળવું જોઈએ, કારણ કે તે જોખમી છે અને દરેક સાધકે તેમને ફેંકી દેવા જોઈએ.

(૧) યોગનું લક્ષ્ય શ્રી અરવિંદ કે માતાજી 'જેવા' બનવાનું નથી. જે લોકો આવા વિચારોનું લાલન કરે છે, તેઓ વળી પાછા આગળના વિચારોમાં એવું માને છે કે તેઓ તેમની સમકક્ષ અથવા તો તેમનાથી પણ વધારે મહાન છે. આ વસ્તુ ફકત અહંકારનું પોષણ કરે છે.

(૨) યોગનું લક્ષ્ય, શક્તિ પ્રાપ્ત કરવાનું નથી અથવા તો બીજાથી વધારે સમર્થ બનવાનું પણ નથી, અથવા મહાન સિદ્ધિઓ પ્રાપ્ત કરવાનું નથી, અથવા મહાન, આશ્ચર્યજનક અને અદ્ભૂત કાર્યો કરવાનું પણ નથી.

(૩) યોગનું લક્ષ્ય મહાન યોગી બનવાનું અથવા અતિમાનવ બનવાનું પણ નથી. યોગને આ રીતે સ્વીકારીએ તો તે અહંકારની રીતનો માર્ગ છે, અને તે તમને કોઈ સન્માર્ગે દોરી જશે નહિ, માટે તેનો સંપૂર્ણ ત્યાગ કરો.

(૪) અતિમાનસ વિષે વાતચીત કરવી અને તેને નીચે તમારી અંદર ઉતારી લાવવાની વાત કરવી તે ઘણું જોખમી છે. તે પોતાના સામર્થ્ય વિષેનો ખોટો ભ્રમ છે અને તેનાથી તમે સમતુલા ગુમાવી બેસો. સાધકે એક જ વસ્તુની શોધ કરવાની છે અને તે ફક્ત પ્રભુ પ્રત્યે જ પૂર્ણ રીતે ખુલ્લા કઈ રીતે થવું તે. તેની ચેતનામાં ચૈતસિક અને આધ્યાત્મિક પરિવર્તન આવવું જોઈએ. તે પરિવર્તનશીલ ચેતના લાવવા માટે નિઃસ્વાર્થપણું, કામનાવિહીનતા, નમ્રતા, ભકિત, સમર્પણ, સ્થિરતા, સમતા, શાંતિ, અચંચલતા, સચ્ચાઈ – એ બધા જરૂરી ઘટકો છે. જ્યાં સુધી તેનામાં ચૈતસિક અને આધ્યાત્મિક પરિવર્તન ન આવે ત્યાં સુધી અતિમાનસ વિષે વિચાર કરવો એ પણ મૂર્ખાઈ છે, અને એટલું જ નહિ પરંતુ એક મિથ્યાભિમાની ગર્વ છે.

આ બધા અહંકારયુકત વિચારોમાં જો રચ્યાપચ્યા રહેવામાં આવશે તો અહંકાર 'મોટો' થતો જશે અને સાધનાને બગાડી નાંખશે અને આધ્યાત્મિક દષ્ટિએ ગંભીર અને જોખમી પરિણામો લાવશે. માટે તેમનો સંપૂર્ણ રીતે ત્યાગ કરો.

*

ચોક્કસ તમે તે પ્રમાણે કરી શકો (મહાન બન્યા સિવાય તમે યોગ કરો). મહાન બનવાની કોઈ જ જરૂર નથી. તેનાથી ઊલટું નમનીયતા એ પ્રથમ જરૂરી વસ્તુ છે, કારણ કે જે વ્યકિતમાં અહંકાર અને ગર્વ હોય તે કદી ઉચ્ચતમ વસ્તુ પ્રાપ્ત કરી શકે નહિ.

*

તે પુસ્તક વિષે કહેવાનું કે કમનસીબે હું તેલુગુ ભાષાનું જ્ઞાન ધરાવતો નથી અને તેથી મુખ્ય મૌલિક વસ્તુ વાંચી શકું નહિ, પરંતુ અંગ્રેજીમાં જે રીતે વર્ણન કરેલું છે તેમાંથી તેના સારરૂપ તત્ત્વ વિષે મેં કોઈક પ્રકારનો ખ્યાલ બાંધ્યો છે, હું તેમાંથી મુખ્યત્વે મારા પૂર્ણયોગને તથા મારા સંદેશને વાજબી ઠરાવતું વિધાન મેળવી શકું છું. હું માનું છું કે તમે તેના બે મુખ્ય મૂળભૂત સિદ્ધાંતોને સાચી રીતે મૂકેલા છે – સૌ પ્રથમ તો આ જગતને દિવ્ય શકિતના આવિર્ભાવ તરીકે સ્વીકારવું અને તેને એક ભૂલ અથવા મિથ્યા તત્ત્વ તરીકે ગણીને તેનો ઇનકાર ન કરવો તે, અને બીજું, આ આવિર્ભાવનું લક્ષણ એક આધ્યાત્મિક ઉત્ક્રાંતિ છે જેમાં યોગ મન, પ્રાણ અને શરીરના રૂપાંતર માટેનું એક સાધન છે જે આ ત્રણેને આધ્યાત્મિક અને અતિમાનસિક પૂર્ણતાના કરણોમાં રૂપાંતરિત કરે છે તે. વિશ્વ કેવળ ભૌતિક વસ્તુ નથી પરંતુ એક આધ્યાત્મિક હકીકત છે. જીવનશકિત કેવળ શકિતઓની લીલા અથવા મનોમય અનુભૂતિ જ નથી પરંતુ ગુપ્ત રહેલા આત્માની ઉત્ક્રાંતિ માટેનું એક ક્ષેત્ર છે. માનવ જીવન ત્યારે જ પોતાની સિદ્ધિ અને રૂપાંતર, તેનાથી ઊર્ધ્વમાં રહેલા કોઈ તત્ત્વમાં પ્રાપ્ત કરશે જ્યારે આ સત્યને પકડીને તે આપણા અસ્તિત્વના ચાલક બલને તથા અસરકારક સાક્ષાત્કારને માટે તે બલની શોધ કરી શકશે. આ સાક્ષાત્કારના સાધનો પૂર્ણયોગમાંથી પ્રાપ્ત થશે જેમાં આપણા સ્વરૂપના સમગ્ર ભાગોમાં પરમાત્મા સાથેના ઐકયનું સાધન બનશે, અને અત્યારે જે વિસંવાદી સંઘર્ષમય તત્ત્વો રહેલાં છે તેનું તેના પરિણામે રૂપાંતર થઈને એક ઉચ્ચતર દિવ્ય ચેતના અને અસ્તિત્વના સંવાદમાં તે બધા તત્ત્વો આવશે.

*

અહીં જે યોગના માર્ગનું અનુસરણ થાય છે તેનો હેતુ બીજા માર્ગો કરતાં ભિન્ન છે. કારણ કે તેનું લક્ષ્ય કેવળ સામાન્ય અવિદ્યામય પાર્થિવ ચેતનામાંથી દિવ્ય ચેતનામાં જ ફકત આરોહણ કરવાનું નથી પરંતુ એ દિવ્ય ચેતનાની અતિમાનસ શકિત છે તેને મન, પ્રાણ અને શરીરની અવિદ્યામાં નીચે ઉતારી લાવવાની છે અને તેમનું રૂપાંતર સાધીને આ ભૌતિક ચેતનામાં, અહીં આ જગતમાં પ્રભુનો આવિર્ભાવ કરીને આ દિવ્ય જીવનનું સર્જન કરવાનું છે. આ લક્ષ્ય સાધવું અતિશય મુશ્કેલ છે અને આ યોગ ઘણો કઠિન છે; ઘણાને અથવા લગભગ બધાને આ વસ્તુ અશકય લાગશે. આ અવિદ્યામય સામાન્ય પાર્થિવ ચેતનામાં જે બલો પ્રતિષ્ઠિત થયાં છે તેઓ તેના વિરુદ્ધમાં છે, તેનો ઇનકાર કરે છે અને તેને સિદ્ધ થતાં અટકાવે છે. સાધકને પોતાને પણ તેનું મન, પ્રાણ અને શરીર તે લક્ષ્યને સિદ્ધ કરવામાં દુરાગ્રહી વિઘ્નોથી ભરેલા જણાશે. જો તમે આ આદર્શને સંપૂર્ણ

અંતરથી સ્વીકારી શકતા હો, સઘળી મુશ્કેલીઓનો સામનો કરવા તૈયાર હો, ભૂતકાળને તથા તમારા બંધનોને પાછળ મૂકી દેવા તૈયાર હો અને દરેક વસ્તુને કોઈ પણ ભોગે આ દિવ્ય શકયતા માટે ત્યાગ કરવા તૈયાર હો, તો જ આની પાછળ રહેલા સત્યને અને તેની અનુભૂતિને શોધી શકવાની આશા રાખી શકો.

આ યોગસાધના કોઈ રૂઢ એવા મનોમય ઉપદેશ વડે અથવા ધ્યાનની, મંત્રોની કે બીજી વસ્તુઓની નક્કી કરેલી પદ્ધતિથી થતી નથી, પરંતુ એક અભીપ્સાથી થાય છે, અને તેને લઈને સાધક પોતાની અંદર અથવા પોતાથી ઊર્ધ્વમાં રહેલી એક પ્રકારની આત્મ-એકાગ્રતા પ્રાપ્ત કરે છે. તે પરમાત્માના પ્રભાવ પ્રત્યે ઊર્ધ્વમાં રહેલી દિવ્ય શકિત તથા તેના કાર્ય પ્રત્યે અને હૃદયમાં રહેલી પ્રભુની સન્નિધિ પ્રત્યે આત્મોદ્‌ઘાટન દ્વારા થાય છે અને તેણે આ બધી વસ્તુઓથી જે વિરુદ્ધ વસ્તુઓ હોય છે તેનો ઇનકાર કરવાનો હોય છે. શ્રદ્ધા, અભીપ્સા અને સમર્પણ વડે જ સાધક પોતાની જાતને પ્રભુ પ્રત્યે ખુલ્લી કરી શકે છે.

*

તમને સ્પષ્ટ રીતે સાદ થયેલો છે અને તમે યોગ માટે યોગ્ય હોઈ શકો પરંતુ માર્ગો ભિન્ન ભિન્ન હોય છે અને દરેક માર્ગ પાસે ભિન્ન લક્ષ્ય અને અંતિમ ધ્યેયો હોય છે. દરેક માર્ગમાં આ વસ્તુ સામાન્ય હોય છે કે કામનાઓ ઉપર વિજય મેળવવો, જીવનના સામાન્ય સંબંધોને એક બાજુએ મૂકી દેવા, અને એક અનિશ્ચિત અવસ્થામાંથી પસાર થઈને કાયમી ખાતરી તરફ જવું. વ્યકિત સ્વપ્ન અને નિદ્રા, તરસ અને ભૂખ વગેરે ઉપર વિજય પ્રાપ્ત કરવા માટે પણ પ્રયત્ન કરી શકે. પરંતુ મારા યોગના કોઈ પણ ભાગ તરીકે જગત સાથે અથવા જીવન સાથે કોઈ લેવા દેવા ન હોવી અથવા ઈન્દ્રિયોને મારી નાખવી અથવા તેમના કાર્યોને બંધ કરી દેવા એવો કોઈ પણ સિદ્ધાંત નથી. મારા યોગનું લક્ષ્ય છે જીવનમાં રૂપાંતર લાવવું, અને તે જીવનમાં દિવ્ય સત્ય અને તેની સક્રિય ખાતરીઓનો પ્રકાશ, શકિત અને પરમાનંદને જીવનમાં ઉતારી લાવવા. આ યોગ જગતનો ત્યાગ કરનાર વૈરાગ્ય વૃત્તિનો યોગ નથી પરંતુ દિવ્ય જીવનનો યોગ છે. બીજી બાજુએ તમારું લક્ષ્ય ત્યારે જ પ્રાપ્ત થઈ શકે જયારે તમે સમાધિમાં પ્રવેશ કરીને જગત સાથેના સર્વ સંબંધોમાંથી મુકત થઈને તેમાં જ લીન થઇ જાઓ.

*

સંન્યાસી થવું તે અનિવાર્ય નથી. જો કોઈ સપાટીને બદલે આંતર સ્વરૂપમાં રહેવાનું શીખે અને પોતાના આત્માની શોધ કરીને અથવા સત્ય, વ્યકિતતા જે

બાહ્ય મનદ્વારા ઢંકાયેલી છે, તેને અને આંતર સ્વરૂપને પર ચેતના તરફ ખુલ્લું કરે તો એટલું પૂરતું છે, પરંતુ કોઈ આ પ્રયત્નોમાં ત્યારે જ સફળ થાય જયારે તે સંપૂર્ણ સચ્ચાઈપૂર્વકનો હોય અને પોતાના ધ્યેયમાં એકાગ્ર હોય.

(હવે બીજા સવાલ વિષે–શ્રી અરવિંદના સંદેશમાં ભાગ લેવા માટે મુશ્કેલીભર્યા યોગની સહનશીલતા હોવી જોઈએ અથવા પોતાની જાતનો કોઈ પણ કામનામય અહંકારનો વિચાર કર્યા સિવાય આદર્શને સમર્પણ કરવાના સંદેશ માટે માણસ શક્તિશાળી હોવો જોઈએ અથવા જીવનની તૃષ્ણા કામનાની હોવી જોઈએ નહિ, નહિતો પછી તે બહેતર છે કે તેનો વિચાર પણ કરવો નહિ.)

*

જો પ્રાણ હજુ પણ અશુદ્ધ હોય તો મનોમય આધ્યાત્મિક ભૂમિકા ઉપર એક પ્રકારનો સાક્ષાત્કાર બનવો કાયમ શકય છે. મનોમય પુરુષ અને પ્રકૃતિની વચ્ચે એક પ્રકારનો ભેદ છે જે એવા પ્રકારના જ્ઞાનમાં પરિણમે છે જેનાથી જીવન પર પરિવર્તનની કોઈપણ અસર થતી નથી.

પરંતુ આ યોગીઓની પદ્ધતિ એવા પ્રકારની છે કે વ્યક્તિએ પોતાના આત્માને જાણવો જોઈએ. જીવન અને વ્યકિત જે કાંઇ જીવનમાં કરે છે તે વસ્તુની કોઈ ચિંતા કરવાની જરૂર નથી. તમે એવા યોગી વિષે વાંચ્યું નથી, જે પોતાની ઉપપત્ની સાથે રામકૃષ્ણની પાસે આવેલો અને રામકૃષ્ણએ તેને પૂછેલું " તમે શા માટે આવા પ્રકારનું જીવન જીવો છો ? " તે યોગીએ જવાબ આપ્યો " આ બધું જ મિથ્યા છે એટલે જ્યાં સુધી હું બ્રહ્મને પોતાને ઓળખું છું ત્યાં સુધી બીજી કોઈ વસ્તુની શી કિંમત છે ? " રામકૃષ્ણએ જવાબ આપ્યો " એ વસ્તુ જો સાચી હોય તો હું તમારા વેદાન્ત પર થૂકું છું. " પરંતુ તર્કબદ્ધ રીતે તો યોગીનો પ્રસંગ બરાબર હતો– કારણ કે જો સઘળું જીવન, તેમાં થતાં કાર્યો એ બધું જ માયા (મિથ્યા) હોય તો કેવળ નીરવ બ્રહ્મ એ જ ખરેખર સાચી વસ્તુ છે– વાહ કહેવું પડે–

*

બ્રહ્માવસ્થામાં વ્યકિતને એવી અનુભૂતિ થાય છે કે આત્મા અસ્પર્શ્ય અને વિશુદ્ધ છે. પરંતુ પ્રકૃતિ અપૂર્ણ રહે છે. સામાન્ય સંન્યાસી તે વિષે પરવા કરતો નથી કારણ કે તેનું લક્ષ્ય પ્રકૃતિને પૂર્ણ કરવાનું નથી પરંતુ પ્રકૃતિને આત્મામાંથી છૂટી પાડવાનું છે.

*

શાંતિ એક જરૂરી પાયો છે પરંતુ શાંતિ હોવી એ પૂરતું નથી. જો સમર્થ અને કાયમી શાંતિ રહેતી હોય તો આંતરસ્વરૂપને મુકિત મળી શકે છે અને તેને લઈને તે બાહ્ય ગતિઓના અચલ સાક્ષી તરીકે સ્થિર બની શકે છે. આ સંન્યાસીની મુકિત છે. કેટલાક પ્રસંગોમાં તે બાહ્ય સ્વરૂપને પણ મુક્ત કરી શકે છે અને જે પર્યાવરણમાં રહેલી ચેતના હોય છે તેમાંથી જૂની પ્રકૃતિને બહાર ફેંકી દે છે તેમ છતાં પણ આ મુકિત એ રૂપાંતર નથી.

*

તેઓ (પ્રાચીન યોગો) નું લક્ષ્ય સાક્ષાત્કાર હતું. પરંતુ તેઓ દિવ્યીકરણ માટે પરવા કરતા નહિ – સિવાય કે કેટલાક તાંત્રિક યોગો અને બીજી શાખાઓ. પરંતુ આ બધાનું લક્ષ્ય પણ બીજું કાંઈ બનવાને બદલે સંતો અને સિદ્ધો બનવાનું હતું.

*

તમે જે ભૂમિકાની વાત કરો છો તે અનુભૂતિની શકિત – પ્રકાશ – અને પૂર્ણતામાં ઘણો મોટો તફાવત બતાવે છે. મનોમય સાક્ષાત્કાર, અધિમનસ અથવા અતિમનસમાંથી ઘણો ભિન્ન છે જો કે જે સત્યનો સાક્ષાત્કાર થાય છે તે એક જ હોઈ શકે. તે જ પ્રમાણે ભૌતિક તત્ત્વને બ્રહ્મ તરીકે ગણવો તે વસ્તુ પ્રાણ, મન, અતિમનસ અથવા આનંદને બ્રહ્મ તરીકે ગણીએ તેનાથી ઘણું જ ભિન્ન છે. મન મારફતે પ્રભુનો સાક્ષાત્કાર કરવો એ જો તેનો ઉચ્ચતર ભૂમિકા ઉપર સાક્ષાત્કાર કરવા બરાબર હોય તો યોગનો કોઈ પણ અર્થ નથી – તો પછી અતિમનસ સુધી ઊર્ધ્વીકરણ કરવું અથવા અતિમનસનું નીચે અહીં પૃથ્વી ઉપર અવતરણ કરાવવું એ વસ્તુની કોઈ જરૂરિયાત નથી.

*

આ યોગનું અંતિમ ધ્યેય પ્રભુ સાથે પૂર્ણ તાદાત્મ્ય સાધવાનું છે. જ્યારે માણસને કોઈ પ્રકારની સતત્ એકતા પ્રાપ્ત થાય છે ત્યારે તે યોગી કહેવાય છે. પરંતુ તે તાદાત્મ્યને સંપૂર્ણ કરવું જોઈએ. કેટલાક યોગીઓને ફક્ત આધ્યાત્મિક ભૂમિકા ઉપર જ તાદાત્મ્ય પ્રાપ્ત થાય છે, કેટલાક એવા છે જેમને મન અને હૃદયમાં તદ્રૂપતા થાય છે અને બીજા કેટલાકને પ્રાણમય ભૂમિકા ઉપર પણ થાય છે. આપણા યોગમાં તો આપણે શારીરિક ચેતનામાં તેમ જ અતિમનસ ચેતનામાં પણ તાદાત્મ્ય સાધવાનું છે.

*

પરંતુ તેઓને (પ્રણાલિગત માર્ગના યોગીઓને) તેમને પોતાને જે સાક્ષાત્કાર થયેલો છે તેનાથી સંતોષ હોય તો શા માટે તેમણે (અતિમનસના અવતરણનું) દબાણ અનુભવવું જોઈએ ? તેઓ આધ્યાત્મિક મનમાં જીવન ધારણ કરે છે અને મનની પ્રકૃતિ વિભાજન કરવાની છે – અહીં એક ઉચ્ચતર પ્રભુના પાસાંની (અવસ્થાની) સ્થિતિમાંથી અલગ રહીને બીજી વસ્તુની શોધ કરવાની હોય છે જેમાં બધી વસ્તુઓને બાતલ કરવાની હોય છે. બધા જ આધ્યાત્મિક દર્શનશાસ્ત્રો અને યોગની શાખાઓ આ પ્રમાણે જ કરે છે. જો તેઓ તેનાથી પર જાય તો તેઓ કેવળ નિરપેક્ષ પરમ તત્ત્વમાં પહોંચે છે – અને મનને માટે તે નિરપેક્ષ તત્ત્વ અચિંતનીય છે, નેતિ, નેતિ. ઉપરાંત સમાધિ પ્રાપ્ત કરવા માટે તેઓ એક જ વિચાર ઉપર એકાગ્રતા કરે છે અને તેઓ જે વસ્તુ પ્રાપ્ત કરે છે તે, તે વિચારનું પ્રતિનિધિત્વ ધરાવે છે. – તે વસ્તુ ઉપર કેવળ એકમાત્ર એકાગ્રતા કરવી તે સમાધિનું લક્ષણ છે પછી તેઓ બીજી કોઈ પણ વસ્તુ પ્રત્યે શા માટે ખુલ્લા થાય ? બહુ ઓછી એવી વ્યકિતઓ છે જેઓ સાધનાની આ આત્મ – મર્યાદાને ઓળંગી જવા જેટલા નમનીય હોય છે – તેઓને એવી અનુભૂતિ થાય છે કે સાક્ષાત્કારનો કોઈ અંત નથી. જયારે તમે એક શિખર પ્રાપ્ત કરો છો ત્યારે તેની પેલે પાર બીજું શિખર દેખાય છે. આ વસ્તુથી પણ વધારે મોટું દર્શન કરવા માટે વ્યકિતએ અતિમનસના સચેતન સજાગ સ્પર્શમાં રહેવું જોઈએ અથવા તો ઓછામાં ઓછું તેની ઝાંખી કરવી જોઈએ – અને તેનો અર્થ આધ્યાત્મિક મનની પેલે પાર જવું.

*

આ યોગનો સિદ્ધાંત છે કે ચેતનાના અતિમાનસીકરણ દ્વારા જ, તેનો અર્થ છે મનથી ઉપર અતિમનસમાં ઊર્ધ્વીકરણ કરવું અને અતિમનસનું પ્રકૃતિમાં રૂપાંતર કરવા માટે અવતરણ કરવાથી જ છેવટનું રૂપાંતર થઈ શકે છે. તેથી જો કોઈ પણ વ્યક્તિ મનથી ઊર્ધ્વમાં અતિમનસમાં ન પહોંચે અથવા અતિમનસનું અવતરણ પ્રાપ્ત ન કરે તો તાર્કિક રીતે જ આ યોગ અશકય બને છે. દરેક સ્વરૂપ તત્ત્વત: પ્રભુની સાથે એકત્વમાં હોય છે અને તેના વ્યકિતગત સ્વરૂપમાં પ્રભુનો અંશ છે, તેથી તેનું અતિમાનસીકરણ થવા માટે કોઈ પણ વસ્તુ અનુલ્લંઘનીય નથી. માનવપ્રકૃતિનો પાયો મનોમય હોવાથી, અજ્ઞાન ઉપર વિજય પ્રાપ્ત કરવો, અને કેવળ કોઈ પણ સહાય વગર પ્રયત્ન કરવાથી આ અતિમનસનું અવતરણ કરાવવું ખરેખર અશકય છે, પરંતુ પરમાત્માને સમર્પણ કરવાથી આ શકય બને છે. વ્યકિત તેની પોતાની ચેતના મારફતે આ પ્રાર્થિવ પ્રકૃતિમાં તેને નીચે ઉતારી લાવે છે

અને આ રીતે બીજાનો માર્ગ ખુલ્લો કરે છે, પરંતુ દરેક વ્યકિતની ચેતનામાં વારંવાર ફેરફાર થવો જોઈએ, જેથી તે વ્યકિતગત રીતે અસરકારક બને.

*

(યોગનું લક્ષ્ય ચેતનાને પ્રભુ તરફ ખુલ્લું કરવાનું હોય છે અને તે બાહ્ય જીવનની અસરમાંથી આંતર - ચેતનામાં વધુને વધુ રહેવાનું હોય છે. ચૈતસિક પુરુષને તેમાંથી બહાર કાઢવાનો છે અને ચૈતસિક શકિતને શુદ્ધ કરવાની અને તત્ત્વનું રૂપાંતર કરવાનો હોય છે જેથી તે પરિવર્તન માટે તૈયાર થાય અને પ્રભુ વિષેના જ્ઞાન, સંકલ્પ અને પ્રેમ સાથે તે જોડાઈ રહે. બીજું યોગિક ચેતનાને વિકસાવવી એટલે કે પોતાના સ્વરૂપને બધી ભૂમિકાઓ ઉપર વિકસાવી વિશ્વરૂપ બનાવવું અને વૈશ્વિક સ્વરૂપ વિષે તથા વૈશ્વિક બલો વિષે સભાન બનવું અને અધિમનસ સુધીની બધી ભૂમિકાઓ ઉપર પરમાત્મા સાથે ઐકય સાધવું. ત્રીજું પરાત્પર પરમાત્માની સાથે, અધિમનસની પર રહેલી અતિમનસ ચેતનાદ્વારા સંપર્કમાં આવવું, પોતાની ચેતના અને પ્રકૃતિનું અતિમાનસીકરણ કરવું અને પોતાની જાતને સક્રિય દિવ્ય પ્રભુના સત્યનો સાક્ષાત્કાર કરવા માટેનું કરણ બનાવવું અને તેનું પાર્થિવ પ્રકૃતિમાં રૂપાંતર કરવા માટે અવતરણ કરાવવું.)

*

આપણા માટે પરમાત્માના ત્રણ પાસાં હોય છે. :–

(૧) તે વૈશ્વિક આત્મતત્ત્વ અને આત્મા છે જે સર્વ વસ્તુઓ અને સ્વરૂપોમાં તેમ જ તેમની પાછળ રહેલો છે, જેમાંથી અને જેમાં સર્વ વસ્તુઓ વિશ્વમાં આવિર્ભાવ પામે છે – પરંતુ હાલ તો તે અજ્ઞાનમાં રહેલો આવિર્ભાવ છે.

(૨) તે આપણા સ્વરૂપનો આત્મા અને સ્વામી છે, જે આપણી અંદર રહેલો છે, જેની આપણે સેવા કરવાની છે અને આપણી સર્વ ગતિઓમાં તેની સંકલ્પશકિતને વ્યકત કરવાનું શીખવાનું છે જેથી કરીને આપણે અજ્ઞાનમાંથી (અંધકારમાંથી) પ્રકાશમાં વૃદ્ધિ પામી શકીએ.

(૩) પરમાત્મા પરાત્પર સત્ અને આત્મ તત્ત્વ, સર્વાનંદ, પ્રકાશ અને દિવ્યજ્ઞાન તથા શકિત છે, અને તે દિવ્ય અસ્તિત્ત્વ અને તેના પ્રકાશ પ્રત્યે આપણે ઊર્ધ્વમાં ચડવાનું છે અને આપણી ચેતનામાં તથા જીવનમાં તે વાસ્તવિકતાને નીચે ઉતારી લાવવાની છે.

આપણી સામાન્ય પ્રકૃતિમાં આપણે અજ્ઞાનમાં જીવન ધારણ કરીએ છીએ અને પરમાત્માને જાણતા નથી. સામાન્ય પ્રકૃતિના બલો અદિવ્ય બલો છે કારણ કે

તેઓ અહંકાર, કામના અને અચેતનતા માટેનો એક બુરખો તૈયાર કરે છે અને આ રીતે તે આપણાથી પ્રભુને ગુપ્ત રાખે છે.

એવી ઊર્ધ્વતર અને ઊંડાણપૂર્વકની ચેતના જે જાણે છે અને પ્રકાશિત રીતે પ્રભુમાં જીવન ધારણ કરે છે. તેને પ્રાપ્ત કરવા માટે આપણે નિમ્ન પ્રકૃતિના બળોમાંથી મુક્તિ મેળવવી જોઈએ અને મા ભગવતીની દિવ્ય શક્તિ તરફ આપણી જાતને ખુલ્લી કરવી જોઈએ. તે વસ્તુ આપણી ચેતનાનું રૂપાંતર દિવ્ય પ્રકૃતિમાં કરશે.

આપણે પ્રભુ વિષેના આ ખ્યાલથી શરૂઆત કરવાની છે - તેના સત્યનો સાક્ષાત્કાર ચેતનાના ખુલ્લાપણાથી તથા તેના રૂપાંતરથી જ આવી શકે.

*

પરાત્પર, વૈશ્વિક અને વ્યક્તિગત પરમાત્મા વચ્ચેનો તફાવત એ મારી શોધ નથી – તેનાથી ઊલટું તે વસ્તુ કેથોલિક ચર્ચની ધાર્મિક પ્રણાલિકામાં પ્રવર્તમાન હતી, જેમાં ત્રિમૂર્તિની સમજૂતિમાં પ્રમાણિત બને છે – પિતા, પુત્ર અને પવિત્ર આત્મા (Holy Ghost) – હતાં અને આ વસ્તુ યુરોપના ગુહ્યવાદી અનુભૂતિઓમાં ઘણી પ્રખ્યાત છે. સર્વે આધ્યાત્મિક તપસ્યાઓ જે પ્રભુની સર્વવ્યાપી હાજરીનો સ્વીકાર કરે છે તેમાં તત્ત્વરૂપે આ વસ્તુ આવેલી જ છે – ભારતીય વેદાન્તની અનુભૂતિમાં તેમ જ મુસલમાનના યોગમાં – કેવળ સૂફીવાદમાં જ નહિ પરંતુ બીજી શાખાઓમાં પણ – મુસલમાનો ફક્ત બે કે ત્રણ ભૂમિકાઓની જ વાત કરતા નથી પરંતુ તેઓ પરમ તત્ત્વમાં પહોંચે તે પહેલાં ઘણી ભૂમિકાઓ છે એમ કહે છે. આ ખ્યાલ વિષે, વ્યક્તિગત, સ્થળ અને સમયમાં રહેલ વૈશ્વિક અને વિશ્વથી પર રહેલા વૈશ્વિક તત્ત્વમાં અથવા કોઈ પણ વિશ્વરૂપ સિદ્ધાંતમાં અમુક ભેદ રહેલો છે. એક એવી વૈશ્વિક ચેતના છે જેને ઘણા માણસોએ અનુભવી છે અને જે વ્યક્તિગત ચેતના કરતાં તેના પોતાના ક્ષેત્રમાં અને કાર્યમાં બિલકુલ ભિન્ન છે, અને જો કોઈ એવી ચેતના હોય જે વિશ્વરૂપ ચેતનાથી પણ પર રહેલી હોય, જે અનંત અને તત્ત્વતઃ શાશ્વત હોય, જે કેવળ હાલમાં જ વિસ્તરણ પામેલી ન હોય. અને જો પરમાત્મા હોય અને તે પોતાની જાતનો આ ત્રણમાં આવિર્ભાવ કરતો હોય, તો તે પાસામાં અને તેના કાર્યમાં જે અચિંતનીય હોય અને તે એટલો બધો ભિન્ન પ્રકારનો હોય કે આપણે જો તે સત્યની અનુભૂતિનો ગોટાળો ન કરીએ, જો આપણે કોઈક અવર્ણનીય તત્ત્વની કેવળ સ્થિર અનુભૂતિમાં મર્યાદિત ન કરીએ તો, તે પરમાત્માના ત્રિવિધ પાસાંઓ વિષે અચિંતનીય તત્ત્વ તરીકે તેના વિષે વાત ન કરી શકીએ ?

યોગની તાલિમમાં વ્યકિતગત રીતના માર્ગમાં એક મહાન સક્રિય ભેદ આ ત્રણ શકય સાક્ષાત્કારો માટે હોય છે. જો હું પોતે પરમાત્માનો તે રીતનો સાક્ષાત્કાર કરું, મારા પોતાના આત્માનો નહિ, જે મારા સમગ્ર વ્યકિતગત સ્વરૂપને ગતિ આપે છે અને જેને હું બુરખામાંથી બહાર કાઢી અગ્રભાગે લાવું, અથવા તે દૈવત્વની પ્રતિમાની હું મારા અંગત વિભાગોમાં રચના કરી શકું તો તે સાક્ષાત્કાર ખરો પરંતુ મર્યાદિત છે. જો તે વૈશ્વિક પ્રભુ હોય જેનો હું સાક્ષાત્કાર કરું અને મારા વ્યકિતગત આત્માને તેમાં વિલીન કરી દઉં, તો તે ઘણો વિશાળ સાક્ષાત્કાર હોય, પરંતુ હું ફકત એક વિશ્વરૂપ શકિતની નહેર બની રહું અને મારા પોતાના માટે તે વ્યકિતગત અથવા દિવ્ય વ્યકિતગત સિદ્ધિની ટોચ હોઈ શકે નહિ. જો હું કેવળ પરાત્પરના સાક્ષાત્કાર પ્રત્યે ઊંચે ઊડું, તો હું મારી પોતાની જાતને અને જગતને બન્નેને તે પરાત્પર નિરપેક્ષ તત્ત્વમાં ખોઈ બેસું. તેના બદલે મારો ધ્યેય આમાંનો કોઈ પણ ન હોય પરંતુ પ્રભુનો જગતમાં સાક્ષાત્કાર કરવાનો તથા આવિર્ભાવ કરવાનો હોય, અને તે હેતુ માટે હજુ સુધી આવિર્ભાવ પામી ન હોય એવી શક્તિનો આવિર્ભાવ કરવાનો હોય – દા. ત. અતિમનસ શકિત – તો તે ત્રણે વસ્તુઓનો સંવાદ સાધવો એ મારા માટે અનિવાર્ય વસ્તુ બની રહે. મારે તે આવિર્ભાવ ન પામેલી શકિતને નીચે ઉતારી લાવવી પડે અને તેને હું કયાંથી નીચે ઉતારીશ – કારણ કે વૈશ્વિક સિદ્ધાંત પ્રમાણે હજુ સુધી તે આવિર્ભાવ પામેલી નથી – સિવાય કે તે અવ્યકત પરાત્પરમાંથી મારે લાવવી પડે જેનો મારે ત્યાં પહોંચીને સાક્ષાત્કાર કરવો રહે છે. મારે તેને વૈશ્વિક સિદ્ધાંતમાં લાવવી જ પડે અને જો તેમ બને તો, મારે વિશ્વરૂપ પરમાત્માનો સાક્ષાત્કાર કરવો પડે અને વૈશ્વિક આત્મતત્ત્વ વિષે તથા વૈશ્વિક બળો વિષે સભાન બનવું પડે – મારે તેને અહીં શરીરધારી બનાવવું પડે નહિ તો પછી તે ફકત એક અસર બની રહે, અને આ ભૌતિક જગતમાં નિશ્ચિત બને નહિ, અને વસ્તુ વ્યકિતમાં રહેલા પરમાત્મા – દ્વારા બની શકે એમ છે.

આ બધા સક્રિય આધ્યાત્મિક અનુભૂતિના તત્ત્વો છે અને જો પ્રભુનું કાર્ય કરવું હોય તો મને તે વસ્તુનો સ્વીકાર કરવાની ફરજ પડે છે.

*

એ સ્પષ્ટ છે કે પ્રભુ પાસેથી કેવળ પોતાને માટે વસ્તુ પ્રાપ્ત કરવા માટે જ તેની શોધ કરવી એ યોગ્ય રીતનું વલણ નથી ; પરંતુ તેનો નિષેધ કરવામાં આવ્યો હોત તો આ જગતના ઘણા ખરા માનવીઓ પ્રભુ પ્રત્યે બિલકુલ વળે જ નહિ.

હું એમ ધારું છું કે તે વસ્તુની મંજૂરી આપવામાં આવે છે તેથી કરીને માણસો પ્રભુની બાજુએ વળવાની શરૂઆત કરે જો તેમને પ્રભુમાં શ્રદ્ધા હોય તો તેઓ જે વસ્તુની માગણી કરે તે તેમને માની શકે, અને તેઓ એમ ધારે કે આ રીતે આગળ વધવું એ સારું છે, અને એક દિવસ તેઓ અચાનક એવા વિચાર ઉપર ઓચિંતા આવી પડે કે એક માત્ર કરવા જેવી આ વસ્તુ જ નથી અને તેનાથી વધારે સારા માર્ગો અને વધારે સારી ભાવના હોઈ શકે જેમાં તેઓ પ્રભુ પ્રત્યે વળી શકે. તેમને જે વસ્તુની જરૂર હોય તે ન મળે, અને તેમ છતાં તેઓ પ્રભુ પ્રત્યે વળે અને તેનામાં શ્રદ્ધા રાખે, તો તે એટલી નિશાની છે કે તેઓ હવે તૈયાર થતા જાય છે. આપણે તે વસ્તુને જે લોકો તૈયાર થતા નથી તેમના માટે બાળકોની શાળા સમજીએ. પરંતુ અલબત્ત, તે આધ્યાત્મિક જીવન નથી, એ એક પ્રકારનું પ્રાથમિક ધાર્મિક વલણ છે. આધ્યાત્મિક જીવન માટે અર્પણ કરવું અને નહિ કે માગણી કરવી, એ નિયમ છે. જો સાધક તેની સાધનાના એક ભાગ તરીકે તેની તંદુરસ્તી સાચવવા માટે, અથવા સાજા થવા માટે દિવ્ય શકિત પાસે માગણી કરી શકે છે જેથી કરીને તેનું શરીર આધ્યાત્મિક જીવન માટે યોગ્ય બને, અને પ્રભુના કાર્ય માટેનું એક કરણ બની શકે.

*

આપણે સૌથી પ્રથમ જે પ્રભુની સાથેના તાદાત્મ્યથી શાશ્વત આનંદવિહીનના અથવા નિરાનંદ અથવા દુઃખ આવે તો આપણે શું કરવું તે પ્રશ્ન જે બિલકુલ પરદેશમાંથી આવેલો છે તેને એક બાજુ પર મૂકી દઈએ. આવી વસ્તુનું અસ્તિત્વ છે જ નહિ અને આ રીતે મુદ્દાઓને આકાશમાં અદ્ધર ચડાવી દેવામાં આવે છે. પરમાત્મા આનંદમય છે અને તે આનંદ આપે છે માટે જ તેની વ્યકિત શોધ કરે છે; પરંતુ તેની અંદર બીજી બધી પણ ઘણી વસ્તુઓ છે અને વ્યકિત તેમાંની કોઈ પણ એક વસ્તુ માટે પણ તેની શોધ કરી શકે છે: શાંતિ માટે, મુકિત માટે, શકિત માટે, અથવા પોતાને કોઈ પણ પ્રકારનું ખેંચાણ થાય એવી કોઈ પણ લાગણી માટે એ પણ શકય છે કે કોઈ વ્યકિત એમ કહે કે "મને પરમાત્મા પાસેથી શકિત પ્રાપ્ત થાઓ, જેથી હું તેનું કાર્ય અને તેની સંકલ્પ શકિત પ્રમાણે કરી શકું અને મને તે શકિતનો ઉપયોગ કરવામાં દુઃખ પ્રાપ્ત થાય તો પણ મને સંતોષ છે!" એ શકય છે કે આનંદનો ત્યાગ એક પ્રચંડ વસ્તુ તરીકે કરવામાં આવે અથવા ઉન્માદ તરીકે કરવામાં આવે અને તે ફકત શાંતિ, મુકિત અને નિર્વાણ માટે માગણી કરે. તમે આત્મચરિતાર્થની વાત કરો છો – કોઈ વ્યકિત પરમ તત્ત્વને પરમાત્મા તરીકે ન સ્વીકારે પરંતુ પોતાના ઉચ્ચતમ આત્મતત્ત્વ તરીકે સ્વીકારે અને પોતાના

સ્વરૂપનું તે ઉચ્ચતમ આત્મા તરીકે ચરિતાર્થ કરવા માટે શોધ કરે; પરંતુ વ્યકિતએ તેના તરફ આનંદ, પરમાનંદ અને અલૌકિક આનંદના તત્ત્વ તરીકે જોવાની જરૂર નથી — વ્યકિત તેને મુકિત તરીકે, બૃહદ્‌તત્ત્વ તરીકે, જ્ઞાન તરીકે, પ્રશાંતતા, શકિત, સ્થિરતા અને પૂર્ણતાના તત્ત્વ તરીકે પણ જોઈ શકે — કદાચ એટલું બધું સ્થિર તત્ત્વ કે જેમાં આનંદની લહેરી પણ પ્રવેશ કરીને તેને વિચલિત ન કરે. તેથી જો વ્યકિત પરમાત્માની પાસે કોઈ વસ્તુ પ્રાપ્ત કરવા માટે જાય, તો એ હકીકત સાચી નથી કે તે વ્યકિત તેની નજીક અથવા તેની સાથેનું તાદાત્મ્ય ફકત આનંદ ખાતર જ સાધે છે, અને કોઈ બીજી વસ્તુ માટે નહિ.

એટલે તે વસ્તુમાં એવી કોઈ વસ્તુ છે, જે તમારા બધા જ તર્કને ઊડાવી દે. કારણ કે આ બધાં જ દિવ્ય પ્રકૃતિના પાસાંઓ છે, તેની શક્તિઓ છે અને તેના સ્વરૂપની અવસ્થાઓ છે — પરંતુ પરમાત્મા પોતે કોઈક નિરપેક્ષ તત્ત્વ છે, કોઈ સ્વયંભૂ તત્ત્વ છે, જે તેનાં પાસાંઓથી મર્યાદિત નથી — તે અદ્‌ભુત અને અવ્યાખ્યેય છે અને તેમના વડે અસ્તિત્વ ધરાવતો નથી, પરંતુ તે બધા તેને લઈને અસ્તિત્વ ધરાવે છે. તેનો અર્થ કે જો તે તેના પોતાનાં પાસાંઓથી માણસને આકર્ષિત કરે તો પછી તેના નિરપેક્ષ તત્ત્વથી, જે વધારે મધુર, વધારે શકિતશાળી અને વધારે ગહન રીતે તેના બીજા સ્વરૂપો કરતાં વધારે આકર્ષક બની શકે. તેની શાંતિ, આનંદ, પ્રકાશ, મુકિત, સૌંદર્ય અદ્‌ભુત, અને અવર્ણનીય છે; કારણ કે તે પોતે જ અદ્‌ભુત, ગુહ્ય રીતનો અને પરાત્પરતામાં આશ્ચર્યજનક અને અવર્ણનીય છે. એટલે તેની અદ્‌ભુત અને અવર્ણનીય આત્મતત્ત્વ તરીકે શોધ કરી શકાય અને નહિ કે તેના એક યા બીજા પાસાં માટે. તેના માટે ફક્ત એક જ વસ્તુની જરૂર છે કે એક એવા બિંદુએ પહોંચવું, જેમાં ચૈત્ય પુરુષ આ પરમાત્માના ખેંચાણને અનુભવે અને બીજું એવા મુદ્દાએ પહોંચવું જેમાં મન, પ્રાણ અને દરેક બીજી બધી વસ્તુ એમ અનુભવે કે તે તેને જરૂર હતી તે વસ્તુની અને તેની આનંદની ઉપરછલ્લી શોધ, અથવા તો બીજું કાંઈક, તે પરમ્ લોહચુંબક પ્રત્યે પોતાની પ્રકૃતિના ખેંચાણ માટેનું એક બહાનું હતું. તમારી દલીલ કે આપણે પરમાત્માની સાથેની તદ્‌રૂપતા આનંદ લાવે છે એવું જાણીએ છીએ, તેથી આપણે આનંદ માટે તેની સાથે તદ્‌રૂપતા સાધીએ છીએ, તે સાચી નથી અને તે દલીલ સમર્થ નથી. કોઈ વ્યકિત રાણીને ચાહતો હોય તો તે જાણે છે કે જો તેના પ્રેમનો રાણી પ્રત્યુત્તર આપે તો તેને શકિત, સત્તા, ધન વગેરે પ્રાપ્ત થશે અને તેમ છતાં તે તેનો પ્રેમ શકિત, સત્તા અને ધન માટે જ હોવો જોઈએ એવું જરૂરી નથી. તે રાણીને તેના પોતાના જ માટે ચાહતો હોય અને તે રાણી ન હોય છતાં તેને પ્રેમ

કરતો હોય; તેને કોઈ પણ પ્રકારનો બદલો ન પણ મળે અને તેમ છતાં તે તેને ચાહતો હોય, તેની ભકિત કરતો હોય, તેના માટે જ જીવન ધારણ કરતો હોય અથવા તેના માટે મૃત્યુ પણ સ્વીકારી લે; અને એટલા જ કારણસર કે તે જે છે તે, તે જ છે. આવી વસ્તુ બનેલી છે અને માણસોએ સ્ત્રીઓને ચાહેલી છે અને આનંદ કે પરિણામની દરકાર કર્યા સિવાય, તેમણે સ્થિરતાથી અને તીવ્રતાથી પ્રેમ રાખેલો છે, અને મોટી ઉંમર સુધી પણ જયારે તેના સૌંદર્યનો નાશ થયો હોય તેમ છતાં પ્રેમ રાખ્યો હોય છે. દેશભક્તો પોતાના દેશને એટલા માટે જ ચાહતા નથી કે તે સમૃદ્ધ, શકિતશાળી અને મહાન છે અને દેશ તેમને મોટો બદલો આપશે; દેશ માટેનો પ્રેમ ઘણો ઉત્કટ, તીવ્ર અને નિરપેક્ષ હોય છે, ભલે પછી દેશ ગરીબ હોય, પતન પામેલો હોય, દુ:ખી હોય અને તેના માટે તેમને કોઈ પણ બદલો ન મળતો હોય, સિવાય કે નુકસાન, ઘા, વેદના, રીબામણી, જેલ અને મૃત્યુ – જે તેમને દેશની સેવા માટેની કિંમત તરીકે મળેલાં હોય. અને તેમ છતાં તેઓ જાણતા હોય છે કે તેમના દેશને તેઓ સ્વતંત્ર થયેલો જોઈ શકશે નહિ, અને છતાં માણસો તેના માટે જીવેલાં છે, તેના માટે સેવા આપેલી છે અને તેના માટે મૃત્યુ પામેલા છે– દેશના પોતાના માટે અને નહિ કે પોતાને તેને બદલે શું મળશે તેના માટે. માણસોએ સત્યને સત્ય માટે જ ચાહેલું છે અને તેના માટે તેમને શું મળે છે અથવા તેમાંથી શું પ્રાપ્ત કરે છે; તેમણે તેના માટે ગરીબાઈનો, કેદનો અને મૃત્યુનો સ્વીકાર કરેલો છે; તેમને માટે તેની શોધ એ જ પર્યાપ્ત છે, ભલે તે પ્રાપ્ત ન થાય અને તેમ છતાં તે શોધને તેમણે છોડી દીધેલી નથી. તેનો અર્થ શો થાય છે? કે માનવી દેશ, સત્ય અને તે ઉપરાંત બીજી વસ્તુઓને તેમના પોતાના માટે પ્રેમ કરી શકાય છે અને બીજી કોઈ વસ્તુ માટે નહિ. તેને માટે કોઈ સંજોગો અથવા તેમની સાથે રહેલો કોઈ ગુણ અથવા તેના પરિણામે મળતા આનંદની જરૂર નથી પરંતુ કોઈ નિરપેક્ષ વસ્તુ તેમાં રહેલી છે જે યા તો તેમની અંદર રહેલી છે કે તેમના બાહ્ય દેખાવ અથવા સંજોગોની પાછળ રહેલી છે. પુરુષ યા સ્ત્રી, એક જમીનનો ટુકડો, અથવા કોઈ જ્ઞાતિ, અભિપ્રાય, શોધ અથવા સિદ્ધાંતથી, પરમાત્મા કાંઈક વિશેષ છે. તે સર્વ વ્યકિતઓથી ઉપર રહેલો એક પુરુષ છે, તે બધા આત્માનું નિવાસસ્થાન અથવા દેશ છે, અને એવું સત્ય છે જેનું બીજા સત્યો અપૂર્ણ પ્રતિકૃતિઓ છે. અને તો પછી જે રીતે માણસો તેમના પોતાના વધારે લઘુ આત્માઓ અને પ્રકૃતિને જેટલા પ્રમાણમાં અથવા વધારે સારી રીતે ચાહી શકે છે તે રીતે પરમાત્માની ખાતર જ પરમાત્મા માટે પ્રેમ અને તેની શોધ ન કરી શકાય?

તમારો તર્ક જે વસ્તુની પરવા નથી કરતો એ એક નિરપેક્ષ વસ્તુ છે અથવા માનવીમાં રહેલા નિરપેક્ષ તરફ અથવા પ્રભુની શોધ તરફ તે વળે છે; તેની સમજૂતિ મનોમય બુદ્ધિથી અથવા પ્રાણમય હેતુથી આપી શકાતી નથી, એ એક લક્ષ્ય છે, પરંતુ તે આત્માનું લક્ષ્ય છે, નહિ કે પ્રાણમય કામનાનું; તે એક મનનો તર્ક નથી, પરંતુ આત્મતત્ત્વ અથવા જીવાત્માનો તર્ક છે. તે એક પ્રશ્ન છે, પરંતુ તે આત્માની અંદર અંતર્હિત રહેલી અભીપ્સાનો પ્રશ્ન છે, નહિ કે પ્રાણની ઝંખનાનો પ્રશ્ન – જ્યારે આત્માર્પણની વાત આવે છે ત્યારે આ વસ્તુ આ રીતે આવે છે જ્યારે " હું આ માટે તારી શોધ કરું છું ત્યારે હું પેલી વસ્તુ માટે તારી શોધ કરું છું " એમ કહેવાને બદલે તેમાં એટલો ફેરફાર થાય છે કે " હું તારી તારા માટે શોધ કરું છું. " જ્યારે ક્ષ એમ કહે છે કે " નહિ જ્ઞાન કે નહિ આ કે નહિ પેલું, પરંતુ કૃષ્ણ " ત્યારે તેનો અર્થ એ થાય છે કે તે પરમાત્મામાં રહેલી અદ્‌ભુત વસ્તુ અને અવર્ણનીય નિરપેક્ષ વસ્તુ વિષે કહેવા માગે છે. તે વસ્તુનું ખેંચાણ એ ખરેખર સ્પષ્ટ રીતની અનિવાર્ય વસ્તુ છે, મહાન આત્મતત્ત્વનો પુકાર જે આપણી અંદર રહેલો છે; આત્મા અવ્યાખ્યેય રીતે તેના ભકિતના ધ્યેય પ્રત્યે ખેંચાણ અનુભવે છે કારણ કે તે સિવાય બીજી કોઈ રીત નથી, કારણ કે તે (પરમાત્મા) તે વસ્તુ જ છે અને તે પ્રભુ કેવળ પ્રભુ જ છે. આ બધી વસ્તુ વિષે આ પ્રમાણે છે.

આ બધું મેં એટલા માટે લખ્યું કે આપણે પ્રભુને ખાતર પ્રભુને જ શોધવાની વાત કરીએ છીએ તેમાં શો અર્થ રહેલો છે તે મારે તમને સમજાવવું હતું, અને બીજી કોઈ વસ્તુ માટે નહિ – આ વસ્તુ બને તેટલી શકય રીતે સમજાવવા મેં પ્રયત્ન કર્યો છે. તે સમજાય યા ન સમજાય પરંતુ તે આધ્યાત્મિક અનુભૂતિની સૌથી અગત્યની હકીકતો છે. આત્માર્પણનો સંકલ્પ આ હકીકતની ફકત એક અભિવ્યકિત છે. પરંતુ તેનો અર્થ એવો નથી કે હું તમારી આનંદ માટેની માગણીનો વિરોધ કરું છું. તે વસ્તુની માગણી સર્વસ્વ રીતે કરો, જ્યાં સુધી તમારા સ્વરૂપના કોઈ ભાગની જરૂરિયાત માટે તમે તેની માગણી કરો – કારણ કે જ્યાં સુધી તમારા અંતરમાં રહેલો નિરપેક્ષ માટેનો સાદ સતત્ તમને અંદરમાંથી બહારની સપાટી ઉપર ધક્કો માર્યા ન કરે, ત્યાં સુધી આ વસ્તુઓ તમને પ્રભુ તરફ દોરી જશે નહિ. પરંતુ ખરેખર તો ત્યાં તે જ વસ્તુ રહેલી છે જેણે તમને શરૂઆતથી તેના પ્રત્યે આકર્ષ્યા છે અને તે જ વસ્તુ તેની પાછળ રહેલી છે – તે એક સંપૂર્ણ રીતની આધ્યાત્મિક માત્ર છે, આત્માની પરમાત્મા પ્રત્યેની નિરપેક્ષ જરૂરિયાત.

હું એમ નથી કહેતો કે આનંદ ન હોવો જોઈએ. આત્માર્પણ પોતે જ ઘણી ગહન આનંદને લાવનારી વસ્તુ છે અને તે જે લાવે છે તે એક અવર્ણનીય આનંદને જાગૃત અવસ્થામાં લાવે છે – અને આ પદ્ધતિથી બીજી કોઈ પણ પદ્ધતિ કરતાં તે વધારે સહેલાઈથી લાવે છે, જેથી વ્યક્તિ લગભગ એમ કહી શકે કે "નિ:સ્વાર્થ આત્માર્પણ એ સૌથી શ્રેષ્ઠ નીતિ છે." વ્યકિત ફકત તે રીત માટે જ તે પ્રમાણે કરતી નથી. આનંદ એ પરિણામ છે, પરંતુ તે પરિણામ માટે કરવામાં આવતું નથી, પરંતુ આત્માર્પણ માટે જ કરવામાં આવે છે, અને પરમાત્મા માટે જ કરવામાં આવે છે. મન માટે આ ઘણો સૂક્ષ્મ ભેદ છે એવું લાગે, પરંતુ તે ખરેખર સત્ય હકીકત છે.

*

મારો ઇરાદો એવું કહેવાનો નહોતો કે આનંદ માટે અભીપ્સા કરવી એ ખોટું છે. આનંદની કાયમી માલિકી માટેની પરિસ્થિતિ કઈ છે તે મારે જણાવવું હતું (તેના સૂચનો, મુલાકાતો પહેલાં નીચે તરફ આવતો તેનો ધોધ), તેના માટેની મૂળ શરત ચેતનાનું પરિવર્તન, શાંતિ, પ્રકાશ વગેરેનું આગમન, બધી જ વસ્તુઓ જે સામાન્ય પ્રકૃતિમાંથી આધ્યાત્મિક પ્રકૃતિમાં પરિવર્તન લાવે અને તે પ્રમાણે બને ત્યારે, ચેતનામાં પરિવર્તન લાવવું એ સાધનાનું પ્રથમ લક્ષ્ય છે. બીજી બાજુએ, સતત્ આનંદ માટે એવી ચેતનામાં દબાણ કરવું જે હજુ પણ તેને ધારણ કરવાને શક્તિમાન નથી. અને તેને બદલે ઓછા પ્રકારના (પ્રાણમય) આનંદો અને સુખોનું, તેને સ્થાને સ્થાપન કરવાથી આ બધી આધ્યાત્મિક અનુભૂતિઓ જે સતત્ પરમાનંદને તાત્ત્વિક રીતે શકય બનાવે એવા પ્રવાહને અટકાવી દે. પરંતુ ખરેખર, મારો એવું કહેવાનો કોઈ પણ ઇરાદો નહોતો કે આનંદને પ્રાપ્ત કરવાનો નથી અથવા તમે નિરાનંદ બ્રહ્મ તરફ ગતિ કરો એવો આગ્રહ રાખવો. તેનાથી ઊલટું, મેં એમ કહ્યું છે કે આનંદ યોગનો શિરતાજ છે, જેનો ખરેખર એવો અર્થ છે કે તે ઉચ્ચતમ સિદ્ધિનો એક ભાગ છે.

વ્યકિતને સચ્ચાઈભરી રીતે અને આગ્રહપૂર્વક પરમાત્મા પાસેથી જે કોઈ વસ્તુની જરૂર હોય, તે પરમાત્મા ચોક્કસ આપશે જ. તેથી જો તમને આનંદ જોઈતો હોય અને તેની માગણી ચાલુ રાખો તો છેવટે તમને તે મળશે જ.

ફકત એક જ પ્રશ્ન છે કે તમારી શોધ માટે તમારે કઈ મુખ્ય શકિતની જરૂર છે. તમારે કોઈ પ્રાણમય માગણી અથવા ચૈતસિક અભીપ્સા જે હૃદય મારફત અભિવ્યકત થાય છે અને તે મનોમય અને પ્રાણમય તથા શારીરિક ચેતનાની સાથે

પોતાનો વ્યવહાર કરે છે તે જોઈએ છે કે તેની પાછળની શકિત જે સૌથી મહાન શકિત છે અને રસ્તાને સૌથી ઓછો ટૂંકો કરી નાખે છે તે જોઈએ છીએ ? તે ઉપરાંત વ્યકિતને તે રસ્તે વહેલા યા મોડા આવવાનું રહે છે જ.

*

આધ્યાત્મિક સત્ય અને આધ્યાત્મિક જીવનની શોધ માટેનું પ્રથમ કારણ પરમાત્માની શોધ છે; તે એક જ વસ્તુ અનિવાર્ય છે અને તેના સિવાય બાકીનું બધું નિરર્થક છે. એક વખત પરમાત્મા પ્રાપ્ત થાય તો તેનો આવિર્ભાવ કરવા માટે– એટલે કે સૌથી પહેલાં પોતાની મર્યાદિત ચેતનાનું દિવ્ય ચેતનામાં પરિવર્તન સાધવું જોઈએ અને અનંત શાંતિ, પ્રકાશ, પ્રેમ, સામર્થ્ય અને પરમાનંદમાં જીવન ધારણ કરવા માટે, પોતાની મૂળભૂત પ્રકૃતિમાં તે જ બનવા માટે, માણસે પોતાની સક્રિય પ્રકૃતિમાં તેનું પાત્ર, નહેર અને કરણ બનવું જાઈએ. એકત્વના સિદ્ધાંતને ભૌતિક ભૂમિકા ઉપર સક્રિય બનાવવી અથવા માનવજાત માટે કાર્ય કરવું એ સત્યનો ખોટો અનુવાદ છે – આ વસ્તુઓ કદી પણ આધ્યાત્મિક શોધનો પ્રથમ સાચો હેતુ હોઈ શકે નહિ. પ્રથમ આપણે આત્માની, પ્રભુની શોધ કરવી જોઈએ અને ત્યાર પછી જ આપણે જાણી શકીએ કે આત્માનું કાર્ય શું છે અથવા પ્રભુ આપણી પાસે કઈ માગણી કરે છે. ત્યાં સુધીમાં આપણું જીવન અને કાર્ય ફક્ત પ્રભુની શોધ માટે એક મદદરૂપ વસ્તુ અથવા સાધન બની શકે અને તેને માટે બીજો કોઈ પણ હેતુ ન હોઈ શકે. જેમ જેમ આપણે આંતરચેતતામાં વિકાસ પામતા જઈએ, અથવા પરમાત્માનું સત્ય આપણી અંદર વૃદ્ધિ પામતું જાય છે, તેમ તેમ આપણું જીવન અને કાર્ય ખરેખર વધારે અને વધારે તે ચેતનામાંથી વહેતું થવું જોઈએ અને તેની સાથે એકરૂપ બનવી જોઉએ. પરંતુ આપણી મર્યાદિત મનોમય ચેતનામાંથી તે કેવાં હોવાં જોઈએ, તેનો પહેલેથી નિશ્ચય કરવાથી, આપણી અંદર રહેલા આધ્યાત્મિક વિકાસ અટકી જાય. તે જેમ જેમ વૃદ્ધિ પામતું જાય તેમ તેમ આપણે દિવ્ય પ્રકાશ, અને દિવ્ય સત્ય, દિવ્ય શક્તિ અને બલ, દિવ્ય પવિત્રતા અને શાંતિ આપણી અંદર કાર્ય કરતાં અનુભવી શકીશું, તે આપણા કાર્યો તથા ચેતના સાથે વ્યવહાર કરશે અને તેમનો ઉપયોગ કરીને આપણી દિવ્ય પ્રતિમાનું નવ ઘડતર કરશે, આપણી અંદર રહેલી મલિનતાની સફાઈ કરશે અને તેની જગાએ આપણા આત્માનું શુદ્ધ સોનાનું સ્થાપન કરશે. જ્યારે આપણી અંદર દિવ્ય હાજરી સતત્ હોય છે અને આપણી ચેતનામાં રૂપાંતર થયેલું હોય છે ત્યારે જ આપણને એ કહેવાનો અધિકાર છે કે આપણે પરમાત્માની ભૌતિક ભૂમિકા ઉપર અભિવ્યક્તિ કરી શકીએ એમ છીએ. કોઈ મનોમય આદર્શને અથવા સિદ્ધાંતને પકડીને તેને આપણા આંતર કાર્ય ઉપર ઠોકી

બેસાડવો તે આપણા મનોમય સાક્ષાત્કારને મર્યાદિત કરવાનું જોખમ વહોરવા બરાબર છે અથવા તેને અટકાવવા બરાબર છે અથવા પ્રભુની સાથેની એકતા તથા પૂર્ણ સંપર્કની વૃદ્ધિમાં સાચા વિકાસની અર્ધ - રચનાને જૂઠી પાડવા બરાબર છે. તે વસ્તુને લઈને આપણા જીવનમાં પ્રભુની સંકલ્પ શકિતના મુક્ત અને અંગત વ્યવહારને બંધ કરી દેવા બરાબર છે. આજના મન આ પરિસ્થિતિ તરફની અભિમુખતા તરફ ઢળે છે તેથી થતી ભૂલ છે જેનું આજે ખાસ કરીને આવું વલણ કેળવાય છે. જે વસ્તુ આમ આપણને મુખ્ય એક વસ્તુને બદલે આડ રસ્તે દોરી જાય છે તેના બદલે પ્રભુ પ્રત્યે શાંતિ અથવા પ્રકાશ અથવા પરમાનંદ માટે વળવું તે વધારે સારું છે. ભૌતિક જીવનનું તેમ જ આંતરજીવનનું પણ દિવ્યીકરણ એ એક દિવ્ય યોજનાનો ભાગ છે, પરંતુ તે ત્યારે જ સિદ્ધ બની શકે જ્યારે આંતર સાક્ષાત્કાર બહાર વહે, અને અંતરમાંથી બાહ્ય તરફ વધારે વૃદ્ધિ થતી જાય, નહિ કે મનોમય સિદ્ધાંતનઃ કાર્યદ્વારા તે પ્રમાણે બને.

તમે પૂછયું છે કે મનોમય શોધનું જીવંત આધ્યાત્મિક અનુભૂતિમાં પરિવર્તન કરવા માટે કેવી સાધનાનું અનુસરણ કરવું જોઈએ. સૌથી પ્રથમ જરૂરિયાત તમારી અંદર ચેતનાની એકાગ્રતા માટે કરવાની સાધના છે. સામાન્ય માનવ મન બાહ્ય સપાટી ઉપર સક્રિય બને છે અને તે આત્માને ઢાંકી દે છે. પરંતુ એક બીજી અંદર રહેલી ચેતના છે, એક ગુપ્ત ચેતના, જે સપાટી ઉપરની ચેતનાની પાછળ આવેલી છે, જેમાં આપણે આપણા આત્મા વિષે સભાન બની શકીએ છીએ તેમ જ પ્રકૃતિના એક વિશાળ અને વધારે ઊંડા સત્ય વિષે સચેતન બનીએ છીએ, જેમાં આત્માનો સાક્ષાત્કાર કરી શકીએ છીએ અને પ્રકૃતિની મુકિત અને રૂપાંતર સાધી શકીએ છીએ. સપાટી પર રહેલા મનને સ્થિર કરવા માટે અને આંતર જીવન જીવવા માટેનું એકાગ્રતાનું આ લક્ષ્ય હોય છે. આ સાચી ચેતનાના, સપાટી કરતાં જુદી ચેતનાના બે મુખ્ય કેન્દ્રો હોય છે, એક હૃદયમાં (શારીરિક હૃદય નહિ પરંતુ છાતીની વચ્ચે રહેલું હૃદય કેન્દ્ર) અને બીજું મસ્તકમાં રહેલું કેન્દ્ર. હૃદયની અંદરની એકાગ્રતા અંદર ખુલે છે અને આ આંતર ખુલ્લાપણાને લઈને તથા ઊંડાણમાં જવાથી, વ્યકિત પોતાના આત્મા અથવા ચૈત્યપુરુષ વિષે સભાન બને છે, અને તે વ્યકિતની અંદર રહેલું દિવ્ય તત્ત્વ છે. આ તત્ત્વ જ્યારે બુરખામાંથી ખુલ્લું થાય છે ત્યારે અગ્રભાગે આવવાની શરૂઆત કરે છે, પ્રકૃતિ ઉપર શાસન કરે છે અને તેને સત્ય તરફ, પરમાત્મા તરફ વાળવાની, અને ગતિઓમાં પરિવર્તન કરવાની શરૂઆત કરે છે, અને તેની અંદર તથા જે ઊર્ધ્વમાં રહેલું છે તેને નીચે આવવાનો સાદ કરે છે. તે પરમાત્માની ચેતનાને લઈ આવે છે, ઉચ્ચતમ તત્ત્વ

પ્રત્યે સ્વરૂપનું નિવેદન કરે છે, અને આપણી ઉપર ઊર્ધ્વમાં જે મહાન બલ અને ચેતના રાહ જોઈને રહેલા છે તેમને આપણી પ્રકૃતિમાં અવતરણ કરવાનું આમંત્રણ આપે છે. હૃદ્-કેન્દ્રમાં એકાગ્રતા કરવાથી અને સાથે સાથે પોતાની જાતનું પરમાત્માને અર્પણ કરવાથી તથા અંદરની ચેતનાને ખુલ્લી કરવાની અભીપ્સા માટે, અને હૃદયમાં પ્રભુની દિવ્ય હાજરી માટે આ પ્રથમ માર્ગ છે અને જો તે પ્રમાણે કરી શકાય તો તે નૈસર્ગિક શરૂઆત થાય; તેના પરિણામે જો તે એક વખત પ્રાપ્ત થાય તો બીજા કોઈ પણ માર્ગ કરતાં આ આધ્યાત્મિક માર્ગ ઘણો સહેલાઈથી અને સલામતીવાળો બનાવે છે.

પેલી બીજી રીત મસ્તકમાં એકાગ્રતા કરવાની, મનના કેન્દ્રમાં કરવાની હોય છે. તે બાહ્ય મનમાં શાંતિ ઉતારી લાવે તો આંતર મન, જે વધારે વિશાળ અને ઊંડાણમાં રહેલું છે તથા આધ્યાત્મિક અનુભૂતિને અને આધ્યાત્મિક જ્ઞાનને ગ્રહણ કરવાની વધારે શકિત ધરાવે છે, તેને ખુલ્લું કરે છે. પરંતુ એક વખત અહીં એકાગ્રતા કર્યા પછી માણસે નીરવ મનોમય ચેતનાને મનની ઉપર ઊર્ધ્વમાં જે વસ્તુઓ રહેલી છે તેમની તરફ તેને ખુલ્લું કરવું જોઈએ. થોડા સમય પછી માણસને લાગે છે કે પોતાની ચેતનાનું ઊર્ધ્વ ગમન થાય છે અને પછી જે ઢાંકણ તેને આ શરીરની સાથે બંધાયેલું લાગે છે તેની પર જઈને તેને મસ્તક ઉપરનું એક કેન્દ્ર પ્રાપ્ત થાય છે જયાં તે અનંતમાં મુકિત પ્રાપ્ત કરે છે. ત્યાં તે વૈશ્વિક આત્મતત્ત્વના સંપર્કમાં આવવાની શરૂઆત કરે છે, તેનામાં દિવ્ય શાંતિ, પ્રકાશ, શકિત, જ્ઞાન અને પરમાનંદ પ્રાપ્ત થતો જાય છે, તે વસ્તુઓ તેનામાં પ્રવેશ કરે છે અને તેમનામય બનતો જાય છે અને તેની પ્રકૃતિમાં આ વસ્તુઓનું અવતરણ થતું જાય છે. તેમ છતાં એ યાદ રાખવું ખાસ જરૂરી છે કે ચેતનાની મસ્તકના કેન્દ્રમાં એકાગ્રતા કરવી એ તેને ઊર્ધ્વમાં રહેલા કેન્દ્રની ઉપર ચડવા માટેની ફકત તૈયારી રૂપ જ હોય છે; નહિ તો પછી માણસ પોતાના મનની અનુભૂતિઓમાં જ પૂરાયેલો રહે છે અથવા ઊર્ધ્વમાં રહેલા સત્યનું માત્ર પ્રતિબિંબ જ તેનામાં રહે છે અને આધ્યાત્મિક પરાત્પર તત્ત્વમાં જીવન ધારણ કરવા માટે તે ચેતના ઊર્ધ્વમાં ચડતી નથી. કેટલાક માટે મનોમય એકાગ્રતા વધારે સહેલી હોય છે. બીજા કેટલાક માટે હૃદયની એકાગ્રતા વધારે સહેલી પડે છે; કેટલાક બન્ને વારાફરતી કરવા માટે શકિતમાન હોય છે – પરંતુ હૃદયના કેન્દ્રથી શરૂઆત કરવી, જો વ્યકિત તે પ્રમાણે કરી શકે તો, વધારે ઈચ્છનીય છે.

બીજા પ્રકારની સાધના, મનની, પ્રાણમય આત્માની કે પ્રાણની અથવા શારીરિક સ્વરૂપની પ્રકૃતિની ક્રિયાત્મકતા વિષેની છે. અહીં પ્રકૃતિને આંતર–સાક્ષા-

ત્કારની સાથે સુમેળમાં રાખવાનો સિદ્ધાંત છે જેથી કરીને વ્યકિત બે પ્રતિકૂળ ભાગમાં વહેંચાઈ જાય નહિ. અહીં ઘણા પ્રકારની સાધનાઓ અથવા પ્રક્રિયાઓ શકય છે. તેમાં એકમાં વ્યકિતએ પોતાના સમગ્ર કર્મો પ્રભુને અર્પણ કરવાના હોય છે અને તેના માટે આંતરિક માર્ગદર્શન માગવાનું હોય છે અને પોતાની પ્રકૃતિને એક દિવ્ય ઉચ્ચતર શકિત તેના હાથમાં લઈ લે તેવું કરવાનું છે. જો આંતર–આત્મા ખુલ્લો થાય, જો ચૈત્ય પુરુષ અગ્ર ભાગે આવે તો બહુ મુશ્કેલી રહેતી નથી – તેની સાથે એક ચૈતસિક વિવેક આવે છે, એક સતત્ સૂચન મળ્યા કરે છે, એક એવું શાસન જે અંદર રહેલી સર્વે અપૂર્ણતાઓને ખુલ્લી કરે છે અને સ્થિરતા અને ધૈર્યથી બધાને દૂર કરે છે, અને સાચી મનોમય અને પ્રાણમય ગતિઓ લાવે છે તથા શારીરિક ચેતનાની પણ ફરીથી નવીન રીતે રચના કરે છે. બીજી પદ્ધતિમાં મનોમય, પ્રાણમય અને શારીરિક સ્વરૂપની ગતિઓમાંથી બિલકુલ અલગ થઈને ઊભા રહેવું, તે બધી વ્યકિતમાં રહેલી સામાન્ય પ્રકૃતિનું એક ટેવ મુજબનું ઘડતર છે જે આપણી ઉપર ભૂતકાળમાં કરેલા કાર્યોનું પરિણામ છે, જે આપણા ઉપર લાદવામાં આવેલું છે. પરંતુ તે આપણા સાચા સ્વરૂપનો ભાગ નથી; જેટલા પ્રમાણમાં વ્યકિત આ પ્રમાણે સફળતા પ્રાપ્ત કરે અને તટસ્થ બનતી જાય, મન અને તેની પ્રક્રિયાને પોતાની જાત તરીકે જુએ નહિ તથા પ્રાણ અને તેની ક્રિયાઓને પણ પોતાની સાચી જાત તરીકે ગણે નહિ, શરીર અને તેના કાર્યોને પણ પોતાના તરીકે ગણે નહિ, તેટલા પ્રમાણમાં આપણે આપણી અંદર રહેલા સાચા સ્વરૂપ વિષે–આંતર મનોમય, આંતર પ્રાણમય અને આંતર શારીરિક વિષે–આપણે સભાન બનીએ છીએ અને આપણે સ્થિર, શાંત, બંધનમુકત અને તટસ્થ બનીએ છીએ, અને તે વસ્તુ સાચા આત્માનું ઊર્ધ્વમાંથી પ્રતિબિંબ પાડે છે; અને આપણે તેના સાચા પ્રતિનિધિ બનીએ છીએ. આવા શાંત આંતર – સ્વરૂપમાંથી જે જે વસ્તુઓનો પરિત્યાગ કરવાનો હોય છે તેમનો પરિત્યાગ થાય છે, જે વસ્તુને રાખવાની હોય છે અને રૂપાંતર કરવાનું હોય છે તેનો સ્વીકાર થાય છે, એક પૂર્ણના માટેનો આંતર–સંકલ્પ થાય છે અથવા પ્રકૃતિના ફેરફાર માટે જે વસ્તુ જરૂરી છે તેના માટે દરેક પગલે પરમાત્માની શકિતને પુકાર થાય છે. તે વસ્તુ આંતરતમમાં રહેલા ચૈતસિક તત્ત્વ પ્રત્યે મન, પ્રાણ અને શરીરને ખુલ્લું કરી શકે છે અને તેનો માર્ગદર્શન આપતો પ્રભાવ, અથવા સીધેસીધું માગદર્શન મળી રહે છે. ઘણા ખરા પ્રસંગોમાં આ બન્ને પદ્ધતિ એક સાથે શરૂ થઈને એક સાથે કાર્ય કરે છે અને તે બન્નેનું એકમાં મિલન થાય છે. પરંતુ વ્યકિત ગમે તે એક વસ્તુથી શરૂઆત કરી શકે છે, જે પદ્ધતિ તેના માટે સાહજિક અને અનુસરણ કરવામાં રહેલી હોય છે.

છેવટે બધી જ મુશ્કેલીઓમાં, જ્યાં વ્યકિતગત પ્રયત્નમાં વિઘ્ન આવે છે, ત્યાં ગુરુની મદદ વચ્ચે પડી શકે છે અને સાક્ષાત્કાર માટે જે વસ્તુની જરૂર હોય છે અથવા તાત્કાલિક કયું પગલું લેવાની જરૂર છે તેમાં તે મદદરૂપ બની શકે છે.

*

આ યોગની માગણી દિવ્ય સત્યની શોધ તથા તેને સાકાર કરવાની અભીપ્સા તથા તેને માટે જીવનના સમગ્ર સમર્પણની છે, અને બીજી કોઈ પણ વસ્તુ નહિ. તમારા જીવનને પરમાત્મા અને કોઈ બાહ્ય લક્ષ્ય અને ક્રિયાત્મકતા જેને દિવ્ય સત્ય સાથે કોઈ પણ સંબંધ હોય નહિ એવી વસ્તુઓ વચ્ચે વહેંચી નાખવી એ વસ્તુ આ યોગમાં મંજૂર નથી. આવા પ્રકારની કોઈ નાની એવી વસ્તુ પણ આ યોગની સફળતાને અશક્ય બનાવી દે છે.

તમારે તમારી અંદર પ્રવેશ કરીને આધ્યાત્મિક જીવન પ્રત્યે સંપૂર્ણ સમર્પણ કરવાનું છે. જો તમારે સફળ થવું હોય તો તમારી મનોમય પસંદગીને વળગી રહેતી બધી વસ્તુઓ તમારી અંદરથી ખરી પડવી જોઈએ, પ્રાણમય હેતુઓ અને રસો તથા આસકિતઓને એક બાજુએ મૂકી દેવાની છે તથા કુટુંબ, મિત્રો, દેશ વગેરે સાથેની અહંકાર યુકત આસકિતઓ અદૃશ્ય થવી જોઈએ. એક વખત પણ સત્યની શોધ થઈ હોય પછી તેમાંથી જ તમારી બાહ્ય શકિત અને કર્મો થવાં જોઈએ અને નહિ કે નિમ્ન મનોમય અથવા પ્રાણમય હેતુઓમાંથી, બધા જ કર્મો દિવ્ય સંકલ્પમાંથી અને નહિ કે તમારી અંગત અથવા અહંકાર યુકત પસંદગી-માંથી થવાં જોઈએ.

*

એ સિદ્ધાંતનો સમગ્ર રીતે, સાર્વત્રિક રીતે સ્વીકાર થયેલો છે કે આધ્યાત્મિક પ્રયત્ન માટે માણસે દરેક વસ્તુનું, કોઈ પણ વસ્તુ શેષ રાખ્યા સિવાય એક આધ્યાત્મિક ચેતના મારફતે પરમાત્માને પ્રાપ્ત કરવા માટે સંપૂર્ણ સમર્પણ કરવા તૈયાર રહેવું પડે છે. જો મનોમય, પ્રાણમય અને શારીરિક ભૂમિકા ઉપર તેણે આત્મ – વિકાસ સાધવો હોય તો તે જુદી બાબત છે – એ પ્રકારની જિંદગી અહંકારયુકત જીવન છે અને તેમાં આત્માને અવિકસિત રીતે પાછળ રાખવામાં આવે છે. પરંતુ આધ્યાત્મિક સાધક માટે જે વિકાસ સાધવાનો છે તેના માટે ચૈતસિક અને આધ્યાત્મિક ચેતનાની વૃદ્ધિ કરવાની છે અને તે પણ એટલા માટે જરૂરી છે કે તેનાથી પ્રભુ પ્રત્યે પહોંચી શકાય અને તેની સેવા કરી શકાય, નહિ કે પોતાના માટે કરવાનું છે. જે કોઈ મનોમય પ્રાણમય અથવા શારીરિકનો વિકાસ

અથવા શક્તિઓનો ઉપયોગ કરવામાં આવે તે આધ્યાત્મિક જીવનના એક ભાગ તરીકે કરવાનો છે અને પરમાત્માના કરણ તરીકે કરવાનો છે અને એ શરતે તે આધ્યાત્મિક પાયા ઉપર રૂપાંતર સાધવા માટે તથા તેની સ્થાપના કરવા માટે હોય છે. પરંતુ તેમને તેમના પોતાના માટે રાખવાના હોતા નથી અથવા પોતાના અહંકાર માટે રાખવાના હોતાં નથી – અથવા પોતાની માલિકીની વસ્તુ તરીકે ગણવાનાં નથી, અથવા પોતાના માટે તેમનો ઉપયોગ કરવાનો નથી પરંતુ પરમાત્મા માટે જ રાખીને તેમનો ઉપયોગ કરવાનો હોય છે.

જેમ્સનું વિધાન ખરેખર સાચું છે સિવાય કે જો કોઈ રાજકારણી બીજી વસ્તુઓ એક શોખની વસ્તુઓ તરીકે પોતાના ફુરસદના સમયમાં સ્વીકારે તો તે બરાબર છે, પરંતુ જો તેણે રાજકારણમાં સફળ થવું હોય તો તેણે પોતાની બધી શ્રેષ્ઠ શક્તિઓ રાજકારણ માટે વાપરવી જોઈએ. તેનાથી ઊલટું જો શેકસપિયર અથવા ન્યૂટને પોતાની અમુક શક્તિઓને રાજકારણમાં ખર્ચી નાંખી હોત તો તેઓ કાવ્યમાં અથવા વિજ્ઞાનમાં જે ઊંચાઈઓએ પહોંચ્યા હતા તેટલી ઊંચાઈએ ન પહોંચ્યા હોત પરંતુ ઘણું ઓછું પ્રાપ્ત કર્યું હોત. મુખ્ય શક્તિઓને એક જ વસ્તુ ઉપર એકાગ્ર કરવી જોઈએ; બીજી બાબતો ફક્ત ગૌણ ફુરસદની વસ્તુઓ હોઈ શકે, અથવા આડ વસ્તુઓ કે પોતાના રસ માટેના કાર્યોમાં વપરાયેલી હોઈ શકે, પરંતુ એક સામાન્ય સંસ્કૃતિને ટકાવી રાખવા માટેના અભિગમ માટે તેઓ બહુ ઉપયોગી ન હોય તેવું બની શકે.

*

આ બધું માણસના જીવનનું લક્ષ્ય શું છે તેના ઉપર આધાર રાખે છે. જે વ્યક્તિને ઉચ્ચતમ આધ્યાત્મિક સત્ય અને દિવ્ય જીવનની શોધ પ્રાપ્ત કરવાનું લક્ષ્ય હોય, તેને માટે હું ધારતો નથી કે યુનિવર્સિટિની કોઈ ડીગ્રીનું વધારે મહત્વ હોય, તેમજ તે બંને વસ્તુઓ વચ્ચે કોઈ વ્યાવહારિક સંબંધ હું જોતો નથી. લેખક કે વિચારકના જીવનનું લક્ષ્ય કોઈ ફક્ત બૌદ્ધિક ભૂમિકાનું હોય અને તેને કોઈ ઊર્ધ્વમાં ઉડ્ડયન કરવાનું ન હોય અથવા કોઈ ઊંડાણમાં સંશોધન કરવાનું ન હોય તો તે જુદી બાબત છે. આ પ્રકારના કાર્ય માટે તમારી નામરજી છે તેમાં હું કોઈ નિર્બળતા જોતો નથી. તેમાં ફક્ત એટલું જ છે કે તમારી પ્રકૃતિનો એક નાનકડો ભાગ તથા કોઈ ઊંડાણવાળો કે સમર્થ ભાગ તેનાથી સંતોષ પામશે નહિ અથવા તેને માટે એવું વાતાવરણ નથી જેમાં તેને તે કરવાનું રહે.

આ વસ્તુઓમાં ચિંતક મન નહિ — પરંતુ પ્રાણમય સ્વરૂપ — જીવન-શક્તિ અને કામનામય પ્રકૃતિ, અથવા ઓછામાં ઓછો તેમાંનો કોઈ એક ભાગ—માણસના

કાર્યનો અને તેની પસંદગીનો નિર્ણય કરે છે અને તે પણ જ્યારે કોઈ બાહ્ય જરૂરિયાત અથવા દબાણ તેને ફરજ પાડે છે અથવા તેના નિર્ણય ઉપર અસર કરે છે ત્યારે નહિ. મન તો ફક્ત અનુવાદ કરતું, ન્યાયી ઠેરવતું અને બહાના ઉપજાવી કાઢતું યુક્તિબાજ દલાલ છે. તમે સાધનાને સ્વીકારો ત્યારે તમારા આ પ્રાણમય સ્વરૂપ ઉપર ઊર્ધ્વમાંથી અથવા અંદરમાંથી દબાણ આવે છે અને તેથી તેની ભૂતકાળની કામનાઓ અને વલણોને, તેની અંદર રહેલાં ખાંચાંઓ (grooves) જેમણે પોતાની બધી વસ્તુઓ વિષે પહેલેથી દિશાઓ નક્કી કરેલી છે તેથી તમને નિરુત્સાહ પ્રાપ્ત થાય છે; આ પ્રાણમય તત્ત્વ તેના પ્રથમ પરિણામ રૂપે જેમ વારંવાર બનેલું છે તે પ્રમાણે શાંત બનેલું છે અને તટસ્થતા ધારણ કરેલી છે. તે સામાન્ય જીવન પ્રત્યે અત્યારે મજબુત રીતે ખેંચાયેલું નથી; હજુ સુધી તેને ચૈત્ય પુરુષ અથવા ઉચ્ચતર મનોમય સંકલ્પમાંથી અથવા તેમના દ્વારા પુરતા પ્રમાણમાં પ્રકાશ અને ઉત્સાહ મળેલો નથી, જેથી તમે નવીન પ્રાણમય ગતિ પ્રાપ્ત કરીને નવીન જીવનના માર્ગ ઉપર ધસમસતા દોડી શકો. તે કારણને લઈને જ તમે જે બેધ્યાનપણાની વાત તથા ભાવિ માટે ધુમ્મસમય આચ્છાદનની વાત કરો છો તેનું કારણ આ વસ્તુ છે.

*

જો તમારા આત્માને કાયમ રૂપાંતર માટેની અભીપ્સા રહેતી હોય તો તમારે તેનું જ અનુસરણ કરવું જોઈએ. પરમાત્માની શોધ અથવા તેના કોઈ પાસાની શોધ કરવી એ વસ્તુ - કારણ કે જો રૂપાંતર ન થઈ શકે તો વ્યકિત કદી પરમાત્માનો સાક્ષાત્કાર કરી શકતી નથી – કેટલાક માટે પૂરતી હોઈ શકે, પરંતુ તેવાઓ માટે પૂરતી નથી જેમના આત્માની અભીપ્સા સમગ્ર દિવ્ય રૂપાંતર માટેની હોય.

*

'ક્ષ' નો સચ્ચાઈપૂર્વકનો દોલાયમાન સ્થિતિ, જે કૃષ્ણ અને શિવ અને શક્તિ વચ્ચે તેને ઝોલાં ખવડાવે છે તે મને સ્મિત કરવા પ્રેરે છે. જો વ્યકિત પ્રભુના એક અથવા બે સ્વરૂપોથી આકર્ષાય તો તે બરાબર છે, પરંતુ જો તે એકી વખતે ઘણા સ્વરૂપોથી આકર્ષાતો હોય તો તેને લઈને તેણે વેદના ન અનુભવવી જોઈએ. કાંઈક વિકાસ પામેલા માનવીમાં તેની પ્રકૃતિનાં ઘણા પાસાંઓ હોય છે અને એ બિલકુલ સ્વાભાવિક છે કે ઘણાં પાસાંઓ તેની અંદર રહેલી વિવિધ વ્યકિતતાઓને આકર્ષે અને તેના ઉપર શાસન જમાવે; તે સર્વેનો એક પરમાત્મામાં સ્વીકાર કરી તે સંવાદ સાધી શકે છે અને એમ પણ સ્વીકારી શકે કે એક આદ્યા શકિત છે જેના આ બધા આવિર્ભાવો છે.

★

વિભાગ ૨

સમન્વયની પદ્ધતિ અને પૂર્ણ યોગ

સમન્વયની પદ્ધતિ અને પૂર્ણ યોગ

'ક્ષ'ના પ્રશ્ન વિષે કહેવાનું કે ભક્તિયોગ એ કેવળ એક જ યોગ નથી; તે એવો યોગ છે અથવા તેનો એવો દાવો છે કે તે પૂર્ણયોગ છે, તેમાં સમગ્ર સ્વરૂપ પ્રભુ પ્રત્યે વળે છે; તેના ઉપરથી એવું ફલિત થાય છે કે તેના માટે જ્ઞાન તેમ જ કર્મ અને વધારામાં ભક્તિ પણ હોવાં જોઈએ અને તેની અંદર પૂર્ણતા પ્રાપ્ત કરવા માટે પ્રકૃતિનાં સમગ્ર રૂપાંતરનો સમાવેશ પણ થવો જોઈએ જેથી કરીને પ્રકૃતિએ પણ પરમાત્માની પ્રકૃતિ સાથે એકરૂપતા પ્રાપ્ત કરવી જોઈએ. ફક્ત હૃદયને જ પરમાત્મા તરફ વાળવાનું તેમ જ તેમાં જ રૂપાંતર સાધવાનું નથી, પરંતુ મનને વાળવાનું છે – એટલા માટે જ્ઞાન પણ જરૂરી છે અને કર્મ માટેનો સંકલ્પ અને શકિત તથા સર્જન પણ વળવાં જોઈએ – એટલે કર્મો પણ જરૂરી છે. આ યોગમાં બીજા યોગોની પદ્ધતિઓ સ્વીકારવામાં આવે છે — જેવી કે પુરુષ પ્રકૃતિ, પરંતુ તેનું અંતિમ લક્ષ્ય જૂદું છે. પુરુષ પ્રકૃતિમાંથી અલગ પડી જાય છે, પરંતુ તે તેનો ત્યાગ કરવા માટે નહિ, પરંતુ તેને પોતાને અને પ્રકૃતિને ઓળખવા માટે અને તે પ્રકૃતિનું રમકડું ન બને તેટલા માટે; તે પ્રકૃતિનો જ્ઞાતા, સ્વામી અને ધારક છે; પરંતુ તે પ્રમાણે બન્યા પછી અથવા તે પ્રમાણે બનવામાં પણ, વ્યકિત પોતાનું સર્વસ્વ પ્રભુને સમર્પણ કરે છે. માણસ જ્ઞાનથી અથવા ભકિતથી પૂર્ણતા પ્રાપ્ત કરવા માટે (પ્રકૃતિના રૂપાંતર માટે) આત્મશુદ્ધિની તપસ્યાથી શરૂઆત કરી શકે છે અને બાકીનું બધું એક પરિણામરૂપ ગતિ તરીકે વિકાસ કરી શકે છે. સમર્પણ એ યોગની મુખ્ય શકિત છે, પરંતુ સમર્પણ પણ પ્રગતિશીલ હોવું જોઈએ; પૂર્ણ સમર્પણ શરૂઆતમાં શકય નથી, પરંતુ તે પૂર્ણ બનવા માટે સમગ્ર સ્વરૂપનો સંકલ્પ હોવો જોઈએ – અને હકીકતમાં તેના માટે સમય લાગે છે; તેમ છતાં જ્યારે સમર્પણ સમગ્ર સંપૂર્ણ બની આવે ત્યાર પછી જ સાધનાનું પૂર્ણ પૂર (flood) શકય બને છે. ત્યાં સુધી વ્યકિતગત પ્રયત્ન જરૂરી છે અને તે પણ સમર્પણની વૃદ્ધિ પામતી વાસ્તવિકતા સાથે. માણસ મા ભગવતીની દિવ્ય શકિતને પુકાર કરે છે અને તે એક વખત સ્વરૂપમાં પ્રવેશ કરવાની શરૂઆત કરે છે ત્યારે તે વ્યકિતગત પ્રયત્નને સહાય આપે છે, પછી સમગ્ર કાર્યને પોતાના હાથમાં લઈ લે છે, તેમ છતાં સાધકની સંમતિ કાયમ જરૂરી હોય છે. જેમ જેમ દિવ્ય બલ કાર્ય કરે છે તેમ તેમ સાધકને માટે જરૂરી ભિન્ન ભિન્ન પ્રક્રિયાઓ તે

લાવે છે, જેવી કે જ્ઞાન માટેની પ્રક્રિયા, ભક્તિની, આધ્યાત્મિક કર્મની અને પ્રકૃતિના રૂપાંતર માટેની. એવો ખ્યાલ કે તેમનો સમન્વય નથી થઈ શકતો એ ભૂલભરેલો ખ્યાલ છે.

*

આ સાધનાનું લક્ષ્ય પરમાત્મા પ્રત્યે આપણી ચેતનાને ખુલ્લી કરી અને પ્રકૃતિનું રૂપાંતર સાધવાનું છે. ધ્યાન કે એકાગ્રતા આ વસ્તુ માટેનું એક સાધન છે અને નહિ કે એકમાત્ર સાધના; ભકિત બીજું છે અને કર્મ પણ બીજું છે. યોગીઓએ ચિત્તશુદ્ધિને સાક્ષાત્કાર માટેનું પ્રથમ સાધન ગણેલું અને તે લોકોને સંતનું સંતપણું અને ઋષિની સ્થિરતા પ્રાપ્ત થયેલી પરંતુ આપણે જે પ્રકૃતિના રૂપાંતરની વાત કરીએ છીએ તે તેનાથી વધારે મહાન વસ્તુ છે, અને આ રૂપાંતર કેવળ ધ્યાનથી આવતું નથી; કર્મોની જરૂર છે અને કર્મ-યોગ એ અનિવાર્ય છે.

*

સામાન્ય મનના વિકાસમાંથી આધ્યાત્મિક ચેતનાનો વિકાસ ધ્યાનદ્વારા અથવા કર્મના સમર્પણથી અથવા પરમાત્માની ભક્તિદ્વારા કોઈ પણ રીતે થઈ શકે છે. આપણા યોગમાં એક નિષ્ક્રિય શાંતિ અને નિમજ્જન જ નહિ પરંતુ એક સક્રિય આધ્યાત્મિક કર્મ કરવું અનિવાર્ય છે. અતિમાનસ સત્ય વિષેની વાત જુદી છે. તેનો આધાર પરમાત્માના અવતરણ ઉપર તેમ જ પરમ દિવ્ય શક્તિના અવતરણ ઉપર છે અને તે વસ્તુ કોઈ પદ્ધતિ અથવા નિયમથી બંધાયેલી નથી.

*

મેં કદી પ્રાચીન યોગો વિષે વાંધો ઊઠાવ્યો નથી – મને પોતાને વૈષ્ણવ ભકિતની અને બ્રહ્મમાં નિર્વાણની અનુભૂતિ થયેલી છે : તેમના ક્ષેત્રમાં રહેલા તેમના સત્યને મેં જાણ્યું છે અને તેમના પોતાના હેતુને પણ મેં જાણ્યા છે – તેમની અનુભૂતિઓનું સત્ય જ્યાં સુધી જઈ શકે ત્યાં સુધીનું – જો કે અનુભૂતિ ઉપર રચાયેલા મનોમય સત્યને સ્વીકારવા માટે હું બંધાયેલો નથી. હું તે પ્રમાણે જ જાણું છું કે મારો યોગ પણ તેના ક્ષેત્રમાં સાચો છે. પ્રાચીન યોગનો હેતુ જીવનમાંથી મુકત થઈને પરમાત્મામાં પહોંચવાનો હતો તેથી એ સ્પષ્ટ છે કે કર્મને છોડી દેવું જોઈએ. નવીન યોગનો હેતુ પરમાત્મામાં પહોંચવાનો છે અને જીવનમાં જે કાંઈ પ્રાપ્ત થઈ શકે તેને પૂર્ણ રીતે પ્રાપ્ત કરવાનું છે – તેને માટે, કર્મદ્વારા યોગ એ અનિવાર્ય છે. મને એવું લાગે છે કે તેમાં કોઈ એવી ગુહ્ય વસ્તુ નથી જેનાથી કોઈ વ્યકિત ગૂંચમાં

પડી જાય – તે તર્કસંમત છે અને અનિવાર્ય છે. તમે જ ફક્ત કહો છો કે તે અશકય છે; પરંતુ આ રીતે તો જે કોઈ વસ્તુ બની આવે તે પહેલાં કહેવામાં આવે છે જ.

હું એમ કહી શકું કે કર્મયોગ એ કોઈ નવીન વસ્તુ નથી પરંતુ ઘણો પ્રાચીન યોગ છે; ગીતા કાંઈ ગઈ કાલે લખાયેલી નથી અને કર્મયોગ તો ગીતા પહેલાં પણ હતો. તમારો ખ્યાલ કે ગીતામાં કર્મયોગ માટેનું વાજબીપણું એક અનિવાર્ય અનિષ્ટ છે એટલે એનો સારો ઉપયોગ કરી લેવો એ લગભગ ટૂંકી બુદ્ધિનો તથા ગ્રામ્ય વિચાર છે. જો એટલું જ પૂરતું હોય તો ગીતા એક નિર્બળ માણસની ઉપજાવી કાઢેલી વસ્તુ હોત અને મેં તેના ઉપર જે બે ગ્રંથો લખ્યા તે તેના માટે ભાગ્યે જ ન્યાયયુક્ત કાર્ય થયું હોત; અથવા સમગ્ર જગત તેને એક મહાન શાસ્ત્ર તરીકે વખાણે છે અને ખાસ કરીને તેમાં જે કર્મયોગનો મુખ્ય ભાગ છે તથા આધ્યાત્મિક તાલિમમાં તેણે જે યોજના મુખ્યત્વે અપનાવી છે તે નિરર્થક ગણાય. તેમાં તેનાથી પણ ઘણું વધારે છે. ગમે તેમ પણ તમારી શંકા કે કર્મ સાક્ષાત્કાર પ્રત્યે લઈ જાય કે કેમ, અને તેની શકયતા માટેનો તમારો સ્પષ્ટ અને સફાઈ કરી નાખતો ઇનકાર તેને તમે ધારી લીધેલી અશકયતા કરતાં જે લોકોએ આ વસ્તુ સિદ્ધ કરેલી છે તેમને આ વસ્તુ તમારા વિચારથી બિલકુલ વિરોધી લાગે છે. તમે કહો છો કે કર્મો ચેતનાને નિમ્ન ગતિમાં નાખે છે અને તમને આંતર - સ્વરૂપમાંથી બહાર કાઢે છે તો તેમાં હું એ રીતે સહમત છું કે જો તમે તમારી ચેતનાને બાહ્ય સપાટી ઉપર લાવીને કર્મ કરો અને નહિ કે આંતર ચેતનામાંથી તો જ તે સાચું છે. પરંતુ માણસે તો તે પ્રમાણે ન કરવાનું શીખવાનું છે. વિચાર અને લાગણી પણ માનવીને તે રીતે બહાર કાઢી નાખે છે; પરંતુ એ પ્રશ્નમાં વિચાર, લાગણી અને કર્મને દઢ રીતે આંતર ચેતનામાં રહીને બાકીની સાંકળ ચાલુ રાખીને બાકીના બધાને કરણ બનાવવાનાં છે. ઘણું મુશ્કેલ કામ છે, ખરું ને? તો ભક્તિ પણ સહેલી નથી અને નિર્વાણ તો ઘણા ખરા માણસો માટે આ સર્વ વસ્તુઓ કરતાં પણ વધારે મુશ્કેલ છે.

મને સમજાતું નથી કે તમે શા માટે માનવતાવાદ, સક્રિયતા, ભ્રાતૃભાવ, સેવા વગેરે વસ્તુઓ આમાં ખેંચી લાવો છો. આમાંની કોઈ પણ વસ્તુ મારા યોગનો ભાગ નથી અથવા મેં કર્મયોગની વ્યાખ્યા આપી છે તેમાં તેમનો સમાવેશ થતો નથી, એટલે મને તેમનો સ્પર્શ પણ થતો નથી. મેં કદી વિચાર્યું પણ નથી કે રાજકારણ કે ગરીબ માણસોને અન્ન આપવું અથવા સુંદર કાવ્યો લખવાથી સીધા વૈકુંઠમાં અથવા પરમ નિરપેક્ષમાં પહોંચી જવાય છે. જો તે પ્રમાણે હોત તો રોમેશ દત્ત એક બાજુએ અને બીજી બાજુએ બોલ્ડરે પરમોચ્ચ તત્ત્વને પ્રાપ્ત કર્યું

હોત અને આપણને પણ ત્યાં બોલાવ્યા હોત. કર્મનું પોતાનું સ્વરૂપ નહિ, તેમ જ કર્મ માટેની સક્રિયતા પણ નહિ, પરંતુ કર્મ પાછળ રહેલી ચેતના અને પ્રભુ માટેનો સંકલ્પ એ જ કર્મયોગનું સારભૂત તત્ત્વ છે; કર્મના સ્વામીની સાથે એકતા પ્રાપ્ત કરવા માટે કર્મ એક જરૂરી કરણ છે, અને અજ્ઞાનના સંકલ્પમાંથી તથા તેની શક્તિમાંથી, શુદ્ધ દિવ્ય સંકલ્પ અને પ્રકાશની શકિત પ્રત્યે ગતિ કરવાનો તે માર્ગ છે.

છેવટે એમ તમે શા માટે ધારી લો છો કે હું ધ્યાન અથવા ભકિતની વિરુદ્ધ છું? તમે પરમાત્મા પ્રત્યે અભિમુખ થવાના સાધન તરીકે તે બન્ને અથવા બેમાંથી કોઈ પણ એકને સ્વીકારો તેમાં મને રજમાત્ર પણ વિરોધ નથી. ફકત મને એવું કોઈ કારણ સમજાયું નથી કે શા માટે કોઈ પણ માણસ કર્મ માટે વિરોધ કરે, અને ગીતા કહે છે તે પ્રમાણે જે લોકોએ કર્મદ્વારા પૂર્ણ સાક્ષાત્કાર કરેલો છે તે આ સત્યનો શા માટે ઇનકાર કરે? કર્મદ્વારા પ્રકૃતિ અને પરમાત્માના એકયનો જેઓએ સાક્ષાત્કાર કરેલો છે (સંસિદ્ધિમ્ સાધર્મ્યમ્); દા.ત. જનક અને બીજાઓએ તે પ્રમાણે કરેલું છે – અને તેમ છતાં જો કોઈ માણસને કર્મનું ઊંડાણપૂર્વકનું ગુપ્ત રહસ્ય પોતાને પ્રાપ્ત થયું નથી તેથી તેણે શા માટે વિરોધ કરવો જોઈએ? – એટલા માટે મેં કર્મયોગનો બચાવ કરેલો છે.

*

હું કર્મ એટલે અહંકાર અને અજ્ઞાનમાંથી થતું કર્મ અથવા રાજસિક કામનાઓથી પોતાના અહંને સંતોષ આપે એવા કર્મ વિષે કહેવા માગતો નથી. અહં, રજસ અને કામના જેમાં અજ્ઞાનની છાપ હોય છે તેમાંથી મુકત થવાનો સંકલ્પ ન હોય એવા કર્મો કર્મયોગ હોઈ શકે નહિ.

હું ભ્રાતૃભાવ અથવા માનવસેવા અથવા બીજી કોઈ વસ્તુ – નૈતિક અથવા આદર્શવાદી – હોય અને કર્મના ઊંડાણવાળા સત્યને બદલે મન જેની સ્થાપના કરે એવો પણ કર્મ વિષેનો અર્થ લેતો નથી.

હું કર્મ એટલે એવું કાર્ય કહું છું જે પ્રભુ માટે કરવામાં આવે છે અને જે પરમાત્માની સાથે વધારે ને વધારે એકતા તરફ લઈ જાય છે–એવું કર્મ જે ફકત પ્રભુને અર્થે જ હોય અને બીજું કાંઈ પણ નહિ. એ સ્વાભાવિક છે કે શરૂઆતમાં આ પ્રમાણે કરવું સહેલું નથી, જેવી રીતે ઊંડું ધ્યાન અને પ્રકાશિત જ્ઞાન પણ સહેલાં નથી, તેમ જ સાચો પ્રેમ અને ભકિત પણ સહેલાં નથી. પરંતુ બીજી બધી

વસ્તુઓની માફક સાચી રીતે અને સાચાં વલણથી તેની શરૂઆત કરવાની છે અને તમારી અંદર સાચો સંકલ્પ પણ હોવો જોઈએ, અને બાકીનું બધું તો પછીથી આવી મળશે.

આવી ભાવનાથી શરૂ કરેલા કર્મો, ભકિત અથવા ધ્યાન જેટલાં જ અસરકારક છે. કામનાઓ, રજસ અને અહંકારમાંથી મુકત થવાથી માણસને એક નીરવતા અને વિશુદ્ધિ પ્રાપ્ત થાય છે અને તેમાંથી એક અવર્ણનીય એવી દિવ્ય શાંતિ ઉતરી આવે છે; પોતાના સંકલ્પનું, પ્રભુના સંકલ્પમાં સમર્પણ કરવાથી, અહંકાર મૃત્યુ પામે છે અને પોતાની ચેતના વિશાળ અને વૈશ્વિક ચેતના જેટલી વ્યાપક બને છે અથવા વિશ્વરૂપ ચેતના કરતાં પણ ઊર્ધ્વમાં રહેલા તત્ત્વમાં ચડી શકે છે; વ્યકિત એવી અનુભૂતિ કરે છે કે પુરુષ પ્રકૃતિથી અલગ છે અને બાહ્ય પ્રકૃતિની શૃંખલામાંથી તે મુકત થયેલો છે; વ્યકિત પોતાના આંતર સ્વરૂપ વિષે સભાન બને છે અને બાહ્ય સ્વરૂપને એક કરણ તરીકે જુએ છે; તેને એક વૈશ્વિક બલ તેના બધા કાર્યો કરી આપે છે તથા આત્મા અથવા પુરુષ તેમને સાક્ષીરૂપ બનીને જોયા કરે છે, પરંતુ તે પોતે મુકત છે એવું અનુભવે છે; તેને એવી અનુભૂતિ થાય છે કે તેની પાસેથી તેના બધા કાર્યો લઈ લેવામાં આવે છે અને તે બધાની પાછળ જગજ્જનની પરમ ભગવતી મા અથવા પરમાત્માની શકિત તે બધા ઉપર શાસન કરતી હોય છે અને તે હૃદયના પાછળના ભાગમાંથી કાર્ય કરે છે. પોતાના સર્વ સંકલ્પો અને કાર્યોનો પ્રભુને હવાલો સોંપવાથી, પ્રેમ અને ભક્તિનો વિકાસ થાય છે અને ચૈત્ય પુરુષ અગ્રભાગે આવે છે. ઊર્ધ્વમાં રહેલી શક્તિને હવાલો આપવાથી આપણને એવી અનુભૂતિ થાય છે કે ઊર્ધ્વમાં રહેલ તત્ત્વ અને તેનું અવતરણ આપણી ચેતના તથા જ્ઞાનને ખુલ્લાં કરી વિકાસ પામતું જાય છે. છેવટે કર્મ, ભક્તિ અને જ્ઞાન એક સાથે ચાલે છે અને આત્મપૂર્ણતા શકય બને છે – અને આપણે તેને પ્રકૃતિનું રૂપાંતર કહીએ છીએ.

આ બધા પરિણામો એકી સાથે આવતાં નથી; તે બધાં ધીરે ધીરે આવે છે અને સ્વરૂપની સ્થિતિ અને વૃદ્ધિ પ્રમાણે ઓછા કે વત્તા પ્રમાણમાં પૂર્ણ થતાં જાય છે. દિવ્ય સાક્ષાત્કાર માટે કોઈ રાજમાર્ગ નથી.

પૂર્ણ આધ્યાત્મિક જીવન માટે ગીતામાં આ પ્રકારનો કર્મયોગ આવે છે જેનો મેં વિકાસ કરેલો છે. તે કોઈ તર્ક કે બુદ્ધિ ઉપર આધાર રાખતો નથી પરંતુ તેનો આધાર અનુભૂતિ ઉપર છે. તે ધ્યાનને બાકાત કરતો નથી, અને ભકિતનો પણ ખરેખર ત્યાગ કરતો નથી, કારણ કે પોતાની સમગ્ર જાતનું પ્રભુને સમર્પણ

કરવું એ કર્મયોગનું સારભૂત તત્ત્વ છે, કારણ કે તે ભકિતની જ ગતિ છે, ફક્ત જીવનમાંથી નાસી છૂટવા માટે થતા કેવળ ધ્યાનને તે બાકાત કરે છે તથા એક એવી ઊર્મિમય ભકિત જે પોતાના આંતર સ્વરૂપ સમી બની રહે છે તેને જ યોગની સમગ્ર ગતિ તરીકે ગણવામાં આવે તેને પણ બાકાત કરવામાં આવે છે. માણસને એવા કેટલાક શુદ્ધ નિમજ્જન કરતા ધ્યાનના અમુક કલાકો હોઈ શકે અથવા કેટલીક આંતર નિર્મળ ગતિહીન ભકિત અને પરમાનંદ હોઈ શકે પરંતુ તે પૂર્ણયોગ માટે સમગ્ર વસ્તુ સંપૂર્ણ નથી.

*

મેં ભકિત ઉપર કોઈ પણ પ્રકારનો નિષેધ મૂકેલો નથી, તેમ જ મને એવી પણ ખબર નથી કે મેં કોઈ જગાએ ધ્યાનને પણ દેશવટો આપ્યો હોય. મેં મારા યોગમાં ભકિત અને જ્ઞાન ઉપર પણ ભાર મૂકેલો છે તેમ જ કર્મ ઉપર પણ, જો કે મેં શંકર અથવા ચૈતન્ય માફક માત્ર તેમાનાં કેવળ એકને જ અગત્ય આપેલી નથી.

તમને અથવા કોઈ પણ સાધકને સાધનામાં જે મુશ્કેલી આવે છે તે ધ્યાન વિરુદ્ધ ભકિત અથવા તેની વિરુદ્ધ કર્મની નથી. તેમાં જે વલણ લેવાનું છે તે વિષે મુશ્કેલી છે, અથવા તેના અભિગમ વિષે અથવા તમે તેને જે કાંઈ કહો તેમાં છે.

જો તમે પરમાત્માને કાયમ કાર્ય કરતી વખતે સતત યાદ રાખી શકતા હો તો તેમાં કોઈ બહુ મોટી વસ્તુ નથી. હાલ પૂરતું તો કાર્યની શરૂઆતમાં સમર્પણ અને ત્યાર પછી કાર્ય પૂરું થાય ત્યારે પરમાત્માનો આભાર માનવો એટલું પૂરતું છે અથવા તો વધારેમાં વધારે વચ્ચે ફુરસદ મળે ત્યારે પણ યાદ કરી શકાય. તમારી પદ્ધતિ મને જરા દુઃખદ અને મુશ્કેલ લાગે છે – તમે પ્રભુને યાદ કરવાના પ્રયત્નમાં તથા કાર્ય કરવામાં મનના એકના એક જ ભાગનો ઉપયોગ કરતા હો એવું લાગે છે. મને ખબર નથી કે તે શકય છે કે કેમ. સમગ્ર કાર્ય દરમિયાન લોકો પ્રભુને યાદ કરતા હોય, (તે કરી શકાય છે) ત્યારે તે તેમના મનનો પાછલો ભાગ હોય છે અથવા તો મનમાં બે શકિતઓ કેળવવામાં આવે છે અથવા બેવડી ચેતના રાખી શકાય છે – એક ચેતના અગ્રભાગે રહે છે જે કાર્ય કરે છે, અને એક અંદર રહેલી છે જે સાક્ષીભૂત રહીને પરમાત્માનું સ્મરણ કરે છે. મારા માટે એક બીજી રીત હતી જે ઘણા લાંબાં સમય સુધી રહેલી – એક એવી સ્થિતિ જેમાં કાર્ય સ્વાભાવિક રીતે જ બન્યા કરે, અને તેમાં અંગત વિચારો અથવા મનનું કાર્ય દખલ ન કરે, અને તે સમયે ચેતના પરમાત્મામાં નીરવ રીતે પડી રહે. આ વસ્તુ પ્રયત્ન કરવાથી આવતી નથી પરંતુ એક સીધી અભીપ્સા અને નિવેદનથી આવે છે – અથવા બીજી રીતે ચેતનાની એક એવી ગતિ હોય છે જે કરણરૂપ સ્વરૂપમાંથી

આંતર - ચેતનાને મુક્ત રાખે છે. અભીપ્સા તથા નિવેદન કરવાનો સંકલ્પ એક ઉચ્ચતર શક્તિને નીચે ઉતરીને કાર્યને હાથમાં લેવા માટે પુકાર કરી એ પદ્ધતિ ઘણા મહાન પરિણામો લાવે છે. જો કે કેટલાક માટે તે ઘણો સમય લે છે. સાધનાનું આ એક મહાન રહસ્ય છે, કઈ રીતે આપણી પાછળ અથવા ઊર્ધ્વમાં રહેલી શક્તિને બોલાવીને વસ્તુઓ કેમ કરવી, પરંતુ કેવળ મનના પ્રયત્નથી જ નહિ. હું એમ કહેવા માગતો નથી કે મનનો પ્રયત્ન બિનજરૂરી છે અને તેનું કોઈ પરિણામ આવતું નથી – ફક્ત તે પોતાની જાતે જ દરેક વસ્તુ કરવાનો પ્રયત્ન કરે તો તે બધાને માટે, સિવાય આધ્યાત્મિક કુસ્તીબાજો માટે, મજૂરીનો પ્રયત્ન બને છે. તેમ હું એમ પણ કહેવા માગતો નથી કે બીજી પદ્ધતિ એ ટૂંકી અને બિલકુલ સરળ છે. મેં કહ્યું છે તે પ્રમાણે પરિણામ આવતા પહેલાં ઘણો લાંબો સમય પણ જાય. ધીરજ અને મક્કમ નિર્ણય સાધનાની દરેક પદ્ધતિમાં જરૂરી છે.

મજબુત માણસો માટે સામર્થ્ય બરાબર છે – પરંતુ અભીપ્સા અને પ્રભુ કૃપા પ્રત્યુત્તર આપે છે, એ કોઈ કલ્પિત વાર્તા નથી; તે આધ્યાત્મિક જીવનમાં મહાન સત્યો છે.

*

રૂપાંતરમાં બાહ્ય ચેતનાનો પણ સમાવેશ કરવો એ આ યોગમાં ઘણી અગત્યની બાબત છે — ધ્યાન તે કરી શકતું નથી. ધ્યાન ફક્ત આંતર સ્વરૂપ સાથે જ વ્યવહાર કરી શકે છે એટલે કર્મની ખાસ અગત્ય છે — ફક્ત તે સાચા વલણથી અને સાચી ચેતનામાંથી થવાં જોઈએ. ત્યાર પછી ધ્યાન જેટલું ફલદાયી છે એટલું જ ફલસ્વરૂપ કર્મ પણ છે.

*

કર્મને ચાલુ રાખવું તે આંતર – અનુભૂતિ અને બાહ્ય વિકાસ વચ્ચે સમતુલા જાળવી રાખે છે; નહિ તો પછી એકાંગિતા અને પ્રમાણની તથા સમતુલાની ખાત્રી વધે છે. ઉપરાંત પ્રભુ માટે કર્મ કરવાની સાધના ચાલુ રાખવી એ જરૂરી છે, કારણ કે અંતમાં તે સાધકની આંતર–પ્રગતિને બાહ્ય પ્રકૃતિમાં અને જીવનમાં બહાર લાવે છે અને સાધના સંપૂર્ણ કરવામાં સહાયરૂપ બને છે.

*

સાધનામાં એવી કોઈ અવસ્થા આવતી નથી જેમાં કર્મો અશક્ય બને છે. આ યોગમાર્ગમાં એવો કોઈ રસ્તો નથી જ્યાં કોઈ વિસામો ન હોય, અને પ્રભુ પ્રત્યે એકાગ્રતાની સાથે કર્મોને છોડી દેવા જ પડે કારણ કે તેઓ તેની સાથે

3.

સુમેળમાં નથી હોતાં; આ વિસામો એક પ્રભુનો આધાર હોય છે, સ્વરૂપનું ખુલ્લાપણું હોય છે, સંકલ્પ અને શકિતઓને પ્રભુની અભિમુખ કરવાની હોય છે અને પ્રભુને સમર્પણ કરવાનું હોય છે. અહીં કે તહીં કોઈ વ્યકિત માટે એ જરૂરી પણ હોય કે થોડા સમય માટે કર્મને છોડી દઈને અથવા મુલતવી રાખીને ધ્યાનમાં મગ્ન થવાની જરૂરિયાત હોય, પરંતુ તે તો વ્યકિતગત પ્રસંગ હોય છે, એક કામચલાઉ નિવૃત્તિ હોઈ શકે. બીજું કર્મને સંપૂર્ણ રીતે છોડી દેવું અને સમગ્ર રીતે પોતાની જાતમાં પોતે નિમગ્ન થવું એ ભાગ્યે જ સલાહ આપવા યોગ્ય લાગે છે; અતિશય એકાંગિતાવાળા માણસને માટે તે ઉત્સાહપ્રેરક હોઈ શકે અને પોતાના દર્શનની પરિસ્થિતિના જેમાં વ્યકિત એક સંપૂર્ણ સ્વલક્ષી અનુભૂતિઓના જગતની મધ્યમાં વિહરતો હોય, અને પોતાની સ્વલક્ષી અનુભૂતિનો સાચો ઉપયોગ કર્યા સિવાય ઉચ્ચતમ વાસ્તવિકતા અને જીવનના બાહ્ય સાક્ષાત્કાર વચ્ચેની એક મક્કમ સાંકળનું સર્જન ન કરી શકે.

કર્મો બે પ્રકારનાં હોઈ શકે – જે સાધના માટે ઉપયોગમાં લેવામાં આવે છે તેવા કર્મો, તે સ્વરૂપ અને તેની ક્રિયાઓના રૂપાંતર અને ક્રમિક પ્રગતિશીલ સમતુલા માટે કરવામાં આવતાં હોય છે, અને એવું કર્મ જે પરમાત્માની અભિવ્યકિત માટેનો સાક્ષાત્કાર હોય. પરંતુ બીજી વસ્તુ તો ત્યારે જ બની શકે જયારે સાક્ષાત્કારને સંપૂર્ણ રીતે પાર્થિવ ચેતનામાં નીચે ઉતારી લાવી શકાય; ત્યાં સુધી તો બધા કર્મો એક પ્રયત્ન માટેનું ક્ષેત્ર હોવાં જોઈએ અને તેમને અનુભૂતિની શાળા તરીકે ગણી શકીએ.

*

કર્મ પોતે એક ફકત તૈયારીરૂપ હોય છે, અને તે પ્રમાણે જ ધ્યાન પણ પોતાને માટે એક તૈયારીરૂપ હોય છે. પરંતુ વૃદ્ધિ પામતી યૌગિક ચેતનામાં કરેલું કર્મ એ સાક્ષાત્કાર માટેનું એક સાધન છે જે રીતે ધ્યાન પણ એક સાધન છે ... મેં એવું નથી કહ્યું કે **ફક્ત** કર્મ જ તૈયારી કરાવે છે. ધ્યાન પણ સીધો સંપર્ક સાધવા માણસને તૈયાર કરે છે. જો આપણે કર્મને ફકત એક તૈયારીરૂપે કરીએ અને પછી અચંચલ ધ્યાન ધરનારા તપસ્વીઓ બની જઈએ; તો પછી મારું બધું જ આધ્યાત્મિક શિક્ષણ જૂઠું છે અને અતિમાનસનો સાક્ષાત્કાર અથવા બીજી કોઈ પણ વસ્તુ જે ભૂતકાળમાં સિદ્ધ નથી બની તેને સિદ્ધ કરવા માટે કોઈ ઉપયોગ રહેતો નથી.

આ પ્રકારના વલણમાં જે અજ્ઞાન રહેલું છે તેમાં એમ ધારી લેવામાં આવ્યું છે કે માણસે યા તો કેવળ કર્મ અથવા કેવળ ધ્યાન જ કરવું જોઈએ. કર્મ એક સાધન છે અથવા ધ્યાન એક સાધન છે, પરંતુ બન્ને સાથે થઈ શકે જ નહિ!

હું જાણું છું ત્યાં સુધી મેં કદી એમ કહ્યું નથી કે ધ્યાન ન કરવું જોઈએ. કર્મ અને ધ્યાન વચ્ચે એક ખુલ્લી હરીફાઈ અથવા ગુપ્ત હરીફાઈ છે તે વિભાજન કરતાં મનની એક યુકિત છે અને તે પ્રાચીન યોગની વસ્તુ છે. ખાસ યાદ કરો કે મેં કાયમ એવા પૂર્ણ યોગની જાહેરાત કરી છે જેમાં જ્ઞાન, ભકિત, કર્મ – ચેતનાનો પ્રકાશ, આનંદ અને પ્રેમ, કાર્યોમાં સંકલ્પ અને શકિત – ધ્યાન, ભકિત અને પ્રભુની સેવા સર્વનું આ યોગમાં સ્થાન છે. કર્મયોગ કરતાં ધ્યાનયોગ મહાન નથી અથવા જ્ઞાનયોગ કરતાં કર્મયોગ મહાન નથી – બન્ને સરખાં જ છે.

બીજી વસ્તુ — પોતાની મર્યાદિત અનુભૂતિમાંથી દલીલ કરવી અને બીજાના અનુભવોની ઉપેક્ષા કરવી અને પોતાની અનુભૂતિ ઉપરથી યોગ વિષેના મહાન સિદ્ધાંતો બાંધવા એ ભૂલ છે. આ પ્રમાણે ઘણા કરે છે, પરંતુ આ પદ્ધતિમાં ઘણા દોષો રહેલાં છે. તમને પોતાને કર્મો મારફતે થતાં સાક્ષાત્કારોનો અનુભવ નથી અને તમે એવું તારણ કાઢો છો કે આ પ્રકારના સાક્ષાત્કારો અશકય છે. પરંતુ બીજા બધાઓને આ સાક્ષાત્કારો થયેલા છે તેનું શું – બીજી જગાએ અને અહીં આશ્રમમાં રહેલા સાધકોને પણ થયેલા છે, તેમનું શું ?

તે છતાં તમે એવી ફલશ્રુતિ ન કાઢશો કે હું કર્મને સાક્ષાત્કાર માટેના કેવળ એક જ સાધન તરીકે મહત્તા આપુ છું. હું તેની જે યોગ્ય જગા છે તે વિષેનો મારો અભિપ્રાય આપું છું.

*

તમે ભૂલી જાઓ છો કે માણસોની પ્રકૃતિ ભિન્ન ભિન્ન હોય છે, અને તેથી દરેકનો સાધનામાં પોતાનો આગવો અભિગમ હોય છે – કોઈ કર્મ મારફત, કોઈ ભકિત મારફત, કોઈ ધ્યાન અને જ્ઞાન મારફત સાધના કરે છે — અને જે લોકોમાં શકિત હોય છે તેઓ આ બધા મારફતે કરે છે. તમે તમારા માર્ગને અનુસરો છો તેમાં સંપૂર્ણ સાચા છો, અને બીજાના સિદ્ધાંતો ગમે તે હોય – પરંતુ તે બધાને તેમને માર્ગે જવા દો. અંતમાં બધાં જ એક જ લક્ષ્ય તરફ એકઠાં થાય છે.

*

તમને પહેલાં જે તમારા મનોમય સ્વરૂપમાં અને ચેતનામાં અનુભૂતિ થતી હતી તેને બદલે તમે અહીં આવ્યા પછી તમારી બાહ્ય અને શારીરિક ચેતનામાં આવી ગયા છો, અને તેથી તમને લાગે છે કે જાણે તમારામાં જે પહેલાં હતું તે ચાલી ગયું છે. પરંતુ તે વસ્તુ ફકત તમોગ્રસ્ત ભૌતિક ચેતનાથી ઢંકાઈ ગઈ છે અને ચાલી ગઈ નથી.

હું ધારું છું કે તમે સાધનાને અમુક પ્રકારની એકાગ્રતા વગેરે માટેની કસરત સમજો છો. પરંતુ કર્મ પણ જો યોગ્ય વલણ અને સાચી ચેતનાથી કરવામાં આવે તો તે સાધના જ છે.

આંતરિક - એકાગ્રતાની સાધનામાં નીચેની વસ્તુઓ આવે છે.

(૧) હૃદયમાં ચેતનાને એકાગ્ર કરવી અને દિવ્ય ભગવતી મા વિષેનો કોઈ પણ વિચાર, પ્રતિમા અથવા નામ, જે કાંઈ સરળતાથી થઈ શકે તેના ઉપર એકાગ્રતા કરવી.

(૨) હૃદયમાં કરેલી એકાગ્રતાદ્વારા એક ક્રમિક અને પ્રગતિકારક મનની નીરવતા પ્રાપ્ત કરવી.

(૩) માતાજીની હાજરીને હૃદયમાં રાખવાની અભીપ્સા અને તેના દ્વારા મન, જીવન અને કાર્યમાં કાબુ પ્રાપ્ત કરવો.

પરંતુ મનને નીરવ બનાવવા માટે અને આધ્યાત્મિક અનુભૂતિ પ્રાપ્ત કરવા માટે પ્રકૃતિની તૈયારી તથા વિશુદ્ધિ એ પ્રથમ જરૂરી વસ્તુ છે. આ વસ્તુ કરવા માટે ઘણા વર્ષો લાગે છે. સાચા વલણથી કર્મ કરાય તે તેના માટે સૌથી સહેલી રીત છે – એટલે કે કામના અથવા અહંકાર વગર કર્મ કરવાં – જ્યારે તેમાં ઈચ્છાઓ, હક અથવા અહંકાર આવે ત્યારે તેમનો ઇનકાર કરવો, અને કર્મો દિવ્ય ભગવતી માને અર્પણ રૂપે કરવાં, અને તેમનું સ્મરણ કરી તેમના બલનો આવિર્ભાવ કરીને તે કર્મો તેમના હાથમાં લઈ લે એવી પ્રાર્થના કરવી તેથી કેવળ આંતરિક શાંતિમાં જ નહિ પરંતુ કાર્યો કરતી વખતે ત્યાં પણ તેમની હાજરી અને કાર્યને તમે અનુભવી શકો.

*

પ્રાર્થના અને ધ્યાનની યોગમાં ઘણી મોટી અગત્ય ગણાય છે. પરંતુ પ્રાર્થના હૃદયમાંથી ઉદ્‌ભવવી જોઈએ અને એક ઉત્કટ ઊર્મિના શિખર ઉપરથી અથવા તીવ્ર અભીપ્સામાંથી ઉત્પન્ન થવી જોઈએ. જપ અથવા ધ્યાન એક ધસમસતા જીવંત પુરમાં આવે છે પરંતુ તેની અંદર આનંદ અથવા પ્રકાશ હોવાં જોઈએ. જો તે યાંત્રિક રીતે કરવામાં આવે અને એક સખત ફરજ તરીકે કરવામાં આવે તો તેમાં રસનો અભાવ અને શુષ્કતા દાખલ થાય છે અને તેથી બિનઅસરકારક બને છે ... તમે જે જપ કરતા હતા તે કોઈ ફલ પ્રાપ્ત કરવા માટે કરતા હતા અને એક પ્રક્રિયા તરીકે જે વસ્તુને પૂર્ણ કરે તેથી કરતા હતા. એટલે મારી ઈચ્છા માનસશાસ્ત્રીય રીતે તમારી અંદર ચૈત્ય પુરુષનો તથા મનોમય વિકાસ થાય એવી હતી; કારણ કે જ્યારે

ચૈત્ય પુરુષ અગ્રભાગે હોય છે ત્યારે પ્રાર્થના, અભીપ્સા અને શોધમાં જીવન અને આનંદની ખાત્રી હોતી નથી તથા ભક્તિના સતત પ્રવાહમાં કોઈ મુશ્કેલી રહેતી નથી અને જ્યારે મન નીરવ બને છે અને તે અંદરની બાજુએ અથવા બાહ્યમાં વળે તો પણ ધ્યાનની અંદર રસની ક્ષતિ અથવા મુશ્કેલી અનુભવાતી નથી. ધ્યાન એક એવી પ્રક્રિયા છે જે જ્ઞાન તરફ અને જ્ઞાન મારફતે થતી હોય છે. તે મસ્તક (મન) ની વસ્તુ છે અને નહિ કે હૃદયની, તેથી જો તમારે **ધ્યાનની** જરૂર હોય તો તમારે જ્ઞાન માટે ઘૃણા ન રાખવી જોઈએ. હૃદયમાં કરેલી એકાગ્રતા એ ધ્યાન નથી, તે પ્રભુને માટેનો, પ્રિયતમ માટેનો પુકાર છે. આ કેવળ જ્ઞાનનો જ યોગ નથી. જ્ઞાન એક સાધનોમાંનું સાધન છે, પરંતુ તેનો પાયો આત્માર્પણ, સમર્પણ અને ભક્તિ છે. તેનો પાયો હૃદયમાં રહેલો છે અને પાયા વગર બીજું કાંઈ પણ શકય બની શકે નહિ. એવા અહીં પુષ્કળ માણસો છે જેઓ જપ કરે છે અથવા જેમણે જપ કરેલા છે અને પોતાની જાતને ભક્તિનો પાયો બનાવેલો છે, પરંતુ અહીં પ્રમાણમાં ઘણા ઓછા માણસો એવા છે જેમણે મસ્તકનું ધ્યાન કરેલું હોય; પ્રેમ અને ભક્તિ તથા કર્મો સામાન્યતયા પાયો હોય છે; કેટલા માણસો ફક્ત જ્ઞાન દ્વારા જ આગળ ચાલી શકે? ફક્ત વિરલ મનુષ્યો જ.

*

તમારી ચૈતસિક ગતિ માટે તથા તમારા અહંકારને શોધીને દૂર કરવા માટે તમે જે પ્રગતિ કરી તેને વિષે મેં પૂર્ણ ગંભીરતાથી વાત કરી છે. મેં તમારા તે માર્ગને સમર્થ મંજૂરી આપી છે તે વિષે તમને લખ્યું પણ હતું. આપણા યોગના માર્ગમાં ભક્તિ અને સમર્પણ રહેલાં છે – કારણ કે એક સતત અને શુદ્ધ ભક્તિ જ ચૈતસિક ગતિ લાવી શકે છે અને તેના વડે જ અહંકાર દૂર થાય છે અને ત્યારે જ સમર્પણ શકય બને છે. બન્ને વસ્તુઓ ખરેખર એક સાથે જ બને છે.

બીજો માર્ગ જ્ઞાન માર્ગ છે. તેમાં મનમાં એકાગ્રતા કરવાથી ઉપરથી એક ખુલ્લાપણું થાય છે, મનમાં સ્થિરતા અથવા નીરવતા આવે છે અને શાંતિ વગેરેનું તથા ઉચ્ચતર ચેતનાનું જ્યાં સુધી અવતરણ થઈને બધી વસ્તુઓ સ્વરૂપને વીંટળાઈ ન જાય ત્યાં સુધી નીચે ઉતરે છે અને તે શરીરને ભરી દે છે અને બીજી બધી ગતિઓને હાથ ઉપર લેવાની શરૂઆત કરે છે. પરંતુ આ માર્ગ માટે શાંતિ અને સામાન્ય ક્રિયાઓને શૂન્યતામાંથી પસાર થવું પડે છે – તે ક્રિયાઓને ફેંકી દેવામાં આવે છે અને એક શુદ્ધ બાહ્ય સપાટીના કાર્ય તરીકે કરવામાં આવે છે – અને તમને શાંતિ અને ખાલીપણા પ્રત્યે તીવ્ર અણગમો છે.

એક ત્રીજો માર્ગ છે. જે બીજા બે માર્ગો યોગ માટેના છે તેમાંનો એક કર્મયોગનો માર્ગ છે. તેમાં પ્રકૃતિમાંથી પુરુષને છુટો પાડવાનો છે. એક બાહ્ય સક્રિય સ્વરૂપમાંથી આંતર-સ્વરૂપને અલગ કરવાનો, જેથી કરીને માણસમાં બે ચેતનાઓ રહે છે અથવા દ્વિવિધ ચેતના રહે છે. એક ચેતના પાછળમાં રહીને સાક્ષીરૂપ રહીને નિરીક્ષણ કરે છે અને જે અગ્રભાગે સક્રિય ચેતના રહેલી છે તેમાં રૂપાંતર કરે છે. પરંતુ આ અર્થમાં પણ એક આંતર સ્થિરતા અને નીરવતામાં રહીને ક્રિયાઓની સાથે એક પ્રકારનું વલણ રાખવાનું હોય છે, જાણે કે તે બધી બાહ્ય સપાટી ઉપર બનતી હોય. બીજો માર્ગ કર્મ યોગની શરૂઆત કરવા માટે એવો છે કે તે કર્મો પ્રભુ પ્રિત્યર્થે કરવા, ભગવતી મા માટે અને નહિ કે પોતાની જાત માટે. અને તે કર્મોનું નિવેદન અને સમર્પણ કર્યા કરવું આ રીતે એક દિવ્ય શકિત આપણી ક્રિયાઓને પોતાના હાથમાં લઈ લે છે અને આપણે માટે તે કર્મો કરી આપે છે.

મારા યોગનું કોઈ ગુપ્ત રહસ્ય અથવા ચાવી હોય, જે તમે કહો છો કે તમને પ્રાપ્ત થયેલ નથી, તે આ પદ્ધતિઓમાં છે. અને વાસ્તવિકતામાં એવી કોઈ ગુહ્ય કે અશકય કે નવીન વસ્તુ તેમના પોતાનામાં નથી. તે એક પછીની અવસ્થામાં એક આગળ ઉપરનો વિકાસ છે અને આ યોગના લક્ષ્યો નવીન છે. પરંતુ તેના માટે પોતાની પહેલી અવસ્થા અથવા પરિસ્થિતિમાં ચિંતા કરવા જેવું નથી સિવાય કે કોઈ વ્યકિતની એવી ઈચ્છા હોય કે તે વસ્તુ કેવળ મનોમય જ્ઞાનની વસ્તુ તરીકે સ્વીકારવી.

*

ધ્યાન પરમાત્મા પ્રત્યે જવાનું એક સાધન છે અને મહાન માર્ગ છે પરંતુ તમે તેને ટૂંકો માર્ગ કહી શકો નહિ – ઘણા માણસો માટે એ એક લાંબો અને ઘણો મુશ્કેલ માર્ગ છે અને ઘણા ઊંચા ચઢાણવાળો છે. તે કદી ટૂંકો ન બની શકે સિવાય કે તે અવતરણ લાવે; અને તેમ છતાં એ એક ઝડપી પાયો બને છે; ત્યાર પછી ધ્યાનને મહેનતથી તે પાયા ઉપર એક મહેલ બાંધવાનો હોય છે. તે એક અનિવાર્ય વસ્તુ છે પરંતુ તેમાં કોઈ ટૂંકી વસ્તુ નથી.

કર્મ માર્ગ એ ઘણો સરળ માર્ગ છે સિવાય કે વ્યકિતનું મન પ્રભુને બાકાત કરીને કર્મને વળગી ન રહે. આપણું લક્ષ્ય પરમાત્મા હોવાં જોઈએ અને કર્મ તો ફકત એક સાધન છે. કાવ્ય વગેરે વસ્તુઓનો ઉપયોગ પોતાના આંતર – સ્વરૂપની સાથે સંપર્કમાં રહેવા માટેનો છે અને તે વસ્તુ અંતરતમ વસ્તુ સાથે વ્યકિતને

સીધા સંપર્કમાં રાખે છે, પરંતુ માણસે ત્યાં અટકી જવાનું નથી; તેણે સાચી વસ્તુ તરફ જવાનું છે. જો કોઈ વ્યકિત સાહિત્ય વિશારદ માણસ બનવા અથવા કવિ અથવા ચિત્રકાર બનવા માગતી હોય અને તે વસ્તુઓ પોતાના માટે જ કરવાની ઈચ્છા રાખે તો તે યૌગિક ભાવ નથી. એટલા માટે મારે કેટલીક વખત કહેવું પડે છે કે આપણો ધંધો યોગીઓ બનવાનો છે કેવળ ચિત્રકારો, કવિઓ વગેરે નહિ.

પરમાત્મા પ્રત્યે જવાના ટૂંકા માર્ગો ફકત પ્રેમ, ભકિત, સમર્પણ અને ચૈત્ય પુરુષનું ઉદ્‌ઘાટન છે – અથવા તે વસ્તુઓ જ ટૂંકો માર્ગ છે અથવા બની શકે છે, કારણ કે પ્રેમ અને ભકિત અતિશય પ્રાણિક હોય તો એક ઉત્કટ આનંદની અપેક્ષા અને વિરહ, અભિમાન, નિરાશા વગેરેનું સમતુલન કરનાર રમતનું પાટિયું ન બને. આ વસ્તુ ટૂંકો માર્ગ નહિ, પરંતુ લાંબો અને અટપટો ગૂંચવણભર્યો માર્ગ બની રહે – સીધું ઊડ્ડ્યન નહિ – પોતાના અહંકારનો એક ચક્રાકાર વંટોળિયો બને અને નહિ કે પરમાત્મા તરફની દોડ.

*

મેં કાયમ એ પ્રમાણે કહેલું છે કે જે કાર્ય સાધનારૂપે કરેલું હોય – કરેલું એટલે પરમાત્મામાંથી નીકળતા શકિતના પ્રવાહરૂપે કરેલું અને પરમાત્માને એક અર્પણ રૂપે કરેલું હોય અથવા પ્રભુ માટે કરેલું કર્મ હોય, અથવા એક ભકિતની ભાવનારૂપે કરેલું હોય એવું કાર્ય સાધનાનું શકિતશાળી સાધન હોય છે અને આ યોગમાં તેવું કર્મ જરૂરી છે. કર્મ, ભકિત અને ધ્યાન એ યોગના ત્રણ ટેકાઓ છે. માણસો તે ત્રણે સાથે અથવા બે સાથે અથવા એકથી પણ યોગ કરી શકે છે. કેટલાક એવા માણસો હોય છે જેઓ અમુક નિશ્ચિત કરેલી પદ્ધતિ જેને ધ્યાન કહે છે તે પ્રમાણે ધ્યાન ન કરી શકે, પરંતુ તેઓ કર્મદ્વારા અથવા ભકિતદ્વારા અથવા તે બન્નેદ્વારા પ્રગતિ કરી શકે, કર્મ અને ભકિતદ્વારા વ્યકિત એવી ચેતનાનો વિકાસ કરી શકે જેમાં છેવટે સ્વાભાવિક રીતે જ ધ્યાન અને સાક્ષાત્કાર શકય બને છે.

'ક્ષ' ના ખ્યાલ પ્રમાણે સાહિત્યની શોધમાં રહેલી કોઈ ગુહ્ય આંતરિક શકિત વડે વ્યકિત સદ્‌ગુણી અને સંયમી બની શકે છે તેનાથી આ બધું તદ્દન જૂદું છે. જો તેણે મને કર્મ અને સાધના વિષે પ્રશ્ન પૂછયો હોત તો મેં તેને જુદો જ જવાબ આપ્યો હોત. અલબત્ત સાહિત્ય અને કલા આંતર – સ્વરૂપનો પ્રથમ પરિચય કરાવે છે અથવા કરાવી શકે છે – આંતર મન અને આંતર પ્રાણ સાથે પરિચય થાય છે કારણ કે તે વસ્તુઓનું તે ઉદ્‌ગમ સ્થાન છે. અને જો કોઈ માણસ ભકિત વિષેના કાવ્યો લખે, પરમાત્માની શોધ વિષેના વગેરે, અથવા

તે પ્રકારના સંગીતનું સર્જન કરે છે તો તેનો અર્થ કે તેની અંદર એક ભકત અથવા શોધક છે અને તે આત્મ – અભિવ્યકિત માટે તેને ટેકો આપે છે. પરંતુ ક્ષ એ તેનો પ્રશ્ન તેવા દૃષ્ટિબિંદુથી રજૂ નહિ કરેલો અને મેં પણ તે દૃષ્ટિબિંદુથી તેને પ્રત્યુત્તર આપેલો નહિ. ખાસ પ્રકારના ચારિત્ર્ય ઘડતર માટેનો અથવા સદ્ગુણ વિષેનો તે પ્રશ્ન હતો, જેનો યશ તે સાહિત્યને આપતો હોય એમ લાગતું હતું.

*

કોણ અથવા કયા વર્ગના માણસો પ્રથમ અથવા છેવટે લક્ષ્ય તરફ પહોંચશે એ વિષે પૃચ્છા કરવી એ બિલકુલ બિનફાયદાકારક છે. આધ્યાત્મિક માર્ગ કોઈ હરીફાઈનું મેદાન નથી અથવા કોઈ દોડ નથી કે આ વસ્તુનો તેની સાથે સંબંધ હોય. અગત્યની વસ્તુ છે વ્યકિતની પોતાની પ્રભુ પ્રત્યેની અભીપ્સા, પોતાની શ્રદ્ધા, સમર્પણ, નિઃસ્વાર્થ આત્માર્પણ. બીજાઓને પરમાત્મા ઉપર છોડી દેવા અને પ્રભુ તેમને તેમની પ્રકૃતિ પ્રમાણે દોરશે. ધ્યાન, કર્મ, ભકિત દરેક પોતાની ચરિતાર્થતા તરફની તૈયારી માટે સહાયરૂપ એક સાધન છે. જો કોઈ પોતાનું સમર્પણ કર્મદ્વારા કરે, તો આત્માર્પણ માટેનું તે એક શકિતશાળી સાધન છે, અને તે પોતે જ સાધનાનું સૌથી શકિતશાળી અને અનિવાર્ય મૂળભૂત તત્ત્વ છે.

માર્ગને વળગી રહેવું એટલે તેને છોડયા સિવાય અથવા આડમાર્ગે ગયા સિવાય તેનું અનુસરણ કરવું. તે સમગ્ર સ્વરૂપના એકે એક ભાગનું આત્માર્પણ કરવાનો માર્ગ છે; ચિંતક મન અને હૃદયનું સમર્પણ, સંકલ્પ અને કર્મોનું, આંતર તેમ જ બાહ્ય કરણોનું સમર્પણ છે જેથી કરીને વ્યકિત પ્રભુની અનુભૂતિ કરે, આંતર સ્વરૂપમાં પ્રભુની સન્નિધિ અનુભવે અને ચૈતસિક અને આધ્યાત્મિક રૂપાંતરનો માર્ગ લે. જેમ જેમ વ્યકિત સમગ્ર રીતે પોતાનું સમર્પણ કરે તેમ તેમ તેની સાધના વધારે સારી બનતી જાય. પરંતુ બધા જ એક સરખી રીતે તે પ્રમાણે અથવા એક સરખી ઝડપે તે કરી શકે નહિ – વ્યકિત કઈ રીતે શ્રદ્ધાપૂર્વક પોતાની જાત વિષે કરે છે એ અગત્યની વસ્તુ છે.

*

એમ કહેવું કે વ્યકિત ફકત કર્મદ્વારા સાધનાના પ્રવાહમાં દાખલ થાય છે એ વધારે પડતું છે. વ્યકિત ધ્યાનદ્વારા અથવા ભકિત મારફતે પણ તેમ કરી શકે છે પરંતુ પૂર્ણ પ્રવાહમાં પહોંચવા માટે કર્મ જરૂરી છે અને તેમાં તે એકતરફી

ઘસડાઈ જતો નથી અથવા ત્યાં ચક્રાકારમાં ઘૂમતો નથી. અલબત્ત, જો કર્મો સાચી ભાવનાથી કરવામાં આવે તો બધા જ કર્મો સહાયરૂપ છે.

*

કેટલાક એવા સાધકો છે જેઓએ કેવળ કર્મોદ્વારા જ ઘણી આગળ પ્રગતિ કરી હોય છે, એવા કર્મો જે માતાજીને અર્પણ કરેલા હોય અથવા એવા કર્મોદ્વારા જેમાં ધ્યાન માટે ઘણો ઓછો સમય આપેલો હોય. બીજા કેટલાક સાધકોએ મુખ્યત્વે ધ્યાનદ્વારા આગળ પ્રગતિ કરી હોય અને સાથે સાથે કર્મોદ્વારા પણ. જેઓએ કેવળ ધ્યાનદ્વારા જ પ્રગતિ કરવા પ્રયત્ન કર્યો હોય છે અને કર્મોથી જેઓ અધીરા બની ગયા હોય (કારણ કે તેઓ માતાજીને કર્મ અર્પણ કરી શકયા નથી) તેઓ સામાન્યતયા નિષ્ફળ ગયા છે, જેવા કે ક્ષ અને ય. પરંતુ એકાદ બે વ્યકિતઓ કેવળ ધ્યાનથી પણ સફળ થાય છે, જો તે વસ્તુ તેમની પ્રકૃતિની અંદર હોય અને તેમનામાં તીવ્ર અને અડગ શ્રદ્ધા તથા ભકિત હોય. દરેક વસ્તુ સાધકની પ્રકૃતિ ઉપર આધાર રાખે છે.

હું માનતો નથી કે **પુરાતન મનુઓમાં** કર્મ કરનારાઓનું બાહ્ય સ્વરૂપ બીજાઓ કરતાં ઓછું પરિવર્તન પામ્યું હોય. કેટલાક માણસો એવા છે જેઓ જ્યાં હતા ત્યાંના ત્યાં જ છે અને ફકત નહિવત્ પ્રગતિ કરેલી છે, બીજા કેટલાકે ઘણી પ્રગતિ કરેલી છે – કોઈ પણ સંપૂર્ણ રૂપાંતર પામેલ નથી. જો કે કેટલાકને મજબુત આધ્યાત્મિક અને ચૈતસિક પાયો ખરેખર પ્રાપ્ત થયેલો છે. પરંતુ આ વસ્તુઓ તો કાર્ય કરનારાઓને પણ એટલા પ્રમાણમાં જ લાગુ પડે છે, એવા માણસો જેઓ ધ્યાન માટે સમય કાઢતા નથી તેમ જ એવા લોકો જેઓ ધ્યાનમાં ઘણો લાંબો સમય લે છે તે બધાને તે પ્રમાણે બનેલું છે.

દરેક સાધકને તેની પોતાની જાત ઉપર અને માતાજી ઉપર છોડી દેવો જોઈએ જેથી તે પોતાનો સાચો માર્ગ પોતાની જાતે જ શોધી શકે અને જે માર્ગ તેના પડોશી જેવો જ હોવો જોઈએ એ જરૂરી નથી.

*

જે માર્ગની રૂપરેખા ઉપર સૌથી વધારે ભાર મૂકવાનો હોય તે વ્યકિતની પ્રકૃતિના ઉપર આધાર રાખે છે. કેટલાક લોકો ધ્યાન માટે નિષ્ફળ હોય છે અને તેઓ ફકત કાર્યોદ્વારા જ પોતાની જાતને તૈયાર કરી શકે છે; બીજા કેટલાક તેનાથી વિરુદ્ધ પ્રકૃતિના હોય છે, પ્રચંડ અહંકારના વિકાસ માટે તો એમ કહી શકાય કે માણસ ગમે તે માર્ગ નું અનુસરણ કરે તો પણ તે આવી શકે છે. મે અહંકારને

ધ્યાનીમાં તેમ જ કર્મમાર્ગીમાં પણ ફાલતો ફૂલતો જોયેલો છે. ક્ષ કહે છે કે ભકતમાં પણ તે પ્રમાણે બને છે. એટલે એ સ્પષ્ટ છે કે બધી જ ભૂમિઓ આ 'નારસિસસ' પુષ્પ માટે સાનુકૂળ છે. 'સાધનાની કોઈ જરૂર નથી' એ વિષે તો સ્પષ્ટ જ છે કે જે કોઈ વ્યકિત કોઈ પણ પ્રકારની સાધના ન કરે તેનામાં પરિવર્તન કે પ્રગતિ થઈ શકતી નથી. કર્મ, ધ્યાન, ભકિત બધાં જ સાધના તરીકે કરવાં જોઈએ.

*

તમે શા માટે તમારા પોતાના અંગત અનુભવમાંથી, પછી તે નાનો હોય કે મોટો, એક સર્વસામાન્ય નિયમ તારવો છો? ઘણા બધા માણસોને (કદાચ બહુમતિને) કર્મદ્વારા સાધના સૌથી સરળ લાગે છે, ઘણા માણસોને કાર્ય કરતાં કરતાં માતાજીનું સ્મરણ કરવું સહેલું પડે છે; પરંતુ જ્યારે તેઓ વાંચે અથવા લખે છે ત્યારે તેમનું મન તે વાંચવાની અથવા લખવાની વસ્તુમાં પહોંચી જાય છે અને તેઓ બીજું બધું ભૂલી જાય છે. મને લાગે છે કે આ વસ્તુ લગભગ બધાને બનતી હશે. તેનાથી જૂદું શારીરિક કાર્ય મનના સૌથી બાહ્ય ભાગમાંથી કરવામાં આવે છે અને બીજું બાકીનું મન યાદ કરવામાં અથવા અનુભૂતિ કરવા માટે સ્વતંત્ર રહે છે.

*

તમે ધ્યાન કોને કહો છો? આંખ બંધ કરીને એકાગ્રતા કરવી? એ સાચી ચેતનાને નીચે અવતરણ કરાવવા માટેની ફકત એક પદ્ધતિ જ છે. સાચી ચેતના સાથે જોડાઈને તેના અવતરણની અનુભૂતિ કરવી એ એક જ અગત્યની વસ્તુ છે, અને તે કોઈ રૂઢ નિયમ સિવાય પણ આવી શકે છે. મારી સાથે સતત તે પ્રમાણે બનેલું છે. આવું બને તો તે વધારે સારું. ધ્યાન એક પદ્ધતિ અથવા સાધન છે. સાચી ગતિ ત્યારે જ કહેવાય જ્યારે હાલતા ચાલતા, કાર્ય કરતા અથવા બોલતી વખતે પણ માણસ સાધનામાં જ હોય.

*

તે ધ્યાન નથી (મનથી ચિંતન કરવું) પરંતુ એકાગ્રતા છે અથવા ચેતનાનો વળાંક છે. તે અગત્યનું છે – અને તે વસ્તુ કાર્યમાં, લખવામાં અથવા કોઈ પ્રકારની ક્રિયામાં અથવા ધ્યાન કરવા માટે બેસવામાં પણ બની શકે છે.

*

ધ્યાન જ્યારે સ્વાભાવિક રીતે જ થાય ત્યારે તે શ્રેષ્ઠ હોય છે પરંતુ ધ્યાનની જગા કર્મ લે તો તેના માટે કર્મમાં સંપૂર્ણ એકાગ્રતા હોવી જોઈએ.

*

તમે કાર્ય તથા સર્જનાત્મક કામ માટે જે સમય આપો છો તેના માટે શંકાઓ ઉત્પન્ન ન કરો. જે લોકોમાં વિશાળ સર્જનાત્મક પ્રાણ હોય છે, અથવા એવો પ્રાણ જે કાર્ય માટે જ બનેલો હોય તેને તેની ગતિમાંથી પાછો હઠાવવામાં ન આવે તો તેવા માણસો શ્રેષ્ઠ રીતે કાર્ય કરી શકે છે અને તેઓ અંતર્મુખ ધ્યાન કરતાં વધારે વિકાસ સાધી શકે છે. ખરી જરૂરિયાત છે કાર્યને અર્પણ કરવાની, જેથી કરીને તેઓ વધારે અને વધારે વિકાસ પામતા જાય છે અને જ્યારે દિવ્ય શક્તિ તેમનું સંચાલન કરે છે ત્યારે તેઓ તેને અનુભવી શકે છે અને તે પ્રમાણે અનુસરણ કરી શકે છે. અંતર્મુખ થઈને સમગ્ર સમય ધ્યાનમાં જ જીવવું એ શ્રેષ્ઠ વસ્તુ છે અથવા યોગ માટેનો એ જ એકમાત્ર માર્ગ છે એમ માનવું ભૂલભરેલું છે.

*

જો કેટલાક માણસોને ધ્યાન કરવા માટે ના પાડવામાં આવી હોય તો બધા જ માણસો માટે તે વસ્તુ (ધ્યાન) કેવી રીતે જરૂરી બને? જે લોકો વધારે ધ્યાન કરી શકે છે તેમના માટે ધ્યાન છે, અને તેના ઉપરથી એવું તારણ ન નીકળી શકે કે વધારે ધ્યાન કરવું એ સારું હોવાથી, કોઈ પણ વ્યકિતએ તેના સિવાય બીજું કાંઈ ન કરવું એ બરાબર નથી.

*

મેં એવું સૂચન નથી કર્યું કે તમે ફકત ધ્યાનથી જ પ્રગતિ સાધી શકશો, પરંતુ તમારામાં તેના માટે મહાન શકિત છે અને તેના વગર તમે પૂર્ણ પ્રગતિ કરી શકશો નહિ. આ યોગમાં કોઈ પ્રકારનું કાર્ય કરવું બધા જ માટે જરૂરી છે – જો કે તેથી કરીને કોઈ નિશ્ચિત કરેલું સખત મહેનતનું કાર્ય હોવું જોઈએ એવું નથી. પરંતુ હાલ પૂરતું એકાગ્રતા અને આંતર-અનુભૂતિ મારફતે તમારે પ્રગતિ કરવી એ પ્રથમ જરૂરી વસ્તુ છે.

આ વસ્તુને આપણે મનની સક્રિયતા કહીએ છીએ અને તે એકાગ્રતાના માર્ગમાં કાયમ દખલ કરે છે અને તેથી મનમાં શંકા ઉત્પન્ન કરે છે અને શકિતઓને વિખેરી નાખે છે.

તે વસ્તુમાંથી બે રીતે મુકત થઈ શકાય. એકમાં તેનો ઇનકાર કરીને તેને બહાર ફેંકી દેવી – જ્યાં સુધી તે બાહ્ય બલ તરીકે જ ત્યાં રહ્યા કરે – અને બીજી રીતમાં એક ઉચ્ચતર શાંતિ અને પ્રકાશનું સ્થૂલ મનમાં અવતરણ કરાવવું.

*

તેણે તેના કાર્યનું સમર્પણ કરતાં શીખવું જોઈએ અને તેની મારફતે માતાજીની શકિતને કાર્ય કરતી અનુભવવી જોઈએ. કેવળ એક આસનબદ્ધ થઈને સ્વલક્ષી સાક્ષાત્કાર પ્રાપ્ત કરવો એ અર્ધ સાક્ષાત્કાર છે.

*

તેમ છતાં હું એક વસ્તુ ઉપર ભાર મૂકું છું કે પરમાત્માના સાક્ષાત્કાર માટે ફકત એક જ માર્ગ ન હોઈ શકે. જો કોઈ માણસ ધ્યાનની રૂઢ પ્રક્રિયાથી જોવા માટે અથવા અનુભવવાનું અથવા જપ જેવી પ્રક્રિયાથી ત્યાં સુધી પહોંચવામાં સફળ ન થાય અથવા હજુ પણ સફળ થયો ન હોય, છતાં પણ તે વ્યકિત તે માર્ગે હૃદયમાં ભકિતના સાદ દ્વારા તે માર્ગે પ્રગતિ કરી શકે છે, અથવા તેની પોતાની ચેતનામાં વિશાળ વિકાસ કરવાથી અથવા પ્રભુના માટે કર્મ કરવાથી અને પ્રભુ સેવા માટે નિવેદન કરવાથી પ્રગતિ સાધી શકાય છે. તમે આ બધી દિશાઓમાં પ્રગતિ કરેલી છે, ભકિતમાં વિકાસ કરેલો છે અને સેવા માટે તમારી શકિત બતાવી છે. તમે તમારી પ્રાણમય પ્રકૃતિમાં આવતા વિઘ્નોમાંથી મુકત થવા પ્રયત્ન કરેલો છે અને તેથી કેટલીક મુશ્કેલ દિશાઓમાં શુદ્ધિ પ્રાપ્ત કરવામાં અસફળ થયા નથી. સમર્પણનો માર્ગ ખરેખર મુશ્કેલ છે પરંતુ જો વ્યકિત સચ્ચાઈપૂર્વક, ખંતપૂર્વક તે ચાલુ રાખે તો થોડી સફળતા અચૂક પ્રાપ્ત થાય છે અને અંશત: વિજય અથવા અહંકારનો ઘટાડો થાય છે. તે વસ્તુ માર્ગ ઉપર આગળ પ્રગતિ કરવામાં મહાન સહાયરૂપ થાય છે. ગીતા જેમ ભારપૂર્વક કહે છે તે પ્રમાણે યોગના માર્ગ ઉપર આગળ ઉપર જવાનું શીખવું જોઈએ અને એક એવી ચેતના સાથે જે નિરાશામાંથી મુકત હોય– (અનિર્વિર્ણશ્ચેતસા) – ભલે કોઈ પણ વ્યકિત લપસી પડે તો પોતાની સ્થિતિ ફરી સ્થિર કરવી; જો કોઈ પતન પામે તો વ્યકિતએ ઊઠી જઈને હિંમત હાર્યા સિવાય દિવ્ય માર્ગે ચાલવું. આપણું વલણ નીચે મુજબ હોવું જોઈએ.

" પરમાત્માએ પોતે જ મને વચન આપેલું છે કે જો હું તેને જ કાયમ વળગી રહીશ તો પછી ગમે તે વસ્તુ બની આવે છતાં તે પ્રમાણેથી કરવામાંથી હું કદી પાછો પડીશ નહિ. "

*

સાધના એટલે યોગની તાલીમ. તપસ્યા એ સંકલ્પશકિતની એકાગ્રતા છે જેને લઈને સાધનાના પરિણામો પ્રાપ્ત કરી શકાય અને નિમ્ન પ્રકૃતિ ઉપર વિજય પ્રાપ્ત કરી શકાય. આરાધના એટલે પ્રભુની પૂજા, પ્રેમ, પ્રભુના નામનો જપ, પ્રાર્થના વગેરે. ધ્યાન એટલે ચેતનાની આંતર એકાગ્રતા, ધ્યાન અને સમાધિમાં અંદર ઉતરવું. ધ્યાન, તપસ્યા અને આરાધના એ બધા સાધનાના ભાગો છે.

★

વિભાગ ૩

યોગમાર્ગના પાયાની જરૂરિયાતો

યોગમાર્ગના પાયાની જરૂરિયાતો

યોગના લક્ષ્યને પહોંચવાનું કાર્ય કાયમ મુશ્કેલ હોય છે પરંતુ આ યોગ બીજા કોઈ પણ યોગ કરતાં વધારે મુશ્કેલ છે. જેમનામાં તેના વિષે સાદ આવ્યો હોય, શક્તિ હોય, જેમનામાં દરેક વસ્તુ અને દરેક જોખમનો સામનો કરવાની તૈયારી હોય અને સંપૂર્ણ નિઃસ્વાર્થતા, કામના વિહીનતા અને સમર્પણ કરવાની તૈયારી હોય તેમના માટે જ આ યોગ છે.

*

આ યોગમાં કેવળ પ્રભુનો સાક્ષાત્કાર જ નહિ, પરંતુ એક સમગ્ર સમર્પણ તેમ જ આંતર તેમ જ બાહ્ય જીવનમાં ત્યાં સુધીનું રૂપાંતર લાવવાનું છે જે દિવ્ય ચેતનાનો આવિર્ભાવ કરે અને પરમાત્માના કાર્યનો એક ભાગ બની રહે. એનો અર્થ કે તેના માટે એક એવી સખત સાધનાની જરૂર છે જે નૈતિક અને શારીરિક તપસ્યાઓ કરતાં પણ ઘણી મુશ્કેલ છે. જ્યાં સુધી માણસને ખાતરી ન થાય કે તેને એક ચૈતસિક પુકાર આવેલો છે, અને જ્યાં સુધી તે છેક આરપાર નીકળી જવા માટે તૈયાર ન થાય ત્યાં સુધી તેણે આ યોગમાર્ગમાં પ્રવેશ મેળવવો ન જોઈએ કારણ કે બીજા બધા યોગો કરતાં આ યોગ ઘણો વિશાળ અને ઘણો મુશ્કેલ છે.

*

તૈયારીનો અર્થ હું તે માટેની શક્તિ કહેવા માગતો નહોતો, પણ તેના માટેની સ્વૈચ્છિક ઈચ્છા કહેવા માગુ છું. જો અંતરમાં તેની આરપાર નીકળવા માટેનો અને સર્વ મુશ્કેલીઓનો સામનો કરવાનો સંકલ્પ હોય તો તેને માટે ગમે તેટલો સમય લાગે, તો પણ આ યોગ માર્ગ ગ્રહણ કરી શકાય.

*

સામાન્ય જીવનથી અકળાઈ જઈને અસંતોષ થયો હોય તો તે વસ્તુ આ યોગ માટેની પૂરતી તૈયારી ન ગણાય. એક વિધાનાત્મક આંતર પુકાર, એક સામાર્થ્યયુક્ત સંકલ્પ અને મહાન સ્થિરતા આધ્યાત્મિક જીવનમાં સફળતા પ્રાપ્ત કરવા માટે જરૂરી છે.

*

મનોમય સિદ્ધાંતોની કોઈ મૂળભૂત અગત્ય નથી કારણ કે સ્વરૂપના વળાંકને ટેકો આપનારી પદ્ધતિઓની તે રચના કરે છે અથવા સ્વીકારી લે છે. અગત્યની વસ્તુ છે કે મન કયો વળાંક લે છે અને પુકાર તમારી અંદરથી થયો છે કે કેમ.

એક એવું જ્ઞાન કે એક પરમ અસ્તિત્વ, પરમ ચેતના અને પરમ આનંદ રહેલાં છે, જે કેવળ નકારાત્મક નિર્વાણ અથવા સ્થિર અને નિરાકાર નિરપેક્ષ તત્ત્વ જ નથી પરંતુ સક્રિય છે, એક એવું દર્શન કે આ દિવ્ય ચેતનાનો કેવળ ઊર્ધ્વમાં પેલે પાર જ સાક્ષાત્કાર થઈ શકતો નથી પરંતુ અહીં (આ પૃથ્વી ઉપર) પણ થઈ શકે છે અને યોગના લક્ષ્ય તરીકે તેના પરિણામે દિવ્ય જીવનનો સાક્ષાત્કાર કરવો એ મનની વસ્તુ નથી. તે મનોમય સિદ્ધાંતનો પ્રશ્ન નથી – જો કે તે પણ વધારે સારી રીતે નહિ તો પણ મનોમય દૃષ્ટિબિંદુથી બીજા સિદ્ધાંતોની માફક સહાયરૂપ બને છે. પરંતુ આ વસ્તુ અનુભૂતિની છે અને તે અનુભૂતિ બની આવે તે પહેલાં અંતરાત્માની શ્રદ્ધા તેની સાથે મનની અને પ્રાણની સંલગ્નતા લાવે છે. જે વ્યકિત ઊર્ધ્વતર પ્રકાશના સંપર્કમાં રહે છે અને જેને અનુભૂતિ થયેલી હોય છે તે આ માર્ગનું અનુસરણ કરી શકે છે પછી ભલે તે નિમ્નતર ભાગોને તેનું અનુસરણ કરવાનું ગમે તેટલું મુશ્કેલ લાગે; જે માણસને આ વસ્તુનો સ્પર્શ થયો હોય, પરંતુ અનુભૂતિ થયેલી ન હોય, પરંતુ તેને સાદ થયેલો હોય, જેને એક ખાતરી હોય, જેને આત્માની સંલગ્નતાનું ફરજિયાત દબાણ હોય, તે પણ આ માર્ગનું અનુસરણ કરી શકે છે.

*

કોઈ આદર્શ ખ્યાલ અથવા ધાર્મિક શ્રદ્ધા અથવા ઊર્મિ, એ આધ્યાત્મિક પ્રકાશ કરતાં બિલકુલ ભિન્ન વસ્તુ છે. કોઈ આદર્શવાદી ખ્યાલ તમને આધ્યાત્મિક પ્રકાશ તરફ દોરી જઈ શકે છે, પરંતુ તે પોતે પ્રકાશ નથી. તેમ છતાં એ સાચું છે કે "આત્મા ત્યાં ઊડી શકે છે જયાં તે સાંભળી શકે છે", અને આપણને એક ઊર્મિમય આવેગ આવે છે, અથવા સ્પર્શ આવે છે અને કોઈ સંજોગોમાંથી આધ્યાત્મિક વસ્તુઓનો મનોમય સાક્ષાત્કાર થાય છે, જેવી રીતે બિલ્વમંગલને તેની પ્રિયતમા નર્તકીના શબ્દોમાંથી પ્રાપ્ત થયો હતો તે પ્રમાણે. એટલું સ્પષ્ટ છે કે કોઈક વસ્તુ કયાંક તૈયાર થયેલી છે તેથી તે પ્રમાણે બને છે – તમે એમ કહી શકો કે ચૈત્ય પુરુષ તેની તક માટે રાહ જોતો હતો અને મન, પ્રાણ અથવા હૃદયમાં કોઈક જગાએ બારી ખુલ્લી થાય તેની તક શોધતો હતો.

*

કેવળ આદર્શવાદ ત્યારે જ અસરકારક બને જો વ્યકિતના મનમાં એવી એક સમર્થ સંકલ્પશકિત હોય જે પ્રાણને અનુસરણ કરવા માટે દબાણ કરી શકે.

*

પરમાત્મામાં પોતાની જાતની ડૂબકી મારી દેવાનો ઉત્સાહ ભાગ્યે જ આવે છે – તેને માટે સામાન્યતયા એક મનોમય વિચાર, પ્રાણની ઝંખના અથવા કોઈ અપૂરતું બૌદ્ધિક કારણ હોય છે જે આ વસ્તુની શરૂઆત કરાવે છે – અથવા તેમાં કોઈ બુદ્ધિ જ નથી. એક જ સાચી વાસ્તવિકતા છે જે પાછળથી આવતું રહસ્યમય ચૈતસિક આક્રમણ છે જેના વિષે બાહ્ય સપાટીની ચેતના સજાગ હોતી નથી અથવા ભાગ્યે જ સભાન હોય છે.

*

તમે સાચા આત્મા તથા ચૈત્ય પુરુષ વિષે જે લખો છો તે તદ્દન સાચું છે. પરંતુ લોકો જયારે આત્મા વિષે વાત કરે છે ત્યારે જુદી જુદી વાતો કરે છે. કેટલીક વખત મેં આર્યમાં કહેલું છે તે પ્રમાણે તે કામના–મય આત્મા હોય છે – એટલે કે તેમાં પ્રાણ જેમાં તેની ઇચ્છાઓ, અભીપ્સાઓ, સારી તેમ જ ખરાબ બુભુક્ષાઓ, સૂક્ષ્મ અથવા જડ લાગણીઓ અથવા આવેગયુકત સંવેદનો જે મનના આદર્શો અને ચૈતસિક દબાણો વગેરેનું મિશ્રણ હોય છે. પરંતુ કેટલીક વખત તે મન અને પ્રાણ પણ હોય છે જે ચૈતસિક ઝંખનાના દબાણ નીચે હોય છે. જયાં સુધી ચૈત્ય પુરુષ ઢંકાયેલો હોય છે ત્યાં સુધી તેણે પોતાની જાતની અભિવ્યકિત મન મારફતે, તથા પ્રાણ અને તેની અભીપ્સાઓદ્વારા યા પ્રાણ અને મનોમય પદાર્થદ્વારા રંગાયેલી મિશ્રિત વસ્તુઓ વડે અભિવ્યકિત કરવી પડે છે. આ રીતે ઢંકાયેલા ચૈત્ય પુરુષની ઝંખના, પ્રભુના જ્ઞાન માટે ઉત્પન્ન થયેલી ક્ષુધા, મનમાં અભિવ્યકત થાય છે; તેને યુરોપિયનો પરમાત્માનો બૌદ્ધિક પ્રેમ કહે છે. પ્રાણમાં તે વસ્તુ પ્રભુ માટેની ક્ષુધા અથવા વિરહ તરીકે વ્યકત થાય છે. તે પ્રાણની પ્રકૃતિ હોવાથી ઘણું દર્દ લાવી શકે છે; તેની સાથે તેના સ્થિર આવેગો, કામનાઓ, ઉત્સાહ, ખળભળી ઊઠેલી ઊર્મિઓ, વાદળો, નિરાશાઓ, વિષાદ વગેરે લાવે છે. તેમ છતાં બધી જ વ્યકિતઓ પરમાત્મા પ્રત્યે તાત્કાલિક અભિમુખ થઈ શકતી નથી અથવા શુદ્ધ ચૈતસિક માર્ગે જઈ શકતી નથી – મનોમય અને પ્રાણમય અભિગમો શરૂઆત માટે ઘણા સારા છે, અને પરમાત્મા પ્રત્યે લાગણીવિહીન રહેવું તેના કરતાં આધ્યાત્મિક દષ્ટિબિંદુથી તે ઘણાં સારાં છે. બન્ને પ્રસંગોમાં તે આત્માનો સાદ છે, આત્માની ઝંખના – તેમાં જે સ્વરૂપ અથવા મનની સ્થિતિ આવે છે તે મનોમય અને પ્રાણમય પ્રકૃતિના દબાણને લઈને આવે છે.

*

એ સ્પષ્ટ છે કે 'ક્ષ' ને ઓચિંતા જ આધ્યાત્મિક અનુભૂતિનું ઉદ્દ્ઘાટન થયું – આશ્ચર્યજનક રીતે ઝડપી ઉદ્દ્ઘાટન થયું એમ કોઈને લાગે, પરંતુ તે રીતે વારંવાર બની આવે છે, ખાસ કરીને જો બાહ્ય મન શંકાશીલ હોય, પણ આત્મા ભીતરમાં અનુભૂતિ માટે તૈયાર હોય. એવા પ્રસંગોમાં પણ તે વારંવાર બની આવે છે, જ્યારે કોઈ ફટકો પડયો હોય ત્યાર પછી તે બને, જેવો કે તેના ભાઈની માંદગી; પરંતુ હું ધારું છું કે મનનું કોઈ પરિવર્તન ત્યાં સુધીમાં થયેલું હોવું જોઈએ અને તેણે આ વસ્તુને તૈયાર કરી હતી. આવું ઓચિંતું પણ સતત ટકી રહેતું દર્શન એમ બતાવે છે કે અંદર એક શકિત રહેલી છે જેણે બંધ બારણાંને ખોલી આપ્યાં – એક અતિ-શારીરિક દર્શનની શકિત. 'નિવેદન' શબ્દનું આગમન પણ આવી અનુભૂતિ માટેની એક પ્રચલિત ઘટના છે – જેને હું ચૈત્ય પુરુષનો અવાજ કહું છું, વ્યકિતના પોતાના આત્મામાંથી આવતું મન તરફનું સૂચન કે તેણે શું કરવું છે. હવે તેણે તેને સ્વીકારવું જ પડે કારણ કે માણસના બાહ્ય સ્વરૂપની પ્રકૃતિનું આંતર – સાદ પ્રત્યેનું ઊર્ધ્વીકરણ જરૂરી છે, જેથી કરીને તે અસરકારક બને. તે વળાંકના દષ્ટિબિંદુ ઉપર ઊભો છે અને તેને માટે પોતાના આંતર સ્વરૂપના (અંતરાત્મન્) ના નવીન માર્ગનું સૂચન આપે છે, જેને તેણે અનુસરવું છે. પરંતુ હું કહું છું તે પ્રમાણે મન અને પ્રાણનું ઊર્ધ્વીકરણ પણ અગત્યનું છે. જો તે નિવેદન કરવાનું નક્કી કરે, તો તેણે નિવેદન માટેનો **સંકલ્પ** કરવો જોઈએ અને પોતાની જાતનું પ્રભુને અર્પણ કરવું જોઈએ અને તેની (પ્રભુની) મદદ અને માર્ગદર્શન માટે તેણે પુકાર કરવો જોઈએ. જો તે પ્રમાણે કરવા માટે તાત્કાલિક શકિતમાન ન હોય તો ભલે તે રાહ જુએ અને જોયા કરે, પરંતુ તેણે પોતાની જાતને ખુલ્લી રાખવી જોઈએ, જેમ કે પહેલાં જે અનુભૂતિનું સાતત્ય અને વિકાસ એક વખત શરૂ થયો અને જયાં સુધી તે નિશ્ચિત રીતે તેની અનુભૂતિ માટે આજ્ઞાકારી ન બને ત્યાં સુધી ખુલ્લા થયા કરવું પડે. તેને મદદ મળશે, અને જો તે વિષે તે સચેતન રહેશે તો પછી કોઈ પ્રશ્ન રહેતો નથી – તેના માટે માર્ગ ઉપર આગળ પ્રયાણ કરવું સહેલું પડશે.

*

યોગ તરફ વળવામાં તેના ઉપરનો તમારો પ્રભાવ સારો હતો; પરંતુ તે વસ્તુ તેની પ્રાણમય પ્રકૃતિમાં ફેરફાર કરવા માટે શકિતમાન નહોતી. કોઈ પણ માનવ અસર – જે ફકત મનોમય અને નૈતિક જ હોય તે – તે પ્રમાણે કરી શકે નહિ; તમે જોઈ શકશો કે તે પહેલાં જેવો હતો તેવો જ અત્યારે છે. તેના પોતાના આત્મામાંથી જ પ્રભુ તરફ વળવાનું શકય બને ત્યારે જ તે બની શકે.

*

યોગ વિષેનું જ્ઞાન હોવું એટલું જ પૂરતું નથી – માણસે તે માર્ગ ઉપર ચાલવું પણ જોઈએ, અથવા જો તે પોતે તે પ્રમાણે ન કરી શકે તો પોતાની જાતને તે માર્ગે જવા દેવી જોઈએ. માનવનો પ્રાણ અને તેની બાહ્ય શારીરિક પ્રકૃતિ છેવટ સુધી તેનો પ્રતિકાર કરશે, પરંતુ જો આત્માએ તે સાદને સાંભળ્યો હશે, તો તે વહેલો કે મોડો તે માર્ગે આવે જ છે.

*

જે લોકોને તેમની પોતાની અંદર જ સચ્ચાઈપૂર્ણ રીતે પરમાત્માનો સાદ આવેલો હોય, તેમ છતાં જેમનામાં મન અથવા પ્રાણ મુશ્કેલીઓ રજૂ કરે અથવા તેમના પર હુમલાઓ આવે, અથવા તેમની પ્રગતિ ધીમી અને કલેશપૂર્ણ હોય – અને તેમ છતાં તેઓ પાછા પડે અને પોતાના માર્ગમાંથી થોડા સમય માટે ચ્યુત થઈ જાય, તો પણ છેવટે તો ચૈત્ય પુરુષ કાયમી વિજયી બને છે અને પ્રભુની સહાય અસરકારક બને છે. આ વસ્તુમાં વિશ્વાસ રાખો અને ખંતપૂર્વક કાર્ય કરે જાઓ – તો લક્ષ્ય ચોક્કસ પ્રાપ્ત થશે જ.

*

મેં તમારા પ્રશ્નનો ઉત્તર આપેલો જ છે. તમે આવ્યા કારણ કે તમારો આત્મા પરમાત્માની શોધ માટે ગતિ કરતો હતો. એ હકીકત છે કે તમે જે લોકોને પાછળ મૂકેલા છે તેમના પ્રત્યે તમારા પ્રાણના કોઈ ભાગમાં મજબુત આસકિત રહેલી છે, પરંતુ તે વસ્તુ તમારા અંતરાત્માની શોધને અવાસ્તવિક બનાવતી નથી. જો પ્રાણની હાજરી અને પ્રાણમય મુશ્કેલીઓની જીદ્દી વસ્તુ એમ સાબિત કરે કે સાધક યોગ માટે અયોગ્ય છે, તો પછી આશ્રમમાં રહેલી એક કે બે વ્યકિતઓ જ – અને કદાચ તેઓ પણ નહિ – આ કસોટીમાંથી પાર ઉતરી શકે. શુષ્કતાની લાગણી અને અભીપ્સા ન કરી શકવાની વસ્તુ પણ તે રીતે સાબિત કરતી નથી. દરેક સાધકમાં આવા ખાલીપણાના અમુક ગાળાઓ આવે છે, અને કેટલીક વખત તો લાંબાં ગાળાઓ આવે છે. હું તમને કેટલાક એવા સાધક એવા સાધકો બતાવું જેઓની ગણતરી ઘણા જ “ આગળ વધેલા ” સાધકોમાં થાય છે અને તેમ છતાં તેમની કુટુંબ તરફની ભાવનામાંથી તેઓ પૂરેપૂરા મુકત થયા નથી. તેથી આવી વસ્તુઓથી મૂંઝાઈ જવું એ જરાપણ બુદ્ધિયુકત નથી કારણ કે આ બધા પ્રતિભાવો તમારી અંદર ટકી રહેલા છે. આ બધા પ્રત્યાઘાતો આવે અને જાય છે પરંતુ આત્માની જરૂરિયાત કાયમી ટકી રહેલી છે, ભલે તે ઢંકાયેલી અને શાંત હોય, અને તે કાયમ ટકી રહેશે અને ફરીથી બહાર આવશે.

*

જે બધાં અહીં આવેલાં છે બધા જ પરમાત્માની સચેતન શોધ અર્થે અહીં આવેલાં નથી. અને મનને તે વિષે ખબર પણ નથી પરંતુ અંદર રહેલો આત્મા તેમને અહીં લાવેલ છે. તમારા પ્રસંગમાં આ વસ્તુ બનેલી છે અને તે માટે તમારા આત્માનો માતાજી જોડેનો સંબંધ એ કારણભૂત વસ્તુ છે. એક વખત માણસ અહીં આવે પછીથી પરમાત્માનું બલ તેની માનવ પ્રકૃતિ ઉપર ત્યાં સુધી કાર્ય કર્યા કરે છે જ્યાં સુધી અંદર રહેલા આત્માનો તેના બુરખામાંથી બહાર આવવાનો માર્ગ ખુલ્લો ન થાય. પરમાત્મા માટેની સચેતન શોધ પોતે પ્રકૃતિના અજ્ઞાનના સંઘર્ષને અટકાવી શકતી નથી; માતાજીને કરેલું આત્માર્પણ જ તે વસ્તુ સિદ્ધ કરી શકે છે.

*

જ્યારે કોઈ માણસ આ યોગ માર્ગ માટે નિર્માણ થયેલો હોય છે ત્યારે મન અને પ્રાણના આડમાર્ગો મારફતે આવતા બધા જ સંજોગો આ માર્ગ તરફ તેને દોરવણી આપવા માટે એક યા બીજા માર્ગે મદદ કરે છે. તેનામાં રહેલો તેનો પોતાનો ચૈત્ય પુરુષ અને ઊર્ધ્વમાં રહેલી પ્રભુની શકિત, તેના મન અને બાહ્ય સંજોગો તથા તે બન્નેની તકલીફો તે લક્ષ્ય તરફ તેને દોરવામાં સહાયભૂત થાય છે.

*

જ્યારે આત્માને આગળ વધવાનું હોય, અને તે પ્રકારની બાહ્ય નિર્બળતા હોય ત્યારે તે પ્રમાણેના સંજોગો ચોક્કસ આવે છે જેથી કરીને બાહ્ય સ્વરૂપને તેની પોતાની વિરુદ્ધ તેઓ સહાયરૂપ બને છે — જેનો અર્થ કે તેની પાછળ એક સત્યનિષ્ઠ અભીપ્સા હોય; નહિ તો તે પ્રમાણે બને નહિ.

*

આધ્યાત્મિક નિર્માણ કાયમ રહેલું હોય છે જ – તેમાં અમલમાં કદાચ ઢીલ થાય અથવા થોડા સમય માટે તેનું અસ્તિત્વ ગુમ થઈ ગયું હોય એવું કદાચ લાગે– પરંતુ તેનો કદી નાશ થતો નથી.

*

આધ્યાત્મિક તક એવી કોઈ વસ્તુ નથી જેના વિષે એવો વિચાર કરીએ કે તે ગમે તે સમયે ફરીથી આવી રહેશે, એવી હળવાશ રાખીને જતી કરી શકાય. તે ઉપરાંત આ બધી વસ્તુઓ એક નિશાની મૂકી જાય છે અને તે નિશાનીની જગાએ ફરી ફરીને તે વારંવાર આવી શકે છે.

*

તેને પ્રકાશનું દર્શન અને જગન્નાથના સ્વરૂપમાં પ્રભુનું દર્શન થયું તેમાં તે બન્ને વસ્તુઓ તેનામાં યોગ કરવાની શકિત છે અને ઉપરાંત તેના આંતર સ્વરૂપમાં પરમાત્માનો પુકાર આવેલો છે તેના સૂચન રૂપ છે. પરંતુ કેવળ શકિત હોવી એટલું જ પૂરતું નથી; પરંતુ પરમાત્માની શોધ કરવા માટેનો સંકલ્પ પણ સાથે હોવો જોઈએ અને આ માર્ગને અનુસરવા માટે હિંમત અને ખંત પણ હોવાં જોઈએ. ભીતિને ફગાવી દેવી એ પ્રથમ વસ્તુ છે, અને બીજું બાહ્ય સ્વરૂપની જડતા, જે પ્રભુના પુકારને પ્રત્યુત્તર આપતા અટકાવે છે, તે જડતાને પણ ફેંકી દેવી જોઈએ.

જે પ્રકાશ દેખાયો તે દિવ્ય ચેતનાનો પ્રકાશ છે, આ યોગનું લક્ષ્ય પ્રથમ તો આ ચેતનાના સંપર્કમાં આવવાનું છે અને પછીથી તેના જ પ્રકાશમાં જીવન ધારણ કરવું અને તે પ્રકાશને સમગ્ર પ્રકૃતિનું રૂપાંતર સાધવા દેવો, જેથી સમગ્ર સ્વરૂપ પરમાત્મા સાથેની એકતામાં રહી શકે, અને પ્રકૃતિ પોતે દિવ્ય જ્ઞાન, દિવ્ય શકિત અને દિવ્ય આનંદના કાર્ય માટેનું એક ક્ષેત્ર બની રહે.

આ વસ્તુમાં તે ત્યારે જ સફળ થઈ શકે જો તેના જીવન માટે તે વસ્તુને જ પરમ લક્ષ્ય બનાવે અને આ લક્ષ્ય કરતાં બાકીની બધી વસ્તુઓને ગૌણ ગણવા તે તૈયાર રહે. નહિ તો જે બધી વસ્તુઓ બને તે આ જીવનની કોઈક તૈયારીરૂપ જ બની શકે – પ્રથમ કોઈક સંપર્ક અને પ્રકૃતિના કોઈ ભાગમાં પ્રાથમિક રૂપનું આધ્યાત્મિક પરિવર્તન, એટલું જ બની શકે.

*

બધા જ માણસો તેમની પ્રકૃતિ અનુસાર કોઈક પ્રકારનો યોગ કરી શકે છે પરંતુ તેમનો તે પ્રમાણે કરવાનો સંકલ્પ હોય તો જ તે પ્રમાણે બની શકે છે. પરંતુ અમુક જ માણસો એવા હોય છે જેમને માટે એમ કહી શકાય કે તેમનામાં આ યોગ કરવાની શક્તિ છે. થોડા જ માણસો તે શકિતમાં વિકાસ કરી શકે છે, બીજાઓ કરી શકતાં નથી.

*

આ સાધના માટે કોઈ પણ વ્યકિત યોગ્ય નથી – એટલે કે કોઈ પણ વ્યકિત કેવળ તેની પોતાની શકિતથી જ આ યોગ કરી શકે એમ નથી. દિવ્ય શકિતને નીચે ઉતારી લાવવા માટે પોતાની જાતને તૈયાર કરવાનો પ્રશ્ન છે, અને તે વસ્તુ પોતાની અનુમતિ અને અભીપ્સાથી જ બની શકે છે.

*

એ પ્રમાણે કહેવું મુશ્કેલ છે કે કોઈ માણસમાં વિશિષ્ટ ગુણ આ યોગ માટે તેને યોગ્ય બનાવે છે અથવા તે ગુણનો અભાવ તેને અયોગ્ય બનાવે છે. વ્યકિતમાં પ્રબળ કામવાસનાના આવેગો, શંકાઓ, બંડો, હોઈ શકે અને તેમ છતાં તે અંતમાં સફળતા પ્રાપ્ત કરી શકે, જ્યારે બીજી ગુણવાન વ્યકિત નિષ્ફળ પણ થાય. જો માણસમાં એક મૂળભૂત સચ્ચાઈ હોય, બધી જ વસ્તુઓ હોવા છતાં તેમની આરપાર નીકળી જવાનો તેનામાં સંકલ્પ હોય અને તે ખુલ્લો બનવા માટે તૈયાર હોય તો સાધના માટે તે સુરક્ષિત છે.

*

જ્યારે વ્યકિત સાચી (યૌગિક) ચેતનામાં પ્રવેશ કરે છે ત્યારે તમે જોઈ શકો કે દરેક વસ્તુ બની શકે છે. ભલે હાલ પૂરતી ફકત થોડી જ શરૂઆત થઈ હોય. બાહ્ય પ્રકૃતિની શક્તિ ઉપર જ ખરેખર તેની સફળતાનો આધાર નથી (કારણ કે બાહ્ય પ્રકૃતિ સર્વ વસ્તુઓ કરતાં વધારે આત્મસફળતા પ્રાપ્ત કરતી હોય એવું લાગવાથી સફળ બનવું અશકય લાગે એટલી મુશ્કેલ જણાય છે) પરંતુ આંતર સ્વરૂપ ઉપર અને આંતર–સ્વરૂપમાં સર્વ સફળતા શકય લાગે છે. વ્યકિતને ફકત આંતર સ્વરૂપના સંપર્કમાં આવવાનું હોય છે અને તે આંતર ચેતનાથી બાહ્ય દૃષ્ટિ-બિંદુ તથા બાહ્ય ચેતનામાં પરિવર્તન લાવવાનું હોય છે; સાધનાનું કાર્ય તે જ છે અને સચ્ચાઈ, અભીપ્સા અને ધીરજથી તે ચોક્કસ આવશે જ.

*

તમારે એટલું સમજવું જ જોઈએ કે મનમાં આવા વ્યગ્રતાના તરંગો આવે છે તે હુમલાઓ છે અને તેમનો તાત્કાલિક ઇનકાર કરવાનો છે. કારણ કે તેમનો આધાર આત્મશ્રદ્ધાનો અભાવ તથા પોતાની અશકિત ઉપર રહેલો છે અને તેનો કોઈ અર્થ નથી કારણ કે તમારી સાધનાનું લક્ષ્ય તમારી પોતાની શકિત અને લાયકાત કરતાં પ્રભુની કૃપા વડે તથા એક મહત્તર શકિતની મદદથી જ પ્રાપ્ત થશે. તમારે એ વસ્તુ ખાસ યાદ રાખવાની છે કે જ્યારે આવા સૂચનો આવે ત્યારે તેમનાથી તમારે અલગ પડી જવું, નહિ કે તેમને સ્વીકારીને તેમને તાબે થવું. કોઈ પણ સાધક, ભલે તેનામાં પ્રાચીન ઋષિઓ અને તપસ્વીઓની શકિત હોય, અથવા વિવેકાનંદનું સામર્થ્ય હોય, તો પણ તેની સાધનાના શરૂઆતના વર્ષોમાં એક જ પ્રકારની સતત સારી પરિસ્થિતિ, અથવા પરમાત્મા સાથેનું ઐકય અથવા એક તૂટ વગરનો પુકાર અથવા અભીપ્સાની તીવ્રતા રાખી શકવાની આશા રાખી શકે નહિ. સમગ્ર પ્રકૃતિનું આધ્યાત્મિકરણ કરવા માટે ઘણો લાંબો સમય લાગે છે અને જ્યાં

સુધી તે પ્રમાણે ન બને ત્યાં સુધી તેમાં ફેરફારના ગાળાઓ આવ્યા જ કરવાના. એક સતત શ્રદ્ધા અને ધીરજને કેળવવાં જોઈએ – પ્રાપ્ત કરવાં જ જોઈએ – ભલે વસ્તુઓ ધારણા કરતાં ઊલટી બનતી હોય – કારણ કે જ્યારે વસ્તુ અનુકૂળ હોય ત્યારે તો શ્રદ્ધા અને ધીરજ સહેલાઈથી ટકી રહી શકે છે.

*

એમાં કહેવાની જરૂર પણ નથી કે તમે જે ગુણોનું વર્ણન કરો છો તે આધ્યાત્મિક માર્ગે જવા માટે મદદ રૂપ છે; પરંતુ તમે જે ક્ષતિઓને ગણાવો છો તેમાંની દરેક આ માર્ગ ઉપર એક ગંભીર વિઘ્નરૂપ હોય છે. આધ્યાત્મિક પ્રયત્નમાં સચ્ચાઈ ખાસ અનિવાર્ય છે, પરંતુ કુટિલતા એક સતત વિઘ્નરૂપ વસ્તુ છે. સાત્ત્વિક પ્રકૃતિને આધ્યાત્મિક જીવન માટે સૌથી લાયક અને તૈયાર પ્રકૃતિ ગણવામાં આવે છે જ્યારે રાજસિક પ્રકૃતિ તેની કામનાઓ અને આવેગોને લઈને રૂકાવટ ઉપસ્થિત કરે છે તેમ જ આધ્યાત્મિકતા દ્વંદ્વોથી પરની વસ્તુ ગણાય છે અને તેને માટે ઊર્ધ્વમાં ગતિ કરતી સાચી અભીપ્સા ખાસ જરૂરી વસ્તુ છે. અભીપ્સા, રાજસિક માણસ અથવા સાત્ત્વિક માણસમાં પણ આવે છે, જો તે આવે તો રાજસિક માણસ તેની ક્ષતિઓ અને કામનાઓ અને આવેગો પરથી ઊંચે ઊડી શકે છે, જે રીતે બીજા પ્રકારનો માનવી (સાત્ત્વિક) પોતાના સદ્‌ગુણોથી ઉપર ઊઠીને દિવ્ય વિશુદ્ધિ અને દિવ્ય પ્રકાશ અને દિવ્ય પ્રેમ પ્રત્યે જઈ શકે છે. જ્યારે માનવી તેની નિમ્ન પ્રકૃતિ ઉપર વિજય પ્રાપ્ત કરે અને તેને પોતાની અંદરથી બહાર ફેંકી દે તો જ તે પ્રમાણે બની શકે, કારણ કે ફરીથી જો તેમાં તે પાછો પડે તો તે માર્ગચ્યુત થઈ જાય છે અથવા એટલું તો ચોક્કસ બને કે જ્યાં સુધી તે પાછો તેની નિમ્ન પ્રકૃતિમાં રહે ત્યાં સુધી તેની આંતર – પ્રગતિ અટકી પડે, તેને લઈને જ મહાન પાપીઓનો પણ જે સંતોમાં પરિવર્તન થયેલું છે, તેવા નાના માણસો જેમનામાં કોઈ સદ્‌ગુણ ન હોય તેવા આધ્યાત્મિક સાધકોમાં અને પ્રભુ – પ્રેમીઓમાં ફેરવાઈ ગયા છે તેવી વસ્તુ ધાર્મિક અને આધ્યાત્મિક ઈતિહાસમાં વારંવાર બનેલી ઘટનાઓ છે – દા. ત. યુરોપમાં સંત ઓગસ્ટિન, ભારતમાં ચૈતન્યના શિષ્યો જગાઈ અને માધાઈ, અને બિલ્વમંગળ અને બીજા ઘણા માણસો. પ્રભુના ગૃહોના બારણાંઓ જે લોકો સચ્ચાઈથી ઠોકે છે તેમના માટે તે કદી બંધ હોતાં નથી, ભલે પછી ભૂતકાળમાં તે લોકોએ ગમે તેટલી ઠોકરો ખાધી હોય અને ભૂલો કરેલી હોય. માનવ સદ્‌ગુણો અને માનવ ભૂલો એ બન્ને એક દિવ્ય તત્ત્વને એક પ્રકાશિત અને બીજો અંધકારમય બુરખો છે અને એક વખત તે દિવ્ય તત્ત્વ બુરખાને ભેદીને બહાર આવે તે પછી બન્ને તરફથી પ્રજ્જવલિત થઈ ઊઠે છે અને આત્માની ઊંચાઈઓ તરફ જાય છે.

પરમાત્મા પ્રત્યે નમ્રતા એ આધ્યાત્મિક જીવનનું પ્રથમ લક્ષણ છે અને આધ્યાત્મિક ગર્વ, ઉદ્ધતાઈ અથવા મિથ્યાભિમાન અને આત્મસ્થાપન નીચે ધકેલે છે; પરંતુ પરમાત્મામાં શ્રદ્ધા અને પોતાની આધ્યાત્મિક નિયતિમાં શ્રદ્ધા (એટલે કે મારું હૃદય અને અંતરાત્મા પરમાત્માની શોધ કરે છે તેથી તેમને પ્રાપ્ત કરવામાં હું નિષ્ફળ નહિ થઉં) એ વસ્તુઓ આ માર્ગમાં આવતી મુશ્કેલીઓ માટે ખૂબ જરૂરી વસ્તુ છે. બીજાઓ પ્રત્યે ધિક્કારની ભાવનાને તો આમાં સ્થાન જ નથી, કારણ કે પરમાત્મા બધામાં રહેલો છે એટલે એ સ્પષ્ટ છે કે માનવીની પ્રક્રિયાઓ અને અભીપ્સાઓ નાની સૂની કે કિંમત વગરની નથી, કારણ કે સમગ્ર જીવન અંધકારમાંથી પ્રકાશ તરફ જવાનો આત્માનો વિકાસ છે. પરંતુ આપણું માનવ મન જે પ્રકારના સામાન્ય સાધનોને સ્વીકારે છે, જેવાં કે રાજકારણ, સામાજિક સુધારા, ભ્રાતૃભાવ ઇત્યાદિ તેમના વડે માનવ જાતિ તેની મર્યાદાઓમાંથી બહાર નીકળીને વિકાસ સાધી શકશે નહિ – આ બધા સાધનો કામચલાઉ અથવા સ્થાનિક ઉપશામક સાધનો બની શકે. સાચી મુક્તિમાં ચેતનાનું રૂપાંતર છે, સ્વરૂપના એક વધારે મહાન, વધારે વિશાળ અને વધારે વિશુદ્ધ માર્ગ છે, તે આપણા જીવનના અને કાર્યના પાયાના પરિવર્તન ઉપર આધાર રાખે છે. એક વખત આધ્યાત્મિક નવસંસ્કરણ પૂર્ણ થાય પછી આપણી બધી શક્તિઓ તે માર્ગે વાળવી જોઈએ. આ વસ્તુમાં કોઈ ઘૃણા રહેલી નથી, પરંતુ જે સાધનો બિનઅસરકારક બન્યા છે તેનાથી વધારે અસરકારક સાધનો માટેની પસંદગી છે.

*

તે વસ્તુને તે પ્રમાણે મૂકી શકાય : પરંતુ સદ્ગુણી માણસો કે પાપી માણસો તરીકેનું વર્ણન એ ખોટું વર્ણન છે; કારણ કે એ સાચું નથી કે સદ્ગુણી લોકો પાપી કરતાં વધારે સહન કરે છે; ઘણા પાપી લોકો એવા હોય છે જેઓ પ્રભુ પ્રત્યે વળવા માટે તૈયાર થતા હોય છે અને સદ્ગુણી માણસોને, તેઓ જેટલું ધારે તેના કરતાં પણ ઘણી વધારે જિંદગીઓનો તેમણે લાંબો માર્ગ પસાર કરવાનો હોય છે.

*

શ્રદ્ધા, સચ્ચાઈ, અભીપ્સા, ભક્તિ વગેરે જેવાં ગુણો આપણે જે પુષ્પો માટે સૂચક ભાષા વાપરીએ છીએ તેવા ગુણોની પૂર્ણતા તરફ લઈ જાય છે. સામાન્ય ભાષામાં તેમનો અર્થ જુદો જ થાય છે જેવો કે વિશુદ્ધિ, પ્રેમ, ઉપકાર વૃત્તિ, વફાદારી અને બીજા બધા ઘણા ગુણોનો સમુદાય.

*

ચૈત્ય પુરુષને અગ્રભાગે લાવો અને તેનું ત્યાં સ્થાપન કરો. તેની શક્તિને મન, પ્રાણ અને શારીરિક ઉપર મૂકો, જેથી તે તેની એકલક્ષી અભીપ્સા, વિશ્વાસ, શ્રદ્ધા અને સમર્પણના બલોનો તેમની સાથે વ્યવહાર કરીને સીધે સીધી અને તાત્કાલિક રીતે પ્રકૃતિમાં રહેલી અનિષ્ટ વસ્તુઓને શોધી શકે; તે વસ્તુઓ અહંકાર અને ભૂલથી ભરેલી હોય છે અને સત્યથી વેગળી હોય છે.

અહંને તેના તમામ સ્વરૂપોમાંથી બાતલ કરી નાખો : તમારી ચેતનાની દરેક ગતિમાંથી તેને દેશવટો આપો.

વૈશ્વિક ચેતનામાં વૃદ્ધિ કરો – અહંકેન્દ્રિત દૃષ્ટિબિંદુને વિશાળતામાં, અવૈયકિતકતામાં, વિશ્વરૂપ પરમાત્મામાં અદૃશ્ય થવા દો, વિશ્વરૂપ બલોનું દર્શન તથા સાક્ષાત્કાર તેમ જ વિશ્વરૂપ આવિર્ભાવની સમજ, તેમ જ પરમાત્માની લીલાનો અનુભવ કરવા દો.

અહંકારની જગાએ તમારા સાચા સ્વરૂપની શોધ કરો, તે પરમાત્માનો અંશ છે, તેનું સર્જન જગજ્જનનીમાંથી થયેલું છે અને તે આવિર્ભાવનું કરણ છે. પરમાત્માના અંશ તરીકે તથા તેના કરણ તરીકેના જ્ઞાન તરીકે તેણે સર્વ અભિમાન, અહંકારની માગણી અથવા હકમાંથી અથવા સર્વોત્તમતા વિષે પોતાના અગ્રેસરપણાની માગણી અથવા કામનામાંથી મુકત થવું જોઈએ કારણ કે જો આ બધા તત્ત્વો તેમાં રહેલા હોય તો તે તમારું સાચું સ્વરૂપ નથી.

ઘણા ખરા માણસો યોગ કરતી વખતે પોતાના મન, પ્રાણ અને શરીરમાં રહે છે અને કવચિત અથવા થોડે અંશે ઉચ્ચતર કે પ્રકાશમય મનથી પ્રકાશિત બને છે, પરંતુ અતિમનસ રૂપાંતર માટે તૈયાર થવા માટે એ ખાસ જરૂરી છે કે જેવો સમય પાકે કે તરત જ અંગત રૂપે અંતઃસ્ફૂરણા અને અધિમનસ પ્રત્યે ખુલ્લાં થવું, જેથી કરીને આ બધી વસ્તુઓ તેમના સમગ્ર સ્વરૂપને તેમ જ સમગ્ર પ્રકૃતિને અતિમનસ રૂપાંતર માટે તૈયાર કરે. તમારી ચેતનાને સ્થિરતાથી વિકસિત થવા દો, વિશાળ બનવા દો, અને આ બધી વસ્તુઓનું જ્ઞાન ક્રમશઃ તમારી અંદર આવશે.

સ્થિરતા, વિવેક, અનાસકિત (ઉપેક્ષા નહિ) બધાં જ ઘણાં અગત્યના છે, કારણ કે તેમની વિરોધી વસ્તુઓ રૂપાંતરના કાર્યમાં ખૂબ રૂકાવટ કરે છે. અભીપ્સાની તીવ્રતા ત્યાં હોવી જ જોઈએ, પરંતુ તે આ બધી વસ્તુઓની સાથે હોવી જોઈએ. કોઈ ખોટી ઉતાવળ નહિ, કોઈ પ્રમાદ નહિ, રાજસિક અથવા વધારે પડતી તીવ્ર આતુરતા પણ નહિ, તેમ જ તાપસિક નિરાશા પણ નહિ, એક સ્થિર, ખંતપૂર્વકનો

પણ શાંત પુકાર અને કાર્ય હોવાં જોઈએ. સાક્ષાત્કાર માટે ખેંચતાણ નહિ, પરંતુ અંદરથી તેમ જ ઊર્ધ્વમાંથી સાક્ષાત્કારને આવવા દેવો, અને તેના ક્ષેત્રનું, તેની પ્રકૃતિનું અને તેની મર્યાદાનું સ્પષ્ટ નિરીક્ષણ કરવું.

માતાજીની શકિતને તમારી અંદર કાર્ય કરવાની મંજૂરી આપો, પરંતુ તેમાં ખાસ ધ્યાન રાખો કે કોઈ મિશ્રણ, અથવા બીજી કોઈ વસ્તુ તેની જગાએ ન આવે, કોઈ વિશાળ દેખાતું અહંકારનું કાર્ય, અથવા અજ્ઞાનનું કોઈ બલ, સત્ય તરીકે તમારી પાસે ખોટી રીતે રજૂ ન થવું જોઈએ. તમારી પ્રકૃતિમાં રહેલી સમગ્ર તમોગ્રસ્તતા અને અચેતનતાનો પરિત્યાગ કરવા માટે ખાસ અભીપ્સા કરો.

અતિમાનસ રૂપાંતરની તૈયારીઓ માટે આ બધી મુખ્ય શરતો છે; પરંતુ આમાંની કોઈ પણ સહેલી નથી અને પ્રકૃતિને તે માટે તૈયાર થઈ ગઈ એમ કહી શકાય તે પહેલાં તે શરતો પૂર્ણ થયેલી હોવી જોઈએ. જો સાચા વલણનું (ચૈતસિક બિન-અહંકારી તથા ફક્ત દિવ્ય શક્તિ પ્રત્યે જ ખુલ્લું થયું હોય તેવું) સ્થાપન થઈ શકે તો પ્રગતિ વધારે ઝડપી રીતે બની શકે. સાચા વલણને સ્વીકારી, તેને ટકાવી રાખવું, પોતાની જાતના રૂપાંતર માટે તેનો વિકાસ કરવો, એ જ એક મદદરૂપ બની શકે છે, અને સર્વસામાન્ય રૂપાંતર માટે તે એક વસ્તુની જ માગણી કરવામાં આવે છે.

*

તમારા પત્રના ઉત્તમ ઉત્તર માટે, મને લાગે છે કે, તેમાં ગર્ભિત રહેલા પ્રશ્નોને છુટા છુટા લઈને આપવો જોઈએ. તમે તારતમ્ય કાઢયું છે કે, પૂર્વ દેશની પ્રકૃતિ વિનાના માણસો માટે યોગ શકય નથી, તેનાથી હું શરૂઆત કરીશ.

આવી ફલશ્રુતિ માટે મને કોઈ ભૂમિકા દેખાતી નથી; તે બધી જ અનુભૂતિથી ઉલટી છે. યુરોપિયનોએ સદીઓ સુધી આધ્યાત્મિક તપસ્યાઓની સફળતાપૂર્વક સાધના કરેલી છે. તે લગભગ પૂર્વના દેશોની માફક જ બનેલું છે અને તેમણે આંતર જીવનના માર્ગનું પણ અનુસરણ કરેલું છે, જે જીવન તેમને પૂર્વના દેશો તરફથી પ્રાપ્ત થયેલું તેમની બિન પૌર્વાત્ય પ્રકૃતિ તેમના માર્ગમાં કોઈ વિઘ્નરૂપ બનેલી નથી. પ્લોટિનસનું વલણ તથા અનુભૂતિઓ અને યુરોપિયન યોગીઓએ તેની પાસેથી જે પ્રાપ્ત કર્યું તે એકરૂપ હતું. હાલમાં નિરીક્ષણ કરતાં તેમનું વલણ અને અનુભૂતિઓ ભારતના એક પ્રકારના યોગની જેવાં જ બરાબર હતાં. ખાસ કરીને જ્યારથી ક્રિશ્ચિયાનિટિનો પ્રવેશ થયો ત્યારથી યુરોપિયનોએ તેની યૌગિક સાધનાઓનું અનુસરણ કર્યું, જે એશિયાની સાધનાની સાથે સારભૂત તત્ત્વમાં એકરૂપ હતું, ભલે

પછી તેના સ્વરૂપોમાં, નામમાં અથવા પ્રતીકોમાં તે ભિન્ન હોય. જો પ્રશ્ન ફક્ત ભારતીય યોગ અને તેના લાક્ષણિક રૂપો વિષેનો હોય તો અહીં પણ આ ધારી લીધેલી તેમની અશક્તિ અનુભૂતિની વિરુદ્ધ છે. પ્રાચીન સમયમાં પશ્ચિમના ગ્રીક અને સિન્થિયન લોકો તથા પૂર્વના ચીનના અને જાપાનના તથા કંબોડિયાના લોકો, કોઈ પણ મુશ્કેલી વગર બુદ્ધવાદીઓની અથવા હિંદુઓની સાધનાનું અનુસરણ કરી શકયા : હાલમાં પશ્ચિમના લોકોએ વેદાન્તની અથવા વૈશ્ણવોની તથા બીજી ભારતીય આધ્યાત્મિક પ્રણાલિઓ અપનાવેલી છે અને આ અશકિત અથવા તેમની અયોગ્યતા કોઈ પણ બાજુએથી, નહિ સાધકો તરફથી કે નહિ ગુરુઓ તરફથી સાબિત કરાયેલી નથી. તેમ જ મને પોતાને આ ખાઈ શા માટે પૂરી શકાય નહિ એ સમજાતું નથી; કારણ કે પૂર્વના આધ્યાત્મિક જીવનમાં કે પશ્ચિમના આધ્યાત્મિક જીવનમાં કોઈ પણ પ્રકારનો તાત્ત્વિક ભેદ છે જ નહિ. જે કોઈ ભેદ હોય તે નામો, રૂપો કે પ્રતીકોમાં જ છે અથવા એક યા બીજા વિશિષ્ટ લક્ષ્ય ઉપર વધારે ઝોક આપેલો હોય, અથવા મનોમય અનુભૂતિની કોઈ એક યા બીજી બાજુ હોય. આ રીતે જે એક ક્રિશ્ચિયન લેખકે, (જેણે તમારા મિત્ર યેંગુની માફક આ પંડિતાઈ ભરેલી ઝીણી ઝીણી ભેદવૃત્તિઓમાં ભાગ લીધો લાગતો નથી), એવો આરોપ મૂકેલો છે કે ભારતીય આધ્યાત્મિક વિચારસરણી અને જીવન ફક્ત પરાત્પર તત્ત્વને જ માન્ય રાખે છે, અને અનુસરે છે, તથા સર્વવ્યાપક દિવ્ય તત્ત્વની ઉપેક્ષા કરે છે. જ્યારે ક્રિશ્ચિયાનિટિ બન્ને પાસાંઓને સ્વીકારે છે. પરંતુ ખરી હકીકત તો ભારતીય આધ્યાત્મિકતાએ જો કે અંતિમ ભાર નામ અને રૂપથી પર રહેલા ઉચ્ચતમ પરમ તત્ત્વ ઉપર મૂકેલો હોવા છતાં, જગતમાં તેમ જ માનવીમાં રહેલા પ્રચ્છન્ન પરમાત્માને પણ વિશાળ માન્યતા આપેલી છે. એ સાચી હકીકત છે કે ભારતીય આધ્યાત્મિકતામાં વધારે વિશાળ અને વધારે ઝીણવટભર્યું જ્ઞાન રહેલું છે; તેણે હજારો ભિન્ન ભિન્ન માર્ગોનું અનુસરણ કરેલું છે, પરમાત્મા પ્રત્યેના દરેક અભિગમને માન્યતા આપેલી અને પશ્ચિમની તાલીમના કરતાં ઘણા વિશાળ ક્ષેત્રોમાં પ્રવેશ મેળવેલો છે. તેમ છતાં મૂળભૂત સારતત્ત્વોમાં તેનાથી કોઈ ફેર પડતો નથી અને અગત્યની વસ્તુ મૂળભૂત તત્ત્વ છે.

ઘણા પશ્ચિમના માણસો ભારતના યોગની સાધના કરી શકે છે તેના માટે તમે એવું કારણ આપેલું છે કે તેમના યુરોપિયન અથવા અમેરિકન શરીરમાં ભારતીય પ્રકૃતિ રહેલી છે. તમે કહો છો કે જેવી રીતે ગાંધી આંતરિક રીતે નૈતિકવાદી પશ્ચિમના અને ક્રિશ્ચિયન માનવી છે તે પ્રમાણે આશ્રમના બીજા બિનપૂર્વીય માનવીઓ તાત્ત્વિક રીતે હિંદુ દષ્ટિબિંદુવાળાં છે. પરંતુ આ હિંદુ દષ્ટિબિંદુ એટલે ખરેખર કેવું

દૃષ્ટિબિંદુ? મને તેમની પોતાની અંદર એવું કાંઈ દેખાયું નથી જેનું તે પ્રમાણે વર્ણન કરી શકાય. તેમ જ માતાજીને પણ તે પ્રમાણે દેખાયું નથી – મારો પોતાનો અનુભવ તમારી સમજૂતિથી બિલકુલ ભિન્ન છે. મને સિસ્ટર નિવેદિતાનો ઘણો પરિચય હતો. (તેઓ રાજકીય ક્ષેત્રમાં ઘણા વર્ષો સુધી મિત્ર અને સાથી તરીકે રહેલાં) અને હું સિસ્ટર ક્રિસ્ટિનને પણ મળેલો - તે બન્ને વિવેકાનંદના ખૂબ નજીકનાં શિષ્યાઓ હતાં. બન્ને છેક છેવટના બિંદુ સુધી પશ્ચિમનાં જ હતાં અને તે બન્નેમાં કોઈ પણ પ્રકારનું હિંદુ દૃષ્ટિબિંદુ નહોતું; જો કે સિસ્ટર નિવેદિતામાં (એક આઈરિશ સન્નારીમાં) તેમની આસપાસ રહેલાં લોકોમાં તથા તેમની રહેણીકરણીમાં તીવ્ર સહાનુભૂતિની એક આંતર – વેધક શકિત હતી, તેમ છતાં તેમની પ્રકૃતિ છેવટના અંતભાગ સુધી બિનપૂર્વીય જ રહેલી. તેમ છતાં વેદાન્તની વિચારસરણીનું અનુસરણ કરવામાં તેમને કોઈ મુશ્કેલી જણાઈ નહોતી. આ આશ્રમમાં પણ પશ્ચિમમાંથી તેવા સાધકો આવેલા છે (તેમાં જેઓ અહીં ઘણા લાંબા સમયથી રહેલા છે તેમનો પણ હું સમાવેશ કરું છું) જેઓ સ્વભાવથી પશ્ચિમી પ્રકારના છે અને તેમના ગુણો પણ તેવા છે અને તેમનામાં પણ પશ્ચિમી માનસની તકલીફો છે અને તે મુશ્કેલીઓ સાથે તેમને પણ કામ પાડવું પડેલું છે; તે જ પ્રમાણે ભારતીય સભ્યોને પણ તેમના સ્વભાવગત મર્યાદાઓની સાથે અને સાધના અનુસાર ઉત્પન્ન થયેલી મુશ્કેલીઓ તથા તેમની મર્યાદાઓ સાથે સંઘર્ષમાં ઉતરવું પડયું છે. બેશક તેમણે યોગની શરતોનો સ્વીકાર કરેલો છે, પરંતુ તેઓ જ્યારે અહીં આવ્યા ત્યારે તેમનું દૃષ્ટિબિંદુ હિંદુઓનું નહોતું, અને મને લાગતું નથી કે તેમણે તેવું દૃષ્ટિબિંદુ અપનાવવા પ્રયત્ન કર્યો હોય. શા માટે તેમણે તે પ્રમાણે કરવું જોઈએ? યોગમાં ભારતીય દૃષ્ટિબિંદુ કે પશ્ચિમનું દૃષ્ટિબિંદુ; એ અગત્યનું નથી, પરંતુ ચૈતસિક ફેરફાર અને આધ્યાત્મિક ઝંખનાની જરૂર છે, અને આ બધી વસ્તુઓ તો સર્વત્ર રહેલી છે.

યોગના દૃષ્ટિબિંદુથી ભારતના સાધક અને પશ્ચિમમાં જન્મેલા સાધક વચ્ચે કયા તફાવતો રહેલા છે? તમે એમ કહો છો કે ભારતના સાધકને તેના માટે અર્ધો યોગ કરાયેલો જ હોય છે – પ્રથમ કારણમાં તેનો ચૈત્ય પુરુષ પરાત્પર પ્રત્યે ઘણો જ સીધી રીતે ખુલ્લો હોય છે, તે વિશેષણને છોડી દઈએ તો (કારણ કે એવા ઘણા માણસો નથી જેઓ તેમની પ્રકૃતિથી પરાત્પર પ્રત્યે ખેંચાતા હોય, ઘણા માણસો વૈયકિતક પરમાત્માની શોધને પસંદ કરે છે, અહીં ગુપ્ત રહેલા પરમાત્માને, અને ખાસ કરીને તેઓને માનવ શરીરમાં પ્રભુ મળે તે માટે ખાસ પ્રયત્ન કરે છે; એમાં શંકા નથી કે તેમાં ફાયદો છે. ભારતમાં રહેલી આધ્યાત્મિક શોધનું તથા સાધના અને અનુભૂતિનું વાતાવરણ હજુ સુધી મજબુત રીતે ટકી રહેલું છે, તેમાંથી તે

ઉત્પન્ન થયેલું છે જ્યારે યુરોપમાં તે વાતાવરણ અદૃશ્ય થઈ ગયેલું છે, પ્રણાલિકામાં ભંગ પડેલો છે અને તે બન્નેનું ફરીથી નવસર્જન કરવાનું છે. યુરોપિયન માનસમાં રહેલા **વિશિષ્ટ** શંકાના કીડાનો પણ તેમાં અભાવ છે અથવા એમ વધારામાં કહી શકાય કે યુરોપીકરણવાળા ભારતીયોના માનસમાં રહેલા માનસમાં પણ એમ કહી શકાય કે ભારતીય સાધકમાં તે પ્રકારની વ્યાવહારિક અને સક્રિય પ્રકારની શંકાને તે વસ્તુ અટકાવી શકતી નથી. પરંતુ જ્યારે તમે માનવ સાથીદારો સાથે જે પ્રકારની ઊંડી લાગણી હોવી જોઈએ તે પ્રત્યે તેઓ ઊપેક્ષાવૃત્તિ રાખે છે, ત્યારે તમે શું કહેવા માગો છો તે મને સમજાતું નથી. મારો પોતાનો એવો અનુભવ છે કે માણસો સાથેની આસક્તિ – માતા પ્રત્યે, પિતા, પત્ની, બાળકો અને મિત્રો સાથેની આસકિત – તેને ફરજની ભાવનામાંથી અથવા સામાજિક સંબંધોમાંથી ઉદ્‌ભવતી નથી, પરંતુ ગાઢ હૃદયની ગાંઠવાળો પ્રેમ જેટલો યુરોપમાં સમર્થ છે તેટલો જ અથવા તેનાથી વધારે ઉત્કટ છે; આ યોગમાર્ગમાં તે ખલેલ કરતાં બળોમાંનું એક બળ છે. કેટલાક લોકો આ ખેંચાણને તાબે થઈ જાય છે અને ઘણા આગળ પડતા સાધકો પણ તેમના લોહીમાંથી અથવા પ્રાણના તંતુઓમાંથી મુકત બનવા શકિતશાળી નથી. બીજાઓ સાથે 'એક આધ્યાત્મિક' અથવા 'ચૈતસિક' સંબંધ સ્થાપિત કરવા માટેની પ્રેરણા – અને તે તેમના લક્ષ્યમાંથી આડમાર્ગે દોરી જનારું પ્રાણનું એક મિશ્રણ હોય છે અને તે જીદ્દી રીતે વળગી રહેલું સામાન્ય લક્ષણ છે. અહીં પશ્ચિમના અને પૂર્વના માણસોની પ્રકૃતિનો કોઈ ભેદ નથી. ફકત ભારતનું શિક્ષણ ઘણા લાંબા સમયથી ટકી રહેલું છે કે બધાએ પરમાત્મા પ્રત્યે જ વળવાનું છે અને બાકીની બીજી બધી વસ્તુઓને ગૌણ ગતિઓ જાણવાની છે અથવા તો પ્રથમ પગથિયાં તરીકે તેમનું ઊર્ધ્વીકરણ કરીને પરમાત્માની શોધ તરફ જ તેમને વાળવાની છે. ભારતીય સાધકને આ વસ્તુ અવશ્ય મદદરૂપ નીવડે છે, તે કેવળ એકલક્ષી હૃદયવાળું તાત્કાલિક બની જતું નથી. પરંતુ તે પોતાના ધ્યેય પ્રત્યે વધારે પૂર્ણ રીતે પોતાની જાતનું નવસર્જન કરી શકે છે. તેના માટે કાયમ ફકત એક પરમાત્માનું જ લક્ષ્ય નથી હોતું, જો કે તે હોવું તે ઉચ્ચતમ અવસ્થા ગણાય છે, પરંતુ પરમાત્માને સૌથી મુખ્ય અને પ્રથમ વસ્તુના આદર્શ તરીકે તે સહેલાઈથી સ્વીકારી શકે છે.

ભારતીય સાધકને યોગના અભિગમમાં તેની પોતાની મુશ્કેલીઓ હોય છે – ખાસ કરીને આ મારા યોગમાં. તેમાં પશ્ચિમના સાધકમાં તે પ્રમાણે ઓછું હોય છે. જે લોકો પશ્ચિમની પ્રકૃતિમાં જન્મેલા હોય છે તેઓ તાત્કાલિક ભૂતકાળના યુરોપિયન માનસની પ્રબળ વિચારસરણીવાળા હોય છે. એક મૂળભૂત શંકાની મહાન તૈયારી

તથા વહેમવાળું અનડાપણું હોય છે; તેમનામાં એક મનોમય અક્રિયતાની પ્રકૃતિ – દત્ત ટેવ હોય છે જે પૂર્ણ મનોમય નીરવતા પ્રાપ્ત કરવામાં ઘણી મુશ્કેલી ઉત્પન્ન કરે છે; એક સક્રિય જીવનની સમૃદ્ધિમાંથી જન્મેલી બાહ્ય વસ્તુઓ પ્રત્યેનો સમર્થ વળાંક હોય છે (જ્યારે સામાન્ય તથા ભારતીય માનવી એક નિરાશાજનક અથવા દબાઈ ગયેલ પ્રાણમય શકિતની ક્ષતિઓને લઈને સહન કરે છે); પશ્ચિમના લોકોમાં એક મનોમય અને પ્રાણમય આત્મ પ્રક્ષેપ, અને કેટલીક વખત જુલ્મી હદ સુધી જતી સ્વતંત્રતા હોય છે, જેને લઈને મહત્તર પ્રકાશ અને જ્ઞાન તથા દિવ્ય અસર પ્રત્યે પણ આત્મસમર્પણ કરવું તેમને મુશ્કેલ લાગે છે – આ બધા વારંવાર આવતા વિઘ્નો હોય છે. પરંતુ આ બધી વસ્તુઓ બધા જ પશ્ચિમના માણસો માટે સર્વસામાન્ય નથી, અને તેનાથી ઊલટું આ બધી વસ્તુઓ, ઘણા ભારતના સાધકોમાં પણ હાજર હોય છે; તે બધી મુશ્કેલીઓ વિશિષ્ટ ભારતીય પ્રકારની હોય છે, અતિ કલ્પનામય સર્જનો હોય છે જેમાં સ્વરૂપનું મૂળભૂત બીજ પણ ન હોય. તે બધી વસ્તુઓ આત્માના માર્ગમાં કાયમી વિઘ્ન તરીકે રહેતી નથી. પરંતુ તેના માટે આત્માની અભીપ્સા, મજબુત અને મક્કમ હોવી જોઈએ અને જીવનની મુખ્ય વસ્તુ જો આધ્યાત્મિક લક્ષ્ય હોય તો તે એવા વિઘ્નો છે જેને અંતરાત્મામાં રહેલો અગ્નિ સહેલાઈથી બાળી શકે, પરંતુ તેને માટે તે વસ્તુઓમાંથી મુકત થવાનો સંકલ્પ મજબુત હોવો જોઈએ અને છેવટે તે બધી વસ્તુઓ તે અગ્નિમાં પ્રજ્જવલિત થઈ શકશે – જો કે તે બહુ સહેલું નથી – કારણ કે બાહ્ય પ્રકૃતિ તે વસ્તુઓને મજબુત રીતે વળગી રહે છે અને તેમને ન્યાયી ઠેરવે છે – પરંતુ તેને માટે એ શરત ખૂબ જરૂરી છે કે તે સર્વની પાછળ એક કેન્દ્રીભૂત સંકલ્પનો અગ્નિ હોવો જોઈએ અથવા તે ઊંડી ઝંખનાવાળો અને સચ્ચાઈપૂર્ણ તથા સત્યનિષ્ઠ હોવો જોઈએ.

તમારું તારતમ્ય કે પશ્ચિમના માણસ માટે ભારતનો યોગ અશકય છે, તે તમારી પોતાની મુશ્કેલીઓ અને નિરાશાની લાગણીમાંથી જન્મેલી લાગણી છે. તમે એટલી જ મહાન મુશ્કેલીઓ અથવા તેનાથી વધારે લાંબા સમય સુધી ટકી રહેલી મુશ્કેલીઓ બીજાઓને પણ સહન કરવી પડેલી છે તે તમે જોયેલું નથી. યોગનો માર્ગ ભારતીય કે યુરોપિયન માનસ માટે, કોઈ માટે સુંવાળો કે સરળ નથી; તેમની સામાન્ય માનવ પ્રકૃતિ માટેનો એ વિષય છે. દરેકને પોતાની મુશ્કેલીઓ પ્રચંડ અને મૂળભૂત રીતે સુધારી ન શકાય એવી કાયમી અને જીદ્દી લાગે છે અને વિષાદ, નિરાશા અને કટોકટીના લાંબા ગાળાઓ પસાર કરાવે છે. પૂરતા પ્રમાણમાં શ્રદ્ધા હોવાનું અથવા પુરતા પ્રમાણમાં ચૈતસિક દર્શન હોવાનું અને તાત્કાલિક

પ્રતિકાર કરવાનું અને ઓચિંતા જ પ્રતિકાર કરીને આ હુમલાઓને હટાવવાની શકિત એકસો માણસોમાંથી બે કે ત્રણમાં જ આપવામાં આવેલી હોય છે, પરંતુ કોઈ પણ વ્યકિતએ એક ચોક્કસ વિચાર પકડી રાખવો ન જોઈએ કે પોતાનામાં અશકિત છે અથવા પોતાના ઉપર તેનો મહાન બોજો છે; કારણ કે આવા વલણ માટે કોઈ વાજબી કારણ નથી, અને તેવું વલણ નિરર્થક રીતે માર્ગને વધારે મુશ્કેલ બનાવે છે. જ્યારે એક પણ આત્મા એક વખત સજાગ બને ત્યારે તેની અંદર એક ચોક્કસ પ્રકારની શકિત ઉત્પન્ન થાય છે જે બહારની સપાટી ઉપર રહેલી બધી ક્ષતિઓને ઓળંગી જઈને છેવટે વિજયી બનશે જ.

(જો તમે કાઢેલું તારણ સાચું હોય તો આ યોગનો સમગ્ર હેતુ મિથ્યા વસ્તુ બની જાય; કારણ કે આપણે કોઈ જાતિ માટે કે કોઈ લોકો માટે અથવા કોઈ ભૂખંડ માટે કે કેવળ ભારતીય લોકો માટે અથવા પૂર્વના લોકો માટે કાર્ય કરતા નથી, તેમ જ આપણા યોગનું લક્ષ્ય કોઈ ધર્મની સ્થાપના કરવાનું કે તત્ત્વજ્ઞાનની શાખાનું કે યોગની શાખાનું સ્થાપન કરવાનો નથી. પરંતુ આપણે એક આધ્યાત્મિક વિકાસ અને અનુભૂતિની ભૂમિકાનું સર્જન કરવાનું છે તથા એક એવા માર્ગની શોધ કરવાની છે જે મનના સત્ય કરતાં વધારે મહાન સત્યને નીચે ઉતારી લાવે, પરંતુ એ એવું સત્ય ન હોય જે માનવ આત્મા અને ચેતના માટે અપ્રાપ્ય હોય. તે સત્ય પ્રત્યે જેઓ આકર્ષાયા હોય તેમાંથી તે સર્વ પસાર થઈ શકે. પછી તે ભારતના લોકો હોય અથવા બીજા કોઈ પ્રદેશના, પૂર્વમાંથી આવતા કે પશ્ચિમમાંથી આવતા લોકો હોય. બધાને તેમની અંગત અથવા સામાન્ય માનવ પ્રકૃતિમાં મુશ્કેલીઓ પ્રાપ્ત થાય પરંતુ તેના માટે તેમનું શારીરિક મૂળ અથવા તેમની જાતિનો સ્વભાવ તેમની મુકિત માટે અનુલ્લંઘનીય વિઘ્ન ન હોઈ શકે.)

૨

(આ યોગ માટે) એક જ અનિવાર્ય શરત છે, સત્યનિષ્ઠા.

*

સત્યનિષ્ઠા એક સાદું વિશેષણ છે અને તેનો અર્થ કે સંકલ્પ એક સાચો સંકલ્પ હોવો જોઈએ. જો તમે ફક્ત એવું વિચારો કે "હું અભીપ્સા કરું છું" અને તે અભીપ્સાની સાથે સુમેળમાં ન હોય તેવી વસ્તુઓ કરો, અથવા તમારી

કામનાઓનું અનુસરણ કર્યા કરો અથવા વિરોધી અસરો પ્રત્યે તમારી જાતને ખુલ્લી કરો, તો તમારો તે સંકલ્પ સચ્ચાઈભર્યો નથી.

*

એ સાચું છે કે એક કેન્દ્રસ્થ સત્યનિષ્ઠા હોવી એટલું જ પૂરતું નથી સિવાય કે તે શરૂઆત માટે તથા મૂળભૂત પાયા માટે જરૂરી છે. પરંતુ તમે કહો છો તે પ્રમાણે સચ્ચાઈ સંપૂર્ણ પ્રકૃતિમાં ફેલાયેલી હોવી જોઈએ.

પરંતુ તેમ છતાં, સિવાય કે તમારામાં દ્વિવિધ પ્રકૃતિ હોય ત્યાં સુધી (એક કેન્દ્રસ્થ સંવાદ સાધનારી પ્રકૃતિ ન હોય) તો પણ સત્યનિષ્ઠાનો પાયો તે વસ્તુ બનવા માટે સામાન્યતયા પુરતો ગણાય છે.

*

જ્યારે સમગ્ર વસ્તુઓ એક જ સત્યની સાથે સંમત હોય અથવા એક જ સત્યની અભિવ્યક્તિ હોય, ત્યારે તે સંવાદ કહેવાય છે.

*

પ્રાણમાં સચ્ચાઈ હોવી એ સૌથી મુશ્કેલ વસ્તુ છે, પરંતુ તે સૌથી જરૂરી છે.

*

તમે તમારી પ્રકૃતિમાં રહેલી બિનસચ્ચાઈની વાત કરો છો. બિનસચ્ચાઈ એટલે સ્વરૂપના કોઈ ભાગ પાસે ઉચ્ચતમ પ્રકાશ હોય અને તેમ છતાં તે પ્રમાણે જીવવાની નામરજી દર્શાવતો હોય અથવા માનવીનું આંતર સ્વરૂપ બાહ્ય સ્વરૂપની સાથે મેળમાં ન હોય, તો સ્વરૂપનો આ ભાગ બધામાં કાયમ બિનસચ્ચાઈભર્યો કહેવાય. આનો એકમાત્ર માર્ગ છે આંતર સ્વરૂપ ઉપર વધારે ભાર મૂકીને તેનો ચૈતસિક અને આધ્યાત્મિક ચેતનામાં ત્યાં સુધી વિકાસ કરવો જ્યાં સુધી આ ચૈતસિક અને આધ્યાત્મિક ચેતના તે ભાગમાં અવતરણ કરીને બાહ્ય માનવીમાં રહેલા અંધકારને બહાર ન ફેંકી દે.

મેં કદી એમ કહ્યું નથી કે પરમાત્મા માટેના પ્રેમમાં પ્રાણનો કોઈ હિસ્સો નથી; ફક્ત તેણે (પ્રાણે) પોતાની જાતને ચૈત્ય પુરુષના પ્રકાશમાં વિશુદ્ધ બનીને ઉમદા બનવું જોઈએ. માનવીઓ વચ્ચેના સ્વ-પ્રેમવાળા પ્રેમના પરિણામો છેવટે એટલા બધા નિર્બળ અને વિરોધાભાસી હોય છે – અને હું સામાન્ય પ્રાણમય પ્રેમનો અર્થ તેવો કરું છું – તેથી મને વધારે નિર્મળ અને વધારે ઉમદા અને ઉચ્ચતર વસ્તુ પ્રાણમાં પણ જોઈએ છે, જેથી કરીને તે પરમાત્મા પ્રત્યે ગતિ કરી શકે.

*

માનવીઓ એટલા બધા મિશ્રણવાળા હોય છે અને તેમની પ્રકૃતિમાં ગુણો અને ક્ષતિઓ એવાં તો સેળભેળ થઈ ગયેલાં હોય છે કે તેમને છૂટાં પાડી શકાતાં નથી. માણસને શું બનવું છે, અથવા બીજાઓ તેનામાં શું જુએ એવી તે ઇચ્છા રાખે છે, અથવા તેની પ્રકૃતિની એક બાજુની પ્રકૃતિમાં અથવા સંબંધોમાં તે કેવો છે તે વસ્તુ અને હકીકતમાં તે પોતે કેવો છે તેમાં અથવા તેના સંબંધોમાં સાચે-સાચ કેવો છે અથવા તેની પ્રકૃતિની બીજી બાજુ કેવી છે તે વચ્ચે ઘણો મોટો તફાવત હોય છે. પૂરેપૂરા સત્યનિષ્ઠ, સરળ અને ખુલ્લાં બનવું એ માનવ પ્રકૃતિ માટે એટલી બધી સરળ સિદ્ધિ નથી. ફક્ત આધ્યાત્મિક પ્રયત્નથી જ માનવી તેનો સાક્ષાત્કાર કરી શકે છે – અને તે કરવા માટે એક સખત અંતર્મુખી આત્મદર્શનની જરૂર પડે છે, એક ખૂબ ઝીણવટભર્યું આત્મનિરીક્ષણ જરૂરી છે જે કરવા માટેની શકિત ઘણા સાધકો અને યોગીઓ પણ ધરાવતા નથી. તે કરવા માટે એક પ્રકાશ આપનારી પ્રભુકૃપા જોઈએ જે સાધકને પોતાની જાત પ્રત્યે ખુલ્લો કરે અને તેનામાં રહેલી ક્ષતિઓમાં રૂપાંતર લાવે. અને તે પણ ત્યારે જ બને જ્યારે તે સાધક દિવ્ય કાર્ય પ્રત્યે સંપૂર્ણતઃ મંજૂરી આપી પોતાની જાતનું અર્પણ કરે.

*

'ક્ષ' જો પોતાની સાધનાને અંત સુધી ચક્રાકારે ફરતી સાધનામાં ફેરવી નાખવા ન માંગતો હોય, અને નિષ્ફળ જઈને તેના ટુકડે ટુકડા તેને ન થઈ જવા દેવા હોય તો તેના માટે એક સચ્ચાઈપૂર્ણ અને સરળ ભાવથી, તેણે પોતાની જાતને સાચી ઠેરવવાના પ્રયત્ન કર્યા સિવાય કેટલીક વસ્તુઓ કરવી અત્યંત આવશ્યક છે.

આ યોગનું લક્ષ્ય એક ઉચ્ચતર દિવ્ય સત્ય પ્રત્યે ખુલ્લા થવાનું છે અને મન, પ્રાણ અને શરીરથી ઉપર ઊઠીને તે ત્રણેની સંકલ્પનાનું રૂપાંતર સાધવાનું છે. પરંતુ જ્યાં સુધી સમગ્ર **આધાર** મૂળભૂત રીતે ધીરજપૂર્ણ અને નમનીય તથા વિશુદ્ધ ન બને અને મનની રચનાઓ, પ્રાણમય પુરુષની કામનાઓ અને શારીરિક ચેતના અને શારીરિક પુરુષની ટેવોથી ઉપર રહેલી વસ્તુઓનો સ્વીકાર કરવા શકિતશાળી ન બને ત્યાં સુધી તે રૂપાંતર બની આવી શકે નહિ, અને પોતાના અચૂક આત્મતત્ત્વમાં પૂર્ણ પ્રકાશ, અને શારીરિકમાં તે દિવ્ય સત્યનું જ્ઞાન થઈ શકે નહિ.

(તેનું એક સૌથી સ્પષ્ટ વિઘ્ન, જેનો તે હજુ સુધી બિલકુલ નિકાસ કરી શક્યો નથી, તે એક મજબુત રાજસિક અહંકાર છે અને તે અહંકારને તેનું મન ન્યાયી ઠેરવે છે, અને તેને છુપાવે છે. પ્રાણમય અહંકારને માટે યોગનો બુરખો પહેરી લેવા જેટલી અનુકૂળ કોઈ બાબત નથી અને તે પોતાની જાત માટે એવી કલ્પના

કરે છે કે તે મુકત છે, દિવ્ય બનેલો છે તથા આધ્યાત્મિક સિદ્ધ છે અને બીજું ઘણું ઘણું છે અથવા તો તે અંતિમ ધ્યેય સુધી પ્રગતિ કરી રહ્યો છે; પરંતુ ખરેખર તે આ પ્રકારનું કાંઈ પણ કરતો નથી પરંતુ પોતાની જૂની જાતને નવા સ્વરૂપોમાં જુએ છે. જો માણસ પોતાની જાતનું સતત સચ્ચાઈપૂર્ણ રીતે નિરીક્ષણ ન કર્યા કરે તો, આ ચક્રમાંથી છટકવું અશકય છે.

આત્મવંચના કરનાર પ્રાણમય અહંકારને બાકાત કરવાની સાથે સાથે તેની સાથે જે જે વસ્તુઓ રહેલી છે, ખાસ કરીને મનોમય ભાગમાં – દા.ત. મનની ઉદ્ધતાઈ, દીર્ઘ ગ્રંથીની ભાવના અને જ્ઞાનનો દંભ, તે બધાં જ જવાં જોઈએ. તેણે બધાં બહાનાઓ અને દંભોને છોડી દેવાં જોઈએ; વ્યકિત પોતે જે નથી તે વિષેનો પોતાનો દંભ અને બીજા પાસે કરાતો દંભ, અને પોતે જાણતો ન હોવાં છતાં પોતે જાણે છે એવો દાવો અને પોતાની આધ્યાત્મિક કક્ષામાં પોતે ઘણે ઊંચે છે તેવા ખ્યાલનો ત્યાગ કરવો જ જોઈએ.

પ્રાણિક અહંકારની ઉપર તેની સામે જ શારીરિક પુરુષમાં એક તમસની મહાન ગ્રામ્યતા અને ભારેખમ વસ્તુ રહેલી હોય છે. તે વસ્તુને બાકાત કરવી જોઈએ નહિ તો પ્રાણમય સ્વરૂપ અને મનમાં પૂર્ણ પરિવર્તન લાવવામાં તે વિઘ્નરૂપ રહેશે.

જ્યાં સુધી આ બધી વસ્તુઓમાં મૂળભૂત ફેરફાર કરવામાં નહિ આવે ત્યાં સુધી મનોમય અને પ્રાણમય ભાગોમાં એક કામચલાઉ અને જોખમી સ્થિરતા અથવા સ્થાપના છેવટે મદદરૂપ બનશે નહિ. કોઈ મૂળભૂત પરિવર્તન આવશે નહિ, એક અવસ્થામાંથી બીજી અવસ્થામાં ફકત આવન-જાવન રહેશે, કેટલીક વખત તેની તે જ મુશ્કેલીઓ, દખલો અને ક્ષતિઓ આ પ્રકરણના અંત સુધી જીદ્દી રીતે ટકી રહેશે.

આ બધી વસ્તુઓમાંથી મુકિત પ્રાપ્ત કરવાની એક શરત છે, એક નિરપેક્ષ કેન્દ્રસ્થ સચ્ચાઈ. તે સમગ્ર સ્વરૂપમાં હોવી જોઈએ, અને તેનો અર્થ કે કેવળ સત્યનો જ આગ્રહ રાખવો અને બીજું કાંઈ નહિ પણ ફકત સત્ય જ. ત્યાર પછી જ આત્મ-વિશ્લેષણ માટેની તૈયારી આવશે અને પ્રકાશ પ્રત્યે ખુલ્લાપણું થશે, અને જયારે જયારે જૂઠાણું પ્રવેશ કરશે ત્યારે ત્યારે અસ્વસ્થતા આવશે અને તે છેવટે સમગ્ર સ્વરૂપનું વિશુદ્ધીકરણ કરશે.

આ બધી જ ક્ષતિઓ ઓછા વત્તા અંશે અને જુદી જુદી કક્ષાએ લગભગ દરેક સાધકમાં હોય છે; જો કે કેટલાક એવા પણ છે જેમને આ બધી સ્પર્શ કરતી નથી. જો જરૂરી સચ્ચાઈ હોય તો તે વસ્તુઓમાંથી મુકત થઈ જઈ શકાય છે.

પરંતુ જો તેઓ સ્વરૂપના કેન્દ્રસ્થ ભાગનો કબજો લે અને તેના વલણમાં ફેરફાર કરી નાખે, તો સાધક ખુલ્લી રીતે અથવા ગુપ્ત રીતે તેમને ટેકો આપ્યા કરે તો તેનું મન કાયમ તેમને ઢાંકવા માટે અને ન્યાયી ઠેરવવા માટે પ્રયત્ન કરશે અને આત્મ-વિશ્લેષણની સર્ચલાઈટથી દૂર રહેવા પ્રયત્ન કરશે અને ચૈત્ય-પુરુષની વિરુદ્ધ બંડ કરશે. તેનો અર્થ કે આ યોગમાં પ્રગતિ કરવાની અને પોતાના યોગના અસ્તિત્વની જ નિષ્ફળતા પ્રાપ્ત થશે.

*

એ બિલકુલ સ્વાભાવિક છે કે જ્યાં સુધી બધું સ્વચ્છ ના થાય ત્યાં સુધી (પ્રભુ) પ્રત્યેના વલણમાં ઘણું મિશ્રણ હોય છે – સામાન્ય પ્રકૃતિ પોતાના કાર્યને વળગી રહે છે અને તેથી પૂર્ણ રૂપાંતર એક બની શકે નહિ. મૂળભૂત ચેતના પરમાત્મામાં મક્કમ રીતે સ્થાપિત થયેલી હોવી જોઈએ એ ખાસ જરૂરી છે, ત્યાર પછી બાકીની બધી વસ્તુઓમાં રહેલું મિશ્રણ જોઈ શકાય અને તેની સાથે ધીરજપૂર્વક કાર્ય કરી શકાય. આ વસ્તુ બાહ્ય રીતે તેમ જ આંતરિક રીતે પ્રાપ્ત કરવાથી મહાન પ્રગતિ સાધી શકાય છે. સામાન્ય ક્રિશ્ચિયન માટે આ વસ્તુ સાથે સુમેળ સાધવો મુશ્કેલ છે કારણ કે ક્રાઈસ્ટનો બોધપાઠ, જેણે યુરોપિયન સમાજ અને શિક્ષણની તાલીમ લીધેલી છે તેવા બૌદ્ધિક અને પ્રાણમય ચેતનાવાળા મનુષ્ય કરતાં બિલકુલ ભિન્ન ભૂમિકાની વસ્તુ છે – અને આવો માનવી પછી ભલે તે પ્રધાન હોય કે પાદરી, જે સચ્ચાઈપૂર્વકનો ઉપદેશ આપે છે, તેને પૂર્ણ તાલીમમાંથી પસાર થવા માટે કદી કહેવામાં આવેલું નથી. પરંતુ કોઈ પણ જગાએ માનવ પ્રકૃતિ એક સાચી શ્રદ્ધા અને માન્યતા અથવા દર્શનના કેન્દ્રમાંથી જે વિચારે, અનુભવે અને કાર્ય કરે, તેનું અમલીકરણ કરવા માટે મુશ્કેલી અનુભવે છે. સામાન્ય હિન્દુ આધ્યાત્મિક જીવનને ઉચ્ચતમ માને છે; સંન્યાસીને માન આપે છે અને ભક્તને જોઈ ગદ્‌ગદ્ થઈ જાય છે; પરંતુ જો પોતાના કુટુંબના વર્તુળમાંથી કોઈ વ્યકિત આધ્યાત્મિક જીવન માટે જગતના જીવનનો ત્યાગ કરે તો તેઓ કેટલા બધા આંસુઓ પાડે છે, અને કેવી દલીલો કરે છે. ઠપકાઓ આપે છે અને વિલાપો કરે છે! તેણે કુદરતી મૃત્યુ પ્રાપ્ત કર્યું હોત તેના કરતાં પણ તેને વધારે ખરાબ વસ્તુ ગણે છે. તે સચેતન મનોમય સચ્ચાઈ નથી – તેઓ પંડિતો માફક દલીલો કરશે અને તમે ખોટા છો એમ સાબિત કરવા માટે શાસ્ત્રોના આધારો ટાંકશે. તે વસ્તુ અચેતના, પ્રાણમય બિનસચ્ચાઈ છે, જેના વિષે તેઓ સભાન નથી, અને તેને માટે તર્કયુકત બુદ્ધિની મદદનો આશરો લેશે.

એટલા માટે આ યોગમાં અમે સચ્ચાઈ માટે આટલો બધો આગ્રહ રાખીએ છીએ – અને તેનો અર્થ કે સમગ્ર સ્વરૂપ સચેતન રીતે એકમાત્ર સત્ય પ્રત્યે, એક જ પરમાત્મા તરફ, વળેલું હોવું જોઈએ. પરંતુ તે વસ્તુ માનવ પ્રકૃતિ માટે ઘણું કઠિન કાર્ય છે અને તે એક રૂઢ તપસ્યા અથવા તીવ્ર પવિત્રતા કરતાં પણ ઘણી વધારે મુશ્કેલ વસ્તુ છે. ધર્મ પોતે પણ આ પૂર્ણ સંવાદપૂર્ણ સચ્ચાઈ આપતો નથી – તે વસ્તુ તો કેવળ ચૈત્ય પુરુષ અને એક પોતાના આત્મા માટે અભીપ્સા આપી શકે છે.

૩

દિવ્ય સત્યના પૂર્ણ અવતરણ માટે જ અને આ જગતમાં રહેલા જૂઠાણાની ઉપર વિજય પ્રાપ્ત કરવા માટે જ આપણી અભીપ્સા હોવી જોઈએ.

*

જે લોકો અહીં આવે છે તેમનામાં એક અભીપ્સા અને શકયતા હોય છે – તેમના ચૈત્યપુરુષમાં કોઈક એવી વસ્તુ હોય છે જે તેમને એક આગળ ધક્કો મારે છે અને જો તેઓ તેને અનુસરે તો ચોક્કસ ત્યાં પહોંચશે જ; પરંતુ તે પરિવર્તન નથી. પરિવર્તન એટલે સ્વરૂપનું નિમ્ન વસ્તુઓમાંથી પ્રભુ પ્રત્યે પાછા ફરવાનો વળાંક.

અભીપ્સા ત્યાર પછી પરિવર્તન તરફ દોરી જાય છે, પરંતુ અભીપ્સા એ પરિવર્તન નથી.

માતાજીએ ત્રણ ભિન્ન વસ્તુઓ વિષે વાત કરેલી છે; પરિવર્તન આત્માની પરમાત્મા તરફ નિશ્ચિત રીતે વળવાની ક્રિયા – પરમાત્માનો આંતર-સાક્ષાત્કાર – પ્રકૃતિનું રૂપાંતર. પહેલી બે વસ્તુઓ ઝડપી, ઓચિંતા અને કાયમ માટે એકી વખતે બની શકે છે, પરંતુ ત્રીજી વસ્તુ **કાયમ** સમય લે છે અને તે વસ્તુ એક ઝટકે, એક ક્ષણમાં બની શકતી નથી. આ કે પેલી વસ્તુના રૂપાંતરની કોઈ વિગતનો ઝડપી ફેરફાર વ્યકિત અનુભવી શકે, પરંતુ તે વસ્તુ પણ લાંબા ગાળાના કાર્યના ઝડપી પરિણામરૂપે બની આવે છે.

*

નિવેદન એક એવી પ્રક્રિયા છે જેના વડે માણસ પોતાની ચેતનાને પરમાત્માને અર્પણ કરવાની તાલીમ આપે છે. પરંતુ પરિવર્તન ચેતનાની એક નૈસર્ગિક ગતિ છે, બાહ્ય વસ્તુઓમાંથી પરમાત્મા તરફ વળવાની એક ક્રિયા – તે વસ્તુ અંતરાત્મામાંથી જ તેમ જ ઉપરમાંથી આવતા સ્પર્શના પરિણામરૂપે પણ આવે છે. આત્મનિવેદન માણસને પ્રભુના સ્પર્શ માટે મદદરૂપ બને છે અથવા સ્પર્શ પોતાની જાતે પણ આવે છે. પરંતુ પરિવર્તન, અભીપ્સા અને તપસ્યાની લાંબી પ્રક્રિયાના ઉચ્ચ શિખરરૂપે પણ આવે. આવી વસ્તુઓ માટે કોઈ નિશ્ચિત નિયમ નથી.

જો ચૈત્યપુરુષ અગ્રભાગે આવે તો પરિવર્તન સહેલાઈથી બની આવે છે અથવા તાત્કાલિક પણ બની આવે, અથવા પરિવર્તન ચૈત્યપુરુષને અગ્રભાગે લાવી શકે. આ વસ્તુમાં પણ કોઈ નિયમ નથી.

તે વસ્તુ ગમે તે રીતે હોય, તેમાં એક સ્પર્શ હોય છે અને સાક્ષાત્કાર પણ હોય છે અને ચૈત્યપુરુષ તેને પરિણામે તેનું પોતાનું યોગ્ય સ્થાન પ્રાપ્ત કરે અથવા ચૈત્ય પુરુષ અગ્રભાગે આવીને પ્રકૃતિને સાક્ષાત્કાર માટે તૈયાર કરે છે.

રૂપાંતર એક પ્રગતિશીલ વસ્તુ છે. પરંતુ રૂપાંતરનું લક્ષ્ય શક્ય બને તે પહેલાં સાક્ષાત્કાર ચોક્કસ થવો જ જોઈએ.

*

તમે જે કહો છો તે બિલકુલ સાચું છે. હૃદયમાંથી ઊઠતો એક સરળ, સીધો અને સચ્ચાઈભર્યો પુકાર તથા અભીપ્સા, એ એકમાત્ર અગત્યની વસ્તુ છે અને બીજી બધી શકિતઓ કરતાં વધારે જરૂરી અને અસરકારક વસ્તુ છે. તે ઉપરાંત ચેતનાને અંદર તરફ વાળવા માટે, અને તેનું બહિર્ગમન ન થવા દેવા માટે – આંતર પુકાર પ્રત્યે પહોંચવા માટે, આંતર અનુભૂતિ અને આંતર દિવ્ય સન્નિધિ એ ઘણી અગત્યની વસ્તુ છે.

*

તમે જે મદદની માગણી કરેલી છે તે તમારી સાથે રહેશે. તમારી અભીપ્સાની વૃદ્ધિ થવા દો અને તમારી આંતર ચેતનાને ખુલ્લી થવા કરો.

*

શાંતિ, વિશુદ્ધિ, નિમ્ન પ્રકૃતિમાંથી મુકિત, પ્રકાશ, સામર્થ્ય, આનંદ, દિવ્ય પ્રેમ અને પ્રભુની સેવા માટેની અભીપ્સા માટે, તમારે કયા " કારણ " ની જરૂર છે ?

આ બધી વસ્તુઓ પોતે જ સારી છે અને તે વસ્તુઓ જ માનવ પ્રયત્ન માટેનું શકય ઉચ્ચતમ લક્ષ્ય છે.

*

હા, તે રીત યોગ્ય જ છે – અભીપ્સાની તીવ્રતા, અનુભૂતિની તીવ્રતાને લઈને આવે છે અને વારંવાર થતી અનુભૂતિની તીવ્રતા પરિવર્તન લાવે છે.

*

બધા પ્રસંગોમાં ભિન્નતા હોય છે. પરંતુ તમારે માટે હું જે વસ્તુની ભલામણ કરું છું તેમાં તમારે માટે એક સતત ખુલ્લાપણું, એક શાંત સ્થિર ચેતના, અતિ આતુરતા નહિ અને એક આનંદમય શ્રદ્ધા અને ખંત હોવાં જોઈશે.

*

ચૈત્ય પુરુષ જ સાચી અભીપ્સા આપે છે – જો પ્રાણ વિશુદ્ધ બન્યો હોય અને ચૈત્ય પુરુષના કાબુ નીચે હોય, ત્યાર પછી પ્રાણ તીવ્રતા – વેગ આપે છે – પરંતુ જો તે અશુદ્ધ હોય તો રજોગુણી તીવ્રતા લાવે છે અને તેમાં અધીરાઈ અને નિરાશા તથા વિષાદના પ્રત્યાઘાતો આવે છે. સ્થિરતા અને સમતાની જરૂર માટે તે ઊર્ધ્વમાંથી મન મારફતે આવવા જોઈએ.

*

તે ચૈતસિક અભીપ્સા છે, ચૈતસિક અગ્નિ. જ્યાં પ્રાણ અંદર પ્રવેશ કરે છે ત્યાં પરિણામ માટે અધિરાઈ આવે છે અને તાત્કાલિક પરિણામ ન આવે તો અસંતોષ ઉત્પન્ન થાય છે. તે વસ્તુ અટકી જવી જોઈએ.

બાહ્ય સપાટી ઉપરના નવસંસ્કરણ ન પામેલા પ્રાણની તે પ્રમાણે કરવાની પ્રકૃતિ હોય છે. સાચો પ્રાણ ભિન્ન પ્રકૃતિનો હોય છે, તે સ્થિર અને સમર્થ, તથા શકિતશાળી હોય છે અને પરમાત્માને અર્પિત થયેલો હોય છે. પરંતુ તે વસ્તુ અગ્રભાગે આવે તેના માટે મનના ઉપરના ભાગમાં એક નિશ્ચિત સમતા આવવી જરૂરી છે — જયારે ચેતના ત્યાં રહે છે અને મન સ્થિર, મુકત અને વિશાળ હોય છે ત્યારે જ સાચો પ્રાણ અગ્રભાગે આવી શકે છે.

*

અધીરાઈ અને ચંચળ બેચેની પ્રાણમાંથી આવે છે અને અભીપ્સામાં પણ તે વસ્તુઓને દાખલ કરે છે. અભીપ્સા તીવ્ર, સ્થિર અને સમર્થ હોવી જોઈએ. (તે શુદ્ધ પ્રાણનો ગુણ છે). અને તે અસ્વસ્થ અને અધીર ન હોવી જોઈએ – ત્યાર પછી તે સ્થિર હોય છે.

એક તીવ્ર તેમ છતાં સ્થિર અભીપ્સા હોઈ શકે અને તે વસ્તુ આંતર-સ્વરૂપના સંવાદમાં ખલેલ પહોંચાડતી નથી.

*

આસનો અથવા પ્રાણાયામનો કોઈ ઉપયોગ નથી. આવેગથી પ્રજ્જ્વલિત રહેવું એ જરૂરી નથી – સ્થિર રહીને એકાગ્રતાની શકિત તથા એક સ્થિર અભીપ્સા પ્રાપ્ત કરવી એ જરૂરી છે જેથી કરીને તમે જે હૃદયની શાંતિની વાત કરો છો તે હૃદયમાં કાયમ સ્થિર થઈ જાય અને સ્વરૂપના બીજા ભાગોમાં પ્રસરી રહે – ત્યાર પછી સ્થૂલ મન અને અવચેતનમાં વિશુદ્ધિ થઈ શકે અને તેઓ પણ શાંત અને સ્થિર રહી શકે.

*

એમ વિચારવું કે **વ્યાકુળતાની** સતત ગેરહાજરી એવાં નિશાની છે કે પરમાત્ના પ્રત્યેની અભીપ્સા અથવા સંકલ્પ સાચો નથી, એ ભૂલભરેલું છે. કેટલાક ભકિતયોગના ખાસ પ્રકારમાં એવું છે કે સતત્ **વ્યાકુળતા** અથવા રુદન અથવા **હાહાકાર** (જેમાં પાછળની વસ્તુ ઘણો ભાગે ચૈતસિકને બદલે પ્રાણમય હોય છે) એ નિયમરૂપ હોય છે. અહીં પણ જો કે ચૈતસિક ઝંખના કોઈ કોઈ વખત અથવા ઘણી વખત તીવ્ર તરંગોરૂપે આવે છે, પરંતુ મૂળમાં જે વસ્તુ આવે છે તે સ્વરૂપની સ્થિરતા હોય છે અને તે સ્થિરતામાં એક વધારે અને વધારે સત્યનું સ્થિર દર્શન હોય છે તેમ જ તેમાં પ્રભુની શોધ અને પરમાત્માની એવી જરૂરિયાત હોય છે કે તે બધું પ્રભુ પ્રત્યે વધારે અને વધારે વળાંક લે છે. આ વસ્તુમાં જ અનુભૂતિ તથા સાક્ષાત્કારનો સ્વીકાર થતો જાય છે. તમારામાં ખુલ્લાપણું વિકાસ પામતું જાય છે તેથી તમને માતાજીની સન્નિધિનો (સ્વરૂપથી પર રહેલો) '**આભાસ**' પ્રાપ્ત થાય છે. જેમ જેમ આંતર સાક્ષાત્કાર વૃદ્ધિ પામતો જશે તેમ તેમ તેમનું શારીરિક સ્વરૂપ પૂર્ણ રીતે પ્રાપ્ત થતું જશે.

*

પ્રાર્થનાઓ આત્મશ્રદ્ધાથી થવી જોઈએ અને તેમાં દુ:ખ અથવા પ્રલાપો ન હોવાં જોઈએ.

*

સ્વાભાવિક રીતે જેમ જેમ વધારે એકાગ્ર અભીપ્સા થાય તેમ તેમ વધારે ઝડપી પ્રગતિ થતી જાય. મુશ્કેલી ત્યારે જ આવે છે જ્યારે પ્રાણ તેની કામનાઓ સાથે અથવા શારીરિક તેની ભૂતકાળની ટેવો સાથે અંદર પ્રવેશ પામે છે – અને આ

વસ્તુ લગભગ બધાની સાથે બને છે. ત્યાર પછી જ નૈસર્ગિક અભીપ્સામાં શુષ્કતા અને મુશ્કેલી આવે છે. આ શુષ્કતા બધી જ સાધનાઓમાં આવતું પ્રખ્યાત વિઘ્ન છે. પરંતુ માણસે અચલ રીતે ટકી રહેવું જોઈએ અને નિરુત્સાહી ન બનવું જોઈએ. આવા મંદીના શુષ્ક ગાળાઓમાં પણ જો માણસ મક્કમ રહે તો તે ગાળાઓ પસાર થઈ જાય છે અને તેઓ પસાર થઈ જાય પછીથી અભીપ્સા અને અનુભૂતિથી એક વધારે મહાન શક્તિ શક્ય બને છે.

*

તે તામસિક બળોનું સૂચન છે જે મુશ્કેલીઓ ઉપર જ ભાર મૂકીને તેનું સર્જન કરે છે અને શારીરિક ચેતના તેને સ્વીકારી લે છે. અભીપ્સા કદી ખરેખર મુશ્કેલ હોતી નથી. પરિત્યાગ તાત્કાલિક અસરકારક ન બને, પરંતુ પરિત્યાગ અને ઈનકાર માટેનો સંકલ્પ ટકાવી રાખવો એ હંમેશાં શક્ય હોય છે.

*

બેશક સાચી અને સમર્થ અભીપ્સાની જરૂર છે, પરંતુ એ હકીકત નથી કે તમારી અંદર સાચી વસ્તુ નથી. જો તે ન હોત તો દિવ્ય બલ તમારી અંદર કાર્ય કરી શક્યું ન હોત. પરંતુ આ સાચી વસ્તુ ચૈત્ય પુરુષના સ્થાનમાં અને હૃદયમાં બેઠેલી હતી અને તેઓ જ્યારે ધ્યાન સમયે સક્રિય બન્યાં ત્યારે તે સાચી વસ્તુએ દર્શન આપ્યું પરંતુ પૂર્ણતાને માટે તે ક્રિયાને નીચે શારીરિક ચેતનામાં ઉતરવાનું હતું અને તેની સ્થિરતા અને ખુલ્લાંપણાને ત્યાં સ્થાપન કરવાનાં હતાં. દરેક વ્યક્તિની પોતાની પ્રકૃતિમાં શારીરિક ચેતના થોડી અચેતન હોય છે અને તેની અંદર એક સતત સમર્થ અભીપ્સા સ્વાભાવિક રીતે આવતી નથી; પરંતુ તેનું તેમાં સર્જન કરવું પડે છે. પરંતુ પ્રથમ તો તેમાં ખુલ્લાંપણું હોવું જોઈએ, એક વિશુદ્ધ, મક્કમ સ્થિરતા, હોવાં જ જોઈએ નહિ તો પછી શારીરિક પ્રાણ તે સમર્થ અભીપ્સાને અતિશય આતુરતા અને અધીરાઈમાં પલટી નાખે છે અથવા તો તે પ્રમાણેનો વળાંક આપી દે છે. તેથી કરીને જો તમને તે અવસ્થા વધારે પડતી તટસ્થ અને સ્થિર લાગે તો તેમાં પુરતી અભીપ્સા અને ગતિ માલુમ ન પડે તેથી મૂંઝાશો નહિ. આવો ગાળો પ્રગતિ માટે જરૂરી છે અને બાકીનું બધું તો આવી મળશે.

*

વચગાળાના તબક્કાઓ જેમાં બધું સ્થિર અને શાંત હોય છે અને સપાટી ઉપર કોઈ બનતું નથી ત્યારે તમને તે ગાળાઓ હજુ પણ મુશ્કેલીરૂપ લાગે છે. પરંતુ દરેકની અંદર આવા ગાળાઓ આવે છે અને તેમનો ઉપાય નથી. તમારે એવા સૂચનને ન સ્વીકારવું જોઈએ કે તેમાં અભીપ્સાની ખામી છે અથવા તેને

લઈને તમારી અંદર યોગ્યતા નથી માટે તેવું બને છે અને જો તમારામાં સતત તીવ્ર અભીપ્સા હોત તો આવા ગાળાઓ ન આવત અને તમારી અનુભૂતિઓનો પ્રવાહ ખલેલ વગરનો હોત. વસ્તુ તે પ્રમાણે નથી. અભીપ્સા ત્યાં હોય છતાં ગાળાઓ તો આવવાના જ. તે ગાળાઓ દરમિયાન પણ માણસ અભીપ્સા કરી શકે તો તે વધારે સારું છે — પરંતુ મુખ્ય વસ્તુ એવી છે કે તે ગાળાઓને ધીરજથી સ્વીકારીને અશાંત, વિષાદયુકત અથવા નિરાશ ન બનવું જોઈએ. અમુક અવસ્થાએ પહોંચ્યા પછી જ એક અભીપ્સાનો સતત અગ્નિ જવલંત રહે છે, એટલે કે જયારે વ્યકિત સમગ્ર સમય દરમિયાન ચૈત્ય પુરુષમાં જ સચેતન રીતે જીવન ધારણ કરતી હોય, પરંતુ તેને માટે તો આ બધી જ મનની પ્રાણની અને શારીરિક તૈયારી હોવી જોઈએ, કારણ કે આ અગ્નિ ચૈત્ય પુરુષનો હોય છે અને વ્યકિત કાયમ તેના ઉપર ફકત મનના પ્રયત્નથી કાબુ પ્રાપ્ત કરી શકતી નથી. ચૈત્ય પુરુષને પૂર્ણ રીતે મુકત કરવો જોઈએ અને તેને માટે જ દિવ્ય બલ તેને પૂર્ણ શકય બનાવવા માટે કાર્ય કરી રહેલ છે.

૪

શ્રદ્ધા (Faith) એક સક્રિય સંપૂર્ણ માન્યતા અને સ્વીકાર.

માન્યતા (Belief) ફકત બૌદ્ધિક રીતનો સ્વીકાર.

દઢ માન્યતા (Conviction) – એક એવી વસ્તુ ઉપરની બૌદ્ધિક માન્યતા જેને માટે સરસ કારણો હોય.

આસ્થા (Reliance) કોઈ વસ્તુ ઉપરનો આધાર જેમાં વિશ્વાસ હોય.

વિશ્વાસ (Trust) બીજાની મદદની ચોક્કસ અપેક્ષાની લાગણી અને તેના શબ્દ, ચારિત્ર્ય વગેરે ઉપર આધાર.

આત્મશ્રદ્ધા (Confidence) – સલામતિની ભાવના, જે વિશ્વાસની સાથે સંકળાયેલી છે.

*

શ્રદ્ધા સમગ્ર સ્વરૂપમાં રહેલી લાગણી છે, માન્યતા મનોમય છે, આત્મશ્રદ્ધા કોઈ વ્યક્તિમાં અથવા પરમાત્મામાં રહેલો વિશ્વાસ છે અથવા પોતાની સાધના અથવા પરિણામ વિષેની ભાવના છે.

*

મનોમય શ્રદ્ધા શંકાની સાથે યુદ્ધ કરે છે અને સાચું જ્ઞાન ખુલ્લું કરવામાં મદદરૂપ બને છે; પ્રાણમય શ્રદ્ધા વિરોધી બળોના હુમલાઓને અટકાવે છે અથવા તેમના ઉપર વિજય પ્રાપ્ત કરે છે. અને સાચા આધ્યાત્મિક સંકલ્પને અને કાર્યને ખુલ્લા કરવામાં મદદરૂપ થાય છે; શારીરિક શ્રદ્ધા બધી જ શારીરિક તમોગ્રસ્તતા, જડતા અથવા દુઃખ દરમિયાન વ્યક્તિને અડગ રાખે છે અને સાચી ચેતનાના પાયાને ખુલ્લા કરવામાં સહાયરૂપ બને છે. શારીરિક શ્રદ્ધા પરમાત્માના સીધા સ્પર્શ પ્રત્યે ખુલ્લી થાય છે અને પરમાત્મા સાથે એકતા તથા સમર્પણ લાવવામાં સહાયરૂપ બને છે.

*

મનોમય શ્રદ્ધા ઘણી સહાયરૂપ છે પરંતુ તે એવી વસ્તુ છે જેમાં કામચલાઉ રીતે કાયમ ડગી જવાની શકયતા હોય છે, અથવા ઘણી વખત શંકાના વાદળો તેને ઘેરી વળે છે — જ્યાં સુધી ઉચ્ચતર ચેતના અને અનુભૂતિ કાયમ માટે ટકી રહે નહિ ત્યાં સુધી તે પ્રમાણે બનવાની શકયતા રહે છે. ગુપ્ત હોવા છતાં પણ જે ટકી રહે એવી વસ્તુ આંતર સ્વરૂપની એવી અભીપ્સા હોય છે અથવા તેનાથી પણ વધારે ઊંચી વસ્તુની જરૂર છે અને તે છે અંતરાત્માની શ્રદ્ધા. તે પણ કેટલીક વખત ગુપ્ત રહે પરંતુ એ ફરીથી પ્રગટ થાય છે – તેનું ગ્રહણ થાય છે, (અંધકાર મય) પરંતુ તેનો કદી નાશ થતો નથી.

*

તમે લીધેલો નિર્ણય સાચો છે. સપાટી ઉપર રહેલી અન્ય ચેતનાના તરંગો ઊછળ્યા કરે, છતાં પણ તમે તે વસ્તુને તમારી અંદર દૃઢ પણે પકડી રાખો. જો માણસ તે પ્રમાણેનો નિશ્ચય અથવા શ્રદ્ધાના બીજની પોતાની અંદર વાવણી કરે તો તે ત્યાં ટકી રહે છે, અને કોઈ વખત મનની અંદર તમોમય વાદળો આવે અથવા નિશ્ચય ઝાંખો પડે છતાં પણ તે બીજ ફરીથી બહાર ઊગી નીકળશે, જેવી રીતે કોઈ વહાણ પોતાના બંદર સુધી પહોંચે ત્યાં સુધી તેના ઉપર ગમે તેટલાં મોજાં ઊછળે છતાં અચૂક રીતે પોતાની મુસાફરીના અંત સુધી તે પહોંચી જાય છે તે પ્રમાણે.

*

('અંધશ્રદ્ધા') શબ્દનો કોઈ સાચો અર્થ નથી. હું માનું છું કે તેઓ તેનો અર્થ એવો કરે છે કે તેઓ સાબિતી વગર માનશે નહિ – સાબિતી પછી કરેલું તારતમ્ય એ શ્રદ્ધા નથી; તે જ્ઞાન છે, અથવા તો મનોમય અભિપ્રાય છે. શ્રદ્ધા એવી વસ્તુ છે જે સાબિતી કે જ્ઞાન પહેલાં પણ વ્યક્તિમાં હોય છે અને તે વસ્તુ જ્ઞાન અથવા અનુભૂતિ પ્રાપ્ત કરવામાં તમને સહાયરૂપ થાય છે. પ્રભુનું અસ્તિત્વ છે, તેને માટે કોઈ સાબિતી નથી, પરંતુ જો મને પ્રભુમાં શ્રદ્ધા હોય તો હું પ્રભુની અનુભૂતિ પ્રાપ્ત કરી શકું.

*

શ્રદ્ધા અનુભૂતિ ઉપર આધાર રાખતી નથી; તે તો અનુભૂતિ સિવાય પણ ત્યાં રહેલી હોય છે. જ્યારે કોઈ માણસ યોગની શરૂઆત કરે છે ત્યારે તેનામાં સામાન્ય રીતે અનુભૂતિની શક્તિ હોતી નથી પરંતુ શ્રદ્ધાનું સામર્થ્ય હોય છે. તે ફક્ત યોગ અને આધ્યાત્મિક જીવનમાં નથી હોતું પણ સામાન્ય જીવનમાં પણ તે રીતનું હોય છે. કર્મ કરનારા અથવા શોધખોળ કરનારા અથવા જ્ઞાનનું સર્જન કરનારા સર્વ લોકો શ્રદ્ધાથી શરૂઆત કરે છે અને જ્યાં સુધી સાબિતી મળતી નથી અથવા કાર્ય પૂરું થતું નથી ત્યાં સુધી નિરાશા, અસફળતા અથવા સાબિતી વગર નિષ્ફળતા હોવા છતાં પણ તેઓ પોતાનું કાર્ય ચાલુ રાખે છે કારણ કે તેમનામાં કોઈક એવી વસ્તુ હોય છે જે તેમને એમ કહે છે કે આ વસ્તુ સત્ય છે, અને તેનું અનુસરણ કરવું જોઈએ અને તે પૂર્ણ થવી જોઈએ. જ્યારે રામકૃષ્ણને એમ પૂછવામાં આવ્યું કે અંધશ્રદ્ધા ખોટી છે કે કેમ, ત્યારે તેમણે એટલે સુધી કહેલું કે અંધશ્રદ્ધા એ એક જ વસ્તુ એવી છે જે રાખવી જ જોઈએ, કારણ કે શ્રદ્ધા યા તો આંધળી છે નહિ તો પછી શ્રદ્ધા એ શ્રદ્ધા નથી પણ કાંઈક બીજું જ છે – તે તાર્કિક ફલશ્રુતિ, સાબિત થયેલી માન્યતા અથવા દષ્ટિકરણ થયેલું જ્ઞાન હોઈ શકે, પરંતુ શ્રદ્ધા નહિ.

શ્રદ્ધા એ એવી કોઈ વસ્તુની સાક્ષી છે જે હજુ સુધી આવિર્ભાવ પામી નથી અથવા પ્રાપ્ત થયેલી કે સાક્ષાત્કાર થયેલી નથી, પરંતુ તેમ છતાં આપણી અંદર રહેલો જ્ઞાતા, કોઈ પણ જાતના સૂચનો વગર પણ સાચી વસ્તુ તરીકે કાંઈક અનુભવે છે અથવા તે વસ્તુનું જ પરમ અનુસરણ કરવા જેવી કે સિદ્ધ કરવા જેવી છે એવું તેને લાગે છે. આપણી અંદર રહેલી આ વસ્તુ આપણા મનમાં કોઈ નિશ્ચિત રીતની માન્યતા ન હોવા છતાં અને પ્રાણ સંઘર્ષ કરતો હોય, બંડ ઊઠાવતો હોય અને ઇનકાર કરતો હોય છતાં પણ ટકી રહે છે. એવી કઈ વ્યકિત

છે જે યોગ કરતી હોય તેને એવા લાંબા ગાળાઓ નિરાશા, તથા નિષ્ફળતા અને અશ્રદ્ધા તથા અંધકારના ગાળાઓ ન આપ્યા હોય ? તેમ છતાં તેને કોઈક વસ્તુ ટકાવી રાખે છે અને પોતાની નિષ્ફળતા વિરુદ્ધ પણ તેને આગળ પ્રગતિ કરાવે છે, કારણ કે તેને એવું લાગે છે કે જે વસ્તુની પાછળ તેની શોધ છે તે સાચી વસ્તુ છે અને તેને જે લાગે છે અને તે પોતે જે જાણે છે તેના કરતાં કાંઈક વધારે મહાન વસ્તુ છે. યોગમાં રહેલી મૂળભૂત શ્રદ્ધા આ વસ્તુ છે. તે આત્મામાં અંતર્હિત રહેલી છે, કે પ્રભુ અસ્તિત્વ ધરાવે છે અને પ્રભુ જ કેવળ એક વસ્તુ એવી છે જેનું અનુસરણ કરવાનું છે અને તેની સરખામણીમાં એવી કોઈ પણ વસ્તુ નથી જેની તેને શોધ કરવાની હોય. જ્યાં સુધી માણસમાં આ પ્રકારની શ્રદ્ધા હોય, ત્યાં સુધી તે આધ્યાત્મિક જીવન માટે નિર્માણ થયેલો છે અને હું એમ કહીશ કે ભલે તેની પ્રકૃતિ વિઘ્નોથી સભર હોય અને ઈન્કારો અને મુશ્કેલીઓથી ઠાંસોઠાંસ ભરેલી હોય અને તેને ઘણા વર્ષો સુધી સંઘર્ષો વેઠવા પડયા હોય છતાં તે આધ્યાત્મિક જીવનમાં સફળતા પ્રાપ્ત કરવા માટે નિશ્ચિત રીતે નિર્માણ થયેલો જ છે.

તમારે આ શ્રદ્ધાને કેળવવાની જરૂર છે – જે શ્રદ્ધા બુદ્ધિ અને સામાન્ય જ્ઞાનની સાથે સુમેળમાં છે – કે જો પરમાત્મા હસ્તી ધરાવતા હોય અને તેમણે તમને આ માર્ગે બોલાવેલા હોય (જે સ્પષ્ટ છે જ) તો પછી તેની પાછળ એક દિવ્ય માર્ગદર્શન હોવું જ જોઈએ અને તમારી સર્વ મુશ્કેલીઓ હોવા છતાં, તેની આરપાર તમે ત્યાં પહોંચવાના જ છો. તમારે વિરોધી બળોના અવાજને જેઓ નિષ્ફળતાનું સૂચન કરે છે અથવા તો જે ત્વરાયુકત પ્રાણ તેમનો પડઘો પાડે છે તેમને સાંભરવા નહિ; તેમ જ મહાન મુશ્કેલીઓ હોવાથી તમને સફળતા નહિ મળે એવું પણ માનશો નહિ અથવા પરમાત્માએ તમને હજુ પોતાના દર્શન આપ્યા નથી તેથી તમને કદી તેમના દર્શન નહિ થાય એવું પણ ન માનવું; પરંતુ તમારે એવી પરિસ્થિતિ સ્વીકારવી અને જેવી રીતે દરેક માનવી પોતાના મનને મક્કમ રીતે પોતાના મુશ્કેલ ધ્યેયને વળગી રહે છે તે પ્રમાણે માનવું, “ હું સફળ થઉં ત્યાં સુધી હું પ્રગતિ ચાલુ રાખીશ. ભલે મારા માર્ગમાં ગમે તેટલી મુશ્કેલીઓ આવે.” જે માણસ પ્રભુમાં માને છે તે વધારામાં કહે છે, “ પરમાત્મા હસ્તી ધરાવે છે, અને હું જે પ્રભુની શોધ કરું છું તેમાં કદી તેમાં કદી અસફળ થઈશ નહિ. હું તેમને શોધી કાઢું ત્યાં સુધી ગ્રમે તેવી પરિસ્થિતિ હોય છતાં તેની આરપાર ઉતરી જઈશ.”

*

શ્રદ્ધા માટે અનુભૂતિ જરૂરી છે અને તેના સિવાય શ્રદ્ધા ન આવી શકે એ વસ્તુ માનસશાસ્ત્રની વિરુદ્ધ છે. હજારો લોકોને અનુભૂતિ વગર પણ શ્રદ્ધા રહેલી

છે, "અનુભૂતિ વગર વિશ્વાસ નહિ," નો સિદ્ધાંત આધ્યાત્મિકતા માટે જોખમકારક છે, અથવા માનવ કાર્યના ક્ષેત્રમાં પણ તેવું છે. સંત અથવા ભકતને પ્રભુની અનુભૂતિ થઈ હોય તે પહેલાં પણ ઘણા લાંબા સમયથી પ્રભુમાં શ્રદ્ધા રહેલી હોય છે – કર્મવીર માનવીને તેમના કાર્યની સફળતાની ટોચ ઉપર પહોંચે તે પહેલાં પણ તેના કારણ માટે શ્રદ્ધા હોય છે નહિ તો પછી તેની સામે આવતી નિષ્ફળતા અને ભયંકર મુશ્કેલી હોવા છતાં પણ તે સંઘર્ષ માટે સતત ઝઝૂમતો રહી શકયો ન હોત. મને સમજાતું નથી કે 'ક્ષ' સાચી શ્રદ્ધા એટલે શું કહેવા માગે છે. મારે માટે શ્રદ્ધા એ બૌદ્ધિક વિશ્વાસ નથી, પરંતુ આત્માનું કાર્ય છે. જ્યારે જ્યારે મારો વિશ્વાસ ડગી ગયેલો હોય, નિષ્ફળ ગયેલો હોય, નાશ પામતો હોય ત્યારે પણ મારો આત્મા સ્થિર અને અડગ રહેલો છે. "આ જ માર્ગ અને બીજો કોઈ પણ નહિ... મને જે શ્રદ્ધા લાગી છે તે જ એક માત્ર સત્ય છે, ભલે પછી મારા મનની ગમે તે માન્યતા હોય." તેનાથી ઊલટું અનુભૂતિઓ ચોક્કસ શ્રદ્ધા તરફ લઈ જ જશે એવું નથી. એક સાધક મને લખે છે, "મને માતાજીની કૃપાનું અવતરણ મારી અંદર અનુભવાય છે, પરંતુ હું તેમાં માનતો નથી, કારણ કે તે કદાચ મારી પ્રાણમય કલ્પના પણ હોય." એક બીજા સાધકને વર્ષો સુધી અનુભૂતિઓ થયેલી છે, અને ત્યાર પછી તેનું પતન થાય છે, કારણ કે તે કહે છે તે પ્રમાણે તે શ્રદ્ધા ખોઈ બેઠેલો છે. આ બધી વસ્તુઓ મારી કલ્પના નથી, પરંતુ હકીકતો છે અને તેમની પોતાની વાત સાચી છે.

મારો કહેવાનો ખરેખર અર્થ નૈતિક ફેરફાર નહિ પરંતુ આધ્યાત્મિક પરિવર્તન માટેનો હતો. કોઈ નૈતિક માનવી અહંકારથી ગળા સુધી ભરેલો હોય, તેની સજ્જનતા અને ભલાઈને લઈને તેનો અહંકાર ખૂબ વૃદ્ધિ પામેલો હોય, અહંકારમાંથી મુકિત, આધ્યાત્મિક રીતે ખૂબ અગત્યની બાબત છે, કારણ કે માણસ સ્વકેન્દ્રિત હોય પરંતુ પોતાની વ્યકિતતામાં નહિ પરંતુ પરમાત્મામાં હોય છે અને તે પણ એક ભકિતની અવસ્થા છે.

'ક્ષ' નો ઊર્મિ માટે શો વિરોધ છે તે મને ખબર નથી; ઊર્મિનું પણ સ્થાન છે, ફક્ત તે બહાર ફેંકાવી ન જોઈએ. પરંતુ તેને અંદર તરફ વાળવી જોઈએ જેથી કરીને ચૈત્ય પુરુષના દ્વારો ખુલ્લાં થાય. તમે જે કહો છો તે સંપૂર્ણ સાચું છે – મને આનંદ થાય છે કે તમે આટલા બધા સરળ, અને સ્પષ્ટ દર્શનવાળા બનતા જાઓ છો, અને તે ચૈતસિક પરિવર્તનનું ફળ છે. અહંકાર એક ખૂબ વિચિત્ર વસ્તુ છે અને ખાસ કરીને તો તે કેવી કુશળતાથી પોતાની જાતનું ગોપન કરે છે અને તેમ

છતાં એવો દંભ કરે છે કે તે પોતે ત્યાં નથી. પ્રભુની સેવાની અભીપ્સાની પાછળ પણ એ કાયમ છુપાઈ જઈ શકે છે. તેના માટે માત્ર એક જ માર્ગ છે કે તેની પાછળ પડીને તેને છુપાયેલા બુરખા પાછળથી અને ખૂણેખાંચરેથી પણ બહાર કાઢવો. યોગનો આ એક ઘણો અગત્યનો ભાગ છે એમ તમે માનો છો તેમાં પણ તમે પૂરેપૂરા સાચા છો. રાજયોગીઓ સૌથી પ્રથમ વિશુદ્ધિકરણને અગ્રભાગે રાખે છે તેમાં તેઓ સાચા છે – જેવી રીતે મેં 'યોગના સમન્વયમાં' એકાગ્રતાની સાથે તેને પ્રથમ વસ્તુ તરીકે મૂકેલી છે તેમાં હું સાચો છું. તમારે તમારી આસપાસ નજર નાખીને જોઈ લેવાનું છે કે આ વસ્તુ જો ન બને તો અનુભૂતિઓ અને સાક્ષાત્કારો પણ માણસને પોતાના લક્ષ્ય તરફ પહોંચાડતા નથી – જો પ્રાણ અશુદ્ધ હોય, અને અહંકારપૂર્ણ હોય, તો પણ માણસ પતન પામે છે.

*

ચૈત્ય પુરુષ માટે સમર્પણ કરવાની કદી માગણી કરવામાં આવતી નથી, પ્રભુને જ સમર્પણ કરવાનું હોય છે. માણસ પરમાત્મા પાસે શ્રદ્ધાથી જાય છે; સાધનાના પરિણામરૂપે સઘન અનુભૂતિ પ્રાપ્ત થાય છે. ચેતનાની કોઈ પણ તૈયારી કર્યા સિવાય વ્યકિત સીધી જ અનુભૂતિની માગણી કરી શકે નહિ.

જો માણસને અંતરમાં કોઈ પુકાર સંભળાય તો તેને તે અનુસરે છે – જો પુકાર ન હોય તો, પરમાત્માની શોધ કરવાની કોઈ જરૂર નથી. શરૂઆત કરવા માટે શ્રદ્ધા એ પૂરતું સાધન છે – માણસ પ્રભુની શોધ કરે તે પહેલાં તેને સમજ પડવી જોઈએ અને સાક્ષાત્કાર થવો જોઈએ એ ખ્યાલ ભૂલભરેલો છે, અને જો તે સાચો હોય તો, બધી સાધના અશકય બને – અનુભૂતિ સાધનાના પરિણામરૂપે આવે છે અને નહિ કે પ્રથમ વસ્તુ તરીકે.

*

મ સમર્થ કેન્દ્રસ્થ તથા શકય હોય તો પૂર્ણ શ્રદ્ધા વિષે વાત કરેલી કારણ કે તમારું વલણ એવું લાગ્યું કે તમારે પૂર્ણ પ્રત્યુત્તરની જ ફકત ઈચ્છા હતી – એટલે કે સાક્ષાત્કારની, પ્રભુની હાજરીની – અને બીજું કોઈ પણ તમને સંતોષ આપતું નથી – અને તમારી પ્રાર્થના તે વસ્તુ લાવતી નથી. પરંતુ પ્રાર્થના પોતે તે વસ્તુ જલદીથી લાવતી નથી – ફકત કેન્દ્રમાં એક જવલંત શ્રદ્ધા હોય અથવા સ્વરૂપના સર્વ ભાગોમાં શ્રદ્ધા હોય તો જ તે વસ્તુ બની શકે, તેનો અર્થ એવો નથી કે જેમની શ્રદ્ધા અથવા સમર્પણ એટલાં બધાં સંપૂર્ણ ન હોય તેઓ ત્યાં પહોંચી શકતાં નથી, પરંતુ તેઓને શરૂઆત નાનાં પગલાંઓથી કરવી પડે છે અને

તેમની પ્રકૃતિઓની મુશ્કેલીઓનો સામનો કરવાનો પ્રયત્ન એટલી હદ સુધી કરવાનો હોય છે, જ્યાં સુધીમાં તેમનામાં ખંત અથવા તપસ્યા પુરતા પ્રમાણમાં ખુલ્લાપણું ન કરી શકે. એક ઠોકર ખાતી શ્રદ્ધા અથવા અંશત: કરેલું સમર્પણ પણ તેમના પ્રમાણમાં એક શકિત આપે છે અને તે પ્રમાણે પરિણામ લાવે છે, નહિ તો પછી વિરલ મનુષ્યો જ સાધના કરી શકે. હું કેન્દ્રસ્થ ચેતનાનો અર્થ આત્મામાં રહેલી શ્રદ્ધા કેન્દ્રસ્થ સ્વરૂપની પાછળ રહેલી શ્રદ્ધા એવો કરું છું, એવી શ્રદ્ધા જેમાં મનની શંકાઓ અને પ્રાણની નિરાશાઓ, અને શરીર ભાંગી પડવા જેવું થઈ જાય અને ત્યાર પછી તે હલ્લો બંધ થઈ જાય પછીથી પણ વળી પાછી ફરીથી દેખાય અને માર્ગ ઉપર ફરીથી આગળ ધંપાવે. તે સમર્થ અને પ્રકાશિત હોય, યા દેખાવમાં ફિકાશ અને નબળી હોય, પરતુ દરેક વખતે જયારે આગળ પ્રગતિ કરવાની હોય ત્યારે પણ તે ટકી રહેલી હોય તો તે સાચી વસ્તુ છે. સાધનાના માર્ગમાં નિરાશા અને અંધકારના ગાળાઓ આવે એ પરંપરાગત વસ્તુ છે – બધા જ યોગોમાં, પછી તે પૂર્વનો હોય કે પશ્ચિમનો, જાણે કે તે પ્રકારનો નિયમ જ હોય એવું લાગે છે. હું મારી જાત માટે તે બધા વિષે જાણું છું – પરંતુ મારી અનુભૂતિએ એવું દર્શન કરાવ્યું છે કે તે બિન જરૂરી પ્રણાલી છે અને વ્યકિત જો પસંદ કરે તો તેમાંથી મુકિત મેળવી શકાય છે. તેથી તમારામાં કે બીજા કોઈમાં તે વસ્તુઓ આવે ત્યારે હું તેમને શ્રદ્ધાના દિવ્ય માર્ગે ઊંચે ચડાવવા પ્રયત્ન કરું છું. તેમ છતાં તેઓ આવ્યા જ કરે તો વ્યકિતએ પોતે તેમની આરપાર નીકળી જઈને જેટલી ઝડપથી બની શકે એટલા સૂર્યપ્રકાશમાં આવવું જોઈએ. તમને જે સમુદ્રનું સ્વપ્ન આવ્યું તે ખરેખર સાચું છે – છેવટે વાવાઝોડાં અને દરિયાના ઊછળતાં મોજાંઓ સાધકમાં પ્રભુકૃપાની સ્થિતિએ લઈ જવામાંથી અટકાવતાં નથી પરંતુ તેમની સાથે જ પ્રભુકૃપા આવે છે. હું ધારું છું કે તમારી અંદર એવી કોઈ વસ્તુ છે જે તેની માગણી કરે છે – પ્રભુકૃપાનો અતિમાનસિક ચમત્કાર; કોઈ એવી વસ્તુ છે જે તેને માટે તમારામાં અધીરાઈ, તપસ્યા અને આત્મ ચરિતાર્થતાની તથા ખૂબ મહેનત માટેની માગણી કરે છે. વારુ, તે આવી શકે છે; અહીં રહેલા કેટલાક સાધકોને વર્ષો અને વર્ષો સુધીની સ્પષ્ટ નિષ્ફળતા, મુશ્કેલી અથવા ભયંકર સંઘર્ષો પછી તે આવેલી છે. પરંતુ ઘણે ભાગે તે વસ્તુ તે પ્રમાણે જ આવે છે – અને તે ધીરે ધીરે વિકાસ પામતી પ્રભુકૃપા કરતાં ઊલટી વસ્તુ છે – તે ખૂબ મુશ્કેલી પછી આવે છે અને નહિ કે તાત્કાલિક. બાહ્ય રીતે દેખાતી પ્રત્યુત્તરની નિષ્ફળતા હોવા છતાં પણ જો તમે તેની માગણી ચાલુ રાખશો તો તે ચોક્કસ આવશે જ.

*

સાક્ષાત્કારનો સંકલ્પ એ પરાત્પર પરમાત્માનો સંકલ્પ છે.

વિશ્વરૂપ પ્રભુ હાલના સંજોગોમાં વસ્તુઓની સાચી પ્રક્રિયાની સાથે સંબંધ ધરાવે છે; દરેક સંજોગોમાં આ જગતની દરેક ગતિમાં વૈશ્વિક પ્રભુનો સંકલ્પ આવિર્ભાવ પામે છે.

વિશ્વરૂપ સંકલ્પ એવી વસ્તુ નથી જે આપણી સામાન્ય ચેતના પ્રમાણે તેને જે વસ્તુ પસંદ પડે તે રીતે સ્વતંત્ર રીતે કાર્ય કરતી હોય; તે આ સમગ્ર પ્રાણીઓ મારફતે કાર્ય કરે છે, આ જગતમાં લીલા કરતાં સર્વ બળોની મારફતે કાર્ય કરે છે, અને તે બધા બળો અને તેમના ધર્મો મારફતે કાર્ય કરે છે – જ્યારે આપણે આપણી જાતને ખુલ્લી કરીએ છીએ અને સામાન્ય ચેતનામાંથી બહાર નીકળીએ છીએ ત્યારે જ તેને મધ્યસ્થી બનતી સ્વતંત્ર શકિત તરીકે કાર્ય કરતી અનુભવીએ છીએ અને તે વસ્તુ બળોની સામાન્ય લીલા ઉપર વિજય કરતી માલુમ પડે છે.

ત્યાર પછી જ આપણે જોઈ શકીએ છીએ કે બળોની લીલામાં પણ અને વૈશ્વિક સંકલ્પોની તેઓ વિકૃતિ કરે છે તેમાં પણ તે પરાત્પર પરમાત્માના સંકલ્પના અંતિમ સાક્ષાત્કાર તરફ કાર્ય કરતી કરતી દોરી જાય છે.

અતિમાનસ સાક્ષાત્કાર એ પરાત્પર પ્રભુનો સંકલ્પ છે જેને આપણે અમલમાં મૂકવાનો છે. આપણે જે સંજોગોમાં કાર્ય કરવાનું છે તે સંજોગો નિમ્ન પ્રકારની ચેતનાના છે, જેમાં આપણા અજ્ઞાન, નિર્બળતા અને ભૂલો તથા સંઘર્ષયુક્ત બળોની અથડાઅથડીથી વસ્તુઓ વિકૃત બની શકે છે. એટલા માટે જ શ્રદ્ધા અને સમત્વ અનિવાર્ય છે.

આપણે એવી શ્રદ્ધા રાખવી જોઈએ કે આપણું અજ્ઞાન અને ક્ષતિઓ તથા નબળાઈઓ હોવા છતાં, વિરોધી બળોના હલ્લાંઓ હોવા છતાં અને તાત્કાલિક નિષ્ફળતા દેખાય છતાં દિવ્ય સંકલ્પ આપણને હરેક સંજોગ મારફતે અંતિમ સાક્ષાત્કાર પ્રત્યે દોરી રહેલ છે. આ શ્રદ્ધા આપણને સમત્વ આપશે; એ એવી શ્રદ્ધા છે જે ગમે તે બને તેને સ્વીકારે છે, નિશ્ચિત રીતે નહિ, પરંતુ એવી વસ્તુ તરીકે જેમાંથી આપણે માર્ગે જવા માટે પસાર થવાનું છે – એક વખત સમતા સ્થાપિત થાય પછી બીજા પ્રકારની શ્રદ્ધાનું પણ સ્થાપન થશે અને તેનો આધાર મળવાથી અતિમાનસ ચેતનામાંથી આવતી કોઈ વસ્તુ સાથે તે સક્રિય બને છે. તે વસ્તુ હાલના સંજોગો ઉપર વિજય પ્રાપ્ત કરી શકે છે અને વસ્તુ બનશે તેનું નિર્માણ કરશે અને પરાત્પર પ્રભુના સંકલ્પના સાક્ષાત્કારને નીચે ઉતારી લાવવામાં મદદરૂપ બનશે.

વિશ્વરૂપ પરમાત્મા પ્રત્યે જે શ્રદ્ધા હોય, તે તેના કાર્યની શકિતમાં લીલાની સંજોગોની જરૂરિયાતદ્વારા મર્યાદિત હોય છે.

*

વૈશ્વિક બલોની લીલામાં, વિશ્વરૂપ રહેલો સંકલ્પ - વ્યકિત એમ કહી શકે – દેખીતી રીતે સાધનાના કાર્ય માટે અનુકૂળ રીતે જ કાર્ય કરતો નથી; તે ઘણી વખત ચડતી - પડતી, ઓચિંતાના વળાંકો લાવે છે જે માર્ગની રેખાને ભૂંસી નાખે છે અથવા આડીઅવળી રીતે દોરી જાય છે અને કેટલીક વખત સંજોગોનો સામનો કરી ઊથલપાથલ કરી મૂકે છે અથવા મૂંઝવી નાખે એવા પ્રશ્નો ઉપસ્થિત કરે છે અને જે વસ્તુ કામચલાઉ રીતે સ્થાપિત થયેલી હોય છે, અથવા સ્થિર થયેલી હોય છે તેને ભૂંસી નાખે છે. સમતા ધારણ કરી રાખવા માટે અને પ્રગતિ કરવાના સાધન તથા તર્કો ઉત્પન્ન કરવા માટે જીવન અને સાધનામાં જે કાંઈ બની આવે તેમાં સમતા રાખવી જોઈએ. વૈશ્વિક બલોની લીલા અને સંકલ્પ પાછળ એક ઉચ્ચતર પરાત્પર સંકલ્પ શકિત રહેલી હોય છે – એવી લીલા જે કાયમ અનુકૂળ તેમ જ પ્રતિકૂળ વસ્તુઓનું મિશ્રણ હોય છે – અને તે સંકલ્પ માટે વ્યકિતએ રાહ જોવી જોઈએ અને તેમાં શ્રદ્ધા રાખવી જોઈએ; પરંતુ તમારે તેના કાર્યને સમજવા માટે કાયમ અપેક્ષા ન રાખવી જોઈએ. મનની આ કે પેલું કરવાની ઈચ્છા હોય, જે માર્ગ તેણે દોરી રાખ્યો હોય તેને જ ટકાવી રાખવાની તેની ઈચ્છા હોય, પરંતુ એક વિશાળતર હેતુ માટે મનને જે વસ્તુની ઈચ્છા હોય તે પ્રમાણે જ ન હોય. વ્યકિતએ સાધનાના એક કેન્દ્રસ્થ લક્ષ્યને અનુસરવું જોઈએ અને તેમાંથી આડમાર્ગે ન જવું જોઈએ, પરંતુ તેણે બાહ્ય સંજોગોના આધારે કોઈ રચના ન કરવી જોઈએ તથા એવી શરતો વગેરે ન રાખવાં જોઈએ જાણે કે તે વસ્તુઓ જ મૂળભૂત વસ્તુઓ હોય.

*

તમારા છેલ્લા પ્રશ્નનો બીજો કોઈ ઉત્તર ન હોય સિવાય કે તે યા તો એકાગ્ર મનની શ્રદ્ધા છે અથવા મક્કમ સંકલ્પ છે. જે તમારા યોગનો માર્ગ ખુલ્લો કરી આપી શકશે. તમારા વિચારો તથા તમારો સંકલ્પ કાયમ એક પ્રકારનો બદલાતો અને ઝોલાં ખાતો સંકલ્પ હોય છે અને તેને લઈને તમે સફળ થતા નથી. ખામી ભરેલી શ્રદ્ધા હોય છતાં મક્કમ મન અને સંકલ્પ માણસને આગળ પ્રગતિ કરાવે છે અને એવી અનુભૂતિઓ લાવી આપે છે જેને લઈને અચોક્કસ શ્રદ્ધા પણ પૂર્ણ ખાતરીમાં ફેરવાઈ જાય છે.

એટલા માટે તમારા જુદા જુદા વૈકલ્પિક પ્રશ્નો માટે ઉત્તર આપવો મને મુશ્કેલ લાગે છે. હું એમ કહી શકું કે ગીતાનો પોતાનો માર્ગ અહીં આ યોગનો એક ભાગ છે અને જે લોકોએ તેનું અનુસરણ કરેલું છે અથવા પ્રથમ તેનાથી શરૂઆત કરેલી હોય છે તેમને માટે આ યોગ માટે બીજાઓ કરતાં વધારે મજબુત પાયો હોય છે એટલે તેના માટે નીચે નીચો અભિપ્રાય ધરાવવો અને તેને એક જુદી જ અને નિમ્ન પ્રકારનો ગણવો એ સાચું દષ્ટિબિંદુ નથી. પરંતુ ગમે તે હોય તમારે પોતાને જ તે વસ્તુ પસંદ કરવાની હોય છે, તમારા પોતાના માટે બીજા કોઈ તે વસ્તુ પસંદ કરી શકે નહિ. જેઓ જાય છે અને આવે છે, તેઓ જો તે પ્રમાણે કરતાં પણ ફાયદો કરતાં હોય તો તેનું કારણ છે તેમણે તે નિશ્ચય કરેલો છે કે આ વસ્તુને પકડી રાખવી; તેઓ જ્યારે અહીં હોય છે ત્યારે તેઓ આ યોગ માટે આવે છે અને તેઓ જ્યારે બીજી જગાએ જાય છે ત્યારે પણ આ યોગ માર્ગનો સંકલ્પ તેમની અંદર ત્યાં રહેલો હોય છે. તમારી સતત તર્ક કરવાની વૃત્તિમાંથી તમારે મુકત બનવું જોઈએ અને તમારે જેવું જોઈએ કે તમે યોગ તરફના આકર્ષણ વગર રહી શકો છો કે કેમ – જો તમે રહી શકતા ન હો તો યોગ વગરના સામાન્ય જીવન માટે વિચાર કરવો એ પણ નિરર્થક છે – તમારી પ્રકૃતિ તમને યોગ તરફ વળવા ફરજ પાડશે, ભલે પછી તમારું સમગ્ર જીવન તમને નાનકડું પરિણામ આપતું હોય. પરંતુ નાના પરિણામ માટેનું કારણ તમારું મન છે જે કાયમ માર્ગમાં વિઘ્નરૂપ બને છે, તેમ જ પ્રાણની નિર્બળતા છે જે તેના કારણો માટે આધાર આપ્યા કરે છે – જો તમે તમારા સંકલ્પને ફરે નહિ તેવી રીતે મકકમ રાખો તો તમને તક પ્રાપ્ત થશે – અને આ માર્ગનું તમે અહીં અનુસરણ કરો કે બીજી જગાએ કરો, તેમાં કોઈ ખાસ ફેર પડશે નહિ.

મેં તમને ગીતાની પદ્ધતિનું સૂચન કર્યું કારણ કે અહીં યોગ માટે જે ખુલ્લાપણાની જરૂરિયાત છે તે તમને વધારે પડતી મુશ્કેલીરૂપ લાગે એવું છે. જો તમારી પાસે ઓછી કઠિન મહેનતની માગણી કરી હોત તો તમારે માટે મોટી તક હોત. કોઈ પણ પ્રસંગમાં જો તમે સામાન્ય જીવનમાં પાછા ન ફરી શકતા હો તો એમ લાગે છે કે અહીં જે શકિત પ્રત્યે ખુલ્લા થવાનું છે તેની ગેરહાજરીમાં તમારા માટે તો ગીતાનો એક જ માર્ગ છે.

*

જો શ્રદ્ધા અને સમર્પણ માટે એક મક્કમ અને સતત સંકલ્પ હોય તો તેટલું પૂરતું છે. એટલું ચોકકસ સમજવાનું કે માનવ પ્રકૃતિ, જ્યાં સુધી આંતર

ચેતના પૂર્ણ રીતે વિકાસ પામેલી હોતી નથી ત્યાં સુધી શંકા તથા તમોમયતાવાળી ગતિઓ વગર હોય એ અશકય છે. એટલા માટે જ સંકલ્પની ખાસ જરૂર છે જેથી કરીને દિવ્ય શકિત મનના સંકલ્પ અને હૃદયની પૂર્ણ સહમતિ સાથે સાધકમાંથી તે વસ્તુઓને દૂર કરે. આ બધી વસ્તુઓનો ઇનકાર કરવાનો પ્રયત્ન કરવો અને સંકલ્પને કાયમ ટકાવી રાખવો એટલું પૂરતું છે – કારણ કે આ પ્રયત્ન જ તેને કાયમી રીતે ટકાવી શકે છે.

તમારી અનુભૂતિમાં ગાઢ નિદ્રાનું સૂચન તમને ઊંડાણમાં મોકલવાનું સૂચન હતું અને તમે જ્યારે તે પ્રમાણે કર્યું ત્યારે તમે ચૈતસિક અને આધ્યાત્મિક અવસ્થામાં પ્રવેશ મેળવ્યો. તેણે **મેદાન** નું સ્વરૂપ લીધું અને તેમાં સફેદ પ્રકાશ ફેલાયો તથા ઠંડી અને શાંતિ આવી. તમે સીડી જોઈ તે આ ચૈતસિક અને આધ્યાત્મિક અવસ્થામાંથી વધારે અને વધારે ઊંચી આધ્યાત્મિક ચેતનાની અનુભૂતિઓનું આરોહણ જ્યાંથી પ્રકાશનો સ્રોત વહે છે તેનું પ્રતીક હતી. માતાજીનો હસ્ત એ તેમની હાજરી અને સહાયનું પ્રતીક છે જે તમને ઊંચે અને ઊંચે ખેંચી જઈને સીડીને છેલ્લે પગથિયે મૂકી આપશે.

*

શ્રદ્ધા તામસિક અને બિનઅસરકારક હોઈ શકે. દા. ત. "હું માનું છું કે માતાજી બધું કરી આપશે એટલે મારે કાંઈ કરવાની જરૂર નથી. જ્યારે તેમની ઇચ્છા થશે ત્યારે તેઓ મારું રૂપાંતર કરશે." આવી વસ્તુ સક્રિય શ્રદ્ધા નથી પણ સ્થિર અને જડ શ્રદ્ધા છે.

*

શ્રદ્ધા, પ્રભુ પરનો આધાર, દિવ્ય શકિતને સમર્પણ અને આત્માર્પણ જરૂરી છે એટલું જ નહિ પણ અનિવાર્ય છે. પરંતુ પ્રમાદ, નિર્બળતા અને નિમ્ન પ્રકૃતિના આવેગોને પ્રભુના આધારનાં બહાનાં તરીકે આગળ ધરવા ન જોઈએ; પ્રભુ પર આધાર રાખવા માટે અણથક અભીપ્સા ચાલુ રાખવી જોઈએ અને દિવ્ય સત્યના માર્ગમાં જે કોઈ વસ્તુ વિઘ્ન તરીકે આવે તેનો મક્કમ રીતનો ઇનકાર કરવો જોઈએ. પરમાત્માને કરેલું સમર્પણ એક બહાના તરીકે, એક બુરખા તરીકે ફેરવી નાખવું ન જોઈએ. પોતાની કામનાઓ અને નિમ્ન પ્રકૃતિની ગતિઓ અથવા અજ્ઞાનની ગતિઓ અથવા અહંકારને ઢાંકવા માટેનું બહાનું ન હોવું જોઈએ અથવા અવિદ્યા પરમાત્મા તરીકેનો જૂઠો દેખાવ ધારણ કરે તેવી વસ્તુને સમર્પણ કરેલું ન હોવું જોઈએ.

માણસે પરમાત્મા ઉપર આધાર રાખવો જોઈએ અને છતાં શકિતશાળી સાધના કરવી જોઈએ – પરમાત્મા સાધનાના પ્રમાણમાં ફળ આપતો નથી પરંતુ આત્માની સચ્ચાઈ અને તેની અભીપ્સા અનુસાર ફળ આપે છે. (આત્માની સચ્ચાઈ એટલે પ્રભુ પ્રત્યેની તેની ઝંખના અને ઉચ્ચતર જીવન માટેની તેની અભીપ્સા એવું હું કહેવા માગું છું) વળી ચિંતા કરવાથી કાંઈ ફાયદો થતો નથી– " હું આ બનીશ, હું પેલા પ્રકારનો બનીશ, હું શું બનીશ ? " તેને બદલે એમ કહો, " મારી પોતાની ઈચ્છા પ્રમાણે હું બનવા તૈયાર નથી પરંતુ પ્રભુની જે ઈચ્છા હોય તેવો હું બનીશ, " – બધું જ આ પાયા પર બનવું જોઈએ.

*

તમે ફરીને સાચો સિદ્ધાંત પકડી લીધો હોય એવું લાગે છે, સર્વ રીતે માતાજી માટે જ બની રહેવું અને એવી પૂર્ણ શ્રદ્ધા સાથે કે માણસે તે શ્રદ્ધાથી જ સંપૂર્ણ રીતે આગળ પ્રગતિ કરવી અને જે વસ્તુની જરૂર હશે તે બધું જ આવી મળશે અને પ્રભુની જે ઈચ્છા હશે તે જ પ્રમાણે બધું બનશે. આ જગતના બધા જ કાર્યો માણસોને સમજવા માટે ઘણા સૂક્ષ્મ, વિચિત્ર અને જટિલ છે – જ્યારે ઊર્ધ્વમાંથી જ્ઞાન પ્રાપ્ત થાય છે અને માણસને ઊર્ધ્વતર ચેતનામાં ઉપર ઉઠાવવામાં આવે છે ત્યારે જ સાચી સમજ આવે છે. તે દરમિયાન માણસે પોતાની અંદર રહેલા ચૈતસિક હૃદયની આજ્ઞાઓને જ અનુસરવી જોઈએ, અને તે વસ્તુઓનો આધાર શ્રદ્ધા અને પ્રેમ ઉપર જ રહેલો છે જે તેના માટે એક ધ્રુવતારક છે.

*

આ બધી વસ્તુઓ મેં તમને સમજાવેલી છે. એ બિલકુલ સાચું છે કે જો તમારી ઉપર બધું જ છોડી દેવામાં આવે તો, તમે કાંઈ પણ કરી શકશો નહિ એટલા માટે તમારે તે શકિતના સંપર્કમાં રહેવાનું છે જે ત્યાં રહેલી છે અને તમે પોતે જે ન કરી શકો તે કરી રહી છે. **તમારે** તો એક જ વસ્તુ કરવાની છે. તે શકિતને કાર્ય કરવા માટે સહમતી આપવી અને તમારે તેના પક્ષમાં તમારી જાતને મૂકી દેવી. એટલે કે તેમાં શ્રદ્ધા રાખવી, તેના ઉપર આધાર રાખવો, તમારી જાતને મૂંઝવણમાં અથવા મુશ્કેલીમાં ન મૂકવી, તે શકિતનું સ્થિરતાથી સ્મરણ કર્યા કરવું. તેને પુકાર કરવો અને શાંતિથી તેને કાર્ય કરવા દેવું. જો તમે એટલું કરો તો બીજું બધું તમારા માટે કરી લેવામાં આવશે – એકી વખતે નહિ, કારણ કે ઘણી વસ્તુની સફાઈ કરવાની છે. તેમ છતાં તે વસ્તુ અચૂક બનશે, પરંતુ ધીરે ધીરે અને વધારે અને વધારે.

*

દિવ્ય કૃપા અને શકિત દરેક વસ્તુ કરી શકે છે, પરંતુ સાધકની તેમાં પૂર્ણ સંમતિ હોવી જોઈએ. સાધનાનો પૂર્ણ અર્થ એટલે તે વસ્તુને પૂર્ણ સંમતિ આપતા શીખવું. તેને માટે સમય લાગે, કારણ કે મનમાં રહેલા ખ્યાલો, પ્રાણમાં રહેલી કામનાઓ અથવા શારીરિક ચેતનામાં રહેલી જડતા હોય છે, પરંતુ આ બધી વસ્તુઓ તો રહેવાની જ અને તે વસ્તુઓને દૂર કરવા માટે દિવ્ય શકિતના કાર્યને પુકાર કરવો જોઈએ, અને તેની મદદ માગવી જોઈએ.

*

તમારામાં કોઈ પણ પ્રકારના નિરુત્સાહીને પ્રવેશવા ન દેશો અને દિવ્યકૃપામાં કદી અશ્રદ્ધા ન રાખશો. તમારી બહાર જે કોઈ મુશ્કેલીઓ રહેલી છે, તમારી અંદર જે કોઈ દુર્બળતા રહેલી છે તેમને માટે જો તમે તમારી શ્રદ્ધા અને અભીપ્સાને મક્કમ રીતે વળગી રહેશો, તો ગુપ્ત શકિત તમને તેની આરપાર લઈ જશે અને તમને અહીં પાછા લાવશે. તમારી ઉપર આવતા વિરોધો અને મુશ્કેલીઓથી તમે ખૂબ મૂંઝાયેલા હો, તમે ભલે ઠોકરો ખાતા હો, તમને તમારો માર્ગ બંધ થઈ ગયો છે એવું લાગતું હોય તો પણ તમારી અભીપ્સા ચાલુ રાખો. તમારી શ્રદ્ધા વાદળોથી થોડા સમય માટે ઢંકાયેલી હોય તેમ છતાં તમારા મનમાં અને હૃદયમાં અમારી પ્રત્યે કાયમ વળો અને તે સર્વ વસ્તુઓ અદશ્ય થઈ જશે. તમને પત્રો રૂપી માર્ગ વડે અમે સંપૂર્ણ રીતે બાહ્ય મદદ આપવા તૈયાર છીએ... પરંતુ મક્કમ રીતે માર્ગને વળગી રહો – અને અંતે વસ્તુઓ પોતે જ તમારી પ્રત્યે ખુલ્લી થશે અને સંજોગો તમારા અંતરાત્માને તાબે થશે.

*

તમારી મુશ્કેલી અશ્રદ્ધા અને બિનઆજ્ઞાધીનતામાંથી આવેલી હોવી જોઈએ કારણ કે અશ્રદ્ધા અને બિનઆજ્ઞાંકિતતા જૂઠાણાં જેવાં છે, (તેઓ પોતે જ જૂઠાણા છે અને તેમનો પાયો ખોટા વિચારો અને આવેગો છે) જે દિવ્ય શક્તિના કાર્યમાં દખલરૂપ બને છે, અને તેની અનુભૂતિનો અવરોધ કરે છે અથવા તેને પૂર્ણ રીતે કાર્ય કરવા દેતા નથી અને રક્ષણના બલને ઓછું કરે છે.

તમારી આંતરિક એકાગ્રતામાં જ નહિ, પરંતુ તમારા બાહ્ય કર્મમાં તથા ગતિઓમાં પણ તમારે સાચું વલણ સ્વીકારવાનું છે. જો તમે તે પ્રમાણે કરો અને માતાજીના માર્ગદર્શન નીચે દરેક વસ્તુને મૂકો તો તમને માલુમ પડશે કે મુશ્કેલીઓ ઘટતી જાય છે અથવા તેઓ ઉપર સહેલાઈથી વિજય પ્રાપ્ત થાય છે અને વસ્તુઓ ધીરે ધીરે સરળ બનતી જાય છે.

તમારા કાર્ય અને કર્મમાં પણ જે રીતે તમે એકાગ્રતાઓ કરો છો તે રીતે તેમને કરવાં જોઈએ. માતાજી પ્રત્યે ખુલ્લાં થાઓ, તેમને તેમના માર્ગદર્શન નીચે મૂકો, શાંતિ, તેમની સહાયક શક્તિ તથા રક્ષણની માગણી કરો, અને તેઓ કાર્ય કરી શકે એટલા માટે તમારા માર્ગમાં આવતી ખોટી અસરોનો ઇનકાર કરો તથા ખોટી, બેદરકાર અથવા અચેતન ગતિઓનો સ્વીકાર ન કરો.

આ સિદ્ધાંતને અનુસરો અને તમારું સમગ્ર સ્વરૂપ એક બનશે, અને શાંતિની, તથા દિવ્ય રક્ષક શકિત અને પ્રકાશની એક જ શક્તિ નીચે આવશે.

*

તેઓ (શ્રદ્ધા, સમર્પણ અને **સમતા**) ને સ્વરૂપના દરેક ભાગમાં મૂકવા જોઈએ અને તેના એકેએક અણુમાં સ્થાપિત થવાં જોઈએ જેથી કરીને કોઈ પણ વિરોધી આંદોલન માટે શકયતા ન રહે.

*

જે કોઈ વિરોધી વસ્તુઓ પોતાની જાતને હાજર કરે તેમનો તમારે હિંમતપૂર્વક સામનો કરવો જોઈએ અને તેઓ અદૃશ્ય થઈ જશે અને દિવ્ય મદદ પ્રાપ્ત થશે. શ્રદ્ધા અને હિંમત કાયમ જીવનમાં અને કાર્યમાં, આધ્યાત્મિક અનુભૂતિ માટે રાખવાનું સાચું વલણ છે.

*

કસોટીની ક્ષણોમાં પરમાત્માના રક્ષણમાં શ્રદ્ધા, તથા રક્ષણ માટેનો પુકાર, હોવાં જોઈએ. દરેક સમયે એવી શ્રદ્ધા હોવી જોઈએ કે પ્રભુ જે સંકલ્પ કરે છે તે સર્વશ્રેષ્ઠ છે.

જે વસ્તુ તમને પરમાત્મા પ્રત્યે વાળે તેને તમારા માટે સારી વસ્તુ ગણવી જોઈએ અને પ્રભુ તરફથી જે વસ્તુ તમને છૂટી પાડે તે તમારા માટે ખરાબ વસ્તુ છે.

*

તમારી મુશ્કેલી માટે બીજું કોઈ પણ કારણ નથી સિવાય કે તમારા દ્વાર ઉપર જે ટકોરા થાય છે તેમને સાંભળીને તમે તમારા બારણાં ખોલો છો. જો તમને કેવળ પ્રભુની જ ઇચ્છા હોય, તો તેમાં કેવળ નિરપેક્ષ ખાતરી છે કે તમે પરમાત્મા પ્રત્યે પહોંચી જશો પરંતુ તમારી દરેક ગતિ વિષેના આ પ્રશ્નો તથા વેદના ફકત તેમાં ઢીલ કરશે અને તમારા હૃદય તથા નેત્રોની આગળ એક રૂકાવટ કરતો પરદો આવશે, કારણ કે જ્યારે માણસ કોઈ પણ પ્રગતિ કરે છે ત્યારે દરેક પગલે વિરોધી

બળો શંકાઓનો તમારી ઉપર મારો ચલાવશે અને તે તમારા પગ વચ્ચે જાણે કે દોરડું આવી ગયું હોય એ રીતે તમને ઠોકર ખવડાવશે – આ તો તેમની કાર્ય કરવાની એક તરકીબ છે... માણસે એમ કહેવું જોઈએ કે, "મારે જ્યારે કેવળ પ્રભુની જ જરૂર છે ત્યારે મારી સફળતા એ ચોક્કસ વસ્તુ છે, મારે પૂર્ણ શ્રદ્ધાથી આગળ વધવું જ જોઈએ અને પ્રભુનો પોતાનો હસ્ત ત્યાં હશે જ, જે મને ગુપ્ત રીતે તેના તરફ તેની પોતાની રીતે અને પોતાના સમયે દોરતો જ રહેશે." આ વસ્તુને તમારે એક સતત મંત્રની માફક તમારી સાથે રાખવાની છે. માણસ બીજી કોઈ પણ વસ્તુ વિષે શંકા ઊઠાવે પરંતુ જે માણસને કેવળ પ્રભુની જ ઈચ્છા હોય તે પ્રભુને ચોક્કસ પહોંચશે જ એ ખાતરી છે અને તે વસ્તુ બે વત્તા બે બરાબર ચાર થાય તેનાથી પણ વધારે ખાતરીબંધ છે.

દરેક સાધકના હૃદયના તળમાં આ પ્રકારની શ્રદ્ધા હોવી જોઈએ જે તેને દરેક ઠોકર અને ફટકો તથા કસોટીમાં આધાર આપે. તમારા મન પર જૂઠા ખ્યાલો હજુ પણ તેમની છાયાઓ નાખે છે અને તમને માર્ગમાં અટકાવે છે. તે બધાને હટાવી દો અને મુશ્કેલીની કેડ ભાંગી જશે.

*

દિવ્ય પ્રકાશના વિજયમાં અડગ શ્રદ્ધા રાખો અને માનવ વ્યકિતતાના પોતાના રૂપાંતરમાં તથા ભૌતિક વસ્તુઓના અવરોધોનો શાંત સમતાપૂર્વક સામનો કરો.

*

પ્રકૃતિનું પૂર્ણ રૂપાંતર થશે એ ફક્ત આશા નથી પરંતુ એક ચોક્કસ ખાતરી છે.

*

ભલે અંધકાર ગમે તેટલો ગાઢ હોય – અને આ જગત તેનાથી પૂરેપૂરું ભરેલું છે તથા માનવની ભૌતિક પ્રકૃતિ પણ અંધકારમય છે – તેમ છતાં સાચા પ્રકાશનું એક કિરણ દસ ગણા અંધકારની સામે પણ છેવટે વિજય પ્રાપ્ત કરશે. આ વસ્તુમાં ખાતરી રાખો અને તેને વળગી રહો.

૫

સમર્પણ એટલે પ્રભુને પોતાની જાતનું સમર્પણ કરવું – પોતે જે કાંઈ છે અથવા પોતાની પાસે જે કાંઈ છે તે, પ્રભુને આપવું અને કોઈ પણ વસ્તુને

પોતાની માલિકીની ન ગણવી, ફક્ત પ્રભુના સંકલ્પની જ આજ્ઞા માનવી અને બીજી કોઈ પણ વસ્તુની નહિ; પ્રભુ માટે જ જીવન જીવવું અને નહિ કે અહંકાર માટે.

*

સમર્પણ એટલે માતાજીના હાથમાં જ સંપૂર્ણ રીતે રહેવું અને તેમના પ્રકાશ, જ્ઞાન, સંકલ્પ, તેમની શકિતના કાર્ય વગેરેનો પોતાના અહંકારદ્વારા કોઈ પણ રીતે પ્રતિકાર ન કરવો.

*

તો પછી તે સમર્પણનો **સંકલ્પ** છે. પરંતુ સમર્પણ માતાજીને કરેલું હોવું જોઈએ – તેમની શકિતને પણ નહિ, પરંતુ માતાજીને પોતાને.

*

આવી ગૂંચવણની કોઈ જરૂર નથી. જો ચૈત્ય પુરુષ આવિર્ભાવ પામે તો તે તમારી પાસે તેને સમર્પણ કરવાની માગણી નહિ કરે, પરંતુ તે માતાજીને સમર્પણ કરવાનું કહેશે.

*

જે લોકો પોતાની જાતનું કોઈ પણ પ્રકારના સંકોચ વગર અને તેમના સમગ્ર ભાગોમાં પરમાત્માને અર્પણ કરે છે, તેમને પ્રભુ પોતે જ પોતાનું અર્પણ કરે છે. તેમને માટે સમતા, પ્રકાશ, શકિત, આનંદ, મુકિત, વિશાળતા, જ્ઞાનના શિખરો અને આનંદના મહાસાગરો હોય છે.

*

(૧) તે વસ્તુ ફક્ત આંતરિક અર્થમાં જ છે – તેમાં બાહ્ય મહત્તાનો અર્થ નથી. અહંકાર બધી જ આજ્ઞાધીનતા વિષે એવી માન્યતા રાખે છે કે તે પોતાની જાતને નીચી કક્ષાએ લાવે છે અને ઓછી કરે છે, પરંતુ ખરેખર તો પ્રભુને આજ્ઞાધીન રહેવાથી આપણા સ્વરૂપની વૃદ્ધિ થાય છે અને તેમાં મહત્તા આવે છે એવો તેનો અર્થ રહેલો છે.

*

જો સમર્પણ ન હોય તો, સમગ્ર સ્વરૂપમાં રૂપાંતર થઈ શકે નહિ.

*

---

(૧) 'માતાજીના વાર્તાલાપો' માંથી નીચેના પરિચ્છેદની આ સમજૂતિ છે :– "સમર્પણ તમારામાં ઘટાડે નહિ કરે પરંતુ વૃદ્ધિ કરશે; તે તમારી વ્યક્તિતાને ઘટાડશે નહિ, નિર્બળ કરશે નહિ અથવા વિનાશ કરશે નહિ, તેમને રક્ષણ આપશે અને મહત્તા આપશે" (૧૯૬૬ની આવૃત્તિ) પૃષ્ઠ ૧૨૬.

જો માણસને પ્રભુની જરૂર હોય, તો પ્રભુ પોતે જ હૃદયની વિશુદ્ધિને પોતાના હસ્તમાં લઈ લેશે અને સાધનાનો વિકાસ કરશે અને જરૂરી અનુભૂતિઓ આપશે; જો વ્યક્તિને પરમાત્મામાં વિશ્વાસ અને શ્રદ્ધા હોય અને પ્રભુને સમર્પણ કરવાનો તેનો સંકલ્પ હોય તો તે પ્રમાણે બની શકે છે અને બને છે જ. કારણ કે આ પ્રકારનું વલણ પોતાની જાતને પ્રભુના હાથમાં મૂકી આપે છે અને કેવળ પોતાના પ્રયત્ન ઉપર આધાર રાખવો પડતો નથી અને તેથી આ વસ્તુમાં પ્રભુમાં વિશ્વાસ અને સમર્પણ અંતર્હિત રહેલાં છે અને એક પ્રગતિશીલ સ્વાર્પણ રહેલું છે. હકીકતમાં આ સાધનાનો સિદ્ધાંત છે. તેનું મેં અનુસરણ કરેલું છે અને હું જોઈ શકું છું તે પ્રમાણે જ તે મુખ્ય પ્રક્રિયા છે. હું ધારું છું કે શ્રી રામકૃષ્ણ જે બિલાડીના બચ્ચાંનું પ્રતીક આપતા હતા તેનો આ અર્થ છે. પરંતુ બધા જ આ વસ્તુનું અનુસરણ તાત્કાલિક રીતે કરી શકે નહિ; તે વસ્તુ સુધી પહોંચતા તેમાં સમય લાગે છે – જ્યારે મન અને પ્રાણ બિલકુલ શાંત પડી જાય ત્યારે તે વસ્તુનો વિકાસ થાય છે.

હું સમર્પણનો અર્થ મન અને પ્રાણનું આંતરિક સમર્પણ કરું છું. અલબત્ત બાહ્ય સમર્પણ પણ છે; જે કોઈ વસ્તુ આત્માની સાથે સંઘર્ષમાં હોય, તે સર્વનો ત્યાગ કરવો અથવા સાધના, અર્પણ અને પરમાત્મા તરફથી આવતા માર્ગદર્શનને આજ્ઞાધીનતા વગેરેની તેમાં જરૂર છે અને જો અમુક અવસ્થાએ પહોંચેલા હોઈએ તો સીધી રીતે પ્રભુના માર્ગદર્શનનો સ્વીકાર કરવો અથવા ચૈત્ય પુરુષ મારફતે આજ્ઞા સ્વીકારવી અથવા ગુરુના માર્ગદર્શનને સ્વીકારવું. હું એમ કહી શકું કે **પ્રાયોપવેશના** (લાંબા સમય સુધી ઉપવાસ કરવા) ને સમર્પણ સાથે કોઈ સંબંધ નથી. તે એવા પ્રકારની તપસ્યા છે જે ઘણી કઠિન છે અને મારા અભિપ્રાય મુજબ વધારે કષ્ટદાયક છે અને ઘણી વખત જોખમી છે.

આંતર સમર્પણનો માર્ગ પ્રભુમાં વિશ્વાસ અને શ્રદ્ધા છે. માણસ એવું વલણ રાખે છે: "મારે પ્રભુ જ જોઈએ છીએ અને સિવાય બીજું કાંઈ નહિ. મારી જાતને મારે તેને જ સમગ્ર પણે અર્પણ કરવી છે કારણ કે મારો આત્મા તેવી ઈચ્છા રાખે છે અને તેથી તેને હું અચૂક મળી શકું અને તેનો સાક્ષાત્કાર કરી શકીશ. તે સિવાય હું બીજી કોઈ વસ્તુની માગણી કરતો નથી અને તેનું કાર્ય મારી અંદર એ પ્રકારે ચાલે છે કે તે મને તેના પ્રત્યે લઈ જશે. ભલે પછી તેનું કાર્ય ગુપ્ત હોય કે ખુલ્લું હોય, ઢંકાયેલું હોય કે આવિર્ભાવ પામેલું હોય, હું તેનામાં વિશ્વાસ રાખીશ, તેના સંકલ્પને સ્વીકારીશ, તેના પ્રકાશ, હાજરી અને આનંદ

માટે સ્થિર રીતે અભીપ્સા કરીશ. બધી જ મુશ્કેલીઓ અને ઢીલોમાંથી પસાર થઈ જઈશ – તેના ઉપર જ આધાર રાખીશ અને કદી તેને છોડીશ નહિ. મારું મન શાંત થાઓ અને તેનામાં વિશ્વાસ રાખો, અને તેના પ્રકાશ પ્રત્યે ખુલ્લું થાઓ; મારો પ્રાણ શાંત પડો અને કેવળ તેના પ્રત્યે જ વળો અને તેને પ્રભુનાં સ્થિરતા અને આનંદ પ્રત્યે વળવા દો, તેને માટે દરેક વસ્તુ છે અને હું પોતે તેનો જ છું. જે કાંઈ બને છે, તેમાં હું આ અભીપ્સાને પકડી રાખીશ તથા આત્માર્પણ કરીશ અને પૂર્ણ આધાર સહિત હું એવી રીતે પ્રગતિ કર્યા કરીશ કે તે વસ્તુ ચોક્કસ બનશે જ."

વ્યકિતએ તે પ્રકારના વલણમાં વિકાસ સાધવો પડશે; કારણ કે ચોક્કસપણે તે વસ્તુ તાત્કાલિક સંપૂર્ણ ન બની શકે – મનોમય અને પ્રાણમય ગતિઓ વચ્ચે દખલ કરે છે – પરંતુ વ્યક્તિ જો તે પ્રમાણે કરવાનો સંકલ્પ ચાલુ રાખે, તો તે સ્વરૂપમાં વિકાસ પામશે. બાકી બધી વસ્તુઓ માટે જ્યારે માર્ગદર્શન પ્રાપ્ત થાય ત્યારે તેની પ્રત્યે આજ્ઞાધીનતા રાખવાની છે અને પોતાની મનોમય અને પ્રાણમય ગતિઓને તેની અંદર દખલ કરવા દેવી નહિ.

મારો કહેવાનો હેતુ એવો નથી કે આ જ કેવળ એક માર્ગ છે અને બીજી કોઈ રીતે સાધના થઈ શકે નહિ – બીજા ઘણા બધા માર્ગો છે જે પ્રભુ પ્રત્યે લઈ જાય છે. પરંતુ હું આ એક જ માર્ગ જાણું છું, જેના વડે પરમાત્મા પોતે આપણી સાધનાને પોતાના હાથમાં લઈ લે છે અને પ્રકૃતિ તૈયાર થાય તે પહેલાં સાધનાને એક સમજૂતિપૂર્વકની હકીકત બનાવે છે. બીજી પદ્ધતિઓ છે જેમાં દિવ્ય કર્મની સમયે અનુભૂતિ થઈ શકે છે, પરંતુ તે વસ્તુ જ્યાં સુધી બધું તૈયાર ન થઈ જાય ત્યાં સુધી પરદા પાછળ રહે છે. કેટલીક સાધનાઓમાં પ્રભુના કાર્યની જાણ પણ થતી નથી: બધું જ તપસ્યાદ્વારા જ કરવામાં આવે છે. ઘણી ખરી સાધનાઓમાં આ બન્નેનું મિશ્રણ હોય છે; તપસ્યા છેવટે પરમાત્માની સહાય અને પ્રક્ષેપની માગણી કરે છે. પરમાત્મા સર્વસ્વ કરી આપે છે અને એ ખ્યાલ અને અનુભૂતિ, જે યોગમાં સમર્પણ મુખ્ય હોય છે તેના પાયા ઉપર આધાર રાખે છે. પરંતુ ગમે તે માર્ગનું અનુસરણ કરવામાં આવે તેમાં એક જ વસ્તુ કરવાની હોય છે કે પરમાત્માને વફાદાર રહેવું અને છેવટ સુધી તે માર્ગને અંતે પહોંચી જવું.

પ્રભુ સર્વસ્વ કરી શકે છે – હૃદય અને પ્રકૃતિ વિશુદ્ધ બને, આંતરિક ચેતનામાં જાગૃતિ આવે, પરદાઓ ખસી જાય. જો વ્યકિત પરમાત્માને પોતાની

જાતનું અર્પણ કરી દે અને તેનામાં શ્રદ્ધા અને વિશ્વાસ રાખે, અને ભલે પછી તે વ્યકિત એકી વખતે તે પૂર્ણપણે ન કરી શકે, તેમ છતાં જેમ જેમ તે વધારે પ્રમાણમાં કરતી જાય, તેટલા પ્રમાણમાં આંતરિક મદદ અને માર્ગદર્શન આવતું જાય છે અને પ્રભુની અનુભૂતિની વૃદ્ધિ થતી જાય છે. જો પ્રશ્ન કરતું મન, ઓછું સક્રિય બને અને સમર્પણ માટે નમ્રતા તથા સંકલ્પમાં વિકાસ થાય, તો આ વસ્તુ પૂર્ણ રીતે શકય બને. પછીથી બીજું કોઈ પણ સામર્થ્ય અને તપસ્યાની જરૂર રહેતી નથી સિવાય કે આ વસ્તુનાં.

*

સાધનાના પ્રથમ વિભાગમાં – અને પ્રથમનો ભાગ એટલે ટૂંકો વિભાગ એમ હું કહેતો નથી - પ્રયત્ન અનિવાર્ય છે. સમર્પણ, અલબત્ત જરૂરી છે. પરંતુ સમર્પણ એવી વસ્તુ નથી જે એક જ દિવસમાં બની આવે. મનને તેના પોતાના વિચારો હોય છે અને તે તેને વળગી રહે છે. માનવ પ્રાણ સમર્પણનો પ્રતિકાર કરે છે કારણ કે તે જેને સમર્પણ કહે છે તે પ્રથમ તબક્કામાં એક આત્માર્પણની શંકાસ્પદ વસ્તુ છે, જેમાં તેની ગુપ્ત રીતની માગણી રહેલી હોય છે. શારીરિક ચેતના પથ્થર જેવી હોય છે અને તે જેને સમર્પણ કહે છે તે કેવળ જડના સિવાય બીજી કોઈ વધારે અગત્યની વસ્તુ નથી. ફકત ચૈતસિક તત્ત્વ જ કઈ રીતે સમર્પણ કરવું તેનું જ્ઞાન ધરાવે છે અને ચૈત્ય પુરુષ શરૂઆતમાં ગાઢ બુરખામાં છુપાયેલો હોય છે. જયારે ચૈત્ય પુરુષ જાગૃત થાય છે ત્યારે તે સમગ્ર સ્વરૂપનું સાચું સમર્પણ એકાએક અને સમગ્ર રીતે કરે છે, કારણ કે બાકી રહેલા બીજા ભાગોની મુશ્કેલી સાથે ઝડપથી કામ લેવામાં આવે છે અને તે મુશ્કેલી અદૃશ્ય થઈ જાય છે, પરંતુ ત્યાં સુધી પ્રયત્ન અનિવાર્ય છે. અથવા જ્યાં સુધી દિવ્ય શકિત ઉપર ઊર્ધ્વમાંથી નીચે પોતાના સ્વરૂપમાં પોતાનો પ્રવાહ ધસમસતો ન મોકલે અને વ્યકિતમાં વધારે અને વધારે કાર્ય ન કરે અને વ્યકિતના પ્રયત્નને ઓછો અને ઓછો ન કરે ત્યાં સુધી, પ્રયત્ન જરૂરી છે - પરંતુ એમ બને ત્યાર પછી પણ પ્રયત્નની ભલે જરૂર ન પડે તો પણ મન, સંકલ્પ, પ્રાણ અને શરીરમાં દિવ્ય શકિત પૂર્ણ રીતે કબજો ન લે ત્યાં સુધી અભીપ્સા અને જાગૃતિ જરૂરી છે. આ વિષય ઉપર મને લાગે છે કે મેં "મા" પુસ્તકમાં ચર્ચા કરેલી છે.

બીજી રીતમાં કેટલાક એવા માણસો હોય છે જેઓ એક સચ્ચાઈપૂર્ણ અને સક્રિય સંકલ્પ શકિતથી પૂર્ણ સમર્પણ માટે શરૂઆત કરે છે. તે એવા લોકો હોય છે જેઓ ચૈત્ય પુરુષદ્વારા શાસિત થયેલા હોય છે અથવા એક વિશુદ્ધ પ્રકાશિત

મનોમય સંકલ્પ તેમનું શાસન કરે છે; તે સંકલ્પ એક વખત સાધનાના ધર્મ તરીકે સમર્પણને સ્વીકારે ત્યાર પછી બીજી કોઈ પણ નિરર્થક વસ્તુને ચલાવી લેતા જ નથી અને સ્વરૂપના બીજા ભાગો તે સંકલ્પની દિશામાં જ કાર્ય કરે એ રીતનું મક્કમ વલણ લે છે. અહીં પણ પ્રયત્ન તો હોય છે જ; પરંતુ તે વસ્તુ એટલી બધી તૈયાર અને નૈસર્ગિક હોય છે અને તેની પાછળ રહેલી મહાન શકિત વિષે તેઓ એટલા બધા સજાગ હોય છે કે સાધકને ભાગ્યે જ એમ લાગે છે કે તે પોતે પ્રયત્ન કરે છે. તેનાથી ઊલટાં પ્રકારના પ્રસંગમાં મનનો અથવા પ્રાણનો સંકલ્પ જો પોતાના સંકલ્પને જ પકડી રાખે, તમારી પોતાની સ્વતંત્ર ગતિને છોડી દેવાનો આનાકાની કરતો હોય તો સંઘર્ષ અને પ્રયત્ન ત્યાં સુધી રહેવાનાં જ્યાં સુધી કરણની આગળ રહેલી દીવાલ અને તેની પાછળ અથવા ઊર્ધ્વમાં રહેલી દિવ્યતા વચ્ચેની દીવાલ તૂટી ન જાય. એવો કોઈ પણ નિયમ ન આપી શકાય જે કોઈ પણ ભેદભાવ વગર દરેકને લાગુ પડે એ રીતે આપી શકાય. માનવ પ્રકૃતિની ભિન્નતાઓ એટલી બધી વિસ્તૃત હોય છે કે તેમને એક ટૂંકા નિયમમાં સાંકળી ન લેવાય.

*

અંગત પ્રયત્ન ઉપરનો ભાર એકદમ છોડી દેવો શકય નથી – અને તે કાયમ ઈચ્છનીય પણ નથી; કારણ કે તામસિક પ્રમાદ કરતાં અંગત પ્રયત્ન ઘણી વધારે સારી વસ્તુ છે.

અંગત પ્રયત્નને ધીરે ધીરે પ્રગતિશીલ રીતે દિવ્ય બલની ગતિમાં ફેરવી નાખવાનો છે. જો તમે દિવ્ય બલ વિષે સચેતન હો, તો તેને તમારા પ્રયત્ન ઉપર વધારે અને વધારે કાબુ જમાવવા દો, તેને તેના હાથમાં લઈ લેવા દેવો અને તેનું તમારી પોતાની નહિ પરંતુ શ્રી માતાજીની કોઈક વસ્તુમાં રૂપાંતર સાધો. તેમાં એક પ્રકારનો ફેરફાર થશે, વ્યકિતના આધારના કાર્યમાં જે બલો કાર્ય કરી રહેલાં છે તેમનામાં ફેરફાર થશે – પરંતુ તે ફેરફાર જલદી સંપૂર્ણ બનશે નહિ પરંતુ પ્રગતિકારક રીતે બન્યા કરશે.

પરંતુ ચૈતસિક સમત્વ જરૂરી છે; વિવેકનો વિકાસ થવો જોઈએ કે કયું દિવ્ય બલ છે તેને બરાબર ચોક્કસ રીતે જોઈ શકે, વ્યક્તિગત પ્રયત્નમાં મૂળ તત્ત્વ કયું રહેલું છે તે સમજે અને નિમ્ન પ્રકારનાં વિશ્વબલોમાંથી કઈ કઈ વસ્તુઓનું મિશ્રણ થાય છે તેની સમજ પણ પ્રાપ્ત કરી શકે. જ્યાં સુધી ફેરફાર સંપૂર્ણ ન થાય ત્યાં સુધી જેને માટે સમય લાગે છે, એક પોતાનો અંગત ફાળો હોવો જોઈએ, સાચી શકિત પ્રત્યે એક સતત મંજૂરી, તથા નિમ્ન પ્રકારનાં મિશ્રણનો ઇનકાર હોવાં જ જોઈએ.

અત્યારે અંગત પ્રયત્ન છોડી દેવાની જરૂર નથી પરંતુ દિવ્ય શકિતને વધારે અને વધારે પુકાર કરો અને તમારા અંગત પ્રયત્નને તેના માર્ગદર્શન અને શાસન નીચે રહેવા દો.

*

સાધનાની શરૂઆતની અવસ્થામાં દરેક વસ્તુને પ્રભુ ઉપર છોડી દેવી અથવા તેમાંથી દરેક વસ્તુની અપેક્ષા રાખવી અને પોતાના પ્રયત્ન માટે કોઈ જરૂર ન જોવી એ સલાહકારક નથી. તે ત્યારે જ શકય બને જ્યારે ચૈત્ય પુરુષ અગ્રભાગે આવેલો હોય અને સમગ્ર કાર્ય ઉપર તેનો પ્રભાવ નાખતો હોય, અને તેમાં પણ સાવચેતી અને સતત મંજૂરી જરૂરી છે, નહિ તો પછી, ત્યાર પછીની યોગની અંતિમ અવસ્થાઓમાં અતિમનસ બલ સીધે સીધો અથવા લગભગ સીધો જ ચેતનાનો હવાલો સંભાળે છે ત્યારે તે શકય બને છે; પરંતુ આ અવસ્થા તો હજી ઘણે ઘણે દૂર છે. બીજી પરિસ્થિતિઓમાં આવું વલણ બંધિયારપણું અથવા જડતા તરફ દોરી જવાની શકયતા લાવે છે.

સ્વરૂપના વધારે યાંત્રિક ભાગો જ સાચી રીતે કહી શકે કે તેઓ અસહાય છે; શારીરિક (ભૌતિક) ચેતના, ખાસ કરીને, તેની પ્રકૃતિમાં જડ હોય છે અને તે યા તો મનોમય અથવા પ્રાણમય અથવા ઊર્ધ્વતર બલોદ્વારા ગતિમાં આવે છે. પરંતુ વ્યક્તિમાં કાયમ મનોમય સંકલ્પ અથવા પ્રાણમય ગતિને પ્રભુની સેવામાં મૂકવાની શક્તિ હોય છે. વ્યક્તિને તેના તાત્કાલિક પરિણામો વિષે ખાતરી ન હોઈ શકે કારણ કે નિમ્ન પ્રકૃતિની રૂકાવટ અથવા વિરોધી બલોનું દબાણ ઘણી વખત અમુક સમય પૂરતું સફળતા પ્રાપ્ત કરી શકે અથવા લાંબો સમય સુધી પણ રહી શકે અને તે જરૂરી પરિવર્તનની વિરુદ્ધ પણ પડી શકે, અને તેવે સમયે વ્યકિતએ મક્કમ રીતે ટકી રહેવું પડે, સંકલ્પને કાયમ પ્રભુની તરફેણમાં મૂકવો પડે, જે વસ્તુનો ઈનકાર કરવાનો હોય તેનો ઈનકાર કરવો પડે, સાચા પ્રકાશ અને સાચા બલ પ્રત્યે પોતાની જાતને ખુલ્લી કરવી પડે, અને તેને નીચે ઉતરવા માટે સ્થિરતાથી, શાંતિથી અને અણથક રીતે સાદ આપવો પડે, અને તેમાં કોઈ વિષાદ અને અધીરાઈને દાખલ ન થવાં દેવા જોઈએ, જ્યાં સુધી વ્યકિતને એવી અનુભૂતિ ન થાય કે દિવ્ય બલ કાર્ય કરે છે; અને પછી બધા અવરોધો પાછા હઠતા જાય છે.

તમે કહો છો કે તમે તમારા અજ્ઞાન અને તમોગ્રસ્તતા વિષે સભાન છો. જો તે ફકત સામાન્ય ચેતના વિષે જ હોય તો તે પૂરતું નથી. પરંતુ જો તમે તેના વિષે બધી જ વિગતોમાં સભાન હો, તેના સાચા કાર્ય વિષે, તો શરૂઆત માટે એટલું

પૂરતું છે; તમારી ખોટી ગતિઓનો જેના વિષે તમે સચેતન હો તેમનો સ્થિરતાપૂર્વક ઈનકાર ચાલુ રાખવાનો છે અને તમારા મન અને પ્રાણને પ્રભુના બલ માટેના સ્થિર તથા સ્વચ્છ ક્ષેત્ર બનાવવાનાં છે.

*

જ્યારે તમે તમારા સંકલ્પને પ્રભુના સંકલ્પ સાથે મિલાવી દો, જે વસ્તુઓ અદિવ્ય હોય તેમનો ઈનકાર કરતા રહો અને પરમાત્માની વસ્તુઓને જ અનુમતિ આપતા રહો, તો તે સક્રિય સમર્પણ થાય. અક્રિય સમર્પણ તેને કહેવાય જેમાં દરેક વસ્તુને પ્રભુ ઉપર છોડી દેવામાં આવે – જે બહુ ઓછા માણસો ખરેખર કરી શકે છે, કારણ કે વ્યવહારમાં તે એવી વસ્તુ બની જાય છે કે તમે પ્રભુને સમર્પણ કરવાના બહાના નીચે, તમારું સમર્પણ નિમ્ન પ્રકૃતિને કરો છો.

*

બે શકયતાઓ છે. અંગત પ્રયત્નદ્વારા વિશુદ્ધિ, જેને ઘણો લાંબો સમય લાગે છે, અને બીજી શકયતામાં પ્રભુકૃપા જ સીધેસીધી વચ્ચે પડીને ઝડપી કાર્ય કરે. બીજી વસ્તુ માટે પૂર્ણ સમર્પણ અને આત્માર્પણ જોઈએ અને તેને માટે પણ જરૂરી એક એવું મન જોઈએ જે શાંત અને સ્થિર રહે અને દિવ્ય બલને જે કાર્ય કરવું હોય તેને દરેક પગલે અનુમતિ આપે અને વળગી રહે. આ છેલ્લી અવસ્થા જેને રામકૃષ્ણ બિલાડીના બચ્ચાંનું વલણ કહેતા હતા તે અવસ્થા પ્રાપ્ત કરવી મુશ્કેલ છે, જે લોકો પોતાના વિચાર અને સંકલ્પ વડે ખૂબ સક્રિય રીતે દરેક કાર્ય કરવા ટેવાયેલા હોય છે, તેઓને માટે પોતાની સક્રિયતાને શાંત કરીને મનોમય આત્માર્પણની સ્થિરતા ધારણ કરવાનું કાર્ય ખૂબ મુશ્કેલ લાગે છે. આનો અર્થ એવો નથી કે તેઓ યોગ ન કરી શકે અથવા આત્માર્પણ ન કરી શકે – ફકત વિશુદ્ધીકરણ અને આત્માર્પણને સિદ્ધ કરવા માટે લાંબો સમય લાગે છે અને આવી વ્યકિતમાં ખૂબ ધીરજ અને ખંત તથા નિશ્ચયબળ હોવાં જોઈએ જેથી તે પોતાના માર્ગે ધ્યેયને પહોંચી શકે.

*

આટલા ટૂંકા સમયમાં પૂર્ણ સમર્પણ શકય નથી — કારણ કે પૂર્ણ સમર્પણ એટલે સ્વરૂપના દરેક ભાગમાં રહેલી અહંની દરેક ગ્રંથીને કાપી નાખવી અને તે દરેકનું પ્રભુને મુકત રીતે સમગ્રપણે અર્પણ કરવું – મન, પ્રાણ, શારીરિક ચેતના (અને આ બધી વસ્તુઓના બધા ભાગો તથા તેમની ગતિઓ પણ) એક પછી એક જુદી રીતે તેમની પોતાની રીતે સમર્પિત થવાં જોઈએ અને તેમણે પ્રભુના માર્ગને સ્વીકારવો જોઈએ અને પોતાના માર્ગને છોડી દેવો જોઈએ, પરંતુ

વ્યકિત પ્રથમ તો કેન્દ્રવર્તી નિશ્ચય અને આત્મનિવેદન કરી શકવી જોઈએ અને તેને જે કોઈ માર્ગ મળે તેમાં દરેક પગલે તેનો અમલ કરવો જોઈએ અને જે કોઈ પ્રસંગ બને તેમાં આત્માર્પણ પૂર્ણ બની શકે તેનો લાભ ઉઠાવવો જોઈએ. એક દિશામાં કરેલું સમર્પણ બીજા ભાગો માટે સમર્પણને સરળ બનાવે છે અને વધારે અનિવાર્ય બનાવે છે: પરંતુ તે પોતે જ બીજી ગ્રંથિઓને કાપવામાં અથવા શિથિલ કરવામાં પોતાની જાતે સફળ થતું નથી, અને ખાસ તો જે ભાગો વર્તમાન વ્યકિતતાની સાથે ગાઢ રીતના બંધનમાં હોય છે અને જેમની રચના ખૂબ લાલનપૂર્વક કરેલી હોય છે, તેવા ભાગો મહાન મુશ્કેલીઓ ઉત્પન્ન કરે છે. આ કેન્દ્રસ્થ સંકલ્પ મક્કમ રીતે કરવામાં આવ્યો હોય તેમ છતાં વ્યવહારમાં તે નિશ્ચય ઉપર જાણે પહેલાં સીલ લગાડવામાં આવ્યાં હોય એવું લાગે છે અને મુશ્કેલીઓ ઉત્પન્ન થાય છે.

*

તે (સમર્પણનું વલણ) શરૂઆતમાં કદી સંપૂર્ણ બની શકે નહિ પરંતુ જો કેન્દ્રસ્થ સંકલ્પ સચ્ચાઈપૂર્ણ હોય અને શ્રદ્ધા અને ભકિત સામેલ હોય તો તે સાચું બની શકે. કદાચ વિરોધી ગતિઓ આવે પરંતુ તે વસ્તુઓ લાંબા સમય સુધી ટકી શકશે નહિ અને નિમ્ન ભાગોમાં રહેલી સમર્પણની અપૂર્ણતા ગંભીર રીતે દખલ કરશે નહિ.

*

નિરપેક્ષ સમર્પણ એટલે શું તેના ઉપર તેનો આધાર છે - સ્વરૂપના કોઈ એક ભાગમાં તેની અનુભૂતિ થાય છે, અથવા સ્વરૂપના સર્વ ભાગોમાં તે વાસ્તવિક રૂપે બને છે તે ખાસ જોવાનું છે. પ્રથમ વસ્તુ ગમે તે સમયે બની આવે; બીજી વસ્તુ માટે ઘણો લાંબો સમય લાગે છે.

*

નિરપેક્ષ સમર્પણ ફકત ધ્યાનમાં થતી અનુભૂતિ નથી, પરંતુ સમગ્ર જીવનમાં, સર્વ વિચારોમાં, લાગણીઓમાં અને કાર્યોમાં શાસન કરતી એક હકીકત છે. તે ન બની આવે ત્યાં સુધી માણસે પોતાનો પ્રયત્ન અને સંકલ્પ કરવાં જરૂરી છે પરંતુ તે પણ એવો પ્રયત્ન હોવો જોઈએ જેમાં સમર્પણની ભાવના હોય, અને સંકલ્પ અને પ્રયત્નને સહાય કરવા માટે દિવ્ય બલને પુકાર કરી, સફળતા કે નિષ્ફળતાથી અવિચલિત રહેવું જોઈએ. જયારે દિવ્ય શકિત સાધનાને પોતાના હાથમાં લે છે ત્યારે પ્રયત્ન ખરેખર બંધ થઈ શકે છે, તેમ છતાં સ્વરૂપની સતત મંજૂરી આવશ્યક છે તેમ જ સજાગતા રાખવી જરૂરી છે, જેથી કરીને વ્યકિત કોઈ જૂઠા બલને અનુમતિ ન આપી બેસે.

*

એવો વિચાર કે વ્યકિત પોતે કરે તેના બદલે પ્રભુદ્વારા સાધના થાય છે, એ સાચું છે. પરંતુ તે સત્ય, જ્યાં સુધી અને જેટલા પ્રમાણમાં તેનો સાક્ષાત્કાર ન થાય ત્યાં સુધી અસરકારક બનતું નથી. જે લોકો ગતિશૂન્ય બની જાય છે, તેઓ આ વિચારને સ્વીકારી લે પરંતુ તેઓ તેનો સાક્ષાત્કાર કરી શકતા નથી - અને તેને લઈને તેમનામાં તપસ્યાનું બલ પણ હોતું નથી. જ્યારે બીજી બાબતમાં જે લોકો તે વસ્તુનો સાક્ષાત્કાર કરે છે તેઓ તેમની તપસ્યાની પાછળ અને તેમના કાર્યની અંદર પણ પ્રભુની અનુભૂતિ કરે છે.

*

જે લોકો કોઈ પણ જાતનો પ્રયત્ન કરતાં નથી - પ્રયત્નનો અભાવ પોતે જ એક મુશ્કેલીરૂપ હોય છે – તેઓ પ્રગતિ કરતા નથી.

*

સંપૂર્ણ નિવેદનની, સમર્પણની અથવા કેવળ વિચારની અથવા ઉપરછલ્લી આશાની વાતો કરવાથી કોઈ અર્થ સરે નહિ; સંપૂર્ણ અને સમગ્ર રૂપાંતર માટેનો એક આંતર-ઘસારો હોવો જોઈએ.

કેવળ મનોમય વલણ લેવાથી આ વસ્તુ બનવી શકય નથી; અથવા ગમે તેટલી સંખ્યામાં આંતર–અનુભવો થાય પણ બાહ્ય રીતે તો માણસ પહેલાં જેવો હતો તેવો જ રહે, તો તેનો પણ કોઈ અર્થ નથી. આ બાહ્ય માનવીમાં રૂપાંતર કરવાનું છે, તેણે સમર્પણ કરવાનું છે અને તેની બાહ્ય પ્રકૃતિમાં ફેરફાર કરવાનો છે. તેની નાનામાં નાની ગતિ, ટેવ, કાર્ય તે બધાનું સમર્પણ કરવાનું છે, જોવાનું છે, પકડી પાડવાનું છે અને તેને દિવ્ય પ્રકાશની સામે મૂકવાનું છે, તેના જૂના સ્વરૂપો અને હેતુઓ માટે દિવ્ય શક્તિને તેમનું સમર્પણ કરવાનું છે જેથી કરીને તેઓનો નાશ થાય અને દિવ્ય સત્ય તથા ભગવતી માની રૂપાંતર કરવાની શકિત કાર્યાન્વિત બને અને તેમનું સ્થાન લે.

*

જો પૂર્ણ સમર્પણ ન હોય તો, બિલાડીના બચ્ચાંનું વલણ સ્વીકારવાનું શકય નથી – તે ફકત તામસિક નિષ્ક્રિયતા બની જાય અને તે વસ્તુને માણસ સમર્પણ નામ આપે. જો પૂર્ણ સમર્પણ શકય ન હોય તો એવું ફલિત થાય છે કે શરૂઆતમાં અંગત પ્રયત્ન ખાસ જરૂરી છે.

*

યાંત્રિક ક્રિયાઓને મનોમય સંકલ્પથી બંધ કરવી એ કાયમ ઘણી વધારે મુશ્કેલ વસ્તુ છે, કારણ કે તેઓનો બુદ્ધિ ઉપર અથવા મનોમય વાજબીપણા ઉપર

બિલકુલ આધાર નથી, પરંતુ તેનો આધાર સંપર્ક ઉપર અથવા કેવળ યાંત્રિક સ્મૃતિ અને ટેવ ઉપર હોય છે.

પરિત્યાગની પદ્ધતિ છેવટે વિજયી બને છે; પરંતુ કેવળ પોતાના પ્રયત્નથી તે કરવામાં આવે તો તેને માટે ઘણો સમય લે છે. જો તમને તમારી અંદર દિવ્ય શકિત કાર્ય કરતી હોય એવું તમે અનુભવતા હો તો તે વસ્તુ વધારે સરળ બનશે.

પ્રભુના માર્ગદર્શનની, આત્માર્પણ કરતા હોઈએ ત્યારે, કોઈ પણ જડ કે તામસિક વસ્તુ ન હોવી જોઈએ તથા તેમાં પ્રાણનો કોઈ પણ ભાગ નિમ્ન પ્રકૃતિના આવેગ અથવા કામનાનો ઇનકાર ન કરવા માટે બહાનું બતાવતો ન હોવો જોઈએ.

યોગ કરવા માટેની કાયમ બે પદ્ધતિઓ હોય છે. એક સજાગ મનનું કાર્ય તથા પ્રાણનું દર્શન, નિરીક્ષણ, વિચાર તેમ જ નિશ્ચય કરનાર ભાગ, જે કયું કાર્ય કરવું અને કયું ન કરવું તેનું જ્ઞાન ધરાવે. અલબત્ત તે તેની પાછળ રહેલા દિવ્ય બળથી કાર્ય કરે છે, અને તે બાબતને નીચે ખેંચે છે અને તે બલ પુકાર કરે છે – નહિ તો પછી વધારે પ્રગતિશીલ કાર્ય બને નહિ તેમ છતાં તેમાં વ્યક્તિગત પ્રયત્ન અગત્યનો ભાગ ભજવે છે અને તે સૌથી મોટો બોજો ધારણ કરે છે.

બીજો માર્ગ છે ચૈત્ય પુરુષનો. ચેતના પ્રભુ પ્રત્યે ખુલ્લી થાય છે; તે ફકત ચૈત્ય પુરુષને ખુલ્લો કરીને અગ્રભાગે લાવે છે એટલું જ નહિ, પરંતુ મન, પ્રાણ અને શારીરિકને ખુલ્લાં કરે છે, પ્રકાશને ગ્રહણ કરે છે, કઈ વસ્તુ કરવાની છે તે જોઈ શકે છે, દિવ્ય બલ પોતે જ તે કાર્ય કરે છે તે ચૈત્ય પુરુષ જોઈ શકે છે અને અનુભવે છે અને પોતાની જાગૃતિ અને સભાન સંમતિ આપીને દિવ્ય કાર્યને સતત પુકાર કરીને તેમાં સહાય આપે છે.

સામાન્યતયા આ બન્ને માર્ગોના મિશ્રણ સિવાય બીજું કાંઈ થઈ શકે નહિ. સિવાય કે ચેતના ખુલ્લી થવા માટે તૈયાર હોય અને પ્રભુના મૂળભૂત સ્વરૂપને તથા તેના કાર્યને પૂર્ણ સમર્પણ કરે. ત્યાર પછી જ બધી જવાબદારી અદૃશ્ય થઈ જાય છે અને સાધકના ખભા ઉપર વ્યકિતગત અંગત બોજો રહેતો નથી.

*

જયાં સુધી ઊર્ધ્વતર શકિતની સંપૂર્ણ સન્નિધિ અને સચેતન કાર્ય હોતું નથી, ત્યાં સુધી અમુક પ્રકારનો વ્યકિતગત પ્રયત્ન અનિવાર્ય છે. અલબત્ત પરમાત્માને ખાતર જ સાધના કરવી અને પોતાની જાત માટે નહિ, એ જ સાચું વલણ છે.

*

દરેક વસ્તુ પરમાત્મા ખાતર જ કરવી જોઈએ અને તે પ્રમાણે આ વસ્તુ પણ કરવી જોઈએ. પરમાત્મા ઉપર પરિણામ છોડી દેવું, તે વસ્તુનો આધાર તમે તે શબ્દોનો કેવો અર્થ કરો છો તેના ઉપર છે. જો તેમાં એવો અર્થ હોય કે તેમાં પ્રભુકૃપા ઉપર આધાર રાખવો તેમ જ સતત રહેતી અભીપ્સામાં સમતા અને ધીરજ રાખવી તો તે બરાબર છે. પરંતુ તેમાં અભીપ્સા અને પ્રયત્નમાં પ્રમાદ તથા બેદરકારી ઢાંકવા સુધી ન જવું જોઈએ.

*

મને સમજાતું નથી કે શા માટે એવા કોઈ પણ પ્રકારનું સમર્પણ હોય જેમાં નિદ્રામાં ચાલ્યા જવું અથવા બાહ્ય ચેતનાની બધી વસ્તુઓમાંથી તમારી જાતને બંધ કરી દેવી અને તેમાં માતાજીનો પણ સમાવેશ કરી દેવો. ગમે તે પ્રકારે તે એક સચેતન પ્રકારનું સમર્પણ કરવું જોઈએ; પરંતુ તેમાં કોઈ અધીરાઈ કે સંઘર્ષ ન હોવાં જોઈએ, અથવા તેમાં ક્ષતિઓ ઉપર કે મુશ્કેલીઓ ઉપર બિનજરૂરી ભાર ન મૂકવો જોઈએ. માતાજીના તમારા તરફના વલણ માટે તો તમારે તમારી ભીતરમાં જઈને તેને જાણવું જોઈએ. જો તમે બાહ્ય દૃષ્ટિથી જોશો તો તમે તેને સમજી શકશો નહિ.

*

તમારી સાધનામાં તપસ્યાએ અગત્યનો ભાગ ભજવ્યો છે કારણ કે તમારી અંદર એક ઉત્સાહ અને સક્રિય શકિત છે જે તમને તેના પ્રત્યે દોરી જાય છે. કોઈ પણ માર્ગ પૂર્ણ રીતે સહેલો હોતો નથી અને સમર્પણના માર્ગમાં સાચું અને પૂર્ણ સમર્પણ કરવું મુશ્કેલ છે. એક વખત તે બની આવે તો તે વસ્તુઓને વધારે સહેલી અને ચોક્કસ બનાવે છે – એવું નથી કે બધી વસ્તુઓ એકદમ બની આવે. તેમ એવું પણ નથી કે તેમાં મુશ્કેલીઓ ન હોય, પરંતુ તેમાં એક ખાતરી છે, એક આધાર છે, તણાવની ગેરહાજરી હોય છે, જે ચેતનાને આરામની અવસ્થામાં રાખે છે અને તે ઉપરાંત પ્રત્યાઘાતના કિલષ્ટ સ્વરૂપોમાં પણ સામર્થ્ય અને મુકિત આપે છે.

*

હા, બેશક તમે સાચા છો. સમર્પણની પ્રક્રિયા પોતે જ તપસ્યા છે. એટલું જ નહિ પરંતુ તેમાં તપસ્યાની પ્રક્રિયા વિવિધ પ્રકારની હોય છે અને વૃદ્ધિ પામતા સમર્પણની સારી શરૂઆત થઈ હોય છતાં ઘણો લાંબો સમય લે છે. પરંતુ એક એવો સમય આવે છે જયારે વ્યકિતને પરમાત્માની સન્નિધિ તથા શકિતની સતત અનુભૂતિ થાય છે અને વ્યકિતને લાગે છે કે પ્રભુ દરેક વસ્તુ તેને માટે કરી

આપે છે – તેથી કરીને સૌથી ખરાબ મુશ્કેલીઓ પણ તેની ભાવનામાં ક્ષોભ ઉત્પન્ન કરી શકતી નથી અને પછીથી તેના વ્યકિતગત પ્રયત્નની જરૂર પણ રહેતી નથી, અથવા ભાગ્યે જ રહે છે. આ પ્રકૃતિનું પરમાત્માના હાથમાં પૂર્ણ સમર્પણ થયેલું છે તેની નિશાની છે. કેટલાક માણસો એવા હોય છે જેઓને અનુભૂતિ થઈ હોય તે પહેલાં તેઓ શ્રદ્ધાની સ્થિતિમાં રહે છે, અને ભકિત અને શ્રદ્ધા જો સમર્થ હોય તો તે વ્યકિતને માર્ગની આરપાર લઈ જાય છે અને પછીથી અનુભૂતિઓ થાય છે. પરંતુ બધાં જ શરૂઆતથી આ અવસ્થા સ્વીકારી શકે નહિ - અને કેટલાક માટે તો તે જોખમરૂપ પણ છે કારણ કે તેઓ કદાચ કોઈ ખોટા વિરોધી બલના હાથમાં મૂકાઈ જાય અને તેઓ વિચારે કે તેમણે પોતાના જાતને પ્રભુના હાથમાં મૂકી છે. ઘણા ખરા માટે તો તપસ્યા મારફતે સમર્પણમાં વિકાસ કરવો એ જરૂરી છે.

*

હા, જો તપસ્યાની પાછળ દિવ્ય સંકલ્પની ભાવના હોય તો અને તે સંકલ્પને સ્વીકારીએ અને તેનું ફલ અર્પણ કરીએ તો તે પ્રથમ કક્ષાનું સમર્પણનું સ્વરૂપ છે.

*

જ્યારે સંકલ્પ અને શકિત એકાગ્ર થાય અને મન, પ્રાણ અને શારીરિકને કાબુ લેવામાં તેનો ઉપયોગ કરવામાં આવે અને તેમનામાં ફેરફાર કરીને ઊર્ધ્વતર ચેતનાને નીચે ઉતારી લાવવામાં આવે અથવા બીજા કોઈ યૌગિક હેતુ માટે અથવા ઉચ્ચ લક્ષ માટે તેનો ઉપયોગ કરવામાં આવે તો તેને તપસ્યા કહેવાય.

*

માનવના મન પ્રમાણે અથવા માનવ યોજના પ્રમાણે પ્રભુના માર્ગો હોતા નથી, અને તેમના વિષે કોઈ નિર્ણય બાંધવો અથવા પ્રભુ પોતે શું કરશે અથવા શું નહિ કરે તેના માટે કોઈ નિયમ બાંધવો એ અશકય છે; કારણ કે આપણે જે જાણી શકીએ તેના કરતાં વધારે સારી રીતે શું કરવું તે પ્રભુ જાણે છે. જો આપણે પરમાત્માને કોઈ રીતે માન્ય રાખીએ તો સાચી બુદ્ધિ અને ભક્તિ બન્ને મને લાગે છે કે પૂર્ણ શ્રદ્ધા અને સમર્પણની એકી સાથે માગણી કરે છે.

*

દિવ્ય પ્રભુની ગતિ સમજવા માટે વ્યકિતએ દિવ્ય ચેતનામાં પ્રવેશ કરવો જોઈએ. તે ન બને ત્યાં સુધી શ્રદ્ધા અને સમર્પણ એ જ ફકત સાચું વલણ છે. જે વસ્તુઓ મનના માપની બહાર હોય તેનો મન કઈ રીતે નિર્ણય બાંધી શકે ?

*

પ્રભુ ઉપર પોતાના મન અને પ્રાણનું દબાણ ન લાદવું પરંતુ પ્રભુના સંકલ્પને સ્વીકારીને તેનું અનુસરણ કરવું તે સાધનાનું સાચું વલણ છે. એમ ન કહેવું કે, "આ મારો હક છે, ઇચ્છા, માગણી કે જરૂરિયાત છે કે મારે પોતાને જોઈતી વસ્તુ છે અને મને તે કેમ મળતી નથી ?" – પરંતુ તેના બદલે પોતાની જાતનું અર્પણ અને સમર્પણ કરવું અને જે કોઈ વસ્તુ પ્રભુ આપે તેને આનંદથી સ્વીકારવી, ગણગણાટ કે બંડ ન કરવું, એ વધારે સારી વસ્તુ છે. ત્યાર પછી જે વસ્તુ તમને પ્રાપ્ત થશે તે તમારા માટે સારામાં સારી વસ્તુ હશે.

*

પરમાત્મા તે પ્રમાણે કરવા બંધાયેલો નથી (આપણી બધી જ જરૂરિયાતો આપવા માટે તે આપી શકે અથવા ન પણ આપે); તે આપે યા ન આપે તો પણ જે માણસ પરમાત્માને સમર્પિત થયેલો છે તેના માટે કોઈ તફાવત પડતો નથી, નહિ તો પછી સમર્પણમાં કોઈ ક્ષતિ છે અને સમર્પણ પૂર્ણ નથી.

*

બધી જ પસંદગીઓમાંથી મુક્ત બનવું અને દિવ્ય સંકલ્પમાંથી જે કાંઈ આવી મળે તેને આનંદપૂર્વક સ્વીકારવું એ માનવી માટે શરૂઆતમાં શકય નથી. માનવે પ્રથમ તો એવો સતત વિચાર રાખવો જોઈએ કે પરમાત્મા જે સંકલ્પ કરે તે કાયમ શ્રેષ્ઠ વસ્તુ માટે જ છે, ભલે મન પોતે તેને સમજી ન શકે કે તે કયા પ્રકારે તે પ્રમાણે છે; જે વસ્તુનો માણસ આનંદપૂર્ણ રીતે હજુ પણ સ્વીકાર ન કરતો હોય તેના માટે ત્યાગ કરવો અને આ પ્રમાણે સ્થિર સમર્પણમાં પહોંચવું જોઈએ. સપાટી ઉપર ક્ષણ માટે બાહ્ય ઘટનાઓમાં વિરુદ્ધ પ્રકારની ગતિઓ ભલે ચાલ્યા કરતી હોય, છતાં સમતા રાખવી જોઈએ. જો આ વસ્તુ એક વખત મક્કમ રીતે સ્થાપિત થઈ જાય તો બાકીની બધી વસ્તુ તો આવી શકશે.

*

સમર્પણનું સાર તત્ત્વ સંપૂર્ણ હૃદયથી દિવ્ય પ્રભાવ અને માર્ગદર્શનને સ્વીકારવું અને જ્યારે આનંદ અને શાંતિ નીચે ઉતરી આવે ત્યારે કોઈ પણ શંકા કે પ્રશ્ન વગર તેમને સ્વીકારવાં; જ્યારે દિવ્ય બલ કાર્ય કરે છે ત્યારે તેને વિરોધ વગર સ્વીકારવું, જ્યારે જ્ઞાન આપવામાં આવે ત્યારે તેને ગ્રહણ કરીને સ્વીકારવું, જ્યારે દિવ્ય સંકલ્પ ખુલ્લો થાય ત્યારે વ્યકિતએ તેના કરણ બનવું.

પ્રભુ તમને દોરી શકે પણ તે તમને હાંકતા નથી. દરેક મનોમય પ્રાણી જેને માનવ કહેવામાં આવે છે તેણે દિવ્ય માર્ગદર્શનને અનુમતિ આપવી કે ન આપવી

તે તેને માટે એક આંતરિક સ્વતંત્રતા હોય છે; તે સિવાય કઈ રીતે સાચો આધ્યાત્મિક વિકાસક્રમ બની શકે?

*

દરેક માણસને અમુક બિંદુ સુધી તેની પોતાની પસંદગી માટેની મુક્તિ હોય છે – સિવાય કે તે પૂર્ણ સમર્પણ ન કરે – અને જે પ્રમાણે તેની સ્વતંત્રતાનો તે ઉપયોગ કરે છે તે પ્રમાણમાં આધ્યાત્મિક અથવા બીજા પરિણામો સ્વીકારવા પડે છે. મદદ ફક્ત આપી શકાય, પરંતુ લાદી શકાય નહિ. મૌન રહેવું એટલે ખુલ્લી કબુલાતનો અભાવ, અને પ્રાણમાં રહેલી કામનાને પોતાના માર્ગે જવું છે એવો અર્થ થાય. જ્યારે કોઈ વસ્તુ ગુપ્ત રાખવામાં ન આવે, જ્યારે પરમાત્મા પ્રત્યે શારીરિક આત્મ-ખુલ્લાપણું થાય, ત્યારે પરમાત્મા વચ્ચે પ્રક્ષેપ કરી શકે છે.

*

આ જગતમાં રહેલી સમગ્ર લીલા, વ્યકિતગત સ્વરૂપમાં રહેલી એક સાપેક્ષ સ્વતંત્ર સંકલ્પ ઉપર આધાર રાખે છે. સાધનામાં પણ તે પ્રમાણે જ હોય છે અને દરેક પગલે સાધકની અનુમતિ જરૂરી છે — જો કે પરમાત્માને સમર્પણ કરવાથી તે અજ્ઞાન અને ભિન્નતા તથા અહંકારમાંથી મુકત થાય છે છતાં દરેક પગલે તે સમર્પણ મુકત હોવું જરૂરી છે.

*

પરમાત્માથી ભિન્નત્વના મિથ્યા ભ્રમમાંથી મુકત થવા માટે વ્યકિત પરમાત્માને સમર્પણ કરે છે – અર્પણનું કાર્ય પોતે જ એ વસ્તુનો સમાવેશ કરે છે કે સર્વ વસ્તુઓ પ્રભુની જ માલિકીની છે.

*

આત્મ સમર્પણ પ્રથમ આત્મજ્ઞાન મારફતે આવે તે કરતાં પ્રેમ અને ભક્તિદ્વારા વધારે પ્રમાણમાં આવે છે. પરંતુ એ સાચું છે કે આત્મજ્ઞાનની સાથે પૂર્ણ સમર્પણ થવું વધારે શકય છે.

*

સમર્પણ અને પ્રેમ-ભક્તિ બન્ને એક બીજાથી વિરુદ્ધ વસ્તુ નથી, – તે બન્ને સાથે જ ચાલે છે. એ ખરું છે કે શરૂઆતમાં મનના જ્ઞાનદ્વારા સમર્પણ થઈ શકે છે, પરંતુ તેમાં મનોમય ભકિત અંતર્હિત રહેલી હોય છે અને જેવું સમર્પણ હૃદય સુધી પહોંચે કે તરત જ ભકિત એક ભાવ સાથે આવિર્ભાવ પામે છે અને ભકિતના ભાવ સાથે પ્રેમ આવે છે.

*

ઊર્ધ્વ મનની અનુભૂતિમાં ભક્તિ અને સમર્પણ હોઈ શકે છે, પરંતુ ચૈતસિક તત્ત્વમાં હોય છે તે પ્રમાણે તે અનિવાર્ય નથી. ઊર્ધ્વ મનમાં વ્યકિતમાં ભકિત અને સમર્પણ હોવાને બદલે " બ્રહ્મની " સાથેના તાદાત્મ્ય વિષે વધારે પડતી સચેતનતા હોઈ શકે.

*

આત્માર્પણ સિવાય પણ માણસને બ્રાહ્મી સ્થિતિ પ્રાપ્ત થઈ શકે છે કારણ કે માણસ અવૈયકિતક બ્રહ્મ તરફ વળે છે. કામનાઓનો ત્યાગ અને પ્રકૃતિ સાથે દરેક વસ્તુનું તાદાત્મ્ય તે તેની અવસ્થા છે. માણસ પ્રકૃતિનું પ્રભુને આત્માર્પણ કરી શકે છે અને આંતરઆત્માનું પણ, અને તેના દ્વારા બ્રાહ્મી સ્થિતિમાં પહોંચી શકે છે. તે કેવળ નકારાત્મક જ ન હોય પરંતુ વિધાનાત્મક પણ હોય, પ્રકૃતિની પોતાની જ મુકિત અને નહિ કે પ્રકૃતિમાંથી ફકત મુકિત.

*

બ્રાહ્મી સ્થિતિ " શાંતિ " ની નકારાત્મક સ્થિતિ લાવે છે અને આત્મામાં ' મુકિત ' લાવે છે. આત્માર્પણ વિધાનાત્મક મુકિત લાવી શકે છે. તે પ્રકૃતિમાં રહેલા કાર્યની સક્રિય શકિત પણ બની શકે છે.

*

જો તમે ઊર્ધ્વતર ચેતનાને જ સમર્પિત થયેલા હો, અને નિમ્ન ચેતનામાં શાંતિ અને વિશુદ્ધિ ન હોય તો એટલું પૂરતું નથી અને તમારે દરેક જગાએ શાંતિ અને વિશુદ્ધિ માટે અભીપ્સા રાખવી જ જોઈએ.

*

જ્યારે ચૈત્ય પુરુષ અને હૃદય તથા ચિંતક મન સમર્પણ કરે છે તો બાકીનું બધું સમય અને પ્રક્રિયા માટેની વસ્તુ છે – અને વિચલિતતા માટે કોઈ કારણ નથી. કેન્દ્રસ્થ અને અસરકારક સમર્પણ પૂર્ણ થયેલું હોય છે.

*

પૂર્ણ સમર્પણ માટે કદી પણ વધારે પડતું વહેલું નથી. કેટલીક વસ્તુઓ માટે રાહ જોવાની હોય છે પરંતુ સમર્પણ માટે કદી નહિ.

*

પૂર્ણ સમર્પણની ચેતના ઉપર જ સાધનાનો ચૈતસિક પાયો બની શકે છે. જો તે પોતે એક વખત સ્થિર રીતે સ્થાપિત થઈ જાય, તો પછી જો કોઈ મુશ્કેલીઓ ઉપર વિજય પ્રાપ્ત કરવાનો બાકી હોય તો પણ સાધનાની પ્રક્રિયા પૂર્ણ, સરળ, સૂર્ય–પ્રકાશિત અને સ્વાભાવિક રીતની, જે રીતે ફૂલ ખીલે છે તે

રીતે બની આવે છે. તમને જે અનુભૂતિ થાય છે તેમાં તમારી અંદર કઈ વસ્તુનો વિકાસ થઈ શકે તેમ છે અને થવો જ જોઈએ તેનું સૂચન છે.

*

જે મુશ્કેલીઓ ઉત્પન્ન થાય છે તે તમારી પ્રકૃતિમાં જ રહેલી હોય તો એ અનિવાર્ય છે કે તેઓ ઉત્પન્ન થઈને પોતે જ બહાર આવશે. સમર્પણ એ સહેલી વસ્તુ નથી, અને તેમાં પ્રકૃતિનો વિશાળ ભાગ અવરોધો લાવે છે જ. જો મન સમર્પણ માટેનો સંકલ્પ ઘડે, તો આ બધા આંતરિક વિઘ્નો દેખાવાના જ. પછીથી સાધકે તે બધાનું નિરીક્ષણ કરીને તેમાંથી તટસ્થ બનવાનું છે અને તેમને પોતાની પ્રકૃતિમાંથી હાંકી કાઢીને તેમના ઉપર વિજય પ્રાપ્ત કરવાનો છે. આ વસ્તુ ઘણો લાંબો સમય પણ લે, પરંતુ તે વસ્તુ કરવી જ પડે છે. બાહ્ય વિઘ્નો આંતર – સમર્પણને અટકાવી શકે નહિ સિવાય કે તેને પ્રકૃતિના પોતાનામાંથી જ આવતા પ્રત્યાઘાતોનો આધાર હોય.

*

તે વસ્તુનો આધાર સાધક ઉપર હોય છે. કેટલાક લોકોને શરૂઆતમાં બાહ્ય પ્રક્રિયાઓનું સમર્પણ કરવું જરૂરી લાગે છે જેથી કરીને આંતર સમર્પણ આવી શકે.

*

પ્રાણનું સમર્પણ કાયમ મુશ્કેલ હોય છે કારણ કે વૈશ્વિક પ્રાણમય અવિદ્યાના બલો તેના માટે નાખુશ હોય છે. પરંતુ તેનો અર્થ એવો નથી કે તેમાં મૂળભૂત રીતે જ અશક્તિ હોય છે.

*

જ્યાં સુધી ચૈત્ય પુરુષનો સ્વરૂપ ઉપર કાબુ ન હોય અને તે પ્રાણ કરતાં વધારે સમર્થ ન બને ત્યાં સુધી બાળકની માફક પોતાની જાતનું સંપૂર્ણ સમર્પણ અશક્ય છે.

*

સામાન્ય પ્રાણ કદી સમર્પણ માટે ઈચ્છુક હોતો નથી. સાચો અંતરતમ પ્રાણ એ જુદી જ વસ્તુ છે – પરમાત્માને સમર્પણ કરવું તેના માટે એટલું જ જરૂરી છે જેટલું ચૈત્ય પુરુષનું સમર્પણ જરૂરી છે.

*

પ્રાણમય માગણીઓ અને ઘોંઘાટો સાથે જો કોઈ પ્રકારનું તાદાત્મ્ય હોય તો સમર્પણમાં અનિવાર્ય રીતે તે સમર્પણ પુરતો ઘટાડો થાય છે.

*

તમારા પ્રત્યાઘાતના વર્ણન ઉપરથી મેં કહેલું કે તે પ્રાણમય માગણી હતી. શુદ્ધ ચૈતસિક અથવા આધ્યાત્મિક આત્માર્પણમાં આ પ્રકારના કોઈ પ્રત્યાઘાતો આવતા નથી, કોઈ નિરાશા નથી હોતી અથવા વિષાદ નથી હોતો તેમ જ આવું પણ કહેવાનું નથી હોતું, "મેં પરમાત્માની શોધમાંથી શું પ્રાપ્ત કર્યું ?" – ગુસ્સો કે બંડ કે અભિમાન હોતાં નથી, તેમ જ ચાલ્યા જવાની ઈચ્છા પણ હોતી નથી – જેવી તમે અહીં વર્ણન કરો છો તેવી – પરંતુ તેમાં નિરપેક્ષ આત્મશ્રદ્ધા અને સર્વ સંજોગોમાં પરમાત્માને જ વળગીને રહેવાનો ખંત હોય છે. મારી ઈચ્છા તમારી પાસે આ વસ્તુઓની માગણીની હતી. તે એક જ એવો પાયો છે જેમાં વ્યક્તિ મુશ્કેલીઓ અને પ્રત્યાઘાતોમાંથી મુક્ત હોય છે, અને ધૈર્યપૂર્વક માર્ગમાં આગળ પ્રગતિ કરે જાય છે.

પરંતુ શું આવી બધી લાગણીઓ આત્માના સ્વાર્પણની નિશાનીઓ છે? જો તેમાં પ્રાણમય મિશ્રણ ન હોય તો આવી વસ્તુઓ ક્યાંથી આવે છે અને તે પણ જ્યારે હું તમને બધું લખું છું અને માર્ગદર્શન આપવા પ્રયત્ન કરું છું છતાં ક્યાંથી આવે છે?

જ્યારે આ ભાગને તેની પોતાની પ્રકૃતિ દર્શાવવામાં આવે છે અને તેમાં પરિવર્તન લાવવા માગણી કરવામાં આવે છે ત્યારે તે પ્રથમ તો તેની વિરુદ્ધ બંડ ઊઠાવે છે.

આ વસ્તુ મુશ્કેલ છે! આપણી સાધનાનો પ્રથમ મુખ્ય સિદ્ધાંત છે કે સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે સમર્પણ એક સાધન છે અને જ્યાં સુધી અહંકાર અથવા પ્રાણમય માગણી અને કામનાઓનું લાલન કરવામાં આવે છે ત્યાં સુધી પૂર્ણ સમર્પણ અશક્ય છે – આત્માર્પણ અપૂર્ણ છે, અમે તે વસ્તુને કદી ગુપ્ત રાખેલી નથી. તે વસ્તુ મુશ્કેલ હોઈ શકે અને તે છે પણ ખરી; પરંતુ આપણી સાધના માટે તે એકમાત્ર મૂળભૂત સિદ્ધાંત છે. તે મુશ્કેલ છે માટે જ જ્યાં સુધી કાર્ય પૂર્ણ ન થાય ત્યાં સુધી તેને માટે સ્થિરતા અને ખંતપૂર્વક કાર્ય કરવાની જરૂર છે.

જ્યારે જ્યારે કોઈ પ્રાણમય મિશ્રણ ઉત્પન્ન થાય ત્યારે દરેક વખતે તેનો ઈનકાર કરવાનો હોય છે. જો તમે તેને ફેંકી દેવા માટે મક્કમ હો તો તેનું બળ તે ગુમાવતું જશે, અને છેવટે અદૃશ્ય થઈ જશે.

તેનો અર્થ કે તે એક જીદ્દી પરંતુ તર્કહીન અને યાંત્રિક જૂની પ્રક્રિયાનો અવરોધ છે. હકીકતમાં આ બધી વસ્તુઓ તે રીતે જીવંત રહેવા માટે પ્રયત્ન કરતી હોય છે. જો તમે તેને નવજીવન ન આપો તો તેણે જવું જ પડશે.

મને તેમાં શંકા નથી – તમારે તેને સાચી રીતે સમજવી જોઈએ અને તમે તાત્કાલિક સાચી ભૂમિકામાં પહોંચી શકો છો.

*

ઘણા ખરા સાધકોમાં આ પ્રકારના એકસરખા વિચારો હોય છે, અથવા તેમનામાં એક યા બીજા સમયે હતા. તે બધા પ્રાણમય અહંકારમાંથી ઉત્પન્ન થાય છે, જેને પરમાત્માની જરૂર નથી અથવા તો તેની જરૂર પોતાને માટે હોય છે અને નહિ કે પરમાત્માના હેતુ માટે. તેનામાં જ્યારે ફેરફારની માગણી કરવામાં આવે છે ત્યારે તે ભયંકર બની જાય છે, અથવા તો તેની ઈચ્છાઓ સંતોષાતી નથી ત્યારે તેવો બને છે – તે બધી વસ્તુઓના મૂળમાં આ પ્રાણમય અહંકાર હોય છે. એટલા માટે આપણે આ યોગ માટે, સમર્પણ ઉપર ખાસ ભાર મૂકીએ છીએ – કારણ કે કેવળ સમર્પણદ્વારા જ (અને ખાસ કરીને પ્રાણમય અહંના સમર્પણદ્વારા જ) આ વસ્તુઓ ચાલી જઈ શકે છે – પ્રભુને પ્રભુના ખાતર જ સ્વીકારવાના છે અને બીજા કોઈ પણ હેતુ માટે નહિ, અને પ્રભુની રીતે જ, અને નહિ કે વ્યકિતની પોતાની રીતે અથવા તેની પોતાની શરતો પ્રમાણે તેને સ્વીકારવા.

*

તમે જે વસ્તુની અનુભૂતિની શરૂઆત કરી રહ્યા છો તે શારીરિકમાં ચૈતસિક સમર્પણ છે.

બધા જ સ્વરૂપના ભાગો ખાસ કરીને સમર્પિત થયેલી છે, પરંતુ સમર્પણને તે સર્વ ભાગોમાં અને તેમની સર્વ ગતિઓમાં ભિન્ન ભિન્ન રીતે અને એક સાથે ચૈતસિક સમર્પણની વૃદ્ધિ કરીને જ તે સમર્પણને પૂર્ણ કરવાનું હોય છે.

પરમાત્માદ્વારા આનંદ પ્રાપ્ત કરવા માટે સંપૂર્ણ સમર્પણ કરવાનું હોય છે જેથી કરીને વ્યક્તિને પ્રભુની સન્નિધિ, શકિત, પ્રકાશ તથા આનંદનો અનુભવ થાય છે. તે સમગ્ર સ્વરૂપને કાબુમાં લે છે અને વ્યકિતએ પોતાના સંતોષ ખાતર આ બધી વસ્તુઓને પોતાના કાબુમાં લેવાની નથી. આ રીતે પરમાત્માદ્વારા સમર્પિત થવા માટે અને શાસિત થવા માટે ઘણો મહાન પરમાનંદ પ્રાપ્ત થાય છે; આપણે પોતે તેના માલિક બનવાનું નથી. સાથે સાથે આવા સમર્પણથી એક સ્થિર શાંતિ અને આત્માની અને પ્રકૃતિની ઉપર એક સુખદ પ્રભુત્વ આવે છે.

*

મેં કહ્યું છે કે જો વ્યક્તિના મનમાં અને હૃદયમાં સમર્પણ અને એકતાનું તત્ત્વ આવે તો શારીરિક અને અવચેતનના તમોગ્રસ્ત ભાગોમાં તેનું વિસ્તૃતીકરણ

કરવામાં કોઈ મુશ્કેલી પડતી નથી. તમારામાં આ કેન્દ્રસ્થ સમર્પણ અને એકતા હોવાથી તમે તે વસ્તુને દરેક જગાએ પૂર્ણ રીતે કરી શકશો. પૂર્ણ ચેતના માટેની એક સ્થિર અભીપ્સા હોવી એ ખાસ જરૂરી છે. ત્યાર પછી ભૌતિક અને અવચેતનમાં રહેલી ચેતનામાં પ્રકાશદ્વારા વિસ્તાર થશે, જે રીતે બધા ભાગોમાં થાય છે તે રીતે ; અને ત્યાર પછી એક સમતા, વિશાળતા અને એવો સંવાદ આવશે જે બધા પ્રત્યાઘાતોથી મુકત હશે અને તે અંતિમ પરિવર્તનનો પાયો બનશે.

*

એક એવી અવસ્થા હોય છે જેમાં સાધક તેનામાં દિવ્ય શકિત કાર્ય કરી રહી છે તે વિષે સભાન હોય છે અથવા ઓછામાં ઓછું તેના પરિણામો વિષે સચેતન હોય છે અને તે પોતે તેની પોતાની મનોમય સક્રિયતાનો, પ્રાણમય ચંચળતા અથવા શારીરિક તમોગ્રસ્તતા અને જડતા વડે તે શકિતના અવતરણમાં રૂકાવટ કરતો નથી. તે વસ્તુ જ પ્રભુ પ્રત્યેનું ખુલ્લાપણું છે. સમર્પણ, ખુલ્લા થવાનો શ્રેષ્ઠ માર્ગ છે; પરંતુ અભીપ્સા અને સ્થિરતા, સમર્પણ ન હોય તો અમુક બિંદુ સુધી જ તે કરી શકે છે. સમર્પણ એટલે પોતાનામાં રહેલી દરેક વસ્તુનું પ્રભુને નિવેદન કરવું, પોતે જે કાંઈ છે અને પોતાની પાસે જે કાંઈ છે તેનું અર્પણ કરવું, અને નહિ કે પોતાના વિચારોને, કામનાઓને, ટેવોને વગેરેને વળગી રહેવું પરંતુ તે બધી વસ્તુઓમાં જ્ઞાનદ્વારા, સંકલ્પદ્વારા અને કાર્યદ્વારા દિવ્ય સત્યનું દરેક વસ્તુમાં સ્થાપન કરવું.

*

ખુલ્લાપણું પોતાની જાતે જ બની આવે છે અને તે સંકલ્પની સચ્ચાઈ અને અભીપ્સાદ્વારા બને છે. એટલે કે માતાજી તરફથી આવતા ઊર્ધ્વતર બળોને ગ્રહણ કરવા માટે શકિત પ્રાપ્ત કરવી.

*

આત્મ ખુલ્લાપણાનો હેતુ પરમાત્માની શકિતના પ્રવાહને પોતાની અંદર વહેવા દેવો, જેથી કરીને તે પ્રકાશ, શાંતિ, આનંદ વગેરેને લઈ આવે અને રૂપાંતરનું કાર્ય કરે. જ્યારે વ્યકિત આ પ્રમાણે દિવ્ય શકિતને સ્વીકારે છે અને તે શકિત તેનામાં કાર્ય કરે છે ત્યારે તેના પરિણામો ઉત્પન્ન થાય છે (તે પ્રક્રિયા વિષે તે સચેતન હોય કે ન હોય છતાં) અને ત્યારે જ માણસને ખુલ્લો થયેલો કહી શકાય.

*

આ બધા મનના કાર્યો છે; ખુલ્લાપણું એ એક ચેતનાની **'અવસ્થા'** છે, જે તેને માતાજી તરફ જ વળેલી રાખે છે; તે બીજી ગતિઓથી મુકત હોય

છે, અને પ્રભુ તરફથી જે કાંઈ આવે તેને ગ્રહણ કરવાની ઇચ્છા રાખે છે અને કરી શકે છે.

*

માતાજીમાં શ્રદ્ધા રાખવાથી જ ખુલ્લાપણાની જે જરૂર છે તે આવશે અને તમારી ચેતના તૈયાર થશે ત્યારે જ તે આવશે.

કેવળ ધ્યાનથી જ જે વસ્તુની જરૂર હશે તે આવશે નહિ, તે વસ્તુ માતાજીમાં શ્રદ્ધા અને તેમના પ્રત્યે ખુલ્લાપણામાંથી આવશે.

*

માતાજી તરફ તમારી જાતને ખુલ્લી રાખો, તેમનું કાયમ સ્મરણ કરો અને તેમની શકિતને તમારી અંદર કાર્ય કરવા દો અને બીજી બધી વસ્તુઓનો ઇનકાર કરો – તે યોગ માટેનો નિયમ છે.

*

યોગની સાધનામાં માતાજીની શકિત પ્રત્યે તમારા ખુલ્લાપણાથી જ તમે જે લક્ષ્ય રાખો છો તે પ્રાપ્ત થઈ શકશે. તેમાં સર્વ અહંકારનો અને માગણીનો તથા કામનાનો, સર્વ હેતુઓનો, સિવાય કે દિવ્ય સત્ય માટેની અભીપ્સાનો, મક્કમ રીતે પરિત્યાગ કરવાનો છે. જો આ સાચી રીતે કરવામાં આવે તો દિવ્ય શકિત અને પ્રકાશ કાર્ય કરવાની શરૂઆત કરશે અને તે વસ્તુ શાંતિ અને સમતા,આંતર સામર્થ્ય વિશુદ્ધ ભકિત અને વિકાસ પામતી ચેતના તથા આત્મજ્ઞાનને તમારી અંદર લાવશે અને આ વસ્તુઓ યોગની સિદ્ધિ માટેનો જરૂરી પાયો છે.

*

આ યોગમાં પોતાની જાતને પ્રભુના પ્રભાવ નીચે ખુલ્લી કરવી એ જ સંપૂર્ણ મૂળભૂત સિદ્ધાંત છે. તે તમારાથી ઊર્ધ્વમાં રહેલો છે અને જો તમે એક વખત તેના વિષે સભાન બનો, તો તમારે તેને પુકાર કરીને તમારી અંદર નીચે ઉતારી લાવવાનો છે. તે મનમાં અને શરીરમાં શાંતિ તરીકે, પ્રકાશ તરીકે, એક કાર્ય કરતા બલ તરીકે, પ્રભુની દિવ્ય હાજરી તરીકે, નિરાકાર કે સાકાર સ્વરૂપ તરીકે અને આનંદ તરીકે અવતરણ કરે છે. વ્યકિતમાં આ ચેતના પ્રાપ્ત થાય તે પહેલાં તેણે શ્રદ્ધા રાખવી જોઈએ અને ખુલ્લા થવા માટે અભીપ્સા કરવી જોઈએ. અભીપ્સા, પુકાર, પ્રાર્થના એક વસ્તુના જુદા જુદા સ્વરૂપો છે અને તે બધા જ અસરકારક છે; તમારી પાસે જે સ્વરૂપ આવે તેને સ્વીકારવું અથવા જે તમને સૌથી સરળ પડે તે સ્વીકારવું. બીજો માર્ગ એકાગ્રતાનો છે; તમે તમારા હૃદયમાં તમારી ચેતના ઉપર એકાગ્ર થાઓ. (કેટલાક લોકો મસ્તકમાં અથવા મસ્તકથી ઉપરના ભાગમાં

તે પ્રમાણે કરે છે) અને હૃદયમાં માતાજીનું ધ્યાન ધરો અને તેમને ત્યાં આવવા માટે સાદ પાડો. માણસ બેમાંથી ગમે તે એક અથવા તો બન્ને એકી સાથે જુદે જુદે સમયે કરી શકે છે – જે વસ્તુ તમારી પાસે સ્વાભાવિક રીતે જ આવે અથવા તે ક્ષણે તમને જે કરવાની પ્રેરણા મળે તે રીતે કરો. ખાસ કરીને શરૂઆતમાં તમારા મનને તદ્દન શાંત કરી દેવું ખાસ જરૂરી છે અને સાધના માટે જે વસ્તુઓ પરદેશી જેવી હોય તેવા સર્વ વિચારો અને ગતિઓનો ધ્યાનના સમયે ઇનકાર કરવો. સ્થિર થયેલા મનમાં અનુભૂતિ માટેની એક ક્રમિક તૈયારી થશે. પરંતુ જો તે એકદમ ન બની આવે તો તમારે અધીરા ન બનવું જોઈએ; મનમાં સંપૂર્ણ શાંતિ લાવવા માટે સમય લાગે છે; તમારી ચેતના તૈયાર થાય ત્યાં સુધી તમારે પ્રક્રિયા ચાલુ રાખવી.

*

આ યોગમાં દરેક વસ્તુનો આધાર વ્યક્તિ પરમાત્માની અસર પ્રત્યે ખુલ્લી થાય છે કે કેમ તેના ઉપર છે. જો અભીપ્સામાં સચ્ચાઈ હોય અને સર્વ પ્રકારના વિઘ્નો હોવાં છતાં ઊર્ધ્વતર ચેતના પ્રત્યે જવા માટેનો ધીરજપૂર્વકનો સંકલ્પ હોય, તો પછી એક યા બીજા પ્રકારનું ખુલ્લાપણું અચૂક આવશે જ. પરંતુ તેના માટે લાંબા યા ટૂંકા સમય માટે માણસના મન, હૃદય અને શરીરની તૈયારી અથવા બિન તૈયારી ઉપર પણ આધાર છે. તેથી જો કોઈ વ્યક્તિમાં જરૂરી ધીરજ ન હોય તો શરૂઆતની મુશ્કેલીઓને લઈને પ્રયત્નને છોડી શકાય છે. આ યોગમાં એવી કોઈ પણ પ્રકારની પદ્ધતિ નથી સિવાય કે એકાગ્રતા અને ખાસ કરીને હૃદયમાં, અને માતાજીની હાજરીને અને શક્તિને પોતાના સ્વરૂપનો હવાલો સંભાળી લેવા માટે પુકાર કરવો અને તેમની શક્તિના કાર્યો વડે ચેતનાનું રૂપાંતર કરવું; માણસ મસ્તકમાં અથવા ભ્રૂમધ્યમાં પણ એકાગ્રતા કરી શકે છે. પરંતુ ઘણા માણસો માટે આ પ્રમાણે ખુલ્લા થવું અતિશય કઠિન છે. જ્યારે મન શાંત પડી જાય અને એકાગ્રતા શક્તિશાળી બને અને અભીપ્સા તીવ્ર બને ત્યાર પછી જ અનુભૂતિની શરૂઆત થાય છે. જેટલો વધારે વિશ્વાસ, તેટલી ઝડપી શક્ય પ્રગતિ. બીજી વસ્તુ માટે માણસે કેવળ પોતાના જ પ્રયત્ન ઉપર આધાર ન રાખવો જોઈએ પરંતુ પરમાત્મા સાથેના સંપર્કનું સ્થાપન કરવામાં સફળ થવું જોઈએ અને માતાજીની શક્તિ અને તેમની દિવ્ય હાજરીને અનુભવવા માટે ગ્રહણશીલતા રાખવી જોઈએ.

*

તમારું મન અને ચૈત્ય પુરુષ આધ્યાત્મિક લક્ષ્ય ઉપર એકાગ્ર થયેલું છે અને પ્રભુ પ્રત્યે ખુલ્લું થયું છે – એટલા માટે દિવ્ય પ્રભાવ મસ્તક ઉપર તથા છેક

હૃદય સુધી પહોંચે છે. પરંતુ પ્રાણમય પુરુષ અને પ્રકૃતિ, તથા શારીરિક ચેતના નિમ્ન પ્રકૃતિની અસર હેઠળ છે. જ્યાં સુધી પ્રાણમય પુરુષ અને શારીરિક પુરુષ સમર્પિત થયા ન હોય અથવા પોતાના તરફથી ઊર્ધ્વતર જીવન માટે પુકાર ન કરે ત્યાં સુધી સંઘર્ષ ચાલુ રહેવાની શકયતા છે.

દરેક વસ્તુનું સમર્પણ કરો, બીજી બધી ઇચ્છાઓ અથવા સ્વાર્થનો ઇનકાર કરો, પ્રાણમય પ્રકૃતિને ખુલ્લી કરવા માટે દિવ્ય શકિતને સાદ કરો અને તમારા કેન્દ્રોમાં સ્થિરતા, શાંતિ, પ્રકાશ અને પરમાનંદને નીચે ઉતારી લાવો. દરેક વસ્તુનો આધાર પૂર્ણ સચ્ચાઈ તથા સંપૂર્ણ નિવેદન અને અભીપ્સા ઉપર છે.

તમારા સ્વરૂપનો કોઈ પણ ભાગ જ્યાં સુધી જગતની માલિકીનો છે ત્યાં સુધી જગત તમને મુશ્કેલી આપ્યા જ કરશે. જ્યારે તમે સંપૂર્ણ રીતે પ્રભુના જ બની રહેશો ત્યારે જ તમે મુકત બની શકશો.

*

બધા જ માટે ખુલ્લાપણું એક જ પ્રકારનું હોય છે. તેની શરૂઆત મન અને હૃદય ખુલવાથી થાય છે અને પછી મુખ્ય પ્રાણ ખુલે છે – જ્યારે તે નિમ્ન પ્રાણ અને શારીરિક સુધી પહોંચે છે ત્યારે ખુલ્લાપણું પૂર્ણ થાય છે. પરંતુ ખુલ્લાપણાની સાથે જે વસ્તુ નીચે ઉતરી આવે છે તેને સંપૂર્ણ રીતે અર્પણ થવું જોઈએ અને તે પૂર્ણ ફેરફાર માટેની એક શરત છે. તે છેલ્લી અવસ્થા છે અને તેમાં ખરી મુશ્કેલી રહેલી હોય છે અને તે જગાએ જ્યાં સુધી તે વસ્તુ સિદ્ધ ન થાય ત્યાં સુધી બધા જ ઠોકર ખાધા કરે છે.

*

કાયમ પ્રભુના બલ સાથે સંપર્કમાં રહો. તે પ્રમાણે કરવું એ જ તમારા માટે શ્રેષ્ઠ વસ્તુ છે અને તેને પોતાને કાર્ય કરવા અનુમતિ આપવી; જ્યાં જ્યાં જરૂર જણાય ત્યાં ત્યાં તે દિવ્ય શકિત, નિમ્ન પ્રકારની શકિતઓને હાથ ઉપર લેશે અને તેમનું વિશુદ્ધીકરણ કરશે અને તેની જગાએ તે પોતે જ સ્થાન લેશે, પરંતુ જો તમે તમારા મનને તમારું નેતૃત્વ સોંપશો અને શું કરવું તેના વિષે ચર્ચા કરશો તથા નિશ્ચય કરશો તો તમે પ્રભુના બલનો સ્પર્શ ગુમાવી બેસશો અને નિમ્નતર શકિતઓ પોતે જ કાર્ય કરવા લાગી જશે અને બધું ગોટાળારૂપ બનીને ખોટી ગતિઓમાં પરિણમશે.

*

(૧) **તમારી જાતનું વધારે અને વધારે અર્પણ કરો – સમગ્ર ચેતના, તેમાં જે કાંઈ બને છે તેને તથા તમારા સમગ્ર કાર્ય અને ક્રિયાને પણ.**

(૨) જો તમારામાં ક્ષતિઓ અને નિર્બળતા હોય, તો તેમને પ્રભુની સમક્ષ ધરી દો જેથી તેમાં ફેરફાર થાય અથવા તેઓનો નાશ થાય.

(૩) મેં તમને જે કહ્યું તે પ્રમાણે કરવા પ્રયત્ન કરો અને જ્યાં સુધી તમને પ્રભુની સન્નિધિ હૃદયમાં અનુભવાય નહિ ત્યાં સુધી હૃદયમાં એકાગ્રતા કરો.

ખુલ્લાપણું રાખવું તથા જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે નિષ્ક્રિય રહેવું, પરંતુ તે વસ્તુ ઉચ્ચતમ ચેતના સાથે અને નહિ કે બીજી કોઈ વસ્તુ આવે તેના પ્રત્યે કરવાં.

એટલા માટે નિષ્ક્રિયતામાં પણ એક પ્રકારની સ્થિર જાગૃતિ હોવી જોઈએ નહિ તો પછી ખોટી ગતિઓ અથવા જડતાનો પ્રવેશ થશે.

*

લગામ છોડી દેવી એટલે પ્રાણને મુક્ત કરવો અને તેનો અર્થ કે સર્વ પ્રકારના બલોનો અંદર પ્રવેશ આપવા માટે અનુમતિ આપવી. જ્યાં સુધી અતિમનસ ચેતના દરેક વસ્તુ ઉપર કાબુ રાખીને સર્વમાં પ્રસરણ ન પામે એટલે કે સમગ્ર સ્વરૂપમાં અધિમનસથી માંડીને છેક નીચે સુધી, ત્યાં સુધી દ્વિધાયુક્ત બલોની લીલા ચાલુ રહે છે અને દરેક બલ ગમે તેટલું મૂળમાં દિવ્ય હોય છતાં યા તો પ્રકાશની શકિતઓ વડે ઉપયોગમાં લેવાય છે અથવા તો મનમાંથી અથવા પ્રાણમાંથી પસાર થાય ત્યારે અંધકારની શકિતઓ તેમાં દાખલ થાય છે. જાગૃતિ, વિવેક તથા સ્વનિયમનને જ્યાં સુધી પૂર્ણ વિજય પ્રાપ્ત ન થાય અને ચેતનામાં પૂરેપૂરું પરિવર્તન ન આવે ત્યાં સુધી છોડી શકાય નહિ.

*

હા, જાગૃતિ કદી છોડવી ન જોઈએ. હકીકતમાં જેમ જેમ સાહજિક જ્ઞાનનું સ્વરૂપમાં સ્થાપન થતું જાય છે – ત્યાર પછી જ સતત્ જાગૃત રહેવાની જરૂર રહેલી નથી – તેમ છતાં જ્યાં સુધી પૂર્ણ પ્રકાશ ન થાય ત્યાં સુધી તેને પૂરેપૂરી રીતે છોડી દઈ શકાય નહિ.

*

સાધક માટે મુખ્ય ત્રણ શક્યતાઓ છે (૧) પ્રભુકૃપા માટે રાહ જોવી અને પ્રભુ પર આધાર રાખવો (૨) અદ્વૈતવાદીની માફક અને બુદ્ધવાદીઓની માફક પોતાની જાતે જ કાર્ય કરી લેવું (૩) મધ્યમ માર્ગ લેવો, અને દિવ્ય શકિતની સહાય વડે અભીપ્સા અને પરિત્યાગ વડે આગળ પ્રગતિ કરવી.

*

પરમ સત્યને પહોંચવા માટે દરેક મનનો પોતાનો માર્ગ હોઈ શકે છે અને દરેકને માટે એક પ્રવેશદ્વાર હોય છે જ અને તેના પ્રત્યે મુસાફરી કરવાના હજારો માર્ગ હોય છે. દિવ્ય કૃપામાં શ્રદ્ધા રાખવી જ જોઈએ અથવા પોતાના ઉચ્ચતમ આત્મતત્ત્વ કરતાં ભિન્ન એવા કોઈ દેવમાં શ્રદ્ધા રાખવી જ જોઈએ એવું જરૂરી નથી – યોગની કેટલીક એવી શાખાઓ છે જેઓ આ વસ્તુનો સ્વીકાર કરતી નથી. તે ઉપરાંત ઘણા માટે યોગના કોઈ સ્વરૂપની પણ જરૂર નથી – તેઓ મન અથવા હૃદય કે સંકલ્પના કોઈ પ્રકારના દબાણથી કોઈ સાક્ષાત્કાર પ્રાપ્ત કરે છે અને આ રીતે તેની પોતાની તથા તેની પાર રહેલી કોઈ વસ્તુ જે મૂળ સ્રોત હોય છે તેની વચ્ચે રહેલા અંતરપરને તોડી નાખે છે, પરદો તૂટી જાય પછી જે વસ્તુ બને છે તેનો આધાર ચેતના ઉપર સત્યની લીલા તથા પ્રકૃતિના વલણ ઉપર આધાર રહે છે. તેથી એવું કોઈ પણ કારણ નથી કે શા માટે ક્ષ ના સ્વરૂપનો સાક્ષાત્કાર તેના માર્ગમાં તેની અંદર વિકાસ થતો હોય ત્યારે વચ્ચે આડખીલીરૂપ થાય ; તેમાં દિવ્ય કૃપા ન પણ હોય અને તેનું મન તે વર્ણન પ્રત્યે વાંધો ઉઠાવે તેમ છતાં આપણે એમ કહી શકીએ કે તેની અંદર રહેલા આત્માની નૈસર્ગિક ગતિથી તે આવી શકે એમાં શંકા નથી.

કારણ કે આ " દિવ્ય કૃપા " વિષે આપણે તે રીતનું વર્ણન કરીએ છીએ કારણ કે આપણે અનંત આત્મતત્ત્વમાં, અથવા આત્મ-અસ્તિત્વમાં કોઈ દિવ્ય હાજરી અથવા કોઈ દિવ્ય સત્વની અનુભૂતિ કરીએ છીએ. કોઈ એવી દિવ્ય ચેતના છે જે નિર્માણ કરે છે – અને આપણે તે તત્ત્વને પરમાત્મા કહીએ છીએ – કોઈ ભિન્ન વ્યકિત નહિ, પરંતુ એક સત્-તા જેનો આપણો વ્યકિતગત આત્મા અંશ અથવા વાહક છે. પરંતુ દરેક માટે તે પ્રમાણે જ માનવું એ જરૂરી નથી. ધારો કે તે સર્વનું બિનવૈયકિતક આત્મતત્ત્વ હોય, તેમ છતાં ઉપનિષદ આ આત્મા અને તેના સાક્ષાત્કાર વિષે કહે છે, " આ સમજ કોઈ તર્કથી કે તપસ્યાથી કે મેધાથી પ્રાપ્ત થતી નથી પરંતુ જે વ્યકિતને તે આત્મા પસંદ કરે છે તેની પાસે જ તે પોતાની જાતને ખુલ્લી કરે છે. " વારુ, આ પ્રમાણે હોય તેને જ આપણે દિવ્ય કૃપા કહીએ છીએ – તે ઊર્ધ્વમાંથી અથવા અંતરમાંથી આવતું એક એવું કાર્ય છે, જે મનોમય કારણોથી સ્વતંત્ર છે, અને તેની પોતાની ગતિનો તે નિર્ણય કરે છે. આપણે તેને દિવ્ય કૃપા કહી શકીએ ; આપણે તેને અંદર રહેલો આત્મા કહી શકીએ જે પોતાની ઘડી અથવા પોતાના આવિર્ભાવની રીત તેના સપાટી ઉપર રહેલા મનોમય કરણ પાસે કરે છે એમ કહી શકીએ ; આપણે તેને આંતર-સ્વરૂપના ફૂલને ખીલવાની ક્રિયા કહી શકીએ જે આંતર પ્રકૃતિનો આત્મ સાક્ષાત્કાર તથા

આત્મજ્ઞાન માટેના વિકાસમાં પરિણમે છે એમ કહી શકીએ. જ્યારે આપણી અંદર રહેલી કોઈ વસ્તુ તેના પ્રત્યે કોઈ અભિગમ કરે અથવા જે રીતે તે પોતે આપણી સમક્ષ રજૂ થાય તે પ્રમાણે મન તેને જુએ છે. પરંતુ હકીકતમાં તો તે વસ્તુ પ્રકૃતિમાં રહેલી સત્તાની તેની તે જ વસ્તુ અથવા એક જ પ્રક્રિયા છે.

*

પ્રભુકૃપા વિષે મને કાંઈ કહેવાનું મન થાય છે, કારણ કે તમે એવું વિચારતા લાગો છો જાણે કે દિવ્ય કૃપા કોઈ માનવ બુદ્ધિની તર્ક જેવી રૂપરેખાથી બહુ ભિન્ન પ્રકારે કાર્ય કરતી હોય એવા પ્રકારની હોવી જોઈએ. પરંતુ તે તેવા પ્રકારની હોતી નથી. તેમ જ તે વિશ્વરૂપ દિવ્ય સહાનુભૂતિ પણ હોતી નથી જે બિનપક્ષપાતી રીતે, જે કોઈ તેના પ્રત્યે અભિગમ રાખે અને સર્વ જે કાંઈ પ્રાર્થના કરે તે બધાને મંજૂર રાખે. તે સદ્‌ગુણી માનવીઓને પસંદ કરે અને પાપીઓને છોડી દે એવું પણ નથી. દિવ્ય કૃપા જુલમી (ટારસસના સોલ જેવા) ની મદદે આવી પહોંચી હતી. સ્વચ્છંદી સંત ઓગસ્ટિનની પાસે પણ આવી હતી. કુખ્યાત જગાઈ અને મધાઈ પાસે, બિલ્વમંગલ અને બીજા ઘણાઓમાં પરિવર્તન લાવી છે, જેઓને માનવની નૈતિક બુદ્ધિગમ્યતાનો વધારે આગ્રહ રાખનાર માટે નિંદાપાત્ર બને, પરંતુ તે પવિત્ર માણસો પાસે પણ આવી શકે છે અને તેમના આત્મ – સદ્‌ગુણોનો પણ ઈલાજ કરીને આ બધા સદ્‌ગુણોથી પણ ઊર્ધ્વમાં રહેલી વિશુદ્ધતર ચેતના પ્રત્યે દોરી જાય છે. તે એવી શકિત છે જે બધા જ નિયમોથી ઘણી ઉચ્ચતર છે અને વૈશ્વિક ધર્મથી વધારે ઉન્નત છે – કારણ કે બધા જ આધ્યાત્મિક સાધકો, એક ધર્મ (સ્થાપિત નિયમ) અને કૃપા વચ્ચેનો ભેદ સમજ્યા છે તેમ છતાં તે વિવેક બહારની હોતી નથી. ફકત તેનો પોતાનો વિશિષ્ટ વિવેક હોય છે. મનની અથવા બીજી કોઈ પણ સામાન્ય શકિત કરતાં તેના પોતાના દર્શન વડે તે વસ્તુઓ, માનવીઓ અને સાચો સમય અને પરિપાકને જુએ છે. પ્રભુકૃપાની અવસ્થા, વ્યકિતના ગાઢ બુરખાની પાછળ તૈયાર થઈ ગઈ હોય છે અને તે એવા સાધનો-દ્વારા કાર્ય કરે છે જેના વિષે મન કદી ગણતરી પણ કરી શકે નહિ અને પ્રભુકૃપા જ્યારે આવે છે ત્યારે તે કૃપા પોતે જ ફકત કાર્ય કરે છે. તેના માટે નીચેની ત્રણ શકિતઓ હોય છે. (૧) કર્મનો વૈશ્વિક સિદ્ધાંત અથવા બીજું જે કાંઈ હોય તે - (૨) એક દિવ્ય સહાનુભૂતિ જે વિશ્વરૂપ કર્મના સિદ્ધાંતની જાળો મારફતે તે જેટલા પ્રમાણમાં બધા માનવીઓ પાસે પહોંચી શકે તેટલા ઉપર કાર્ય કરે છે અને તેમને તક આપે છે. (૩) દિવ્ય કૃપા કોઈ પણ જાતની ગણતરીનો ખ્યાલ રાખ્યા સિવાય, પરંતુ બીજા બધા ધારે તે કરતાં પણ વધારે અગમ્ય રીતે કાર્ય કરે

છે. હવે ફક્ત એક જ પ્રશ્ન છે કે આ જીવનની બધી જ જટિલતાઓની પાછળ કોઈ વસ્તુ રહેલી છે જે જ્યાં સુધી પરમાત્માના પ્રકાશને માટે તૈયાર ન થઈ હોય ત્યાં સુધી તેના સાદને પ્રત્યુત્તર આપે – અને ગમે તેટલી મુશ્કેલીઓ હોય છતાં તે પ્રત્યે પોતાની જાતને ખુલ્લી કરે – અને તે **કાંઈક વસ્તુ** મનોમય કે પ્રાણમય ગતિ ન હોવી જોઈએ, પરંતુ કોઈ આંતરિક વસ્તુ હોવી જોઈએ જેને આંતર – દૃષ્ટિથી બરાબર જોઈ શકાય. જો તે વસ્તુ ત્યાં હોય અને જ્યારે તે અગ્રભાગમાં સક્રિય બને તો તે દિવ્ય અનુકંપા કાર્ય કરી શકે છે, છતાં પ્રભુકૃપાનું પૂર્ણ કાર્ય હજુ પણ નિશ્ચિત નિર્ણય અથવા રૂપાંતર માટે રાહ જોઈ શકે છે; કારણ કે આ વસ્તુ ભવિષ્યની ઘડી માટે મુલતવી રહી શકે છે, કારણ કે આપણા સ્વરૂપનો કોઈ ભાગ અથવા તત્ત્વ હજુ પણ વચ્ચે વિઘ્નરૂપ બને છે અને તે ભાગ એવી કોઈ વસ્તુ છે જે હજુ સુધી તે કૃપાને ગ્રહણ કરવા માટે તૈયાર થયેલી નથી.

પરંતુ શા માટે તમારી અને પરમાત્માની વચ્ચે **કોઈ પણ વસ્તુ** આવવી જોઈએ? – કોઈ વિચાર કે કોઈ ઘટના? જ્યારે તમે પૂર્ણ અભીપ્સામાં અને આનંદમાં હો, ત્યારે કોઈ પણ વસ્તુની કિંમત કે અગત્ય નથી, સિવાય કે પરમાત્મા અને તમારી અભીપ્સા. જો કોઈ વ્યકિતને, ઝડપથી, નિરપેક્ષ રીતે અને સંપૂર્ણ રીતે પરમાત્માની જ જરૂર હોય, તો તે પ્રમાણે જ તેના પ્રત્યેનું વલણ, નિરપેક્ષ અને સર્વ-વસ્તુઓને સમાવી લેતું એવું તમન્નાયુકત હોવું જોઈએ, અને તે એક જ મુદ્દાને અગત્ય આપી તેની સાથે કોઈ પણ વસ્તુને દખલરૂપ બનવા ન દેવી જોઈએ.

પરમાત્મા વિષેના મનોમય વિચારોની શી કિંમત છે, એવા વિચારો કે તેણે કેવા હોવું જોઈએ, તેણે કઈ રીતનું વર્તન કરવું જોઈએ, તેણે કેવી રીતે કાર્ય ન કરવું જોઈએ વગેરે – તે બધી વસ્તુઓ તો વચ્ચે વિઘ્નરૂપ બને છે. ફક્ત પ્રભુ પોતે જ એક અગત્યની બાબત છે. જ્યારે તમારી ચેતના પરમાત્માના આલિંગનમાં હોય ત્યારે જ તમે જાણી શકો કે પરમાત્મા શું છે, તે પહેલાં નહિ. કૃષ્ણ એટલે કૃષ્ણ જ. માણસ પરવા પણ નથી કરતો કે તેણે શું કર્યું અને શું ન કર્યું; ફક્ત તેના દર્શન કરવા, તેને મળવું, તેના પ્રકાશનો અનુભવ કરવો, તેની હાજરી, પ્રેમ અને આનંદ માણવો એટલી જ જરૂરી વસ્તુ છે, તે જ પ્રમાણે આધ્યાત્મિક જીવન માટેનો ધર્મ છે.

*

"પરમાત્માનું સામાન્ય કાર્ય એ વસ્તુઓના વાસ્તવિક ધર્મની અંદર સતત પ્રેક્ષરૂપ છે" – એવું હોઈ શકે અથવા ન પણ હોય, પરંતુ તેને પ્રભુકૃપા કહી

શકાય નહિ. દિવ્ય કૃપાનું ઘણે ભાગે માપ કાઢી શકાતું નથી અને તે બુદ્ધિની કોઈ નક્કી કરેલી શરત પ્રમાણે કરવા બંધાયેલી નથી – જો કે સામાન્યતયા કોઈ પુકાર, અભીપ્સા અથવા ચૈત્ય પુરુષની તીવ્રતા તેને જાગ્રત કરી શકે, અને તેમ છતાં તેવા કોઈ પ્રકારનું બાહ્ય રીતે દેખીતું કોઈ પણ કારણ ન હોય, છતાં તે કેટલીક વખત કાર્ય કરે છે.

*

એવું અનિવાર્ય નથી કે દિવ્યકૃપાએ માનવ મન સમજી શકે તે રીતે કાર્ય કરવું જ જોઈએ; હકીકતમાં તો તે પ્રમાણે એ કરતી જ નથી. તે તેની રહસ્યમય રીતે કાર્ય કરે છે. પહેલાં તો તે પરદા પાછળ કાર્ય કરે છે, વસ્તુઓને તૈયાર કરે છે પરંતુ આવિર્ભાવ પામતી નથી. પછીથી તે આવિર્ભાવ પામે છે ખરી, પરંતુ સાધકને બરાબર સમજ પડતી નથી કે શું બની રહ્યું છે; છેવટે જ્યારે તે સમજવા માટે શકિતમાન બને ત્યારે તેને તેનો અનુભવ થાય છે અને સમજ પણ પડે છે; અથવા તો તે સમજવાની શરૂઆત કરે છે. કેટલાક લોકો પહેલેથી જ અથવા ઘણા વહેલા પણ તેને સમજી શકે છે; પરંતુ તેઓ પ્રસંગ સામાન્ય રીતે બનતો નથી.

*

હું જે સામર્થ્ય અને પ્રભુકૃપા વિષે વાત કરું છું તેમાં સમજ ન પડે એવું કાંઈ નથી. સામર્થ્યની આધ્યાત્મિક સાક્ષાત્કાર માટે કિંમત હોય છે, પરંતુ એમ કહેવું કે તે ફકત સામર્થ્યથી જ બની શકે છે અને બીજી કોઈ પણ વસ્તુથી નહિ એ પ્રચંડ અતિશયોકિત છે. પ્રભુકૃપા એ કોઈ શોધ નથી. તે આધ્યાત્મિક અનુભૂતિની સાચી વાસ્તવિક હકીકત છે. કેટલાક માણસો જેમને ડાહ્યા અને સમર્થ પુરુષો તૃણવત્ ગણે છે તેમણે પ્રભુકૃપાથી ઘણું પ્રાપ્ત કર્યું હોય છે. અભણ, મનની શકિત અગર તાલિમ વગરના, ચારિત્ર્યના 'બલ' વગરના અથવા સંકલ્પ વગરના માણસોએ પણ અભીપ્સા રાખેલી હોય છે અને તેમને ઓચિંતા અથવા ઝડપી આધ્યાત્મિક સાક્ષાત્કારો થયેલા છે, કારણ કે તેમનામાં શ્રદ્ધા હતી તથા સચ્ચાઈ હતી. મને સમજાતું નથી કે શા માટે આવી બધી વાસ્તવિક હકીકતો આધ્યાત્મિક ઇતિહાસમાં બનેલી છે અને બિલકુલ સામાન્ય આધ્યાત્મિક બાબતો છે તેમના વિષે ચર્ચા કરવી જોઈએ, અને તેમનો ઇનકાર કરીને દલીલો કરવી જોઈએ, જાણે કે તે ફકત ધારણાઓની કલ્પિત વસ્તુઓ હોય.

જો આધ્યાત્મિક સામર્થ્ય હોય તો તે આધ્યાત્મિક સાક્ષાત્કારની શકિત છે; સચ્ચાઈ એ મહાન શકિત છે; સૌથી સમર્થ વસ્તુ પ્રભુકૃપા છે. મેં અસંખ્ય વખત કહેલું છે કે જો માણસ સત્યનિષ્ઠ હોય તો ગમે તેટલો લાંબો ગાળો લાગે, અને

ગમે તેટલી મુશ્કેલ પરિસ્થિતિઓ હોય, છતાં તે તેમની આરપાર નીકળી જાય છે. મેં વારંવાર દિવ્યકૃપા વિષે કહેલું છે. મેં ઘણી વખત ગીતાના શ્લોકમાંથી નીચેની વસ્તુ કહેલી છે –

"હું તને બધા પાપ અને અનિષ્ટમાંથી મુક્ત કરીશ, માટે ચિંતા ન કરીશ."*

*

એ એવો પ્રશ્ન છે જેનો સ્પષ્ટ ઉત્તર આપી શકાય નહિ, કારણ કે તેમાં બે બાજુ વિષેની બાબત છે, જે દરેક સાચી છે. પ્રભુકૃપા સિવાય કાંઈ પણ બની શકે નહિ, પરંતુ પૂર્ણકૃપા આવિર્ભાવ પામે તેના માટે સાધકે પોતે પોતાની જાતને તૈયાર કરવી પડે છે. જો દરેક વસ્તુ પ્રભુના સંકલ્પ ઉપર આધાર રાખતી હોય તો માણસ કેવળ રમકડું જ છે, અને સાધનાનો કોઈ ઉપયોગ નથી, અને તેને માટે કોઈ શરતો નથી, વસ્તુઓનો કોઈ ધર્મ નથી – તેથી કોઈ વિશ્વ નથી. પરંતુ પ્રભુ દરેક વસ્તુને પોતાની ઈચ્છા મુજબ ગબડાવે છે. બેશક, છેવટે એમ કહી શકાય કે દરેક વસ્તુ દિવ્ય વૈશ્વિક કાર્ય છે, પરંતુ તે માનવો મારફતે અને શક્તિઓ મારફતે કાર્ય કરે છે – તથા પ્રકૃતિના ધર્મ અનુસાર કાર્ય કરે છે. પ્રભુના ખાસ પ્રક્ષેપો હોઈ શકે અને હોય છે પણ ખરા, પરંતુ બધું જ પ્રભુની દરમિયાનગીરીવાળું નથી. તમે જે અનુભૂતિની વાત કરી તે કદાચ પ્રાણમય ભૂમિકાની હોઈ શકે, અને આવું અનુભૂતિનું એકાએકપણું અને વૈવિધ્ય એ પ્રાણના લક્ષણો છે – પરંતુ તે લાંબો સમય ટકતાં નથી પરંતુ માણસને તૈયાર કરે છે. જ્યારે વ્યક્તિગત મન, પ્રાણ અને શરીરથી પર રહેલી વસ્તુના સંપર્કમાં આવે છે, અને ત્યાં ઊંચે ઊઠે છે, ત્યારે જ સામાન્ય રીતે મહાન, ટકાઉ મૂળભૂત અનુભૂતિઓ આવે છે.

*

યોગ એક પ્રયત્ન, એક તપસ્યા છે – તે ત્યારે જ બંધ થઈ શકે જ્યારે માણસ ઊર્ધ્વતર કાર્યને સચ્ચાઈપૂર્વક સમર્પણ કરે, અને સમર્પણને ટકાવી રાખે તથા પૂર્ણ બનાવે. તે કોઈ ભ્રામક કલ્પના નથી, જેમાં બુદ્ધિ કે તર્ક ન હોય અથવા સંવાદિતા ન હોય, અથવા કેવળ ચમત્કાર હોય. તેના પોતાના ધર્મો છે અને શરતો છે અને મને સમજાતું નથી કે તમે કઈ રીતે પરમાત્મા પાસે એવી માગણી કરો કે બધું જ એક પ્રચંડ ચમત્કારથી બની આવે.

મેં કદી એમ કહ્યું નથી કે આ યોગ એક સહિસલામત માર્ગ છે – કોઈ પણ યોગ તેવો નથી, દરેકમાં તેના પોતાના જોખમો હોય છે; જે રીતે માનવ જીવનમાં

---

* अहं त्वां सर्व पापेभ्यो मोक्षयिष्यामि मा शुच: ।।

પ્રયત્ન કરવો પડે છે તે રીતે અહીં પણ પ્રયત્ન કરવો પડે છે પરંતુ જો માણસમાં સચ્ચાઈ હોય અને પરમાત્મા ઉપર શ્રદ્ધા હોય તો તેની આરપાર પસાર થઈ શકાય છે. આ બે જરૂરી શરતો છે.

*

બ્રહ્માનંદ તપસ્યા વિષે જે કહે છે તે ખરેખર સાચું છે. જો માણસ મહેનત અને તપસ્યા કરવા માટે તથા મન અને પ્રાણના ઉપર કાબુ પ્રાપ્ત કરવા માટે તૈયાર ન હોય, તો તે મહાન આધ્યાત્મિક લાભો પ્રાપ્ત કરી શકે નહિ – કારણ કે મન અને પ્રાણ પોતાની ચાલાકીઓ અને બહાનાઓ કાયમ શોધી કાઢવાનાં, જેથી કરીને તેમનું સામ્રાજ્ય લાંબા સમય સુધી ચાલુ રહે; તેઓ પોતાના રાગ અને દ્રેષો લાદવાનાં જ અને તેઓ અંતરાત્મા અને આત્મા માટે આજ્ઞાંકિત કરણો અને ખુલ્લી નહેરો બને તે પહેલાં, દિવસો સુધી તે વસ્તુને મુલતવી રાખવા પ્રયત્ન કરવાનાં જ. પ્રભુકૃપા કેટલીક વખત લાયકાત વગરના અથવા દેખીતી રીતના બિનલાયક ફ્લો લાવી આપે, પરંતુ કોઈ પણ વ્યકિત પ્રભુકૃપાને વિશિષ્ટ હક તરીકે માગી શકે નહિ – કારણ કે તે પ્રમાણે બને તો તે કૃપા મટી જાય. તમે જોયું તે પ્રમાણે માણસ એવી માગણી ન કરી શકે કે બૂમો મારવાથી પ્રત્યુત્તર આવવો જ જોઈએ. ઉપરાંત મેં કાયમ જોયેલું છે કે પ્રભુકૃપા વચ્ચે પડે તે પહેલાં કોઈ પણ જાતના આંતર નિરીક્ષણ વગરની સાચી લાંબી તૈયારી થઈ હોય છે અને પછી પણ માણસને જે વસ્તુ પ્રાપ્ત થઈ હોય તેને ટકાવવા અને વિકાસ કરવા માટે સાધકને પુષ્કળ કાર્ય કરવું પડે છે – જે રીતે પૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી બીજી બધી વસ્તુઓમાં કરવું પડે છે તે રીતે. ત્યાર પછી મહેનત બંધ થઈ જાય છે અને માણસ એક ખાતરીભરી સ્થિતિમાં હોય છે. એટલે એક યા બીજી તપસ્યાનો ત્યાગ કરી શકાતો નથી.

તમે જે કાલ્પનિક વિઘ્નોની વાત કરો છો તેમાં પણ સાચા છો — એટલા માટે જ અમે મનોમય રચનાઓ અને પ્રાણમય ઘડતરોને ઉત્સાહ આપતા નથી – કારણ કે તે વસ્તુઓ પરમાત્માની પકડમાંથી છુટવા માટે અને પોતાનો બચાવ કરવા માટે તેની સામે ફેંકેલી વસ્તુઓ હોય છે, તેમ છતાં સૌથી પ્રથમ વસ્તુ, તે બધા વિષે સભાન બનવાનું છે, જે રીતે તમે અત્યારે બનેલા છો – ગુપ્ત રહસ્ય એ છે કે તેમને બહાર તોડીને ફેંકી દેવી અને તેમની હાંસી કરીને સાચો મહેલ ચણવા માટે એક સ્થિર, શાંત સુખપૂર્વકનો ખુલ્લાપણાનો પાયો રચાવો જોઈએ.

*

પ્રભુકૃપાને તમારી અંદર કાર્ય કરવા દેવી એ સૌથી સારો શકય માર્ગ છે; તેનો કદી વિરોધ ન કરવો, તેના પ્રત્યે કદી કૃતઘ્ન ન બનવું અને તેનાથી મોઢું ન

ફેરવી લેવું – પરંતુ તેનું કાયમ અનુસરણ કરવું અને પ્રકાશ, શાંતિ, ઐકય અને આનંદના લક્ષ્ય સુધી પહોંચવું.

*

એવા ઘણા ઓછા માણસો હોય છે જેમનામાંથી પ્રભુકૃપા પાછી ફરે છે, પરંતુ એવા ઘણા માણસો હોય છે જેઓ પોતે પ્રભુકૃપામાંથી પાછા હઠી જાય છે.

*

કોઈ પણ પ્રકારથી સમર્પણ કરવું સારું છે પરંતુ એ સ્પષ્ટ છે કે અવૈયકિતક સ્વરૂપને સમર્પણ કરવું એ પૂરતું નથી, કારણ કે તેના પ્રત્યેનું સમર્પણ આંતરિક અનુભૂતિ માટેના પરિણામમાં મર્યાદિત હોય છે અને બાહ્ય પ્રકૃતિમાં રૂપાંતર લાવતું નથી.

*

હા, નિરાકાર પરમાત્માને સમર્પણ કરવાથી સ્વરૂપના અમુક ભાગોને તે, ગુણો અને અહંકારમાંથી મુકત રાખતું નથી – કારણ કે અચંચલ ભાગો નિર્ગુણમાં મુકત હોય છે પરંતુ સક્રિય પ્રકૃતિ ગુણોની લીલામાં શાંત રહે છે. ઘણા માણસો એવું વિચારે છે કે તેઓ અહંકારથી મુકત થઈ ગયા છે, કારણ કે તેમને નિર્ગુણ અસ્તિત્વનો ભાવ પ્રાપ્ત થયો છે. તેઓ જોઈ શકતા નથી કે અહંકારયુકત તત્ત્વો પહેલાંની માફક જ કાર્યરત રહેલા હોય છે.

*

તમે અવૈયકિતક પરમાત્મા વિષે એવી વાત કરો છો જાણે તે સગુણ સ્વરૂપ હોય. અવૈયકિતક પરમાત્મા તે (સગુણ) નથી હોતો પરંતુ તત્ (તે) હોય છે. તે (તત્) કઈ રીતે માર્ગદર્શન આપી શકે અથવા સહાય કરી શકે ? અવૈયકિતક બ્રહ્મ અક્રિય, એકાકી, તટસ્થ હોય છે અને વિશ્વમાં જે કાંઈ બને તેની સાથે તેને કોઈ સંબંધ હોતો નથી. બુદ્ધનું શાશ્વત તત્ત્વ તે પ્રકારનું જ છે. જે કોઈ અવૈયકિતક સત્ય અથવા પ્રકાશ હોય તેને તમારે શોધવાં પડે છે, તમારે તેનો ઉપયોગ કરવાનો હોય છે અને તમે તેની સાથે જે કાંઈ કરી શકો તે તમારે કરવાનું હોય છે. તે તમને શોધવાની તકલીફ લેતું નથી. તમારે બધું જ તમારી જાતે કરવાનું હોય છે, એ બુદ્ધવાદી વિચારસરણી છે.

*

ગુરુને સમર્પણ કરવા માટે એમ કહેવાય છે કે તે બધા સમર્પણો કરતાં વધારે સારું છે, કારણ કે તેના વડે તમે અવૈયકિતકને જ સમર્પણ કરો છો એટલું જ નહિ પરંતુ વૈયકિતકને પણ સમર્પણ કરો છો ; તમારા આત્મામાં રહેલા

પરમાત્માને જ નહિ, પરંતુ તમારી બહાર રહેલા પરમાત્માને પણ; તમને અહંકાર ઉપર વિજય પ્રાપ્ત કરવાની તક મળે છે અને તે પણ આત્મામાં પાછા હઠી જઈને નહિ, જ્યાં અહંકાર અસ્તિત્વ ધરાવતો નથી, પરંતુ અવૈયકિતક પ્રકૃતિમાં પણ, જ્યાં તે તેનો સ્વામી હોય છે – તેમાં સમગ્ર પરમાત્માને પૂર્ણ સમર્પણ કરવાનો સંકલ્પ હોય છે, **સમગ્ર મામ્ માનુષિમ્ તનુમ્ આશ્રિતમ્** – અલબત્ત આ બધું સાચું બને તે માટે તે સચ્ચાઈપૂર્ણ આધ્યાત્મિક સમર્પણ હોવું જોઈએ.

*

ગુરુને સમગ્ર રીતે સ્વીકારવા જોઈએ – પરાત્પર તરીકે, અવૈયકિતક તરીકે તેમજ વૈયકિતક તરીકે.

*

યોગમાં ગુરુ માર્ગદર્શક હોય છે. જ્યારે પરમાત્માને દિવ્ય માર્ગદર્શક તરીકે સ્વીકારવામાં આવે છે ત્યારે તેને ગુરુ તરીકે સ્વીકારવામાં આવે છે.

*

ગુરુ અને શિષ્યનો સંબંધ પરમાત્મા સાથે વ્યકિતને જે કોઈ પ્રકારનો સંબંધ હોય તેવા ઘણા સંબંધોમાંનો એક હોય છે, અને આ યોગમાં જેનું લક્ષ્ય અતિ-માનસ સાક્ષાત્કારનું છે તેમાં આ પ્રકારનું નામ સામાન્ય રીતે આપવામાં આવતું નથી; તેને બદલે પરમાત્માને મૂળભૂત સ્રોત તરીકે ગણવામાં આવે છે; પ્રકાશ, જ્ઞાન અને ચેતના તથા આધ્યાત્મિક સાક્ષાત્કારના જીવંત સૂર્ય તરીકે ગણવામાં આવે છે અને માણસ જે કાંઈ પ્રાપ્ત કરે છે તેની અનુભૂતિ ત્યાંથી આવતી લાગે છે અને તે દિવ્ય હસ્તદ્વારા સમગ્ર સ્વરૂપનું નવસર્જન થાય છે. માનવ ગુરુ અને શિષ્યનો આ પ્રકારનો સંબંધ જે વધારે મર્યાદિત મનોમય ખ્યાલ હોય છે તેના કરતાં વધારે મહાન અને વધારે આત્મીય હોય છે. તેમ છતાં જો મનને વધારે મનોમય ખ્યાલની જરૂર લાગે તો તેની જરૂર હોય ત્યાં સુધી તેને તે રીતે રાખી શકાય છે; ફક્ત આત્માને તેનાથી મર્યાદિત ન કરશો અને તેને પ્રભુ સાથેના બીજા પ્રકારના સંબંધો અને અનુભૂતિના વધારે વિશાળ સ્વરૂપોના પ્રવાહને મર્યાદિત થવા દેશો નહિ.

*

અતિમાનસ યોગમાં ગુરુ શબ્દ વાપરવાનું ચલણ નથી. અહીં દરેક વસ્તુ પરમાત્માના પોતાના તરફથી આવે છે. પરંતુ કોઈને તે પ્રમાણે કરવું હોય તો તે સમય પૂરતો તે શબ્દનો ઉપયોગ કરી શકે છે.

*

ના, ગુરુને સમર્પણ અને પ્રભુને સમર્પણ – એક જ નથી. ગુરુને સમર્પણ કરવાથી માણસ ગુરુમાં રહેલા પરમાત્માને સમર્પણ કરે છે – જો તે કેવળ માનવ વ્યક્તિને સમર્પણ હોય તો તે બિનઅસરકારક બને. પરંતુ પરમાત્માની હાજરીની ચેતના જે ગુરુમાં હોય તે ગુરુને સાચા બનાવે છે તેથી કરીને શિષ્ય ગુરુને માનવી માનીને પણ સમર્પણ કરે તો પેલી દિવ્ય હાજરી તેને વધારે અસરકારક બનાવે છે.

*

બધા જ સાચા ગુરુઓ એક સરખા હોય છે, એક જ ગુરુ હોય છે કારણ કે બધા જ એકમેવ પરમાત્મા હોય છે. તે મૂળભૂત અને વૈશ્વિક સત્ય છે, પરંતુ એક ભિન્નત્વનું પણ સત્ય હોય છે; પરમાત્મા જુદી જુદી વ્યકિતઓમાં જુદાં જુદાં મન, શિક્ષણ, તથા અસરો સાથે વસે છે તેથી કરીને તે (પ્રભુ) જુદા જુદા સાધકોને તેમની ખાસ જરૂરિયાત, ચારિત્ર્ય અને નિયતિ પ્રમાણે ભિન્ન ભિન્ન માર્ગોએ સાક્ષાત્કાર તરફ લઈ જાય છે. બધા જ ગુરુઓ એક જ પરમાત્મા હોવાથી તેનો અર્થ એવો નથી કે સાધક તેના પોતાના માટે નિર્મિત થયેલા ગુરુને બદલે બીજાનું અનુસરણ કરવા જાય તો સારું છે. ભારતીય પ્રણાલિમાં દરેક સાધક પાસે ગુરુ પ્રત્યે વફાદારીની માગણી કરવામાં આવે છે. "બધા જ (ગુરુઓ) એક પ્રકારના હોય છે," એ આધ્યાત્મિક સત્ય છે, પરંતુ તમે તે સત્યને વિવેક વગર તમારી અંદર કાર્યાન્વિત કરી પલટી ન શકો; તમે બધા જ માણસો સાથે એક સરખી રીતે વર્તી ન શકો, કારણ કે એ બધા જ એક બ્રહ્મ છે એમ માનીને જો વ્યકિત તે પ્રમાણે કરે તો તેનું પરિણામ વ્યવહારમાં ભયંકર ગોટાળારૂપ બની જાય. એ એક રૂઢ મનોમય તર્ક છે, જે મુશ્કેલી ઉત્પન્ન કરે છે પરંતુ આધ્યાત્મિક બાબતમાં માનસિક તર્ક સહેલાઈથી ભૂલ કરે છે; આ વસ્તુમાં અંતઃસ્ફૂરણા, શ્રદ્ધા તથા નમનીય આધ્યાત્મિકતા જ એક માત્ર માર્ગદર્શકો છે.

શ્રદ્ધા માટે કહેવાનું કે આધ્યાત્મિક અર્થમાં શ્રદ્ધા એ માનસિક વિશ્વાસ નથી, જે ઝોલાં ખાય અને ફરી જાય. તે મનમાં એવું સ્વરૂપ ધારણ કરે પરંતુ તેવો વિશ્વાસ એ શ્રદ્ધા પોતે નથી, તે એક બાહ્ય સ્વરૂપ જ છે. જે રીતે શરીર બાહ્ય સ્વરૂપમાં ફેરફાર પામી શકે છે, પરંતુ આત્મા એક રૂપે જ રહે છે, તેવું જ અહીં છે. શ્રદ્ધા આત્મામાં રહેલી ખાતરી છે જેનો આધાર તર્ક ઉપર નથી, આ કે પેલા એવા માનસિક વિચાર ઉપર નથી, સંજોગો ઉપર પણ નથી, તેમ જ આ કે પેલી મનની અથવા પ્રાણની અથવા શરીરની બદલાતી પરિસ્થિતિ ઉપર પણ નથી. તે ઢંકાઈ જઈ શકે, તેનું ગ્રહણ થઈ શકે, તે ભીંજાઈ ગઈ હોય એવું પણ લાગે, પરંતુ તે ફરીથી તોફાન અથવા ગ્રહણ પછી બહાર ફરીથી દેખાય છે; તે આત્મામાં

સળગતી જ રહે છે જ્યારે માનવી એમ ધારે છે કે તે કાયમ માટે બૂઝાઈ ગઈ છે. મન શંકાઓના ઊછળતા સાગર જેવું હોય અને તેમ છતાં તેનામાં શ્રદ્ધા હોઈ શકે, અને જો તે પ્રમાણે હોય તો તે શંકાથી ભરેલા મનને પણ માર્ગમાં રાખે છે જેથી તેણે નિશ્ચય કરેલું ધ્યેય હોય તેના તરફ તેને દોરી શકે છે. શ્રદ્ધા એ આધ્યાત્મિકતાનો પણ આધ્યાત્મિક વિશ્વાસ છે, પરમાત્માનો, આત્માનો આદર્શ, એવી કોઈ વસ્તુ જે તેને વળગીને રહેલી હોય છે, ભલે પછી તેની સિદ્ધિ જીવનમાં પ્રાપ્ત ન થઈ હોય અને તાત્કાલિક વાસ્તવિકતાઓ અને જુદી સંજોગો તેનો ઈનકાર કરતા હોય. માનવીના જીવનમાં આ સામાન્ય અનુભૂતિ છે; જો તે પ્રમાણે ન હોત તો, માણસ એક ફેરફાર પામતા મનનું રમકડું હોત અથવા સંજોગોની રમત હોત.

*

મને ક્ષ ના પત્રો આધુનિક વિચારના તથા સામાન્ય વલણોના પ્રશંસનીય લાગતા નથી; આવા વિચારો અને વલણોમાંથી તે જે રીતે સંપૂર્ણ બહાર નીકળી ગયો છે અને જ્ઞાન માટેનો એક સતત ટકી રહેતો તેનો જે પ્રવાહ છે, તેણે મારા ઉપર પ્રશંસનીય અસર કરી છે. જો તેનો રસ ટકી રહ્યો હોત અને આ આધુનિક માનવ ગતિઓ સાથે સંપર્કમાં રહી ગયો હોત તો મને લાગતું નથી કે રોમા રોલાં અને બીજાઓ કરતાં તેણે વધારે સારું કર્યું હોત. પરંતુ તેણે તે બધી વસ્તુઓ સાથે યૌગિક દૃષ્ટિબિંદુ રાખ્યું છે, શિખર પરથી કરેલું દૃષ્ટિબિંદુ અને તે જે તૈયારીથી આ કરી શક્યો તેણે મને અસર કરી છે.

હું તેની પ્રગતિ વિષે સમજાવી શકું અને તે પણ તેની પોતાની યોગની લાયકાત માટેની ઉચ્ચતર ભાવનાને લક્ષ્યમાં રાખીને નહિ, પરંતુ તેણે જે ભકત અને સાધક તરીકે ઝડપી તૈયારી અને પૂર્ણતા સાથે કાર્ય કર્યું છે તે દૃષ્ટિબિંદુ સમજાવી શકું. તે આધુનિક મન માટે, પછી તે યુરોપિયન હોય કે 'શિક્ષિત' ભારતીય હોય, એક વિરલ સિદ્ધિ છે; કારણ કે આધુનિક માનસ પૃથક્કરણ કરનારું, દ્વિધાયુકત, અંધ:પ્રેરણાથી 'સ્વતંત્ર' હોય છે ભલે તેની ઇચ્છા જુદું જ બનવાની હોય; તેના પ્રત્યે જે પ્રકાશ અને દિવ્ય પ્રભાવ આવે છે તેના માટે તે પાછું હઠે છે અને ખચકાટ અનુભવે છે; તે એક સીધી સાદી રીતે એમ બૂમ મારતું નથી, " હું આ રહ્યો, અને જો હું તારી અંદર (પ્રભુમાં) પ્રવેશ પામી શકું તો મારી પોતાની જે જાત હતી અથવા લાગતી હતી તેને ફેંકી દેવા તૈયાર છું. તું તારી પોતાની રીતે, પરમાત્માની રીતે મારી ચેતનાનું દિવ્ય સર્જનમાં પુન: સર્જન કર. " આપણી અંદર એવું કાંઈક હોય છે જે તેને માટે તૈયાર હોય છે, પરંતુ

કોઈક તત્ત્વ વચ્ચે વિક્ષેપ નાખે છે અને બિન-ગ્રહણશીલતાનો પરદો વચ્ચે આવી જાય છે; હું મારી પોતાની તેમ જ બીજાની અનુભૂતિથી જાણું છું કે તેવો માર્ગ બનવા માટે કેટલો બધો સમય લાગે અથવા આપણે માટે કદાચ ન પણ બને – આપણે જેઓ સંપૂર્ણ સત્ય શોધતા હોઈએ તેમને માટે ટૂંકો અને સરળ માર્ગ ન પણ બને; પરંતુ તેમ છતાં આપણે ઘણી રખડપટ્ટી અને સ્થિરતા તથા અટકી જવાના ગાળાઓ, પાછા હઠવાના અને ચક્રગતિના રસ્તાઓ લીધા હશે, અને તેથી 'ક્ષ' એ જે રીતે આ ભયંકર મુશ્કેલી ઉપર સરળતાથી વિજય પ્રાપ્ત કર્યો છે એમ દેખાય છે તેની હું વધારે પ્રશંસા કરું છું.

મને ખબર નથી કે તેના ગુરુ કોઈ પણ પ્રકારે તેના માટે અધૂરા હોય, પરંતુ તેણે જે વલણ લીધું છે અથવા તેમનામાં (ગુરુમાં) કોઈ ક્ષતિઓ હોય તો પણ તેનો કોઈ વાંધો નથી. તે ગુરુની માનવ ક્ષતિઓ નથી, જ્યારે ચૈતસિક ખુલ્લાપણું, આત્મવિશ્વાસ અને સમર્પણ હોય ત્યારે તે અવરોધક ન બને. ગુરુ પરમાત્માના આવિર્ભાવ માટેનો પ્રતિનિધિ છે અથવા એક નહેર છે અને તેના વ્યક્તિત્વ પ્રમાણે અથવા સિદ્ધિ પ્રમાણેનો માપદંડ છે; પરંતુ તે ગમે તે હોય, પરંતુ વ્યક્તિ તેના પ્રત્યે ખુલ્લી થાય ત્યારે તે પરમાત્મા પ્રત્યે જ ખુલ્લી થાય છે; અને જો કોઈ વસ્તુનું તે નહેરની શકિતદ્વારા નિર્માણ થતું હોય તો પણ એક અંતર્ગત અને આંતરિક ગ્રહણશીલ ચેતના વડે તેનાથી પણ વધારે વસ્તુનું નિર્માણ થાય છે: એક એવું તત્ત્વ છે જે સપાટી ઉપરના મનમાં એક સરળ શ્રદ્ધા અથવા સીધેસીધી બિનશરતી આત્માર્પણ કરનારું હોય છે અને એક વખત તે ત્યાં આવે ત્યાર પછી મૂળભૂત વસ્તુઓ એવી વ્યકિત મારફતે પ્રાપ્ત થાય છે જે સાધક સિવાય બીજાઓને નિમ્ન પ્રકારનો આધ્યાત્મિક સ્રોત લાગે છે, અને બાકીની બધી વસ્તુઓ તો માનવગુરુ ન આપી શકે તો પણ દિવ્યકૃપા મારફતે સાધકની અંદર આપોઆપ વૃદ્ધિ પામશે. ક્ષ એ આ પ્રમાણે પ્રથમથી જ કદાચ કર્યું હોય એવું લાગે છે: પરંતુ હાલમાં આ પ્રકારનું વલણ લગભગ બધા માણસોમાં ખૂબ ખચકાટ અને ઢીલ તથા મુશ્કેલી પછી પણ આવવું મુશ્કેલ છે. મારા પોતાના પ્રસંગમાં, મારા આંતરિક જીવન માટેના વલણ માટે હું એવા માણસનો આભારી છું જે મારા કરતાં બુદ્ધિમાં, શિક્ષણમાં અને શકિતમાં ઘણા જ નીચેની કક્ષાના હતા, અને કોઈ પણ રીતે આધ્યાત્મિક પૂર્ણતાવાળા અથવા ઉચ્ચતર નહોતા; પરંતુ તેમની પાછળ એક શક્તિને જોઈને મેં તેમના પ્રત્યે મદદ માટે વળવાનું નક્કી કર્યું. મેં મારી જાતને તેમને સંપૂર્ણ રીતે સોંપી અને બિલકુલ નિષ્ક્રિય રીતે તેમણે આપેલા માર્ગદર્શનનું યાંત્રિક અનુસરણ કર્યું. તે પોતે જ આશ્ચર્યમાં પડી ગયા અને તેમણે

પોતે જ બીજાઓને કહ્યું કે તેમને આ પહેલાં એવો કોઈ માણસ મળેલો નહિ જે આટલી નિરપેક્ષ રીતે સમર્પણ કરે, અને પોતાનું કાંઈ પણ બાકી રાખ્યા સિવાય અથવા પ્રશ્ન કર્યા સિવાય મદદ કરનારના માર્ગદર્શનને સ્વીકારે. તેનું પરિણામ એવું આવ્યું કે મૂળભૂત પ્રકારની એવી રૂપાંતર કરનારી અનુભૂતિઓની હારમાળા આવી જે તે સહાયકને પણ સમજ ન પડે અને તેમને કહેવું પડયું કે મારે ભવિષ્યમાં મારા અંતરમાં રહેલા દિવ્ય માર્ગદર્શકને એટલી પૂર્ણતાથી સમર્પણ કરવું જેટલું મેં માનવની અંદર રહેલી નહેરની શકિતઓને કરેલું. આ દષ્ટાંત હું એટલા માટે આપું છું કે તમને બતાવી શકું કે આ વસ્તુઓ કઈ રીતે કાર્ય કરે છે; માનવ બુદ્ધિ જે રીતે ગણતરી પૂર્વકના પગલાંઓ મૂકે છે તે રીતનું તે નથી હોતું, પરંતુ તેના માટેનો એક વધારે રહસ્યમય અને મહત્તર ધર્મ હોય છે.

*

માણસને આધ્યાત્મિક શકિતમાં ઉતરતા પ્રકારનો ગુરુ હોઈ શકે (પોતાનાથી ઉતરતા અથવા બીજા ગુરુઓની સરખામણીમાં ઉતરતા) અને તેમનામાં ઘણી માનવ ક્ષતિઓ પણ હોઈ શકે અને તેમ છતાં જો તમારામાં શ્રદ્ધા, ભકિત, સાચો આધ્યાત્મિક મસાલો હોય તો તમે તેમની મારફતે પ્રભુનો સંપર્ક સાધી શકો છો, આધ્યાત્મિક અનુભૂતિઓ પ્રાપ્ત કરી શકો છો અને ગુરુને પોતાને સાક્ષાત્કાર થાય તે પહેલાં પણ તમે આધ્યાત્મિક સાક્ષાત્કાર કરી શકો છો. આ વસ્તુમાં મેં "જો" કહ્યું છે તેના ઉપર ખાસ ધ્યાન આપો, કારણ કે તે શરત જરૂરી છે; દરેક સાધક દરેક ગુરુની સાથે આ પ્રમાણે કરી શકતો નથી. વાહિયાત વસ્તુઓમાંથી તમે વાહિયાત વસ્તુ સિવાય તમે બીજું કાંઈ પણ પ્રાપ્ત કરી શકો નહિ. ગુરુમાં એવી કોઈક વસ્તુ તો હોવી જ જોઈએ જે પરમાત્મા સાથેનો સંપર્ક શકય બનાવે, એવી કોઈક વસ્તુ, જે તેના બાહ્ય મનમાં તેના કાર્ય વિષે એ પોતે સચેતન ન હોય છતાં કાર્ય કરતી હોય. જો તેનામાં કોઈ પણ આધ્યાત્મિક વસ્તુ ન હોય તો પછી તે ગુરુ નથી, પરંતુ ઢોંગી ગુરુ હોય. બેશક, એક અને બીજા ગુરુ વચ્ચે આધ્યાત્મિક સાક્ષાત્કારની ઠિક ઠિક પ્રમાણમાં ભિન્નતા હોઈ શકે પરંતુ વધારે આધાર તો ગુરુ અને **શિષ્ય** વચ્ચેના આંતરિક સંબંધ ઉપર રહેલો છે. કોઈ માણસ ઘણા મહાન આધ્યાત્મિક માનવી પાસે જાય અને તેની પાસેથી કાંઈ પણ ન મળે અથવા ઘણું અલ્પ પ્રમાણમાં પ્રાપ્ત કરે; આ બધી ભિન્નતા માટેના કારણો ઘણા વિવિધ પ્રકારના અને સૂક્ષ્મ હોય છે; મારે તેમના વિષે વિસ્તારપૂર્વક કહેવાની જરૂર નથી. દરેક વ્યક્તિ સાથે તેનો ભિન્ન પ્રકાર હોય છે. હું માનું છું કે જો શિષ્ય ગ્રહણ કરી શકે તો ગુરુ કાયમ જે વસ્તુ તેને આપી શકાય તે આપવા માટે કાયમ તૈયાર હોય છે.

અથવા એવું પણ બને કે જ્યારે શિષ્ય ગ્રહણ કરવા તૈયાર થાય ત્યારે બધું આપવા તૈયાર હોય છે. જો શિષ્ય ગ્રહણ કરવાનો ઇનકાર કરે અથવા આંતરિક કે બાહ્ય રીતે એવું વર્તન કરે કે ગ્રહણશીલતાને તે અશક્ય બનાવે અથવા તે સચ્ચાઈપૂર્ણ ન હોય, અથવા ખોટું વલણ ધારણ કરે, તો પછી વસ્તુઓ મુશ્કેલ બને છે. પરંતુ જો વ્યક્તિ સત્યનિષ્ઠ અને શ્રદ્ધાવાન હોય અને તેનામાં સાચું વલણ હોય, અને ગુરુ પોતે સાચો ગુરુ હોય તો ગમે તેટલા સમયે પણ **તે** વસ્તુ ચોક્કસ આવશે જ.

*

રામકૃષ્ણએ બીજાઓને સિદ્ધિ આપી તે પહેલાં તેમનામાં પોતાનામાં સિદ્ધિ હતી જ – તે જ પ્રમાણે બુદ્ધમાં પણ હતું. બીજાઓ વિષે હું કાંઈ જાણતો નથી. અલબત્ત, પૂર્ણતા એટલે પોતાના માર્ગની સિદ્ધિ, સાક્ષાત્કાર. રામકૃષ્ણએ એક નિયમ સ્થાપન કરેલો કે જયાં સુધી વ્યકિતમાં પોતાનામાં પૂર્ણ શકિત અથવા સત્તા ન હોય ત્યાં સુધી બીજાઓના ગુરુ કે શિક્ષક બનવું ન જોઈએ.

*

દિવ્ય બલનું કાર્ય તપસ્યા, એકાગ્રતા અને સાધનાની જરૂરિયાતને બાતલ કરતું નથી. તેનું કાર્ય આ બધી વસ્તુઓના પ્રત્યુત્તરરૂપે અથવા સહાયરૂપે આવે છે. એ સાચું છે કે તે કેટલીક વખત તેમના વગર પણ કાર્ય કરે છે; ઘણી વખત તો તે એવા પ્રકારના માણસોમાં કાર્ય કરે છે જેઓએ પોતાની જાતને તૈયાર કરેલી હોતી નથી, અથવા તેઓ તૈયાર થયા હોય તેવું પણ લાગતું નથી. પરંતુ તે કાયમ જ અથવા સામાન્યતયા તે રીતે કાર્ય કરતી નથી, તેમ જ એક ચમત્કાર તરીકે પણ કોઈ પણ જાતની પ્રક્રિયા વગર શૂન્યમાં પણ કાર્ય કરતી નથી. તેમ જ એ એવા પ્રકારનું યંત્ર પણ નથી જે દરેકની સાથે એક જ પ્રકારે કાર્ય કરતી હોય; અથવા બધી જ પરિસ્થિતિઓમાં અને સંજોગોમાં એક જ પ્રકારથી કાર્ય કરતી નથી; તે કોઈ શારીરિક બલ નથી પરંતુ આધ્યાત્મિક દિવ્ય બલ છે. તેના કાર્યને તમે નિયમોમાં બાંધી શકો નહિ.

ગુરુની શકિતને, એક શિક્ષક તરીકે, જે માર્ગ બતાવે છે પરંતુ મદદ કે માર્ગદર્શન કરી શકતી નથી, એવી મર્યાદિત છે એવો ખ્યાલ કેટલાક યોગોની શાખાઓનો છે. જેવી કે શુદ્ધ અદ્વૈતવાદીની અથવા બુદ્ધવાદની શાખાઓ. તેઓ એમ કહે છે કે તમારે તમારી જાત ઉપર જ આધાર રાખવો જોઈએ અને તમને બીજો કોઈ મદદ કરી શકે નહિ; પરંતુ શુદ્ધ અદ્વૈતવાદી પણ હકીકતમાં તેના ગુરુ ઉપર આધાર રાખે છે, અને બુદ્ધવાદનો મુખ્ય મંત્ર બુદ્ધના ‘ શરણ ’ ઉપર ખાસ ભાર મૂકે છે. સાધનાના બીજા માર્ગો માટે ખાસ કરીને તેવા માર્ગો, ગીતાની માફક,

વ્યક્તિગત આત્માની વાસ્તવિકતાને પરમાત્માના 'શાશ્વત અંશ' તરીકે સ્વીકારે છે, અથવા તેઓ માને છે કે ભગવાન અને ભકત બન્ને વાસ્તવિક સાચી બાબત છે, અને તેમાં ગુરુની સહાય ઉપર અનિવાર્ય મદદ તરીકે આધાર રાખવાનો હોય છે.

હું વિવેકાનંદની અનુભૂતિની સચ્ચાઈ વિષેનો વિરોધ સમજી શકતો નથી; તે બરાબર તે પ્રકારનો સાક્ષાત્કાર હતો જેનું ઉપનિષદોમાં આત્માની પરમ અનુભૂતિ તરીકે વર્ણન કરેલું છે. સમાધિમાં પ્રાપ્ત કરેલી અનુભૂતિને જાગૃત અવસ્થામાં લંબાવી શકાય નહિ, એ સાચી હકીકત નથી.

*

હા, તે પ્રાણની ખામી છે, સાધનાના સંકલ્પની ખામી – વ્યકિતને પોતાના શિક્ષક પાસેથી શીખવું પડે છે, અને તેની સૂચનાઓ મુજબ કાર્ય કરવાનું હોય છે, કારણ કે શિક્ષક વિષયના જાણકાર હોય છે અને તેને કઈ રીતે શીખવવું તે જાણે છે – તે રીતે આધ્યાત્મિક બાબતોમાં વ્યકિતને એવા ગુરુનું અનુસરણ કરવાનું હોય છે, જેનામાં જ્ઞાન હોય છે અને જે માર્ગનો જાણકાર હોય છે. જો વ્યકિત પોતે જાતે જ શીખે તો એવા પ્રસંગો બને જેમાં વ્યકિત બધું ખોટું પણ શીખી લે. ખોટી રીતે શીખવાની સ્વતંત્રતાનો શો ઉપયોગ? અલબત્ત જો વિદ્યાર્થી શિક્ષક કરતાં પણ વધારે બુદ્ધિશાળી હોય, તો તે તેના શિક્ષક કરતાં પણ વધારે શીખી શકે, જેવી રીતે મહાન આધ્યાત્મિક શક્તિ એવા સાક્ષાત્કાર પ્રત્યે પહોંચી શકે જે અનુભૂતિ ગુરુને પ્રાપ્ત ન થઈ હોય – પરંતુ તેમ છતાં પ્રથમ તબક્કામાં સંયમ અને શિસ્ત અનિવાર્ય છે.

*

હજુ સુધી કોઈ પણ માનવીએ ગુરુવાદનો વિરોધ કરેલો નથી; સામાન્યતયા તેવા જ લોકો જેઓ મન અને પ્રાણમાં જીવતા હોય છે અને જેમનામાં મનનું અભિમાન અને પ્રાણનો ગર્વ હોય છે એવા લોકો જ ગુરુને ઓળખવા માટે પોતાની જાતની પ્રતિષ્ઠાથી હલકી વસ્તુ ગણે છે.

*

તે બધું જ લોકપ્રિય યોગ છે. ગુરુનો સ્પર્શ અથવા ગુરુકૃપા કોઈક વસ્તુનું ઉદ્‌ઘાટન કરે છે, પરંતુ તેમ છતાં મુશ્કેલીઓનો ઊકેલ તો લાવવાનો હોય છે જ. સાચી વસ્તુ એ છે કે જો પૂર્ણ સમર્પણ હોય, જેમાં ચૈત્ય પુરુષ મહત્વનો ભાગ ભજવતો હોય તો આ મુશ્કેલીઓ બંધનરૂપ અથવા વિઘ્ન તરીકે લાગતી નથી, પરંતુ ફકત ઉપરછલ્લી અપૂર્ણતાઓ લાગે છે અને પ્રભુકૃપાનું કાર્ય તેમનો ઉકેલ લાવી આપશે.

*

મને લાગે છે કે રામકૃષ્ણની વાણી (૧) સાધનામાં રહેલી કોઈ વિશિષ્ટ ઘટનાને અભિવ્યકત કરે છે અને તેનો સર્વસાધારણ રીતે અને નિરપેક્ષપણે ઉપયોગ ન કરી શકાય; કારણ કે તેવા અર્થમાં તે સાચી રીતે બનવી મુશ્કેલ છે. બધી જ મુશ્કેલીઓ એક ક્ષણમાં અદૃશ્ય થઈ જાય? વિવેકાનંદમાં રામકૃષ્ણની કૃપા શરૂઆતથી જ હતી પરંતુ મને લાગે છે કે તેમની શંકાની મુશ્કેલી ઘણા લાંબા સમય સુધી ટકેલી અને તેમના જીવનની છેલ્લી ઘડી સુધી તેમનામાં ગુસ્સા ઉપર કાબુ પ્રાપ્ત કરવાની મુશ્કેલી તેમનામાં રહેલી – અને તેથી તેમણે એમ કહેલું કે જે કાંઈ તેમનામાં સારું હતું તે તેમના ગુરુની બક્ષિસ હતી, પરંતુ આ બધી વસ્તુઓ (ક્રોધ વગેરે) તેમની પોતાની માલિકીની હતી. પરંતુ સાચી હકીકત એ હોઈ શકે કે ગુરુ અને શિષ્ય વચ્ચે રહેલો કોઈ સંપર્ક કોઈ કેન્દ્રસ્થ મુશ્કેલીને અદૃશ્ય કરી શકે. પરંતુ 'કૃપા' નો અર્થ શો હોઈ શકે? જો તે સામાન્ય રીતની ગુરુની સહાનુભૂતિ અને કૃપા હોય તો તે તો વ્યકિત જાણે છે કે કાયમ શિષ્ય ઉપર હોય છે જ. ગુરુ શિષ્યને સ્વીકારે એ જ કૃપાનું કાર્ય છે, અને સાધક પોતે તે કૃપાને ગ્રહણ કરવાની મદદ આપે છે. પરંતુ કૃપાનો સ્પર્શ પ્રભુ કૃપા સીધે સીધી આવે અથવા ગુરુ મારફતે પ્રાપ્ત થાય એ એક વિશિષ્ટ ઘટના હોય છે, જેને બે બાજુઓ હોય છે – ગુરુની અથવા પ્રભુની કૃપા હકીકતમાં બન્ને વસ્તુ એક સાથે જ એક બાજુએ અને બીજી બાજુએ સાધકમાં રહેલી 'કૃપાની ભૂમિકા' છે. 'કૃપાની ભૂમિકા' ઘણી વખત લાંબી તપસ્યા દ્વારા અથવા વિશુદ્ધિ દ્વારા તૈયાર થાય છે, જેમાં કોઈ નિશ્ચિત વસ્તુ બનતી દેખાતી નથી, ફકત સ્પર્શો અથવા ઝાંખીઓ અથવા પસાર થતી અનુભૂતિઓ વધારેમાં વધારે દેખાય છે અને તે કોઈ પણ જાતની ચેતવણી વગર આવે છે. જો રામકૃષ્ણની કહેવતમાં આ વસ્તુ કહેવામાં આવી હોય, તો તે વસ્તુ સાચી છે કે તે જયારે આવે છે ત્યારે મૂળભૂત મુશ્કેલીઓ એક ક્ષણમાં સામાન્ય રીતે અદૃશ્ય થઈ જાય. અથવા ઓછામાં ઓછું, એવી કોઈ વસ્તુ બની આવે છે જે બાકી રહેલી સાધના – તેને ગમે તેટલો લાંબો સમય લાગે તો પણ ખાતરીબંધ અને ચોક્કસ થાય છે.

નિશ્ચિત સ્પર્શ સૌથી સહેલી રીતે 'બિલાડીનાં બચ્ચાં' જેવા માણસો માટે આવે છે, જેમનામાં ચૈતસિક અને ઊર્મિમય પ્રાણની વચ્ચેના કોઈ બિંદુએ ગુરુ પ્રત્યે અથવા પ્રભુ પ્રત્યે સમર્પણની ઝડપી અને નિશ્ચિત ગતિ, તેમનામાં બને છે. મેં જોયું

(૧) ગુરુની કૃપા વડે બધી જ મુશ્કેલીઓ એક ચમકારામાં અદૃશ્ય થઈ જાય છે. જે રીતે યુગોથી એકઠો થયેલો અંધકાર જે ક્ષણે તમે દિવાસળી સળગાવો તેના એક ઝબકારાથી અદૃશ્ય થઈ જાય છે તે રીતે.

છે કે જો તે ત્યાં હોય અને એક સચેતન કેન્દ્રસ્થ અધિનતા હોય જે મનને પણ ફરજ પાડે, અને બાકી રહેલા પ્રાણને પણ ફરજ પાડે તો મૂળભૂત મુશ્કેલી અદૃશ્ય થઈ જાય છે. જો બીજી વસ્તુઓ બાકી રહે તો તેઓ મુશ્કેલીઓ તરીકે જણાતી નથી, એવી વસ્તુઓ હોય છે જેમને કરવાની હોય છે અને તેને માટે ચિંતા કરવાનું કોઈ કારણ રહેતું નથી. કેટલીક વખત કોઈ તપસ્યાની જરૂર હોતી નથી – માણસ પેલી શકિતને હવાલો સોંપે છે જે તેને માર્ગદર્શક લાગતી હોય, અને તે સાધના કરતી હોય એવું અનુભવે, અને તેના કાર્યને અનુમતિ આપે છે; તેનાથી જે વસ્તુઓ વિરોધી લાગે તેમનો પરિત્યાગ કરે છે, અને જે વસ્તુઓને દૂર કરવાની હોય તે વસ્તુઓને તે શકિત દૂર કરે છે, અથવા જે વસ્તુઓમાં પરિવર્તન કરવાનું હોય તેમાં ઝડપથી અથવા ધીરેથી પરિવર્તન કરે છે – પરંતુ ઝડપ કે ધીમી ગતિ માટે કોઈ ચિંતા કરવાની જરૂર નથી, કારણ કે માણસને ખાતરી હોય છે કે તે વસ્તુ અવશ્ય બનશે જ. જો તપસ્યા જરૂરી હોય તો તે એક એવી સમર્થ લાગણીથી કરવામાં આવે છે કે તપસ્યામાં કોઈ વસ્તુ કઠિન અથવા બંધનયુકત લાગતી નથી.

બીજાઓ માટે એટલે કે બિલાડીના બચ્ચાં જેવાઓ માટે અથવા જેઓ વધારે સ્વતંત્ર છે અને પોતાના વિચારોનું જ અનુસરણ કરે છે તથા પોતે સાધના કરે છે, અને કોઈ સૂચના અથવા સહાયને પુકાર કરે છે તેમના માટે ગુરુકૃપા હોય છે જ, પરંતુ તે સાધકની પ્રકૃતિ અનુસાર કાર્ય કરે છે અને થોડા કે વત્તા અંશે તેના પ્રયત્ન માટે જ રાહ જુએ છે; તે સહાયરૂપ બને છે, મુશ્કેલીમાંથી ઉગારે છે, જોખમ વખતે બચાવ કરે છે, પરંતુ સાધક કાયમ અથવા ભાગ્યે જ શું થઈ રહ્યું છે તેના વિષે સભાન હોય છે, કારણ કે તે તો પોતાની જાતમાં અને પોતાના પ્રયત્નમાં નિમગ્ન હોય છે. આવા પ્રસંગોમાં નિશ્ચિત માનસિક ગતિ, તથા એવો સ્પર્શ જે દરેક વસ્તુને સ્પષ્ટ કરી આપે, તે આવતા ઘણો લાંબો સમય લાગે છે.

પરંતુ બધાની સાથે '**કૃપા**' તો ત્યાં હોય છે જ અને તે એક યા બીજી રીતે કાર્ય કરતી હોય છે જ, અને તે સાધકનો ત્યારે જ ત્યાગ કરે જ્યારે સાધક તેનો ત્યાગ કરે, અથવા તેનો ઇનકાર કરે – આ વસ્તુમાં એક નિશ્ચિત બંડખોર વૃત્તિદ્વારા ગુરુના ઇનકારદ્વારા – જેવી રીતે ચિત્રકારના ચિત્રને કાપીકૂપીને છિન્ન ભિન્ન કરે અને પોતાની સ્વતંત્રતા જાહેર કરીને અને એવા કાર્યદ્વારા અથવા એવી પ્રક્રિયાદ્વારા જે દગો છે અને તેને પોતાના ચૈત્યપુરુષમાંથી છુટો પાડી દે ત્યારે આ કૃપા તેનો ત્યાગ કરે છે તેમ છતાં સિવાય કે છેલ્લો પ્રસંગ કહ્યો તે પ્રમાણે જો તે અંતિમ કક્ષાએ પહોંચે તો પણ પ્રભુકૃપા તરફ પાછા ફરવાનું અશકય નથી.

તે વસ્તુ મારા પોતાના જ્ઞાન અને અનુભૂતિની વસ્તુ છે. પરંતુ રામકૃષ્ણના વચનની પાછળ કઈ વસ્તુ રહેલી છે અને તેઓ તે વસ્તુને સર્વસામાન્ય અને કેવળ એક વિધાન તરીકેના અર્થમાં લેતા – તે વિષે હું કોઈ વસ્તુ જાહેર કરી શકું નહિ.

*

એવું કાયમ કહેવાય છે કે શિષ્યો સ્વીકારવા એટલે તમારી જાત ઉપર શિષ્યોની મુશ્કેલીઓ તેમ જ તમારી પોતાની મુશ્કેલી પણ સ્વીકારી લેવી. અલબત્ત, જો ગુરુ પોતે જ પોતાના શિષ્યની સાથે તાદાત્મ્ય ન સાધે, તેને પોતાની ચેતનાની અંદર ગ્રહણ ન કરે, અને તેને બહાર રાખે અને તેને ફક્ત **ઉપદેશ જ** આપે અને તેને પોતાની જાત ઉપર છોડી દે તો આવી અસરો ઘણી ઘટી જાય. વ્યાવહારિક રીતે શૂન્ય બની જાય.

*

જ્યારે માણસ સચ્ચાઈપૂર્વકનું સમર્પણ સ્વીકારે ત્યારે સાધનાના જીવન માટેની કોઈ પણ અગત્યની બાબત છુપાવવી જોઈએ નહિ. કબુલાત ચેતનાને, તેનામાં અટકાયત કરતાં તત્ત્વોને, સ્વચ્છ કરવા માટે સહાયરૂપ બને છે, અને આંતરિક વાતાવરણને સ્વચ્છ બનાવે છે, અને ગુરુ અને શિષ્ય વચ્ચે એક વધારે નજીકનો વધારે આત્મીય અને વધારે અસરકારક સંબંધ સ્થાપિત કરે છે.

*

૬

સાધનાના માર્ગમાં બધી જ વસ્તુઓમાં તે પ્રમાણે થાય છે – માણસને ગમે તેટલો લાંબો સમય લાગે છતાં તેણે ટકી રહેવું જોઈએ અને આ રીતે જ તે કાંઈક પ્રાપ્ત કરી શકે છે.

*

યોગ માટે એવી શક્તિની જરૂર છે જે શકિત પ્રયત્ન, વિઘ્ન અથવા મુશ્કેલીની આરપાર નીકળી જાય, અને તેમાં થકાવટ, નિરાશા નિરુત્સાહ અથવા અધીરાઈ ન આવવાં જોઈએ તેમ જ પ્રયત્ન કરતાં ભાંગી ન પડવું જોઈએ અથવા પોતાના લક્ષ્યને અથવા નિશ્ચયને છોડવાં ન જોઈએ.

*

ગમે તે પદ્ધતિનો ઉપયોગ કરો, પરંતુ ખંત અને ધીરજ અનિવાર્ય છે, કારણ કે ગમે તે પદ્ધતિનો ઉપયોગ કરો, પ્રકૃતિનો પ્રતિકાર તેની સામે યુદ્ધ કરવા માટે તૈયાર હોય છે જ.

*

આ પ્રકારના યોગમાં ધીરજની જરૂર છે, કારણ કે તેમાં મૂળભૂત હેતુઓ તેમ જ પ્રકૃતિના દરેક ભાગ અને વિગત બન્નેમાં પરિવર્તન કરવાનાં છે. આમાં એવું કહ્યે નહિ ચાલે – " મેં કાલે માતાજીને સમગ્ર રીતે મારી જાતનું અર્પણ કરવાનો નિશ્ચય કરેલો, અને જુઓ તે વસ્તુ બની નથી, પરંતુ તેનાથી ઊલટું બધી જ જૂની વિરોધી વસ્તુઓ ફરીથી પાછી બીજી વખત આવે છે." અલબત્ત, જ્યારે તમે એવા બિંદુએ પહોંચો, જ્યાં તમે તે પ્રકારનો નિશ્ચય કરો છો ત્યારે જે જે વસ્તુ માર્ગમાં વિઘ્નરૂપ હોય, તે ફરી ફરીને ઉપસ્થિત થાય છે – એ પ્રમાણે અચૂક બને છે. વસ્તુની સાથે એ રીતે કામ લેવાનું છે કે પાછા હઠીને ઊભા રહેવું તથા ઈનકાર કરવો; આ વસ્તુઓને તમારો કબજો ન લેવા દેવો, તમારા કેન્દ્રવર્તી સંકલ્પને તે વસ્તુઓમાંથી અલગ પાડવો અને માતાજીની શકિતનું તે વસ્તુઓ સાથે મિલન કરાવવું; જો માણસ તેમાં ભળી જાય, જે વારંવાર બને છે, તો તેમાંથી શકય બને એટલી ઝડપે બહાર નીકળી જવું જોઈએ અને ફરીથી આગળ ચાલવું જોઈએ.

તે વસ્તુ જ દરેક વ્યકિત, દરેક યોગ કરે છે – નિરાશ થઈ જવું, કારણ કે વ્યકિત દરેક વસ્તુ ઝડપથી કરી શકતી નથી, એવી ઝડપ યોગના સત્યથી બિલકુલ ઊલટી વસ્તુ છે.

તમે જે સ્થિરતા પ્રાપ્ત કરી છે, એ કોઈ અંગત સદ્‌ગુણ નથી પરંતુ તેનો આધાર તમે માતાજી સાથે કેટલા સંપર્કમાં રહો છો તેના ઉપર છે – કારણ કે તે તેમની શકિત છે અને તેની પાછળ રહેલી છે અને તમે જે કાંઈ પ્રગતિ કરો છો તેની પાછળ રહેલી છે. તે શકિત ઉપર આધાર રાખવાનું શીખો, તેના પ્રત્યે વધારે પૂર્ણ રીતે ખુલ્લાં થતાં શીખો અને તમારી આધ્યાત્મિક પ્રગતિને તમારા પોતાના માટે ન શોધો, પરંતુ પરમાત્માના અર્થે શોધો – તો તમે વધારે સરળતાથી યોગમાર્ગમાં આગળ જઈ શકશો.

*

એ ચોક્કસ છે કે પ્રભુ પ્રત્યેની એક તીવ્ર અભીપ્સા પ્રગતિ કરવામાં સહાયરૂપ થાય છે, પરંતુ ધીરજની પણ તેમાં જરૂર છે. કારણ કે એક મહાન

પરિવર્તન કરવાનું છે અને જો કે કોઈ ક્ષણોએ ઝડપી ફેરફાર થાય છતાં તે પ્રમાણે કાયમ બનતું નથી. જૂની વસ્તુઓ શકય બને તેટલો સમય ચીટકી રહેવા પ્રયત્ન કરે છે. જે નવીન વસ્તુ આવે છે તેમાં પ્રગતિ કરવાની હોય છે અને તે વસ્તુઓનું પાચન કરવા માટે અને પ્રકૃતિને સામાન્ય બનાવવા માટે ચેતનાને સમય લાગે છે.

તમારા મનમાં આ મક્કમ શ્રદ્ધાને ટકાવી રાખો જેથી જે વસ્તુની જરૂર હોય તે થઈ શકે અને તે પૂર્ણ રીતે બની શકશે. તેના વિષે કોઈ શંકા હોઈ શકે નહિ.

*

સાચું છે કે ખૂબ ધીરજ અને સ્થિરતાની જરૂર છે. તેથી મક્કમ અને ધીર રહો તથા સાધનાના લક્ષ્યને વળગી રહો, પરંતુ તે વસ્તુઓ તાત્કાલિક બની આવે એટલા માટે અતિ ઉત્સાહી ન બનો. તમારી અંદર કોઈ કાર્ય કરવાનું બાકી છે અને તે થયા કરે છે; એક મક્કમ શ્રદ્ધા અને આત્મવિશ્વાસનું વલણ રાખવાથી મદદ મળે છે. દરેકમાં શંકાઓ ઉત્પન્ન થાય છે, માનવના સ્થૂલ મન માટે એ સ્વાભાવિક છે – તેમનો ત્યાગ કરો. તાત્કાંલિક પરિણામ માટેની અધીરાઈ અથવા વધારે પડતી આતુરતા માનવ પ્રાણ માટેની સ્વાભાવિક વસ્તુ છે; માતાજીમાં અડગ શ્રદ્ધા રાખવાથી તે અદૃશ્ય બની જશે. તેમના માટેનો પ્રેમ, તેમની અંદર રહેલી દિવ્ય શકિત, જેને તમે તમારી જાત અર્પણ કરી છે – તેનાથી દરેક વિરુદ્ધ લાગણીનો વિરોધ કરો, અને ત્યાર પછી આ વિરોધી લાગણીઓ અમુક સમય પછી તમારી પાસે આવી શકશે નહિ.

*

અધીરાઈ રાખવી એ કાયમ ભૂલ છે, તે મદદરૂપ બનવાને બદલે વિઘ્નરૂપ બને છે. સાધના માટેનો શ્રેષ્ઠ પાયો એક સ્થિર સુખપૂર્વકની શ્રદ્ધા અને વિશ્વાસ છે; બાકીની બધી વસ્તુઓ માટે પોતાની જાતને વિશાળ રીતે ખુલ્લી કરવી, અને વ્યકિતએ તીવ્ર અભીપ્સાથી તેને ગ્રહણ કરવા માટે કાયમ શાંત અને સ્થિર રહેવું જોઈએ. પૂર્ણ યૌગિક સાક્ષાત્કાર એકદમ આવતો નથી, તે વસ્તુ તો આધારને લાંબા સમય સુધી તૈયાર કર્યા પછી જ આવે છે.

*

દિવ્યકૃપા માટે કોઈ શંકા હોઈ શકે નહિ. એ પણ સાચું છે કે જો કોઈ માણસ સત્યનિષ્ઠ હોય તો તે પરમાત્મા સુધી પહોંચે છે જ. પરંતુ તેને લઈને એમ સમજવાનું નથી કે તે તાત્કાલિક સરળતાથી અને કોઈ પણ ઢીલ વગર તેમાં પહોંચી જશે. તમારી ભૂલ ત્યાં થાય છે કે તમે પ્રભુ માટે સમયગાળો નક્કી કરો

છો, પાંચ કે છ વર્ષ અને તમારામાં શંકા છે કારણ કે હજુ સુધી કોઈ પરિણામ આવ્યું નથી. માણસ કેન્દ્રમાં સચ્ચાઈપૂર્ણ હોય અને છતાં સાક્ષાત્કાર થાય તે પહેલાં તેનામાં એવી ઘણી વસ્તુઓ હોય જેમાં ફેરફાર કરવાની જરૂર હોય. તેની સચ્ચાઈમાં કાયમ ધૈર્ય રાખવાની શકિત હોવી જોઈએ – કારણ કે તે પ્રભુ માટેની ઝંખના છે, જેની તરસ કોઈ બીજી વસ્તુ તૃપ્ત કરી શકે નહિ, ઢીલ કે નિરાશા કે મુશ્કેલી અથવા બીજું કાંઈ પણ તેની ઝંખનાને તૃપ્ત કરી શકે નહિ.

*

"હું ફરીથી પ્રયત્ન કરીશ" એટલું પૂરતું નથી. જરૂર એ છે કે કાયમ પ્રયત્ન કરવો – સ્થિરતાથી, હૃદય હતાશાથી મુકત હોવું જોઈએ, જે પ્રમાણે ગીતા કહે છે તે પ્રમાણે 'અનિર્વિણ્ણચેતસા.' તમે સાડા પાંચ વર્ષ વિષે એવું કહો છો, જાણે તે લક્ષ્યને પહોંચવા માટે પ્રચંડ લાંબો સમય લાગ્યો હોય, પરંતુ જો કોઈ એવો યોગી હોય જે એટલા સમયમાં પોતાની મૂળભૂત પ્રવૃત્તિમાં ફેરફાર લાવી શકયો હોય અને પરમાત્મા માટેની સઘન નિશ્ચયાત્મક અનુભૂતિઓ પ્રાપ્ત કરી હોય તો તેને આધ્યાત્મિક માર્ગમાં વિરલ કૂદકાઓ મારતો યોગી કહી શકાય – કોઈ પણ વ્યકિતએ કદી પણ એમ કહ્યું નથી કે આધ્યાત્મિક પરિવર્તન સરળ વસ્તુ છે, બધા જ આધ્યાત્મિક સાધકો કહેશે કે તે વસ્તુ મુશ્કેલ છે, પરંતુ શ્રેષ્ઠ કરવા લાયક વસ્તુ છે. જો કોઈ વ્યકિતની પરમાત્મા માટેની ઈચ્છા એક પ્રભુત્વવાળી ઈચ્છા હોય, તો એ ચોક્કસ છે કે માણસ પોતાનું સમગ્ર જીવન તેના માટે અર્પણ કરી શકે છે અને તેના માટે સમય લાગે તેથી વિષાદ કે ગણગણાટ કરતો નથી. તેમ જ મુશ્કેલી કે મહેનત માટે પણ ફરિયાદ કરવાની હોતી નથી.

બીજું તમે તમારી અનુભૂતિઓને અસ્પષ્ટ અને સ્વપ્નવત ગણો છો. પ્રથમ તો આંતર જીવનમાં થતી નાની અનુભૂતિઓ પ્રત્યે ધિક્કાર બતાવવો એ કોઈ ડહાપણનું, તર્કનો કે સામાન્ય બુદ્ધિનો ભાગ નથી. સાધનાની શરૂઆતમાં, ઘણા લાંબા સમય સુધી એક બીજાની સાથે થતા સામાન્ય અનુભવો અને જો તે તેમની પૂર્ણ કિંમત આપવામાં આવે તો તે ક્ષેત્રને તૈયાર કરે છે, એક ચેતનાની તૈયારી કરે છે, અને મહાન અનુભૂતિઓ વચ્ચેની દીવાલોને તોડી પાડે છે. પરંતુ જો તમે તે અનુભૂતિઓને એવી રીતે ધિક્કારો કારણ કે તમારી મહત્વાકાંક્ષા પ્રમાણેના ખ્યાલ પ્રમાણે તે બનતી નથી અને એવું વિચારો કે તમને મહાન અનુભૂતિઓ થવી જોઈએ, નહિ તો કોઈ અર્થ નથી, તો એમાં આશ્ચર્ય નથી કે તેઓ એકાદ માસમાં એકાદ વખત આવે, અને તેમનું કાર્ય કરી શકે નહિ. વળી તમારી બધી જ અનુભૂતિઓ નાની નહોતી. કેટલીક તો એવી હતી જેમાં શરીરમાં નીરવતા લાવે

એવી શક્તિશાળી હતી – જેને તમે જડ (અશકિત) કહેલા હતા – તે વસ્તુને કોઈ પણ આધ્યાત્મિક માનવી ઊર્ધ્વ શાંતિ અને પ્રકાશ પ્રત્યે ચેતનાના ઉદ્‌ઘાટનના રૂપનું પ્રથમ પગથિયાં તરીકે જાણી શકે. પરંતુ તે તમારી અપેક્ષાની સાથે બંધ-બેસતું નહોતું અને તમે તેની ખાસ કિંમત આંકી નહિ. તમે જેને અસંદિગ્ધ અને સ્વપ્ન જેવું ગણતા હતા, તે એવું લાગે છે કારણ કે તમે તે વસ્તુને અને જે કોઈ વસ્તુ તમારી અંદર બને છે તેને, બાહ્ય સ્થૂલ મન અને બુદ્ધિના દૃષ્ટિબિંદુથી જુઓ છો, જે સ્થૂલ વસ્તુઓને જ સાચી અને અગત્યની તથા સ્પષ્ટ રીતની ગણે છે, અને તે વસ્તુ માટે આંતરિક ઘટના બિનવાસ્તવિક, અસ્પષ્ટ અને સત્યવગરની ગણે છે. આધ્યાત્મિક અનુભૂતિ સ્વપ્ન અથવા દર્શનને પણ ધિક્કારતી નથી, તે જાણે છે કે આમાંની ઘણી વસ્તુઓ બિલકુલ સ્વપ્ન હોતાં નથી, પરંતુ આંતરિક ભૂમિકા ઉપર થતી અનુભૂતિઓ હોય છે અને તે આંતરિક ભૂમિકાની અનુભૂતિઓ અંતરાત્માને બહાર ખુલ્લો કરવા તરફ દોરવણી આપે છે જેથી કરીને બાહ્ય વસ્તુમાં અસર થાય અને પરિવર્તન આવે. તેનો સ્વીકાર કરવામાં ન આવે તો જે સૂક્ષ્મ ચેતના અને સમાધિમાં રહેલી ચેતનાના અનુભવો ન સ્વીકારવામાં આવે તો જાગૃત ચેતના, જે શરીર અને શારીરિક મન તથા ઈન્દ્રિયોની સાંકડી કેદમાં પૂરાયેલાં છે, તેઓ કેવી રીતે વિશાળ બને ? કારણ કે સ્થૂલ મન જે આંતર જાગૃત ચેતના વડે અસ્પર્શ્ય રહે છે, તેને વૈશ્વિક ચેતના અથવા શાશ્વત આત્મા પણ કેવળ સ્વલક્ષી અને ન માની શકાય તેવી વસ્તુઓ ગણે છે. સ્થૂલ મન એવું વિચારે, "બેશક વિચિત્ર છે, અને રસપ્રદ છે, પરંતુ બિલકુલ સ્વલક્ષી છે; તમને એવું નથી લાગતું ? ભ્રમણાઓ છે ? — હા", – આધ્યાત્મિક સાધકનું પ્રથમ કાર્ય છે કે તેણે આ સ્થૂલ મનના દૃષ્ટિબિંદુથી દૂર હઠી જવું, અને આંતરિક ઘટનાઓ પ્રત્યે આંતર મન વડે દૃષ્ટિ કરવી, અને તેમાં તે વસ્તુઓ ઘણી શકિતશાળી અને ઉત્સાહપ્રેરક વાસ્તવિકતાઓ બને છે. જો કોઈ માણસ તે પ્રમાણે કરે તો તે જોવાની શરૂઆત કરે છે, કે અહીં સત્ય અને જ્ઞાન માટેનું વિશાળ ક્ષેત્ર છે, જેમાં માણસ એક શોધ તરફથી બીજી શોધ તરફ જઈ શકે છે, અને છેવટે પરમોચ્ચ શોધને પ્રાપ્ત કરી શકે છે. પરંતુ બાહ્ય સ્થૂલ મન, જો તેનામાં પરમાત્મા વિષેના કોઈ ખ્યાલો હોય અને થોડી ઘણી પણ આધ્યાત્મિકતા હોય, તો તેનામાં ઉતાવળીયા પ્રથમદર્શી વિચારો હોય છે, જે આંતર સત્ય અને અનુભૂતિની ભૂમિ કરતાં માઈલોના માઈલો દૂર હોય છે.

બીજી વસ્તુઓની લંબાણપૂર્વકની ચર્ચા કરવા માટે મારી પાસે વધારે સમય બચતો નથી. તમે પરમાત્માની કડક માગણીઓ અને સખત શરતો વિષે વાત કરો છો – પરંતુ તમે પોતે જ પરમાત્મા ઉપર કેવી સખત માગણીઓ અને લોખંડી

શરતો મૂકો છો ? તમે વ્યાવહારિક રીતે તેને એમ કહો છો, "હું દરેક પગલે તારે વિષે શંકા કરીશ અને તારો ઈનકાર કરીશ, પરંતુ તારે ક્ષતિ વગર તારી દિવ્ય હાજરીથી મને ભરી દેવો પડશે. હું જ્યારે જ્યારે યોગ વિષે કે તારે વિષે વિચારીશ ત્યારે હું પૂર્ણ નિરાશાથી અને વિષાદથી ભરેલો હોઈશ. પરંતુ તારે તો તારા ઉત્સાહપૂર્વક અવિરોધ્ય આનંદથી મારા અંધકાર અને નિરાશાને ભરી દેવાના છે. હું તો તને મારા સ્થૂલ મનથી અને સ્થૂલ ચેતનાથી માનીશ, પરંતુ તારે તો મને એવી શકિત આપવાની જે મારી સમગ્ર પ્રકૃતિમાં ઝડપથી ફેરફાર કરી આપે." વારુ, હું એમ નથી કહેતો કે પરમાત્મા આ પ્રમાણે કરશે નહિ, અથવા કરી શકે નહિ, પરંતુ જો આવા ચમત્કારનું સર્જન કરવાનું હોય, તો તમારે તેને અમુક સમય આપવો જોઈએ અને તેને એક લાખમા ભાગની પણ તક આપવી જોઈએ.

*

પરમાત્માની પ્રાપ્તિ મુશ્કેલ છે, પરંતુ વ્યકિત જો તેમની પ્રત્યે જ વળેલી હોય તો તેમને પ્રાપ્ત કરવા માટેની મુશ્કેલીઓ ઉપર વિજય પ્રાપ્ત કરી શકાય.

*

સાધના મુશ્કેલ વસ્તુ છે અને સમય માટે કચવાટ ન કરવો જોઈએ. સાધનાની છેલ્લી અવસ્થામાં જ મહાન, અને સતત ઝડપી પ્રગતિની વિશ્વાસથી અપેક્ષા રાખી શકાય.

શકિત વિષે એ પ્રમાણે છે કે શકિતનું અવતરણ જો પ્રાણ વિશુદ્ધ અને સમર્પિત થયેલો હોય તે પહેલાં આવે તો ઘણું જોખમી છે. તેના માટે સારી વસ્તુ એ છે કે તેણે વિશુદ્ધિ, જ્ઞાન, હૃદયની તીવ્ર અભીપ્સા તથા જેટલા પ્રમાણમાં તે શકિતને ધારણ કરીને પચાવી શકે એટલા પ્રમાણમાં, શકિત કાર્ય કરે એવી પ્રાર્થના કરવી જોઈએ.

*

કાયમ અંતર્મુખ રહો અને તમારી જાતને તેમાં સંડોવ્યા વગર કાર્ય કરો, ત્યાર પછી કોઈ વિરોધી વસ્તુઓ બનશે નહિ અથવા જો તે બની આવે તો કોઈ ભયંકર પ્રત્યાઘાત આવશે નહિ.

યોગને કોઈ પણ કારણસર છોડી દેવાનો વિચાર ખરેખર મૂર્ખાઈભર્યો અને અસંગત છે. રૂપાંતર માટે આઠ વર્ષ એ ઘણો ઓછો સમય છે. ઘણા માણસોને તો એટલો સમય અથવા તેનાથી વધારે સમય પોતાની ક્ષતિઓ વિષે સભાન બનવા માટે તથા ફેરફાર માટેનો ગંભીર સંકલ્પ કરવા માટે લાગે છે – અને ત્યાર પછી સંકલ્પને પૂર્ણ કરવા અને છેવટની સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે પણ ઘણો

લાંબો સમય લાગે છે. દરેક વખતે જ્યારે વ્યક્તિ ઠોકર ખાય ત્યારે તેને પોતાના પગ પર સ્થિર બનવા માટે નવો સંકલ્પ કરવો પડે છે. અને આ પ્રમાણે કરવાથી પૂર્ણ પરિવર્તન આવે છે.

*

શ્રદ્ધા માટે અભીપ્સા કરવા ઉપરાંત હું તમારી પાસે શેની ઇચ્છા રાખું છું? વારુ, પદ્ધતિમાં થોડી વ્યવસ્થા અને ખંત! ફક્ત બે દિવસ માટે અભીપ્સા રાખીને પછી ખાડામાં ન પડશો, અને પૃથ્વીના ધરતીકંપના આદેશમાં ન સંડોવાશો અને શોપનહોર વાંચીને તે ઉપરાંત ગધેડાની વાત અને એવું બધું ન કરશો. પરમાત્માને મુક્ત રીતે કામ કરવા માટે થોડી તક આપો. જ્યારે તે તમારામાં કાંઈક પ્રકાશ આપે અથવા પ્રકાશ માટે તૈયારી કરે, ત્યારે એક નિરાશાનો ભીનો કામળો લાવીને આવશો નહિ અને તે બિચારી શિખા ઉપર તેને ફેંકશો નહિ. તમે એમ કહેશો "તે તો ફક્ત મિણબત્તી સળગે છે – પરંતુ બીજું કાંઈ નથી!" પરંતુ આ બાબતમાં માનવ મનનો, પ્રાણનો અને શરીરનો અંધકાર દૂર કરવો હોય, ત્યારે મિણબત્તી એક શરૂઆત છે – ત્યાર પછી બત્તી આવે અને ત્યાર પછી સૂર્ય : પરંતુ શરૂઆતમાં જે આવે તેને એક ક્રમ પ્રમાણે સ્વીકારવી જોઈએ અને તેની હારમાળામાંથી નિરાશા, શંકા અને વિષાદના ટુકડાઓ કાપી ન કાઢશો. શરૂઆતમાં અને ઘણા લાંબા સમય સુધી અનુભૂતિઓ બહુ નાના પ્રમાણમાં આવે છે, અને વચ્ચે વચ્ચે ખાલી જગાઓ રહે છે – પરંતુ જો તેને તેની રીતે આવવા દેવામાં આવે તો ગાળાઓ ઓછા થતા જશે અને કવોન્ટમ સિદ્ધાંતને (Theory) બદલે આત્માનો ન્યૂટનવાળો સિદ્ધાંત લાગુ પડશે. પરંતુ તમે તેને કદી સાચી તક આપી નથી. જે ખાલી ગાળાઓ હતા તેમાં તમે શંકાઓના અને ઇનકારોના ટોળાબંધ તત્ત્વો ભરી દીધા છે અને તેથી કરીને કવોન્ટા વિરલ બન્યો છે અને શરૂઆત એ શરૂઆત જ રહી ગઈ છે. તમે અન્ય મુશ્કેલીઓનો સામનો કરીને ફેંકી દીધી છે, પરંતુ મુશ્કેલીનું તમે ઘણા લાંબા સમય સુધી લાલન કર્યું છે અને તેથી તે મજબુત બની છે – તેની સાથે ખંતપૂર્વક કામ લેવું જોઈએ. હું એમ નથી કહેતો કે કાંઈક વસ્તુ આવ્યા પહેલાં બધી જ શંકાઓ અદૃશ્ય થઈ જવી જોઈએ – એ વસ્તુ તો સાધનાને અશક્ય બનાવે, કારણ કે શંકા મનનો જીદ્દી હુમલાખોર દુશ્મન છે. હું એટલું જ કહું છું કે હુમલાખોરને તમારો સાથીદાર ન બનાવો, તેના માટે દ્વાર ખુલ્લું ન રાખો અને તેને હૂંફ આપવા માટે સગડી તૈયાર ન કરી આપો. તે ઉપરાંત આવતા પરમાત્માને પેલા નિરાશા અને વિષાદથી ભરેલા નિર્બળ ભીના કામળા વડે હાંકી ન મૂકો.

વધારે ગંભીરતાથી વાત કરીએ તો – એક વખત અને કાયમ માટે જે વસ્તુ કરવાની છે તેને સ્વીકારો. તે એકમાત્ર એવી વસ્તુ છે જે તમારે માટે અથવા પૃથ્વી માટે કરવાની છે. બહાર તો ધરતીકંપો અને હિટલરો રહેલાં છે તથા એક ભગ્ન સંસ્કૃતિ છે અને સામાન્ય રીતે કહીએ તો પેલો ગધેડો અને નદીનું પૂર રહેલું છે.

તે વસ્તુ અઘરી છે અને માર્ગ લાંબો છે અને જે ઉત્સાહ પ્રાપ્ત થાય છે તે બિલકુલ ઓછો છે ? તો પછી શું ? તો પછી શા માટે તમારે એવી અપેક્ષા રાખવી જોઈએ કે તે વસ્તુ સહેલી બને અથવા સફળતા ઝડપથી મળે અથવા બિલકુલ ન મળે ? મુશ્કેલીઓનો સામનો તો કરવાનો જ છે અને જેટલા આનંદથી તે બધી સ્વીકારવામાં આવે તેટલા પ્રમાણમાં વિજય વહેલો પ્રાપ્ત થશે. એક વસ્તુ કરવાની છે અને તે સફળતાનો મંત્ર, વિજય માટેનો નિશ્ચય અને મક્કમ નિર્ણય કે "મારે તે વસ્તુ જોઈએ જ છીએ અને તે વસ્તુ મને પ્રાપ્ત થશે જ." તમને અશકય લાગે છે? અશકયતા જેવી કોઈ વસ્તુ નથી – મુશ્કેલીઓ હોય છે, અને લાંબા ગાળાની હોય છે, પરંતુ કોઈ પણ વસ્તુ અશકય નથી. જે વસ્તુ મક્કમ રહીને કરવાની છે તે હાલ અથવા ગમે ત્યારે પણ થશે જ – તે શકય બને છે. અંધકારમય વિષાદને હાંકી કાઢો અને તમારા યોગ વડે આગળ ધપો. જેમ જેમ અંધકાર અદૃશ્ય થતો જશે તેમ તેમ આંતરદ્વારો ખુલ્લાં થતાં જશે.

*

તપસ્યાથી કરો કે સમર્પણથી, એ અગત્યનું નથી. લક્ષ્ય પ્રત્યે પૂર્ણ રીતે અભિમુખ રહેવું અને મક્કમ રહેવું એ એકમાત્ર અગત્યની વસ્તુ છે. એક વખત માણસ આ માર્ગ ઉપર પોતાનો પગ મૂકે ત્યાર પછી શા માટે તેનાથી નીચલી કોટિની વસ્તુ તરફ પગલાં ફેરવે ? જો માણસ અડગ રહે, તો તેણે સ્ખલનો માટે ચિંતા ન કરવી, તે ફરીથી ઊભો થઈ જાય છે અને આગળ ચાલે છે. જો માણસ પોતાના લક્ષ્ય પ્રત્યે અડગ હોય તો પરમાત્માના માર્ગ ઉપર છેવટે કદી નિષ્ફળતા મળતી નથી. જો તમારી અંદર એવી કોઈ વસ્તુ હોય જે ખાતરીબંધ રીતે આગળ ધપતી જાય, તો ઠોકરો અથવા પતનો અથવા શ્રદ્ધાની નિષ્ફળતા કોઈ પણ છેવટે રહેતાં નથી. જ્યાં સુધી સંઘર્ષ પૂરો ન થાય ત્યાં સુધી, આગળ ચાલ્યા જ કરવાનું છે અને આપણી આગળ સરળ, ખુલ્લો અને કંટકવિહીન માર્ગ છે જ.

*

આ માર્ગનું અનુસરણ કરવામાં ફક્ત શાંત અને મક્કમ રહેવાનું છે અને છેવટના અંતિમ ધ્યેય સુધી પહોંચવાનો સંકલ્પ રાખવાનો છે. જો તમે તે પ્રમાણે

કરશો તો સંજોગોને છેવટે તમારા સંકલ્પ અનુસાર પોતાની જાતને ઘડાવાની ફરજ પડશે, કારણ કે તમારી અંદર પ્રભુનો સંકલ્પ હશે.

*

શરૂઆતના તબક્કાઓમાં મુશ્કેલીઓ અને વિઘ્નરૂપ પ્રગતિ હોય છે જ અને આંતરદ્વાર ખુલ્લા થવામાં ઢીલ પણ થાય છે – પણ જ્યાં સુધી તૈયારી પૂર્ણ નથી હોતી ત્યાં સુધી જ તે પ્રમાણે બને છે. જ્યારે તમે ધ્યાન કરો ત્યારે જો આંતર પ્રકાશના ઝબકારા નિશ્ચલતાયુકત હોય તથા જો આંતર ઝંખના એટલી બધી બળવાન બને કે તમારી બાહ્ય પકડ ઘટતી જાય અને પ્રાણમય વિઘ્નો તેમનું બલ ગુમાવતાં જાય, તો તે મહાન પ્રગતિ શરૂ થઈ ગઈ છે. યોગનો માર્ગ લાંબો છે અને ખૂબ પ્રતિકારની સામે એક એક ઇંચ ભૂમિ ઉપર વિજય પ્રાપ્ત કરવાનો હોય છે અને સાધકમાં ધીરજ અને મનની એકાગ્રતાયુક્ત તિતિક્ષાની સાથે એવી શ્રદ્ધા રાખવાની હોય છે, જે બધી જ મુશ્કેલીઓ, ઢીલ અને બાહ્ય નિષ્ફળતાની સામે ટકી રહે, એવા ગુણની તેનામાં સૌથી વધારે જરૂર રહે છે.

*

જે વ્યકિતને કંટાળાની બીક હોય અને કાંઈક નવીન વસ્તુ જોઈતી હોય તે યોગ કરી શકશે નહિ, અથવા ખાસ કરીને આ યોગ - તેમાં અખૂટ ખંત અને ધીરજની જરૂર પડે છે. તે મુશ્કેલ છે. મૃત્યુની બીક પ્રાણમય નિર્બળતા છે અને તે યોગ કરવાની શક્તિથી વિરુદ્ધની વસ્તુ છે. તે જ પ્રમાણે જે વ્યકિત આવેગોની ગુલામ હોય છે તેને આ યોગ મુશ્કેલ લાગશે, અને જ્યાં સુધી એક અંતરનો સાદ અને આધ્યાત્મિક ચેતના અને પરમાત્મા સાથેની એકતા માટેની સચ્ચાઈપૂર્ણ અને સમર્થ અભીપ્સા તેને સહાય આપે નહિ, તો સાધકનું જોખમી રીતે સહેલાઈથી પતન થાય છે અને તેનો પ્રયત્ન નિષ્ફળ જાય છે.

*

એક દઢ નિશ્ચય અને અડગ ધીરજની ખાસ જરૂર હોય છે અને આ કે પેલી નિષ્ફળતાથી કદી હતોત્સાહ થવું જોઈએ નહિ. તેમાં સ્થૂલ પ્રકૃતિની ટેવમાં ફેરફાર કરવાનો હોય છે અને તેને માટે એક વિગતવાર લાંબી ધીરજનું કાર્ય જરૂરી છે.

*

પરિવર્તન માટે અને નવીન જીવન માટે તમારે જે વલણની જરૂર હતી તે સાચી વસ્તુ છે, એક સ્થિર, જાગૃત છતાં ક્ષુબ્ધ થયા વગરનો ખંત એ પ્રાપ્ત કરવામાં શ્રેષ્ઠ માર્ગ છે.

તમારી અંદર આત્મીયતાનું પુનઃસ્થાપન થાય તેને માટે સ્થિરતા વધારે ઊંડાણ-પૂર્વકની હોવી જોઈએ, જેથી ચૈત્ય પુરુષ બહાર શારીરિકમાં આવે જે રીતે ઊર્ધ્વતર ભાગોમાં તે બહાર આવ્યો હતો તે પ્રમાણે.

*

જીવન અને તેમાં આવતી મુશ્કેલીઓનો ધૈર્યયુકત અને અડગ સામનો કરવાની જેમનામાં હિંમત નથી તેઓ સાધનાની વધારે મહત્તર આંતર મુશ્કેલીઓની આરપાર કદી પસાર થઈ શકે નહિ. આ યોગનો પ્રથમ પાઠ છે – જીવન અને તેમાં આવતી કસોટીઓનો સામનો શાંત મન, અડગ શ્રદ્ધા અને દિવ્ય શકિત ઉપર સંપૂર્ણ આધાર રાખીને કરવો.

*

મક્કમ રહો અને એક જ દિશામાં વળેલા રહો – ફક્ત માતાજી તરફ જ.

★

વિભાગ ૪

યોગ સાધનાનો પાયો.

યોગ સાધનાનો પાયો

જો મન ચંચળ હોય તો યોગસાધના માટે પાયો બાંધવો શક્ય નથી. મનમાં અચંચળતા હોવી એ પ્રથમ જરૂરી વસ્તુ છે. તેમ જ અંગત ચેતનાનું નિમજ્જન કરી દેવું તે આ યોગનું પ્રથમ લક્ષ્ય નથી; આ યોગનું લક્ષ્ય તેને ઊર્ધ્વતર ચેતના પ્રત્યે ખુલ્લું કરવાનું છે અને તેને માટે પણ અચંચળ મન હોવું એ પ્રથમ જરૂરિયાત છે.

*

આ સાધનામાં એક સ્થિર શાંતિ અને મનમાં નીરવતા પ્રાપ્ત કરવી, એ પ્રથમ કરવાની વસ્તુ છે. નહિ તો તમને અનુભૂતિઓ થઈ શકે પરંતુ કોઈ વસ્તુ કાયમી બનશે નહિ. નીરવ મનમાં જ સાચી ચેતનાનું ઘડતર થાય છે.

અચંચળ મનનો એવો અર્થ નથી કે તમારા મનમાં કોઈ પણ વિચારો ન આવે અથવા બિલકુલ મનોમય ગતિઓ ન હોય, પરંતુ આ બધી વસ્તુઓ સપાટી ઉપર રહેશે અને તમને તમારા સાચા સ્વરૂપનું, આ બધી વસ્તુઓ કરતાં, એક અલગ વસ્તુ તરીકે ભાન થશે, જે બધું નિરીક્ષણ કરતું હશે, પરંતુ તમે તેમનાથી દોરવાઈ નહિ જાઓ; તે નિરીક્ષણ કરવા માટે, નિર્ણય આપવા શકિતમાન હશે અને જે વસ્તુઓનો ઇનકાર કરવાનો હશે તેમનો ઇનકાર કરશે અને જે સાચી ચેતના અને સાચી અનુભૂતિ હશે તેનો સ્વીકાર કરશે અને ટકાવી રાખશે.

મનની નિષ્ક્રિયતા એ સારી વસ્તુ છે, પરંતુ ખાસ ધ્યાન રાખો કે કેવળ દિવ્ય સત્ય અને દિવ્ય શકિતના સ્પર્શ પ્રત્યે જ તમે નિષ્ક્રિય રહો. જો તમે તમારી નિમ્ન પ્રકૃતિના સૂચનો અને અસરો પ્રત્યે નિષ્ક્રિય રહેશો તો તમે પ્રગતિ કરી શકશો નહિ, અથવા તમે તમારી જાતને વિરોધી બલો પ્રત્યે ખુલ્લી કરશો અને તે વસ્તુ તમને યોગના સાચા માર્ગથી ઘણે ઘણે દૂર ખેંચી જશે.

તમે માતાજી તરફ અભીપ્સા રાખો, જેથી આવું સ્થિર, અચળ અને શાંત મન રહે, અને તમારા આંતર–સ્વરૂપમાં એક એવી સતત જાગૃતિ રહે કે તમે તમારી બાહ્ય પ્રકૃતિથી અલગ રહીને પ્રકાશ અને સત્ય પ્રત્યે ખુલ્લા રહો.

જે બલો સાધનામાં વિઘ્નરૂપ બને છે તેમાં નિમ્ન મનોમય, પ્રાણમય, અને શારીરિક પ્રકૃતિના બલો હોય છે. તેમની પાછળ મનોમય, પ્રાણમય અને સૂક્ષ્મ શારીરિક

જગતોના વિરોધી બલો હોય છે. આ બધાની સાથે ત્યારે જ કાંઈક કરી શકાય જ્યારે મન અને હૃદય એક માત્ર પ્રભુ તરફની અભીપ્સા માટે એક જ બિંદુ ઉપર એકાગ્ર થયા હોય.

*

પ્રથમ પગલું છે અચંચળ મન – તેનાથી આગળનું પગથિયું નીરવતા છે. પરંતુ અચંચળતા તો હોવી જ જોઈએ; અને અચલ મન એટલે હું એવી આંતરિક મનોમય ચેતના વિષે કહું છું જે વિચારોને આવતા જુએ છે, તેમ જ આજુબાજુ ફરતા જુએ છે, પરંતુ તે પોતે એમ અનુભવતી નથી કે તે પોતે વિચાર કરે છે અથવા પોતાની જાતે તે વિચારો સાથે તદ્રૂપતા સાધે છે અથવા તેમને પોતાના તરીકે ગણે છે. વિચારો, મનોમય ગતિઓ તેમાંથી આરપાર મુસાફરોની માફક પસાર થાય અને બીજા શાંત પ્રદેશો તરફ તે ચાલ્યા જાય છે. અચંચળ મન તેમનું નિરીક્ષણ કરે છે અથવા નિરીક્ષણ કરવાની તેને જરૂર પણ પડતી નથી, પરંતુ ગમે તે પ્રદેશમાં તે સક્રિય બનતું નથી અથવા પોતાની અચંચળતા ગુમાવતું નથી. નીરવતા એ અચંચળતા કરતાં વધારે આગળની સ્થિતિ છે. તે પ્રાપ્ત કરવા માટે ભીતરના ઊંડાણમાં રહેલા મનના વિચારોને બહાર ફેંકી દેવામાં આવે છે અને તેને અવાજવિહીન અથવા બહારના ગણવામાં આવે છે; પરંતુ ઊર્ધ્વમાંથી કોઈ શક્તિનું અવતરણ તેમાં થાય, ત્યારે તે નીરવતાનું વધારે સહેલાઈથી સ્થાપન થાય છે – વ્યક્તિ તેને ઊર્ધ્વમાંથી અવતરણ કરતી અનુભવે છે, પોતાની અંદર પ્રવેશ કરતી અને અંગત વ્યક્તિગત ચેતનાને ભરી દેતી, અથવા ચારે બાજુ ફરી વળતી અનુભવે છે, અને ત્યાર પછી તે બૃહદ અવૈયક્તિક નીરવતામાં પોતાની જાતને નિમગ્ન થતી અનુભવે છે.

*

મનને એવી રીતનું અચળ બનાવવું કે જેથી કોઈ પણ વિચાર ન આવે, એ સહેલી વસ્તુ નથી, અને તેને માટે ઘણો લાંબો સમય લાગે છે. સૌથી વધારે જરૂરી વસ્તુ એ છે કે મનમાં અચંચળતાને એવી રીતની અનુભવવી કે જો વિચારો આવે તો તેને ક્ષુબ્ધ ન કરી શકે અથવા તેઓ મનને પકડમાં ન લે અથવા તેને તેમનું અનુસરણ કરવા ન દેવું, પરંતુ તે વિચારો મનની આરપાર પસાર થઈને ચાલ્યા જાય. મન પ્રથમ તો વિચારના પ્રવાસ માર્ગનું સાક્ષી બની રહે છે, પરંતુ તે પોતે ચિંતક બનતું નથી, પછીથી તે એવી શક્તિ પ્રાપ્ત કરે છે જેથી તેમના તરફ નિરીક્ષણ પણ કરતું નથી, પરંતુ તેમના પ્રત્યે ધ્યાન આપ્યા સિવાય પસાર

થવા દે છે અને પોતાની અંદર જ એકાગ્રતા કરે છે અથવા જે લક્ષ્ય તેણે પસંદ કરેલું હોય, તેના પ્રત્યે મુશ્કેલી વગર એકાગ્ર રહે છે.

સાધનાના પાયા માટે બે મુખ્ય વસ્તુઓને પ્રાપ્ત કરવાની છે – ચૈત્ય પુરુષનું ઉદ્દ્ઘાટન, માતાજી ઉપર એકાગ્રતા અને તેમને સીધી રીતે જ પોતાનું આત્મ-સમર્પણ કરવું. તમારી અંદર જે ભક્તિનો વિકાસ તમે અનુભવો છો તે ચૈત્ય પુરુષના વિકાસનું પ્રથમ પગથિયું છે. માતાજીની સન્નિધિ અથવા તેમના બલને અનુભવવા અથવા તેમની મદદ અને તેઓ તમને શક્તિ આપે છે એવું સ્મરણ રહે એ બીજી નિશાની છે. છેવટે અંદર રહેલો અંતરાત્મા (ચૈત્ય પુરુષ) અભીપ્સા અને ચૈતસિક દર્શનમાં સક્રિય બનવાની શરૂઆત કરે છે, અને મનને સાચા વિચારો તરફ, પ્રાણને સાચી ગતિઓ અને ઊર્મિઓ તરફ વળવાનું માર્ગદર્શન આપે છે, જે વસ્તુને છોડી દેવાની છે તે વસ્તુઓ દર્શાવે છે અને સમગ્ર સ્વરૂપને તથા તેની સર્વ ગતિઓને કેવળ પરમાત્મા તરફ જ વાળે છે. આત્મ સાક્ષાત્કાર માટે મનની શાંતિ અને નીરવતા હોય એ પ્રથમ શરત છે. ત્યાર પછી વ્યક્તિને, મુક્તિ, સ્વતંત્રતા, વિશાળતાની અનુભૂતિની શરૂઆત થાય છે અને તે એક સચેતન નીરવતા, નિશ્ચલતા તથા કોઈ પણ વસ્તુથી અસ્પર્શ્ય રહે છે. દરેક જગાએ અને દરેકમાં પોતાનું અસ્તિત્વ ધરાવતી તથા તદ્રૂપ બનતી અથવા પરમાત્મા સાથેની એકતામાં જીવન ધારણ કરતી થાય છે. બીજી અનુભૂતિઓ માર્ગમાં પ્રાપ્ત થાય અથવા આવી શકે જેવાં કે આંતરદર્શનનું ઉદ્દ્ઘાટન, અંદર કાર્ય કરતી શક્તિનું ભાન, અને ભિન્ન ભિન્ન ગતિઓ અને કાર્ય વગરની દૃશ્યમાન ઘટનાઓ, વ્યક્તિની ચેતનાનું ઊર્ધ્વગમન અને શક્તિ, શાંતિ, પરમાનંદ અથવા ઊર્ધ્વમાંથી આવતા પ્રકાશનાં અવતરણ વિષે પણ સચેતન બને છે.

*

નીરવતા કાયમ સારી વસ્તુ છે ; પરંતુ હું મનની અચંચળતા એટલે સંપૂર્ણ નીરવતા એવો અર્થ કહેવા માગતો નથી. હું એવા મન વિષે કહું છું જે ક્ષોભ અને મુશ્કેલીથી મુક્ત હોય તથા સ્થિર, પ્રકાશિત અને આનંદી હોય, જેથી કરીને તે દિવ્ય શક્તિ પ્રત્યે ખુલ્લું થઈને પ્રકૃતિનું રૂપાંતર સાધી શકે. મૂંઝવતા વિચારો, ખોટી લાગણીઓ, વિચારોનો ગોટાળો તથા અસુખ કરતી ગતિઓના હુમલાઓવાળી ટેવમાંથી મુક્ત થવું એ અગત્યની વસ્તુ છે. આ બધી વસ્તુઓ પ્રકૃતિમાં અશાંતિ ઉત્પન્ન કરે છે, અને દિવ્ય શક્તિને કાર્ય કરવામાં વચ્ચે મુશ્કેલીઓ ઉત્પન્ન કરે છે ; જ્યારે મન અચંચળ તથા શાંત હોય ત્યારે દિવ્ય શક્તિ વધારે સહેલાઈથી કાર્ય કરી શકે છે. તમારી અંદર કઈ કઈ વસ્તુઓમાં ફેરફાર કરવાનો છે તે જોવા માટે

તમારામાં શકયતા હોવી જોઈએ અને તે પણ મૂંઝાયા સિવાય અથવા નિરાશ થયા સિવાય જોવાનું હોય છે. એ પ્રમાણે કરવાથી રૂપાંતર વધારે સહેલાઈથી થઈ શકે છે.

*

શૂન્ય મન અને સ્થિર મન વચ્ચે આ તફાવત છે : જ્યારે મન શૂન્ય હોય ત્યારે કોઈ વિચાર, કોઈ ખ્યાલ કે કોઈ પણ પ્રકારની તેનામાં માનસિક ગતિ હોતી નથી, સિવાય કે મૂળભૂત રીતે વસ્તુઓને કોઈ પણ વિચારના રૂપ આપ્યા સિવાય જોયા કરવી ; પરંતુ સ્થિર મનમાં મનોમય સત્ત્વનો પદાર્થ શાંત હોય છે, એટલો બધો પ્રશાંત કે તેમાં કોઈ વસ્તુ ક્ષોભ ઉત્પન્ન કરી શકતી નથી. જો વિચારો અથવા ક્રિયાઓ આવે તો તે મનની બહારના ભાગમાં આવે પરંતુ જેવી રીતે પક્ષીઓ પવનની ગતિ વગરના આકાશમાંથી પસાર થઈને ઊડી જાય તે પ્રમાણે તે વિચારો બહારથી આવીને મનની આરપાર પસાર થઈ જાય છે. તે પસાર થઈ જાય છે અને ક્ષોભ ઉત્પન્ન થતો નથી અને પાછળ કોઈ છાપ બહાર મૂકી જતા નથી. હજારો કલ્પનાઓ અથવા સૌથી ભયંકર બનાવો પણ તેની આરપાર પસાર થઈ જાય છે, છતાં મનમાં સ્થિર પ્રશાંતતા રહે છે, જાણે કે તેનું પોતાનું પોત એક શાશ્વત અને અવિનાશી એવા શાંતિના પદાર્થનું બનેલું હોય. આવી સ્થિરતા પ્રાપ્ત કરેલું મન કાર્યનો આરંભ કરી શકે છે અને તે પણ તીવ્રતાથી અને પૂર્ણ શકિતથી, પરંતુ તે પોતાની પ્રશાંતતા તો ચાલુ રાખશે જ – તેમાંથી કોઈ વસ્તુનું સર્જન નહિ થાય, પરંતુ ઊર્ધ્વમાંથી આવતી શકિતને તે ગ્રહણ કરશે અને તેને મનોમય સ્વરૂપ પણ આપશે પરંતુ તેનું પોતાનું કાંઈ પણ ઉમેરશે નહિ. તે સ્થિરતાથી અને તટસ્થ રહીને દિવ્ય સત્યના આનંદથી તથા પ્રફુલ્લિત અને પ્રકાશિત શકિત તેના પોતાના મારફતે પસાર થઈ રહી છે એવા આનંદથી કાર્ય કરશે.

*

મન નીરવ બને, વિચારોથી મુક્ત બને અને પ્રશાંત થઈ જાય તેમાં કાંઈ અનિચ્છનીય નથી. કારણ કે જ્યારે મન નીરવ બને ત્યારે જ સૌથી વધારે પ્રમાણમાં ઊર્ધ્વમાંથી વિશાળ શાંતિનું પૂર્ણ અવતરણ થાય છે અને તે વિશાળ નિશ્ચલ નીરવતામાં નીરવ આત્માનો સાક્ષાત્કાર મનથી ઉપરના સ્તરમાં રહેલા બૃહદ્ પ્રદેશમાં દરેક જગાએ અનુભવાય છે. જ્યારે શાંતિ અને મનોમય નીરવતા આવે છે ત્યારે જ પ્રાણમય મન અંદર ધસી જઈને તે પ્રદેશના સ્થાન ઉપર કબજો જમાવવા માટે પ્રયત્ન કરે છે અથવા સ્થૂલ મન તેના તુચ્છ વિચારોની ટેવ મુજબ તેની ચક્રાકાર ગતિઓથી, તેજ હેતુ માટે, ઊઠી આવવા પ્રયત્ન કરે છે, સાધકે જે વસ્તુ કરવાની છે તેમાં આ બધા પરદેશી તત્ત્વોને વિષે સંભાળ રાખીને તેમને શાંત કરીને તેમનો ઇનકાર કરવો

જેથી કરીને ઓછામાં ઓછું ધ્યાન સમયે મનની તથા પ્રાણની શાંતિ અને નીરવતા પૂર્ણ બને. જો તમે સમર્થ અને શાંત સંકલ્પ કરો તો આ વસ્તુ શ્રેષ્ઠ રીતે બની શકે. તે સંકલ્પ મનની પાછળ રહેલા પુરુષનો સંકલ્પ હોય છે, જ્યારે મન શાંત બને, અને નીરવ બને છે ત્યારે માણસ પ્રકૃતિના કાર્યમાંથી અલગ રહેલા નીરવ પુરુષ વિષે સભાન બને છે.

સ્થિર અને ધીર બનવા માટે આત્મામાં પ્રતિષ્ઠિત થવા માટે મનની આ અચંચળતા, બાહ્ય પ્રકૃતિથી આ આંતરપુરુષનું અલગપણું ઘણું મદદરૂપ બને છે અને લગભગ અનિવાર્ય છે. જ્યાં સુધી આપણું સ્વરૂપ વિચારોના વમળોનું ગુલામ હોય છે અથવા પ્રાણમય ગતિઓના વાવાઝોડાને વશ હોય છે ત્યાં સુધી આપણે સ્થિર અને આત્મામાં પ્રતિષ્ઠિત થઈ શકતા નથી. પોતાની જાતને અલગ પાડવી અને તેમનાથી દૂર તટસ્થ રહીને ઊભા રહેવું, પોતાની જાતથી તેમને ભિન્ન અનુભવવાં એ અનિવાર્ય છે.

સાચી વ્યક્તિતાની શોધ માટે અને પ્રકૃતિમાં તેની રચના કરવા માટે બે વસ્તુની ખાસ જરૂર છે. પ્રથમ તો હૃદયની પાછળ રહેલા પોતાના ચૈત્ય પુરુષો વિષે સભાન બનવું અને ત્યાર પછી પુરુષને પ્રકૃતિમાંથી અલગ પાડવો. કારણ કે સાચું વ્યક્તિત્વ બાહ્ય પ્રકૃતિની ક્રિયાત્મકતાની પાછળ ઢંકાયેલુ હોય છે.

*

તે એટલા માટે છે કારણ કે તમે મનોમય અને પ્રાણમય ક્રિયાઓ અને સંબંધોથી પૂર્ણ રીતે સભર છો. માણસે મનોમય અને પ્રાણમય ગતિઓને અચંચળ બનાવવાની શક્તિ પ્રાપ્ત કરવી જોઈએ. જો તે બધે જ સમયે શરૂઆતમાં ન બની શકે તો પણ જ્યારે જ્યારે માણસ સંકલ્પ કરે છે – કારણ કે મન અને પ્રાણ ચૈત્ય પુરુષ તેમ જ આત્માનો આવરિત કરે છે અને તેમાંથી કોઈની પણ એકની પાસે માણસે તે આવરણની અંદર પ્રવેશ પ્રાપ્ત કરવો જોઈએ. પરંતુ જો તેઓ કાયમ સક્રિય હોય અને તમે કાયમ તેમની ક્રિયાઓ સાથે તાદાત્મ્યમાં રહેતા હો, તો તે આવરણ કાયમ ત્યાં રહેવાનું જ, તે બધાથી અલગ પડવું એ પણ શકય છે અને તે ક્રિયાઓને એ પ્રમાણે જોવી, જાણે કે તે બધી તમારી પોતાની નથી, પરંતુ પ્રકૃતિની યાંત્રિક ક્રિયાઓ છે જેને તમે એક તટસ્થ સાક્ષીભાવે નિહાળો છો. આપણે આપણા આંતર સ્વરૂપ વિશે સચેતન બની શકીએ છીએ, જે અલગ સ્થિર અને પ્રકૃતિમાં સંડોવાયેલું નથી. આ વસ્તુ આંતર **મનોમય** અને **પ્રાણમય** પુરુષની ચેતના સુધી પહોંચવું એ કાયમ ચૈત્ય પુરુષને પરદા પાછળથી બહાર કાઢવાનું એક પગથિયું છે.

હા, વાણી ઉપર પૂર્ણ સંયમ પ્રાપ્ત કરવો એ વધારે સારું છે – આંતર સ્વરૂપમાં જવા માટેનું અને સાચી આંતર–ચેતના અને યૌગિક ચેતનાનો વિકાસ કરવા માટેનું તે અગત્યનું પગથિયું છે.

*

પ્રથમ યાદ રાખો કે એક આંતરિક અચંચળતા, જે ચંચળ મને અને પ્રાણ વડે વિશુદ્ધ થાય છે, ત્યારે જ ઉત્પન્ન થાય છે. એ સલામત સાધના માટેની પ્રથમ શરત છે. બીજું એ યાદ રાખો કે બાહ્ય કાર્ય કરતા હો ત્યારે પણ માતાજીની હાજરી અનુભવવી એ મહાન પગલું છે અને ઠીક ઠીક પ્રમાણમાં આંતરિક પ્રગતિ ન હોય તો તે પ્રાપ્ત કરવું શકય નથી. કદાચ તમારે જે વસ્તુની અનુભૂતિની જરૂર છે, પરંતુ તમે સ્પષ્ટ રીતે વર્ણવી શકતા નથી, તે માતાજીની શકિતનું કાર્ય તમે તમારી અંદર ઊર્ધ્વમાંથી ઉતરે અને તમારા સ્વરૂપના ભિન્ન ભિન્ન સ્તરોને પોતાના કાબુમાં લે તેવું ઇચ્છો છો. તે ઊર્ધ્વીકરણ અને અવતરણની દ્વિવિધ ગતિ માટેની પ્રથમની પરિસ્થિતિ છે; તે સમય જતાં અવશ્ય આવશે. તે દશ્યમાન થવાની શરૂઆત થાય તે પહેલાં આ વસ્તુઓ ઘણો લાંબો સમય લે છે, અને ખાસ કરીને મનને જ્યારે ઘણું સક્રિય બનવાની ટેવ પડી હોય અને તેનામાં મનોમય નીરવતા ન આવી હોય ત્યાં સુધી તે એકદમ બનવું શકય નથી. જ્યારે તે આવરણ કરનારી સક્રિયતા ત્યાં હોય તેના માટે મનના ચંચળ પરદા પાછળ ઘણું કાર્ય કરવાનું રહે છે, અને સાધક જ્યારે એમ વિચારે છે કે કોઈ પ્રગતિ થતી નથી ત્યારે ખરેખર પાછળના ભાગમાં તૈયારી ચાલુ રહેલી હોય છે. જો તમારે વધારે ઝડપી અને દષ્ટિગોચર થાય એવી પ્રગતિ જોઈતી હોય તો તે વસ્તુ એક સતત્ આત્માર્પણથી, ચૈત્ય પુરુષને અગ્રભાગે લાવવાથી જ બની શકે. તીવ્રતા-પૂર્વક અભીપ્સા રાખો, પરંતુ અધીર ન બનો.

*

અચંચળતાને જાળવી રાખો અને થોડા સમય માટે શૂન્ય મન રહે તેની ચિંતા ન કરો ; ચેતના ઘણી વખત એક એવા પાત્ર જેવી હોય છે જેમાં અનિચ્છનીય અથવા મિશ્રણયુકત વસ્તુઓથી તે પાત્ર ભરેલું હોય છે. તે પાત્રને તે વસ્તુઓ કાઢીને ખાલી કરવું પડે છે અને તેમાં સાચી યોગ્ય અને શુદ્ધ વસ્તુઓથી તેને ભરી શકાય ત્યાં સુધી થોડો સમય ખાલી રાખવું પડે છે. એક વસ્તુમાંથી મુકત થવાનું છે અને તે પ્યાલો ફરીને જૂના ગોટાળાભર્યા પદાર્થથી ભરાઈ ન જાય. તે વસ્તુ માટે સાધકે રાહ જોવી ; તમારી જાતને ઊર્ધ્વમાં ખુલ્લી કરો, ખૂબ સ્થિરતાથી અને સ્વસ્થતાથી પુકાર કરો, પરંતુ અતિશય ચંચળ ઉત્સાહથી નહિ ; જેથી કરીને

નીરવતાની અંદર શાંતિ આવે અને એક વખત શાંતિ આવે પછી આનંદ અને પ્રભુની દિવ્ય હાજરી માટે અભીપ્સા કરો.

*

મનની સ્થિરતા શરૂઆતમાં ભલે નકરાત્મક લાગે, છતાં તે પ્રાપ્ત કરવી એટલી બધી મુશ્કેલ છે કે તે થોડી પણ આવે તો તેને પ્રગતિ માટેનું મહાન પગલું ગણવું જોઈએ.

હકીકતમાં તો સ્થિરતા નકારાત્મક વસ્તુ છે જ નહિ, તે સત્–પુરુષની પ્રકૃતિ છે અને દિવ્ય ચેતના માટેનો વિધાનાત્મક પાયો છે. તે સિવાય બીજી જે કોઈ વસ્તુ માટે અભીપ્સા રાખવામાં આવે અને તે પ્રાપ્ત થાય, તેમ છતાં વસ્તુને તો રાખવાની જ છે. જ્ઞાન, શકિત, આનંદ પણ જો આવે અને તેમને આ પાયો પ્રાપ્ત ન થાય તો તેઓ ટકી રહી શકતા નથી અને જ્યાં સુધી સત્–પુરુષની દિવ્ય વિશુદ્ધિ અને શાંતિ કાયમ ન બને ત્યાં સુધી તેમને વારંવાર પાછા હઠી જવું પડે છે.

બાકીની દિવ્ય ચેતના માટે અભીપ્સા કરો, પરંતુ એક સ્થિર અને ઊંડી અભીપ્સા વડે – તે તીવ્ર પણ હોઈ શકે છતાં પણ સ્થિર હોય, પરંતુ તેમાં અસ્થિરતા, ચંચળતા તથા રાજસિક તીવ્રતાથી તે ભરેલી ન હોવી જોઈએ.

કેવળ સ્થિર મનમાં જ અને આપણા સ્વરૂપમાં અતિમાનસ સત્ય તેનું સાચું સર્જન કરી શકે છે.

*

મનની અચંચળતા, વિશુદ્ધિ, સ્થિરતા અને શાંતિ એક જાગૃત ચેતના, ભકિતની તીવ્રતા, આંતર તેમ જ બાહ્ય મુશ્કેલીઓનો સામનો કરવા માટેનું સામર્થ્ય અને આધ્યાત્મિક શકિત પ્રાપ્ત થાય તે માટે અને યોગમાં અંત સુધી પહોંચવા માટે પ્રથમ તો માતાજીની અભીપ્સા કરીને પ્રાર્થના કરો. જો ચેતના જાગૃત થાય અને ભકિત આવે અને અભીપ્સામાં તીવ્રતા આવે તો તે મનને માટે શકય બનશે, પરંતુ એક શરતે કે તેણે (મને) અચંચળતા અને શાંતિ, તથા જ્ઞાનમાં વૃદ્ધિ પામવાનું શીખવું જોઈએ.

*

સ્થિર અક્ષુબ્ધ અને અચંચળ બનવું એ સાધના માટેની પ્રથમ શરત નથી, પરંતુ સિદ્ધિ માટેની શરત છે. બહુ અલ્પ સંખ્યાના લોકો (ઘણા ઓછા, સો સાધકોમાં એક, બે, ત્રણ કે ચાર) એવા હોય છે જેમને શરૂઆતમાં જ આ વસ્તુ

પ્રાપ્ત થાય છે. ઘણા ખરાને તો તેની નજિક પહોંચી શકે, તે પહેલાં ઘણી લાંબી તૈયારી મારફતે પસાર થવું પડે છે. ત્યાર પછી પણ જ્યારે તેમને શાંતિ અને સ્થિરતાની અનુભૂતિ થાય છે ત્યાર પછી તેમનું સ્થાપન કરવા માટે પણ સમય લાગે છે – તેઓ શાંતિ અને ક્ષુબ્ધતાની વચ્ચે ઠીક ઠીક લાંબા સમય સુધી ઝોલાં ખાયા કરે છે – જ્યાં સુધી તેમની પ્રકૃતિના સર્વ ભાગોએ સત્ય અને શાંતિનો પૂર્ણ રીતે સ્વીકાર કર્યો નથી હોતો ત્યાં સુધી તે પ્રમાણે બન્યા કરે છે તેથી તમે તે વસ્તુઓમાં પહોંચી નહિ શકો એવું ધારવા માટે કોઈ કારણ નથી. તમારી પ્રકૃતિના એક ભાગ સાથે કામ પાડવામાં તમને મહાન મુશ્કેલી પડે છે, કારણ કે તે ભાગ માતાજીની સાથેની જુદાઈ રાખે છે અને સગાંસંબંધીઓ સાથેની આસક્તિ પ્રત્યેની લાગણી પ્રત્યે તે ખુલ્લો થવાને ટેવાયેલો હોય છે, અને તેથી તે વસ્તુઓને છોડી દેવા માટે તૈયાર હોતો નથી – બસ, એટલું જ છે. પરંતુ દરેક વ્યક્તિને તેમની પ્રકૃતિમાં રહેલા આ ભાગ સાથે કામ પાડવામાં આવી જીદ્દી મુશ્કેલીઓ નડે છે જ, અને અહીં રહેલા સૌથી સફળ થયેલા સાધકોને પણ આ મુશ્કેલી પડેલી છે. તે જગાએ પ્રકાશનો વિજય થાય ત્યાં સુધી માણસે ધીરજ રાખવી જ પડે છે.

*

શાંતિ ન હોય છતાં માણસ આગળ પ્રગતિ કરી શકે છે – અચંચળતા અને એકાગ્રતા જરૂરી છે. ઊર્ધ્વતર સ્તરોના વિકાસ માટે શાંતિ જરૂરી છે.

*

૨

'શાંતિ, સ્થિરતા, અચંચળતા, નીરવતા' વગેરે દરેક શબ્દના અર્થની છાયામાં થોડો ફેર હોય છે, પરંતુ તેમની વ્યાખ્યા આપવી સહેલી નથી.

Peace – શાંતિ

Calm – સ્થિરતા

Quiet – અચંચળતા

Silence – નિશ્ચલ નીરવતા

અચંચળતા એટલે મનની એવી સ્થિતિ જેમાં ચંચળતા કે ક્ષોભ ન હોય.

સ્થિરતા એટલે મનની એવી પ્રશાંત અચળ સ્થિતિ જેને કોઈ પણ ક્ષોભની અસર ન થાય. આ સ્થિતિ અચંચળતા કરતાં વધારે અભાવાત્મક છે.

શાંતિ એ વધારે ભાવાત્મક સ્થિતિ છે; તેમાં સ્થિર અને સંવાદમય આરામ તથા મુકિતનો ભાવ હોય છે.

નિશ્ચલ નીરવતા એવી સ્થિતિ છે જેમાં મનની કે પ્રાણની કોઈ તીવ્ર ગતિ હોતી નથી, અથવા જેમાં મહાન પ્રશાંતિ અનુભવાય છે. તેમાં સપાટી ઉપરની કોઈ ક્રિયા ભંગ કે ફેરફાર કરી શકતી નથી.

*

અચંચળતા – થોડી અભાવાત્મક સ્થિતિ છે – તેમાં ક્ષોભની ગેરહાજરી હોય છે.

સ્થિરતા – એક વિધાનાત્મક પ્રશાંતિ હોય છે. સપાટી ઉપરના ક્ષોભો હોવાં છતાં તે અસ્તિત્વ ધરાવી શકે છે.

શાંતિ – એટલે એવી સ્થિરતા જે એટલી પ્રગાઢ અને ઊંડી કોઈ વસ્તુ છે જે ભાવાત્મક છે અને તે તરંગવિહીન આનંદની શાંતિ સાથે સરખાવી શકાય.

નિશ્ચલ નીરવતા - એટલે વિચારની બધી ગતિઓ અથવા સક્રિયતાના તરંગની ગેરહાજરી.

*

સ્થિરતા – એક સમર્થ અને ભાવાત્મક અચંચળતા છે, જે મક્કમ અને સઘન હોય છે – સામાન્ય અચંચળતા કેવળ અભાવાત્મક વસ્તુ છે એટલે કે તેમાં ફકત ક્ષોભની ગેરહાજરી હોય છે.

શાંતિ–માં ઊંડાણભરી અચંચળતા હોય છે, જેમાં કોઈ ક્ષોભ પ્રવેશ કરી શકતો નથી – એક અચંચળતા, જેમાં રક્ષણ અને મુક્તિની સ્થાપનાનો ભાવ હોય છે.

પૂર્ણ નિશ્ચલ નીરવતા માં વિચારો પણ હોતાં નથી અને વિચારો આવતાં પણ નથી. પરંતુ તેઓ વિષે એવી અનુભૂતિ થાય છે કે તેઓ કોઈક એવી વસ્તુઓ છે જે બહારથી આવે છે અને નિશ્ચલ નીરવતામાં કોઈ ક્ષોભ ઉત્પન્ન કરતી નથી.

મનની નિશ્ચલ નીરવતા, શાંતિ અથવા મનમાં રહેલી સ્થિરતા એ ત્રણે વસ્તુઓ ઘણી નજીકની વસ્તુઓ છે, અથવા એકબીજાને નજીક દોરી લાવે છે.

*

અચંચળતા ત્યારે આવે છે જ્યારે, મન અથવા પ્રાણમાં ક્ષોભ ઉત્પન્ન થતો નથી કે તેઓ ચંચળ હોતાં નથી, અથવા વિચારો અને લાગણીઓના સમૂહો તેની આસપાસ ફરી વળતાં નથી. ખાસ કરીને બેમાંથી કોઈ પણ એક (મન અથવા પ્રાણ) યા તો તટસ્થ હોય છે અને આ બધી વસ્તુઓ તરફ સપાટીની ઉપરછલ્લી ગતિ માફક જુએ છે, ત્યારે આપણે એમ કહીએ છીએ કે મન અથવા પ્રાણ અચંચલ છે.

સ્થિરતા એ વધારે ભાવાત્મક સ્થિતિ છે. ચંચળતાની અથવા વધારે પડતી સક્રિયતાની અથવા ક્ષોભની કેવળ ગેરહાજરી જ નહિ, જ્યારે સ્પષ્ટ અથવા સમર્થ અથવા મહાન પ્રશાંત સ્થિરતા હોય છે, જેમાં કોઈ પણ વસ્તુ તકલીફરૂપ બનતી નથી, અથવા તો ક્ષોભ ઉત્પન્ન કરી શકતી નથી, ત્યારે આપણે એમ કહી શકીએ કે સ્થિરતાનું સ્થાપન થયું છે.

*

આ પ્રશાંતતા અને નિશ્ચલતા (Tranquility & Stillness), સામાન્ય શબ્દો છે. અને તેમનો સામાન્ય સૂચક અર્થ છે, પરંતુ તેમનો વિશિષ્ટ યૌગિક અર્થ નથી હોતો. અચંચળતા, સ્થિરતા અને શાંતિ ત્રણેનું પ્રશાંતતા તરીકે વર્ણન કરી શકાય; નીરવતાને નિશ્ચલતાની સમાન ગણી શકાય.

*

તે વસ્તુ મન અને પ્રાણની નિશ્ચલ નીરવતા છે – અહીં નિશ્ચલ નીરવતા એટલે કેવળ વિચારોનું બંધ થવું એટલું જ નહી પરંતુ મનોમય અને પ્રાણમય પદાર્થની પણ પ્રશાંતિ. આ પ્રશાંતિના ઉંડાણની ઘણી કક્ષાઓ હોય છે.

*

પ્રથમ છે વ્યક્તિગત આધારની સામાન્ય મૂળભૂત સ્થિરતા – બીજી વૈશ્વિક ચેતનાની મૂળભૂત અમર્યાદ સ્થિરતા છે, એવી સ્થિરતા જે બધી ગતિઓથી અલગ પડી હોય અથવા તેમને આધાર આપતી હોય, છતાં ટકી રહે છે.

આ આત્માની સ્થિરતા છે, ઊર્ધ્વમાં રહેલો, નીરવ, અચલ અને અનંત આત્મા.

*

સ્થિરતા કરતાં શાંતિ વધારે વિધાનાત્મક અવસ્થા છે – એક અભાવાત્મક સ્થિરતા પણ હોય છે જેમાં ક્ષોભ અથવા મુશ્કેલીનો કેવળ અભાવ હોય, પરંતુ શાંતિ કાયમી એવી વસ્તુ છે જે વિધાનાત્મક હોય છે; અને સ્થિરતા જે રીતે હોય છે તે પ્રમાણે તેમાં મુક્તિ જ નથી હોતી પણ તેમાં અમુક પ્રફુલ્લતા અથવા તેનો પોતાનો આનંદ હોય છે.

એક વિધાનાત્મક સ્થિરતા પણ હોય છે અને જે વસ્તુઓ મુશ્કેલી ઉત્પન્ન કરે છે તેની સામે ટકી રહે છે, અને તે અભાવાત્મક સ્થિરતા માફક તટસ્થ અને પાતળા પોતની નથી હોતી, પરંતુ સમર્થ અને પ્રચંડ હોય છે.

*

શાંતિમાં પ્રશાંતિ તથા સંવાદના ભાવ ઉપરાંત એવી વસ્તુ હોય છે જે મુકિત અને પૂર્ણ સંતોષની અનુભૂતિ આપે છે.

*

શાંતિ એટલે શાંતિ અથવા સ્થિરતા – તે આનંદ નથી. બેશક, એક સ્થિર આનંદ હોઈ શકે.

*

શાંતિ એ મુકિતની નિશાની છે – આનંદ સિદ્ધિ તરફ આગળ પ્રગતિ કરે છે.

*

શાંતિ ગંભીર અથવા નિરાનંદ હોવી જરૂરી નથી – તેમાં કોઈ ફિકાશ હોતી નથી – પરંતુ જે પ્રફુલ્લિતતા અથવા આનંદ અથવા હળવાશનો ભાવ શાંતિમાં આવે છે તે કોઈક આંતરિક, સ્વયંભૂ અથવા અનુભૂતિના ઊંડાણમાંથી આવતી કોઈ વસ્તુ હોય છે – તમે જે ખડખડાટ હાસ્ય વિષે વાત કરો છો તે પ્રમાણે તે બાહ્ય કારણ વડે ઉત્પન્ન થતી નથી અથવા બાહ્ય કારણ ઉપર આધાર રાખતી નથી દા. ત. કોઈ રમુજી વસ્તુ કે ઉત્કટ આનંદ ઉત્પન્ન કરનારી વસ્તુ વગેરેથી ઉત્પન્ન થતી હોય તે પ્રમાણે હોતી નથી.

*

આનંદ પણ અંતરના ઊંડાણમાં હોવો જોઈએ, ત્યાર પછી તે શાંતિના ઊંડાણો સાથે અને આંતર ચેતના સાથે સંઘર્ષમાં આવશે નહિ.

*

તેઓ (શાંતિ અને ધીરજ) બન્ને સાથે સાથે જ હોય છે. બધા જ પ્રકારના દબાણો નીચે ધીરજ રાખવાથી તમે શાંતિના પાયાનું સ્થાપન કરો છો.

*

તે (વિશુદ્ધિ) એક પદાર્થ હોવાને બદલે અવસ્થા હોય છે. શાંતિ વિશુદ્ધિને સહાયકારક છે – કારણ કે શાંતિમાં ક્ષોભ ઉત્પન્ન કરનારી વસ્તુઓ અટકી જાય છે અને વિશુદ્ધિનું સારતત્ત્વ કેવળ પરમાત્માની અસરને જ પ્રત્યુત્તર આપે છે અને બીજી કોઈ પણ ગતિઓ સાથે આત્મીયતા રાખતું નથી.

*

વિશુદ્ધિ એટલે પરમાત્માના પ્રભાવ સિવાય બીજી કોઈ પણ વસ્તુના પ્રભાવ નીચે ન આવવું.

*

વિશુદ્ધિ એટલે ડહોળાયેલી વસ્તુ અથવા મિશ્રણોમાંથી મુક્તિ. દિવ્ય પવિત્રતા એવી હોય છે જેમાં નિમ્ન પ્રકૃતિનું અવિદ્યામય ગોટાળાભર્યું મિશ્રણ ન હોય; સામાન્યતયા પવિત્રતા એટલે (સામાન્ય ભાષામાં) કામવાસના અને આવેશમાંથી મુક્તિ.

*

દિવ્ય પવિત્રતા એ ચૈતસિક અનુભૂતિ કરતાં વધારે વિશાળ અને સર્વવ્યાપી અનુભૂતિ છે.

*

પવિત્રતા કે અપવિત્રતા ચેતના ઉપર આધાર રાખે છે; દિવ્ય ચેતનામાં દરેક વસ્તુ પવિત્ર હોય છે, અજ્ઞાનમાં દરેક વસ્તુ અપવિત્ર હોય છે. શરીર જ ફક્ત નહિ અથવા શરીરનો કોઈ ભાગ નહિ, પરંતુ મન, પ્રાણ અને સર્વ વસ્તુઓ ફક્ત આત્મા અને ચૈત્ય પુરુષ જ કાયમ વિશુદ્ધ હોય છે.

*

પવિત્ર મન એટલું એવું મન જે અચંચળ હોય અને નિરર્થક અથવા ક્ષોભ ઉત્પન્ન કરનારા વિચારોથી મુક્ત હોય.

*

અચંચળ મન એવું મન છે જે ક્ષુબ્ધ થતું નથી, ચંચળ હોતું નથી અને કાયમ મનોમય કાર્યની જરૂરિયાત સાથે આંદોલન પામતું નથી.

તમે જે વસ્તુની વાત કરો છો એ એકાગ્ર મન છે અને તે કોઈ વસ્તુ અથવા કોઈ વિષય ઉપર એકાગ્ર થયેલું છે, તે બિલકુલ જુદી જ વસ્તુ છે.

*

શું તમે એવી કલ્પના કરો છો કે અચંચળ મન કોઈ વસ્તુનો ઇનકાર ન કરી શકે, પરંતુ કેવળ અસ્થિર મન જ તે પ્રમાણે કરી શકે? સ્થિર મન તે વસ્તુ સૌથી શ્રેષ્ઠ કરી શકે. સ્થિર એટલે જડ અથવા તમસયુક્ત મન નહિ.

આ વસ્તુ મૂર્ખાઈભરી છે. મનથી કાંઈ પણ ન કરવું એ અચંચળતા અથવા નીરવતા નથી. સક્રિયતા જ મનને યાંત્રિક રીતે વિચાર કરતું અને ચર્ચાસ્પદ બનાવે છે. તે કોઈ વસ્તુ ઉપર એકાગ્ર થઈ શકતું નથી – બસ એટલું જ છે.

અક્રિય શાંતિ માટે એમ નથી ધારવાનું કે તે કાંઈ ન કરી શકે. એક પૂર્ણ સઘન શાંતિની હાજરી જ ક્ષોભને સપાટી ઉપરથી અથવા બાહ્ય ચેતનામાંથી હાંકી કાઢે છે.

*

અક્રિય શાંતિનો સામાન્ય ગુણ એવો નથી કે તે ફક્ત અક્રિયતામાં જ એકાગ્રતા કરી શકે. તે ત્યાં હોઈ શકે અને તે કાર્યમાં અથવા કાર્યની પાછળ પણ એકાગ્ર થઈ શકે.

*

અચંચળ અને નૈસર્ગિક કર્મ એ દિવ્ય કર્મનો ગુણ છે. તમે કહો છો તે પ્રમાણે જ્યારે પ્રત્યાઘાત અને સંઘર્ષ થાય છે ત્યારે તેનું હુમલાખોર કાર્ય હોય છે. તેનો અર્થ એવો નથી કે અચંચળ કાર્ય તીવ્ર ન હોઈ શકે. તે હુમલાખોર કાર્ય કરતાં પણ વધારે તીવ્રતાવાળું હોય, પરંતુ તેની તીવ્રતા શાંતિની ઉત્કટતામાં જ વૃદ્ધિ કરે.

*

હા, ચોક્કસ એક મનોમય શાંતિ, પ્રાણમય શાંતિ, અને સ્થૂલ પ્રકૃતિની શાંતિ હોય છે; જે ઊર્ધ્વમાંથી અવતરણ પામે છે.

*

તે એક જ પ્રકારની શાંતિ છે – પરંતુ ભૌતિક પદાર્થમાં તેની ભૌતિક રીતની અનુભૂતિ થાય છે. સ્થૂલ મનમાં અને પ્રાણ સ્વરૂપમાં તે રીતે અનુભવાય છે, તેમ જ મનમાં તથા પ્રાણમાં માનસશાસ્ત્રીય રીતે અને પ્રાણ અથવા સૂક્ષ્મ શરીરમાં સૂક્ષ્મ રીતે અનુભવાય છે.

*

ચોક્કસ, શાંતિ, પવિત્રતા અને નિશ્ચલ નીરવતા બધી જ ભૌતિક વસ્તુઓમાં અનુભવાય છે – કારણ કે તે સર્વમાં દિવ્ય આત્મતત્ત્વ રહેલું હોય છે.

*

વિશ્વરૂપ તત્ત્વની પાછળ રહેલી નિશ્ચલ નીરવતાને લઈને જ વિશ્વની સર્વ ગતિઓને આધાર મળે છે.

નિશ્ચલ નીરવતામાંથી જ શાંતિ આવે છે; જ્યારે શાંતિ વધારે અને વધારે ઊંડાણભરી બનતી જાય છે ત્યારે તે પોતે વધારે ને વધારે નિશ્ચલ નીરવતા બનતી જાય છે.

વધારે બાહ્ય અર્થમાં નિશ્ચલ નીરવતા શબ્દ એવી અવસ્થાને કહેવામાં આવે છે જેમાં વિચાર અથવા લાગણી વગેરેની ગતિ હોતી નથી, પરંતુ મનની મહાન પ્રશાંતતા હોય છે.

પરંતુ નિશ્ચલ નીરવતામાં કાર્ય હોઈ શકે છે અને જે રીતે વિશ્વરૂપ કાર્ય વૈશ્વિક નિશ્ચલ નીરવતામાં ચાલુ રહે છે, તે પ્રમાણે તે અક્ષુબ્ધ રહી શકે છે.

*

અક્રિય નીરવતા એવી હોય છે જેમાં આંતર ચેતના શૂન્ય અને આરામમાં રહે છે અને બાહ્ય વસ્તુઓ અને બહિર્બલો પ્રત્યે કોઈ પણ પ્રત્યાઘાત આપતી નથી.

સક્રિય નીરવતા એવી હોય છે જેમાં પ્રખર શકિત હોય છે, જે વસ્તુઓ અને બલો ઉપર બહાર જાય છે પરંતુ તેને લઈને નિશ્ચલ નીરવતામાં કોઈ ક્ષોભ ઉત્પન્ન થતો નથી.

*

પ્રયત્ન, ક્ષોભ, ઈત્યાદિમાંથી સ્વરૂપની આરામમય સ્થિતિ. આત્મા શાશ્વત રીતે કાર્યની મધ્યે પણ આરામમય સ્થિતિમાં હોય છે – શાંતિ આ આધ્યાત્મિક આરામ આપે છે. તમસ એ તેનું પતન છે અને તે અક્રિયતા તરફ દોરી જાય છે.

*

પૂર્ણ નિશ્ચલ નીરવ મનમાં પરમાત્માની સ્થિતિ અચળ હોય છે અને તેમાં કોઈ સક્રિય ગતિ હોતી નથી, પરંતુ તેમાં સર્વે ઊર્ધ્વતર વિચાર અને અભીપ્સા તથા ગતિઓ આવી શકે છે. ત્યાર પછી કોઈ નિરપેક્ષ નીરવતા હોતી નથી પરંતુ વ્યકિતને તેની પાછળ એક મૂળભૂત નીરવતાની અનુભૂતિ થાય છે, જેને કોઈ ગતિ ક્ષુબ્ધ કરતી નથી.

*

તમે એ રીતે વિચારતાં લાગો છો કે મનની ચેતનામાં નિશ્ચલ નીરવતા હોય ત્યારે સમગ્ર ચેતના તેનાથી એકસરખી રીતે અસર પામવી જોઈએ. માનવ ચેતના એ પ્રકારની એક જ પ્રકારની બંધારણવાળી હોતી નથી.

*

નૈસર્ગિક રીતે જ નીરવ અવસ્થા તાત્કાલિક કાયમી રીતે પ્રતિષ્ઠિત થઈ જાય એ શકય નથી; પરંતુ જયાં સુધી આંતર નીરવતા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી માણસે તેની પોતાની અંદર તેનો વિકાસ કરવાનો છે – એક એવી નિશ્ચલ નીરવતા જે કોઈ પણ બાહ્ય પ્રવૃત્તિથી અથવા કોઈ વિરોધી શકિતના હુમલાથી અથવા ક્ષુબ્ધ કરે તેવી પરિસ્થિતિ હોય છતાં તે અક્ષુબ્ધ રહે.

તમે જે અવસ્થાનું વર્ણન કરો છો, તે આંતર નીરવતાનો સ્પષ્ટ વિકાસ દર્શાવે છે. તે વસ્તુએ આધ્યાત્મિક અનુભૂતિ અને સક્રિયતાના પાયા તરીકે છેવટે પોતાની જાતને નિશ્ચિત રીતે સ્થાપિત કરવી જોઈએ. નીરવતાની પાછળ શું ચાલી રહ્યું છે તે કોઈ વ્યક્તિ ન જાણી શકે તો તેથી ચિંતા કરવાની કોઈ જરૂર નથી. કારણ કે આ યોગમાં બે પરિસ્થિતિઓ હોય છે. એક એવી સ્થિતિ જેમાં બધું જ નિશ્ચલ નીરવ હોય, અને તેમાં વિચાર, લાગણી કે કોઈ પણ વસ્તુ હાજર ન હોય, ભલે તે વ્યક્તિ બીજાઓ કાર્ય કરે તે પ્રમાણે કાર્ય કરતી હોય છતાં – એક બીજી સ્થિતિ જેમાં એક નવીન ચેતના સક્રિય બને છે અને જ્ઞાન, આનંદ, પ્રેમ તેમ જ બીજી આધ્યાત્મિક અનુભૂતિઓ અને આંતર પ્રક્રિયાઓને તે ઊર્ધ્વમાંથી ઉતારી લાવે છે અને તેમ છતાં એક મૂળભૂત નીરવતા અથવા અચંચળતા રહે છે. નિરપેક્ષ નીરવ સ્થિતિ જે પ્રકાશ, શૂન્યતા અને મુકિતની બનેલી હોય છે તે બીજી અવસ્થાને તૈયાર કરે છે અને જ્યારે તે આવે છે ત્યારે તેને સહાય કરે છે.

૩

હા, એક પ્રતિષ્ઠિત શાંતિ અને સામર્થ્ય હોય જે તીવ્રતા અને સમત્વને ટેકો આપે છે અને જેમાં દરેક વિદેશી વસ્તુઓ ખરી પડે છે, એ યોગ માટેનો સાચો પાયો છે.

*

અલબત્ત, તે વસ્તુ તે પ્રમાણે જ હોવી જોઈએ. તે એટલે દૂર સુધી જવી જોઈએ કે તમે એમ અનુભવો કે આ શાંતિ અને આ વિશાળતા તે તમારો પોતાનો આત્મા છે, તમારી ચેતનાનો ટકી રહેલો પદાર્થ – જે બિલકુલ ફેરફાર પામ્યા સિવાય ત્યાં હાજર રહે છે જ.

*

તે ખરેખર ઘણું સારું છે. શાંતિ અને નીરવતા ઊંડાણમાં સ્થાપિત થવાં જોઈએ, એટલા બધા ઊંડાણમાં કે જે કાંઈ બહારથી આવે તે ફકત સપાટી ઉપરથી પસાર થઈ જાય, પરંતુ અંદર પ્રતિષ્ઠિત થયેલ સ્થિરતામાં ક્ષોભ ઉત્પન્ન ન કરે. તે પણ સારી નિશાની છે કે ધ્યાન આપોઆપ આવે છે – તેનો અર્થ યોગ-બળે સાધનાને પોતાના હાથમાં લેવાની શરૂઆત કરી છે.

*

જ્યારે શાંતિનું સ્થાપન સ્વરૂપમાં સર્વત્ર થાય છે ત્યારે આ વસ્તુએ (નિમ્ન પ્રાણના પ્રત્યાઘાતો) તેને ચલાયમાન કરી શકશે નહિ. તેઓ પ્રથમ સપાટી ઉપરની લહેરો માફક આવશે, પછીથી કેવળ સૂચનો રૂપે આવે જેને વ્યકિત ફકત જોયા કરે, અગર જોવાની પરવા પણ ન કરે પરંતુ ગમે તે પરિસ્થિતિમાં તેઓ અંદર પ્રવેશ, અસર કે ક્ષોભ ઉત્પન્ન કરી શકશે નહિ.

તે સમજાવવું મુશ્કેલ છે પરંતુ તે પહાડ જેવું છે જેના ઉપર વ્યકિત પથ્થરમારો કરે છે – જો સમગ્ર રીતે સચેતન રહીએ તો પહાડ કદાચ પથ્થરનો સ્પર્શ અનુભવે, પરંતુ તે વસ્તુ એટલી બધી તુચ્છ અને ઉપરછલ્લી હશે કે તેનાથી બિલકુલ અસર થશે નહિ. છેવટે તે પ્રત્યાઘાત પણ અદૃશ્ય થઈ જશે.

*

જો શાંતિ અથવા નીરવતાનું નિરપેક્ષ રીતે સ્થાપન થાય, તો સપાટી ઉપરની ગમે તેટલી ગતિઓ તેને નુકસાન અથવા તેનો નાશ કરી શકશે નહિ. તે સમગ્ર જગતની ગતિઓને સહન કરે છતાં તે પ્રમાણે જ પોતાની સ્થિતિ જાળવી શકે.

*

ચોક્કસ સપાટી ઉપર ક્ષોભ ઉત્પન્ન થાય છતાં એ બિલકુલ સ્વાભાવિક છે કે આંતર સ્વરૂપમાં શાંતિનું સ્થાપન અનુભવી શકાય છે. હકીકતમાં તો યોગી પૂર્ણ સમતા પોતાના સમગ્ર સ્વરૂપમાં ધારણ કરે તે પહેલાં, તેની એવી સ્વાભાવિક સ્થિતિ હોય છે જ.

*

શાંતિ અને વિશાળતા હોય છતાં પણ આ વસ્તુઓ (પ્રાણમય – શારીરિક અહંકારની ગતિઓ) સપાટી ઉપર તરતી હોય છે અને અંદર ડૂબકી મારવા પ્રયત્ન કરતી હોય છે – ત્યાર પછી જ તેઓ ચેતનાનો કબજો લઈ શકતી નથી, પરંતુ ફકત સ્પર્શ કરે છે. આ વસ્તુઓને પ્રાચીન યોગીઓ પ્રકૃતિના યાંત્રિક અવશેષો તરીકે ગણતા, તેની અંધ ટેવનું સાતત્ય રહે છે, જે આત્માની મૂળભૂત મુકિત પછી પણ ટકી રહે છે. આ વસ્તુને અગત્ય વગરની અને નગણ્ય ગણવામાં આવતી – પરંતુ આપણી સાધનામાં આવું દૃષ્ટિબિંદુ સ્વીકારવામાં આવતું નથી. આપણી સાધનાનું લક્ષ્ય કેવળ પુરુષની મુકિત જ નથી, પરંતુ પ્રકૃતિનું પૂર્ણ રૂપાંતર કરવાનું લક્ષ્ય રહેલું છે.

*

હા, આંતરિક ગતિ એ સાચી ગતિ છે. આંતર સ્વરૂપમાં શાંતિ અને નીરવતામાં જીવન ધારણ કરવું, એ પ્રથમ જરૂરિયાત છે. મેં વિશાળતા માટે વાત કરી

કારણ કે, શાંતિ અને નીરવતાના બૃહદ તત્ત્વમાં (જેને યોગીઓ તાત્કાલિક વ્યક્તિગત તેમ જ વિશ્વરૂપ આત્મતત્ત્વના સાક્ષાત્કાર તરીકે ઓળખી લે છે) આંતર તેમ જ બહિર્મુખ પ્રકૃતિના સંવાદ માટેનો પાયો છે, તે વસ્તુ આવશે.

*

જ્યારે શાંતિ ગાઢે ઊંડાણવાળી અને વિશાળ હોય છે, ત્યારે તે આંતર-સ્વરૂપમાં હોય છે. બાહ્ય ભાગો સામાન્યતયા અમુક માપની અચંચળતાથી વધારે આગળ જઈ શકતા નથી – તેમનામાં ઊંડી શાંતિ ત્યારે જ આવે જ્યારે તેમનામાં આંતર સ્વરૂપમાંથી આવતો પ્રવાહ તેમને સભર કરી આપે.

*

હા, ચોક્કસ – શાંતિ આંતર સ્વરૂપમાં જ શરૂ થાય છે – તે આધ્યાત્મિક અને ચૈતસિક હોય છે, પરંતુ તે બાહ્ય સ્વરૂપમાં વહન કરે છે – જ્યારે તે સક્રિય હોય છે, ત્યારે તેનો અર્થ એવો થાય છે કે યા તો સામાન્ય ચંચલ મન, પ્રાણ તથા સ્થૂલ પ્રદેશ આંતર શાંતિના પૂરથી ડૂબી ગયેલાં છે અથવા વધારે પ્રગતિશીલ અવસ્થામાં તેઓ આંશિક અથવા પૂર્ણ રીતે વિચારો, બલો, લાગણીઓમાં પૂર્ણ રીતે એવા પરિવર્તિત થયેલાં છે, જેમનામાં આંતર નીરવતા અને શાંતિના સાર રૂપ તત્ત્વમાં ફેરવાઈ ગયેલાં છે.

*

આંતરિક આધ્યાત્મિક પ્રગતિ બાહ્ય પરિસ્થિતિઓ ઉપર આધાર રાખતી નથી. આપણે અંતરમાંથી તેમના પ્રત્યે કેવા પ્રતિભાવો આપીએ છીએ તેના ઉપર આધાર રાખે છે – તે વસ્તુ જ કાયમ આધ્યાત્મિક સત્યનો છેવટનો ચુકાદો હોય છે. એટલા માટે જ અમે સાચું વલણ રાખવા માટે અને તેમાં ટકી રહેવા માટે મક્કમતાપૂર્વક ભાર મૂકીએ છીએ, તેમ જ એવી આંતર અવસ્થા, જે બાહ્ય સંજોગો ઉપર આધાર રાખતી નથી તથા એક સમતાની અને સ્થિરતાની સ્થિતિની માગણી કરીએ છીએ. તે અવસ્થા તાત્કાલિક આંતરસુખની ન બને તો પણ, અંતરમાં વધારે અને વધારે ઊંડા ઉતરવાથી તથા બાહ્ય સપાટી ઉપરના મનમાં જે જીવનના ધક્કાઓ અને ફટકાઓની દયા ઉપર જીવન જીવે છે, તેમાં જીવન ધારણ કરવાને બદલે, સાધકને અંતરમાંથી બાહ્ય દૃષ્ટિ રાખવાનું કહીએ છીએ, તે આંતર અવસ્થામાંથી જ ક્ષુબ્ધ કરતા બલો વાળા જીવન કરતાં માણસ વધારે સમર્થ બને છે અને એવા જીવન ઉપર આધાર રાખવાની આશા રાખી શકે છે.

અંતરમાં સ્થિર રહેવું, યોગ માર્ગમાં આરપાર નીકળવા માટેનો અડગ સંકલ્પ કરવો, મુશ્કેલીઓ અને જીવનના પલટાઓથી ક્ષુબ્ધ અથવા નિરાશ થવાનો ઈનકાર

કરવો, એ આ યોગમાં પ્રથમ શીખવાની વસ્તુઓમાંની એક છે. બીજી રીતે કરવું, એટલે ચેતનાની અસ્થિરતાને પ્રોત્સાહન આપવું અને તમે જે ફરિયાદ કરો છો તે અનુભૂતિને ટકાવી રાખવાની મુશ્કેલીને આવકાર આપવો, જ્યારે તમે તમારી જાતને આંતરિક રીતે સ્થિર અને ધીર રાખો ત્યારે જ તમે અનુભૂતિઓની હારમાળાઓમાંથી અમુક સ્થિર રીતે પસાર થતાં જાઓ – જો કે તેઓમાં સ્ખલનના અને પલટાના ગાળાઓ આવ્યા કરે ; પરંતુ જો તેમની સાથે પણ યોગ્ય રીતનો વ્યવહાર કરવામાં આવે તો તેઓ, પાચન માટેના ગાળાઓ બને છે અને સાધનાના ઇનકારના ગાળાઓને બદલે મુશ્કેલીઓને નાબુદ કરવાના ગાળાઓ તરીકે બની શકે છે.

આધ્યાત્મિક વાતાવરણ બાહ્ય પરિસ્થિતિઓના કરતાં વધારે અગત્યની વસ્તુ છે; જો વ્યક્તિ તે વસ્તુ પ્રાપ્ત કરી શકે અને પોતાના આધ્યાત્મિક વાતાવરણનું સર્જન કરી શકે, અને તેમાં જ શ્વાસ લેતી અને જીવતી થઈ જાય તો તે પ્રગતિ માટેની સાચી પરિસ્થિતિ છે.

*

તમારે એટલું સમજવું જોઈએ કે જ્યારે સ્થિર સંજોગો ઇચ્છનીય છે ત્યારે સાચી અચંચળતા અંદર રહેલી છે, અને તે સિવાય બીજી કોઈ પણ વસ્તુ તમારે જે અવસ્થાની જરૂર છે, તેને આપી શકશે નહિ.

*

સાચી ભાવનાથી અભીપ્સા અને એકાગ્રતા કરો. ગમે તે મુશ્કેલીઓ હશે છતાં તમે તમારી આગળ જે ધ્યેયને રાખેલો છે તેને અવશ્ય પ્રાપ્ત કરશો.

બાહ્ય પ્રકૃતિની પાછળ જે શાંતિ રહેલી છે તેની અંદર તથા તમારી પોતાની અંદર 'પેલી કાંઈક વધારે સત્ય વસ્તુ' છે તેમાં તમારે નિવાસ કરતાં શીખવું જોઈએ. એ જ તમારું સ્વરૂપ છે એમ તમારે અનુભવવું જોઈએ. બાકી રહેલી વસ્તુઓને તમારે તમારી પોતાની જાત તરીકે ન સમજવી જોઈએ, પરંતુ તે ફેરફાર પામતું વિકારી સ્વરૂપ છે, અથવા તમારી સપાટી ઉપર વારંવાર બની આવતી ગતિઓ તરીકે સમજવી જોઈએ. જેમ જેમ તમારું સાચું સ્વરૂપ ઉપર આવતું થશે, તેમ તેમ તે બધી વસ્તુઓ ચોક્કસ ચાલી જશે.

તેનો સાચો ઉપાય 'શાંતિ' છે; સખત કામ કરીને મનને તેમાં રોકી રાખી છુટકારો મેળવવો, એ કામચલાઉ રાહતરૂપ છે – જો કે આપણા સ્વરૂપના ભિન્ન ભિન્ન ભાગોને યોગ્ય સમતુલામાં રાખવા માટે અમુક પ્રમાણમાં કાર્ય કરવું એ જરૂરી છે. તમારા મસ્તકની ઉપર તથા આજુબાજુ જે શાંતિ અનુભવાય છે તે પહેલું

પગથિયું છે; તમારે તેની સાથે અનુસંધાન જાળવી રાખવું અને તે શાંતિએ તમારી અંદર અવતરણ કરવું જોઈએ, અને તમારા મન, પ્રાણ અને શરીરને ભરી દેવું જોઈએ, અને તમારી આસપાસ વીંટળાઈ રહેવું જોઈએ, જેથી તમે તેમાં જીવન ધારણ કરી શકો – કારણ કે આ શાંતિ તમારી અંદર પ્રભુની હાજરીની નિશાની છે અને એક વખત તેની સન્નિધિ તમારી અંદર સ્થાપિત થાય, પછીથી બાકીની બધી વસ્તુઓ તમારી અંદર આવવાની શરૂઆત થશે.

વાણીમાં અને વિચારમાં સત્ય ઘણું અગત્યનું છે. જેમ જેમ અસત્ય એ તમારી સાચી જાતનો ભાગ નથી એમ તમે અનુભવતા થશો, તથા તે બહારથી આવતી વસ્તુ છે એમ સમજશો, તેમ તેમ તમારે માટે એ વસ્તુનો ઇનકાર કરવાનું તથા પરિત્યાગ કરવાનું સહેલું પડશે.

ખંત રાખો અને જે વસ્તુ વાંકી ચૂકી છે, તે સીધી બની જશે અને તમે સતત પ્રભુની સન્નિધિને સતત જાણતા થશો અને તેના સત્યને અનુભવશો તથા એક સીધી પ્રત્યક્ષ અનુભૂતિ દ્વારા તમારી શ્રદ્ધા સાર્થક બનશે.

*

જ્યારે પ્રાણમય અને ભૌતિક ચેતનામાં, પ્રકાશ અને શાંતિ ભરપૂર હોય છે, ત્યારે સમગ્ર પ્રકૃતિની સાચી ગતિ માટે આ વસ્તુ કાયમ પાયારૂપ બને છે.

ભીતરમાં રહેવું તેમ જ ઊર્ધ્વમાં રહીને અસ્પર્શ્ય રહેવું અને આંતર ચેતના તથા આંતર અનુભૂતિમાં રહેવું – સપાટી ઉપરની ચેતના સાથે એક અથવા બીજાની સાથે જરૂર પડે ત્યારે સંભાળપૂર્વક વ્યવહાર કરવો અને તેમ છતાં પણ અક્ષુબ્ધ રહેવું, અને બાહ્ય ચેતના તરફ ખેંચાઈ ન જવું, અથવા તેનો હલ્લો અંદર ન આવવા દેવો – એ સાધના માટેની પૂર્ણ અવસ્થા છે.

*

તમે તમારી અવસ્થા વિષે જે લખ્યું છે તે સમગ્ર રીતે સાચું લાગે છે. બેશક એક મહત્તર સ્થિરતા તમારી અંદર છે અને આંતરસ્વરૂપની મુકિત છે; તે એક વખત તમારામાં નહોતી. આ વસ્તુ તમને સમતાની લાગણી આપે છે અને તેને લઈને વધારે ભયંકર ક્ષોભોમાંથી મુકત થવાની શકિત આપે છે. જ્યારે માણસમાં આ એક આંતર સ્થિરતાનો પાયો પ્રાપ્ત થાય છે ત્યારે સપાટી ઉપરની મુશ્કેલીઓ અને અપૂર્ણતા તથા ઉશ્કેરાટ, નિરાશા વગેરે વિના પણ, તેની સાથે કામ લઈ શકાય છે, બીજાઓની વચ્ચે કોઈ પણ જાતના હુમલા વગર શકિતપૂર્ણ રીતે જવું એનું કારણ પણ એ જ છે.

બીજા પ્રશ્ન માટે કહેવાનું કે તેના માટે કોઈ સામાન્ય નિયમ નથી, પરંતુ તમારું વલણ તમારા માટે સાચું છે – તમારે કોઈ વિશિષ્ટ શકિતના વિકાસની જરૂર નથી, કારણ કે તમારા વલણની પાછળ એક સચ્ચાઈભર્યું અને વધારે સામાન્ય, વેધક અને વિસ્તૃત ગુણવાળું વલણ છે. બીજાઓ જેમને ખાસ વિકાસની જરૂર લાગે છે તેઓ તેની ખાસ માગણી કરે છે અને તેને પ્રાપ્ત કરે છે.

*

આ નીરવતા એ આંતર ચેતનાની નીરવતા છે. અને તે નીરવતામાં જ બાહ્ય ફેરફારો ક્ષોભ ઉત્પન્ન કરતાં નથી અને ચેતનાની સાચી પ્રક્રિયા તેમાં ક્ષોભ ઉત્પન્ન કર્યા સિવાય આવી શકે છે – સાચાં દર્શનો, સંકલ્પ, લાગણીઓ અને કાર્ય. ત્યાં પણ વ્યકિતને સહેલાઈથી માતાજીના કાર્યની અનુભૂતિ થાય છે. જે ગરમી છે તે અગ્નિની ગરમી હોવી જોઈએ, વિશુદ્ધિ અને તપસ્યાનો અગ્નિ; જ્યારે આંતર કાર્ય ચાલુ હોય છે ત્યારે એવી રીતની ઘણી વખત અનુભૂતિ થાય છે.

લોકોની સાથે વ્યવહાર કરવામાં તમને જે લાગણી થાય છે તે બિલકુલ સાચી છે. આ બધી વસ્તુઓ પ્રત્યે જોવાની તે ચૈતસિક લાગણી છે.

*

તમારા પત્રમાં ઉલ્લેખ કર્યો તે યોગીનો સંદેશો મેં ફરી વખત વાંચ્યો, પરંતુ સંદર્ભ સિવાય તેમાંથી કાંઈ વધારે અથવા વધારે સ્પષ્ટ વસ્તુ સમજી શકાય નહિ. તેમાં બે વિધાનો પૂરતા પ્રમાણમાં સ્પષ્ટ છે. "નીરવતામાં જ્ઞાન છે" – મનની આંતર નીરવતામાં જ સાચું જ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે; કારણ કે મનની સામાન્ય સક્રિયતા ફકત સપાટી ઉપરના વિચારો અને રજૂઆતોનું સર્જન કરે છે અને તે સાચું જ્ઞાન નથી. વાણી સામાન્યતયા બાહ્ય પ્રકૃતિની અભિવ્યકિત હોય છે; તેથી પોતાની જાતને આ પ્રકારની વાણીમાં વધારે પ્રમાણમાં બહાર ફેંકી દેવાથી શકિતનો વ્યય થાય છે અને તે આંતર અવાજ સંભળાતો અટકાવી દે છે, જે અવાજ સાચા જ્ઞાનનો શબ્દ લાવી આપે છે. - - - - -

"સાંભળવામાં તમે જેનો વિચાર કરતા હશો તે પ્રાપ્ત થશે." એટલે કદાચ એવો અર્થ છે કે નીરવતામાં સાચા વિચાર – રૂપો આવે છે જે પોતાની જાતને અસરકારક અથવા સાક્ષાત્કાર પૂર્ણ બનાવી શકે છે. વિચાર એક બલ હોઈ શકે. તે પોતાની જાતને સિદ્ધ કરે છે, પરંતુ સામાન્ય સપાટી ઉપરનો વિચાર એ પ્રકારનો હોતો નથી; તેમાં બીજી કોઈ વસ્તુ કરતાં વધારે શકિતનો વ્યય થાય છે. જે વિચાર અચંચળ અને નીરવ મનમાં આવે છે તેમાં જ શકિત હોય છે.

'ઓછું બોલો અને શકિત પ્રાપ્ત કરો' એમાં પણ તે પ્રકારનો જ અર્થ છે. વ્યકિતના મનની અચંચળતા અને નીરવતામાં કેવળ સાચું જ્ઞાન જ નહિ, પરંતુ વધારે શકિત આવે છે, અને સપાટી ઉપરના પરપોટા થવાને બદલે તે વસ્તુઓ મનના પોતાના ઊંડાણમાં જાય છે, અને વ્યક્તિ ઊર્ધ્વતર ચેતનામાંથી જે વસ્તુઓ આવે છે તેને સાંભળી શકે છે.

કદાચ આ પ્રકારનું કહેવાનો તેમનો અર્થ હોઈ શકે; યોગનો થોડો ઘણો પણ જેને અનુભવ હોય છે તે બધાને આ વસ્તુઓનું જ્ઞાન હોય છે.

*

બાહ્ય સંપર્કના સર્વ આધારમાંથી શાંતિ મુકિત આપે છે. – ગીતા જેને 'આત્મરતિ' કહે છે તે વસ્તુને તે લાવી આપે છે. પરંતુ શરૂઆતમાં જ્યારે તમે બીજાઓની સાથે સંપર્કમાં રહેતા હો છો, ત્યારે તે વસ્તુને તમારી અંદર અકબંધ રાખવામાં મુશ્કેલી પડે છે, કારણ કે ચેતનાને બાહ્ય તરફ વાણીમાં દોડી જવાની અથવા બાહ્ય વસ્તુઓનું આદાન – પ્રદાન કરવાની અથવા સામાન્ય ભૂમિકા ઉપર ઉતરી પડવાની આદત હોય છે. એટલા માટે જ્યાં સુધી તે મક્કમ રીતે પ્રતિષ્ઠિત ન થાય ત્યાં સુધી માણસે ખૂબ સાવધ રહેવું જોઈએ; એક વખત સ્થાપિત થયા પછી, તે પોતાની જાતનું રક્ષણ કરી શકે છે, કારણ કે જે ચેતના ઊર્ધ્વતર શાંતિથી સભર ભરેલી હોય તેના માટે બધા જ બાહ્ય સંપર્કો સપાટી ઉપરની વસ્તુઓ બની જાય છે.

*

તમે નીરવ આંતર ચેતના પ્રાપ્ત કરી છે, પરંતુ તેના ઉપર ક્ષુબ્ધતા છવાઈ જઈ શકે છે – બીજું પગલું બાહ્ય ચેતનામાં સ્થિરતા અને શાંતિ વધારે અને વધારે પ્રમાણમાં પાયા તરીકે સ્થાપિત થવી જોઈએ...... ત્યાર પછી સામાન્ય બળોની લીલા ફકત સપાટી ઉપર જ રહેશે અને તેમની સાથે વધારે સહેલાઈથી કાર્ય કરી શકાશે.

*

તે સાચી રીત છે – ઊર્ધ્વ ચેતનાની શાંતિને ટકાવી રાખવી; ત્યાર પછી પ્રાણમય ક્ષોભ ઉત્પન્ન થાય તો પણ તે ફકત સપાટી ઉપરનો જ હશે. જ્યાં સુધી દિવ્ય બળ સાચા પ્રાણને મુકત કરે ત્યાં સુધી પાયો ટકી રહેશે.

*

જો તમે શાંતિ પ્રાપ્ત કરશો તો પ્રાણને સ્વચ્છ કરવાનું કાર્ય સહેલું બની જશે તેથી તમે તેને સ્વચ્છ કરવાનું જ અને વારંવાર વિશુદ્ધિકરણ કરવાનું જ ચાલુ રાખશો, અને બીજું કાંઈ ન કરો તો તમે બહુ ધીમી પ્રગતિ કરશો – કારણ કે

પ્રાણ જલદીથી ફરીથી ડહોળાઈ જાય છે અને તેને સો વખત શુદ્ધ કરવો પડે છે. શાંતિ પોતે જ એવી વસ્તુ છે જે પોતે જ સ્વચ્છ છે; તેથી તમારા લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે તેને પ્રાપ્ત કરવી, એ વિધાનાત્મક વસ્તુ છે. ગંદકીને ફક્ત શોધવી અને સ્વચ્છ કરવી, એ નકારાત્મક (અભાવાત્મક) વસ્તુ છે.

*

જ્યાં સુધી તમે કાયમ 'નિમ્ન બળો' અને 'હુમલાઓ' અને 'કબજાઓ' વગેરે વિષે વિચાર કર્યા કરો, ત્યાં સુધી તમને શાંતિ અને સ્થિરતા કેવી રીતે પ્રાપ્ત થાય ? જો તમે વસ્તુઓ તરફ નૈસર્ગિક અને સ્થિર રીતે ન જુઓ, તો જ તમને સ્થિરતા અને શાંતિ પ્રાપ્ત થશે.

*

તમારા અગાઉના કરેલા પ્રયત્નોમાં પરિણામ લાવવા માટે તમે અતિ-ઉત્સાહ અને શ્રમ કરેલો છે તેની કોઈ ક્ષતિને લઈને નિરાશા અને પ્રાણમય સંઘર્ષ આવેલાં હોવાં જોઈએ – જેથી કરીને જ્યારે તમારી ચેતનામાં કોઈ પતન આવ્યું ત્યારે તેમાં વિષાદ, નિરાશા અને સંઘર્ષમય પ્રાણ સપાટી ઉપર આવ્યો, તેણે શંકા, વિષાદ અને જડતા, જે પ્રકૃતિની વિરુદ્ધની બાજુઓ છે તેની અંદર શંકાના સૂચનોને પૂર્ણ પ્રવેશ પ્રાપ્ત થયો. તમારે પ્રાણમાં અને શારીરિકમાં સ્થિરતા અને સમતાના અડગ પાયા તરફ ગતિ કરવાની છે, એટલું જ નહિ પરંતુ મનોમય ચેતનામાં પણ તેનાથી ઓછી ગતિ કરવાની નથી; શક્તિ અને આનંદના પૂર્ણ ધોધને નીચે અવતરણ થવા દો, પરંતુ તમારો આધાર તેને ઝીલવા માટે શક્તિશાળી હોવો જોઈએ – તે શક્તિ અને અડગતા જ પૂર્ણ સમતા લાવી આપે છે.

*

શક્તિની ખામીને લઈને નિષ્ફળતા નથી આવી પરંતુ ધીરજની ખામીને લઈને આવી છે. પ્રાણમાં રહેલી અધીરાઈ તથા એક પ્રકારની તીવ્ર ઉતાવળ રહેલી છે. જે વિગતથી અને ખંતથી સંભાળપૂર્વક કાર્ય કરવું જોઈએ તેની તમારામાં ખામી છે. તમારે એક આંતર નીરવતા તથા સઘન સામર્થ્ય અને બળની ખાસ જરૂર છે, જે આ આંતર નીરવતા મારફને કાર્ય કરે અને પ્રાણને પોતાનું કરણ બનાવે, પરંતુ તેની ક્ષતિઓ વડે કાર્યમાં તેને કોઈ શરતો મૂકવા ન દેવી જોઈએ.

*

સૌથી પ્રથમ હૃદયમાં અને નાભીમાં શાંતિને નીચે ઉતારવી પડે છે. તે એક પ્રકારની આંતર – સ્થિરતા આપે છે – જો કે પૂર્ણ રીતની નહિ. અભીપ્સા એક સમર્થ અચંચળ સંકલ્પ અને પરમાત્મા તરફ જે કોઈ વસ્તુ વળેલી ન હોય, એવી

વસ્તુનો તમારા સ્વરૂપના ભાગોમાં ઇન્કાર કરવો અને શાંતિને તે ભાગમાં બોલાવવી – અહીં ઊર્મિમય અને ઊર્ધ્વ પ્રાણ – ની શાંતિ તેના કરતાં કોઈ બીજી પદ્ધતિ તેને માટે યોગ્ય નથી.

*

વિશ્વરૂપતાની ગતિ પોતે જ પ્રાણને ખલેલ કરતી અટકાવી શકતી નથી – પૂર્ણ સમર્પણ અને શાંતિનું સ્વરૂપના સર્વ ભાગોમાં સંપૂર્ણ અવતરણ છેક સ્થૂલ ભાગ સુધી થાય તો જ તે પ્રમાણે બની શકે છે.

*

મન અને પ્રાણ સ્થૂલ તત્ત્વ કરતાં વૈશ્વિક બલો પ્રત્યે વધારે ખુલ્લાં હોય છે. પરંતુ જ્યાં સુધી ઊર્ધ્વમાંથી આવતી શાંતિનો તેઓ સ્વીકાર કરતા નથી, ત્યાં સુધી ભૌતિક તત્ત્વ કરતાં તેઓ વધારે ચંચળ હોઈ શકે છે.

*

ઊર્ધ્વમાંથી તમારામાં સ્થિરતા આવી અને તમારી ઊર્ધ્વ શકિત પ્રત્યેનો સંબંધ બાંધી આપ્યો; અને જો તમે તેને મક્કમ રીતે પકડી રાખો તો તમે સ્થિર રહી શકશો. પરંતુ આ પ્રાણમય પદાર્થોથી મુકત બનવા માટે તમારે ઊર્ધ્વમાં જે શકિત અને સંકલ્પ રહેલાં છે તેને નીચે ઉતારી લાવવાં પડશે – અથવા ઓછામાં ઓછું તમારે તેમની સાથે સંપર્ક રાખવો પડશે, જેથી કરીને તમે તેને જ્યારે પણ અવિદ્યાના બળોની સામે રક્ષણ કરવા માટે પુકાર કરો, ત્યારે તેઓ તે કાર્ય કરી શકે.

*

બધી જ પરિસ્થિતિઓમાં, સ્વરૂપના સર્વ ભાગોમાં સમતા અને શાંતિ હોવાં એ યૌગિક અવસ્થાનો પ્રથમ પાયો છે. પ્રકાશ (જે તેની સાથે જ્ઞાન લઈ આવે છે) અથવા દિવ્ય બલ (જે ઘણા પ્રકારનું સામર્થ્ય તથા સક્રિયતા લાવે છે) અથવા આનંદ (જે અસ્તિત્વનો પ્રેમ અને આનંદને લઈ આવે છે) તે ત્યાર પછીથી આવી શકે છે અને તે પ્રકૃતિના વલણ અનુસાર આવે છે. પરંતુ શાંતિ એ પ્રથમ અવસ્થા છે જેના સિવાય કોઈ પણ વસ્તુ સ્થિરતાથી ટકી શકે નહિ.

*

એ સાચી હકીકત છે કે સાધકના પોતાનામાં જે કાંઈ સૌથી સમર્થ વસ્તુ હોય તેની મારફતે તે પરમાત્મા પ્રત્યે ખૂબ સહેલાઈથી ખુલ્લો થઈ શકે છે. પરંતુ --- બધા જ માટે શાંતિ ખાસ જરૂરી છે; શાંતિ અને વૃદ્ધિ પામતી શુદ્ધિ વગર વ્યકિત પ્રભુ પ્રત્યે ખુલ્લી થાય છતાં તે ખુલ્લાપણા મારફતે આવતી બધી વસ્તુઓને

પૂર્ણ રીતે ગ્રહણ કરી શકે નહિ, બધા જ માટે પ્રકાશ પણ જરૂરી છે. પ્રકાશ વગર કોઈ પણ વ્યકિત જે વસ્તુઓનું નીચે અવતરણ થાય તેનો પૂર્ણ લાભ ઉઠાવી શકે નહિ.

*

જયારે મન નીરવ હોય છે ત્યારે તેમાં શાંતિ આવે છે. અને શાંતિમાં બધી જ દિવ્ય વસ્તુઓ આવી શકે છે. જયારે મન હાજર હોતું નથી ત્યારે આત્મા હાજર હોય છે અને આત્મા મન કરતાં વધારે મહાન છે.

*

નીરવતા અને શાંતિ પોતે જ ઊર્ધ્વતર ચેતનાનો ભાગ હોય છે – બાકીની બધી વસ્તુઓ નીરવતા અને શાંતિમાં આવે છે.

*

એ વૈશ્નવ ભાવ છે કે વેદાન્તની શાંતિ હોવી એટલું પૂરતું નથી, પ્રભુનો પ્રેમ અને આનંદ વધારે કીમતી છે. પરંતુ બન્ને વસ્તુઓ જયાં સુધી એક સાથે હોતી નથી ત્યાં સુધી પ્રેમ અને આનંદની તીવ્ર અનુભૂતિ કદાચ હોઈ શકે, પરંતુ તે કાયમી હોતી નથી ; અને એ વસ્તુ પણ સાચી છે કે તે સહેલાઈથી એક મિશ્રણ બની જાય છે, જે ખોટી દિશા તરફ દોરવાઈ જાય છે, અથવા એવી વસ્તુ તરફ વળી જાય છે જે બિલકુલ સાચી વસ્તુ હોતી નથી.

*

છેવટે તમને સાધનાનો સાચો પાયો પ્રાપ્ત થયો છે. આ સ્થિરતા, શાંતિ અને સમર્પણ બીજી બધી વસ્તુઓને લાવવા માટેનું, જ્ઞાન, સામર્થ્ય અને આનંદનું, સાચું વાતાવરણ છે તેને પૂર્ણ બનાવો.

જયારે તમે કાર્યમાં વ્યસ્ત રહો છો ત્યારે તે શાંતિ રહેલી નથી, કારણ કે તે ફકત હજુ મનમાં જ રહેલી છે, અને મનને હમણાં જ નીરવતાની ભેટ મળેલી છે. જયારે નવીન ચેતના પૂર્ણ રીતે રચાશે અને તે પ્રાણમય પ્રકૃતિનો અને શારીરિક પુરુષનો પૂર્ણ કબજો લઈ લેશે (પ્રાણને હજુ નીરવતાએ સ્પર્શ જ કરેલો છે અથવા થોડી પકડમાં લીધેલ છે, તેનો કબજો લેવાયો નથી) ત્યાર પછી આ ખામી અદૃશ્ય થશે.

અત્યારે તમારા મનમાં જે શાંતિ યુકત અચંચળ ચેતના છે તે ફકત સ્થિર બનવી જોઈએ એટલું જ નહિ પરંતુ વિશાળ પણ બનવી જોઈએ. તમારે તે વસ્તુની સર્વત્ર અનુભૂતિ કરવી જોઈએ ; તમારી જાતની અને સર્વ વસ્તુઓની પણ તેની અંદર અનુભૂતિ કરવી જોઈએ. તમારી પદ્ધતિમાં શકિત નીચે અવતરણ

કરી શકશે અને તેમાં શક્તિ અને પ્રકાશ તેમ જ શાંતિ પણ લાવી શકશે. તમારી અંદર તમને જે વસ્તુ સાંકડી અને મર્યાદિત લાગે છે, તે ભાગ સ્થૂલ મન છે; તે ત્યારે જ વિશાળ થઈ શકે, જ્યારે આ વધારે વિશાળ ચેતના અને પ્રકાશ નીચે આવીને તમારી પ્રકૃતિનો કબજો લઈ લે.

તમે જે શારીરિક જડતાથી દુઃખી થાઓ છો તે ઓછી થવાની શકયતા છે અને ત્યારે જ તે અદૃશ્ય થશે જ્યારે તમારી પદ્ધતિમાં ઊર્ધ્વમાંથી બળનું નીચે અવતરણ થશે.

અચંચળ રહો, તમારી જાતને ખુલ્લી કરો, અને દિવ્ય શકિતને તમારી સ્થિરતા અને શાંતિના સ્થાપન માટે પુકાર કરો, જે તમારી ચેતનાને વિશાળ બનાવે. તમે હાલમાં જેટલા પ્રમાણમાં પ્રકાશ અને શકિતને ગ્રહણ કરીને પચાવી શકો, એટલા પ્રમાણમાં તેને નીચે ઉતરવા દો.

ધ્યાન રાખો કે તમે અતિ ઉત્સાહી ન બની જાઓ, કારણ કે તેમ કરવાથી સ્થિરતા અને સમતા વિચલિત થઈ જઈ શકે છે, કારણ કે હાલ તે વસ્તુ પ્રાણમય પ્રકૃતિમાં અત્યારે સ્થાપિત થઈ ગયેલી છે.

અંતિમ પરિણામમાં વિશ્વાસ રાખો અને દિવ્ય શકિતને તેનું કાર્ય કરવા માટે સમય આપો.

*

જો અભીપ્સા ન હોય તો જે વસ્તુ જરૂરી છે, તેનો ખ્યાલ ખાસ રાખો—

(૧) કે નીરવતા અને શાંતિ એટલી વિશાળતામાં પરિણમશે જેને તમે તમારા આત્મા તરીકે સાક્ષાત્કાર કરી શકો –

(૨) નીરવ ચેતનાનું ઊર્ધ્વ તરફનું એટલી સરસ રીતનું વિસ્તૃતીકરણ બનવું જોઈએ કે તેનો મૂળ સ્રોત તમારાથી ઊર્ધ્વમાં રહેલો છે તેની તમને અનુભૂતિ થાય —

(૩) શાંતિ વગેરેની હાજરી સર્વ સમયે ટકી રહે. આ બધી વસ્તુ તાત્કાલિક આવવી જરૂરી નથી. પરંતુ તમારા મનમાં કઈ વસ્તુને પ્રાપ્ત કરવી છે તેના વિષે સભાન રહેવું અને કોઈ પણ રીતની જડતા તરફ પતન થતું હોય એવી સ્થિતિનો ત્યાગ કરવો.

*

યૌગિક ચેતનાનો પાયો વિશાળતા અને સ્થિરતા છે અને તે જ આંતરવિકાસ અને અનુભૂતિ માટેની ઉત્તમ પરિસ્થિતિ છે. જો શારીરિક ચેતનામાં વિશાળ

સ્થિરતાનું સ્થાપન થઈ શકે, અને તે શરીર અને તેના કોષોને પણ ભરી દે, તો તે તેના રૂપાંતર માટેનો પાયો બની શકે, હકીકતમાં આ વિશાળતા અને સ્થિરતા સિવાય રૂપાંતર ભાગ્યે જ બને.

*

હવે જ તમે સાચી મૂળભૂત ચેતનાને પ્રાપ્ત કરી છે, નિમ્ન વૈશ્વિક પ્રકૃતિની તામસિક અને અન્ય ગતિઓ અચૂક અંદર આવવા માટે પ્રયત્ન કરવાની જ, પરંતુ જો માણસના આંતર સ્વરૂપમાં સ્થિરતા હોય, તો તે વસ્તુઓને તે પોતાના સ્વરૂપથી વિદેશી વસ્તુઓ હોય એમ અનુભવે છે. અને ચૈત્ય પુરુષનો પ્રકાશ તેમને ખુલ્લાં કરીને તેમનો સતત ઈનકાર કરે છે ત્યારે જ એવી સત્ય ચેતના પ્રાપ્ત થાય છે, જે માણસને સહિસલામત રાખે છે અને તે દરમિયાન વધારે વિધાનાત્મક રૂપાંતર તૈયાર થતું હોય છે અથવા બની આવે છે.

ઊર્ધ્વમાંથી આવતા બળ, પ્રકાશ, જ્ઞાન, આનંદ વગેરેના અવતરણથી રૂપાંતર આવે છે. તેથી તમારે એક સ્થિર ચેતનામાં ખુલ્લાં થવું જોઈએ એમ અનુભવો છો અથવા ઊર્ધ્વમાંથી આવતા પ્રકાશના અવતરણનું આહવાન કરવું જોઈએ, તેમાં તમે સાચા છો. ફકત તે અભીપ્સા આવી સ્થિરતા અને વિશાળતામાંથી થવી જોઈએ અને તે બિલકુલ ખલેલરૂપ ન હોવી જોઈએ – અને તાત્કાલિક પરિણામ ન આવે તે માટે પણ તમારે તૈયારી બતાવવા તૈયાર રહેવું જોઈએ – તે ઝડપથી પણ આવે, પરંતુ તે થોડો વધારે સમય પણ લે.

*

તમને જે આ ‘નક્કર ચિલા’નો અનુભવ થાય છે તે એક સઘન બળ તથા શાંતિનું બાહ્ય સ્વરૂપમાં થતા અનુભવનું સૂચન છે. પરંતુ તે ઘણું કરીને પ્રાણમય – શારીરિકનું સૂચન છે. કાયમ આ વસ્તુ જ તેવો પાયો હોય છે, એવો ખાતરીબંધ પાયો જેમાં બીજી બધી વસ્તુઓ (આનંદ, પ્રકાશ, જ્ઞાન, ભકિત)માં, ભાવિમાં આવતી વસ્તુઓનું અવતરણ થશે અને તે પાયા ઉપર રહીને તે સહિસલામતિથી લીલા કરી શકશે. બીજી અનુભૂતિમાં તમને તમારું શરીર અક્કડ અથવા જડ જેવું બની ગયું તે એટલા માટે કે તે ગતિ આંતરસ્વરૂપની ગતિ હતી; પરંતુ અહીં ‘યોગશકિત’ અંદરથી બાહ્ય સ્વરૂપમાં આવે છે અને બાહ્ય પ્રકૃતિ વિષે સંપૂર્ણ સભાન છે – અને તે યોગના સ્થાપન તરફનું અને તેની ત્યાં થતી અનુભૂતિના પ્રથમ પગથિયા તરીકેનું સ્થાપન છે. તેથી અક્કડપણું એ ચેતનાની એવી નિશાની હતી જે બહિર્મુખ ભાગોમાંથી પાછા વળવાનું વલણ ધરાવતી હતી, તે ત્યાં ગેરહાજર છે.

*

શાંતિથી પૂર્ણ રહેવું, હૃદય અચંચળ હોવું, શોકથી મૂંઝાયેલું ન હોવું, અને આનંદોથી ઉશ્કેરાઈ ન જવું, એ ઘણી સારી સ્થિતિ છે. આનંદ, પૂર્ણ તીવ્રતાથી ન આવી શકે, પણ વધારે ખંતથી ટકી શકે છે. જ્યારે મન શાંતિથી ભરેલું હોય અને હૃદય સામાન્ય આનંદ અને વિષાદથી મુક્ત હોય. જો મન અને હૃદય બેચેન હોય, વારંવાર તેમની સ્થિતિ બદલાતી હોય, અસ્થિર હોય તો પણ કોઈ પ્રકારનો આનંદ આવી શકે, પરંતુ તેમાં પ્રાણનો આનંદ ટકી શકે નહિ. પ્રથમ તો માણસે શાંતિ અને સ્થિરતાને ચેતનામાં ટકાવાં જોઈએ, તો પછી એક નક્કર પાયો ઘડાય જેના ઉપર આનંદ વિસ્તાર પામી શકે અને તેને પરિણામે તે ચેતના અને પ્રકૃતિનો એક ટકાઉ ભાગ બની શકે.

*

સ્થિરતાનો મહાન તરંગ (અથવા સમુદ્રનો) અને એક વિશાળ અને પ્રકાશિત દિવ્ય વાસ્તવિકતાની સતત ચેતના – મન અને આત્માના ઉપર પરમ સત્યના મૂળભૂત સાક્ષાત્કારનો પ્રથમ સ્પર્શ કરે, એ જ તેનો સ્પષ્ટ રીતનો ગુણ રહેલો છે. માણસ તેના કરતાં વધારે સારી શરૂઆત અથવા પાયાની માગણી કરી શકે નહિ – તે અનુભૂતિ એક નક્કર ખડક જેવી છે જેના ઉપર બાકી બધી રચના થઈ શકે. તેનો અર્થ કેવળ એક હાજરી જ નહિ પરંતુ સાક્ષાત્ દિવ્ય પ્રભુની સન્નિધિ - છે અને તે અનુભૂતિનો અસ્વીકાર અથવા તેના સ્વરૂપ વિષે શંકા લાવવી એટલે તે અનુભૂતિને નિર્બળ બનાવવી–એ મહાન ભૂલ છે.

તેની વ્યાખ્યા આપવી જરૂરી નથી અને માણસે કદી આ વસ્તુને કોઈ પ્રતિમામાં ફેરવી નાખવી ન જોઈએ. કારણ કે આ દિવ્ય હાજરી તેના સ્વરૂપમાં અનંત છે. તેને પોતાને જે રીતનો આવિર્ભાવ કરવો હશે અથવા પોતાનામાંથી જે આવિર્ભાવ કરવાનો હશે તે જો તમે એક ટકાઉ સ્વીકાર રાખશો તો અનિવાર્ય રીતે પોતાની શક્તિથી જ કરશે.

એ બિલકુલ સાચું છે કે એ એક પ્રભુએ મોકલેલી દિવ્ય કૃપા છે અને આ કૃપા માટેનો બદલો વાળવા માટે તેનો સ્વીકાર કરવો, કૃતજ્ઞતા દર્શાવવી અને શક્તિએ ચેતનાના વિકાસ માટે જે વસ્તુનો સ્પર્શ કરેલો છે તેને તેનું કાર્ય કરવા અનુમતિ આપવી અને આપણા સ્વરૂપમાં તેને જે વિકાસ કરવો હોય તે કરવા દેવો – અને તમારી જાતને તેના પ્રત્યે ખુલ્લી કરવી. પ્રકૃતિનું રૂપાંતર એક ક્ષણમાં થઈ શકતું નથી; તેને લાંબો સમય લાગે છે અને તેના માટે અમુક તબક્કાઓમાંથી પસાર થવું પડે છે; અત્યારે તમને જે અનુભૂતિ થઈ છે તે એક પ્રકારની દિક્ષા

છે, નવીન ચેતના માટેનો એક પાયો તૈયાર થાય છે, જેમાં રૂપાંતર શક્ય બનશે. અનુભૂતિની જે સ્વયંભૂ નૈસર્ગિક વસ્તુ બની આવી છે તે એમ દર્શાવે છે કે તે મન, સંકલ્પ, અથવા ઊર્મિઓની કોઈ રચના નથી; તે એક એવા સત્યમાંથી આવેલ છે જે આ બધી વસ્તુએ કરતાં કોઈ ઊર્ધ્વ પ્રદેશમાંથી આવેલ છે.

*

જો તમે વિશાળતા અને સ્થિરતા ટકાવી રાખશો અને માતાજી પ્રત્યેના પ્રેમને હૃદયમાં ધારણ કરી રાખશો તો બધી જ વસ્તુ સહિસલામત છે કારણ કે તેનો અર્થ યોગનો તમારી અંદર બેવડો પાયો છે. ઊર્ધ્વમાંથી અવતરણ કરતી ઊર્ધ્વતર ચેતનાની સાથે, શાંતિ, મુકિત અને પવિત્રતા તથા ચૈત્ય પુરુષનું ઉદ્‌ઘાટન, જે સમગ્ર પ્રયત્નને અથવા બધી નૈસર્ગિક ગતિઓને સાચા લક્ષ્ય તરફ વાળે છે.

*

તમને જે અચંચળતા અને નિશ્ચલ નીરવતાનો અનુભવ થાય છે અને તેમાં પ્રફુલ્લિતતા લાગે છે તે સફળ સાધનાનો ખરેખર સાચો પાયો છે. માણસને જ્યારે આ વસ્તુ પ્રાપ્ત થાય છે ત્યારે તેણે ખાતરી રાખવી કે સાધના સાચા પાયા ઉપર પ્રતિષ્ઠિત થયેલી છે. તમે એ પ્રમાણે વિચારો છો કે જો આ અચંચળતા પૂર્ણ રીતે પ્રતિષ્ઠિત થાય તો જે કોઈ વસ્તુ અંતરમાં ગુપ્ત ઢંકાયેલી છે તે બહાર આવશે, તેમાં પણ તમે સાચા છો, એ પણ સાચું છે કે આ શાંતિમાં જે સુખ પ્રાપ્ત થાય છે તે બહારનો કોઈ પણ પદાર્થ જે સુખ લાવી શકે, તેના કરતાં ઘણું વધારે મહાન સુખ છે – તેની કોઈ પણ સુખની સાથે સરખામણી થઈ શકે નહિ – બાહ્ય વસ્તુઓના આકર્ષણથી અનાસકત રહેવું એ યોગનો પ્રથમ નિયમ છે. કારણ કે આ અનાસકિત આંતર સ્વરૂપને શાંતિ અને સાચી ચેતનામાં મુક્ત કરે છે. જ્યારે કોઈ વ્યકિત બધી વસ્તુઓમાં પરમાત્માને જુએ છે ત્યારે તે પદાર્થો યોગ માટે કીમતી બને છે, તેમ છતાં તેમના પોતાના માટે નહિ અથવા પોતાની કામના માટેની વસ્તુઓ તરીકે નહિ, પરંતુ પોતાની અંદર રહેલા પરમાત્મા માટે, અને પરમાત્માના કાર્ય અને આવિર્ભાવ માટેના કરણ તરીકે, તેમની કિંમત હોય છે.

*

૪

સમતા એટલે બધી જ પરિસ્થિતિઓમાં અચળ રહેવું.

*

સમતા એ સાચી આધ્યાત્મિક ચેતનાનો મુખ્ય આધાર છે. અને જ્યારે લાગણી અથવા વાણી અથવા કાર્યમાં સાધક પોતાની જાતને પ્રાણમય ગતિમાં ખેંચી જવાની મંજૂરી આપે છે, ત્યારે તે પાયામાંથી આડમાર્ગે ચડી જાય છે. સમતા અને તિતિક્ષા બન્ને એક જ વસ્તુ નથી. જો કે બેશક એક સ્થિર સમતા માણસની સહન કરવાની શક્તિને તથા તિતિક્ષાને અનેકો રીતનો વિસ્તાર કરી આપે છે.

સમતા એટલે અચંચળ અને સ્થિર મન તથા પ્રાણ. એનો અર્થ કે જે વસ્તુઓ બને, જે વસ્તુઓ તમને કહેવામાં આવે અથવા તમારી સાથે કરવામાં આવે તેનો તમને સ્પર્શ પણ ન થવો જોઈએ અથવા તેનાથી તમારે ક્ષુબ્ધ પણ ન થવું જોઈએ પરંતુ તેમની સાથે સીધી જ નજર કરવી, અંગત લાગણીઓથી ઉત્પન્ન થતી વિકૃતિઓથી મુકત થવું, અને તેમની પાછળ કઈ વસ્તુ રહેલી છે તેને સમજવા પ્રયત્ન કરવો તથા શા માટે બને છે, તેમનામાંથી શું શીખવાનું છે, પોતાની અંદર એવી કઈ વસ્તુ છે જેને લઈને પોતાના ઉપર તે વસ્તુઓ ફેંકવામાં આવી છે અને પોતે તે વસ્તુઓમાંથી કયો આંતરિક ફાયદો અથવા પ્રગતિ પ્રાપ્ત કરે છે તે સમજવું; તેનો અર્થ કે પ્રાણમય ગતિઓ ઉપર પ્રભુત્વ સ્થાપન કરવું — ક્રોધ અને સંવેદનશીલતા તેમ જ કામનાઓ અને બીજી બધી વસ્તુઓ ઉપર પણ કાબૂ પ્રાપ્ત કરવો – પ્રાણમય સ્વરૂપને તેમના કાબૂમાં ન આવવા દેવું અને આંતર-શાંતિને વિચલિત ન થવા દેવી, આ બધી વસ્તુઓના ઘસારા અને દબાણ નીચે વાણી વ્યક્ત ન કરવી અને કાર્ય ન કરવું, અને આત્માની આંતર સમતાની સ્થિરતામાંથી જ કાર્ય કરવું અને બોલવું, આવી સમતા પૂર્ણ પ્રમાણમાં પ્રાપ્ત કરવી એ સહેલું નથી, પણ માણસે પોતાની આંતર અવસ્થા અથવા બાહ્ય સક્રિયતામાં તેનું સ્થાપન કરવા માટે વધુ ને વધુ પ્રયત્ન કરવો.

સમતાનો બીજો અર્થ પણ થાય છે – માણસો અને તેમની પ્રકૃતિ તથા તેમના કાર્યો અને જે બલો તેમને ગતિ આપે છે તેમના ઉપર સમદૃષ્ટિ રાખવી; તેને લઈને તેમના વિષેનું સત્ય જોવામાં તે મદદરૂપ બને છે. તેને લઈને પોતાની દૃષ્ટિમાં અને પોતે તેના વિષે બાંધેલાં નિર્ણયો અને બધા જ મનના પૂર્વગ્રહોને તથા પોતાની અંગત લાગણીઓને બહાર ધકેલી શકાય છે. વ્યકિતગત અંગત લાગણી કાયમ વિકૃતિ લાવે છે. અને બીજા માણસોના કાર્યમાં, ફક્ત તેમના કાર્યોને પોતાને જ નહિ પરંતુ તે કાર્યોની પાછળ જે વસ્તુઓ રહેલી છે તે, અથવા તો જે વસ્તુઓ ઘણે ભાગે રહેલી નથી હોતી તેનું પણ, માણસ નિરીક્ષણ કરે છે. જે ગેરસમજ અને અન્યાય દૂર થવો જોઈએ તે પરિણામે જોવામાં આવે છે; નાની તુચ્છ બાબતો વિશાળ કદની બને છે. મેં જોયું છે કે, જીવનમાં આ પ્રકારની બાહ્ય

ઘટનાઓનો અર્ધાથી પણ વધારે હિસ્સો આ વસ્તુને પરિણામે આવે છે. પરંતુ સામાન્ય જીવનમાં અંગત લાગણીઓ અને સંવેદનશીલતા માનવ પ્રકૃતિનો એક સતત રહેલો ભાગ છે; અને તે આત્મરક્ષણ માટે જરૂરી હોઈ શકે, જો કે હું માનું છું કે, તેમાં પણ માણસો અને વસ્તુઓ પ્રત્યે એક સમર્થ, વિશાળ અને સમતાયુક્ત વલણ વધારે સારો આત્મરક્ષણ માટેનો માર્ગ છે. પરંતુ સાધક માટે તે વસ્તુઓ ઉપર વિજય પ્રાપ્ત કરવો અને આત્માના સ્થિર સામર્થ્યમાં જીવન ધારણ કરવું તે તેની પ્રગતિ માટેનો અગત્યનો ભાગ છે.

આંતર પ્રગતિની પ્રથમ શરત આ છે. તમારી પ્રકૃતિનાં કોઈ પણ ભાગમાં જે કોઈ વસ્તુ છે અથવા ખોટી છે તેને ઓળખવી – અસત્ય વિચાર, અસત્ય લાગણી, અસત્ય વાણી કે ખોટું કાર્ય – અને ખોટાનો અર્થ, જે સત્યથી જુદું હોય, જે ઊર્ધ્વતર ચેતના અને ઊર્ધ્વતર સત્‌થી ભિન્ન હોય, જે પ્રભુના માર્ગથી આડમાર્ગનું હોય તેવો અર્થ લેવાનો છે. એક વખત જો તે વસ્તુ સ્વીકારવામાં આવે, નહિ કે તેને ઉડાવી દેવી, તેનો બચાવ કરવો – અને તેને પરમાત્માને અર્પણ કરવામાં આવે, અને તેનો અને દિવ્ય કૃપા નીચે ઉતરીને તે સ્થાને પ્રસ્થાપન થાય, તો સત્ય ચેતનાની સાચી ગતિનું સ્થાપન થાય.

*

'સમતા' સિવાય સાધનામાં કોઈ અડગ પાયાનું સ્થાપન થઈ શકે નહિ. સંજોગો ગમે તેવા અરુચિકર હોય, બીજાઓનું વર્તન ગમે તેટલું અસંમતિપૂર્વકનું હોય, તમારે તે વસ્તુઓને એક પૂર્ણ સ્થિરતાથી અને કોઈ પણ દખલ કરનાર પ્રત્યાઘાત વગર સ્વીકારવી જોઈએ. આ વસ્તુઓ જ સમતાની કસોટીરૂપ છે. જ્યાં સુધી વસ્તુઓ સારી રીતે ચાલ્યા કરે અને લોકો અને સંજોગો રુચિકર હોય, ત્યાં સુધી સ્થિર અને સમતાયુક્ત રહેવું સહેલું છે; જ્યારે તે વસ્તુઓ તેનાથી વિરુદ્ધ હોય, ત્યારે જ સ્થિરતા શાંતિ અને સમતાની પૂર્ણતા કસોટીમાંથી પાર ઉતરે છે તે ફરીથી સ્થાપન થાય છે અને પૂર્ણ બને છે.

*

એ ઘણું સારું છે કે તમને આ અનુભૂતિ થઈ આવી; કારણ કે આ પ્રકારની સમતાથી પૂર્ણ ચેતનાને પ્રાપ્ત કરવાની છે અને એક એવો પાયો છે જેના ઉપર એક નક્કર માતાજીની હાજરીથી પૂર્ણ યોગિક ચેતનાનું ઘડતર થઈ શકે. તે વસ્તુ પ્રતિષ્ઠિત થાય તો સાધનાની તકલીફો અને મુશ્કેલીઓનો ઘણો મોટો ભાગ અદૃશ્ય થઈ જાય છે – આ બધી ક્ષુબ્ધતાઓ અને બેચેનીઓ, જે પ્રગતિને ભાંગી પાડે છે, અથવા અટકાવી દે છે, તેના સિવાય બધા જરૂરી પરિવર્તનો સ્થિરતાથી

સ્થાપન થાય. તે ઉપરાંત તેમાં માણસો અને વસ્તુઓ તથા તેમની સાથે ઘર્ષણ વગર કેવી રીતે કામ પાડવું, તેની સાચી અને સ્વચ્છ સમજનો વિકાસ થાય છે, અને તેને લઈને કાર્યપદ્ધતિ તથા કાર્ય વધારે સરળ બની શકે છે. એક વખત આ ચેતના આવે પછી ફરીથી જરૂર આવશે જ અને તેમાં વિકાસ થશે.

*

લોકો શું કહે છે, અથવા તેઓ કેવા સૂચન આપે છે તે સાંભળવાનો કોઈ અર્થ નથી. બંને એવી વસ્તુઓ છે જેનાથી આપણને કોઈ અસર ન થાય, તે શીખવાનું છે. આવી વસ્તુઓમાં અમુક પ્રકારની સમતાની જરૂર છે. જેથી કરીને આપણામાં મક્કમ સમતુલા આવે. એક જ વસ્તુ જરૂરી છે અને તે પ્રભુનો સાક્ષાત્કાર.

*

તેમાં ઇન્દ્રિયોની સાચી સક્રિયતામાં પરમાત્માની નોંધ લેવાની હોય છે. અથવા વસ્તુઓના સાચા દેખાવને ધ્યાનમાં લઈને એકસરખા આનંદનો સાચો પ્રતિભાવ તેમના પ્રત્યે મોકલવાનો હોય છે. અને તેમાં કોઈ નાખુશી કે કામના ન હોવી જોઈએ.

*

પૂર્ણ સમતાના સ્થાપન માટે લાંબો સમય લાગે છે અને તેનો આધાર ત્રણ વસ્તુઓ ઉપર હોય છે. આંતરિક સમર્પણથી આત્માનું પરમાત્માને સ્વાર્પણ, ઊર્ધ્વમાંથી આધ્યાત્મિક સ્થિરતા અને શાંતિનું અવતરણ અને સમતાની વિરુદ્ધની જે કોઈ અહંકાર યુક્ત, રાજસિક અને અન્ય લાગણીઓ હોય તેમનો સ્થિરતાથી, લાંબા સમય સુધી ધીરજપૂર્વકનો ઇનકાર.

પ્રથમ વસ્તુ પૂર્ણ નિવેદન અને હૃદયનું પ્રભુને અર્પણ કરવાની છે. આધ્યાત્મિક સ્થિરતા અને સમર્પણના વિકાસની સ્થિતિ અસરકારક બને, એટલા માટે અહંકાર અને રજોગુણ વગેરેનો ઇનકાર કરવો જરૂરી છે.

*

જ્યારે ઊર્ધ્વતર ચેતનાની શાંતિનું અવતરણ થાય છે, ત્યારે તે તેની સાથે સમતાનું વલણ લઈ આવે છે, કારણ કે સમતા વગર શાંતિ ઉપર નિમ્ન પ્રકૃતિના તરંગોના હલ્લાઓને કાયમ આવવાની શકયતાઓ હોય છે.

*

સમતા આ યોગનો ઘણો અગત્યનો ભાગ છે. દર્દ અને વેદના વચ્ચે સમતા જાળવી રાખવી એ જરૂરી છે – અને તેનો અર્થ કે મક્કમ સ્થિરતાપૂર્વકનું સહન કરવું, બેચેન, દુઃખી, નિરાશ કે ખિન્ન ન થવું અને પરમાત્માની ઇચ્છામાં અટલ

શ્રદ્ધા રાખીને કાર્ય કરવું. પરંતુ સમતા એટલે જે કાંઈ બને તે જડ બનીને સ્વીકારી લેવું એમ નહિ. દા. ત. જો કોઈ પ્રયત્નમાં તાત્કાલિક નિષ્ફળતા પ્રાપ્ત થાય તો સાધકે સમતા રાખી વિચલિત કે ઉત્સાહ વગરના ન બનવું. પરંતુ એ અસફળતા પ્રભુની ઈચ્છા કે સૂચના છે એમ ન સ્વીકારવું, તેમ જ પ્રયત્નનો ત્યાગ પણ ન કરવો, પરંતુ નિષ્ફળતા કેમ આવી તેના કારણો શોધવાં અને શ્રદ્ધાપૂર્વક વિજય પ્રત્યે આગેકૂચ કરવી. એ જ પ્રમાણે માંદગી વિષે – તમારે મૂંઝાયેલા તેમ જ ચંચળ કે બેચેન ન બનવું. અને તે પણ માંદગી એ પ્રભુની ઈચ્છા છે એમ સ્વીકારી ન લેવું. જેમ પ્રાણની અપૂર્ણતાઓ અગર મનની ભૂલોનો ત્યાગ કરવા પ્રયત્ન કરીએ છીએ, તે પ્રમાણે જ માંદગીને શરીરની કોઈ અપૂર્ણતા સમજી તેમાંથી મુકત થવા પ્રયત્ન કરવો.

યૌગિક **સમતા** એ આત્માની સમતા છે, એવી સમતા જે એક આત્માના જ ભાવ ઉપર તેમ જ સર્વત્ર રહેલા પરમાત્મા ઉપર રચાયેલી છે – આવિર્ભાવમાં રહેલી વિભિન્નતાઓની, ભિન્ન ભિન્ન કક્ષાઓ અને ભેદો હોવા છતાં, એકમેવ પરમાત્માને જોવો એ સમતા છે. સમતાનો મનોમય સિદ્ધાંત, આ વસ્તુઓની ઉપેક્ષા કરવા પ્રયત્ન કરે છે અથવા બધી ભિન્નતાઓ, જુદી જુદી કક્ષાઓ અને ભેદોનો નાશ કરવા પ્રયત્ન કરે છે, જાણે કે ત્યાં બધી જ વસ્તુઓ એકસરખી હોય છે અથવા બધી વસ્તુઓને એકસરખી બનાવવાનો પ્રયત્ન કરે છે. તે હૃદયના દૃષ્ટાંત જેવું છે, જે રામકૃષ્ણનો ભત્રીજો હતો. જ્યારે રામકૃષ્ણએ તેને દિવ્ય સ્પર્શ આપ્યો ત્યારે તેણે બૂમાબૂમ કરી મૂકી, "રામકૃષ્ણ, તમે બ્રહ્મ છો અને હું પણ બ્રહ્મ છું, આપણા બેની વચ્ચે કોઈ ભેદ નથી," અને જ્યાં સુધી રામકૃષ્ણએ તેનામાંથી શક્તિ પાછી ખેંચી ન લીધી ત્યાં સુધી તેણે શાંત થવાનો ઈનકાર ચાલુ રાખ્યો, અથવા તે વસ્તુ પેલા શિષ્યના દૃષ્ટાંત જેવી હોય છે. તેણે હાથી પાસે ઊભા રહીને મહાવતની ચેતવણી સાંભળવાની ના પાડી અને બોલતો રહ્યો, "હું બ્રહ્મ છું" અને હાથીએ તેને તેની સૂંઢમાં પકડીને બાજુએ ખસેડી દીધો. જ્યારે તેણે ગુરુ પાસે ફરિયાદ કરી ત્યારે ગુરુએ કહ્યું, "હા, એ સાચું, પરંતુ તેં "મહાવત બ્રહ્મનું" કહ્યું કેમ ન માન્યું? એટલા માટે જ હાથી બ્રહ્મે તને ઊંચકીને જોખમી માર્ગથી બાજુએ મૂકી દીધો." આવિર્ભાવમાં સત્યની બે બાજુઓ હોય છે; તેમાં કોઈ પણ એકની તમે ઉપેક્ષા કરી શકો નહિ.

*

બેશક ધિક્કારવું, અને શાપ વરસાવવા એ સાચું વલણ નથી. એ સાચું છે કે, બધી જ વસ્તુઓ અને બધા જ માણસો સાથે એક સ્થિર અને સ્પષ્ટ દૃષ્ટિથી

જોવું, પોતાના નિર્ણયોમાં ફસાવું નહિ અથવા નિષ્પક્ષપાતી રહેવું એ જ સાચું યૌગિક વલણ છે. પૂર્ણ સમતાની સ્થિતિનું ત્યારે જ સ્થાપન થાય, જ્યારે માનવી સમાન દૃષ્ટિ રાખે, જેમાં મિત્રો અને દુશ્મનોનો પણ સમાવેશ થાય, અને જ્યારે માણસો જે કાંઈ કરતાં હોય અથવા જે કોઈ ઘટનાઓ બને ત્યારે અવિચલિત રહે. હવે પ્રશ્ન એ રહે છે કે, આપણી પાસે આટલી જ વસ્તુઓની માગણી કરવામાં આવે છે કે કેમ ? જો તે પ્રમાણે હોય તો માણસનું વલણ દરેક વસ્તુ સાથે તટસ્થ અને ભેદવગરની દૃષ્ટિવાળું હોવું જોઈએ. પરંતુ ગીતા, જે સમર્થ રીતે પૂર્ણ અને નિરપેક્ષ **સમતા** ઉપર ભાર મૂકે છે તે એમ પણ કહે છે, "યુદ્ધ કર, દુશ્મનોનો નાશ કર અને વિજય પ્રાપ્ત કર." જો કોઈ પ્રકારના સામાન્ય કર્મની જરૂર ન હોય, પોતાની અંગત સાધના સિવાય જૂઠાણા વિરુદ્ધ સત્ય પ્રત્યે વફાદારીની જરૂર ન હોય, સત્યના વિજય માટે કોઈ સંકલ્પની જરૂર ન હોય, તો અનાસકિતની સમતા પૂરતી છે. પરંતુ અહીં તો એક કર્મ કરવાનું છે, એક સત્યનું હારબદ્ધ ગોઠવાયેલા પ્રચંડ બલોની વિરુદ્ધ સ્થાપન કરવાનું છે, અહીં અદૃશ્ય બલો ટકેલાં છે જેઓ દૃશ્યમાન વસ્તુઓ અને માણસો અને કર્મોને પોતાના કરણો તરીકે ઉપયોગ કરે છે. જો કોઈ માણસ શિષ્યોમાંનો એક હોય, આ દિવ્ય સત્યનો શોધક હોય, તો તેણે સત્યનો પક્ષ લેવો જોઈએ; જે બલો સત્ય ઉપર હુમલો કરે અને તેને ગૂંગળાવી મારવા જો તેઓ પ્રયત્ન કરે, તો તેની વિરુદ્ધ ઉભા રહેવું પડે. અર્જુનને બેમાંથી કોઈ પણ એક બાજુ ઉપર રહેવું નહોતું; શ્રીકૃષ્ણ જે સમતા માટે આટલો બધો આગ્રહ રાખતા હતા તેમણે તેના વલણને સખત ઠપકો આપ્યો અને તે દુશ્મનની સામે યુદ્ધ કરે તેના માટે ખૂબ ભારપૂર્વક અનુરોધ કર્યો. "સમતા રાખ" અને "સત્યને સ્પષ્ટ રીતે સમજીને યુદ્ધ કર" એટલા માટે સત્યનો પક્ષ લેવો અને જે કોઈ વસ્તુ જૂઠાણાથી ભરપૂર હોય, અને હુમલો કરે, તેની સાથે કામ લેવાનો ઈનકાર કરવો અને અડગ રીતે પ્રભુને વફાદાર રહેવું, અને છતાં વિરોધી અને હુમલાખોર બળોનો સામનો કરવો, એ સમતાથી વિરોધી વસ્તુ નથી. ફકત અંગત તેમ જ અહંકાર યુકત લાગણીઓને બહાર ફેંકી દેવાની છે; તિરસ્કાર અને પ્રાણમય દુરિચ્છાનો ઈનકાર કરવાનો છે પરંતુ વફાદાર રહેવું, અને હુમલાખોરો અને વિરોધી બલોની સાથે સમાધાન કરવાનો ઈનકાર કરવો, અથવા તેમના વિચારો અને માગણીઓ સાથે રમત રમવી, અને એમ કહેવું "છેવટે આપણે તેઓ આપણી પાસે જે વસ્તુની માગણીઓ કરે છે તેમની સાથે સમાધાન કરી શકીએ," અથવા તેમનો આપણે આપણા સાથીદારો અને આપણા પોતાના માણસો તરીકે સ્વીકાર કરવો – આ વસ્તુઓની મહાન અગત્ય છે. જો હુમલો કાર્ય માટે, કાર્યના

નેતાઓ તથા કાર્યકરો માટે શારીરિક તકલીફ ઊભી કરતો હોય, તો માણસે તે વસ્તુને તાત્કાલિક જોઈ લેવી જોઈએ. પરંતુ હુમલો જો વધારે સૂક્ષ્મ પ્રકારનો હોય, તો નિષ્ક્રિય વલણ ધારણ કરવું એ સાચું છે? તે આંતર તેમ જ બાહ્ય યુદ્ધ છે; તેમાં તટસ્થ રહેવાથી તથા સમાધાનકારક વૃત્તિ રાખવાથી અથવા નિષ્ક્રિયપણું રાખવાથી વ્યકિત દુશ્મન બલોને પસાર થવા દે છે, અને દિવ્ય સત્ય અને તેના બાળકોને ભાંગી અને ભૂક્કો કરવાની મંજૂરી આપે છે. જો તે વસ્તુ પ્રત્યે તમે આ પ્રકારના દષ્ટિબિંદુથી જુઓ, તો તમે જોઈ શકશો કે જો આંતરિક આધ્યાત્મિક સમતા સાચી હોય તો, સક્રિય વફાદારી અને તેનો પક્ષ મક્કમ રીતે લેવો, એ સાચી વસ્તુ છે, અને તે બન્ને વસ્તુઓ અસંગત હોઈ શકે નહિ.

મેં આ વસ્તુને અલબત્ત એક સામાન્ય પ્રશ્ન તરીકે ઉત્તર આપેલો છે અને તેમાં બધા જ વ્યકિતગત પ્રસંગો અથવા અંગત પ્રશ્નોનો સમાવેશ થતો નથી. કર્મના સિદ્ધાંતને સાચા પ્રકાશમાં અને સાચા પ્રમાણો વડે જોવાનો હોય છે.

★

વિભાગ ૫

કર્મયોગદ્વારા સાધના

કર્મ દ્વારા સાધના

સામાન્ય જીવન કેટલાંક માનસિક કે નૈતિક નિયમનો હેઠળ વ્યક્તિના અંગત ધ્યેય અને કામનાની તૃપ્તિ માટે કરવામાં આવેલ કર્મોમાં સમાવિષ્ટ થયેલું હોય છે. તેમાં કયારેક માનસિક આદર્શનો સ્પર્શ પણ હોય છે. ગીતાનો યોગ વ્યકિતના કર્મને પરમાત્માને યજ્ઞ તરીકે અર્પણ કરી દેવામાં, કામના પર વિજય પ્રાપ્ત કરવામાં, બિન અહંકારી અને ઇચ્છા વિહિન કાર્ય કરવામાં, પરમાત્માની ભકિત કરવામાં, વૈશ્વિક ચેતનામાં પ્રવેશ કરવામાં અને બધા જીવાત્મા સાથે એકતા અનુભવવામાં તથા પરમાત્મા સાથે તાદાત્મ્ય સાધવામાં રહેલો હોય છે. આ યોગ (પૂર્ણ યોગ) તેમાં અતિમાનસ પ્રકાશ અને શકિત તથા બલને (તેના અંતિમ ધ્યેય તરીકે) અને પ્રકૃતિના રૂપાંતરના કાર્ય માટે તેને નીચે ઉતારવા માગે છે.

*

માનવીઓ સામાન્ય રીતે પોતાના કાર્યો પ્રાણિક સ્વરૂપના સામાન્ય હેતુઓ, જરૂરિયાત, સંપત્તિ યા સફળતા કે હોદ્દો અથવા શક્તિ કે ખ્યાતિ યા કાર્યની પ્રગતિ અને તેમની શકિતઓના આવિર્ભાવથી મળતા આનંદની કામનાઓ માટે કરતા હોય છે. તેમાં તેઓ તેમની પોતાની શકિતઓ, કાર્યની શકિતઓ, અને સારું કે ખરાબ, તેમની પ્રકૃતિ અને કર્મના પરિણામરૂપે ભાગ્ય મુજબ સફળતા કે નિષ્ફળતા પ્રાપ્ત કરે છે. જયારે કોઈ વ્યકિત યોગનો સ્વીકાર કરે છે અને પોતાના જીવનને પરમાત્મા તરફ એકાગ્ર કરવા ઇચ્છે છે ત્યારે આ બધા પ્રાણિક સ્વરૂપના સામાન્ય હેતુઓ મુક્ત રીતે વિહાર પામી શકતા નથી. તેમને બદલે મુખ્યત્વે એક ચૈતસિક અને આધ્યાત્મિક હેતુને સ્થાન આપવાનું હોય છે, જે સાધકને પહેલાંના જેટલી જ શકિતથી તેના પોતાના હેતુ માટે નહિ, પરંતુ પરમાત્માના માટે કાર્ય કરવા માટે શકિતમાન બનાવે છે. જો સામાન્ય પ્રાણિક હેતુઓ કે પ્રાણશકિત બહુ લાંબા સમય સુધી બહુ મુકત રીતે કાર્ય ન કરી શકે, અને છતાં તેના સ્થાને બીજું કાંઈ મૂકવામાં ન આવ્યું હોય તો કાર્ય માટે જે ધક્કો કે બલ મૂકવામાં આવ્યું હોય છે તેઓ પાછાં પડે છે અને ચોક્કસ સફળતા મેળવવાની શકિત વધુ સમય ટકી શકતી નથી. સાચદિલ સાધક માટે આ મુશ્કેલી થોડા સમય માટેની જ હોય છે. પરંતુ તેણે તેની ચેતનામાં અથવા તેના વલણમાં આ નબળાઈને જોવી જોઈએ અને તેને દૂર કરવી જોઈએ. પછીથી દિવ્ય શકિત આપ મેળે જ તેના દ્વારા કાર્ય કરશે અને

તેની શકિતઓનો અને પ્રાણના બળનો તેના અંત સુધી ઉપયોગ કરશે. તમારી બાબતમાં ચૈતસિક સ્વરૂપ અને મનનો એક ભાગ તમને આ યોગ તરફ ખેંચી લાવ્યો છે, અને તેઓ તેને માટે નિર્માણ થયેલા હતા, પરંતુ પ્રાણિક પ્રકૃતિ અથવા તેનો મોટો ભાગ પોતાની ચૈતસિક ગતિની રેખામાં મૂકાયેલો નથી. હજુ તમારામાં સંપૂર્ણ અને અવિભાજ્ય એવું સક્રિય પ્રાણમય પ્રકૃતિનું રૂપાંતર થયેલું નથી.

તમારા કાર્યમાં પ્રાણના અર્પણના કેટલાક ચિહ્નો બીજા બધા ચિહ્નો સાથે નીચે પ્રમાણેના છે.

એક એવી લાગણી (ફકત વિચાર અને અભીપ્સા જ નહિ) કે સમગ્ર જીવન અને કર્મો શ્રી માતાજીનાં જ છે અને પ્રાણમય પ્રકૃતિના આ અર્પણ અને સમર્પણમાં એક તીવ્ર આનંદનો અનુભવ થાય છે. પરિણામે એક સ્થિર આત્મ-સંતોષ મળે છે અને કાર્ય અને તેના વ્યકિતગત પરિણામો માટેની અહંકારયુકત આસકિત અદૃશ્ય થાય છે. પરંતુ તે જ સમયે કાર્યમાં તેની શકિતઓનો ઉપયોગ દિવ્ય હેતુ માટે કરવાથી એક મહાન આનંદ પ્રાપ્ત થાય છે.

એવી અનુભૂતિ પણ થાય છે કે વ્યકિતના કર્મો પાછળ એક દિવ્ય શકિત કાર્ય કરે છે અને તે શકિત તેમને દરેક ક્ષણે દોરવણી આપે છે.

એક એવી અડગ શ્રદ્ધા હોવી જોઈએ જેને કોઈ પ્રસંગ કે પરિસ્થિતિ તોડી ન શકે. જો મુશ્કેલીઓ આવે તો તેથી માનસિક શંકાઓ કે એક જડ સંમતિ ઉત્પન્ન નથી થતી પરંતુ એક એવો દૃઢ વિશ્વાસ જાગે છે કે સચ્ચાઈભર્યા સમર્પણથી દિવ્ય શકિત બધી મુશ્કેલીઓ દૂર કરી દેશે અને આવી માન્યતાથી વ્યકિત તેના તરફ સારો વળાંક લે છે અને તે હેતુ માટે તે શકિત પર આધાર રાખી શકે છે. જ્યારે સંપૂર્ણ શ્રદ્ધા અને સમર્પણ હોય છે ત્યારે તે બળને પણ ગ્રહણ કરવાની શકિત આવે છે જે શકિત વ્યકિત પાસે સાચી જ વસ્તુ કરાવે છે અને સાચા સાધનો સ્વીકારવા પ્રેરે છે અને પછી તો સંજોગો જ તેને અનુરૂપ બને છે અને તેનું પરિણામ જોઈ શકાય છે.

આ સ્થિતિ સુધી પહોંચવા માટેની મહત્વની વસ્તુ તે આગ્રહભરી અભીપ્સા, પુકાર અને આત્મ–સમર્પણ અને માર્ગમાં અવરોધ કરતી પોતાનામાં રહેલી કે પોતાની આજુબાજુ રહેલી કોઈ પણ વસ્તુનો ઈનકાર કરવો તે છે. શરૂઆતમાં જ્યાં સુધી રૂપાંતરની જરૂર હોય છે તેટલા લાંબા સમય સુધી મુશ્કેલીઓ તો કાયમ

આવવાની જ, પરંતુ જો સ્થિર શ્રદ્ધા, અડગ સંકલ્પ અને ધીરજથી તેનો સામનો કરવામાં આવે તો તેઓ જરૂર અદૃશ્ય થઈ જશે જ.

*

જેમાં સાધક પોતાનું કાર્ય પસંદ કરીને પરમાત્માને અર્પણ કરે છે તે સામાન્ય કર્મયોગ છે. તે કાર્ય તેને એટલા માટે આપવામાં આવ્યું હોય છે કે તેના મન અથવા હૃદય અથવા પ્રાણે તેને તે કર્મ કરવા માટે આવેગ આપેલો છે; અને તેને લાગે છે કે તે આવેગ કોઈક વૈશ્વિક શક્તિનો છે અથવા તેના આવેગની પાછળ રહેલી **એકમાત્ર** વૈશ્વિક શક્તિ રહેલી છે અને તે પોતે પોતાની જાતને કોઈ એવી તાલિમ આપવા માગે છે જેથી તે જોઈ શકે કે તેની અંદર થતા કર્મો અથવા બીજામાં કાર્ય કરતા કર્મો પાછળ એક જ દિવ્ય બલ વિશ્વમય હેતુ માટે કાર્ય કરી રહેલું છે.

એક વખત તે સીધા સમર્પણનો આદર્શ સ્વીકારે ત્યાર પછી તેણે દિવ્ય માર્ગદર્શન અથવા તેની સીધી ગતિ શોધવાની રહે છે – અને તેને લઈને જ જે કોઈ કેવળ મનોમય, પ્રાણમય અથવા શારીરિક આવેગો તેના પોતાનામાંથી અથવા વિશ્વમય પ્રકૃતિમાંથી આવતા હોય તેનો ઈનકાર કરવાનો હોય છે. અલબત્ત, સમર્પણનું પૂર્ણ મહત્વ ત્યારે જ આવે છે જ્યારે તે તેના માટે તૈયાર હોય છે.

*

તમે જે માર્ગ પસંદ કર્યો છે તેના માટે હું માર્ગદર્શન આપી શકું કે કેમ તે વિષે હું જાણતો નથી – મારા પત્રમાં જે વિગતો આપી છે તેનાથી વધારે સ્પષ્ટ રીતના મુદ્દાઓ આપીને કહેવું મારે માટે મુશ્કેલ છે.

તમે જે પ્રકારનું જીવન અને કાર્ય પસંદ કરેલું છે, તેમાં ફેરફાર કરવાની કોઈ જરૂર નથી, જ્યાં સુધી તમને તમારા સ્વભાવ પ્રમાણે તે જ પ્રકારનું જીવન પસંદ હોય, અથવા તમારું આંતર સ્વરૂપ તમને તે રીતનું સૂચન આપતું હોય, અથવા કોઈ કારણસર તમને તમારો તે ધર્મ યોગ્ય લાગતો હોય, આ ત્રણ પ્રકારની કસોટીઓ છે અને તેના સિવાય ગીતાના યોગ માટે બીજા કોઈ નિશ્ચિત ધર્મની રૂપરેખા કર્મયોગના માર્ગ માટે અથવા જીવન માટેના માર્ગ માટેની હોય તો તેની મને ખબર નથી. કઈ ભાવના અથવા ચેતનાથી તમે કર્મ કરો છો તે વધારે અગત્યનું છે; જુદા જુદા પ્રકારની પ્રકૃતિઓ માટે, કર્મ માટેના બાહ્ય રૂપોમાં ફેરફાર હોઈ શકે. આ વસ્તુ પણ ત્યાં સુધી જ બને છે જ્યાં સુધી દિવ્ય શક્તિ વ્યક્તિના કર્મોને

પોતાના હાથમાં લઈને તે કાર્યો કરી આપે છે, એવી સ્થિર અનુભૂતિ ન થાય ત્યાં સુધી જ તે પ્રમાણે બને છે; ત્યાર પછી તો તે શકિત જ શું કરવું અને શું ન કરવું એ નક્કી કરી આપે છે.

સર્વ આસકિતઓ ઉપર વિજય પ્રાપ્ત કરવો અવશ્ય મુશ્કેલ છે અને તે લાંબી સાધનાના ફલરૂપે પ્રાપ્ત થાય છે - સિવાય કે ગીતાના સારરૂપ શિક્ષણ પ્રમાણે એક આંતર અનુભૂતિનો ઝડપી સર્વ–પ્રકારનો વિકાસ થાય. ફલની ઇચ્છાનો ત્યાગ, કર્મના ઉપર આસકિત ન રાખવી, સર્વ ભૂતમાત્ર પ્રત્યે તથા ઘટનાઓમાં સમતાનો વિકાસ, કીર્તિ કે અપકીર્તિ, પ્રશંસા કે નિંદા, સદ્‌ભાગ્ય કે દુર્ભાગ્યમાં પણ સમતા, અહંકારનો ત્યાગ, જે સર્વ કામનાઓના ત્યાગ માટે જરૂરી વસ્તુઓ છે તે પૂર્ણ રીતે ત્યારે જ આવે જ્યારે સર્વ કર્મો પરમાત્મા પ્રત્યે એક નૈસર્ગિક યજ્ઞ તરીકે થાય, અને જ્યારે સમગ્ર હૃદયના ભાવો તેને અર્પણ થાય અને જ્યારે વ્યકિતને પરમાત્માની સ્થિર અનુભૂતિ સર્વ વસ્તુઓમાં અને સર્વ પ્રાણિઓમાં થાય. આ ચેતના અથવા અનુભૂતિ સ્વરૂપના સર્વ ભાગોમાં અને તેમની સર્વ ગતિઓમાં આવવી જોઈએ (सर्व भावेन), કેવળ મન અને વિચારમાં જ નહિ; ત્યાર પછી સર્વ આસકિતઓ સહેલાઈથી ખરી પડે છે. હું ગીતાના યોગના માર્ગ વિષે કહું છું, કારણ કે તપસ્વીઓનાં જીવનમાં પણ વ્યકિત આ લક્ષ્યને જુદી રીતે પ્રાપ્ત કરે છે. સંન્યાસીના જીવનમાં આસકિત કરનારા પદાર્થોનો જ ત્યાગ કરવામાં આવે છે અને પરિણામે તે પદાર્થોના ઇન્કાર અને ઉપયોગ છોડી દેવાથી આસકિત પોતે ક્ષીણ થઈને ખરી પડે છે.

*

હું ફક્ત તેને માટે એટલી જ સૂચના આપી શકું કે તેણે કોઈક પ્રકારનો પણ કર્મયોગ કરવો જોઈએ – તેના નાનામાં નાના કામથી માંડીને સૌથી મોટા કર્મમાં પણ પરમાત્માનું સ્મરણ રાખવું, કર્મો અચંચળ મનથી કરવાં અને અહંકારથી અથવા આસકિતથી મુકત રહેવું, તથા બધા જ કર્મો પરમાત્માને યજ્ઞરૂપે અર્પણ કરવાં. તેણે જગત અને તેમાં રહેલાં બળોની પાછળ રહેલી દિવ્ય શકિતની હાજરીને અનુભવવા માટે પ્રયત્ન કરવો અથવા અભીપ્સા કરવી અને અવિદ્યાની નિમ્ન પ્રકૃતિ તથા ઉચ્ચતર દિવ્ય પ્રકૃતિ વચ્ચેનો ભેદ સમજવો. ઊચ્ચતર દિવ્ય પ્રકૃતિના લક્ષણો, નિરપેક્ષ સ્થિરતા, શાંતિ, શકિત, પ્રકાશ અને પરમાનંદ છે. અને તે જાણ્યા પછી નિમ્ન પ્રકૃતિમાંથી ઉચ્ચતર પ્રકૃતિમાં ઊર્ધ્વીકરણ કરવા માટે તથા માર્ગદર્શન માટે અભીપ્સા કરવી.

જો તે આ વસ્તુ કરી શકે તો તે યોગ્ય સમયે પોતાની જાતનું પ્રભુને નિવેદન કરવા અને સંપૂર્ણ આધ્યાત્મિક જીવન જીવવા માટે યોગ્ય બનશે.

*

તેને માટેનો સ્વાભાવિક માર્ગ તેને કર્મયોગ લાગે છે અને તેથી તે ગીતાના બોધ અનુસાર જીવન જીવવા માટે પ્રયત્ન કરે છે. તેમાં તે સાચો છે, કારણ કે ગીતા આ માર્ગ માટેનો મહાન ભોમિયો છે. આ માર્ગ માટેની પ્રાથમિક તાલિમમાં અહંકારયુકત બધી ગતિઓમાંથી તથા અંગત કામનાઓમાંથી વિશુદ્ધ અને પોતાને શ્રેષ્ઠ પ્રકારનું દર્શન થયું હોય તેનું અનુકરણ કરવાનો હોય છે. અને જ્યાં સુધી તેણે આ વસ્તુઓનું અનુકરણ કરેલું છે, ત્યાં સુધી તે સાચા માર્ગ ઉપર છે, પરંતુ પોતાના કાર્ય માટે સામર્થ્ય અને પ્રકાશની માગણી કરવી તેમાં કોઈ પણ પ્રકારની અહંકારની ગતિ નથી, કારણ કે પોતાના આંતર–સ્વરૂપની પુષ્ટિ માટે તે વસ્તુઓ જરૂરી છે.

સ્પષ્ટ રીતે જ એક વધારે પદ્ધતિસરની અને તીવ્ર સાધના ઇચ્છનીય છે, અથવા કોઈ પણ રીતે એક ધૈર્યયુકત અભીપ્સા તથા મુખ્ય કેન્દ્રવર્તી ધ્યેયને મક્કમ રીતે વળગી રહેવાથી બાહ્ય વસ્તુઓ તેમ જ બાહ્ય પ્રવૃત્તિઓમાં પણ એક અનાસકિત તથા માર્ગદર્શન પ્રાપ્ત થાય છે. કર્મયોગની પૂર્ણતા અથવા સિદ્ધિ – હું એક કર્મમાર્ગ અથવા આધ્યાત્મિક કાર્યના માર્ગ વિષે અલગ રીતે વાત કરું છું – ત્યારે જ શરૂ થાય છે, જ્યારે માણસ તે દિવ્ય માર્ગદર્શક અને તેની દોરવણી વિષે પ્રકાશિત રીતે સભાન બને છે અને જ્યારે તે દિવ્ય શકિતને પોતાની અંદર કાર્ય કરતી એવી રીતે અનુભવે, જાણે તે પોતે એક કરણ હોય અને દિવ્ય કર્મનો ભાગીદાર હોય.

*

તમારા ઉપરના તેના પત્ર ઉપરથી મને સમજાય છે કે તેની સાધનામાં તે ઘણી યથાર્થ પદ્ધતિનું અનુસરણ કરે છે અને તેણે ઘણા સારા પરિણામો પ્રાપ્ત કરેલાં છે. આ પ્રકારના કર્મયોગમાં કર્મોમાં અહંકેન્દ્રિત સ્થિતિને ક્ષીણ કરતાં કરતાં નાબુદ કરવી જોઈએ, અને નિમ્નતર પ્રાણમય પ્રત્યાઘાતો તથા કામનાની તૃપ્તિના સિદ્ધાંતોમાંથી મુક્ત થવું જોઈએ. તેણે આ માર્ગે અંતિમ ધ્યેય સુધી ન પહોંચે ત્યાં સુધી ચાલ્યા કરવું જોઈએ. આ માર્ગમાંથી કોઈ પણ આડમાર્ગે તે જાય તેવું હું ઇચ્છતો નથી.

જ્યારે મેં પદ્ધતિસરની સાધના વિષે કહ્યું ત્યારે મારા દષ્ટિબિંદુમાં એક એવી સાધનાનો સ્વીકાર કરવાનો હોય છે જેમાં ચેતનાનું સમગ્ર વલણ એવું સર્વસામાન્ય

હોય, જે વિગતો પર છુટી છુટી રીતે કાર્ય ન કરે પરંતુ સમગ્ર ગતિઓને એકી સાથે જ પોતાના આશ્લેષમાં લે. જો કે વિગતવાર કાર્ય પણ કાયમ જરૂરી છે. દૃષ્ટાંત તરીકે હું પ્રકૃતિ અને પુરુષને અલગ કરવાની તાલિમની વાત કરું; સચેતન સત્‌તત્ત્વ પ્રકૃતિની સર્વ ગતિઓથી અલગ રહીને સાક્ષી અને જ્ઞાતા તરીકે તટસ્થ રીતે નિરીક્ષણ કરે છે, અને છેવટે ઉચ્ચતમ વિકાસની અવસ્થામાં અનુમતિ (અથવા ઈનકાર) કરનાર ઈશ્વર, શુદ્ધ દિવ્ય સંકલ્પ અને સમગ્ર પ્રકૃતિના સ્વામી તરીકે રહે છે.

સઘન સાધના એટલે એક મહાન વિધાનાત્મક સાક્ષાત્કારમાં પહોંચવા માટે પ્રયત્ન કરવો, જે સમગ્ર ગતિ માટે એક મક્કમ પાયો બને, એમ કહેવાનો મારો અર્થ હતો. હું જોઈ શકું છું કે તેને કેટલીક વખત કોઈ વિશાળ સ્થિરતાની અનુભૂતિ થાય છે એ પ્રમાણે તેનું કહેવું છે... એક બૃહદ્ સ્થિરતાનું તેની ચેતનામાં કાયમ માટે સ્થાપન થાય એ પ્રમાણે હું વિચારતો હતો. એથી કેટલોક સમય તેને અનુભૂતિ થાય છે. તે એવું સૂચન કરે છે કે તેના માટે ગ્રહણ કરવાની અને ટકાવી રાખવાની શકિત હોઈ શકે. જો તે પ્રમાણે બને અથવા જો પુરુષ પ્રકૃતિવાળો સાક્ષાત્કાર તેને થાય તો સમગ્ર સાધના એક મજબુત કાયમી પાયા ઉપર થાય; જે કેવળ મનોમય પ્રયત્ન હોય છે, જે કાયમ મુશ્કેલ અને મંદ ગતિવાળો હોય છે, તેના બદલે તેનામાં એક નવીન યૌગિક ચેતનાનું સ્થાપન થાય. તેમ છતાં મારે આ વસ્તુઓ માટે તેના ઉપર દબાણ મૂકવું નથી; તે તેમના સમયે આવે છે અને અપરિપકવ સમયે જો તેના ઉપર દબાણ મૂકવામાં આવે તો તે વસ્તુઓ ઝડપી રીતે આવે નહિ; પ્રથમ તો તે તેનું જે પ્રાથમિક કાર્ય છે, દા. ત. આત્મ-શુદ્ધિ અને સ્વ-તૈયારી, તે માર્ગે તે ભલે ચાલ્યા કરે.

*

મેં તમને એટલા માટે લખ્યું નથી કે પહેલાં તમને લખ્યું તેમાં કોઈ વધારાની વસ્તુ હું લખી શકું એમ નથી. હું તમને એવું વચન ન આપી શકું કે અમુક સમયમાં જ તમને એવું પરિણામ પ્રાપ્ત થશે જેથી તમે બાહ્ય જગતમાં વધારે સમર્થ રીતે પાછા ફરી શકશો, અથવા તો યોગમાં તમે સફળ થઈ શકશો. યોગ માટે તો તમે પોતે જ કહો છો કે તમે તમારા સમગ્ર મનથી તેના માટે તૈયાર નથી અને સંપૂર્ણ મન સિવાય સાધનામાં સફળ થવું શકય નથી. બીજી રીતે જોઈએ તો યોગ-સાધનાનું કર્તવ્ય માનવીને જગતના સામાન્ય જીવન માટે તૈયાર કરવાનું નથી. એક જ વસ્તુ તે દિશામાં કાર્ય કરવા માટે મદદરૂપ થઈ શકે એમ છે અને તે પણ સમગ્ર યોગ નથી જેના વિષે તમે જાહેર કરો છો કે તમે સંપૂર્ણ રીતે તૈયાર નથી. ગીતાએ જે કર્મયોગની ભાવનાનું સૂચન કરેલું છે તે તમને મદદરૂપ

થઈ શકે – તમારી જાતને અને તમારા દુ:ખોને એક ઊર્ધ્વતર ચેતનાની અભીપ્સા રાખીને ભૂલી જાઓ–આ જગતમાં કાર્ય કરતી એક મહત્તર શકિતની અનુભૂતિ કરો, અને જે કાર્ય કરવાનું છે તેના માટે તમારી જાતને ફકત કરણ તરીકે જ અનુભવો, પછી તે કાર્ય ગમે તેટલું નાનું હોય. પરંતુ માર્ગ ગમે તે હોય, તમારે તેને સંપૂર્ણ રીતે સ્વીકારવો પડે અને તમારી સમગ્ર સંકલ્પ શક્તિ તેમાં તમારે મૂકવી જોઈએ. જો તમારી નિર્ણય શકિત વિભક્ત અને દોલાયમાન સ્થિતિમાં હોય તો તમે કોઈ પણ વસ્તુમાં સફળતા પ્રાપ્ત કરી શકશો નહિ – નહિ જીવનમાં કે નહિ યોગમાં.

*

ગીતાના દષ્ટિબિંદુ પ્રમાણે કોઈ પણ કાર્ય સાધના કરવાના ક્ષેત્ર તરીકે કરી શકાય.

*

તમે કાર્ય માટે દિવ્ય બલનો ઉપયોગ કર્યો અને જ્યાં સુધી તે કાર્યને વળગી રહેવાનું તમે પસંદ કર્યું ત્યાં સુધી તે શકિતએ તમને મદદ કરી, તમે જે કાર્ય કરો તેની પ્રથમ અગત્ય તે ધાર્મિક કાર્ય છે કે ધાર્મિક નથી, તેમાં રહેલી નથી પરંતુ તે કરવામાં તમારું આંતરિક વલણ કેવું છે તે અગત્યનું છે. જો તે વલણ પ્રાણમય હોય અને નહિ કે ચૈતસિક, તો માણસ તે કર્મમાં બહાર ફેંકાઈ જાય છે અને તેનો આંતર–સંબંધ તૂટી જાય છે, જો તે ચૈતસિક વલણ હોય તો આંતર–સંબંધ ટકી રહે છે. દિવ્ય શકિત મદદ કરી રહી છે એવી અનુભૂતિ રહે છે અને આ રીતે સાધનામાં આગળ પ્રગતિ ચાલુ રહે છે.

*

કેટલાક લોકોએ તેમની અંદર માતાજીનું જે કાર્ય ચાલી રહ્યું હોય છે તેની સાથે વકીલ જે પ્રમાણે કાર્ય કરે તે રીતે કાર્ય કરેલું છે છતાં તેઓ તેમની આંતર–ચેતનામાં વિકાસ પામેલા હોય છે. જયારે બીજી બાજુએ ધાર્મિક કાર્ય ફકત બાહ્ય કર્મ જ રહેલું હોય છે, જ્યારે તેમની પ્રકૃતિ અથવા તેની અસરમાં પ્રાણમય તત્ત્વ હોય એવા દષ્ટાંતો છે.

*

તેમ છતાં હું એમ કહી શકું કે વ્યાપારને હું કોઈ દુષ્ટ કે કલંકરૂપ વસ્તુ ગણતો નથી ; અને જેમ પ્રાચીન આધ્યાત્મિક ભારતમાં માનવામાં આવતું હતું તેમ હું માનતો નથી. જો તે પ્રમાણે હોત તો ‘ ક્ષ ’ પાસેથી અથવા જે વેપારીઓ મુંબઈમાં રહીને પૂર્વ આફ્રિકા સાથે વ્યાપાર કરે છે તેવા સાધકો પાસેથી હું પૈસા સ્વીકારી શકયો ન હોત, તેમ જ અમે તેમને તેમના કાર્યમાં પ્રોત્સાહન આપી

શકયા ન હોત. અમારે તેમને તેમનો ધંધો બંધ કરીને ફક્ત આધ્યાત્મિક માર્ગે જ તેઓ પ્રગતિ કરે એવું તેમને કહેવું પડયું હોત. આપણે ‘ક્ષ’ની આધ્યાત્મિક શોધ તથા તેની મિલની જે તે વ્યવસ્થા કરે છે તે બન્નેનો સુમેળ કઈ રીતે કરી શકત ? મારે તેને એમ ન કહેવું પડયું હોત કે તું તારી મિલને તેના ભાગ્ય ઉપર છોડી દે, ભલે તે સેતાનના હાથમાં જાય, પણ તું કોઈ આશ્રમમાં જઈને ધ્યાન કરવા લાગી જાં ? જે રીતે મને રાજકારણની આજ્ઞા મળી તે રીતે વેપાર કરવાની આજ્ઞા મળી હોત, તો કોઈ પણ જાતના આધ્યાત્મિક કે નૈતિક ડંખ વગર મેં તે પ્રમાણે કર્યું હોત, તમે કેવી ભાવનાથી કામ કરો છો તેના ઉપર તેનો આધાર છે, કયા સિદ્ધાંત ઉપર તેની રચના થઈ છે અને તેનો ઉપયોગ કેવા હેતુ માટે થાય છે તે અગત્યનું છે. મેં રાજકારણમાં ભાગ લીધેલો છે અને મહાન હિંસક પ્રકારના ક્રાંતિકારી રાજકારણમાં. (घोरम् कर्म), અને મેં યુદ્ધને ટેકો આપેલો છે અને તેમાં માણસોને મોકલેલા છે, જો કે રાજકારણ એ કાયમ સ્વચ્છ ધંધો નથી, તેમ જ યુદ્ધને આધ્યાત્મિક કર્મનો માર્ગ કહી શકાય નહિ. પરંતુ કૃષ્ણ અર્જુનને યુદ્ધ કરવાની હાકલ કરે છે અને તે પણ ઘોર પ્રકારનું યુદ્ધ ; અને તે દૃષ્ટાંતથી માનવોને કોઈ પણ પ્રકારના માનવ કર્મમાં જોડાવા માટે પ્રોત્સાહન આપે છે – सर्व कर्माणि – તમે શું કૃષ્ણને બિન-આધ્યાત્મિક માનવી માનો છો અને તેમણે અર્જુનને આપેલી સલાહ ભૂલભરેલી અથવા જૂઠા સિદ્ધાંતવાળી હતી ? કૃષ્ણ આગળ ઉપર જાહેર કરે છે કે માણસ સાચી રીતે કર્મ કરવાથી તથા તેની પ્રકૃતિ તથા સ્વભાવે કરેલી આજ્ઞા પ્રમાણે સાચી ભાવનાથી કર્મ કરે અને તેની પોતાની પ્રકૃતિના ધર્મ અને શકિત પ્રમાણે કાર્યમાં જોડાય તો તે પ્રભુ પ્રત્યે ગતિ કરી શકે છે. તેઓ વૈશ્ય તેમ જ બ્રાહ્મણ અને ક્ષત્રિયના કર્મો અને ધર્મને પણ પ્રમાણિત કરે છે. તેમના દૃષ્ટિબિંદુ પ્રમાણે વેપાર કરે તથા પૈસા પ્રાપ્ત કરે તથા નફો કરે અને તેમ છતાં માનવી આધ્યાત્મિક હોઈ શકે તેમ જ યોગની સાધના પણ કરી શકે અને આંતર-જીવન જીવી શકે. ગીતા સતત કર્મોને આધ્યાત્મિક મુકિતના સાધન તરીકે ન્યાયી ઠેરવે છે તેમ જ કર્મયોગ, ભકિતયોગ અને જ્ઞાનયોગના જોડાણની પણ તરફેણ કરે છે. તેમ છતાં કૃષ્ણ એક ઊર્ધ્વતર ધર્મને ઉચ્ચતર સ્થાન આપે છે જેમાં કર્મો કામના વગર થવાં જોઈએ, અને તેમાં ફલની આકાંક્ષા કે બદલો ન હોવાં જોઈએ ; તે કરવામાં અહંકારી વલણ અથવા હેતુ ન હોવાં જોઈએ અને સર્વ કર્મો પ્રભુને યજ્ઞરૂપે અર્પણ થવાં જોઈએ. આ વસ્તુઓ પ્રત્યે આ પ્રકારનું પ્રણાલિગત ભારતીય વલણ છે, કે જો ધર્મ પ્રમાણે કર્મો કરવામાં આવે તો બધા જ કર્મો થઈ શકે અને સાચી રીતે કરવામાં આવે તો પ્રભુ પ્રત્યે વળવામાં અથવા આધ્યાત્મિક જ્ઞાન અને આધ્યાત્મિક જીવન પ્રાપ્ત કરવા માટે વિઘ્નરૂપ બનતાં નથી.

એક બીજો વૈરાગ્યનો પણ માર્ગ છે જે ઘણા માટે જરૂરી છે અને તેનું પણ આધ્યાત્મિક સ્થાન છે. હું પોતે પણ એમ કહી શકું કે જો કોઈ પણ માણસ તપસ્વી તરીકે જીવી ન શકે અથવા પૂર્ણ રીતના સંન્યાસીનું નર્યું સાદું જીવન અનુસરી ન શકે તો આધ્યાત્મિક પૂર્ણતા પ્રાપ્ત કરી શકે નહિ. એ સ્પષ્ટ છે કે ધનની લાલસા અથવા પૈસા પ્રાપ્ત કરવાની તમન્ના તેની પ્રકૃતિમાં ન હોવી જોઈએ, એટલું જ નહિ પરંતુ તેની ચેતના ખોરાક માટેની લાલસા કે કોઈ પણ પ્રકારનો લોભ કે આ પ્રકારની સર્વ આસક્તિઓમાંથી મુક્ત હોવી જોઈએ. પરંતુ હું આ તપસ્વી પ્રકારનું જીવન આધ્યાત્મિક પૂર્ણતા માટે અનિવાર્ય ગણતો નથી, અથવા તેની સાથે એકરૂપ ગણતો નથી. એક આધ્યાત્મિક પ્રભુત્વનો પણ માર્ગ છે અને પ્રભુ પ્રત્યેના આધ્યાત્મિક આત્માર્પણ અને સમર્પણનો પણ માર્ગ છે અને તેમાં કર્મની મધ્યમાં પણ અહંકાર તથા કામનાની મુક્તિ પણ હોય છે, અથવા પ્રભુ આપણી પાસે કોઈ પણ પ્રકારનું કર્મ અથવા કોઈ પણ પ્રકારના કર્મોની માગણી કરે તેમાં પણ તેમની ગેરહાજરી હોવી જોઈએ. તે પ્રમાણે જો ન હોય તો જનક અથવા વિદુર જેવા મહાન આધ્યાત્મિક માણસો ભારતમાં ન હોત અથવા કૃષ્ણ જેવી વ્યક્તિ પણ ન હોત; અથવા કૃષ્ણ વૃંદાવન અને મથુરા તથા દ્વારકાના સ્વામી ન હોત, અથવા રાજકુમાર કે યોદ્ધા અથવા કુરુક્ષેત્રના સારથી પણ ન હોત. પરંતુ કેવળ એક વૈરાગી વ્યક્તિ હોત. ભારતીય શાસ્ત્રો અને ભારતીય પ્રણાલિ મહાભારતમાં અને અન્ય જગાએ પણ સંન્યાસીના ત્યાગી જીવનની આધ્યાત્મિકતા તેમ જ કર્મયોગીના આધ્યાત્મિક જીવનને પણ સ્થાન આપે છે અને કોઈ પણ વ્યક્તિ એમ કહી શકે નહિ કે ભારતીય પ્રણાલિના જીવન અને કર્મોનો સ્વીકાર, सर्व कर्माणि, એ બિન-ભારતીય, યુરોપિયન અથવા પશ્ચિમની અને બિન-આધ્યાત્મિક પ્રણાલિ છે.

*

સક્રિયતામાં બધા જ કર્મોનો સમાવેશ થાય છે; કર્મ એટલે એવી ક્રિયા જેનું એક નિશ્ચિત ધ્યેય પ્રત્યે નિયમન કરીને પદ્ધતિસર તથા સતત રીતે કરવામાં આવે; સેવા એટલે માતાજીના હેતુ માટે અને તેમની દોરવણી અનુસાર થતું કર્મ.

*

૨

ક્ષ ને એવી સલાહ આપવી કે તમને લઈ જવા નહિ પરંતુ પ્રથમ પ્રભુનો

સાક્ષાત્કાર થવા દેવો તેનો કોઈ અર્થ નથી. પ્રથમ માણસ સેવા કરે તેના પહેલાં પ્રભુનો સાક્ષાત્કાર થાય કે પ્રભુની સેવા એ તેના સાક્ષાત્કાર માટેનું આગળ પગથિયું છે? કોઈ પણ પ્રસંગે સેવા અને સાક્ષાત્કાર એ બન્ને પૂર્ણયોગ માટે જરૂરી છે અને કોઈ પણ વ્યકિત બન્નેમાં કયું પ્રથમ હોવું જોઈએ તેના માટે અફર નિયમ ન બાંધી શકે.

*

તમારું લક્ષ્ય તમારી પોતાની આંતરિક પ્રગતિ અને રક્ષણ માટે જ યોગની તાલિમ લેવાનું નથી પરંતુ પ્રભુની સેવા માટે કર્મ કરવાનું પણ છે.

*

તે જ કર્મ આધ્યાત્મિક વિશુદ્ધિ લાવે છે જે અંગત હેતુઓ વિના, કીર્તિ કે ખ્યાતિ વગર, અથવા સામાન્ય જાહેર ખ્યાતિ કે જગતમાં મહત્તા પ્રાપ્ત કરવા માટે કરવામાં ન આવ્યું હોય. તેમાં પોતાના મનોમય હેતુઓ માટે જીદ ન હોય અથવા પ્રાણમય લાલસાઓ અને માગણીઓ ન હોય અથવા શારીરિક રાગદ્વૈષ કે મિથ્યાભિમાન અથવા ગ્રામ્ય આત્મપ્રક્ષેપ કે હોદ્દા કે ખ્યાતિ માટે માગણી ન હોય અને પ્રભુના અર્થે જ અથવા પ્રભુની આજ્ઞા પ્રમાણે જ થવું જોઈએ. જે કોઈ કર્મ અહંકારની ભાવનાથી કરવામાં આવે છે તે અવિદ્યાના જગતના લોકો માટે ગમે તેટલું કલ્યાણકારી હોય છતાં યોગના સાધક માટે કાંઈ કામનું નથી.

*

કર્મની આધ્યામિક અસર આંતરવલણ ઉપર આધાર રાખે છે. અર્પણની ભાવનાથી જે કર્મ થાય છે તે અગત્યનું છે. વધારામાં જો કાર્યમાં માતાજીની સ્મૃતિ રહેલી હોય અથવા તેની એકાગ્રતામાં માતાજીની હાજરીની અનુભૂતિ થતી હોય અથવા માતાજીની શકિત કે કાર્યને ટકાવી રાખે છે અથવા કાર્ય કરે છે તો તે આધ્યાત્મિક અસરને વધારે પ્રબળ બનાવે છે. પરંતુ તેમ છતાં જે ક્ષણોમાં આ વસ્તુઓમાં નિરાશા અને સંઘર્ષના વાદળો ઘેરાવાથી તે પ્રમાણે ન બની શકતું હોય પણ તેની પાછળ પ્રેમ અથવા ભકિત હોઈ શકે, જે કર્મ માટેનો મૂળભૂત હેતુ માટેની ચાલક શકિત હોય છે અને તે વાદળની પાછળ ઢંકાયેલી રહે છે. પરંતુ અંધકારના ગાળાઓ પછી સૂર્યની માફક ફરીથી પ્રગટ થાય છે. બધી જ સાધનામાં આ પ્રમાણે બને છે. તેથી જ માણસે કદી અંધકારની ક્ષણોમાં નિરુત્સાહી ન બનવું પરંતુ સાક્ષાત્કાર કરવો જોઈએ કે મૂળભૂત તીવ્રતા તો ત્યાં રહેલી છે અને તેથી અંધકારની ક્ષણો સાધનાના માર્ગમાંની એક ઘટના છે, જે પૂરી થયા પછી મહત્તર પ્રગતિ તરફ દોરી જશે.

*

ક્ષતિ વગરના સેવક બનવા માટેની શરત છે બધા જ અહંકારયુકત હેતુઓ-માંથી મુકત બનવું, વાણીમાં અને કાર્યમાં સત્ય વિષે સંભાળ રાખવી, પોતાના સંકલ્પ અને આત્મપ્રક્ષેપમાંથી મુકત રહેવું, બધી જ વસ્તુઓમાં સજાગ રહેવું.

*

સત્તા માટેની કોઈ પણ ખેંચતાણ ન હોવી જોઈએ, શકિત માટે અહંકાર કે મહત્વાકાંક્ષા ન હોવાં જોઈએ. કોઈ શકિત અથવા શકિતઓ પ્રાપ્ત થાય તો તેમને પોતાની ન ગણવી, પરંતુ પરમાત્માના હેતુ માટે મળેલી, પરમાત્માની બક્ષિસ તરીકે ગણવી જોઈએ. ખાસ સંભાળ રાખવી કે જે શકિતઓ પ્રાપ્ત થઈ હોય તેમનો મહત્વાકાંક્ષા કે સ્વાર્થ માટે દુરુપયોગ ન થાય; તેમાં ગર્વ કે મિથ્યાભિમાન ન હોવાં જોઈએ. પોતે બીજાથી ચઢિયાતો છે એવી ભાવના ન રાખવી. કરણ તરીકેનો અહંકાર અથવા માગણી ન કરવી; પોતે ફકત પ્રકૃતિનું એક સરળ અને શુદ્ધ ચૈતસિક કરણ છે જે કોઈપણ રીતે પરમાત્માની સેવા માટે જ યોગ્યતા ધરાવે છે એવી ભાવના રાખવી.

*

યૌગિક કાર્ય કેવી ભાવનાથી તથા કેવી ચેતનામાંથી કરવામાં આવે છે તેના ઉપરથી બને છે – કર્મ પોતે જ યૌગિક હોતું નથી.

*

તમે કયું વિશિષ્ટ કાર્ય કરો છો તેના ઉપર આત્મનિવેદનનો આધાર નથી પરંતુ તમે કેવી ભાવનાથી બધા જ કર્મો કરો છો (પછી તે કર્મો ગમે તે પ્રકારનાં હોય) તેના ઉપર તે આધાર રાખે છે. કોઈ પણ કાર્ય સારી રીતે અને સંભાળપૂર્વક કરવામાં આવ્યું હોય તથા પરમાત્માને યજ્ઞરૂપે કર્યું હોય, કામના અથવા અહંકાર વગર કરેલું હોય, સારા કે ખરાબ ભાવિમાં પણ મનની સમતા, સ્થિરતા તથા પ્રશાંતતાથી કરવામાં આવ્યું હોય, પરમાત્માના અર્થે જ કરવામાં આવ્યું હોય અને પોતાના અંગત લાભ, બદલો અથવા પરિણામ માટે ન કરવામાં આવ્યું હોય તથા એવી ચેતનામાંથી કરવામાં આવ્યું હોય કે સર્વ કાર્ય પરમાત્માની દિવ્ય શકિતની જ માલિકીનું છે તો સમજવું કે તે કર્મ મારફતે કરવામાં આવતું આત્મનિવેદન છે.

*

અલબત્ત મહત્તા કે લઘુતાનો ખ્યાલ એ આધ્યાત્મિક સત્યથી વિદેશી ખ્યાલ છે.... આધ્યાત્મિક રીતે કોઈ મહાન કે નાનું નથી, આવા વિચારો પેલા સાહિત્યકારોના વિચારો જેવા છે જેઓ એવું વિચારે છે કે કાવ્ય લખવું એ મહાન કાર્ય છે, જ્યારે જોડા સિવવા કે ખાણું તૈયાર કરવું એ હલકા અને તુચ્છ કાર્યો છે

પરંતુ આત્માની દૃષ્ટિમાં તો સર્વ કાર્યો સરખાં છે, અને તે કઈ આંતર–ભાવનામાંથી કરવામાં આવે છે તે અગત્યનું છે. તે જ પ્રમાણે અમુક ખાસ વિશિષ્ટ પ્રકારના કાર્ય માટે છે. તેમાં કોઈ મોટું કાર્ય કે કોઈ નાનું કાર્ય નથી.

*

હું વધારામાં એટલું કહી શકું કે વિશાળતર ચેતનામાં માણસ નાનાં કે મોટાં કાર્યો કરી શકે છે પરંતુ તે તેમની સાથેના વ્યવહારમાં વધારે વિશાળ તેમ જ વધારે ગાઢ, સૂક્ષ્મતર તથા વધારે ચોક્કસ દૃષ્ટિબિંદુથી તેમ જ વધારે સમજપૂર્ણ અને પ્રકાશિત ચેતનામાંથી કામ કરી શકે છે અને તેથી નાની વસ્તુઓ વિષેના તે નાની છે કે તુચ્છ છે તેવા વિચારો બંધ થઈ જાય છે, અને તેને બદલે ઊર્ધ્વતર જ્ઞાનના અંશ તરીકે તેઓ બનતા જાય છે.

*

લગભગ દરેક કલાકારમાં (તેમાં ભાગ્યે જ અપવાદો હોય છે) તેના પ્રાણમય–શારીરિક ભાગોમાં સામાન્ય માણસની કોઈક વસ્તુ હોય છે અને તેથી તેનામાં શ્રોતાવર્ગ માટે, સામાજિક પ્રશંસા માટે તથા અભિમાન સંતોષાય તેવી વસ્તુ, ખ્યાતિ કે કીર્તિ માટેની ઝંખના હોય છે જ. જો તમારે યોગી બનવું હોય તો તે વસ્તુઓ જવી જોઈએ – તમારી કલા તમારા પોતાના અહંકારની કે અન્ય કોઈની કે કોઈ વસ્તુની સેવા માટે ન હોવી જોઈએ પરંતુ કેવળ પ્રભુની સેવા માટે જ હોવી જોઈએ.

*

જો તમારે લોકોની અપેક્ષાઓ અને તેમના ઉપકારમાંથી મુક્ત બનવું હોય તો ખરેખર તમારે કોઈ પાસેથી કોઈ વસ્તુ ન લેવી જોઈએ એ ઉત્તમ છે; કારણ કે તેમાં હક દાવાની માગણી રહેવાની જ. એનો અર્થ એવો નથી કે તમે કાંઈ ન લો તેથી તમે તેમાંથી બિલકુલ બાકાત રહેશો પરંતુ ન લેવાથી તમે બંધાયેલા રહેશો નહિ.

તમે સંગીત વિષે લખો છો તે બિલકુલ સાચું છે. જ્યારે તમે તમારી જાતને સંપૂર્ણ રીતે ભૂલી જાઓ છો અને તે સુંદર અસર ઉત્પન્ન કરશે કે નહિ કરે તેને વિષે કોઈ પણ વિચાર પણ ભૂલી જાઓ અને તમારા અંતરાત્મામાંથી ગીત ગાઓ ત્યારે જ તમારું ઉત્તમ સંગીત ઉત્પન્ન થાય છે. બાહ્ય સપાટી ઉપરનો સંગીતકાર ખરેખર ભૂતકાળમાં લુપ્ત થવું જોઈએ ; તે પ્રમાણે બને ત્યારે જ આંતર–સંગીતકાર બહાર આવે છે.

*

તમારા સંગીત વિષે હું કોઈ કલાત્મક દષ્ટિથી નવીન સર્જન વિષે વાત કરતો નહોતો, પરંતુ હું આધ્યાત્મિક ફેરફારના દષ્ટિબિંદુથી કહેતો હતો – તે કયું સ્વરૂપ લે છે તેનો આધાર તમારી અંદર રહેલા ઊંડા પાયામાં તમે શું પ્રાપ્ત કરો છો તેના પર રહેલ છે.

સંગીત બિલકુલ છોડી દેવાની કોઈ જરૂરિયાત હું જોતો નથી. મારો કહેવાનો અર્થ આટલો જ હતો – અને મેં તમને અત્યારે નહિ પરંતુ પહેલાં જે લખેલું છે તેનું તાર્કિક ફલસ્વરૂપ આ છે. આંતરિક પરિવર્તનને પ્રથમ લક્ષ્યમાં લેવું જોઈએ અને બાકીનું બધું તેમાંથી ઉત્પન્ન થવું જોઈએ. જો શ્રોતાગણ આગળ ગાયેલું ગીત તમે આંતર-સ્થિતિમાંથી બહાર કાઢી નાંખતું હોય તો તમે તેને મુલતવી રાખી શકો છો અને તમારા પોતાના માટે તથા પ્રભુ માટે ગાવું જોઈએ ; જ્યાં સુધીમાં તમે શ્રોતાઓની સમક્ષ પણ શ્રોતાઓને ભૂલી જવા માટે શકિતમાન ન બનો ત્યાં સુધી જો નિષ્ફળતાથી તમે અસ્વસ્થ બની જાઓ અથવા સફળતાથી તમારામાં આનંદનો ઊભરો આવે તો તમારે તેના ઉપર પણ વિજય પ્રાપ્ત કરવો જોઈએ.

*

એવું નથી કે તમારે અણગમતી વસ્તુ કરવી જ જોઈએ પરંતુ તમારે તમારો અણગમો દૂર કરવો જોઈએ. તમને મનપસંદ વસ્તુઓ જ તમારે કરવી એટલે પ્રાણમાં જ રાચવું અને પ્રકૃતિનું તમારા ઉપર નિયંત્રણ ચાલુ રાખવું કારણ કે અરૂપાંતરિત પ્રકૃતિનું લક્ષણ એ પ્રકારનું હોય છે કે પોતાના ગમા અણગમાદ્વારા, પોતાની પ્રકૃતિના શાસન નીચે આવવું. કર્મયોગનો સિદ્ધાંત છે કે કોઈ પણ વસ્તુ સમતાપૂર્વક કરવી તેમ જ આનંદપૂર્વક કરવી કારણ કે તે માતાજી માટે કરવામાં આવે છે. આ યોગમાં તે જ સારી ચૈતસિક અને પ્રાણમય સ્થિતિ છે.

*

માણસે એક જ કામ પૂર્ણ ઉત્સાહપૂર્વક કરવું જોઈએ અને તે જ સમયે કોઈ બીજું જ કામ ગમે તે ક્ષણે સૂચના આપવામાં આવે ત્યારે કરવા તૈયાર રહેવું જોઈએ. અથવા તેણે પોતાની કાર્યક્ષમતાની સીમાને વિશાળતર કરવી જોઈએ.

*

હા, બધી જ સક્રિય પ્રવૃત્તિઓ ચેતનાને અમુક પ્રમાણમાં વિશાળ કરવાથી અને તીવ્ર બનાવવાથી રસપ્રદ બને છે, પ્રવૃત્તિને પોતાને ખાતર નહિ, પરંતુ તેમાં જે ચેતના મૂકવામાં આવે છે અને શકિતની તીવ્રતા દાખલ થાય છે તેથી તથા

કાર્યને સંપૂર્ણ રીતે કરવાથી, પછી તે કાર્ય ગમે તે પ્રકારનું હોય તો પણ એક પ્રકારનો આનંદ આવે છે.

*

નિયમ પ્રમાણે, એટલે કે જે નિમ્નતર ભાગોમાં રૂપાંતર પામ્યા નથી હોતા તેમાં, જ્યારે અહંકાર પોતાના રસથી મિશ્રણયુક્ત હોય ત્યારે આનંદ અને ઉત્સાહ આવે છે, પરંતુ જ્યારે શુદ્ધ ઉત્સાહ આવી શકે છે ત્યારે તેઓ વધારે અને વધારે પરિવર્તન પામતા જાય છે અને વિશુદ્ધ થતા જાય છે અને ત્યાર પછી સાક્ષાત્કાર માટે અનિવાર્ય બલો બનતા જાય છે.

*

પ્રાણ અને મનમાં પણ જ્યારે કાંઈક નવીન વસ્તુ દાખલ થાય છે ત્યારે સ્વાભાવિક રીતે જ શકિતનો સંચાર થયો હોય તેમ લાગે છે – પરંતુ ભૌતિક ભૂમિકાના પાયામાં કાર્યનું કાયમ પુનરાવર્તન થયા કરે છે. તેથી વ્યકિતએ કાયમ તેમાં એક ધીર અને સ્થિર રસ રાખવો જોઈએ. પરંતુ આ પ્રસંગમાં મને લાગે છે કે માતાજીએ જ્યારે તમને ત્યાં જોયા ત્યારે તમારામાં વિશિષ્ટ સામર્થ્ય મોકલ્યું છે.

*

શારીરિકનો અમુક ભાગ કર્મ કર્યા વગર ટકી શકે નહિ અને બીજો ભાગ (વધારે ભૌતિક) તેને બોજારૂપ માને છે. કાર્યમાં જે વસ્તુ શકિત અને આનંદ આપે છે તે શારીરિક નહિ પણ પ્રાણમય સ્વરૂપ છે.

*

કાર્યમાં રહેલી બન્ને પ્રકારની મનની સ્થિતિ વચ્ચે પરિણામનો જે ભેદ છે તેમાં પ્રથમ કારણ મનના વલણનો પ્રાણમય આનંદ છે. જ્યારે બીજા પ્રકારમાં ચૈતસિક સ્થિરતા રહેલી છે. પ્રાણિક આનંદ જો કે સામાન્ય માનવ જીવન માટે ઘણો મદદરૂપ હોવાં છતાં એ ઉશ્કેરાટભર્યો, આતુરતાવાળો, ચંચળ અને સ્થિર પાયા વગરનો હોય છે. તેથી તે તાત્કાલિક થાકી જાય છે અને ચાલુ રહી શકતો નથી. પ્રાણમય આનંદની જગાએ એક સ્થિર, ધીર, ચૈતસિક પ્રફુલ્લતા હોવાં જોઈએ અને તેમાં મન તથા પ્રાણ ખૂબ વિશુદ્ધ અને શાંત હોવાં જોઈએ. જ્યારે માણસ આવા પાયા ઉપર કાર્ય કરે છે ત્યારે દરેક વસ્તુ આનંદપ્રદ અને સરળ બને છે, તે માતાજીની શકિતના સંપર્કમાં આવે છે અને તેમાં થાક અથવા નિરાશા આવતા નથી.

*

૩

ચેતનામાં વસ્તુઓ પાકી રીતે તૈયાર થાય તે પહેલાં કાર્ય કરવાથી ચેતના બહાર ચાલી જાય છે, સિવાય કે વ્યકિતએ એ પ્રકારની સાધના બનાવી હોય જેમાં તેને એવી અનુભૂતિ થતી હોય કે તેની પોતાની મારફતે "પોતાની જાતની શકિત કરતાં કાંઈક વધારે મહાન" શકિત કાર્ય કરી રહી છે. હું ધારું છું કે શંકરના માર્ગને અનુસરનારાઓ કર્મની પ્રકૃતિને અવિદ્યાના કાર્ય તરીકે માનતા હતા અને તેથી કર્મને સાક્ષાત્કારની પરિસ્થિતિ માટે પ્રતિકૂળ માનતા. પરંતુ હકીકતમાં તેમાં ત્રણ તબક્કાઓ હોય છે (૧) જેમાં કર્મ તમને નિમ્નતર ભૂમિકામાં અથવા બાહ્ય ચેતનામાં ખેંચી જાય છે અને તેથી કરીને તમારે સાક્ષાત્કારને ફરીથી પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો પડે છે. (૨) જેમાં કર્મ તમને બાહ્ય ચેતનામાં ફેંકી દે છે પરંતુ પાછળ (અથવા ઊર્ધ્વમાં) સાક્ષાત્કાર ટકી રહે છે; તેની અનુભૂતિ તમે કર્મ કરો તે દરમિયાન રહેતી નથી, પરંતુ જેવું તમારું કાર્ય પૂરું થાય કે તરત જ તે ત્યાં જેવી રીતે પહેલાં હતી તેવી જ રીતે તમે જોઈ શકો છો. (૩) એવી પરિસ્થિતિ જેમાં કર્મ કોઈ પણ પ્રકારનો તફાવત ઉત્પન્ન કરતું નથી, કારણ કે સાક્ષાત્કાર અથવા તમારી આધ્યાત્મિક પરિસ્થિતિ, તમે કર્મ કરતા હો તે દરમિયાન કાયમ હાજર હોય છે જ. આ વખતે તમે બીજા પ્રકારની સ્થિતિની અનુભૂતિમાં હો તેવું લાગે છે.

*

તે વસ્તુ એવા કોઈ સંદર્ભમાં છે જ્યારે ચેતના કેટલીક વખત સક્રિય હોય છે અથવા સક્રિય હોતી નથી, પરંતુ પોતાની અંદર પાછી હઠી ગયેલી હોય છે. પછીથી એક એવી અવસ્થા આવે છે જ્યારે સચ્ચિદાનંદની પરિસ્થિતિ કાર્યમાં પણ હોય છે. તેનાથી પણ આગળની એક એવી અવસ્થા હોય છે જ્યારે બન્ને જાણે કે એકરૂપ હોય છે, પરંતુ તે અતિમનસ અવસ્થા હોય છે. તે બન્ને અવસ્થા એક નીરવ બ્રહ્મની અને બીજી સક્રિય બ્રહ્મની હોય છે અને તે બન્ને અવસ્થાઓ એક બીજા સાથે વ્યુત્ક્રમ સાધી શકે છે (પ્રથમ અવસ્થા), બન્ને સાથે રહી શકે છે (બીજી અવસ્થા), એક બીજામાં મિલન પામી શકે છે (ત્રીજી અવસ્થા).

ચોક્કસ તેનો (ઉચ્ચતમ, સચ્ચિદાનંદનો) કર્મયોગમાં સાક્ષાત્કાર થઈ શકે છે. ભલા ભગવાન! જો તે પ્રમાણે ન હોય તો પૂર્ણ યોગ કઈ રીતે અસ્તિત્વ ધરાવી શકે?

*

ને પરિચ્છેદ એવી ચેતનાનું વર્ણન કરે છે જેમાં માણસ બધી વસ્તુઓની વચ્ચે હોવા છતાં તે બધી વસ્તુઓથી અલગ હોય અને દરેક વસ્તુ તેને અવાસ્તવિક અથવા મિથ્યા લાગતી હોય. પછી તે સમયે કોઈ રાગદ્વેષો અથવા કામનાઓ હોતાં નથી કારણ કે વસ્તુઓ કામનાઓ માટે અવાસ્તવિકતાઓ હોય છે, તેમ જ એક અથવા બીજી પસંદ કરવાનું રહેતું જ નથી. પરંતુ તે સમયે માણસને એવી લાગણી થતી નથી કે તેણે આ જગતમાંથી નાસી જવું અથવા કોઈ પણ કર્મ ન કરવું, કારણ કે તે ભ્રમમાંથી મુકત હોવાથી કાર્ય કરવું અથવા જગતમાં જીવન ધારણ કરવું તેનો તેના ઉપર બોજો લાગતો નથી; માણસ તેમાં બંધાયેલો અથવા ગુંચવાયેલો હોતો નથી. જે લોકો જગતમાંથી નાસી જાય છે અથવા કર્મોનો ત્યાગ કરે છે (સંન્યાસીઓ) તેઓ તેમાં ફસાઈ ન જાય અથવા બંધાઈ ન જાય એટલા માટે તે પ્રમાણે કરે છે; તેઓ જગત્‌ને અવાસ્તવિક માને છે, પરંતુ હકીકતમાં તો તે લોકો જ્યાં સુધી તેમાં રહે છે ત્યાં સુધી તો વસ્તુઓની વાસ્તવિકતાનો બોજો તેમના ઉપર રહે છે. હકીકતમાં જ્યારે વ્યકિત વસ્તુઓની વાસ્તવિકતાના ભ્રમમાંથી મુકત થાય છે. ત્યારે તે વસ્તુઓનું વ્યકિત ઉપર બિલકુલ વજન લાગતું નથી કે તે વસ્તુઓ તેને બિલકુલ બંધનરૂપ રહેતી નથી.

*

તેણે કાર્ય કરવું જોઈએ ? જો તે શાશ્વત શાંતિ અથવા આનંદમાં રહેતો હોય અથવા પરમાત્માની એકતામાં રહેતો હોય તો તેણે શા માટે કોઈ કાર્ય કરવું જોઈએ? જો માણસ આધ્યાત્મિક હોય અને પ્રાણ અને મનથી પર થઈ ગયેલો હોય તો એ વસ્તુ જરૂરી નથી કે તેણે કાયમ કાંઈક "કરવું" જ જોઈએ. આત્મા અથવા જીવાત્માને તેના પોતાના અસ્તિત્વનો આનંદ હોય છે જ. તે કાંઈ પણ ન કરવા માટે મુકત હોય છે અને દરેક વસ્તુ કરવા માટે પણ મુક્ત છે – પરંતુ એટલા માટે નહિ કે કર્મ કરવા માટે બંધાયેલ છે અને તેના વગર અસ્તિત્વ ધરાવવા માટે શકિતમાન નથી.

*

પરંતુ જીવનમુકતને કોઈ પણ બંધન લાગતું નથી. બધા જ કર્મો અને કાર્યોમાં તે પોતાની જાતને પૂર્ણ મુકત તરીકે અનુભવે છે કારણ કે તે પોતાના માટે કર્મ કરતો નથી (તેમાં મર્યાદિત અહંકારની ભાવના હોતી નથી) પરંતુ તે કર્મ વૈશ્વિક બલદ્વારા થાય છે. જ્યારે વૈશ્વિક બલ પોતે જ તેના કાર્યમાં મર્યાદિતતાઓ મૂકે છે ત્યારે તે મર્યાદિતતાઓ કર્મમાં આવે છે. જીવનમુકત પોતે તો પરાત્પરની સાથે

એકતામાં જીવે છે અને તે પરાત્પર વિશ્વરૂપતાથી ઊર્ધ્વમાં હોય છે અને તેને કોઈ મર્યાદાઓ લાગતી નથી. આ રીતનો અનુભવ તેને અધિમનસમાં થાય છે.

*

જો અહંકાર અને કામના, ગુણો કરતાં ભિન્ન વસ્તુઓ હોય તો કોઈ કાર્ય અહંકાર અને કામના વગરનું ગુણોનું કર્મ બની શકે અને તેથી આસકિત વગરનું હોઈ શકે. પરંતુ આ ગુણોના કાર્યની પ્રકૃતિ અનાસકત મુક્ત યોગીમાં જ હોય છે. જો તે શકય ન હોત તો યોગીઓને અનાસકત કહેવા તે બુદ્ધિરહિત કહેવાય કારણ કે તેમના સ્વરૂપના કોઈ અંશમાં કોઈક પ્રકારની આસકિત હજુ પણ ટકેલી હોવી જોઈએ. એમ કહેવું કે તેઓ 'પુરુષ' વિષે અનાસકત છે **પરંતુ પ્રકૃતિમાં** આસકિતવાળા છે તેથી તેઓ અનાસકત છે એ અર્થવગરની વાણી થઈ. આસકિત એટલે આસકિત જ પછી ભલે તે સ્વરૂપના ગમે તે ભાગમાં હોય. અનાસકત હોવા માટે વ્યકિતએ દરેક ભાગમાં આસકિત વગરના હોવું જોઈએ, મનોમય, પ્રાણમય કે શારીરિક કર્મમાં પણ અને નહિ કે કેવળ અંદર રહેલા કોઈ નીરવ આત્મામાં જ.

*

મુકત અવસ્થામાં ફકત આંતરપુરુષ જ તટસ્થ રહેતો નથી. આંતર-પુરુષ કાયમ તટસ્થ હોય છે, ફકત સામાન્ય અવસ્થામાં માણસ તે વિષે સચેતન હોતો નથી. તેમાં પ્રકૃતિ પણ ગુણોના કર્મોથી વિચલિત થતી નથી તેમ જ તેમાં આસકત થતી નથી – મનોમય, પ્રાણમય અથવા શારીરિક (ગમે તે પ્રકારની પ્રકૃતિ હોય) એક જ પ્રકારની સમતા પ્રાપ્ત કરવાની શરૂઆત કરે છે, પુરુષ જેટલી જ અક્ષુબ્ધ શાંતિ અને તટસ્થતાવાળી હોય છે, ફકત સર્વ કર્મો અટકી જતા નથી. તે કર્મમાં પોતાનામાં જ અચંચળતા હોય છે. જો તે પ્રમાણે ન હોત તો મેં 'આર્ય'માં જે વિધાન કરેલું છે કે એક કામના વગરનું અથવા મુકત કર્મ હોઈ શકે છે તેના પાયા ઉપર મેં એક મુકત કર્મની શકયતા સ્વીકારી તે વસ્તુ ખોટી પડે. સમગ્ર સ્વરૂપ, પુરુષ–પ્રકૃતિ ગુણોના કાર્યમાં પણ તટસ્થ બને છે. (કારણ કે તેમાં કામના અથવા આસકિત હોતાં નથી.)

બાહ્ય સ્વરૂપ પણ અનાસકત હોય છે – સમગ્ર સ્વરૂપ કામના અથવા આસકિત વગરનું હોય છે અને તેમ છતાં કર્મો કરવાં શકય બને છે. કામના વગર કાર્ય શકય છે, આસકિત વગર કાર્ય શકય છે અને અહંકાર વગર પણ કાર્ય કરવું શકય છે.

*

તમે એ પ્રમાણે વિચારતા લાગો છો કે કર્મ અને પ્રકૃતિ બન્ને એક જ વસ્તુ છે અને જયાં કાર્ય ન હોય ત્યાં પ્રકૃતિ હોઈ શકે નહિ! એવું નથી કે

પુરુષ = નિષ્ક્રિયતા અને પ્રકૃતિ = સક્રિયતા. અને તેથી જ્યારે બિલકુલ નિષ્ક્રિયતા હોય ત્યારે પ્રકૃતિ હોતી નથી, અને જ્યારે સર્વ સક્રિય હોય છે ત્યારે પુરુષ હોતો નથી. જ્યારે બધું જ સક્રિય હોય છે ત્યારે સક્રિય પ્રકૃતિની પાછળ પુરુષ હોય છે જ અને જ્યારે સર્વ નીરવ હોય ત્યારે પણ પ્રકૃતિ હોય છે, પરંતુ પ્રકૃતિ આરામની સ્થિતિમાં હોય છે.

*

પ્રકૃતિ એટલે શકિત જે કાર્ય કરે છે તે. શકિત સક્રિય પણ હોય અને નિષ્ક્રિય પણ હોય, પરંતુ જ્યારે તે આરામમાં હોય ત્યારે પણ તે એટલા જ પ્રમાણમાં શકિત પોતે હોય છે, જ્યારે તે સક્રિય હોય છે—સમુદ્ર પણ હોય છે અને તરંગો પણ હોય છે પરંતુ તરંગો એ સમુદ્ર નથી અને જ્યારે તરંગો નથી હોતાં અને સમુદ્ર શાંત હોય છે ત્યારે તે સમુદ્ર મટી જતો નથી.

*

સત્ત્વનું પ્રાધાન્ય હોય ત્યારે તમસ તેના ઉપર આરામની જરૂરિયાત ન લાદે ત્યાં સુધી રજોગુણ એક સુષુપ્ત ગતિ તરીકે સત્ત્વગુણના કાબુ નીચે હોય છે. આ વસ્તુ (મુકત અવસ્થામાં) સામાન્ય રીતે બને છે. પરંતુ તમસ મુખ્ય હોય છતાં અને કાર્યમાં નિર્બળતા હોય અથવા રજસ પ્રાધાન્ય ભોગવે અને સક્રિયતામાં વધારે પડતી વૃદ્ધિ થાય તેમ છતાં પુરુષ અથવા પ્રકૃતિ બેમાંથી કોઈ ક્ષોભ અનુભવતાં નથી, ત્યારે સમગ્ર સ્વરૂપમાં એક મૂળભૂત સ્થિરતા આવે છે અને કાર્ય એક સપાટી ઉપરની ભરતીની લહેર અથવા ઓટથી વધારે હોતાં નથી.

*

પ્રકૃતિ માટે તો વધારે મુશ્કેલીભર્યું કાર્ય હોય છે (પુરુષ માટે કાર્યમાંથી અલગ પડવું તેના કરતાં પ્રકૃતિ માટે અલગ પડવું) કારણ કે તેની સામાન્ય લીલા ફકત સ્વરૂપની સપાટી ઉપરની હોય છે. તેમાંથી મુકત બનવા માટે તેણે વિવિધ ભાગમાં વહેંચાવું પડે છે. તેનાથી ઊલટું પુરુષનો સ્વભાવ નીરવ અને તટસ્થ હોય છે – તેથી તેને પોતાની મૂળભૂત પ્રકૃતિમાં ફકત પાછા ફરવાનું જ હોય છે.

*

જ્યારે પ્રકૃતિ મુકત બને છે ત્યારે તે પોતાની જાતનું બે વસ્તુમાં વિભાજન કરે છે – એક આંતરિક શકિત જે તેના કાર્યમાંથી મુકત હોય છે (રજસ, તમસ વગેરેમાંથી મુકત) અને બાહ્ય પ્રકૃતિ જેનો તે ઉપયોગ કરે છે અને તેમાં ફેરફાર કરે છે.

*

જો ચેતના અને શકિત બન્ને એક જ હોય તો તેમના માટે બે જુદા શબ્દો આપવાનો કોઈ ઉપયોગ ન રહે. તે પ્રસંગે એમ કહેવાને બદલે, "હું મારી ક્ષતિઓને લઈને શકિતશાળી છું." જો કોઈ માણસ ઝડપથી દોડ કરતો હોય તો તમે એમ કહી શકો, "તે ઘણી શકિતથી દોડે છે." શું તમે એ પ્રમાણે વિચારી શકો કે તમે આ પ્રમાણે કહો તો પણ તે સમાન અર્થવાળું છે, "તે ઘણી મોટી ચેતનાથી દોડે છે?" ચેતના એવી વસ્તુ છે જે વસ્તુઓ વિષે સભાન છે – શકિત એ કાર્યમાં મૂકાયેલું બલ છે જેનાથી વસ્તુઓ બની શકે છે, ચેતનામાં શકિત હોઈ શકે અને તે તેના પોતાનામાં તેનો સંગ્રહ કરી શકે અથવા તેનું બહાર વહન પણ કરી શકે, પરંતુ તેનો અર્થ એવો નથી કે તે 'શકિત' માટેનો ફકત એક બીજો શબ્દ જ છે. અને જ્યારે શકિત બહાર જાય ત્યારે તેણે પોતે પણ બહાર જવું જ જોઈએ અને તે પોતે પાછળ રહીને શકિતને કાર્યાન્વિત થતી જોઈ ન શકે. તમારામાં ઘણી જડતા હોય પરંતુ તેનો અર્થ એવો નથી કે તમે અને જડતા બન્ને એકરૂપ છો અને જ્યારે જડતા તમારી અંદર ઉત્પન્ન થઈને તમને ઘસડી જાય ત્યારે તમે પોતે જ ઊઠીને તમારી જાતને ઘસડી જાઓ છો.

*

બેશક, મન અને આંતર સ્વરૂપ ચેતનાઓ છે. કારણ કે જે માનવો પોતાની જાતની અંદર વધારે ઊંડાણમાં ગયેલાં નથી હોતાં તેમના માટે મન અને ચેતના બન્ને એક પર્યાયરૂપ હોય છે. જ્યારે આપણે પોતાની જાત વિષે પોતાની ચેતનામાં વિકાસ પામવાથી વધારે સચેતન બનીએ છીએ ત્યારે આપણે તે ચેતનાની જુદી જુદી કક્ષાઓ, પ્રકારો અને શક્તિઓ, મનોમય, પ્રાણમય, શારીરિક, ચૈતસિક, આધ્યાત્મિક વગેરે પ્રકારની જોઈ શકીએ છીએ. પરમાત્માનું વર્ણન સત્ ચિત્ આનંદ તરીકે કરવામાં આવ્યું છે. ચેતનાનું (ચૈતન્ય) એક બલ અથવા શકિતનું બહાર પ્રક્ષેપ કરનાર તરીકે, જે શકિત જગતનું સર્જન કરે છે એવી શકિત તરીકે પણ વર્ણન કરવામાં આવેલું છે. મન પણ એક ફેરફાર પામેલી ચેતના છે, જે મનોમય શકિત બહાર મૂકે છે. પરંતુ પરમાત્મા પોતાની શકિતની પાછળ રહીને શકિતને કર્મ કરતી જોઈ શકે છે; તે સાક્ષી પુરુષ બની શકે છે અને પ્રકૃતિના કાર્યોને જોયા કરે છે. મન પણ તે પ્રમાણે કરી શકે છે – માણસ પોતાને મનોમય-ચેતનામાં પાછળ ઊભો રહી શકે છે અને પોતાની મનની શકિતને કાર્ય કરતી, વિચારતી, યોજના કરતી વગેરે રીતે જોઈ શકે છે: બધું જ આંતર-નિરીક્ષણ એ હકીકત ઉપર રચાયેલું છે કે વ્યકિત પોતાની જાતનું વિભાજન કરી શકે છે. એક એવી ચેતના છે કે તે નિરીક્ષણ કરે છે અને એક શકિત છે જે કાર્ય કરી શકે છે. આ બધી તો પ્રાથમિક વસ્તુઓ છે જે દરેક માણસે જાણવી જ જોઈએ.

કોઈ પણ વ્યક્તિ થોડી તાલિમ દ્વારા આ રીતે કરી શકે છે; કોઈ પણ માણસ જે પોતાના વિચારો, લાગણીઓ, કાર્યોનું નિરીક્ષણ કરે છે, તેણે તે પ્રમાણે કરવાની શરૂઆત કરેલી છે. યોગમાં આપણે વિભાજન પૂર્ણ રીતે કરીએ છીએ એટલું સમજવું પૂરતું છે.

*

તેની (ચેતનાની) પ્રકૃતિ મનોમય અને બીજી ક્રિયાઓથી અલગ હોતી નથી. તે તટસ્થ બની શકે છે તેમ જ તેમાં સામેલ પણ થઈ શકે છે. માનવ-ચેતનામાં તે કાયમ સામેલ રહેલી હોય છે, પરંતુ તે પોતાની, મનને અલગ કરવાની શક્તિ વિકસાવી શકે છે - એવી વસ્તુ જે નિમ્નતર સર્જન માટે કરવી અશક્ય હોય છે. જેમ જેમ ચેતના વિકાસ પામતી જાય છે તેમ તેમ આ અલગ પડવાની શક્તિમાં પણ વૃદ્ધિ થતી જાય છે.

*

ના, સાધના વગર યોગનું લક્ષ્ય પ્રાપ્ત થઈ શકતું નથી. કર્મને પોતાને સાધનાના એક ભાગ તરીકે લેવું જોઈએ. પરંતુ સ્વાભાવિક રીતે જ જ્યારે તમે કર્મ કરતા હો છો, ત્યારે તમારે કાર્ય વિષે વિચાર કરવો જ પડે છે. તમે એક કરણ તરીકે યૌગિક ચેતનામાંથી કાર્ય કરતાં શીખી જશો અને તમે તેમ છતાં પરમાત્માનું સ્મરણ પણ રાખી શકશો.

*

તે એટલા માટે છે કે શક્તિ કાર્યમાં અગ્રભાગે મૂકવામાં આવી છે. પરંતુ જેમ જેમ શાંતિ અને સંપર્કમાં વૃદ્ધિ થતી જાય છે તેમ તેમ વિવિધ ચેતનાનો વિકાસ થતો જાય છે - એક કાર્યમાં વ્યસ્ત રહેલી અને બીજી ચેતના જે પાછળના ભાગમાં રહે છે, જે નીરવ અને નિરીક્ષણ કરનારી છે, અથવા પરમાત્મા પ્રત્યે વળેલી હોય છે, આ ચેતનામાં અભીપ્સા ટકી રહી શકે છે, ભલે પછી બાહ્ય ચેતના કર્મમાં વ્યસ્ત હોય.

*

વ્યક્તિ અભીપ્સા પણ રાખી શકે છે અને કાર્ય પણ કરી શકે છે, તેમ જ તે જ સમયે યોગદ્વારા ચેતના વિકાસ પામે છે. પછી બીજી ઘણી વસ્તુઓ કરી શકે છે.

*

ના, તે વસ્તુ ત્યારે જ બને છે જ્યારે આંતર નિમજ્જન માર્ગમાં અવરોધરૂપ બને. પરંતુ હું એમ કહેવા માગું છું કે તે અંતરમાં રહેલી કોઈ નીરવ અને નિરીક્ષણ કરનારી વસ્તુમાં પાછા હઠી જવાની એક પ્રકારની પ્રક્રિયા છે. તે વસ્તુ

કાર્યમાં સામેલ થતી નથી, પરંતુ તેને જોયા કરે છે અને પોતાનો તેના ઉપર પ્રકાશ ફેંકે છે. તો પછી આપણા સ્વરૂપના બે વિભાગો હોય છે; એક આંતર – નિરીક્ષણ કરનારું અને સાક્ષીરૂપ બનીને જ્ઞાતા તરીકે રહેલું અને બીજું સ્વરૂપ કાર્યનો અમલ કરનારું, કરણરૂપ અને કાર્ય કરનાર. આ વસ્તુ કેવળ મુકિત જ આપતી નથી, પરંતુ શકિત પણ આપે છે – અને આ આંતર–સ્વરૂપમાં વ્યકિત પરમાત્માના સંપર્કમાં આવે છે. તે મનોમય સક્રિયતા મારફતે પ્રભુના સંપર્કમાં આવતો નથી, પરંતુ સ્વરૂપના પદાર્થ મારફતે સંપર્કમાં આવે છે, કોઈક સ્પષ્ટ આંતર - સ્વરૂપદ્વારા, દર્શનદ્વારા, ગ્રહણશીલતાદ્વારા અને કાર્ય માટે સાચી અંધ:પ્રેરણા અથવા અંત:સ્ફૂરણાદ્વારા સંપર્કમાં આવે છે.

*

જો વ્યકિતને એવી ચેતનાની અનુભૂતિ થાય જે કાર્યથી મર્યાદિત થતી નથી, એવી ચેતના જે કાર્ય કરતી ચેતનાની પાછળ રહીને સહાયરૂપ હોય, તો તે કાર્ય કરવું વધારે સહેલું બને છે. જયારે વિશાળતા અને નિશ્ચલ નીરવતા પોતાની જાતનો વધારે વિસ્તાર કરે છે ત્યારે એ પ્રકારની ચેતના આવે છે અથવા તો જયારે એક દિવ્ય શકિતની ચેતના કાર્ય કરનાર વ્યકિતની મારફતે કાર્ય કરે છે અને નહિ કે માણસ પોતે જ, ત્યારે પણ તે કાર્ય વધારે સરળ બને છે

*

તમે પુસ્તક લખો તે વસ્તુને માતાજી નામંજૂર કરતાં નથી. તમે પુસ્તક લખવામાં એટલા બધા ખોવાઈ જાઓ છો કે તમે બીજું કાંઈ કરી શકતા નથી. તે વસ્તુ તેમને નાપસંદ છે. તમે જે વસ્તુ કરો તેના ઉપર તમારું સ્વામીત્વ હોવું જોઈએ, નહિકે વસ્તુ તમારા ઉપર કાબુ રાખે. જો બની શકે તો તમે તે પુસ્તક પૂરું કરીને તમારા જન્મદિવસે તેમને તે અર્પણ કરો એમાં તેઓ પૂરા સહમત છે. પરંતુ તમારે તે વસ્તુથી બહાર ખેંચાઈ જવું ન જોઈએ. – તમારે ઊર્ધ્વતર વસ્તુઓ સાથે પૂર્ણ સંપર્ક ચાલુ રાખવો જોઈએ.

*

હું ફરીથી કહું છું કે તમારા લખાણ સાથે અમારે કોઈ વાંધો નથી; પછી તે કાવ્યો હોય અથવા ટૂંકી વાર્તાઓ હોય કે નવલકથાઓ હોય. અમને એવું લાગ્યું કે આ વસ્તુમાં તમારું સંપૂર્ણ નિમજ્જન અને તેનો તમારા ઉપરનો કાબુ, તમારી આધ્યાત્મિક અવસ્થા માટે સારાં નથી અને તેને લઈને તમારા અગ્રભાગે નિમ્નતર વસ્તુ રહે છે અને તેથી તમારી **સમગ્ર અગ્રભાગની** ચેતનાને પૂર્ણ રીતે

તે વસ્તુ આવરી લે છે. ખરી રીતે તો તેને બદલે તમારી તે ચેતના એક મજબૂત આધ્યાત્મિક સંવાદમાં રહેવી જોઈએ.

*

તમને પસંદ હોય તો તમે (નવલકથા લખવાને) પ્રયત્ન કરો. મુશ્કેલી એ છે કે નવલકથાની વસ્તુ ઘણે ભાગે બાહ્ય ચેતના સાથે સંબંધ ધરાવે છે, તેથી ચેતના નિમ્નતર બને અથવા સહેલાઈથી બહાર બહિર્ગમન કરે - જ્યારે મનને બાહ્ય કાર્યમાં મૂકીએ છીએ ત્યારે બીજી મુશ્કેલીઓની સાથે આંતર સમતુલા રહેલી નથી. જો તમે એક સમતાનું સ્થાપન અંદર કરી શકો તો તમારી ચેતનાને ક્ષુબ્ધ કર્યા સિવાય કે નિમ્ન કક્ષામાં ઉતાર્યા સિવાય પણ કોઈ પણ કાર્ય કરવું શકય બને છે.

*

તેનો આધાર ચેતનાની નમનીયતા ઉપર છે. કેટલાક લોકો એવા હોય છે જેઓ એટલા બધા તન્મય બની ગયેલા હોય છે કે તેમને બહાર આવીને કાંઈ પણ કરવોની ઈચ્છા થતી નથી. માણસે અમુક પ્રકારની સમતુલા રાખવી જોઈએ જેથી મૂળભૂત ચેતના એક વસ્તુની એકાગ્રતા ઉપરથી બીજી વસ્તુ ઉપર એકાગ્રતા કરવા માટે સહેલાઈથી તે ચેતનાની સમતુલા રાખીને પણ કરી શકે.

*

કામમાં જ તન્મય થઈ જવું એ અનિચ્છનીય નથી - પરંતુ અંતરમાં વળવાની મુશ્કેલી ફકત કામચલાઉ જ હોય છે. શારીરિક ચેતનામાં અમુક પ્રકારની નમનીયતા ચોક્કસ આવશે, જે એક કાર્યની એકાગ્રતામાંથી બીજા કાર્યની એકાગ્રતા તરફ સહેલાઈથી ગમન કરી શકશે.

*

તમે જે અવરોધ અને અપૂર્ણ ગ્રહણશીલતા તથા કાર્ય કરતી વખતે પરમાત્મા સાથેના અનુસંધાન માટે અશકિતની વાત કરો છો તેનું કારણ તમારી શારીરિક ચેતનાનો કોઈ ભાગ પ્રકાશ પ્રત્યે ખુલ્લો થતો નહિ હોય, તેને લઈને બનતું હશે - કદાચ પ્રાણમય - શારીરિક અને ભૌતિક અવચેતનમાંની કોઈ વસ્તુ શારીરિક મનના મુકત અને ગ્રહણશીલ પદાર્થના માર્ગમાં અવરોધરૂપ હશે.

નિમ્ન ભાગમાંથી અભીપ્સાને ઊંચે ઊઠાવીને ઊર્ધ્વમાંથી આવતી શકિત સાથે મિલન કરવાથી કોઈ નુકસાન નથી. તમારે જે વસ્તુ વિષે સંભાળ રાખવાની છે તેમાં અવતરણ કરતી શકિત તૈયાર થઈને નીચેથી ઊઠી આવતી મુશ્કેલીને દૂર કરવા તૈયાર ન બને ત્યાં સુધી તે મુશ્કેલીને ઉપર ઊઠવા જ ન દેવી.

જ્યારે તમે ધ્યાન કરો ત્યારે ચેતનાને ખોઈ બેસવાની કોઈ જરૂર નથી. અગત્યની વસ્તુ છે ચેતનાને વિશાળ કરવાની અને તેમાં પરિવર્તન લાવવાની. જો તમે અંતરમાં ઉતરવું એટલે એવો અર્થ કહેવા માગતા હો તો તે વસ્તુ ચેતના ગુમાવ્યા સિવાય પણ તમે કરી શકો છો.

*

એ એક પ્રકારની શારીરિક ચેતનામાં રહેલી જડતા છે જે પોતે કરે છે તે ચીલામાં જ તેને પૂરી રાખે છે અને તેને લઈને ત્યાં જ ચોંટી રહે છે અને તેથી પ્રભુનું સ્મરણ રાખવા માટે મુકત રહેતી નથી.

*

તમે જે મુશ્કેલીઓનું વર્ણન કરો છો તે ઘણા ખરા લોકો માટે સામાન્ય બિલકુલ કુદરતી વસ્તુઓ છે. જયારે વ્યકિત ધ્યાનમાં સ્થિર રીતે બેસે છે ત્યારે સરખામણીમાં પ્રભુનું સ્મરણ કરવું એ વ્યકિત માટે સહેલું કાર્ય છે; પરંતુ જ્યારે માણસ કામમાં મગ્ન હોય ત્યારે તે પ્રમાણે કરવું મુશ્કેલ છે. કાર્યમાં પ્રભુસ્મરણ અને ચેતના કક્ષાવાર આવે છે. તમે એકદમ તે બધું આવી જાય એવી અપેક્ષા ન રાખી શકો; કોઈમાં પણ તાત્કાલિક તે રીતે બની આવતું નથી. તે બે પ્રકારે આવે છે. પ્રથમ રીતમાં માણસ જયારે જ્યારે કોઈ કાંઈક કરે ત્યારે માતાજીનું સ્મરણ કરીને તે કાર્ય તેમને અર્પણ કરવાની તાલિમ લે (કાર્ય કરતી વખતે સમગ્ર સમય દરમિયાન નહિ, પરંતુ શરૂઆતમાં, અથવા જ્યારે પણ સ્મરણ આવે ત્યારે) તો તે વસ્તુ પ્રકૃતિ માટે સરળ અને ટેવરૂપ બની જાય છે. બીજી રીતમાં ધ્યાન વડે એક આંતર ચેતનાનો વિકાસ થવાની શરૂઆત થાય છે જે અમુક સમય પછી તાત્કાલિક અથવા ઓચિંતા નહિ, વધારે નૈસર્ગિક અને કાયમી બની જાય છે. જે ચેતના બાહ્ય હોય છે અને કાર્ય કરે છે તેનાથી આ એક જુદી ચેતના છે એવું વ્યકિત અનુભવે છે. પહેલાં માણસ જ્યારે કાર્ય કરે છે ત્યારે આ ચેતના જુદી છે એવી અનુભૂતિ થતી નથી, પરંતુ જ્યારે કાર્ય પૂરું થાય છે કે તરત જ આપણને લાગે છે કે તે ત્યાં સમગ્ર સમય દરમિયાન પાછળ હાજર હતી અને નિરીક્ષણ કરતી હતી. પછીથી તે ચેતના કાર્ય દરમિયાન અનુભવાતી જાય છે, જાણે કે પોતાની જાતના બે વિભાગ હોય – એક પાછળ રહેલો નિરીક્ષણ અને સહાય કરતો ભાગ, જે માતાજીનું સ્મરણ કરે છે અને કાર્યને માતાજીને અર્પણ કરે છે, અને બીજો ભાગ જે કાર્ય કરે છે. જ્યારે આ પ્રમાણે બને છે ત્યારે સાચી ચેતનાથી કાર્ય કરવું વધારે અને વધારે સહેલું બનતું જાય છે.

એ પ્રમાણે જ બાકી બધી વસ્તુઓ વિષે છે. આંતર - ચેતનાના વિકાસ દ્વારા તમે જે વસ્તુઓ વિષે વાત કરો છો તે બધી જ બરાબર બની જશે. દા. ત. સ્વરૂપના એક ભાગમાં કર્મ કરવાનો 'ઉત્સાહ' છે અને એક બીજો ભાગ છે જે અચલ જેવો છે અને કર્મ કરવાની ઇચ્છા રાખતો નથી. તમારી મનની સ્થિતિનો આધાર તે સમયે જે વસ્તુ આવે છે તેના ઉપર છે–અને બધા માણસો માટે એ પ્રમાણે જ હોય છે. બન્નેનું સંયોજન કરવું મુશ્કેલ છે. પરંતુ એક એવો સમય આવે છે જ્યારે તે બન્ને સમાધાન કરે છે – એક ચેતના આંતર - એકાગ્રતામાં સ્થિર રહે છે જ્યારે બીજી ચેતના જે કાર્યમાં સામેલ થાય છે તેને આ પ્રથમ ચેતના સહાય કરે છે. પ્રકૃતિનું રૂપાંતર કરવું અને સ્વરૂપમાં રહેલા આ અસંવાદી વસ્તુઓનું સંતુલન કરવું એ સાધનાનું કાર્ય છે. તેથી તમારામાં તમને આ વસ્તુઓ આ પ્રકારની લાગે તેથી તમારે નિરાશ બનવાની જરૂર નથી; ભાગ્યે જ એવી કોઈ વ્યકિત હશે જેણે પોતાની અંદર આ વસ્તુઓ જોઈ નહિ હોય. આ બધી વસ્તુઓને સંવાદમાં ગોઠવી શકાય તેના માટે સાધકની આંતર – શકિત માટે સતત સંમતિ અને તેને માટેનો પુકાર જરૂરી છે. પોતાની જાતે તે પ્રમાણે ન કરી શકે, પરંતુ અંતરમાં રહેલી દિવ્ય શકિત માટે બધું જ શકય બને છે.

*

શરૂઆતમાં બાહ્ય કર્મ અને લોકોની સાથે હળવામળવામાં ધ્યાન પરોવવું અને તેની સાથે આંતર પરિસ્થિતિમાં માતાજીના સ્મરણમાં રહેવું એ બન્નેનો સંયોગ કરવો એ થોડું મુશ્કેલ લાગે છે, પરંતુ એક એવો સમય આવે છે જ્યારે આંતર - સ્વરૂપ માતાજીના સાથેના ઐકયમાં રહે છે અને તે એકાગ્ર થયેલા ઐકય-માંથી કાર્ય બહાર આવે છે અને તે કાર્યની દરેક વિગતમાં સહેલાઈથી માર્ગદર્શન મળે એ શકય બને છે, તેથી ચેતનાનો અમુક અંશ બહારની દરેક પ્રક્રિયા ઉપર ધ્યાન રાખી શકે છે, તેમાં એકાગ્ર પણ થઈ શકે છે અને તેમ છતાં માતાજીની ભીતરમાં એકાગ્રતાની અનુભૂતિ પણ કરી શકે છે.

*

• એ ઘણી સરસ નિશાની છે કે ખૂબ કામ હોવા છતાં તેની પાછળ આંતર કાર્ય ચાલુ રહ્યું, તે તમે અનુભવ્યું અને નીરવતાનું સ્થાપન કરવામાં તમે સફળ થયા. છેવટે સાધક માટે એક એવો સમય આવે છે જ્યારે કામમાં પૂર્ણ એકાગ્રતા હોવા છતાં ચેતના અને ઊંડી અનુભૂતિ ચાલ્યા જ કરે છે એટલું જ નહિ, પરંતુ નિદ્રામાં, વાતચીતમાં અથવા કોઈપણ પ્રકારની સક્રિયતામાં પણ તે ચાલુ રહે છે.

*

શરૂઆતમાં કાર્યમાં પરમાત્માની હાજરીનું સ્મરણ રહેવું એ સહેલું નથી; પરંતુ જો માણસ કાર્ય પૂરું થાય કે તુરત જ તેમનું સ્મરણ કરે તો તે પણ બરાબર છે. સમય પસાર થતો જશે તેમ તેમ પરમાત્માની હાજરી સહજ રીતે જ કાર્યમાં રહેતી થશે.

*

સાધનામાં દુ:ખ હોવું એ જરૂરી કે અનિવાર્ય નથી, પરંતુ એ એટલા માટે આવે છે કે તમારી આંતર-પ્રકૃતિ પ્રભુની હાજરીનો સ્પર્શ અનિવાર્ય રીતે અનુભવે છે અને જ્યારે તેને અનુભવ નથી થતો ત્યારે અસ્વસ્થ થઈ જાય છે. તેનો કાયમ અનુભવ કરવા માટે તમારી અંદર એક પ્રકારની તટસ્થતા હોવી જોઈએ, જે તમને તમારા અંતરમાં સ્થિર રીતે ટકી રહેવા દે અને સમગ્ર કાર્ય અંતરમાંથી થાય એ જરૂરી છે. આ વસ્તુ સ્થિર કાર્યોમાં અને અચલ સંપર્કોમાં કરવી સહેલી છે, કારણ કે અચંચળતામાં અને આંતરિક ચેતનામાં પરમાત્માની હાજરીની અનુભૂતિ શક્ય બને છે.

*

–તમારે કાયમ અંતરમાંથી કાર્ય કરતાં શીખવું જોઈએ – એટલે કે તમારા આંતર-સ્વરૂપમાંથી જે પરમાત્મા સાથેના સંપર્કમાં હોય છે તેમાંથી બાહ્ય સ્વરૂપ કેવળ એક કરણ છે અને તેને તમારી વાણી, વિચાર કે કર્મ ઉપર ફરજ પાડવાની કે આજ્ઞા કરવાની મંજૂરી ન આપવી જોઈએ.

*

–દરેક વસ્તુ સ્થિરતાથી અંતરમાંથી થવી જોઈએ – કાર્ય, વાણી, વાંચન, લેખન વગેરે અને તે વાસ્તવિક ચેતનાના ભાગ તરીકે થવી જોઈએ – તેમાં સામાન્ય ચેતનાની વેરવિખેર અને ચંચળ ગતિ ન હોવી જોઈએ.

*

આપણે કાર્ય કરી શકીએ છીએ અને છતાં અંતરમાં અચંચલ રહી શકીએ છીએ. અચંચળતા એટલે એવું નથી કે મન શૂન્ય હોય, અથવા કોઈ પણ કર્મ થઈ શકતું નથી.

*

શકિતનું દબાણ બરાબર છે, પરંતુ આંતર નીરવતા અને કાર્ય એ બે કોઈ અસંગત બાબત નથી. આ બેના સંયોગથી જ સાધના ગતિ કરવી જોઈએ.

*

૪

દિવ્ય સંકલ્પને સમજવા માટે અચંચળ મનની જરૂર રહે છે. અચંચળ મનમાં જે પ્રભુ પ્રત્યે વળેલું હોય છે, તેમાં પરમાત્માના સંકલ્પ વિષે તથા તે પ્રમાણે કરવા માટેની એક અંતઃસ્ફૂરણા (ઉચ્ચતર મન) આવે છે.

*

જ્યારે મન વિશુદ્ધ હોય અને ચૈત્ય પુરુષ અગ્રભાગે હોય ત્યારે જ માણસને કઈ વસ્તુ પ્રભુના સંકલ્પ પ્રમાણે છે અને કઈ વસ્તુ પ્રભુના સંકલ્પની વિરુદ્ધ છે તેની અનુભૂતિ થાય છે.

*

- એક વખત મનમાં નીરવતા પ્રાપ્ત થાય, પછી તેમાં મનોમય વિચારોના સ્થાનની જગાએ કોઈ દર્શન અથવા અંતઃસ્ફૂરણા આવે છે.

*

એ સારું છે કે તમે તમારી જાતનું સમગ્ર સમય દરમિયાન નિરીક્ષણ કરી શક્યા અને તમારી ગતિઓને જોઈ શક્યા તથા એક નવીન ચેતના તમારી અંદર વારંવાર આવીને સાહજિક રીતે જ પોતાનો પ્રક્ષેપ કરતી હતી. હવે પછીના તબક્કામાં તમને તમારા મનમાં ચોક્કસ માર્ગદર્શન મળશે કે તમારે જે વસ્તુઓ કરવી છે તેને કઈ રીતે કરવી. એ સ્પષ્ટ છે કે તમારું મન વધારે પડતું સક્રિય હતું.– જેમ બીજા બધાનું હોય છે તે પ્રમાણે – અને તેથી તમે તમારું લક્ષ્ય ચૂકી ગયા, કારણ કે તે સમયે ઘણા સાક્ષીઓનો મોટો સમુદાય હાજર હતો! તેમ છતાં...

*

કર્મો ચૈતસિક બનવા માટે ચૈત્ય પુરુષ અગ્રભાગે આવવો જોઈએ. સાક્ષીપુરુષ અલગ પડી શકે છે, પરંતુ પ્રકૃતિમાં રૂપાંતર કરી શકતો નથી. પરંતુ સાક્ષીપુરુષ બનવું એ પ્રથમ પગલું છે. ત્યાર પછી પુરુષનો સંકલ્પ સક્રિય બનવો જોઈએ અને તે માતાજીની શક્તિનું કરણ બનવો જોઈએ. આ સંકલ્પ એવી ચેતનાના પાયા ઉપર હોવો જોઈએ, જે પ્રકૃતિમાં કઈ વસ્તુ ખોટી, અવિદ્યામય, સ્વાર્થી અને અહંકારી છે તથા કામનાથી ગતિ કરે છે તે જોઈ શકે અને તેને સાચી રીતે કરી આપે.

*

જો તમારે સાચા કર્મો માટે ઘણી ચેતનાની જરૂર હોય અને તમારે તેને માટે અભીપ્સા રાખવી હોય, તો તે ઘણી રીતોમાંથી બતાવેલી કોઈ પણ રીતથી આવી શકે છે.

(૧) તમારી સર્વ ગતિઓનું નિરીક્ષણ કરવાની ટેવ પાડો અથવા એવી રીતે શકિત કેળવો કે તમે કર્મ માટે આવતી શીઘ્રવૃત્તિને નિહાળી શકો અને તેની પ્રકૃતિને પણ જોઈ શકો.

(૨) એક એવી ચેતના કેળવો જે જ્યારે જ્યારે કોઈ ખોટો વિચાર અથવા કાર્ય માટે ખોટી શીઘ્રવૃત્તિ આવે ત્યારે તે અસ્વસ્થતા અનુભવે.

(૩) જ્યારે તમે ખોટું કાર્ય કરવા માટે તૈયાર થાઓ, ત્યારે તમને કોઈક અંદર રહેલી વસ્તુ ચેતવણી આપે અને અટકાવે.

*

[સતત પરમાત્મા દ્વારા શાસિત થવું] તેને માટે પ્રથમ એક સતત અભીપ્સા હોવી જોઈએ – બીજી વસ્તુ, એક પ્રકારની અંતરમાં પ્રશાંતતા અને બાહ્ય કર્મમાંથી પાછા હઠીને પ્રશાંતતામાં ચાલ્યા જઈને એક પ્રકારની સાંભળવાની અપેક્ષા, કોઈ અવાજ સાંભળવા માટે નહિ, પરંતુ એક આધ્યાત્મિક ભાવના અથવા ચૈત્ય પુરુષ મારફતે આવતી ચેતનાનું માર્ગદર્શન સમજવાની શકિત.

*

અંતરમાંથી આવતી લાગણી વિષે તો તમે કેવી રીતે અંતરમાં જાઓ છો તેના પર તેનો આધાર છે. કેટલીક વખત જ્યારે ચેતના ભકિત અથવા બીજા કોઈ ભાવથી ગાઢ અને ઊંડાણમાં જાય છે ત્યારે તે પોતાની જાતે જ આવી જાય છે. કેટલીક વખત તે તાલિમ દ્વારા બની આવે છે – એક પ્રકારની પરમાત્માની અંદર નિવેદન કરીને પ્રત્યુત્તર માટે સાદ સાંભળવાથી - અહીં સાંભળવું એ બેશક રૂપકના અર્થમાં છે પરંતુ બીજી કોઈ પણ રીતે તેની અભિવ્યકિત કરવી મુશ્કેલ છે. તેનો અર્થ એવો નથી કે તે પ્રત્યુત્તર શબ્દોના રૂપમાં જ આવે, બોલાયેલા અથવા વણ-બોલાયેલા. જો કે કેટલીક વ્યકિતઓ પાસે તે, તે પ્રમાણે પણ આવે છે; તે કોઈ પણ રૂપમાં આવી શકે છે. ઘણા માણસો માટે મુખ્ય મુશ્કેલી સાચા પ્રત્યુત્તરની રહે છે. તેના માટે ખાસ જરૂરી વસ્તુ છે, ગુરુની ચેતનાનો અંતરમાં સંપર્ક સાધવો – અને તે ભકિત દ્વારા ઉત્તમ રીતે આવે છે. નહિ તો અંતરમાંથી થતી લાગણીની તાલિમ એક નાજુક અને જટિલ વસ્તુ બને છે. તેમાં નીચેની વસ્તુઓ વિઘ્નરૂપ હોય છે (૧) દરેક વસ્તુ માટે બાહ્ય સાધનો ઉપર આધાર રાખવાની ટેવ, (૨) સાચા પ્રત્યુત્તરને માટે અહંકાર અને તેના સૂચનોને સ્થાન આપવું, (૩) મનની સક્રિયતા (૪) દખલરૂપ થતી કેટલીક ઉપાધિરૂપ પરિસ્થિતિઓ. હું માનું છું કે તમારે આ વસ્તુ માટે બહુ આતુર ન બનવું, પરંતુ આંતર – ચેતનાના વિકાસ પર આધાર રાખવો. ઉપરની બધી વસ્તુઓ તમને સામાન્ય સમજૂતિ માટે આપું છું.

*

કર્મમાં ખુલ્લાપણું એટલે ચેતનામાં ખુલ્લાપણું. જે એક દિવ્ય બલ તમારા ધ્યાનમાં તમારી ચેતનામાં કાર્ય કરે છે અને જેના પ્રત્યે તમે ખુલ્લા થાઓ, ત્યારે તમારા તમોમય વાદળ અને સંઘર્ષને વિખેરી નાખે છે. તે પોતે જ તમારા કાર્યને હાથ ઉપર લઈ શકે છે એટલું જ નહિ, પરંતુ તેમાં રહેલી શકિતઓ વિષે તમને સભાન બનાવે છે તથા શું કરવાનું છે તે વિષે સજ્ઞાન બનાવીને તમારા મન તથા તમારા હાથને તે કાર્ય કરવામાં માર્ગદર્શન આપે છે. જો તમારા કર્મમાં તમે તેના પ્રત્યે ખુલ્લા થાઓ તો તમે આ માર્ગદર્શનનાં વધારે અને વધારે અનુભૂતિ કરતાં કરતાં એટલી હદ સુધી પહોંચશો કે તમારી સર્વ પ્રવૃત્તિઓમાં ભગવતીમાનો બલ વિષે સભાન બનશો.

*

દિવ્ય શકિતને ગ્રહણ કરવા માટે તથા બાહ્ય જીવનની સર્વ વસ્તુઓમાં તમારી મારફતે તેને કાર્ય કરવા દેવા માટે ત્રણ જરૂરી શરતો છે.

(૧) અચંચલતા – સમતા – જે કોઈ વસ્તુ બને તેનાથી ક્ષુબ્ધ ન બનવું. મનને પ્રશાંત અને મક્કમ રાખવું. બલોની લીલાઓને જોયા કરવી, પણ મનને પોતાને તો પ્રશાંત રાખવું.

(૨) નિરપેક્ષ શ્રદ્ધા – એવી શ્રદ્ધા કે જે ઉત્તમ બનવાનું હશે તે જ બનશે. પરંતુ વધારામાં એ પ્રકારની શ્રદ્ધા કે વ્યકિત જો પોતાની જાતને શ્રેષ્ઠ કરણ બનાવે, તો એવું ફલ પ્રાપ્ત થશે, જે પોતાનો સંકલ્પ હશે. તે દિવ્ય પ્રકાશથી માર્ગદર્શન પામેલો હશે અને જે વસ્તુ કરવાની હશે તે જ તે જોશે – કર્તવ્યં કર્મ.

(૩) ગ્રહણશીલતા – દિવ્ય બલને ગ્રહણ કરવાની શકિત અને તે બલની હાજરીને અનુભવવી અને તેમાં માતાજીની હાજરી અનુભવીને તેને કાર્ય કરવાની અનુમતિ આપવી અને પોતાની દૃષ્ટિ અને સંકલ્પ તથા કાર્યમાં તેમનું માર્ગદર્શન અનુભવવું – જો આ શકિત અને હાજરીની અનુભૂતિ થાય અને કર્મમાં ચેતનાની ટેવને નમનીય બનાવાય – પરંતુ ફકત દિવ્ય શકિત પ્રત્યે જ નમનીય બનવું અને તેમાં કોઈ વિદેશી તત્ત્વને દાખલ ન થવા દેવું તો અંતિમ પરિણામ ચોક્કસ પ્રાપ્ત થશે જ.

*

તમારી સાથે જે બન્યું તે દર્શાવે છે કે કઈ અવસ્થામાં દિવ્ય શકિત અહંકારનું સ્થાન લઈને તમારા કર્મમાં માર્ગદર્શન આપે છે, તથા તમારા મન, પ્રાણ અને શરીરને કેવી રીતે એક કરણ બનાવે છે. મનની એક ગ્રહણશીલ

નીરવતા, મનોમય અહંકારની સાફસૂફી અને મનોમય પુરુષનું સાક્ષીરૂપ સ્થાન બનવું, દિવ્ય શકિત સાથેનો ગાઢ સંપર્ક અને તેના એકમાત્ર પ્રભાવ પ્રત્યે સ્વરૂપનું ખુલ્લાપણું રાખવું, પરંતુ બીજી કોઈ પણ વસ્તુ તરફ ખુલ્લાપણું રાખવું નહિ, તે બધું પરમાત્માના કરણ બનવાની સ્થિતિઓ છે. અને ફકત તેના વડે જ ગતિ કરવી અને ફકત તેનાથી જ.

મનની નીરવતા પોતે જ અતિમનસ ચેતનાને લાવી આપતી નથી. માનવ મન અને અતિમાનસ વચ્ચે ચેતનાની ઘણી સ્થિતિઓ અથવા ભૂમિકાઓ અથવા સ્તરો રહેલાં છે. નીરવતા મનને તથા બાકીની સ્વરૂપની વસ્તુઓને વધારે મહાન વસ્તુઓ તરફ ખુલ્લી કરે છે. કેટલીક વખત વિશ્વરૂપ ચેતના પ્રત્યે, કેટલીક વખત નીરવ બ્રહ્મની અનુભૂતિ પ્રત્યે, કેટલીક વખત પ્રભુની હાજરી અને શકિત પ્રત્યે, કેટલીક વખત માનવ મન કરતાં ઉચ્ચતર ચેતના પ્રત્યે; મનની નીરવતા આ બધી વસ્તુઓમાંની કોઈ પણ વસ્તુ બનવા માટે ઘણી અનુકૂળ નીવડે છે. આ યોગમાં તે સૌથી અનુકૂળ પરિસ્થિતિ છે (ફકત એક માત્ર જ નહિ). તેને લઈને દિવ્ય શકિત પ્રથમ વ્યકિત ઉપર અને પછીથી વ્યકિતની ચેતનાની અંદર અવતરણ કરવા માટે તથા ત્યાં કાર્ય કરીને માનવ ચેતનાનું રૂપાંતરનું કાર્ય કરે છે, તેને જરૂરી અનુભૂતિઓ આપે છે, તેનું સમગ્ર દૃષ્ટિબિંદુ અને ગતિઓમાં ફેરફાર કરે છે, અને જયાં સુધી તે છેવટના (અતિમનસ) ફેરફાર માટે તૈયાર ન થાય ત્યાં સુધી એક પછી એક અવસ્થામાં તેને દોરી જાય છે.

*

જે વસ્તુ બની તે એવી વસ્તુ છે જે વારંવાર બને છે અને તમારા વર્ણનને ધ્યાનમાં લઈએ તો તે અમુક તબક્કાઓનું તમારામાં સર્જન થયેલું છે. પ્રથમ તો તમે પ્રાર્થનામાં બેઠા. એનો અર્થ હું એ પ્રમાણે કરી શકું કે ઊર્ધ્વમાં રહેલા તત્ત્વને તમે સ્વીકાર કર્યો. ત્યાર પછી તમારી પ્રાર્થના અસરકારક બને એટલા માટે પ્રાર્થનાના પ્રત્યુત્તરની જરૂરી પરિસ્થિતિ બની આવી – 'ધીરે ધીરે એક પ્રકારની આરામદાયક સ્થિતિ પ્રાપ્ત થઈ', બીજા શબ્દોમાં કહીએ તો ચેતનામાં અચંચળતા આવી, જે દિવ્ય શકિતને કાર્ય કરવા માટે જરૂરી છે. ત્યાર પછી એક દિવ્ય બલ અથવા શકિતનો ધસારો થયો, 'શકિતનું પૂર અને શકિત તથા પ્રકાશની અનુભૂતિ', અને ત્યાર પછી શકિતના કાર્યને પરિણામે તમારા સ્વરૂપની સ્વાભાવિક એકાગ્રતાને લઈને અંતઃસ્ફુરણા અને અભિવ્યકિત આવ્યાં.

પ્રાણમય તત્ત્વ શારીરિક ભૂમિકા ઉપર અસર કરનારું એક સાધન છે અને તેથી તેનું કાર્ય અને શકિત બધા કાર્યો માટે જરૂરી છે. તેના સિવાય, મન જો

પ્રાણના સહકાર અને કરણ સિવાય કાર્ય કરે તો તેને એક સખત અને અણગમતી મજૂરી તથા પ્રયત્ન કરવાં પડે અને તેના એવાં પરિણામો આવે જે ઉત્તમ પ્રકારના ન હોય. કર્મ માટેની આદર્શ પરિસ્થિતિ ત્યારે બને છે જ્યારે વિશિષ્ટ પ્રકારની શક્તિમાં ચેતનાની સ્વાભાવિક એકાગ્રતા હોય અને એક સમગ્ર રીતની ચેતનાની સરળ અને આરામદાયક શાંતિ હોય. બીજી બધી પ્રવૃત્તિઓથી મન વેરવિખેર થઈ જાય છે – તેમ જ થાક પણ તેમાં દખલ કરે છે, અથવા તે કાર્યનો નાશ કરે છે. એટલે પ્રથમ વસ્તુ એક સહાય કરતી આરામપ્રદ ચેતનાને લાવવી અને સામાન્ય રીતે આ વસ્તુમાં કર્મ અને પ્રમાદ અટકાવી દેવાં. તમને જે અનુભૂતિ થઈ તેમાં તમે જે પ્રાર્થનામાં બેઠા તેના પ્રત્યુત્તર રૂપે એક ઊર્ધ્વમાંથી આવતી આરામદાયક સ્થિતિનું સ્થાપન થયું, અને તે જ પ્રમાણે ઊર્ધ્વમાંથી એક શક્તિ ઉતરી આવી. તે સાધનામાં બને છે તે રીતનો જ સિદ્ધાંત છે – એ જ કારણે અમે લોકોની ચેતનામાં સ્થિરતાની માગણી કરીએ છીએ, જેથી ઉચ્ચતર શાંતિ તેમનામાં ઉતરી આવે અને તે શાંતિના પાયા ઉપર ઊર્ધ્વમાંથી એક નવીન શક્તિ ઉતરી આવે.

અંતઃસ્ફૂરણા લાવવામાં પ્રયત્નનો કોઈ ફાળો હોતો નથી. અંતઃસ્ફૂરણા એકાગ્રતાની સ્થિતિના પ્રત્યુત્તર રૂપે ઊર્ધ્વમાંથી આવે છે અને તે પોતે તેના માટે એક પુકાર હોય છે. તેનાથી ઊલટું પ્રયત્ન ચેતનાને થકવી નાખે છે અને તેથી શ્રેષ્ઠ કર્મ માટે અનુકૂળ નથી; ફક્ત એક જ વસ્તુ કેટલીક વખત બને છે – કાયમ જ નહિ – પ્રયત્ન એક અંતઃસ્ફૂરણા માટેના ખેંચાણના શિખર સુધી પહોંચી જાય છે, પરંતુ જે કાંઈક પ્રત્યુત્તર લાવે છે તે એટલો બધો અસરકારક નથી બનતો જેટલો કાર્યમાં રહેલી શક્તિની સરળ અને તીવ્ર એકાગ્રતાથી તે આવે. પ્રયત્ન, અને શક્તિને ખરચી નાખવી, એ બન્ને એક જ વસ્તુ નથી – શ્રેષ્ઠ શક્તિ તે કહેવાય જે કોઈ પણ પ્રયત્ન સિવાય ઘણી સહેલાઈથી વહન કરતી હોય જ્યારે અંતઃસ્ફૂરણા અને બલ (કોઈ પણ બલ) પોતાની જાતે જ કાંઈ કરે અને મન તથા પ્રાણ અને શરીર પણ ઊજ્જ્વલ કરણો બને, અને શક્તિ તીવ્ર રીતે અને આનંદપૂર્વક કાર્ય કરે – બિલકુલ શ્રમ વગરની મહેનત.

*

એ સાચું છે કે તમારા તરફથી કોઈ પણ પ્રયત્ન ન થાય છતાં દિવ્ય બલ અસરકારક રીતે કાર્ય કરી શકે છે. દિવ્ય બલના કાર્ય માટે તમારા પ્રયત્નની નહિ, પરંતુ તમારા સ્વરૂપની અનુમતિની જરૂર હોય છે.

*

વારુ, યોગમાં તે એક સાચો વિચાર છે – કે સાચી નિષ્ક્રિયતા રાખવાથી વ્યકિત પોતાની મર્યાદિત જાત કરતાં કોઈક મહાન વસ્તુ પ્રત્યે ખુલ્લી થાય છે, અને પ્રયત્ન તે અવસ્થા પ્રાપ્ત કરવા માટે ઉપયોગી છે. સામાન્ય જીવનમાં પણ વ્યકિત એક વૈશ્વિક શકિતના હાથમાં ફકત એક કરણ છે, જોકે તેનો અહંકાર તે પોતે જે કાંઈ કરે તેનો પોતાની જાતને યશ આપે છે.

*

તમે દિવ્ય બલ પ્રત્યે ખુલ્લા થયા હોવાથી અને તમારી જાતને કર્મની શકિત માટેની નહેર બની હોવાથી એ બિલકુલ સ્વાભાવિક છે કે તમારે જ્યારે આ કાર્ય કરવું હોય ત્યારે દિવ્ય શકિત તમારી અંદર વહન કરીને જે રીતે કાર્ય કરવાની જરૂર હોય અને તેની જે અસર થવી જોઈએ તે પ્રમાણે જ કાર્ય કરશે. જ્યારે વ્યકિત શકિતના પ્રવાહની નહેર બને છે ત્યારે શકિત પોતાના કરણને મર્યાદિતતાઓ અથવા અશકિતઓથી બંધાયેલી રહેતી હોતી નથી; તે બધી વસ્તુઓની ઉપેક્ષા કરીને તેની પોતાની શકિતથી જ કાર્ય કરે છે. તે પ્રમાણે કરવામાં તે માનવ કરણનો એક માધ્યમ તરીકેનો ઉપયોગ કરી શકે છે. અને જ્યારે કાર્ય પૂરું થાય ત્યારે તે માણસ પહેલાં જેવો હતો તે પ્રમાણેનો જ છોડી દે છે. અને તે માનવી આટલી સુંદર રીતે પોતાની જાતે કાર્ય કરવા અશકિતમાન હોય છે; પરંતુ તે ઉપરાંત તે શકિત પોતાના કાર્યથી, કરણને બરાબર યોગ્ય પણ બનાવે છે, તેને જરૂરી અંતઃસ્ફૂરણાયુકત જ્ઞાન અને ગતિને યોગ્ય બનાવે છે, જેથી કરીને તે પોતાની સંકલ્પશકિતથી તે દિવ્ય બલના કાર્ય ઉપર કાબુ રાખી શકે. તે પદ્ધતિ માટે બે ભિન્ન વસ્તુઓ હોય છે. બૌદ્ધિક જ્ઞાન, જેને અમલમાં મૂકે છે અને અંતઃસ્ફૂરણાયુકત શકિત, જે પોતાના હક પ્રમાણે ભલે કાર્ય કરનાર વ્યકિત તેને ધારણ ન કરી શકતી હોય છતાં કાર્ય કરી શકે છે. દા. ત. ઘણા કવિઓમાં છંદનું અથવા ભાષાકીય પદ્ધતિનું ઓછું જ્ઞાન હોય છે અને તેઓ સમજાવી શકતા નથી કે તેઓ કઈ રીતે લખે છે, અને તેમની સફળતા માટે તેમનામાં કયા ગુણ છે તે કહી શકશે નહિ, તેમ છતાં તેઓ એવી વસ્તુઓ વિષે લખે છે કે લય અને ભાષામાં સંપૂર્ણ હોય છે. પદ્ધતિ વિષેનું બૌદ્ધિક જ્ઞાન જરૂર સહાયરૂપ થાય છે પરંતુ વ્યકિતએ તેને કેવળ એક તરકીબ અથવા રૂઢ સાંકળ બનાવવી ન જોઈએ. કેટલીક કલાઓ એવી હોય છે જે તાંત્રિક (Technical) જ્ઞાન સિવાય સારી રીતે બની શકે નહિ. દા. ત. ચિત્રકામ, શિલ્પકળા વગેરે.

તમે જે લખો છો તે તમારું પોતાનું એ અર્થમાં છે કે તમે તેના આવિર્ભાવના એક કરણ છો – તે વસ્તુ દરેક કલાકાર અથવા કાર્યકર્તા માટે હોય છે; જોકે

સાધના માટે એટલું જરૂરી છે કે તમારે એટલું ઓળખવું જોઈએ કે સાચી શક્તિ તમે પોતે નથી, અને તમે પોતે તો ફક્ત એક સાધન જ હતા જેના ઉપર તે શક્તિએ તે સંગીત વગાડયું હતું.

સર્જનનો આનંદ તમે પોતે અંગત રીતે સારી રીતે કાર્ય કર્યું છે એવા અહંકારનો આનંદ નથી અને તે વસ્તુ તો કોઈ બહારની વસ્તુ છે જે કર્મ અને સર્જન સાથે પોતાની જાતને જોડી દે છે. આ આનંદ એક મહત્તર શક્તિના ઘસારામાંથી આવે છે, તે શક્તિએ તમારો ઉપયોગ કર્યો તેના રોમાંચમાંથી આવે છે, તે "આવેશ" છે, ચેતનાની ઊંચી સ્થિતિએ લઈ જવાનો આનંદ, અને તેને લઈને વધારે મહત્તર અને ઉચ્ચતર પ્રકારનું કાર્ય બન્યું છે અને તે ઉપરાંત જે સૌંદર્ય, શક્તિ, અથવા પૂર્ણતાનું સર્જન થયું તેનો આનંદ છે. માણસ તે કેટલે અંશે અનુભવે છે તેનો આધાર તે સમયની ચેતના ઉપર, તે વખતના ભાવ ઉપર અને પ્રાણની સક્રિયતા ઉપર રહેલો છે; બેશક, કોઈ યોગી (અથવા કેટલાક સમર્થ અને સ્થિર મનવાળા મનુષ્યો) તે આનંદથી ખેંચાઈ જતા નથી. યોગી તે આનંદને ધારણ કરે છે, તેનું નિરીક્ષણ કરે છે અને તેમાં એવો કોઈ ઉશ્કેરાટ હોતો નથી જેમાં તે આનંદનો પ્રવાહ, મન, પ્રાણ અથવા શરીર મારફતે વહન કરીને, તેમાં સેળભેળ થઈ જાય. સ્વાભાવિક રીતે જ 'સમર્પણ' અથવા આધ્યાત્મિક સાક્ષાત્કાર અથવા દિવ્ય પ્રેમનો આનંદ ઘણો મહાન હોય છે, પરંતુ સર્જનના આનંદને પણ તેનું પોતાનું સ્થાન હોય છે.

*

કાર્ય સારી રીતે થયું છે કે નહિ તેનું નિરીક્ષણ કરવું અને માતાજી માટે કરેલા આનંદને અનુભવવો. "હું" નો છેદ ઉડાવી દો. જો તે સારી રીતે થયું હોય, તો તે દિવ્ય શક્તિએ કરેલું છે અને તમે પોતે તો તેના સમર્થ અથવા નિર્બળ કરણ જ છો.

*

(કાર્યમાં) 'રસ' હોવો જ જોઈએ, પરંતુ જયારે શક્તિનું સક્રિય અવતરણ થાય ત્યારે જ તે રસ આવે છે.

*

તમને જે વસ્તુ બનતી લાગે છે તે બધા જ કાર્યમાં થતો સામાન્ય અનુભવ છે. માતાજી કહે છે કે તે એવી હકીકતને લઈને બને છે કે કાર્ય કરવાની શરૂઆતમાં શું કરવું તેની પ્રેરણા આવે છે અને મન પ્રથમ તો નહેરની માફક કામ કરે છે અને બધું બરાબર ચાલે છે. પછીથી મન પોતે પોતાની જાતે જ કાર્ય કરે છે અને

તેમાં વ્યકિત કોઈ પ્રકારનું નિરીક્ષણ કરતી નથી, સિવાય કે વ્યકિત પોતે જ સચેતન હોય અને પોતાની જાતનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરે છે અને તે વસ્તુ પોતાના સામાન્ય કરણોદ્વારા મૌલિક પ્રેરણા વગર કાર્ય કરે છે. આ વસ્તુ કવિતા અને સંગીતમાં સારી રીતે અનુભવાય છે કારણ કે વ્યકિત તેમાં પ્રેરણાને આવતી અનુભવે છે અને તે નિષ્ફળ થઈ જતી નથી; સામાન્ય મનની સાથે મિશ્રણયુકત બની જાય છે. જયાં સુધી તે પ્રમાણે ચાલુ રહે છે ત્યાં સુધી દરેક વસ્તુ સરળતાથી અને સારી રીતે બને છે, પરંતુ જેવું મન તેની અંદર દખલ કરવાની શરૂઆત કરે છે અથવા તેની જગાએ કામ કરવા લાગી જાય છે તેવું જ કામ ઓછું સારું બનવા લાગે છે. રસોઈ કરવા જેવા કામમાં વ્યકિતને સીધેસીધી કે સ્પષ્ટ રીતની પ્રેરણા પ્રાપ્ત થતી નથી. ફકત કાંઈક ઉજ્જવલતા અથવા કોઈક દષ્ટિબિંદુ અને કદાચ વિશ્વાસ કામ લાગે છે – પરંતુ તેમાં પણ જયારે સ્થૂલ મન સક્રિય બને છે ત્યારે વ્યકિતને તેની ખબર પડતી નથી. કાવ્ય જેવી વસ્તુમાં જ્યાં સુધી ફરીથી પ્રેરણા ન આવે ત્યાં સુધી વ્યકિત તે કામ મુલતવી રાખી શકે છે. પરંતુ રસોઈના કામમાં તે પ્રમાણે કરી શકાતું નથી. કાર્યને ત્યાં ને ત્યાં જ તે જ સમયે પૂરું કરવાનું હોય છે. હું ધારું છું કે આનો ઉપાય વ્યકિત પોતે ભીતરમાં વધારે સચેતન બનીને સુધારી શકે છે. જે રીતે વ્યકિત સાધનામાં કરે છે તે પ્રમાણે જ્યાં સુધી વ્યકિત ન જોઈ શકે અને ખોટી ગતિ અને નિમ્ન કક્ષાની મનોમય સક્રિયતાને સ્થાને પોતાની સંકલ્પશકિતમાં સાચી પ્રેરણા અને દર્શનને ફરી પાછા નીચે અવતરણ ન કરાવી શકે ત્યાં સુધી તેનો ઉપાય થઈ શકતો નથી.

*

માતાજી ફકત સૂચનો આપી શકે અને શકયતાઓને ખુલ્લી કરી શકે. પરંતુ જો મન વચ્ચે પ્રક્ષેપ કરે અને તેમની સૂચનાઓનું અનુસરણ કરવામાં ન આવે તો પછી શું થઈ શકે ?

*

તમારે બીજાઓની માફક જ શા માટે તે જ વસ્તુઓ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ ? માણસને જે વસ્તુ કરવાની પ્રેરણા થાય તે જ પ્રમાણે કરવું એ ઉત્તમ વસ્તુ છે.

*

૫

સાધનાના ગાળા દરમિયાન વ્યકિત વૈશ્વિક પ્રાણ–બલને ખેંચવાનું શીખી શકે છે, અને તેમાંથી શકિતઓને ગ્રહણ પણ કરી શકે છે. પરંતુ ઉત્તમ માર્ગ તો પોતાની જાતને માતાજીના બલ પ્રત્યે ખુલ્લી કરીને તે આપણને આધાર આપે છે અને ગતિ આપે છે તથા આપણી તંત્ર પદ્ધતિમાં તેમનો પ્રવાહ રેડીને જે કાર્ય કરવાનું હોય, ભલે તે મનોમય, પ્રાણમય અથવા શારીરિક કાર્ય હોય, તેમાં તેઓ જરૂરી શકિત ભરી આપે છે. તેના વિષે સભાન બનવું જોઈએ.

હાલના વૈશ્વિક બલો કરતાં ઊર્ધ્વમાં એક વધારે ઉચ્ચતર શકિત સ્વાભાવિક રીતે જ રહેલી છે અને તે પ્રકૃતિનું રૂપાંતર કરશે અને મનોમય, પ્રાણમય અથવા શારીરિક શકિતઓને હાથ ઉપર લઈને તે બધાને તે ઊર્ધ્વ શકિતના જેવા જ રૂપાંતર પામેલા કરી નાંખશે.

*

તે એક દિવ્ય શકિત છે, તે આવે છે અને કાર્ય કરવા માટે એક ધક્કો આપે છે, અને તે બીજી શકિતઓ જેટલા પ્રમાણમાં આધ્યાત્મિક જીવનના ભાગ તરીકે કાર્ય કરે છે તેટલા જ પ્રમાણમાં યથાર્થ રીતે કાર્ય કરે છે. એ એક વિશિષ્ટ પ્રકારની શકિત છે જે કાર્ય કરનારના સ્વરૂપમાં કાબુ જમાવે છે અને પોતાની જાતને તેની મારફતે ચરિતાર્થ કરે છે. કોઈ વ્યકિતમાં આ રીતે આવી પૂર્ણ શકિતથી કાર્ય બનવું એ ઘણું પ્રશંસનીય છે. ફક્ત એક જ વસ્તુ કરવાની છે કે તેનો વધારે પડતો ઉપયોગ ન કરવો – એટલે કે એટલો બધો ઉપયોગ ન થવો જોઈએ જેથી થાક અથવા કંટાળો આવીને શારીરિક પ્રમાદ લાવે એવું ન બનવું જોઈએ.

નિવેદન માટે તે વસ્તુને અર્પણ કરવાનું કાયમ ‘ સંકલ્પ ’ રાખવો, તમે જ્યારે કરી શકો ત્યારે પરમાત્માનું સ્મરણ કરવું અને પ્રાર્થના કરો (હું કાર્યના સંબંધમાં વાત કરું છું). આથી એક મક્કમ વલણ ઘડાશે. ત્યાર પછીથી તે દિવ્ય બલ આ ચાવીનો લાભ લઈને તમારી ભીતરમાં ઊંડાણમાં નિવેદનને ખુલ્લું કરશે.

*

ઊર્ધ્વમાંથી આવતું બલ એ ઊર્ધ્વ ચેતનાનું બલ છે, તે પાછળના ભાગમાંથી મનોમય, પ્રાણમય અથવા શારીરિક શકિત તરીકે જરૂર જણાય તે રીતે કાર્ય કરે છે. જ્યારે સ્વરૂપ તેની પ્રત્યે ખુલ્લું થાય છે અને તેના કાર્યમાં અમુક પ્રકારની

નિષ્ક્રિયતા આવે છે ત્યારે તે વૈયકિતક કાર્ય તરીકે સક્રિયતાની જગા લે છે અને પુરુષ તેના કાર્યનો સાક્ષી રહે છે.

*

હું ઊર્ધ્વમાંથી નીચે અવતરણ કરતા બલ વિષે વાત કરતો ન હતો, પરંતુ પાછળથી કાર્ય કરતા બલની વાત કરતો હતો જે મન અને શરીરનો કરણ તરીકે ઉપયોગ કરે છે. ઘણી વખત જ્યારે મન અને શરીર જડ અથવા પ્રમાદી બની જાય છે ત્યારે તેમનું કાર્ય આ પાછળ રહેલા બલ દ્વારા ચાલુ રહે છે.

*

યોગના સામાન્ય ક્રમમાં તે શારીરિક સામર્થ્યનું સ્થાન યૌગિક સામર્થ્ય અથવા યૌગિક જીવન બલ લે છે, જે શરીરની સમતુલા જાળવીને તેની પાસે કાર્ય કરાવે છે, પરંતુ આ બલના અભાવમાં શરીરમાંથી શકિત ઘટી જાય છે તથા જડ અને તામસિક બની જાય છે. જ્યારે સમગ્ર સ્વરૂપ જે યોગશકિત હરેક ભૂમિકા ઉપર હોય છે તેના પ્રત્યે ખુલ્લું થાય છે – યૌગિક મનોમય બલ, યૌગિક પ્રાણમય બલ, શારીરિક બલ – ત્યારે જ તેનો ઉપાય મળી શકે છે.

*

હા, ત્યાં કાયમ સાચી ચેતના હોય તો કોઈ પણ પ્રકારનો થાક લાગતો નથી.

*

આ કાર્ય કરતી વખતે તમારી અંદર એક દિવ્ય બલ હતું અને તમારા પ્રાણ અને શારીરિક સાચી ચેતનાથી સભર હતાં – ત્યાર પછી તમારામાં આવેલાં શિથીલીકરણને લઈને સામાન્ય શારીરિક ચેતના ઉપર ઊઠી આવી અને તેથી સામાન્ય પ્રત્યાઘાતો – થાક, સાયેટિકા (પગની મુખ્ય નસનો દુ:ખાવો) વગેરે ફરીથી પાછાં આવ્યાં.

*

જ્યારે તમને થાક લાગે ત્યારે તમારી જાતને વધારે પડતો શ્રમ ન આપવો પરંતુ આરામ લેવો – તમારા સામાન્ય કાર્યો જ કરવાં; ચંચળ રહીને આ કે પેલું કામ કર્યા કરવાથી તે વસ્તુનો ઈલાજ થતો નથી. અંદર તેમ જ બહાર અચંચળ રહેવું. જ્યારે થાકનો અનુભવ થાય ત્યારે તે ખાસ જરૂરી હોય છે. તમારી નજીક જ કાયમ એક સામર્થ્ય રહેલું હોય છે, જેનો તમે અંદર આહ્‌વાન કરી શકો છો અને તે આ બધી વસ્તુઓને દૂર કરી દેશે. પરંતુ તમારે તેને ગ્રહણ કરવા માટે સ્થિર રહેતો શીખવું જોઈએ.

*

હા, વધારે પડતો થાકવી નાખે તેવો શ્રમ કરવો એ ભૂલ છે કારણ કે ત્યાર પછી તેનો પ્રત્યાઘાત આવે છે. જો શકિત હોય તો તે શકિતને સર્વસ્વ ખર્ચી ન નાંખવી જોઈએ. કેટલીક શકિતનો સંગ્રહ રાખવો જોઈએ જેથી શારીરિક રચનાની કાયમી શકિતમાં વૃદ્ધિ થાય.

*

અતિશય શ્રમ પ્રમાદ અથવા જડતાને ઉપર લાવે છે. દરેક વ્યકિતની પ્રકૃતિમાં જડતા હોય છે; પ્રમાદ વધે છે કે ઘટે છે તે ખાસ જોવાનો પ્રશ્ન છે.

*

જો વધારે પડતું કાર્ય કરવામાં આવે તો કાર્યની ગુણવત્તા ઘટે છે, ભલે પછી કાર્ય કરનારમાં ગમે તેટલો કાર્ય કરવાનો ઉત્સાહ હોય.

*

આળસ, બેશક, જવી જોઈએ – પરંતુ મને લાગે છે કે તમે બીજી બાજુએ વધારે પડતું કામ કરેલું છે. પૂર્ણ શકિતથી કાર્ય કરી શકવું એ જરૂરી છે – પરંતુ કાર્ય ન કરવાની શકિત પણ રાખવી એ પણ જરૂરી છે.

*

સામાન્ય વાર્તાલાપ વિષે તમે જે કહો તે બિલકુલ સાચું છે અને સાચી ચેતના માટે એવી સામાન્ય વાતો કરવાની ટેવ ચાલી જવી જોઈએ.

*

જો શારીરિક ચેતના આવી પરિસ્થિતિમાં આવી પડે અને કાર્ય તેમાં આવા પ્રત્યાઘાતો ઉત્પન્ન કરે તો શરીર ઉપર સખત કાર્ય કરવા માટે બળજબરી વાપરવી અને વધારે પડતો શ્રમ કરાવવો તેનો કોઈ અર્થ નથી. બાહ્ય સ્વરૂપને ધીમે ધીમે શિક્ષણ આપીને એવી તાલિમ આપવી જોઈએ જેથી તે સ્થિર અને શાંત રહે અને નાડીતંત્રમાં તથા શરીરના કોષોમાં પ્રકાશ અને સતત સામર્થ્ય રહે એવાં બનાવવો જોઈએ. શરીર ઉપર પ્રચંડ ફરજિયાત કાર્યનો બોજો લાદવાથી જે હેતુ હોય તે માર્યો જાય. કદાચ તમારી સાધના કેવળ આંતરિક અને સ્વલક્ષી છે; પરંતુ જો તે પ્રમાણે હોય તો, તેનો ઉપાય એક ક્ષણમાં બની આવે નહિ. એટલા માટે હાલમાં વધારે બોજાયુકત શારીરિક કાર્ય તમારે ન કરવું એ વધારે સારી વસ્તુ છે.

*

થાકનું કારણ કદાચ કોઈ કામના અથવા પ્રાણની પસંદગી હોઈ શકે – પ્રાણમાં રહેલા ગમા અને અણગમા, જે કોઈ કાર્ય તમને સોંપવામાં આવે તે માતાજી તરફથી મળેલું છે એવી અનુભૂતિ થવી જોઈએ અને તે પ્રસન્નતાથી કરવું જોઈએ,

અને તમારે તમારી જાતને માતાજીના બલને તમારી મારફત કાર્ય કરી શકે એટલા માટે ખુલ્લી કરવી જોઈએ.

*

૬

બેશક, તમે પ્રગતિ કરી રહ્યા છો, પરંતુ માતાજીએ તમને જે કહ્યું અને દરેકને કહે છે તે સાચું છે કે સાચા કલાકારને વર્ષો સુધી સખત મહેનત કરવાની જરૂર પડે છે. પરંતુ તમે આ વસ્તુને વધારે પડતી ગંભીરતાથી લઈને તેમાં કોઈ વિઘ્ન કે મુશ્કેલી આવે ત્યારે નિરુત્સાહી બની જાઓ છો. એક જ વસ્તુ તમારે કરવાની છે કે જે વસ્તુનું અવતરણ થતું હોય તેના પ્રત્યે તમારી ચેતનાને ખુલ્લી કરવી જેથી કરીને તેમાં ફેરફાર થાય અને તમારી ચેતના શાંતિ અને પ્રકાશ અને શકિત અને આનંદ તથા પ્રભુની દિવ્ય હાજરીથી સભર રહે. જયારે તે પરિસ્થિતિ હોય ત્યારે તમારી મારફતે પરમાત્માને જે કરવું હોય અથવા તમારી અંદર જે વિકાસ સાધવો હોય તે પ્રમાણે બનશે અથવા અત્યારે તમને જે વસ્તુ અશકય લાગે છે તે ઝડપી અને પૂર્ણ રીતે વિકાસ પામશે.

*

ફ્રેંચમાં લખાણ કરવા માટે, વસ્તુઓની અભિવ્યકિત માટે તમારે આટલા બધા વિચારો કરવાની જરૂર નથી કે બીજાઓએ તે જ વસ્તુ વધારે સારી રીતે વ્યકત કરેલી છે. તમારું ફકત એટલું જ લક્ષ્ય હોવું જોઈએ કે તમારે સંપૂર્ણ રીતે લખતાં શીખવું અને ફ્રેંચ ભાષાનો એક તરીકે પૂરો ઉપયોગ કરતાં શીખવું, જો દિવ્ય બલને તમારી મારફતે કોઈ વસ્તુ અભિવ્યક્ત કરવી હોય અથવા ન કરવી હોય તો તમારે તેને પરમાત્માના સંકલ્પ ઉપર છોડી દેવી; એક વખત તમે સાચી ચેતનામાં તેના હાથમાં તમારી જાતને સોંપી દેશો તો તમારી મારફતે શું કરવું અથવા ન કરવું તે વિષે તે જાણી શકશે અને તમારું કરણ તેમને સોંપશો, પછી તે તેનો પૂર્ણ ઉપયોગ કરશે.

*

મેં પહેલાં કહેલું જ છે કે બધી જ વસ્તુઓમાં કર્મ કરવામાં અથવા અભ્યાસમાં, તેમ જ યોગની આંતર પ્રગતિમાં જો તમારે પૂર્ણતા જોઈતી હોય તો એક જ વસ્તુની જરૂર છે – મનની અચંચળતા, દિવ્ય શકિત વિષે સભાન બનવું, તેના પ્રત્યે ખુલ્લા થવું અને તેને તમારી અંદર કાર્ય કરવાની અનુમતિ આપવી. પૂર્ણતાનું લક્ષ્ય રાખવું એ બરાબર છે પરંતુ મનમાં ચંચળતા રાખવી તે રીત બરાબર નથી. તમારી

અપૂર્ણતાઓ ઉપર જ વિચાર કર્યા કરવા અને કાયમ કેવી રીતે કામ કરવું અને શું કરવું તથા ન કરવું એવા જ વિચારો કરવા એ પણ બરાબર નથી. અચંચળ રહો, તમારી જાતને ખુલ્લી કરો, તમારી ચેતનાનો વિકાસ થવા દો – અને દિવ્ય બલને કાર્ય કરવા માટે પુકાર કરો. જેમ જેમ ચેતનામાં વિકાસ થતો જાય અને દિવ્ય બલ કાર્ય કરે તેમ તેમ તમે કઈ વસ્તુ અપૂર્ણ છે તે વિષે સભાન બનશો એટલું જ નહિ પરંતુ જે ગતિ તમને પકડમાં લેશે, (એક પગલે જ નહિ, પરંતુ ક્રમિક રીતે) તેને વિષે પણ સજ્ઞાન બનશો અને પછીથી તમારે તે ગતિનું અનુસરણ કરવાનું જ રહેશે.

જો વધારે પડતું કામ કરીને તમે તમારી જાતને થકવી નાખશો અથવા ચંચળ પ્રકૃતિથી કાર્ય કરશો તો તે તમારામાં ખલેલ પહોંચાડે છે અથવા તમારા નાડીતંત્રને પ્રાણમય-શારીરિકને નબળું પાડે છે, અને તેને લઈને વ્યકિત ખોટા બલો પ્રત્યે ખુલ્લી થાય છે. કાર્ય કરવું પણ સ્થિરતાથી, જેથી કરીને એક સ્થિર પ્રગતિ બની આવે; તે કાર્ય કરવાની સાચી રીત છે.

*

તમને જે મુશ્કેલી લાગે છે તેનું કારણ તમે વસ્તુઓ વિષે કાયમ વધારે પડતી ચિંતા કરો છો તેનું પરિણામ છે. તમે વિચાર્યા કરો છો, "આ ખોટું છે, પેલી વસ્તુ મારામાં ખોટી છે, અથવા મારા કામમાં ખોટી રીતે વસ્તુ બનેલી છે," અને તેને પરિણામે, "હું તે કામ માટે કુશળ નથી, હું ખરાબ છું, હું કોઈ કામ કરવા લાયક નથી, મારાથી કાંઈ બની શકે તેમ નથી," – તમારું ભરતકામ, તમારા લેમ્પ શેઈડો વગેરે કાયમ સારાં હોય છે અને તેમ છતાં તમે એવું વિચારો છો, "આ કામ ખરાબ થયું છે, પેલું ખોટું થયું", અને આ પ્રમાણે કરવાથી તમે પોતે જ ગૂંચાઈ જાઓ છો, અને ગોટાળો કરી બેસો છો. સ્વાભાવિક રીતે તમે અવારનવાર ભૂલો કરતા રહો છો, અને જ્યારે ચિંતા કરો છો ત્યારે વધારે ભૂલો થાય છે. જ્યારે સરળ રીતે અને વિશ્વાસથી કરો છો ત્યારે વધારે સારું કાર્ય થાય છે.

સારી વસ્તુ એ છે કે તમારે કાર્ય અથવા સાધના અચંચલ મનથી કરવી અને દિવ્ય શકિતને કાર્ય કરવા દેવું અને તે શ્રેષ્ઠ રીતે કાર્ય કરાવે તે સાચી રીતે કરવા દેવું. પરંતુ પોતાની જાતનું દરેક મુદ્દામાં આત્મપીડન ન કરવું અથવા અસ્વસ્થ રહીને પ્રશ્નો ન કર્યા કરવા. જો તમે તમારા એકના એક કક્કાને પકડી ન રાખો તો જે કોઈ ક્ષતિઓ હશે તે ઝડપથી સુધરતી જશે, કારણ કે તે જ વસ્તુનો આટલો બધો વિચાર કર્યા કરવાથી તમે તમારી આત્મશ્રદ્ધા ગુમાવશો. તેમ જ

દિવ્ય શક્તિ પ્રત્યે તમારી જાતને ખુલ્લી થતી અટકાવશો – જે શકિત કાયમ ત્યાં રહેલી છે જ – અને તમારી કાર્ય કરવાની રીતમાં બિનજરૂરી મુશ્કેલીઓ ઉત્પન્ન કરશે.

*

કામમાં થતી ભૂલો વિષે ચિંતા ન કરો. ઘણી વખત તમે કલ્પના કરો છો કે તમારા વડે કામ બગડે છે જ્યારે હકીકતમાં તો તમે ખરેખર સારું કામ કર્યું હોય છે પરંતુ તેમ છતાં તેમાં ક્ષતિઓ હોય તો તેનાથી દુઃખી થવાની જરૂર નથી. ચેતનામાં વૃદ્ધિ થવા દો – કેવળ દિવ્ય ચેતના જ સંપૂર્ણ પૂર્ણતાવાળી હોય છે. તમે જેટલા વધારે પ્રમાણમાં પ્રભુને 'સમર્પણ' કરશો તેટલા પ્રમાણમાં તમારી અંદર પૂર્ણતાની શકયતા વધતી જશે.

*

આવી ભૂલોને બહુ અગત્ય ન આપો. અથવા તેનાથી તમે ઉદ્વિગ્ન ન થશો. આવી ભૂલો કરવાની મનની પ્રકૃતિ છે. ફકત ઊર્ધ્વતર ચેતના જ તે બધાને સુધારી શકે છે. દરેક વિશિષ્ટ કાર્યમાં ખૂબ લાંબી તાલિમ પછી જ મન ચોક્કસ બની શકે છે, અને તેમ છતાં પણ તેમાં કોઈ વખત સજાગતા ન રહેવાથી કાંઈક અનિચ્છનીય વસ્તુ બનવાની શકયતા તો રહે છે જ. તમારાથી બને તેટલું સારામાં સારું કાર્ય કરો અને બાકીના માટે તમારી ચેતનાની જ્યાં સુધી સ્થૂલ મનની બધી ગતિઓને પ્રકાશિત કરે ત્યાં સુધી વૃદ્ધિ થવા દો.

*

કર્મોમાં કુશળતા જ્યારે સ્થૂલ મન અને શરીરમાં ખુલ્લાપણું આવે છે ત્યારે આવે છે. અત્યારે તેના વિષે ચિંતા કરવાની જરૂર નથી. તમારાથી બને એટલું ઉત્તમ કરો અને તેના વિષે ચિંતા ન કરો.

*

જ્યારે તમારું કાર્ય ચાલતું હોય ત્યારે જ તેના વિષે વિચાર કરો; પહેલાં પણ નહિ અને પાછળથી પણ નહિ.

જે કાર્ય પૂર્ણ થયું હોય તેના તરફ તમારા મનને પાછું ફરવા ન દો. તે વસ્તુ ભૂતકાળ બની ગઈ અને ત્યાર પછી તેને ફરીથી હાથ ઉપર લેવાથી શકિતનો ક્ષય થાય છે.

જે કાર્ય કરવાનું છે તેના વિષે અગાઉથી વિચારો કર્યા કરવાનો તમારા મનને શ્રમ ન આપો. જે શકિત તમારી અંદર કાર્ય કરી રહી છે તે તેના પોતાના

સમયે તેનું નિરીક્ષણ કરશે. તમારા મનની આ બે ટેવો ભૂતકાળમાં થઈ ગયેલા કાર્યને પકડી રાખે છે અને જેને રૂપાંતર કરતી શકિત ભૂંસવા માટે દબાણ કરે છે અને તમારું સ્થૂલ મન તે વસ્તુઓને જીદ્દપૂર્વક વળગી રહેલું છે તે જ તમારા બોજા અને થાક માટે કારણભૂત છે. જો તમે એટલું યાદ રાખી શકો કે જ્યારે કાર્ય માટે જરૂર હોય ત્યારે જ મનને વિચાર કરવા દેવું, તો તમારા મન ઉપરનો તણાવ અદૃશ્ય થઈ જશે. અતિમાનસ કાર્ય શારીરિક મનને કાબુમાં લઈને તેની અંદર દિવ્ય પ્રકાશનું એક સાહજિક કાર્ય લઈ આવે તે પહેલાંની આ એક અંતરાલ ગતિ છે.

*

૭

હા, સ્પષ્ટ રીતે જ કર્મનો આ એક મહાન ઉપયોગ છે કે તે પ્રકૃતિની કસોટી કરે છે. અને સાધકને બાહ્ય સ્વરૂપની ક્ષતિઓને સાધકની સામે મૂકી દે છે અને નહિ તો તેને પોતાની ક્ષતિઓ વિષે જાણ પણ ન થાય.

*

પ્રકૃતિમાં કઈ વસ્તુ રહેલી છે તેને અભિવ્યકત કરવા માટે કાર્યોની અગત્ય રહેલી છે. તમારા કાર્યોમાં કઈ કઈ વસ્તુ યોગના સંવાદમાં નથી તેના વિષે તમારે સભાન બનવાનું હોય છે, અને તે વસ્તુઓમાંથી મુકત થવાનું છે. પરંતુ તેના માટે જે વસ્તુ જરૂરી છે તે તમારી પોતાની ચેતનાની અવસ્થા છે. એક ચૈતસિક ચેતના જે ભીતરમાં રહીને નિરીક્ષણ કરે છે અને જે વસ્તુ અનીચ્છનીય દેખાય છે તેનો તે નિકાલ કરે છે.

*

કર્મ ન કરવા માટે ક્ષતિઓને કારણભૂત ગણવાને બદલે તે ક્ષતિઓનો નિકાલ કરવા માટે સાધના તરીકે કાર્ય કરવું એ વધારે સારું છે. આ બધા પતિભાવોના તમારી પ્રકૃતિના જાણે કે તે બધા અફર ધર્મ હોય એમ સ્વીકારવાને બદલે તમારે એવો નિશ્ચય કરવો જોઈએ કે તેઓ ફરીથી ન આવે – તેને માટે તમારે માતાજીની શકિતને બોલાવવી જોઈએ જે તમારી પ્રાણમય પ્રકૃતિને વિશુદ્ધ કરે અને તે બધા પ્રત્યાઘાતોને એક સાથે બાતલ કરી દે. જો તમે એવો વિશ્વાસ રાખો કે શરીરમાં કોઈ મુશ્કેલી ઉત્પન્ન થશે તો તે સ્વાભાવિક રીતે જ આવશે. તેને બદલે તમારા મનમાં એક એવો મક્કમ વિચાર નિશ્ચિત કરી રાખો કે તે બિલકુલ આવવી જ ન

જોઈએ તો તે આવશે નહિ. જો તે આવવા પ્રયત્ન કરે તો તેનો ઇનકાર કરો અને તેને તમારામાંથી બહાર ફેંકી દો.

*

તે માનવ પ્રાણીની મહાન ભૂલ છે – અભિનંદનને ખાતર જ અભિનંદનો સ્વીકારવા અને અભિનંદન ન મળે તો નિરાશ થવું તથા એવા અર્થની કલ્પના કરવી કે પોતાનામાં શકિત નથી. આ જગતમાં વ્યકિત જે કાંઈ કરે છે તેની શરૂઆત અવિદ્યા અને અપૂર્ણતાથી કરે છે – તેણે પોતાની ભૂલોને શોધી કાઢવી જોઈએ અને એ ભૂલો ઉપરથી શીખવું જોઈએ. વ્યકિતને ભૂલો કરવી પડે છે અને તેમને સુધારીને વસ્તુઓને સાચી રીતે કરવાની શોધ કરવી પડે છે. આ જગતમાંથી કોઈ પણ વ્યકિત આ નિયમમાંથી બાકાત નથી. એટલે વ્યકિતએ બીજાઓ પાસે જે અપેક્ષા રાખવાની છે તેમાં દરેક વખતે અભિનંદનો જ મળવાની આશા રાખવાની નથી પરંતુ જે વસ્તુ સાચી છે અને સારી રીતે થયેલી છે તેને માટે પ્રશંસા તથા ક્ષતિઓ અને ભૂલો માટે ટીકાની અપેક્ષા રાખવાની છે. જેટલા વધારે પ્રમાણમાં વ્યકિત ટીકાઓ સહન કરી શકે અને પોતાની ભૂલો જોઈ શકે તેટલા વધારે પ્રમાણમાં પોતાની શકિતની પૂર્ણતા તરફ જવાની શકિત તે પ્રાપ્ત કરી શકે. ખાસ કરીને વ્યકિત જ્યારે નાની ઉંમરની હોય છે – પરિપકવ થઈ હોય ને પહેલાંની ઉંમરમાં – ત્યારે વ્યકિત સહેલાઈથી કાર્ય કરી શકે નહિ. ચિત્રકારના અને કવિઓના જે કાર્યો નાની ઊંમરના હોય (Juvenile), એટલે કે તેમણે નાની ઊંમરમાં કરેલા સર્જનોમાં એક ભાવિની આશા અને ગુણો હોય છે – પરંતુ તેમની સાચી પૂર્ણતા અને તેમની શકિતઓનો પૂર્ણ ઉપયોગ પાછળથી થાય છે. તેઓ પોતે તે વસ્તુ સારી રીતે જાણતા હોય છે તેમ છતાં તેઓ ચિત્રકામ કરવાનું કે લખવાનું કાર્ય ચાલુ રાખે છે કારણ કે તેઓ તે પણ જાણે છે કે તે પ્રમાણે કરવાથી તેમની શકિતઓનો વિકાસ થશે.

માણસે બીજાઓ સાથે પોતાની સરખામણી કદી ન કરવી. દરેક વ્યકિતને પોતાનો પાઠ શીખવાનો હોય છે, પોતાનું કાર્ય કરવાનું હોય છે અને તેણે પોતાના કાર્ય સાથે જ સંબંધ રાખવાનો હોય છે, નહિ કે બીજાઓ સાથેની પોતાની વધારે પડતી સારી અથવા વધારે નિમ્ન પ્રકારની પ્રગતિની સરખામણી. જો આજે તે પાછળ હશે તો હવે પછીથી તેનામાં પૂર્ણ શકિત પ્રાપ્ત થઈ શકે છે અને તેણે ભાવિની શકિતઓ પ્રાપ્ત કરવા માટે કાર્ય કરવાનું છે. તમે હજુ યુવાન છો અને હજુ ઘણું બધું શીખવાનું છે – તમારી શકિતઓ હજુ તો ફૂલની કળી જેવી છે, પરંતુ તે પૂરેપૂરી ખીલી ઊઠે તેને માટે તમારે રાહ જોવાની છે અને કાર્ય કરવાનું

છે – અને તેને માટે કોઈ વસ્તુ સંતોષકારક અને પૂર્ણ બને તે પહેલાં મહિનાઓ અને વર્ષો લાગે તો પણ તેની પરવા કરવાની નથી. તે યોગ્ય સમયે આવશે અને અત્યારે તમે જે કાર્ય કરી રહ્યા છો તે તેના તરફનું એક પગલું છે.

પરંતુ કોઈ ટીકા ટિપ્પણી કરીને તથા અપૂર્ણતા તરફ તમારું ધ્યાન દોરે તો તેમને આવકારતાં શીખો. જેટલા વધારે પ્રમાણમાં તમે તે પ્રમાણે કરશો તેટલી તમારી પ્રગતિ વધારે થશે.

*

કોઈ વ્યક્તિ ચિત્રકામ કરતાં અથવા સંગીત વગાડતાં અથવા લખતાં શીખે અને જે માણસને તે કળાઓ વિષે જ્ઞાન હોય તે તેની ભૂલો બતાવે તે પસંદ ન પડે – તો તે કઈ રીતે કાંઈ પણ શીખી શકે અથવા તેની પદ્ધતિમાં પૂર્ણતા કયારે આવે ?

*

અમે તમારા વિચારને અનુમોદન આપી શકતા નથી – આશ્રમમાં પૂરતા બુદ્ધિશાળી માણસો છે અને રૂમ સંભાળનાર બુદ્ધિવાદી એવા પ્રકારનો માણસ નથી જેના અયોગ્ય પ્રચારને અમે પ્રોત્સાહન આપીએ. બહારનું કામ પ્રકૃતિની સમતુલા રાખવા માટે જરૂરી છે અને તે હેતુ માટે તમારે તેની ખાસ જરૂર છે. ઉપરાંત ડાઈનિંગ હોલમાં તમારી હાજરી અનિવાર્ય છે. ક્ષ કે ય ની સાથે ગુસ્સે થવાને બદલે બીજી બધી વસ્તુઓ માટેનું કારણ તમારે પોતે તમારી અંદર શોધવું જોઈએ - અને સાધક માટે તે સાચો નિયમ છે. કેટલીક વખત તમે ઉત્તમ રીતે કામ કરો છો અને તે સમયે વસ્તુઓ સારી રીતે થાય છે; પરંતુ કેટલીક વખત તમે ઉત્તમ અવસ્થામાં હોતા નથી અને તેને લઈને આ બધી ગેરસમજ ઉત્પન્ન થાય છે. એટલા માટે તેનો ઉપાય છે તમારે કાયમ ઉત્તમ અવસ્થામાં રહેવું – કાયમ તમારી રૂમમાં જ નહિ, પરંતુ તમારી પોતાની અંદર ઉત્તમ સ્થિતિમાં, એટલે કાયમ તમારા સાચા આત્મામાં તેવી સ્થિતિમાં રહેવું.

પ્રાણયમ પ્રકૃતિની અતિશય સંવેદનશીલતાને લઈને મુશ્કેલી ઉત્પન્ન થાય છે. સંવાદની કોઈ પણ ખામીને લઈને પ્રાણમય પ્રકૃતિને ખૂબ અસર થાય છે અથવા કાર્યમાં કોઈ વિરોધ આવે અથવા કોઈ અઘટિત વસ્તુ બને ત્યારે તે પ્રમાણે બને છે, અને જ્યારે આવી વસ્તુ આવે ત્યારે વ્યક્તિને પોતાનો *અંગત* વિરોધ થયો હોય તેવું લાગે છે અને બીજા પક્ષે પણ એવી જ લાગણી ઉત્પન્ન થાય છે. હકીકતમાં તો સંજોગોમાંથી મુશ્કેલી ઉત્પન્ન થાય છે. દા. ત. બિલ્ડિંગ સર્વિસમાં સ્ટાફનો ઘણો ઘટાડો કરવામાં આવ્યો છે અને તેને લઈને કામનો ઘસારો

હોય છે જેમાં બધા માણસો ઉપયોગમાં લઈ લેવામાં આવે છે. તેથી તમારો જે પહેલાં ઉપયોગ થતો હતો તેનો સમાવેશ કરવા માટે ઘણી મુશ્કેલી અનુભવાય છે. અથવા તે એટલા માટે પણ ઉત્પન્ન થાય કે વસ્તુઓ માટે માણસો જે ધારણા રાખે તેની સાથે તમારા વિચારનો સુમેળ ન સધાય, અથવા તો બીજો માણસ પોતાના ખ્યાલ પ્રમાણે વર્તતો હોય કે કઈ વસ્તુ સગવડભરી અને અસરકારક છે, પરંતુ તે વિષે તમારી વિચારસરણીથી ઊલટું હોય તેમાંથી પણ એવું બને. આ બધી વસ્તુઓમાં પોતાની અંગત લાગણી ન હોવી જોઈએ, અને ઉત્તમ વસ્તુ છે તે વિષે વિચાર ન કરવો તથા તમારા દૃષ્ટિબિંદુથી ન જોવું. એક સ્થિર દૃષ્ટિબિંદુ રાખવું અને સ્પષ્ટ દર્શન રાખવું એ જરૂરી છે – કેવળ પોતાના દૃષ્ટિબિંદુ પ્રમાણે જ નહિ પરંતુ જે સ્પષ્ટ રીતે સાચું હોય; અને છતાં તેની વિગતોમાં થોડો ફેરફાર કરવાની જરૂર પણ પડે છતાં એવું દર્શન પણ રાખવું જે બીજાના દૃષ્ટિબિંદુઓને પણ જોઈ શકે. પૂર્ણ યૌગિક ચેતનામાં આવા વિશાળ સ્થિર અને બિનંગત દૃષ્ટિબિંદુની જરૂર પડે છે. તે દૃષ્ટિબિંદુ પ્રાપ્ત કર્યા પછી વ્યકિત જે વસ્તુની મક્કમપણે જરૂર હોય તેને મક્કમપણે ટકાવી રાખે છે છતાં બીજાઓના સંદર્ભમાં રહેલી વસ્તુઓનો પણ વિચાર કરી શકે છે અને તેને લઈને બીજાઓની સાથે સંઘર્ષ થવાની તકને છોડી શકાય છે. સ્વાભાવિક રીતે જ જો બીજી વ્યકિત બુદ્ધિથી કાર્ય ન કરતી હોય અને છતાં વિરોધ કરે તો તે ભૂલ તેની પોતાની જ ગણાશે અને તેના પરિણામની જવાબદારી તેના પોતાના ઉપર આવશે. અમે આ બાબતમાં કાંઈક ફેરફારની જરૂરિયાત જોઈએ છીએ. તમારામાં વફાદારી, વિશ્વાસ, શકિત, સંકલ્પનું સામર્થ્ય અને કાર્ય માટેના બીજા ગુણો પુષ્કળ પ્રમાણમાં છે – પરંતુ આંતર-સ્વરૂપમાં એક પૂર્ણ સ્થિરતા અને સમતા જ નહિ (જે ત્યાં અસ્તિત્વ ધરાવી શકે છે) પરંતુ તમારા બાહ્ય નાડીતંત્રના ભાગોમાં પણ તે વસ્તુઓને પૂર્ણ રીતે પ્રાપ્ત કરવાની છે.

*

આ અસંવાદમાં કાયમ બન્ને પક્ષોએ ક્ષતિઓ હોય છે. તમારી બાજુએ એવું વલણ છે જે બીજાઓ વિષે કડક ન્યાય રાખે છે; બીજાઓની ભૂલો, ક્ષતિઓ અને નબળી બાજુઓ ઉપર તમે વધારે પડતો ભાર મૂકો છો અને તેમની સારી બાજુઓ ઉપર પૂરતું ધ્યાન આપતા નથી. આ વસ્તુ તમારા દૃષ્ટિબિંદુની માયાળુતાને અટકાવે છે અને એક કડક અને સખત ટીકાકાર તરીકે તમારી છાપ ઉત્પન્ન કરે છે અને એક વિરોધનું અને બંડનું વલણ ઉત્પન્ન કરે છે, જે બીજાઓના મનમાં ન હોવાં છતાં તેમના અવચેતન મનમાંથી ઉત્પન્ન થાય છે અને આ રીતે અસંવાદી ગતિઓ ઉત્પન્ન થાય છે. બીજાઓમાં કઈ વસ્તુ સારી છે તેનો લાભ લેવા માટે,

અને તેમની ભૂલો, ક્ષતિઓ અને દોષો સાથે કુશળતાપૂર્વકના દૃષ્ટિબિંદુથી કાર્ય લેવું એ ઉત્તમ માર્ગ છે; તેને લઈને શિસ્તની મક્કમ જાળવણી ચાલી જતી નથી, તેમ જ જ્યારે કડકાઈની જરૂર હોય ત્યારે કડકપણું પણ ચાલ્યું જતું નથી; પરંતુ ભાગ્યે જ કડક થવુ જોઈએ અને બીજાઓને એવું ન લાગવું જોઈએ કે તમારું કાયમી વલણ કડકાઈનું છે.

*

તમારી આંતર લાગણીઓ અને તમારી સપાટી ઉપરના પ્રત્યાઘાતો વચ્ચેના ભેદની તમને અનુભૂતિ થાય છે તે બતાવે છે કે તમારી પ્રકૃતિના જે ભિન્ન ભિન્ન ભાગો છે અને તેમના જે લક્ષણો છે તેને વિષે તમે સભાન બનતા જાઓ છો. હકીકતમાં દરેક માનવી જુદી જુદી વ્યકિતતાઓનો બનેલો છે અને તે દરેકને જુદી જુદી લાગણીઓ થાય છે અને ભિન્ન ભિન્ન રીતે વર્તે છે અને તે વ્યકિતનું કાર્ય તે સમયે જે અગત્યની વસ્તુ હોય તેના ઉપરથી નિર્ણિત થાય છે. જેને કોઈના વિરુદ્ધ કોઈ પણ લાગણી ન હોય તે યા તો ચૈત્ય પુરુષ હોય અથવા હૃદયમાં રહેલો ઊર્મિમય પુરુષ હોય, અને જે વ્યકિતને ગુસ્સો આવતો હોય તથા કડક હોય તે તેની બાહ્ય પ્રાણમય પ્રકૃતિની સપાટી ઉપરનો ભાગ હોય છે. આ ગુસ્સો અને કડકાઈ કોઈક એવી વસ્તુનું ખોટું સ્વરૂપ હોય છે જેની પોતાની કાંઈક કિંમત હોય છે. કાર્યનું અમુક પ્રમાણનું સંકલ્પનું સામર્થ્ય અને કાર્યનું બલ તથા પ્રાણમય પુરુષમાં કાબુ, જેના વિના કાર્ય બની શકે નહિ. જરૂરી વસ્તુ છે ગુસ્સામાંથી મુકત થવું અને એક વિકસિત નિર્ણય વડે બલ તથા મક્કમ સંકલ્પને પકડી રાખવો કે કોઈ પણ સંજોગોમાં સાચી રીતે કઈ વસ્તુ કરવી. દા. ત. જયારે કોઈ વસ્તુ બગડે નહિ, જયારે માણસોની તેમની પોતાની જ કાર્ય કરવાની આગવી રીત હોય અને જે વસ્તુ કરવી જરૂરી હોય ત્યારે લોકોને તેમની પોતાની રીતે કાર્યો કરવા દેવા – જયારે તેમની રીત કાર્યના શિસ્તથી વિરુદ્ધ હોય ત્યારે તેમને નિયંત્રણમાં રાખવા પડે, પરંતુ તે વસ્તુ સ્થિરતાથી અને માયાળુ રીતે કરવી જોઈએ અને નહિ કે ગુસ્સાથી – ઘણી વખત માણસે જો પોતાની અંદર કાર્ય ઉપર માતાજીની શકિતને મૂકવાને નીરવ શકિતનો વિકાસ કરેલો હોય અને પોતાના સંકલ્પમાં માતાજીની શકિતના કરણ તરીકે તે વાપરી શકે તો કાંઈ પણ ન કહો તો પણ સંતોષકારક રીતે કાર્ય બને છે. કારણ કે તે માણસ પોતે જ પોતાની રીત બદલી નાંખે છે જાણે કે તે પોતે જ તેમાં તે રીતનો આગળ પડતો ઉત્સાહ બતાવતો હોય.

ખાઈ ન શકવાની લાગણી અને ભોજન લેવું જરૂરી નથી એ પ્રકારનું સૂચન ઘણા માણસો પાસે આવે છે. તે વસ્તુનો ઇનકાર કરવો જોઈએ અને તેને તે પદ્ધતિમાંથી કાઢી નાંખવી. કારણ કે અપૂર્ણ ખોરાકને લઈને શરીરમાં નિર્બળતા આવે છે; પહેલાં માણસને ઘણી વખત નબળાઈ દેખાતી નથી. એક પ્રાણમય શક્તિ આવીને શરીરને આધાર આપે છે, પરંતુ પાછળથી શરીર નિર્બળ પડતું જાય છે. જ્યારે માણસ પોતાની અંદર ખૂબ ઊંડાણમાં ઉતરે છે અને શારીરિક જરૂરિયાતો માટે તેનો પોતાનો ખાસ આગ્રહ ન હોય, તો આ પ્રકારની લાગણી કેટલીક વખત થાય છે; પરંતુ તેવી લાગણીનો સ્વીકાર કરવાની જરૂર નથી. જો તેનો ઇનકાર કરવામાં આવે તો તે અદૃશ્ય થઈ શકે છે.

*

કોઈ પણ માણસને નિરાશ કરવો એ ખોટું છે, પરંતુ ખોટો ઉત્સાહ કે કોઈ ખોટી વસ્તુ માટે ઉત્સાહ આપવો એ પણ સાચું નથી. સખ્તાઈ કેટલીક વખત ઉપયોગમાં લેવી પડે છે (જો કે તેનો વધારે પડતો ઉપયોગ થતો નથી). જ્યારે તેના વગર ખોટી વસ્તુમાં એ જીદ્દી રીતનું વલણ ન થતું હોય ત્યારે જ તેનો ઉપયોગ કરવામાં આવે છે. ઘણી વખત, એક આંતર વ્યવહારનું સ્થાપન થાય છે ત્યારે બીજી કોઈ પણ વસ્તુ કરતાં એક શાંત દબાણ વધારે અસરકારક બને છે. કોઈ નિરપેક્ષ નિયમ કરી શકાય નહિ, વ્યકિતને પોતાને દરેક પ્રસંગે ઉત્તમ કરવા માટે નિર્ણય લઈને કાર્ય કરવું પડે છે.

*

કર્મ માટે તે વસ્તુઓ બિલકુલ જરૂરી છે; કુશળતા અને શિસ્ત અનિવાર્ય છે. તેમ છતાં તેઓ અંશતઃ બાહ્ય સાધનોદ્વારા ટકાવી રાખી શકાય છે. – સામાન્ય જીવનમાં તેનો આધાર ખરેખર ઉચ્ચતર વ્યકિતના વ્યકિતત્વ ઉપર હોય છે – તેના પોતાના હાથ નીચે કાર્ય કરતા કાર્યકરો ઉપરની અસર, તેની મક્કમતા, આવડત અને તેમની સાથેના વ્યવહારમાં માયાળુ વર્તન ઉપર ખાસ આધાર છે. પરંતુ સાધક વધારે ગાઢ બલ ઉપર આધાર રાખે છે, જે બલ તેની આંતર – ચેતનાનું હોય છે અને તેની મારફતે તે શકિત કાર્ય કરે છે.

*

તે વસ્તુ (પોતાના હાથ નીચેના માણસો પાસે શિસ્ત પળાવવી) સાચી ભાવનાથી કરવી જોઈએ અને તે માણસોને એ પ્રમાણે લાગવું જોઈએ – કે તેમની સાથેનો વ્યવહાર બિલકુલ ન્યાયી છે અને તે પણ એવા માણસ વડે કરવામાં આવે છે જેનામાં સહાનુભૂતિ અને આંતરદૃષ્ટિ છે અને કેવળ સખ્તાઈ અને શકિત જ

નથી. તે પ્રશ્ન એક પ્રાણમય કુશળતાનો છે અને એક સમર્થ અને વિશાળ પ્રાણમય શોધ, બીજાઓ સાથે સાચી રીતે કામ કરવામાં સફળ થાય છે.

*

તમારા વિગતપૂર્ણ પત્રો સાબિત કરે છે કે તમે કેટલી મહાન અને ઝડપી પ્રગતિ સાધનામાં કરી છે. તે વાંચીને અમને ઘણો આનંદ થયો છે. તમે જે બધું લખો છો તે એક સ્વચ્છ ચેતના છે અને તમારા નિમ્ન પ્રાણમાં એક નવીન નવસર્જન થતું બતાવે છે. ત્યાં બીજાઓ ઉપર સત્તા ચલાવવાની અંધઃપ્રેરણા અને તમારા કરણનું અભિમાન સ્પષ્ટ રીતે તમને દેખાયું એટલે તેનો અર્થ કે તમારા સ્વરૂપનો તે ભાગ સાચી રીતે પરિવર્તનના માર્ગ ઉપર છે; આ બધી ક્ષતિઓની જગાએ તેમના બીજા પૂરક ભાગો વડે તે જગાએ પૂરવી જોઈએ – સત્ય અને સાચી હકીકત માટે બીજાઓ પ્રત્યે નિઃસ્વાર્થ ભાવે કાર્ય કરવું, અને સમર્થ અને વિશ્વાસપૂર્ણ બનવાની શકિત પ્રાપ્ત કરવી, પરંતુ પરમાત્માનું અહંકારવિહીન કરણ બનવું, એ પણ સ્પષ્ટ છે કે શારીરિક પણ અસરકારક રીતે ખુલ્લું થતું જાય છે, પરંતુ તેમાં જે અંધઃપ્રેરણાયુક્ત શારીરિક તથા પ્રાણમય – શારીરિક ગતિઓ રહેલી છે. જે શરીરમાં જે ભીતિ રહેલી છે તથા નબળાઈ તથા માંદગી માટેનું વલણ છે તે ચાલ્યા જ જવા જોઈએ. ખોરાક માટે શરીરનું સામર્થ્ય ટકાવે એટલો હળવો ખોરાક લેવો એ તમારા માટે ઉત્તમ છે – ખોરાકમાં માંસ લેવું સલાહકારક નથી.

તમારી અંદર થયેલું વિશાળ ઉદ્‌ઘાટન વિકાસ પામવા દો અને તમારા સમગ્ર સ્વરૂપનું છેક ભૌતિક સુધી સાચી ચેતના અને સાચી શકિતથી સભર બનવા દો.

*

સાચી વસ્તુ કઈ કરવાની છે તે તમે જાણો છો. જરૂરી આંતર–વલણ સ્વીકારી તેને ટકાવી રાખવું – જ્યારે દિવ્ય શકિત અને સામર્થ્ય પ્રત્યે ખુલ્લાપણું હોય ત્યારે તેમાંથી હિંમત અને કાર્ય કરવાની શકિત આવતી હોય છે અને તેને લઈને બાહ્ય સંજોગોનો સામનો કરી તેને સાચી દિશામાં વાળી શકાય છે.

*

જ્યારે કોઈ પણ અયોગ્ય વસ્તુ બને ત્યારે શારીરિક મનમાં અથવા નાડીઓમાં કોઈ પણ જાતના ક્ષોભ અથવા અવ્યવસ્થિતતા ઉત્પન્ન કરનારાં આંદોલનને મંજૂરી ન આપવી એ અગત્યનું છે. વ્યકિતએ સ્થિર રહીને પ્રકાશ તથા શકિત પ્રત્યે ખુલ્લાં રહેવું જોઈએ તો તે સાચી રીતે કાર્ય કરવા માટે શકિતમાન બનશે.

*

સાધનાના દૃષ્ટિબિંદુથી તમારે આવી કોઈ પણ વસ્તુઓથી બિલકુલ ક્ષુબ્ધ બનવું ન જોઈએ. તમારે શું કરવાનું છે, કઈ સાચી વસ્તુ કરવાની છે તે વસ્તુ

પૂર્ણ સ્થિરતામાંથી બનવી જોઈએ અને તે દિવ્ય શક્તિની સહાયથી બનવી જોઈએ. સફળ પરિણામ માટે બધી જ જરૂરી વસ્તુ થઈ શકે છે અને તેમાં જે લોકો તમને મદદ કરી શકે એવા હોય તે બધાની સહાયનો સમાવેશ થવો જોઈએ. પરંતુ જો આ બાહ્ય સહાય કદાચ આવે નહિ તો તમારે ક્ષુબ્ધ બનવું નહિ પરંતુ તમારા માર્ગે સ્થિરતાથી આગળ ચાલ્યા કરવું. જો કોઈ જગાએ મુશ્કેલી અથવા અસફળતા આવે અને તે પણ તમારા પોતાના દોષને લઈને નહિ તો તમારે મૂંઝાવું નહિ, સામર્થ્ય, નિશ્ચલ સ્થિરતા, વસ્તુઓ સાથે કાર્ય કરવા માટે અચંચળ–સ્થિર અને સાચું વલણ એ તમારા કાર્ય માટે નિયમરૂપ બનવાં જોઈએ.

*

આ સમતા રાખવી અને પ્રત્યાઘાતોનો અભાવ હોવો અને તેવી સ્થિર ભૂમિકામાંથી વસ્તુઓ તથા માણસો ઉપર યોગબળને મોકલવું (અને તે પણ અહંકારયુક્ત હેતુ માટે નહિ પરંતુ કાર્ય કરવા માટે) એ યોગીની સ્થિતિ હોય છે.

*

અચંચળ રહો, નારાજ ન બનો, નિરુત્સાહી બન્યા સિવાય તમારું કાર્ય કરો તથા દિવ્ય બલને તમારું કાર્ય કરવા માટે આહ્વાન કરો તે તમારી કસોટી માટેનું ક્ષેત્ર છે – બાહ્ય પરિણામ કરતાં આંતર પરિણામ વધારે અગત્યનું છે.

*

દ્વિવિધ કાર્યની જરૂર છે. નીચલી કક્ષાના માણસોની અશુભ ભાવનાનો નાશ કરવો અને ઉચ્ચતર માણસોના મનમાં પરિવર્તન લાવવું – એ એક અદૃશ્ય કાર્ય બને છે કારણ કે દૃશ્યમાન કાર્યમાં તેઓ અવિદ્યાના બલોના કાબુ નીચે વધારે પડતા હોય એવું લાગે છે.

તમારે પોતાના અદૃશ્ય બલના કરણ બનવાનું છે – જરૂરી બિંદુ તરફ અને જરૂરી હેતુ માટે તેને એક રીતે તે દિશામાં મોકલવા શક્તિમાન બનવાનું છે. પરંતુ તેના માટે સમતા પૂર્ણ રીતની હોવી જોઈએ. કારણ કે શક્તિનો એક સ્થિર તથા પ્રકાશિત રીતે ઉપયોગ કરવો જરૂરી છે. નહિ તો દિવ્ય શક્તિનો ઉપયોગ જો તેની સાથે અહંકારયુક્ત પ્રત્યાઘાતો સહિત કરવાનો હોય તો તેને લઈને તેને અનુરૂપ અહંકારનો પ્રતિકાર અને સંઘર્ષ ઉત્પન્ન કરે છે.

*

સમતાની વૃદ્ધિ થવી એ પહેલી શરત છે. જ્યારે સમતાના પાયા ઉપર એક સમજપૂર્વકના બલનો ઉપયોગ કરવામાં આવે અને હુમલાઓને નિર્માલ્ય બનાવવામાં આવે ત્યારે જ તે હુમલાઓ અશક્ય બનાવાશે.

*

જે માણસો સહકાર આપે છે તેમના ઉપર થતા વિરોધી શકિતના બાહ્ય હુમલાઓ; શારીરિક ક્ષેત્રમાં તેમની કાયમની યુકિત–પ્રયુકિતનો આ એક ભાગ છે. તેમની વિરુદ્ધ વધારે ઉચ્ચતર બલના ઉપયોગ વડે જ તેમને અટકાવી શકાય છે.

*

આ સમતાનું સાચું વલણ છે. - બાહ્યનાં ગમે તે વસ્તુ બની આવે છતાં નિશ્ચલ રહેવું. પરંતુ બાહ્ય ક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત કરવા માટે જે વસ્તુ જરૂરી છે (જો તમે માનવીય સાધનો જેવા કે રાજનીતિ અથવા યુકિત–પ્રયુકિતનો ઉપયોગ ન કરો તો) તે એક સ્થિરતાપૂર્વક દિવ્ય બલનું પ્રસારણ કરવું, જે માણસોનું વલણ તેમ જ સંજોગોને બદલાવી શકે તથા કોઈ પણ બાહ્ય કાર્યને સાચું અને અસરકારક કરી આપે.

*

સાધકને માટે બાહ્ય સંઘર્ષો, મુશ્કેલીઓ, દુઃખો વગેરે અહંકાર અને રાજસિક કામનાઓ ઉપર વિજય પ્રાપ્ત કરવાના સાધનો છે અને તેથી પૂર્ણ સમર્પણ પ્રાપ્ત કરી શકાય છે. જ્યાં સુધી વ્યકિત સફળતા માટે જ આગ્રહ રાખે ત્યાં સુધી તે પોતાના અહંકાર માટે જ અંશત: કાર્ય કરતી હોય છે; મુશ્કેલીઓ અને બાહ્ય નિષ્ફળતાઓ માણસને ચેતવણી આપવા આવે છે કે વસ્તુ આવા પ્રકારની છે અને તેથી પૂર્ણ સમતા આવવી જોઈએ. આનો અર્થ એવો નથી કે વિજયની શકિતની જરૂર નથી, પરંતુ હાથ ઉપર લીધેલો કામમાં તાત્કાલિક સફળતા એની જ ખાસ અગત્ય નથી; ગ્રહણ કરવાની શકિત અને એક વધારે અને વધારે સાચા દર્શનનું પ્રસારણ કરવું એવી શકિતનો વિકાસ કરવાનો છે અને આ વસ્તુ બિલકુલ શાંતિથી અને ખંતપૂર્વક કરવાની છે અને તેમાં વિજય પ્રાપ્ત કરવાથી વધારે પડતા ઉત્સાહી પણ બનવાનું નથી તેમ જ તાત્કાલિક નિષ્ફળતાથી અસ્તવ્યસ્ત પણ બની જવાનું નથી.

*

પ્રથમ તો તમારે એ વસ્તુની અનુભૂતિ કરવાની છે કે તમારી સફળતા અથવા નિષ્ફળતા, કાયમી રીતે તમે સાચું વલણ રાખો તેના ઉપર આધાર રાખે છે અને તમારા સાચા ચૈતસિક અને આધ્યાત્મિક વાતાવરણ ઉપર તથા માતાજીના બલને તમારી મારફતે કાર્ય કરવા દેવા ઉપર આધાર રાખે છે.......

તમારા પત્રો ઉપરથી હું જો નિર્ણય બાંધી શકું તો તમે તે શકિતની સહાયને એકધારી ભરેલી વસ્તુ છે, અને તમે પ્રથમ અગ્રિમતા તમારા પોતાના વિચારો અને યોજનાઓ અને કાર્યવિષેના શબ્દો ઉપર વધારે ભાર મૂકો છો; પરંતુ આ બધી વસ્તુઓ સાચા દિવ્ય બલના કરણો ન હોય તો, સારા હોય કે ખરાબ, સાચા કે ભૂલભરેલા, પરંતુ નિષ્ફળ થવાને જ સર્જાયેલા હોય છે......તમારે કાયમ એકાગ્ર રહેવું પડે, અને અહીંથી તમને જે બલ મોકલવામાં આવે તેના ઉપર જ તમારી

સર્વ મુશ્કેલીઓના ઊકેલ માટે આધાર રાખવો જોઈએ અને તે બલને કાર્ય કરવા દેવું જોઈએ અને નહિ કે તમારા પોતાના મનને અથવા ભિન્ન સંકલ્પ અથવા આવેગને તે સ્થાને સ્થાપન કરવું....

તમારા કાર્યમાં આગળ ધપે જાઓ, અને સફળતાની અવસ્થાને કદી ભૂલો નહિ અથવા તમારા વિચારોમાં અથવા યોજનાઓમાં ખોવાઈ જાઓ નહિ અને સાચી શકિતના સ્રોતના સંપર્કમાં રહેવાનું વિસ્મરણ થવા દો નહિ. તમારી પોતાની અને માતાજીની શકિત અને હાજરીની વચ્ચે કોઈ પણ બીજા માણસના મનને અથવા પ્રાણમય અસરને અથવા આજુબાજુના પર્યાવરણને અથવા સામાન્ય મનોમયતાને આવવા દો નહિ.

*

તમે માતાજી માટે જે કાર્ય હાથમાં લીધું તેને ઘણી સંતોષકારક રીતે પૂર્ણ કર્યું ...... બધી મુશ્કેલીઓ ઉપર વિજય પ્રાપ્ત કર્યો અને આટલું બધું સુંદર પરિણામ લાવીને કાર્ય પૂરું કર્યું ... પરંતુ માતાજી માટેનું તમારું કામ કાયમ ખાતરીબંધ રીતે તે રીતનું જ હોય છે, સંપૂર્ણ હૃદયપૂર્વકનું અને કુશળતાવાળું તથા એક મક્કમ શ્રદ્ધા અને પ્રેરણાયુકત તથા તેમના બલ પ્રત્યે ખુલ્લું, જ્યાં આ વસ્તુઓ હોય છે ત્યાં કાયમ સફળતા હોય છે જ.

કુશળતા અને પૂર્ણતાના ભાગરૂપે સ્થૂલ વસ્તુઓમાં વ્યવસ્થિત સંવાદ અને ગોઠવણી જરૂરી છે અને કરણને જ કાંઈ કાર્ય સોંપવામાં આવે તેના માટે તેને યોગ્ય બનાવે છે.

*

શારીરિક જીવન વ્યવસ્થા અને લય સિવાય કદી હોઈ શકે નહિ. જ્યારે આ વ્યવસ્થામાં ફેરફાર થાય ત્યારે તે એક આંતર-ચેતનાના વિકાસને આજ્ઞાધીન રહીને કરવો જોઈએ અને નહિ કે ફકત બાહ્ય નવીનતાને ખાતર.

એક આંતર-વિકાસ દ્વારા જ વ્યકિત જીવનમાં એક સભર નવીનતા તથા નિશ્ચિત રસ પ્રાપ્ત કરી શકે છે તે સિવાય બીજો કોઈ સંતોષકારક માર્ગ નથી.

*

જ્યારે વસ્તુઓ ખોટી રીતે બને ત્યારે તેના માટે ધીરજ બેસવું એ ગુણની ખામી છે – ચોક્કસાઈ અને વ્યવસ્થા માટેની એક મક્કમતાપણાના ગુણની – તે ગુણને ટકાવી રાખવો અને ક્ષતિમાંથી મુકત થવું.

*

સૌથી સ્થૂલ વસ્તુઓમાં તમારે એક કાર્યક્રમ નક્કી કરવાનો હોય છે જેથી તમે તેમની સાથે બરાબર કામ પાડી શકો, નહિ તો પછી બધી વસ્તુઓ ગોટાળાભરી અને અવ્યવસ્થિત બની જાય. જ્યાં સુધી લોકો એટલા પૂરતા પ્રમાણમાં વિકાસ પામેલા નથી હોતા કે તેમની સાથે કામ પાડવામાં નિયમ વગર સાચી રીતે કાર્ય ન કરી શકે, ત્યાં સુધી ભૌતિક વસ્તુઓની વ્યવસ્થા માટે નિશ્ચિત નિયમો કરવા પડે છે. પરંતુ આંતરિક વિકાસ અને સાધનાની બાબતોમાં દરેક વસ્તુઓની વિગત વિષે અગાઉથી નિશ્ચિત યોજનાને સાકાર બનાવવી અશકય છે અને આપણે એમ ન કહી શકીએ. "દરેક વખતે તમારે અહીં અટકવાનું છે, અથવા ત્યાં, અને આ રીતે કાર્ય કરવાનું છે અથવા તમારે આ રેખા દોરી રાખવી જોઈએ અને બીજી કોઈ નહિ." તો પછી વસ્તુઓ એટલી બધી બંધનયુકત તથા જડ બની જાય છે કે કોઈ પણ વસ્તુ બની શકે નહિ; તે રીતે કોઈ પણ સાચી અને અસરકારક ગતિ પણ બની શકે નહિ.

*

કાર્યમાં એક નિયમ અને શિસ્ત હોવાં જોઈએ અને સમય માટે જેટલી શકય બને તેટલી નિયમિતતા હોવી જોઈએ.

કયું સારું કાર્ય છે અથવા કયું ખરાબ અથવા ઓછું સારું કાર્ય છે? બધું જ માતાજીનું કાર્ય છે અને માતાજીની દષ્ટિએ બધું જ સરખું છે.

*

નિયમિત બનવું એ મહાન શકિત છે; વ્યકિત પોતાના સમયનો અને પોતાની ગતિઓનો સ્વામી બને છે.

*

નિશ્ચય એટલે આપેલા સમય દરમ્યાન વસ્તુને પૂરી કરવા માટે પ્રયત્ન કરવાનો સંકલ્પ. તે કોઈ એવું બંધનરૂપ 'વચન' નથી કે વસ્તુ એટલા સમયમાં પૂર્ણ થઈ જ જશે. તે પ્રમાણે ન બને તો પણ, પ્રયત્નને તો ચાલુ રાખવો જ જોઈએ, જાણે કે કોઈ નિશ્ચિત તારીખ નક્કી કરેલી નથી.

૯

ખોટી રીતનો બગાડ કરવો, સ્થૂલ વસ્તુઓને ઘણા ટૂંકા સમયમાં બરબાદ કરી નાખવી, શિથિલ અવ્યવસ્થા તથા સેવા અને વસ્તુઓનો દુરુપયોગ થવાનું

કારણ યા તો પ્રાણમય માલિકી પ્રાપ્ત કરવાની ભાવનાને લઈને થાય છે, અથવા તામસિક જડતાને લઈને બને છે, અને તેથી સમૃદ્ધિનું તે ઘાતક બને છે અને ધનની શકિતને તે હાંકી કાઢે છે અથવા નાહિંમત બનાવે છે. સમાજમાં આ વસ્તુ બહુ વ્યાપક બનેલી છે અને જો તે પ્રમાણે ચાલુ રહે તો આપણા સાધનોની વૃદ્ધિની સાથે સાથે બગાડની વૃદ્ધિનું પરિણામ પણ વધશે અને બગાડ અને અવ્યવસ્થા ભૌતિક લાભને પ્રભાવહીન બનાવશે. જો સારી પ્રગતિ કરવી હોય તો આ વસ્તુનો ઉપાય કરવો પડશે.

વૈરાગ્ય એ વૈરાગ્યના પોતાના માટે, આ યોગનો આદર્શ નથી, પરંતુ પ્રાણમાં આત્મસંયમ, અને ભૌતિક વસ્તુઓની સુવ્યવસ્થા, આ યોગમાં ઘણો અગત્યનો ભાગ ભજવે છે – અને સાચા કાબુનો બેદરકારી ભર્યા અભાવ હોવાં કરતાં તપસ્વીનું શિસ્ત એ વધારે સારી વસ્તુ છે. વસ્તુઓ ઉપરના સ્વામીત્વનો અર્થ એવો નથી કે તે વિપુલ પ્રમાણમાં હોવી જોઈએ અથવા તેને જેમ તેમ વેડફી નાખવી અને તે જેટલી ઝડપે આવે એટલી ઝડપથી કે તેનાથી પણ વધારે ઝડપથી તેને બગાડી નાખવી. વસ્તુઓનો સાચો અને સંભાળપૂર્વકનો ઉપયોગ કરવામાં સ્વામીત્વ રહેલું છે, એટલું જ નહિ પરંતુ તેમના ઉપયોગમાં આત્મ – સંયમ પણ હોવો જોઈએ.

*

ભૌતિક વસ્તુઓનો ધિક્કાર કરવાનો નથી. તેમના વગર ભૌતિક જગતમાં પરમાત્માનો આવિર્ભાવ થઈ શકે જ નહિ.

*

દરેક ભૌતિક વસ્તુમાં એક ચેતના હોય છે જેની સાથે વ્યકિત વ્યવહાર કરી શકે છે, દરેક વસ્તુનું, ગૃહોનું, મોટર-કારનું, ફર્નિચરનું વગેરે દરેકનું પોતાનું એક પ્રકારનું વ્યકિતત્વ હોય છે. પ્રાચીન પ્રજાઓને તેના વિષે જ્ઞાન હતું અને તેથી તેઓ તે દરેક ભૌતિક વસ્તુમાં એક આત્મા અથવા 'પ્રભુત્વ' જોતા હતા.

*

તમે સ્થૂલ વસ્તુઓ વિષે જે લાગણી અનુભવો છો તે સાચી છે, તેમનામાં એક ચેતના હોય છે, એક જીવન હોય છે, માનવી અને પ્રાણી વિષે જે જીવન આપણે જાણીએ છીએ તેવા પ્રકારનું નહિ, તેમ છતાં તે પ્રશાંત રહસ્યમય અને વાસ્તવિક વસ્તુ છે. એટલા માટે જ આપણને સ્થૂલ વસ્તુઓ વિષે માન હોવું જોઈએ અને તેમનો સાચો ઉપયોગ કરવો જોઈએ. અને તેમનો દુરુપયોગ કે બગાડ ન કરવો જોઈએ, આપણે તેમની સાથે તોછડો વ્યવહાર કે બેદરકારી ભરી ઉદ્ધતાઈ ન કરવી જોઈએ. દરેક વસ્તુ ચેતના છે અથવા જીવંત છે એવી લાગણી ત્યારે જ

અનુભવાય છે જ્યારે આપણી પોતાની શારીરિક ચેતના અને નહિ કે ફક્ત મન જ– તે તમોમયતામાંથી જાગૃત થાય છે અને દરેક વસ્તુમાં તે એકમેવ પરમાત્મા રહેલો છે તેના વિષે સભાન બને છે.

*

એ બિલકુલ સાચું છે કે સ્થૂલ વસ્તુઓમાં તેમની પોતાની અંદર ચેતના હોય છે અને તે તેમની પ્રત્યેની સંભાળને જાણે છે અને પ્રત્યુત્તર આપે છે અને બેદરકારી તથા લાગણીવિહીન વર્તન તથા સ્પર્શ પ્રત્યે સંવેદનશીલ હોય છે. તે વસ્તુ જાણવી અને અનુભવવી અને તેમના વિષે સંભાળપૂર્વકનું વર્તન કરવું, એ ચેતનાની ઘણી મહાન પ્રગતિ છે. સ્થૂળ વસ્તુઓ સાથે અણઘડ વર્તન કરવું અને બેદરકારીથી તેમની ભાંગતોડ કરવી અથવા બગાડ કે દુરુપયોગ કરવો એટલે યૌગિક ચેતનાનો ઇન્કાર અને દિવ્ય સત્યને ભૌતિક ભૂમિકા ઉપર ઉતારવાનું એક મહાન વિઘ્નરૂપ વર્તન.

*

મને લાગે છે કે તે વિચાર સ્થૂલ મનમાંથી આવેલો જે કેવળ સ્થૂલ ઉપયોગનું જ અનુસરણ કરવાનું સૂચન કરતો હતો અને બીજા બધા દર્શનો અને હેતુઓ પ્રત્યે તે ઉપેક્ષા બતાવતો હતો. આ સ્થૂલ મનના વિચારો અને સૂચનો સામે તમારે સજાગ રહેવું અને વિવેક વગર તેમનો કોઈનો પણ સ્વીકાર ન કરવો, અને તે સર્વ વિચારોને એક ઉચ્ચતર પ્રકારના કાબુ નીચે મૂકવા.

★

विभाग ६

ध्यान मारफते साधना

ધ્યાન મારફતે સાધના

તમારા પ્રશ્નો ઘણા વિશાળ સમગ્ર ક્ષેત્રને આવરી લે છે. એટલા માટે તેમના પ્રત્યુત્તરોને ટૂંકાણમાં પ્રત્યુત્તર આપવાનું જરૂરી છે અને કેટલાક મુખ્ય મુદ્દાઓનો જ સ્પર્શ કરવામાં આવશે.

(૧) ધ્યાનનો ખરેખર અર્થ શો ?

'ધ્યાન' ના ભારતીય વિચારને અભિવ્યક્ત કરવા માટે અંગ્રેજીમાં બે શબ્દો વાપરવામાં આવે છે: ધ્યાન (Meditation) અને મનન (Contemplation). વિચારોની એક સમગ્ર સાંકળના ઉપર મનને એકાગ્ર કરવું એવો મેડિટેશનનો સાચો અર્થ થાય છે; જ્યારે મનન (Contemplation) એટલે મનોમય રીતે કોઈ એક વિષય, પ્રતિમા કે વિચાર ઉપર એવી રીતે મનન કરવું જેથી તે વિષય, પ્રતિમા કે વિચાર એકાગ્રતાના બલ વડે સ્વાભાવિક રીતે જ મનમાં ઉપસ્થિત થાય. બન્ને વસ્તુઓ ધ્યાનના પ્રકારો છે, કારણ કે ધ્યાનનો સિદ્ધાંત મનની એકાગ્રતા છે, પછી તે વિચાર, દર્શન કે જ્ઞાન ગમે તે વિષેનું હોય.

ધ્યાનના બીજા પ્રકારો પણ છે. એક પરિચ્છેદમાં વિવેકાનંદ તમને એવી સલાહ આપે છે કે તમારે તમારા વિચારોમાંથી હઠી અલગ થઈને પાછા ઊભા રહેવું અને તેમને નિરીક્ષણ કર્યા કરો અને જુઓ કે તે કેવા છે. આ વસ્તુને આત્મનિરીક્ષણમાં રહેલી એકાગ્રતા કહી શકાય.

આ સ્વરૂપ એક બીજા પ્રકાર તરફ પણ લઈ જઈ જાય છે, મનમાંથી બધા જ વિચારોને કાઢીને મનને ખાલી કરો જેથી કરીને તે કેવળ એક સજાગ ખાલી જગા જ રહે, જેના ઉપર દિવ્ય જ્ઞાન આવીને તેની પોતાની છાપ પાડે, અને સામાન્ય માનવ મનના નિમ્ન પ્રકારના વિચારોથી તે અક્ષુબ્ધ રહે અને જાણે કે કાળા પાટીયા ઉપર સફેદ ચાકથી સ્વચ્છ અક્ષર લખાય. તમે જોઈ શકશો કે ગીતા, યોગની એક પદ્ધતિ તરીકે બધા જ મનના વિચારોનો ઈનકાર કરવાનું કહે છે અને આ પદ્ધતિને તે વધારે પસંદ કરતી હોય તેવું લાગે છે. આ મુકિતનું 'ધ્યાન' છે, કારણ કે આ વસ્તુ મનને તેની યાંત્રિક વિચાર કરવાની ગુલામીમાંથી મુકત કરે છે અને તેને વિચાર કરવાની અથવા તો ન કરવાની મંજૂરી આપે છે

અને તે પણ તેને પસંદ પડે તે રીતે, તેને પસંદ પડે તે સમયે, અથવા તો તેને પોતાના વિચારો પસંદ કરવાની પણ પરવાનગી આપે છે અથવા તો વિચારોથી પર થઈને દિવ્ય સત્યના શુદ્ધ દર્શનમાં જવાનું કહે છે, જેને આપણા તત્ત્વજ્ઞાનમાં આપણે 'વિજ્ઞાન' તરીકે કહીએ છીએ.

માનવ મનને માટે 'મેડીટેશન' એ સૌથી સહેલી પ્રક્રિયા છે પરંતુ તેના પરિણામો પણ એટલાં જ ઓછા અને ટૂંકા છે. કોન્ટેમ્પ્લેશન વધારે અઘરી વસ્તુ છે પણ તે ઘણી મોટી વસ્તુ છે. આત્મનિરીક્ષણ કરવું અને વિચાર શૃંખલામાંથી મુક્ત થવું એ સૌથી મુશ્કેલ બાબત છે, પરંતુ તેનાં પરિણામો પણ એટલા જ મહાન અને વિશાળ આવે છે. આમાંથી કઈ વસ્તુ કરવી તે માણસ પોતાની શકિત અને વલણ મુજબ નક્કી કરી શકે છે. ધ્યાનની સંપૂર્ણ પદ્ધતિમાં આ ત્રણ પ્રકારોનો ઉપયોગ કરતાં રહેવું. દરેક પદ્ધતિને તેના યોગ્ય સ્થાને અને પોતાના હેતુ માટે વાપરવી. પરંતુ આ વસ્તુ માટે તમારે તમારી યોગસાધનામાં એક દૃઢ શ્રદ્ધા રાખવી જોઈશે, એક અવિચલ ધીરજ અને મહાન સંકલ્પબળ કેળવવા જોઈએ.

(૨) 'ધ્યાનને માટે કયો વિષય અથવા તો કેવા વિચારો લેવા જોઈએ?'

તમારી પ્રકૃતિ સાથે તથા તમારી જે સર્વોચ્ચ અભીપ્સા હોય તેની સાથે વધારેમાં વધારે સુમેળમાં હોય એવો વિચાર તમે લઈ શકો. પરંતુ જો મારી પાસેથી તમારે છેવટનો જવાબ માગવો હોય તો મારે એમ કહેવું જોઈએ કે તમારા ધ્યાન યા મનન માટે ઉત્તમ વિષય બ્રહ્મ જ છે, અને પદાર્થમાત્રમાં પરમાત્મા રહેલા છે. પદાર્થમાત્ર પ્રભુમાં છે અને પદાર્થમાત્ર પ્રભુમય છે, એ વિચાર ઉપર તમારા મનને એકાગ્ર કરો. આ પ્રભુ તે વ્યકિતરૂપ પ્રભુ હોય કે વ્યકિતત્વથી પર રહેલા પ્રભુ હોય, અથવા આત્મગત રીતે સર્વમાત્રના એકમાત્ર આત્મા હોય, એ બાબત બહુ અગત્યની નથી. આ વિચાર મને ઉત્તમોત્તમ લાગે છે કારણ કે વિચારમાત્રમાં એ સૌથી ઉચ્ચ વિચાર છે. જગતના સર્વ સત્યો તેમાં આવી જાય છે, પછી ભલે તે આ જગતનું સત્ય હોય કે અન્ય જગતનું, કે પછી આ સારાયે વિશ્વ કરતાં પણ પર રહેલું સત્ય હોય, આ બધુ – સર્વસ્વ – અખિલ બ્રહ્મ છે (सर्वं खल्वं इदं ब्रह्म).

'આર્ય'ના ત્રીજા અંકમાં 'ઈશોપનિષદ'ના વિશ્લેષણમાં બીજા હપ્તામાં તમે આ અખિલ બ્રહ્મના દર્શનનું વર્ણન જોઈ શકશો.

આ વિચારને સમજવા માટે તમને એ મદદરૂપ થશે.

*

(૩) ધ્યાન કરવા માટેની સૌથી અનિવાર્ય આંતરિક તેમ જ બાહ્ય શરતો.

ધ્યાન કરવા માટે કોઈ પણ **અનિવાર્ય** બાહ્ય શરત નથી. પરંતુ ધ્યાન કરવા માટેના સમયમાં એકાંત અને નિર્જન સ્થાન હોવું, તથા શરીરને શાંત અને સ્થિર રાખવું સહાયકારી બને છે, અને શરૂઆત કરનાર સાધક માટે આ લગભગ જરૂરી જ છે. પરંતુ સાધકે બહારની પરિસ્થિતિઓથી બંધાઈ રહેવું ન જોઈએ. એક વખત ધ્યાન કરવાની ટેવ પડી જાય, પછી એવી સ્થિતિ પ્રાપ્ત કરવી જોઈએ જેથી સર્વ પરિસ્થિતિમાં, સુતાં, બેસતાં, ફરતાં કે એકલા હોઈએ ત્યારે, બીજાઓ સાથે હોઈએ ત્યારે પણ ઘોંઘાટ, અવાજ વગેરેની અંદર પણ આપણે ધ્યાન કરી શકીએ.

સર્વથી પહેલી જરૂરી શરત છે કે ધ્યાનમાં આવતા વિઘ્નો, મનની દોડાદોડી, વિસ્મૃતિ, ઊંઘ, શરીરની કે જ્ઞાનતંતુઓની અધીરતા અને ચંચળતા વગેરેનો સામનો કરવા માટે સાધકમાં સંકલ્પની એકાગ્રતા હોવી જોઈએ.

બીજી જરૂરી શરત, જે ચિત્તમાં વિચારો અને ભાવાવેગો ઊઠતા હોય તેમાં પવિત્રતા અને શાંતિ ઉત્તરોત્તર વધતાં હોવાં જોઈએ. ક્ષોભ ઉત્પન્ન કરનારી બધી પ્રક્રિયાઓ જેવી કે ક્રોધ, દુ:ખ, વિષાદ, સાંસારિક બાબતોની ચિંતા વગેરેથી અલગ થઈ જવું જોઈએ. માનસિક અને નૈતિક પૂર્ણતા હંમેશા એક બીજાની સાથે પરસ્પર સંકળાયેલાં હોય છે.

*

એકાગ્રતા એટલે ચેતનાનું સંવરણ કરીને તેને એક બિંદુ ઉપર એકાગ્ર કરવી, અથવા એક વિષય ઉપર વાળવી. દા. ત. પરમાત્મા ઉપર; સમગ્ર સ્વરૂપની ચેતનાનું એક વ્યવસ્થિત રીતનું સંગઠન પણ થઈ શકે છે અને નહિ કે એક બિંદુ ઉપર જ. ધ્યાનમાં આ રીતે કરવું અનિવાર્ય નથી, વ્યકિત અચંચળ મનમાં રહીને એક જ વિષય ઉપર વિચાર કરી શકે છે અથવા તો ચેતનામાં જે વસ્તુ સાથે તેનું નિરીક્ષણ કરે છે અને તેની સાથે કામ પાડી શકે છે.

*

એકાગ્રતા એટલે ચેતનાને એક જગા ઉપર અથવા એક વિષય ઉપર એક જ સ્થિતિમાં સ્થિર કરવી. ધ્યાન પ્રસરણ પામેલું પણ હોઈ શકે. દા. ત. પ્રભુ વિષે ચિંતન કરવું, છાપોને ગ્રહણ કરવી અને તેમાંથી વિવેકપૂર્વક એક બીજાનો ભેદ સમજવો, પ્રકૃતિમાં શું ચાલી રહ્યું છે તેનું નિરીક્ષણ કરવું, અને તેના ઉપર કાર્ય કરવું વગેરે.

*

આપણા યોગમાં એકાગ્રતા ત્યારે કહેવાય જ્યારે ચેતના એક વિશિષ્ટ અવસ્થામાં સ્થિર બની ગઈ હોય (દા. ત. શાંતિ) અથવા ગતિ (દા. ત. અભીપ્સા, સંકલ્પ, માતાજીના સંપર્કમાં આવવું, માતાજીના નામનો જપ કરવો); જ્યારે આંતરમન વસ્તુઓ તરફ સાચું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે જુએ છે ત્યારે તે ' મેડિટેશન ' કહેવાય છે.

*

હવે એકાગ્રના વિષે વિચાર કરીએ. સામાન્ય રીતે આપણી ચેતના દરેક જગાએ બહાર ફેલાયેલી હોય છે, વેરવિખેર હોય છે, આ કે પેલી દિશામાં દોડાદોડી કરતી, આ કે પેલા વિષય ઉપર એકી સાથે વિખરાયેલી હોય છે. જ્યારે કોઈ ટકી રહે એવા પ્રકારનું કાર્ય કરવાનું હોય ત્યારે સૌથી પ્રથમ વસ્તુ આ વેર-વિખેર થઈ ગયેલી ચેતનાનું સંવરણ કરીને વ્યક્તિ એકાગ્રતા કરે છે. જો માણસ ઝીણવટપૂર્ણ નિરીક્ષણ કરે તો તેવે સમયે જ ચેતના એક જગાએ અને એક જ વ્યવસાય, વિષય અથવા પદાર્થ ઉપર એકાગ્ર થાય છે. જેવી રીતે તમે કવિતા લખતા હો અથવા કોઈ વનસ્પતિ–શાસ્ત્રી કોઈ ફૂલનો અભ્યાસ કરતો હોય તો તેની જગા મનના કોઈ સ્થાનમાં હોય છે, જો કોઈની લાગણીમાં એકાગ્રતા હોય તો તેનું સ્થાન હૃદયમાં હોય છે. યૌગિક ચેતના તે જ વસ્તુનું ફક્ત વિસ્તૃતીકરણ અને ઉત્કટતા હોય છે ને કોઈ વસ્તુ ઉપર· પણ હોઈ શકે છે, જેમકે જ્યારે માણસ કોઈ પ્રકાશિત બિંદુ ઉપર ત્રાટક કરતો હોય, ત્યાર પછી તેણે એટલી એકાગ્રતા કરવાની હોય છે કે તે માણસ કેવળ તે બિંદુને જ જુએ છે અને તે સિવાય તેનામાં બીજો કોઈ પણ વિચાર હોતો નથી. એકાગ્રતા કોઈ વિચાર ઉપર અથવા શબ્દ અથવા નામ ઉપર, પરમાત્માના વિચાર ઉપર, ૐ શબ્દ ઉપર, કૃષ્ણના નામ ઉપર, અથવા વિચાર અને શબ્દ બન્નેના સંયોજન ઉપર, અથવા નામ અને વિચાર ઉપર પણ હોય છે. પરંતુ યોગમાં આગળ જતાં કોઈ ખાસ સ્થળમાં એકાગ્રતા કરે છે. આજ્ઞાચક્ર (બે ભ્રમરોની વચ્ચે) ઉપર એકાગ્રતા કરવાનો નિયમ પણ છે – આંતર-મનનું, ગુહ્ય દર્શનનું અથવા સંકલ્પનું કેન્દ્ર ત્યાં છે. તમે એવું કહો છો કે તમે ત્યાં રહીને તમારે જે કોઈ વિષયની એકાગ્રતા કરવાની હોય, તો ત્યાંથી કરો છો, અથવા તમે ત્યાંથી તેની આકૃતિ અથવા પ્રતિમા જુઓ છો, જે આ વસ્તુમાં તમે સફળ થાઓ તો થોડા સમય પછી તમને એવી અનુભૂતિ થાય છે કે તમારી સમગ્ર ચેતના તે જગાએ એકત્રિત થયેલી છે – અલબત્ત તે સમય પુરતી. થોડો સમય આ પ્રમાણે કર્યા પછી અને વારંવાર તે પ્રમાણે કરવાથી તે વસ્તુ સરળ અને સાહજિક બની જાય છે.

મને લાગે છે કે આ વસ્તુ સ્પષ્ટ છે. વારુ, આ યોગમાં તમે તે પ્રમાણે જ કરો છો, અનિવાર્ય રીતે તે આજ્ઞાચક્રના સ્થાનમાં જ નહિ, પરંતુ મસ્તકના કોઈ પણ ભાગમાં અથવા તમારી છાતીના કેન્દ્રમાં, જ્યાં શરીરશાસ્ત્રીઓએ હૃદયનું કેન્દ્ર નક્કી કરેલું છે. કોઈ વિષય ઉપર એકાગ્રતા કરવાને બદલે એક સંકલ્પની એકાગ્રતા તમારા મસ્તકમાં કરો છો, ઊર્ધ્વમાંથી અવતરણ કરતી શાંતિ માટે એક પુકાર કરો છો અથવા બીજા કેટલાક કરે છે તે પ્રમાણે એક અદૃશ્ય ઢાંકણને ખુલ્લું થતું અને તમારી ચેતનાને ઊર્ધ્વમાં જતી ક્રિયાની એકાગ્રતા કરો છો. હૃદયના કેન્દ્રમાં વ્યકિત અભીપ્સામાં એકાગ્રતા કરે છે, એક ઉદ્‌ઘાટન માટે, અને પરમાત્માની જીવંત પ્રતિમાની હાજરી માટે પણ તે એકાગ્રતા કરે છે અથવા તો તેનો જે કોઈ હેતુ હોય તેને માટે તે પ્રમાણે કરે છે, કોઈ નામનો જપ પણ હોઈ શકે, પરંતુ જો તે પ્રમાણે હોય તો તેના ઉપર એકાગ્રતા પણ હોવી જ જોઈએ અને તે નામ હૃદયના કેન્દ્રમાં વારંવાર પોતાનું પુનરાવર્તન કરતું હોવું જોઈએ.

એમ પૂછી શકાય કે જ્યારે આવી રીતની કોઈ સ્થાનમાં ચેતના એકાગ્ર થયેલી હોય, ત્યારે બાકી રહેલી ચેતનાનું શું થાય ? વારુ, તે યા તો શાંત પડી જાય છે, જેમ કોઈ પણ એકાગ્રતામાં થાય છે તે રીતે, અથવા જો તે પ્રમાણે ન થાય તો વિચારો અને બીજી ગતિઓ આજુબાજુ ચાલતી હોય, પરંતુ એકાગ્ર થયેલો ભાગ તેમના પ્રત્યે ધ્યાન આપતો નથી, અથવા તેમની નોંધ લેતો નથી. આવી વસ્તુ જ્યારે એકાગ્રતા ઠીક ઠીક પ્રમાણમાં સફળ થયેલી હોય છે ત્યારે બને છે.

શરૂઆતમાં લાંબો સમય એકાગ્રતા કરીને તમારી જાતને થકવી ન નાખવી જોઈએ, કારણ કે તમને તેની હજુ ટેવ ન હોય તો તમારા થાકી ગયેલા મનમાં તેની શકિત અને મૂલ્ય ચાલ્યા જાય છે. એકાગ્રતા કરવાને બદલે માણસ પોતાની જાતને હળવી બનાવીને ધ્યાન કરી શકે છે. જ્યારે એકાગ્રતા સ્વાભાવિક બને ત્યારે જ વ્યક્તિ વધારે અને વધારે લાંબા સમય સુધી તે પ્રમાણે કરી શકે છે.

*

✍ સાધક માટે ત્રણમાંથી જે કોઈ કેન્દ્ર સૌથી સરળ હોય અથવા જે ઉત્તમ પરિણામ આપી શકે તેમાં તે એકાગ્રતા કરી શકે છે. હૃદયના કેન્દ્રમાં એકાગ્રતાની શકિત તે કેન્દ્રને ખુલ્લુ કરે છે અને અભીપ્સા, પ્રેમ, ભકિત તથા સમર્પણની શકિત વડે, આત્માને ઢાંકી અને છુપાવી રાખતો પરદો ખસી જાય છે, અને આત્મા અથવા ચૈત્ય પુરુષને અગ્રભાવે લાવે છે. આ ચૈત્ય પુરુષ મન, પ્રાણ, અને શરીર

ઉપર સ્વામીત્વ લાવીને તે બધા ભાગોને પ્રભુ પ્રત્યે ખુલ્લા કરે છે અને જે કોઈ વસ્તુ આ પ્રકારના વળાંક અથવા ખુલ્લાપણાની વિરોધી હોય છે તેમને હઠાવી દે છે.

આ વસ્તુને આ યોગમાં ચૈતસિક રૂપાંતર કહેવામાં આવે છે. મસ્તકથી ઉપરના ભાગમાં એકાગ્રતાની શકિત, શાંતિ, નીરવતા અને શરીર–ભાવમાંથી મુકિત પ્રાપ્ત કરવા માટે કરવામાં આવે છે. આપણે જે મન અને પ્રાણની સાથે તાદાત્મ્ય રાખીએ છીએ તે નિમ્ન પ્રકારની (મનોમય, પ્રાણમય, અને શારીરિક) ચેતના માટેનો માર્ગ ખુલ્લો કરી આપે છે અને ઊર્ધ્વમાં રહેલી ઉચ્ચતર ચેતના પ્રત્યે ઊંચે ઊઠાવે છે અને ઊચ્ચતર ચેતના (આધ્યાત્મિક પ્રકૃતિની) ની શકિતઓનું મન, પ્રાણ અને શરીરમાં નીચે અવતરણ કરાવે છે. જો વ્યકિત આ ગતિથી શરૂઆત કરે, તો ઊર્ધ્વમાંથી શકિત તેના અવતરણ દ્વારા બધાં જ કેન્દ્રોને ખોલી શકે છે (તેમાં સૌથી નીચેનું કેન્દ્ર પણ આવી જાય છે.) અને તે ચૈત્ય પુરુષને બહાર લાવે છે. કારણ કે તે પ્રમાણે ન બની શકે ત્યાં સુધી, નિમ્ન ચેતનામાં ખૂબ મુશ્કેલી અને સંઘર્ષ ઉત્પન્ન કરવાની શકયતા હોય છે, જે વિઘ્નરૂપ બને છે, અને ઊર્ધ્વમાંથી આવતા દિવ્ય કર્મની સાથે સેળભેળ થઈને તેનો ઈનકાર પણ કરે છે. જો એક વખત ચૈત્ય પુરુષ સક્રિય બને તો આ સંઘર્ષ અને આ બધી મુશ્કેલીઓ ઘણી બધી ઘટી જશે.

આજ્ઞાચક્રમાં કરેલી એકાગ્રતાની શક્તિ કેન્દ્રને ખોલવા માટે છે. તે આંતર મન અને દર્શન અને આંતર અથવા યૌગિક ચેતના અને તેની અનુભૂતિઓ અને શકિતઓને મુકત કરે છે. અહીંથી પણ વ્યકિત ઊર્ધ્વ તરફ ખુલ્લી થઈ શકે છે, અને નિમ્ન કેન્દ્રોમાં પણ તેનું કાર્ય કરી શકે છે, પરંતુ આ પ્રક્રિયામાં એક જોખમ છે કે વ્યક્તિ પોતાની મનોમય–આધ્યાત્મિક અનુભૂતિમાં પુરાઈ રહી શકે છે, અને મુક્ત અને સંપૂર્ણ આધ્યાત્મિક અનુભૂતિ અને જ્ઞાન, તથા પોતાના સ્વરૂપ અને પ્રકૃતિનું સંપૂર્ણ રૂપાંતર કરવા માટે તેમાંથી બહાર નીકળી શકતી નથી.

*

જે માણસ કોઈ વિચાર અથવા શબ્દ ઉપર એકાગ્રતા કરે તો તે શબ્દમાં સમાવેશ થતા મુખ્ય વિચાર ઉપર મન કેન્દ્રિત થવું જોઈએ અને જે વસ્તુની તે અભિવ્યકિત કરે તેને અનુભવવા માટેની અભીપ્સા સાથે તે પ્રમાણે કરવું પડે.

*

• અત્યારે મારી પાસે તે મૂળ પ્રકરણ નથી; પરંતુ જે વાકયોનો ઉલ્લેખ (૧) કરવામાં આવ્યો છે તેમાં તે મૂળભૂત રીતનો મનોમય વિચાર લાગે છે. દા. ત. વેદાન્તના જ્ઞાનમાં વ્યકિત સર્વવ્યાપી બ્રહ્મના વિચાર ઉપર એકાગ્રતા કરે છે. વ્યકિત કોઈ વૃક્ષ અથવા આજુબાજુની કોઈ વસ્તુને જુએ છે અને એવા વિચાર સાથે કે ત્યાં બ્રહ્મ છે અને વૃક્ષ અથવા તે વસ્તુ કેવળ એકરૂપ છે. થોડા સમય પછી જો સાચા પ્રકારની એકાગ્રતા હોય તો વ્યકિત કોઈ દિવ્ય હાજરી વિષે, કોઈ દિવ્ય અસ્તિત્વ વિષે સભાન બને છે, સ્થૂલ વૃક્ષનું રૂપ એક કોચલું બની જાય છે અને પેલી હાજરી અથવા અસ્તિત્વ એક વાસ્તવિક વસ્તુ બને છે. પછીથી તે વિચાર ખરી પડે છે, અને તેની જગા એક સીધેસીધું દર્શન લે છે – પછીથી તે વિચાર ઉપર એકાગ્રતા કરવાની જરૂરિયાત રહેતી નથી. વ્યકિત એક વધારે ઊંડી ચેતનાથી જુએ છે, स पश्यति. એટલું ખાસ નોંધવાનું કે વિચાર ઉપરની આ એકાગ્રતા એ કેવળ ચિંતન નથી, મનમ્ તે દિવ્ય વિચારના સાર તત્ત્વમાં રહેલો એક આંતર-નિવાસ છે.

*

કેટલીક વખત હૃદયમાં અને કેટલીક વખત મસ્તકની ઉપરના ભાગમાં એકાગ્રતા કરવામાં કોઈ નુકસાન નથી. પરંતુ તે બેમાંથી કોઈ પણ સ્થાનમાં એકાગ્રતા કરવાનો અર્થ એવો નથી કે કોઈ નિશ્ચિત અથવા વિશિષ્ટ જગા ઉપર આપણું ધ્યાન રાખવું; તમારી ચેતનાનું સ્થળ ગમે તે જગાએ રાખો, પણ ખાસ તો પ્રભુ ઉપર જ હોવું જોઈએ. આ વસ્તુ બન્ને રીતે થઈ શકે છે, બંધ આંખોમાંથી અથવા ખુલ્લી આંખો વડે, જે તમને શ્રેષ્ઠ રીતે માફક આવતું હોય તે રીતે.

*

તમે સૂર્ય ઉપર પણ એકાગ્રતા કરી શકો છો, પરંતુ સૂર્ય ઉપર એકાગ્રતા કરવા કરતાં પ્રભુ ઉપર એકાગ્રતા કરવી વધારે સારી.

*

---

(૧) એકાગ્રતા દિવ્ય વિચારથી શરૂઆત કરે છે.... કારણ કે આ દિવ્ય વિચાર મારફતે મનોમય પુરુષ સર્વ અભિવ્યકિતથી ઉપર ઊંચે ઊઠીને અને જે વસ્તુ અભિવ્યકત થયેલ છે, જેના દિવ્ય વિચાર પોતે જ એક કરણ છે ત્યાં તે પહોંચે છે, દિવ્ય વિચાર ઉપર એકાગ્રતા કરવાથી, હાલમાં આપણે જે મનોમય અસ્તિત્વ ધરાવીએ છીએ તે આપણી મનોમયતાના વિઘ્નને હઠાવી દે છે અને એક ચિદાવસ્થામાં પહોંચાડે છે, સત્‌ની સ્થિતિમાં સચેતન-સત્‌ની શક્તિની સ્થિતિમાં, તથા સત્-ચિત્ આનંદમાં, જેને અનુરૂપ તે દિવ્ય વિચાર હોય છે, અને જેનું તે પ્રતીક, ગતિ અને લય છે". – શ્રી અરવિંદ.

'યોગનો સમન્વય' (Synthesis of Yoga) પૃષ્ઠ 307 (શતાબ્દિ આવૃત્તિ).

ઘણા ખરા માણસો ચેતનાને મગજ અથવા મનની સાથે જોડી દે છે કારણ કે તે બૌદ્ધિક વિચાર અને મનોમય દર્શન માટેનું કેન્દ્ર છે, પરંતુ ચેતના એ પ્રકારના વિચાર અથવા દર્શનથી મર્યાદિત હોતી નથી. તે સમગ્ર શરીર તંત્રમાં રહેલી છે અને તેના અમુક કેન્દ્રો હોય છે, દા. ત. આંતર–એકાગ્રતા માટેનું કેન્દ્ર મગજમાં નથી પરંતુ હૃદયમાં રહેલું છે – પ્રાણમય કામના ઉત્પન્ન થવાનું કેન્દ્ર તેનાથી પણ વધારે નીચે આવેલું છે. જ્યાં વ્યકિત યોગ માટે પોતાની ચેતનાને એકાગ્ર કરે તે બે મુખ્ય જગાઓ મસ્તકમાં અને હૃદયમાં છે – મનનું કેન્દ્ર અને અંતરાત્માનું કેન્દ્ર.

*

મગજ વડે ધ્યાન કરવું હંમેશા એક તપસ્યા છે અને તેનાથી સ્વરૂપ એક થકવી નાખે એવી ખેંચ અગર તણાવ અનુભવે છે. જ્યારે તમને મનના સ્થૂલ સ્વરૂપમાંથી પૂર્ણ રીતે બહાર લાવવામાં આવ્યા હોય ત્યારે મનોમય એકાગ્રતાનો થાક લાગવો બંધ થાય છે.

*

• વાંચવામાં અથવા વિચારવામાં યૌગિક ચેતના માટે મસ્તકની ટોચ ઉપર અથવા તેનાથી ઊર્ધ્વમાં સાચી જગા રહેલી છે.

*

એકાગ્રતાપૂર્ણ ધ્યાનને માટે સ્વાભાવિક આસન,–નિશ્ચલ થઈ બેસી જવાનું છે – ઊભા રહેવું કે ફરતાં રહેવું એ સક્રિય અવસ્થાઓ છે. જ્યારે માણસ પોતાની ચેતનામાં કાયમ સ્થિરતા અને નિશ્ચલતા પ્રાપ્ત કરી લે છે, ત્યારે જ તેને માટે હરતાં ફરતાં કે કોઈ કામ કરતાં પણ એકાગ્ર થવાનું અથવા ગ્રહણશીલ થવું સહેલું બને છે. ચેતના પોતાની અંદર આત્મ–સંવરણ કરીને પોતાના સાર તત્ત્વમાં નિષ્ક્રિય થઈ જાય, એ અવસ્થા એકાગ્રતાની યોગ્ય અવસ્થા ગણી શકાય અને એને માટે સર્વથી ઉત્તમ આસન છે શરીરની આસન–સ્થિતિ અને અચલ નિશ્ચલતા. સૂતાં સૂતાં પણ એ પ્રમાણે થઈ શકે છે, પરંતુ એ આસન વધુ પડતું નિષ્ક્રિય છે, અને તેમાં અંતરમાં સંવરણ થવાને બદલે તેમાં જડ બનવાની પ્રવૃત્તિ ઉત્પન્ન થાય છે. આટલા માટે જ યોગી લોકો કોઈ આસન બાંધીને બેસે છે. આપણે આપણી જાતને હરતાં ફરતાં, ઊભા ઊભા, સૂતાં સૂતાં ધ્યાન કરવાની ટેવ પાડી શકીએ છીએ, પરંતુ બેસીને ધ્યાન કરવા માટેનું આસન શરૂઆતમાં સૌથી સ્વાભાવિક વસ્તુ હોય છે.

*

જ્યારે તમે એકલા અથવા અચંચળ હો, ત્યારે ઊંડાણપૂર્વકનું ધ્યાન કરવું એ વધારે સારું છે. બહારથી આવતા અવાજો તમને ખલેલ પહોંચાડવા ન જોઈએ.

*

ધ્યાન પછી થોડા સમય માટે શાંત અને એકાગ્ર રહેવું એ ચોક્કસ વધારે સારું છે. ધ્યાનને હળવાશની રીતે લેવું એ ભૂલ છે. એ પ્રમાણે કરવાથી આપણે જે પ્રાપ્ત કર્યું હોય છે તે નિષ્ફળ જાય છે અથવા ગ્રહણ કરેલી વસ્તુને અથવા ઘણી ખરી વસ્તુને બગાડી નાખે છે.

*

તમે ગહન આંતરિકતા અને અચંચળતામાં પ્રવેશ કરો છો. પરંતુ જો વ્યકિત તેમાંથી એકદમ ઓચિંતા એ અવસ્થામાંથી સામાન્ય ચેતનામાં બહાર આવી જાય તો એવું બને કે એક હળવો નાડીતંત્રમાં આંચકો લાગે છે અને તમે વર્ણવો છો તે પ્રમાણે થોડા સમય માટે હૃદયના ધબકારા વધી જાય છે. આ પ્રકારની અવસ્થામાંથી બહાર આવતાં પહેલાં થોડી ક્ષણો સુધી અચંચળ અવસ્થામાં આંખો ઉઘાડયા સિવાય બેસી રહેવું.

કાર્ય વિષેની તમારી લાગણી બિલકુલ સાચી છે, એ એક નવીન સ્થિરતાનો એક ભાગ છે અને એ બતાવે છે કે તમારી ચેતના વધારે અને વધારે સ્થિર અને મુકત બનતી જાય છે. આળસ આવવાની બિલકુલ શકયતા નથી.

તમે જે ખુલ્લું મેદાન જોયું તે એક નીરવ આંતર–ચેતનાનું પ્રતીક છે, તે મુક્ત અને પ્રકાશિત તથા સ્વચ્છ અને સ્થિર છે.

તમે જે વસ્તુઓ જુઓ છો તે ઘણે ભાગે તમારી અંદર જે કાર્ય ચાલી રહ્યું છે તેનું સૂચન કરે છે; એવી ભીતિ રાખવાની જરૂર નથી કે તેઓ કેવળ ચેતનાને અસર કર્યા સિવાયના દર્શનો જ રહેશે. તમારી ચેતના હાલની સ્થિતિમાં જ ઘણી ફેરફાર પામેલી છે અને તેમ છતાં હજુ જે ઘણો વધારે પ્રમાણમાં ફેરફાર થવાનો છે તેની ફકત શરૂઆત જ છે.

*

તમે જે બાહ્યમાં ચાલતી ગતિઓને જોઈએ ખરેખર કલ્પના નહોતી. તે એક સાચું અને ચોકકસ દર્શન હતું અને તેમની ગતિઓનું દર્શન હતું. તેમનાથી તમારી જાતને અલગ તરીકે અનુભવવી અને તેમને જોયાં કરવું તે તેમનામાંથી છેવટે પૂર્ણ રીતે મુકત થવા માટેની સાચી આંતર - પરિસ્થિતિ હતી.

એકાગ્રતા ઘણી સહાયરૂપ અને જરૂરી છે. જેમ જેમ માણસ વધારે એકાગ્રતા કરે છે. (અલબત્ત તેના શરીરની શકિતની મર્યાદામાં રહીને અને શરીરને વધારે પડતો શ્રમ આપ્યા સિવાય) તેમ તેમ યોગનું બલ વધારે વિકાસ પામતુ જાય છે. પરંતુ કોઈ વખત ધ્યાન સફળ ન થાય તો પણ તેના માટે તમારે તૈયાર રહેવું

જોઈએ અને તેનાથી અસ્વસ્થ ન બનવું જોઈએ. કારણ કે તેવા પ્રકારની ભિન્નતા ધ્યાનમાં દરેક વ્યકિત સાથે બને છે. તેના માટે જુદા જુદા કારણો હોય છે. પરંતુ ઘણે ભાગે તેમાં કોઈક શારીરિક વસ્તુ દખલ કરે છે, યા તો જે વસ્તુ આવે છે તેને પચાવવા માટે શરીરને જે સમયની જરૂર પડે છે અથવા તો જે બની ગયેલું છે તેના પાચન માટેનો સમય; કેટલીક વખત તમે કહો છો અથવા બીજા લોકો બતાવે છે તે પ્રકારની જડતા અથવા કંટાળાને કારણે પણ તેમ બને છે. ઉત્તમ વસ્તુ છે, અચંચળ રહેવું અને નાડીતંત્રમાં શિથિલ ન થઈ જવું, અથવા નિરાશ પણ ન બનવું. જ્યાં સુધી ફરીથી બલ કાર્ય ન હો ત્યાં સુધી તો ખાસ ધીરજ રાખવી.

*

આપણે ધ્યાન માટેનો સમય નક્કી કરેલો ન હોય, અને છતાં સાધના કરી શકીએ.

*

બન્ને વસ્તુઓમાં, સાક્ષાત્કાર અને તેને પરિણામે આવતો વિચાર તેમના પોતાના સત્યો છે. શરૂઆતમાં લાંબા સમય માટે પ્રયત્ન કરીને પણ એકાગ્રતા જરૂરી છે. કારણ કે પ્રકૃતિ અને ચેતના તેને માટે તૈયાર નથી. તેમ છતાં જેટલી વધારે પ્રમાણમાં નિશ્ચલ અને સ્વાભાવિક એકાગ્રતા હોય, તેટલું વધારે સારું. પરંતુ જ્યારે ચેતના અને પ્રકૃતિ તૈયાર થાય ત્યારે એકાગ્રતા સ્વાભાવિક બનવી જોઈએ, અને ગમે તે સમયે કોઈ પણ પ્રયત્ન વગર સરળતાથી તે શકય બનવી જોઈએ. છેવટે તે વસ્તુ આપણા સ્વરૂપની સ્થિતિની કુદરતી અને કાયમી સ્થિતિ બની રહેવી જોઈએ. ત્યાર પછી તે એકાગ્રતા રહેતી નથી પરંતુ પરમાત્મામાં અંતરાત્માની એક સ્થિર થયેલી અવસ્થા બની જાય છે.

એ સાચું છે કે એકાગ્રતા યુકત રહેવું અને બાહ્ય કર્મ તે જ સમયે કરતાં રહેવું એ શરૂઆતમાં કરવું શકય નથી. પરંતુ તે પણ પછીથી શકય બને છે. યા તો ચેતના બે વિભાગમાં વહેંચાઈ જાય છે; એક પ્રભુમાં, આંતર-સ્થિતિમાં સ્થિર રહે છે, બીજી બાહ્ય ચેતના, જે બાહ્ય કર્મ કરે છે – અથવા તો સમગ્ર ચેતના એટલી સ્થિર હોય છે કે શકિત એક નિષ્ક્રિય કારણદ્વારા કાર્ય કરે છે.

*

જો ધ્યાન સ્વાભાવિક બની ગયેલું હોય, તો વ્યકિતને સહજ રીતે જ થાક લાગતો નથી. પરંતુ જો તે પ્રમાણેની તેનામાં શકિત ન હોય તો ઘણા માણસો તણાવ અને થાક વગર ધ્યાન કરી શકયા નથી.

*

જો મન થાકેલું હોય, તો એકાગ્રતા કરવી સ્વાભાવિક રીતે જ મુશ્કેલ હોય છે, સિવાય કે તમે મનમાંથી મુક્ત થઈ ગયેલા હો.

*

તમારે તમારા મનમાંથી પણ તમારી જાતને અલગ કરવી પડે છે. તમારે તમારી પોતાની જાતમાં પણ મનોમય, પ્રાણમય અને શારીરિક ભૂમિકાઓમાં (કેવળ ઊર્ધ્વમાં નહિ) એક એવી ચેતનાની અનુભૂતિ કરવી જોઈએ કે તે મન, પ્રાણ અથવા શરીર પણ નથી.

*

પ્રયત્ન એટલે થકવી નાખે એવો પ્રયાસ, એવું સંકલ્પયુક્ત કાર્ય હોઈ શકે જેમાં કોઈ શ્રમ અથવા પ્રયત્ન ન હોય.

પરિશ્રમ અને એકાગ્રતા બન્ને એક વસ્તુ નથી. અથાગ પરિશ્રમમાં એક વધારે પડતી આતુરતા અને પ્રયત્નની પ્રચંડતા હોય છે, જ્યારે એકાગ્રતાનો ગુણ એક સ્થિરતા અને નિશ્ચલતા હોય છે. જો તેમાં ચંચળતા હોય અથવા ખૂબ આતુરતા હોય તો તે એકાગ્રતા નથી.

*

કોઈ પણ જાતના માર્ગદર્શન વિના તમારા પોતાના અંગત પ્રયત્નોને લઈને તમે મુશ્કેલીમાં આવ્યા અને એવી ધમધમાટ ભરી ગરમ પરિસ્થિતિમાં આવી પડયા તેથી તમે ધ્યાન વગેરે કરી શકયા નહિ. મેં તમને પ્રયત્ન બંધ કરવાનું કહ્યું અને અચંચળ રહેવાનું કહ્યું અને તમે તે પ્રમાણે કર્યું. મારો હેતુ એવો હતો કે જો તમે સ્થિર બનો તો માતાજીની શક્તિ માટે તમારી અંદર કાર્ય કરવાનું શકય બને અને એક વધારે સારી પ્રતિષ્ઠાની શરૂઆત તમારી અંદર આવે તથા પ્રાથમિક અનુભૂતિઓની એક હારમાળાની શરૂઆત થાય. તે વસ્તુ આવવાની શરૂઆત હતી; પરંતુ જો તમારું મન ફરીથી સક્રિય બને અને તે પોતાની રીતે સાધનાની ગોઠવણી કરે તો મુશ્કેલીઓ આવવાની સંભાવના શરૂ થાય. જ્યારે ચૈત્ય પુરુષ ખુલ્લો થાય અને અગ્રભાવે આવે (તમારો ચૈત્ય પુરુષ ખુલ્લો થવાની શરૂઆત થતી હતી) ત્યારે દિવ્ય માર્ગદર્શન શ્રેષ્ઠ કાર્ય કરે છે, પરંતુ તે ત્યારે પણ કાર્ય કરી શકે છે જ્યારે સાધક તેના વિષે સભાન પણ નથી હોતો અથવા તેની જાણ તેને ફક્ત પરિણામો દ્વારા જ થાય છે. જો કોઈને નિર્વિકલ્પ સમાધિ જોઈતી હોય તો તે લાંબી સાધનાને પરિણામે, ચેતના તેના માટે તૈયાર થાય છે ત્યારે જ આવે છે – જ્યારે આંતર ચેતના ફક્ત યૌગિક ચેતના પ્રત્યે ખુલ્લી થવાની શરૂઆત કરતી હોય ત્યારે તેના વિષે વિચારવાનો કોઈ પણ અર્થ નથી.

*

જો તમને એવી મુશ્કેલી લાગતી હોય કે ધ્યાન વખતે અનેક જાતના વિચારો તમારા મનમાં આવ્યા કરે છે, તો તેનું કારણ વિરોધી શકિતને લઈને તે બનતું નથી; પરંતુ તે માનવ મનની સામાન્ય અવિદ્યાની પ્રકૃતિને લઈને બને છે. બધા સાધકોને આ મુશ્કેલી પડે છે અને ઘણા સાધકોને તો આ મુશ્કેલી લાંબા સમય સુધી ચાલ્યા કરે છે. એને દૂર કરવાના જુદા જુદા રસ્તાઓ છે. એમાંનો એક ઉપાય એ છે કે વિચારોને જોયા કરવા અને તેના વડે માનવ મનનો સ્વભાવ કેવો છે તેનું અવલોકન કરવું, પરંતુ તેમાનાં કોઈને લેશમાત્ર પણ અનુમતિ આપવી નહિ અને તે બધા વિચારો આપોઆપ બંધ થઈ જાય ત્યાં સુધી તેમને દોડાદોડ કરવા દેવી. વિવેકાનંદે 'રાજયોગ'માં આવા પ્રકારની ભલામણ કરી છે. બીજી રીતમાં વિચારો તરફ જાણે કે તેઓ પોતાના ન હોય તે રીતે જોવું, એમની પાછળ સાક્ષી પુરુષ તરીકે ઊભા રહેવું અને અનુમતિ આપવાનો ઇનકાર કરવો – એ સમયે વિચારોને એવી રીતે જોઈ શકાય છે કે જાણે તેઓ બહારથી, વિશ્વપ્રકૃતિમાંથી આવતા હોય અને એવું સમજવું કે તેઓ મુસાફરો છે અને આપણા મનનાં પ્રદેશોમાંથી પસાર થાય છે તથા આપણને તેમની સાથે કોઈ સંબંધ નથી કે તેમનામાં રસ પણ નથી. આ રીતે પછી એવું બને છે કે થોડા સમય પછી મન બે ભાગમાં વહેંચાઈ જાય છે. એક ભાગમાં મનોમય સાક્ષી હોય છે, જે નિરીક્ષણ કરે છે અને સંપૂર્ણ રીતે અક્ષુબ્ધ અને સ્થિર હોય છે; બીજો ભાગ નિરીક્ષણનો વિષય હોય છે. તે પ્રકૃતિનો ભાગ હોય છે જેમાં વિચારો આવન-જાવન કરે છે અથવા તેમાંથી પસાર થઈ જાય છે. પાછળથી આપણે પ્રકૃતિના આ ભાગને પણ નીરવ અથવા સ્થિર કરવાનો પ્રયત્ન કરી શકીએ છીએ. એક ત્રીજો પણ માર્ગ છે જે સક્રિય પદ્ધતિ છે. તેમાં વ્યકિત એ જોવાનો પ્રયત્ન કરે છે કે વિચાર કયાંથી આવે છે પરંતુ મસ્તકની બહારથી આવે છે. ત્યાર પછી જ્યારે તે બહારથી આવતા દેખાય ત્યારે તેઓ મનમાં પ્રવેશ કરે તે પહેલાં તેમને બહાર ફેંકી દેવાના હોય છે. આ પદ્ધતિ કદાચ સૌથી મુશ્કેલ પદ્ધતિ છે અને બધા એ પ્રમાણે કરી શકતા નથી. પરંતુ જો થઈ શકે તો નીરવતા પ્રાપ્ત કરવાનો આ માર્ગ સૌથી ટૂંકો અને શકિતશાળી છે.

*

૧ મન કાયમ સક્રિયતામાં રહે છે, પરંતુ આપણે સંપૂર્ણ રીતે તે શું કરી રહ્યું છે તેનું નિરીક્ષણ કરતા નથી, પણ સતત વિચારધારાના વહેણમાં આપણી જાતને ઘસડવા દઈએ છીએ. જ્યારે આપણે એકાગ્રતા કરવા પ્રયત્ન કરીએ છીએ ત્યારે આ આત્મસર્જન કરેલી યાંત્રિક વિચારધારા આપણા નિરીક્ષણમાં મુખ્ય હોય તેવું સ્પષ્ટ દેખાઈ આવે છે. યોગ માટેના પ્રયત્નમાં તે સૌથી પ્રથમ સામાન્ય વિઘ્ન છે. (બીજુ વિઘ્ન ધ્યાન કરતી વખતે નિદ્રાનું છે.)

ઉત્તમ રીતે એ પ્રમાણે કરવું જોઈએ કે તમારે ખાસ સમજવું કે આ વિચાર-ધારા એ તમે પોતે નથી, તમે પોતે વિચાર કરનાર નથી, પરંતુ વિચાર મનમાં ચાલ્યા કરે છે. પ્રકૃતિ પોતાની વિચાર–શકિત વડે તમારી અંદર આ વિચારોનો વંટોળ ઉત્પન્ન કરે છે અને તેનો પુરુષ ઉપર બોજો લાદે છે. તમારે પુરુષ તરીકે પાછળ હઠી જઈને, સાક્ષીરૂપ બનીને તે કાર્યનું નિરીક્ષણ કરવું, પરંતુ તમારી જાતને તેની સાથે તદ્રુપ ન બનાવવી, ત્યાર પછી તમારે તેના પર કાબુ પ્રાપ્ત કરીને વિચારોનો ઈનકાર કરવો જો કે કેટલીક વખત તટસ્થ રહેવાથી વિચારની ટેવ ધ્યાન દરમ્યાન ખરી પડે છે અથવા ઘટી જાય છે અને પુરતા પ્રમાણમાં શાંતિ આવે છે ; અથવા કોઈ પણ રીતે એક એવી સ્થિરતા આવે છે જે આવતા વિચારોને ફેંકી દેવાનું સરળ બનાવે છે અને જે ધ્યાનનો વિષય હોય તેના ઉપર એકાગ્રતા કરે છે. જો આપણે વિચારોને વૈશ્વિક પ્રકૃતિમાંથી, અથવા બહારથી આવતા હોય છે તે વિષે સભાન બનીએ તો તેઓ મનમાં પહોંચે તે પહેલાં તેમને બહાર ફેંકી દઈ શકીએ છીએ. એ રીતે છેવટે મન શાંત પડી જાય છે. જો આમાંની કોઈ પણ વસ્તુ ન બને તો વિચારોના ઈનકાર કરવાની એક સતત તાલીમ કરવી પડે છે. આમાં વિચારો સાથે સંઘર્ષ કે કુસ્તી કરવાની નથી, પરંતુ એક સ્થિર રીતે પોતે અલગ પડી જવું અને ઈનકાર કરવો, શરૂઆતમાં સફળતા ન મળે પરંતુ જો તેમને અનુમતિ આપવાનું સતત દૂર રાખવામાં આવે, તો તે વંટોળ છેવટે બંધ થઈ જાય છે અને તેઓ નાશ પામવાની શરૂઆત કરે છે અને પછીથી આપણી પોતાની સ્વૈચ્છિક સંકલ્પ શકિત આવે છે જેમાં એક આંતર–અચંચળતા અને નીરવતા આવે છે. એટલું ખાસ નોંધવાનું કે યૌગિક પદ્ધતિઓનું પરિણામ, અમુક ખાસ અપવાદ સિવાય, ઝડપથી આવતું નથી અને તેઓનું પરિણામ, આવે ત્યાં સુધી વ્યકિતએ પોતાની સંકલ્પ શકિતને ચાલુ રાખવી. જો બાહ્ય પ્રકૃતિમાં વધારે અવરોધ હોય તો પરિણામ આવતા લાંબો સમય પણ લાગે.

તમે તમારા મનને કઈ રીતે આત્મા જે ઊર્ધ્વમાં છે તેની કેવી રીતે એકાગ્રતા કરી શકો, જ્યાં સુધી તમને તેમની ચેતના અથવા અનુભૂતિ ન થઈ હોય ? તમે ફક્ત આત્મા વિષેના વિચાર ઉપર એકાગ્રતા કરી શકો, અથવા પરમાત્મા કે દિવ્ય ભગવતી મા અથવા કોઈ પ્રતિમાના વિચાર ઉપર એકાગ્રતા કરી શકો. અથવા તમારા હૃદયમાં દિવ્ય હાજરીને પુકાર કરતી ભકિત વિષે એકાગ્ર થઈ શકો, અથવા દિવ્ય બલને તમારા મન તથા હૃદય અને શરીરમાં કાર્ય કરવા માટે તથા ચેતનાને મુકત કરવા અને આત્મ–સાક્ષાત્કાર આપવા માટે, એકાગ્રતા કરી શકો. જો તમે આત્મા ઉપર એકાગ્રતા કરો તો આત્મા વિષેનો તમારો એવો ખ્યાલ હોવો જોઈએ

કે તે મન અને તેના વિચારો કરતાં, પ્રાણ અને તેની લાગણીઓ કરતાં તથા શરીર અને તેના કાર્યો કરતાં કોઈક ભિન્ન વસ્તુ છે. કોઈક એવી વસ્તુ જે આ બધાની પાછળ રહેલી છે, એવી કોઈ વસ્તુ, જેને તમે સત્-ચિત્ તરીકે સઘન રીતે અનુભવી શકો છો, જે સર્વથી ભિન્ન છે અને તેમ છતાં સર્વમાં વ્યાપી રહેલ હોવાં છતાં, તે આ બધી વસ્તુઓમાં બંધાયેલો નથી.

*

તમે જે કાંઈ વાંચો અને તેને અમલમાં મૂકવા પ્રયત્ન કરો તો તમારી નવી શરૂઆતોનો અંત જ આવશે નહિ. માનવી પોતાના વિચારોનો ઇનકાર કરીને વિચાર કરવાનું બંધ કરી શકે છે અને તે નીરવતામાં પોતાની જાતને શોધી શકે છે. તે જ પ્રમાણે પોતાના વિચારોને દોડાદોડી કરવા દઈને પોતાની જાતને અલગ કરીને પણ તે પ્રમાણે કરી શકે છે. બીજી પણ ઘણી રીતો છે. ક્ષ ના પુસ્તકમાં જે રીતનું વર્ણન કરેલું છે તે મને અદ્વૈત–જ્ઞાનની પદ્ધતિ લાગે છે. તેમાં પોતાની જાતને શરીર, પ્રાણ અને મનમાંથી વિવેક વડે અલગ કરવાની પદ્ધતિ છે, "હું શરીર નથી, હું પ્રાણ નથી, હું મન નથી." એમ કરતાં કરતાં તે આત્મા સુધી પહોંચે છે, જે મન, પ્રાણ અને શરીરથી અલગ છે. તે પણ એક રીત છે. તે ઉપરાંત પ્રકૃતિમાંથી પુરુષને અલગ પાડવાની રીત છે, જેમાં વ્યકિત પોતે ફકત સાક્ષી તરીકે રહે છે અને સાક્ષીરૂપ ચેતના તરીકે બધી જ પ્રક્રિયાઓને અલગ તરીકે અનુભવે છે. બીજી પણ પદ્ધતિઓ છે.

*

મનનું એકત્રીકરણ કરવાની પદ્ધતિ સહેલી નથી. વિચારોમાંથી પોતાની જાતને અલગ પાડીને તેમનું નિરીક્ષણ કરવું એ વધારે સારું છે. ત્યાં સુધીમાં વ્યકિત પોતાની અંદર એક સ્થિર અવકાશ વિષે સભાન બને છે, જેમાં વિચારો બહારથી આવે છે.

*

સ્થૂલ મનના ગણગણાટ માટે તેનો સ્થિરતાથી ઇનકાર કરો અને ક્ષુબ્ધ થાઓ નહિ. ત્યાં સુધીમાં તે નિરુત્સાહી થઈને પાછું હઠી જશે અને માથું ધુણાવતા કહેશે, "આ માણસ મારા માટે વધારે પડતો સ્થિર અને સામર્થ્યયુકત છે." કાયમ બે વસ્તુઓ જ એવી હોય છે જે ઉપર ઊઠી આવીને નીરવતા ઉપર હૂમલો કરે છે, - પ્રાણના સૂચનો અને સ્થૂલ મનની યાંત્રિક પ્રક્રિયાઓનું પુનરાવર્તન. તેનો ઉપાય એક સ્થિર ઇનકાર છે. આપણી ભીતરમાં એક પુરુષ રહેલો છે જે પ્રકૃતિના ઉપર હૂકમ ચલાવી શકે છે કે તેણે કંઈ વસ્તુને મંજૂરી આપવી અથવા કઈ વસ્તુને બાકાત કરવી, પરંતુ તેનો સંકલ્પ સમર્થ હોય છે અને સ્થિર સંકલ્પ–શકિત હોય છે; જો કોઈ

માણસ મુશ્કેલીઓને લઈને ક્ષુબ્ધ થઈ જાય અથવા મૂંઝાઈ જાય, તો પુરુષનો સંકલ્પ જે બીજી રીતે કાર્ય કરી શકે એવો છે તે અસરકારક રીતે કરી શકે નહિ.

•સક્રિય સાક્ષાત્કાર ત્યારે જ કદાચ બની આવે, જ્યારે ઊર્ધ્વ ચેતના પ્રાણમાં સંપૂર્ણ રીતે નીચે અવતરણ કરે. જ્યારે તે મનસૂમાં આવે છે ત્યારે તે પુરુષની શાંતિ અને મુક્તિ લાવે છે અને તે કદાચ જ્ઞાનને પણ લઈ આવે. જ્યારે તે પ્રાણમાં આવે છે ત્યારે જ સક્રિય સાક્ષાત્કાર હાજર રહેતો હોય છે અને જીવંત હોય છે.

*

યાંત્રિક મનના કાર્યમાંથી પોતાની જાતને અલગ પાડવા માટે શકિતમાન બનવું એ પ્રથમ જરૂરિયાત છે; ત્યાર પછી જ જો તે પ્રમાણે બને તો મનની અચંચળતા અને શાંતિ માટે અક્ષુબ્ધ રીતે ટકી રહેવાનું સરળ બને છે.

જો શાંતિ અને નીરવતા નીચે ઉતરવાનું ચાલુ રાખે તો તેઓ એટલા બધા ઉત્કટ બને છે કે થોડા સમય પછીથી સ્થૂલ મનનો કબજો લઈ લે છે.

*

તે એટલા માટે બન્યું કે સક્રિય મન વધારે સ્થિર બન્યું અને તેથી યાંત્રિક મનની ગતિઓ વધારે સ્પષ્ટ બનતી ગઈ. અને આ રીતે ઘણી વખત બને છે. આ પ્રકારના પ્રસંગમાં આ બધી ગતિઓમાંથી પોતાની જાતને મુકત કરવાની હોય છે; અને તેમના ઉપર વધારે ધ્યાન આપ્યા સિવાય એકાગ્રતા કરવાની હોય છે. ત્યાર પછી તેઓ નિશ્ચલતામાં ડૂબી જવાની સંભાવના છે અથવા તો ખરી પડે છે.

*

તે યાંત્રિક મનની પ્રકૃતિ છે – તેમાં કોઈ સંવેદનશીલતા છે માટે તેમ બનતું નથી. ફક્ત જેમ જેમ મનના બીજા ભાગો વધારે નીરવ અને કાબુમાં આવતા જાય છે તેમ તેમ આ સક્રિયતા વધારે પ્રમુખ સ્થાને આવતી જાય છે અને વધારે જગા રોકે છે. જો માણસ તેમનો ઇનકાર કર્યે જ જાય તો તેઓ સામાન્ય રીતે ક્ષીણ થઈ જાય છે.

*

તમે કદાચ તેમના ઉપર વધારે પડતું ધ્યાન આપો છો (યાંત્રિક મનના વિચારો ઉપર). એકાગ્રતા કરવી, અને યાંત્રિક મનની સક્રિયતા ઉપર બિલકુલ ધ્યાન ન આપવું, એ શકય છે.

*

તમે શું સૂચવવા માગો છો તેના વિષે હું બિલકુલ ચોક્કસ નથી. એ એટલા માટે બને છે કે મનોમય ચેતનાની જૂની ટેવને લઈને તે બહારથી વિચારોને ગ્રહણ

કરવાનું ચાલુ રાખે છે, ભલે પછી તે થાકી જતું હોય – એવું નથી કે તેને તે વસ્તુ જોઈએ છીએ, પરંતુ તેમને આવવાની ટેવ પડી ગયેલી છે અને મન તેમને અંદર પ્રવેશવાની મંજૂરી આપે છે અને પોતાની ટેવને લઈને તેમના ઉપર ધ્યાન આપે છે. જ્યારે અનુભૂતિઓની શરૂઆત થાય છે અને મનને જ્યારે એકાગ્ર કે સ્થિર રહેવું હોય છે, ત્યારે યોગમાં આ એક મુખ્ય મુશ્કેલી હોય છે. કેટલાક લોકો તમે જે સૂચવો છો તે પ્રમાણે કરી આપે છે. પરંતુ ઘણી વખત જ્યારે માણસ આ પ્રમાણે કરવા પ્રયત્ન કરે છે ત્યારે વિચારો ઘણા સક્રિય બને છે અને શાંતિની પ્રક્રિયાનો પ્રતિકાર કરે છે અને તે વસ્તુ ઘણી મુશ્કેલ બને છે. એટલા માટે જ્યાં સુધી બિનજરૂરી વિચારો ખરી પડે અથવા પાછા હઠી જાય અને મન અંદરમાંથી અથવા ઉપરથી જ્ઞાન પ્રાપ્ત કરવા માટે મુકત ન બને, ત્યાં સુધી ઘણા માણસો ધીરે ધીરે મનને અચંચળ બનવા દે છે અને આ સ્થિરતાને ફેલાવા દે છે, અને લાંબો સમય સુધી તે ટકી રહે એને વધારે સારું ગણે છે.

તમે આ રીતે પ્રયત્ન કરી શકો અને જુઓ કે કેવું પરિણામ આવે છે – જો વિચારો વધારે પડતો હૂમલો કરે અને મુશ્કેલી આવે તો તમે બંધ કરી શકો. જો મન ઝડપથી સ્થિર બને, અથવા વધારે શાંત બનતી જશે, તે ઉત્તમ ઉપાય છે. મનને પ્રશાંત કરવાના સીધા પ્રયત્નો કરવાની પદ્ધતિ મુશ્કેલ છે.

*

એકાગ્રતા માટેની ઉત્તમ સહાય છે માતાજીની સ્થિરતા અને શાંતિને તમારા મનમાં ગ્રહણ કરવાની. તે ત્યાં તમારી ઉપર જ છે. ફકત મન અને તેના કેન્દ્રોએ તેની પ્રત્યે ખુલ્લાં થવું જોઈએ. આ વસ્તુને જ માતાજી તેમના સાંજના ધ્યાન દરમ્યાન તમારી અંદર દબાણથી દાખલ કરે છે.

*

• ચિત્ એ શુદ્ધ ચેતના છે જેમ કે સત્–ચિત્–આનંદમાં છે. ચિત્ત એ મનોમય – પ્રાણમય – શારીરિક ચેતનાનો મસાલો છે જેમાંથી વિચાર, ઊર્મિ, સંવેદન, આવેગ વગેરેની ગતિઓ ઉત્પન્ન થાય છે. પાતંજલીની પદ્ધતિમાં આ બધી ચિત્તવૃત્તિઓને બિલકુલ શાંત કરી દેવાની હોય છે જેથી ચેતના અચલ બને અને માણસ સમાધિમાં પહોંચી જાય.

• આપણા યોગનું કાર્ય ભિન્ન છે. સામાન્ય ચેતનાની ગતિઓને અચંચળ કરવાની હોય છે અને તે નિશ્ચળતામાં ઊર્ધ્વતર ચેતના અને તેની શકિતઓને નીચે ઉતારી લાવવાની છે, જે પ્રકૃતિનું રૂપાંતર કરશે.

*

જો તમે ચિત્તવૃત્તિઓને દબાવી દો, તો તમારા ચિત્તમાં કોઈ પણ ગતિઓ થશે નહિ. જ્યાં સુધી તમે દબાણને ખસેડી ન લો ત્યાં સુધી બધું જ અચલ બની જશે અથવા એવું અચલ બનશે કે અચલતા સિવાય બીજી કોઈ પણ વસ્તુ રહેશે નહિ.

જો તમે તેમને પ્રશાંત કરી દો તો ચિત્ત સ્થિર બનશે અને જો કોઈ ગતિઓ ત્યાં હશે તેઓ તમારી અચંચળતાને ક્ષુબ્ધ કરી શકશે નહિ.

જો તમે તેમના ઉપર કાબુ રાખો અથવા સ્વામીત્વ પ્રાપ્ત કરો તો તમારું ચિત્ત જયારે તમારી ઈચ્છા થાય ત્યારે અચલ બને, ઈચ્છા થાય ત્યારે સક્રિય બને અને તમારે જે વસ્તુમાંથી મુકત થવું હોય તે ચાલ્યું જાય, એવું તેનું કાર્ય હશે. તમે જે વસ્તુને સાચી અને ઉપયોગી ગણશો તે જ તમારી અંદર પ્રવેશ કરશે.

*

નીરવતામાં જવું એ સહેલું નથી; બધી જ મનોમય, પ્રાણમય સક્રિયતાઓને બહાર ફેંકી દેવાથી જ તે શકય બને છે. તમારી અંદર નીરવતાનું અવતરણ થવા દેવું એ વધારે સહેલું છે. એટલે કે તમારી જાતને ખુલ્લી કરી તેનું અવતરણ થવા દેવું. આ વસ્તુ કરવી અને ઊર્ધ્વતર શકિતઓને નીચે ઉતરવા પુકાર કરવો એ બન્ને એક જ છે. એટલે ધ્યાન વખતે સ્થિર રહેવું, અને મનની સાથે યુદ્ધ ન કરવું અથવા શકિત યા નીરવતાને નીચે ખેંચવા માટે મનોમય પ્રયત્નો ન કરવાં, પરંતુ તેમને માટે ફકત શાંત સંકલ્પ અને અભીપ્સાને ચાલુ રાખવાં. જો મન સક્રિય હોય તો વ્યકિતએ તેની સામે જોયા કરવાનું શીખવું – તેણે પાછળ હઠી જઈને, અંદર રહીને તેમને મંજૂરી ન આપવી. તેને લઈને તેની ટેવ પ્રમાણે આવતી અથવા યાંત્રિક રીતે આવતી ક્રિયાઓ અંદરથી ટેકો ન મળવાથી શાંત પડવાની શરૂઆત થશે. જો તે વધારે પડતી જીદ્દી ન હોય તો, કોઈ પણ જાતના તણાવ અથવા સંઘર્ષ વગર સ્થિર રહીને તેમનો ઈનકાર કરવો એ ખાસ કરવાની વસ્તુ છે.

*

આપણે કોઈ પણ વસ્તુની અતિશયોકિત ન કરવી જોઈએ. મનોમય સક્રિયતામાંથી મુકત થવું એ એટલું અગત્યનું નથી જેટલું તેને સાચા વિચારોમાં પરિવર્તન કરવું...... જે વસ્તુમાંથી પસાર થઈ જઈને તેનું પરિવર્તન કરવાનું છે તે બૌદ્ધિક તર્ક છે જે વસ્તુઓને પૃથક્કરણ અને ધારણા વડે વસ્તુઓને ફકત બહારની બાજુએથી જ જુએ છે. જયારે તે પ્રમાણે નથી બનતું ત્યારે તે એક ઉતાવળી નજર નાંખે છે અને કહે છે, "તેથી તે આ પ્રમાણે છે અથવા તે પ્રમાણે નથી." પરંતુ જ્યાં સુધી જૂની મનોમય સક્રિયતા થોડી સ્થિર ન બને ત્યાં સુધી

તમે તેપ્રમાણે કરી શકતા નથી. સ્થિર મન તેના વિચારોમાં નિમગ્ન થઈ જતું નથી અથવા તેમની સાથે દોડી જતું નથી; તે પાછળ ઊભું રહે છે, પોતાની જાતને અલગ કરી દે છે, વિચારોની સાથે તદ્રુપ થયા સિવાય તેમને પસાર થવા દે છે અને તેમને પોતાના બનાવતું નથી. તે સાક્ષીરુપ મન બને છે, જરૂર પડે ત્યારે વિચારોનું નિરીક્ષણ કરે છે, પરંતુ તેમનાથી મોં ફેરવી લેવું હોય ત્યારે તેમ પણ કરી શકે છે અને અંદરમાંથી તેમ જ ઉપરથી ગ્રહણ કરે છે. નીરવતા સારી છે, પરંતુ નિરપેક્ષ નીરવતા એ અનિવાર્ય વસ્તુ નથી, ખાસ તો આ અવસ્થાએ હું જાણતો નથી કે મનની સાથે કુસ્તી કરીને તેને શાંત પાડવું એ ઘણું ઉપયોગી હોય, ઘણે ભાગે મન તે રમતમાં જીતી જાય છે. આ પાછળ હઠીને તટસ્થ રહેવાની ક્રિયા બાહ્ય મનના વિચારો સિવાય કોઈક બીજી વસ્તુને ઝીણવટપૂર્વક સાંભળવી એ વધારે સહેલો માર્ગ છે. તે જ સમયે વ્યકિત જાણે કે પોતાની જાતને એ રીતે જોઈ શકે કે એક દિવ્ય બલ પોતાની ઉપર રહેલું છે અને તેને નીચે આવવાનો પુકાર કરીને સ્થિરતાનું સ્થાપન કરવામાં તેની મદદની અપેક્ષા રાખે છે. આ પ્રમાણે ઘણા માણસો કરે છે અને તે દરમ્યાન મન ધીરે ધીરે પોતાની જાતે શાંત અને અચંચલ બનતું જાય છે અથવા તો ઊર્ધ્વમાંથી શાંતિ નીચે ઊતરવાની શરૂઆત કરે છે. પરંતુ એ અગત્યનું છે કે નિરાશા અથવા વિષાદને અંતરમાં પ્રવેશ ન આપવો જોઈએ, કારણ કે સફળતા તાત્કાલિક મળતી નથી; તે વસ્તુઓને મુશ્કેલ બનાવશે અને જે પ્રગતિ તૈયાર થતી હશે તેને અટકાવશે.

*

નીરવ મન એ યોગનું પરિણામ છે; સામાન્ય મન કદી શાંત રહેતું નથી... ચિંતકો અને તત્ત્વજ્ઞાનીઓનું મન કદી નીરવ હોતું નથી. તેમનું મન સક્રિય હોય છે; અલબત્ત તેઓ ફક્ત એકાગ્રતા કરે છે તેથી સામાન્ય-અવ્યવસ્થિત મનોમયતા બંધ પડી જાય છે અને જ્યારે વિચારો ઉત્પન્ન થાય છે અથવા પ્રવેશ કરે છે અને પોતાના આકારો બાંધે છે ત્યારે વિષયને અથવા હાથમાં લીધેલી પ્રવૃત્તિને વ્યવસ્થિત રીતે યોજનાબદ્ધ બનાવે છે. પરંતુ આ વસ્તુ તો સમગ્ર મન નીરવ બને તેના કરતાં ભિન્ન વસ્તુ છે.

*

જ્યારે મન ધ્યાનમાં નથી હોતું અથવા પૂર્ણ નીરવતામાં નથી હોતું ત્યારે તે એક યા બીજી વસ્તુ સાથે કાયમ સક્રિય હોય છે. તેના પોતાના વિચારો અથવા કામનાઓ અથવા બીજા લોકો સાથે અથવા બીજી વસ્તુઓ સાથે અથવા વાતો કરવા વગેરે વ્યવસાયોમાં વ્યસ્ત હોય છે.

*

તેને ધ્યાન કહી શકાય નહિ – તે ચેતનાની વિભાજિત થયેલી અવસ્થા છે; જો ચેતના ખરેખર નિમગ્ન ન હોય અને સપાટી ઉપરના વિચારો એવી વસ્તુઓ હોય જે આસપાસ પસાર થાય, અને સ્પર્શ કરીને પસાર થઈ જાય તો તેને ભાગ્યે જ 'ધ્યાન' કહી શકાય. હું સમજી શકતો નથી કે કઈ રીતે આંતર-સ્વરૂપ એકાગ્ર હોય ત્યારે બીજા પ્રકારના સમગ્ર વિચારો અને કલ્પનાઓ સપાટી ઉપરની ચેતનામાં રખડપટ્ટી કરે છે. વ્યકિત અલગ રહીને વિચારો અને કલ્પનાઓને પોતાનામાં અસર કર્યા સિવાય પસાર થતાં જોઈ શકે, પણ તે ધ્યાનમાં ડૂબી જવું અથવા નિમજ્જન નથી.

*

જયારે તમે એકાગ્રતા માટે બેસો ત્યારે પ્રથમ વસ્તુ સ્વાભાવિક રીતે જ અચંચલતા અને શાંતિની અવસ્થા જોઈએ. અગત્યની વસ્તુ એ છે કે જયારે જયારે તમે તેના માટે બેસો ત્યારે આ સ્થિતિ હોવી જોઈએ અને તેના માટેનું કાયમ દબાણ હોવું જોઈએ. પરંતુ બીજે સમયે એવું પરિણામ આવે છે કે શરૂઆતમાં થોડી મનમાં સ્થિરતા આવે અને વિચારોમાંથી મુકિત પ્રાપ્ત થાય. પછીથી જયારે આંતર-સ્વરૂપમાં શાંતિની અવસ્થા બિલકુલ સ્થિર થઈ જાય – કારણ કે જયારે તમે એકાગ્રતા કરો છો ત્યારે તમે આંતર-સ્વરૂપમાં પ્રવેશ કરો છો; ત્યાર પછી તે સ્વરૂપ બહાર આવવાની શરૂઆત કરે છે અને બાહ્ય સ્વરૂપ ઉપર કાબુ જમાવે છે તેથી તમે જયારે કાર્ય કરતા હો, બીજાઓ સાથે હળતા મળતા હો, વાતચીત કરતા હો કે બીજા કોઈ વ્યવસાયમાં હો ત્યારે પણ સ્થિરતા અને શાંતિ ટકી રહે છે કારણ કે તે સમયે બાહ્ય ચેતના જે કાંઈ કરતી હોય તે સમયે વ્યકિતને પોતાના આંતર-સ્વરૂપમાં સ્થિરતાનો અનુભવ થાય છે. વ્યકિતને ખરેખર એવી અનુભૂતિ થાય છે કે પોતાનું આંતર-સ્વરૂપ એ જ સાચો આત્મા છે જયારે બાહ્ય સ્વરૂપ કોઈ એવી સપાટી ઉપરની વસ્તુ હોય છે જેની મારફતે આંતર-સ્વરૂપ જીવનમાં કાર્ય કરે છે.

*

આરામ અને શાંતિ ઘણે ઊંડે દૂર ઊંડાણમાં અનુભવાય છે કારણ કે તેઓ ચૈત્ય પુરુષમાં હોય છે અને ચૈત્ય પુરુષ આપણી અંદર ઘણે ઊંડે રહેલો છે અને મન અને પ્રાણથી ઢંકાયેલો હોય છે. જયારે તમે ધ્યાન કરો છો ત્યારે તમે ચૈત્ય પુરુષ પ્રત્યે ખુલ્લા થાઓ છો, તમે ઊંડાણમાં રહેલી ચૈતસિક ચેતના વિષે સભાન બનો છો અને આ બધી વસ્તુઓની અનુભૂતિ કરો છો. આ આરામ અને શાંતિ તથા સુખ, સમર્થ અને નિશ્ચય બને તે માટે અને સમગ્ર સ્વરૂપમાં અને

શરીરમાં અનુભવાય તે માટે તમારે તેનાથીં પણ વધારે ઊંડાણમાં જવાનું હોય છે અને ચૈત્ય પુરુષના સમગ્ર બલને બહાર લાવીને શારીરિકમાં સ્થાપન કરવાનું હોય છે. નિયમિત એકાગ્રતા તથા ધ્યાન અને આ સાચી ચેતના માટે અભીપ્સા વડે આ સૌથી સહેલી રીતે બની આવે છે. તે કર્મ દ્વારા પણ બની શકે છે, નિવેદન દ્વારા, પોતાના વિષે વિચારો કર્યા સિવાય કેવળ પ્રભુ માટે જ કાર્ય કરવાથી, અને હૃદયમાં કાયમ માતાજીને સમર્પણ કરવાથી પણ બને છે. પરંતુ આ વસ્તુ પૂર્ણ રીતે કરવી સહેલી નથી.

*

જો ઊર્ધ્વતર ધ્યાન અથવા ઊર્ધ્વમાં રહેવાથી વ્યક્તિ નીરસ બની જાય અને કોઈ પ્રકારનો સંતોષ ન રહેતો હોય અથવા સાધનામાં શાંતિ ન આવે તો તેના માટે ફક્ત આ જ બે કારણો હું ધારી શકું છું. અહંકાર અથવા જડતા.

*

યૌગિક સાહિત્ય વાંચતા ધ્યાન કરવાની ઈચ્છા થઈ આવવી એ બિલકુલ સ્વાભાવિક છે – તે આળસ નથી.

જ્યારે ચેતનાને ધ્યાન કરવાની ઈચ્છા થાય, ત્યારે ધ્યાન ન કરવું એ મનની આળસ છે.

*

એ સાચું નથી કે જ્યારે તમોગ્રસ્તતા અથવા જડતા હોય ત્યારે વ્યકિત એકાગ્રતા અથવા ધ્યાન કરી શકે. જો વ્યકિતનો પોતાના આંતર-સ્વરૂપમાં એક સ્થિર સંકલ્પ હોય, તો તે બની શકે છે.

જ્યારે આપણે ધ્યાન કરવા પ્રયત્ન કરીએ છીએ ત્યારે આપણને અંદર ઊંડાણમાં જવાનું દબાણ થાય છે. જાગૃત ચેતનાને ખોઈને અંદર એક વધારે આંતરિક ચેતનામાં જાગૃત થઈએ છીએ. પરંતુ શરૂઆતમાં મન તેને ઊંઘમાં જવાના દબાણ તરીકે માની લે છે, કારણ કે એ જ એક આંતર-ચેતનાનો પ્રકાર છે જેની સાથે તે ટેવાયેલું છે. તેથી યોગમાં ધ્યાન કરતી વખતે ઊંઘ આવવી એ પ્રથમ મુશ્કેલી છે. પરંતુ જો વ્યકિત ખંત રાખે તો ધીરે ધીરે ઊંઘ એક આંતર-ચેતનાની સ્થિતિમાં ફેરવાઈ જાય છે.

*

જ્યારે વ્યકિત ધ્યાન કરવા પ્રયત્ન કરે છે ત્યારે તે પ્રમાણે ઊંઘ આવતી નથી. જ્યાં શકય હોય ત્યાં તેને એક આંતર-ચેતન અવસ્થામાં અને અંદર ઊતરી જવાની

સ્થિતિમાં ફેરવી નાંખવી અને જ્યાં તે પ્રમાણે ન બને ત્યાં એક સ્થિર એકાગ્રતાની જાગૃત (પ્રયત્ન વગરની) ખુલ્લી ગ્રહણશીલ ચેતનામાં રહેવું.

*

• ના, એ નિદ્રા નથી. પરંતુ જ્યારે દબાણ આંતર-સમાધિનું વલણ આપે છે ત્યારે શારીરિક પુરુષ ઊંઘ સિવાય બીજી રીતે અંદર જવાને ટેવાયેલો ન હોવાથી તેને નિદ્રાની અવસ્થામાં અનુવાદ કરે છે.

*

કદાચ તમે એક પ્રકારની સમાધિના ઊંડાણમાં જાઓ છો, પરંતુ ત્યાં તમે હજુ સચેતન નથી (તેથી તમે ઊંઘનો વિચાર કરો છો). ક્ષ ઊંઘમાં નથી, પરંતુ જ્યારે તે ભીતરમાં ઉતરે છે ત્યારે તેના શરીર ઉપર કાબુ રહેતો નથી. ઘણા યોગીઓને આ મુશ્કેલી હોય છે અને તેથી તેમની દાઢી નીચે કોઈ સાધન કે તરકીબ કરે છે જેથી તેમનું માથું ઊંચું ટકી રહે અને શરીર આ આંતર-ગતિવાળી એકાગ્રતામાં ટટાર રહી શકે.

*

૨

✓સમાધિમાં આંતર-મન, આંતર-પ્રાણ અને આંતર-શારીરિક બાહ્યમાંથી છુટા પડે છે અને નહિ કે તેનાથી ઢંકાઈ જાય છે—તેથી તેમનામાં પૂર્ણ રીતે અનુભૂતિઓ આવી શકે છે. બાહ્ય મન યા તો સુષુપ્ત રહે છે અથવા કોઈક રીતે તે અનુભૂતિઓનું પ્રતિબિંબ પાડે છે અથવા તેમાં ભાગ લે છે. કેન્દ્રવર્તી ચેતના સર્વ મનોમયતામાંથી મુકત થાય છે તેનો અર્થ કે તે પૂર્ણ સમાધિ છે, જેમાં કોઈ પણ અનુભૂતિની નોંધ લેવાતી નથી.

*

પરંપરાગત રૂઢી અનુસાર નિર્વિકલ્પ સમાધિ એટલે ફકત એવી સમાધિ જેમાંથી વ્યકિતને દઝાડવાથી અથવા કામ આપવાથી પણ જાગૃત કરી શકાય નહિ. એટલે એવી સમાધિ જેમાં વ્યકિત શરીરની બહાર નીકળી જાય છે. વૈજ્ઞાનિક પરિભાષામાં એ એવી સમાધિ છે જેમાં કોઈ રચના કે ગતિ નથી અને વ્યકિત એવી સ્થિતિમાં પહોંચે છે જેમાંથી તે કોઈ પણ જાતની નોંધ આપી શકે નહિ, સિવાય કે તે ખૂબ પરમાનંદમાં હતી. તે માનવી સુષુપ્તિ અથવા તુરીય અવસ્થામાં પૂરેપૂરો નિમગ્ન બની જાય છે એમ ધારવામાં આવે છે.

*

'નિર્વિકલ્પ સમાધિ' નો સાચો અર્થ છે પૂર્ણ સમાધિ, જેમાં કોઈ વિચાર કે ચેતનાની કોઈ ગતિ કે આંતર કે બાહ્ય વસ્તુની સભાનતા હોતી નથી. બધું જ પેલી પાર રહેલા પરા વૈશ્વિક તત્ત્વમાં ચાલ્યું જાય છે. પરંતુ અહીં તેનો એવો અર્થ નથી. તેનો કદાચ એવો અર્થ છે કે તે એવી સમાધિ છે જેમાં ચેતના મનથી પર થઈ ગયેલી છે.

ફેરફાર કરવા માટે ભાંગવું અને ફરીથી નવસર્જન કરવું વારંવાર જરૂરી છે; પરંતુ એક વખત મૂળભૂત ચેતના ત્યાં આવી ગઈ પછી મુશ્કેલી અને ક્ષોભ ફરીથી તે પ્રમાણે કરવાનું કારણ રહેતું નથી. તે સ્થિરતાથી કરી શકાય છે. નિમ્ન ભાગોનો પ્રત્યાઘાત મુશ્કેલી અને ક્ષોભ ઉત્પન્ન કરે છે.

*

સચ્ચિદાનંદમાં નિમગ્ન થઈ જવાની અવસ્થા, વ્યકિત સમાધિ વગર પણ જાગૃત અવસ્થામાં પ્રાપ્ત કરી શકે એવી સ્થિતિ છે. વિસર્જન શરીરના નાશ પછી થાય છે, એવી શરત કે વ્યકિત ઉચ્ચતમ અવસ્થામાં પહોંચી ગઈ હોય, અને આ જગતમાં સહાયરૂપ બનવા માટે આ જગતમાં પાછા ન ફરવાનો તેનો પોતાનો સંકલ્પ ન હોય.

*

તમે કેવી શારીરિક ચેતના રાખો છો તેની પ્રકૃતિ ઉપર તેનો આધાર છે. જ્યારે ચેતનાનું શરીરમાં અવતરણ થાય છે ત્યારે આપણે સૂક્ષ્મ શારીરિક ચેતના વિષે સભાન બનીએ છીએ અને તે સમાધિમાં રહી શકે છે – વ્યકિત શરીર વિષે સભાન લાગે છે, પરંતુ તે તો ખરેખર સૂક્ષ્મ શારીરિક તત્ત્વ હોય છે અને નહિ કે બાહ્ય સ્થૂલ વસ્તુ. પરંતુ વ્યકિત પોતાની અંદર પણ જઈ શકે છે અને તેમ છતાં સ્થૂલ શરીર વિષે સભાન રહી શકે છે અને તેના ઉપર કાર્ય કરી શકે છે; પરંતુ બાહ્ય વસ્તુઓ વિષે નહિ. છેવટે વ્યકિત એક ઊંડી એકાગ્રતામાં નિમગ્ન રહી શકે છે અને તેમ છતાં શરીર વિષે સમર્થ રીતે સભાન હોય છે તેમ જ તેમાં અવતરણ થતાં દિવ્ય બળ વિષે પણ સભાન હોય છે. આ છેલ્લી વસ્તુ બાહ્ય વસ્તુઓની ચેતના સાથે જોડાયેલી હોય છે, જો કે તેમની ઉપર કોઈ ધ્યાન આપવામાં આવતું નથી. આ છેવટની વસ્તુને સમાધિ કહેવામાં આવતી નથી. પરંતુ એ એક પ્રકારની જાગૃત સમાધિ હોય છે. બધી જ અવસ્થાઓ એક ગાઢ પૂર્ણ સમાધિથી માંડીને પૂર્ણ રીતે જાગ્રત ચેતનામાં, દિવ્ય બલના કાર્ય સુધીની અવસ્થાઓનો, આ

યોગમાં ઉપયોગ થાય છે; વ્યક્તિએ પૂર્ણ સમાધિ માટે આગ્રહ રાખવો ન જોઈએ, કારણ કે બીજા પ્રકારની સમાધિઓ પણ જરૂરી છે અને તેમના વગર પૂર્ણ રૂપાંતર આવી શકે નહિ.

એ સારી વસ્તુ છે કે ઊર્ધ્વતર ચેતના અને તેની શક્તિઓ તમારા મસ્તક અને હૃદયની નીચેના ભાગોમાં અવતરણ કરે છે–રૂપાંતર માટે તે પૂરેપૂરું આવશ્યક છે, કારણ કે નિમ્ન પ્રાણ અને શરીર પણ ઊર્ધ્વતર ચેતનાના મસાલામાં રૂપાંતર પામવાં જોઈએ.

*

તમે ધ્યાનમાંથી બહાર આવો છો ત્યારે તમને કોઈ પણ વસ્તુ યાદ આવતી નથી તેનું કારણ, તમારી આંતર તેમ જ બાહ્ય ચેતનામાં જે અનુભૂતિ થાય છે તેને તમે સ્વીકારવા તૈયાર નથી – પહેલાં તમારી ચેતના મુખ્યત્વે પ્રાણમય ભૂમિકા ઉપર ચાલતી હતી જે ઘણી વખત શરૂઆતમાં ખુલ્લી થાય છે અને તે ભૂમિકાની સાથે શારીરિક ભૂમિકાનો સંબંધ બાંધવો સહેલો પડે છે કારણ કે તે બંને એક બીજાની નજીકની ભૂમિકાઓ છે. હવે સાધના અંતરમાં ચૈત્ય પુરુષમાં ગયેલી લાગે છે. આ મોટી પ્રગતિ છે અને તમારે હાલની સૌથી બાહ્ય ચેતના સાથેના સંબંધની ખાત્રી વિષે ચિંતા કરવાની જરૂર નથી. તેમ છતાં કાર્ય ચાલ્યા કરે છે અને કદાચ એ જરૂરી છે કે અત્યારે તે પ્રમાણે જ હોવું જોઈએ. પાછળથી તમે જો સાચું વલણ ચાલુ રાખશો તો તે વસ્તુ બાહ્ય ચેતનાની અંદર પણ અવતરણ કરશે.

*

માધ્યમોની સમાધિ અલગ પ્રકારની હોય છે. તેઓ સચ્ચિદાનંદના સંપર્કમાં આવતા નથી પરંતુ નિમ્ન પ્રાણની ભૂમિકાઓના સત્વોના સંપર્કમાં આવે છે. આ ઉચ્ચતર પ્રકારની સમાધિમાં જવાની શક્તિનો વિકાસ કરવા માટે તે વ્યક્તિએ કોઈક સાધના કરેલી હોય છે. વિશુદ્ધિ માટે એવું છે કે સંપૂર્ણ વિશુદ્ધિ જરૂરી નથી, પરંતુ સ્વરૂપનો કોઈ ભાગ ઉચ્ચતર વસ્તુઓ પ્રત્યે વળેલો હોવો જ જોઈએ.

*

અંગ્રેજીમાં ઊંડા પ્રકારની સમાધિ માટે જ 'સમાધિ' શબ્દનો સામાન્ય રીતે ઉપયોગ થાય છે; પરંતુ તે સિવાય બીજો કોઈ શબ્દ ન હોવાથી આપણે સર્વ પ્રકાર માટે તે એક જ શબ્દ વાપરવો પડે છે.

*

સમાધિ એવી વસ્તુ નથી જેનો ત્યાગ કરવો જોઈએ – તેને ફક્ત વધારે અને વધારે સચેતન બનાવવી પડે છે.

*

પ્રભુ સાથે સંપર્ક સાધવા માટે સમાધિમાં રહેવું એ જરૂરી નથી.

*

તેનાથી ઊલટું જાગૃત અવસ્થામાં આ સાક્ષાત્કાર થવો જોઈએ અને ટકી રહેવો જોઈએ, જેથી તે જીવનનું સત્ય બને. જો તેની સમાધિમાં જ અનુભૂતિ થતી હોય તો તે પરા-ચિત્ત અવસ્થા બની શકે, જે સ્વરૂપના અમુક ભાગ માટે જ સાચી હોય પરંતુ સમગ્ર ચેતના માટે નહિ. સમાધિ દરમ્યાન થતી અનુભૂતિઓ સ્વરૂપને ખુલ્લુ કરવા માટે અને તેને તૈયાર કરવા માટે ઉપયોગી બને પરંતુ જ્યારે સાક્ષાત્કાર જાગૃત અવસ્થામાં પણ સતત ચાલુ રહે ત્યારે જ તે સાચી રીતે આપણી અંદર ટકી રહે. એટલા માટે આ યોગમાં જાગૃત સાક્ષાત્કાર અને અનુભૂતિની કિંમત આંકવામાં આવે છે.

સ્થિરતામાં અને કાયમ વિશાળતર બનતી ચેતનામાં કાર્ય કરવું એ એકી સાથે સાધના અને સિદ્ધિ છે.

*

તમને જે અનુભૂતિ થઈ તેમાં બેશક ચેતના અંદર ઊંડાણમાં જતી હતી, જે સામાન્યતયા, 'Trance' અથવા સમાધિ કહેવાય છે. તેમ છતાં તેનો સૌથી અગત્યનો ભાગ મનની અને પ્રાણની નીરવતા છે જે પૂર્ણ રીતે શરીર સુધી ફેલાયેલી છે. આ પ્રકારની શાંતિ અને નીરવતા પ્રાપ્ત કરવી એ સાધનાનું સૌથી અગત્યનું પગથિયું છે. પ્રથમ તો તે ધ્યાન દરમિયાન આવે છે અને ચેતનાને ભીતરમાં સમાધિમાં મૂકી દે છે, પરંતુ પાછળથી તેને જાગૃત અવસ્થામાં આવવાનું થાય છે અને પોતાની જાતને સમગ્ર જીવન અને કાર્ય દરમિયાન કાયમના પાયા તરીકે પ્રતિષ્ઠિત કરવાનું હોય છે. તે આત્માના સાક્ષાત્કાર માટેની અને પ્રકૃતિના આધ્યાત્મિક રૂપાંતરની અવસ્થા હોય છે.

*

હા, તેઓ (ઉચ્ચતર સાક્ષાત્કારની બધી જ અવસ્થાઓ) પૂર્ણ સક્રિયતામાં પણ પ્રાપ્ત કરી શકાય છે. સમાધિ હોવી એ આવશ્યક નથી. તેનો ઉપયોગ થઈ શકે છે, પરંતુ તે ચેતનાના રૂપાંતર સુધી દોરી શકતી નથી, જે આપણું લક્ષ્ય છે;

કારણ કે તે ફક્ત આંતર સ્વલક્ષી અનુભૂતિ આપે છે જેને માટે બાહ્ય ચેતનામાં કોઈ પણ રૂપાંતર કરવું જરૂરી નથી. એવા ઘણા સાધકોના દૃષ્ટાંતો છે જેઓને સમાધિ દરમિયાન ઘણી સુંદર અનુભૂતિઓ થાય છે. પરંતુ તેમનું બાહ્ય સ્વરૂપ તો પહેલાં જેવું જ રહ્યું હતું, અને તેનું તે જ પ્રકારનું રહે છે. એ જરૂરી છે કે જે અનુભૂતિ થયેલી હોય છે તેને બહાર જાગ્રત ચેતનામાં લાવવી અને આંતર તેમ જ બાહ્ય સ્વરૂપ બન્નેમાં રૂપાંતર કરવાની શક્તિ બનાવવી પડે છે. પરંતુ તે વસ્તુ તો સમાધિમાં ગયા સિવાય પણ જાગ્રત ચેતનામાં જ બની શકે છે, અલબત્ત એકાગ્રતા એ અનિવાર્ય છે.

*

બે ભિન્ન પ્રકારની અવસ્થાઓ હોય છે, એક અવસ્થા જે ચેતના એકાગ્રતાની અવસ્થા દરમિયાન ધારણ કરે છે અને બીજી તે હળવાશમાં ધારણ કરે છે. બીજી અવસ્થા એ સામાન્ય ચેતના છે (સાધક માટે સામાન્ય પરંતુ સામાન્ય માનવી માટે કદાચ તે સામાન્ય ચેતના હોતી નથી).

પહેલી અવસ્થા સાધનામાં એકાગ્રતાના તપસ દ્વારા તે પ્રાપ્ત કરે છે. ત્યાં સુધી જે સાધક પહોંચ્યો હોય તેને માટે 'અક્ષર'માં પહોંચવું અને ત્યાંથી અનુભૂતિઓના સાક્ષી બનવું એ સહેલું છે. તે એકાગ્રતા પણ કરી શકે છે અને તેના સ્વરૂપના મુખ્ય પાસાઓનું એકીકરણ ટકાવી શકે છે, જો કે તેમાં વધારે મુશ્કેલી હોય છે – પરંતુ તેમાં હળવાશ રાખવાથી તે પોતાની આરામમય ચેતનામાં પાછો આવી શકે છે. જ્યારે સાધનામાં પ્રાપ્ત કરેલી વસ્તુ સામાન્ય ચેતનામાં પણ સામાન્ય રીતે રહેતી થાય, ત્યાર પછી જ આ વસ્તુને દૂર કરી શકાય છે. જેટલા પ્રમાણમાં આ વસ્તુ બની શકે તેટલા પ્રમાણમાં સ્વલક્ષી સત્યની અનુભૂતિ કરવી એટલું જ શકય બનતું નથી, પરંતુ તેનો કાર્યમાં આવિર્ભાવ કરવો પણ શકય બને છે.

*

ઉચ્ચતર ચેતના એકાગ્ર થયેલી ચેતના છે, તે દિવ્ય એકતામાં એકાગ્ર બને છે અને દિવ્ય સંકલ્પના કાર્યમાં, જેમ સામાન્ય ચેતનામાં તે વેરવિખેર થયેલી હોય છે અને આ કે પેલા મનોમય વિચાર અથવા પ્રાણમય કામના અથવા શારીરિક જરૂરીયાતની પાછળ ધસમસતી હોય છે, તે પ્રકારનું હોતું નથી. તેમ જ હજારો અસ્તવ્યસ્ત વિચારો, લાગણીઓ કે આવેગો તેના ઉપર હુમલો કરતાં નથી, પરંતુ તે પોતાની સ્વામી હોય છે અને કેન્દ્રીય અને સંવાદમય હોય છે.

*

૩

બે શરતોમાંથી ફક્ત એક શરતે જ જપ ઘણે ભાગે સફળ થાય છે. જો તેનું પુનરાવર્તન કોઈ સૂચક અર્થ સાથે થતું હોય, જે દેવનું તે પ્રતિનિધિત્વ ધરાવે તેની પ્રકૃતિ, શકિત, સૌન્દર્ય કે આકર્ષણ ઉપરની કોઈ વસ્તુને મનમાં ધારણ કરતી હોય, અને તેને ચેતનામાં દાખલ કરવાની હોય તો તે મનોમય માર્ગ છે; અથવા તો જપ હૃદયમાંથી આવતો હોય અથવા ભકિતની ભાવનાથી હૃદયમાં તેની ઘંટડી વાગતી હોય અને જે તેને જીવંત બનાવે – તે ઊર્મિમય માર્ગ છે. યા તો મન અથવા પ્રાણનો તેને ટેકો અથવા સહાય આપવી જોઈએ. પરંતુ જો તે મનને શુષ્ક બનાવે અને પ્રાણને ચંચળ બનાવે, તો તે સહાય અથવા ટેકો ગુમાવી બેસે છે. અલબત્ત એક ત્રીજો માર્ગ પણ છે, મંત્રની શકિત ઉપર અથવા નામમાં પોતાનામાં રહેલી શકિત ઉપરનો આધાર; પરંતુ વ્યકિતએ પુરતા પ્રમાણમાં પોતાના આંતર-સ્વરૂપ ઉપર તેના આંદોલનો અસર કરે ત્યાં સુધી તેને ચાલુ રાખવો જોઈએ, જેથી કરીને કોઈ નક્કી થયેલી ક્ષણે તેને દિવ્ય હાજરી અથવા દિવ્ય સ્પર્શ પ્રત્યે તે ખુલ્લી બને. પરંતુ જો પરિણામ માટે સંઘર્ષ અને ખેંચતાણ હોય કે જીદ હોય તો મનમાં રહેલી સ્થિર ગ્રહણશીલતાની જે જરૂર છે તેને તે અટકાવે. એટલા માટે જ મેં મનોમય સ્થિરતા માટે આટલો બધો આગ્રહ રાખેલો અને નહિ કે વધારે પડતી ખેંચતાણ અથવા પ્રયત્ન ઉપર, જેથી કરીને ચૈત્ય પુરુષ અને મનની જરૂરી ગ્રહણશીલતાની વૃદ્ધિ થાય. એક એવી ગ્રહણશીલતા, જે જ્યારે વ્યકિત કાવ્ય અથવા સંગીત માટે પ્રેરણા પ્રાપ્ત કરે છે એટલી સહજ અને સ્વાભાવિક રીતે આવતી હોય એટલા માટે જ તમે કવિતાઓ બંધ કરો એવું હું ઈચ્છતો નથી. તે તમને મદદ કરે છે અને નહિ કે તૈયારી માટે અવરોધ કરે છે, કારણ કે તે ગ્રહણશીલતાની સાચી સ્થિતિનો વિકાસ સાધવાનું કરણ છે અને તમારા આંતર-સ્વરૂપમાં રહેલી ભકિતને બહાર લાવે છે. સમગ્ર શકિતને જપમાં અથવા ધ્યાનમાં ખર્ચી નાખવાથી શ્રમ પડે છે, તેના માટે જે લોકો સફળ ધ્યાન માટે ટેવાયેલા હોય છે તેઓ પણ તેને ટકાવી રાખવામાં મુશ્કેલી અનુભવે છે. સિવાય કે એવા સમયગાળાઓ, જેમાં ઊર્ધ્વમાંથી અવરોધ વગરની અનુભૂતિઓનો પ્રવાહ નીચે ઉતરતો હોય.

*

ૐ એ મુખ્ય મંત્ર છે, જે બ્રહ્મની ચેતનાનું તેની ચાર ભૂમિકાઓ, તૂરીયથી માંડીને બાહ્ય અથવા ભૌતિક ભૂમિકા અભિવ્યક્ત કરતુ શબ્દ-પ્રતીક છે. મંત્રનું

કાર્ય આંતર–ચેતનામાં આંદોલનો સર્જન કરવાનું છે અને જે મંત્રનું પ્રતીક છે તેના સાક્ષાત્કાર માટે તૈયાર કરે છે અને તે ખરેખર પોતાની અંદર ધારણ કરાય છે, એમ મનાય છે. ૐ નો મંત્ર એટલા માટે ચેતનાને બધી ભૌતિક વસ્તુઓમાં એક જ ચેતનાનું દર્શન અને અનુભૂતિ કરાવવી જોઈએ, આંતર–સ્વરૂપમાં તેમ જ પરા - ભૌતિક વિશ્વમાં, કારણ ભૂમિકામાં પણ જે હાલમાં આપણાથી ઊર્ધ્વમાં રહેલી છે તેમાં, અને છેવટે પૂર્ણ મુકત પરાત્પર ચેતના જે સર્વ વૈશ્વિક અસ્તિત્વથી પણ ઊર્ધ્વમાં રહેલી છે. તેમાં પણ જે લોકો આ મંત્રનો ઉપયોગ કરે છે તેમને માટે મુખ્ય વ્યવસાય આ છેવટની ભૂમિકા હોય છે.

આ યોગમાં કોઈ નક્કી કરેલા મંત્રો નથી; મંત્રો ઉપર કોઈ ભાર મૂકવામાં આવતો નથી તેમ છતાં સાધકને જો મંત્ર સહાયભૂત લાગતો હોય અથવા જ્યાં સુધી તેમને સહાયભૂત થતો હોય ત્યાં સુધી તેનો ઉપયોગ કરી શકે છે. વધારે ભાર ચેતનાની કોઈ અભીપ્સામાં અને મન, હૃદય સંકલ્પ અને સમગ્ર સ્વરૂપની એકાગ્રતા ઉપર મૂકવામાં આવે છે. જો તેને માટે કોઈ મંત્ર મદદરૂપ લાગે તો માણસ તેનો ઉપયોગ કરે છે. ૐ નો જો સાચી રીતે ઉપયોગ કરવામાં આવે (નહિ કે યાંત્રિક રીતે) તો માણસને ઊર્ધ્વ તરફ અને બાહ્ય તરફ (વૈશ્વિક ચેતના) તેમ જ અવતરણ તરફ ખુલ્લા થવા માટે તે ઘણી સારી રીતે મદદરૂપ બને છે.

*

નિયમ મુજબ આ સાધનામાં કેવળ એક જ મંત્ર ઉપયોગમાં લેવાય છે અને તે છે માતાજીનું નામ અથવા મારું અને માતાજીનું નામ, હૃદયમાં એકાગ્રતા અથવા મસ્તકમાં એકાગ્રતા બન્ને થઈ શકે છે. દરેકનું પોતાનું પરિણામ હોય છે - હૃદયની એકાગ્રતા ચૈત્ય પુરુષને ખુલ્લો કરે છે અને ભકિત, પ્રેમ અને માતાજી સાથે એકતા લાવે છે તથા હૃદયમાં તેમની હાજરી અને પ્રકૃતિમાં તેમના બલનું કાર્ય લાવે છે. બીજા પ્રકારમાં મનની એકાગ્રતામાં, તે મનને આત્મ-સાક્ષાત્કાર પ્રત્યે તથા મનથી પર રહેલી ચેતના પ્રત્યે ખુલ્લું કરે છે તથા શરીરમાંથી ચેતનાનું ઊર્ધ્વીકરણ થાય છે અને ઊર્ધ્વતર ચેતનાનું શરીરમાં અવતરણ કરે છે.

*

પ્રભુનું નામ, રક્ષણ માટે, ભકિતની વૃદ્ધિ માટે, આંતર-ચેતનાને ખુલ્લી કરવા માટે, તથા પ્રભુના તે પાસામાં સાક્ષાત્કાર માટે ઉપયોગમાં લેવામાં આવે છે. જ્યાં સુધી જરૂરી લાગે ત્યાં સુધી અવચેતનમાં કાંઈ કરવા માટે પ્રભુના નામનો જપ ત્યાં પણ અસરકારક બનવો જોઈએ.

*

નામ જપમાં મહાન શક્તિ રહેલી છે.

*

ગમે તે નામને જપ કરો તેમાં જે શકિત પ્રત્યુત્તર આપે છે તે માતાજી હોય છે. દરેક નામ પ્રભુના કોઈ પાસાનું સૂચન કરે છે અને તે પાસાથી મર્યાદિત હોય છે. માતાજીની શકિત વિશ્વરૂપ હોય છે.

*

શ્વાસ સાથે નામ લેવાને મેં ઉત્સાહ આપ્યો નથી, કારણ કે તે મને પ્રાણાયામ જેવું લાગ્યું છે. પ્રાણાયામ ઘણી શકિતશાળી વસ્તુ છે પરંતુ જો તે વ્યવસ્થિત રીતે કરવામાં ન આવે તો ઘણા વિઘ્નો ઉત્પન્ન થવાની શકયતા છે અને વધારે પડતા પ્રમાણમાં કરવાથી શરીરમાં માંદગી લાવે છે.

*

ગાયત્રીની શકિત એ દિવ્ય સત્યનો પ્રકાશ છે; તે જ્ઞાન માટેનો મંત્ર છે.

*

ગાયત્રી મંત્ર સ્વરૂપની સર્વ ભૂમિકાઓ ઉપર સત્યના પ્રકાશને લાવવાનો મંત્ર છે.

*

ગાયત્રી મંત્રનો જપ અથવા હાલમાં તમે જે પ્રક્રિયા કરી રહ્યા છો તેને છોડી દેવું જરૂરી નથી. હૃદયમાં એકાગ્રતા કરવી એ એક પદ્ધતિ છે અને મસ્તકમાં અથવા તેનાથી ઉપરના ભાગમાં એકાગ્રતા કરવી એ બીજી પદ્ધતિ છે; આ યોગમાં બન્નેનો સમાવેશ થાય છે અને વ્યકિતને જે સૌથી સરળ અથવા સૌથી સાહજિક લાગે તે કરવાનું હોય છે. હૃદયમાં એકાગ્રતા કરવાનો હેતુ ત્યાં રહેલાં કેન્દ્રને (હૃદ્ પદ્મ) ખુલ્લું કરવાનો હોય છે; દિવ્ય ભગવતી માની હાજરીની હૃદયમાં અનુભૂતિ કરવાનો તથા પરમાત્માનો જે દિવ્ય અંશ છે તે આત્મા અથવા ચૈત્ય-પુરુષ વિષે સભાન બનવાનો પણ હેતુ હોય છે. મસ્તકમાં એકાગ્રતા કરવાનો હેતુ દિવ્ય ચેતનામાં ઊર્ધ્વીકરણ કરવાનો અને માતાજીના પ્રકાશને અથવા તેમના બલને અથવા આનંદને બધાં કેન્દ્રોમાં નીચે ઊતારી લાવવા માટે હોય છે. આ આરોહણ અને અવતરણની ગતિ તમારા જપમાં સમાયેલી છે અને તેથી તેને છોડી દેવાની જરૂર નથી.

મસ્તકમાં સત્ય લોકને અનુરૂપ એક ભૂમિકા હોય છે, પરંતુ અમુક અવસ્થાએ-ચેતનાએ મસ્તકની ઉપર મુકત રીતે ચડવાનું હોય છે જેને લઈને ઊર્ધ્વમાં વૈશ્વિક ચેતનાની તે જ ભૂમિકાને તે મળી શકે.

*

પ્રણવ જપમાં એક તેનું પોતાનું બલ હોય છે, એમ મનાય છે પરંતુ તે બલ અર્થના ઉપર ધ્યાન કર્યા સિવાય પૂર્ણ રીતે કાર્ય કરી શકતો નથી. પરંતુ મારો પોતાનો એવો અનુભવ છે કે તેના માટે કોઈ અફર નિયમ નથી અને ઘણી ખરી વસ્તુ ચેતના ઉપર આધાર રાખે છે અથવા સાધકની પોતાની પ્રત્યુત્તર આપવાની શકિત ઉપર પણ તેનો આધાર છે. કેટલાકને તેની કોઈ અસર થતી નથી, કેટલાકમાં ધ્યાન વગર પણ ઝડપી અને શકિતશાળી અસર થાય છે – બીજાઓ માટે કોઈ પણ અસર બની આવવા માટે ધ્યાનની જરૂર પડે છે.

*

ગીતાના શ્લોકોનો જપ તરીકે ઉપયોગ કરી શકાય છે. પણ તેનો હેતુ શ્લોકો જે સત્યનો સમાવેશ કરે છે, તેનો સાક્ષાત્કાર કરવા માટે વ્યકિતનો હેતુ હોય. જો ક્ષ ના પિતાએ મુખ્ય મુખ્ય શ્લોકોને લીધા હોય જેનો હેતુ તે શ્લોકોમાં તેના શિક્ષણનું હાર્દ હોય તો તે બરાબર છે. દરેક વસ્તુ શ્લોકોની પસંદગી ઉપર આધાર રાખે છે. કેટલાક શ્લોકોને એકઠા કરીને ગીતાના બોધને સાંક્ષિપ્ત સંવાદરૂપે સહેલાઈથી એકઠા ન કરી શકાય, પરંતુ આ હેતુ માટે તેમ કરવું જરૂરી પણ નથી, જેમાં ચાવીરૂપ સત્યોને એકસાથે મૂકવાના હોય છે. તે એક બૌદ્ધિક ટૂંકાણનું નિરૂપણ નથી, પરંતુ તે જપના હેતુ માટે છે જેમાં સત્યનો સાક્ષાત્કાર કરવાનો છે. મેં તે પુસ્તક વાંચ્યું નથી તેથી હું જાણતો નથી કે તે હેતુ કેટલે અંશે સિદ્ધ થાય છે.

*

ઘણી વખત વ્યકિત જયારે જપનું રટણ કર્યા કરે છે, ત્યારે ઘણી વખત તે રટણ અંદરમાં ચાલ્યા કરે છે, એટલે કે તેને આંતર-સ્વરૂપે ઝીલી લીધેલું છે તે રીતે તે વધારે અસરકારક બને છે.

*

ઘણા લોકોને ધ્યાનમાં મંત્રો આવે છે, ઋષિઓએ વેદમાં કહ્યું છે કે તેમણે 'ઋત સત્યને' દર્શન અને અંતઃસ્ફૂરણામાં સાંભળ્યું છે. "સત્ય સાંભળનારા ઋષિઓ" कवयः सत्यश्रुतः — વેદ અંતરમાં સાંભળાયેલી શ્રુતિદ્વારા પ્રાપ્ત થયેલા છે.

★

વિભાગ ૭

પ્રેમ અને ભક્તિ દ્વારા સાધના

પ્રેમ અને ભક્તિ દ્વારા સાધના

આપણા યોગની સમગ્ર ટોચની વસ્તુ અને સારતત્ત્વ, આ જગતમાં દિવ્ય પ્રેમ અને સૌન્દર્ય અને આનંદને ઉતારી લાવવાનાં છે. પરંતુ જ્યાં સુધી દિવ્ય સત્ય – જેને હું અતિમાનસ કહું છું – અને તેની દિવ્ય શકિત તેની સહાયમાં તથા પાયામાં અને માર્ગદર્શક તરીકે ન આવે ત્યાં સુધી મને કાયમ તે અશકય લાગેલું છે. નહિ તો પ્રેમ પોતે જ હાલની ચેતનાના ગોટાળા વડે અંધ બનેલો હોવાથી તેની માનવ ગ્રહણશીલતામાં ઠોકર ખાય અને નહિ તો બીજી રીતે તેની પોતાની સાચી ઓળખ ન પડવાથી તેનો ઈનકાર થાય અથવા ઝડપથી નિમ્ન કોટિની માનવ પ્રકૃતિની ક્ષણભંગુરતામાં ઝડપથી અધ:પતન પામે અને ગૂમ થઈ જાય. પરંતુ જ્યારે તે દિવ્ય સત્ય દિવ્ય શકિત તરીકે આવે ત્યારે દિવ્ય પ્રેમ શરૂઆતમાં કોઈ પરસ્પર અને વૈશ્વિક વસ્તુ તરીકે આવે અને તે પરાત્પરતામાંથી અને વિશ્વરૂપતામાંથી પોતાની જાતને એવા માણસો સાથે વ્યવહારમાં રહે, જેટલા પ્રમાણમાં તેમનામાં દિવ્ય સત્ય અને સંકલ્પશકિત હોય, અને અત્યારના કોઈ પણ માનવ મન, અથવા હૃદય કલ્પના કરી શકે તેના કરતાં પણ વધારે બૃહત્તર, મહત્તર અથવા વિશુદ્ધતર વ્યકિતગત પ્રેમનું સર્જન કરી શકે. જ્યારે વ્યકિતએ આ પ્રકારનું અવતરણ અનુભવ્યું હોય ત્યારે જ તે વ્યકિત આ જગતમાં દિવ્ય પ્રેમના જન્મ અને કાર્ય માટેનું ખરેખર કરણ બની શકે.

*

મને બરાબર સમજાતું નથી કે છેક નીચે અવચેતન સુધી દિવ્ય પ્રેમની પ્રતિષ્ઠા થવી એટલે તમે શું કહેવા માગો છો. કયો પ્રેમ ? આત્માનો પ્રભુ પ્રત્યેનો પ્રેમ ? અથવા દિવ્ય પ્રેમ અને આનંદનું તત્ત્વ, જેને ઉચ્ચતમ વસ્તુ તરીકે પહોંચવાનું છે તે ? આ પાછળની વસ્તુની અવચેતનામાં પ્રતિષ્ઠા કરવી એનો અર્થ કે સમગ્ર સ્વરૂપનું રૂપાંતર કરવું અને તે અતિમાનસ રૂપાંતરના પરિણામ સિવાય બની શકે નહિ. બીજા પ્રેમનું પ્રતિસ્થાપન તત્ત્વત: થઈ શકે, પરંતુ સમગ્ર સ્વરૂપમાં તેને જીવંત અને પૂર્ણ બનાવવા માટે ચૈતસિક રૂપાંતર પૂર્ણ થવું જોઈએ અને આધ્યાત્મિક રૂપાંતર પણ માર્ગમાં હોવું જ જોઈએ.

*

માતાજીએ તમને એમ નથી કહ્યું કે પ્રેમ એક ઊર્મિ નથી, પરંતુ દિવ્ય પ્રેમ એ ઊર્મિ નથી એમ કહેવાનો અર્થ બિલકુલ જુદો જ છે. માનવ પ્રેમ, ઊર્મિ, આવેગ અને કામનાઓનો બનેલો છે. અને આ બધી પ્રાણમય ગતિઓ છે, અને તેથી માનવીની પ્રાણમય પ્રકૃતિની નિર્બળતા તેમાં હોય છે જ. માનવ પ્રકૃતિ માટે ઊર્મિ હોવી એ ઉત્તમ અને અનિવાર્ય વસ્તુ છે, તેમ છતાં તેમાં નબળાઈઓ અને જોખમો છે – જે પ્રમાણે માનવ વિચારો માનવ અવસ્થામાં તેમના ક્ષેત્રમાં ઉત્તમ અને અનિવાર્ય વસ્તુઓ છે. પરંતુ આપણું લક્ષ્ય મનોમય વિચારોથી પર થઈને અતિમાનસના સત્યના પ્રકાશમાં રહેવાનું છે, જે વિચાર કરવાની મનોમય પદ્ધતિ નથી, પરંતુ એક સીધું દર્શન અને તદ્રુપતા છે. તે જ પ્રમાણે આપણું લક્ષ્ય ઊર્મિઓથી પર થઈને દિવ્ય પ્રેમની ઊંચાઈએ અને ઊંડાણમાં તથા ઉત્કટતામાં પહોંચવાનું છે અને ત્યાંથી આંતર ચૈતસિક હૃદય દ્વારા પરમાત્માની સાથે અખૂટ તાદાત્મ્ય સાધવાની અનુભૂતિ કરવાનું છે. અસ્તવ્યસ્ત પ્રાણની ઊર્મિઓના કૂદકાઓ ત્યાં પહોંચી શકે નહિ અથવા તેને અનુભવી શકે નહિ.

જે રીતે અતિમાનસ સત્ય એ આપણા મનોમય વિચારનું ફક્ત ઊર્ધ્વીકરણ જ નથી, તે પ્રમાણે પ્રભુ-પ્રેમ એ માનવ ઊર્મિઓનું ફક્ત ઊર્ધ્વીકરણ નથી, એ જુદી જ ચેતના છે જેનાં ગુણ, ગતિ અને તત્ત્વ પણ જુદાં જ છે.

*

દિવ્ય પ્રેમ પોતે પોતાની અંદર જ અસ્તિત્વ ધરાવે છે અને બાહ્ય સંસ્પર્શો અથવા બાહ્ય અભિવ્યક્તિ ઉપર આધાર રાખતો નથી. તે પોતે પોતાની જાતને બાહ્ય રીતે અભિવ્યક્ત કરશે તેનો આધાર જે આધ્યાત્મિક સત્યની અભિવ્યક્તિ કરવાની છે તેના ઉપર છે.

*

માનવ જાત હાલમાં જે પ્રકારની છે તેને લઈને દિવ્ય પ્રેમ શારીરિક ભૂમિકા ઉપર, તે બીજી રીતે જેટલા પ્રમાણમાં પૂર્ણ અને મુક્ત રીતે અભિવ્યક્ત થાય એટલા પ્રમાણમાં અભિવ્યક્ત થવાની શક્યતા હોઈ ન શકે પરંતુ તેનો અર્થ એવો નથી કે તેને લઈને તે માનવ પ્રેમ કરતાં ઓછો નજદિક અથવા ઓછો તીવ્ર હોય છે. તે રાહ જોઈ રહેલ છે કે તેને સમજવામાં આવે અને સ્વીકારવામાં આવે અને તે દરમિયાન તમે તેને તમારી ચેતનામાં ગ્રહણ કરી શકો અને ઊંચે ઊઠીને તેને વિશાળતર બનાવી શકો એટલા માટે તે મદદ પણ આપે છે. જો તે પ્રમાણે ન હોય તો આ મુશ્કેલીઓ અને આ બધી ગેરસમજોમાં તે વસ્તુ બનવી અશક્ય બને, – તમારી અવસ્થાની ચેતનામાં પૂર્ણ એકતા બની આવતી શક્યતા છે.

અને મને એટલું પણ કહેવા દો કે માનવ પ્રેમ અને દિવ્ય પ્રેમ વિષે મેં પ્રથમ પ્રકારના પ્રેમને એ રીતે મંજૂરી આપી છે કે તેમાંથી આપણે બીજા પ્રેમ પ્રત્યે જઈ શકીએ છીએ જે પોતાની જાતને તીવ્રતર અને રૂપાંતરિત કરે છે, પણ માનવ પ્રેમને બાકાત કરતો નથી. દિવ્ય પ્રેમ, મારી દૃષ્ટિએ કોઈ ઈથર જેવી, ઠંડી, દૂર દૂર રહેતી વસ્તુ નથી, પરંતુ એવો પ્રેમ છે જે પૂર્ણ તીવ્ર, નજીકનો અને પૂર્ણ એકતાવાળો તથા હૃદયની નજીકનો અને પૂર્ણ આનંદ આપવાવાળો અને પોતાની અભિવ્યકિતમાં પોતાની પૂર્ણ પ્રકૃતિને અભિવ્યકત કરનાર છે. અલબત્ત, હાલની નિમ્ન પ્રકૃતિના ગોટાળાઓ અને અવ્યવસ્થિતતા વગરનો તે હોય છે, અને તે આ બધી વસ્તુને પૂર્ણ ઉષ્માવાળો, ગાઢ અને તીવ્રતામાં ફેરવી નાંખશે. પરંતુ તેથી એવું માનવાને કારણ નથી કે પ્રેમના તત્ત્વમાં જે સાચી અને સુખકારક વસ્તુઓ છે તેમાંની કોઈ પણ વસ્તુને તે બાકાત કરી નાંખશે.

*

પ્રેમ કદી ઠંડો હોઈ શકે નહિ. કારણ કે ઠંડા પ્રેમ જેવી કોઈ વસ્તુ છે જ નહિ, પરંતુ પેલા પરિચ્છેદમાં માતાજી જે પ્રેમ વિષે વાત કરે છે તે ઘણો શુદ્ધ, નિશ્ચિત અને સતત ટકી રહેતો હોય છે; તે અગ્નિમાં ઝંપલાવતો નથી અને લાકડાના અભાવે ઠરી જતો નથી. પરંતુ સૂર્યના પ્રકાશની માફક સ્થિર, સર્વાશ્લેષ આપનારો અને સ્વંયભૂ હોય છે, એક અંગત દિવ્ય પ્રેમ પણ હોય છે; પરંતુ તે સામાન્ય માનવ પ્રેમ માફક જે બીજા માણસ પાસે બદલાની આશા હોય તેવો હોતો નથી; તે એક માણસના સાચા સ્વરૂપમાંથી બીજી વ્યકિતના સાચા સ્વરૂપમાં જાય છે. પરંતુ તે પ્રાપ્ત કરવા માટે, સામાન્ય માનવ પ્રેમના અભિગમમાંથી મુકિત જરૂરી હોય છે.

*

પ્રથમ તો આપણે સાધનામાં માનવ પ્રેમની વાત કરીએ. પ્રેમ દ્વારા આત્મા પ્રભુ પ્રત્યે વળે એ ક્રિયા ખાસ કરીને દિવ્ય પ્રકારના પ્રેમ દ્વારા થવી જોઈએ, પરંતુ એવા પ્રેમને વ્યક્ત થવાનું સાધન શરૂઆતમાં માનવ પ્રકૃતિ હોય છે એટલે એ પ્રેમ માનવ પ્રેમ અને ભકિતનાં સ્વરૂપો લે છે. જેમ જેમ ચેતના ગાઢ થતી જાય, ઊંચાઈએ ચઢતી જાય અને પરિર્વતન પામતી જાય, તેમ તેમ એનામાં મહત્તર શાશ્વત પ્રેમ ઊગી શકે છે અને માનવ પ્રકૃતિને ખુલ્લે ખુલ્લી રીતે દિવ્ય પ્રકૃતિમાં બદલી નાખી શકે છે. પરંતુ ખુદ માનવ - પ્રેમમાં પણ અનેક જાતની હેતુઓની શકિતઓ હોય છે. એક પ્રકારનો ચૈતસિક માનવ પ્રેમ હોય છે જે અંદર ઊંડાણમાંથી ઉત્પન્ન થાય છે અને પોતે દિવ્ય આનંદ અને એકતા યુકત હોય છે અને તેની સાથે આંતર - સ્વરૂપના મિલનને પરિણામે તે આવે છે; એક વાર એ પોતાની જાત વિષે

સભાન થાય છે; પછી એક ટકાઉ સ્વરૂપની આત્મનિર્ભર વસ્તુ બની રહે છે. તે બાહ્ય કારણોના સંતોષો ઉપર આધાર રાખતો નથી, બાહ્ય કારણો દ્વારા ઘટતી નથી, પોતાનો જ વિચાર કરતો નથી, તે હક કે બદલાની માગણી કરતો નથી, પરંતુ એ પ્રેમ પોતાની જાતે જ સહજ અને સરળ રીતે આત્મ-સમર્પણ કરે છે. એ ગેરસમજ, તકરાર કે ગુસ્સાને કારણે ચલિત થતો નથી, કે તૂટી જતો નથી, પરંતુ હંમેશાં આંતર-ઐક્ય માટે દબાણ કરતો હોય છે. આ પ્રકારનો ચૈતસિક પ્રેમ દિવ્ય પ્રેમથી વધુમાં વધુ નિકટનો હોય છે અને તેથી તે ભક્તિ અને પ્રેમ માટેનો સાચો અને સારામાં સારો માર્ગ છે. પરંતુ તેનો અર્થ એવો નથી કે સ્વરૂપના બીજા ભાગો, જેમાં પ્રાણમય અને ભૌતિક ભાગોનો પણ સમાવેશ થાય છે, તેનો ઉપયોગ એ પ્રેમના આવિર્ભાવ માટે નથી કરવાનો; અને એવું પણ નથી કે એમણે પ્રેમની પૂર્ણ લીલા અને સમગ્ર અર્થમાં, અરે દિવ્ય પ્રેમમાં પણ ભાગ નથી લેવાનો. એથી ઊલટું, દિવ્ય પ્રેમને પ્રગટ કરવાના એ એક પ્રકારનાં સાધનો છે અને તેને સંપૂર્ણ-પણે વ્યક્ત કરવામાં તેમનો મોટો ફાળો હોઈ શકે – અલબત્ત, એમ કરવામાં એ યોગ્ય પ્રકારની (અને નહિ કે અયોગ્ય પ્રકારની) ગતિ વડે દોરાતા હોવાં જોઈએ. ખુદ પ્રાણમાં બે પ્રકારના પ્રેમ હોય છે – એમાં એક પ્રકારનો પ્રેમ એવો હોય છે, જે આનંદપૂર્ણ, શ્રદ્ધાપૂર્વકનો, વિશાળ, ઉદાર, બદલાની આશા વિનાનો, કોઈ પણ પ્રકારની નારાજી વિનાનો અને પોતાના સમર્પણમાં અતિશય નિર્ભય હોય છે. આ પ્રકારનો પ્રેમ લગભગ ચૈતસિક પ્રેમને મળતો હોય છે અને એના સહભાગી થવા માટે યોગ્ય તેમ જ દિવ્ય પ્રેમની અભિવ્યક્તિ માટે યોગ્ય સાધન હોય છે. અને ચૈતસિક પ્રેમ કે દિવ્ય પ્રેમ, જો એમને પોતાની અભિવ્યક્તિ માટે કોઈ શુદ્ધ અને યોગ્ય પ્રકારનું શારીરિક કરણ મળી આવવાની શક્યતા હોય તો તેને તેઓ ધિક્કારતા નથી; તે તેના ઉપર આધાર રાખતા નથી, તેમ જ તેથી ઘટાડો થતો નથી કે એવું કોઈ સાધન ન મળી જાય તો બંડ ઊઠાવતા નથી અથવા મીણબત્તી માફક હોલવાઈ જતાં નથી; પરંતુ એવા ભૌતિક કરણનો ઉપયોગ કરે છે અને તે પણ આનંદ અને કૃતજ્ઞતાથી. પ્રભુ પ્રેમ અને પૂજામાં ભૌતિક સાધનોનો ઉપયોગ થઈ શકે છે અને થાય છે પણ ખરો; કેવળ માનવસુલભ નિર્બળતાને ખાતર જ તેમનો ઉપયોગ કરવામાં આવતો નથી, તેમ જ એ પણ હકીકત નથી કે ચૈતસિક રીતમાં આવી કોઈ વસ્તુઓનું સ્થાન નથી; તેનાથી ઊલટું તેઓ પ્રભુ પ્રત્યે અભિગમ કરવાનું એક સાધન છે અને તેઓ દિવ્ય પ્રકાશને ગ્રહણ કરે છે અને ચૈતસિક સંપર્કને ઘનીભૂત કરે છે, અને જ્યાં સુધી તે સાચી ભાવનાથી કરવામાં આવે અને જ્યાં સુધી તેઓ સાચા હેતુ માટે ઉપયોગમાં લેવામાં આવે ત્યાં સુધી તેમનું પોતાનું

સ્થાન હોય છે ફક્ત જો તેમનો દુરુપયોગ કરવામાં આવે અથવા તેમના પ્રત્યેનો અભિગમ સાચો ન હોય, કારણ કે તેમના પ્રત્યે બેદરકારી અથવા તમસ અથવા બંડખોર વૃત્તિ અથવા વિરોધ હોય, અથવા કોઈ સ્થૂલ ભાવનાને લઈને તેઓ દુષિત થયેલાં હોય, તો તેમનું સાધનામાં સ્થાન નથી હોતું અને તેમનામાં વિરોધી અસર ઉત્પન્ન થાય છે.

પરંતુ પ્રાણમય પ્રેમનો એક બીજો પ્રકાર છે જે ઘણે ભાગે માનવ પ્રકૃતિનો માર્ગ છે અને તે અહંકાર અને કામનાનો માર્ગ છે. તે પ્રાણમય ઝંખનાઓ, કામનાઓ અને માગણીઓથી ભરેલો હોય છે; તેની માગણીઓના સંતોષ ઉપર તેનો ચાલુ રહેવાનો આધાર છે; જે તેની જે ઝંખના હોય તેને તે પ્રાપ્ત ન કરે અથવા કેવળ એવી કલ્પના કરે કે તેની જે લાયકાત હોય તે પ્રમાણે તેની સાથે વર્તન કરવામાં આવતું નથી. કારણ કે તે કલ્પનાઓ, ગેરસમજો, ઈર્ષાઓ અને અનર્થોથી પૂર્ણ હોય છે. તો તે એકદમ વિષાદ, ઘાયલ થયેલી લાગણીઓ, ગુસ્સો અને બધાં જ પ્રકારની અવ્યવસ્થાથી ઘેરાઈ જાય અને છેવટે અટકી જઈને વિદાય લે છે. આવા પ્રકારના પ્રેમની પ્રકૃતિ જ ક્ષણજીવી અને અવિશ્વસનીય હોય છે અને તેને દિવ્ય પ્રેમનો પાયો બનાવી શકાય નહિ......... આ કારણને લઈને જ અમે આ પ્રકારના નિમ્ન પ્રાણની માનવ રીતને ઉત્તેજન આપતા નથી અને એવું પસંદ કરીએ છીએ કે લોકોએ પોતાની પ્રકૃતિમાંથી જેમ બને તેમ વહેલામાં વહેલા આવા તત્ત્વોનો ઈનકાર કરીને નિર્મૂળ કરી નાંખે. પ્રેમનો આનંદ અને એકતાનું તથા શ્રદ્ધા અને આત્માર્પણ તથા આનંદનું એક ખીલતા ફૂલ જેવો હોવો જોઈએ. પરંતુ આ નિમ્ન પ્રાણમય પ્રેમ તો વેદના, મુશ્કેલી, નિરાશા, ભ્રમવિહિનતા, અને વિભાજનનાં માર્ગનું મૂળભૂત કારણ છે તેનો અલ્પાંશ પણ શાંતિના પાયાને ડગુમગુ કરી નાંખે છે અને જે આનંદ તરફની ગતિ હોય તેની જગાએ તે દુ:ખમાં પતન, અસંતોષ અને નિરાનંદનું સ્થાન લઈ લે છે.

*

જે પ્રેમ પ્રભુ પ્રત્યે વાળવાનો છે તે, માણસો જે સામાન્ય પ્રાણની લાગણીને પ્રેમ કહે છે, તે હોઈ શકે નહિ. કારણ કે આવી પ્રેમની લાગણી તે પ્રેમ નથી પણ કેવળ એક પ્રેમની કામના છે, બીજાની વસ્તુઓની મેળવી લેવાની વૃત્તિ છે, એકમાલિકી અને એકહથ્થુ સત્તા પ્રાપ્ત કરવાનો આવેગ છે. દિવ્ય પ્રેમ આવો ન હોઈ શકે એટલું જ નહિ પરંતુ યોગની અંદર તેનું લેશ પણ મિશ્રણ થવા દેવાનું નથી. પ્રભુ તરફનો સાચો પ્રેમ આત્માર્પણનો પ્રેમ છે, માગણી વગરનો તથા શરણાગતિ અને સમર્પણથી પૂર્ણ હોય છે. તે કોઈ હક દાવા કરતો નથી, શરતો

મૂકતો નથી, સોદાબાજી કરતો નથી, ઈર્ષા, અભિમાન કે ગુસ્સાનો ઉગ્ર આવેગ તેનામાં હોતો નથી; કારણ કે તેના બંધારણમાં આવી કોઈ વસ્તુ છે જ નહિ. આવા પ્રેમના બદલામાં મા ભગવતી પણ પોતાની જાત આપે છે. અને આ આપવાની ક્રિયા એક આંતરિક પ્રકારની હોય છે. તમારા મનમાં, તમારા પ્રાણમાં, તમારી શારીરિક ચેતનામાં તે મુકતપણે પોતાની હાજરીનું સ્થાપન કરે છે, અને તેની દિવ્ય શકિત અને દિવ્ય પ્રકૃતિમાં તમારું એક નવસર્જન કરે છે. તમારી તે સઘળી ક્રિયાઓને પોતાના હાથમાં લઈ લે છે અને તમને તેના હાથમાં ઉપાડીને પ્રભુ પ્રત્યે લઈ જાય છે. તમારા બધા ભાગોમાં છેક સ્થૂલ સુધી તમને આ અનુભવ થાય અને તમે તેને ધારણ કરી શકો એ રીતની તમારે અભીપ્સા રાખવી જોઈએ. આ વસ્તુ માટે સમયની કે પૂર્ણતાની કશી મર્યાદા નથી. જો સાધક આ વસ્તુ પ્રાપ્ત કરી શકે, તો પછી બીજા કોઈ હકદાવાને સ્થાન નથી, કોઈ કામનાની નિરાશાનો પ્રશ્ન નથી, તમારી અભીપ્સા જો સાચી હશે તો તમને તે અચૂક મળશે જ. તમારી વિશુદ્ધિ જેમ જેમ વધતી જશે, જેમ જેમ તમારી પ્રકૃતિમાં રૂપાંતર થતું જશે તેમ તેમ તે પ્રેમ વધારે અને વધારે મળતો રહેશે.

તમારા પ્રેમને બધી જ સ્વાર્થી માગણીઓ અને કામનાઓથી ઝીલી શકાય એટલો અને તમે પાચન કરી શકો એટલો પ્રેમ તમને મળતો રહેશે.

એ પણ અનુભૂતિ કરો કે દિવ્ય પ્રેમનો સાક્ષાત્કાર પ્રથમ થવો જોઈએ, કે તે કાર્ય પ્રથમ થવું જોઈએ, પરંતુ હકદાવા અને કામનાના સંતોષ માટે નહિ. જ્યારે દિવ્ય ચેતના તેના અતિમાનસ પ્રકાશ અને શકિતમાં નીચે અવતરણ કરીને શારીરિક રૂપાંતર ન કરે ત્યાં સુધી બીજી કોઈ પણ વસ્તુને અગત્ય આપી શકાય નહિ. અને ત્યાર પછી પણ તે કામનાઓને સંતોષ નહિ હોય પરંતુ દરેક વ્યકિતમાં તેમ જ સર્વમાં, તથા જે નવીન જીવન તેને અભિવ્યક્ત કરશે તેની સિદ્ધિ હશે.

ખોટાં અર્થ ઘટન ન થાય માટે મારે એક કે બે વસ્તુઓ વધારામાં કહેવી પડશે. પ્રથમ તો પ્રભુના પ્રેમ વિષે હું જે વાત કરું છું તે કેવળ ચૈતસિક પ્રેમ નથી; તે સમગ્ર સ્વરૂપનો પ્રેમ છે – તેમાં પ્રાણ અને પ્રાણમય - શારીરિકનો સમાવેશ થઈ જાય છે. બધા જ ભાગો એ જ પ્રમાણે આત્માર્પણ કરી શકે છે. એમ માનવું ભૂલભરેલું છે કે જો પ્રાણનો પ્રેમ હોય તો તે એવો જ પ્રેમ હોવો જોઈએ જે હકદાવાઓ કરે અને તેની કામનાઓના સંતોષ માટે દબાણ લાવે. એમ માનવું પણ ભૂલભરેલું છે કે તે વસ્તુ યા તો દિવ્ય પ્રેમ હોઈ શકે નહિ તો પછી પ્રાણમય પ્રેમ જ હોય અને તેથી તેની "આસકિતમાંથી" છૂટવા માટે તેણે તેના પ્રેમપાત્ર

તરફથી પાછા હઠી જવું જોઈએ. પ્રકૃતિનો કોઈ પણ ભાગ જેટલું આત્માર્પણ કરી શકે એટલા જ પ્રમાણમાં પ્રાણ પણ નિરપેક્ષ શંકારહિત હોઈ શકે છે; જ્યારે તે પોતાના પ્રેમીજન માટે પોતાની જાતને પણ ભૂલી જાય છે ત્યારે તેની ગતિ જેવી વધારે ઉમદા કોઈ વસ્તુ હોઈ શકતી નથી. પ્રાણ અને શારીરિકે પોતાની જાતનું સાચી રીતે આત્માર્પણ કરવું જોઈએ. સાચા પ્રેમનો માર્ગ, નહિ કે અહંકારયુક્ત કામનાનો માર્ગ.

*

સામાન્ય રીતે જ્યારે માનવીઓ પ્રાણમય આત્મીયતાની વાત કરે છે ત્યારે તેઓ કોઈ બહુ બાહ્ય વસ્તુની વાત કરે છે જેને નીચે લાવવાની જરૂર નથી કારણ કે તે માનવ જીવનમાં બહુ સામાન્ય વસ્તુ છે કે જો તે ભીતરની પ્રભુસાથેની પ્રાણમય આત્મીયતા હોય તો અને જો તે ચૈત્ય પુરુષના પાયાપરની હોય તો બેશક તે પ્રભુ સાથેની એકતાને વધારે પૂર્ણ બનાવે છે.

*

પ્રભુ પ્રત્યેના પ્રેમમાં જો પ્રાણનું જોડાણ થાય તો તે તેનામાં વીરતા, ઉત્સાહ, તીવ્રતા, નિરપેક્ષતા, અનોખાપણું, આત્મસમર્પણની ભાવના, અને પ્રકૃતિનું સમગ્ર તથા આવેગપૂર્ણ આત્માર્પણ લાવે છે. પરમાત્મા માટેનો પ્રાણમય આવેગ વીર પુરુષો, વિજેતાઓ અથવા શહીદોનું સર્જન કરે છે.

*

હું ધારું છું કે 'પ્રેમ' શબ્દ શુભેચ્છા કરતાં કોઈ વધારે ઉત્કટ પ્રકારનો અર્થ વ્યક્ત કરે છે. તેમાં પસંદગી કે સ્નેહનો સમાવેશ થઈ શકે છે. પરંતુ પ્રેમ હોય કે શુભેચ્છા હોય, માનવની લાગણી કાયમ અહંકાર ઉપર મંડાયેલી કે અહંકારનું મિશ્રણ હોય છે, અને તેથી તે વિશુદ્ધ હોઈ શકે નહિ. ઉપનિષદમાં કહ્યું છે કે 'માણસ પોતાની સ્ત્રીને, સ્ત્રી ખાતર ચાહતો નથી અથવા બાળક અથવા મિત્ર અથવા બીજા કોઈને પણ તેને પોતાને ખાતર ચાહતો નથી' પરંતુ પોતાના 'આત્માને ખાતર પોતાની સ્ત્રીને ચાહતો હોય છે.' તેમાં કોઈ બદલાની કે લાભ કે પ્રાપ્તિની આશા હોય છે અથવા તો સામી પ્રેમપાત્ર વ્યક્તિ તરફથી તેને કોઈ મનોમય, પ્રાણમય અથવા શારીરિક આનંદો અને તૃપ્તિઓ મળી શકે તેવા લાભની અપેક્ષા હોય છે.

આ બધી વસ્તુઓને ખસેડી લો અને આ પ્રેમ તરત ડૂબી જાય છે અથવા ક્ષીણ થઈ જાય છે અથવા અદશ્ય થઈ જાય છે અથવા તો ગુસ્સામાં, ઠપકામાં બેદરકારીમાં અથવા ધિક્કારમાં પલટાઈ જાય છે, પરંતુ તેમાં એક ટેવનું તત્ત્વ પણ રહેલું હોય છે, જેમાં પ્રેમપાત્રની હાજરી એક પ્રકારની જરૂરીયાત બની રહે છે,

કારણ કે તે કાયમ નજર સમક્ષ હોય છે અને આ ટેવ એટલી બધી બળવાન હોય છે કે એક બીજાના સ્વભાવ વચ્ચે મહાન વિસંવાદ હોય છતાં પણ, તથા એક બીજા પ્રત્યે દુશ્મનાવટ હોવા છતાં, અમુક પ્રકારનો ધિક્કાર હોય છતાં, તે ટકી રહે છે અને આ વિસંવાદની ખીણો તે બન્ને વ્યકિતઓને છૂટી પડવા દેતી નથી; બીજા પ્રસંગોમાં, આ લાગણી ઓછી ઉષ્માભરી હોય છે અને વ્યકિતઓ એક બીજાના વિરહથી ટેવાઈ જાય છે અથવા તો બીજું પાત્ર તે સ્વીકારી લે છે. ઘણી વખત તો એક પ્રકારનું સાહજિક આકર્ષણ અને આત્મીયતા થઈ આવે છે, મનોમય, પ્રાણમય કે શારીરિક, અને તે પ્રેમને વધારે ગાઢ બનાવે છે, છેવટનો એક ઉચ્ચતમ અને ગહન પ્રકારનો પ્રેમ હોય છે, જેમાં ચૈતસિક તત્ત્વ હોય છે અને તે તત્ત્વ હૃદયના અને આત્માના સૌથી ઊંડાણના ભાગમાંથી આવે છે, એક પ્રકારનું આંતર-ઐકય અથવા આત્માર્પણ હોય છે અથવા તેના માટેની એક શોધ, અથવા બન્ને માટે એક એવી ગાંઠ હોય છે અથવા તેના માટે એક ઉત્કટ ઝંખના હોય છે જે બીજી કોઈ પણ પરિસ્થિતિ ઉપર આધાર રાખતી નથી. તે સ્વંયભૂ પોતાને ખાતર જ હોય છે અને કોઈ મનોમય, પ્રાણમય કે શારીરિક આનંદ, સંતોષ, રસ કે ટેવને પરિણામે હોતી નથી. પરંતુ ઘણે ભાગે તે માનવ પ્રેમમાં ચૈતસિક પ્રેમનું તત્ત્વ હાજર હોય છે છતાં તે એટલું બધું મિશ્રણયુકત, અને બીજા બોજથી દબાયેલું અથવા ઢંકાયેલું હોય છે કે તેનામાં પોતાને ચરિતાર્થ કરવાની ઓછી તક હોય છે અથવા તેના પોતાની સાહજિક વિશુદ્ધિ અને પૂર્ણતા પ્રાપ્ત કરી શકવાની તક પણ રહેતી નથી. એટલે જેને આપણે 'પ્રેમ' કહીએ છીએ તે કોઈક વખત એક વસ્તુ હોય છે, કેટલીક વખત બીજી વસ્તુ હોય છે, અને ઘણે ભાગે તો એવી જટિલ વસ્તુ હોય છે કે જેનો તમે પ્રશ્ન પૂછયો તેને અનુરૂપ સર્વને સામાન્ય રીતે લાગુ પડે એવો એક ઉત્તર આપી શકવો અશકય છે. તેનો આધાર વ્યકિતઓ અને સંજોગો ઉપર હોય છે.

આ પ્રેમ જયારે પરમાત્મા પ્રત્યે વળે છે ત્યારે તેમાં પણ આ સામાન્ય માનવ-પ્રેમનું તત્ત્વ રહી જાય છે. તે પ્રેમમાં પણ બદલાની માગણી હોય છે, અને તે બદલો મળતો ન લાગે તો તે પ્રેમ ડૂબી જવાની શકયતા છે; તેમાં સ્વાર્થ હોય છે, પ્રભુ માનવને જે વસ્તુ જોઈએ તે સર્વ વસ્તુઓ આપે, તેવી માગણી હોય છે અને જો તે માગણીઓની પૂર્તિ કરવામાં ન આવે તો, પ્રભુ સામે 'અભિમાન' જાગે છે, શ્રદ્ધા નાશ પામે છે, પ્રેમની ઉત્કટતા ઓસરી જાય છે વગેરે વગેરે. પરંતુ પ્રભુ પ્રત્યેનો સાચો પ્રેમ તેના મૂળ સ્વભાવમાં તેવા પ્રકારનો હોતો નથી, પરંતુ ચૈતસિક અને આધ્યાત્મિક પ્રકારનો હોય છે. પ્રેમમાં રહેલું

ચૈતસિક તત્ત્વ આંતર-સ્વરૂપમાં આત્માર્પણની જરૂર માટે હોય છે. તેમાં પ્રેમ, ભક્તિ અને ઐકયતા હોય છે જેને કેવળ પ્રભુ જ સંતોષ આપી શકે. આધ્યાત્મિક તત્ત્વ આપણને આપણા પોતાના જ ઉત્તમ અને પૂર્ણસ્વરૂપ પરમાત્મા સાથે, સત્, ચિત્, અને આનંદરૂપ મૂળ પરમાત્મા સાથે સંપર્કમાં આવવાની, તેનામાં લીન થઈ જવાની, તેની સાથે એકરૂપ થઈ જવાની જરૂરનું તત્ત્વ હોય છે. આ બે તત્ત્વો એક જ વસ્તુની બે બાજુઓ છે. મન, પ્રાણ તેમ જ શરીર આ પ્રેમના આધારરૂપ અને ગ્રહણ કરનાર ભાગો બની શકે છે પરંતુ તે પ્રમાણે ત્યારે જ બની શકે જ્યારે તેઓ સ્વરૂપના ચૈતસિક અને આધ્યાત્મિક તત્ત્વો સાથે પૂર્ણ સંવાદમાં રહી શકે તેવા નવા ઘાટમાં ફેરવાઈ જાય અને નિમ્ન પ્રકારના અહંકારના આગ્રહો ભાવવાનું બંધ કરી દે.

*

તમારે શા માટે કોઈ ચમત્કારિક વસ્તુની જરૂર છે? આત્માનો પ્રેમ એ સાચી વસ્તુ છે, સરળ અને નિરપેક્ષ–બાકીનું બધું કલ્યાણકારી ત્યારે જ હોય, જો તે આત્માના પ્રેમના આવિર્ભાવના સાધનરૂપ હોય.

*

બાહ્ય સ્વરૂપને કોઈ પણ જાતના અહંકાર સિવાય ચૈતસિક રીતે પ્રેમ કરતાં શીખવાનું છે. જો તે અહંકારયુક્ત પ્રાણમય રીતે પ્રેમ કરે તો તે પોતાની જાત માટે અને સાધના માટે અને તથા માતાજી માટે ફક્ત મુશ્કેલીઓ જ ઉત્પન્ન કરે છે.

*

માતાજી પ્રત્યે બાળકનો સંબંધ એક સંપૂર્ણ, સચ્ચાઈભર્યો અને સરળ શ્રદ્ધાનો તથા તેમના પરના આધારનો હોય છે.

*

જ્યારે તમે પરમાત્મા પાસે આવો ત્યારે તમે આંતરિક રીતે તેમના પ્રત્યે વળેલા રહો અને બીજી કોઈ પણ વસ્તુને તમારા પર અસર કરવા ન દો.

*

તે જેનું વર્ણન કરે છે તે અહંકારની પ્રાણમય લાગણી છે અને તે ઊર્મિના આત્મ-સંતોષ માટેની માગણી છે; તે માયા છે, તે સાચો પ્રેમ નથી, કારણ કે સાચો પ્રેમ એકતા અને આત્માર્પણ શોધે છે અને માણસે આ પ્રેમ લઈને પ્રભુ પાસે જવું જોઈએ. આ પ્રાણમય (કહેવાતો પ્રેમ) ફક્ત વેદના અને નિરાશા લાવે છે; તે સુખ આપતો નથી; તે કદી સંતોષ પામતો નથી, અને તે જેની માગણી કરે તે પૂરી પાડવામાં આવે તો પણ તેને કદી સંતોષ થતો નથી.

જો વ્યક્તિની ઈચ્છા હોય તો પ્રાણમય માગણીઓની આ માયામાંથી મુક્ત બનવું પૂર્ણ રીતે શક્ય છે, પરંતુ તેના માટેનો સંકલ્પ સત્યનિષ્ઠ હોવો જોઈએ. જો તે પોતાના સંકલ્પમાં સાચા દિલ હોય તો તેને અવશ્ય સહાય અને રક્ષણ મળશે. તેણે તેનો પાયો જે પ્રાણ ઉપર મંડાયેલો છે તેને બદલે તેનું ચૈતસિક પ્રેમ પર કરવું પડશે.

*

પ્રાણમય પ્રેમની સામાન્ય પ્રકૃતિ જ એવી છે કે તે લાંબો સમય ટકી શકે નહિ, અથવા જો તે ટકી રહેવા માટે પ્રયત્ન કરે તો તે સંતોષ પામતો નથી, કારણ કે તે એક એવો આવેગ છે જે પ્રકૃતિએ પોતે પોતાની અંદર નાંખેલો છે જેથી તેનો કામચલાઉ હેતુ સરે; એટલે કામચલાઉ હેતુ માટે તે સારી છે અને તેનું સામન્ય વલણ એવું છે કે જયારે પ્રકૃતિનો હેતુ પૂરતા પ્રમાણમાં સંતોષ પામે પછી તે ક્ષીણ થતો જાય છે. માનવ જાતિમાં, માણસ પોતે એક જટિલ પ્રાણી હોવાથી, પ્રકૃતિ પોતાની સહાયમાં કલ્પના અને આદર્શને બોલાવે છે જેથી તેને એક ધક્કો મળે, અને તેની અંદર એક ભવ્યતા અને સૌન્દર્ય અને અગ્નિ તથા ભવ્યતાની ભાવના આપે છે, પરતુ તે સર્વ વસ્તુઓ થોડા સમય પછી ઓસરી જાય છે. તે લાંબા સમય સુધી ટકી શકતી નથી કારણ કે તે એક ઊછીનો લીધેલો પ્રકાશ તથા શક્તિ છે; ઊછીનો એ અર્થમાં કે ઊર્ધ્વમાંથી આવતા પ્રકાશનું પ્રતિબિંબ છે અને પ્રતિબિંબિત થતું જે પ્રાણનું માધ્યમ છે, તે તેની કલ્પનાનો પોતાના હેતુ માટે ઉપયોગ કરે છે, તેની પોતાની માલિકીની વસ્તુ નથી. તે ઉપરાંત મન અને પ્રાણમાં કોઈ પણ વસ્તુ કાયમી ટકતી નથી કારણ કે તે બધું કાયમ ચલિત ગતિમાં હોય છે. જે કાયમ ટકી શકે એવી વસ્તુ છે તે આત્મા અથવા જીવાત્મા છે. તેથી જે પ્રેમ આત્મા ઉપર નિર્ભર છે, તે જ ટકી શકે અથવા સંતોષ પ્રાપ્ત કરી શકે કારણ કે તેના મૂળ ત્યાં સુધી ઊંડાણમાં રોપાયેલા છે એટલે કે પ્રાણમાં જીવન ધારણ ન કરતાં અતરાત્મામાં અથવા આત્મામાં જ જીવન ધારણ કરવું.

પ્રાણ પ્રેમને છોડી દે છે એ મુશ્કેલીનું આ કારણ છે; પ્રાણ, બુદ્ધિ અથવા જ્ઞાનથી શાસિત થતો નથી, પરંતુ અંધ:પ્રેરણા અને શીઘ્ર વૃત્તિઓથી તથા આનંદની કામનાથી તે દોરવાય છે. તે પાછો હઠી જાય છે કારણ કે તે નિરાશ બને છે, કારણ કે તેને એવો અનુભવ થાય છે કે તેનામાં વારંવાર નિરાશા આવ્યા કરે છે, પરંતુ તેને એવી અનુભૂતિ નથી થતી કે સમગ્ર વસ્તુ એક મોહિની છે, અથવા જો તે સમજે તો તેના માટે તે પશ્ચાત્તાપ કર્યા કરે છે, કે તે તેવા પ્રકારની વસ્તુ કેમ છે? જ્યાં સાત્ત્વિક વૈરાગ્ય હોય છે, જે નિરાશામાંથી જન્મ પામતો નથી,

પરંતુ મહત્તર અને વધારે સાચી વસ્તુઓ પ્રાપ્ત કરવાની છે એવી ભાવનામાંથી આવે છે, ત્યાં આ મુશ્કેલી ઉપસ્થિત થતી નથી. તેમ છતાં પ્રાણ પોતાના અનુભવમાંથી જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે કે આ સુંદર મૃગજળ માટે તલસવા કરતાં પાછાં ફરવું એ બહેતર સારું છે. તેનો વૈરાગ્ય સાત્ત્વિક અને નિર્ણયાત્મક બની શકે છે.

*

પ્રાણમય પ્રેમની ગમે તેવી મોહિની હોય, પરંતુ એક વખત માણસ તેમાંથી મુક્ત થઈને ઊર્ધ્વતર સ્તરમાં પહોંચે ત્યારે તેને લાગે છે કે તેણે જેટલી મહાન વસ્તુની કલ્પના કરેલી તેવી તે વસ્તુ નથી. અતિશયોક્તિ ભરેલી તેની કિંમત તેણે આંકેલી હોવાથી, મહાન વસ્તુ પ્રત્યેનું ખેંચાણ અનુભવતી ચેતનાને પાછી હઠાવવાનું બને છે, અને તે મહાન વસ્તુ એવી હોય છે જેની સાથે બીજી કોઈ પણ વસ્તુની એક ક્ષણ માટે પણ સરખામણી થઈ શકે નહિ. જો આવી અતિશયોક્તિભરી લાગણી જે નિમ્ન પ્રકારની ભૂતકાળમાં બનેલી, તેને માણસ પકડી રાખે તો સમગ્ર સ્વરૂપને ઊર્ધ્વતર ભાવિ માટે વિકાસ કરવો તેને માટે મુશ્કેલ બને છે. જૂના પ્રાણમય પ્રેમની ઉત્સાહપૂર્વકની પ્રશંસાપૂર્ણ રીતે કોઈ વ્યક્તિ યાદ રાખે, તેવું ખરેખર માતાજી કદી ઇચ્છતા નથી. સાચી કિંમત આંકવા માટે તે તો ખરેખર 'ઘણી તુચ્છ' વસ્તુ હતી. તેની સરખામણીનો પ્રશ્ન જ નથી અથવા પ્રાણમય આવેગ બીજાના ભોગે વખાણ કરવાલાયક વસ્તુ છે જ નહિ. તે વસ્તુનું પ્રમાણ ઘટી જવું જોઈએ અને તે ભૂતકાળની છાયામય રચનાઓમાં પાછું હઠી જવાથી તેની કોઈ પણ કિંમત હોવી જોઈએ નહિ.

*

તમારી મુશ્કેલી એ છે કે તમારો પ્રાણ હજુ સુધી પ્રેમના સ્વયંભૂ આનંદના રહસ્ય સુધી પહોંચ્યો નથી. એ પ્રેમનો પોતાનો શુદ્ધ સત્યનો આનંદ છે, તેના પોતાના માટે જ તેનું આંતરિક સૌંદર્ય હોય છે, તેમાં આંતર સ્વરૂપમાં કાયમી ટકી રહેતા પરમાનંદનું રહસ્ય હોય છે. તમારો પ્રેમ એમ માની પણ શકે નહિ કે આવી કોઈ વસ્તુ અસ્તિત્વ ધરાવે છે. પરંતુ તે પ્રેમ તેના તરફ ગતિ કરી રહેલો છે અને આ જે લાગણી તમને થઈ તે એક એવી અવસ્થા છે. વધારે શુદ્ધ પ્રાણમય ઊર્મિની એક ઝંખના; જે કોઈ વસ્તુ પરમાત્મા સાથે પૂર્ણ એકતામાં છે તે સર્વના વિશુદ્ધતમ માર્ગ ઉપર જવાની તમારી ઝંખના છે.

*

દિવ્ય પ્રેમ માનવ પ્રેમ કરતાં વધારે ગાઢ, વિશાળ અને શાંત હોય છે; તેનાં વિષે સભાન બનવા માટે આપણે વધારે સ્થિર અને વિશાળ બનવું જોઈએ અને

તેને પ્રત્યુત્તર આપવો જોઈએ. માણસે તેનું સમગ્ર લક્ષ્ય તેને સમર્પિત થઈ જવાનું રાખવું જોઈએ જેથી કરીને તે તેના એક વાહન અને કરણ બની શકે – અને જે વસ્તુ જરૂરી લાગે તે દિવ્ય જ્ઞાન ઉપર છોડી દઈ પોતાની જાતને તે પ્રેમથી ભરવી જોઈએ. એટલું પણ માણસે પોતાના મનમાં નક્કી કરી લેવું જોઈએ કે તેની પ્રગતિ, વિકાસ અને સાક્ષાત્કાર માટે અમુક સમયમાં તે બની આવવાં જ જોઈએ એવો આગ્રહ સેવવો ન જોઈએ; તે ગમે તેટલો સમય લે ત્યાં સુધી રાહ જોવા અને ખંત રાખવા તૈયાર રહેવું જોઈએ અને પોતાના સમગ્ર જીવનને એક અભીપ્સારૂપ બનાવી કેવળ એક જ વસ્તુ, પ્રભુ માટે જ પોતાની જાતને ખુલ્લી કરવી જોઈએ. જેટલા વધારે પ્રમાણમાં વ્યકિત પોતાનું અર્પણ કરે તેટલા વધારે પ્રમાણમાં તેનામાં ગ્રહણ કરવાની શકિત વૃદ્ધિ પામશે. પરંતુ તેને માટે બધી જ અધીરાઈ અને બંડખોર વૃત્તિ ચાલી જવી જોઈએ; બધાં જ સૂચનો જેવા કે પ્રભુ પ્રાપ્તિ થતી નથી, સહાય મળતી નથી, પ્રેમ મળતો નથી, ચાલ્યા જવું છે, જીવનનો ત્યાગ કરવો છે અથવા આધ્યાત્મિક પ્રયત્ન છોડી દેવો છે – વગેરે, બધાંનો ઈનકાર કરવો જ જોઈએ.

*

જો પ્રેમ સંપૂર્ણ અને નિરપેક્ષ હોય અને તેની સાથે કોઈ પણ પ્રાણમય કામના જોડાયેલી ન હોય તો પછી બંડખોર સૂચનો કદી આવી શકે નહિ.

*

આપણે આપણી પ્રકૃતિમાં દિવ્ય બનવાથી જ દિવ્ય રીતે પ્રેમ કરી શકીએ; તે સિવાય બીજો કોઈ માર્ગ નથી.

*

પ્રેમ પોતે પ્રેમ માટે જ પૂરતો છે – તેને આંધળા માણસને જેવી સહાયની જરૂર હોય તેવી જરૂર હોતી નથી. તેનો પ્રકાર શ્રદ્ધા જેવો અને બીજી દિવ્ય શકિતઓ જેવો સ્વપર્યાપ્ત છે.

*

માનવ પ્રેમ ઘણે ભાગે પ્રાણમય અને શારીરિક હોય છે અને મનનો તેમને આધાર હોય છે – તે જો ફકત તેને ચૈતસિક સ્પર્શ હોય તો તે નિ:સ્વાર્થ અને વિશુદ્ધ સ્વરૂપ અને શુદ્ધ અભિવ્યકિત લઈ શકે છે. તમે કહો છો તે પ્રમાણે એ સાચું છે કે સામાન્યતયા તે અવિદ્યા, આસકિત, આવેગ અને કામનાનું મિશ્રણ હોય છે. પરંતુ તે ગમે તે હોય છતાં જેને પરમાત્મા પ્રત્યે પહોંચવાનું હોય તેણે માનવ-પ્રેમો અને આસકિતઓના બોજા નીચે ન આવવું જોઈએ કારણ કે તેઓ આટલી બધી બેડીઓરૂપ બને છે કે તેના પગલાંઓને તે અટકાવે છે, અને કેવળ એક પ્રેમના પરમ લક્ષ્ય પ્રત્યે રાખેલી એકાગ્રતા તથા ઊર્મિઓમાંથી તેને દૂર દૂર કરે છે.

એક ચૈતસિક પ્રેમ જેવી વસ્તુ છે જે વિશુદ્ધ, માગણી વગરની, આત્માર્પણમાં સચ્ચાઈપૂર્ણ હોય છે. એક બીજા માનવી પ્રત્યેના આકર્ષણવાળા પ્રેમમાં સામાન્યતયા વિશુદ્ધ રહેતી નથી. આ ચૈતસિક પ્રેમના વ્યવસાયમાં પણ જ્યારે માનવી સાધના કરતો હોય ત્યારે તેણે ઘણાં સજાગ રહેવાનું હોય છે – કારણ કે ઘણી વખત એક પ્રાણમય આકર્ષણ અથવા આસકિતને ન્યાયી કરાવી તેને ઢાંકવા માટેનો તે એક બુરખો બની જાય છે.

વિશ્વરૂપ પ્રેમ એ એવો આધ્યાત્મિક પ્રેમ છે જે એકમેવ પરમાત્મા તેમ જ સર્વ જગાએ વ્યાપી રહેલા પરમાત્માના પાયા ઉપર બંધાયેલો છે અને વ્યકિતગત ચેતનાનું રૂપાંતર થઈને તે વિશાળ વિશ્વરૂપ ચેતના બને છે; તે આસકિત અને અવિદ્યાથી મુકત હોય છે.

દિવ્ય પ્રેમ બે પ્રકારનો હોય છે. સર્જન અને તેના પોતાના અંશરૂપ સર્વ આત્માઓ માટેનો દિવ્ય પ્રેમ, અને દિવ્ય પ્રેમીને શોધતો સાધકનો પ્રેમ; તેમાં વૈયકિતક તેમ જ અવૈયકિતક એમ બંને તત્ત્વો હોય છે, પરંતુ અહીં જે વૈયકિતક પ્રેમ છે તે બધાં જ નિમ્ન પ્રકારના તત્ત્વો અથવા પ્રાણના બંધનમાંથી અને શારીરિક અંધ:પ્રેરણાઓથી મુકત હોય છે.

*

ચૈતસિક પ્રેમ વિશુદ્ધ હોય છે અને અહંકારપૂર્ણ માગણીઓમાંથી મુકત હોય છે, પરંતુ તે માનવ-પ્રેમ હોવાથી તેમાં ભૂલ અને વેદના આવી શકે છે, પ્રભુ તો ઘણો વિશાળ અને ગાઢ તથા પ્રકાશ અને આનંદથી પૂર્ણ હોય છે.

*

પ્રભુનો પ્રેમ એવો હોય છે જે પરમ દિવ્ય એકતા અને તેના આનંદમાંથી, ઊર્ધ્વમાંથી નીચે આપણા સ્વરૂપમાં વરસે છે. ચૈતસિક પ્રેમ દિવ્ય પ્રેમે ધારણ કરેલું એક એવું સ્વરૂપ છે જે માનવ ચેતનાની જરૂરીયાત તથા શકયતાઓ પ્રમાણેનું હોય છે.

*

આત્માનો પ્રેમ અને આનંદ ભીતરમાંથી – ચૈત્ય પુરુષમાંથી આવે છે, ઊર્ધ્વમાંથી જે આવે છે તે આનંદ ઊર્ધ્વતર ચેતનામાંથી આવે છે.

*

જો પ્રેમ તેના હેતુમાં ચૈતસિક પ્રકારનો હોય તો તે કાયમ એકતાનો ભાવ લાવે છે અથવા ઓછામાં ઓછું સ્વરૂપની આત્મીયતાનું આંતર નજિકતાપણું લાવે

છે. દિવ્ય પ્રેમ એકતાના પાયા ઉપર રચાયેલો હોય છે અને ચૈતસિક પ્રેમ દિવ્ય પ્રેમમાંથી પ્રાપ્ત થાય છે.

*

જો ચૈત્ય પુરુષ પરમાત્મા સાથે એકતા સાધે તો તેને કદી જુદો પાડી શકાતો નથી. જુદાઈ એટલે એકતા નહિ. ચૈતસિક સાક્ષાત્કાર એ એકતામાં રહેલી ભિન્નતા છે (સમગ્ર વસ્તુ અને તેનો ભાગ); તે એવી વસ્તુ નથી જેમાં જલબિંદુ સાગરમાં ભળી જાય છે – કારણ કે એ પ્રમાણે હોય તો કોઈ પ્રેમ અથવા ભકિત શકય નથી, સિવાય કે તે પ્રેમ પોતાનો જ આત્મ-પ્રેમ હોય, અથવા ભકિત સ્વ-ભકિત હોય.

*

માનવીઓ પોતાની પ્રકૃતિની વ્યકિતતાઓને લઈને છૂટા પડે છે અને તેવી પ્રકૃતિમાં જ તેમનાં સંબંધોનું સ્થાપન થાય છે. ચૈત્ય પુરુષમાં ચૈતસિક સહાનુભૂતિને લઈને વ્યકિત એકતાની ભાવના પ્રાપ્ત કરે છે, પરંતુ તેમનામાં એકીકરણ થતું નથી, કારણ કે ચૈતસિક પુરુષ એક વ્યકિતગત આત્મા છે અને પરમાત્માની મારફતે બીજાઓ સાથે એકતા સાધી શકે તે પહેલાં તેણે પોતાની જાતની પરમાત્મા સાથે એકતા પ્રાપ્ત કરવી જ જોઈએ. આધ્યાત્મિક સાક્ષાત્કારમાં બે બિલકુલ ઊલટાં સ્વરૂપો હોય છે – એક એવું સ્વરૂપ જેમાં વ્યકિત બધી જ બાહ્ય વસ્તુઓમાં, જેમાં જગતમાં આવેલા બધાં ભૌતિક પ્રાણીઓ પણ આવી જાય છે, તે બધાંમાંથી પાછો હઠી જઈને પરમાત્મામાં વિલિનીકરણ કરે છે અને બીજા સ્વરૂપમાં વ્યકિત આત્માની અથવા પરમાત્માને સર્વમાં અનુભૂતિ કરે છે અને તે સાક્ષાત્કાર મારફતે એક વૈશ્વિક એકતા પ્રાપ્ત કરે છે.

*

આધ્યાત્મિક ભૂમિકાઓ ઉપરનો જે પ્રેમ હોય છે તે ભિન્ન પ્રકારનો હોય છે – ચૈતસિક પુરુષને તેનાં પોતાનાં અંગત પ્રેમ, ભકિત અને સમર્પણ હોય છે. ઊર્ધ્વતર અથવા આધ્યાત્મિક મનમાં રહેલો પ્રેમ વધારે વિશ્વરૂપ અને અવૈયકિતક હોય છે. ઊચ્ચતમ દિવ્ય પ્રેમ બનવા માટે તે બન્નેએ એકી સાથે જ ગતિ કરવી જોઈએ.

*

વૈશ્વિક પ્રેમ કાયમ વિશ્વરૂપ હોય છે – ચૈતસિક પ્રેમ પોતાને વ્યકિતરૂપ બનાવી શકે છે.

*

વૈશ્વિક પ્રેમ વ્યકિતગત આત્માની સર્વાત્મા સાથેની એકતાનો સાક્ષાત્કાર કરી શકે છે. ચૈતસિક પ્રેમ અથવા લાગણી આ સાક્ષાત્કાર સિવાય પણ સર્વ માટે અસ્તિત્વ ધરાવી શકે છે.

*

અંતઃસ્ફૂરણાત્મક મન અથવા અધિમનસ, દિવ્ય પ્રેમના સત્ય પ્રત્યે વધારે ખુલ્લો હોય છે અને સામાન્ય રીતે મનમાં જે શકિત છે તેનાં કરતાં વિશ્વરૂપ પ્રેમ અનુભવવા તેઓ વધારે શકિતમાન છે – ત્યાં રહેલો પ્રેમ તેની તીવ્રતામાં પણ વધારે સ્થિર છે અને મનોમય ભાગોમાં હોય છે – તેના કરતાં ઓછો અહંકારયુકત હોય છે. પરંતુ મનનો પ્રેમ પણ જો વધારે ચૈતસિક અને આધ્યાત્મિક વિકાસ સાધે તો મન પણ તેવા પ્રેમના ગુણને પ્રાપ્ત કરી શકે છે.

*

'ક્ષ' નો પ્રશ્ન હું બરાબર સમજી શકતો નથી. એ શું એવું પૂછવા માગે છે કે વ્યકિત બીજા બધા માટે પ્રેમથી સભર બને તે પહેલાં બધાં પ્રાણીઓ માટેના પ્રભુ-પ્રેમ વિષે તે સચેતન બની શકે છે? જો તેવો અર્થ હોય તો વ્યકિત ચોક્કસ પોતાને વિશ્વરૂપ પ્રેમ પ્રાપ્ત થાય તે પહેલાં પરમાત્માના પ્રેમ વિષે સચેતન બની શકે છે – વ્યકિત પોતાની અંદર પરમાત્માનો સ્પર્શ થવાથી તેના વિષે સચેતન બની શકે છે. સ્વાભાવિક રીતે જ તેની ચેતના સર્વ પ્રત્યે એક વૈશ્વિક પ્રેમ તરફ વિકાસ કરવા પ્રત્યે દોરી જાય છે. પરંતુ જો તેનો કહેવાનો અર્થ એવો હોય કે તે દિવ્ય પ્રેમ છે, જે નિમ્ન પ્રકારની ગતિઓથી કલંકિત થયેલો નથી, તો એ વસ્તુ સાચી છે કે જ્યાં સુધી એક શાંતિ, વિશુદ્ધિ, અહંકારમાંથી મુકિત, વિશાળતા તથા વિશ્વરૂપ ચેતનાનો પ્રકાશ, જે વિશ્વરૂપ ચેતનાનો પાયો છે તે ન આવે ત્યાં સુધી એવા પ્રકારનો પ્રેમ પ્રાપ્ત કરવો મુશ્કેલ છે, જે બધી ક્ષતિઓમાંથી તથા મર્યાદાઓમાંથી, જે સામાન્ય માનવ-પ્રેમની છાપો છે, તેમાંથી મુકત હોય. જેટલા વધારે પ્રમાણમાં વિશ્વરૂપતા પ્રાપ્ત થાય તેટલા વધારે પ્રમાણમાં આ બધી વસ્તુઓમાંથી મુકત થવાનું વલણ માનવ ધારણ કરી શકે છે.

*

સર્વની સાથે એકતા, એ તેના પાયામાં એવી વસ્તુ છે કે સ્વયંભૂ અને સર્વ-પર્યાપ્ત છે, જેની અભિવ્યકિત કરવાની જરૂર રહેતી નથી. જયારે તે પોતાની જાતની પ્રેમ તરીકે અભિવ્યકિત કરે છે, ત્યારે તે કોઈ વિશાળ અને વિશ્વરૂપ વસ્તુ હોય છે, અને તે ઉત્કટ હોય છતાં અક્ષુબ્ધ અને મક્કમ હોય છે. આ વસ્તુ મૂળ પાયારૂપ વૈશ્વિક એકતામાં રહેલી છે. એક સપાટી ઉપરની વિશ્વરૂપ ચેતના હોય છે, જે

વૈશ્વિક બલોની લીલા પ્રત્યે સભાન હોય છે – અહીં ગમે તે વસ્તુ ઉપર ઊઠી આવી શકે, કામવાસના પણ. આ ભાગનું જ પૂર્ણ ચૈતસીકરણ થવું જોઈએ, નહિ તો પછી વ્યકિત તેમાં યોગ્ય રીતે ટકી શકે નહિ અથવા તેને ધારણ કરી શકે યા તો તેના સાથે કાર્ય કરી શકે નહિ.

*

એકમેવ પરમાત્માનો મનમાં સાક્ષાત્કાર, મનમાં એક પ્રકારની મુકિત લાવે છે અથવા લાવવો જોઈએ, પરંતુ પ્રાણ અને શરીરને માટે તેની શીઘ્રવૃત્તિઓને લઈને સામાન્ય ગતિઓમાં ચાલુ રહેવાનું શકય છે - કારણ કે તેઓ તેમના કાર્ય માટે ફકત આંશિક રીતે જ મન ઉપર આધાર રાખે છે. તેઓ મનને બળજબરીથી ખેંચી જઈ શકે છે, हरन्ति प्रसभं मनः, અથવા તો તે મનના તર્ક અને અસંમતિ હોવા છતાં તેની વિરુદ્ધ કાર્ય કરી શકે છે. "હું વધારે સારું જોઉં છું અને તેને માન્ય કરું છું," એમ એક રોમન કવિ કહે છે તે પ્રમાણે – ગીતાની ભાષામાં अनिच्छन्नपि बलादिव नियोजितः।. એટલા માટે એ જરૂરી છે કે તેની શાંતિ અને વિશુદ્ધિના બલ સહિત સાક્ષાત્કારે પ્રાણ અને શરીરમાં પોતાનામાં સઘન રીતે ઊતરી આવવું જોઈએ, જેથી કરીને પ્રાણમય ગતિઓ ઊઠવા માટે પ્રયત્ન કરે ત્યારે તેઓ તેની સાથે અથડાઈને રહી શકવા અસમર્થ બને કારણ કે તેમાં સ્વાભાવિક રીતનું જ એક દબાણ હોય છે.

*

જ્યાં સુધી સમગ્ર ચેતના શંકાશીલ મસાલાથી સ્વચ્છ બનેલી ન હોય, અને પરમ વિશુદ્ધિમાં સાક્ષાત્કારનું ઐકય દૃઢીભૂત થયેલું ન હોય, ત્યાં સુધી સર્વોત્મ ભાવના પ્રેમની અભિવ્યકિત સલાહકારક નથી, તેને પોતાની જાતમાં ટકાવી રાખવાથી જ તે પોતાની પ્રકૃતિનો એક સાચો ભાગ બની શકે છે, અને હજુ ભાવિમાં જે સાક્ષાત્કારો બની આવવાના છે તેમની સાથે જોડાઈને તેનું પ્રતિસ્થાપન અને વિશુદ્ધિકરણ ટકી રહે. હાલમાં તે ફકત એક સ્પર્શ છે અને તેને અભિવ્યકિત દ્વારા વિખેરી નાખવું એ બિન - ડહાપણભર્યું બને છે. કામવાસના અને પ્રાણ સહેલાઈથી સક્રિય બને. મેં એવા ઘણાં યોગીઓના પ્રસંગો જોયા છે જેમનામાં 'વિશ્વપ્રેમ' એ 'વિશ્વકામ' માં ફેરવાઈ ગયેલો, અને સર્વ-પ્રેમ, સર્વ-કામુકતામાં ફેરવાઈ ગયેલો હોય છે. આ વસ્તુ યુરોપ અને પૂર્વ બન્નેમાં બનેલી છે. તેમ છતાં પણ ઉત્તમ વસ્તુ તેને સઘન બનાવવાની અથવા દૃઢીકરણ કરવાની છે નહિ કે તેને બહાર ફેંકવાની અથવા વિખેરી નાખવાની. જ્યારે સાધનાએ પ્રગતિ સાધેલી હોય અને ઊર્ધ્વમાંથી જ્ઞાન પ્રેમને પ્રકાશિત અને માર્ગદર્શન આપવા આવેલું હોય, ત્યાર પછી બીજી જ વસ્તુ બની જશે. બધી જ અરૂપાંતરિત પ્રાણમય ગતિઓના ઇનકાર માટેનો

મારો આગ્રહ મારા તેમ જ બીજાઓના અનુભવ ઉપર રચાયેલો છે તથા ભૂતકાળની ચૈતન્યની વૈષ્ણવ ગતિઓ જેવા યોગો માફક (એમાં પ્રાચીન બુદ્ધના સહજ ધર્મની વાત તો કરતા જ નથી.) તે ઘણા સડામાં પડી ગયેલા છે. સર્વ-પ્રેમ જેવી વિશાળ ગતિ ત્યારે જ તેનું સ્થાન પ્રાપ્ત કરી શકે જ્યારે પ્રકૃતિનું ક્ષેત્ર તેના માટે સઘન રીતે તૈયાર થયું હોય. તમે બીજાઓ સાથે હળોમળો તેની સાથે મારે કોઈ વાંધો નથી, પરંતુ તમારે એક સતત જાગરૂકતા તથા કાબુ સાથે અને એક સજાગ મન અને સંકલ્પ દ્વારા જ તે પ્રમાણે કરવું જોઈએ.

*

• દર્શન પ્રકૃતિનું રૂપાંતર કરવા માટે પૂરતું નથી. 'પશ્યત:' નો આધ્યાત્મિક ભાષામાં કેવળ 'દર્શન' એટલો જ અર્થ થતો નથી. દર્શન મનનો વિષય છે અને મનોમય દર્શન એ પૂરતું નથી, સમગ્ર સ્વરૂપમાં એક નક્કર અને સક્રિય સાક્ષાત્કાર જરૂરી છે. નહિ તો નીચેની ત્રણમાંથી કોઈ પણ એક વસ્તુ બની આવે. (૧) મન એકત્વનું દર્શન કરે પરંતુ પ્રાણને તેની કોઈ પણ અસર થાય નહિ. તે તો પોતાની શીઘ્રવૃત્તિઓ સાથે ગતિ કર્યા કરે છે કારણ કે તે વિચાર અથવા બુદ્ધિથી શાસિત થતો નથી પરંતુ વલણ, શીઘ્રવૃત્તિ અને કામનાયુકત-બલના કાબુ નીચે હોય છે – તે પોતાના વલણો માટે ને ન્યાયી ઠેરવવા માટે બુદ્ધિનો ઉપયોગ કરે છે અથવા પ્રાણ એમ પણ કહે, બધુ જ એક છે એટલે હું જે કાંઈ કરું તેની કાંઈ પરવા નથી. મારે શા માટે મારી પોતાની રીતે બધાની સાથે એકતા ન સાધવી? (૨) જો મનને સાક્ષાત્કાર થાય, પરંતુ પ્રાણ તેમાં ભાગ ન લે અથવા તેને વિકૃત બનાવે તો પણ પ્રાણ પોતાની રીતે આગ્રહ ચાલુ રાખે અથવા તો મનને પણ તેની પોતાની સાથે ઘસડી જાય. ગીતા કહે છે તે પ્રમાણે ઇન્દ્રિયો (પ્રાણ) જે ઋષિઓ દર્શન કરે છે તેઓના મનને પણ હરી લે છે, જે રીતે વાયુ તોફાની સમુદ્રમાં નાવને ઘસડી જાય છે તેમ. (૩) આંતર સ્વરૂપને સમર્થ સાક્ષાત્કાર થયેલો હોય અને તે એકતા, સ્થિરતા અને શાંતિમાં રહે, પરંતુ બાહ્ય સ્વરૂપના આંતર ભાગો કામના વગેરેના પ્રત્યાઘાતોને અનુભવે–આવા પ્રસંગે પ્રત્યાઘાતો ફકત ઉપરછલ્લા હોય; પરંતુ તેમ છતાં તેઓ અટકી જાય ત્યાં સુધી તેમના ઇન્કારની જરૂર તો રહે છે જ. જ્યારે સમગ્ર સ્વરૂપ એક સ્થિરતા, શાંતિ, મુકિત, એકતાના નક્કર સાક્ષાત્કારમાં રહે ત્યાર પછી જ બધી કામનાઓ ખરી પડે છે અને ઇનકારની જરૂર બંધ થાય છે કારણ કે ત્યાર પછી કોઈ વસ્તુનો ઇન્કાર કરવાનો બાકી રહેતો નથી.

*

મનોમય સાક્ષાત્કાર (એક જ આત્મા વિષેનો) આ પરિણામ લાવતો નથી (**મોહ** કે **શોક** ના ભયમાંથી મુકિત), જ્યારે આધ્યાત્મિક સાક્ષાત્કારને લાવી શકે

છે. વેદનામાં 'દર્શન' એટલે 'સંભવન' પણ ખરું, એ વ્યકિત પોતે એક આત્મા છે, આત્મા તરફ જ વળતી હોય, પરંતુ આત્માને પોતાને તેનો સ્પર્શ પણ થતો નથી. તેથી આત્માને **મોહ** કે **શોક** હોતો નથી. આ વસ્તુ ત્યારે બને, જ્યારે તે પોતાની અનુભૂતિને ટકાવી રાખે અને તે પૂર્ણ હોય. વ્યકિતને તે અનુભૂતિ ફક્ત એવી લાગતી હોય કે આંતર-અનુભૂતિની જ તે કોઈ વસ્તુ છે, અને પ્રાણની ગતિઓ ફક્ત સપાટી ઉપર જ ચાલ્યા કરે છે, તેમ છતાં આ ગતિઓ ફકત બાહ્ય સ્વરૂપમાં અને સપાટી ઉપર જ અનુભવાય અને નહિ કે પોતાની અંગત વસ્તુઓ તરીકે. ત્યારે અંદરનો આત્મા અસ્પર્શ, સ્થિર, શોકવિહીન અને શાંત હોય છે. જો પ્રાણ પણ આ ચેતનામાં રૂપાંતર પામે તો પણ સપાટી ઉપર શોક તો શકય રહે છે.

*

'સક્રિય' પ્રેમ સર્વ ઉપર એકસરખી રીતે જઈ શકતો નથી; તેવું બને તો બહુમતિની તૈયારી ન હોવાથી તે વસ્તુ એક અંધાધૂંધીભર્યો વિક્ષોભ ઉત્પન્ન કરે. એ તો એક સ્થિર, અચલ વૈશ્વિક પ્રેમ જ સર્વ પ્રત્યે સરખી રીતે લાગુ પડી શકે – આવો પ્રેમ જે હૃદયની પ્રશાંત વિશાળતામાં આવે છે અને પ્રશાંત વિશાળ મનના જેવો હોય છે, જેમાં એક સમતા અને અનંત શાંતિ રહેલી હોય છે.

*

વ્યકિત બધાની સાથે વાતચીત કરી શકે છે સિવાય કે તેને તેમ નહિ કરવા માટે કોઈ કારણ હોય, સર્વ સાથેની એકતા એક આંતર સાક્ષાત્કાર છે, પરંતુ તેથી સર્વની સાથે એકસરખું જ વર્તન કરવું એ તેનાં ઉપર અનિવાર્ય દબાણ નથી હોતું...... તે પેલી જૂની વાત 'હાથી બ્રહ્મ' અને 'મહાવત બ્રહ્મ' જેવું છે, એક મૂળભૂત સાક્ષાત્કાર પણ છે અને 'લીલા' ના ભિન્નત્વનો પણ સાક્ષાત્કાર છે. બન્નેને ધ્યાનમાં લેવાના છે.

*

તે પ્રાણમય પ્રેમ છે જે પોતાની જાતને એટલા માટે વરસવા દે છે કે પરોક્ષ રીતે તેને બદલો પ્રાપ્ત કરવાની તેની ઈચ્છા છે. એકતાની ચેતના એવી વસ્તુ છે જે સર્વ જીવનની પાછળ રહેલી છે અને બધાં જ પ્રકારની આસકિતઓના સ્વરૂપો અલબત્ત તેમાંથી જ આવે છે, પરંતુ તેપ્રમાણે સચેતન રીતે બનતું નથી. અને દિવ્ય પ્રેમના બળના કાર્યને જ્યારે પ્રાણ પોતાના હાથમાં લે છે, ત્યારે તેમાં ફેરફાર, મિશ્રણ અને વિકૃતિ દાખલ થાય છે. કારણ કે પ્રાણ દિવ્ય પ્રેમની સાચી અથવા દિવ્ય પ્રકૃતિ વિષે અચેતન છે.

*

'ક્ષ' એ બરાબર તે વસ્તુ જ કરવા પ્રયત્ન કરેલો. તે પ્રેમને આ અથવા પેલી વ્યકિતના સંબંધમાં વ્યક્ત કરવા માટેનો પ્રયત્ન. પરંતુ વિશ્વરૂપ પ્રેમ વ્યકિતગત હોતો નથી. તે પ્રેમને એ રીતે ધારણ કરવાનો છે કે તે ચેતનાની એવી અવસ્થા છે જેની અસરો પરમાત્માના સંકલ્પ પ્રમાણે બને અથવા તો તે સંકલ્પને જરૂરી લાગે તો ઉપયોગ કરે; પરંતુ પોતાના અંગત અથવા બીજાના સંતોષ માટે અહીં કે તહીં દોડાદોડી કરવી એટલે તેને બગાડી નાખવો અને તેને ખોઈ બેસવું.

*

પહેલાં જ્યારે જ્યારે તમારા હૃદયમાં ખુલ્લાપણું આવતું ત્યારે તમે તેને પ્રાણમય આનંદો સાથે સાંકળી લેતા અને તેને પરમાત્મા તરફ વાળવાને તથા તત્ત્વરૂપ વિશુદ્ધિ જાળવવાને બદલે બીજાઓ ઉપર ઢોળતા - તે જ પ્રમાણે જ્યારે ઊર્ધ્વતર ચેતના નીચે અવતરણ કરતી ત્યારે તેને મનોમય ગતિઓમાં વેરવિખેર થવા દેતા. અત્યારના સમયે એ બન્ને વધારે વિશુદ્ધ રૂપમાં આવે છે, પરંતુ મનોમય અને પ્રાણમય બલો તેમને પકડી લે તેનો ભય હજુ પણ છે, અને પછીથી તે બન્ને તેમને અટકાવી દે અથવા તોડી નાંખે એવો પણ સંભવ છે. એટલે આ વખતે તમારે સંભાળ રાખવાની ખાસ જરૂર છે કે કોઈ પણ જાતની મનોમય વિકૃતિને તેની અંદર દાખલ થવા ન દેવી.

*

મેં મેકટેગાર્ટ (Mectaggart) તત્ત્વજ્ઞાની છે, એ વિષે સાંભળ્યું છે, પરંતુ તેના વિચારો કે લખાણ વિષે મને કોઈ પરિચય નથી, એટલે તમને ખાતરીપૂર્વકનો પ્રત્યુત્તર આપવો મારે માટે થોડી મુશ્કેલ વસ્તુ છે. છૂટાછવાયા વિચારો અથવા વાક્યોને ચિંતક જે દૃષ્ટિબિંદુથી સમગ્ર રીતે વસ્તુઓને જુએ તેની પશ્ચાદ્ ભૂમિકા સિવાય વાંચવાથી ગેરસમજ થવાનો સંભવ છે. તે ઉપરાંત આધ્યાત્મિક સાધક અથવા યોગી જે (કેટલીક વખત) તત્ત્વજ્ઞાન વિષે ચર્ચા કરે અને બૌદ્ધિક ચિંતક જે (કેટલીક વખત અથવા અંશત:) રહસ્યવાદી તરીકે ચર્ચા કરે, તે બંનેના દૃષ્ટિબિંદુ અને વલણ વચ્ચે તફાવત હોય છે જ. આધ્યાત્મિક સાધક આધ્યાત્મિક અથવા ગુહ્ય અનુભૂતિથી શરૂઆત કરે છે અથવા અંત:સ્ફૂરણાથી તો ખાસ શરૂ કરે છે અને તેને અભિવ્યક્ત કરવા પ્રયત્ન કરે છે અને મનની ભાષા માટે જે ઘણી વધારે અમૂર્ત હોય છે એવા આધ્યાત્મિક અથવા અંત:સ્ફૂરણાયુક્ત અન્યને સાંકળી લે છે; તે વિચાર અને અભિવ્યકિત માટે કોઈ આધ્યાત્મિક અથવા અંત:સ્ફૂરણાની અનુભૂતિ માટે પાછળ નજર કરે છે, જેને તે દર્શાવી શકે અને જો તેને કોઈ એવી વસ્તુ ન મળે તો પણ તે વિચારની અથવા અભિવ્યકિતની એવી રીતની

અનુભૂતિ કરે છે જે સૂક્ષ્મ પ્રકારની હોય, ભલે પછી બૌદ્ધિક રીતે તે ગમે તેટલી સૂચક હોય અથવા પદાર્થવિહીન લાગે, કારણ કે તેમાં આધ્યાત્મિક મસાલો લાગતો નથી. બૌદ્ધિક ચિંતક વિચારો અને મનોમય લાગણીઓથી શરૂ કરે છે અને પછી મનોમય અથવા બાહ્ય ઘટનાઓ તરફ જાય છે અને તેમની અંદર અથવા તેમની પાછળ રહેલા મૂળભૂત સામ્યને પહોંચવા પ્રયત્ન કરે છે; ઘણે ભાગે તે એક મનોમય ભાવાત્મકતા સુધી જઈને અટકી જાય છે અથવા કોઈ એવા મનોમય સાક્ષાત્કારના નિષ્કર્ષ સુધી એવી વસ્તુમાં પહોંચે છે જે વસ્તુ તેની પ્રકૃતિમાં મનોયમ કરતાં કાંઈક જુદી જ હોય છે. પરંતુ જો તેનામાં ગુહ્યવાદીનું કાંઈક પણ તત્ત્વ હોય, તો તે ઊર્ધ્વમાં કોઈ એવી વસ્તુ સુધી તો પહોંચી શકે, જેમાં જ્ઞાનના ચમકારા અથવા ઝાંખીઓ હોય. તમને નથી લાગતું કે આવા વલણનાં પ્રત્યે ફરજીયાત રીતે, (હું બૌદ્ધિક તત્ત્વજ્ઞાનની અપૂર્ણતા વિષે કહેવા માગું છું જે શબ્દ અને વિચારને જ વળગી રહે છે, જ્યારે જે પૂર્ણ યોગી હોય તેના માટે શબ્દ અને વિચારોનો પ્રતિકો તરીકેનો જ ઉપયોગ હોય છે અથવા તેઓ સૂચક પ્રકાશના ઝબકારાઓ હોય છે) મેકટેગાર્ટને બંધાયેલો રાખે છે, જે રીતે બીજા પણ તેવી રીતે જ બંધાયેલાં હોય છે અને તેને લઈને તેની અંદર રહેલો ગુહ્યવાદી બહાર આવી શકતો નથી. જો વિવેચક સાચો હોય તો એટલા માટે છે કે તે અમૂર્ત અને શુષ્ક છે, જ્યારે તેના વિચારમાં જે વસ્તુ સુંદર અને ગતિમાન હોય તેનો પ્રકાશ શુષ્ક તત્ત્વજ્ઞાનની નિષ્ફળ વિચારસરણી કહીએ તેનાં કરતાં, તેની સુંદર સ્પષ્ટ અભિવ્યકિત માટે તે અપૂરતી હોવા છતાં, તેનો પ્રકાશ અંદર સમાયેલો હોય ? તેમ છતાં આવી લાંબી વાંધાજનક ચર્ચા છતાં હું તેમાંથી તમે સારરૂપ કાઢેલા વાકયો અને સાંક્ષિપ્ત વિચારો જે તમારા પત્રમાં મૂકેલા છે, તે વિષે વિવરણ કરવા પ્રયન્ન કરીશ.

"નિરપેક્ષ વાસ્તવિકતામાં આત્માઓનો મુખ્ય વ્યવસાય પ્રેમ છે."

આ જરા વધારે પડતું લાગે છે, 'જો મુખ્ય વ્યવસાય'ને બદલે એમ કહેવામાં આવ્યું હોત "એક મુખ્ય શકિત" તો તે ચાલી શકે. હું પોતે જ એમ કહી શકું કે નિરપેક્ષ વાસ્તવિકતાની મુખ્ય અવસ્થાઓ પરમાનંદ અને એકતા છે, અને પ્રેમે પરમાનંદની અને એકતાની સૌથી વિશિષ્ટ સક્રિય શકિત તરીકે તેમની પ્રવૃત્તિઓને આધાર આપીને પોતાનો રંગ લગાડવો જોઈએ; પરંતુ તે સક્રિયતાઓ પોતે જ એક જ પ્રકારની ન હોઈ શકે પણ વિધવિધ પ્રકારની હોય છે.

પરોપકાર અને સહાનુભૂતિ :–

મનોમય અનુભૂતિમાં પરોપકાર અને સહાનુભૂતિનો પ્રેમથી જુદી તફાવત

જાણવો જોઈએ; પરંતુ મને લાગે છે કે વિભક્ત કરતાં મનની પેલે પાર, જ્યાં સાચી એકતાનો ભાવ ઉત્પન્ન થાય છે ત્યાં આ બે વસ્તુઓ તેમની ગતિની ઉચ્ચતર ઉત્કટતામાં પ્રેમના વિશિષ્ટ મૂલ્યો બને છે. પરોપકાર પ્રેમ દ્વારા એક તીવ્ર ફરજ રૂપે લગાડવામાં આવે છે. તે, પ્રેમપાત્રના કલ્યાણને જ શોધવા માટે હોય છે, અને સહાનુભૂતિ પ્રેમમાંથી ઉત્પન્ન થતી લાગણી બને છે જે આપણને જેના ઉપર પ્રેમ હોય અને તેને જે કાંઈ લાગતું વળગતું હોય તેને ધારણ કરવા તથા તેમાં ભાગ લેવા અને પોતાના અસ્તિત્વના અંશ તરીકેની ગતિઓ બને છે.

"પ્રેમ સત્તાવાર સાચી વસ્તુ છે અને કારણ મહાન હોય કે નજીવું હોય, છતાં પોતાની જાતને પૂર્ણ રીતે ન્યાચી ઠરાવે છે."

માનવીના અમલીકરણમાં આ વસ્તુ ઘણી વખત સાચી હોતી નથી કારણ કે ત્યાં પ્રેમની નિયતિ તથા તેનું ન્યાયીપણું ઘણે ભાગે નિયમરૂપે (જો કે કાયમ જ નહિ) તેના કારણ અથવા પાત્રની પ્રકૃતિ ઉપર આધાર રાખે છે – કારણ કે જો પ્રેમપાત્ર એકતાની ભાવનાનાં સક્રિય સાક્ષાત્કાર માટે અપૂર્ણ કરણ લાગવાથી નિર્માલ્ય લાગે – એવી એકતા, જેને મેકટેગાર્ટ કહે છે તે પ્રમાણે પ્રેમનું સારભૂત તત્ત્વ હોય, તો પ્રેમ તેની ચરિતાર્થતામાં વિઘ્નરૂપ બનવાની શકયતા છે. અલબત્ત સિવાય તે પોતાના અસ્તિત્વમાં જ સંતોષ પ્રાપ્ત કરે, અને જે પાત્ર ઉપર પ્રેમ હોય તેના ઉપર પોતાની મૂળભૂત રીતમાં પોતાની જાતને ખર્ચી નાંખે અને પોતાના આત્મ-સમર્પણના બદલામાં કોઈ વસ્તુની માગણી ન કરે અથવા એકબીજાની સાથેની એકતા માટે પણ ઝંખે નહિ. તેમ છતાં પ્રેમના સારતત્ત્વ વિષે તે વસ્તુ સાચી હોઈ શકે; પરંતુ તો પછી તે વસ્તુ એ હકીકત દર્શાવે છે કે પ્રેમ તેના મૂળ સ્રોતમાં એક સ્વયંભૂ શકિત છે, એક નિરપેક્ષ અને પરાત્પર શકિત (જે પ્રમાણે મેં કહ્યું તે પ્રમાણે) જે બીજા પાત્રો ઉપર આધાર રાખતી નથી, તે પોતાની જાત ઉપર જ આધાર રાખે છે અથવા કેવળ પરમાત્મા ઉપર જ આધાર રાખે છે; કારણ કે તે પરમાત્માની સ્વયંભૂ-શકિત છે. જો તે સ્વયંભૂ શકિત ન હોય તો તે ભાગ્યે જ તેના વિષયોની પ્રકૃતિ અથવા પ્રત્યાઘાતોમાંથી સ્વતંત્ર શકિત બની શકે. એટલે હું એક પરાત્પર પ્રેમના એક અંશ વિષે વાત કરું છું. જો કે આ પણ તેની પરાત્પરતાનું ફકત એક પાસું જ છે – તે સ્વયંભૂ પરાત્પર પ્રેમ, પોતાની જાતને સર્વ ઉપર ફેલાવી દે છે અને સર્વત્ર સર્વનો સમાવેશ કરવા, આશ્લેષ કરવા, એકતા તથા સહાય કરવા સર્વને પ્રેમ, પરમાનંદ અને એકતા તરફ ઊંચે ઊઠાવીને વિશ્વરૂપ દિવ્ય પ્રેમ બને છે; તે એક યા બીજા ઉપર પોતાની જાતને નિશ્ચિત મક્કમપણે વળગીને પોતાની જાતને શોધે છે, જેથી તે એક સક્રિય એકતા પ્રાપ્ત કરે અથવા અહીં પહોંચીને આત્માની પરમાત્મા

સાથેની તદ્રુપતા સાધે અને આ રીતે તે એક વ્યકિતગત દિવ્ય પ્રેમ બને છે. પરંતુ કમનસીબે માનવ મન, માનવ પ્રાણ અને માનવ શારીરિકમાં તેનાં વિભાગો પડી જાય છે; ત્યાં દિવ્ય પ્રેમનું સારભૂત તત્ત્વ બનાવટી વસ્તુઓની સાથે સહેલાઈથી મિશ્રિત થઈ જાય છે, ઝાંખુ પડે છે અથવા ઢંકાઈ જાય છે યા વિભાજન અને અવિદ્યામાંથી ઉત્પન્ન થતી અટપટી ગતિઓમાં ગૂમ થઈ જાય છે.

પ્રેમ અને આત્મસન્માન

તે ઘણી ઉન્નત વસ્તુ લાગે છે પરંતુ તે થોડું શુષ્ક પણ છે, પ્રેમીમાં રહેલી આ 'ઊર્મિ' બહુ ઊર્મિપ્રધાન લાગતી નથી, એક પ્રકારની તર્ક–સરણી (Syllogism)નું અનુમાન હોય છે. તેની ટોચ લાગે છે, જે ઊર્મિની ઝંખનાઓથી ઘણી ઘણી ઊંચે હોય. આત્મસન્માન આ અર્થમાં અથવા વધારે ગાઢ અર્થમાં પ્રેમમાંથી આવી શકે, પરંતુ એટલા જ પ્રમાણમાં જ્ઞાનમાંથી, શકિતમાંથી, અથવા કોઈ પણ બીજી વસ્તુ, જે માણસને ઉચ્ચતમ શુભ લાગે તેમાંથી અથવા પરમોચ્ચ તત્ત્વમાંથી પણ આવી શકે. પરંતુ પ્રેમનો આવેગ, પ્રેમની ભકિત એક બિલકુલ ભિન્ન અથવા વિરોધી ઊર્મિ પણ લાવી શકે. ખાસ કરીને પ્રભુ માટેના પ્રેમમાં, અથવા વ્યકિત જેને પ્રભુ જેવી વ્યકિત ગણે તેને માટે; ભકત પોતાના પ્રભુ માટે એક તીવ્ર ભકિતભાવ અનુભવે છે, અને તેને માટે પ્રચંડ મહાનતા, સૌંદર્ય અથવા કિંમત આંકે છે અને પોતાને માટે તેની સરખામણીમાં અયોગ્યતા તથા એક તીવ્ર કામના રાખે છે કે પોતે જેને ચાહે છે તેની સમાન વિકાસ પામવા તે ઇચ્છે છે. પ્રેમના ઘસારાની સાથે એક ઉત્કટ ઉત્સાહ આવે છે. પોતાની અંદર એક મહાનતા આવે છે, એવી લાગણી થાય છે; તેની પોતાની પ્રકૃતિમાં નવીન શકિતઓ અને ઉચ્ચ અથવા સુંદર શકયતાઓ આવતી લાગે છે, અથવા તેની પ્રકૃતિમાં ઉત્કટતા આવે છે; પરંતુ તેને તમે આત્મસન્માન શકય છે, એક સાચી ઊર્મિ, આત્માની કિંમત અને પવિત્રતા વિષેનું ભાન થાય છે, એટલું જ નહિ પરંતુ મન, પ્રાણ અને શરીરને પણ એક સમર્પણ તરીકે અનુભવાય છે અથવા તો તેમને એક પોતાના પ્રિયતમની આંતરિક હાજરી માટેનું એક મંદિર હોય તેવી રીતે પોતાની જાતને અનુભવે છે.

આ બધા પ્રતિભાવો એ હકીકત સાથે ગાઢ રીતે સંકળાયેલા છે કે પ્રેમ, જો તે યથાર્થ રીતે પોતાના નામને યોગ્ય હોય તો, કાયમ એકતા, એકત્વની શોધમાં હોય છે, પરંતુ તેના ગુપ્ત પાયામાં તે એક શોધ છે, ભલે તે પરમાત્મા માટેના મંદ ફાંફાંઓ હોય. પ્રેમ તેના ઊંડાણમાં પોતાનામાં રહેલી દિવ્ય શકયતા અથવા પરમ

વાસ્તવિકતા સાથેનો, પોતાના પ્રેમપાત્રમાં રહેલી દિવ્ય શકયતા અથવા પરમ વાસ્તવિકતા સાથેનો સંપર્ક છે. આ લક્ષણને ટકાવી રાખવા અથવા પકડી રાખવા માટે માનવ પ્રેમ અશકય છે કારણ કે તે ક્ષણજીવી છે અથવા તેના પૂર્ણ સૂચક અર્થથી બાકાત રહે છે અથવા તો ઓછી ઉન્નત ગતિમાં ડૂબી જાય છે અથવા ક્ષીણ થાય છે, અને તેનો આધાર તે પ્રેમ ઝીલનાર પાત્ર પ્રમાણે હોય છે. પરંતુ જ્યાં મેકટેગાર્ટ તેના બચાવ માટેનું વાકય વાપરે છે, "જ્યારે હું પ્રેમ કરું છું ત્યારે બીજી વ્યકિત અત્યારે તે જેવી છે તેવી જોતી નથી (અને તેથી ખરેખર તે છે જ નહિ) પરંતુ તે વાસ્તવિકતામાં કેવી છે (એટલે કે તે ભાવિમાં કેવી બનશે) તેને જ જોઉં છું" અને બાકીનું વાકય "બીજી વ્યકિત તેની ક્ષતિઓ સાથે પણ અનંતપણે સારી છે – ખાસ કરીને તેના મિત્ર માટે", એ મને વધારે પડતું મનોમય અને આધ્યાત્મિક આંતર મૂલ્યોના દૃષ્ટિબિંદુથી કોઈ પણ નિશ્ચિત વસ્તુનો નિર્દેશ કરતી હોય એવું લાગતું નથી. હું ધારું છું કે તેનો અર્થ મને વિવેકાનંદનો જે તફાવત બાહ્ય માનવી અને સાચો માનવી વચ્ચેનો છે તેના જેવું લાગે છે; અથવા એક જુદામાં વેદાન્તના પ્રાચીન શિક્ષણકારોની કહેવત સમાન લાગે છે. યાજ્ઞવલ્કય કહે છે "પત્ની પત્ની માટે પ્રિય નથી, (અથવા મિત્ર - કારણ કે તેમણે આપેલી યાદીમાં પ્રથમ નામ પત્નીનું છે) પરંતુ પોતાના આત્મા માટે પ્રિય છે (મહત્તર આત્મા, અથવા જે આત્મા પોતાની અંદર રહેલો છે તેને માટે)". પરંતુ યાજ્ઞવલ્કય તો એકમેવ (બહુ નહિ) નિરપેક્ષ તત્ત્વનો શોધક છે, અને તેમણે મેકટેગાર્ટના વાકયના અર્થને સ્વીકાર્યા ન હોત; તેમણે એમ કહ્યું હોત કે માણસે પોતાની જાતથી પર થઈ જવું જોઈએ, અને પોતાના આત્માની શોધ કરવી જોઈએ, પત્નીમાં કે મિત્રમાં નહિ - ભલે પછી થોડા સમય માટે તે પ્રમાણે હોય. પરંતુ તે શોધ પોતાના આત્મ - અસ્તિત્વમાં કરવાની છે. ગમે તે રીતે આમાં એક વાત નિશ્ચિત છે કે, તે માનવી નથી (જેવો તે અત્યારે છે તેવો) પરંતુ પરમાત્મા, અથવા પરમાત્માનો પોતાની અંદર રહેલો અંશ છે (તમને ઇચ્છા હોય તો તમે પ્રભુ કહી શકો અથવા નિરપેક્ષ તત્ત્વ કહી શકો) અને તે જ તમારું પ્રેમપાત્ર છે. પરંતુ યોગીને મેકટેગાર્ટ જે "હવે ભાવિમાં બનશે" તેવા વાકયથી સંતોષ થશે નહિ. યોગી કદી જેનો તેનો સાક્ષાત્કાર થયેલો નથી તેવા અનંતને માટે, સાંતની સાથે પ્રેમમાં રહેવામાં સંતોષ માનવા માટે કદી સંમત નહિ થાય. તે પૂર્ણ સાક્ષાત્કાર માટે ખાસ આગ્રહ રાખશે, પરમાત્માને પોતાને જ શોધવા માટે અથવા પરમાત્માના દિવ્ય આવિર્ભાવ માટે: તે કદી દિવ્ય અચેતનાના પોતાના માટે, જે આવિર્ભાવ પામેલ નથી એવા તત્ત્વથી, કે ફકત દૂર દૂર રહેલ તત્ત્વથી, કદી સંતોષ પામીને બેસી રહેશે નહિ.

ત્યાં તમે જે ઈષ્ટ દેવતાની સમાંતર રહેલી વાતનું સૂચન કરો છો, તે ચાલી શકશે નહિ; કારણ કે જે ઈષ્ટ દેવતા ઉપર સાધક એકાગ્રતા કરે છે એ પરમાત્માનું સચેતન વ્યકિતસ્વરૂપ છે, જે તેના વ્યકિતત્વની જરૂરીયાતોને પ્રત્યુત્તર આપે છે અને તેની પ્રતિનિધિત્વરૂપ પ્રતિમામાં પ્રભુનું દર્શન કરાવે છે અથવા તો પોતાની મારફતે નિરપેક્ષ તરફ અંગુલિનિર્દેશ કરે છે. જ્યારે મેં દિવ્ય બલને તેની શકિત વાપરવા માટે આત્મ-નિમજ્જન વિષે વાત કરેલી ત્યારે હું આ બાહ્ય અચિત ભૌતિક તત્ત્વમાં એક દિવ્ય વિશ્વરૂપ આવિર્ભાવમાં રહેલી શકયતાની વાત સમજાવવાનો પ્રયત્ન કરતો હતો. મેં કહ્યું હતું કે સપાટી ઉપરની ગતિમાં પરમાત્માની કોઈ વસ્તુ હતી; જેણે ભૌતિક સ્વરૂપમાં પોતાની જાતને ફેંકી, અને તે પણ એટલી બધી એકાગ્રતાથી કે તે એકરૂપ અને ગતિ બન્યાં, જે દિવ્ય બલની ગતિ સર્જન કરે છે અને તેની પાછળ જે ન હતું તેને મૂકયું. પરંતુ પછીની મહત્તર કક્ષામાં અને વધારે કાયમી રીતે, જે રીતે માનવી એકાગ્રતા કરીને જે વસ્તુ કહે છે, જુએ છે અથવા બને છે તેમાં પોતાની જાતના અસ્તિત્વને ભૂલી જાય છે, તે પ્રમાણે બન્યું. માણસમાં પોતાનામાં, જે સચેતન નથી તેમાં આ વસ્તુ ભિન્ન રીતે દેખાય છે; તેનું સપાટી ઉપરનું સ્વરૂપ તેના સપાટીના વ્યકિતત્વ અને કાર્યની પાછળ શું રહેલું છે તેનાથી તે અજ્ઞાત છે, જેવી રીતે કોઈ કલાકારનું સ્વરૂપ જે પોતે ભાગ ભજવે છે અને કલાકાર પાછળ વધારે પ્રમાણમાં રહેલું તેનું સ્વરૂપ છે તે ભૂલી જાય છે. પરંતુ બન્ને પ્રસંગોમાં તેમની પાછળ એક વિશાળતર સત્ રહેલું છે. "અચેતન વસ્તુઓમાં રહેલું સચેતન સ્વરૂપ", જે બન્ને વિષે સભાન છે, પોતાની જાત વિષે, અને એક આત્મ-વિસ્મરણ કરતું સપાટી ઉપરનું સ્વરૂપ, જે માનવ પ્રાણી તરીકે દેખાય છે. શું મેકટેગાર્ટ પોતાની અંદર રહેલા સચેતન પરમાત્માને ઓળખી શકે છે? આ નિરપેક્ષ તત્ત્વ અથવા જે વાસ્તવિક આત્મા છે તેને વિષે તે બહુ ઓછી કિંમત આંકે છે. જે પ્રમાણે તે જુએ છે તે રીતે અવાસ્તવિક અથવા ઓછા વાસ્તવિક આભાસમાં તે જુએ છે. તેને પરમાત્મા વિષેનો ઇનકાર, પોતાનો મિત્ર જે પ્રકારનો છે તેના મન અને પ્રાણમય સ્વભાવના આગ્રહમાંથી આવે છે, જો કે તેનું ઊર્ધ્વ મન તેનો મિત્ર ભાવિમાં કેવો બનશે તેના ખ્યાલ દ્વારા, તે વસ્તુમાંથી છટકવા માટે પ્રયત્ન કરતું હોય એવું પણ બને; નહિ તો પછી તેના પ્રચંડ **અતિશયોક્તિભર્યા** નિબંધને સમજવો મુશ્કેલ પડે છે કે મિત્રો તરફનો તેનો પ્રેમ એ **એક જ** જીવનમાં રહેલી વસ્તુ છે અને પ્રભુને કોઈ પણ તક આપવા માટે તેની નારાજી છે, કારણ કે કદાચ પ્રભુ તેના મિત્રને ઊઠાવી જાય અને તેની જગાએ પ્રભુ પોતાની જાતને મૂકી જાય.

તેનો નિરપેક્ષ વિષેનો ખ્યાલ છે તે મારી સમજમાં બરાબર આવતો નથી. એવું કઈ રીતે કહી શકાય કે જુદા જુદા ભિન્ન આત્માઓના સમાજનો એક સમૂહ એ નિરપેક્ષ વસ્તુ છે? જો તેનો અર્થ એવો હોય કે સચેતન મુક્ત આત્માઓનું એક સંગઠન જ્યાં બને, ત્યાં પરમાત્માની હાજરી હોય છે અને અમુક આવિર્ભાવ શકય છે તો તે કાંઈક સમજાય એવી વસ્તુ છે. અથવા સમાજ એટલે ફક્ત બધાં જ ભિન્ન આત્માઓનો સમગ્ર સરવાળો અથવા સંપૂર્ણ સમૂહ, એ પરમાત્મા છે, તો તે વસ્તુ કાંઈક બુદ્ધિમાં ઉતરે એવી (અનેક દેવત્વવાદ) નો ઊકેલ લાગે; ફક્ત તે સર્વ દેવત્વ અથવા કોઈ વૈશ્વિક આત્મા અથવા નિરપેક્ષ તત્ત્વ હોય – જેને બુદ્ધિગમ્ય રીતે ભકિત એ માનવા માટેની કોઈ ફરજ નથી, સિવાય કે ઊર્ધ્વ મનમાં કોઈ વસ્તુ એવી આજ્ઞા કરતી હોય અને તેની અનુભૂતિ કરવા માટે માગણી કરતી હોય, તો તે ચોક્કસ પોતાના નિરપેક્ષ હકથી અસ્તિત્વ ધરાવતી હોવી જ જોઈએ, તેની રચના થયેલી હોતી નથી, તેના પોતાના અસ્તિત્વ માટે તેને ભિન્ન આત્માઓના સમૂહ ઉપર આધાર રાખવો પડતો નથી, પરંતુ તે સ્વયંભૂ છે. બુદ્ધિને આવું નિરપેક્ષ તત્ત્વ અવ્યાખ્યેય હક લાગે, જેને તે ગ્રહણ કરી નહિ, પરંતુ જો ગુહ્ય અથવા આધ્યાત્મિક અનુભૂતિ દૂર દૂર સુધી લઈ જવામાં આવે તો છેવટે તે ત્યાં સુધી પહોંચે છે. અને અનુભૂતિનું દ્વાર ગમે તે હોય, તેની મારફતે વ્યકિત તેની પ્રથમ ઝાંખી કરી શકે; તેમ છતાં તે ત્યાં હોય છે જ. ભલે પછી તે ખુલ્લી થતી અનુભૂતિમાં તેને પૂર્ણ રીતે ગ્રહણ ન કરી શકાય.

તમે કહો છો તે પ્રમાણે તમારી અનુભૂતિમાં અનંતનો વિસ્ફોટ સાંતમાં થયો-એક મહત્તર શકિતનું તમારી અંદર અવતરણ થયું અથવા તમને તેના પોતાના તરફ તમને ઊંચે ખેંચી લીધા, ખરેખર એ જ વસ્તુ આધ્યાત્મિક અનુભૂતિમાં કાયમ બની આવે છે – અને તેથી જ હું તેના વિષે પરાત્પર વસ્તુ તરીકે વાત કરું છું. તે એવી અવતરણ કરતી કે ઊર્ધ્વીકરણ કરતી શકિત તરીકે પ્રગટ થાય છે અથવા એક અવતરણ કરતા અને ઊંચે ઊઠાવતાં પ્રેમ તરીકે પ્રગટ થાય છે – અથવા પ્રકાશ, શાંતિ, પરમાનંદ, ચેતના અને દિવ્ય હાજરી તરીકે પ્રગટ થાય છે; સાંત આવિર્ભાવ પામવામાં તે મર્યાદિત હોતી નથી – વ્યકિત તેની અનુભૂતિ કરે છે. જેમાં શાંતિ, શકિત, પ્રેમ, પ્રકાશ અથવા પરમાનંદ અથવા દિવ્ય હાજરી હોય છે, જેમાં આ બધી વસ્તુ હોય છે. તે એક સ્વયંભૂ અનંત તત્ત્વ છે, જેની કોઈ વસ્તુથી રચના થઈ નથી અને તે અહીં આપણી પ્રથમ નજરે પડતું જે મર્યાદિત તત્ત્વ છે તે નથી. મેકટેગાર્ટનો મિત્રો પ્રત્યેનો પ્રેમ તેના પોતાના માટે ફક્ત **એક જ** સાચી વાસ્તવિક વસ્તુ રહી. હું ધારું છું કે તેને આ વસ્તુની ઝાંખી થયેલી નથી. પરંતુ જો આ

વિસ્ફોટ એક વખત પણ બને, આ અવતરણ અને આરોહણ તો છેવટે તે એક જ વાસ્તવિક વસ્તુ બનવા માટે નક્કી થયેલી છે. કારણ કે તેના વડે જ બાકીની બધી વસ્તુઓ પોતાની કાયમી મહત્તર વાસ્તવિકતાને શોધી શકે છે. તે દિવ્ય ચેતનાનું અવતરણ છે. અને આપણે યોગમાં જેની વાત કરીએ છીએ તે આરોહણ અને ઊર્ધ્વીકરણ છે. બાકીનું બધું ટકી શકે, સારું બની શકે, પોતાની જાતને ચરિતાર્થ કરી શકે, જો તે આ દિવ્ય સાક્ષાત્કારના અથવા આવિર્ભાવના ભાગ તરીકે ઊંચે ઊઠી શકે, અને તે પ્રમાણે કરે પણ ખરું, જો તે એક મહાન રૂપાંતર અને પૂર્ણતાને સ્વીકારે. પરંતુ આપણું મુખ્ય લક્ષ્ય કેન્દ્રવર્તી સાક્ષાત્કાર હોવું જોઈએ, અને તે સાક્ષાત્કાર જ ફકત બીજી બધી વસ્તુઓ કરવી છે તેને, અને જે વસ્તુઓને તેના ભાગ તરીકે બનાવવી છે તેમનું દિવ્યીકરણ શકય બનાવે છે.

*

૨

ભકિતનું લક્ષણ આરાધના, પૂજા તથા પોતાની જાત કરતાં વધારે મહાન હોય તેને આત્માર્પણ હોય છે. પ્રેમનું લક્ષણ લાગણી અથવા આત્મીયતા અને ઐકય માટેની શોધ છે. બન્નેનું લક્ષણ આત્માર્પણ છે; બંનેની યોગમાં જરૂર છે અને તે દરેકને એક બીજાનો ટેકો મળે તો તે વધારે શકિત પ્રાપ્ત કરે છે.

*

ભકિત કોઈ અનુભૂતિ નથી, તે હૃદય અને આત્માની એક અવસ્થા છે. જયારે ચૈત્ય પુરુષ જાગૃત બને છે અને અગ્રભાગે આવે ત્યારે તેવી અવસ્થા બની આવે છે.

*

અહૈતુકી ભક્તિમાં દરેક વસ્તુને સાધન બનાવી શકાય છે – કાવ્ય અને સંગીતનું દૃષ્ટાંત લઈએ તો તેઓ ફકત કાવ્ય અને સંગીત અથવા ભકિતને અભિવ્યકત કરનાર વસ્તુઓ જ હોતી નથી. પરંતુ તેઓ પોતે જ પ્રેમ અને ભકિતને લાવનારાં કરણો બને છે. ધ્યાન પોતે જ મનોમય એકાગ્રતા માટેનો પ્રયત્ન રહેતું નથી, પરંતુ પ્રેમ અને ભકિત તથા પ્રેમનો પ્રવાહ બની જાય છે.

*

આ યોગમાં કેવળ આંતર પૂજા અને ધ્યાન માટે જ કોઈ અંકુશ નથી. આ યોગ સમગ્ર સ્વરૂપનો યોગ હોવાથી, કેવળ આંતર-સ્વરૂપ માટે જ ન હોવાથી, એવું કોઈ બંધન ઇચ્છનીય નથી. ભિન્ન ભિન્ન ધર્મોના પ્રાચીન રૂપો ખરી પડે, પરંતુ બધા સ્વરૂપોની ગેરહાજરી હોવી જોઈએ એવો સાધનાનો નિયમ નથી.

*

આ બધી અતિશયોકિતઓ મન દ્વારા ઉત્પન્ન થાય છે. તે સત્યની એક બાજુને સ્વીકારે છે અને બીજી બાજુઓ પ્રત્યે દુર્લક્ષ્ય રાખે છે. આંતર ભકિત મુખ્ય બાબત છે, અને તેના સિવાય બાહ્ય ભકિત કેવળ એક ખોખું અને વિધિ-વિધાન રહે છે. પરંતુ બાહ્ય સ્વરૂપને પણ તેનું પોતાનું સ્થાન છે, અને જ્યારે તે સરળ અને સચ્ચાઈભર્યું હોય છે ત્યારે તેનો ઉપયોગ પણ છે.

*

'બાહ્ય પૂજા' નો અર્થ શો? જો તે કેવળ બાહ્ય રીતની જ હોય તો તે સૌથી કનિષ્ઠ પ્રકારની છે; પરંતુ જો તે સાચી ચેતનામાંથી કરવામાં આવે તો ભકિત માટે સૌથી પૂર્ણ શકયતા લાવી શકે. તેનાં શરીર અને સૌથી બાહ્ય ચેતનાનો, આત્મામાં તથા પૂજાની વિધિમાં ફાળો હોય છે.

*

ફોટોગ્રાફ ફકત એક વાહક છે. પરંતુ જો તમારામાં સાચી ચેતના હોય, તો તમે તમારા જીવંત સ્વરૂપની કોઈ વસ્તુને અંદર દાખલ કરી શકો છો અને જે સ્વરૂપ માટે તેની ઉપસ્થિતિ હોય છે તેના માટે તમે સભાન બની શકો અને તેને તમારા સંપર્ક માટેનું એક સાધન બનાવી શકો. તે કોઈ મંદિરમાં પ્રતિમાની 'પ્રાણપ્રતિષ્ઠા' કરીએ છીએ, તેના જેવું હોય છે.

*

તમે જે કહો છો તે બેશક સાચું છે, પરંતુ જે લોકોને આધારની જરૂર હોય તેવા લોકોની શ્રદ્ધા ટકી રહે એટલા માટે સારી વસ્તુ એ છે કે તેમનો આધાર ઝૂંટવી ન લેવો. આ બધા દર્શનનો અને પ્રતિમાઓ અને વિધિવિધાનો તેના માટે છે. એક આધ્યાત્મિક સિદ્ધાંત છે કે કોઈ પણ શ્રદ્ધા અથવા શ્રદ્ધાના આધારને ત્યાં સુધી ન ખસેડવો, જ્યાં સુધી તેવા લોકો પોતે તે શ્રદ્ધાની જગાએ કોઈ વધારે વિશાળતર અને વધારે પૂર્ણ વસ્તુનું સ્થાપન કરવા શકિતમાન બને.

જો 'પ્રાણપ્રતિષ્ઠા' એક શકિતશાળી દિવ્ય હાજરી લાવતી હોય તો જાણે તે વસ્તુની સ્થાપના કરી હોય, તે તેનું શરીર છોડી દે ત્યાર પછી પણ, ઘણાં લાંબા સમય સુધી ટકી રહે છે. સામાન્યતયા તે વસ્તુ પ્રતિષ્ઠા કરનાર વ્યકિતની ભકિતદ્વારા

ટકી રહે છે તથા જે લોકો ભકિત માટે મંદિરમાં આવે છે, તેમની શ્રદ્ધા સચ્ચાઈ અને પૂજાથી ટકી રહે છે. જો આ વસ્તુઓ નિષ્ફળ બની જાય તો તેને લઈને દિવ્ય હાજરી પાછી હઠી જવાની શકયતા રહે છે.

*

દર્શનની ક્રિયાના ઘણા પ્રકાર હોય છે. એક ઉપરછલ્લી જોવાની ક્રિયા હોય છે, જે અસ્તિત્વ દેખાય છે તેની પ્રતિમાને થોડા સમય માટે અથવા કામચલાઉ રીતે ઉત્પન્ન કરે છે, અથવા ગ્રહણ કરે છે. જ્યાં સુધી આંતર ભકિત, તે વસ્તુને રૂપાંતર માટેનું સાધન ન બનાવે ત્યાં સુધી તે કોઈ રૂપાંતર કરી શકતી નથી. એક જીવંત પ્રતિમાની કોઈ સ્વરૂપની ગ્રહણશીલતા પણ પોતાની જાતમાં હોય છે—આપણે એમ કહીએ કે પોતાના હૃદયમાં; તે વસ્તુની તાત્કાલિક અસર થઈ શકે છે અથવા આધ્યાત્મિક વિકાસ માટેની દિશા માટેનો એક સમયગાળો હોય છે – એક પોતાની બહાર દર્શન થાય છે જે ઓછું કે વધારે પરલક્ષી રીતનું અથવા સૂક્ષ્મ શારીરિક રીતનું અથવા સ્થૂલ રીતનું હોય છે.

મિલન વિષે કહેવાનું કે એક ટકાઉ ઐકય અંતરમાં હોય છે અને તે બધા સમયે ટકી રહી શકે છે; બાહ્ય મિલન અથવા સંપર્ક ઘણે ભાગે ટકાઉ હોતું નથી. કેટલીક વ્યકિતઓ એવી હોય છે જેમને ઘણી વખત અથવા લગભગ કાયમ, જ્યારે તેઓ પૂજા કરે છે ત્યારે પ્રભુનો સ્પર્શ થાય છે, તે દેવ તેના ચિત્રમાં તેમને માટે જીવંત બને છે અથવા તો કોઈ મૂર્તિ, જેની તેઓ પૂજા કરતા હોય છે, તેની મારફત તેઓ ગતિ કરે છે અથવા કાર્ય કરે છે; બીજા કેટલાકને તે કાયમ હાજર હોય તેવો અનુભવ થાય છે, બાહ્ય રીતે, સૂક્ષ્મ શારીરિકમાં, અને તેઓ જ્યાં રહેતા હોય અથવા તેમના રૂમમાં તેમની સાથે રહેતા હોય એવી તેમને અનુભૂતિ થાય છે, પરંતુ કેટલીક વખત આવુ થોડા સમય માટે જ હોય છે. અથવા તો તેમને તે દિવ્ય હાજરી તેમની સાથે જ હોય છે, તેમનું શારીરિક દર્શન પણ થાય છે (જો કે કાયમ જ સ્થૂલ રીતે નહિ પરંતુ કોઈ સમયે), તે દેવનો સ્પર્શ અથવા આલિંગન અનુભવે છે અને તેની સાથે તેઓ સતત વાતચીત કરે છે – અને તે પણ એક પ્રકારનું મિલન છે. સૌથી મહાન મિલનમાં વ્યકિત સતત તે દેવ તેનામાં પોતાનામાં નિવાસ કરે છે તે વિષે સભાન રહે છે, જગતની દરેક વસ્તુમાં તે હોય છે, અને તે સર્વ જગતને ધારણ કરે છે, અસ્તિત્વની સાથે તદ્રુપ દેખાય છે, અને તેમ છતાં વિશ્વથી પરમ ઊર્ધ્વમાં રહેલો પણ હોય છે. પરંતુ આ જગતમાં પણ વ્યકિત તેને જુએ છે, સાંભળે છે, બીજી કોઈ પણ વ્યકિત સિવાય તેની જ અનુભૂતિ કરે છે, જેથી

ઈન્દ્રિયો પોતે પણ તેના માટે સાક્ષી ધરાવે છે – અને ક્ષ અને તેના ગુરુઓ જે ખાસ વ્યકિતગત વિશિષ્ટ રૂપના આવિર્ભાવોનું સમર્થન કરેલું છે તે બધાનો તેમાં સમાવેશ થાય છે.

*

કોઈ પણ ઈન્દ્રિયદ્વારા અથવા ચેતનમાં થતી અનુભૂતિ દ્વારા માણસ કોઈ આવિર્ભાવને ગ્રહણ કરી શકે છે અથવા પરલક્ષી આવિર્ભાવમાં તો તેના માટે દષ્ટિ, શ્રાવણ, સ્પર્શ, બધું જ બની શકે છે.

*

હું એમ કહેવા માગતો હતો કે વ્યકિત દિવ્ય ચેતનાને અવૈયકિતક, આધ્યાત્મિક અવસ્થા તરીકે અનુભવી શકે છે. એક શાંતિની, પ્રકાશની વિશાળતાની અવસ્થા અને તેમાં દિવ્ય હાજરીની અનુભૂતિ ન પણ થતી હોય. દિવ્ય હાજરી એવી વૈયકિતકની હાજરી હોય છે જે પ્રકાશ વગેરેનું જીવંત સ્રોત અથવા સાર તત્ત્વ હોય, એટલે કોઈ સત્-તત્ત્વની હાજરી, નહિ કે કેવળ આધ્યાત્મિક અવસ્થા. માતાજીની દિવ્ય હાજરી વધારે સઘન, નિશ્ચિત અને વ્યકિતગત હોય છે. તે હાજરી કોઈ અજાણી વ્યકિતની નથી કે કોઈ સત્-તત્ત્વની શકિતની નથી, પરંતુ એવી કોઈ વ્યકિતની છે, જેને આપણે જાણીએ છીએ, જે આપણી આત્મીય છે અને જેને આપણે પ્રેમ કરીએ છીએ, જેને આપણે આપણું સમગ્ર સ્વરૂપ જીવંત અને સઘનપણે અર્પણ કરી શકીએ છીએ. તેમની પ્રતિમા અનિવાર્ય નથી, જો કે તે મદદ કરે છે. અને તેમની હાજરીને તેમની પ્રતિમા વગર પણ ભીતરમાં અનુભવી શકાય છે.

*

જો પ્રભુની દિવ્ય હાજરીનું સ્થાન થઈ જાય તો એનો અર્થ કે આપણું સ્વરૂપ રૂપાંતર માટે તૈયાર થયું છે, અને તે સ્વાભાવિક રીતે જ પ્રગતિ કરે છે.

*

આદેશ અને દર્શન સાધનાની અવસ્થાના મૂળભૂત તત્ત્વો છે, જેમાં એકતાની જે નજીકની સ્થિતિ હોય છે તેના કરતાં તેમાં ઘણું લાંબુ અંતર હોય છે. મન અને પ્રાણ પ્રભુનો સ્પર્શ, દર્શનદ્વારા તથા આદેશદ્વારા તથા માર્ગદર્શન દ્વારા પ્રાપ્ત કરે છે. આપણા યોગમાં જે આપણું લક્ષ્ય છે, તે પ્રભુ સાથેનું સતત ઐકય તથા હાજરી તથા પરમાત્માનું દરેક પગલે આપણું તે નિયંત્રણ કરે છે તે છે. પરંતુ મનોમય અને પ્રાણમય ભૂમિકામાં આ વસ્તુ અપૂર્ણ રહે છે અને તેમાં ભૂલ થવાની ઘણી તક રહે છે. કેવળ અતિમાનસીકરણ દ્વારા જ આપણા કર્મમાં આ દિવ્ય એકતાનું પૂર્ણ સત્ય આવી શકે છે.

*

૩

ભકિત અથવા ઊર્મિમય ભકિત જે એકની એક જ વસ્તુ છે, તેની ગેર-સમજ છે, કારણ કે ઊર્મિ વગર ભકિત હોઈ શકે જ નહિ. એ હકીકત છે કે મેં યોગ વિષે જે લખાણ કરેલું છે તેમાં ભકિતને સર્વોચ્ચ સ્થાન આપેલું છે. આ ગેરસમજ થવાનું કોઈ કારણ હોય તો મેં અશુદ્ધ ઊર્મિની વિરુદ્ધ કોઈ વખત લખેલું છે, જે મારી અનુભૂતિ પ્રમાણે સમતુલાની ખાત્રી પ્રત્યે દોરી જાય છે, અને કેટલીક વખત ઊશ્કેરાટભરી અસંતુલિત અને અભિવ્યકિત બને છે, અથવા તેનાથી વિરુદ્ધ પ્રત્યાઘાતો અને તેની અતિશયતામાં નાડીતંત્રની અવસ્થા પ્રત્યે દોરી જાય છે. પરંતુ વિશુદ્ધિ માટે જે મારો આગ્રહ છે તેનો અર્થ એવો નથી કે સાચી લાગણી અને ઊર્મિથી હું વિરુદ્ધ છું. હું વિશુદ્ધ મન અને વિશુદ્ધ સંકલ્પને પણ ધિક્કારું છું. તેનાથી ઊલટું જેટલી વધારે ઊંડી ઊર્મિ, તેટલી વધારે ઉત્કટ ભકિત અને સાક્ષાત્કાર તથા રૂપાંતર માટેનું વધારે મહત્તર બલ છે. ઊર્મિઓની ઉત્કટતાથી સૌથી વધારે ચૈત્ય પુરુષની જાગૃતિ આવે છે અને પરમાત્મા માટેના આંતર બારણાંઓ ખુલ્લાં થાય છે.

*

આ યોગનો કોઈ એવો ભાગ નથી જે હૃદયને શુષ્ક બનાવે; પરંતુ ઊર્મિઓને પ્રભુ પ્રત્યે જ વાળવાની છે. કેટલાક ટૂંકા ગાળાઓ હોય જયારે હૃદયની ઊર્મિઓ સુષુપ્ત હોય, સામાન્ય લાગણીઓથી દૂર હોઈએ અને ઊર્ધ્વમાંથી આવતા પ્રવાહ માટે આપણે રાહ જોતા હોઈએ; પરંતુ આવી અવસ્થાઓ શુષ્કપણાની અવસ્થાઓ હોતી નથી, પરંતુ નીરવતા અને શાંતિ હોય છે. આ યોગમાં ચેતના જયાં સુધી ઊર્ધ્વારોહણ ન કરે ત્યાં સુધી હૃદય એ ખરેખર રીતે એકાગ્રતા માટેનું મુખ્ય કેન્દ્ર છે.

*

આ યોગમાં ઊર્મિ જરૂરી છે અને નાની નાની બાબતોમાં અતિશય ઊર્મિપ્રધાન સંવેદનશીલતામાંથી માણસ નિરાશામાં પ્રવેશ કરે છે. તેના ઉપર વિજય પ્રાપ્ત કરવાનો છે. આ યોગનો મૂળભૂત પાયો જ ભકિત છે, અને વ્યકિત જો પોતાના ઊર્મિમય સ્વરૂપનો વિનાશ કરી નાખે, તો કદી ભકિત પ્રાપ્ત કરી શકે નહિ, એટલે આ યોગમાંથી ઊર્મિને બાતલ કરવી એવી કોઈ શકયતા હોઈ શકે નહિ.

*

યોગમાં ઊર્મિ હોય એ સારું તત્ત્વ છે; પરંતુ ઊર્મિમય કામના વિક્ષોભ અને વિઘ્ન માટે સહેલાઈથી કારણભૂત બને છે.

તમારી ઊર્મિઓને પ્રભુ પ્રત્યે વાળો, તેમની વિશુદ્ધિ માટે અભીપ્સા કરો; પછીથી તેઓ તમારા માર્ગમાં મદદરૂપ બનશે તથા વેદના માટેનું કોઈ કારણ રહેશે નહિ.

ઊર્મિઓને મારી નાખવાની નથી, પરંતુ તેમને પ્રભુ પ્રત્યે વાળવી એ જ આ યોગ માટેનો સાચો માર્ગ છે.

પરંતુ ઊર્મિ વિશુદ્ધ હોવી જોઈએ, તે આધ્યાત્મિક શાંતિ અને આનંદના પાયા ઉપર રહેલી હોવી જોઈએ, અને તેમનું આનંદમાં રૂપાંતર થવું જોઈએ. મન અને પ્રાણમય ભાગોમાં સમતા અને સ્થિરતા, અને હૃદયમાં તીવ્ર ચૈતસિક ઊર્મિ એક સાથે પૂર્ણ રીતે ચાલી શકે છે.

તમારા હૃદયમાં રહેલો ચૈતસિક અગ્નિ, જે પ્રભુ પ્રત્યે સ્થિરતાથી સળગ્યા કરે છે, તેને અભીપ્સા વડે જાગ્રત કરો. તે એક જ ઊર્મિમય પ્રકૃતિને મુક્ત કરવા અને ચરિતાર્થ કરવા માટેનો માર્ગ છે.

*

માત્ર સામાન્ય પ્રાણમય લાગણીઓ જ શક્તિને ઘટાડીને એકાગ્રતા તથા શાંતિમાં ખલેલ પહોંચાડે છે. અને તેવી લાગણીઓને ઉત્સાહ ન આપવો જોઈએ. ઊર્મિ પોતે ખરાબ વસ્તુ નથી; પ્રકૃતિનો તે એક જરૂરી ભાગ છે અને ચૈતસિક ઊર્મિ પરમાત્મા માટે પ્રેમના આસુંઓ લાવે છે, અથવા આનંદના આસુંઓ લાવે છે અને તેમને દબાવવાની જરૂર નથી; ફક્ત પ્રાણમય મિશ્રણ જ સાધવામાં ક્ષોભ લાવે છે.

*

ઊર્મિમય (ભક્તિ) ચૈતસિક કરતાં વધારે બાહ્ય રીતની હોય છે – તે બાહ્ય અભિવ્યક્તિ તરફ વલણ રાખે છે. ચૈતસિક ભક્તિ આંતરિક હોય છે અને આંતર તેમ જ બાહ્ય સમગ્ર જીવનને માર્ગદર્શન આપે છે. ઊર્મિમય ભક્તિ તીવ્ર હોઈ શકે, પરંતુ તેનો પાયો એટલો દૃઢ હોતો નથી અથવા જીવનની સમગ્ર દિશા પલટ કરવા માટે પૂરતો હોતો નથી.

*

એ સાચું છે કે ઊર્ધ્વમાં જવાથી વ્યક્તિ બધાં પ્રશ્નોમાંથી બહાર નીકળી જાય છે, કારણ કે તે પ્રશ્નોનું અસ્તિત્વ જ હોતું નથી પરંતુ પ્રશ્નો તો નીચલા સ્તરમાં કાયમ હોય છે અને એટલા બધા પ્રશ્નો જેનો ઊકેલ કરવાનો હોય છે તેમાંથી ઊર્ધ્વમાં કાયમ ઊંચે રહેવું એ મુશ્કેલ છે પરંતુ જેવી રીતે માણસ ઊંચે ઊઠી શકે છે, તે જ પ્રમાણે તે પોતાની અંદર ઊંડાણમાં પણ જઈ શકે છે. અને

જરૂર છે આ ઊંડાણમાં ઊતરવાની. જે વસ્તુ બની તે ઊર્મિમય સ્વરૂપની સપાટી ઉપરની વસ્તુ હતી અને વ્યકિત જો ત્યાં જ રહે, તો પ્રાણમય સ્વરૂપની મુશ્કેલીઓ આવવાની જ, પરંતુ જે વસ્તુ કરવાની છે તેમાં સપાટી ઉપર રહેવાનું નથી; પરંતુ ઊંડાણમાં જવાનું છે. કારણ કે ચૈત્ય પુરુષ ઊર્મિમય સપાટીની પાછળ રહેલો હોય છે, એક વખત વ્યકિત ત્યાં પહોંચે ત્યાર પછી આ વસ્તુઓ ત્યાં સ્પર્શ કરતી નથી; ત્યાં જે વસ્તુ હોય છે તો એક આંતર-શાંતિ અને સુખ, અક્ષુબ્ધ અભીપ્સા અને માતાજીની હાજરી તથા સાન્નિધ્ય હોય છે.

*

પ્રેમ, દુ:ખ, દર્દ, નિરાશા ઊર્મિમય આનંદ વગેરે જેવી ઊર્મિઓમાં તેમના પોતાના માટે રચ્યાપચ્યા રહેવું અને તેમના ઉપર એક મનોમય - પ્રાણમય વસ્તુઓનો વધારે પડતો ભાર મૂકવો, એનું નામ જ સંવેદનશીલતા, ઊંડાણવાળી લાગણીમાં એક સ્થિરતા, નિયંત્રણ અને વિશુદ્ધિકરણની લાગણીનો કાબુ અને પ્રમાણ, હોવાં જોઈએ. માણસે પોતાની લાગણી અને સંવેદનશીલતાનો ભોગ ન બનવું જોઈએ, પરંતુ પોતાની જાતનું તે વસ્તુઓ ઉપર કાયમ સ્વામીત્વ હોવું જોઈએ.

*

જ્યારે ચેતના આ બધી વસ્તુઓનું લાલન કરે અને લાગણીપ્રધાન આનંદ અથવા વેદનાના ઉશ્કેરાટને વાગોળ્યા કરે છે ત્યારે તેને સંવેદનશીલતા કહેવાય છે. એક બીજો પ્રકાર છે જેમાં મન, ઊર્મિ, પ્રેમ, વેદના વગેરેના પોતાના દર્શનમાં આનંદ પ્રાપ્ત કરે છે અને તેમની સાથે રમત રમે છે, પરંતુ તે ઓછી ઊગ્ર અને વધારે સપાટી ઉપરની લાગણી-પ્રધાનતા છે.

*

• સાધના વિષે મન વડે જ જ્ઞાન પ્રાપ્ત કરવું એ અનિવાર્ય નથી. જો માણસમાં ભકિત હોય અને હૃદયની નીરવતામાં અભીપ્સા રાખે, જો પરમાત્મા પ્રત્યે તેને સાચો પ્રેમ હોય તો પ્રકૃતિ પોતે જ ખુલ્લી થશે, તેમાં સાચી અનુભૂતિ થશે અને માતાજીની શકિત તમારી અંદર કાર્ય કરશે અને જરૂરી જ્ઞાન પ્રાપ્ત થશે.

*

પરમાત્મા તેમ જ દિવ્ય સત્યની વૈયકિતક તેમ જ અવૈયકિતક બાજુ પણ હોય છે અને એમ વિચારવું કે ફકત અવૈયકિતક પાસું જ સાચું અગર અગત્યનું છે, તે ભૂલ છે; કારણ કે તે સ્વરૂપને અપૂર્ણ શૂન્ય તરફ લઈ જાય છે, અને તેને લઈને ફકત એક જ પાસાંને સંતોષ આપવામાં આવે છે. અવૈયકિતકતા એ બૌદ્ધિક મન અને અચલ આત્માની વસ્તુ છે, જ્યારે વ્યકિતતા, અંતરાત્મા, હૃદય

તથા સક્રિય સ્વરૂપની વસ્તુ છે. જે લોકો વૈયકિતક પરમાત્મા પ્રત્યે ઉપેક્ષા સેવે છે તેઓ કોઈ એવી એક ગાઢ અને મૂળભૂત વસ્તુની ઉપેક્ષા કરે છે.

હૃદયની વિશુદ્ધ શીઘ્ર વૃત્તિઓનું અનુસરણ કરે તે સત્ય કેવી વસ્તુ હોઈ શકે તેના વિષે માણસ પોતાના મનના ખ્યાલો માટે જે વફાદારી રાખે છે, એટલું તેઃ ઓછામાં ઓછું કીમતી છે જ.

*

તેનું કારણ એ છે કે પૃથક્કરણ કરતું મન સક્રિય છે - તે કાયમ અમુક પ્રકારની શુષ્કતા લાવે છે; ઉચ્ચતર મન અથવા અંતસ્ફૂરણા વધારે નૈસર્ગિક અને પૂર્ણ જ્ઞાન લાવે છે. મનના પ્રયત્ન વગર તે સાચું જ્ઞાન લાવે છે, તમને જે ભકિતનો ભાવ છે, તે ચૈતસિક ભકિત છે પરંતુ તેમાં બળવાન પ્રાણમય સ્પર્શ છે; અને તેમાં મન અને પ્રાણ, ભકિત તથા જ્ઞાન વચ્ચે વિરોધ ઉત્પન્ન કરે છે. જે પ્રાણ કેવળ ઊર્મિ સાથે સંકળાયેલો છે તેને મનથી પ્રાપ્ત કરેલું જ્ઞાન શુષ્ક અને ‘ રસ ’ વગરનું લાગે છે, મનને ભકિત આંધળી ઊર્મિ લાગે છે અને તેમાં રસ ત્યારે જ ઉત્પન્ન થાય જયારે તેના લક્ષણનું પૂરેપૂરું પૃથક્કરણ કરવામાં આવે, અને તેને સમજવામાં આવે. જ્યારે ચૈતસિક જ્ઞાન અને ઊર્ધ્વતર ભૂમિકાનું જ્ઞાન અગ્રભાગે રહીને એક સાથે કાર્ય કરે ત્યારે આવો કોઈ વિરોધ રહેતો નથી. ચૈત્ય પુરુષ ઊર્મિને આધાર આપતા જ્ઞાનને અવકાશ આપે છે, અને ઊચ્ચતર વિચારશીલ ચેતના ભકિતમાં આનંદ પ્રાપ્ત કરે છે.

*

યાંત્રિક અને કૃત્રિમ ભકિત જેવી કોઈ વસ્તુ હોઈ શકે નહિ. યા તો ભકિત હોય અથવા ભકિત ન હોય. ભકિત તીવ્ર હોય અથવા તીવ્ર ન હોય, પૂર્ણ અથવા અપૂર્ણ હોય, કેટલીક વખત વ્યક્ત થયેલી હોય અને કેટલીક વખત આવરણયુક્ત હોય, પરંતુ યાંત્રિક અને કૃત્રિમ એ બંને શબ્દો વિરોધાભાસી છે.

*

ખોરાક અને બાહ્ય વસ્તુઓ પ્રત્યેનો તમારો નવીન અભિગમ સાચો છે અને તે જ સાચું વલણ છે; તે ચૈતસિક વલણ છે. અને તે બતાવે છે કે ચૈત્ય પુરુષ પ્રાણમય-શારીરિક તેમ જ બીજી પ્રાણમય પ્રકૃતિ ઉપર નિયંત્રણ ચલાવે છે.

હૃદય વિષે કહેવાનું કે પ્રભુ માટેની ઝંખના, રુદન, દુઃખ, તલસાટ, આ બધી વસ્તુઓ આ યોગમાં જરૂરી નથી. એક તીવ્ર અભીપ્સા હોવી જ જોઈએ, એક તીવ્ર આતુરતા પણ હોઈ શકે, તેમ જ પરમાત્મા સાથેના ઐકય માટે એક તીવ્ર પ્રેમ અને સંકલ્પ પણ હોય; પરંતુ તેમાં દુઃખ અથવા વિક્ષોભ ન હોવાં જોઈએ.

તમારા હૃદયમાં જે સ્થિરતા અને નીરવતાનો તમને અનુભવ થાય છે તે ઊચ્ચતર ચેતનાના અવતરણના દબાણને પરિણામે આવે છે. તે વસ્તુ મન અને હૃદયમાં એક સ્થિરતા લાવે છે અને જ્યારે તે નીચે અવતરણ કરે છે ત્યારે મહાન શાંતિ અને નીરવતા આવે છે. નીરવ હૃદય અને મનમાં એક સાચું વલણ હોવું જોઈએ અને આ રીતે તમને અનુભવ થશે કે તમે માતાજીના બાળક છો અને તમારામાં તેમની સાથે એકતા પ્રાપ્ત કરવાની શ્રદ્ધા તથા સંકલ્પ આવે છે. તેની સાથે સાથે એક એવી અભીપ્સા પણ હોઈ શકે અથવા શું બનવાનું છે તેના માટે એક શાંત અપેક્ષા પણ હોય. તમારામાં એ પણ હોય એવું લાગે છે, તેથી બધું બરાબર ચાલે છે.

મેં ઘણી વખત લખ્યું છે તે પ્રમાણે આ યોગમાં બે જાતનાં રૂપાંતર હોય છે. એક એવું રૂપાંતર હોય છે જેમાં ચૈત્ય પુરુષ અગ્રભાગે આવે છે અને પ્રકૃતિ ઉપર શાસન ચલાવે છે અને તેનું રૂપાંતર સાધે છે. આ વસ્તુ તમારી અંદર ઝડપથી બનેલી છે. તે પૂર્ણ થવી જ જોઈએ, પરંતુ તે સ્વાભાવિક રીતે જ બનશે. બીજા પ્રકારમાં માતાજીની ચેતના મસ્તક ઉપરથી નીચે અવતરણ કરે છે. અને તે વસ્તુ સમગ્ર સ્વરૂપે અને પ્રકૃતિનું રૂપાંતર કરે છે. આ વસ્તુ પણ તમારામાં તૈયાર થતી જાય છે. તમારામાં દબાણ, હૃદયમાં નીરવતા વગેરે જે આવે છે તેનું કારણ આ છે. આ સમયે તમને જે અનુભૂતિ થઈ જેમાં તમે ઊર્ધ્વમાં ગયા તે ઊર્ધ્વતર સત્-તત્ત્વની ઊર્ધ્વતર ચેતનાની વિશાળતા હતી અને તેમાંથી પ્રકાશ નીચે આવતો હતો. તે વિશાળતા અને પ્રકાશ પછીથી તમારી અંદર આવશે અને તમારી ચેતના તે બધી ઊર્ધ્વતર વસ્તુઓમાં પ્રકાશ અને વિશાળતા વગેરે છે તેમને તમારી ચેતનામાં રૂપાંતર કરીને લાવશે.

*

'વિરહ' એ આત્માની શોધ માટે પ્રાણમય ભૂમિકા ઉપર આવતી એક કામચલાઉ અનુભૂતિ છે. તે બિલકુલ શરૂઆતની અવસ્થામાં શક્ય ન બને તે માટે કોઈ કારણ નથી. તે બધાં સાક્ષાત્કારો કોઈ પણ પ્રકારની અસ્વસ્થતા વગરના, શુદ્ધ આનંદના સાક્ષાત્કારો હોય છે, અને વધારે વિકાસ પામેલી સાધનાની વસ્તુઓ હોય છે.

*

વિરહની શુદ્ધ લાગણી ચૈતસિક લાગણી હોય છે. પરંતુ જો તેમાં રાજસિક અથવા તામસિક ગતિઓ વચ્ચે આવી જાય (જેવી કે નિરાશા, ફરિયાદ, બંડખોર વૃત્તિઓ) તો પછી તે તામસિક અથવા રાજસિક લાગણી બની જાય છે.

*

વિરહની વેદના પ્રાણતત્ત્વનો ભાગ છે નહિ કે ચૈતસિક તત્ત્વોનો; ચૈત્ય પુરુષને કોઈ દર્દ હોતું જ નથી તેથી તેને એવી અભિવ્યકિત કરવાની જરૂર રહેલી જ નથી; ચૈત્ય પુરુષ કાયમ શ્રદ્ધા, આનંદ અને વિશ્વાસમાં પરમાત્મા તરફ જ વળેલો હોય છે. જે કોઈ તેને અભીપ્સા હોય છે, તે શ્રદ્ધા અને આશાની બનેલી હોય છે.

*

તમે 'અભિમાન' માંથી જેટલા મુકત થાઓ તેટલું વધારે સારું. જે કોઈ વ્યકિત 'અભિમાન' માં રાચે છે તે વિરોધી બળોની અસર નીચે પોતાની જાતને મૂકે છે. 'અભિમાન' ને સાચા પ્રેમ સાથે કોઈ સંબંધ નથી; તે એક પ્રકારની ઈર્ષા જેવું હોય છે, પ્રાણમય અહંકારનો એક ભાગ હોય છે.

*

યોગનું લક્ષ્ય ચેતનાનું પરિવર્તન છે. તે વસ્તુ એ નવીન ચેતના પ્રાપ્ત કરવાથી, અથવા અંદર રહેલું સાચું સ્વરૂપ જે ઢંકાયેલું હોય છે તેના ઉપરથી બુરખો હઠાવી લેવાથી અને ક્રમિક રીતે તેનો આવિર્ભાવ કરીને તેને પૂર્ણ કરવાથી, પ્રથમ વ્યકિતને સ્પર્શ થાય છે અને પછીથી પ્રભુ પ્રત્યે એકતા થાય છે. આનંદ અને ભકિત તે દિવ્ય ગાઢ ચેતનાના ભાગો હોય છે અને વ્યકિત જ્યારે તેમાં જીવન ધારણ કરતી થાય છે, અને તેમાં વિકાસ કરે છે ત્યારે ભકિત અને આનંદ કાયમી બને છે. ત્યાં સુધી માણસને ફકત આનંદ અને ભકિતની અનુભૂતિઓ થાય છે પરંતુ સતત અને કાયમી અવસ્થામાં તે રહેતો નથી. પરંતુ સાધનાની શરૂઆતની સ્થિતિમાં બધાને ભકિતની અવસ્થા અને સતત વિકાસ પામતું સમર્પણ આવતું નથી; ઘણાને, લગભગ બધાને વિશુદ્ધિ અને તપસ્યાની મહાન મુસાફરી ખેડવી પડે છે, ત્યાર પછી તે વસ્તુ ખુલ્લી થાય છે; પહેલાં તો આ પ્રકારની અનુભૂતિઓ વિરલ અને છુટી છવાઈ રીતે આવતી થાય છે, ત્યાર પછી તે વારંવાર આવે છે, અને આ તેમની પ્રગતિ માટેની નિશાનીઓ છે. આ વસ્તુ કેટલીક પરિસ્થિતિઓ ઉપર આધાર રાખે છે અને તેને માટે વધારે કે ઓછી સારી યોગ કરવાની શકિત ઉપર તેનો આધાર નથી પરંતુ હૃદયમાં ખુલ્લા થવા માટેની એક પૂર્વ તૈયારી કરવી જોઈએ, જે તમે કહો છો તે પ્રમાણે માણસને પરમાત્માના પ્રભાવના સૂર્ય તરફ ખુલ્લા થવાની તૈયારી કરવી જોઈએ, તે પ્રમાણે જ બને છે.

*

હા, તે વસ્તુ જ બનેલી, પરંતુ ભકિત અને પ્રેમનો પ્રવાહ એવી વસ્તુ હોય છે જે જેમ જેમ પુનરાવર્તન થાય અથવા જાગૃત થાય તેમ તેમ સ્વરૂપના સર્વ ભાગોને સભર બનાવી દે છે અને તેમના ઉપર અસર કરે છે.

*

તમને જે પુનઃ સ્થાપનનો અનુભવ થયો તે બિલકુલ સાચો છે. રૂપાંતર ઘણે ભાગે એવી રીતે શરૂઆત કરે છે, જેમાં ઘણે ભાગે જૂનું સપાટી ઉપરનું મૂળ તત્ત્વ તથા તેની ગતિઓને લઈ લેવામાં આવે છે, અથવા તો તેને બહાર ફેંકી દેવામાં આવે છે અને તેમની જગાએ એક ઊંડાણવાળું આત્મતત્ત્વ તથા તેના સાચા કાર્યનું પુનઃ સ્થાપન થાય છે.

જો તમને ઉચ્ચતર લાગણીઓ, ભકિત વગેરે વિષે કેટલીક વખત કોઈ અસર અથવા કોઈ જુદો જ રંગ લાગે તો તેથી કાંઈ મૂંઝાવું નહિ. જ્યારે તમે તમારી જાતને બાહ્ય શારીરિક અથવા બાહ્ય પ્રાણમય અથવા બાહ્ય મનમાં અનુભવો, ત્યારે તેવા પ્રકારનો અનુભવ થાય છે. આ બધી લાગણીઓ તમારા અંતરતમ આત્માની સાચી લાગણીઓ છે. તમારા અંતરાત્માની, તમારી અંદર રહેલા ચૈત્ય પુરુષની, અને તમે જ્યારે તમારી ચૈતસિક ચેતનામાં હો ત્યારે તેઓ સામાન્ય અને સ્વાભાવિક બને છે. પરંતુ જ્યારે તમારી ચેતના તેમાંથી ખસી જઈને વધારે બાહ્ય બને ત્યારે આ આત્માના કાર્યો અથવા દિવ્ય ચેતનાના કાર્યો પોતે જ બહારના કાર્યો હોય તેવાં કોઈની અસર નીચે થતા હોય તેવું તમને લાગે છે. તેમ છતાં તમારે તેમના પ્રત્યે સતત ખુલ્લાં થવું પડે છે અને પછીથી તેઓ વધારે અને વધારે સ્થિરતાથી અંદર પ્રસરતાં જાય છે અથવા તો એક પછી એક આવતાં મોજાંઓ અથવા પ્રવાહો માફક ચાલ્યા આવશે અને મન, પ્રાણ અને શરીર ભરી દેશે. ત્યાર પછી તમને એ બધું સામાન્ય લાગશે એટલું જ નહિ પરંતુ તમારી પોતાની જાતના ભાગરૂપ લાગશે અને તમારી પ્રકૃતિનો સાચો મસાલો લાગશે.

*

જો કોઈ વ્યકિત પોતાના ઊર્મિમય સ્વરૂપની ભકિતને એટલા માટે જ ઉત્સાહ ન આપે કે નિમ્ન પ્રાણ હજુ સુધી નિયંત્રણમાં આવેલો નથી અને ભિન્ન રીતે વર્તન કરે છે તો પછી ભકિતનો વિકાસ કઈ રીતે થાય અને નિમ્ન પ્રાણમાં રૂપાંતર કઈ રીતે આવે ? જ્યાં સુધી પ્રકૃતિની અંતિમ વિશુદ્ધિ અને સંવાદનું સ્થાપન ન થયું હોય, ત્યાં સુધી સ્વરૂપમાં વિરોધો રહેવાના જ, પરંતુ તેને લઈને સારી ગતિઓની લીલાને દબાવી દેવા માટે કોઈ પણ કારણ રહેતું નથી. તેનાથી ઊલટું તે બધી સારી ગતિઓને તો કેળવવાની છે અને તેમની વૃદ્ધિ કરવાની છે.

*

૪

તમારો વૈષ્ણવ વિચાર અને ભકિતનો સમગ્ર હૃદયથી કરેલો સ્વીકાર વ્યાકુળ કરે તેવો બને છે જ્યારે તેમાં તમે સાથે સાથે એવો આગ્રહ રાખો છો કે જ્યાં સુધી પ્રભુની અનુભૂતિ ન થાય ત્યાં સુધી પ્રભુને પ્રેમ ન કરી શકાય. કારણ કે વૈષ્ણવ વલણમાં ભકિતનો આનંદ ભકિતના પોતાના માટે જ હોય છે. તેનાથી વધારે સામાન્ય વસ્તુ કઈ છે? તો બૂમ પાડીને કહે છે, "મને ભકિત આપો, બાકીની ગમે તે વસ્તુ ભલે તમે મને ન આપો. મને તમારું મિલન થાય તેને માટે ગમે તેટલો લાંબો સમય ભલે થાય, તમે મારી પાસે આવિર્ભાવ કરવા માટે ભલે ગમે તેટલી ઢીલ કરો, પરંતુ મારી તમારે માટેની શોધ, મારો પુકાર, મારો પ્રેમ અને મારી ભક્તિ કાયમ રહેવાનાં જ." ભકતએ કેટલી બધી વખત સતત રીતે ગાન કરેલું છે, "મારા સમગ્ર જીવન દરમિયાન હું તમારી શોધ કરું છું, પરંતુ છતાં તમે દર્શન આપતા નથી, પરંતુ તેમ છતાં હું તો મારી શોધ ચાલુ રાખવાનો, અને મારી શોધ, પ્રેમ અને ભકિત તારા માટે અટકવાની નથી." જો તમને પ્રથમ પ્રભુની અનુભૂતિ ન થાય તો પ્રભુ પ્રત્યે પ્રેમ રાખવો ખરેખર અશકય હોય તો આ પ્રમાણે કઈ રીતે બને? હકીકતમાં તો તમે ઊલટી વસ્તુની વાત કરો છો. માણસ જીદપૂર્વક અને આવેગથી પરમાત્માની શોધ પહેલાં કરે છે અને પછીથી પરમાત્માને પ્રાપ્ત કરે છે; કેટલાંકને બીજા કરતાં વહેલાં પ્રાપ્ત થાય છે. પરંતુ ઘણાને તો લાંબા સમયની શોધ પછી પ્રાપ્ત થાય છે. માણસ પહેલાં પ્રભુને પ્રાપ્ત કરીને પછીથી તેની શોધ કરતો નથી. ખૂબ લાંબી અને ઉત્કંઠાપૂર્વકની ઝંખના પછી ઘણી વખત ફકત ઝાંખી જ થાય છે. વ્યકિતને પ્રથમ તો પરમાત્મા પ્રત્યે પ્રેમ હોય છે અથવા તો કોઈક પ્રકારની તેના માટે હૃદયમાં રહેલી તીવ્ર ઇચ્છા હોય છે અને ત્યાર પછી જ વ્યકિત પ્રભુના પ્રેમ વિષે સભાન બને છે. પછીથી તેના હૃદયની ઝંખનાઓનો પ્રત્યુત્તર મળે છે, અને પછી જ તે પરમ આનંદ પ્રાપ્ત કરે છે. વ્યકિત પ્રભુને એમ નથી કહેતી, "તારો પ્રેમ પ્રથમ બતાવ, તારી અનુભૂતિની મારા ઉપર વર્ષા વરસાવ, મારી માગણીને સંતોષ આપ અને પછીથી હું જોઈશ કે તારી જેટલી લાયકાત હશે એટલા પ્રમાણમાં હું તને પ્રેમ કરીશ." ખરેખર તો સાધકને પહેલાં શોધ અને પ્રેમ કરવા પડે છે, તેની શોધમાં ચાલી નીકળવું પડે છે, અને જે દિવ્ય પરમાત્માની શોધ કરે છે તેના માટે તીવ્ર આવેગ તેનામાં હોવો જોઈએ – ત્યાર પછી જ પરદો ખસી જાય છે. અને પ્રકાશ આવે

છે અને પછી પ્રભુનું મુખદર્શન થાય છે અને તે રણમાં લાંબા પરિભ્રમણ કર્યા પછી જ, આત્માને તૃપ્તિ થાય છે.

ત્યાર પછી તમે એમ કહી શકો છો, "હા, પણ હું ચાહું યા ન ચાહું, પરંતુ મારે તારી જરૂર છે, મેં કાયમ તારી જરૂર જોયેલી છે અને મારે વધારે અને વધારે જોઈએ છીએ પણ હજુ મને કાંઈ પ્રાપ્ત થતું નથી." હા પણ તમારી પોતાની જ માગણી એ બિલકુલ પૂરતી નથી. તમે જેમ જેમ જોવાની શરૂઆત કરો છો તેમ તેમ તમારે કેટલીક શરતો પૂરી કરવાની હોય છે – જેવી કે હૃદયની વિશુદ્ધિ. તમારો મહાનિબંધ હતો, "પહેલાં મારે પ્રભુ જોઈએ, પ્રભુએ મારી પાસે આવિર્ભાવ કરવો જોઈએ, મારી પાસે આવવું જોઈએ અથવા ઓછામાં ઓછું તેણે મને તેની પોતાની ઝાંખીઓ આપવી જોઈએ અને તે પણ સાચી, નક્કર, સઘન-અનુભૂતિ, નહિ કે કોઈ અસ્પષ્ટ વસ્તુઓ જે તે હું સમજી ન શકું અથવા જેની કિંમત ન આંકી શકું. પ્રભુ કૃપાએ મારા તેના માટેના સાદને પ્રત્યુત્તર આપવો જોઈએ. ભલે, હું તેને માટે હજુ લાયક હોઉં કે ન હોઉં નહિ તો પછી તે પ્રભુકૃપા નથી. કેટલાક પ્રસંગોમાં પ્રભુકૃપા ખરેખર તે પ્રમાણે કરી શકે છે, પરંતુ તેમાં તે પ્રમાણે બનવું તેને માટે 'ફરજીયાત' કઈ રીતે હોઈ શકે? જો પ્રભુને તેમ કરવું ફરજીયાત હોય તો તે પ્રભુકૃપા નથી પરંતુ તે એક પરમાત્માની ફરજ અથવા કૃપા અથવા કરાર અથવા વાટાઘાટની શરત થઈ જાય. પ્રભુ હૃદયમાં નજર નાખે છે અને તેને જે ક્ષણ સાચી જણાય ત્યારે જ, તે ક્ષણે પરદાને હઠાવી લે છે. તમે એવા એક ભક્તિના સિદ્ધાંત ઉપર ભાર મૂકયો છે કે માણસે તેનું નામ પુકારવાનું હોય છે અને તેણે પ્રત્યુત્તર આપવો જોઈએ અને તેણે ત્યાં તાત્કાલિક હાજર થવું જોઈએ, કદાચ આવું બને પરંતુ આ વસ્તુ કોના માટે સાચી છે? ખરેખર અમુક પ્રકારના ભકત માટે જ, જેને તેના નામની શકિતની અનુભૂતિ થઈ છે. જેને પ્રભુના નામ માટે એક તીવ્ર આવેગ છે અને તે વેગને તેના પુકારમાં સામેલ કરે છે. જો કોઈ વ્યકિત તેવી હોય તો તેનો તાત્કાલિક પુકાર આવે છે – નહિ તો, વ્યકિતને તેવા બનવું પડે છે અને ત્યાર પછી જ પ્રત્યુત્તર આવે છે, પરંતુ કેટલાક લોકોને પ્રત્યુત્તર, પરમાત્માના નામનો વર્ષો સુધી ઉપયોગ કરે છે ત્યારે આવે છે. રામકૃષ્ણએ પોતે જ થોડા મહિનાઓ પછી પ્રત્યુત્તર પ્રાપ્ત કરેલો, પણ કેવા મહિનાઓ? અને તેમને તે દર્શન પ્રાપ્ત થયું તે પહેલાં કેવી પરિસ્થિતિમાંથી પસાર થવું પડેલું? તેમ છતાં તેઓ ઝડપથી સફળ થયા, કારણ કે તેમનું હૃદય પહેલેથી જ વિશુદ્ધ હતું. અને તેમાં દિવ્ય ઝંખના હતી.

ખરેખર ભકિત નહિ પરંતુ જ્ઞાની પ્રથમ અનુભૂતિની માગણી કરે છે. તે એમ કહી શકે, "હું અનુભવ વગર કઈ રીતે જાણી શકું?" પરંતુ તે પણ તોતાપુરીની માફક ત્રીસ વર્ષો સુધી તેની શોધ ચાલુ રાખે છે અને નિશ્ચયાત્મક અનુભવ માટે સતત પ્રયત્ન કરવો પડે છે. ખરેખર તો બુદ્ધિપ્રધાન માનવી, તર્કવાદી એમ કહે છે, "જો પરમાત્મા અસ્તિત્વ ધરાવતો હોય તો તેણે મારી પાસે પોતાની જાતને સાબિત કરવી પડે અને ત્યાર પછી જ હું તેને માનીશ, અને ત્યાર પછી જ હું ગંભીર અને લાંબો પ્રયત્ન તેની શોધ માટે કરીશ અને જોઈશ કે તે કેવા છે."

આ બધાંનો અર્થ એવો નથી કે અનુભૂતિ સાધનાની સાથે કોઈ સંબંધ ધરાવતી નથી. આવી મૂર્ખ વાત હું કદી કરી શકું નહિ. મેં એમ કહ્યું છે કે પરમાત્માની અનુભૂતિ થાય તે પહેલાં પ્રભુનો પ્રેમ અને શોધ સામાન્ય રીતે હોઈ શકે છે અને હોય છે પણ ખરી, તે એક પ્રેરણા છે, એક આત્માની અંતર્ગત ઝંખના, અને તે વસ્તુ આત્મા ઉપર રહેલા કેટલાંક આવરણો હઠી જાય અથવા ખસી જવાની શરૂઆત થાય કે તરત જ આવે છે. બીજી વસ્તુ વિષે મેં એમ કહેલું છે કે 'અનુભૂતિઓ' થાય તે પહેલાં પ્રકૃતિને તૈયાર થવા દો (વિશુદ્ધ હૃદય અને એવું બધું) અને બીજી રીતે કહું તો તેનો પાયો મેં કેટલાક પ્રસંગોને ધ્યાનમાં લઈને કહેલો છે. હૃદય અને પ્રાણ સાચી અનુભૂતિ માટે તૈયાર થાય તે પહેલાં 'અનુભૂતિઓ' જોખમકારક બનેલી છે. અલબત્ત, ઘણા પ્રસંગોમાં પહેલાં એક સાચી અનુભૂતિ થાય છે, દિવ્ય કૃપાનો સ્પર્શ થાય છે, પરંતુ તે લાંબા સમય સુધી ટકતો નથી તેમ છતાં ત્યાં કાયમ રહે છે, તે કોઈક એવી વસ્તુ છે તે સ્પર્શ કરે છે અને પાછી ચાલી જાય છે અને પ્રકૃતિ તૈયાર થાય ત્યાં સુધી રાહ જુએ છે. પરંતુ દરેક પ્રસંગમાં આપ્રમાણે બનતું નથી, ઘણાં ખરા પ્રસંગોમાં પણ, એમ મારું માનવું છે. માણસને પોતાના અંતરાત્મામાં રહેલી ઝંખનાથી શરૂઆત કરવી પડે છે, ત્યાર પછી પ્રકૃતિ સાથે સંઘર્ષ કરવો પડે છે જેથી મંદિર તૈયાર થાય; પછીથી દિવ્ય પ્રતિમા ઉપરનો પરદો હઠી જાય છે, અને પવિત્ર સ્થળમાં કાયમી દિવ્ય હાજરી બની રહે છે.

*

પ્રાચીન યોગીઓ અને સાધકો સૌથી પ્રથમ શાંતિની માગણી કરતા અને એક સ્થિર અને નીરવ મનને - અને તેવું મન જ શાંતિ લાવે છે – તેઓ પરમાત્માના સાક્ષાત્કાર માટેની ઉત્તમ પરિસ્થિતિ તરીકે જાહેર કરતાં એક પ્રફુલ્લ અને સૂર્ય-પ્રકાશિત હૃદય આનંદ માટેનું યોગ્ય પાત્ર છે, અને એમ કોણ કહી શકે કે આનંદ

અથવા જે જે કોઈ વસ્તુ આનંદને તૈયાર કરે તે પરમાત્મા સાથેની એકતામાં વિઘ્ન છે? નિરાશા માટે એમ કહી શકાય કે તે માર્ગ ઉપરનો મહાન ભયંકર બોજો છે. કેટલીક વખત પિલ્ગ્રીમ્સ પ્રોગ્રેસમાંના (Pilgrims' progress) ક્રિશ્ચિયન માફક તેને નિરાશાના કળણમાંથી પસાર થવું પડે છે પરંતુ વારંવાર જો તે વસ્તુ બની આવતી હોય તો તે વિઘ્ન સિવાય બીજુ કાંઈ નથી. ગીતા ખાસ કહે છે, "યોગની તાલીમ નિરાશા વગર લે. अनिर्विण्णचेतसा", હું પૂર્ણ રીતે જાણું છું કે દુઃખ અને વેદના અને સંઘર્ષ અને નિરાશામાં પ્રવેશો સ્વાભાવિક હોય છે. જો કે તેઓ માર્ગ માટે અનિવાર્ય હોતાં નથી. એટલા માટે નહિ કે તેઓ સહાયરૂપ હોય છે, પરંતુ તેઓ માનવ પ્રકૃતિની તમોગ્રસ્તતાઓ વડે આપણા ઉપર લદાયેલાં હોય છે અને આપણે તે બધાંમાંથી પ્રકાશ પ્રાપ્ત કરવા માટે સંઘર્ષ કરવાનો છે. હું ધારતો નથી કે રામકૃષ્ણ અથવા વિવેકાનંદે તમે જે પ્રસંગો આપ્યા તેને બીજાઓ માટે અનુસરવા માટે દૃષ્ટાંત તરીકે આપ્યા હોત – તેમણે ચોક્કસ એમ કહ્યું હોત કે શ્રદ્ધા, તિતિક્ષા, ખંત વગેરે હોવા એ સારો માર્ગ છે. આ બધી ખરાબ ક્ષણો હોવા છતાં તેઓ છેવટે તો તે વસ્તુને જ વળગી રહ્યા હતા.........ખાસ તો રામકૃષ્ણએ નારદ અને તપસ્વી યોગી અને વૈષ્ણવ ભક્તની વાત તેના બોધ માટે કહેલી હોય. હું મારી પોતાની ભાષામાં મૂકું છું પરંતુ તેનો અર્થ સાચવી રાખું છું; નારદ વૈકુંઠના માર્ગે જતા હતા ત્યારે તેમને પહાડોમાં સખત તપસ્યા કરતા એક યોગી મળ્યા. યોગીએ કહ્યું, "હે નારદ, તમે વૈકુંઠમાં જાઓ છો અને વિષ્ણુને મળશો. હું આખા જીવનમાં ભયંકર તપશ્ચર્યા કરતો રહ્યો છું અને છતાં મને તેમનો મિલાપ થયો નથી. ખાસ એટલું તેમને પૂછશો કે હું તેમને કયારે પ્રાપ્ત કરીશ?" ત્યાર-બાદ નારદ એક વૈષ્ણવને, એક ભકતને મળ્યા જે હરિના ગુણગાન ગાતો હતો અને તેના સંગીતની સાથે નાચતો હતો, અને તેણે એમ પણ બૂમ મારીને કહ્યું, "હે નારદ, તમે મારા સ્વામી હરિને મળશો. તેમને પૂછજો કે હું તેમને કયારે મળીશ અને તેમના દર્શન કયારે કરી શકીશ." પાછા ફરતાં નારદ પ્રથમ યોગીની પાસે આવ્યા. "મેં વિષ્ણુને પૂછયું છે," ઋષિએ કહ્યું, "તમને હવે પછીની છ જિંદગી પછી તેઓ મળશે." યોગીએ તો પોક મૂકીને રડતાં કહ્યું, "શું આટલી બધી તપશ્ચર્યા! આટલા બધા પ્રચંડ પ્રયત્નો! અને મારે ભગવાન વિષ્ણુને પ્રાપ્ત કરવાનું આટલું બધું મુશ્કેલ!" ત્યાર પછી નારદ ભક્તને ફરીથી મળ્યા અને તેને કહ્યું, "મેં તમારા માટે સારા સમાચાર લાવ્યો નથી. તમે પ્રભુને મળશો ખરા, પરંતુ ફકત એક લાખ જીંદગી પૂરી થયા પછી." પરંતુ ભકતે તો આનંદથી ઊછળીને બૂમ મારી ઊઠયાં, "ઓહ! હું મારા સ્વામી હરિને મળીશ! એક લાખ જીવન પછી હું મારા સ્વામી હરિને મળીશ! કેટલી બધી મારા ભગવાનની કૃપા!" અને પછી

તે ફરીથી નવીન પરમાનંદથી નાચવા અને સંકીર્તન કરવા લાગ્યો. પછીથી નારદે કહ્યું, "તે પરમાત્માની પ્રાપ્તિ કરી છે; આજે તને પ્રભુ મળશે." વારુ, તમે એમ કહી શકો કે "આ કેવી અતિશયોકિતવાળી વાત છે અને માનવ પ્રકૃતિથી કેટલી ઊલટી!" જેવી લાગે છે તેટલી ઊલટી તે વસ્તુ નથી, અને કોઈ પણ સંજોગોમાં હરિશ્ચન્દ્ર અને શિબિની વાર્તાઓથી તેમાં વધારે પડતી અતિશયોકિત પણ નથી. તેમ છતાં હું ભકતને એક દૃષ્ટાંત તરીકે સ્થાપન કરતો નથી, કારણ કે હું પોતે આ જીવનમાં જ સાક્ષાત્કારનો આગ્રહ રાખું છું અને નહિ કે છ અથવા એક લાખ જન્મ પછી, પરંતુ આ વાર્તાઓનો મુદ્દો તેમના બોધપાઠમાં છે અને ખરેખર જ્યારે રામકૃષ્ણએ વાત કહી ત્યારે યોગ માટે એક સૂર્ય-પ્રકાશિત માર્ગ છે તેના વિષે તેઓ અજ્ઞાનમાં ન હતા. તેઓ એમ પણ કહેતા હોય એમ લાગે છે કે તે વધારે ઝડપી અને સારો માર્ગ છે એટલે સૂર્ય-પ્રકાશિત માર્ગની શોધ એ મારી પોતાની મૂળભૂત શોધ નથી. મેં ત્રીસ વર્ષ પહેલાં જે સૌથી પ્રથમ યોગ વિષેના પુસ્તકો વાંચેલા તેમાં અંધકારમય તેમ જ સૂર્ય-પ્રકાશિત માર્ગ વિષે વાત કરેલી છે અને તેમણે સૂર્ય પ્રકાશિત માર્ગને પહેલાંના માર્ગ કરતાં વધારે ઉત્તમ માર્ગ તરીકે ખાસ ભાર મૂકેલો છે.

*

યોગમાં સાચી ગતિ શુદ્ધ અભીપ્સા અને સમપર્ણ છે. છેવટે વ્યકિતને એવો કોઈ અધિકાર નથી કે તેણે પરમાત્માને આવિર્ભાવ પામવા માટે હુકમ કરવો; તે વસ્તુ તો ચેતનાની આધ્યાત્મિક કે ચૈતસિક અવસ્થાના પ્રત્યુત્તર રૂપે બની આવે છે, અથવા સાચી રીતે લાંબી સાધનાના પરિણામરૂપે બને છે, અથવા જો તે તેનાથી પણ વહેલી આવે અથવા કોઈ પણ સ્પષ્ટ કારણ વગર ચાલે તો તે દિવ્ય કૃપા હોય છે; પરંતુ વ્યકિત, કૃપા માટે માગણી કે દબાણ કરી શકે નહિ, કૃપા એ કોઈક નૈસર્ગિક વસ્તુ છે, જે દિવ્ય ચેતનામાંથી ઉત્પન્ન થાય છે અને તે તેના સ્વરૂપનો મુકત પ્રવાહ હોય છે, ભકત તેને માટે શોધ કરે છે. પરંતુ તે પ્રભુ ઉપર પૂર્ણ આધાર રાખીને રાહ જુએ છે. જરૂર પડે તો સમગ્ર જીવન દરમિયાન રાહ જુએ છે અને તે જાણે છે કે આવશે જ. અત્યારે અથવા હાલમાં જ તે કૃપા આવતી ન હોય તેથી તેના પ્રેમમાં અને સમર્પણમાં કદી ફેરફાર થતો નથી. એટલા માટે જ ભકતોએ આટલા બધા ગીતો ગાયા છે, અને તમે પોતે પણ તે પ્રમાણે કહેલું છે. મેં થોડા સમય પહેલાં એક રેકોર્ડમાં તમારું ગીત સાંભળેલું જે ખૂબ સુંદર હતું અને સુંદર રીતે ગવાયેલું હતું, "હે પ્રભુ, હજુ પણ મેં તને પ્રાપ્ત કર્યો નથી, હે સ્વામી, છતાં પણ હું તારી ભકિત કરું છું."

તમને તે વસ્તુ પ્રાપ્ત થવામાં અટકાયત કરનાર તત્ત્વ તમારી પ્રાણમય અધીરાઈ અને અસ્વસ્થતા છે, તે ઉપરાંત તમારામાં જીદ્દી રીતે વારંવાર, તમારે પ્રભુ પાસે જે વસ્તુ જોઈએ છીએ તે તમને મળતી નથી; તેથી તમારામાં નિરાશા આવે છે. તે વિચાર આ પ્રકારનો છે, "હું તેના માટે આટલો બધો ઝંખું છું, અને ચોક્કસ તે મળવી જોઈએ પણ શા માટે તે વસ્તુ મારા માટે અટકાવવામાં આવે છે?" પરંતુ ગમે તેટલી બળવાન ઈચ્છા હોય, તેથી તમને ત્યાં પ્રવેશ પ્રાપ્ત કરવાનો પાસપોર્ટ મળી જતો નથી; તેમાં કાંઈક વધારે વસ્તુની જરૂર છે. અમારો એવો અનુભવ છે કે વધારે પડતી પ્રાણમય ઉત્કંઠા, વધારે પડતો આગ્રહ માર્ગમાં અવરોધક બને છે. તે વસ્તુ એક અટકાયત કરનાર કોઈક પદાર્થ અથવા અધીરાઈ અને ક્ષોભનો વંટોળ ઉત્પન્ન કરે છે અને તેથી પરમાત્માને પ્રવેશ કરવાનું શાંત સ્થળ મળતું નથી અથવા જે વસ્તુને આવવું હોય તેને માટે જગા જ રહેતી નથી. ઘણી વખત તે આવે છે, પરંતુ જ્યારે અધીરાઈનો ત્યાગ કરવામાં આવે છે અને માણસ શાંત થઈને ખુલ્લો થાય છે અને ગમે તે વસ્તુ બને છતાં રાહ જુએ, (અથવા તે સમય પુરતું તે આપવામાં ન પણ આવે). પરંતુ જ્યારે તમે વારંવાર સાચી ભકિતમાં તેના માટે મહત્તર પ્રગતિ માટેનો માર્ગ તૈયાર કરતા હો, ત્યારે આ પ્રાણમય ટેવનું તત્ત્વ પોતાની કામ કરવાની શરૂઆત કરે છે અને તેનો કબજો લઈ લે છે અને તમે જે પ્રગતિ સાધી હોય તેમાં રૂકાવટ કરે છે.

નિરાનંદ પણ પ્રાણમાંથી આવે છે. તે અંશત: નિરાશાને લઈને આવે છે પણ પૂર્ણતયા નહિ; કારણ કે એ સામાન્ય ઘટના છે કે જયારે પ્રાણ ઉપર મન અને આત્માનું દબાણ આવે છે, ત્યારે તેનામાં ઘણી વખત સાત્ત્વિક પ્રકારના બદલે રાજસિક અથવા તામસિક વૈરાગ્ય આવે છે; તે કોઈ પણ વસ્તુમાં આનંદ લેવાનો ઈનકાર કરે છે, શુષ્ક બની જાય છે, બેધ્યાન અથવા દુ:ખી બની જાય છે અથવા તે એ પ્રમાણે કહે છે, "વારુ, તમે મને વચન આપેલું તે પ્રમાણે મને સાક્ષાત્કાર કેમ થતો નથી? હું વધારે રાહ જોઈ શકું નહિ." તેમાંથી મુકત થવા માટે, તમે તેવા વલણનું નિરીક્ષણ કરો તો પણ તમારી જાતને તેની સાથે એકરૂપ ન બનવા દો. જો મન અથવા તો તેનો કોઈ ભાગ તેને મંજૂરી આપે અથવા વાજબી ઠરાવે તો તે વારંવાર જીદપૂર્વક ફરી ફરીને આવ્યા કરશે. જો દુ:ખ હોય તો જે બીજી જાતના દુ:ખનું તમે તમારા પત્રમાં વર્ણન કર્યું તે વધારે સારું છે; એક દુ:ખ જેમાં મધુરતા છે–નિરાશા નહિ, તેમાં કેવળ ચૈત્ય પુરુષની સાચી વસ્તુ પ્રાપ્ત કરવા માટેની ઝંખના હોય છે. શુદ્ધ અને સાચી ભકિતની વૃદ્ધિની સાથે તે આવવી જ જોઈએ.

*

તમે જે વિકટ પરિસ્થિતિની વાત કરો છો તેના વિષે હું એટલું જાણું છું કે મનની સ્થિરતા વડે ધ્યાન અસરકારક બને છે, હૃદયની વિશુદ્ધિ કરવાથી દિવ્ય સ્પર્શ આવે છે; અને અમુક સમયે દિવ્ય હાજરી અનુભવાય છે; પ્રભુ પ્રત્યે નમ્રતા રાખવાથી અહંકાર તથા મન અને પ્રાણના મિથ્યાભિમાનમાંથી મુક્ત થવાય છે—એવો ગર્વ જે આત્માની ગતિઓ ઉપર પોતાના તર્કોનું આરોપણ કરે છે અને એવો અહંકાર જે તેનો ઇનકાર કરે છે અને સમર્પણ કરવા શકિતમાન નથી—પોતાની ભીતરની અંદર આવતો એક સતત પુકાર અને ઊર્ધ્વમાં રહેલી પ્રભુકૃપા ઉપર સંપૂર્ણ નિર્ભરતા, ધ્યાન, જપ, પ્રાર્થના અથવા હૃદયમાંથી આવતી અભીપ્સા બધું જ સફળ થાય છે, પરંતુ જો તેમાં આ બધી અથવા આમાંની કેટલીક વસ્તુઓ સામેલ હોય તો હું સંપૂર્ણ રીતે માનું છું કે જેને પોતાની અંદર સાદ થયેલો હોય તે માણસ જો આ પરમાત્મા પ્રત્યેના માર્ગનું ધૈર્યપૂર્વક અનુસરણ કરે તો તેમને પ્રાપ્ત કરવામાં નિષ્ફળ જતો નથી.

મેં ચોક્કસ કદી એમ નથી કહ્યું કે તમારે પરમાત્માના પ્રત્યુત્તરની જરૂર ન હોવી જોઈએ. માણસ યોગ તેના માટે જ કરે છે. મેં એમ કહ્યું છે કે તમારે તેના માટે અપેક્ષા અથવા આગ્રહ એવી રીતનો ન રાખવો જોઈએ કે તે એકાએક અથવા ઝડપથી આવવો જોઈએ. તે વહેલો યા મોડો પણ આવે, પરંતુ માણસ પોતાના પુકારમાં સચ્ચાઈભર્યો હોય તો તે ચોક્કસ આવશે જ; કારણ કે માણસે તેમાં સચ્ચાઈપૂર્ણ જ રહેવું જોઈએ એટલું જ નહિ પરંતુ બધા જ સમય દરમિયાન શ્રદ્ધા પણ રાખવી જોઈએ. જો હું આગ્રહ રાખવાની પદ્ધતિને નાહિંમત કરું છું તો એટલા માટે કે તેને લઈને મુશ્કેલીઓ ઉત્પન્ન થાય છે અને આપણી પ્રકૃતિમાં જે તણાવ અને અસ્વસ્થતા રહે છે તેને લઈને તે આવવામાં સમય લે છે. બીજુ જ્યારે આપણો આગ્રહ હોય તે સંતોષાય નહિ ત્યારે આપણી પ્રકૃતિમાં નિરાશાઓ અને બંડખોર વૃત્તિ દાખલ થાય છે; પરમાત્મા ઉત્તમ રીતે જાણે છે અને માણસે તેમના ડહાપણમાં શ્રદ્ધા રાખવી જોઈએ અને પોતાના સંકલ્પને પરમાત્માના સંકલ્પ સાથે લયબદ્ધ રીતે સાબિત થતું નથી કે તેને આવવા માટે છેવટે આપણી અશકિત જવાબદાર છે. એ એટલી જ નિશાની છે કે આપણી પોતાની અંદર કોઈક એવી વસ્તુ રહેલી છે, જેના ઉપર આપણે વિજય પ્રાપ્ત કરવાનો છે. અને જો આપણામાં પરમાત્માને પહોંચવાનો સંકલ્પ હોય તો તેના ઉપર વિજય ચોક્કસ પ્રાપ્ત કરી શકાય છે.

જો માણસને જીવનમાંથી સમગ્ર રીતે છૂટી જવાની ઇચ્છા હોય તો તે વસ્તુ એક પૂર્ણ આંતરિક મુકિતના માર્ગદ્વારા અથવા નિરપેક્ષ તત્ત્વની નીરવતામાં પોતાની

જાતને નિમગ્ન કરીને અથવા જે કેવળ નિરપેક્ષ ભકિત હોય તેના દ્વારા અથવા એવા કર્મયોગ દ્વારા જે પોતાનો સંકલ્પ અને કામનાઓને પરમાત્માના સંકલ્પ ઉપર છોડી દઈને જ કરી શકે છે. મેં એમ પણ કહેલું છે કે દિવ્ય કૃપા ગમે તે ક્ષણે ઓચિંતા જ કાર્ય કરે છે, પરંતુ તેના ઉપર માણસનો કાબુ હોતો નથી, કારણ કે તે આપણી ગણતરી બહારના સંકલ્પથી આવે છે અને તે વસ્તુ એવી છે, મન જોઈ ન શકે તે રીતે જોઈ શકે છે. એટલા માટે એ સ્પષ્ટ કારણ છે કે વ્યકિતએ તેને માટે કદી નિરાશ ન થવું જોઈએ અને બીજુ કારણ કે કોઈ પણ પ્રભુ પ્રત્યેની સચ્ચાઈપૂર્ણ અભીપ્સા છેવટે નિષ્ફળ જતી નથી.

*

આધ્યાત્મિક વસ્તુઓમાં ફકત એક જ તર્કયુકત બાબત છે; જ્યારે પરમાત્મા માટેની માગણી હોય, એક સચ્ચાઈભર્યો પુકાર હોય તો તેની સિદ્ધિ એક દિવસ અચૂક થવા માટે બંધાયેલી જ છે, જ્યારે કોઈ જગાએ બળવાન બિન સચ્ચાઈ હોય, કોઈ બીજી જ વસ્તુ માટેની લાલસા હોય – શકિત, મહત્વાકાંક્ષા વગેરેની, – જે આંતરિક પુકારની વિરુદ્ધના તુલામાં રહેલી હોય તો તે તર્ક તેમાં લાગુ પડતો નથી. તમારા પ્રસંગમાં તે હૃદય મારફત આવવાની શકયતા છે અને તે ભકિતના વિકાસ મારફતે અથવા હૃદયના ચૈતસિક વિશુદ્ધિકરણ દ્વારા આવશે એટલા માટે હું તમારા માટે ચૈતસિક દ્દષ્ટિબિંદુના માર્ગનો આગ્રહ રાખતો હતો.

આ બધા ખોટા વિચારો અને લાગણીઓને તમારા ઉપર સવાર ન થવા દો અથવા તમારા નિર્ણયો ઉપર તમારી નિરાશાની અવસ્થાને નિયંત્રણ ન કરવા દો; સાક્ષાત્કાર માટે એક મધ્યવર્તી સંકલ્પ મક્કમ રીતે રાખો; જો તમે તમારા મનને મક્કમ કરો તો તે પ્રમાણે બની શકે તેમ છે. આ વસ્તુઓ અશકય નથી, તમને જણાશે કે આ આધ્યાત્મિક મુશ્કેલી છેવટે મૃગજળની માફક અદૃશ્ય થઈ જશે; તે શારીરિક તત્ત્વની છે અને જ્યાં આંતરિક સાદ સચ્ચાઈપૂર્ણ હોય છે, ત્યાં તે વસ્તુ વધારે વખત સુધી બાહ્ય ચેતનામાં ટકી શકતી નથી; તેની દેખાતી બાહ્ય નક્કરતા ઓગળી જશે.

ભકિત વિષે માગણી કરવામાં તમે સાચા છો, કારણ કે તે તમારી પ્રકૃતિનો મૂળભૂત અધિકાર છે; તે વસ્તુ સાધના માટે જે સૌથી સમર્થ હેતુની શકિત હોય છે તે છે અને જે વસ્તુ હવે ભાવિમાં આવવાની છે તેના માટેનું શ્રેષ્ઠ સાધન છે. એટલા માટે જ મેં કહેલું કે તમને હૃદય મારફતે જ આધ્યાત્મિક અનુભૂતિ આવવી જોઈએ.

*

કૃષ્ણ વિષે કહેવાનું કે શા માટે તેમની સાથેનો સીધો અને સરળ અભિગમ તમારે ન રાખવો ? જો તમે પ્રાર્થના કરો તો શ્રદ્ધા રાખો કે તે સાંભળે છે જ. જો પ્રત્યુત્તર આપવામાં લાંબો સમય લાગે તો શ્રદ્ધા રાખો કે તે જાણે છે અને પ્રેમ કરે છે અને સમયની પસંદગી કરવા માટે તે સૌથી વધારે જાણકાર છે. દરમિયાન તમે તમારું ક્ષેત્ર સ્વચ્છ કરો જેથી કરીને તેમને પથ્થર અને જંગલમાંથી આવવું ન પડે. તે મારું સૂચન છે અને હું જે કહું છું તે સમજું છું – કારણ કે ગમે તે કહો પરંતુ હું માનવ મુશ્કેલીઓ અને સંઘર્ષો વિષે બહુ સારી રીતે જાણકારી ધરાવું છું તેમ જ તેમનો ઉપાય પણ જાણું છું એટલા માટે જ હું એવી વસ્તુઓ માટે આગ્રહ રાખું છું જે સંઘર્ષો અને મુશ્કેલીઓને હળવાં કરે અને ટૂંકાવે – ચૈતસિક વળાંક, શ્રદ્ધા, પૂર્ણ અને સરળ વિશ્વાસ અને આધાર. હું તમને યાદ કરાવું છું કે આ બધા વૈષ્ણવ યોગના સિદ્ધાંતો છે. અલબત્ત એક બીજી વૈષ્ણવ રીત છે જે ઝંખના અને નિરાશા વચ્ચે ઝોલાં ખાય છે – એક તીવ્ર શોધ અને વિરહની વેદના. તમે તે વસ્તુનું અનુસરણ કરતા હો એવું લાગે છે, અને હું તે વસ્તુની ના પાડતો નથી કે વ્યકિત ત્યાં તે રીતે ન પહોંચી શકે છે. પરંતુ જેઓ તેનું અનુસરણ કરે છે તેમાં પોતાના દિવ્ય પ્રેમીની ધૂનોમાં પણ તેમને ‘રસ’ આવે છે. તેમાંનાં કેટલાકે એવું પણ ગીત ગાયેલું છે કે તેમણે તેમનું સમગ્ર જીવન તેના અનુસરણમાં પસાર કર્યું છે પરંતુ તે તેમના દર્શનમાંથી કાયમ સરકી ગયેલ છે અને તેમાં પણ તેમને રસ આવે છે અને તેનું અનુસરણ કરવામાંથી તેઓ અટકતા નથી, પરંતુ તેમને તેમાં રસ આવતો નથી. તેથી હું તમને તે વસ્તુની મંજૂરી આપું એવી આશા તમે રાખી શકો નહિ. બધી જ રીતે કૃષ્ણનું અનુસરણ કરો પરંતુ એવા નિશ્ચયથી કે તમે તેમને પ્રાપ્ત કરો; તમે તે વસ્તુની નિષ્ફળતાની આશા ન રાખશો અથવા અર્ધે રસ્તે તમે પડી ભાંગો એવી શકયતાને સ્વીકારશો નહિ.

*

મને કૃષ્ણની પૂજા માટે અથવા ભકિતના વૈષ્ણવ સ્વરૂપ માટે કોઈ વાંધો નથી. તેમ જ વૈષ્ણવ ભકિત અને મારા અતિમાનસ યોગ વચ્ચે કોઈ પણ પ્રકારની અસંગતતા નથી. હકીકતમાં તો અતિમાનસ યોગનું કોઈ ખાસ વિશિષ્ટ અને નિરપેક્ષ સ્વરૂપ છે જ નહિ. બધા જ માર્ગો અતિમાનસ યોગ પ્રત્યે દોરી જઈ શકે છે જેવી રીતે.

જો તમે ધીરજ રાખો તો જે કાયમી ભકિત અને સાક્ષાત્કાર તમારે જોઈએ છીએ તે પ્રયત્ન કરવામાં તમે નિષ્ફળ જશો નહિ. પરંતુ તમારે કૃષ્ણ ઉપર સંપૂર્ણ

આધાર રાખતાં શીખવું જોઈશે, અને જ્યારે તેને બધું તૈયાર થયેલું લાગે અને તેનો સમય આવે ત્યાં સુધી ધીરજ રાખવી જોઈશે. જો તમારી અંદર રહેલી અપૂર્ણતા અને અશુદ્ધિઓને સ્વચ્છ કરવાની તેની ઇચ્છા હોય, તો તે બરાબર સમજાય તેવી વસ્તુ છે. મને સમજ પડતી નથી કે તમે તે પ્રમાણે કરવામાં સફળ કેમ ન થાઓ, કારણ કે તમારું સંપૂર્ણ ધ્યાન સતત તેના તરફ વળેલું છે. પ્રથમ તો અપૂર્ણતાઓ અને અશુદ્ધિઓને સ્પષ્ટ રીતે જોવી એ પ્રથમ પગલું છે, પછીનું પગલું છે તેમનો ઇનકાર કરવો અને તેમનાથી સંપૂર્ણ રીતે અલગ થઈ જવું જેથી કરીને તેઓ થોડો પણ પ્રવેશ કરે તો, તમારે સમજવું જોઈએ કે તેઓ વિદેશી તત્ત્વો છે અને નહિ કે તમારી સામાન્ય પ્રકૃતિના ભાગો, પરંતુ બહારથી આવતા સૂચનો – તે છેવટનું પગથિયું બને છે; એક વખત પણ તે દેખાય અને તેમનો ઇનકાર કરવામાં આવે તો તેઓ સહજ રીતે જ પતન પામશે, અને અદૃશ્ય થઈ જશે; પરંતુ ઘણા ખરા માટે આ પ્રક્રિયા લાંબો સમય લે છે. આ વસ્તુઓ ખાસ કરીને તમારામાં જ વિશિષ્ટ રીતે નથી; તે બધી વૈશ્વિક પ્રકૃતિનો એક ભાગ છે; પરંતુ તેઓ અદૃશ્ય થઈ શકે છે, થાય છે અને થશે જ.

*

તમને જે મુદ્દો અટપટો લાગે છે તે એવા ગોટાળામાંથી ઉત્પન્ન થયો છે જે ભકતની લાગણી અને નિરીક્ષણ કરનાર નિરીક્ષક વચ્ચે ઉત્પન્ન થાય છે. અલબત્ત ભકત, કૃષ્ણને ચાહે છે, કૃષ્ણ ચાહવા લાયક છે અને નહિ કે બીજા કોઈ કારણસર તેને તે ચાહે છે. તે તેની લાગણી છે અને સાચી ભાવના છે તેને જરૂર લાગતી અથવા માથાફોડ કરતો નથી કે કઈ વસ્તુ તેની અંદર રહેલી છે જે તેને પ્રેમ કરવા શકિતશાળી બનાવે છે; તે હકીકત પૂરતી છે કે તેને પ્રેમ છે અને તે પ્રેમ તથા ઊર્મિઓનું પૃથક્કરણ કરવાની જરૂર તેને જણાતી નથી, કૃષ્ણ પ્રેમ કરવા લાયક છે, તેમાં જ કૃષ્ણની કૃપા આવી જાય છે, કૃષ્ણ પોતે ભકતની સમક્ષ હાજર થાય છે, તેના સાદને પ્રત્યુત્તર આપે છે, અને તેની બંસીનો નાદ તેને માટે બસ છે. હૃદય માટે એટલું પૂરતું છે, અથવા બીજી કોઈ વધારાની વસ્તુ હોય તો તે નાદ સાંભળવાની ઝંખના બધા કરી શકે છે, બધા જ બંસી સાંભળી શકે છે, તેનું મુખદર્શન કરી શકે છે અને તેના સૌંદર્ય અને તેના પ્રેમના પરમાનંદનો અનુભવ લઈ શકે છે.

ભકતનું હૃદય પ્રશ્નો પૂછતું નથી પરંતુ નિરીક્ષકનું મન પૂછે છે કે ગોપીઓને કેમ સાદ કરવામાં આવ્યો હતો અને તેઓ એ કેમ પ્રત્યુત્તર આપ્યો – અને બીજાઓ દા. ત. બ્રાહ્મણ સ્ત્રીઓને શા માટે સાદ ન મળ્યો અને તેમણે કેમ

તાત્કાલિક પ્રત્યુત્તર ન આપ્યો ? એક વખત મન પ્રશ્ન પૂછે પછી તેના બે શકય ઉત્તરો છે: કોઈ પણ જાતના કારણ વગર ફક્ત કૃષ્ણની ઈચ્છા સર્વોપરિ છે, મન તેને કૃષ્ણની નિરપેક્ષ દિવ્ય પસંદગી કહી શકે, અથવા તેની ઢંગધડા વગરની દિવ્ય ધૂન પણ કહી શકે અથવા તો જે હૃદયને સાદ થયો હોય તેની તૈયારી પણ કારણભૂત હોય, અને તે બધાનો અર્થ થાય છે 'અધિકારી ભેદ'. એક ત્રીજો ઉત્તર પણ હોઈ શકે – સંજોગો : દા. ત. ક્ષ જે પ્રમાણે મૂકે છે તે પ્રમાણે "ગાઢ નિકુંજોમાં અલગ રાખેલી આધ્યાત્મિક ભૂમિકાઓનું મિલન-સ્થાન". તો પછી સંજોગો કઈ રીતે દિવ્ય કૃપાને કાર્ય કરતી અટકાવી શકે ? તેને અલગ સ્થાનો આપવામાં આવ્યા હોવા છતાં ક્રિશ્ચયનો, મુસલમાનો પણ કૃષ્ણની કૃપાને પ્રત્યુત્તર આપે છે. વાઘ જેવા જંગલી પ્રાણીઓ અથવા ભૂતડાંઓ પણ તેને જુએ અને તેની બંસરીનો નાદ સાંભળે તો તેને ચાહવા માંડે છે ? હા, બરાબર, પણ કેમ કેટલાક તે સાંભળે છે અને તેને જુએ છે, જ્યારે બીજાઓ કેમ નહિ ? તો આપણી પાસે બે વિકલ્પો રહે છે. કૃષ્ણકૃપા તેને જ બોલાવે છે જેને બોલાવવાની તેની પોતાની (કૃષ્ણની) ઈચ્છા હોય અને તેની પસંદગી, કે ઈનકાર માટે કોઈ નિશ્ચિત બુદ્ધિ કે તર્ક હોતાં નથી; તે બધું તેની દયાના ઉપર આધાર રાખે છે, પસંદગી અથવા અટકાયત કરે અથવા ઢીલ કરે છે તેમાં પણ તેની દયા હોય છે, અથવા તે એવા હૃદયોને સાદ આપે છે જેઓના તાર તે સાદની સાથે રણઝણે છે અને તેના સાદના સમયે ઠેક ભરી શકે છે. અને ત્યાં પણ યોગ્ય ક્ષણ આવે ત્યાં સુધી તે રાહ જુએ છે. એમ કહેવું કે તેનો આધાર બાહ્ય લાયકાત અથવા યોગ્યતાના દેખાવ ઉપર નથી એ અલબત્ત સાચું છે. ઘણા બધા પડળથી વિંટાયેલી હોવા છતાં કોઈક વસ્તુ જાગ્રત થવા માટે તૈયાર હતી એ વસ્તુ કૃષ્ણ જોઈ શકે, જ્યારે આપણે નહિ. બંસરી વાગવાની શરૂઆત થઈ તે પહેલાં તે વસ્તુ ત્યાં હતી, પરંતુ કૃષ્ણ તે સખત પડોને ઓગાળવામાં વ્યસ્ત હતા. જેથી કરીને તે હૃદય જ્યારે ઠેક ભરે ત્યારે વળી પાછું પડી દબાઈ ન જાય. ગોપીઓએ તે સાદ સાંભળ્યો અને વનમાં દોડી ગઈ, જ્યારે બીજાઓ ગયાં નહિ – કે પછી તેમણે એવું માન્યું કે તે તો એક ગ્રામ્ય સંગીત છે અને કોઈ ગામઠી પ્રેમી ગોવાળીયો પોતાના પ્રેમપાત્ર માટે બંસી બજાવે છે કે પછી તે એવો સાદ હતો જેને જ્ઞાની અને સંસ્કારી અથવા સદ્ગુણી શ્રવણેન્દ્રિયોએ પરમાત્માના સાદ તરીકે ન ઓળખ્યો ? એટલે 'અધિકારી-ભેદ' વિષે ચોક્કસ કોઈક વસ્તુ કહેવાની હોય છે. પરંતુ તે વસ્તુ બેશક વિશાળ અર્થમાં સમજવાની છે; કેટલાકમાં કૃષ્ણની બંસીને પારખવાનો 'અધિકાર' હોઈ શકે, કેટલાકને ક્રાઈસ્ટનો સાદ સાંભળવાનો અધિકાર હોઈ અને

કેટલાકને માટે શિવના નૃત્યને માટે તે પ્રમાણે હોય – દરેકને પોતપોતાની રીત હોય છે, અને તેની પ્રકૃતિમાં પ્રભુના સાદને પ્રત્યુત્તર વાળવાની શકિત હોય છે, 'અધિકાર'ને આપણે રૂઢ મનોમય શબ્દોમાં વ્યાખ્યાન આપી શકીએ, તે કોઈક આધ્યાત્મિક અથવા સૂક્ષ્મ વસ્તુ છે, તે સાદ આપનાર અને સાદ સાંભળનાર વચ્ચેનું ગૂઢ અને ગુપ્ત રહસ્ય છે.

જે મસ્તકમાં સોજો આવેલો હોય તેને માટે પણ પ્રભુકૃપા કાંઈક ફાળો આપી શકે છે પરંતુ મારે એ કલ્પના પણ કરવી જોઈએ કે આવું મસ્તક કદી કૃપાનો સ્પર્શ અનુભવી શકયું નથી પરંતુ તે પોતાના વિશાળ અહંકારનો જ અનુભવ માણ્યો છે. વ્યકિતગત પ્રયત્ન કરવામાં પણ માથું સૂજી જાય, જે રીતે પ્રભુકૃપાની ઝંખનામાં થાય તે રીતે જ તે વસ્તુ મૂળભૂત રીતે બંનેમાંથી કોઈ રીતે બનતું નથી; પરંતુ એક જાતનું આ પ્રકારનું સ્વાભાવિક મગજની પૂર્વ રચનાને કારણે થયેલું હોય.

*

રાધા પરમાત્મા માટેના નિરપેક્ષ પ્રેમનું જીવંત પ્રતીક છે, જે પ્રેમ સ્વરૂપના સમગ્ર અને સંપૂર્ણ રીતે સર્વ ભાગોમાં, ઉચ્ચતમ આધ્યાત્મિકથી માંડીને શારીરિક સુધીનો પ્રેમ છે અને તે સમગ્ર સ્વરૂપનું નિરપેક્ષ આત્માર્પણ અને નિવેદન છે અને તે શરીરમાં અને સૌથી ભૌતિક પ્રકૃતિમાં પરમ આનંદને નીચે ઉતારી લાવે છે.

*

કૃષ્ણ અને રાધાની મૂર્તિને જોવાથી તમને જે કામવાસના આવતી દેખાય છે તે રાધા-કૃષ્ણની એક શાખાની સાથે જોડાયેલી કામવાસનાના ભૂતકાળના સંસ્કારને પરિણામે આવે છે પરંતુ ખરેખર તો તે પ્રતિમાને અને કામવાસનાને કોઈ સંબંધ નથી. તેનું સાચું પ્રતીક માનવની કામવાસના હોઈ શકે નહિ. તે અંતરાત્મા અથવા ચૈત્ય પુરુષ પરમાત્માનો સાદ સાંભળીને પૂર્ણ પ્રેમ અને સમર્પણમાં પ્રફૂલ્લિત બને છે અને તે પરમ આનંદ લાવે છે. રાધા અને કૃષ્ણ તેમની દિવ્ય એકતામાં, માનવ ચેતનામાં તે વસ્તુ લાવે છે અને તમારે તેને તે રીતે સમજવાનું છે અને જૂના કામવાસનાના સંસ્કારોને ફેંકી દેવાના છે.

*

ગોપીઓ તેના શબ્દાનુસાર સાચા અર્થમાં સામાન્ય વ્યકિતઓ નથી: તેઓ આધ્યાત્મિક તીવ્રતાના મૂર્તિમંત સ્વરૂપો છે. તેમના પ્રેમની અતિશયતાને લઈને તેઓ અદ્‌ભૂત વ્યકિતઓ છે. તેમનામાં વ્યકિતગત ભકિત અને નિરંકુશ આત્માર્પણ છે. જે કોઈ વ્યકિતમાં તે પ્રમાણે હોય, તે પુરુષ યા સ્ત્રીનું સ્થાન ગમે તેટલી બીજી વસ્તુઓમાં નાનું કે ઓછું હોય (શિક્ષણ, રજૂ કરવાની શકિત, પંડિતાઈ, બાહ્ય

પવિત્રતા વગેરેમાં) તો પણ તેઓ કૃષ્ણનું સહેલાઈથી અનુસરણ કરીને તેમને પ્રાપ્ત કરી શકે છે; મને તે વસ્તુ ગોપીના પ્રતીક તરીકે લાગે છે, તે ઉપરાંત પણ બીજા સંદર્ભો છે તે અનેકમાંથી એક અર્થ છે.

*

બેશક, કૃષ્ણને ઘણા ધૂની તરીકે ગણવામાં આવે છે, તેમની સાથે કામ પાડવું મુશ્કેલ છે તથા તેમની લીલા અકળ છે!... અને જેની સાથે તે રમત રમે છે તેને તે વ્યકિત સહેલાઈથી પસંદ કરતી નથી; પરંતુ તેની ધૂનોમાં પણ એક તર્ક છે અને એક ગુપ્ત પદ્ધતિ છે અને તે જ્યારે તેમાંથી બહાર આવે છે અને તમારી સાથે સુંદર લાગણીથી વર્તે છે, ત્યારે તેનામાં એક પરમ આકર્ષણ, મોહકતા અને પ્રલોભન હોય છે જે તમને બદલો આપી દે છે અને તમે સહન કર્યું હોય તેના કરતાં પણ વધારે મોટું વળતર આપે છે.

*

કૃષ્ણને ઈચ્છા થાય તો તેમણે ઘોડેસ્વારી શા માટે ન કરવી જોઈએ? તેમનાં કાર્યો અથવા ટેવો માનવમન વડે અથવા અચલ નિયમોથી બાંધી શકાય નહિ. કૃષ્ણ પોતે જ પોતાનો કાયદો છે, કદાચ તેમને બંસી વગાડવાની જગાએ જવાની ઉતાવળ પણ હોય.

*

જો કૃષ્ણ તેમની પ્રકૃતિમાં જ ઠંડા અને દૂર દૂર રહેતા હોય, (હે પ્રભુ, કેવી શોધ – સર્વ લોકોના કૃષ્ણ છે તે આવા!) તો માનવની ભકિત અને અભીપ્સા તેમની પાસે કેવી રીતે આવે – તે અને આ વસ્તુ ઉત્તર-દક્ષિણ ધ્રુવ જેવા જ થઈ જાય, વધારે અને વધારે બરફ જેવા, એક બીજાની સામે જ ઊભા રહેલા; પરંતુ એક બીજાને ન જોઈ શકે, કારણ કે પૃથ્વી વચ્ચેથી ઉપસેલી છે તેથી કઈ રીતે જોઈ શકાય? ઉપરાંત જો કૃષ્ણને માનવ ભકતની જરૂર ન હોય અથવા એવો ભકત જેને કૃષ્ણની જરૂર હોય તે પણ ન જોઈતો હોય, તો કોણ તેમને પ્રાપ્ત કરી શકે? – તે કાયમ હિમાલયના બરફ ઉપર જ શિવની માફક બેઠેલા રહે, ઈતિહાસ તેમનું જુદી જ રીતે વર્ણન કરે છે અને તેમાં તો સામાન્ય રીતે તેમને વધારે પડતા ઉષ્માભર્યા અને ગમ્મતી (લીલા કરનાર) તરીકે ઓળખવામાં આવ્યા છે.

*

ક્ષ કૃષ્ણના પ્રકાશ વિષે શો અર્થ કરે છે તેના વિષે તમે પૂછેલા પ્રશ્નોના ઉત્તર હું આપી શકીશ કે કેમ તે મને ખબર નથી - અલબત્ત આપણે સામાન્ય રીતે જે જ્ઞાનનો અર્થ કરીએ છીએ તે અર્થ નથી. તેઓ એવું કહેવા માગતા હોય કે

દિવ્ય ચેતનાનો પ્રકાશ, અથવા તો તેમાંથી આવતો પ્રકાશ, અથવા તેઓ કૃષ્ણના પ્રકાશિત શરીર વિષે કહેતા હોય જેમાં બધી વસ્તુઓ પરમ સત્યમાં હોય છે – જ્ઞાનનું સત્ય, ભકિતનું સત્ય, પરમાનંદ અને આનંદનું સત્ય, બધું જ ત્યાં રહેલું છે.

એક દિવ્ય પ્રકાશનો આવિર્ભાવ પણ હોય છે – ઉપનિષદો 'જ્યોતિર્બ્રહ્મ' વિષે વાત કરે છે, દિવ્ય પ્રકાશ જે બ્રહ્મ છે, ઘણી વખત સાધકને તેના ઉપર પ્રકાશનો પ્રવાહ વહેતો હોય એવું લાગે છે અને તે તેની આસપાસ ફરી વળે છે અથવા તો તેના કેન્દ્રોમાં પ્રકાશ ઉભરાઈ જાય છે અથવા તેનું સમગ્ર સ્વરૂપ અને શરીર પ્રકાશથી સભર બને છે, જે દરેક કોષની અંદર પ્રવેશ કરીને પ્રકાશિત કરે છે અને તે પ્રકાશમાં એક આધ્યાત્મિક ચેતના વિકાસ પામે છે અને માણસ તે બધા પ્રત્યે ખુલ્લો થાય છે અથવા તેના ઘણા કાર્યો અને સાક્ષાત્કારો પ્રત્યે ખુલ્લો થાય છે. સુયોગ્ય રીતે મારી પાસે રામદાસનું એક પુસ્તક જેનું શિર્ષક 'દર્શન' છે તેનું વિવેચન છે. તેમાં આવી અનુભૂતિનું વર્ણન છે. આ અનુભૂતિ રામ–મંત્રના જપથી આવેલી, પરંતુ જો હું સાચું સમજતો હોઉં તો તે એક લાંબી અને આત્મ-સંયમથી આવેલી. "મંત્ર સાહજિક રીતે જ બંધ થઈ ગયો, પછી તેમણે એક નાનું ગોળ પ્રકાશિત વર્તુળ તેમના મનોમય દર્શન સમક્ષ આવ્યું. આ વસ્તુએ તેમનામાં આનંદના રોમાંચ ઉત્પન્ન કર્યા. આ અનુભૂતિ કેટલાક દિવસો સુધી ટકી રહ્યા પછી તેમને એક આંખો આંજી નાખે એવો વિજળીના ચમકારા જેવો પ્રકાશ દેખાયો, જે તેમનામાં પ્રસરી ગયો અને તેમને તેનામાં સમાવી લીધા. હવે એક અવર્ણનીય આનંદનો ઓથ તેમના શરીરના દરેક છિદ્રમાં ભરાઈ ગયો." તે વસ્તુ કાયમ એ પ્રમાણે આવતી નથી. ઘણે ભાગે તો તે તબક્કાવાર આવે છે અથવા લાંબા ગાળાઓ પછી આવે છે, અને ચેતના તૈયાર થાય ત્યાં સુધી તેના ઉપર કાર્ય કરે છે.

અહીં આપણે કૃષ્ણના પ્રકાશ વિષે વાત કરીએ છીએ–કૃષ્ણનો મનમાં પ્રકાશ, કૃષ્ણનો પ્રાણમાં પ્રકાશ વગેરે. પરંતુ તે એક વિશિષ્ટ પ્રકારનો પ્રકાશ હોય છે – મનમાં તે સ્પષ્ટતા તથા તમોગ્રસ્તતામાંથી અને મનોમય ક્ષતિઓ અને વિકૃતિમાંથી મુકિત લાવે છે; પ્રાણમાં રહેલો બધો જ વિનાશક મસાલો સ્વચ્છ કરે છે, અને તે જ્યાં હોય ત્યાં એક વિશુદ્ધ અને દિવ્ય સુખ અને આનંદ રહે છે.

પણ શા માટે માણસે પોતાની જાતને મર્યાદિત કરવી જોઈએ, એક જ વસ્તુ માટે આગ્રહ રાખવો જોઈએ અને બીજી બધી વસ્તુઓને બંધ કરી દેવી જોઈએ? પછી તે ભકિતથી અથવા પ્રકાશથી કે આનંદથી કે શાંતિથી કે કોઈ પણ સાધન

દ્વારા આવે ; જે વસ્તુ વડે પ્રભુનો પ્રાથમિક સાક્ષાત્કાર થાય તો તે સાક્ષાત્કારને પ્રાપ્ત કરવો એ જ વસ્તુ અગત્યની છે, અને તે લાવી આપનાર બધાં જ સાધનો સારાં છે.

જે કોઈ વ્યકિત ભકિતનો આગ્રહ રાખે, તો તે ભકિત દ્વારા આવે છે અને પૂર્ણ ભકિત એટલે બીજું કાંઈ નહિ પરંતુ સંપૂર્ણ આત્માર્પણ ; તો પછી બધાં જ ધ્યાન, સર્વ તપસ્યાઓ, પ્રાર્થનાના બધાં જ સાધનો અથવા મંત્ર તેમના અંતિમ ધ્યેયમાં તેને માટે જ હોવાં જોઈએ અને વ્યકિત જ્યારે તેમાં ક્રમિક રીતે સંતોષ-પૂર્વક પ્રગતિ સાધે છે ત્યારે પ્રભુકૃપાનું નીચે અવતરણ થાય છે અને સાક્ષાત્કાર આવે છે, તે પૂર્ણ બને ત્યાં સુધી વિકાસ કરે છે. પરંતુ તેના આગમનની ક્ષણ પ્રભુનું ડહાપણ જ પસંદ કરે છે, અને તે આવી પહોંચે ત્યાં સુધી માણસે માર્ગ ઉપર ચાલ્યા કરવાનું સામાર્થ્ય રાખવાનું રહે છે, કારણ કે બધી જ વસ્તુ સાચી રીતે તૈયાર થઈ જાય પછી તે આપવામાં કદી નિષ્ફળતા રહેતી નથી.

★

વિભાગ ૮

યોગમાં માનવ સંબંધો

યોગમાં માનવ સંબંધો

તમે આ યોગનો સિદ્ધાંત સમજ્યા હો તેવું લાગતું નથી. પ્રાચીન યોગ પૂર્ણ ત્યાગની માગણી કરતો હતો અને તેમાં આ જગતના જીવનનો ત્યાગ પણ આવી જતો. તેના બદલે આ યોગનું લક્ષ્ય એક નવીન અને રૂપાંતર પામેલું જીવન છે, પરંતુ તે મન, પ્રાણ અને શરીરમાં રહેલી બધી જ કામનાઓ અને આસક્તિઓને સંપૂર્ણ રીતે બહાર ફેંકી દેવાનો આગ્રહ રાખે છે. તેનું લક્ષ્ય આત્માના સત્યમાં નવીન જીવનની રચના કરવાની છે, અને તે હેતુ માટે આપણે જે કાંઈ છીએ અને આપણા મન, પ્રાણ અને શરીરમાં જે છીએ અને જે કરીએ છીએ તેના દરેક મૂળમાં જ ફેરફાર કરીને, મનથી ઉપર રહેલી ચેતનામાં નવીન જીવનનું પ્રસ્થાપન કરવાનું છે. એનો અર્થ કે નવીન જીવનમાં બધાં સંબંધો એક આધ્યાત્મિક આત્મીયતા ઉપર બંધાવા જોઈએ અને આપણા હાલના સંબંધો જે આપણને ટેકો આપી રહેલાં છે તેના બદલે કોઈક જુદા જ સત્યની સાથે સંબંધ ધરાવે છે. ઊર્ધ્વતર સાદ આવે ત્યારે જેને આપણે સ્વાભાવિક લાગણીના સંબંધો કહીએ છીએ તેમનો ત્યાગ કરવા માટે તૈયાર રહેવું જોઈએ. તેમને થોડી ઘણી તૈયારી પણ રાખવામાં આવે તો તે એક એવો ફેરફાર હોવો જોઈએ જે તેમનું સમગ્ર રૂપાંતર કરે. પરંતુ તેમનો ત્યાગ કરવામાં આવે, અથવા રાખવામાં આવે અને રૂપાંતર કરવામાં આવે, તેનો નિર્ણય વ્યક્તિગત કામનાઓ દ્વારા કરવાનો નથી પરંતુ ઊર્ધ્વમાં રહેલા સત્યદ્વારા કરવાનો છે. સમગ્ર વસ્તુ તે પરમ યોગેશ્વર ઉપર છોડી દેવાની છે.

આ યોગમાં જે શક્તિ કાર્ય કરે છે એ એક સતત ગતિમાન લક્ષણો ધરાવતી હોય છે, સત્ય તથા તેના સાક્ષાત્કાર માટે નાની કે મોટી વિઘ્નરૂપ વસ્તુ હોય તેને કદી સહન કરતી નથી.

*

વ્યક્તિગત સંબંધ આ યોગનો કોઈ ભાગ નથી. જ્યારે માણસ પરમાત્મા સાથે ઐક્ય પ્રાપ્ત કરે છે ત્યાર પછી જ બીજા બધાઓ સાથે સાચો આધ્યાત્મિક સંબંધ હોઈ શકે છે.

*

એવો ખ્યાલ કે સાધકોએ એક બીજાથી અલગ રહેવું જોઈએ અને સામ-સામે મોરચાં માંડવા જોઈએ એવા અગાઉથી બાંધેલા ખ્યાલનો ત્યાગ કરવો જોઈએ.

યૌગિક જીવનનો ધર્મ સંવાદ અને સંઘર્ષ પણ નહિ એવો છે, આવો અગાઉથી બાંધેલો ખ્યાલ નિર્વાણનું લક્ષ્ય જેને હોય તેના માટેનો કદાચ પ્રાચીન ખ્યાલ હોવો જોઈએ; પરંતુ અહીં આ યોગમાં નિર્વાણ એ આપણું લક્ષ્ય નથી. આપણે અહીંનું લક્ષ્ય પરમાત્માનો આ જીવનમાં સાક્ષાત્કાર કરવાનું છે, અને તેને માટે એકતા અને સઘનતા અનિવાર્ય છે.

યોગનો એવો આદર્શ છે કે બધાએ પરમાત્મામાં અને તેની આસપાસ કેન્દ્રિત રહેવું જોઈએ અને સાધકોનું જીવન તે પાયા પર રચાવું જોઈએ, અને તેમના સંબંધોમાં પણ પ્રભુ કેન્દ્રસ્થાને હોવાં જોઈએ. ને ઉપરાંત બધાં જ સંબંધો પ્રાણમય સંબંધોને બદલે બદલાઈ જઈને આધ્યાત્મિક પાયા ઉપર રચાવા જોઈએ – અને પ્રાણ ફકત આધ્યાત્મિકતાનું રૂપ અથવા કરણ રહેવો જોઈએ – એટલે કે તેમનો જે કોઈ જાતનો એક બીજાની સાથેનો સંબંધ હોય, તેમાંથી બધી જ ઈર્ષા, સંઘર્ષ, ધિક્કાર, ધૃણા, કિન્નાખોરી અને બીજી બધી દુષ્ટ પ્રાણમય લાગણીઓનો ત્યાગ થવો જોઈએ, કારણ કે તે વસ્તુઓ આધ્યાત્મિક જીવનનો કોઈ ભાગ બની શકે નહિ, તે જ પ્રમાણે બધી જ વસ્તુઓ અહંકારયુકત પ્રેમ જે ફકત પોતાના અહંકારના પોષણ અર્થે હોય છે અને જેવો અહંકાર ઘવાય અથવા અસંતોષ પ્રાપ્ત કરે કે તરત જ પ્રેમ કરવાનું બંધ પડી જાય છે અથવા કિન્નાખોરી અને ધિક્કાર ધારણ કરે છે. પ્રેમની પાછળ એક જીવંત અને ટકાઉ એકતા હોવી જોઈએ. અલબત્ત એટલું તો સમજી જ લેવાનું કે કામવાસનાની અશુદ્ધિ તો અદશ્ય થવી જ જોઈએ.

તે એક આદર્શ છે, પરંતુ સિદ્ધિ પ્રાપ્ત કરવાનો માર્ગ જુદા જુદા લોકો માટે ભિન્ન પણ હોઈ શકે. એક એવો માર્ગ છે જેમાં વ્યકિત કેવળ પરમાત્માનું અનુસરણ કરવા માટે બાકીની બધી વસ્તુઓનો ત્યાગ કરે છે. તેનો અર્થ એવો નથી કે કોઈ પણ વ્યકિત માટે તેને ધૃણા હોય કે જગત કે જીવન માટે પણ તેને ધૃણા હોય. તેનો ફકત એટલો જ અર્થ કે વ્યકિત પોતાના કેન્દ્રસ્થ લક્ષ્યમાં વિલીન થઈ જાય, અને એવા વિચાર સાથે કે એક વખત તેની પ્રાપ્તિ થાય તો બધા સંબંધોનું સાચા પાયા ઉપર સ્થાપન કરવું સહેલું પડે; બીજાઓ સાથે સાચી રીતે હૃદયમાં, આત્મામાં અને જીવનમાં એકતા પ્રાપ્ત થાય, તેમ જ આધ્યાત્મિક સત્યમાં અને પરમાત્મામાં એકતા થાય, બીજા વર્ગમાં વ્યકિત પોતે જયાં હોય ત્યાંથી આગળ જાય છે અને મુખ્યત્વે પરમાત્માની શોધ કરે છે અને તે સિવાય બાકીની બધી વસ્તુઓને ગૌણ ગણે છે, પરંતુ દરેક વસ્તુને તે એક બાજુએ મૂકી દેતી નથી, પરંતુ જે વસ્તુ આવા રૂપાંતરને શકય બનાવી શકે અને તેને ક્રમિક રીતે અને

પ્રગતિશીલ રીતે રૂપાંતર કરી શકે તેની શોધ કરે છે. આવા સંબંધમાં જે કોઈ વસ્તુની ઈચ્છા ન હોય તે બધી જ વસ્તુઓ - કામવાસનાની અશુદ્ધિ, ઈર્ષા, ક્રોધ, અહંકારયુક્ત માગણી - જેમ જેમ આંતર-સ્વરૂપ વધારે અને વધારે વિશુદ્ધ થતું જાય છે તેમ તેમ ખરી પડે છે અને તેમની જગાએ આત્માનું આત્મા સાથે ઐક્ય તથા સામાજિક જીવનને એવી રીતે ગોઠવે છે જે પરમાત્મા સાથેના સંબંધમાં બંધાય છે.

એવું નથી કે માણસને સાધકોના વર્તુળ સિવાયના બહારના માણસો સાથે સંબંધો ન હોય, પરંતુ તેમાં પણ જો આધ્યાત્મિક જીવનનો પોતાની ભીતરમાં વિકાસ થાય, તો તે વસ્તુ જરૂર સંબંધને અસર કરે છે અને સાધકની તરફેણમાં તેનું આધ્યાત્મીકરણ થાય છે, અને તેમાં કોઈ પણ એવી આસકિત ન હોવી જોઈએ જેથી તે સંબંધ એક વિઘ્નરૂપ હોય અથવા તે વ્યકિત પ્રભુનો હરીફ ન હોવો જોઈએ. કુટુંબ પ્રત્યેની વફાદારી વગેરે એવા પ્રકારનાં હોય છે અને જો તે પ્રમાણે હોય તો તે સાધકમાંથી ખરી પડે છે. આ વસ્તુ એવી મુશ્કેલીભરી લાગે છતાં હું ધારું છું કે તે અતીશય મુશ્કેલ નથી. તે બધું જ ધીરે ધીરે ક્રમિક રીતે થાય છે; અત્યારના અસ્તિત્વમાં રહેલા સંબંધોને તોડી નાખવાનું કેટલાકને માટે જરૂરી છે, પરંતુ બધાં માટે તે જરૂરી નથી. ગમે તેટલું ક્રમિક રીતે થતું રૂપાંતર પણ અનિવાર્ય છે. અને જ્યાં છૂટા પડવાની સાચી બાબત કરવાની છે ત્યાં છૂટા થવું જરૂરી છે.

નોંધ :– મારે ફરીને પુનરાવર્તન કરવું પડશે કે દરેક પ્રસંગ ભિન્ન રીતનો હોય છે – દરેકને માટે એક જ નિયમ કરવો એ વ્યવહારું અથવા વ્યવહારમાં મૂકવા જેવો હોતો નથી. દરેકને પોતાની આધ્યાત્મિક પ્રકૃતિ માટે જે જરૂરી છે તે જે દષ્ટિબિંદુની જરૂર હોય તે પ્રમાણેની આવશ્યક વસ્તુ છે.

*

પ્રેમ અને મિત્રો પ્રત્યેની લાગણીનો અભાવ પરમાત્મા પ્રત્યેની નજીકતા માટે જરૂરી નથી; તેનાથી ઊલટું, એક પ્રકારની બીજાઓની સાથે આત્મીયતા અને એકતા એવી દિવ્ય-ચેતનાનો ભાગ છે જેમાં સાધક પરમાત્મા સાથેની ઐકયતા અને આત્મીયતા સાથે પ્રવેશ કરે છે. બધાં જ પ્રકારના સંબંધોનો સંપૂર્ણ ઈનકાર, એ ખરેખર માયાવાદીનું છેવટનું લક્ષ્ય હોય છે, અને સંન્યાસના યોગમાં જગતના બધા સંબંધોનો ત્યાગ અને આત્મીયતા તથા આસકિતમાંથી મુક્ત તેમ જ જીવતા પ્રાણીઓ પ્રત્યેનો અનુરાગ પણ કાઢી નાખશે એ મોક્ષ, મુકિત તરફથી પ્રગતિની આશાસ્પદ વિનાશી ગણાય છે. પરંતુ ત્યાં પણ હું ધારું છું કે એકતાની લાગણી અને સર્વ પ્રત્યે આસકિતવિહીન આધ્યાત્મિક સહાનુભૂતિએ લગભગ છેવટની

નજીકનું પગથિયું છે. તે જેવી રીતે બુદ્ધવાદમાં મોક્ષ અથવા નિર્વાણમાં જતા પહેલાં કરૂણા તેની પહેલાનું પગથિયું છે. આ પત્રમાં બધાની સાથે એકતાની લાગણી, પ્રેમ, વિશ્વરૂપ આનંદ, એ મુકિતનો અને પૂર્ણતાનો અગત્યનો ભાગ છે અને તે વસ્તુઓ આ સાધનાનું લક્ષ્ય છે.

બીજી બાજુએ, માનવ સમાજ, માનવની મિત્રતા, પ્રેમ, લાગણી, ભ્રાતૃભાવ ઘણે ભાગે – બધાં જ પ્રસંગોમાં નહિ – પ્રાણમય સંબંધો ઉપર રચાયેલા હોય છે. અને તેમના કેન્દ્રમાં અહંકાર કાર્ય કરતો હોય છે તે એટલા માટે કે પોતે પ્રેમપાત્ર બનવા માટે, બીજાના સંપર્ક દ્વારા પોતાના અહંકારને વિશાળ કરવાનો આનંદ, એક બીજાના અન્યોન્ય ભાવોનું મિલન, એક બીજાની પ્રાણમય આપ-લેથી તેમાં ઉત્પન્ન થતો ઉત્સાહ હોય છે જેને લઈને વ્યકિતત્વ પુષ્ટ થાય છે અને સામાન્ય-તયા માણસો તે વસ્તુને ચાહે છે અને તે ઉપરાંત બીજી વધારે સ્વાર્થી માગણીઓ આ મુખ્ય ગતિની સાથે ભેળસેળ થઈ જાય છે. અલબત્ત કેટલાક ઉચ્ચતર, ચૈતસિક, મનોમય, પ્રાણમય તત્ત્વો તેની અંદર આવે છે અથવા આવી શકે છે પરંતુ તે ઉત્તમ હોય છતાં તેમાં ઘણું મિશ્રણ હોય છે. એટલા માટે જ અમુક અવસ્થાઓ કોઈ પણ કારણ માટે અથવા કારણ વગર પણ જગત અને જીવન અને માનવ સમાજ તથા સંબંધો અને ભ્રાતૃભાવ (જે બીજા જેટલો જ અહંકાર યુકત હોય છે) એ બધી જ વસ્તુઓ અણગમો ઉત્પન્ન કરે છે. કેટલીક વખત એક ઉપરછલ્લી રીતના કારણસર – પ્રાણની સપાટી ઉપરની નિરાશા, જેમને ચાહતા હોઈએ તે માણસોનું દર્શન, આપણે તેમના વિષે જેવું વિચારીએ છીએ કે તેઓ કેવા હશે તે, અને બીજા ઘણા કારણોસર તે વસ્તુ બને છે; પરંતુ ઘણે ભાગે તો આપણા આંતર-સ્વરૂપના કોઈક ભાગમાં એક ગુપ્ત નિરાશા રહેલી હોય છે તે તેના માટે કારણભૂત હોય છે અને તે વસ્તુનો મનમાં યોગ્ય કે સાચો અનુવાદ થતો નથી કારણ કે તે મન એવી કેટલીક વસ્તુઓની અપેક્ષા રાખે છે જે તેને તેમની પાસેથી પ્રાપ્ત થતી નથી. એવા પ્રસંગે ઘણા માણસો આધ્યાત્મિક માર્ગ ઉપર દોડી જાય છે અથવા વળી જાય છે તેનું કારણ આ હોય છે. કેટલાક માટે તે વૈરાગ્યનું સ્વરૂપ ધારણ કરે છે. જે તેમને સંન્યાસીની અનાસકત વૃત્તિ ધારણ કરાવે છે, અને તેઓ મોક્ષ માટે ઝંખના કરે છે. આપણે જે વસ્તુને જરૂરી ગણીએ છીએ તેમાં આપણામાંથી આ મિશ્રણ દૂર થવું જોઈએ અને આપણી ચેતના એક શુદ્ધ ભૂમિકા ઉપર સ્થાપિત થવી જોઈએ (કેવળ આધ્યાત્મિક અને ચૈતસિક જ નહિ પરંતુ એક વધારે વિશુદ્ધ અને ઉચ્ચતર મનોમય, પ્રાણમય અને શારીરિક ચેતના ઉપર પણ) જેમાં આ પ્રકારનું મિશ્રણ ન હોય, ત્યાં વ્યકિત એકતાનો, શુદ્ધ આનંદ

અનુભવશે તથા તેના પાયામાં પ્રેમ અને સહાનુભૂતિ તથા ભ્રાતૃભાવ, આધ્યાત્મિક રીતના તથા સ્વયંભૂ રીતે અનુભવશે, પરંતુ તેઓની અભિવ્યકિત પ્રકૃતિના બીજા ભાગો મારફતે થશે. જો તે પ્રમાણે બને તો અચૂક ફેરફાર બની આવશે; આ બધી ગતિઓનું જૂનું સ્વરૂપ ખરી પડવું જોઈએ, અને એક નવીન અને ઉચ્ચતર તત્ત્વને માટે તેમણે જગા ખાલી કરવી પડશે, જેથી પોતાનો અભિવ્યકિતનો અને પરમાત્માના સાક્ષાત્કારનો માર્ગ આ બધી વસ્તુઓ મારફતે ખુલ્લો થાય, અને તે જ આ વસ્તુનું આંતરિક સત્ય છે.

એટલે તમે જે તમારી અવસ્થાનું વર્ણન કર્યું, તેને હું એક વચગાળાની અને પરિવર્તન પામતી અવસ્થા તરીકે સમજું છું, જે શરૂઆતમાં નકારાત્મક હોય અને શરૂઆતની ગતિઓ તે પ્રમાણેની જ હોય છે જેથી કરીને તે જગા ખાલી થાય, અને એક નવી વિધાનાત્મક પરિસ્થિતિ ઉત્પન્ન થાય, તે જગાએ રહેતી થાય, અને તેને સભર કરી દે, પરંતુ પ્રાણને કોઈ લાંબો અથવા પૂરતા પ્રમાણનો કે પૂર્ણ અનુભવ હોતો નથી કે ખાલી જગા શેનાથી ભરવી; જેથી તે પોતાને પડેલી ખોટને જ અનુભવે છે અને તેના માટે નિરાશ થાય છે – ભલે પછી સ્વરૂપનો એક બીજો ભાગ તેને છોડવા માટે તૈયાર હોય, અને તેને તે જગા રાખવાની ઝંખના ન હોય. જો આ રીતની પ્રાણમય ગતિ ન હોત (જે તમારામાં ઘણી બળવાન અને વિશાળ તથા જીવન-શકિતથી ભરેલી છે) તે આ વસ્તુઓનું અદૃશ્ય થવું, એટલે કે પ્રથમ ભાવમાં શૂન્યાવકાશ આપવો, તે શાંતિ, રાહત અને મહત્તર વસ્તુના આગમનની અનુભૂતિ લાવતી હોત, પ્રથમ જગામાં જે વસ્તુથી શૂન્યાવકાશ ભરવાની ઇચ્છા હતી તેનું સૂચન શાંતિ અને આનંદથી ભરવાનું હતું. અને તે વસ્તુ તમને શિવના સ્પર્શથી આવેલી - સ્વાભાવિકતયા આટલી વસ્તુ પૂર્ણ નથી, પણ એક શરૂઆત છે, એક નવીન આત્મ-તત્ત્વનો પાયો છે. એક નવીન ચેતના, મહત્તર પ્રકૃતિની પ્રક્રિયા છે; મેં તમને કહ્યું છે તે પ્રમાણે તે એક ગાઢ આધ્યાત્મિક સ્થિરતા અને શાંતિ છે, ભકિત અને આનંદને કાયમી ટકાવી રાખવાનો તે જ પાયો છે, તે નવીન ચેતનામાં બીજાઓ સાથેના સંબંધો રાખવા માટેનો એક જુદો જ પાયો છે; કારણ કે તમારી આધ્યાત્મિક નિયતિ સંન્યાસી જેવી શુષ્ક અને એકાકી અથવા એકાંતિક ન હોઈ શકે. કારણ કે તે તમારા સ્વભાવ સાથે સુમેળમાં નથી. તમારો સ્વભાવ આનંદ, વિશાળતા, વિસ્તાર અને જીવન-શકિતની એક સમગ્ર વસ્તુને આવરી લેતી ગતિ માટે બનેલો છે. તેથી નિરાશ ન બનશો; શિવની વિશુદ્ધિકરણની ગતિ માટે રાહ જુઓ.

*

મેં કાયમ કહેલું છે કે પ્રાણ એ પરમાત્મા અથવા આધ્યાત્મિક કાર્ય માટે અનિવાર્ય વસ્તુ છે – તેના સિવાય કદી પૂર્ણ અભિવ્યકિત કે જીવનમાં સાક્ષાત્કાર બની આવી શકે નહિ – સાધનામાં ભાગ્યે જ સાક્ષાત્કાર થઈ શકે, જ્યારે હું પ્રાણમય મિશ્રણ વિષે વાત કરું છું અથવા પ્રાણની અટકાયતો, બંડો વિગેરે વિષે, ત્યારે તે અપરિવર્તન પ્રાણ જેમાં કામનાઓ અને અહંકાર તથા નિમ્ન આવેગો હોય છે એવા પ્રાણ વિષે હું કહું છું. હું મન અને શારીરિક વિષે પણ તે જ પ્રમાણે કહી શકું જ્યારે તેઓ વિઘ્ન ઉત્પન્ન કરે અથવા બંડ ઊઠાવે, પરંતુ પ્રાણ વિષે ખાસ એટલા માટે કહું છું, કારણ કે પ્રાણ ઘણી સમર્થ વસ્તુ છે અને તે અનિવાર્ય છે. તેની અટકાયત, વિરોધ અથવા સહકાર માટેનો ઇનકાર ખૂબ અસરકારક હોય છે અને તેના ખોટા મિશ્રણો સાધના માટે વધારે જોખમકારક હોય છે, એટલા માટે જ મેં અપરિવર્તિત પ્રાણના જોખમો સામે તથા તેના ઉપર કાબુ રાખવા માટે અને તેમાં વિશુદ્ધિ માટે ખાસ આગ્રહ રાખેલો છે એ એટલા માટે નથી કે હું સંન્યાસીઓની માફક પ્રાણ તથા તેની જીવનશકિતને એક ધિક્કારવા લાયક વસ્તુ ગણી તેની પોતાની પ્રકૃતિનો ઇનકાર કરું છું.

સ્નેહ, પ્રેમ, કોમળતા વગેરે વસ્તુઓ ચૈતસિક ગુણોવાળી વસ્તુઓ હોય છે, પ્રાણમાં તે એટલા માટે હોય છે કે ચૈત્ય પુરુષ પોતાની જાતને પ્રાણ મારફતે અભિવ્યક્ત કરે છે. ચૈત્ય પુરુષ ઘણી જ સરળતાથી ઊર્મિમય સ્વરૂપ મારફતે સહેલાઈથી અભિવ્યકિત કરે છે કારણ કે તે હૃદયના કેન્દ્રની પાછળ જ રહેલો હોય છે. પરંતુ તેને માટે આ બધી વસ્તુઓ શુદ્ધ હોવી જોઈએ. તેનો અર્થ એવો નથી કે તે પ્રાણ અને શારીરિક દ્વારા બાહ્ય અભિવ્યકિતનો ઇનકાર કરે છે પરંતુ ચૈત્ય પુરુષ આત્માનું સ્વરૂપ હોવાથી તે સ્વાભાવિક રીતે જ એક આત્માનું બીજા આત્મા પ્રત્યેનું આકર્ષણ અનુભવે છે, અને એક આત્માનું બીજા આત્મા સાથેનું ઐક્ય વગેરેને ખૂબ ટકાઉ અને સઘન વસ્તુ તરીકે અનુભવે છે. મન, પ્રાણ અને શરીર અભિવ્યકિતના સાધનો છે અને ઘણા અગત્યના સાધનો છે, પરંતુ આત્મા માટે તો આંતરિક જીવન એ પ્રથમ વસ્તુ છે, એક વધારે ઊંડી વાસ્તવિકતા અને આ સાધનોને ગૌણ ગણવાના છે અને તેના વડે તેમનું નિયંત્રણ કરવાનું છે. તે વસ્તુઓ તેની અભિવ્યકિત, તેના કારણો અને નહેર જેવાં છે. મને નથી લાગતું કે હું આંતર જીવન માટે, ચૈતસિક અને આધ્યાત્મિક વસ્તુઓ માટે આગ્રહ રાખું છું. તેમાં હું કોઈ નવી અણજાણ અથવા બુદ્ધિમાં ન સમજાય એવી વાત નથી કરતો. શરૂઆતથી જ આ વસ્તુઓ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે અને જેમ જેમ માનવીઓ ઉત્ક્રાંતિમાં આગળ વધે છે તેમ તેમ તેઓ આ વસ્તુની અગત્ય સમજે

છે. આ આંતર જીવન ઉપર, અંતરાત્મા ઉપર અને આત્મા ઉપર મુખ્ય અગત્યની સ્થાપના સિવાય યોગ કઈ રીતે શકય બની શકે તે મને સમજાતું નથી. પ્રાણ ઉપર કાબુ રાખવાની ખાસ અગત્ય છે, તેનું આધ્યાત્મિક અને ચૈતસિક તત્ત્વ સમક્ષ ગૌણ સ્થાન હોવું એ પણ કોઈ નવીન, અજાણી કે અતિશય વધારે વસ્તુ નથી. કોઈ પણ આધ્યાત્મિક પ્રકારના જીવન માટે, કાયમ તેના માટે આગ્રહ રાખવામાં આવેલો છે; એવો યોગો જેમાં પ્રાણનાં શ્રેષ્ઠ ઉપયોગની શોધ કરવામાં આવી છે, જેમ કે કેટલાંક વૈષ્ણવ પ્રકારના યોગો, તેમાં પણ પ્રાણના વિશુદ્ધિકરણ અને પરમાત્માને સંપૂર્ણ સમર્પણ કરવાનો આગ્રહ રાખવામાં આવે છે. પ્રભુના સર્વ સાક્ષાત્કારો આંતરિક હોય છે, જ્યારે અહીં આત્મા ફકત ઊર્મિમય સ્વરૂપ મારફતે પોતાનું અર્પણ કરે છે. અંતરાત્મા અથવા ચૈત્ય પુરુષ એવી વસ્તુ નથી જેને વિષે કદી સાંભળવામાં ન આવ્યું હોય, અથવા એવી વસ્તુ નથી જેને સમજાય તેવી ન હોય.

*

માનવ સહાનુભૂતિ સ્પષ્ટ રીતે જ અવિશ્વસનીય છે કારણ કે તેનો પાયો સ્વાર્થ અને કામના ઉપર રચાયેલો હોય છે; તે અહંકારની જવાળા છે જે કેટલીક વખત ધૂંધળી અને ધુમ્મસવાળી હોય છે અને કેટલીક વખત સ્વચ્છ અને પ્રકાશિત રંગોવાળી હોય છે – કેટલીક વખત અંધ:પ્રેરણા અને ટેવ ઉપર રચાયેલી તામસિક હોય છે અને કેટલીક વખત રાજસિક હોય છે અને આવેગ અથવા પ્રાણમય આદાન-પ્રદાનની માગણી ઉપર તે પુષ્ટ થાય છે, કેટલીક વખત વધારે સાત્વિક હોય છે અને અનાસકત બનવાનો પ્રયત્ન કરે છે અથવા તેની પોતાની જાતને ગણે છે. પરંતુ મૂળભૂત રીતે તેનો આધાર કોઈક વ્યકિતગત જરૂરીયાત અથવા કોઈક આંતરિક કે બાહ્ય પ્રકારનો બદલો માગે છે; અને જયારે તે જરૂરીયાત સંતોષાય નહિ અથવા બદલો મળતો બંધ થઈ જાય અથવા બદલો આપવામાં ન આવે તો તે છુટી જાય છે અથવા નાશ પામે છે અથવા એક કામચલાઉ અને ટેવના ભૂતકાલિન અસંતોષી શેષ ભાગ તરીકે અસ્તિત્વ ટકાવી રાખે છે અથવા પોતાના સંતોષ માટે બીજી જગાએ વળી જાય છે. જેટલી વધારે તીવ્રતાવાળી તે હોય છે તેટલી વધારે ઘોંઘાટભરી, સંઘર્ષયુકત, ઝઘડાખોર, તથા અહંકારના બધાં સંક્ષોભવાળી, સ્વાર્થયુકત માગણીઓવાળી હોય છે. અને કેટલીક વખત તો તે ગુસ્સો અને ધિક્કારમાં પડી તૂટી જાય છે. એવું નથી કે આ લાગણીઓ વધારે ટકતી નથી – ભ્રામણિક અંધ:પ્રેરણાઓ ટકે છે કારણ કે તેમને ટેવ પડેલી હોય છે – ભલે પછી માનવીઓ વચ્ચે દરેક જાતના ભેદભાવો હોય. દા. ત. કેટલીક કૌટુમ્બિક લાગણીઓ; એક બીજા વચ્ચે મતભેદો અને તકલીફો

તથા ગુસ્સાના બનાવો હોવા છતાં રાજસિક લાગણીઓ કેટલીક વખત ટકી રહે છે કારણ કે એક વ્યકિતને બીજી વ્યકિતની પ્રાણમય જરૂરીયાત હોય છે અને તેને લઈને એક વ્યકિત બીજાને વળગી રહે છે અથવા બન્નેને એકબીજાની જરૂરીયાત હોવાથી ટકી રહે છે અથવા એકબીજાથી જુદા પડે છે અને વળી પાછા ફરી એકઠા થાય છે અને પછી ઝઘડાનું સમાધાન કરે છે અને સમાધાન પછી ફરી ઝઘડો થાય છે. (સાત્વિક લાગણીઓ ઘણી વખત એટલા માટે ટકે છે કે તેમાં બીજો પણ કોઈ આધાર હોય છે, જો કે તેની ઝંખના તીવ્રતા અથવા ઉજ્જવળતા કદાચ નાશ પણ પામી હોય. પરંતુ સાચી વિશ્વસનીયતા ત્યારે જ પ્રાપ્ત થાય જયારે માનવ લાગણીઓમાં ચૈતસિક તત્ત્વ પૂરતા પ્રમાણમાં બળવાન હોય, જે બીજી બધી લાગણીઓને રંગ લગાડે અથવા તેના ઉપર વિજય પ્રાપ્ત કરે. એટલા માટે જ માનવ સંબંધોમાં મિત્રતા સૌથી વધારે ટકાઉ હોય છે કારણ કે તેમાં પ્રાણતત્ત્વની ઓછી દખલ હોય છે, અને તેમાં અહંકારની જ્વાળા હોવા છતાં તે સ્થિર અને શુદ્ધ અગ્નિ હોઈ શકે જે એક હૂંફ અને પ્રકાશ આપતો હોય. તેમ છતાં વિશ્વસનીય મિત્રાચારી કાયમ બહુ ઓછી હોય છે; ઢગલાબંધ વિશ્વાસપાત્ર પ્રેમાળ મિત્રો હોવા, નિ:સ્વાર્થી વિશ્વાસુ મિત્રો પ્રાપ્ત કરવા એ ઘટના એટલી બધી વિરલ હોય છે કે તે વસ્તુને મૃગજળ જેવી ગણવી જોઈએ...... ગમે તે રીતે માનવ લાગણીઓના સ્થાનની ગમે તે મૂલ્ય હોય છતાં, તેની મારફતે ચૈત્ય પુરુષ ઊર્મિમય અનુભૂતિઓ પ્રાપ્ત કરતો હોવાથી તેની જરૂર ત્યાં સુધી રહેલી છે કે તે સપાટી ઉપરની લાગણીઓને બદલે સાચી લાગણીઓને પસંદ કરે, અપૂર્ણતાને બદલે પૂર્ણતાને પસંદ કરે અને માનવ લાગણીઓને બદલે પરમાત્મા પ્રત્યેની લાગણીઓમાં તેમનું રૂપાંતર થાય. જે રીતે ચેતનાને ઊર્ધ્વતર ભૂમિકા ઉપર ચડાણ કરવાનું છે તે પ્રમાણે હૃદયની ક્રિયાઓને પણ તે ઊર્ધ્વ ભૂમિકા સુધી ઉપર ઊઠાવવાની છે અને તેમના પાયા અને ગુણોમાં રૂપાંતર લાવવાનું છે. યોગ એટલે સમગ્ર જીવન અને ચેતનાનો પરમાત્મા ઉપરનો પાયો રચવાનું કાર્ય અને તે જ પ્રમાણે પ્રેમ અને લાગણીઓનાં મૂળ, પરમાત્મામાં હોવાં જોઈએ અને તેમનો પાયો પરમાત્મામાં એક આધ્યાત્મિક અને ચૈતસિક એકતા ઉપર રચાયેલો હોવો જોઈએ. બીજી બધી વસ્તુઓને એક બાજુએ મૂકી દઈને, પરમાત્માની શોધ કરવી અથવા કેવળ પરમાત્માની જ શોધ કરવી, એ વસ્તુ જ તે પરિવર્તન તરફનો સીધો માર્ગ છે એટલે કે કોઈ પણ પ્રકારની આસકિત નહિ – તેનો અર્થ એવો નથી કે લાગણીઓનું ધુણામાં રૂપાંતર કરવું અથવા તો ઠંડી તટસ્થતા ધારણ કરવી. પરંતુ ક્ષને તો તેની ઊર્મિઓને જે પ્રકારની છે તે પ્રકારની પ્રાણમય

કરવા દો અને તેના માટે વ્યાખ્યાનો આપશો નહિ કે ટીકાઓ કરશો નહિ; તે તો તેપ્રમાણે નહિ બની શકે તો તેણે પોતે જ તે વસ્તુ શોધી લેવાની રહેશે.

*

તમારી પ્રકૃતિ અથવા તમારા કમભાગ્યને લઈને બીજાઓ પાસેથી તમને જે સંતોષ મળવો જોઈએ તે પ્રાણનો સંતોષ મળ્યો નથી. એ સાચું નથી કે આ બધા સંબંધો કદી પૂર્ણ અથવા કાયમી સંતોષ આપી શકતા નથી; જો તેઓ આપી શકયા હોત તો તે માણસ માટે પરમાત્માની શોધ કરવાનું કોઈ કારણ રહેત નહિ. તે સામાન્ય પાર્થિવ જીવનમાં સંતોષ પામી પડયો રહેત. જ્યારે પરમાત્માની પ્રાપ્તિ થાય છે અને ચેતના સાચી ચેતનામાં ઊર્ધ્વીકરણ કરે છે ત્યારે જ બીજાઓ સાથેના સાચા સંબંધો બની શકે છે.

જ્યારે મેં કહેલું કે તેમાં કોઈ નુકસાન નથી ત્યારે હું એમ કહેવા માગતો હતો કે તમારી પોતાની જાતમાં મંથન અનુભવવાને બદલે તમારા મનમાં શું ચાલી રહ્યું છે તે માતાજીને કહી દેવું સારું છે, પરંતુ એક વખત કહ્યા પછી બધી જ વસ્તુઓ મનમાંથી કાઢી નાખીને, મને પોતાની સ્થિરતા પાછી પ્રાપ્ત કરવી જોઈએ.

*

આ બધી ગતિઓ, માણસની અવિદ્યામય, પ્રાણમય પ્રકૃતિનો ભાગ છે. માનવીઓ જે એક બીજા પ્રત્યે પ્રેમનો અનુભવ કરે છે તે ઘણે ભાગે અહંકાર-યુકત પ્રાણમય પ્રેમ હોય છે અને આ બીજી બધી ગતિઓ માગણી, હક, ઈર્ષા, અભિમાન, ગુસ્સો વગેરે તેના સામાન્ય સાથીદારો હોય છે; યોગમાં તેમનું કોઈ સ્થાન નથી. તેમ જ સાચા પ્રેમમાં, ચૈતસિક કે દિવ્ય પ્રેમમાં પણ તેનું સ્થાન નથી. યોગમાં સર્વ પ્રેમ પ્રભુ પ્રત્યે વાળવો જોઈએ અને માનવો અથવા બીજા પ્રાણીઓ પ્રત્યે પરમાત્માના પાત્રો તરીકે વળવો જોઈએ. અભિમાન અને બાકીની બીજી વસ્તુઓનું તેમાં સ્થાન ન હોવું જોઈએ.

*

તે બધું જ, અલબત્ત પ્રેમ નથી પરંતુ આત્મ-પ્રેમ છે. ઈર્ષા આત્મ-પ્રેમનું કઢંગું સ્વરૂપ છે. માણસો તે વસ્તુ સમજતા નથી. તેઓ એવું પણ વિચારે છે કે માગણીઓ અને ઈર્ષા અને ઘવાયેલું મિથ્યાભિમાન પ્રેમની નિશાનીઓ છે અથવા તો તેઓ પ્રેમના સેવકો છે.

*

સામાન્ય પ્રાણની ગતિ કરતાં ઊર્ધ્વ પ્રાણની ગતિ વધારે સંસ્કારી અને વિશાળ હોય છે, તે સંવેદન અને કામનાને બદલે ઊર્મિ ઉપર વધારે ભાર મૂકે છે, પરંતુ તે માગણી અને માલિકીની કામનામાંથી મુકત હોતી નથી.

*

(માનવ જીવનમાં પ્રાણમય પ્રકૃતિના ભાગરૂપે રહેલા સંબંધોનું આધ્યાત્મિક જીવનમાં કોઈ મૂલ્ય નથી. તેઓ તો પ્રગતિમાં અવરોધક બને છે, કારણ કે મન અને પ્રાણ પણ પૂર્ણ રીતે પરમાત્મા પ્રત્યે વળેલાં હોવાં જોઈએ. તે ઉપરાંત, સાધનાનો હેતુ એક આધ્યાત્મિક ચેતનામાં પ્રવેશ કરવાનો હોય છે અને દરેક વસ્તુનો પાયો એક નવીન આધ્યાત્મિક ચેતના ઉપર રચવાનો હોય છે, આ વસ્તુ ત્યારે જ બને જ્યારે માણસ પરમાત્માની સાથે પૂર્ણ એકતામાં પ્રવેશ કરે. તે દરમિયાન માણસે સર્વ પ્રત્યે એક શુભ કામના રાખવાની હોય છે, પરંતુ પ્રાણમય પ્રકારના સંબંધો સહાય કરતા નથી. કારણ કે તેઓ ચેતનાને નીચે પ્રાણમય ભૂમિકા ઉપર રાખે છે અને તેને ઊર્ધ્વ ભૂમિકા ઉપર ઊઠવામાંથી અટકાવે છે.)

(તમારો પૂરક આત્મા અને લગ્ન વિષેના પ્રશ્નનો ઉત્તર આપવો સહેલો છે; આધ્યાત્મિક જીવનનો માર્ગ એક દિશામાં રહેલો છે અને લગ્નનો માર્ગ બીજી જ દિશામાં અથવા વિરુદ્ધ દિશામાં રહેલો છે. પૂરક આત્મા વિષેની બધી જ વાત એક છદ્મ, આવરણ છે જેના વડે મન સંવેદનપૂર્ણ, આવેગપૂર્ણ અને નિમ્ન પ્રાણમય પ્રકૃતિની શારીરિક માગણીઓને ઢાંકવા પ્રયત્ન કરે છે. તમારી અંદર રહેલી તે પ્રાણમય પ્રકૃતિ તે પ્રશ્ન મૂકે છે અને તેને માટે એવો ઉત્તર પસંદ કરે છે જે કામનાઓ અને માગણીઓની સાથે, તમારા સાચા આત્માના સાદની સાથે સમાધાન કરનારો હોય, પરંતુ તેણે અહીં મારી પાસેથી અસંગત સમાધાન માટેની મંજુરીની અપેક્ષા ન રાખવી જોઈએ. અતિમાનસ યોગનો માર્ગ સ્પષ્ટ છે; તેમાં આવી વસ્તુઓ માટેની કોઈ છૂટછાટ નથી. અને તમારા પ્રસંગમાં તો નહિ જ. આવા આધ્યાત્મિક આવરણની નીચે તમારે ગૃહસ્થી જીવનની તથા લગ્ન જીવનની ઝંખનાઓ અને સંતોષો તથા સામાન્ય ઊર્મિમય કામનાઓ અને શારીરિક આવેગોને નીચે સંતોષ જોઈતો હોય તો નહિ જ ચાલે, પરંતુ તમારે તે બલો, જેઓ વિકૃતિ અને દુરુપયોગ કરે છે તેમના વિશુદ્ધિકરણ અને રૂપાંતર મારફતે જ આધ્યાત્મિક જીવન શકય બનાવવું પડે આવી માનવની અને પશુની માગણી ન હોવી જોઈએ; પરંતુ એક દિવ્ય આનંદ જે ઊર્ધ્વમાં છે અને તેમનાથી પર રહેલો છે તેમાં આવી નિમ્ન સ્વરૂપની માગણીઓ ચાલુ રાખવાનો વિકૃત રૂપનો તે દિવ્ય આનંદને અવતરણ

કરતો અટકાવે છે. એ આનંદ એક મહાન વસ્તુ છે, જેને માટે પ્રાણમય પુરુષ સાધકમાં તેની અભીપ્સાની માગણી કરે છે.)

*

માનવ પ્રાણની આપ-લે સાધના માટેનો સાચો પાયો હોઈ શકે નહિ પરંતુ તેનાથી ઊલટું તે તેમાં અટકાયત કરે છે અને વિકૃતિ લાવે છે, અને ચેતનામાં આત્મ-વંચના લાવે છે, તથા ઊર્મિમય સ્વરૂપ અને પ્રાણમય પ્રકૃતિને ખોટો વળાંક આપે છે.

*

તમે કુટુમ્બ સાથેના બંધનોની વાત લખો છો, તે પૂર્ણ રીતે સાચી. તે બિન-જરૂરી આદાન-પ્રદાન ઉત્પન્ન કરે છે અને પ્રભુ પ્રત્યે પૂર્ણ રીતે વળવામાં વિઘ્નરૂપ બને છે. યોગને સ્વીકાર્યા પછી આપણા સંબંધો ભૌતિક મૂળ ઉપર અથવા શારીરિક ચેતના ઉપર બંધાયેલા હોવાં જોઈએ અને સાધનાના પાયા ઉપર વધારે અને વધારે બંધાયેલા હોવા જોઈએ. સાધકોના સાધકો સાથે, બીજાઓ સાથે જેવી રીતે આત્માઓ એક જ માર્ગે મુસાફરી કરતા હોય તે રીતે, અથવા સામાન્ય રીતના સંબંધો કરતાં અથવા જૂના સંબંધોને બદલે માતાજીના બાળકો સાથે જે રીતનો સંબંધ રાખીએ તે રીતે રાખવાં જોઈએ.

*

જ્યારે વ્યકિત આધ્યાત્મિક જીવનમાં પ્રવેશ કરે છે, ત્યારે સામાન્ય જીવનના કૌટુમ્બિક બંધનો ખરી પડે છે. વ્યકિત જૂની વસ્તુઓ પ્રત્યે તટસ્થ બને છે. આ અનાસકિત એક મુકિત છે; તેમાં કોઈ કર્કશતા ન હોવી જોઈએ. જૂની શારીરિક લાગણીઓ સાથેના બંધનમાં રહેવાનો અર્થ જૂની સામાન્ય પ્રકૃતિ સાથે બંધાઈ રહેવું અને તેને લઈને આધ્યાત્મિક પ્રગતિને અટકાવવી.

*

માતા-પિતા સાથેની આસકિત એ સામાન્ય ભૌતિક પ્રકૃતિનું લક્ષણ છે; તેને અને દિવ્ય જીવનને કોઈ સંબંધ નથી.

*

તે વસ્તુ (બાળકનું તેને ઉછેરવા માટે પિતા પ્રત્યેનું ઋણ) માનવ સમાજનો ધર્મ છે, નહિ કે કર્મનો ધર્મ. બાળકે તેના પિતાને જગત ઉપર લાવવાનું કહ્યું ન હોતું અને જો તેના પિતાએ તે વસ્તુ પોતાના આનંદ ખાતર કરેલી હોય છે, તો તે બાળકને ઉછેરવું એ ઓછામાં ઓછું કરવું પડે છે. આ બધા સામાજીક સંબંધો છે (અને તેમાં બિલકુલ બાળકનું પિતા પ્રત્યેનું એકતરફી ઋણ પણ નથી),

પરંતુ તે વસ્તુઓ જે કાંઈ પણ હોય છતાં માણસ આધ્યાત્મિક જીવન સ્વીકારે પછી તે બંધ થઈ જાય છે. કારણ કે આધ્યાત્મિક જીવનનો કોઈ પણ આધાર બાહ્ય ભૌતિક સંબંધો ઉપર નથી, માણસે જે કાંઈ કરવાનું છે તે પરમાત્મા પ્રત્યે કરવાનું છે.

*

જ્યારે આંતર-સ્વરૂપ પરમાત્મા પ્રત્યે વળે છે ત્યારે સ્વાભાવિક રીતે જ જૂના પ્રાણમય સંબંધો અને બાહ્ય ગતિઓ અને સંપર્કોથી તે દૂર ખસી જાય છે. અને તે પ્રમાણે ત્યાં સુધી બને છે, જ્યાં સુધી તે આંતર-સ્વરૂપ એક નવીન ચેતના બાહ્ય સ્વરૂપમાં દાખલ ન કરી શકે.

*

તમે જે ગતિની વાત કરો છો, તે ચૈતસિક નથી પણ ઊર્મિમય છે, તે એક પ્રાણમય ભાવનાનું બલ છે જેને તમે બહાર કાઢો છો અને નિષ્ફળ બનાવો છો. તે નુકસાનકારક પણ છે; કારણ કે, એક બાજુએ આ બધા માણસો સાથેના ભૂતકાળના પ્રાણમય સંબંધો અથવા બંધનનો ઇનકાર કરવાનો પ્રયત્ન કરો છો, જ્યારે બીજી બાજુએ આવી ગતિથી તમે ફરીથી તે પ્રાણમય સંબંધોનું પુનઃસ્થાપન કરો છો. જો તમારી પ્રથમ ગતિમાં કોઈ વસ્તુ ખોટી હતી તો તે ક્ષતિનો ઉપાય કરવાનો આ માર્ગ બિલકુલ જૂઠાણાભર્યો છે.

અલબત્ત, કોઈ પણ વ્યક્તિ પ્રત્યે ઉગ્ર લાગણી રાખ્યા વગર ઇનકાર કરવો એ વધારે સારું છે; કારણ કે, ઉગ્રતા એ પ્રાણમાં રહેલી કોઈ નિર્બળતા છે જેને સુધારવી જોઈએ; બીજા કોઈ કારણસર નહિ. ઇનકાર સ્થિર, મક્કમ, ખાતરીભર્યો અને નિશ્ચયપૂર્વકનો હોવો જોઈએ; તો જ તે સંપૂર્ણ અને અસરકારક બનશે.

*

જેમ જેમ પ્રભુ પ્રેમમાં વિકાસ થતો જાય છે તેમ તેમ બીજી બધી વસ્તુઓ મનને મુશ્કેલી આપતી અટકી જાય છે.

*

પરમાત્મા પ્રત્યેના પ્રેમનો પ્રભાવ જ્યારે કોઈ પણ ભાગનો કબજો લે છે ત્યારે તેને પ્રભુ પ્રત્યે વાળવો જોઈએ. જે રીતે તમે વર્ણન કરો છો "માતાજી–પર એકાગ્રતા" – અને છેવટે બધી જ વસ્તુઓ સ્વરૂપના આ મધ્યવર્તી વળાંકની આસપાસ એકત્રિત થાય છે અને જેમાં ભૂતકાળના વિચારો ટેવ પ્રમાણે વારંવાર આવ્યા જ કરે છે તેમની સાથે કામ પાડવામાં મુશ્કેલી પડે છે. જો એકાગ્રતા સતત

વિકાસ પામ્યા કરે તો આ વસ્તુ નગણ્ય બની જાય છે અને તે મનના બહારના પરીઘ પર ફરીને છેવટે ખરી પડે છે અને તેની જગાએ નવીન ચેતનાની વસ્તુઓનું સ્થાપન થાય છે.

*

આંતરિક એકાકીપણાનો ઈલાજ પરમાત્મા સાથેની એકતાની આંતર-અનુભૂતિ-દ્વારા થઈ શકે છે; કોઈ પણ માનવ સંપર્ક આ શુન્યાવકાશને ભરી શકે નહિ. તે જ પ્રમાણે, આધ્યાત્મિક જીવન માટે બીજાઓ સાથેનો સંવાદ મનોમય અને પ્રાણમય લાગણીઓ ઉપર સ્થપાવો જોઈએ નહિ, પરંતુ દિવ્ય ચેતના ઉપર અને પરમાત્મા સાથેની એકતા ઉપર રચાવો જોઈએ. જ્યારે વ્યકિત પરમાત્માની અનુભૂતિ કરે અને બીજાઓ પરમાત્મામાં રહેલા છે એવી અનુભૂતિ કરે ત્યારે જ સાચો સંવાદ આવે છે. દરમ્યાન એક શુભનિષ્ઠા અને એકતા, જે સામાન્ય દિવ્ય લક્ષ્મીની અનુભૂતિ ઉપર રચાયેલી હોય, તથા બધાં જ માતાજીના બાળકો છે એવી ભાવના શકય બની શકે છે......... સાચો સંવાદ તો ફક્ત ચૈતસિક અથવા આધ્યાત્મિક પાયામાંથી જ પ્રાપ્ત થઈ શકે.

*

કેવળ પ્રભુ સાથે જ એકાંતમા રહેવું એ સાધક માટેની વિશિષ્ટ અધિકારની અવસ્થા હોય છે, કારણ કે તે અવસ્થામાં જ તે આંતરિક રીતે પરમાત્માની સૌથી નજીક પહોંચે છે અને ત્યાં ખંડમાં સર્વ અસ્તિત્વ સાથે વ્યવહાર કરી શકે છે, તેમ જ વિશ્વના મંદિરમાં પણ તે પ્રમાણે કરી શકે છે. ઉપરાંત તે સર્વ સાથેની સાચી એકતાની શરૂઆત અને પાયો બને છે અને તે એકતાનો સાચો પાયો પરમાત્મા ઉપર સ્થાપન કરે છે કારણ કે તે સર્વની સાથે પરમાત્મામાં મિલન પામે છે અને મનોમય અને પ્રાણમય અહંકારના જોખમી વ્યવહારમાં રહેતો નથી; એટલે એકલતાની ભીતિ ન રાખો, પરંતુ માતાજી ઉપર તમારો વિશ્વાસ રાખો અને આ માર્ગ ઉપર તેમના સામર્થ્ય અને કૃપાની અંદર આગળ પ્રગતિ કરતા જાઓ.

*

સાધકનો પ્રેમ પરમાત્મા માટે જ હોવો જોઈએ. જયારે તે પ્રમાણે પૂર્ણ રીતે બને ત્યારે જ તે બીજા લોકોને સાચી રીતે ચાહી શકે છે.

*

પોતાની જાતને બહારની વ્યકિતને આપી દેવાથી સાધનાના વાતાવરણમાંથી બહાર નીકળી જવું, અને પોતાની જાતને બાહ્ય જગતના બળોના હવાલે સોંપી દેવી.

વ્યકિતને બીજી કોઈ વ્યકિત માટે ચૈતસિક પ્રેમ હોઈ શકે, બધા જ પ્રાણીઓ માટે વૈશ્વિક પ્રેમ પણ હોઈ શકે, પરંતુ વ્યકિતએ પોતાની જાતને કેવળ પ્રભુને જ સોંપી દેવાની હોય છે.

*

એમ સામાન્ય રીતે કહી શકાય કે આત્મીયતાની લાગણીઓ ખરાબ છે કે સારી. તે વ્યકિત ઉપર, તેની અસરો ઉપર અને બીજી ઘણી વસ્તુઓ ઉપર આધાર રાખે છે. સામાન્ય નિયમ પ્રમાણે આ બધી લાગણીઓને બાકીની જૂની પ્રકૃતિની સાથે પરમાત્માને સમર્પણ કરવાની હોય છે જેથી જે કાંઈ દિવ્ય સત્યની સાથે સંવાદમાં હોય તેને રાખી શકાય તથા તમારી અંદર કામ કરવા માટે તેનું રૂપાંતર કરી શકાય. બીજાઓ સાથેના બધા સંબંધો પરમાત્મામાં સ્થાપિત થયેલા હોવા જોઈએ અને નહિ કે જૂની વ્યકિતગત પ્રકૃતિ ઉપર.

*

એક એવો પ્રેમ હોય છે જેમાં ઊર્મિ એક વૃદ્ધિ પામતી ગ્રહણશીલતા અને વિકાસ પામતા ઐકયમાં પરમાત્મા પ્રત્યે વળે છે, તેને જે પરમાત્મા તરફથી પ્રાપ્ત થાય છે તેની બીજાઓ તરફ વૃષ્ટિ કરે છે, પરંતુ મુક્ત રીતે અને બદલાની અપેક્ષા રાખ્યા સિવાય – જો તમે તે પ્રમાણે શકિતમાન હો તે પ્રેમ કરવાની ઉચ્ચતમ અને સંતોષકારક રીત છે.

*

એક અંગત સંબંધ ત્યારે જ રચાય છે જ્યારે જ્યારે બંને વ્યકિતઓ એક-બીજાની સાથે નિરપેક્ષ રીતે પરસ્પર નજર રાખે છે. આ યોગમાં વ્યકિતગત સંબંધો માટે નીચે પ્રમાણેનો નિયમ છે :– (૧) બધાં જ વ્યકિતગત સંબંધો સાધક અને પરમાત્મા વચ્ચેના એકમાત્ર સંબંધમાં અદૃશ્ય થવાં જોઈએ. (૨) બધાં જ અંગત (ચૈતસિક-આધ્યાત્મિક) સંબંધો દિવ્ય ભગવતી મામાંથી જ શરૂ થવા જોઈએ, તેમના દ્વારા જ નિર્માણ થવા જોઈએ અને ભગવતીમા સાથેના એકમાત્ર સંબંધના ભાગરૂપે હોવાં જોઈએ. જ્યાં સુધી તે વસ્તુ દ્વિવિધ નિયમનું પાલન કરે છે, અને તેમાં કોઈ શારીરિક રસ અથવા પ્રાણની વિકૃતિ અથવા તેનું મિશ્રણ દાખલ થવા દેતી નથી, ત્યાં વ્યકિતગત અંગત સંબંધો રહી શકે છે. પરંતુ હજુ સુધી અતિમાનસે કાબુ લીધેલો નથી, પરંતુ ફકત અવતરણ કરી રહ્યું છે, અને પ્રાણ અને ભૌતિક ભૂમિકાઓ ઉપર સંઘર્ષ ચાલી રહેલા છે તેથી જો અતિમાનસ પરિવર્તન અહીં થઈ ગયું હોત તો એટલી બધી સંભાળ રાખવાની જે જરૂર અત્યારે છે તેટલી જરૂર ન રહી હોત. બન્ને વસ્તુઓ સીધી જ માતાજીના

સંબંધની સાથે હોવી જોઈએ અને તેમના ઉપર જ સંપૂર્ણ રીતે નિર્ભર હોવી જોઈએ અને તેની સમગ્રતામાં કોઈ પણ ક્ષીણતા ન આવે, અથવા તો કોઈ પણ વસ્તુ થોડે ઘણે અંશે પણ આવીને તેમાં કાપ ન મૂકે.

*

(અહીં કોઈ પણ સાધક અને સાધિકાનો સંબંધને એટલા પ્રમાણમાં જ મંજૂરી મળે છે જેટલા પ્રમાણમાં એક સાધકનો બીજા સાધક સાથેનો સંબંધ હોય અથવા એક સાધિકાનો બીજી સાધિકા સાથે હોય, એક એવો મિત્રાચારીભર્યો સંબંધ જેટલો યોગમાર્ગના અનુયાયી હોય તેમની વચ્ચે હોય અને માતાજીના બાળકો વચ્ચે એકબીજાનો જે રીતનો સંબંધ હોય, એટલો જ સંબંધ મંજૂર રાખવામાં આવે છે.)

*

સફળતા માટે એકમાત્ર સામાન્ય પદ્ધતિમાં કોઈ પુરુષ અને સ્ત્રી વચ્ચેનો સંબંધ એક મુક્ત અને સ્વાભાવિક યૌગિક સંબંધ જ હોય છે; આ યોગમાં એક સાધક અને સાધિકા વચ્ચે તે સંબંધ એટલા પ્રમાણમાં જ અસ્તિત્વ ધરાવે છે જેમાં તેઓ એકબીજાને મળતી વખતે એવો પણ વિચાર ન કરે કે એક પુરુષ છે અને બીજી સ્ત્રી છે. બન્ને ફક્ત માનવીઓ જ છે, બન્ને સાધકો જ છે અને બન્ને પરમાત્માની સેવા કરવા માટે પ્રયત્ન કરે છે અને કેવળ પરમાત્માની જ શોધ કરે છે અને બીજા કોઈની નહિ. તમે તમારી અંદર આ વસ્તુને પ્રાપ્ત કરો અને પછી કોઈ પણ મુશ્કેલી આવવાનો સંભવ રહેશે નહિ.

*

તેનો અર્થ એવો છે કે તમારે સાધકોમાં એકબીજા સાથે સંબંધ હોવો જોઈએ, તેમાં શુભનિષ્ઠા અને મિત્રાચારીની લાગણી હોવી જોઈએ, પરંતુ કોઈપણ એવો સંબંધ ન હોવો જોઈએ જેમાં પ્રાણમય લક્ષણો હોય. કોઈપણ જાતના પ્રાણમય સંબંધ વગરની વ્યકિત તમને પ્રાપ્ત ન થતી હોય તો તમારે તે પુરુષ અથવા સ્ત્રીની સાથે સંબંધ રાખવો સલાહકારક નથી.

*

સંપૂર્ણપણે પરમાત્મા તરફ વળવા વિષે કહેવાનું કે તે પૂર્ણતાની સલાહ એવા માણસો માટે છે જેઓ કોઈ પણ પ્રકારનો ભાર પોતાના માથે સ્વીકારવાની પરવા કરતા નથી. પરંતુ પુરુષની પુરુષ સાથે અથવા પુરુષ અને સ્ત્રી વચ્ચે અથવા સ્ત્રીની સ્ત્રી સાથેની મિત્રાચારીનો નિષેધ નથી, પણ શરત એટલી જ છે કે તે સાચી વસ્તુ હોવી જોઈએ અને તેમાં કામવાસના વચ્ચે આવવી જ ન જોઈએ અને તે ઉપરાંત તે વસ્તુ પોતાના લક્ષ્યમાંથી વ્યકિતને દૂર કરવી ન જોઈએ, જો કેન્દ્રસ્થ

લક્ષ્ય બળવાન હોય એટલે કે પૂરતો હોય........, જ્યારે મેં વ્યકિતગત સંબંધની વાત કરી ત્યારે મારો કહેવાનો અર્થ બેશક એવો ન હોતો કે તેમાં શુદ્ધ તટસ્થતા હોવી જોઈએ, કારણ કે બેદરકારી કોઈ સંબંધનો અભાવ સૂચવે છે. ઊર્મિમય મિત્રાચારી એ વિઘ્નરૂપ હોય છે જ એવું નથી.

*

પુરુષ અને સ્ત્રી વચ્ચે મિત્રાચારીને બદલે પુરુષ, પુરુષ વચ્ચે અથવા સ્ત્રી, સ્ત્રી વચ્ચે મિત્રાચારી હોવી સહેલી છે કારણ કે તેમાં કામવાસનાનો પ્રવેશ સામાન્ય રીતે ગેરહાજર હોય છે. પુરુષ અને સ્ત્રી વચ્ચેની મૈત્રીમાં એક સૂક્ષ્મ અથવા સીધી રીતે કામવાસનાનો વળાંક આવી શકે છે અને તેને લઈને ક્ષોભો ઉત્પન્ન થાય છે પરંતુ આ તત્ત્વને બદલે વિશુદ્ધ હોય એવી પુરુષ અને સ્ત્રી વચ્ચેની મૈત્રી અશકય નથી. આવી મૈત્રી અસ્તિત્વ ધરાવી શકે છે અને કાયમ તેવી મૈત્રીનું અસ્તિત્વ પણ હોય છે. ફક્ત એટલી વસ્તુની જ જરૂર હોય છે કે પાછલા બારણેથી નિમ્ન પ્રાણ પ્રવેશી જવો ન જોઈએ અથવા તેને પ્રવેશ ન આપવો જોઈએ. ઘણી વખત પુલ્લિંગ પ્રકૃતિ અને સ્ત્રીલિંગ પ્રકૃતિ વચ્ચે સંવાદ હોય છે, અને તેમાં રહેલું આકર્ષણ અથવા આત્મીયતા કોઈ ખુલ્લી અથવા ગુપ્ત નિમ્ન પ્રાણમય (કામવાસના યુકત) પ્રકૃતિના પાયા કરતાં કોઈક જુદી જ વસ્તુ ઉપર આધાર રાખતી હોય છે. આવા પ્રસંગમાં મિત્રાચારી સ્વાભાવિક હોય છે અને તેમાં બીજા તત્ત્વોને આવીને તેને નીચે ખેંચી જવા માટે અથવા તોડી પાડવા માટે ઓછી તક હોય છે.

એમ માનવું કે ફકત પ્રાણમાં જ ઉષ્મા છે અને ચૈત્ય પુરુષ કોઈક ઠંડી વસ્તુ છે જેમાં કોઈ જ્યોત નથી એ પણ ભૂલ છે. એક સ્વચ્છ, નિર્મળ શુભેચ્છા ઘણી સારી અને ઈચ્છનીય વસ્તુ છે, પરંતુ ચૈતસિક પ્રેમનો તે અર્થ નથી. પ્રેમ એટલે પ્રેમ અને નહિ કે કેવળ શુભનિષ્ઠા. ચૈતસિક પ્રેમમાં એક એવી ઉષ્મા અને જ્વાળા હોય છે જે પ્રાણમય જેટલી જ અથવા તેનાથી પણ વધારે તીવ્ર હોય છે; ફક્ત તે વિશુદ્ધ અગ્નિ હોય છે અને તેનો આધાર અહંકારપૂર્ણ કામનાઓના સંતોષ ઉપર નથી અથવા તે જે લાંકડાઓ ફરતો ફરી વળે છે તેનો ગ્રાસ કરતો નથી, તે સફેદ જ્યોત હોય છે, નહિ કે લાલ; પરંતુ સફેદ ગરમી તેની ઉત્કટતામાં લાલ પ્રકારની જ્વાળા કરતાં ઉતરતી કક્ષાની નથી હોતી. એ સાચું છે કે ચૈતસિક પ્રેમ માનવ સંબંધોમાં અને માનવ પ્રકૃતિમાં પૂર્ણ રીતે ખીલી ઊઠતો નથી; જ્યારે તેને પરમાત્મા પ્રત્યે ઊંચે ઊઠાવવામાં આવે છે ત્યારે તેનો અગ્નિ આનંદપૂર્ણ રીતે તે પ્રાપ્ત કરે છે. માનવ સંબંધમાં ચૈતસિક પ્રેમનું બીજા તત્ત્વો

સાથે મિશ્રણ થઈ જાય છે, જે તત્ત્વો તેનો ઉપયોગ કરવા માટે તાત્કાલિક તૈયાર થઈને તેની ઉપર છાયા પાથરી દે છે. તેની પૂર્ણ તીવ્રતાઓ ફક્ત વિરલ ક્ષણોમાં જ બહાર આવી શકે છે. નહિતો પછી તે ફક્ત એક તત્ત્વ તરીકે જ આવે છે, પરંતુ તેમાં પણ ઉચ્ચતર વસ્તુઓનો ફાળો જે પ્રેમ મૂળભૂત રીતે પ્રાણમય પ્રકૃતિનો હોય છે તેના ભાગે જાય છે. બધી જ સૂક્ષ્મતા, મધુરતા, કોમળતા, વિશ્વાસ, આત્માર્પણ, સ્વાર્પણ એક આત્માનું બીજા આત્મા સાથેનું મિલન, આદર્શ રીતના ઊર્ધ્વીકરણો, જે વસ્તુઓ માનવ પ્રેમને પોતાની જાતથી ઉપર ઊંચે ઊઠાવે છે, તે બધી જ વસ્તુઓ ચૈતસિક પ્રેમમાંથી આવે છે, જો તે પ્રેમ બીજા માનવ પ્રેમના મૂળભૂત તત્ત્વો, મનોમય, પ્રાણમય અને શારીરિક ઉપર શાસન ચલાવીને તેમનામાં ફેરફાર કરી શકે, તો પૃથ્વી ઉપરનો પ્રેમ કોઈક સાચી વસ્તુનું પ્રતિબિંબ અથવા તૈયારી બની શકે, અથવા આત્મા અને તેના કરણોનું એક દ્વિવિધ જીવનમાં સંપૂર્ણ ઐક્ય બની શકે. પરંતુ તેનું કોઈ અપૂર્ણ દર્શન પણ વિરલ હોય છે.

અમારો અભિપ્રાય એવો છે કે યોગમાં સામાન્ય રીતે પ્રકૃતિની સમગ્ર જ્વાળા પરમાત્મા પ્રત્યે વળવી જોઈએ અને બાકીની બધી વસ્તુઓ એ સાચા પાયા માટે રાહ જોવી જોઈએ. સામાન્ય ચેતનાની રેતી અને કાદવ ઉપર ઊચ્ચતર વસ્તુઓની રચના કરવી એ સહિસલામત નથી. તેનો અર્થ અવશ્ય એવો નથી કે મિત્રાચારી અથવા સાથીદારીને બાતલ કરવી પરંતુ આ બધી વસ્તુઓને કેન્દ્રવર્તી અગ્નિ પાસે ગૌણ ગણવી જોઈએ. તે દરમિયાન જો કોઈ વ્યકિત પ્રભુ સાથેના સંબંધને એકમાત્ર લક્ષ્ય બનાવે, તો તે બિલકુલ નૈસર્ગિક વસ્તુ છે અને સાધનામાં પૂર્ણ શકિત આપે છે. ચૈતસિક પ્રેમ પોતાની જાતને પૂર્ણ રીતે ત્યારે જ પ્રાપ્ત કરે છે જ્યારે આપણે જે વસ્તુ માટે શોધ કરીએ છીએ, તે દિવ્ય ચેતનાનો તેમાં કિરણોત્સર્ગ થાય છે; ત્યાં સુધી તેના માટે ઝાંખું પડયા વગરનું સંપૂર્ણ આત્મતત્ત્વ અને રૂપ બહાર લાવવું મુશ્કેલ છે. **નોંધ** :– મન, પ્રાણ અને શારીરિક ભાગો અંતરાત્મા અને આત્મા માટેના યોગ્ય કારણો છે; જ્યારે તેઓ પોતાના માટે કાર્ય કરે છે ત્યારે તેઓ અવિદ્યામય અને અપૂર્ણ વસ્તુઓનું સર્જન કરે છે. જો તેમને ચૈત્ય પુરુષ તથા આત્માના સચેતન સ્વરૂપો બનાવી શકાય, તો તેઓ તેમની દિવ્યતર સિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે. આપણે આ યોગમાં જેને રૂપાંતર કહીએ છીએ તેનો વિચાર આ વસ્તુમાં સમાવાયેલા છે.

*

મૈત્રી અથવા સ્નેહ આ યોગમાંથી બાકાત કરવામાં આવતાં નથી. પ્રભુ સાથેની મૈત્રી આ સાધનામાં માન્ય થયેલો સંબંધ છે. સાધકો વચ્ચે મિત્રાચારીનું

અસ્તિત્વ હોય છે અને માતાજી તેને પ્રોત્સાહન પણ આપે છે. ફક્ત અમે એટલું જ ઇચ્છીએ છીએ કે માનવ મિત્રાચારી જે અસલામતિના પાયા ઉપર રચાયેલી હોય છે તેના કરતાં વધારે મજબૂત પાયા ઉપર તેનું સ્થાપન થાય. એ સ્પષ્ટ છે કે અમે મિત્રાચારી, ભાતૃભાવ અને પ્રેમને પવિત્ર વસ્તુઓ ગણીએ છીએ અને તેથી અમે આ ફેરફાર ઇચ્છીએ છીએ. કારણ કે અમને તે દરેક ક્ષણે અહંકારની ગતિઓથી ભાંગી પડે છે એવું જોવાની ઇચ્છા નથી, તેમ જ આવેગોથી કલુષિત થયેલી કે નાશ પામેલી, ઈર્ષાઓ અને દગાઓ જે પ્રાણને લઈને બને છે તે પણ અમારે જોવાની ઇચ્છા નથી, આખરે તેમને સાચી રીતની પવિત્ર અને સલામતિવાળી જોઈએ છીએ. એવી વસ્તુઓ જેનું મૂળ આત્મામાં હોય અને જેનો પાયો પરમાત્માના પહાડ ઉપર રચાયેલો હોય. આપણો યોગ સંન્યાસીનો યોગ નથી; તે વિશુદ્ધિનું લક્ષ્ય રાખે છે, નહિ કે ઠંડી તપસ્યાનું. આપણે જે સંવાદ માટે અભીપ્સા રાખીએ છીએ તેમાં મૈત્રી અને પ્રેમ આવશ્યક સૂરો છે. તે કોઈ મિથ્યા સ્વપ્ન નથી, કારણ કે અમે જોયેલું છે કે અપૂર્ણ અવસ્થાઓમાં પણ, કોઈ અનિવાર્ય મૂળ તત્ત્વ થોડા અંશે પણ તેના મૂળમાં હોય તો આ વસ્તુ શકય છે. શું તે મુશ્કેલ છે અને જૂના વિઘ્નો જીદ્દી રીતે હજુ પણ ચોંટી રહે છે? પરંતુ લક્ષ્ય પ્રત્યે પૂર્ણ વફાદારી અને લાંબા પ્રયત્ન સિવાય કોઈ પણ વિજય પ્રાપ્ત થઈ શકતો નથી. ધીરજ રાખ્યા સિવાય બીજો કોઈ પણ માર્ગ નથી.

*

યોગમાં મૈત્રી રહી શકે છે પણ આસકિત ખરી પડે છે અથવા કોઈ પણ વ્યકિતમાં સમગ્ર ધ્યાન રોકી લેતી લાગણી જે વ્યકિતને સામાન્ય જીવન અને સામાન્ય ચેતના સાથે બાંધી રાખે છે તે જવી જ જોઈએ.

*

બધી જ આસકિતઓ સાધનામાં વિઘ્નરૂપ છે. તમારે બધા માટે શુભ નિષ્ઠા હોવી જોઈએ, બધા માટે ચૈતસિક માયાળુપણું હોવું જોઈએ પરંતુ કોઈ પણ પ્રકારની પ્રાણમય આસકિત ન હોવી જોઈએ.

જો તમારાં માયાળુપણા માટે તમે બદલાની અપેક્ષા રાખો, તો તમે ચોક્કસ નિરાશ થશો જ. કેવળ તે માણસો જ જેઓ પ્રેમ અથવા માયાળુપણું તેના ખાતર જ આપે છે અને નહિ કે કોઈ બદલાની આશાએ તેમને જ નિરાશા આવતી નથી. સંબંધ પણ પાકા પાયા ઉપર ત્યારે જ બંધાય છે જ્યારે તે આસકિત વગરનો હોય અથવા જ્યારે તે બન્ને બાજુએ ચૈતસિક પ્રકારનો હોય.

*

એક મૂળભૂત ચૈતસિક લાગણી હોય છે જે સર્વને માટે હોય છે પરંતુ એક બીજા માટે વ્યકિતગત રીતે પણ વિશિષ્ટ પ્રકારની ચૈતસિક લાગણી હોય છે.

*

ના, ચૈતસિક પ્રેમ વિવેક ચૂકતો નથી.

*

તેનો આધાર તમે ચૈતસિક 'પ્રેમ'નો શો અર્થ કરો છો તેના ઉપર છે. માણસને સર્વ પ્રાણીઓ માટે ચૈતસિક લાગણી હોઈ શકે; તેનો આધાર કામવાસના ઉપર હોતો નથી અથવા તેમાં કોઈ કામવાસના જેવી વસ્તુ હોતી નથી.

*

આ જગતમાં પણ પુરુષ અને સ્ત્રી વચ્ચે એવો સંબંધો હોય છે જેમાં કામવાસના વચ્ચે પ્રક્ષેપ કરતી નથી. તે સંબંધો શુદ્ધ ચૈતસિક સંબંધો હોય છે. બેશક લિંગ-ભેદની ચેતના હોઈ શકે પરંતુ તેમાં કોઈ કામનાનો સ્રોત નથી હોતો કે ન સંબંધમાં વિક્ષોભ. પરંતુ તે પ્રમાણે શકય બને તે પહેલાં તેમાં કોઈ પ્રકારનો – ચૈતસિક પ્રકારનો વિકાસ સ્વાભાવિક રીતે જ જરૂરી હોય છે.

*

તેની મર્યાદા નક્કી કરવી અથવા તેને ઓળખવું મુશ્કેલ છે. કારણ કે બીજી વ્યકિત માટે ચૈતસિક પ્રેમ હોય ત્યારે પણ માનવીમાં પ્રાણમય તત્ત્વ સાથે તે પ્રેમમાં એવું મિશ્રણ થઈ જાય છે કે તે પ્રાણમય પ્રેમને ચૈતસિક પ્રેમ તરીકે ઓળખાવવાનું સામાન્ય બની જાય છે. વ્યકિત એમ કહી શકે કે ચૈતસિક પ્રેમનો ભેદ તેની મૂળભૂત વિશુદ્ધિ અને નિ:સ્વાર્થતાથી જુદો પડી જાય છે. પરંતુ પ્રાણમય પ્રેમ પણ એવા પ્રકારનું તેજસ્વી અનુકરણ ઇચ્છે તો તેવું ધારણ કરી શકે છે.

*

એમ એવું અનુભવ્યું છે કે જ્યારે બન્ને વ્યકિત પ્રભુની આસપાસ રહેલી કેન્દ્રવર્તી સાચી ચેતનામાં હોય છે ત્યારે જ પરમાત્માની અંદર સાચા મિલન માટેની થોડી તક રહે છે. નહિ તો જે અંગત સંબંધો બંધાય છે તેમાં નિરાશા અને વિખવાદ આવે છે, નહિ તો એવા પ્રતિભાવો આવે છે જે વિશુદ્ધ હોતાં નથી.

*

પરંતુ તે માનવ પ્રાણની પ્રકૃતિની લાગણી છે; તેમાં પ્રેમનાં બુરખા નીચે સ્વાર્થ છુપાયેલો હોય છે. કેટલીક વખત જ્યારે બળવાન પ્રાણમય આવેગ, જરૂરીયાત અથવા બંધન હોય છે, ત્યારે માણસ બીજાની લાગણી ટકાવવા માટે ગમે તે વસ્તુ

કરવા તૈયાર થઈ જાય છે. પરંતુ જ્યારે તે ગતિમાં ચૈતસિક તત્ત્વ પ્રવેશ કરે છે ત્યારે સાચી નિઃસ્વાર્થ લાગણી અથવા તેનો થોડો ઘણો અંશ પણ હોય છે.

*

તમે જે ઘટનાની વાત કરો છો તે માનવ પ્રકૃતિ માટે સામાન્ય હોય છે. માણસો એકબીજા પ્રત્યે આકર્ષાય છે, અથવા કોઈ આત્મીયતાની લાગણીથી એક વ્યકિત બીજી વ્યકિત પ્રત્યે ખેંચાય છે. તેમાં એક વ્યકિતની પોતાની પ્રકૃતિના કોઈ ભાગ અને બીજી વ્યકિતની પ્રકૃતિના કોઈ ભાગ વચ્ચે કોઈ સંમતિ અથવા આકર્ષણ હોય છે. શરૂઆતમાં તો આ વસ્તુની જ લાગણી અનુભવાય છે; માણસ બીજી વ્યકિતની પ્રકૃતિમાં જે કાંઈ સારું અથવા આનંદદાયક તત્ત્વ હોય છે તે જુએ છે અને તેનામાં એવા ગુણો હોવાનો પણ દાવો કરે છે જે ખરેખર તેનામાં હોતાં નથી અથવા એટલા બધાં પ્રમાણમાં હોતાં નથી જેટલા તે પોતે વિચારે છે. પરંતુ જેમ જેમ વધારે પરિચય થતો જાય છે તેમ તેમ પ્રકૃતિના બીજા ભાગો વિષે એવો અનુભવ થાય છે કે તેમાં સુમેળ નથી. કદાચ વિચારોનો અથવા લાગણીઓનો અથવા બે અહંકારની ટક્કર શરૂ થાય છે. જો ટકાઉ સમર્થ પ્રેમ અથવા મૈત્રી હોય તો વ્યકિત પોતાના સંપર્કની મુશ્કેલીઓ ઉપર વિજય પ્રાપ્ત કરે છે અને એક સંવાદમય સમાધાન જાળવી રાખે છે; પરંતુ ઘણી વખત આ પ્રમાણે હોતું નથી અને અણબનાવ એટલો બધો તીવ્ર હોય છે કે તે સુમેળના વલણથી વિરુદ્ધ કાર્ય કરે છે અથવા અહંકાર એટલો બધો ઘવાય છે કે તે પાછો પડી જાય છે. ત્યાર પછી એ પણ બિલકુલ શકય છે કે એક વ્યકિત બીજી વ્યકિતના દોષોને અતિશય વધારીને જુએ છે અથવા તેના ઉપર એવો ખરાબ અને નાપસંદગીભરેલી વસ્તુઓનું આરોપણ કરે છે જે ત્યાં હોતાં નથી. સમગ્ર દષ્ટિબિંદુ જ બદલાઈ જઈ શકે છે. શુભ ભાવના, દુષ્ટ ભાવનામાં પરિવર્તન પામે છે; તે જુદાઈ અથવા દુશ્મનાવટ અથવા દ્વેષમાં પરિણમે છે. આવી વસ્તુ કાયમ માનવ જીવનમાં બન્યા જ કરે છે. તેનાથી ઊલટું પણ બને છે પરંતુ ઓછી સહેલાઈથી - એટલે કે દુરિચ્છાને બદલે શુભેચ્છાની લાગણી, વિરોધમાંથી સંવાદ. પરંતુ વ્યકિત પ્રત્યેની દુરિચ્છા અથવા અશુભ ભાવના આટલા કારણસર જ ફકત ઉત્પન્ન થતાં નથી. તે ઘણાં કારણોસર બને છે, અંધઃપ્રેરણાયુકત અણગમો, ઈર્ષા, સંઘર્ષયુક્ત સ્વાર્થો વગેરેમાંથી પણ તે ઉત્પન્ન થાય છે.

માણસે બીજાઓ પ્રત્યે સ્થિરતાથી નજર કરવી જોઈએ અને સદ્‌ગુણો કે દુર્ગુણો ઉપર વધારે પડતો ભાર ન રાખવો જોઈએ અથવા કોઈ પણ પ્રત્યે દુરિચ્છા અથવા

ગેરસમજ અથવા અન્યાય ન રાખવો, પરંતુ એક સ્થિર મન અને દર્શનને નજર-સમક્ષ રાખવું.

*

જ્યારે કોઈ બળવાન ચૈતસિક શક્તિ પ્રાણમાં સુધારો કરવા માટે અને તેને ટકાવી રાખવા માટે નથી હોતી ત્યારે સામાન્ય રીતે જ પ્રાણ તેવો માર્ગ લે છે. જ્યારે પ્રાણનો ચળકાટ અદૃશ્ય થઈ જાય ત્યાર પછી બન્ને અહંકારની પ્રતિકૂળતા પોતાની જાતને ખુલ્લી પાડવાની શરૂઆત કરે છે અને સંબંધોમાં વધારે અને વધારે તણાવ આવતો થાય છે. એક વ્યકિત માટે અથવા બન્ને વ્યકિત માટે એક બીજાની માગણીઓ પ્રાણમય ભાગ માટે અસહિષ્ણુ બનતી જાય છે, કાયમ એક ગુસ્સો રહ્યા કરે છે અને માગણી એક બોજારૂપ અથવા ધૂંસરી જેવી લાગે છે. સ્વાભાવિક રીતે જ સાધનાના જીવનમાં પ્રાણમય સંબંધો માટે કોઈ સ્થાન નથી. તેઓ તો વિઘ્નરૂપ ઠોકર ખવડાવનાર વસ્તુઓ હોય છે, અને પ્રકૃતિને સમગ્ર રીતે પરમાત્મા પ્રત્યે વળતી અટકાવે છે.

*

૨

તમને બધાં જ ભાગોમાં એક સ્થિરતા અને તીવ્ર અભીપ્સા આવી હતી. તેના પરિણામે આંતર-ધ્યાનમાં તમને માતાજીનો સંપર્ક થયેલો અને તે પછીથી તમારું આંતર-સ્વરૂપ ઊર્ધ્વમાં રહેલી શાંતિની અને વિશાળતાની અને પ્રકાશની ભૂમિકામાં ગયું અને પછીથી તેની મધ્યવર્તી જગાએ હૃદયમાં પાછું આવ્યું.

બીજાઓ સાથે અસમાનતાની લાગણીઓ, રાગ અને દ્વેષ, માનવ પ્રાણની પ્રકૃતિમાં જડાયેલાં હોય છે. આ એટલા માટે હોય છે કે કેટલીક વ્યકિતઓ પોતાના પ્રાણમય સ્વભાવ સાથે સંવાદમાં હોય છે જ્યારે બીજા હોતા નથી, તે ઉપરાંત એક પ્રાણમય સાથે સંવાદમાં હોય છે. તે જ્યારે વસ્તુઓ તેની પસંદગીઓ પ્રમાણે બનતી નથી અથવા માણસો તેની ઇચ્છા અનુસાર કાર્ય કરતા નથી અથવા તેના વિચાર પ્રમાણે તેમણે શું કરવું જોઈએ તે પ્રમાણે બનતું નથી, ત્યારે તે ઘવાય છે અને નાખુષ થાય છે. ઊર્ધ્વમાં રહેલા આત્મામાં એક આધ્યાત્મિક શાંતિ અને સમતા, બધા સાથે શુભેચ્છા અથવા કોઈક અવસ્થાએ સર્વ પ્રત્યે, (સિવાય પરમાત્મા) એક સ્થિર તટસ્થતા હોય છે; ચૈતસિકમાં તે પ્રમાણેની જ મૂળભૂત

રીતની માયાળુતા અથવા પ્રેમ સર્વ સાથે હોય છે, પરંતુ તેમાં એક વ્યક્તિ સાથે વિશિષ્ટ પ્રકારનો સંબંધ પણ હોય છે. પરંતુ પ્રાણમાં કાયમ અસમાનતા હોય છે અને તે રાગ અને દ્વેષોથી ભરેલો હોય છે. સાધનાદ્વારા પ્રાણને ઊર્ધ્વમાં કરવાનો છે; તેણે ઊર્ધ્વમાં આત્મામાંથી તેની સ્થિર શુભનિષ્ઠા અને સમતા સર્વ વસ્તુઓમાં ગ્રહણ કરવાની છે અને ચૈતસિકમાંથી માયાળુપણું અથવા પ્રેમ ગ્રહણ કરવાનો છે. આ વસ્તુ આવશે પણ તે સમય પણ લે. દરમિયાન તમે તમારા પત્રમાં વ્યકત કરેલા વિચારોને મજબુત બનાવવાનાં છે. કારણ કે તે સાચા ચૈતસિક વિચારો છે – અને તેઓ તમારા આલક્ષ્ય પ્રત્યે લઈ જવામાં તમને મદદરૂપ બનશે. તમારે ગુસ્સાની, અધિરાઈની અથવા તિરસ્કારની બધી જ આંતર તેમ જ બાહ્ય ગતિઓમાંથી મુકત બનવાનું છે. જો વસ્તુઓ ખોટી રીતે બને અથવા આપણાથી ખોટી રીતે બની જાય તો તમે ફકત એટલું જ કહેશો, " માતાજી બધું જાણે છે, " અને તમારે સ્થિરતાથી આગળ કાર્ય કર્યે જવું અથવા વસ્તુઓને સંઘર્ષ સિવાય જેટલી સારી રીતે બને તે રીતે થવા દેવી. થોડા સમય પછીથી તમારે માતાજીના બલનો કઈ રીતે ઉપયોગ કરવો તે અમે તમને બતાવીશું જેથી કરીને વસ્તુઓ વધારે સારી રીતે બને, પરંતુ પ્રથમ તો તમારે તમારા સ્થિર પ્રાણમાં આંતર-સમતુલા પ્રાપ્ત કરવી પડશે, કારણ કે તે પ્રમાણે કરવાથી જ તે બલનો પૂર્ણ સફળતાપૂર્વકનો ઉપયોગ થઈ શકે છે.

*

કાર્ય કાયમ મૌનમાં શ્રેષ્ઠ રીતે થાય છે સિવાય કે કાર્યો માટે જેટલું જરૂરી હોય તેટલું જ બોલવું. વાતચીત ફૂરસદના સમયે રાખવી એ ઉત્તમ છે. તેથી કાર્ય દરમિયાન કોઈ પણ તમારા મૌન માટે વિરોધ નહિ ઊઠાવે.

બાકીની વસ્તુ માટે તમારે જે વસ્તુ કરવાની છે તેમાં તમારે બીજાઓ પ્રત્યે સાચું વલણ રાખવું જોઈએ અને બીજાઓ જે કાંઈ કહે અથવા કરે તેથી તમારી જાતને બેચેન કરવી નહિ અથવા ગુસ્સે થવું નહિ. બીજા શબ્દોમાં ' સમતા ' રાખવી અને યોગના સાધકને યોગ્ય એવી વૈશ્વિક શુભેચ્છા રાખવી જોઈએ. તમે તે પ્રમાણે કરો અને છતાં બીજાઓ વિચલિત થઈ જાય અથવા નાખુશ થાય તો તમારે પરવા કરવી નહિ કારણ કે તેમના ખોટા પ્રત્યાઘાતો માટે તમે જવાબદાર નથી.

*

મેં તમારો પત્ર વાંચ્યો છે અને તમે પ્રયત્ન કરવામાં શું અનુભવો છો તે હું અત્યારે સમજી શકું છું - પરંતુ અમને તે વસ્તુઓ એટલી બધી ગંભીર લાગતી નથી જેથી તેને તમે તમારી બેચેની માટેના કારણ તરીકે તેમને સાચા ગણી શકો.

જ્યારે માણસો એક સાથે રહેતા હોય અને કાર્ય કરતાં હોય ત્યારે એવા પ્રકારની અગવડો આવે છે જ. તે વસ્તુ બન્નેના મત અથવા સંકલ્પની ગેરસમજમાંથી ઉત્પન્ન થાય છે, જેમાં દરેક પોતાનો પક્ષ ખેંચે છે અને બીજી વ્યકિત જો તેનું અનુસરણ ન કરે તો પોતાની લાગણીને ઘવાયેલી અથવા ગુસ્સે થતી અનુભવે છે. આ વસ્તુનો ઉપાય ચેતનામાં પરિવર્તન લાવવાથી જ થઈ શકે છે. કારણ કે વ્યકિત જ્યારે પ્રથમ વધારે ઊંડી ચેતનામાં જાય છે ત્યારે વ્યકિત આ વસ્તુઓનું કારણ જોઈ શકે છે અને મુશ્કેલી અનુભવાતી નથી. વ્યકિત એક એવી સમજ, ધીરજ અને તિતિક્ષા મેળવે છે જે વ્યકિતને ગુસ્સો અને બીજા પ્રત્યાઘાતોમાંથી મુકત કરે છે, જો બન્ને અથવા બધાં જ ચેતનામાં વૃદ્ધિ પામે, તો એકબીજાના દૃષ્ટિબિંદુઓ વિષે એક મનોમય સમજ આવે છે જેને લઈને સંવાદ અને સરળ કાર્ય કરવું સહેલું પડે છે. આંતર-પરિવર્તન દ્વારા આ વસ્તુની શોધ કરવાની છે. તે જ પ્રકારનો બાહ્ય સાધનો દ્વારા બાહ્યમાં સંવાદનું સર્જન કરવું સહેલું નથી, કારણ કે માનવ મન તેના દર્શનોમાં બહુ અક્કડ હોય છે અને માનવ પ્રાણ પોતાના કાર્યની રીત માટે જ આગ્રહ રાખે છે. તમારો મુખ્ય સંકલ્પ આ પ્રકારનો થવા દો, તમારી ભીતરમાં તમારો વિકાસ કરો અને એક સ્પષ્ટ અને વધારે ઊંડી ચેતનાને પ્રાપ્ત કરો. અને બીજાઓમાં પણ એવો જ ફેરફાર આવે એવી શુભેચ્છા રાખો, જેથી સંઘર્ષ અને ગેરસમજની જગાએ ઉદારતા અને સંવાદનું સ્થાપન થાય.

*

વારુ, મેં પહેલાં જ કહેલું છે કે ઝઘડાઓ તથા એકબીજાની નિંદા કરવી એ સાધનાનો ભાગ નથી; જે ઝઘડાઓ અને સંઘર્ષોની તમે વાત કરો છો તે બાહ્ય જગતમાં જે પ્રમાણે પ્રાણમય અહંકારના ઘર્ષણો હોય છે તે પ્રમાણેના જ હોય છે. દુશ્મનાવટો, તિરસ્કારો, દ્વેષો, ઝઘડાઓ વગેરેની જેમ કામવાસનાના આવેગો અથવા કાર્યોને સાધનાના ભાગો તરીકે ગણી ન શકાય, તે પ્રમાણે જ સાધનાના ભાગો તરીકે ગણી ન શકાય, તે પ્રમાણે જ સાધનાના ભાગ તરીકે જાહેર ન કરી શકાય. સંવાદ, શુભેચ્છા, ધીરજ સમતા વગેરે એક સાધક સાથે બીજા સાધકના સંબંધ વચ્ચેના જરૂરી આદર્શો છે. કોઈ પણ વ્યકિત બીજી વ્યકિત સાથે સંબંધ બાંધવા બંધાયેલી નથી પરંતુ જો તે પોતે એકલી રહે તો તે સાધનાના હેતુ માટે હોઈ શકે, નહિ કે બીજા હેતુઓ માટે: ઉપરાંત તેમાં કોઈ દીર્ઘગ્રંથી કે બીજાઓ માટે તિરસ્કાર ન હોવાં જોઈએ .... જો કોઈ વ્યકિતને એમ લાગે કે બીજાની સાથે સંબંધ રાખવાથી કોઈ પણ કારણસર અનિચ્છનીય પ્રાણમય લાગણીઓ તે પુરુષ અથવા સ્ત્રીમાં ઉત્પન્ન થાય છે તો તે પુરુષ અથવા સ્ત્રી તેવા સંબંધોમાંથી

ડહાપણભરી રીતે પાછી હઠી જાય છે. જ્યાં સુધી તે આ નબળાઈ ઉપર વિજય પ્રાપ્ત ન કરે ત્યાં સુધી આ પ્રમાણે કરી શકે છે. પરંતુ બીજાને દૂર રાખવાનો આડંબર અ વા જાહેરમાં નિંદા કરવી એ જરૂરી નથી અને તે એવી લાગણીઓ ઉપર પણ એટલી રીતે જ વિજય પ્રાપ્ત કરવો જરૂરી છે.

*

આ પરિણામો શિક્ષા નથી, પરંતુ અહંકારને તાબે થવાનું પરિણામ છે. બધી જ તકરારો અહંકારમાંથી ઉત્પન્ન થાય છે. અહંકાર પોતાના અભિપ્રાયો આગળ ધરે છે અને પોતાની અગત્ય જાહેર કરે છે અને એવું માને છે કે પોતે જ સાચો છે જ્યારે બીજા બધાં ખોટા છે અને આ રીતે ગુસ્સો અને પોતાને નુકસાન થયું છે એવી લાગણી ઉત્પન્ન કરે છે. આવી વસ્તુઓને પંપાળવી નહિ પરંતુ તાત્કાલિક તેમનો ઈનકાર કરવો.

*

હું તમને એમ કહેવા માગું છું કે તમારા વર્તનમાં તિરસ્કાર અથવા બીજી કોઈ પણ વસ્તુ ઉત્પન્ન થઈને તમને દોરવણી આપે એવું બનવા દેશો નહિ. આ બધી વસ્તુઓને એક બાજુએ મૂકી દો અને જુઓ કે ભીતરમાં શાંતિ અને પરમાત્માની શોધ એજ એકમાત્ર અગત્યની વસ્તુઓ છે – આ બધા સંઘર્ષો અહંકારની ઉથલપાથલો છે. તમે તમારી જાતને એક દિશામાં વાળી દો પરંતુ બાકીની બીજી બધી વસ્તુઓ માટે, બધા માટે સ્થિર શુભ ભાવના રાખો.

*

જો તમારે જ્ઞાન પ્રાપ્ત કરવું હોય અથવા બીજાઓને ભાઈઓ તરીકે જોવા હોય અથવા શાંતિ જોઈતી હોય તો તમારે પોતાની જાત વિષે, પોતાની ઈચ્છાઓ, લાગણીઓ, બીજાઓનું પોતાની સાથેનું વર્તન વગેરે વિષે ઓછું વિચારવું અને પરમાત્મા વિષે વધારે વિચારવું – પરમાત્મા માટે જીવન ધારણ કરવું અને નહિ કે તમારી પોતાની જાત માટે.

*

હવે તમે સાચું વલણ ધારણ કર્યું છે, અને જો તે પ્રમાણે ચાલુ રાખશો તો બધું જ સારી રીતે ચાલશે. તમે યોગ માટે ભગવતી મા પાસે આવ્યા છો નહિકે તમારા જૂના પ્રકારના જીવન માટે. અહીં તમારે એક આશ્રમ ગણવાનો છે અને નહિકે સામાન્ય સાંસારિક જીવનનું સ્થળ, અને બીજાઓની સાથેના તમારા અહીંના વ્યવહારમાં ગુસ્સો, આત્મપ્રક્ષેપ અને અહંકાર ઉપર વિજય પ્રાપ્ત કરવા પ્રયત્ન કરો, ભલે તે બધાનું તમારી પ્રત્યેનું વલણ અથવા વર્તન ગમે તે પ્રકારનું હોય;

કારણ કે જ્યાં સુધી તમે તમારી મનની સ્થિતિ આ પ્રકારની રાખશો ત્યાં સુધી યોગમાં પ્રગતિ કરવામાં તમને મુશ્કેલ લાગશે.

*

તકરારો અને સંઘર્ષો યૌગિક સમતુલાનો અભાવ સાબિત કરે છે અને જે લોકોને ગંભીરતાપૂર્વક યોગ કરવાની ઈચ્છા છે તેમણે યોગમાં વિકાસ સાધવા માટે આ બધામાંથી બહાર નીકળી જવાનું છે. જ્યાં સુધી સંઘર્ષ, મતભેદ અથવા ઝઘડો નથી હોતાં ત્યાં સુધી તકરાર ન કરવી એ સહેલું છે; પરંતુ જ્યારે કારણ ઉપસ્થિત થાય અને બીજી વ્યકિતના પક્ષે અશકયતા અને તર્કવિહિનતા હોય ત્યારે જ માણસને તકરાર અને સંઘર્ષથી દૂર રહી પોતાની પ્રાણમય પ્રકૃતિથી ઊંચે ઊઠાવાની તક પ્રાપ્ત થાય છે.

*

તમારા પ્રશ્ન વિષે કહેવાનું કે તે પ્રાણમય પ્રકૃતિનો એક સંવેદનશીલ ભાગ છે જે લોકો સાથે ઝઘડો કરે અને તેમની સાથે બોલવાનું બંધ કરી દે છે અને પ્રાણનો તે જ ભાગ તેવી મનની સ્થિતિની વિરુદ્ધ પ્રતિકાર રૂપે બોલવાની અને સંબંધ બાંધવાની ઇચ્છા કરે છે. જ્યાં સુધી તે બન્નેમાંની કોઈ એક પણ ગતિ હોય ત્યારે બીજી ગતિ પણ શકય છે, જ્યારે તમે આ લાગણીવેડામાંથી મુકત થાઓ અને બધી જ લાગણીઓને શુદ્ધ કરીને પરમાત્મા પ્રત્યે વળો, ત્યારે આ બધા પરિવર્તનો અદશ્ય થશે અને બધા સાથે એક સ્થિર શુભ નિષ્ઠા તેમની જગાએ આવશે.

*

સાધક બે પ્રકારના વલણો રાખી શકે છે : યા તો બધા પ્રત્યે એક સ્થિર સમતા જેમાં મૈત્રી અથવા દુશ્મનાવટ ન હોય અથવા સર્વસામાન્ય શુભ નિષ્ઠા જ હોય.

*

બીજાઓના દોષો વિષે બહુ વિચાર ન કરો; તે સહાયરૂપ થતું નથી. તમારા વર્તનમાં કાયમ સ્થિરતા અને શાંતિ રાખો.

*

તે બિલકુલ સાચું છે, જે લોકો સહાનુભૂતિ રાખે તેઓ જ મદદ કરી શકે છે. અલબત્ત ધિક્કાર વગર પણ વ્યકિતએ બીજાના દોષો જોવા માટે શકિતમાન રહેવું જોઈએ. ધિક્કાર બન્ને પક્ષે નુકસાન કરે છે, તે કોઈને મદદરૂપ થતો નથી.

*

જો તે વસ્તુ સહાનુભૂતિ અને નિષ્પક્ષપાતપણે કરવામાં આવે તો દોષોને જોવામાં અથવા નિરીક્ષણ કરવામાં કોઈ નુકસાન નથી. પરંતુ તે એવું બિનજરૂરી વલણ છે, જે ટીકા કરે છે, ભૂલો શોધે છે, બીજાઓને ધિક્કારે છે (ઘણી વખત તો તદ્દન ખોટી રીતે) જેને લઈને પોતાના માટે તથા બીજાઓ માટે ખરાબ વાતાવરણ ઉત્પન્ન કરે છે. પરંતુ શા માટે આવો કઠોર અને નિશ્ચિત તિરસ્કાર રાખવો ? શું દરેક માણસમાં પોતાના દોષો નથી હોતા ; તેણે શા માટે બીજાઓની ભૂલો શોધવા માટે આટલા બધા આતુર રહીને તેમનો તિરસ્કાર કરવો જોઈએ ? કેટલીક વખત માણસે નિર્ણય બાંધવો પડે છે પરંતુ તે નિર્ણય ઉતાવળમાં અથવા દોષ દર્શનના ભાવથી ન બાંધવો જોઈએ.

*

માણસો બીજાઓના કામમાં ઝીણવટપૂર્વક ટીકા કરીને તેમને કઈ વસ્તુ કરવી અથવા કઈ ન કરવી તે કહેવું વધારે સારી રીતે જાણે છે. પરંતુ પોતાની અંદર રહેલી તે જ ક્ષતિઓને કુશળતાપૂર્વક દૂર કરવાનું જાણતા નથી. ખરેખર, ઘણે ભાગે તો વ્યકિત બીજાઓમાં તે જ ભૂલો સહેલાઈથી જોઈ શકે છે જે પોતાનામાં હોય છે પરંતુ પોતે જોઈ શકતી નથી. આ અને બીજા દોષો જેવા કે તમે છેલ્લે નિર્દેશ કરેલો છે તે, માનવ પ્રકૃતિમાં સામાન્ય રીતે રહેલી જ હોય છે અને બહુ ઓછા માણસો તેમાંથી મુકત હોય છે. માનવ મન પોતે પોતાના વિષે ખરેખર સચેતન હોતું નથી, એટલા માટે જ માણસને પોતાની અંદર શું છે તે તરફ હંમેશા નજર વાળીને જોવાનું હોય છે અને વધારે અને વધારે સચેતન બનવું પડે છે.

*

તે સામાન્ય જીવનનો પ્રશ્ન નથી. સામાન્ય જીવનમાં લોકો ખોટી રીતનો નિર્ણય બાંધે છે કારણ કે તેઓ મનોમય ધોરણો તથા સામાન્ય રીતે રૂઢિગત પ્રમાણો પ્રમાણે નિર્ણય લે છે. માનવ મન સત્યનું કરણ નથી પરંતુ અજ્ઞાન અને ભુલનું કરણ છે.

*

દરેકમાં તે પ્રકારનો એક ક્ષુદ્ર અહં હોય છે જે બીજાઓની "સાચી કે ખોટી" ભૂલો શોધીને તેમના વિષે વાતચીત કરવાનું પસંદ કરે છે – અને એ ભૂલો સાચી છે કે ખોટી તેની પરવા પણ કરતાં નથી; અહંકારને તેમના વિષે નિર્ણય બાંધવાનો અધિકાર નથી, કારણ કે તેનામાં સાચું દૃષ્ટિબિંદુ અથવા સાચી ભાવના હોતી નથી. ફકત સ્થિર, અનાસકત, બિન પક્ષપાતી અને સર્વ-સહાનુભૂતિ

તથા સર્વ–પ્રેમી આત્મા જ નિર્ણય કરી શકે છે અને તે જ દરેક વ્યકિતમાં રહેલું સામર્થ્ય અથવા દુર્બળતાને વિષે વિચાર બાંધી શકે છે, અને તેને સાચી રીતે જોઈ શકે છે.

*

હા, તે બધું સાચું છે. નિમ્ન પ્રાણ બીજાઓના દોષો શોધી કાઢવામાં હલકો અને ક્ષુદ્ર આનંદ મેળવે છે. અને તે રીતે પોતાની તેમ જ જે બીજી વ્યકિતની ટીકા કરે છે તેની પ્રગતિ રૂંધે છે.

*

આડીઅવળી વાતચીતોમાં રસ લેવો એ હંમેશા એક વિઘ્નરૂપ હોય છે.

*

જ્યારે સાધક ઉપર સામાન્ય માનવ-પ્રાણની માગણીઓ આવે છે અને તેમની વિરુદ્ધ તે પોતાના માર્ગને મક્કમ રીતે વળગી રહે છે ત્યારે જે લોકો સમજતા હોતા નથી તેમના તરફથી આવા ઉપાલંભો (પથ્થર વગેરે) આવવા એ સામાન્ય વસ્તુ છે. પરંતુ તે વસ્તુથી વ્યથા ન અનુભવવી. પરમાત્માના માર્ગમાં સામાન્ય પ્રકારની પ્રાણમય માનવ પ્રકૃતિના કાદવિયા રસ્તાઓની અંદરની પોચી અને દુર્બળ માટી બનવાને બદલે પથ્થર બનવું એ વધારે સારું છે.

*

બીજાઓ તમારા વિષે શું ધારે છે તેની અગત્ય નથી પરંતુ તમે પોતે કેવા છો એ અગત્યનું છે.

*

જો વ્યકિત કોઈ ખોટી ટીકાથી અસર પામ્યાં સિવાય તેને સાંભળી શકે તો કેટલીક વખત દ્વેષ ભરેલી (સારી કે શુભ ભાવના વગરની) ટીકા કોઈક પાસામાં કેટલીક વખત મદદરૂપ બને છે.

*

સ્વાભાવિક રીતે જ પ્રશંસા કે દોષારોપણમાં તેવી અસર થાય છે (માનવ પ્રકૃતિ બીજી કોઈ પણ વસ્તુ કરતાં આ વસ્તુઓ પ્રત્યે વધારે સંવેદનશીલ હોય છે. સાચો લાભ અથવા નુકસાન થાય તેના કરતાં પણ વધારે) સિવાય કે તેનામાં સમતાનું સ્થાપન થયેલું હોય અથવા તેનામાં કોઈ વ્યકિત ઉપર એવો સંપૂર્ણ વિશ્વાસ હોય કે બન્ને વસ્તુઓ પ્રશંસા કે નિંદા તેની પ્રકૃતિને મદદરૂપ બનતાં હોય. કેટલાક એવા માણસો હોય છે જેમણે યોગ વગર પણ એટલું સંતુલિત મન

કરી નાખ્યું હોય છે કે તેઓ પ્રશંસા કે નિંદાનો સ્થિરતાથી તેમની કેટલી કિંમત છે તેનો નિર્ણય કરે છે, પરંતુ તે વસ્તુ અતિશય દુર્લભ છે.

૩

'બીજાઓને મદદ કરવાનો વિચાર અહંકારનું એક સૂક્ષ્મ સ્વરૂપ છે. કેવળ પરમાત્માની શકિત જ મદદ કરી શકે છે. વ્યકિત તેનું કરણ બની શકે, પરંતુ તમારે પ્રથમ તો એક યોગ્ય અને અહંકારવિહિન કરણ બનવા માટે શીખવું પડે છે.

*

બીજાઓને મદદ કરવાનો ખ્યાલ અહંકારનો ભ્રમ છે. જ્યારે માતાજી મંજૂર કરે અને પોતાનું બલ આપે ત્યારે જ વ્યકિત મદદ કરી શકે; પરંતુ તેમ છતાં મર્યાદાની અંદર રહીને મર્યાદા કરી શકાય છે.

*

બધું જ પરિવર્તન અંતરમાંથી આવવું જોઈએ અને સાથે તેની અનુભૂતિ થવી જોઈએ અથવા દિવ્ય શકિતની ગુપ્ત પ્રેરણા આવવું જોઈએ. ફકત પોતાનું આંતર-સ્વરૂપ તેના પ્રત્યે ખુલ્લું થાય ત્યારે જ વ્યકિત મદદ ગ્રહણ કરી શકે છે પરંતુ બીજાઓ સાથેનો મનોમય, પ્રાણમય, અથવા શારીરિક સંપર્કથી ગ્રહણ કરી શકાતું નથી.

*

બેશક તે ફકત સાપેક્ષ અને આંશિક મદદ છે, પરંતુ તે કેટલીક વખત ઉપયોગી હોય છે. એક સંપૂર્ણ મદદ અંતરમાંથી જ આવી શકે છે અને તે પણ દિવ્ય શકિતના કાર્ય મારફતે અને સ્વરૂપના સ્વીકાર સાથે. અલબત્ત, એટલું કહી શકાય કે જે વ્યકિત સાચી રીતે મદદ કરે છે તેમાં દરેક વ્યકિત એવો વિચાર કરતી નથી કે તે મદદ કરી રહી છે; તે ઉપરાંત જો મદદની સાથે "પ્રભાવ"નો પણ ઉપયોગ કરવામાં આવે તો તે પ્રભાવ એક મિશ્ર પ્રકારનો હોઈ શકે અને જો કરણ શુદ્ધ ન હોય તો તે નુકસાનકારક અથવા સહાયરૂપ પણ હોઈ શકે.

*

હા, માનવ વર્તનમાં કાયમ તે પ્રમાણે જ હોય છે. માણસોને મદદ કરવામાં તેની પાછળ કોઈ હેતુ હોય છે અથવા કોઈ એવી લાગણી હોય છે જે અહંકારમાંથી ઉત્પન્ન થાય છે.

જ્યારે વ્યકિત કેવળ ઉચ્ચ ચેતનામાં જ જીવન ધારણ કરે છે ત્યારે તે જુદી રીતનું હોય છે.

*

માતાજી જેવા બનવાની મહત્વાકાંક્ષાની સાચી નિષ્ફળતા – ઓછામાં ઓછું તેમનામાં જે રીતે આવિર્ભાવ પામેલ છે, એવી મહત્વાકાંક્ષા ઘણામાં આવિર્ભાવ પામે છે, તે એવી હોય છે: અહંકારની એક પ્રકારની ગતિને છુપાવે છે, મોટો ભાગ ભજવવાની ઇચ્છા હોય છે, તેમાં લોકો પોતાના ઉપર આધાર રાખે અને માતાજી જેવી પોતાની ખ્યાતિ પ્રાપ્ત થાય વગેરે વગેરે કારણો હોય છે. ઘણી ખરી માનવની પરમાર્થવૃત્તિમાં આ અહંકારનો પાયો હોય છે. જો વ્યકિત તેમાંથી મુકત થાય તો મદદ કરવાનો સંકલ્પ, એક શુદ્ધ સહાનુભૂતિ અને ચૈતસિક લાગણીની ગતિ તરીકે તેનું સાચું સ્થાન લઈ શકે.

*

તમારે 'ક્ષ' ના વિચારોથી તમારી જાતને મુશ્કેલીમાં મૂકવાની જરૂર નથી અથવા તેમને કોઈ અગત્ય આપવાની પણ જરૂર નથી. તેને વિષે સાચી હકીકત તો એવી છે કે જો માણસ સાવધ ન હોય તો સાધનાની ગતિઓમાં પણ આવું પ્રાણમય મિશ્રણ સહેલાઈથી પ્રવેશ કરે છે. તેમની વિરુદ્ધ એકમાત્ર સલામતિ એ છે કે સર્વ વસ્તુઓને પરમાત્માની અભિમુખ કરવી અને પરમાત્મા પાસેથી જ બધુ પ્રાપ્ત કરવું, આસકિત, અહંકાર અને કામનામાંથી મુકત થવું, વ્યકિતમાં બીજા સાધકો સાથેના સંબંધમાં કોઈ અક્કડપણું અને કઠોરતા પણ ન હોવો જોઈએ અથવા આસકિત કે લાગણીપ્રધાન અવલંબન પણ ન હોવા જોઈએ.

માતૃત્વની લાગણી માટે કહેવાનું કે તેનામાં પણ બધી જ વસ્તુઓની માફક રૂપાંતર લાવવું જોઈએ. આ બધા સંબંધો અરૂપાંતરિત રહે છે ત્યારે તેમાં એક સૂક્ષ્મ રીતનો અહંકાર છુપો રહેવાનું જોખમ છે. તેમાંથી મુકત થવા માટે વ્યકિતએ પોતાની જાતને ફકત કરણ જ બનાવવું જોઈએ પણ કરણ તરીકેના પણ અહંકાર વગર, અને તેના સ્રોત બનવા માટે કોઈ પણ આગ્રહ ન રાખવો અથવા સંબંધ પણ ન રાખવો, પરંતુ ફકત જ્યારે સ્પષ્ટ લાગે કે તેની ખાસ જરૂર છે ત્યારે જ ફકત ઉપયોગી બનવું. તે ઉપરાંત વ્યકિતએ સાવધાન રહેવું જોઈએ કે સાચી શકિત સિવાય બીજી શકિત પોતાની મારફતે ન આવી જાય, એવી શકિત જે ઉચ્ચતર ચેતનાની સાથે સંવાદમાં હોય તેવી જ શકિત, અને મદદ, જો વ્યકિત કાયમ તેવી ભાવનાથી મદદ કરે અને તે સંભાળપૂર્વક કરવામાં આવે તો ભૂલો

થાય તો પણ તેનું મહત્ત્વ નથી. વિકાસ પામતી ચેતના તે બધું બરાબર કરી દેશે, અને વધારે સંપૂર્ણ કાર્ય તરફ પ્રગતિ થતી જશે.

*

*અલબત્ત બીજાઓને મદદ કરવાનો એ ગેરફાયદો છે કે વ્યકિત તેમની ચેતના તથા તેમની મુશ્કેલીઓ સાથે સંપર્કમાં આવે છે અને તે ઉપરાંત તે વ્યકિત વધારે બાહ્ય ચેતનામાં બહાર નીકળી જાય છે.

*

હા તે વસ્તુ જોખમી છે (જે માણસ ખોટે માર્ગે ગયો હોય તેની પ્રત્યે સહાનુભૂતિ રાખવી) કારણ કે જે વિરોધી બલે તે વ્યકિતને બેચેન બનાવ્યો, તેના સંપર્કમાં આપણે આવીએ છીએ અને તે તમને તાત્કાલિક સ્પર્શ કરવા પ્રયત્ન કરે છે અને તેના સૂચનો આપે છે અને એક પ્રકારના ચેપી રોગની માફક તમને પણ અસર કરે છે.

*

સહાનુભૂતિથી તમે સંપર્કમાં આવો છો અને બીજી વ્યકિતમાં જે વસ્તુ હોય છે તેને તમે ગ્રહણ કરો છો અથવા તમારી પોતાની અંદર જે શકિત હોય છે તેનો એક ભાગ તમે આપો છો અથવા તમારામાંથી જવા દો છો અથવા તમારી અંદરથી અમુક શકિત ખેંચાઈ જઈને બીજી વ્યકિત પ્રત્યે જાય છે. તે વસ્તુ એક પ્રાણમય સહાનુભૂતિ હોય છે જેમાં આ પ્રકારની અસર થાય છે, એક સ્થિર આધ્યાત્મિક અથવા ચૈતસિક શુભ નિષ્ઠા આવા પ્રત્યાઘાતો લાવતી નથી.

*

મને ડર છે કે તેમ છતાં બીજાઓની મુશ્કેલીઓનો ભાર લેવામાં, કોઈ પણ વ્યકિત ઉપર ભારે બોજો આવે છે અને તે પદ્ધતિની અસરકારકતા વિષે મને શંકા છે. વધારે ઉપયોગી રીતમાં વ્યકિતમાં જો શકિત હોય તો બીજાને તે શકિત આપવી; વ્યકિતમાં જો શાંતિ હોય તો બીજા ઉપર શાંતિ વરસાવવી વગેરે, આ વસ્તુ જો સાચી રીતે કરવામાં આવે તો વ્યકિત પોતાનું બલ અથવા શાંતિ ગુમાવ્યા સિવાય પણ કરી શકે છે.

*

આ બાબતમાં બે વલણની શકયતા છે અને દરેકને બીજા વિષે કાંઈક કહેવાનું હોય છે. 'ક્ષ'ના વર્તન માટે પણ ઘણું કહી શકાય એમ છે. કારણ કે પ્રથમ તો પોતાને પૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત ન થઈ હોય તો જે મદદ તે કરે છે તેના વિષે થોડી શંકા ઉત્પન્ન થાય છે, અને તે અપૂર્ણ હોય છે અને બીજું, ઘણી વખત અનુભવી

યોગીઓએ ખાસ આગ્રહપૂર્વક કહેલું છે તે પ્રમાણે, જે માણસને મદદ કરવામાં આવે છે તેની મુશ્કેલીઓ પોતાની ઉપર સ્વીકારી લેવાનું જોખમ છે. પરંતુ તેમ છતાં પૂર્ણતા માટે રાહ જોવી એ કાયમ શક્ય નથી.

*

કોઈ પણ અચલ રીતની બીજા વિષે મસ્તક અને હૃદયમાં બન્નેમાં શુભ નિષ્ઠા રાખવાની ઇચ્છા રાખવી, એ વ્યક્તિ આપી શકે તે રીતની ઉત્તમ સહાય છે.

*

જો તમારા પતિ તેના જીવનમાં જોખમી ગાળામાં હોય અને તેમની તંદુરસ્તી વિષે રીબાતા હોય અને તમને તેમના માટે લાગણી હોય તો તેના માટે હજુ પણ ઉત્તમ વસ્તુ એ છે કે તમારે તમારી જાતને પ્રશાંત બનાવવી અને તમારી મારફતે પરમાત્માને પુકાર કરીને તેમની શકિત પસાર કરવી. સામાન્ય જીવનમાં પણ અસ્થિરતા અને નિરાશા જે વ્યકિત રોગગ્રસ્ત અથવા મુશ્કેલીઓમાં હોય તેને માટે એક મદદ વગરનું વાતાવરણ ઉત્પન્ન કરે છે. એક વખત તમે સાધક બન્યા પછી તમારી પોતાની જાતને કે જેમના તરફ તમને લાગણી હોય તેવા બીજાઓને મદદ કરવા માટે, સાચું આધ્યાત્મિક વલણ ધારણ કરવા માટે, પરમાત્માના સંકલ્પ ઉપર આધાર રાખવો અને ઊર્ધ્વમાંથી મદદ માગવી. આ વસ્તુ જ ઉત્તમ અને સૌથી અસરકારક રીત છે.

*

જે કોઈ વસ્તુ અથવા જે કોઈ વ્યકિતને તમે પરમાત્મા ઉપર છોડી દીધી હોય તેની પ્રત્યે ત્યાર પછીથી તમારે તે વસ્તુ વિષે આસકિત ન રાખવી જોઈએ અથવા તે વ્યકિત માટે ચિંતા ન કરવી જોઈએ; પરંતુ સર્વ વસ્તુ ઉત્તમ બનવા માટે પરમાત્મા ઉપર છોડી દેવું જોઈએ.

*

એ ઘણું સારું છે કે જે અવસ્થાની તમે વાત કરો છો તેનું તમારી અંદર સ્થાપન થયું છે. એ મહાન પ્રગતિ છે. પ્રાર્થના માટે કહેવાનું કે પ્રાર્થના કરવાની હકીકત અને તેને લઈને જે વલણ આવે છે, ખાસ કરીને બીજાઓ માટે નિઃસ્વાર્થ પ્રાર્થના, એક ઉચ્ચતર શકિત પ્રત્યે પોતાની જાતને ખુલ્લી કરે છે, ભલે પછી જે વ્યકિત માટે પ્રાર્થના કરતા હો તેને માટે અનુરૂપ પરિણામ ન આવતું હોય. તેના માટે કોઈ વિધાનાત્મક વસ્તુ ન કરી શકાય કારણ કે તેનું પરિણામ અચૂક બીજી

વ્યકિતઓ ઉપર આધાર રાખે છે. તેઓ ખુલ્લા કે ગ્રહણશીલ છે કે કેમ અથવા પ્રાર્થના તેમના પ્રત્યે જે શકિત મોકલે તેને તેઓ પ્રત્યુત્તર આપે છે કે કેમ તેના ઉપર આધાર છે.

*

૪

પોતાના સંપર્કોને મર્યાદિત કરવાની શકિત અલબત્ત મહાન મદદરૂપ છે જો તે સંબંધોને બહુ દૂર દૂર સુધી ન લઈ જવામાં આવ્યા હોય તો. મારે તેમ છતાં એટલું પણ કહેવું પડશે કે મર્યાદિત સંબંધોમાં પણ અનિચ્છનીય આંદોલનો આવી જાય છે. તે ચેતવણી માટેનું એક પ્રમાણ છે પરંતુ તેમને નિરપેક્ષ રીતે સલામતિ આપતું નથી. બીજી બાજુએ પૂર્ણ રીતે બધા સંપર્કોમાંથી પાછા હઠી જવું એ માણસને બીજા છેડા સુધી લઈ જાય છે અને તેના પોતાના જોખમો પણ હોય છે. આવા 'મસાલા'માંથી પૂર્ણ સલામતિ, આડમાર્ગે જવું, વિક્ષોભ અનુભવવો, બાહ્ય ચેતનામાં ચાલ્યા જવું વગેરેમાંથી ફકત આંતર ચેતનાની વૃદ્ધિ કરવાથી સલામતિ જ આવે છે. તે દરમિયાન તે સમય પુરતું બધાની સાથે ભળવું અને સંપર્કોને તે પ્રમાણે મર્યાદિત કરવાનું કામ વિવેકપૂર્વક કરવામાં આવે તો મદદરૂપ પગલું બની શકે છે.

*

એ સાચું છે કે માણસે પોતાની આંતર અવસ્થા ગમે તે સંજોગોમાં પણ, સૌથી વિરોધી સ્થિતિમાં પણ, ટકાવી રાખવી જોઈએ; પરંતુ તેનો અર્થ એવો નથી કે તેણે બિનજરૂરી રીતે પ્રતિકૂળ સંજોગોને પણ, તેમને પસાર થઈ જવા દેવા માટે સારું કારણ હોય છતાં, સ્વીકારવા જ જોઈએ. ખાસ કરીને મજ્જાતંત્ર અને શારીરિક ચેતના અતિશય દબાણ સહન કરી શકતાં નથી. – તે જ પ્રમાણે મન અને ઉચ્ચતર પ્રાણ પણ; તમે જે એકમાત્ર પરમાત્માની ચેતનામાં જીવન ધારણ કરવાનો શ્રમ લીધો અને સાથે સાથે સામાન્ય ચેતનામાંથી આવતા વધારે લાંબા સંપર્કો પ્રત્યે તમારી જાતને ખુલ્લી કરી તેને લઈને તમને થાક લાગ્યો. અમુક પ્રમાણનું આત્મ-રક્ષણ જરૂરી છે. જેથી કરીને ચેતના નીચેની દિશા તરફ ખેંચાઈ ન જાય અથવા સતત બહાર સામાન્ય ચેતનામાં ન નીકળી જાય અથવા તમને જે પ્રવૃત્તિઓ તમારા માટે વિદેશી બને તેમાં બળજબરીથી તમારે કાર્ય કરવું ન પડે

અથવા શારીરિક શ્રમનો અતિશય શ્રમ ન થવો જોઈએ, જે લોકો યોગની તાલીમ લે છે તેઓ આ બધી મુશ્કેલીઓમાંથી રક્ષણ પ્રાપ્ત કરવા માટે એકાંતમાં ચાલ્યા જાય છે; અહીં તે વસ્તુની જરૂર નથી, પરંતુ તેમ છતાં તમારે આ પ્રકારના નિરુપયોગી પ્રકારના દબાણ નીચે મૂકાવાની જરૂર નથી.

*

તમે બિલકુલ સાચા છો. બીજાઓ સાથે હળવા-મળવાનું બંધ કરી દેવાથી બીજાઓ સાથેના સંપર્કમાં હોવા છતાં આપણી ચેતના ઉપર જે કસોટી આવે છે તે કસોટીમાંથી આપણે બાતલ થઈ જઈએ છીએ અને આ બાબતોમાં જે પ્રગતિ કરવાની તક છે તે ખોઈ બેસીએ છીએ. જ્યારે આપણે પ્રાણમાં, વાતચીતમાં અને પ્રાણમય આપ-લેની ગતિઓમાં વગેરેમાં ભળી જઈએ છીએ ત્યારે જ માણસો સાથેના સંબંધો આધ્યાત્મિક દૃષ્ટિથી હાનિકારક બને છે; પરંતુ બધા જ સંબંધોમાંથી પોતાની જાતને પૂરેપૂરી બાકાત કરવી એ પણ એટલું જ અનિચ્છનીય છે. જ્યારે ચેતનાને પૂર્ણ રીતે નિવૃત્તિની સાચી જરૂર પડે છે ત્યારે જ આવી નિવૃત્તિ લઈ શકાય અને તેમ છતાં તે પૂર્ણ રીતે કરી શકાય, પરંતુ નિરપેક્ષ રીતે નહિ. કારણ કે નિરપેક્ષ નિવૃત્તિમાં માણસ કેવળ સ્વલક્ષી જીવન જીવી શકે છે અને બાહ્ય જીવનમાં આધ્યાત્મિક પ્રગતિને આગળ ધપાવવા માટે તથા તેમાંથી સંપૂર્ણ કસોટીમાંથી તેમાં પાર ઉતરવાનું હોતું નથી.

જે વસ્તુ બની ગઈ તેના તરફ તમે ઝડપથી સાચું વલણ પ્રાપ્ત કર્યું તે સારી વસ્તુ છે; તે વસ્તુ તમારી ચેતનામાં સારી પ્રગતિની નિશાની છે.

*

તે વસ્તુ (માણસો સાથે હળવું,-મળવું, હસવું, હસી-મઝાક ઉડાવતી વગેરે) એક પ્રકારની પ્રાણમય વિસ્તાર ક્ષમતા છે; એ પ્રાણમય શકિત નથી. કેટલાકમાં આવું પ્રસન્ન ચિત્ત હોય છે. પણ તે ઘણું ખર્ચાળ હોય છે. કારણ કે જ્યારે તેમાં મિશ્રણ ઉત્પન્ન થાય છે ત્યારે જેઓ પ્રાણમય રીતે મજબુત હોય છે તેઓ તેમાંથી સામર્થ્ય પ્રાપ્ત કરે છે પરંતુ જેઓ પ્રાણમય રીતે નિર્બળ હોય છે તેઓ તેમનામાં રહેલી શકિતને પણ ખર્ચી નાખે છે અને વધારે નિર્બળ બને છે.

*

હું ધારું છું કે દરેકને લાગુ પાડી શકાય એવો નિયમ મૂકી શકાય નહિ. કેટલાકમાં પ્રાણનું વિશાળ વલણ હોય છે, અને કેટલાકમાં પોતાનામાં એકાગ્ર થયેલું. બીજા પ્રકારના માણસો તેમના પ્રયત્નની તીવ્રતામાં ગરકાવ બનેલા હોય છે અને તેઓ બેશક તેમાંથી તેમની પ્રગતિ માટે મહાન બલ, પ્રાપ્ત કરે છે અને તેમની

શકિતના ખર્ચ અને નુકસાનમાંથી બચી જાય છે જ્યારે બીજા બધા માણસો જેઓ વિશાળ વ્યવહારમાં ઉતરે છે તેમનામાં તેવું વારંવાર બને છે. આ પ્રકારના માણસો બીજાઓ પ્રત્યેના પ્રત્યાઘાતો પ્રત્યે ઓછા ખુલ્લા હોય છે. (જો કે આ વસ્તુઓમાંથી સંપૂર્ણ રીતે મુકત થવાનું નથી). બીજા લોકોને તેમના પોતાનામાં શું છે તે બીજાઓને જાહેર કરવાની જરૂર પડે છે અને તેમનામાં જે પ્રાપ્ત થયેલું હોય છે તેમનો ઉપયોગ કરતાં પહેલાં તેઓ પૂર્ણતા માટે રાહ જોઈ શકતા નથી. તે ઉપરાંત તેઓને પ્રગતિ માટે જાહેર કરવાની પણ જરૂર પડી શકે છે તેમ જ અંદર સ્વીકારવાની પણ જરૂર પડે છે. એક જ વસ્તુ બની શકે કે તેમણે તેમના બન્ને વલણોનું સંતુલન કરવું જોઈએ અને તેઓ આજુબાજુએ ખુલ્લા થઈને શકિત વહેંચે તેના કરતાં ઊર્ધ્વમાંથી એટલા જ પ્રમાણમાં અથવા વધારે પ્રમાણમાં ગ્રહણ કરવા માટે તેમણે એકાગ્રતા કરવી જોઈએ.

*

'ક્ષ' માં ઘણું વિશાળ પામેલું પ્રાણતત્ત્વ છે એટલે બિલકુલ સ્વાભાવિક છે કે જો કોઈ વ્યકિત તેને પસંદ પડે તો તેને મળીને તેના ઉપર આ પ્રકારની અસર તે ઉત્પન્ન કરી શકે. પરંતુ હું જાણતો નથી કે તે આપે છે અથવા ગ્રહણ કરે છે તેના વિષે તે સજ્ઞાન છે કે કેમ ? તે કદાચ નૈસર્ગિક કાર્ય પણ હોઈ શકે. તે કેવળ આપવા માટે જ ટેવાયેલો નથી જો કે બળવાન વિસ્તાર પામેલા પ્રાણને માટે સમર્થ આત્મ-ધારક વ્યકિતથી ઊલટી રીતે માણસને ગ્રહણ કરવાની તેમ જ આપવાની પણ જરૂર હોય છે.

*

તે વસ્તુ સ્વભાવ ઉપર આધાર રાખે છે. કેટલાક શારીરિક રીતે અને પ્રાણમય રીતે જે કોઈ વસ્તુ ગમે ત્યાંથી આવે તેના પ્રત્યે સંવેદનશીલ અને પ્રત્યુત્તર આપે એવા છે; બીજાઓમાં નાડીતંત્ર મજબુત હોય છે અને કોઈ હુમલો આવે તેની સામે તેઓ દીવાલની માફક ઊભા રહી શકે છે. તે શકિત અથવા નિર્બળતાનો પ્રશ્ન જ નથી. પ્રથમ પ્રકારના માણસો માટે જીવનની વધારે મોટી ભાવના હોય છે અને તેઓ પ્રત્યુત્તર આપે છે; તેઓ જીવનમાંથી વધારે સહન પણ કરે છે અને ગ્રહણ પણ વધારે કરે છે. તેમાં ગ્રીક અને રોમન વચ્ચે ભેદ હોય તેઓ ભેદ હોય છે. અહંકાર વગર પણ તે ભેદ રહે છે કારણ કે તે સ્વભાવગત છે. યોગમાં પ્રથમ પ્રકારના માણસો સીધે સીધી રીતે દરેક વસ્તુની અનુભૂતિ કરી શકે છે અને ગાઢ અનુભૂતિ દ્વારા વિગતવાર દરેક વસ્તુ જાણી શકે છે; તે તેમનો મહાન લાભ છે. બીજા પ્રકારના માણસોને જ્ઞાન પ્રાપ્ત કરવા માટે મનનો ઉપયોગ કરવો પડે છે અને તેમની પકડ ઓછી ગાઢ હોય છે.

*

એ સાચું છે કે માણસો સાથે વધારે પડતા હળવા-મળવાથી, જો તેમનામાં સાચું વલણ ન હોય અને તેઓ પ્રાણમાં વધારે વખત જીવન ધારણ કરતા હોય તો તેમની અવસ્થા નિમ્ન કક્ષામાં ઉતરી જાય છે. બધાં જ સંપર્કોમાં તમારે જે વસ્તુ કરવાની છે તેમાં તમારે ભીતરમાં જ રહેવું, અનાસકત વલણ રાખવું અને તમારા કાર્યમાં જે મુશ્કેલીઓ ઉત્પન્ન થાય અથવા લોકોની જેવી ગતિઓ હોય તેનાથી તમારે મુશ્કેલી ન અનુભવવી પરંતુ પોતાની જાત માટે સાચી ગતિ રાખવી) બીજાઓને 'મદદ' કરવાની ઈચ્છામાં સપડાશો નહિ. તમારી આંતર-સમતામાંથી સાચી વસ્તુ કરો અને કહો અને તેમને મદદ પરમાત્મા તરફથી આવવા દો. કોઈ પણ માનવી ખરી મદદ કરી શકતો નથી. કેવળ પ્રભુ જ કરી શકે છે.

*

તે (સંવાદ, આનંદ અને પ્રેમ) તમારી અંદર છે અને જ્યારે તે પ્રમાણે હોય છે ત્યારે તે વાતાવરણમાં ફેલાય છે. પરંતુ તેવા માણસો જ તેમ ભાગ લઈ શકે જેઓ તે અસર પ્રત્યે ખુલ્લા અને સંવેદનશીલ હોય. તેમ છતાં જે વ્યકિતમાં શાંતિ અથવા પ્રેમ હોય તે દરેક વ્યકિત વાતાવરણમાં તેની વૃદ્ધિ કરવા માટે વધારાની અસર નાખી શકે છે.

*

માણસ જ્યારે કેટલીક વખત વાતચીત વગેરે કરવા માટે બીજા માણસ સાથે મળે છે ત્યારે કાયમ કોઈક પ્રકારના પ્રાણનું આદાન-પ્રદાન કરે છે, સિવાય કે બીજાઓ તરફથી આવતી વસ્તુને સહજ રીતે જ અથવા સમજપૂર્વકનો ઈનકાર કરે. જે વ્યકિત છાપ ગ્રહણ કરે એવી હોય તો બીજી વ્યકિતમાંથી તેના ઉપર મજબુત છાપ અથવા અસર પડે, ત્યાર પછી જ્યારે તે વ્યકિત બીજી વ્યકિત પાસે જાય ત્યારે તે વ્યકિત ઉપર તે અસર પહોંચાડવી શકય બને છે.) આ એવી વસ્તુ છે જે સતત ચાલ્યા જ કરે છે. પરંતુ આ વસ્તુ જે પ્રમાણે ટ્રાન્સમીટર (સંદેશા-મોકલવાનું યંત્ર) ને જ્ઞાન નથી હોતું તે પ્રમાણે ચાલ્યા જ કરે છે. જ્યારે વ્યકિત સચેતન હોય છે, ત્યારે તે વસ્તુ બનતી અટકાવી શકે છે.

*

એ બિલકુલ શકય છે કે કોઈ માણસ બીજા માણસ સાથે વાતચીત કરે ત્યારે નિરાશ બની જાય. વાતચીત કરવી એટલે જ પ્રાણનું આદાન-પ્રદાન, તેથી તે વસ્તુ કાયમ બની શકે છે. તેમણે કોઈ વિશિષ્ટ પ્રસંગમાં સાચી રીતનું નિરીક્ષણ કર્યું હોય તો જુદી બાબત બની જાય છે.

*

હા તે સાચી કસોટી છે. જ્યારે વ્યકિત બીજા માણસો સાથે વ્યવહાર કરે છે ત્યારે તેમના તરફ કાયમ ચેતનાનો પ્રક્ષેપ થાય છે અથવા તેમની ચેતનામાંથી કોઈ વસ્તુ ગ્રહણ થાય છે, પરંતુ તેનો અર્થ કોઈ આસકિત છે એવું નથી આસકિત માટે કોઈક વધારે વસ્તુની જરૂર હોય છે. માણસ ઉપર પ્રાણનો કાબુ અથવા માણસોનો પ્રાણ ઉપરનો કાબુ.

*

ખાસ કરીને તો તમારે આંતર રક્ષણ રાખવું જોઈએ. તે જ સમયે જો તમે માણસના સમુદાયમાં અસ્વસ્થતા અનુભવો તો સારી વસ્તુ એ છે કે તમારે તેનાથી દૂર રહેવું. સિવાય કે તમને સુરક્ષા લાગે તો સંગીતમાં ભાગ લેવો. લોકોનો સમુદાય જે કેવળ શુદ્ધ સામાજિક વ્યવહાર કરે છે, તેઓ અવશ્ય ચેતનાના નિમ્ન સ્તરમાં હોય છે. અને તેમાં અનિચ્છનીય બલો ફરતા હોય છે. જો કોઈ વ્યકિત તે બલો પ્રત્યે ખુલ્લી હોય અને બીજી વ્યકિત એવી હોય જે ઉચ્ચતર બલો પ્રત્યે જ ખુલ્લી હોય, પરંતુ નિશ્ચિત રીતે તેનામાં આત્મ-નિર્ભર સ્થિરતા ન હોય તો તેના માટે તેવા સમુદાયથી દૂર રહેવું તેમાં જ સલામતિ હોય છે.

સાધનામાં વ્યકિત પાસે બાહ્ય બલોને દૂર રાખવા માટેની અપેક્ષા રાખવામાં આવે છે, અથવા તો ઓછામાં ઓછી એટલી તો અપેક્ષા રાખવામાં આવે જ છે કે તેના ઉપર તેઓને હુમલો ન કરવા દેવો. જો વ્યકિત સાચી ભાવનાથી કોઈ મુશ્કેલીનો સામનો કરે અને તેના ઉપર વિજય પ્રાપ્ત કરે છે પરંતુ એ બાબત વિદેશી બલો અથવા અસરને પોતાના સચેતન સ્વરૂપમાં દાખલ ન થવા દે તેનાથી જુદી બાબત છે. (કોઈ પણ વ્યકિતએ તેમને આમંત્રણ આપવાનું નથી. પરંતુ તેઓ આમંત્રણ આપ્યા સિવાય પણ આવવા માટે બહુ તૈયાર હોય છે. માણસ તેમના પ્રત્યે જોઈ શકે છે અને બધા બલો વિષે સચેતન બને છે; સૌથી ખરાબ અને સૌથી અંધકારમય તથા સૌથી વિરોધી બલો વિષે પણ તે સજાગ બની શકે છે પરંતુ તેમાં શરત એટલી છે કે વ્યકિતએ કાયમ તેમના પ્રત્યે સજાગ રહેવું જોઈએ અને તેમના તરફથી આવતા સૂચનોમાં વિશ્વાસ ન રાખવો અથવા તેમને આધાર ન આપવો જોઈએ, અને તેમની સર્વ માગણીઓને તેમની ચેતનામાં અથવા પ્રકૃતિમાં સ્થાન ન આપવું.)

*

મનને ચારે બાજુ વેરવિખેર કરવું અને સાધના કરવી એ બન્ને વસ્તુઓ એક સાથે ચાલી શકે નહિ. સાધનામાં વ્યકિતને મન તથા તેના કાર્યો ઉપર કાબુ પ્રાપ્ત કરવાનો હોય છે; પ્રસારણમાં તેનાથી ઊલટું વ્યકિત ઉપર મન કાબુ જમાવે

છે અને એક વિષય ઉપર તે સ્થિર રહેતું નથી. જો મનને કાયમી વેરવિખેર થયેલી અવસ્થામાં રહેવાનું હોય તો તમે વાંચવામાં કે બીજા કોઈ પણ ધંધામાં એકાગ્ર થઈ શકો નહિ. તમે વાતચીતમાં બીજા લોકો સાથે હળવા–મળવામાં અથવા સ્ત્રીઓ સાથેના સંસર્ગમાં અને તેવા જ વ્યવસાયો સિવાય બીજું કાંઈ પણ કરવા માટે યોગ્ય નહિ રહો.

*

તમે એવું વિચારો છો કે ક્ષ, ય અને ઝની સાધનામાં તેમના મન ચારે બાજુએ ફરતા હોય છતાં તેમને નુકસાન થતું નથી તેમાં તમારી ભૂલ છે. જો તેમણે એકાગ્રતાપૂર્વક યોગ કર્યો હોત તો તેઓ તે માર્ગ ઉપર ઘણા દૂર પહોંચ્યા હોત. – ય, જેનામાં પ્રચંડ ગ્રહણશીલતા છે અને જે પ્રગતિ કરવા માટે ઘણો આતુર છે તે પણ તેણે અત્યારે જે પ્રગતિ કરી છે તેનાથી ત્રણ ગણી વધારે પ્રગતિ કરી શકયો હોત. ઉપરાંત તમારી પ્રકૃતિ, તમે જે કાંઈ કરો છો તેમાં ઘણી ઉત્કટ છે અને તેથી તેના માટે સીધા સરળ માર્ગે જવું સ્વાભાવિક બને છે. (સ્વાભાવિક રીતે જ જયારે ઊર્ધ્વ ચેતનાનું એક વખત સ્થાપન થઈ જાય અને બન્ને પ્રાણ અને શારીરિક સાધના માટે પોતાની જાતે જ તૈયાર થઈ જાય ત્યાર પછી તપસ્યાની બહુ જરૂર રહેલી નથી. પરંતુ ત્યાં સુધી અમે તેને બહુ ઉપયોગી અને અસરકારક માનીએ છીએ અને ઘણા પ્રસંગોમાં તો અનિવાર્ય માનીએ છીએ, પરંતુ જો પ્રકૃતિ સંમત ન હોય તો અમે તેના ઉપર આગ્રહ રાખતા નથી. હું એમ પણ જોઈ શકું છું કે જે માણસો સીધે માર્ગે જતા હોય છે (જો કે તેવા ઘણા માણસો નથી) તેઓ આ મનને વેરવિખેર કરનારા રસો અને વ્યવસાયોને છોડી દેવાનું વલણ રાખે છે અને પોતાની જાતને સાધનામાં પૂરેપૂરો ભૂસકો મારે છે.

*

હા, ચોક્કસ, વિખરાઈ જવાની ક્રિયા એ આંતરિક હકીકત છે. પરંતુ બાહ્ય વસ્તુઓ ચેતનાને વેરવિખેર કરવામાં મદદરૂપ બને છે અને જો કોઈ 'ક્ષ' જેવી વ્યકિત એ પ્રમાણે કહે કે 'ય' જેવા સાથીદારની સાથે ફરવાથી તેની ચેતનાનું પ્રસરણ થઈ જતું નથી તો હું એમ કહીશ કે તે સાચું બોલતો નથી અથવા આત્મવંચના કરે છે. જો વ્યકિત કાયમ આંતર-ચેતનામાં રહેતી હોય તો તે બાહ્ય વસ્તુઓ કરતી હોય છતાં તેની ચેતના વેરવિખેર થતી નથી અથવા જો વ્યકિત બધો જ સમય અને પોતે જે કાંઈ કરે તેમાં પરમાત્મા વિષે સભાન હોય તો પણ વ્યકિત વર્તમાનપત્રો વાંચી શકે છે અને વેરવિખેર થયા સિવાય પણ ઘણો

૨૩.

પત્રવ્યવહાર કરી શકે છે. તેમ છતાં વેરવિખેર થવાની ક્રિયા ન હોય છતાં જ્યારે તે વર્તમાનપત્રો વાંચે અથવા પત્ર લખે ત્યારે બાહ્ય પ્રવૃત્તિઓ કરતી હોય ત્યારે જે ચેતના હોય તેના કરતાં ચેતનાની તીવ્રતા ઓછી ઉત્કટ બને છે. જ્યારે ચેતના બિલકુલ 'સિદ્ધ' થઈ જાય ત્યાર પછી આ ફેરફાર થતો નથી. તેનો અર્થ એવો નથી કે માણસે બાહ્ય વસ્તુઓ બિલકુલ કરવી જ ન જોઈએ, કારણ કે તેમ બને તો બન્ને પ્રકારની ચેતનાઓનો સમન્વય કરવાની તાલીમ તેને પ્રાપ્ત થતી નથી. પરંતુ વ્યકિતએ એટલું તો સમજવું જ જોઈએ કે કેટલીક વસ્તુઓ બીજી વસ્તુઓ કરતાં ચેતનાને વેરવિખેર કરે છે અથવા નિમ્ન ભૂમિકામાં ઉતારે છે અથવા બહિર્મુખ કરે છે. ખાસ કરીને વ્યકિતએ પોતાની જાતને એવી આત્મવંચના કે બહાનું ન બતાવવું જોઈએ કે જ્યારે પોતાની ચેતના ખરેખર વેરવિખેર થાય છે ત્યારે પણ તે થઈ નથી. જે માણસોને બીજાઓને યોગ પ્રત્યે ખેંચવાની ઈચ્છા હોય તેમને મારે કહેવું જોઈએ કે જો તેઓ પોતાની જાતને આંતરિક લક્ષ્યની નજીક પોતાની જાતને ખેંચતા હોય, તો તે વધારે ફલદાયક પ્રવૃત્તિ બને છે. અને છેવટે તે વસ્તુ ઘણા પત્રો લખવાથી માણસોને યોગ તરફ વળવા માટે જેટલું આકર્ષણ કરાવે તેના બદલે વધારે સારી રીતે આકર્ષણ કરી શકે છે.

*

એટલા માટે જ અમે બહારના સગાઓ વગેરે સાથે પત્રવ્યવહાર કરવાની તરફેણમાં નથી. વ્યકિત પોતાની ચેતનાની બહાર અથવા નિમ્ન પ્રકૃતિની ભૂમિકામાં આવ્યા સિવાય તેમની સાથે સંપર્ક રાખી શકતો નથી; અને એ સ્પષ્ટ છે કે યોગના દષ્ટિબિંદુથી આ વસ્તુ અનિચ્છનીય છે. હું માનતો નથી કે પત્રો મારફતે તેમને વધારે પ્રેરણા મળી શકે, કારણ કે તેમની ચેતના બિલકુલ તૈયાર હોતી નથી; શબ્દો ફકત તેમની મનની સપાટીને સ્પર્શ કરી શકે છે; અગત્યની વસ્તુ એ છે કે શબ્દોની પાછળ શું રહેલું છે, પરંતુ તેઓ તેના પ્રત્યે ખુલ્લા નથી હોતા. જો પહેલેથી જ આધ્યાત્મિક બાબતોમાં રસ હોય તો જુદી બાબત છે. તેમ છતાં પણ તેવા માણસોને આ માર્ગ તરફ ખેંચી લાવવાને બદલે તેમને તેમના ગુરુનું અનુસરણ કરવા દેવું એ વધારે સારું છે.

*

એ કારણસર જ આ વસ્તુઓને છોડી દેવી (સગાં-વહાલાંઓ સાથેનો પત્ર-વ્યવહાર) એ વધારે સારું છે. જે માણસો પોતાના માણસો સાથે પત્રવ્યવહાર ચાલુ રાખે છે તેમને તમારી માફક અનુભવ થતો નથી, પરંતુ તેમ છતાં એ હકીકત છે કે તેઓ એવા આંદોલનોને ટકાવી રાખે છે અને તેમનું દબાણ બીજા ઉપર

કરે છે. આવા આંદોલનો જૂના બલોને પ્રાણમાં સક્રિય બનાવે છે અને તેમની છાપોને અવચેતનમાં ટકાવી રાખે છે.

*

દરેક પત્ર એટલે જે પત્ર લખે છે તેની સાથેનો વ્યવહાર છે; કારણ કે શબ્દોની પાછળ કાંઈક રહેલું હોય છે, તે વ્યક્તિનો કોઈક ભાગ, અથવા તેણે બહાર મોકલેલા બળોની કોઈ વસ્તુ અથવા જ્યારે તે લખે છે ત્યારે તેની આસપાસ રહેલા કોઈક બળોની કોઈ વસ્તુ. આપણા વિચારો અને લાગણીઓ પણ બલો હોય છે અને બીજાઓ ઉપર તેમની અસર થાય છે. વ્યકિતએ આ બધી ગતિઓ વિષે સભાન બનવું પડે છે, અને ત્યાર પછી જ તે વ્યકિત પોતાની મનોમય અને પ્રાણમય રચનાઓ ઉપર કાબુ પ્રાપ્ત કરી શકે છે અને બીજાઓની રચનાઓ વડે અસર પામવાથી મુકત બને છે.

*

હા, વ્યકિતના ખરાબ વિચારો અને સારા વિચારો બીજાઓ ઉપર ખરાબ કે સારી અસર કરે છે, પરંતુ તેમાં તેઓ કાયમ તે પ્રમાણે કરતા નથી; કારણ કે તેઓ આટલા બધા બળવાન હોતા નથી. તેમ છતાં તેમનામાં તેવું વલણ હોય છે. એટલા માટે જેમનામાં આ જ્ઞાન હોય છે તેઓ કાયમ એમ કહે છે કે આપણે આ કારણસર બીજાઓના ખરાબ વિચારો તેની સામાન્ય સ્થિતિમાં આવે છે; પરંતુ જો મન અને મનોમય સંકલ્પ પૂરેપૂરા વિકસિત હોય તો વ્યકિત પોતાના વિચારો અને કાર્યો ઉપર પોતાનો કાબુ સ્થાપિત કરી શકે છે અને ખરાબ વિચારોની લીલાને અટકાવી શકે છે. પરંતુ સાધક માટે આટલો મનનો કાબુ પૂરતો નથી. તેણે એક સ્થિર મન પ્રાપ્ત કરવું જોઈએ અને મનની નીરવતામાં પરમાત્માના વિચાર-બલોને જ ગ્રહણ કરવા જોઈએ અથવા બીજા દિવ્ય બળોને સ્વીકારવા જોઈએ અને તેમના માટેનું જ ક્ષેત્ર અને કરણ બનવું જોઈએ.

મનને નીરવ કરવા માટે જે જે વિચાર આવે તેને પાછો ફેંકી દેવો એટલું જ પૂરતું નથી. તે તો એક ગૌણ ક્રિયા પણ બની શકે. વ્યકિતએ બધા જ વિચારોમાંથી પાછા હઠી જવું જોઈએ અને તેનાથી અલગ પડી જવું જોઈએ, અને જો વિચારો આવે તો એક નીરવ ચેતના ફકત તેમનું નિરીક્ષણ કરે, પરંતુ પોતાની જાતને વિચાર કરતી ન કરવી અથવા તે વિચારો સાથે પોતાની જાતને તદ્રુપ ન બનાવતી. વિચારોને બિલકુલ બહારની વસ્તુઓ તરીકે જ અનુભવવી. ત્યાર પછી તે વિચારોનો ઇનકાર કરવો વધારે સહેલો થશે અથવા તમારા મનની સ્થિરતામાં ક્ષોભ ઉત્પન્ન કર્યા સિવાય તેમને પસાર થઈ જવા દો.

(જ્યારે આનંદ કે દુઃખથી વિચલિત ન થવાય અથવા લોકો જે કંઈ કહે અથવા કરે અથવા બાહ્ય વસ્તુઓમાં ગમે તે બને તેનાથી ખુશી કે નાખુશી ન આવે ત્યારે તે સ્થિતિને, યોગમાં બધી વસ્તુઓમાં 'સમતા'ની સ્થિતિ કહેવાય છે. તે મનોમય પ્રશાંતતા અથવા નીરવતા તથા પ્રાણની પણ શાંતિ લાવવામાં મદદ કરે છે તેનો ખરેખર અર્થ એવો છે કે પ્રાણ પોતે જ અને પ્રાણમય મન હવે નીરવ બનતા જાય છે અને સ્થિરતા પ્રાપ્ત કરતાં થાય છે. વિચારશીલ મન તો ચોક્કસ તેનું અનુસરણ કરશે જ.)

*

કોઈ પણ વ્યકિત વિષે વાતચીત કરવી તે તેના ઉપર સારી રીતે અસર કરી શકે; ઘણી વખત તે પ્રમાણે બને છે, કારણ કે તે વિચારની અથવા લાગણીની અસરકારક રચના હોઈ શકે અને તે આકારધારી બનીને તેને પહોંચી જશે. પરંતુ હું એવું ધારતો નથી કે કેવળ યાંત્રિક વિચારો અથવા અધૂરી રચનાઓ તે પ્રમાણે કરી શકે – કોઈ પણ રીતે તે વિરલ હોવી જોઈએ અને તેને માટે અપવાદરૂપ સંજોગો અથવા શકિતઓની લીલા હોવી જોઈએ જેને તુચ્છ ગણવામાં આવે છે.

નાભી નીચેનો પ્રદેશ નિમ્ન પ્રાણનો પ્રદેશ છે. તમારા પ્રસંગમાં બીજાઓના તે ભાગની અવસ્થા પ્રત્યે તમે બહુ સંવેદનશીલ બનેલાં છો અથવા તેમની સામાન્ય પરિસ્થિતિ વિષે કદાચ સંવેદનશીલ છો. તેથી કરીને તે વસ્તુ તમારી અંદર એક પ્રકારનું પ્રતિબિંબ પાડે છે અથવા તેને અનુરૂપ એક પ્રતિભાવ આપે છે. વિકાસની અંદર આવતો એ તબક્કો છે જેને પસાર કરવો જ પડે છે, કારણ કે નિમ્ન પ્રાણમય ભાગમાં સંપૂર્ણ શાંતિ આવવી જોઈએ અને તે બીજાઓની પરિસ્થિતિની અનુભૂતિ કરે તો પણ કોઈ પણ પ્રકારના પ્રતિભાવ અથવા પ્રતિબિંબ વગર તે વસ્તુને એક દર્શનના અથવા જ્ઞાનના કાર્ય તરીકે કરો.

*

હું ધારું છું કે તે વસ્તુ તે વ્યકિત ઉપર તથા તમારો તેનાં પ્રત્યેના પ્રત્યાઘાત ઉપર આધાર રાખે છે. જો તે વ્યકિત કામવાસનાના આંદોલનો આપે અથવા તે પ્રાણમય શકિતનો ફેલાવો કરનાર લાગે તો તેના પ્રત્યે ખુલ્લા થવું એ સારું નથી પરંતુ વ્યકિતગત સપાટી ઉપરના પરસ્પર વિનિમયમાં વ્યકિતએ કાંઈ પણ ખોવાનું નથી અથવા જે કાંઈ ગુમાવવાનું થાય તે એટલું બધું ઓછું હોય છે અને એવી નૈસર્ગિક રીતે સુધારી લેવામાં આવે છે કે તેની કોઈ ખાસ અગત્ય હોતી નથી.

*

(એ બિલકુલ શકય છે કે તે પ્રાણમય શકિતને અભાન રીતે ખેંચે છે; કારણ કે તે પ્રાણમય રીતે નિર્બળ છે, અને જે માણસો પ્રાણમય રીતે નિર્બળ હોય છે તેઓ સચેતન રીતે અને સ્વાભાવિક રીતે જ બીજાઓમાંથી પ્રાણ-શકિત ખેંચે છે.)

*

જ્યારે માણસો એકઠા થાય છે ત્યારે સામાન્ય રીતે જ પ્રાણમય બલોનો કોઈક વિનિમય થાય છે અને તેમાં તેમની ઇચ્છા હોતી નથી – વેમ્પાયરની ક્રિયા (બીજાઓનું લોહી ચૂસનાર તત્ત્વની) એક વિશિષ્ટ ઘટના છે. એવી વ્યકિત જે બીજાઓના પ્રાણ ઉપર જીવન ધારણ કરે છે અને તેમના ભોગે પ્રાણમય રીતે પુષ્ટ બને છે.

*

'ક્ષ' ને જોયા પછી માણસોને જે થાકની અનુભૂતિ થઈ તે વેમ્પાયરની ક્રિયાની નિશાની છે, પરંતુ ઘણી વખત આવી કોઈ લાગણી તે સમયે થતી નથી; પરંતુ સમગ્ર રીતે તેની અસર પાછળથી દેખાય છે. નાડી–તંત્રમાં ધીરે ધીરે કોઈક ખોટી વસ્તુ પ્રવેશ કરે છે જેને આપણે નાડીતંત્રનું આવરણ કહીએ છીએ તે નિર્બળ બને છે અથવા એક યા બીજી રીતે જીવનશકિત નિર્બળ થઈ જાય છે અથવા અસાધારણ પરિસ્થિતિમાં આવી પડે છે. માણસ તરત ઉશ્કેરાઈ જાય છે અથવા ગુસ્સે થઈ જાય છે. આવી ઘણી રીતો છે જેમાં તેની અસર દેખાય છે. કામવાસનાની લોહી ચૂસવાની ક્રિયા જુદી વસ્તુ છે. કામવાસનાના વિનિમયમાં સામાન્ય રીતે આદાન–પ્રદાન હોય છે; પરંતુ જે કામવાસનાનો 'વેમ્પાયર' હોય તે બીજી વ્યકિતના પ્રાણનો ગ્રાસ કરી જાય છે અને તેને બદલે કાંઈ પણ આપતો નથી અથવા બહુ ઓછું આપે છે.

*

એટલા બધા સાવચેત રહેવાની જરૂર નથી. સામાન્ય પ્રાણમય વિનિમયો હળવા પ્રકારના હોય છે, કોઈ પણ વ્યકિત બીજાનો પ્રાણ ગ્રહણ ન કરી શકે; કારણ કે જો તે પ્રમાણે બને તો જે માણસમાંથી પ્રાણ લઈ લેવામાં આવે, તે મૃત્યુ પામે. અલબત્ત એ શકય છે કે કોઈ વ્યકિત બીજી વ્યકિતની પ્રાણમય શકિતઓને ક્ષીણ કરી શકે જેથી તે અસહાય અથવા નિર્બળ અથવા શુષ્ક બની જાય; પરંતુ તે 'વેમ્પાયર' પ્રકારનો માનવી જ તે પ્રમાણે કરી શકે. એ પણ શકય છે કે કોઈ વ્યકિત પોતાની પ્રાણમય શકિતઓનો વધારે પડતો બહાર વ્યય કરે અને પોતાની જાતને નિર્બળ બનાવે અથવા શકિતનો ક્ષય કરી નાંખે, જે વસ્તુ કદી કરવી ન જોઈએ. જે લોકો વૈશ્વિક પ્રાણમય બલમાંથી કઈ રીતે શકિત ખેંચવી તે જાણે છે અથવા મુકત રીતે ખેંચે છે તેઓ જ તેમનામાં જીવનશકિત ભરી શકે છે અને મુક્ત રીતે વાપરી શકે છે.

બધાં જ માણસો અલબત્ત થોડા પ્રમાણમાં ખેંચે છે નહિતો તેઓ જીવી શકે નહિ, કારણ કે પ્રાણમય શકિતનો વ્યય તો ચાલુ હોય છે જ અને વ્યકિતને તેની જગ્યાએ તે શકિતનું પુનઃસ્થાપન કરવું જ પડે છે; પરંતુ ઘણા ખરા માટે તો શકિત ખેંચવાની ક્રિયા મર્યાદિત હોય છે અને ક્ષીણ થયા સિવાય આપવાની શકિત પણ મર્યાદિત હોય છે.

પરંતુ જો સામાન્ય મર્યાદામાં રહીને તે ગતિઓ કરવામાં આવે તો પ્રાણની સામાન્ય વિનિમયની ગતિઓ નુકસાન કરતી નથી. સાધનામાં વ્યકિત અનિચ્છનીય અસરોને ગ્રહણ કરે છે ત્યારે મુશ્કેલી ઉત્પન્ન થાય છે. એટલા માટે જ અમુક અવસ્થાઓમાં વાતચીત અથવા હળવું-મળવું વગેરે માટે મર્યાદા રાખવાની સલાહ આપવામાં આવે છે. પરંતુ સાચો ઉકેલ તો આંતરિક રીતે સચેત બનવું, અસરને જાણવી અને કોઈ પણ અનિચ્છનીય હૂમલો અથવા અસરનો સામનો કરવો જોઈએ. જ્યારે વાતચીત, હળવા-મળવાની ક્રિયા વગેરે કરતા હોઈએ ત્યારે આપણી આસપાસ એક રક્ષણ રાખવું અને જે વસ્તુને ગ્રહણ કરવાની હોય એટલી જ પસાર થવા દેવી અને બીજી કોઈ પણ વસ્તુને નહિ. તે ઉપરાંત કેટલી વસ્તુ સહિસલામત રીતે વ્યકિત આપી શકે અને કઈ વસ્તુ તે ન આપી શકે તેનું પ્રમાણ કાઢવું. જ્યારે વ્યકિતમાં ચેતના હોય તથા તાલીમ હોય તો આ ક્રિયા સાહજિક રીતે જ બને છે.

*

ના, માણસો આ વસ્તુઓ વિષે સચેતન હોતાં નથી, ફક્ત બહુ ઓછા માણસો જ હોય છે, પ્રાણમય વિનિમય ત્યાં હોય છે, પરંતુ તેઓ તે વિષે સભાન હોતાં નથી. કારણ કે તેઓ બાહ્ય મનમાં (સ્થૂલ મનમાં) જ રહેતા હોય છે અને આ વસ્તુઓ તેમની પાછળ બનતી હોય છે. તે પ્રકારના આંતર - વ્યવહાર પછી તેઓ વધારે પ્રોત્સાહન અનુભવે છે, અથવા નિરાશ અને શ્રમિત થાય છે; તેમ છતાં તેઓ વાતચીત અથવા સંપર્કને કારણભૂત ગણતા નથી; કારણ કે આ પ્રકારનો વિનિમય અચેતન રીતે થયેલો હોય છે; જેઓ બાહ્ય મનમાં જ જીવન ધારણ કરતાં હોય છે તે મન આ વસ્તુ વિષે સભાન હોતું નથી.

*

તેના ઉપયોગનો (પ્રાણમય વિનિમય વિષે સચેતન બનવું) આધાર શાંતિ ઉપર સ્થાપન થયેલી આંતર–શકિતના વિકાસ ઉપર હોય છે. તે શકિત આ વસ્તુઓ ઉપર કાર્ય કરશે અને તેમને અટકાવશે. જ્યાં સુધી વ્યકિત સજ્ઞાન નથી હોતી, ત્યાં સુધી તેનું કાર્ય અવિદ્યામાં થાય છે. અને તે વર્તુળની બહાર જવાનું શકય નથી; કારણ કે તેમાં તેને વિષેનું જ્ઞાન નથી. સ્વરૂપમાં આંતર–વિકાસની વૃદ્ધિ સમયે

એવી ચેતના આવે છે જે શાંતિનું સ્થાપન કરે છે, અને મુકિતને એક જરૂરી વસ્તુ બનાવે છે. તેને લઈને વ્યકિત નવીન ચેતનાના ઊર્ધ્વતર બલ પ્રત્યે ખુલ્લી થાય છે જે પ્રાણમય વિનિમયનો અંત લાવે છે અને પ્રાણમય અને મનોમય જીવનને માટે એક નવીન સમતુલાનું સર્જન કરે છે. જો વ્યકિત એક વિકાસ પામેલી લાગણી – શીલતાથી અટકી જાય છે અને તેનાથી આગળ પ્રગતિ કરતી નથી તો અલબત્ત તે વસ્તુનો યોગ્ય ઉપયોગ નથી. કેટલાક ક્ષ અને ય જેવા માણસો છે જેઓ એટલા બધા 'ગુહ્ય જ્ઞાન' માં ડૂબેલા હોય છે કે તેઓ ત્યાં ગોળ ગોળ ફરીને અટકી ગયા અને જેટલી શકય હોય તેટલી ભૂલો કરવા લાગ્યા, કારણ કે ત્યાં આધ્યાત્મિક પ્રકાશ નહોતો. વ્યકિતએ ત્યાં અટકવાનું નથી, પરંતુ આગળ અને આગળ ઊર્ધ્વમાં આધ્યાત્મિક ચેતનામાં અને મહત્તર પ્રકાશમાં, શકિતમાં અને તે જે સમતુલા લાવે તેમાં પહોંચવાનું છે.

*

હું માનું છું કે માણસો આ ગુહ્ય વ્યવહાર વિષે બિલકુલ સચેતન હોતા નથી. ડોડેટ (Daudet) જેવા કેટલાક માણસો બલોને ખર્ચી નાખવાની અથવા ફેંકી દેવાની ક્રિયાઓનું નિરીક્ષણ કરી શકે છે, પરંતુ તેમને તે શકિતઓને ખેંચવાનું અથવા તેમની બીજાઓ ઉપર થતી અસર વિષે જ્ઞાન નથી હોતું. મનોમય વિનિમયનો વિચાર પ્રચલિત છે, જો કે તે પણ સપાટી ઉપરના પ્રકાર વિષે, નહિકે એક નીરવ મનનો બીજા મન સાથેનો વિનિમય, જે કાયમ ચાલ્યા જ કરતો હોય છે. પરંતુ પ્રાણમય પ્રભાવ વિષે બહુ ઓછા ગુહ્યવાદીઓને જ્ઞાન હોય છે. જો વ્યકિત ખૂબ સચેતન બને તો તે વ્યકિત અંદર અને બહારની ચારે બાજુએથી જે બલો કાર્ય કરી રહેલાં હોય છે તેમના વિષે સભાન બને છે. દા. ત. આનંદના અથવા નિરાશાના અથવા ક્રોધના બલો વગેરે વિષે.

*

એક સંસ્કારી અને શિક્ષિત માણસની પ્રાણમય શકિત અને એક એવી વ્યકિત જે ગ્રામ્ય અને અજ્ઞાન હોય તે માણસની શકિત વચ્ચે અચૂક ભેદ હોય છે જ. બીજુ કાંઈ નહિ તો તેમની એક પ્રાણશકિત વધારે સંસ્કારવાળી અને વધારે સૂક્ષ્મ હોવાથી શકિતમાં ફેર હોય છે જ, જો વધારે પડતું દારુનું સેવન કરવામાં આવે તો શકિતના પદાર્થમાં અને ગુણવત્તામાં અસર પહોંચે છે, પરંતુ મર્યાદિત મદ્યપાન કરવામાં અથવા ધૂમ્રપાનમાં કદાચ ઓછી દેખીતી અસર થાય છે. હું માનતો નથી કે સામાન્ય જીવનમાં માણસો આ વસ્તુને ધ્યાન પર લેતા હોય, પરંતુ તેમનામાં એક એવી સામાન્ય છાપ હોય છે જેને વિષે તેઓ સમજાવી શકતા નથી અથવા તેઓ વ્યકિતગત રીતે કહી શકતા નથી.

★

વિભાગ ૯

સાધના–આશ્રમમાં અને બહાર

સાધના – આશ્રમમાં અને બહાર

આ આશ્રમના સર્જનમાં સામાન્ય પ્રચલિત આશ્રમોનું ધ્યેય હોય છે તેના કરતાં બીજું જ ધ્યેય રાખે છે; અહીં જગતનો ત્યાગ કરવાનો નથી પરંતુ એક જુદા જ પ્રકારનાં અને સ્વરૂપના જીવનની ઉત્ક્રાંતિ કરવા માટેનું એક કેન્દ્ર અને ક્ષેત્ર છે, એવું જીવન જે છેવટે અંતિમ ધ્યેય રૂપે ઉચ્ચતર આધ્યાત્મિક ચેતનાથી ગતિ કરી શકે તથા આત્માના મહત્તર જીવનને ધારણ કરે. એવો કોઈ સામાન્ય નિયમ નથી કે કઈ અવસ્થાએ માણસે સામાન્ય જીવન છોડી દઈને અહીં પ્રવેશ મેળવવો; દરેક પ્રસંગ વ્યકિતગત જરૂર ઉપર એને એક અંદરની પ્રેરણા અને શકયતા તથા સલાહ ઉપર તે પગલું ભરવું કે કેમ તેના ઉપર આધાર રાખે છે.

*

આ આશ્રમ બીજા આશ્રમો જેવો નથી – અહીંના સાધકો સંન્યાસીઓ નથી; અહીં યોગનું એકમાત્ર લક્ષ્ય 'મોક્ષ' નથી. અહીં એવું કાર્ય કરવા માટેની તૈયારી ચાલી રહી છે – જેનો પાયો યૌગિક ચેતના અને યોગ-શકિત ઉપર બંધાશે અને તે સિવાય બીજો કોઈ પાયો હોઈ શકશે નહિ. તે દરમિયાન અહીંના દરેક સભ્ય માટે, આ આધ્યાત્મિક તૈયારી કરવા માટે આ આશ્રમમાં કોઈ કામ કરવાની અપેક્ષા રાખવામાં આવે છે.

*

મુશ્કેલી એ છે કે સ્રીમાં જગતના જીવન માટે જ "વૈરાગ્ય" હોય એવું લાગે છે પરંતુ આ યોગ વિષેનું કોઈ જ્ઞાન અથવા કોઈ પુકાર હોય એવું લાગતું નથી અને આ યોગ અને અહીંનું જીવન સામાન્ય યોગ અને સામાન્ય આશ્રમ કરતાં બિલકુલ ભિન્ન છે. તે ઉપરાંત તેને જોવ્યા સિવાય અને નજીકથી જાણ્યા સિવાય કે તે કેવી છે, અમારે માટે તેની પાસે કોઈ માગણી કરવી અશકય છે. અત્યારે અમે વધારે આશ્રમવાસીઓને સ્વીકારવા તૈયાર નથી સિવાય કે કોઈ કોઈ ખાસ પ્રસંગમાં.

*

અહીં નિવાસ કર્યા સિવાય પણ કેટલાક માટે જીવનનું નિવેદન કરવું બિલકુલ શકય છે. તેમાં આંતર-વલણનો અને સ્વરૂપનું પરમાત્માને સમગ્ર સમર્પણ કરવાનો પ્રશ્ન છે.

*

અમે માનતા નથી કે તે વસ્તુ સલાહકારક હોય ('ક્ષ' અહીં આવે અને આશ્રમમાં રહે). આશ્રમમાં આવવાથી મુશ્કેલીઓ બંધ થતી નથી – તમે જે કોઈ જગાએ હો ત્યાં મુશ્કેલીઓનો સામનો કરવાનો હોય છે અને તેમના ઉપર વિજય પ્રાપ્ત કરવો પડે છે. કેટલીક પ્રકૃતિવાળા માણસો માટે શરૂઆતથી આશ્રમમાં નિવાસ કરવો મદદરૂપ હોય છે. બીજાઓએ પોતાની જાતે જ બહાર તૈયારી કરવાની હોય છે.

*

મેં તમારો પત્ર વાંચીને વિચાર કર્યો છે અને તમે જે તકની માગણી કરો છો તે આપવા માટે નિર્ણય કર્યો છે. શરૂઆત કરવા માટે તમે બે કે ત્રણ માસ આશ્રમમાં રહી શકો અને તમે જાણી શકો કે જે વસ્તુની તમે શોધ કરો છો તે માટે આ જગા અને માર્ગ ખરેખર સાચાં છે કે કેમ અને અમે પણ તમારી આધ્યાત્મિક શકયતાઓનું નજીકથી નિરીક્ષણ કરીને શોધી શકીએ કે અમે તમને કઈ રીતે શ્રેષ્ઠ મદદ આપી શકીએ, તેમ જ આ યોગ તમારા માટે ઉત્તમ માર્ગ છે કે કેમ.

આ કસોટી ઘણા કારણસર જરૂરી છે, પણ ખાસ કરીને આ યોગનું અનુસરણ કરવાનું મુશ્કેલ હોવાથી ઘણા માણસો તેમની પ્રકૃતિ પાસે જે માગણી કરવામાં આવે છે તેને પ્રત્યુત્તર આપી શકતા નથી. તમે લખ્યું છે કે તમે મારામાં એવી વ્યકિત જોઈ જેણે પોતાની બુદ્ધિની પૂર્ણતા મારફતે તેનું આધ્યાત્મીકરણ અને દિવ્યીકરણ કરેલું છે; પરંતુ હકીકતમાં તો હું પૂર્ણ નીરવતાથી તેમાં પહોંચેલો છું અને જે કોઈ આધ્યાત્મીકરણ અથવા દિવ્યીકરણ મને પ્રાપ્ત થયું છે તે ઉચ્ચતર પરા-બૌદ્ધિક જ્ઞાનનું, તે નીરવતામાં અવતરણ થવાથી થયું છે. 'ગીતા પર નિબંધો' પુસ્તક પોતે જ તે મનની નીરવતામાંથી લખાયેલું છે અને તેમાં કોઈ બૌદ્ધિક પ્રયત્ન થયો નથી; પરંતુ ઊર્ધ્વમાંથી આવતા જ્ઞાનની મુકત ક્રિયાથી લખાયેલું, આ અગત્યનું છે; કારણ કે આ યોગનો સિદ્ધાંત માનવ પ્રકૃતિ જે રીતની છે તેની પૂર્ણતા નથી પરંતુ સ્વરૂપના બધા જ ભાગોનું ચૈતસિક અને આધ્યાત્મિક રૂપાંતર કરવાનો છે. આ વસ્તુ આંતર-ચેતનાના કાર્ય મારફતે અને ત્યાર પછી એક ઊર્ધ્વતર ચેતના તે ભાગો ઉપર જે કાર્ય કરે છે તેને લઈને તેમની જૂની ગતિઓ દૂર થઈ જાય છે અથવા તેમનું રૂપાંતર કરીને પોતાના જેવી બનાવે છે અને તેથી નિમ્ન પ્રકૃતિનું ઊર્ધ્વ પ્રકૃતિમાં રૂપાંતર કરે છે. તેમાં બુદ્ધિનું ઊર્ધ્વીકરણ થઈને પૂર્ણતા થતી નથી, તેમ મનનું રૂપાંતર નથી, તેમ જ વધારે વિશાળ મહત્તર જ્ઞાનના સિદ્ધાંતનું પ્રતિપાદન નથી. અને તે જ પ્રમાણે સ્વરૂપના બાકીના બધા ભાગોની સાથે પણ તે ભાગોની કેવળ પૂર્ણતા નથી.

આ ધીમી અને મુશ્કેલ પ્રક્રિયા છે; માર્ગ લાંબો છે અને જરૂરી પાયાનું સ્થાપન કરવું પણ મુશ્કેલ છે. જૂની અસ્તિત્વ ધરાવતી પ્રકૃતિ પ્રતિકાર કરે છે અને અટકાયત કરે છે અને એક પછી એક મુશ્કેલીઓ, જ્યાં સુધી તેમના ઉપર વિજય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી વારંવાર આવ્યા કરે છે. એટલા માટે એ જરૂરી છે કે માણસ આ માર્ગ ઉપર છેવટે જવાનું નક્કી કરે તે પહેલાં તેણે ખાતરી કરી લેવી જોઈએ કે આ માર્ગ માટે તેને સાદ થયો છે કે કેમ.

જો તમારી ઇચ્છા હોય તો તમે માગણી કરો છો તે પ્રમાણે તમને કસોટી આપવા અમે તૈયાર છીએ. તમારો ઉત્તર આવશે એટલે માતાજી આશ્રમમાં તમારા નિવાસ માટેની જરૂરી વ્યવસ્થા કરશે.

*

આપણું સ્વરૂપ પૂર્ણ રીતે આધ્યાત્મિક જીવન માટે તૈયાર થાય તે પહેલાં સામાન્ય જીવનનો ત્યાગ કરવો તે મદદરૂપ નથી. એ પ્રમાણે કરવું એટલે જુદા જુદા તત્ત્વો વચ્ચે એક સંઘર્ષ વહોરી લેવો અને સામાન્ય જીવનને એટલા તીવ્ર બિંદુ સુધી થકવી નાખવું જે પ્રકૃતિ સહન કરી શકે નહિ. તમારી અંદર રહેલા પ્રાણના તત્ત્વોનું શિસ્ત અને જીવનની અનુભૂતિઓનું અંશત: સામંજસ્ય કરવું પડે અને આધ્યાત્મિક દૃષ્ટિબિંદુને ધ્યાનમાં રાખીને કર્મયોગના આધ્યાત્મિક ભાવમાં ક્રમશ: પ્રગતિ કરવા માટે, તમારા જીવન ઉપર શાસન સ્થાપવા માટે પ્રયત્ન કરવો જોઈએ.

આ કારણસર જ અમે તમારા લગ્નને અમારી મંજુરી આપી.

*

આશ્રમમાં હોવું એટલું જ પૂરતું નથી; વ્યકિતએ માતાજી પ્રત્યે ખુલ્લા થવું જોઈએ અને જે મન સાથે વ્યકિત આ જગતમાં રમત રમે છે તેને એક બાજુએ મૂકી દેવાનું હોય છે.

*

અહીં કોઈ ઔપચારિક દીક્ષા હોતી નથી, વ્યકિતનો સ્વીકાર કરવામાં આવે એટલું જ પૂરતું છે, પરંતુ જ્યાં સુધી મેં વ્યકિતને જોઈ ન હોય અથવા માતાજી તે વ્યકિતને જુએ નહિ અથવા તે વ્યકિત આ યોગને માટે નિર્માણ થયેલી છે એવી સ્પષ્ટ નિશાની મને લાગે નહિ ત્યાં સુધી હું તે વ્યકિતને સામાન્ય રીતે સ્વીકારતો

નથી. કેટલીક વખત જે લોકોને સ્વીકારવામાં આવે છે તેમને શિષ્યો બનવાની ઇચ્છા હોય છે તેમણે મને સ્વપ્નમાં જોયેલો હોય છે અથવા મારું તેમને દર્શન થયેલું હોય છે.

*

તમે જે કહો છો તે સાચું છે. આવું વલણ કે પરમાત્માને સાધકની જરૂર છે અને સાધકને પરમાત્માની જરૂર નથી એ બિલકુલ ખોટું અને મૂર્ખાઈભર્યું છે. જયારે માણસોને અહીં સ્વીકારવામાં આવે છે ત્યારે તેમને પ્રભુકૃપાની તક આપવામાં આવે છે, અને એક મહાન કાર્યના કરણ બનવાની તક આપવામાં આવે છે, એવું માનવું કે પ્રભુ આ કે પેલી વ્યકિતની મદદ સિવાય કાર્ય '**કરી શકે નહિ**' એ ચોક્કસ ઉદ્ધત અને અતાર્કિક વસ્તુ છે. તેમણે ગીતાનું 'ऋतेऽपि त्वाम्' (તારા સિવાય પણ) કાર્ય થઈ શકે છે અને તું તેનો 'નિમિત્તમાત્ર ભવ' – વાકયો યાદ રાખવા જોઈએ.

*

હું પ્રણામ વગેરે જેનું જીવંત મૂલ્ય છે તેના વિષે વિચાર કરતો નહોતો પરંતુ જે જૂના સમયથી ચાલતા આવતા સ્વરૂપો હજુ પણ ટકી રહ્યા છે, જેમની કોઈ કિંમત નથી તેમના વિષે વિચાર કરતો હતો. દા. ત. મૃતાત્માઓ માટે શ્રાદ્ધ વગેરે. તે ઉપરાંત એવા સ્વરૂપો છે જેને આ યોગ સાથે કોઈ સંબંધ નથી. દા. ત. ક્રિશ્ચયનો જેઓ ક્રિશ્ચયન રૂઢિઓને અથવા મુસલમાનો જેઓ નમાજને, હિંદુઓ જેવા સંધ્યા-પૂજાની જૂની રીતની રૂઢિઓને વળગી રહેલા છે તેઓ તે વસ્તુઓને ખરી પડતી જોશે અથવા તેમની સાધનાના મુકત વિકાસમાં વિઘ્નરૂપે અનુભવશે.

*

૨

તમે જે લખો છો તે બતાવે છે કે કર્મ વિષેનો જે તમારો ખ્યાલ છે તે ખોટો છે. આશ્રમમાં કરવાનું કાર્ય માનવતાની સેવા અર્થે નથી અથવા તેમાંનો એક ભાગ જેને આશ્રમના સાધકો કહેવાય છે તેમને માટે પણ નથી. આશ્રમમાં થતું કાર્ય ખુશખુશાલ સામાજિક જીવન માટેની તક તરીકે, અથવા સાધકો વચ્ચે લાગણીઓ અને આસકિતઓના પ્રવાહ માટે, તેમ જ પ્રાણમય ગતિઓની અભિવ્યકિત કે અમુક વ્યકિતઓ સાથે કે બધી વ્યકિતઓ સાથે એક મુકત પ્રાણમય વિનિમય માટે

પણ નથી. કાર્યનો અર્થ પ્રભુની સેવા માટેનો છે અને તે એક પરમાત્મા પ્રત્યેના આંતર-ખુલ્લાપણા માટે છે, કેવળ પરમાત્માને જ સમર્પણ માટે છે. તેમાં અહંકારનો તથા બધી સામાન્ય પ્રાણમય ગતિઓનો ઇનકાર છે અને ચૈતસિક ઊર્ધ્વીકરણ નિઃસ્વાર્થીપણું, આજ્ઞાધીનતા માટેની તાલીમ છે. તેમાં બધી જ મનોમય, પ્રાણમય અથવા બીજી આત્મ-પ્રક્ષેપ કરનારી મર્યાદિત વ્યક્તિતાનો ત્યાગ કરવાનો છે. આત્મ-સ્થાપન કરવું એ તેનો ધ્યેય નથી, એક સામૂહિક પ્રાણમય અહંકારની રચના કરવી તે પણ તેનું ધ્યેય નથી. કર્મયોગનું ધ્યેય, આપણા નાનકડા અહંને પરમાત્મા સાથેની એકતામાં ઓગાળી નાખવો, વિશુદ્ધિકરણ, સમર્પણ, પોતાનું અવિદ્યામય માર્ગદર્શન જે પોતાના વિચારો અને અંગત લાગણીઓના પાયા ઉપર રચાયેલું છે તેને બદલે દિવ્ય માર્ગદર્શનનું સ્થાપન કરવાનું છે, અને તેમાં પોતાના સંકલ્પનું પરમાત્માના સંકલ્પને સમર્પણ કરવાનું છે.

જો વ્યકિતને માણસો નજીકના લાગે અને પરમાત્મા દૂર દૂર લાગે અને તે પરમાત્માની શોધ માનવ સેવા અને માનવ પ્રેમ મારફતે કરે અને નહિકે પરમાત્માની સીધેસીધી સેવા અને પ્રેમ મારફતે નહિ, તો માણસ ખોટા સિદ્ધાંતનું અનુસરણ કરે છે. કારણકે તે સિદ્ધાંત મનોમય, પ્રાણમય અને નૈતિક સિદ્ધાંત છે અને નહિકે આધ્યાત્મિક જીવનનો સિદ્ધાંત.

*

("સર્વ પ્રાણીઓમાં રહેલો પ્રભુનો પ્રેમ અને તેનું સતત દર્શન, સર્વ વસ્તુઓમાં તેના કાર્યનો સ્વીકાર") જે કર્મયોગનું ધ્યેય વૈશ્વિક આત્મા સાથેની એકતા માટેનું હોય છે અને અધિમનસ સુધી જઈને અટકી જવાનું હોય છે તેવા કર્મયોગ માટે બરોબર છે. પરંતુ અહીં એક વિશિષ્ટ પ્રકારનું કાર્ય કરવાનું છે અને સમગ્ર પૃથ્વી માટે એક નવીન સાક્ષાત્કારની પ્રાપ્તિ કરવાની છે, કેવળ આપણા પોતાના માટે જ નહિ. બાકીના જગતથી અલગ થઈને આપણે આપણી સામાન્ય ચેતનામાંથી જુદા પડવાનું છે જેથી કરીને આપણે એક નવીન ચેતનાને નીચે ઉતારી શકીએ.

એવું નથી કે સર્વ માટેનો પ્રેમ એ સાધનાનો ભાગ નથી, પરંતુ તેણે બધાની સાથે હળવા-મળવાનું તાત્કાલિક શરૂ કરી તેનો પોતાની જાતે અનુવાદ કરવાનો નથી. તેની અભિવ્યકિત સામાન્ય રીતે થઈ શકે અને જ્યારે જરૂર લાગે ત્યારે એક સક્રિય વૈશ્વિક શુભેચ્છા રાખવી, પરંતુ બાકીની બધી વસ્તુઓ માટે તો તેણે ઊર્ધ્વતર ચેતનાને તેના સર્વ પ્રભાવ સાથે પૃથ્વી ઉપર ઉતારી લાવવાના સખત પ્રયત્નમાં તે

પરિણમવી જોઈએ. સર્વ વસ્તુઓમાં પ્રભુનું કાર્ય ચાલી રહેલું છે તે સ્વીકારવા વિષે કહેવાનું કે અહીં પણ તેને એ ભાવનાથી જોવાની જરૂર છે કે તે આપણા સંઘર્ષો અને મુશ્કેલીઓ પણ છે, પરંતુ હાલમાં જે પ્રકારની માનવ પ્રકૃતિ અને જગત છે તેવાં જ તેમને સ્વીકારવાના નથી. આપણું લક્ષ્ય એક વધારે દિવ્ય કાર્ય તરફ પ્રગતિ કરવાનું છે, તેમાં અત્યારે જે આવિર્ભાવ છે તેની જગાએ એક મહત્તર આવિર્ભાવનું પુનઃસ્થાપન કરવાનું છે. તે પણ દિવ્ય પ્રેમનું એક શ્રમયુકત કાર્ય છે.

*

આપણે એ સ્થિતિ સ્વીકારીએ છીએ કે સામાન્ય જીવન આ અર્થમાં "માયા" છે, પરંતુ તે મિથ્યા કે ભ્રમ નથી, કારણ કે તે અસ્તિત્વ ધરાવે છે અને ઘણું વાસ્તવિક છે, પરંતુ એ એક અવિદ્યા છે, એક એવી વસ્તુ જે આધ્યાત્મિક દૃષ્ટિબિંદુથી જૂઠાણાના પાયા ઉપર રચાયેલું છે. એટલે તેની અવગણના કરવી તે તાર્કિક રીતે સાચું છે અથવા આપણને તેનો સ્પર્શ કરવાની ફરજ પડે છે પરંતુ આપણે તેને જેટલું ઓછું કરવું શકય બને તેટલું ઓછું કરીએ છીએ, સિવાય કે તે આપણા હેતુ માટે જેટલું ઉપયોગી હોય તેટલું જ સ્વીકારીએ. આપણે જીવનને જૂઠાણામાંથી આધ્યાત્મિક સત્યમાં, અજ્ઞાનના જીવનમાંથી આધ્યાત્મિક જીવનમાં રૂપાંતર કરવાનું છે. પરંતુ જ્યાં સુધી આપણે પોતે જ તે પ્રમાણે કરવામાં સફળ થયા ન હોઈએ ત્યાં સુધી આ જગતના અવિદ્યામય જીવનમાંથી આપણી જાતને અલગ કરવી પડે છે. નહિતો પછી આપણામાં જે ધીરે ધીરે જ્ઞાનના પ્રકાશનો ઉદય થાય છે તે આપણી આજુબાજુ ચારે તરફ રહેલાં તમોમય સમુદ્રોમાં ડૂબી જવાની શકયતા છે. તે જગા જેવા પ્રકારનું છે તેવું હોવાં છતાં તેને સ્વીકારી તેના રૂપાંતર માટેનો પ્રયત્ન પૂરતો મુશ્કેલ છે. જો આપણે તેનાથી અલગ ન રહીએ તો આ મુશ્કેલીમાં દસ ગણી વૃદ્ધિ થઈ જાય.

*

અહીંનું કાર્ય અને જગતમાં થતું કાર્ય બન્ને એક જ પ્રકારના હોતા નથી, ખાસ કરીને ત્યાં થતું કાર્ય કોઈ પણ રીતે દિવ્ય કાર્ય નથી; તે જગતનું સામાન્ય કાર્ય છે. પરંતુ તેમ છતાં માણસે તેને એક કસોટી રૂપે ગણવું જોઈએ અને કર્મયોગની ભાવનાથી કરવું જોઈએ. ત્યાં અગત્યની વસ્તુ કાર્યના પ્રકારમાં નથી હોતી પરંતુ કઈ ભાવનાથી કરવામાં આવે છે તે છે. તે ગીતાની ભાવના પ્રમાણે કરવું જોઈએ, કામના વગર, આસકિત વગર, ધૃણા વગર, પરંતુ શકય બને તેટલી પૂર્ણતાથી ; નહિકે કુંટુંબ માટે કે ઉપરી અધિકારીઓને ખુશ કરવા માટે ; પરંતુ તે વસ્તુ તમારા હસ્તકમાં છે એટલા માટે. તે તમારી આંતર તાલીમ માટે છે. બીજુ

કાંઈ નહિ તેમાં આ વસ્તુઓ શીખવાની છે : સમતા, કામના–વિહીનતા, સમર્પણ. તેમાં કાર્યની પોતાની કોઈ અગત્ય નથી ; પરંતુ વ્યકિતની કાર્ય કરવાની રીત, જેમાં વ્યકિત તે કાર્યને પરમાત્માને નિવેદન કરે છે તે અગત્યનું છે. તેવી ભાવનાથી કાર્યને કરવામાં આવે તો કાર્ય કેવા પ્રકારનું છે તેની કોઈ અગત્ય નથી. જો વ્યકિત આ રીતે પોતાની જાતને આધ્યાત્મિક તાલીમ આપે તો પછી વ્યકિત સાચી રીતે કાર્ય કરવા તૈયાર થાય છે અને તેને ગમે તે પ્રકારનું કામ, પ્રભુ માટે સોંપવામાં આવે, (જેવું કે આશ્રમ કાર્ય) તે ગમે તે દિવસે સોંપી શકવામાં આવે છે.

*

સ્પષ્ટ રીતે જ અહીંનું જીવન એવી જગાનું જીવન નથી જયાં મન અને પ્રાણને સંતોષ આપવામાં આવે અને તે સિદ્ધ થાય, અથવા વ્યકિત કોઈ આનંદપ્રદ જીવન જીવી શકે. જ્યારે વ્યકિત અંતરમાં જીવન જીવતી થાય ત્યારે જ તે જીવન સંતોષકારક બને છે ... પરંતુ જેનામાં આંતર જીવન ખાતરીવાળું હોય તેના માટે કોઈ શુષ્કતા નથી. પ્રથમ લક્ષ્ય આંતર–સાક્ષાત્કાર હોવો જોઈએ. સાચા અંતરાત્મા અને નવીન ચેતનાના પાયા ઉપર પ્રભુ માટે કાર્ય કરો, જૂના પાયા ઉપર નહિ–તો જ પરિણામ પ્રાપ્ત થશે. ત્યાં સુધી કર્મ અને જીવન સાધનાના કરણો જ હોઈ શકે, નહિકે ‘ આત્મ-ચરિતાર્થતા ’ અથવા જૂના પાયા પર રચાયેલું કોઈ તેજસ્વી અને રસપ્રદ પ્રાણમય જીવન પણ નહિ.

*

અહીં એવી કોઈ પણ વસ્તુ નથી જે માનવ પ્રાણમય પ્રકૃતિને સહાયરૂપ હોય ; અહીંનું કાર્ય ટૂંકું, નીરવ અને બહારની દુનિયાથી અને તેના સંજોગોથી વિખુટી પડી ગયેલું તથા આધ્યાત્મિક આત્મ-સંસ્કૃતિ માટેના ક્ષેત્ર તરીકે મૂલ્યવાન છે. જો વ્યકિત કેવળ આધ્યાત્મિક હેતુ માટે જ નિયંત્રિત હોય અને તેનામાં આધ્યાત્મિક ચેતના હોય તો તે આ કાર્યમાં આનંદ અને રસ લઈ શકે. અથવા માનવ મર્યાદાઓ હોવા છતાં કાર્ય કરનારનું વલણ મુખ્યત્વે આધ્યાત્મિક પ્રગતિ અને આત્મ-પૂર્ણતા તરફ ઝોકવાળું હોય, તો પણ તે તેમાં રસ લઈ શકે છે અને તેની અહંકારયુક્ત મનોમય તથા પ્રાણમય તથા શારીરિક પ્રકૃતિની શોધ તથા વિશુદ્ધિકરણ માટે ઉપયોગ કરી શકે છે તેમ જ પ્રભુની સેવાનો આનંદ પણ માણી શકે છે. એમ બન્ને વસ્તુની ઉપયોગિતા અનુભવી શકે છે.

*

તે બિલકુલ ઉપયોગિતાનો પ્રશ્ન નથી. જોકે તમારું કાર્ય, જો તમે તમારી જાતને પૂરેપૂરી રીતે અંદર મૂકીને કરો તો ઘણું ઉપયોગી છે. કર્મ એ સાધનાનો

ભાગ છે અને સાધનામાં ઉપયોગિતાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી, એટલે કે વસ્તુઓના બાહ્ય વ્યવહારિક ઉપયોગનું માપ કાઢવાના દષ્ટિબિંદુથી સાધના થતી નથી. જો કે બાહ્ય સામાન્ય જીવનમાં પણ ઉપયોગિતા એ જ કેવળ એક પ્રમાણ નથી. પ્રશ્ન છે પ્રભુ તરફની અભીપ્સા, તે જ તમારું કેન્દ્રસ્થ લક્ષ્ય છે કે કેમ, તમારી આંતર જરૂરીયાત છે કે કેમ ? પોતાની જાત માટેની સાધના એ ભિન્ન વસ્તુ છે – વ્યકિત તેને સ્વીકારી શકે છે અથવા ત્યાગ પણ કરી શકે છે. સાચી સાધના પરમાત્મા માટે હોય છે. તે આત્માની જરૂરીયાત હોય છે, અને વ્યકિતમાં જયારે નિરાશા આવે ત્યારે તેને છોડી દેવાનો વિચાર કરે તો પણ છોડી શકતી નથી.

*

અહીંના કાર્યોનો હેતુ પોતાની શકિત બતાવવાનો અથવા સારા સ્થાન માટેના અથવા માતાજીની સાથે શારીરિક રીતે નજીક આવવાનો નથી, પરંતુ એ એક કર્મયોગ માટેનું ક્ષેત્ર અને તક માટે છે. તેમાં સેવા મારફતે સમર્પણ, વ્યવહારુ નિઃસ્વાર્થપણું, આજ્ઞાધીનતા, સચ્ચાઈ, શિસ્ત, પરમાત્મા અને પરમાત્માના કાર્યને પ્રથમ મૂકવું, અને પોતાની જાતને છેલ્લી ગણવી, સંવાદિતા, ધૈર્ય, તિતિક્ષા વગેરે રહેલાં છે. જયારે કાર્ય કરનારાઓ આ વસ્તુઓ શીખે અને અહં-કેન્દ્રિત બનવાનું બંધ કરે. જે રીતે તમારામાંના ઘણા ખરા અત્યારે છે તે પ્રમાણે, ત્યારે જ એવા કાર્ય માટે સમય આવશે જેમાં તમારી શકિત તમે દર્શાવી શકશો. જોકે તેમ છતાં શકિત બતાવવાનું કાર્ય પ્રસંગોપાત જ રહેશે અને તે પણ દિવ્ય કર્મની મુખ્ય પ્રતિષ્ઠા અથવા લક્ષ્ય નહિ હોય.

*

દરેક માટે કલાકારો અથવા લેખકો અથવા જાહેર પ્રકારના કાર્ય કરવાની જરૂર નથી. ક્ષ અને ય માં તેમની પોતાની શકિત છે અને જો તેઓ માતાજીના કાર્ય માટે પોતાની જાતને ઉપયોગી બનાવે તો હાલ પૂરતું એટલું બસ છે. બીજાઓમાં મહાન શકિતઓ રહેલી છે પરંતુ તેઓ આશ્રમના નાનાં નાનાં કામો અને ગુપ્ત રીતના કાર્યો કરવામાં સંતોષ માને છે અને તેઓ મહાન છે એવી જાતની છાપ પણ જાહેરમાં ઉત્પન્ન કરતા નથી. અત્યારે અગત્યની વસ્તુ છે ઊર્ધ્વમાંથી સાચી ચેતના પ્રાપ્ત કરવી, અહંકારમાંથી મુકત થવું (જે હજુ સુધી કોઈએ કર્યું નથી) અને પરમાત્માના બલનું કરણ બનતા શીખવું. ત્યાર પછી જ આવિર્ભાવ બની આવશે, તે પહેલાં નહિ.

*

જેને રાજકારણ કહેવામાં આવે છે તે અતિશય રાજસિક, પાયા વગરની અને બધા જ પ્રકારના અહંકારયુકત હેતુઓથી ગોટાળાભરી વસ્તુ છે. આપણો માર્ગ પાર્થિવ-ચેતનામાં આત્માનું દબાણ લાવીને તેનું પરિવર્તન કરવાનો છે.

*

ના, રાજકારણને એક કાર્ય તરીકે કોઈને સોંપવામાં આવતું નથી. લોકો તે ચાલુ રાખે છે કારણ કે તે એક મનોમય રસનો વિષય છે અથવા તેમને એક ટેવ પડી ગઈ હોય છે જેને તેમણે છોડવી નથી. તે વસ્તુ પ્રાણમય ટેવ, જેવી કે ચા પીવાની અથવા બીજા કોઈ પ્રકારની ટેવ હોય તેવી ટેવ છે. રાજકારણને કાર્ય તરીકે સોંપવામાં આવતું નથી; એટલું જ નહિ, પરંતુ શકય હોય તેટલા પ્રમાણમાં રાજકારણની ચર્ચાનો નિષેધ કરવામાં આવે છે.

*

તેમ છતાં એટલું ચોક્કસ છે કે રાજકારણ પ્રાણ માટે એકમાત્ર જ પ્રવૃત્તિ નથી; બીજી હજારો છે. જ્યારે પણ કોઈ વસ્તુનું ઉત્પાદન કરવાનું હોય, સર્જન કરવાનું હોય, વ્યવસ્થા કરવાની હોય, પ્રાપ્તિ કરવાની હોય અથવા વિજય પ્રાપ્ત કરવાનો હોય ત્યારે પ્રાણ અનિવાર્ય હોય છે.

*

મેં એક નિયમ કર્યો છે કે મારે કાંઈ પણ રાજકારણ વિષે ન લખવું. લોકસભા જેવી સંસ્થામાં શું કરવું તેનો આધાર સંજોગો ઉપર, પરિસ્થિતિની વ્યાવહારિક જરૂરીયાતો ઉપર હોય છે અને તેમાં વારંવાર ઝડપી ફેરફાર થયા કરે છે. આવી સભાનું કાર્ય આધ્યાત્મિક પ્રકારનું હોતું નથી. બધાં જ પ્રકારના કાર્યોની પાછળ આધ્યાત્મિક ચેતના હોવી જોઈએ, પરંતુ જ્યાં સુધી વ્યકિતએ હકીકતમાં સારી પ્રગતિ ન કરી હોય ત્યાં સુધી તેણે કાર્યની પોતાની જરૂરીયાતો તથા તેની વિશિષ્ટ પ્રકારની પ્રકૃતિ ઉપર આધાર રાખવાનો છે. તમે આ પક્ષમાં જોડાયા હોવાથી તેનો કાર્યક્રમ એ તમારો જ કાર્યક્રમ હોવો જોઈએ અને તમે જે વસ્તુ ઉપર કાબુ રાખી શકો તે બધી વસ્તુઓમાં સાચી શ્રદ્ધા, શકિત અને નિઃસ્વાર્થપણું લાવી શકો છો. તમે વચન આપ્યા પ્રમાણે હોદ્દો નથી સ્વીકાર્યો તેમાં તમે સાચા છો. કોઈ પણ પ્રસંગમાં જે સાધક રાજકારણમાં પ્રવેશ કરે છે તેણે પોતાની જાત માટે નહિ પરંતુ દેશ માટે કાર્ય કરવાનું હોય છે. જો તે કોઈ હોદ્દો સ્વીકારે તો તે હોદ્દાથી તેણે દેશની સેવા કરી શકે એટલા માટે જ સ્વીકારવાનો હોય છે પરંતુ જ્યાં સુધી તેણે તે સ્થાન માટે ચારિત્ર્ય અને શકિત તથા યોગ્યતા સાબિત ન

કર્યા હોય, ત્યાં સુધી ન સ્વીકારવો જોઈએ. તમારે એક ઊંચુ ધોરણ સ્થાપિત કરવું જોઈએ જેથી તમારા દુશ્મનો પણ તમને માન આપે તથા જે લોકોએ તમને મત આપ્યા હોય તેમને પણ પોતાની પસંદગી ન્યાયમુકત લાગે.

*

પ્રચાર કરવા વિષે કહેવાનું કે મેં જોયું છે કે આપણા માટે તે પૂર્ણ રીતે નિષ્ફળ છે. જો કોઈ અસર થાય તો તે નજીવી અને કોઈ અર્થ વગરની છે, જો સત્યને પોતાને જ ફેલાવો કરવો હશે તો તેની પોતાની ગતિથી જ કરશે; આવી વસ્તુઓની કોઈ જરૂર નથી.

*

પ્રખ્યાત બનવું કે અજ્ઞાત રહેવું તે આધ્યાત્મિક દૃષ્ટિબિંદુથી બિલકુલ અગત્યનું નથી; તેમાં ફકત પ્રચારની જ ભાવના છે. આપણે કોઈ પક્ષ કે દેવળ અથવા ધર્મ નથી જેને પોતાના ટેકેદારો અથવા ધર્માન્તર કરનારા માણસો જોઈએ. એક માણસ જે ગંભીરતાથી આ યોગનું અનુસરણ કરે તે એક હજાર પ્રખ્યાત માણસો કરતાં વધારે મૂલ્યવાન છે.

*

આ બધી અનુભૂતિઓમાં ભીતિ કાઢી નાખવી જોઈએ; જો કોઈ જોખમ લાગે તો માતાજીને પુકાર કરવો એટલું પૂરતું છે, પરંતુ વાસ્તવિક રીતે તેવું કોઈ નથી; કારણકે તેમાં રક્ષણ આપવામાં આવેલું છે.

એ સાચું છે કે અહીંના ઘણાં લોકો બહારથી આવતા માણસોની પાછળ દોડાદોડી કરતાં હોય છે અને જો તેઓ પ્રખ્યાત અથવા નામાંકિત હોય તો ખાસ માનવ પ્રકૃતિની આ સામાન્ય નબળાઈ છે અને બીજી માનવ નબળાઈઓની માફક સાધકો તેમનો ત્યાગ કરવા માટે તૈયાર નથી હોતી. તે એટલા માટે છે કે તેઓ પૂરતા પ્રમાણમાં આંતરિક ચેતનામાં રહેતા નથી, તેથી જ્યારે કોઈ અગત્યની વસ્તુ હોય અથવા કોઈ અગત્યની વ્યકિત (અથવા જેને અગત્યની ગણવામાં આવે) બહારથી અહીં આવે છે ત્યારે તેમના પ્રાણમાં ઉશ્કેરાટ અથવા આકર્ષણ આવે છે.

*

ક્ષ અથવા બીજાઓ શું ધારે છે અથવા કહે છે તેની ખાસ અગત્ય નથી કારણકે આપણે આપણા કાર્ય માટે તેમના ઉપર જ આધાર રાખતા નથી પરંતુ પરમાત્માની સંકલ્પ શકિત ઉપર જ આધાર રાખીએ છીએ; એટલે ઘણાં માણસોએ (બહારના માણસોએ) આપણા વિષે અથવા આપણી વિરુદ્ધ જાતજાતની વાતો

વિચારી હોય અને કહી હોય, પરંતુ તે વસ્તુએ આપણને કે આપણા કાર્યને કોઈ પણ અસર કરેલી નથી; તે એક ઘણી ઓછી અગત્યની વસ્તુ છે.

*

૩

એ જરૂરી છે અથવા અનિવાર્ય છે કે જે આશ્રમ આધ્યાત્મિક અને અતિમાનસ યોગ માટે "પ્રયોગ શાળા" હોય (જે પ્રમાણે ક્ષ મૂકે છે તે પ્રમાણે) તેમાં માનવ જાતનું ભિન્ન ભિન્ન પ્રકારનું પ્રતિનિધિત્વ હોય છે; કારણકે રૂપાંતરના પ્રશ્નને બધાં જ પ્રકારના તત્ત્વો, સાનુકૂળ તેમ જ પ્રતિકૂળ તત્ત્વો હોય તેમની સાથે પણ કામ પાડવાનું હોય છે. દરેક માણસ ખરેખર આ બન્ને વસ્તુઓનું મિશ્રણ પોતાની અંદર ધારણ કરે છે. જો ફકત સાત્વિક અને સંસ્કારી માણસો જ અહીં આવતા હોત, એવા માણસો જેમનામાં પ્રાણની બહુ મુશ્કેલી ન હોય તો પાર્થિવ પ્રકૃતિમાં રહેલા પ્રાણમય તત્ત્વની મુશ્કેલી ન હોવાથી આપણે એમ સારી રીતે કહી શકીએ કે આ પ્રયત્ન નિષ્ફળ જઈ શકે. એ પણ સમજવાનું છે કે કેટલાંક સંજોગોમાં મનોમય, પ્રાણમય અને શારીરિક ઉપર એક અધિમનસ સ્તરનું દબાણ લાવવાથી અને તેમના ઉપર અસર કરવાથી માનવનું અતિમાનસ અથવા સર્વશ્રેષ્ઠ રૂપાંતર ભાગ્યે જ બની આવે. આશ્રમમાં ચારે બાજુથી બધાં પ્રદેશોમાંથી જે માણસો આવે છે તેઓ ભિન્ન ભિન્ન પ્રકારના હોય છે; અને તેથી તે પ્રમાણે જ હોય છે.

યોગના તબક્કા દરમિયાન, સામૂહિક રીતે – જો કે દરેક વ્યકિત માટે જરૂરી નથી, દરેક ભૂમિકા સાથે કામ પાડવાનું હોવાથી તે દરેક ભૂમિકાની મુશ્કેલીઓ ઉપસ્થિત થાય છે, તે વસ્તુ આશ્રમમાં વધારે સારી રીતે સમજાશે, જે ત્યાં બહાર રહેલાં માણસો સમજી શકતા નથી. જ્યારે "પ્રયોગશાળામાં પ્રાથમિક કાર્ય પૂરું થશે ત્યારે વસ્તુઓમાં ફેરફાર થવો જ જોઈએ.

તે ઉપરાંત આશ્રમવાસીઓ વચ્ચે સામાન્ય પ્રકારના ભ્રાતૃભાવ ઉપર બહુ ભાર મૂકવામાં આવતો નથી (જો કે શુભ ભાવના, એક બીજા વિષેની વિચારણા અને વિવેક ત્યાં હોવાં જ જોઈએ) કારણકે તે આપણું લક્ષ્ય નથી; આપણું લક્ષ્ય એક નવીન ચેતનામાં એકતા સ્થાપન કરવાનું છે અને સાધનામાં દરેક વ્યકિતને તે વસ્તુ પ્રથમ કરવાની છે જેથી કરીને તે એક નવીન ચેતનામાં પહોંચે અને ત્યાં એકતાનો સાક્ષાત્કાર કરે.

સાધકોમાં જે કોઈ ક્ષતિઓ હોય તેમને ઊર્ધ્વમાંથી આવતા પ્રકાશદ્વારા દૂર કરવાની છે. સાત્વિક ધર્મ માટે જે પ્રકૃતિવાળા માનવીઓ અનુકૂળ હોય તેમનામાં સાત્વિક નિયમ ફેરફાર કરી શકે.

*

જો સાધકોની પૂર્ણતા ઉપર તેને શ્રદ્ધા હોય તો સ્પષ્ટ છે કે તે વસ્તુ અનિશ્ચિત હોવી જોઈએ! સાધકો અને સાધિકાઓ પૂર્ણ હોય એવું માનવામાં આવતું નથી. વ્યકિત 'સીદ્ધો' પાસે જ પૂર્ણતાની માગણી કરી શકે અને તે પણ મનોમય ધોરણો પ્રમાણે નહિ...... તેની શ્રદ્ધા બીજી વસ્તુ કરતાં વધારે મનોમય લાગે છે અને એવી શ્રદ્ધા સહેલાઈથી ચાલી જવાની શકયતા છે.

પોતે એકલા જ રહેવામાં આંતર-જીવનનું અમુક બલ જોઈએ છીએ. એકાંતને તેનાથી કોઈ ઉલટી વસ્તુ સાથે બદલવી એ વધારે સારું છે, પરંતુ દરેક વસ્તુના કેટલાંક ફાયદાઓ અને કેટલાંક ગેરફાયદાઓ હોય છે અને ખૂબ સજાગ રહીને આંતર-સમતુલામાં રહેવાથી જ વ્યકિત ગેરફાયદાને દૂર રાખી શકે છે.

*

આ યોગમાં આત્મ-નિવેદન અને આત્માર્પણનો સામાન્ય સિદ્ધાંત સર્વ માટે એકસરખો છે, પરંતુ દરેકને માટે આત્મનિવેદન અને સમર્પણની રીત પોતાની આગવી હોય છે. 'ક્ષ' જે રીત લે છે તે 'ક્ષ' માટે સારી છે અને તમે જે રીત લો છો તે તમારા માટે સારી છે; કારણકે તે તમારી પ્રકૃતિની સાથે સંવાદમાં છે. જો આ નમનીયતા અને ભિન્નતા ન હોય, જો દરેકને એક જ ભાતમાં ગોઠવવાના હોય તો યોગ એક રૂઢ મનોમય યાંત્રિક વસ્તુ બને, નહિકે એક જીવંત શકિત.

જ્યારે તમે તમારી આંતર ચેતનામાંથી ગીત ગાઈ શકો, જેમાં તમારા સર્વ કાર્યોમાં માતાજીને ગતિ કરતા જુઓ, તો તમારે તેમ ન કરવા માટે કોઈ કારણ નથી. જયારે શકિતઓની વૃદ્ધિ યોગના ભાગ તરીકે કરવામાં આવે છે ત્યારે તે કેવળ સંમતિ આપવાયોગ્ય છે; એટલું જ નહિ પણ તે સાચી છે; વ્યકિત પોતાના આત્માનું જ અર્પણ કરી શકે છે.

*

વિશાળ આધ્યાત્મિક દષ્ટિબિંદુ વિષેના પ્રશ્નો તમારે જે રીતે ઉત્તર જોઈએ છીએ તે રીતે આપવો થોડો મુશ્કેલ છે અને દરેક માનવીને એક ટૂંકો ટચ ઉત્તર તે પ્રમાણે જ જોઈએ છીએ : "તારે આમ કરવું" અથવા "તારે આમ ન કરવું". જેમાં ખાસ કરીને તારે એટલે "બધા" નો સમાવેશ થઈ જવો જોઈએ. કારણકે

મૂળભૂત લક્ષ્યની એકતા હોવા છતાં, અને પ્રયત્નની સામાન્ય રીતે વિશાળ રૂપરેખા હોવા છતાં બધાં જ સાધકોને લાગુ પાડી શકાય એવી આંતર વસ્તુઓમાં, કોઈ વિગતવાર નક્કી કરેલા નિયમોનો એક ઢાંચો આપી શકાય નહિ. તમે એમ પૂછો છો કે "આવા આવા પ્રકારની વસ્તુઓ નુકસાનકારક નથી ? પરંતુ એક વ્યકિતને જે વસ્તુ નુકસાનકારક હોય તે જ વસ્તુ બીજી વ્યકિત માટે મદદરૂપ હોય, અને જે વસ્તુ અમુક અવસ્થાએ મદદરૂપ હોય તે બીજી અવસ્થામાં મદદ કરતી બંધ થાય; કેટલીક પરિસ્થિતિઓમાં જે વસ્તુ નુકસાનકારક હોય તે બીજી પરિસ્થિતિઓમાં મદદરૂપ બને; જે વસ્તુ કેટલીક ભાવનાથી કરવામાં આવે તે કદાચ જોખમકારક હોય અને તે જ વસ્તુ બિલકુલ ભિન્ન ભાવનાથી કરવામાં આવે તો નિરુપદ્રવી અથવા ફાયદાકારક પણ બને...... આમ ઘણી વસ્તુઓને ધ્યાનમાં લેવાની હોય છે: ભાવના, સંજોગો, વ્યકિત, પ્રકૃતિની જરૂરીયાત અને ઢાંચો તથા અવસ્થા એટલા માટે ઘણી વખત કહેવામાં આવે છે કે ગુરુએ દરેક શિષ્યની સાથે તેની અલગ પ્રકૃતિ પ્રમાણે કામ લેવાનું હોય છે અને જે તે શિષ્યને સાધનામાં તે પ્રમાણે માર્ગદર્શન આપવાનું હોય છે. સર્વ માટે એક પ્રકારની જ સાધના હોય છતાં દરેક વ્યકિત માટે દરેક બિંદુએ તે ભિન્ન પ્રકારનું માર્ગદર્શન હોય છે. એટલા માટે જ અમે કહીએ છીએ કે મન દ્વારા પ્રભુની રીત જાણી શકાતી નથી; કારણકે મન અમુક જાતના સખત નિયમો અને ધોરણો પ્રમાણે જ કાર્ય કરે છે, જ્યારે આત્મા સર્વનું સત્ય જુએ છે અને દરેક વ્યકિતનું પણ સત્ય જુએ છે અને તેની પોતાના પરિસંજ્ઞાનક અને જટિલ દર્શન પ્રમાણે કાર્ય કરે છે. આટલા માટે જ અમે એમ કહીએ છીએ કે માતાજીના કાર્યો અને કારણોને પોતાના અંગત મનોમય નિર્ણય મુજબ કોઈ પણ સમજી શકતું નથી; તે વસ્તુ એક ઊર્ધ્વતર ચેતનામાં પ્રવેશ કરવાથી જ સમજી શકાય છે, એવી ચેતનામાંથી માતાજી જુએ છે અને તેમના ઉપર કાર્ય કરે છે. તે મનને મૂંઝવી નાખે છે; કારણકે મન પોતાના ટૂંકા માપો પ્રમાણે માપે છે, પરંતુ વસ્તુનું સત્ય તો ઉપર કહી તે હકીકત પ્રમાણે જ છે.

એટલે તમે જોઈ શકશો કે અહીં કોઈ મનોમય નિયમ નથી, પરંતુ દરેક પ્રસંગમાં આધ્યાત્મિક કારણોસર માર્ગદર્શન નક્કી કરવામાં આવે છે અને તે બધા સ્થિતિસ્થાપક હોય છે. બીજી કોઈ વિચારણા હોતી નથી તેમ જ કોઈ નિયમ પણ નથી. સંગીત, ચિત્રકામ, કાવ્ય અને બીજી બધી પ્રવૃત્તિઓ, જે મનોમય અને પ્રાણમય હોય છે, તે બધાને આધ્યાત્મિક વિકાસના અથવા કાર્યના અને આધ્યાત્મિક હેતુના એક ભાગ તરીકે ઉપયોગમાં લઈ શકાય છે; તે કેવી ભાવનાથી કરવામાં આવે છે તેના ઉપર બધો આધાર છે.

*

શા માટે માતાજી ઉપર દરેકની સાથે એકસરખી રીતે કામ કરવાની ફરજ પાડવી જોઈએ. તે પ્રમાણે કરવું એ તેમની નિર્બળતા કહેવાય.

*

એ હકીકત સાચી, જેમકે હું જે વસ્તુ લખું છું તે દરેક માટે એકસરખા અર્થમાં હોય છે. તેથી તો એમ માની લેવું પડે કે દરેક વ્યક્તિ એકસરખી છે અને એક સાધક અને બીજા સાધક વચ્ચે કોઈ ભેદ નથી. જો તે પ્રમાણે હોય તો દરેક વ્યક્તિ એકસરખી જ પ્રગતિ કરે અને તે દરેકને એકસરખી જ અનુભૂતિ થાય, એકસરખાં પગથિયાં અને તબક્કાઓ પસાર કરવામાં એકસરખો જ તેમને સમય લાગે તેવું બિલકુલ નથી. આ પ્રસંગમાં જે માણસોએ કોઈ પણ પ્રકારની પ્રગતિ કરેલી નથી હોતી, તેમને માટે સામાન્ય નિયમો બનાવવામાં આવેલા. પરંતુ દરેક વસ્તુનો આધાર, યોગ દરેક વ્યક્તિ પાસે કઈ રીતે આવે છે તેના ઉપર છે.

*

જે વસ્તુ બીજી વ્યક્તિ માટે લખાયેલી હોય છે તેનો પોતાની જાત માટે ઉપયોગ કરવો એ કાયમ સલામત હોતું નથી. દરેક સાધક પોતે જ એક વિશિષ્ટ પ્રસંગ છે અને કોઈ વ્યક્તિ કાયમ અથવા વારંવાર એક મનોમય નિયમ ઘડીને યોગની તાલીમ લેનારા સર્વને રૂઢ રીતે તે લાગુ પાડી શકે નહિ. મેં જે 'ક્ષ'ને લખેલું છે તે 'ક્ષ' માટે જ લખવાનો અર્થ હતો અને તેના પ્રસંગમાં તે લાગુ પડે છે, પરંતુ કોઈ સાધકમાં ભિન્ન (ગ્રામ્ય) પ્રાણમય પ્રકૃતિ હોય અને તે 'ક્ષ' માટે જેવો ન હોય તો તેને માટે હું એવી વસ્તુ કહું જે 'ક્ષ' કરતાં બિલકુલ વિરુદ્ધ હોય. "તમારી નિમ્ન પ્રાણમય તત્ત્વો ઉપર તમે સજ્જડ રીતે બેસી જાઓ, તમારી ખોરાકની લાલસાને ફેંકી દો; તે તમારા માર્ગમાં ગંભીર વિઘ્નરૂપ છે; તમારી ટેવોમાં તમારે તપસ્યા કરી અત્યારે જે તમારી ટેવોમાં પશુના અંશો રાખો છો તેમના ઉપર કાબુ મેળવવો એ વધારે સારું છે." જે વ્યક્તિ તેના આત્માની પ્રાપ્તિ માટેની તીવ્રતામાં પૂરતા પ્રમાણમાં ખોરાક અને ઊંઘ અને આરામ ન લેતી હોય તેને હું કદાચ એમ પણ કહું, "વધારે ખાઓ, વધારે ઊંઘો અને વધારે આરામ લો; તમારી જાતને વધારે પડતો શ્રમ ન આપો અને તમારી તપસ્યામાં સંન્યાસીની ભાવનાને ન લાવો." બીજી વ્યક્તિમાં તેનાથી ઊલટી જ પ્રચુર રીતની વસ્તુઓ હોય તો હું તેનાથી વિરુદ્ધ ભાષા વાપરું. દરેક સાધનામાં પોતાની પ્રકૃતિ હોય છે. અથવા તેની પોતાની પ્રકૃતિનો વળાંક હોય છે અને બે સાધકોની યોગની ગતિમાં બન્ને વચ્ચે કેટલાંક સામ્યો હોય તો પણ ભાગ્યે જ તે એક પ્રકારના હોય છે.

બીજું કોઈ સત્ય રજૂ કર્યું હોય તેને અમલમાં મૂકવા માટે તેનો સ્પષ્ટ અર્થ આપવો જરૂરી છે. એ બિલકુલ સાચું છે કે "આપણા માર્ગમાં કોઈ બળ-પૂર્વકના દબાણ (નિગ્રહ) નું વલણ નથી"; એમાં કોઈ મનોમય નિયમ અથવા સિદ્ધાંત પ્રમાણે પ્રાણમય પુરુષ ન સમજતો હોય તો તેના ઉપર બળજબરી નથી. પરંતુ તેનો અર્થ એમ પણ નથી કે પ્રાણને પોતાના મનપસંદ માર્ગે ચાલવા દેવામાં અથવા તેને પોતાની ધૂન પ્રમાણે કાર્ય કરવા દેવામાં આવે તેના માટે બળપૂર્વક તેને દબાયલો એ રીત નથી, પરંતુ એક આંતરિક પરિવર્તન છે જેમાં નિમ્ન પ્રાણને દોરવામાં આવે છે, તેનામાં પ્રકાશ આપવામાં આવે છે અને એક ઊર્ધ્વતર ચેતનાથી તેનું રૂપાંતર કરવાનું છે જેથી તે પ્રાણમય કામનાના પદાર્થોથી અનાસકત રહે. પરંતુ આ વિકાસ સાધવા માટે એક એવું વલણ ધારણ કરવાનું છે જેમાં નિમ્ન પ્રાણનાં માગણીઓનાં સંતોષને ઓછી અગત્ય આપવાની છે, એક પ્રકારનો કાબુ, 'સંયમ' રાખવાનો છે જે આ બધી વસ્તુઓના ઘોંઘાટથી પર થઈ જાય અને ખોરાક જેવી વસ્તુઓને તેમનું યોગ્ય સ્થાન આપે. નિમ્ન પ્રાણને પણ પોતાનું સ્થાન છે, તેને છૂંદી નાખવાનો કે વિનાશ કરવાનો નથી, પરંતુ તેનામાં ફેરફાર કરવાનો છે. "તેને બન્ને છેડાઓથી પકડવાનો છે," ઉપરના છેડા ઉપર સ્વામીત્વ તથા નિયંત્રણ, અને નિમ્ન છેડે સાચો ઉપયોગ. મુખ્ય વસ્તુ છે આસકિત અને કામનામાંથી મુકિત; ત્યાર પછી જ સંપૂર્ણ સાચો ઉપયોગ શકય બને છે. કયા ચોક્કસ પગલાંથી, કયા ક્રમથી, કઈ પ્રક્રિયા દ્વારા નિમ્ન પ્રાણ ઉપર કાબુ પ્રાપ્ત કરી શકાય તેનો આધાર પ્રકૃતિ ઉપર, વિકાસ માટેની અગત્ય ઉપર અને યોગની વાસ્તવિક ગતિ ઉપર રાખે છે.

કઈ વસ્તુને ખોરાકમાં લેવી અને કઈ વસ્તુને ખોરાકમાં ન લેવી એ અગત્યનું નથી. અગત્યની વસ્તુ એ છે કે તે વસ્તુ અથવા આમાંની કઈ ખોરાકની વસ્તુઓ તમને અસર કરે છે, તમારી આંતર-પરિસ્થિતિ કેવી છે, અને આવો વિલાસ, રસોઈ કરવાનો કે ભોજનનો તમારી પ્રગતિ અને ફેરફારમાં કયું સ્થાન ધરાવે છે અને યૌગિક તાલીમમાં કઈ વસ્તુ તમારા માટે શ્રેષ્ઠ છે. તમારા માટે હું એક નિયમ આપી શકું, "તમારે એવી કોઈ વસ્તુ ન કરવી અથવા કહેવી કે વિચારવી જે વસ્તુ તમને માતાજીથી છુપાવવાની ઈચ્છા થાય". અને આ વસ્તુ તમારી અંદર ઉપસ્થિત થયેલી વસ્તુઓનો. ખરુંને ? જે આ 'બધી ક્ષુદ્ર વસ્તુઓને' માતાજીના ધ્યાન ઉપર લાવવામાં વિરોધ કરતી હતી. તમે શા માટે એમ ધારો છો કે માતાજીને તે વસ્તુઓથી શા માટે તકલીફ આપવી, અથવા માતાજી તે વસ્તુઓને ક્ષુદ્ર ગણશે ? જો **સમગ્ર** જીવન યોગ બનવાનું હોય તો કઈ વસ્તુને ક્ષુદ્ર ગણવી અથવા

અગત્ય વગરની ગણવી ? માતાજી કદાચ ઉત્તર ન આપે છતાં પણ તમારા કર્મોની અથવા આત્મવિકાસની કોઈ પણ વસ્તુ તેમની સમક્ષ લાવવી અને તે પણ સાચી ભાવનાથી – તે વસ્તુ તેમના રક્ષણ નીચે, સત્યના પ્રકાશ નીચે, જે દિવ્ય શકિત રૂપાંતર માટે કાર્ય કરે છે તેના કિરણો નીચે મૂકવી એવો તેનો અર્થ થાય છે. કારણકે તે કિરણો તાત્કાલિક તેમની લીલા શરૂ કરે છે અને તેમના ધ્યાન ઉપર લાવવામાં આવે તો તે વસ્તુઓ ઉપર કાર્ય કરવા માંડે છે. જ્યારે તમારી અંદર તમારો આત્મા કોઈ કાર્ય કરવા ગતિ કરતો હોય અને તમારી અંદર રહેલી કોઈ વસ્તુ તે પ્રમાણે ન કરવાની સલાહ આપતી હોય, તો તે દિવ્ય પ્રકાશના કિરણને, અને તે શકિતના કાર્યને અટકાવવા માટેની પ્રાણની કોઈ તરકીબ પણ હોઈ શકે.

વ્યકિતએ માનવ પ્રકૃતિ સાથે યંત્રની માફક રૂઢ મનોમય નિયમ પ્રમાણે કાર્ય કરવાનું નથી. તેના જટિલ હેતુઓ સાથે કામ પાડવામાં ખૂબ નમનીયતાની જરૂર રહે છે.

*

માતાજી બધા સાધકોની આસપાસ પોતાનું રક્ષણ મૂકે છે, પરંતુ તેઓ તેમના કાર્ય અથવા વલણથી રક્ષણના વર્તુળ બહાર નીકળી જાય તો તેમના માટે અનિચ્છનીય પરિણામો આવે.

*

(શિસ્ત) કોઈ સત્યના અથવા નિયમના અથવા ધર્મના અથવા ઉચ્ચત્તર સત્તાની આજ્ઞાધીનતાના અથવા તર્ક અને બુદ્ધિશાળી સંકલ્પ માટેના શોધાયેલા સિદ્ધાંતના ધોરણ પ્રમાણે કાર્ય કરવાને બદલે, પોતાની મુનસફી, પ્રાણમય આવેગો અને કામના પ્રમાણે કાર્ય ન કરવું તે શિસ્ત છે. યોગમાં ગુરુ પ્રત્યે આજ્ઞાધીનતા અથવા પ્રભુની અને ગુરુએ જાહેર કરેલા સત્યતાના ધર્મનાં આજ્ઞામાં રહેવું, એ શિસ્તનો પાયો છે.

*

તમે બિલકુલ ઉલટી વસ્તુ કરો છો. એવી શરત મૂકવી કે તમારે જે જોઈએ છીએ તે તમને મળે તો તમે આજ્ઞાંકિત અને પ્રફૂલ્લચિત્ત બનશો એ સાચી રીત નથી; પરંતુ તમે કાયમ આજ્ઞાધીન અને આનંદપૂર્ણ રહો અને ત્યાર પછી જ તમારે જે વસ્તુની જરૂર છે તેને તમારા તરફ આવવાની તક મળશે.

*

કોઈના વ્યવસ્થિત સંચાલન માટે નિયમો અનિવાર્ય છે; કારણકે વ્યવસ્થા અને સંગઠન સિવાય કોઈ પણ વસ્તુ યોગ્ય રીતે બની શકે નહિ; બધી જ વસ્તુઓ અથડામણ, ગોટાળો અને અવ્યસ્થાવાળી બની જાય.

બીજા બધા સાથે આ રીતે કામ પાડવામાં તમારે તે પ્રશ્નના તમારા તરફના જ પાંસાને જોવાનું નથી; પરંતુ બીજી બાજુ પણ જોવી જોઈએ. કોઈ પણ પ્રકારનો ગુસ્સો, પ્રચંડ ઠપકો અથવા તકરાર ન હોવાં જોઈએ; કારણકે આ વસ્તુઓ સામે પક્ષે પણ ગુસ્સો અને સણસણતો પ્રત્યુત્તર લાવે છે. આ હું તમને એટલા માટે લખું છું કે તમારી જાતને તમે ઊંચે ઉઠાવવાનો પ્રયત્ન કરો છો અને તમારા પ્રાણ ઉપર કાબુ જમાવવા પ્રયત્ન કરો છો અને વ્યકિતને જ્યારે તે પ્રમાણે કરવું હોય ત્યારે તેણે આવી બાબતોમાં બહુ કડક ન બનવું જોઈએ. ઉત્તમ વસ્તુ એ છે કે માણસે પોતાની ભૂલો માટે કડક બનવું અને બીજાઓની ભૂલો માટે ઉદાર બનવું.

*

હા, બિલકુલ સાચું છે. ચૈતસિક દર્શન અને આધ્યાત્મિક વિવેકની ખાત્રીને લઈને લોકો તે પ્રમાણે બોલે છે અને આજ્ઞાધિનતાની જે અગત્ય છે તેની ઉપેક્ષા કરે છે. મનને પોતાની રીતે જ વિચાર કરવાનું અને અનુસરણ કરવાનું પસંદ પડે છે અને પ્રાણ પોતાની કામનાઓની મુકિત માટે શોધ કરે છે અને તેથી તેઓ આપ્રમાણે દલીલ કરે છે. જો તમે આધ્યાત્મિક માર્ગદર્શક અથવા જે પરમાત્મા તરફ તમને દોરી જતા હોય તેના દ્વારા ઘડેલા નિયમોનું અનુસરણ ન કરો, તો તમે કઈ વસ્તુનું અથવા કોનું અનુસરણ કરવાના છો? ફકત વ્યકિતગત મનના વિચારો અને પ્રાણની કામનાઓને; પરંતુ આ વસ્તુઓ કદી પણ યોગમાં સિદ્ધિ તરફ દોરી જતી નથી. કેટલીક અસરો અને તેમના જોખમો વિરુદ્ધ રક્ષણ આપવા માટે નિયમો બનાવવામાં આવ્યા છે. અને તેને લઈને આધ્યાત્મિક વિકાસને અનુકૂળ સાચું વાતાવરણ રહી શકે; આજ્ઞાધીનતાની એટલા માટે જરૂર છે જેથી વ્યકિત પોતાના મન અને પ્રાણથી અલગ પડે અને સત્યનું અનુસરણ કરે.

*

આ પ્રકારના નિયમો પ્રાણ અને શારીરિકને સાધનાની શિસ્ત નીચે લાવવામાં મદદરૂપ બને છે અને તેમને લઈને તેઓ કલ્પનાઓ, આવેગો, આત્મ-રતિ વગેરેમાં વેરવિખેર થઈ જતા નથી; પરંતુ તે બધું સરળતાથી કરવું જોઈએ નહિકે કોઈ બીજા ઉપરની સરસાઈની ભાવના અથવા તપસ્યાના ગર્વથી; પરંતુ એક અભ્યાસ તરીકે તે કરવાનું છે. એ પણ સાચું છે કે તેમને અતિશય મનોમય રૂઢતાથી કરી શકાય. જાણે તે બધી વસ્તુઓ પોતે જ પરમ અગત્યની વસ્તુઓ હોય અને નહિકે સાધનો તરીકે ઉપયોગી જો તેમને સાચી જગાએ તથા સાચી ભાવનાથી કરવામાં આવે તો તેમના હેતુ માટે તે ઘણાં મદદરૂપ થાય.

*

ઘણાં ખરા માણસોની એવી ઈચ્છા હોય છે કે તેમના ઉપર કોઈ પણ જાતની અટકાયત અથવા સંદર્ભ સિવાય પણ તેમની ઈચ્છા પ્રમાણે વસ્તુઓ બનવી જોઈએ. તેમના માટે પૂર્ણતાની વાતચીત પ્રપંચ છે. દરેક વ્યકિત પોતાની જાતે જ નિયમ બની જાય તેમાં કોઈ પૂર્ણતા નથી. પૂર્ણતા, કામનાઓના ત્યાગ વડે અને ઊર્ધ્વ સંકલ્પને સમર્પણ કરવાથી જ આવે છે.

*

જો મેં એવી વસ્તુઓ કહી હોત જે માનવ પ્રકૃતિ માટે ઘણી સરળ અને સ્વાભાવિક હોત, તો શિષ્યો માટે તે ઘણી આરામદાયક હોત પરંતુ આધ્યાત્મિક લક્ષ્ય અથવા પ્રયત્ન માટે કોઈ પણ જગા તેમાં રહી શકે નહિ. આધ્યાત્મિક લક્ષ્યો અને પદ્ધતિઓ સરળ અથવા સ્વાભાવિક હોતાં નથી (દા. ત. ઝઘડા, કામવાસના, ભોગવિલાસ, લોભ, પ્રમાદ, બધી જ અપૂર્ણતાઓ સરળ અને કુદરતી છે એવી માન્યતા) અને માણસો સાધકો બને તો તેમની પાસે આધ્યાત્મિક લક્ષ્યો અને તેમના માટેના પ્રયત્નોનું અનુસરણ કરવાની અપેક્ષા રાખવામાં આવે છે. ભલે તે ગમે તેટલાં સખત અને સામાન્ય પ્રકૃતિથી પરના હોય અને એવી વસ્તુઓ ન હોય જે સહેલી અને સ્વાભાવિક હોય.

*

બહારના જગતમાં એક મનોમય અને સામાજિક નિયંત્રણ હોય છે અને બીજી વસ્તુઓમાં પોતાની જાતને તલ્લીન કરવી પડે છે. અહીં તમે તમારી ચેતના સાથે એકલા હો છો અને મનોમય અને બાહ્ય નિયંત્રણને સ્થાને તમારા આત્માના આંતરિક આત્મ-સંયમનું સ્થાપન કરવાનું હોય છે.

*

તે પ્રશ્ન કોઈ દોષ અથવા શિક્ષાનો નથી. જો અમારે માણસોને તેમના દોષો માટે તિરસ્કાર અને શિક્ષા આપવાની હોય અને સાધકો સાથે ન્યાય તોળવાનું ન્યાયપંચ બનવાનું હોય, તો કોઈ પણ સાધના શકય બને નહિ. મને સમજાતું નથી કે અમારી સામેનો તમારો આક્ષેપ ન્યાયમુક્ત છે કે કેમ ? અમારી સાધકો માટેની સમગ્ર ફરજ છે તેમને તેમના આધ્યાત્મિક સાક્ષાત્કાર પ્રત્યે લઈ જવાની. અમે કોઈ કુટુમ્બના વડા તરીકે વર્તન ન કરી શકીએ જેમાં ઘરેલું બાબતમાં માથું મારવું, એકને ટેકો આપવો અને બીજાની સામે દબાણ લાવવું ! ક્ષ ગમે તેટલી વખત ઠોકર ખાય છતાં અમારે તેનો વારંવાર હાથ પકડવો પડે છે અને તેને પ્રભુ તરફ ગતિ કરતો કરવો પડે છે. તમારી સાથે પણ અમે કાયમ તે પ્રમાણે જ કરેલું છે. પરંતુ તેના ઉપર તમારા કોઈ હકને અમે ટેકો આપી શકયા નથી. અમે

કાયમ તે વસ્તુને તેની અને પ્રભુ વચ્ચેની કોઈ વાત હોય તે રીતે જ અપનાવી છે. તમારા માટે અમે એક ખાસ આગ્રહ રાખેલો છે અને તે પણ તમારી પૂર્ણ મંજૂરીથી તથા તમે તે કાર્ય કરવા માટે અમને પ્રાર્થના પણ કરેલી છે તેમાં તેની સાથેનો બધો જ પ્રાણમય વ્યવહાર કાપી નાખવો અને તે વસ્તુ ઉપર કોઈ પણ વસ્તુનો પાયો ન બનાવવો અને છતાં તમે અમને લખો છો કે તમે યની સાથે જે વાત કરી તેને અમે મંજૂરી ન આપી; તેથી ગમે તે બને છતાં – તમે અમને કાયમ છોડી જવાના છો.

હું તમને તમારા સત્-તત્ત્વ તરફ અને સાચી ચેતના તરફ પાછા ફરવાનું કહું છું અને આ બધા પ્રાણના આવેગોની ચિત્તવૃત્તિને ફેંકી દેવી, જે તમારા આત્મા માટે યોગ્ય નથી. તમે વારંવાર માતાજી તરફના તમારા પ્રેમ વિષે તથા તમને તેમના તરફથી જે આનંદ પ્રાપ્ત થયેલો છે તથા આધ્યાત્મિક અનુભૂતિઓ થયેલી છે તેના વિષે વારંવાર લખેલું છે. તે વસ્તુને યાદ રાખો, અને એ પણ યાદ રાખો કે તે જ તમારો સાચો માર્ગ છે તથા સાચું સ્વરૂપ છે અને બીજી કોઈ વસ્તુ અગત્યની નથી. તમારી સમતા પ્રાપ્ત કરો અને તમારી નિમ્ન પ્રકૃતિને તથા અંધકાર અને અવિદ્યાને ફેંકી દો.

*

૫

હકીકતમાં કોઈ પણ વ્યક્તિએ અહીંથી જવાનો સંકલ્પ અથવા નિશ્ચય કર્યો હોય તો તેને અહીં રાખવામાં આવતી નથી, જો કે આધ્યાત્મિક જીવનના એક સિદ્ધાંત પ્રમાણે પોતાના ભૂતકાળના જીવન પ્રત્યે થોડા સમય માટે પણ પાછા ફરવું એ સિદ્ધાંત વિરુદ્ધ છે અને તેમાં પણ ખાસ કરીને માણસમાં એક ઊંડી ઝંખના હોય અને નવીન ચેતનાનો મક્કમ પાયો સ્થાપવા માટે તેનો પ્રયત્ન હોય તો. સામાન્ય વાતાવરણ અને સંજોગો તરફ પાછા ફરવું એટલે એવા હેતુઓ હોય જે કાર્યમાં ખલેલ પહોંચાડે છે અને પ્રગતિમાં પીછેહઠ કરાવે છે.

*

જ્યારે આંતર અને બાહ્ય સ્વરૂપમાં આટલો બધો ભેદ હોય ત્યારે સાધકે પોતે જ પોતાની પસંદગી કરવાની હોય છે. પાછા ફરવા વિષે કહેવાનું કે ઘણા સાધકો જેઓ બહાર ગયેલા તેઓ પાછા આવેલા છે, બીજાઓ આવ્યા નથી.

કારણ કે બહાર જવાથી એ બલોના પ્રવાહમાં સપડાઈ જવાનું થાય છે જેથી પુનરાગમન અશક્ય બને છે. તમે જે કોઈ નિર્ણય લો તે તમારે સ્પષ્ટ અને નિશ્ચિત રીતનો કરવો જોઈએ. નહિતો પછી તમે જોશો અને તરત જ તમે ત્યાં રહેશો એટલે પાછા આવવાની ઈચ્છા થશે અને અહીં આવ્યા પછી વળી બહાર જવા માટે તમે તૈયાર થશો; આ વસ્તુને મંજૂર રાખવામાં આવશે નહિ.

*

એ બરાબર સમજવાનું છે કે જ્યારે મંજૂરી આપવામાં આવે છે (આશ્રમ-માંથી બહાર ચાલી જવાની) તે વસ્તુને લઈને તમારા પ્રયોગનો અનિષ્ટ અંત બાકાત થતો નથી; પરંતુ અહંકારનું અથવા બાહ્ય સ્વરૂપનું ખેંચાણ છે તેની સામે અગત્યનાં ખેંચાણનો ઉકેલ અતિશય તીવ્ર બને ત્યારે પ્રયોગ જરૂર જુદી રીતનો બને છે, નહિતો બાહ્ય સ્વરૂપને પોતાને અનુભવ લેવાનો આગ્રહ હોય તો ભલે તે સ્વરૂપ તે પ્રમાણે કરે.

*

ખાસ કરીને જ્યારે બાહ્ય સ્વરૂપ સત્યનો ઈનકાર કરે છે અને પોતાનું જીવન જીવવાનો આગ્રહ રાખે છે અને આધ્યાત્મિક જીવનના નિયમોને ઈનકાર કરે છે ત્યારે આ પ્રયોગ (આશ્રમમાંથી બહાર ચાલ્યા જવાનો) અનિવાર્ય બને છે. મેં કદી એમ કહ્યું નથી કે તે સલાહકારક છે.

*

કેટલાક માણસોમાં તે વસ્તુ (આશ્રમમાંથી બહાર નિકળી જવાનું ખેંચાણ) વધારે પડતી મજબુત છે તેમને જવાનું છે અને પોતાની જાતે અનુભવ કરવાનો છે. એનો અર્થ એવો નથી કે દરેક વ્યકિતએ કોઈ મુશ્કેલી આવે ત્યારે તેણે ચાલ્યા જવાનું છે. આ અપવાદરૂપ પ્રસંગો છે.

*

તમે કલ્પના કરો છો એટલા પ્રમાણમાં તમારી પ્રકૃતિના સખત ભાગો ઉપર વિજય પ્રાપ્ત કરવો અશકય નથી. જયાં સુધી આ અવરોધ તૂટી ન જાય અને ચૈતસિક પુરુષ, જે ગેરહાજર નથી અથવા આવિર્ભાવ પામેલો નથી, તે બીજા ભાગે ઉપર શાસન ચલાવવા શકિતમાન ન બને ત્યાં સુધી ધીરજથી માર્ગ ઉપર ચાલ્યા કરવું એ એક જ જરૂરી વસ્તુ છે. તમે અહીં રહો કે ન રહો પણ તે વસ્તુ કરવાની જ છે અને અહીંથી ચાલ્યા જવું એટલે મુશ્કેલીઓમાં ફકત વધારો કરવો અને અંતિમ પરિણામ માટે જોખમ વહોરવું – તે વસ્તુ તમને મદદરૂપ બનશે

નહિ. સંઘર્ષ ગમે તેટલો તીવ્ર હોય છતાં માતાજીની અહીં તાત્કાલિક હાજરી હોવાથી તેના ઉકેલની ખાતરી તથા સફળ અંત માટે તક રહેલી છે.

*

તે સામાન્ય રીતે તે પ્રમાણે જ બને છે – જ્યારે વ્યક્તિ જગતમાંથી બહાર આવે છે ત્યારે જે બલો જગત ઉપર શાસન કરતાં હોય છે તેઓ તેમની અસ્થિર ગતિમાં તમને પાછા ખેંચી લાવવા માટે તેમનાથી જે કાંઈ બની શકે તે કરે છે.

*

તે ચોક્કસ વિચિત્ર વસ્તુ છે. ઘણા ખરા માણસો અહીંના વાતાવરણમાં રહ્યા પછી સામાન્ય વાતાવરણને જીરવી શકતા નથી. જો તેઓ અહીંથી બહાર જાય, તો તેઓ અહીં પાછા આવે ત્યાં સુધી વિક્ષોભ અનુભવે છે. ક્ષ ના કાકી પણ જે થોડા મહિનાઓ માટે જ અહીં રહેલાં તેઓ આ પ્રમાણે લખે છે. પરંતુ ય અને જ્ઞ ની માફક જ્યારે માણસો જૂઠાણાના કાબુ નીચે આવે છે ત્યારે તેઓ અપરિવર્તન પામેલા પ્રાણમાં ફેંકાઈ જાય છે અને તેમને વાતાવરણના ભેદની અનુભૂતિ થતી નથી.

*

બધાં જ યોગ મુશ્કેલ છે; કારણકે દરેક યોગનું લક્ષ્ય પરમાત્માને પહોંચવાનું હોય છે, સંપૂર્ણ રીતે પરમાત્મા પ્રત્યે વળવાનું હોય છે અને તેનો અર્થ કે પ્રકૃતિની સામાન્ય ગતિઓ પ્રત્યે મોં ફેરવી લઈને તેનાથી પર રહેલી કોઈ વસ્તુમાં પહોંચવું; પરંતુ વ્યક્તિ જ્યારે સચ્ચાઈપૂર્વકની અભીપ્સા રાખે છે ત્યારે તેને બલ આપવામાં આવે છે અને તેને લઈને મુશ્કેલીઓ ઉપર વિજય પ્રાપ્ત કરીને પોતાના લક્ષ્યમાં પહોંચવામાં પરિણમે છે.

માતાજી તેવા સાધકો વિષે કહેતા હતા જેમણે આશ્રમના જીવનમાં અને વાતાવરણમાં પ્રવેશ કરેલો હતો અને અહીં જે વસ્તુ છે તેનો પોતાના ચૈત્ય પુરુષ ઉપરનો સ્પર્શ અનુભવેલો. જે લોકો બહારથી અહીં આવ્યા છે પરંતુ હજુ પણ બહારની જ વ્યક્તિઓ છે તેમને તે વસ્તુ લાગુ પડતી નથી. ક્ષની પ્રકૃતિના બધાં જ બંધનો બાહ્ય જીવન સાથે જ હજુ સુધી હતા; તેનો પ્રાણ આશ્રમ જીવનમાં કદી ગોઠવાયો નથી અને કાયમ તે પ્રકારના જીવનથી પાછી હટતી રહેલી છે તેણે પોતાના ચૈત્ય પુરુષને તે સંપર્ક સાધવાનો તથા તે અસરને ગ્રહણ કરવાનો સમય આવ્યો જ નથી જેથી કરીને તેને પોતાને આ પોતાનું ઘર છે એવી લાગણી તેની અંદર દૃઢ થઈ જ નથી. લોકો તે પ્રમાણે અહીં આવી શકે છે, અને થોડો સમય રહીને કોઈ પણ મુશ્કેલી વગર પાછા જાય છે અને આ પ્રમાણે ઘણા માણસોએ કરેલું છે. અહીંથી ચાલ્યા જવામાં જો મુશ્કેલી અથવા અસ્વસ્થતાનો અનુભવ થાય

તો તેનાથી ઊલટું સમજવાનું કે એવી નિશાની છે કે આત્માએ અહીં મૂળ નાખ્યા છે અને તે મૂળ ઉખેડવા માટે પોતાને દુ:ખ થાય છે. કેટલાંક એ પ્રકારના માણસો છે અને તેમને બહાર જવું પડયું છે, પરંતુ તેમને ત્યાં સ્વસ્થતા રહેલી નથી અને અહીં કઈ રીતે ઝડપથી પાછા ફરવું તેમને માટે શકય બને તેને માટે તેઓ કાયમ વિચાર કર્યા કરે છે.

અહંકાર અથવા આસકિત વગેરે અથવા આધ્યાત્મિક પરિસ્થિતિ અને આધ્યાત્મિક જીવન છોડી દઈને બીજાઓને મદદ કરવી એ એક જીવનમાં રહેનારા માણસોને મદદ કરવાની જરૂર એ જુદી જ વસ્તુ છે.

*

આશ્રમમાંથી બહાર જવાની અશકિત, ચૈત્ય પુરુષ, જે ઈનકાર કરે છે તેમાંથી આવે છે, જયારે તે એવા બિંદુએ પહોંચે અને બીજા ભાગોને ખસવા ન દે ત્યારે આવે છે અથવા તો એ પ્રાણમાંથી પણ આવી શકે છે જે તે સામાન્ય જીવન પ્રત્યે કોઈ આકર્ષણ હોતું નથી અને તે જાણે છે કે જીવનથી તેને કદી સંતોષ થશે નહિ. સામાન્ય રીતે વસ્તુ બાહ્ય તરફ વળવા માટે શકિતમાન હોય છે તે કદાચ શારીરિક હોઈ શકે જેમાં જૂનાં વલણો હજુ સુધી ભૂંસાઈ ગયા નથી.

*

તમારે તે જોવાની શકિત હોવી જોઈએ...... કે અસ્વસ્થતાનું કારણ તમારી પોતાની અંદર રહેલું છે, અને નહિકે બાહ્ય સંજોગોમાં. તમારી કુંટુંબ પ્રત્યેની આસકિતના બંધનો અને સામાન્ય સામાજિક વિચારો અને લાગણીઓ તમારી અંદર ઉત્પન્ન થઈ છે અને તે મુશ્કેલી ઉત્પન્ન કરે છે. જો તમારે યોગની તાલીમ લેવી હોય તો તમે જયાં સુધી જગતમાં હો ત્યાં સુધી જગતમાં જીવવા માટે શકિતમાન રહેવું જોઈએ અને તમારું મન પ્રભુની સાથે સંલગ્ન હોવું જોઈએ અને બાહ્ય સંજોગો સાથે બંધાયેલું ન હોવું જોઈએ. જે વ્યકિત આ પ્રમાણે કરે છે તે તેની આસપાસ રહેલા માનવીઓને, જે વ્યકિત જગતની સાથે બંધાયેલો અને આસકિતથી જોડાયેલો હોય તેના કરતાં સો ગણી વધારે મદદ કરી શકે છે.

જો તમે તમારા મનથી અને પ્રાણથી જવા માટે આતુર હો તો તમને રાખવાનું કહેવાનું માતાજી માટે શકય નથી. એક યા બીજી બાજુએ તમારા પોતાના અંદરથી જ સ્પષ્ટ સંકલ્પ-શકિત આવવી જોઈએ.

*

પરમાત્માની હાજરીની અનુભૂતિ બહાર કરતાં આશ્રમના વાતાવરણમાં અનુભવવી વધારે સહેલી છે. પરંતુ એ તો ફક્ત પ્રાથમિક મુશ્કેલી જ હોય છે અને તેના માટે એક પુકારમાં રહેલી સ્થિરતા અને પ્રભુની અસર પ્રત્યે પોતાનું સતત ખુલ્લાપણું રાખવાથી જ વ્યકિત તે વસ્તુ ઉપર વિજય પ્રાપ્ત કરી શકે છે.

*

વાતાવરણમાં એક શકિત રહેલી છે, પરંતુ તમારે તેને સાચી રીતે ગ્રહણ કરવાની છે. આત્માર્પણની ભાવનાથી, ખુલ્લાપણાથી અને શ્રદ્ધાથી. બધી જ બાકીની વસ્તુઓ તે વસ્તુ ઉપર આધાર રાખે છે.

*

સાચી બાબત એ છે કે એક સમર્થ શકિત અહીંથી બહાર જાય છે અને સ્વાભાવિક રીતે જ કેન્દ્રમાં તે સૌથી સામર્થ્યવાળી હોય છે. પરંતુ ત્યાં તે કઈ રીતે અસર કરે છે તેનો આધાર વ્યકિત તેને કઈ રીતે ગ્રહણ કરે છે તેના ઉપર છે. જો તેને સરળ શ્રદ્ધાથી, વિશ્વાસથી, ખુલ્લાપણાથી અને ખાતરીથી ગ્રહણ કરવામાં આવે તો તે પૂર્ણ રક્ષણ તરીકે કાર્ય કરે છે. પરંતુ તે દૂરના અંતરે પણ કાર્ય કરી શકે છે. તેમાં ઘટનો પ્રશ્ન નથી; પરંતુ કેટલી આંતર–નજીકતા છે તે અગત્યનું છે.

*

૬

જ્યારે માણસને સામાન્ય વ્યવસાયો અને સંજોગોમાં રહેવાનું થાય છે ત્યારે પોતાની જાતને આધ્યાત્મિક જીવન માટે તૈયાર કરવાનો ઉત્તમ માર્ગ પૂર્ણ સમતા અને અનાસકિત તથા ગીતાની 'સમતા' કેળવવાનો છે. તેમાં એક શ્રદ્ધા રાખવાની છે કે પરમાત્મા ત્યાં રહેલા છે અને બધી વસ્તુઓમાં પરમાત્માનો સંકલ્પ કાર્ય કરી રહેલો છે જોકે અત્યારે અવિદ્યાના જગતની પરિસ્થિતિઓ નીચે તે કાર્ય કરે છે. અહીંથી ઊર્ધ્વમાં પ્રકાશ અને આનંદ રહેલાં છે અને જીવન તેમના પ્રત્યે ગતિ કરી રહેલું છે, પરંતુ વ્યકિતમાં અને પ્રકૃતિમાં આધ્યાત્મિક સમતામાં વિકાસ કરવો એ જ તેમના આગમન અને પાયા માટે ઉત્તમ માર્ગ છે. આ વસ્તુ તમારી અણગમતી અને સહન ન થઈ શકતી વસ્તુઓ માટે ઉકેલ આપશે. બધી જ અણગમતી વસ્તુઓનો આ 'સમતા' ની ભાવનાથી સામનો કરવો જોઈએ.

જ્યારે માણસ જગતમાં રહે છે ત્યારે તે આશ્રમની માફક જીવી શકતો નથી. તેણે બીજાઓ સાથે પરિચયમાં રહેવું પડે છે અને બીજાઓ સાથે ઔપચારિક સામાન્ય સંબંધો પણ બાંધવા પડે છે. અગત્યની વસ્તુ છે આંતર ચેતનાને ધારણ કરી રાખવી અને પ્રભુ પ્રત્યે ખુલ્લા થઈને તે ચેતનામાં વિકાસ પામવો. જ્યારે માણસ તે પ્રમાણે કરે છે ત્યારે વધારે કે ઓછી ઝડપે, સાધનાની આંતર તીવ્રતા - અનુસાર, બીજાઓ સાથેનું વલણ બદલાશે. બધી જ વસ્તુઓ વધારે અને વધારે પરમાત્મામાં દેખાશે અને લાગણીઓ, કર્મો વગેરે વધારે અને વધારે નિશ્ચિત રૂપના બનતા જશે, પરંતુ તે જૂના બાહ્ય પ્રતિભાવો અનુસાર નહિ. પણ તમારી અંદર એક વૃદ્ધિ પામતી ચેતના અનુસાર નિશ્ચિત થતાં જશે.

*

તમને સગાં વહાલાઓ અને બીજાઓ તરફથી જે મુશ્કેલીનો અનુભવ થાય છે તે જ્યારે માણસ સામાન્ય અને પ્રતિકૂળ સંજોગોમાં સાધના કરે છે ત્યારે વિઘ્નરૂપે વચ્ચે આવે છે જ. તેમાંથી મુકત થવાનો એક જ માર્ગ એ છે કે પોતાના આંતર સ્વરૂપમાં વ્યકિતએ જીવન ધારણ કરતાં શીખવું જોઈએ – અને તે શકય ત્યારે જ બને છે જ્યારે તમારા પત્રમાં તમે જે પ્રભુના પ્રત્યુત્તર અને ઉજ્જવળતા વિષે લખો છો તે વૃદ્ધિ પામે અને સહજ બને; કારણકે ત્યાર પછી તમે તમારા આંતરસ્વરૂપ વિષે સતત સભાન બનો છો અને તમે તેમાં જીવન ધારણ કરતા થાઓ છો. બાહ્ય સ્વરૂપ ફકત એક કરણ રહે છે જે બાહ્ય જગત સાથેના વ્યવહાર અને કાર્યો માટેનું એક સાધન છે. ત્યાર પછી જ બહારના માણસો સાથેના તમારા સંબંધોને બંધનમાંથી મુકત અથવા જરૂરી પ્રત્યાઘાતોથી મુકત રાખવાનું શકય બને છે. વ્યકિત પોતે જ પોતાની અંદરથી પોતાના પ્રત્યાઘાતો અથવા પ્રત્યાઘાતોની ગેરહાજરીનો નિર્ણય કરી શકે છે; બાહ્ય સંબંધોમાંથી એક મૂળભૂત મુકિત મળે છે. અલબત્ત, જો વ્યકિતનો તે પ્રમાણે કરવાનો સંકલ્પ હોય તો.

*

'સંસાર' નું જીવન તેના લક્ષણોમાં જ એક ચંચળ જીવન છે. તેમાંથી સાચી રીતે પસાર થવા માટે વ્યકિતએ પોતાનું જીવન અને કર્મો પ્રભુને અર્પણ કરવાં જોઈએ અને ભીતરમાં પરમાત્માની શાંતિ માટે પ્રાર્થના કરવી જોઈએ. જ્યારે મન સ્થિર થાય છે ત્યારે માણસ અનુભવી શકે છે કે ભગવતી મા આપણા જીવનને ટેકો આપે છે અને દરેક વસ્તુ તેમના હાથમાં લઈ લે છે.

*

જગતના જીવનમાં શાંતિ પ્રાપ્ત કરવી સહેલી નથી અને જ્યાં સુધી માણસ પોતાની અંદર રહેતો ન થાય અને બધી બાહ્ય પ્રવૃત્તિઓને સ્વરૂપના સપાટીની ઉપરની વસ્તુઓ તરીકે ધારણ ન કરતો થાય ત્યાં સુધી તે કાયમ ટકતી નથી.

*

તેની પોતાની પરિસ્થિતિમાં સાધનામાં પ્રવેશ કરવા માટે જે વસ્તુ તેને માટે જરૂરી છે તે પરમાત્માનું કાયમ સ્મરણ કરવું અને પોતાની જે મુશ્કેલીઓ છે તેમને પસાર કરવાની કસોટી રૂપ ગણી સતત પ્રાર્થના કરવી તથા પરમાત્માની સહાય અને રક્ષણ શોધવાં અને પોતાના હૃદય તથા ચેતનાને દિવ્ય હાજરી પ્રત્યે ખુલ્લાં કરવાની માગણી કરવી.

*

જગતની બાબતોમાં મદદ આપવાનું વચન માતાજી માટે શક્ય નથી. ખાસ પ્રસંગોમાં જ તેઓ વચ્ચે પડે છે. અલબત્ત, કેટલાંક એવા માણસો છે જેઓ તેમના ખુલ્લાપણાથી તથા શ્રદ્ધાથી જગતની કોઈ પણ તકલીફમાં અથવા મુશ્કેલીમાં મદદ મેળવે છે, પરંતુ તે જુદી જ બાબત છે. તેઓ ફક્ત માતાજીને યાદ કરે છે તથા તેમને પુકાર કરે છે અને યોગ્ય સમયે કોઈ પરિણામ પ્રાપ્ત થાય છે.

*

તમે જે વલણની વાત કરો છો જેમાં જગતને અને સમાજને આધ્યાત્મિક જીવન માટે છોડી દેવું, તે ભારતમાં છેલ્લા લગભગ ૨૦૦૦ અથવા તેથી પણ વધારે વર્ષોથી પ્રણાલિગત વસ્તુ છે. અને મુખ્યત્વે પુરુષોને તે સ્પર્શ કરે છે. પરંતુ સ્ત્રીઓને ઘણી ઓછી સંખ્યામાં અસર કરે છે. એ ખાસ યાદ રાખવાનું છે કે ભારતના સામાજિક જીવનમાં લગભગ સંપૂર્ણ રીતે વ્યકિતને કુટુમ્બ માટે ગૌણ ગણવામાં આવી છે. પુરુષો અને સ્ત્રીઓ તેમની મુકત ઇચ્છા પ્રમાણે લગ્ન કરતાં નથી; તેઓ બાળકો હોય ત્યારથી જ તેમના લગ્નની વ્યવસ્થા લગભગ થઈ ગયેલી હોય છે, એટલું જ નહિ પરંતુ સામાજિક ઢાંચો લગભગ લોખંડી હોય છે જેમાં દરેક વ્યકિતને તેની પોતાની નિશ્ચિત જગા આપવામાં આવી હોય છે અને તેની પાસેથી તે વસ્તુને વળગી રહેવાની અપેક્ષા રાખવામાં આવે છે. તમે કેટલાંક ચર્ચાના મુદ્દાઓ અને હિંમતભર્યા ઉકેલની વાત કરો છો, પરંતુ આ પ્રકારના જીવનમાં કોઈ ચર્ચાસ્પદ પ્રશ્નો અથવા ઉકેલ માટેનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. હિંમતવાળા ઉકેલનો પ્રશ્ન ત્યાં જ ઉપસ્થિત થાય જ્યાં વ્યકિતગત ઇચ્છાની સ્વતંત્રતા હોય; પરંતુ જેમાં એક જ ઉકેલ એવો હોય (જો વ્યકિત આ જીવનમાં રહેવાની હોય તો) જેમાં કુટુમ્બનો પ્રમુખ હોય તેને આધીન થવાનું હોય તો આવા

પ્રકારની કોઈ વસ્તુ હોઈ શકે જ નહિ. તે એક સુરક્ષિત જીવન છે અને વ્યકિત જો તેમાં ગોઠવાઈ જાય તો સુખી જીવન જીવે છે અને જો કોઈ વ્યકિતને તેનાથી જાુદી જ અપૂર્વ (નોંધપાત્ર) અભીપ્સાઓ ન હોય તો પોતાની પરિસ્થિતિઓમાં ભાગ્યશાળી હોય; કારણકે તેના માટે કોઈ ઉપાય ન હોય અથવા વિરોધી વસ્તુઓમાંથી મુકત થવાનો કોઈ ઉપયોગ ન હોય અથવા કોઈ પ્રકારની વ્યકિતગત હતાશા ન હોય; તેને કોઈ શરૂઆત કરવા અથવા મુકત ગતિ અથવા વ્યકિતતાનું સર્જન કરવા માટે ભાગ્યે જ સંજોગો હોય છે. વ્યકિત માટે બહાર નીકળવાનો માર્ગ એક આંતર-આધ્યાત્મિક અથવા ધાર્મિક જીવન છે અને એક પ્રખ્યાત છટકબારી 'સંસાર' નો ત્યાગ છે. કોઈક પ્રકારનો સંન્યાસ લઈને કુટુંબજીવન છોડી દેવું. સંન્યાસી, વૈષ્ણવ વૈરાગી અથવા બ્રહ્મચારી મુકત હોય છે. કુટુંબ માટે તેઓ મૃત્યુ પામેલા હોય છે અને પોતાના અંતર-આત્માના આદેશ પ્રમાણે તેઓ જીવે છે. જો તેઓ કોઈ સંપ્રદાય અથવા આશ્રમમાં પ્રવેશ કરે તો તે શાળાના નિયમો પાળવા પડે પરંતુ તે તેમની પોતાની પસંદગી હોય છે. સમાજે તેના પોતાનામાંથી છટકવા માટે આ દ્વાર પ્રમાણિત કરેલું છે; ધર્મે તે વિચારને પોષણ આપેલું છે કે સમાજ અથવા જગતના જીવનમાંથી રસ ઊડી જાય તો એકાંતવાસ અથવા ધાર્મિક પરિભ્રમણ કરનાર તરીકેનું જીવન એ વ્યાજબી છે. પરંતુ આ વસ્તુ ખાસ કરીને પુરુષો માટે હતી. પ્રાચીન બુદ્ધવાદમાં જે મઠો હતા, અને પાછળથી વૈષ્ણવોમાં હતું તે સિવાય સ્ત્રીઓને આ રીતની મુકિતની ભાગ્યે જ તક મળતી, જોકે એક સમર્થ આધ્યાત્મિક આવેગ તેમને તે બાજાુ ખેંચાણ કરે અને તેના જગતમાં રહેવા માટેનો કોઈ ઈનકાર તે ચલાવી ન લે એવા દૃષ્ટાંતો છે. સંન્યાસી પોતાની પાછળ જે સ્ત્રી અને બાળકોને મૂકી જાય તેમને માટે ઓછી મુશ્કેલી રહેતી; કારણકે તેમના પોષણની જવાબદારી લેનાર સંયુકત કુટુંબ હોય છે.

અત્યારે એ વસ્તુ બની છે કે જૂનું માળખું ટકી રહ્યું છે; પરંતુ આધુનિક વિચારોએ પ્રતિકૂળતા અને અસ્વસ્થતાની પરિસ્થિતિનું સર્જન કર્યું છે; પ્રાચીન કુટુંબ જીવન નષ્ટ થતું જાય છે અને સ્ત્રીઓ પુરુષોની માફક જ પુરુષોને ભૂતકાળમાં જે મુકત થવાની મંજૂરી હતી તેના કરતાં મુકત થવાની સ્વતંત્રતા વધારે પ્રમાણમાં માગે છે. આ ઉપરથી તમે જે પ્રસંગોના સંપર્કમાં આવ્યા તે સમજી શકાશે. પરંતુ હું માનતો નથી કે એ સંખ્યા હજાુ પણ ધ્યાનપાત્ર બની હોય; તે એક નવીન ઘટના છે; સ્ત્રીઓનો આશ્રમમાં પ્રવેશ એ જ નૂતન વસ્તુ છે. મનોમય અને પ્રાણમય વિકાસ જે સંજોગો સાથે સુમેળમાં નથી, અયોગ્ય લગ્નો જે ઠોકી બેસાડવામાં આવે અને જેમાં પતિ અને પત્નીનું સુમેળભર્યું બિંદુ જ ન હોય, પોતાના

આંતર-જીવન માટે અસહ્ય અને વિરોધી વાતાવરણ. આ બધાથી ઉત્પન્ન થતું પ્રચંડ દુ:ખ એક બાજુએ હોય છે અને બીજી બાજુએ ભારતીય માનસનું એક અંતર્ગત વલણ જે આધ્યાત્મિક અથવા ધાર્મિક મુકિતમાં આશ્રય શોધે છે તે આ નવીન વિકાસ માટેની પૂરતી સમજૂતિ આપશે. જો સમાજને તે અટકાવવું હોય તો તેણે પોતે જ બદલાવું પડશે - વ્યકિતઓ માટે કહેવાનું કે દરેક પ્રસંગ તેની ગુણવત્તા ઉપર આધાર રાખે છે; આ પ્રશ્નમાં ઘણી જટિલતા છે અને સામાન્ય નિયમ માટે પ્રકૃતિની ભિન્નતા, સ્થિતિ અને હેતુઓમાં પણ ઘણી ભિન્નતા હોય છે.

મેં સામાજિક પ્રશ્ન વિષે સામાન્ય પરિભાષામાં જ વાત કરી છે. આશ્રમના સંચાલનમાં અમને ઘણી અરજીઓ મળેલી છે. તેમાં જીવનની મુશ્કેલીઓ અને જવાબદારીઓનો સામનો કરવાની નાખુશી જ સ્પષ્ટ રીતે કારણભૂત છે. સ્વાભાવિક રીતે જ અમે તેમની ઉપેક્ષા અથવા ઇનકાર કર્યો છે પરંતુ ઘણા ભાગની અરજીઓ પુરુષની જ છે; હાલ તુર્તમાં તો એક કે બે સ્ત્રીઓની જ માગણીઓ આવી છે; તે સ્ત્રીઓએ દુ:ખી લગ્ન જીવન અથવા મુશ્કેલીભરી પરિસ્થિતિની ભૂમિકાને લઈને સામાન્ય રીતે માગણી કરેલી નથી. પરિણીત સાધિકાઓમાંની ઘણી ખરી તેમના પતિની પાછળ અથવા પતિની સાથે આવી, તે પહેલા યોગની તાલીમ લેવાનું શરૂ કર્યાનું વાતાવરણ તેમણે બતાવ્યું છે; બીજી સાધિકાઓ લગ્નજીવનની જવાબદારીઓ પૂર્ણ કર્યા પછી આવેલી છે; બે કે ત્રણ પ્રસંગોમાં પોતાના પતિથી અલગ પડીને આવેલ છે, પરંતુ તે વસ્તુ અહીં આવ્યા પહેલા બની ગયેલી. કેટલાંક પ્રસંગોમાં તેમને બાળકો નથી અને બીજા પ્રસંગોમાં બાળકોને તેમના કુટુમ્બમાં મૂકવામાં આવેલા છે. આ બધા પ્રસંગો તમે જે પ્રકારનું વર્ણન કર્યું તે પ્રકારમાં આવતા નથી. કેટલાંક સાધકો પોતાની પત્નિને અને કુટુંબને પાછળ છોડીને આવ્યા છે પરંતુ મને લાગતું નથી કે કોઈ પણ દષ્ટાંતમાં જીવનની મુશ્કેલીઓ તેમના અહીંના આગમન માટે પ્રેરણારૂપ હોય. તેના માટે એમ બન્યું હોય કે તેમને એવો અંદરથી પુકાર થયો હોય અને તે આદેશને અનુસાર સર્વ વસ્તુઓને છોડી દેવાનું તેમને અનિવાર્ય લાગ્યું હોય.

★

યોગ વિષે પત્રો

ગ્રંથ ૨

શ્રી અરવિંદ બર્થ સેન્ટેનરી લાયબ્રેરી
વૉલ્યુમ નં. ૨૩નું સંપૂર્ણ ભાષાંતર

(ભાગ બીજો)

વિભાગ ૧

અનુભૂતિઓ અને સાક્ષાત્કારો

અનુભૂતિઓ અને સાક્ષાત્કારો

અનુભૂતિ એવો શબ્દ છે જે યોગમાં બધી બનતી ઘટનાઓને આવરી લે છે; જ્યારે કોઈ વસ્તુનું સ્થાપન થઈ જાય છે, ત્યાર પછી અનુભૂતિ રહેતી નથી પરંતુ સિદ્ધિનો એક ભાગ બની જાય છે. દા. ત. શાંતિ, જ્યારે આવે છે અને જાય છે ત્યારે તે અનુભૂતિ હોય છે. પણ જ્યારે તેની સ્થાપના થઈ જાય છે અને જતી નથી ત્યારે તે સિદ્ધિ બને છે. સાક્ષાત્કાર જુદી વસ્તુ છે – જ્યારે તમે કોઈ વસ્તુની અભીપ્સા કરો છો ત્યારે તે વાસ્તવિક હકીકત બને છે. દા. ત. તમને સર્વમાં પ્રભુ રહેલો છે એવો ખ્યાલ હોય છે, પણ તે એક વિચાર, એક વિશ્વાસ હોય છે; જ્યારે તમને સર્વમાં પરમાત્માની અનુભૂતિ થાય અને તમે તે જોઈ શકો ત્યારે તે સાક્ષાત્કાર બને છે.

*

આ બધું બિનજરૂરી ભેદો પાડવાની વૃત્તિ છે. મનના તત્ત્વમાં, પ્રાણમાં કે શારીરિકમાં કોઈ સત્યની અનુભૂતિ, પછી ભલે તે ગમે તે પ્રકારની હોય, તે સાક્ષાત્કારની શરૂઆત હોય છે. જ્યારે મનને શાંતિની અનુભૂતિ થાય, ત્યારે મને તે શું છે તેનો સાક્ષાત્કાર થાય છે. અનુભૂતિઓનું પુનરાવર્તન વધારે પૂર્ણ અને વધારે ટકાઉ સાક્ષાત્કાર તરફ દોરી જાય છે જ્યારે તેની કોઈ પણ જગાએ સ્થિર રીતે સ્થાપના થઈ જાય ત્યારે તે જગાએ અથવા આપણા સ્વરૂપના તે ભાગમાં પૂર્ણ સાક્ષાત્કાર બને છે.

*

જ્યારે તમે તમારા અહંને બદલે કોઈક જુદી જ ચેતના વિષે સભાન બનવાની શરૂઆત કરો છો અને તમે તેમાં જીવન જીવો છો અથવા તેની અસર નીચે વધારે અને વધારે આવતા જાઓ છો ત્યારે તેને આધ્યાત્મિકતા કહેવાય છે. તે ચેતના વિશાળ, અનંત, સ્વંયભૂ અહંવિહીન વગેરે પ્રકારની હોય છે અને તે આત્મા (આત્મતત્ત્વ, બ્રહ્મ, પરમાત્મા) કહેવાય છે, તેથી આધ્યાત્મિકતાનો અર્થ જરૂર આ જ હોવો જોઈએ. સાક્ષાત્કાર આ વસ્તુ છે અને બાકીનું બધું જે અનુભૂતિ અને આ મહત્તર ચેતનાને તેની સાથે લાવે છે, તે પણ એક સાક્ષાત્કાર છે.

*

યોગી એવી વ્યકિત છે જે સાક્ષાત્કારમાં પ્રતિષ્ઠિત થયેલો હોય છે. સાધક એવી વ્યકિત છે જે સાક્ષાત્કાર પ્રાપ્ત કરતો હોય છે અથવા સાક્ષાત્કાર પ્રાપ્ત કરવા પ્રયત્ન કરતો હોય છે.

*

એવો કોઈ નિયમ નથી કે લાગણી અનુભૂતિ હોઈ શકે નહિ; અનુભૂતિઓ અનેક પ્રકારની હોય છે. ચેતનામાં ઘણા સ્વરૂપો ધારણ કરે છે. જ્યારે ચેતના કોઈ પણ આધ્યાત્મિક અથવા ચૈતસિક અથવા કોઈ ગુહ્ય વસ્તુ અનુભવે, જુએ અથવા તેને વિષે લાગણી અનુભવે તો તે એક અનુભૂતિ છે – અને તે વિશિષ્ઠ યૌગિક અર્થમાં, કારણ કે તેમાં બેશક ઘણી જાતની એવી અનુભૂતિઓ હોય છે જે તે પ્રકારની હોતી નથી. લાગણીઓ પણ ઘણા પ્રકારની હોય છે. લાગણી શબ્દ ઘણી વખત ઊર્મિઓને માટે પણ વપરાય છે અને એવી ચૈતસિક અને આધ્યાત્મિક ઊર્મિઓ પણ હોય છે જેમને યૌગિક અનુભૂતિઓમાં માન્ય કરવામાં આવે છે, જેવીકે શુદ્ધ ભકિતનું મોજું, અથવા પ્રેમનો પરમાત્મા પ્રત્યેનો ઉદ્‌ગમ. લાગણીનો અર્થ કોઈ વસ્તુની અનુભૂતિનું દર્શન પણ થાય છે. પ્રાણમાં અથવા ચૈતસિક તત્ત્વમાં અથવા ચેતનાના મૂળભૂત તત્ત્વમાં થતું દર્શન. જ્યારે મનોમય દર્શનનું પણ એક ઊર્મિમય સ્પષ્ટ શબ્દચિત્ર તરીકે વર્ણન કરવામાં આવે છે ત્યારે ઘણી વખત મેં તેને મનોમય દર્શન તરીકે અનુભવ્યું છે. જો તમે આ બધી લાગણીઓ અને તેની સાથેની બીજી બધી વસ્તુઓને બાકાત કરી નાખો અને એમ કહો કે તે તો બધી લાગણીઓ છે અને નહિકે અનુભૂતિઓ, તો અનુભૂતિઓ માટે બહુ ઓછી જગા બાકી રહે. વ્યકિત બ્રહ્મને જુએ છે અને દરેક જગાએ તેને અનુભવે છે. માણસને કોઈ બલ પોતાની અંદર પ્રવેશ કરતું અને પોતાનામાંથી બહાર જતું હોય એવી લાગણી થાય છે; માણસને પોતાની અંદર તેમ જ પોતાની આસપાસ પરમાત્માની હાજરીની લાગણી થાય છે અથવા તેને જોઈ શકે છે. વ્યકિતને લાગણી થાય છે અથવા જુએ છે કે કોઈ પ્રકાશ નીચે ઉતરે છે; વ્યકિતને એવી પણ લાગણી થાય કે શાંતિ અથવા આનંદનું અવતરણ થાય છે. એટલે આ બધી વસ્તુઓને એવા મંતવ્યથી ઠોકર મારી દેવી કે તે ફકત લાગણી જ છે અને અમે જે બધી વસ્તુઓને અનુભૂતિઓ કહીએ છીએ તે બધી વસ્તુઓને તમે વાળીઝૂડીને સાફ કરી નાખો છો. તે ઉપરાંત અમે ચેતનાના મસાલામાં અથવા ચેતનાની અવસ્થામાં એક ફેરફારની અનુભૂતિ કરીએ છીએ. આપણે આપણી જાતને એક વિશાળ બૃહદ્ તત્ત્વમાં ફેલાતી અનુભવીએ છીએ અને આ વિશાળતામાં શરીરને એક સાવ નાનકડી વસ્તુ તરીકે અનુભવીએ છીએ (આ

વસ્તુને જોઈ પણ શકાય છે); આપણે આપણી હૃદયની ચેતનાને સંકુચિત હોવાને બદલે વિશાળ, કઠોરની જગાએ કોમળ, તમોગ્રસ્તને બદલે પ્રકાશિત, તેમ જ મસ્તકની ચેતનાને અને પ્રાણમય તથા શારીરિક ચેતનાને પણ એ પ્રકારની અનુભવીએ છીએ; અમને આ બધા પ્રકારની હજારો વસ્તુઓમાં આવી લાગણી થાય છે અને અમારે શા માટે તેમને અનુભૂતિ ન કહેવી? અલબત્ત, એ એક આંતર-દર્શન, આંતર-ઊર્મિ, સૂક્ષ્મ લાગણી છે; સ્થૂલ નહિ, જેવીકે ઠંડા પવનની લાગણી, અથવા પત્થર અથવા કોઈ બીજા પદાર્થ જેવી ભૌતિક નહિ, પરંતુ જેમ જેમ આંતર-ચેતના ઊંડાણમાં જતી જાય ત્યારે તે ઓછી સ્પષ્ટ અથવા સઘન નથી હોતી; પરંતુ તેનાથી પણ ઘણી વધારે સઘન હોય છે.

*

અનુભૂતિ એક સંશયાતીત વસ્તુ છે અને તેને યોગ્ય મૂલ્ય આપવું જોઈએ. મન તેના વિષે વિચારમાં અતિશયોક્તિ કરે પણ તેથી તેની કિંમત શૂન્ય થઈ જતી નથી.

*

તમે જે કાંઈ વસ્તુ કરો તેની કિંમત આંકવાનો પ્રશ્ન નથી, પરંતુ સાધનાના સર્વ ભિન્ન ભિન્ન તત્ત્વોને સમજવાની કિંમત છે. એવો કોઈ પણ નિયમ ન બનાવી શકાય કે સમાધિનું ઓછું મૂલ્ય છે અથવા જેમ એ પ્રમાણે ન કહી શકીએ કે કાર્યની કાંઈ પણ કિંમત નથી અથવા તે નિમ્ન પ્રકારનું કાર્ય છે તે પ્રમાણે એમ પણ ન કહી શકાય કે અનુભૂતિઓ ઓછી અગત્યની છે.

*

એક વધારે ગાઢ અને આધ્યાત્મિક અર્થમાં સઘન સાક્ષાત્કાર એવો હોય જેમાં જે વસ્તુનો સાક્ષાત્કાર થયો હોય તે ભૌતિક વસ્તુની હાજરી હોઈ શકે તેના કરતાં વધારે વાસ્તવિક, સક્રિય અને ચેતનાની નજીક વધારે ગાઢ રીતે હાજર હોય. વૈયક્તિક પ્રભુનો અથવા અવૈયક્તિક બ્રહ્મનો અથવા આત્માનો આવો સાક્ષાત્કાર સાધનાની શરૂઆતમાં અથવા પ્રથમના વર્ષોમાં અથવા ઘણા વર્ષો સુધી સામાન્ય રીતે આવતો નથી. આ રીતે બહુ ઓછા માણસો પાસે આવે છે. પરંતુ આટલા ઓછા સમયમાં તેની અપેક્ષા રાખવી કે માગણી કરવી એ અનુભવી યોગી કે સાધકની આંખમાં એક ઉતાવળી અને અતિશય અધીરાઈવાળી માગણી લાગે. ઘણા ખરા એમ કહેશે કે એક ધીમો વિકાસ શરૂઆતના વર્ષો માટે શ્રેષ્ઠ ગણી શકાય અને જ્યારે પ્રકૃતિ તૈયાર થાય અને પરમાત્મા પ્રત્યે પૂર્ણ એકાગ્ર થાય ત્યારે જ એક ચોક્કસ અનુભૂતિ આવી શકે. કેટલાંક માણસોને પ્રમાણમાં શરૂઆતની અવસ્થામાં ઝડપી અનુભૂતિઓ

આવી શકે છે પરંતુ તેવા માણસો પણ ચેતનાના શ્રમમાંથી છટકી શકતા નથી. આવી ચેતના જ આવી અનુભૂતિઓને ટકાઉ અને પૂર્ણ સાક્ષાત્કારની ટોચ ઉપર પહોંચાડી શકે છે. તે વસ્તુમાં પસંદગી અથવા ના-પસંદગીનો પ્રશ્ન નથી, એ સત્ય અને અનુભૂતિની વાસ્તવિક હકીકત છે – એ હકીકત છે કે જે લોકો પ્રફુલ્લિત હોય છે અને એક પછી એક પગથિયું જરૂર જણાય તો ધીરે ધીરે પણ ચડે છે તેઓ જે અધીર અને ઉતાવળ કરનારા માણસો હોય છે તેમના કરતાં ખરેખર વધારે ઝડપી અને ચોક્કસ રીતે આગેકૂચ કરે છે. મેં કાયમ તે વસ્તુ જોયેલી છે.

*

આત્મ-સાક્ષાત્કાર એ લાંબી પ્રક્રિયા નથી! સમગ્ર જીવન અને બીજી કેટલીક જીંદગીઓ પણ તે સિદ્ધ કરવા માટે ઘણી વખત પૂરતાં હોતાં નથી. રામકૃષ્ણના ગુરુને ત્યાં પહોંચતા ૩૦ વર્ષ લાગેલા અને તેમ છતાં તેમણે એવો દાવો નથી કર્યો કે તેમણે તેનો સાક્ષાત્કાર કર્યો હતો.

*

તમારી એવી માન્યતા (કે જ્યાં સુધી તમને પ્રભુની કોઈક રીતની અનુભૂતિ ન થાય ત્યાં સુધી તમે પ્રભુને પ્રેમ કરી શકો નહિ) એ ઘણા સાધકોની અનુભૂતિથી વિરુદ્ધ છે. હું ધારું છું કે રામકૃષ્ણએ કોઈક જગાએ સૂચન કરેલું છે કે તેની શોધ માટેનો પ્રેમ, આનંદ અને તમન્ના તે સિદ્ધિ કરતાં પણ વધારે તીવ્ર હોય છે: હું તેમની સાથે સહમત નથી પરંતુ તે એટલું તો દર્શાવે જ છે કે સાક્ષાત્કાર પહેલાં તીવ્ર પ્રેમ શક્ય છે.

*

મારો મુદ્દો એ છે કે એવા હજારો ભક્તો છે જેઓ કોઈ પણ સઘન અનુભૂતિ વગર પ્રેમ અને પ્રભુની શોધ કરે છે, અને તેમનામાં પ્રભુ માટે ફક્ત મનોમય ખ્યાલ અથવા ઊર્મિમય શ્રદ્ધા હોય છે જે તેમને ટેકો આપે છે. સમગ્ર દૃષ્ટિબિંદુ એ છે કે પ્રભુ માટે વ્યકિતને પ્રેમ થાય તે પહેલાં તેને પ્રભુની એક નિર્ણાયક અને સઘન અનુભૂતિ થવી જોઈએ એમ કહેવું ખોટું છે. તે સાચી હકીકતથી ઊલટું જ છે અને આધ્યાત્મિક અનુભૂતિની બિલકુલ સામાન્ય હકીકતોથી પણ વિરુદ્ધ છે.

*

સામાન્ય ભકતનું હૃદય સિંહ-કેસરી હૃદય હોતું નથી. સિંહ હૃદયોને સરખામણીમાં વહેલી અનુભૂતિઓ પ્રાપ્ત થાય છે પરંતુ સામાન્ય ભકતને પોતાના પ્રેમ અને

ઝંખના ઉપર વર્ષો અને વર્ષો સુધી પોષણ મેળવવું પડે છે અને તે પ્રમાણે તે કરે પણ છે.

*

અનુભૂતિઓ વિષે હું ફક્ત એટલું જ કહેવા માગતો હતો કે તમારે યોગમાંથી કઈ વસ્તુ જોઈએ છીએ તેના વિષે તમે તમારા પોતાના વિચારોનું સર્જન કર્યું છે અને તે ધોરણ પ્રમાણે તમારી પાસે શું આવતું હતું તેનું કાયમ માપ કાઢયાં કર્યું છે અને તે તમારી અપેક્ષા પ્રમાણે અથવા તમારા માપદંડ અનુસાર આવતું નહોતું, તેથી એક ક્ષણ પછી તમારી જાતને કહેતા હતા, "તે કાંઈ નથી, કાંઈ જ નથી" તે અસંતોષે તમને દરેક પગલે પ્રત્યાઘાત અથવા પીછેહઠ તરફ ખુલ્લા કર્યા અને તેને લઈને તમારો કોઈ સતત વિકાસ થઈ શકયો નહિ. જેને અનુભૂતિ થયેલી હોય છે એવા યોગી જાણે છે કે નાની શરૂઆતોની સૌથી વધારે અગત્ય હોય છે અને તેમને ધારણ કરીને વિકાસ કરવા માટે ખૂબ ધૈર્યથી મંજૂરી આપવાની રહે છે. દા. ત. તે જાણે છે કે એક તટસ્થ સ્થિરતા જે સાધકની પ્રાણમય આતુરતાને અસંતોષ આપે છે એ શાંતિ તરફનું પ્રથમ પગલું છે જે બધી જ મનોમય સમજ પાસેથી પસાર થઈ જાય છે અને એક આંતર-આનંદનો નાનો તરંગ અથવા રોમાંચ એ આનંદની મહાસાગરનું પ્રથમ ટીપું છે, વિવિધ પ્રકાશો અને રંગોની લીલા આંતર-દર્શન અને અનુભૂતિના બારણાંઓ ખોલવાની ચાવી છે; તે અવતરણ શરીરને એક એકાગ્રતાપૂર્ણ પ્રશાંતતાથી અક્કડ બનાવે છે. એ કોઈ એવી વસ્તુનો સ્પર્શ છે જેને અંતે પરમાત્માની હાજરી રહેલી હોય છે. તે અધીર બનતો નથી; જે ઉત્ક્રાન્તિની શરૂઆત થાય છે તેમાં ખલેલ ન પહોંચાડવા માટે તે કાળજી રાખે છે. બેશક, કેટલાક સાધકોને શરૂઆતથી જ સમર્થ અને નિશ્ચિત અનુભૂતિઓ થયેલી છે પરંતુ આ વસ્તુ લાંબા પરિશ્રમ પછી આવેલી છે જેમાં ઘણા શૂન્યતાના અને સંઘર્ષના ગાળાઓ આવેલાં હોય છે.

*

અલબત્ત, નિરાશ થવા માટે કોઈ કારણ નથી. પરમાનંદ શરૂઆતમાં ટીપે ટીપે આવે છે અથવા તૂટક રીતે ઝમે છે. તમારે પ્રફુલ્લિત રીતે અને પૂર્ણ શ્રદ્ધાથી, જ્યાં સુધી જલધોધ ન આવે ત્યાં સુધી, આનંદથી આગળ ચાલ્યા કરવું.

*

જો તમે સમગ્ર ચેતનામાં પરમાત્માને તમારા સ્વરૂપનું સમર્પણ કરવાનો સાચો નિર્ણય કરો જેથી તેની ઇચ્છા પ્રમાણે પ્રભુ તેનો ઘાટ ઘડે તો તમારી ઘણી ખરી અંગત મુશ્કેલીઓ અદૃશ્ય થઈ જશે. એટલે હું એમ કહેવા માગું છું કે તેમ છતાં

જે બાકી રહે તેના રૂપાંતર માટે ઘણી ઓછી મુશ્કેલીઓ હશે અને યૌગિક ચેતનામાં સામાન્ય પ્રકારની રહેશે, જે બધી જ સાધનામાં સામાન્ય હોય છે. તમારી મનોમય મુશ્કેલી કાયમ તમારી સાથે રહેલી છે. તમારે તમારી સાધનાને તથા અનુભૂતિની ગ્રહણશીલતાને તથા પ્રભુના પ્રત્યુત્તરને તમારા પહેલેથી ધારી લીધેલા ખ્યાલો પ્રમાણે ઘડવી છે, અને તેથી તમે પરમાત્માને પોતાના સત્ય અને વાસ્તવિકતા પ્રમાણે કાર્ય કરવા કે આવિર્ભાવ કરવા માટે મુકત રાખ્યા નથી. તે તમારા મન અને પ્રાણની જરૂર પ્રમાણે કાર્ય નહિ કરે પણ તમારા અંતરાત્મા અને આત્મા પ્રમાણે કાર્ય કરશે. તે એ પ્રકારનું છે જાણેકે તમારો પ્રાણ પરમાત્માની સામે રંગીન કાચ ધરે છે અને તેને કહે છે, "હવે તમે તેમાં હાજર થાઓ અને હું તેમને તેમાં જ પૂરી રાખીશ અને તમારા તરફ એ રંગો મારફતે હું નજર કરીશ," અથવા મનોમય દષ્ટિબિંદુથી જાણેકે તમે તે રીતે જ એક ટેસ્ટ-ટ્યુબ (કસનળી) તેમની સામે ધરો છો અને કહો છો, "તેમાં પ્રવેશ કરો અને હું તમારી પરીક્ષા કરીશ કે તમે શું છો." પરંતુ પરમાત્મા આવી પ્રવૃત્તિઓ બાબત શરમાળ છે અને તેમના આ તમારી તરફના વાંધાઓ બિલકુલ સમજી ન શકાય એવા નથી.

કોઈ પણ રીતે, મને આનંદ થયો છે કે તમને ફરીથી અનુભૂતિ પાછી આવી છે – તમારા અને મારા હાલના દિવસો દરમ્યાન કરેલા પ્રયત્નને પરિણામે તે આવી છે અને તે વાસ્તવિક રીતે સ્મૃતિ આપે છે કે યૌગિક અનુભૂતિમાં પ્રવેશ કરવાનું દ્વાર હજુ ખુલ્લું છે અને તે સાચા સ્પર્શથી ખુલી શકે છે. શ્વાસોચ્છ્વાસની સાથે નામસ્મરણ કરવાની અનુભૂતિ વિષે થયેલી ભૂલ કરવા માટે તમે મારી સાથે વાંધો ઉઠાવેલો અને એક નાની ઘટના ઉપરથી મહાન તારતમ્ય કાઢવા માટે મને ઠપકો પણ આપેલો. એવી વસ્તુ જે વિજ્ઞાનીઓ કોઈ પણ જાતના તમારા કરેલા બુદ્ધિ-પ્રધાન વિરોધ વગર દરરોજ કરી રહેલા છે. હું માનું છું કે તમારી અગાઉની અનુભૂતિઓના મારા સ્વીકાર વિષે તમને એ પ્રકારનો જ વિચાર હતો, જેમાં આ તમારા શરીરમાં આવતો પ્રશાંતતાનો પ્રવાહ અને અવતરણ તમારી અંદર યોગી રહેલો છે તેની નિશાનીઓ છે. પરંતુ આવા બધા વિચારો આધ્યાત્મિક જગત અને તેની ઘટનાઓ વિષેની અવિદ્યામાંથી ઉઠે છે અને તમારે જે ભાગ ભજવવાનો હોય છે તે બતાવે છે કે બાહ્ય બૌદ્ધિક તર્કમાં સમજવાની અશકિત રહેલી છે. બુદ્ધિને આધ્યાત્મિક સત્ય અને આંતર-અનુભૂતિના પરમ ન્યાયાધીશ બનવું છે – પરંતુ તે સ્વાભાવિક રીતે જ બિલકુલ અશકત છે કારણ કે તેને આ વસ્તુઓનો કક્કો પણ ખબર નથી અને મારી સમજમાં એ વસ્તુ ઉતરતી જ નથી કે વ્યકિતને જે વસ્તુની બિલકુલ જાણ પણ ન હોય તે તેની ન્યાયાધીશ કઈ રીતે બની શકે?

હું જાણું છું કે વિજ્ઞાનીઓ સતત અતિભૌતિક ઘટનાઓ જે તેમના ક્ષેત્રની બહારની વસ્તુઓ છે તેમની સાથે કાર્ય કરે છે.

જે લોકોને કદી આધ્યાત્મિક કે ગૂઢ અનુભૂતિ થઈ નથી તેઓ ગુહ્ય ઘટનાઓ અને યોગ વિષે નિયમો બહાર પાડે છે; પરંતુ તે વસ્તુ વધારે બુદ્ધિયુક્ત કે માફ કરી શકાય એવી નથી. કોઈ પણ યોગી પ્રાણમય અથવા જપ વિષે કાંઈક જાણે છે; તે તમને કહી શકે કે શ્વાસોચ્છ્વાસ સાથે નામ-સ્મરણ એ કોઈ ક્ષુદ્ર ઘટના નથી પરંતુ આવી પ્રક્રિયામાં ઘણી અગત્યની વસ્તુ છે અને જો તે સ્વાભાવિક રીતે જ થતી હોય તો આંતર સ્વરૂપે ભૂતકાળમાં કોઈ પ્રકારની સાધના કરી હોય તેની નિશાની છે. જે પ્રવાહની અનુભૂતિ છે એ ઊર્ધ્વતર ચેતના એક પ્રવાહરૂપે નીચે ઉતરે છે તેના સ્પર્શની જાણીતી નિશાની છે, અને તે વિજ્ઞાનીઓ જેને પ્રકાશના 'મોજાં' કહે છે તેવી હોય છે, અને તે વસ્તુ શરીરમાં મન, પ્રાણ અને શારીરિકનો પોતે હવાલો સંભાળવા માટેની તૈયારીરૂપ છે. તે જ પ્રમાણે તમારું શરીર જે અક્કડ બની ગયું અને એક પ્રશાંતતા આવી તેવી પ્રથમ અનુભૂતિ થઈ તે પણ તે જ ઊર્ધ્વ ચેતનાનું પ્રશાંતતા અને નીરવતાનું સ્વરૂપ અથવા વલણની નિશાની હતી. એ બિલકુલ સાચું તારણ છે કે જે વ્યકિતને શરૂઆતમાં આવી અનુભૂતિઓ થાય છે તેનામાં યોગની શકિત હોય છે અને તે વ્યકિત ખુલ્લી થઈ શકે છે, ભલે પછી સામાન્ય પ્રકૃતિની બીજી ગતિઓને લઈને તેમાં વિલંબ થાય. આ વસ્તુઓ યોગના વિજ્ઞાનનો ભાગ છે, અને જે રીતે શોધક વિજ્ઞાની માટે, ભૌતિક શાસ્ત્રના વિજ્ઞાની માટે, જેટલા અગત્યના અનુભવો હોય છે તેટલી જ તે વસ્તુ યોગના વિજ્ઞાનમાં જાણીતી છે.

તમને મૂર્ચ્છા આવી એવી જે તમને છાપ છે તે એટલા માટે છે કે તમે કલ્પના કરી તે પ્રમાણે તમે ઊંઘમાં નહોતા, પરંતુ તમારી તે પ્રથમ સ્થિતિ હતી જેને સામાન્ય રીતે 'સ્વપ્ન-સમાધિ' કહેવાય છે. તમને જે મૂર્ચ્છા જેવું લાગ્યું તે અંતરના ઊંડાણમાં જવાનું, વધારે ગાઢ સ્વપ્ન-સમાધિનું વલણ હતું અથવા એક 'સુષુપ્તિ-સમાધિ' માં તમે જતા હતા. છેલ્લો શબ્દ અંગ્રેજીમાં 'ટ્રાન્સ' કહેવાય છે પરંતુ તેને સ્વપ્ન પ્રકારની સમાધિ સુધી પણ લઈ જઈ શકાય છે. મનને આ બાહ્ય ચેતનાના ઊંડાણમાં ગૂમ થઈ જવું એ મૂર્ચ્છાવસ્થા લાગે છે, જો કે તે તેવા પ્રકારનું કાંઈ નથી. અને તેથી તમને એવી છાપ પડી. અહીંના ઘણા સાધકોને વારંવાર અથવા કોઈ કોઈ સમયે લાંબા સમય સુધી આ ગાઢ સ્વપ્ન-સમાધિ થાય છે જેમાં ઊંઘથી શરૂઆત થઈ હતી અને પરિણામે એક સચેતન સાધના જે રીતે તેમની

જાગૃત અવસ્થામાં ચાલે છે તે રીતે ઊંઘમાં પણ ચાલે છે. આ વસ્તુ વ્યકિતને જે પ્રાણમય અથવા મનોમય ભૂમિકા ઉપર સ્વપ્નની અનુભૂતિઓ થાય તેના કરતાં ભિન્ન વસ્તુ છે. આ સ્વપ્નાઓ પોતે જ ખરેખર સામાન્ય સ્વપ્નાઓ હોતાં નથી; પરંતુ મનોમય, પ્રાણમય, ચૈતસિક અથવા સૂક્ષ્મ શારીરિક ભૂમિકાઓ ઉપર આવતી વાસ્તવિક અનુભૂતિઓ હોય છે. તમને કેટલાંક એવા સ્વપ્નો આવેલાં છે જે પ્રાણમય સ્વપ્ન-અનુભૂતિઓ હતી, જેમાં તમને માતાજીનું મિલન થયું અને હાલમાં જે તમને મનોમય ભૂમિકા ઉપર એક એવો સંપર્ક થયો. જે માણસો આ વસ્તુઓને સમજે છે તેમના માટે એવો અર્થ હોય છે કે મનમાં તેમ જ પ્રાણમાં એક એવી આંતર ચેતના તૈયાર થઇ રહી છે જે એક મહાન પ્રગતિ છે.

તમે એમ પૂછશો કે શા માટે આ વસ્તુઓ નિદ્રામાં અથવા એક અંતર્મુખ ધ્યાનમાં જ બને છે અને જાગૃત અવસ્થામાં નહિ? તેના માટે બે પ્રકારના કારણો છે: પ્રથમ કારણ કે સામાન્ય રીતે યોગમાં આ વસ્તુઓ આપણે અંતર્મુખ અવસ્થામાં હોઈએ ત્યારે જ તેમની શરૂઆત થાય છે અને જાગૃત અવસ્થામાં નહિ. જો જાગૃત મન તૈયાર થાય તો જાગૃત અવસ્થામાં પણ તેઓ એટલી જ તૈયારીથી આવે છે. વળી તમારામાં તમારું જાગૃત મન ઘણું સક્રિય છે અને બાહ્ય ચેતનાના વિચારો અને કાર્યો ઉપર ખૂબ આગ્રહ રાખે છે અને તેને લઈને આંતર મનનો જાગૃત અવસ્થામાં પ્રવેશ કરવાની તેને તક પ્રાપ્ત થતી નથી. પરંતુ આંતર–ચેતના મારફત અને મૂળભૂત રીતે આંતર-મન મારફતે આ વસ્તુઓ આવે છે; તેથી જો આંતરમનને બાહ્ય મન તરફ જવાનો માર્ગ સ્પષ્ટ રીતે ખુલ્લો ન હોય તો તે પ્રથમ તો આંતર-અવસ્થાઓમાં જ પ્રથમ દેખાય છે. જો જાગૃત મન પોતાની જાતને આંતર-ચેતના પાસે ગૌણ અને સમર્પિત બને અને તેનું કરણ બનવા માટે સંમતિ આપે તો શરૂઆતથી જ આ ખુલ્લાપણાએ જાગૃત ચેતના મારફતે આવી શકે તે પણ યોગ માટે એક પરિચિત નિયમ છે.

હું વધારામાં કહી શકું કે જ્યારે તમે પ્રત્યુત્તરની ખામી વિષે ફરિયાદ કરો છો ત્યારે તમે કદાચ પરમાત્માની કોઈક પ્રકારની સીધા આવિર્ભાવની તાત્કાલિક અપેક્ષા રાખો છો, જે નિયમ પ્રમાણે, જોકે તેમાં અપવાદો હોય છે, ત્યારે જ આવે છે જ્યારે અગાઉની અનુભૂતિઓ એ ચેતનાને તૈયાર કરેલી હોય ત્યારે તે પ્રત્યુત્તરની અનુભૂતિ કરી શકે, સમજી શકે અને ઓળખી શકે. સામાન્ય રીતે આધ્યાત્મિક અથવા દિવ્ય ચેતના પ્રથમ આવે છે જેને મેં ઊર્ધ્વતર ચેતના કહેલી છે – અને (પ્રભુની) સન્નિધિ અથવા આવિર્ભાવ પાછળથી આવે છે. પરંતુ આ

ઊર્ધ્વતર ચેતનાનું અવતરણ એ પરમાત્માનો વાસ્તવિક સ્પર્શ અથવા અંતર્પ્રવાહ હોય છે, પરંતુ નિમ્ન પ્રકૃતિ શરૂઆતમાં તેને ઓળખી શકતી નથી.

*

હું એમ નથી કહેતો કે આ અનુભૂતિઓનું કદી મૂલ્ય હોતું નથી, પરંતુ તે એટલી બધી મિશ્રણવાળી અને ગોટાળાભરી હોય છે કે જો વ્યકિત કોઈ પણ વિવેક રાખ્યા સિવાય તેમની પાછળ દોડાદોડી કરે તો તેઓ યા તો તેમનો અંત આડ-માર્ગે ચાલી જવામાં આવે, કેટલીક વખતે કરુણ અંતમાં આવે અથવા વ્યકિત પોતે એક એવી ભૂલભૂલામણીમાં ફસાઈ જાય જે કોઈ જગાએ તેને દોરી જતી ન હોય.

એનો અર્થ એવો નથી કે આ બધી અનુભૂતિઓ નિષ્ફળ અથવા નિરર્થક છે. કેટલીક ઘણી સાર્થક છે અને બીજી નિરર્થક છે ; તે અનુભૂતિઓ સહાયરૂપ છે, સાચી દિશામાં છે, કેટલીક વખત માર્ગદર્શક નિશાનીઓ છે, કેટલીક વખત સાક્ષાત્કારના માર્ગ ઉપરની અવસ્થાઓ છે, અને કેટલીક વખત સાક્ષાત્કારનો મસાલો અને પદાર્થ છે. વ્યકિત આ વસ્તુઓને સામાન્ય રીતે અને સાચી રીતે શોધે છે, પુકાર કરે છે, તેમની પાછળ પ્રયત્ન કરે છે અથવા ઓછામાં ઓછું વ્યકિત એક એવી શ્રદ્ધા-પૂર્વકની અપેક્ષામાં પોતાની જાતને ખુલ્લી કરે છે કે વહેલી કે મોડી તે આવશે જ. તમારી પોતાની અનુભૂતિઓ કદાચ ઓછી હોય અથવા સતત ચાલુ રહેતી ન હોય પરંતુ હું એમ ન કહી શકું કે તે સાચી ન હોતી અથવા મદદરૂપ ન હોતી. હું એમ કહી શકું કે બીજાઓને અસંખ્ય અનુભૂતિઓ થાય તેના કરતાં આવી ઓછી અનુભૂતિઓ હોય તે વધારે સારું. મેં જે લખ્યું તેમાં એટલો જ અર્થ હતો કે અનુભૂતિઓના ખજાનાથી કેવળ આવિર્ભૂત ન થઈ જવું, અથવા એમ ન વિચારી લેવું કે તે વસ્તુ એક મહાન સાધક બનવા માટે પૂરતી છે અથવા તે ખજાનો ન હોવો એ અચૂક નિમ્ન વસ્તુ, શોકાર્ત બનાવે તેવી ખોટ કે ઇચ્છનીય વસ્તુની તેથી દરિદ્રતા છે એવું ન માનવું.

યોગમાં બે પ્રકારની વસ્તુઓ બને છે, સાક્ષાત્કારો અને અનુભૂતિઓ. સાક્ષાત્કારમાં પરમાત્માના મૂળભૂત સત્યો ની ચેતનામાં ગ્રહણશીલતા તથા સ્થાપના હોય છે. તે સત્યો ઊર્ધ્વતર અથવા દિવ્ય પ્રકૃતિના, વિશ્વચેતનાના અને શકિતઓની લીલાના, પોતાના આત્માના અને સાચી પ્રકૃતિના તથા વસ્તુઓની આંતર પ્રકૃતિના સત્યો હોય છે. જ્યાં સુધી આ સત્યો વ્યકિતની પોતાની આંતર-અનુભૂતિના અને અસ્તિત્વના ભાગરૂપ ન બને ત્યાં સુધી આ સર્વ વસ્તુઓની શકિત વ્યકિતમાં વિકાસ પામતી રહે છે. દા. ત. પ્રભુની હાજરીનો સાક્ષાત્કાર, ઊર્ધ્વતર શાંતિ, પ્રકાશ,

બલ, આનંદનું ચેતનામાં અવતરણ થવું અને સ્થાપના થવી, તેમની ત્યાંની કાર્ય-પદ્ધતિ, દિવ્ય અથવા આધ્યાત્મિક પ્રેમનો સાક્ષાત્કાર, પોતાના ચૈત્ય પુરુષનું દર્શન, વ્યકિતના પોતાના સાચા મનોમય પુરુષ, સાચા પ્રાણમય પુરુષ અને સાચા શારીરિક પુરુષની શોધ, અધિમનસ અથવા અતિમનસ ચેતનાનો સાક્ષાત્કાર, આપણી પોતાની હાલની નિમ્ન પ્રકૃતિનો અને તે બધી વસ્તુઓના સંબંધનું સ્પષ્ટ દર્શન અને તેમનું નિમ્ન પ્રકૃતિ ઉપર રૂપાંતરનું કાર્ય. તેની યાદી અલબત્ત અનંતગણી લાંબી હોઈ શકે. આ બધી વસ્તુઓ જ્યારે ઝબકારાઓમાં અથવા ટુકડાઓમાં અથવા વિરલ મુલાકાતીઓ તરીકે આવે છે ત્યારે તેઓ ઘણી વખત અનુભૂતિઓ કહેવાય છે; જ્યારે તેઓ વિધાનાત્મક અથવા વારંવાર આવતી થાય અથવા સતત રહેતી અથવા સામાન્ય બને ત્યારે પૂર્ણ સાક્ષાત્કાર કહેવામાં આવે છે.

તે ઉપરાંત કેટલીક એવી અનુભૂતિઓ હોય છે જે આધ્યાત્મિક અથવા દિવ્ય વસ્તુઓના સાક્ષાત્કાર પ્રત્યે મદદ કરે છે અથવા તેના તરફ દોરી જાય છે અથવા સાધનામાં ખુલ્લાપણું અથવા પ્રગતિ લાવે છે, અથવા માર્ગ ઉપર ટેકા રૂપ બને છે – એવી અનુભૂતિઓ જે પ્રતીક રૂપે હોય છે, દર્શનો, પરમાત્મા સાથેના એક યા બીજા પ્રકારના સંપર્કો અથવા ઊર્ધ્વતર સત્યની ક્રિયાઓ હોય છે. તે વસ્તુઓ કુંડલિનીની જાગૃતિ, ચક્રોનું ઉદ્‌ઘાટન, સંદેશાઓ, પ્રેરણાઓ, આંતરિક શકિતઓનું ખુલ્લાપણું વગેરે પ્રકારની હોય છે. એક વસ્તુ વિષે સાવચેત રહેવાની જરૂર છે કે તે વસ્તુઓ વાસ્તવિક અને સચ્ચાઈપૂર્ણ છે કે કેમ તે જોવું અને તેનો આધાર વ્યકિતની પોતાની સચ્ચાઇ ઉપર છે. કારણકે માણસ પોતે જ જો સચ્ચાઈપૂર્ણ ન હોય, જો તે અહંકારની સાથે વધારે સંબંધ ધરાવતો હોય અથવા પોતે મહાન યોગી હોય તેમ માને, અને પરમાત્માના મિલન અથવા દિવ્ય ચેતના પ્રાપ્ત કરવાને બદલે જે ચેતના તેને પરમાત્મામાં જીવન ધારણ કરવા અથવા પરમાત્મા સાથેના જીવન ધારણ કરવાને બદલે એક અતિમાનવ બનવાની ઇચ્છા રાખવા પ્રેરે તો પછી એક બનાવટી અથવા મિશ્રણયુકત પ્રવાહ તેની અંદર દાખલ થાય અને વ્યકિત અંતરાલ પ્રદેશોની ભૂલભૂલામણીમાં દોરવાઈ જાય અથવા પોતે કરેલી રચનાઓના ખાંચાઓમાં ચક્કર ચક્કર ભમ્યા કરે. સમગ્ર વસ્તુનું એક સત્ય હોય છે.

તો પછી શા માટે 'ક્ષ' એમ કહે છે કે વ્યકિતએ અનુભૂતિઓ પાછળ ન પડવું જોઇએ પરંતુ પરમાત્માને ચાહવા અને શોધવા જોઈએ? તેનો સરળ અર્થ એટલો જ છે કે અનુભૂતિઓને તમારે મુખ્ય લક્ષ્ય ન બનાવવું જોઈએ, પરંતુ તમારું લક્ષ્ય કેવળ પરમાત્મા જ હોવું જોઈએ, અને જો તમે તે પ્રમાણે કરો તો

તમને વધારે સાચી સહાયરૂપ અનુભૂતિઓ થશે અને તમે ખોટી અનુભૂતિઓને છોડી દેશો. જો વ્યકિત અનુભૂતિઓની જ મુખ્યત્વે શોધ કરે તો તેનો યોગ મનોમય, પ્રાણમય અને સૂક્ષ્મ શારીરિક જગતોમાં અથવા ગૌણ આધ્યાત્મિક વસ્તુઓમાં કેવળ આત્મ-રતિ જ બની રહે અથવા એક સમગ્ર અથવા અર્ધ-નકલી વાવઝોડું અથવા પ્રચંડ વમળવાળી વસ્તુને તે દોરી લાવે અને તે વસ્તુ આત્મા અને પરમાત્માની વચ્ચે દિવાલરૂપ બની ઊભી રહે. તે સાધનાનો એક નિયમ છે. પરંતુ આ બધા નિયમોને યોગ્ય માપદંડના અર્થમાં અને તેમની યોગ્ય મર્યાદાઓના અર્થમાં લેવાના છે – તેનો અર્થ એવો નથી કે સહાય કરનારી અનુભૂતિઓને વ્યકિતએ આવકાર આપવાનો નથી અથવા તેમનું કોઈ મૂલ્ય નથી, તે ઉપરાંત અનુભૂતિઓની એક મક્કમ રેખા ખુલ્લી થાય તો તેમને અનુસરવું એમાં પૂર્ણ સંમતિ છે અને તેમાં મધ્યવર્તી લક્ષ્યને ધ્યાનમાં રાખવાનું છે. સ્વપ્નમાં અથવા દર્શનમાં બધા જ મદદરૂપ અથવા ટેકારૂપ સ્પર્શો, જેના વિષે તમે વાત કરો છો, તે બધાને આવકાર આપીને સ્વીકારવાના છે. સાચા પ્રકારની અનુભૂતિઓ સાક્ષાત્કાર માટે ટેકો અને સહાય હોય છે; તે દરેક રીતે સ્વીકાર્ય છે.

*

અનુભૂતિઓ માટે અતિ-આતુર બનો નહિ; કારણકે એક વખત સ્થૂલ મન અને સૂક્ષ્મ ભૂમિકાઓ વચ્ચેની અવરોધક આડશ તોડયા પછી તમને કાયમ અનુભૂતિઓ પ્રાપ્ત થશે. તમારે શ્રેષ્ઠ રીતે એવી અભીપ્સા કરવાની છે કે તમારી અંદર એક ગ્રહણશીલ ચેતનાની સારી ગુણવત્તા બનાવવી, મનમાં વિવેક પ્રાપ્ત કરવો, તમારી અંદર અને તમારી ચારે બાજુએ જે ચાલી રહેલું છે તે સર્વ પ્રત્યે એક સાક્ષીરૂપ દૃષ્ટિએ જોવું, પ્રાણમાં વિશુદ્ધ, સ્થિર, સમતા, તિતિક્ષાપૂર્ણ ધીરજ, મહત્તાની અને ગર્વની ગેરહાજરી અને ખાસ કરીને તમારી અંદર ચૈત્ય પુરુષનો વિકાસ-સમર્પણ, આત્માર્પણ, ચૈતસિક નમ્રતા, ભકિત વગેરે માટે અભીપ્સા કરવી. એ ચેતના આ બધી વસ્તુઓની બનેલી હોય છે. તે એવા લીલામાં ઢળાયેલી હોય છે જે તૂટયા સિવાય, ઠોકર ખાધા સિવાય, ભૂલ તરફ આડમાર્ગે ગયા સિવાય પરાભૌતિક ભૂમિકામાંથી આવતા પ્રકાશોના, શકિતના અને અનુભૂતિઓના ઘસારાને સહન કરી શકે છે. આ બાબતોમાં પૂર્ણ સંપૂર્ણતા ભાગ્યે જ શકય છે. સિવાય કે સમગ્ર પ્રકૃતિ ઉચ્ચતર મનથી માંડીને અવચેતન શારીરિક સુધી જે પ્રકાશ મનથી ઘણો વધારે મહાન પ્રકાશ છે તેમાં એકરૂપ બને. પરંતુ એક પૂરતા પ્રમાણનો પાયો અને કાયમ આત્મ-નિરીક્ષણ કરતી ચેતના જે કાયમ સજાગ રીતની હોય તેવી આ વસ્તુઓમાં અનિવાર્ય છે. કારણકે પૂર્ણ સિદ્ધિનો પાયો પૂર્ણ વિશુદ્ધિકરણ હોય છે.

*

• સાધના માટે જરૂરી વસ્તુ છે આંતર-મનની એક સ્થિરતામાં પહોંચવું. તે વસ્તુ ધ્યાનને ફલદાયી બનાવે છે અથવા હૃદયની સ્થિરતા ચૈત્ય પુરુષને ખુલ્લો કરે છે. નિયમિત એકાગ્રતા, સતત અભીપ્સા, જે વસ્તુઓ મન અને હૃદયને અસ્થિર અને ઉશ્કેરાટભર્યા બનાવે તેમનું વિશુદ્ધિકરણ કરવાનો સંકલ્પ કરવાથી, આ વસ્તુ બની શકે છે. આ બે કેન્દ્રોમાં જ્યારે અમુક પાયો રચાય છે ત્યારે જ અનુભૂતિઓ પોતાની જાતે આવે છે/ અલબત્ત, આ વસ્તુઓના મનોમય અથવા પ્રાણમય વલણનો સુયોગ્ય પાયો રચાયો હોય તે પહેલાં ઘણા માણસોને કોઈક પ્રકારની અનુભૂતિઓ થાય છે, જેવી કે દર્શનો વગેરે; પરંતુ તે અનુભૂતિઓ પોતે જ રૂપાંતર અથવા સાક્ષાત્કાર પ્રત્યે દોરી જતી નથી. મનની અચંચલતા દ્વારા અને ચૈતસિક ઉદ્‌ઘાટન દ્વારા જ આ મહત્તર વસ્તુઓ આવી શકે છે.

*

આ ત્રણ વસ્તુઓ ઉપર ભાર મૂકવો જરૂરી છે.

(૧) એક પૂર્ણ મનની અને પૂર્ણ સ્વરૂપની અચલતા અને સ્થિરતા.

(૨) વિશુદ્ધિની ગતિનું સાતત્ય હોવું જરૂરી છે જેનું પાછળ શાસ્ત્રીય રીતે વર્ણન કરવામાં આવ્યું છે, જેથી કરીને ચૈત્ય પુરુષ (અંતરાત્મા) સમગ્ર પ્રકૃતિ ઉપર શાસન ચલાવી શકે.

(૩) સર્વ પરિસ્થિતિઓમાં અને સર્વ અનુભૂતિઓમાં માતાજી પ્રત્યે સેવા અને ભકિતના વલણને ટકાવી રાખવું.

આ બધી એવી પરિસ્થિતિઓ છે જેમાં વ્યકિત બધી અનુભૂતિઓમાં રક્ષણ-સહિત વિકાસ પામી શકે અને તેને પૂર્ણ સાક્ષાત્કાર પ્રાપ્ત કરવાનો અધિકાર મળે છે. આ પદ્ધતિમાં કોઈ અન્ય વસ્તુઓ પ્રત્યે વ્યકિત આડમાર્ગે ખેંચાઈ જતી નથી. સ્થિરતા, ચૈતસિક વિશુદ્ધિ, ભકિત અને પરમાત્માની પાસે આધ્યાત્મિક નમ્રતા એ ત્રણ શરતો છે. અનુભૂતિઓ પોતે પોતાની અંદર આવી અને સહાયરૂપ હોય છે.

*

મને લાગતું નથી કે તમારી પ્રગતિ માટે કોઈ અસંતોષનું કારણ હોય. પ્રકૃતિ તૈયાર થાય અને તેમાંથી પૂર્ણ ફાયદો લઈ શકાય તે પહેલાં ઘણા માણસોને અનુભૂતિઓ આવે છે; બીજાઓને પ્રકૃતિના મસાલાની અથવા કરણોની વિશુદ્ધિ અને તૈયારી માટેનો પ્રથમ ઓછો કે વધારે લાંબો સમય ગાળો આવે છે અને જ્યાં સુધી અનુભૂતિઓને અટકાવી રાખવામાં આવે છે ત્યાં સુધી તમારા પ્રસંગમાં પાછળની પદ્ધતિ અપનાવેલી હોય એવું લાગે છે અને તે બન્ને પદ્ધતિઓમાંથી વધારે સહિસલામત અને નક્કર છે. આ બાબતમાં અમે ધારીએ છીએ કે તમે ગણનાપાત્ર

પ્રગતિ કરી છે, દા. ત. તમારો ઉગ્ર તથા અધીર તથા જ્વાળામુખી જેવો ગરમ સ્વભાવ છે. તેમાં રહેલી પ્રચંડ શકિત ઉપર તમે કાબુ પ્રાપ્ત કર્યો છે, તેમાં તમારા પ્રચંડ સક્રિય મન અને સ્વભાવમાં આવતા ઝડપી અટપટા આવેગોને કાબુમાં લેવાની સચ્ચાઈમાં, તથા સ્વરૂપમાં, સમગ્ર રીતે એક મહત્તર સ્થિરતા અને સંવાદમાં તમારી પ્રગતિ છે. બેશક, હજુ પ્રક્રિયાને પૂર્ણ કરવાની છે; પરંતુ કોઈક ખાસ મૂળભૂત વસ્તુ બની ચૂકેલી છે તે વસ્તુને એક નકારાત્મક બાજુને બદલે વિધાનાત્મક દૃષ્ટિબિંદુથી જોવી એ વધારે અગત્યની બાબત છે. જે વસ્તુઓનું સ્થાપન કરવાનું છે તે આ પ્રમાણે છે: 'બ્રહ્મચર્યં શમ: સત્યમ્ પ્રશાન્તિર્આત્મસંયમ:' બ્રહ્મચર્યમ્ – પૂર્ણ કામવાસનાની વિશુદ્ધિ; શમ: – સ્વરૂપમાં સ્થિરતા અને સંવાદ, તેની શકિતઓને ટકાવી રાખવાની છે; પરંતુ તેમના ઉપર કાબુ પ્રાપ્ત કરવાનો, તથા શકિતઓને સંવાદ અને શિસ્તમાં રાખવાની છે; સમગ્ર પ્રકૃતિમાં સત્ય અને સચ્ચાઈ; પ્રશાંતિ: – શાંતિ અને સ્થિરતાની સામાન્ય અવસ્થા; આત્મસંયમ: – પ્રકૃતિની ગતિઓમાં જે વસ્તુ ઉપર કાબુ પ્રાપ્ત કરવાની જરૂર લાગે તેના ઉપર કાબુ રાખવાની શકિત અને ટેવ. જયારે આ વસ્તુઓ ઠીક ઠીક રીતે સ્થાપિત થાય, ત્યારે વ્યકિતએ એવા પાયાની રચના કરી હોય જેના ઉપર વ્યકિત યૌગિક ચેતનાનો વિકાસ કરી શકે અને યૌગિક ચેતનાની સાથે સાથે સાક્ષાત્કાર અને અનુભૂતિ તરફનું સરળ ખુલ્લાપણું આવે છે.

*

તમને એવી અનુભૂતિઓ થયેલી છે જે ભાવિ શકયતાની નિશાનીઓ છે. પહેલા દોઢ વર્ષ માટે વધારે અનુભૂતિઓ પ્રાપ્ત કરવા માટે સાધકનું પૂર્ણ વલણ ધારણ કરવું જરૂરી છે અને જગતના માનવી તરીકેનું વલણ છોડી દેવું જોઈએ. તો જ શરૂઆતથી પ્રગતિ વધારે ઝડપી બનશે.

*

આ બધી વસ્તુઓ (ખોરાક, ચા વગેરેમાંથી રસ છોડી દેવો) બાહ્ય વસ્તુઓ છે અને તેમનો ઉપયોગ છે. પરંતુ "સાધકનું પૂર્ણ વલણ" એટલે હું કોઈક વધારે આંતરિક વસ્તુની વાત કરું છું. હું એવું કહેવા માગતો નથી કે બાહ્ય વસ્તુઓના પોતાના માટે તેમનામાં રસ ન ધરાવવો, તેમની ઈચ્છા ન રાખવી, પરંતુ સમગ્ર સમય દરમ્યાન પોતાના આત્મા તરફ વળેલા રહેવું, કેન્દ્રવર્તી આંતરસ્વરૂપ અને તેની પ્રગતિમાં રહેવું, અને બાહ્ય વસ્તુઓને અને કાર્યને આંતર પ્રગતિ માટેના સાધનો તરીકે જ સ્વીકારવી.

*

પરંતુ કોઈ પણ પ્રકારની અનુભૂતિઓના ખજાનાથી શા માટે દિઙ્મૂઢ બનવું ? છેવટે તેનો અર્થ શો ? સાધકના ગુણનો આધાર તેના ઉપર નથી; એક જ મહાન સીધો આધ્યાત્મિક સાક્ષાત્કાર, અને તે પણ કેન્દ્રમાં થાય તો ઘણી વખત એક મહાન સાધક અથવા યોગી બનાવશે, જ્યારે વચગાળામાં થતી સંખ્યાબંધ અનુભૂતિઓનું લશ્કર પણ તે બનાવશે નહિ, અને તે વસ્તુ સંખ્યાબંધ પ્રસંગોમાં સાબિત થયેલી છે... જેથી તમારે તે ખજાનાને તમારી દરિદ્રતા સાથે સરખાવવો નહિ. ઊર્ધ્વ ચેતના (સાચા સ્વરૂપ)ના અવતરણ પ્રત્યે તમારી જાતને ખુલ્લી કરવી એ એકમાત્ર જરૂરી વસ્તુ છે અને તે પણ જો ખૂબ લાંબા પ્રયત્નને અંતે અને ઘણી નિષ્ફળતાઓ પછી આવે તો પણ, એક ઉન્માદભર્યા કૂદકા કરતાં વધારે સારી છે.

*

• સાધનામાં અનુભૂતિ મનોમય ભૂમિકામાંથી અચૂક શરૂ થાય છે. – જરૂરી એ છે કે અનુભૂતિ નક્કર અને સાચી હોવી જોઈએ. સમજશકિતનું દબાણ તથા મનમાં રહેલી સંકલ્પ સાથેની હૃદયમાં પ્રભુ પ્રત્યેની ઊર્મિમય ઝંખના એ બે યોગના પ્રથમ પ્રતિનિધિઓ છે અને શાંતિ, વિશુદ્ધિ અને સ્થિરતા સાથે (નિમ્ન પ્રકૃતિને નિદ્રામાં ઝૂલાવી દેવી) એ રીતનો સ્પષ્ટ પ્રથમ પાયો રચાવો જોઈએ; શરૂઆતમાં તે વસ્તુ પ્રાપ્ત કરવી એ અતિમનસ જગતોની ઝાંખી કરવી કરતાં અથવા દર્શનો, નાદો અને શકિતઓ પ્રાપ્ત કરવા કરતાં વધારે સારું છે. વિશુદ્ધિ અને સ્થિરતા યોગમાં પ્રથમ જરૂરીયાતની વસ્તુઓ છે. તેમના વિના તે પ્રકારની અનુભૂતિઓ (જગતો, દર્શનો, અવાજો વગેરે) નો મહાન ખજાનો વ્યકિતમાં હોઈ શકે; પરંતુ એક વિશુદ્ધ અને અસ્તવ્યસ્થ ચેતનામાં તે અનુભૂતિઓનું પુનરાવર્તન ઘણું ગોટાળાભર્યું અને મિશ્રણવાળું હોય છે.

શરૂઆતમાં શાંતિ અને સ્થિરતા સતત રહેતાં નથી, તેઓ આવે છે અને જાય છે, અને ઘણે ભાગે પ્રકૃતિમાં તેમનું સ્થાપન થતાં ઘણો સમય લાગે છે. એટલે અધીરાઈનો ત્યાગ કરીને જે વસ્તુ ચાલી રહી હોય તેમાં સ્થિરતાથી પ્રગતિ કરવી એ વધારે સારું છે. જો તમારે શાંતિ અને સ્થિરતાથી પર રહેલી કોઈ વસ્તુ પ્રાપ્ત કરવી હોય તો તમારા આંતર-સ્વરૂપનું ખુલ્લાપણું આવવા દો અને દિવ્ય શકિતની ચેતનાને તમારામાં કાર્ય કરવા દો. તેને માટે સચ્ચાઈપૂર્વક અને ઉત્કટતાપૂર્વક અભીપ્સા કરો પરંતુ અધીરાઈ ન રાખો અને તે આવશે.

*

તમે બિલકુલ સાચા છો. જ્યાં સુધી આધાર-શુદ્ધિ ન થાય ત્યાં સુધી ઊર્ધ્વતર સત્ય (અંતઃસ્ફુરણા, પ્રકાશિત મન, આધ્યાત્મિક સત્ય) અથવા અધિમનસ કે અતિમનસ આવિર્ભાવ ન પામી શકે; જે કોઈ બલો તેમાંથી આવે છે તેઓ નિમ્નતર ચેતના સાથે ભળી જાય છે અને સત્યની જગા અર્ધસત્ય લઈ લે છે અથવા તો કોઈ વખત જોખમરૂપ ક્ષતિ બની જાય છે.

*

સાધનાની અમુક અવસ્થામાં વધારે તીવ્ર અનુભૂતિઓની શરૂઆતમાં (અથવા તેની નજીક એવું બને છે કે પરમાત્માના કોઈ પાસાંનો તીવ્ર સાક્ષાત્કાર થાય છે, તેમની સાથે અમુક વ્યવહાર બંધાય છે અને સર્વ જગાએ અને સર્વને પરમાત્મા તરીકેનું દર્શન થાય છે. તે એક અંતરાલ સ્થિતિ હોય છે અને પછીથી (વૈયક્તિક) પરમાત્માની તેના સર્વ પાસાંઓમાં તથા પાસાંઓથી પરની એક વધારે વિશાળ અનુભૂતિ થાય છે. સમગ્ર અનુભૂતિ દરમિયાન સ્વરૂપનો એક એવો ભાગ હોવો જોઈએ જે નિરીક્ષણ કરે અને સમજે; કારણકે, અજ્ઞાની સાધકો તેમની અનુભૂતિઓથી દોરવાઈ જાય છે અને ત્યાં જ અટકી જાય છે અથવા અતિશયોક્તિમાં સરી પડે છે, તે વસ્તુને તમારે એક અનુભૂતિમાંથી પસાર થતાં હો એટલા જ અર્થમાં લેવાની છે.

*

તમને જે વિશિષ્ટ અનુભૂતિઓ થાય છે તે શું બનવાનું છે, શેનો વિકાસ થાય છે અને કઈ તૈયારી થાય છે તેની ઝાંખીઓ છે અને તે બધી ચેતનાને તેને માટે તૈયાર થવામાં મદદ કરે છે. તેથી તેમનામાં ફેરફાર થાય છે અને તેમની જગાએ બીજી અનુભૂતિઓ આવે છે તેથી આશ્ચર્ય પામવા જેવું નથી. સામાન્ય રીતે આમ જ બનતું હોય છે; કારણકે આ સ્વરૂપોને ચાલુ રાખવાના નથી; પરંતુ તેઓ જે વસ્તુને લાવે છે તેના સારભૂત તત્ત્વને ટકાવી રાખવાનું છે. તેથી અત્યારે જેનો સૌથી વધારે વિકાસ થવો જોઈએ તે નીરવતા, સ્થિરતા, શાંતિ, મુક્ત ખાલીપણું આવવું જોઈએ, જેમાં અનુભૂતિઓ આવી શકે, એક ઠંડક અને મુક્તિની લાગણી જ્યારે તે ચેતનાના પૂર્ણ કાબુમાં આવે ત્યારે કાંઈક બીજી જ વસ્તુ તેમાં આવશે. તે પણ સાચી ચેતના માટે જરૂરી છે, અને તે પણ મક્કમ રીતે દૃઢ થશે. તે વસ્તુ આ રીતે પ્રગતિ કરે છે. તેથી જ્યારે અનુભૂતિના ખાસ વિશિષ્ટ રૂપો અટકી જાય અને માતાજીને તમે તેમના વિષે લખો અથવા તેમની સમક્ષ લાવો ત્યાર પછી તેને બદલે બીજા રૂપો પાછળથી આવે તો તેમાં કોઈ વિચિત્ર બાબત નથી. જ્યારે સાક્ષાત્કારના વધારે કાયમી સ્વરૂપો આવવાની શરૂઆત થાય ત્યાર પછી તે પ્રમાણે બનશે નહિ.

*

તમારી આંતર અનુભૂતિઓની તીવ્રતા અથવા સઘનતા વિષે હું કોઈ પ્રશ્ન કરતો નથી, પરંતુ અનુભૂતિઓ ઉત્કટ હોય તેમ છતાં તેમના સત્યમાં અને તેમના લક્ષણોમાં મિશ્રણ હોઈ શકે. તમારી અનુભૂતિમાં તમારું પોતાનું સ્વલક્ષીપણું, તમારા પોતાના અહંકારના ખેંચાણો ઘણી દખલ કરે છે અને તે અનુભૂતિઓને તેમના પોતાના રૂપો અને છાપનું તમારી ઉપર સર્જન કરે છે. જ્યારે એક ચૈતસિક પ્રત્યુત્તર હોય ત્યારે જ અનુભૂતિમાં આપવામાં આવતું સ્વરૂપ સાચું હોવાની શકયતા હોય છે અને મનોમય અને પ્રાણમય ગતિઓ તેમની સાચી પ્રકૃતિ પ્રમાણે હાજર થશે; નહિતો મન,પ્રાણ અને અહંકાર જે વસ્તુ બને તેમાં તેમના પોતાના રંગો આવશે, તેમનું પોતાનું વલણ બતાવશે અને સામાન્ય રીતે તો તેમની પોતાની વિકૃતિઓ દાખલ કરશે. અનુભૂતિની 'તીવ્રતા'માં પૂર્ણ સત્તા માટેની ખાતરી અથવા ચોકસાઈ નથી; ચેતનાની 'સ્વચ્છતા' જ પૂર્ણ સત્ય અને ચોકસાઈ આપી શકે છે.

માતાજીની હાજરી કાયમ હોય છે જ; પરંતુ તમે જો તમારા પોતાના બલ ઉપર જ કાર્ય કરવાનો નિશ્ચય કરો, તમારા પોતાના વિચાર પ્રમાણે, વસ્તુઓ વિષેના તમારા પોતાના ખ્યાલ પ્રમાણે, તમારા પોતાના સંકલ્પ અને વસ્તુઓની માગણી પ્રમાણે; તો એ બિલકુલ શકય છે કે તેમની હાજરી ઢંકાઈ જશે; માતાજી તમારાથી પાછા હઠતા નથી પરંતુ તમે પોતે તેમનાથી પાછા ખસી જાઓ છો. પરંતુ તમારા મન અને પ્રાણને તે કબુલ કરવું નથી; કારણકે તેમની પોતાની ગતિઓને ન્યાયી ઠેરવવાનો તેમનો વ્યવસાય છે. જો ચૈત્ય પુરુષને તેની પૂર્ણ સત્તા સોંપવામાં આવે, તો આ વસ્તુ બનશે નહિ. તેને અવગુંઠનની અનુભૂતિ થાય પરંતુ તે તાત્કાલિક એમ બોલી ઊઠે "મારામાં કોઈક ખામી હોવી જ જોઈએ, મારામાં કોઈક ધુમ્મસ ફરી વળ્યું છે," અને તેણે તેના કારણને જોઈને શોધી કાઢયું હોય.

• એ સંપૂર્ણ રીતે સાચું છે કે જ્યાં સુધી કોઈ પણ જાતના સંકોચ વગરનું આત્મ-સમર્પણ, આંતર તેમ જ બાહ્ય વસ્તુઓમાં ન હોય ત્યાં સુધી કાયમ ઢાંકણો હોવાનાં, તેમ જ અંધકારમય ગાળાઓ અને મુશ્કેલીઓ હોવાની; પરંતુ જો સંકોચ વગરનું આંતર-સમર્પણ આંતરિક ચેતનામાં હોય તો સંકોચ વગરનું આત્મ-સમર્પણ નૈસર્ગિક રીતે જ બાહ્ય ચેતનામાં આવવાનું; જો તે ન આવે તો તેનો અર્થ એવો થાય કે આંતર-સ્વરૂપ નિઃસંકોચ રીતે સમર્પિત થયેલું નથી, મનના કોઈ ભાગમાં કોઈ સંકોચ છે જે પોતાના વિચારો અને ખ્યાલો માટે આગ્રહ રાખે છે; પ્રાણના કોઈ ભાગમાં સંકોચ રહેલો છે જે પોતાની માગણીઓ, આવેગો, ગતિઓ, અહં-

કેન્દ્રિત વિચારો, રચનાઓ વગેરે માટે આગ્રહ રાખે છે; આંતર-શારીરિકમાં સંકોચ, પોતાની અનેક પ્રકારની ટેવો હોય છે અને સચેતન રીતે, અર્ધસચેતન રીતે અથવા અવચેતનમાં તેને વળગી રહેવાનો આગ્રહ રાખે છે કે તે વસ્તુઓ ટકી રહેવી જોઈએ, જે માનાર્હ છે તે સંતોષવી જોઈએ. કર્મમાં એક અગત્યના તત્ત્વ તરીકે ગ્રાહ્ય થવી જોઈએ અને 'સર્જન'માં અથવા યોગમાં હોવી જ જોઈએ એવો તેનો આગ્રહ હોય છે.

*

મનોમય અને પ્રાણમય અને સૂક્ષ્મ શારીરિક ભૂમિકાઓ ઉપરની અનુભૂતિઓ અથવા વિચાર સ્વરૂપો અને પ્રાણમય રચનાઓ ઘણી વખત એવી રીતે રજૂ કરવામાં આવે છે કે જાણે તેઓ સઘન બાહ્ય ઘટનાઓ હોય; તે જ રીતે સાચી અનુભૂતિઓને મનોમય અને પ્રાણમય વિવૃદ્ધિઓ અને ઉમેરાઓ વડે વિકૃત કરવામાં આવે છે. આપણા યોગમાં પ્રથમ જરૂરી વસ્તુ છે વિવેક તથા ચૈતસિક કુશળતા, જે સત્યમાંથી અસત્યને જુદું તારવી શકે છે તથા દરેક વસ્તુને તેની યોગ્ય જગાએ મૂકે છે અને આ રીતે તે સાચી મૂલ્યવાળી છે કે મૂલ્ય વગરની છે તે કહી શકાય છે, અને મનના અથવા પ્રાણમય પુરુષના ઉશ્કેરાટથી દોરવાઈ જતી નથી.

*

૨

ફક્ત ઊર્ધ્વ ચેતનાની અનુભૂતિઓ પ્રાપ્ત કરવાથી પ્રકૃતિમાં રૂપાંતર આવશે નહિ. અથવા તો ઊર્ધ્વ ચેતનાએ સમગ્ર સ્વરૂપમાં એક સક્રિય અવતરણ કરવું જોઈએ અને તેનું રૂપાંતર કરવું જોઈએ; અથવા તેણે પોતાના આંતર-સ્વરૂપમાં છેક આંતર-શારીરિક સુધી પોતાનું સ્થાપન કરવું જોઈએ જેથી પાછળની વસ્તુ બાહ્ય ચેતનામાંથી પોતાની જાતને અલગ તરીકે અનુભવે અને તેના ઉપર મુક્ત રીતે કાર્ય કરવા શકિતમાન બનવું જોઈએ; અથવા ચૈત્ય પુરુષે અગ્રભાગે આવવું જોઈએ અને પ્રકૃતિમાં રૂપાંતર લાવવું જોઈએ અથવા આંતર-સંકલ્પ શકિતએ જાગૃત થઈને પ્રકૃતિમાં પરિવર્તન લાવવા માટે દબાણ કરવું જોઈએ. આ ચાર રીતો છે જેમાં રૂપાંતર લાવી શકાય.

*

અનુભૂતિઓ પ્રાપ્ત કરવામાં અથવા દિવ્ય સત્યનો સાક્ષાત્કાર પ્રાપ્ત કરવામાં યોગની મુશ્કેલી નથી; તે સત્યને પરલક્ષી બનાવવાની બાબત છે એટલે કે બાહ્ય ચેતનાને છેક ભૌતિક ચેતના સુધી આંતર સત્યની એક અભિવ્યક્તિ બનાવવાની છે; જ્યાં સુધી તે બને ત્યાં સુધી નિમ્નતર પ્રકૃતિના હુમલાઓ કાયમ વચ્ચે પ્રક્ષેપ કરી શકે છે.

*

વૈશ્વિક ચેતના, અધિમનસજ્ઞાન અને અનુભૂતિ એક આંતર-જ્ઞાન છે. પરંતુ તેનો પ્રભાવ સ્વલક્ષી છે. જ્યાં સુધી માણસમાં તે વસ્તુ હોય છે ત્યાં સુધી તે આત્મામાં મુક્ત રહી શકે છે; પરંતુ બાહ્ય પ્રકૃતિમાં વધારે પ્રમાણમાં રૂપાંતર લાવવું જરૂરી છે.

*

સ્વલક્ષી એટલે ખોટી એવો અર્થ નથી. તેનો એટલો જ અર્થ છે કે સત્યની અંતરમાં અનુભૂતિ થાય છે, પરંતુ તેણે બાહ્ય અસ્તિત્વ સાથેના સક્રિય સંબંધ ઉપર કાબુ પ્રાપ્ત કર્યો નથી એ એક વૈશ્વિક ચેતનાની અને અધિમનસ જ્ઞાનની આંતર-અનુભૂતિ છે.

*

તમે સત્ય એટલે શું કહેવા માગો છો ? તમને ચેતનાની ઊર્ધ્વતર ભૂમિકાની સ્વલક્ષી અનુભૂતિ થયેલી છે. જ્યારે તમે અવતરણ કરો છો, ત્યારે તમે તેની સાથે ભૌતિક ચેતનામાં નીચે આવો છો, અને સમગ્ર અસ્તિત્વ તે ચેતનાના સત્યમાં તમને દેખાય છે – જેવી રીતે માનવીને પરમાત્માનું સર્વત્ર દર્શન દેખાય છે ત્યારે તે ભૌતિક જગત સુધીની સર્વ વસ્તુઓને પરમાત્મા તરીકે જુએ છે.

*

સાધકની સ્વલક્ષી ચેતનામાં આપ્રમાણે બને છે. અલબત્ત, તેનો અર્થ એવો નથી કે સમગ્ર જગત તે પ્રમાણે બને છે. દરેકની ચેતના...... જો તમારી અનુભૂતિઓ પરલક્ષી હોત, તો તેનો અર્થ એવો થયો કે જગત બદલાઈ ગયું હોત, દરેક સચેતન બન્યું હોત અને કોઈ પણ જગાએ દુ:ખ કે વેદના ન હોત. એ કહેવાની જરૂર નથી કે જગત પરલક્ષી રીતે તે પ્રમાણે પરિવર્તન પામ્યું નથી, ફક્ત તમારી ચેતનામાં સ્વલક્ષી રીતે તમે પરમાત્માને સર્વત્ર જુઓ છો, બધો જ અસંવાદ અદશ્ય થઈ ગયો છે. તે સમય પુરતું તો ઓછામાં ઓછું દુ:ખ અને વેદના અશક્ય બનેલાં છે, તે સ્વલક્ષી અનુભૂતિ છે.

*

તમે સ્વલક્ષી અને પરલક્ષી એટલે કેવો અર્થ કરો છો તેના ઉપર તેનો આધાર છે. જ્ઞાન અને અજ્ઞાન તેમની પ્રકૃતિમાં સ્વલક્ષી હોય છે. પરંતુ અંગત દૃષ્ટિબિંદુથી અવિદ્યાનું બલ પોતાની જાતની બહાર કોઈ પરલક્ષી વસ્તુ તરીકે આવિર્ભાવ પામે છે. જોકે તેથી કરીને જ્યારે વ્યક્તિને પોતાની જાત વિષે જ્ઞાન થાય ત્યારે વ્યક્તિ પોતાને વિંટળાયેલી અવિદ્યાને દૂર કરી શકતી નથી. જો તે-પ્રમાણે હોય તો અવિદ્યા પોતે જ એક સ્વલક્ષી શક્તિ નથી પરંતુ તે જગતમાં પણ રહેલી છે.

*

એ એક ભક્તિના ભાવોની ભિન્ન ભિન્ન અનુભૂતિઓની હારમાળા લાગે છે અને તે અનુભૂતિ માટે જ આવેલી છે. અલબત્ત, આ બધી કેવળ સ્વલક્ષી અનુભૂતિઓનો અર્થ ચેતનાને શિક્ષણ આપવાનો છે અને વાસ્તવિક આવિર્ભાવ માટે તેમનું કોઈ નિશ્ચિત મૂલ્ય નથી. તે ફક્ત સ્વલક્ષી અનુભૂતિ અને જ્ઞાન માટે જરૂરી છે.

*

સોનેરી પ્રકાશ સામાન્યતયા અતિમનસમાંથી આવતો પ્રકાશ છે. એક ઋત-જ્ઞાનનો પ્રકાશ (તે કેટલીક વખત અતિમનસ સત્ય જ્ઞાન, અધિમનસ જ્ઞાન અથવા અંત:સ્ફૂરણાત્મક જ્ઞાનમાં ફેરવાઈ જાય છે). નારંગી રંગ ઘણી વખત ગુહ્ય શક્તિનું સૂચન કરે છે. તમારામાં (સ્વલક્ષી) સર્જક રચનાની સમર્થ શક્તિ છે, ઘણું ખરું. હું માનું છું કે તે મનોમય ભૂમિકા ઉપર છે પરંતુ અંશત: પ્રાણમય ભૂમિકા ઉપર પણ છે. આ પ્રકારની રચનાત્મક શક્તિ પરલક્ષી પરિણામોનાં પણ ઉપયોગમાં લઈ શકાય છે. પરંતુ તેમાં ગુહ્ય બલોનું અને તેમના કાર્યોનું સુદૃઢ જ્ઞાન હોવું જોઈએ. પરંતુ તેની પોતાની જાતે તેનું પોતાનું એક આંતર જગત રચવામાં પરિણમે છે જેમાં તમે ઘણું સંતોષપૂર્વક જીવન ધારણ કરી શકો છો અને બાહ્ય ભૌતિક જીવનના નિકટના સંબંધમાંથી અલગ રહી શકો ત્યાં સુધી તમારી પોતાની અંદર જીવન ધારણ કરી શકો છો; પરંતુ તે પરલક્ષી અનુભૂતિની કસોટીમાંથી પસાર થઈ શકે એમ નથી.

*

દરેક ભૂમિકામાં એક સ્વલક્ષી તેમ જ એક પરલક્ષી બાજુ હોય છે. કેવળ શારીરિક ભૂમિકા અને જીવનને જ પરલક્ષી બાજુ હોય છે એવું નથી.

જ્યારે તમારામાં રચનાની શક્તિ હોય છે, જેની મેં વાત કરેલી છે, ત્યારે જે કાંઈ મનને સૂચન મળે છે; તે મન તેના ઉપર રચના કરે છે અને તેનું પોતાનું

એક સ્વરૂપ ઉપસ્થિત કરીને સ્થાપન કરે છે; પરંતુ આ શકિત બન્ને બાજુએ કાપી શકે છે. તે મનને વાસ્તવિકતાની કલ્પનાઓની રચના કરવા માટે લલચાવે અને તેમને પોતાને જ વાસ્તવિકતા તરીકે માનવાની ભૂલ કરાવે. અતિશય સક્રિય મનનું આ એક મહાન જોખમ છે.

તમે તમારા મનમાં અથવા પ્રાણમય ભૂમિકામાં તમારામાં પોતાનામાં રચનાઓ કરો છો, તે એક પ્રકારનું સર્જન છે; પરંતુ તે ફકત સ્વલક્ષી જ છે, તે તમારા પોતાના મનોમય અથવા પ્રાણમય પુરુષને અસર કરે છે. તમે તમારા વિચારો દ્વારા, વિચાર–સ્વરૂપો દ્વારા, કલ્પનાઓ દ્વારા તમારી પોતાની અંદર એક સમગ્ર જગતનું દર્શન કરો છો. પરંતુ તે ત્યાં જ અટકી જાય છે.

કેટલાક માણસોમાં સચેતન રીતે રચનાઓ કરવાની શકિત હોય છે અને તે રચનાઓ બહાર જાય છે અને બીજાઓના બાહ્ય જીવનમાં મન, કર્મો, પ્રાણમય ગતિઓ ઉપર અસર કરે છે. આ રચનાઓ સર્જન પણ કરે છે અને નુકસાન પણ કરે છે.

છેવટે, એક એવી રચનાઓ કરવાની શકિત હોય છે જે આ પૃથ્વીની ચેતનામાં અહીં મન પ્રાણ અને શારીરિક અસ્તિત્વમાં અસરકારક વાસ્તવિક હકીકત બને છે. આપણે સામાન્ય રીતે તેને સર્જન કહીએ છીએ.

*

૩

• મનોમય સાક્ષાત્કાર શરૂઆતમાં ઉપયોગી છે અને આધ્યાત્મિક અનુભૂતિ માટે તૈયાર કરે છે.

શરૂઆતમાં તે મદદ પણ કરી શકે છે; પરંતુ વિઘ્નરૂપ પણ બની શકે છે. તેનો આધાર સાધક ઉપર છે.

*

વર્ડ્ઝવર્થની અનુભૂતિ પણ મનોમય હતી. મનોમય અનુભૂતિઓ અલબત્ત, એક સારી તૈયારી છે, પરંતુ ત્યાં જ અટકી જવાથી માણસ સાચી વસ્તુથી દૂર રહી જાય છે.

*

પ્રભુનો મનમાં સાક્ષાત્કાર એ એક પ્રકારની જીવંત સમજૂતિ હોય છે. તેના બે ભાગ હોય છે. વિચારમાં જીવંત દર્શન થાય છે અને તે અંતઃસ્ફૂરણા અથવા પ્રગટીકરણ સુધી જાય છે અને તે મનના પદાર્થમાં એક જીવંત મનોમય લાગણી અને જેનું જ્ઞાન થયું હોય છે તેનું પુનઃ સર્જન કરે છે. આ રીતે એ એક (પરમાત્મા) ની સર્વમાં અનુભૂતિ થાય છે, દર્શન થાય છે અને એક પ્રકારના આંતર મનોમય ભાવ દ્વારા તેનો સાક્ષાત્કાર થાય છે. આધ્યાત્મિક સાક્ષાત્કાર તેનાથી વધારે સઘન હોય છે. માણસને પોતાના પદાર્થમાં એક પ્રકારના તાદાત્મ્ય દ્વારા જ્ઞાન પ્રાપ્ત થાય છે.

*

તમારે અનુભૂતિ દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરવાનું હોય છે, મનોમય દર્શન અને મનોમય સાક્ષાત્કાર એક બીજાથી ભિન્ન હોય છે. પહેલી વસ્તુ કેવળ વિચાર હોય છે જયારે બીજામાં મન તેના પોતાના પદાર્થમાં જ સત્યનું પ્રતિબિંબ પાડે છે અથવા તેનું પુનઃ સર્જન કરે છે; આધ્યાત્મિક અનુભૂતિ મનોમય કરતાં વધારે મહાન હોય છે. સ્વરૂપના પદાર્થમાં જ અનુભૂતિ બની આવે છે.

*

એકતાની મનોમય કે પ્રાણમય લાગણીમાં તે જ પ્રકારની મૂળભૂત વસ્તુ હોતી નથી, અથવા ઐકયનો જે આધ્યાત્મિક સાક્ષાત્કાર થાય છે તેના જેટલી અસરકારક હોતી નથી, જે રીતે પરમાત્માનું મનોમય દર્શન અને પરમાત્માના આધ્યાત્મિક સાક્ષાત્કાર બન્ને એક જ વસ્તુ નથી તેની માફક એક ભૂમિકાની ચેતના કરતાં બીજી ભૂમિકાની ચેતના ભિન્ન હોય છે. આધ્યાત્મિક અને ચૈતસિક પ્રેમ મનોમય, પ્રાણમય અથવા શારીરિક પ્રેમ કરતાં ભિન્ન હોય છે – અને તે જ પ્રમાણે બીજી બધી વસ્તુઓમાં હોય છે. તે જ પ્રમાણે એકતાના દર્શનમાં અને તેની અસરોમાં. એટલા માટે જ જુદી જુદી ભૂમિકાઓની પોતપોતાની અગત્ય હોય છે; નહિ તો પછી તેમના અસ્તિત્વનો કોઈ અર્થ નથી.

*

તમારી અનુભૂતિ એક મૂળભૂત અને નિર્ણાયક સાક્ષાત્કારની શરૂઆત છે જે ચેતનાને મર્યાદિત મનોમય ચેતનામાંથી સાચા આધ્યાત્મિક દર્શન અને અનુભૂતિ તરફ દોરી જાય છે, જેમાં એકમાં સર્વ છે અને સર્વ પરમાત્મામય છે. આવી સાતત્યયુક્ત અને જીવંત અનુભૂતિ આધ્યાત્મિક અનુભૂતિનો સાચો પાયો છે. તેના સત્ય અને મૂલ્ય વિષે કોઈ શંકા નથી; કારણકે એ સ્પષ્ટ રીતે કોઈ જીવંત અને સક્રિય વસ્તુ છે અને મનોમય સાક્ષાત્કારથી ઊર્ધ્વમાં જાય છે. ભાવિમાં તે જુદા

જુદા પાસાંઓની વૃદ્ધિ કરે, પરંતુ અત્યારે તમને ખાસ મૂળભૂત સાક્ષાત્કાર થયેલો છે. જ્યારે આ વસ્તુ કાયમની બનશે ત્યારે એમ કહી શકાશે કે વ્યકિત મનના ઉષાકાળના પ્રકાશમાંથી પસાર થઈને આત્માના પ્રકાશમાં પહોંચી છે.

હવે તમારે આ સાક્ષાત્કારની વૃદ્ધિ અને વિકાસ થવા દેવાનો છે. જરૂરી ગતિઓ કદાચ પોતાની જાતે જ આપોઆપ આવશે, જે રીતે આ બધી અનુભૂતિઓ આવેલી છે. પરંતુ તમારે પ્રકાશ અને સત્ય પ્રત્યેનો તમારો એકાગ્રતાપૂર્વકનો સંકલ્પ શ્રદ્ધાપૂર્વક ટકાવી રાખવો જોઈએ. તેણે હવે પછીના પગલાં માટેનું માર્ગ-દર્શન આપેલું છે, વિચારધારાને અટકાવવી અને આંતર મનને નીરવ કરવું. એક વખત તેના ઉપર વિજય પ્રાપ્ત થાય ત્યાર પછી એક પ્રસ્થાપિત થયેલી શાંતિ, મુક્તિ અને વિશાળતા આવવાની શકયતા છે. સરળતા અને પારદર્શકતાની જરૂરીયાતની લાગણી એ પણ એક સાચી ગતિ છે અને તે જ આંતર-માર્ગદર્શનમાંથી આવેલી છે. તમારા મન, પ્રાણ અને શરીરની પાછળ રહેલા સૌથી ઊંડાણના દિવ્ય તત્ત્વ માટે તમારી અંદર પૂર્ણ રીતે અગ્રભાવે આવવા માટે તે જરૂરી છે. જ્યારે તે પ્રમાણે તે કાર્ય કરશે ત્યારે તમારી અંદર રહેલા પેલા આંતર–માર્ગદર્શક વિષે તમે સભાન બનશો તેમ જ પૂર્ણ આધ્યાત્મિક રૂપાંતર માટે કાર્ય કરતી શકિત વિષે સજ્ઞાન બનશો. અનેક પ્રકારની ભૂલભૂલામણીવાળી મનોમય અને પ્રાણમય ગતિઓમાંથી જે વ્યકિતને બધી દિશાઓમાંથી વેરવિખેર કરી નાખે છે તેમનામાંથી અલગ પડી જવાથી આ સરળતા આવે છે. – એક સ્થિરતા, હૃદયમાં અનાસકિત, જે વ્યકિતને એકમાત્ર સત્યના તથા પ્રકાશના માર્ગે લઈ જાય છે અને ત્યાં સુધીમાં તે સમગ્ર સ્વરૂપને અને સમગ્ર જીવનને પોતાના હસ્તક લઈ લે છે.

તમારી શ્રદ્ધા તેમાં જ અને પરમાત્માની કૃપામાં મૂકો, જેણે તમને સ્પર્શ કરેલો છે અને તેનું બારણું ખોલી નાખ્યું છે, અને જે કાંઈ આવવાનું છે તેના માટે તેના ઉપર જ આધાર રાખો.

*

મેં 'ક્ષ'ની અનુભૂતિઓની નોંધ વાંચી છે. તેમાંથી એવું લાગે છે કે તેણે અમુક હદ સુધી સાચી શરૂઆત કરી છે અને એક મનોમય સ્થિરતાની શરૂઆત તથા અમુક પ્રકારની ચૈતસિક ખુલ્લાપણાંની ક્રિયાની સ્થાપના કરવા માટે તે શકિતમાન થયેલો છે પરંતુ આમાંની કોઈ પણ વસ્તુમાં હજુ સુધી તેણે ખૂબ આગળ પ્રગતિ કરેલી નથી. કદાચ એનું કારણ એવું હોઈ શકે કે તેણે દરેક વસ્તુ એક મજબૂત મનોમય કાબુ તથા મનની ઊર્મિમય અને પ્રાણમય ગતિઓને પ્રશાંત કરવા માટે ખૂબ દબાણ કરેલું છે, પરંતુ હજી સુધી આધ્યાત્મિક સ્થિરતા સ્થાપન કરી શકયો

નથી. તે વસ્તુ મનની પર રહેલા એક ઊર્ધ્વતર સ્વરૂપને સમર્પણ કરવાથી અથવા તેની અનુભૂતિ કરવાથી જ આવી શકે છે. આ વસ્તુ તેણે પ્રાપ્ત કરવાની છે જેથી વધારે સમર્થ પ્રગતિ માટેનો પાયો બની શકે.

(૧) એક આંતર–સ્થિરતા અને નીરવતાનો પાયો હોવો જોઈએ એમ વિચારવામાં એ સાચો છે, કેવળ બાહ્ય કર્મનો જ નહિ પરંતુ બધી જ આંતર અને બાહ્ય પ્રવૃત્તિઓનો, પરંતુ મનની અચંચળતા, મનોમય નીરવતામાં અથવા નિષ્ક્રિયતામાં, જો કે પ્રથમ પગલા તરીકે તે ઉપયોગી હોય છે છતાં એટલું જ પૂરતું નથી. મનોમય સ્થિરતાને પ્રથમ તો એક ઊંડાણવાળી શાંતિમાં ફેરવવી જોઈએ અને ત્યાર પછી અતિમાનસિક સ્થિરતામાં અને નીરવતામાં જવી જોઈએ જે ઊર્ધ્વતર પ્રકાશ અને સામાર્થ્ય અને આનંદથી ભરપૂર હોય છે. ઉપરાંત મનને અચંચળ કરવું એટલું જ પૂરતું નથી. પ્રાણમય અને શારીરિક ચેતનાને પણ ખુલ્લી કરવાની છે અને ત્યાં તેની તે પ્રકારની જ પાયાની સ્થાપના થવી જોઈએ. તે ઉપરાંત ભકિતના ભાવની તે વાત કરે છે એ કેવળ મનોમય લાગણી ન હોવી જોઈએ, એક વધારે ઊંડા હૃદયની અભીપ્સા અને ઊર્ધ્વમાં રહેલા સત્ય પ્રત્યેનો સંકલ્પ હોવાં જોઈએ જેથી સ્વરૂપ તેમાં આરોહણ કરે અને પેલી વસ્તુ નીચે અવતરણ કરીને બધી જ પ્રવૃત્તિઓ ઉપર શાસન ચલાવે.

(૨) મનમાં તેને જે 'શૂન્યતા' ની અસર થાય છે તે તેની સામાન્ય ગતિઓનું વિશુદ્ધિકરણ થાય તેના માટે જરૂરી વસ્તુ છે, જેથી કરીને તે એક ઉર્ધ્વતર ચેતના અને એક નવીન અનુભૂતિ પ્રત્યે ખુલ્લું થાય, પરંતુ તેના પોતાનામાં તો તે ફકત નકારાત્મક વસ્તુ છે, એક મનોમય સ્થિરતા છે જેમાં કોઈ પણ વિધાનાત્મક વસ્તુ નથી અને વ્યકિત જો ત્યાં જ અટકી જાય તો જે શુષ્કતા અને જડતા વિષે તે ફરિયાદ કરે છે તે અચૂક આવે જ. તેને માટે જે જરૂરી વસ્તુ છે તે મનની શૂન્યતા અને નીરવતામાં તેણે પોતાની જાતને ખુલ્લી કરવી જોઈએ અને મનથી પણ પર રહેલી ઊર્ધ્વમાંથી આવતી ઉચ્ચતર શકિત, પ્રકાશ અને શાંતિને કાર્ય માટે ધીરજ રાખીને પુકાર કરવો જોઈએ.

(૩) નિદ્રામાં દુષ્ટ ટેવો હજી ટકી રહી છે તે સહેલાઈથી સમજાવી શકાય તેવી છે અને તે સામાન્ય અનુભવ છે. તે માનવ–શાસ્ત્રના નિયમ તરીકે પ્રખ્યાત છે કે જે વસ્તુને સચેતન મનની અંદર દબાવી દેવામાં આવે છે તે અવચેતન સ્વરૂપમાં ટકી રહે છે અને તે યા તો જાગૃત અવસ્થામાં ફરીને પાછી ઉત્પન્ન થાય છે અથવા જ્યારે કાબુ ઊઠાવી લેવામાં આવે છે ત્યારે ઊંઘમાં આવે છે. મનોમય

નિયંત્રણ પોતે આ કોઈ વસ્તુને સ્વરૂપમાંથી સંપૂર્ણ રીતે ભૂંસી શકતું નથી. સામાન્ય માનવીમાં રહેલા અવચેતન પ્રાણમય સ્વરૂપમાં વધારે વિશાળ ભાગનો તથા શારીરિક મનને અને ગુપ્ત શારીરિક ચેતનાનો સમાવેશ કરે છે. એક સાચું અને પૂર્ણ પરિવર્તન લાવવા માટે વ્યકિતએ આ બધી વસ્તુઓને સચેતન બનાવવાની છે, અને ત્યાં જે વસ્તુઓ હજુ પણ પડેલી હોય તેને જોવાની છે અને તેને પોતાના અંગત અસ્તિત્વના એક સ્તરમાંથી એક પછી એક એમ બીજા સ્તરોમાંથી તેમને ફેંકી દેવાની છે. તેમ છતાં તેઓ કદાચ ટકી રહે છે અને આજુબાજુ રહેલા વૈશ્વિક બળોમાંથી સ્વરૂપ ઉપર પાછા આવે છે અને જ્યારે ચેતનાનો કોઈ પણ ભાગ આ નિમ્ન ભૂમિકાના બલોને પ્રત્યુત્તર આપનો બંધ થઈ જાય ત્યારે જ વિજય અને રૂપાંતર નિરપેક્ષ રૂપે પૂર્ણ બને છે.

(૪) તેનો અનુભવ કે જ્યારે જ્યારે તે મનોમય ભૂમિકામાં વિજય પ્રાપ્ત કરે છે ત્યારે ભૂતકાળના 'કર્મ'ના બલો-એટલે કે જૂની પ્રકૃતિના બલો-બેવડી શકિતથી તેના પ્રત્યે પાછા ફરે છે એ પણ એક જાણીતો અનુભવ છે. તેના માટેની માનસશાસ્ત્રીય સમજૂતિ આગળ આપેલ પરિચ્છેદમાંથી મળી આવશે. સ્વરૂપના રૂપાંતર માટેના સર્વ પ્રયત્નો વૈશ્વિક બલો સાથેનું એક યુદ્ધ છે, જે બલોનું લાંબા સમયથી સામ્રાજ્ય ચાલતું આવેલું છે; અને એવી અપેક્ષા રાખવી કે પ્રથમ હારથી તેઓ તેમના પ્રયત્નો છોડી દેશે એ ખોટું છે. જ્યાં સુધી બની શકે ત્યાં સુધી તેઓ પોતાનો કાબુ પકડી રાખવા પ્રયત્ન કરશે, અને તેમને ફેંકી દેવામાં આવે છતાં પણ જ્યાં સુધી તેમના પ્રત્યુત્તર માટે સચેતન અથવા અવચેતન સ્વરૂપમાં કોઈ તક હોય તો ફરીને પાછા આવવા અને પોતાની પકડ જમાવવા પ્રયત્ન કરે છે. આ હુમલાઓથી નિરાશ થવાની જરૂર નથી. જે વસ્તુ કરવાની છે તેમાં તેઓને વધારે અને વધારે બાહ્ય ભાગોમાં મોકલવા અને બધી જ સંમતિનો ઈનકાર કરવો અને છેવટે તેઓ નિર્બળ થઈને અદૃશ્ય થઈ જશે. કેવળ ચિત્ત અને બુદ્ધિને જ સંમતિનો ઈનકાર કરવાનો નથી; પરંતુ પ્રકૃતિના નિમ્નતર ભાગોને પ્રાણમય અને શારીરિક-પ્રાણને, સ્થૂલ મનને અને શારીરિક ચેતનાને પણ તેમનો ઈનકાર કરવાનો છે.

(૫) ગ્રહણશીલ મન અને વિવેકશીલ બુદ્ધિની ક્ષતિઓ વિષે જે કહેવામાં આવ્યું છે તે જ બુદ્ધિની સામાન્ય ક્ષતિઓ છે અને જ્યાં સુધી બૌદ્ધિક કાર્ય ઉપર ઉચ્ચતર અતિબૌદ્ધિક કાર્યની સ્થાપના ન થાય તથા છેવટે અતિમાનસ સ્વરૂપનો સંવાદમય પ્રકાશ મૂકવામાં ન આવે ત્યાં સુધી આ ક્ષતિઓ દૂર કરી શકાતી નથી.

• હવે આપણે ચૈતસિક અનુભૂતિઓની વાત કરીએ. મસ્તકની ટોચમાં જે ભવ્યતાના પ્રવેશની અનુભૂતિ થાય છે, તે ફક્ત અતિમનસ સૂર્યપ્રકાશનું પ્રતિબિંબ

અથવા મનના ઊર્ધ્વ પ્રદેશ ઉપર તેનો સ્પર્શ થાય છે. સમગ્ર મન અને સ્વરૂપ આ પ્રકાશ પ્રત્યે ખુલ્લા થવાં જોઈએ અને તે પ્રકાશ નીચે અવતરણ કરીને આપણા સમગ્ર સ્વરૂપના તંત્રને ભરી દેવું જોઈએ. વિજળી અને વિદ્યુત્-પ્રવાહની અનુભૂતિ છે, તે બધી જ વસ્તુઓ (વિદ્યુત્) અતિમનસ સૂર્યનું અગ્નિરૂપ બલ છે જે શરીરને સ્પર્શ કરીને શરીરની અંદર વરસવા માટે પ્રયત્ન કરે છે. જે બીજી નિશાનીઓ છે તે ભાવિમાં આવવાની ચૈતસિક અને બીજા અનુભવોના સંકેતો છે; પરંતુ જ્યાં સુધી ઊર્ધ્વતર બલ આવે નહિ ત્યાં સુધી આમાંની કોઈ પણ વસ્તુનું એમની પોતાની જાતે સ્થાપન થઈ શકે નહિ. મનોમય યોગ તેમની સાચી શરૂઆતના બિંદુ તરીકે એક તૈયારીરૂપ જ હોઈ શકે.

મેં જે કહ્યું એ ફક્ત આ અનુભૂતિઓની કેવળ સમજૂતી જ છે; પરંતુ મને લાગે છે કે તેણે (ક્ષએ) ઊર્ધ્વતર યોગની શરૂઆત માટે એટલી આગળ પ્રગતિ કરી છે કે જેથી કરીને એના પાયાનું મંડાણ થઈ શકે. જો તેને તે પ્રમાણે કરવાની ઇચ્છા હોય તો તેણે મનોમય નિયંત્રણની જગાએ ટૂંકાણમાં એક પરમ હાજરી અને બલ, જે મનથી ઊર્ધ્વમાં રહેલાં છે તેને સમર્પણ કરવું જોઈએ. હૃદયમાં એક અભીપ્સા રાખવી જોઈએ, પરમ સત્ય માટે ઊર્ધ્વતર મનમાં એક સંકલ્પ રાખવો જોઈએ અને તે ઊર્ધ્વતર શકિતના અવતરણ તથા તે શકિત વડે સમગ્ર સ્વરૂપનું રૂપાંતર થવા દેવું જોઈએ. તેના ધ્યાન દરમ્યાન તેણે પોતાની જાતને તેના પ્રત્યે શાંતિથી ખુલ્લી કરવી જોઈએ અને પ્રથમ તો વધારે ઊંડાણભરી સ્થિરતા અને નીરવતાને પુકાર કરવો જોઈએ; ત્યાર પછી ઊર્ધ્વમાં કાર્ય કરતા સામર્થ્યને તેના સમગ્ર તંત્રમાં, જે ઉચ્ચતર ભવ્યતા જેની તેને ઝાંખી થઈ છે, તેનો સમગ્ર સ્વરૂપમાં પ્રવેશ થશે અને દિવ્ય સત્યની ગતિથી તેને પ્રકાશિત કરશે.

*

હા, જ્યાં સુધી મનોમય વલણ હોય ત્યાં સુધી તે અરક્ષિત છે, કારણકે તે કોઈક એવી વસ્તુ છે જે પ્રકૃતિદ્વારા ઠસાવવમાં આવે છે – એક મનોમય દિશા અને કાબુ. પરંતુ આધ્યાત્મિક અનુભૂતિની સાથે ચેતનાના પોતાના મસાલામાં જ ફેરફાર થવાની શરૂઆત થાય છે અને તેને લઈને જ્યારે તે સ્થિર બનવા અને મક્કમ થવા માટે પ્રગતિ કરવાની શરૂઆત કરે છે ત્યારે આપણે જેને પ્રકૃતિનું રૂપાંતર કહીએ છીએ તેની નૈસર્ગિક રીતે જ રૂપાંતર થાય છે.

ના, "ચેતનાનો મસાલો" શબ્દસમૂહ "ચેતનાનો પદાર્થ" એટલો જ અર્થ તેમાં છે-ચેતના પોતે જ.

*

તમારી લાગણી બિલકુલ સાચી છે. બધી જ અનુભૂતિઓ સઘન અનુભૂતિઓ હોય છે. ચેતના તથા આનંદ પણ કોઈક સઘન વસ્તુ તરીકે અનુભવાય છે. એ પણ સાચી હકીકત છે કે તે વસ્તુની અનુભૂતિ મનથી કોઈક ઊંડાણવાળી વસ્તુ તરીકે થાય છે; આ બધી સઘન અનુભૂતિઓને મન અમૂર્ત વસ્તુમાં ફેરવી નાખે છે.

*

મનોમય જ્ઞાનના આ બધા ગેરફાયદાઓ અલબત્ત અસ્તિત્વ ધરાવે છે. પરંતુ મને શંકા છે કે કોઈ પણ વ્યકિત મનોમય રીતે પોતાની જાતને સર્વત્ર એક પરમાત્માની અનુભૂતિ પ્રત્યે પ્રેરણા આપી શકે અથવા શાંતિનું નીચે અવતરણ કરાવી શકે. પ્રથમ મનોમય સાક્ષાત્કારને એક ઊંડી આધ્યાત્મિક અનુભૂતિ તરીકે માનીને અથવા એવું વિચારે કે તે અવતરણ તેના શારીરિકમાં થયેલું છે જ્યારે ખરી રીતે તો તેની મનોમય અનુભૂતિ તેના સૂક્ષ્મ શરીરના મનોમય કોશ મારફતે શરીરને અસર કરતી હોય – પરંતુ જેઓને મનોમય જ્ઞાન નથી હોતું તેઓ પણ આ રીતની ભૂલો કરે છે. જે માણસ મનોમય રીતનું જ્ઞાન ધરાવતો નથી તેનો એ ગેરફાયદો છે કે તે સમજ્યા વગર અનુભૂતિ કરે છે અને આ વસ્તુ વિઘ્નરૂપ બને અથવા તેની પ્રગતિમાં થોડી પીછેહઠ કરાવે અને જે માણસ મનોમય રીતે વધારે પ્રકાશિત હોય તે જેટલી સહેલાઈથી આ ભૂલમાંથી બહાર નીકળી જાય તેટલી સહેલાઈથી તે બહાર નીકળી શકે નહિ.

*

સામાન્ય રીતે તેવા માણસો (જેમને વિશ્વરૂપ આત્મા વિષે મનોમય જ્ઞાન હોતું નથી) શરૂઆતમાં ચૈતસિક કેન્દ્ર મારફતે માતાજી સાથે એકતા અનુભવે છે અને તેને આત્મા કહેતાં નથી – અથવા તેઓ મસ્તકમાં અથવા હૃદયમાં એક વિશાળતા અને શાંતિની અનુભૂતિ કરે છે. પ્રથમ મનોમય જ્ઞાન હોવું જ જોઈએ એ અનિવાર્ય નથી. સાધકોના એક કરતાં ઘણા વધારે પ્રસંગોમાં મેં જોયું છે કે તેમને બ્રહ્મનો સાક્ષાત્કાર પ્રાપ્ત થાય ત્યારે તેઓ પૂછે છે, "આ શું છે?" – ખૂબ ચોક્કસાઈ અને સ્પષ્ટતાપૂર્વક તેનું વર્ણન કરે, પરંતુ તેમાં એવી કોઈ પણ જાણીતી પરિભાષા હોતી નથી.

આ લખ્યા પછી તરત જ મેં એક સાધિકાનો પત્ર વાંચ્યો, તેમાં તે લખે છે, "હું જોઈ શકું છું કે મારું મસ્તક બિલકુલ સ્થિર, શુદ્ધ, પ્રકાશિત, વિશ્વરૂપ, વિશ્વમય થઈ ગયું છે." વારું, તે વિશ્વરૂપ બ્રહ્મના સાક્ષાત્કારની શરૂઆત છે – મનમાં રહેલો આત્મા, પરંતુ જો હું તે ભાષામાં તેને કહું તો તેને કાંઈ સમજ પડે નહિ.

*

કલ્પનાશીલ અનુભૂતિઓ પણ (જો પ્રામાણિકતાથી કલ્પના કરેલી હોય) મનોમય સાક્ષાત્કારમાં મદદરૂપ થાય છે અને મનોમય સાક્ષાત્કાર, સંપૂર્ણ સાક્ષાત્કાર માટેનું પગથિયું બની શકે છે.

*

જ્યારે માણસ ભૌતિક મનમાં રહે છે ત્યારે તેમાંથી છૂટવા માટેનો એક જ માર્ગ છે – કલ્પના : પ્રસંગવશાદ્ તેને લઈને જ માણસ ઉપર કાવ્ય અને કલા વગેરેની મજબુત પકડ હોય છે. પરંતુ આ કલ્પનાઓ ઘણી વખત પરાભૌતિક અનુભૂતિની ખરેખર છાયાઓ હોય છે અને એક વખત પણ સ્થૂલ મનનું વિઘ્ન તૂટે અથવા સહેજ હલનચલન પણ થાય અને થોડી ખુલ્લી જગા પડે તો જો સ્વભાવ અનુકૂળ હોય તો અનુભૂતિઓ આપોઆપ આવે છે. એટલા માટે જ દર્શનો અને એવી બીજી ઘટનાઓનું સર્જન થાય છે–તે બધાને ખોટી રીતે ચૈતસિક ઘટનાઓ કહેવામાં આવે છે.

પ્રાર્થના માટે કોઈ જડ નિયમો આપી શકાય નહિ. કેટલીક પ્રાર્થનાઓનો જવાબ મળે છે, બધીનો નહિ. તમે કદાચ પૂછો, તો પછી શા માટે બધી જ પ્રાર્થનાઓનો પ્રત્યુત્તર મળતો નથી? શા માટે મળવો જોઈએ? એ કોઈ યંત્ર નથી; પ્રાર્થનાને એક પ્રશ્ન – પેટીમાં મૂકો અને તમારા પ્રશ્નનો જવાબ મેળવો, ઉપરાંત બધી જ એકબીજાની વિરોધી વસ્તુઓ માણસ એક જ સમયે માગણી કરે છે તેનો વિચાર કરીએ તો ભગવાનને તે બધીનો જવાબ આપવાનો હોય તો તે પોતે જ ખરાબ પરિસ્થિતિમાં મૂકાઈ જાય; તેવું ચાલી શકે નહિ.

*

૪

જેને માટે તમે પ્રયત્ન કરતા હતાં એ હૃદયની વિશુદ્ધિ અશક્ય નથી અને જ્યારે હૃદય વિશુદ્ધ થાય છે ત્યારે, જે વસ્તુઓ પહેલાં અશક્ય લાગતી હતી તે સરળ બને છે – આંતરિક સમર્પણ પણ તમને અત્યારે અવ્યવહારુ લાગે છે.

એ એક સામાન્ય અનુભવ છે કે જો નમ્રતા અને ત્યાગનું હૃદયમાં દૃઢતાપણે સ્થાપન થઈ જાય તો પછી વિશ્વાસ જેવી બીજી વસ્તુઓ સ્વાભાવિક રીતે જ પાછળથી આવે છે. એક વખત ચૈતસિક પ્રકાશ અને સુખ, જે આ બધી વસ્તુઓ

માટે આશીર્વાદ સમાન છે તેમનું સ્થાપન થાય, તો તે અવસ્થા ઉપર બીજા બળો ઢાંકણ કરી શકતા નથી અને તેમનો વિનાશ કરવા શક્તિશાળી બની શકતા નથી. એ બધાનો સામાન્ય અનુભવ છે.

વિશુદ્ધિ અને નિવેદન સાધનાની મહાન જરૂરિયાતો છે. જે લોકોમાં વિશુદ્ધિ પહેલાં અનુભૂતિઓ આવે છે તેઓ મહાન જોખમ વહોરી લે છે: પ્રથમ તો હૃદય વિશુદ્ધ હોવું જોઈએ જેથી માર્ગ સહિસલામત બને. એટલા માટે જ હું પ્રકૃતિના ચૈતસિક પરિવર્તનની ખાસ તરફેણ કરું છું – કારણકે તેનો અર્થ હૃદયનું વિશુદ્ધિ-કરણ : હૃદયનું પ્રભુ પ્રત્યે સંપૂર્ણ વલણ, મન અને પ્રાણનું આંતર-સ્વરૂપની નીચે-આત્માની નીચે સંપૂર્ણ નિયંત્રણ. જ્યારે અંતરાત્મા અગ્રભાગે આવે છે ત્યારે વ્યક્તિને ભીતરમાંથી કઈ વસ્તુ કરવી અને કઈ વસ્તુથી દૂર રહેવું, વિચાર, લાગણી અને કાર્યમાં કઈ વસ્તુ સાચી છે અને કઈ વસ્તુ ખોટી છે તેનું સાચું માર્ગદર્શન મળે છે. પરંતુ આ આંતરસૂઝ જેટલા પ્રમાણમાં ચેતના વધારે ને વધારે વિકાસ પામતી જાય છે તેટલા પ્રમાણમાં આવે છે.

ક્ષને ઠોકર ખવડાવનારી શિલા મહત્ત્વાકાંક્ષા, ગર્વ મિથ્યાભિમાન હતાં – ગુહ્ય શક્તિઓ સહિત એક મહાન યોગી બનવાની તેની કામના. એક અશુદ્ધ મન, હૃદય અને શરીરમાં ગુહ્ય શક્તિઓને લાવવાનો પ્રયત્ન કરવો. વારુ, તમે તે કરી શકો જો તમારે પર્વતની ટોંચ ઉપર ઉભા રહીને નૃત્ય કરવું હોય તો, અથવા તમારું લક્ષ્ય આધ્યાત્મિક ન હોય પરંતુ ગુહ્યવાદી બનવાનું હોય તો પણ તમે તે કરી શકો, કારણકે તેના માટે જરૂરી પદ્ધતિઓનું અનુસરણ કરવાનું હોય છે અને તમને ગુહ્ય શક્તિઓ મદદ કરી શકે છે. બીજી બાજુએ ગુહ્ય આધ્યાત્મિક શક્તિઓને અને રહસ્યોને નીચે બોલાવી શકાય છે અથવા વગર કહ્યે પણ તેઓ આવી શકે છે; પરંતુ એક જ સાચી વસ્તુની પાસે, પરમાત્માની શોધ પાસે તેમને ગૌણ ગણવી જોઈએ અને તે પણ પરમાત્માની તમારા માટેની યોજનામાં હોય તો જ કરી શકાય. ગુહ્ય શક્તિઓ આધ્યાત્મિક માણસ માટે દિવ્ય કરણો જ હોઈ શકે જો તે શક્તિ તે માણસનો ઉપયોગ કરતી હોય તો; તે શક્તિઓ તે માણસની સાધનાનું લક્ષ્ય ન બની શકે. ઘણા માણસોને પોતાના વિચારો પ્રમાણે યોગ કરવાની ટેવ હોય છે અને તેઓ ગુરુના માર્ગદર્શનની પરવા કરતા નથી તેમ છતાં તેઓ સાધનામાં ગુરુ પાસે પૂર્ણ રક્ષણ અને સફળતાની અપેક્ષા રાખે છે, અને સૌથી ખોટા માર્ગ ઉપર ઉછાળા મારે છે તથા નાચે–કૂદે છે.

હું સૂક્ષ્મ પદ્ધતિઓ એટલે માનસ-શાસ્ત્રીય, બિન યાંત્રિક પ્રક્રિયાઓના અર્થમાં કહું છું. દા. ત. હૃદયમાં એકાગ્રતા, સમર્પણ, આત્મ વિશુદ્ધિ, અને આંતરિક સાધનો–

દ્વારા ચેતનાનો ફેરફાર. તેનો અર્થ એવો નથી કે બાહ્ય ફેરફાર થતો જ નથી : બાહ્ય પરિવર્તન જરૂરી છે, પરંતુ આંતર – પરિવર્તનના એક ભાગ તરીકે. જો ભીતરમાં અશુદ્ધિ અથવા બિનસચ્ચાઈ હોય તો બાહ્ય પરિવર્તન અસરકારક બનશે નહિ, પરંતુ જો એક સચ્ચાઈભર્યું આંતર-કાર્ય હશે તો બાહ્ય ફેરફાર તેને મદદરૂપ બનશે અને પ્રક્રિયામાં ગતિ વધારશે... હૃદયના વિશુદ્ધિકરણ માટે સૌથી અગત્યની વસ્તુ એક નિરપેક્ષ સચ્ચાઈ છે. પોતાન જાત સાથે કોઈ દંભ નહિ, પરમાત્માથી અથવા પોતાની જાતથી અથવા ગુરૂથી કોઈ વસ્તુ ગુપ્ત રાખવાની નથી, પોતાની ગતિ ઉપર એક સીધી નજર રાખવી અને તે કરવા માટે એક સીધો સંકલ્પ કરવો. જો તેને માટે સમય લાગે તો તે કોઈ મોટી બાબત નથી; વ્યકિતએ પોતાના સમગ્ર જીવનનું કાર્ય પરમાત્માની શોધ કરવાનું છે. હૃદયની વિશુદ્ધિ એટલે છેવટે કોઈ ગણનાપાત્ર પ્રાપ્તિ, અને નિરાશ થવું કે હતોત્સાહ થવું વગેરેનો કોઈ ઉપયોગ નથી; કારણકે વ્યકિત પોતાની અંદર એવી વસ્તુ શોધી શકશે જેનામાં હજુ પણ ફેરફાર થવાની જરૂર છે. જો વ્યકિત સાચું વલણ અને સાચો સંકલ્પ રાખે તો અંતરમાંથી આવતી પ્રેરણાઓ અથવા સૂચનોમાં વૃદ્ધિ થવાની શરૂઆત થશે, તે સ્પષ્ટ, ચોક્કસ અને ક્ષતિવિહીન થશે અને તેમનું અનુસરણ કરવાનું સામર્થ્ય પણ વિકાસ પામશે : અને તમે તમારી પોતાની જાતથી સંતોષ પામો તે પહેલાં પ્રભુ તમારાથી સંતોષ પામશે અને જે પરદાથી તે પોતાની જાતનું અને પોતાના સાધકોથી રક્ષણ કરી રાખે છે તેને હઠાવવાની શરૂઆત કરશે અને માનવ જાતિ જે સૌથી મહાન વસ્તુ પ્રત્યે અભીપ્સા કરી શકે તેની અપરિપકવ અને જોખમરૂપ પકડથી તેનું રક્ષણ કરશે.

*

આ સહજ રીતનું તમારું વલણ એક સારી નિશાની છે; કારણકે તે દર્શાવે છે કે તમારું આંતર-સ્વરૂપ સત્ય તરફ ખુલ્લું થતું જાય છે અને જરૂરી ફેરફાર માટે આગળ દબાણ કરે છે.

તમે કહો છો તે પ્રમાણે સાચા વલણની નિષ્ફળતા, પ્રકૃતિના ફેરફાર માટે જે કસોટીઓમાંથી પસાર થવાનું હોય છે તેના માર્ગમાં વિઘ્નરૂપ થાય છે. આ પ્રકારના લક્ષણ માટે અત્યારે દબાણ વધતું જાય છે અને એક નિશ્ચયાત્મક યોગની અનુભૂતિ કરતાં પણ વધારે દબાણ આવે છે – કારણકે જો અનુભૂતિ આવે તો તે નિર્ણાયક બનવામાં નિષ્ફળ જાય છે; કારણકે પ્રકૃતિના જરૂરી રૂપાંતરની ખામી છે. દા. ત. મન એકને (પરમાત્માને) સર્વમાં નિહાળવાની અનુભૂતિ કરે છે; પરંતુ પ્રાણ તેનું અનુસરણ કરી શકતો નથી; કારણકે તે અહંકારના પ્રતિકાર અને અહં-યુકત હેતુદ્વારા શાસિત થાય છે અથવા તે બાહ્ય પ્રકૃતિની ટેવો પોતાની વિચાર-

સરણીની, લાગણીની અને કાર્યની તથા જીવનની રીતો પકડી રાખે છે, જે અનુભૂતિની સાથે બિલકુલ સુસંગત હોતી નથી; અથવા તો ચૈતસિક પુરુષ અને મનનો અમુક અંશ તથા ઊર્મિપ્રધાન સ્વરૂપ માતાજીની સન્નિધિનો વારંવાર અનુભવ કરે; પરંતુ પ્રકૃતિનો બાકી રહેલો ભાગ અસમર્પિત રહે અને પોતાના માર્ગે જ ચાલ્યા કરે અને તેમની સન્નિધિમાંથી વિભાજનનો ગાળો લંબાવે અને આમ એક પ્રકારનું અંતર રખાવે, તે પૂરતું નથી – અને આ વસ્તુમાં ફેરફાર થવો એ ખાસ જરૂરી છે.

*

મને ખબર નથી કે ક્ષએ શું કહ્યું છે અથવા કયા લેખમાં કહ્યું છે. તે મારી પાસે નથી. પરંતુ જો એવું વિધાન હોય કે જયાં સુધી વ્યકિત શુદ્ધ અને પૂર્ણ ન હોય ત્યાં સુધી કોઈ પણ વ્યકિતને સફળ ધ્યાન કે સાક્ષાત્કાર ન થાય, તો તે સમજવામાં હું નિષ્ફળ જાઉં છું; મારી પોતાની અનુભૂતિથી તે ઊલટું છે. મને કાયમ પ્રથમ ધ્યાનદ્વારા જ સાક્ષાત્કાર થયેલા છે અને તેને પરિણામે વિશુદ્ધિકરણની શરૂઆત થયેલી છે. મેં એવા ઘણા માણસો જોયા છે જેમને ધ્યાનદ્વારા ખૂબ અગત્યના અને મૂળભૂત સાક્ષાત્કારો થયેલા છે અને તે માણસોને આપણે એમ ન કહી શકીએ કે તેમણે મહાન આંતર-વિકાસ સાધેલો છે. શું બધા જ યોગીઓ જેમણે અસરકારક ધ્યાન કરેલાં છે અને પોતાની આંતર-ચેતનામાં મહાન સાક્ષાત્કારો પ્રાપ્ત કરેલાં છે તેમની પ્રકૃતિ પૂર્ણ હોય છે? મને તેવું લાગતું નથી. આ ક્ષેત્રમાં કેવળ સામાન્યીકરણમાં શ્રદ્ધા રાખવા માટે હું અશકત છું; કારણકે આધ્યાત્મિક ચેતનાનો વિકાસ એક અતિશય વિશાળ અને જટિલ બાબત છે જેમાં બધી પ્રકારની વસ્તુઓ બની શકે છે અને વ્યકિત ઘણે ભાગે એમ કહી શકે કે દરેક માણસ માટે તેની પ્રકૃતિ પ્રમાણે ભિન્ન ભિન્ન વસ્તુઓ હોઈ શકે – ખાસ અગત્યની વસ્તુ એક જ છે કે તેનામાં એક આંતર–પુકાર અને અભીપ્સા હોવાં જોઈએ અને તેમનું અનુસરણ કરવા માટે ખૂબ ધીરજ હોવી જોઈએ, પછી ભલે તેને માટે ગમે તેટલો સમય લાગે; તેને ગમે તેટલી મુશ્કેલીઓ અને વિઘ્નોનો સામનો કરવો પડે; કારણકે આપણી અંદર રહેલા આત્માને બીજી કોઈ પણ વસ્તુ સંતોષ આપી શકશે નહિ.

એ બિલકુલ સાચું છે કે અમુક પ્રમાણની વિશુદ્ધિ પ્રગતિ કરવા માટે અનિવાર્ય છે, અને જેટલા પ્રમાણમાં વધારે સંપૂર્ણ વિશુદ્ધિ એટલા પ્રમાણમાં વધારે સારું; કારણકે જયારે સાક્ષાત્કારોની શરૂઆત થાય ત્યારે તેઓ વધારે મુશ્કેલીઓ અથવા પુનઃપતન સિવાય ચાલુ રહે અને તેમાં પતન અથવા નિષ્ફળતા સિવાય તેઓ આગળ પ્રગતિ કરી શકે. એ પણ સાચું છે કે ઘણા માણસો માટે વિશુદ્ધિ

એ પ્રથમ જરૂરીયાત છે – વ્યકિત કોઈ સાતત્યયુકત આંતર-અનુભૂતિની શરૂઆત કરી શકે તે પહેલાં કેટલીક વસ્તુઓનો માર્ગમાંથી નિકાલ કરવાનો હોય છે. પરંતુ મુખ્ય જરૂરીયાત ચેતનાની અમુક તૈયારી હોય છે જેથી તે ઊર્ધ્વતર શકિત પ્રત્યે વધારે અને વધારે મુકત રીતે પ્રત્યુત્તર આપી શકે – આ તૈયારીમાં ઘણી વસ્તુઓ ઉપયોગી થાય છે – તમે જે કવિતા અને સંગીત કરો છો તે મદદ કરી શકે; કારણકે તે બધું જ એક પ્રકારનું **શ્રવણ** અને **મનન** તરીકે પણ કાર્ય કરે છે; જો તેમાં ઉત્પન્ન થતી લાગણી ઉત્કટ હોય તો તે સ્વાભાવિક રીતનું **નિદિધ્યાસન** થાય. ચૈતસિક તૈયારી, મનોમય અને પ્રાણમય અહંના વધારે ગ્રામ્ય રૂપોમાંથી સ્વચ્છતા લાવવાથી, ગુરુ તરફ મન અને હૃદય ખુલ્લાં રાખવાથી અને બીજી ઘણી વસ્તુઓ મહાન મદદરૂપ થાય છે – તે પૂર્ણતા નથી, અથવા દ્વૈતમાંથી અથવા અહંકાર જે અનિવાર્ય પ્રાથમિક વસ્તુ છે તેમાંથી પૂર્ણ મુકત નથી, પરંતુ એક તૈયારી છે, આંતર-સ્વરૂપની યોગ્યતા છે, જે આધ્યાત્મિક પ્રત્યુત્તરો આપે છે અને ગ્રહણશીલતાને શકય બનાવે છે.

એટલા માટે આ બધી માગણીઓ ક્ષ જે માર્ગે ગયો છે; તેને માટે સાચી હોઈ શકે, પરંતુ તમારે તેમને માટે ધાર્મિક સત્ય તરીકે સ્વીકારવા કોઈ કારણ નથી અને તે સર્વ ઉપર લાદી શકાય નહિ–આત્માનો ધર્મ એટલો બધો કડક અને નિષ્ઠુર નથી.

*

ક્ષ ને એક કે બે દિવસ અગાઉ ઊર્ધ્વમાં આરોહણની તથા અનંતની વિશાળતા અને શાંતિ તથા આનંદની અનુભૂતિ થઈ (તેણે શરીરના ભાનમાંથી તથા શરીરની મર્યાદાથી મુકિત અનુભવી) અને છેક મૂલાધાર સુધી તેને અવતરણની અનુભૂતિ થઈ. આ વસ્તુઓના નામો કે વિશિષ્ટતા વિષે તે કાંઈ પણ જાણતી નથી, પરંતુ તેણે જે વર્ણન કર્યું તે એટલું બધું સૂક્ષ્મ અને વિગતપૂર્ણ હતું કે તે ક્ષતિ વગરનું હતું. બીજી ત્રણ કે ચાર એવી વ્યકિતઓ છે જેમને હાલમાં જ આવી અનુભૂતિ થયેલી છે, તેથી આપણે એમ માની શકીએ કે દિવ્ય બલનું કાર્ય નિષ્ફળ ગયું નથી; કારણકે આ અનુભૂતિ ઘણો મહાન બનાવ છે અને મેં તેનું સ્થાપન થાય તો એમ માની શકાય કે તે પ્રાચીન યોગની શિરટોચ છે, અને આપણે માટે આધ્યાત્મિક રૂપાંતરની શરૂઆત છે. આ વસ્તુ વ્યકિતગત છે તેમ છતાં આ વાત મેં એટલા માટે કહી જેથી તમે સમજી શકો કે પ્રકૃતિમાં રહેલી બાહ્ય ક્ષતિઓ અને વિઘ્નો અથવા અયૌગિક બાબતો દેખાય છે તેનો અર્થ અવશ્ય એવો નથી થતો કે વ્યકિત સાધના કરે છે કે સાધના કરતી નથી.

*

નિમ્ન પ્રકૃતિ અને તેની મુશ્કેલીઓ વિષે વધારે પડતો વિચાર કરવો એ ભૂલ છે, કારણકે તે સાધનાની નકારાત્મક બાજુ છે. તેમને જોઈને વિશુદ્ધ કરવાની હોય છે. પરંતુ પહેલેથી જ તેમનામાં એકમાત્ર અગત્યની વસ્તુ તરીકે ગૂંચવાઈ રહેવું એ મદદરૂપ નથી. અનુભૂતિની ભાવાત્મક બાજુ, જે અવતરણની છે તે વધારે અગત્યની વસ્તુ છે. મેં કોઈ માણસ નિમ્ન પ્રકૃતિને પૂર્ણ વિશુદ્ધ થવા માટે રાહ જુએ અને ભાવાત્મક અનુભૂતિને નીચે અવતરણ કરવાનો સાદ આપ્યા પહેલાં સમગ્ર સમય રાહ જુએ, તો તેને કાયમ માટે રાહ જોવાની જ રહે. એ સાચું છે કે જેમ જેમ નિમ્ન પ્રકૃતિ વધારે વિશુદ્ધ થતી જાય, તેમ તેમ ઉચ્ચતર પ્રકૃતિનું અવતરણ વધારે સબળ બને; પરંતુ એ પણ વધારે સાચું છે કે જેટલા વધારે પ્રમાણમાં ઊર્ધ્વ પ્રકૃતિ અવતરણ કરે તેમ તેમ નિમ્ન પ્રકૃતિ વધારે વિશુદ્ધ થતી જાય. પૂર્ણ વિશુદ્ધિ કે કાયમી અને પૂર્ણ આવિર્ભાવ બેમાંથી કોઈ પણ વસ્તુ એકાએક આવી શકે નહિ. તે સમય અને ધૈર્યયુક્ત પ્રગતિનો પ્રશ્ન છે. બન્ને વસ્તુઓ (વિશુદ્ધિકરણ અને આવિર્ભાવ) એક બીજાની સાથે જ પ્રગતિ કરે છે અને એક બીજાના હાથમાં રમત કરતાં કરતાં સમર્થ બનતા જાય છે-અને સાધનાનો આ સામાન્ય ક્રમ છે.

*

પ્રકૃતિનું પરિવર્તન કરવું સહેલું નથી અને તેના માટે સમય લાગે છે, પરંતુ જો કોઈ આંતર-અનુભૂતિ ન હોય તો બીજી વિશુદ્ધતર ચેતનાનો ક્રમિક આવિર્ભાવ ન થાય અને જે ચેતનાને તમે અત્યારે આ બધી વસ્તુઓથી ઢંકાયેલી જુઓ છો તે સૌથી સમર્થ સંકલ્પ માટે પણ અશકય બની જાય. તમે એમ કહો છો કે તમારે પ્રથમ આ બધી વસ્તુઓમાંથી મુકિત મેળવવી જોઈએ, ત્યાર પછી જ તમને આંતર-અનુભૂતિ થાય. પરંતુ તે વસ્તુ કઈ રીતે કરવી? આ બધી વસ્તુઓ, ગુસ્સો, ઈર્ષ્યા, કામના એ બધી સામાન્ય માનવીની પ્રાણમય ચેતનાનો મસાલો છે. જો એક વધારે ઊંડાણવાળી અંદર રહેલી ચેતના, જે બિલકુલ અન્ય પ્રકારના લક્ષણો ધરાવે છે તે ન હોય તો તેમાં બિલકુલ પરિવર્તન ન આવે, તમારી પોતાની અંદર એક ચૈત્ય પુરુષ હોય છે, જે દિવ્ય હોય છે અને તે સીધો જ માતાજીનો અંશ હોય છે અને તે આ બધી ક્ષતિઓ વગરનો હોય છે. સામન્ય ચેતના અને પ્રકૃતિથી તે ઢંકાયેલો હોય છે, પરંતુ જ્યારે તેના ઉપરનું આવરણ હઠી જાય છે ત્યારે તે અગ્રભાગે આવી શકે છે અને સમગ્ર સ્વરૂપ ઉપર નિયંત્રણ કરી શકે છે. તે સામાન્ય ચેતનામાં પરિવર્તન લાવે છે, આ બધી અદિવ્ય વસ્તુઓને બહાર ફેંકી દે છે અને બાહ્ય પ્રકૃતિનું આમૂલ રૂપાંતર કરે છે. એટલા માટે જ અમે સાધકો એકાગ્રતા કરે અને આ ઢંકાયેલી ચેતના પ્રત્યે ખુલ્લા થાય એવી ઇચ્છા રાખીએ છીએ.

એકાગ્રતા ભલે ગમે તે પ્રકારની હોય પરંતુ જે અનુભૂતિઓ તે લાવે છે તેનાથી વ્યક્તિ ખુલ્લી થાય છે અને પોતાની ભીતરમાં સજાગ બને છે અને નવીન ચેતના અને પ્રકૃતિ વિકાસ પામતાં જાય છે અને બહાર આવે છે. અલબત્ત, અમે એમ પણ ઈચ્છીએ છીએ કે તેઓ તેમના સંકલ્પનો ઉપયોગ કરે અને પ્રાણની કામનાઓ અને ખોટી ગતિઓનો ઇનકાર કરે; કારણકે તે પ્રમાણે કરવાથી સાચી ચેતનાને બહાર આવવાનું શકય બને છે. પરંતુ કેવળ ઇનકાર સફળ થઈ શકતો નથી; ઇનકાર, આંતર-અનુભૂતિ અને તેના વિકાસ દ્વારા જ તે વસ્તુ બની શકે છે.

તમે એમ કહો છો કે આ વસ્તુઓ તમારી અંદર છુપાયેલી હતી. ના, તેઓ અંદર ઊંડાણમાં નહોતી, તે બાહ્ય અથવા સપાટી ઉપરની પ્રકૃતિમાં હતી. તમે પોતે જ તેમને વિષે સભાન નહોતા; કારણકે બીજી સાચી ચેતના ખુલ્લી થઈને તમારી અંદર વિકાસ પામેલી નહોતી. હવે તમને જે અનુભૂતિઓ પ્રાપ્ત થઈ તેને લઈને ચૈત્ય પુરુષ વિકાસ પામતો જાય છે અને આ ચૈતસિક ચેતનાને લઈને જે વસ્તુને વિદાય લેવાની છે તે વસ્તુઓનું તમને સ્પષ્ટ દર્શન થયું. તેઓ તાત્કાલિક જતી નથી; કારણકે પ્રાણમાં તેને ભૂતકાળની લાંબી ટેવો પડેલી પરંતુ હવે તેમને જવું જ પડશે; કારણકે તમારા આત્માની ઇચ્છા છે કે તેમણે જવું જ જોઈએ અને તમારો અંતર-આત્મા તમારી અંદર વધારે સમર્થ થતો જાય છે. એટલે તમારે બન્ને વસ્તુઓનો ઉપયોગ કરવાનો છે, માતાજીની શકિતની મદદથી તમારા સંકલ્પનો ઉપયોગ કરીને આ વસ્તુઓમાંથી મુકત થવું, અને તમારી આંતર-ચૈતસિક અનુભૂતિઓ સાથે આગળ પ્રગતિ કરવી આ બન્ને વસ્તુઓને સાથે રાખીને જ બધું બની શકશે.

*

એક વખત અનુભૂતિઓની શરૂઆત થાય ત્યાર પછી સામાન્ય રીતે તેમનું પુનરાવર્તન થાય છે. ભલે પછી સામાન્ય અવસ્થા સારી હોય કે ન હોય. પરંતુ જ્યાં સુધી તેમનું સમગ્ર સ્વરૂપમાં અથવા ઓછામાં ઓછું તેમના આંતર-ભાગમાં પોતાની જાતનું સ્થાપન થાય અને સામાન્ય ન બને ત્યાં સુધી તેઓ આમૂલ ફેરફાર ન કરી શકે. બીજા પ્રસંગે જૂની ગતિઓ પાછી ફરી શકે છે; પરંતુ તેઓ સપાટી ઉપરની હોય છે એવું અનુભવાય છે અને તેમ છતાં સાધના આગળ ચાલે છે. સારા કે દુષ્ટ હોવાનો પ્રશ્ન જ નથી. સ્વરૂપનો કોઈ એકાદ ભાગ પણ ખુલ્લો થયો હોય તો અનુભૂતિઓ આવે છે.

*

હા, તે કાર્યપદ્ધતિનું સત્ય છે. શરૂઆતમાં જે વસ્તુનું સ્થાપન કરવાનું હોય છે તે મુશ્કેલીથી બને છે અને જાણે કે તે અશકય હોય એમ લાગે છે, અનુભૂતિને વ્યકિત સહેલાઈથી ખોઈ બેસે છે – પછીથી તે પોતાની જાતે જ આવે છે; પરંતુ તેમ છતાં ટકી રહેતી નથી; પછીથી તે વારંવાર આવે છે તથા સ્વરૂપની નજીકની વસ્તુ લાગે છે અને તે સતત ટકી રહેતી અને સામાન્ય વસ્તુ બને છે. તેનાથી ઊલટું બધી ગૂંચો અને ભૂલો જે એક વખત પ્રકૃતિની ટેવો મુજબની હતી તેમને બહાર હાંકી કાઢવામાં આવે છે; પહેલાં તે વારંવાર પાછી આવે છે પરંતુ પછીથી વિરલ બનતી જાય છે અને પ્રકૃતિ માટે વિદેશી વસ્તુઓ જેવી લાગે છે અને છેવટે બંધ પડી અદૃશ્ય થઈ જાય છે.

*

૫

તમે ઊર્ધ્વમાં અને નિમ્ન ગતિમાં જવાનું કહો છો તે બધા જ યોગમાર્ગમાં હોય છે. તે ભકિતમાર્ગમાં છે; પરંતુ તે પ્રમાણે જયારે માણસ જ્ઞાન યોગના માર્ગે જાય છે ત્યારે પ્રકાશની પરિસ્થિતિઓ અને અંધકારની પરિસ્થિતિઓના વારાફેરા પણ એટલા જ પ્રમાણમાં હોય છે, કેટલીક વખત કેવળ લાંબા અંધકારના ગાળાઓ આવે છે. જે માણસને ગુહ્ય અનુભૂતિઓ થાય છે તેઓ એવા ગાળાઓમાંથી પસાર થાય છે જેમાં બધી જ અનુભૂતિઓ અટકી જાય છે અને કાયમ બંધ થઈ ગઈ હોય એવું તેમને લાગે છે. કેટલીક વખત ઘણા અને કાયમી સાક્ષાત્કારો થયા હોય છે ત્યારે પણ સર્વ અનુભૂતિઓ પરદા પાછળ ચાલી ગઈ હોય એવું લાગે છે અને એક શુષ્ક શૂન્યતા સિવાય બીજું કાંઈ પણ બાકી ન રહ્યું હોય એવું લાગે છે, અને જો કોઈ વસ્તુથી પરિસ્થિતિ ભરેલી લાગે તો તે વારંવાર હુમલાઓથી અને મુશ્કેલીઓથી ભરેલી પરિસ્થિતિ લાગે છે. આ બધા વારાફેરાઓ માનવ ચેતનાની પ્રકૃતિના પરિણામરૂપે હોય છે અને તે કોઈ અયોગ્યતાની અથવા પૂર્વ નિશ્ચિત નિષ્ફળતાની સાબિતી નથી. વ્યકિતએ તેના માટે તૈયારી રાખવી જોઈએ અને તેમની આરપાર પસાર થઈ જવું જોઈએ. આ બધા ગાળાઓ વેદ સમયના ઋષિઓના 'દિવસ અને રાત્રી' હોય છે.

સમર્પણ માટે એવું છે કે દરેકને તેનો પોતાનો જ શરૂઆતનો આગવો અભિગમ હોય છે; પરંતુ જો તે ભીતિમાંથી અથવા ફરજની ભાવનામાંથી કરવામાં

આવે તો તે બિલકુલ "સમર્પણ" છે જ નહિ; આ વસ્તુઓને અને સમર્પણને કોઈ સંબંધ નથી. તે ઉપરાંત સંપૂર્ણ અને સમગ્ર સમર્પણ કેટલાક લોકો કલ્પના કરે છે એટલું સહેલું પણ નથી. તેમાં ઘણી વિશાળ આરક્ષિત વસ્તુઓ રાખવામાં આવે છે; વ્યકિત તેના વિષે સચેતન ન હોવા છતાં ત્યાં તે પ્રમાણે હોય છે જ. પૂર્ણ સમર્પણ, પૂર્ણ પ્રેમ અને ભકિતદ્વારા જ ઉત્તમ રીતે આવે છે. બીજી બાજુએ ભકિત સમર્પણ સિવાય પણ શરૂ થઈ શકે છે. પરંતુ જેમ જેમ તેનું પોતાનું સ્વરૂપ બંધાતું જાય છે તેમ તેમ તે સ્વાભાવિક રીતે જ સમર્પણ તરફ દોરી જાય છે.

તમે એવું વિચારવામાં ચોક્કસ ભૂલ કરો છો કે બૌદ્ધિક માન્યતાઓને છોડી દેવાની મુશ્કેલી બીજાઓ કરતાં તમને વધારે વિઘ્નરૂપ લાગે છે. પોતાના વિચારો અને માન્યતાઓની આસકિત, અને તેમના માટે જ આગ્રહ રાખવો એ સર્વ-સામાન્ય બાબત છે. એક ઊર્ધ્વમાંથી આવતા જ્ઞાનના પ્રકાશ વડે તેમને દૂર કરી શકાય છે, અને તે વસ્તુ માણસને સત્યનો સીધેસીધો સંપર્ક કરાવે છે અથવા તેની પ્રકાશિત અનુભૂતિ કેવળ બૌદ્ધિક અભિપ્રાયો, વિચારો અથવા માન્યતાના સર્વ મૂલ્યોને દૂર કરે છે અથવા સાચી ચેતના વડે જે સાચા વિચારો, સાચી લાગણી અને સાચું કાર્ય તથા બીજી દરેક સાચી વસ્તુ આવે છે અથવા તો તે સાચી આધ્યાત્મિક અને મનોમય નમ્રતા જે માનવ પ્રકૃતિમાં વિરલ હોય છે, તેનાથી આવે છે – અને ખાસ કરીને મનોમય નમ્રતા; કારણકે મનને પોતાને પોતાના વિચારો, સાચા કે ખોટા, એ સાચા જ હોય છે એવી માન્યતા પકડી રાખવાનું વલણ હોય છે. છેવટે ચૈતસિક વિકાસ આ સમર્પણને શકય બનાવે છે અને વધારામાં તે ભકિતદ્વારા ખૂબ સહેલાઈથી આવે છે. કોઈ પણ રીતે, આ મુશ્કેલીનું અસ્તિત્વ પોતે જ તમારા યોગમાં નિષ્ફળતા લાવશે એવી આગાહી કરવા માટેનું કોઈ સાચું કારણ નથી.

*

તમે જે ફરિયાદ કરો છો કે શા માટે આવા વારાફેરાઓ આવે છે તેનું કારણ કે ચેતનાની પ્રકૃતિ જ એ પ્રકારની છે; થોડી જાગૃતિની પળો પછી તેને થોડી નિદ્રાની જરૂર પડે છે. ઘણી વખત શરૂઆતમાં જાગૃતિની પળો ઓછી હોય છે અને નિદ્રાઓ વધારે લાંબી હોય છે; ત્યાર પછી તે વધારે સમાન બનતી જાય છે અને આગળ જતા નિદ્રાના ગાળાઓ ટૂંકા થતા જાય છે. આ બધા વારાફેરાઓનું બીજું કારણ એવું હોય છે કે વ્યકિત જયારે ઊર્ધ્વ ચેતના ગ્રહણ કરે છે ત્યારે પ્રકૃતિને તે બંધ કરવાની જરૂર ઉત્પન્ન થાય છે જેથી તે તેને પચાવી શકે. પરંતુ જયારે અનુભૂતિ ચાલુ હોય ત્યારે જે વસ્તુ તે લાવે તેને યોગ્ય રીતે પચાવી શકે

નહિ અને તેથી તેને પચાવવા માટે તે બંધ પડી જાય છે. ત્રીજું કારણ રૂપાંતરના ગાળામાં રહેલું છે– પ્રકૃતિનો એક ભાગ રૂપાંતર પામે છે અને બીજા એક ભાગને થોડો સમય એવું લાગે જાણે કે એક પૂર્ણ અને કાયમી રૂપાંતર આવેલું છે. પરંતુ તે અટકી જાય ત્યારે માણસ નિરાશ થાય છે અને પછી એક શુષ્કતાનો અથવા ચેતનાનો નિમ્નમાં જવાનો ગાળો આવતો હોય એવું લાગે; કારણકે ચેતનાનો બીજો ભાગ રૂપાંતર માટે ઉપર આવે છે અને એક તૈયારીનો અને ગુપ્ત કાર્યનો ગાળો તેને અનુસરે છે, જે ગાળો બિન પ્રકાશિત અથવા ખરાબ ગાળો લાગે છે. આ બધી વસ્તુઓ સાધકની આતુરતા અને અધીરાઈને ગૂંચવી નાખે છે અથવા ભીતિ ઉત્પન્ન કરે છે અથવા નિરાશ કરે છે; પરંતુ જો માણસ તેને શાંતિથી સ્વીકારી લે અને તેમનો ઉપયોગ કેવી રીતે કરવો તે જાણે અથવા સાચું વલણ સ્વીકારે તો તે આ બિન-પ્રકાશિત ગાળાઓને એક સચેતન સાધનાના ભાગ તરીકે બનાવી શકે. એટલા માટે જ 'વેદ'ના ઋષિઓ આ બધા પલટાના ગાળાઓને 'દિવસ અને રાત્રી, બન્ને દિવ્ય બાળકને સ્તનપાન કરાવે છે' એ પ્રમાણે વર્ણવે છે. તમને મસ્તકમાં જે અનુભૂતિ થાય છે તે કદાચ તમારા શરીરમાં ઊર્ધ્વમાંથી આવતા દિવ્ય બલનું શરીરમાં પ્રથમ સચેતન અવતરણ હોય. અત્યાર સુધી તે પ્રક્રિયા તમારા હૃદયની પાછળ ચાલતી હતી પરંતુ તમને તેની અનુભૂતિ ન થઈ હોય. જો મસ્તકમાં જ સ્વાભાવિક રીતે એકાગ્રતા થતી હોય તો તમારે તે થવા દેવી જોઈએ, પરંતુ આ વસ્તુની શકયતા હૃદયમાં પહેલાં થયેલી એકાગ્રતાદ્વારા થયેલી તયારીને પરિણામે પણ હોય અને તેથી તેને પણ છોડી ન દેવી જોઈએ સિવાય કે જે શકિત તમારી અંદર કાર્ય કરી રહી છે તે એવો આગ્રહ રાખે કે તે ઉપરના ભાગમાં જ એકાગ્રતા થવી જોઈએ. તે જ પ્રમાણે જ્યાં સુધી સાધનાનું સંચાલન માતાજીની શકિતદ્વારા થતું સ્પષ્ટ રીતે અનુભવાય અને તે તમારા માટે એક સામાન્ય વસ્તુ બની જાય ત્યાં સુધી તમારે તમારી અભીપ્સા ચાલુ રાખવી જોઈએ.

*

હા, તે બિલકુલ સાચું છે. દરેકને આવા પલટાઓ આવે છે; કારણ કે સમગ્ર ચેતના ઉપર કહેલી અનુભૂતિમાં હંમેશાં રહી શકતી નથી. મુદ્દો એ છે કે વચ્ચેના ગાળાઓમાં સ્થિરતા હોવી જોઈએ, ખાસ કરીને આંતર-સ્વરૂપમાં કોઈ પણ અસ્થિરતા કે અસંતોષ કે સંઘર્ષ ન હોવાં જોઈએ. જો એ બિંદુએ પહોંચી શકાય તો સાધના સરળ રીતે આગળ ચાલુ રહી શકે છે – એમાં એ પ્રમાણે ન હોય કે કોઈ મુશ્કેલીઓ હશે જ નહિ, પરંતુ કોઈ પણ જાતની અશાંતિ અથવા અસંતોપ વગેરે રહેશે નહિ.

*

તે વૈષ્ણવ ભજન એ પ્રકારનું છે જે પ્રાગમય પુરુષને ઉશ્કેરે છે અને જો ત્યાં એવા માણસો હોય જેઓ નિમ્ન પ્રકૃતિના હોય તો બધા જ પ્રકારના અંધકારમય અને નિમ્ન પ્રકારના બલો તે ઉશ્કેરાટમાંથી પોતાનો ખોરાક પ્રાપ્ત કરવા માટે આવશે... આધ્યાત્મિક સિદ્ધિ સ્વરૂપની અને પ્રકૃતિની ધીરેધીરે થતી વૃદ્ધિ પ્રમાણે પોતાના સમયે આવશે. તેનો આધાર આ કે પેલી તક પકડી લેવા ઉપર નથી.

એક બીજી વસ્તુ પણ તમારે શીખવાની છે. જો તમારી સાધનામાં વિક્ષેપ પડે... તો તમારે ફક્ત આંતરિક રીતે અચંચલ રહેવું અને તે વિક્ષેપને પસાર થઈ જવા દેવો. જો આ પ્રમાણે કરતા તમે શીખો તો પછી તમારી આંતર અવસ્થા અથવા અનુભૂતિ એવી રીતે ચાલ્યા કરશે જાણે કે કાંઈ બન્યું નથી. જો તમે તેને વધારે પડતી અગત્ય આપશો અને અસ્વસ્થ બનશો તો તેનાથી ઊલટું તમે પેલા વિક્ષેપને એક ખલેલમાં ફેરવી નાખશો અને આંતર-સ્થિતિ અથવા અનુભૂતિને અટકાવી દેશો; દરેક સંજોગમાં એક આંતર-અચંચળતા અને શ્રદ્ધા રાખો; કોઈ પણ વસ્તુથી તમે ક્ષુબ્ધ ન થશો અથવા ઉશ્કેરાઈ ન જશો. અંતરમાં એક સ્થિર અને અચંચળ સંકલ્પ તથા ચૈતસિક શ્રદ્ધા અને ભકિત તમારી સાધના માટેનો સાચો પાયો છે.

*

એક સ્થિર અને સમતલ પાયો એટલે સાધનાની એવી સ્થિતિ જેમાં અનુભૂતિના આતુર ઉશ્કેરાટો અને નિરાશાભરી જડતા અથવા અર્ધ-જડતાવાળી પરિસ્થિતિ વચ્ચે અથડાઅથડી હોતી નથી; પરંતુ પ્રગતિમાં અથવા મુશ્કેલીમાં, તેની પાછળ કાયમ એક અચંચળ ચેતના પરમાત્મા પ્રત્યે વિશ્વાસ અને શ્રદ્ધાથી વળેલી હોય છે જ.

*

દરેકને પ્રસંગોપાત ચેતના ડૂબતી હોય એવું બને છે. તેના કારણો ઘણાં હોય છે: કોઈ બહારનો સ્પર્શ, કોઈ પ્રાણમાં રહેલી વસ્તુ હજુ સુધી ફેરફાર પામેલી ન હોય અથવા પુરતા પ્રમાણમાં રૂપાંતર ન થઈ હોય, અને તેમાં પણ ખાસ કરીને નિમ્ન પ્રાણ અથવા પ્રકૃતિના સ્થૂલ ભાગોમાંથી ઉપર ઊઠતી કોઈ જડતા, અથવા તમોગ્રસ્તતા. જ્યારે તે આવે ત્યારે અચંચલ રહો. માતાજી પ્રત્યે ખુલ્લા થાઓ અને સાચી પારસ્થિતિઓને પાછી લાવો અને એક અક્ષુબ્ધ અને સ્વચ્છ વિવેક-બુદ્ધિ માટે અભીપ્સા કરો, જેથી તમારી અંદર રહેલી જે વસ્તુ તેને માટે કારણ-ભૂત હોય અને તેને બરાબર કરવાની હોય તેને તમે અંદર જોઈ શકો.

*

કાયમ તૈયારી અને પાચનની બે ગતિઓ વચ્ચે ગાળાઓ હોય છે જ. આ વસ્તુઓને તમારે ગુસ્સાથી અથવા અધિરાઈથી ગણવી ન જોઈએ, જાણે કે સાધનામાં તેઓ અયોગ્ય ખાઈઓ હોય. તે ઉપરાંત દિવ્ય બલ ઊર્ધ્વમાં ઊંચે ઊઠે છે અને પ્રકૃતિના અમુક ભાગને – ઊર્ધ્વતર ભાગને ઊર્ધ્વતર ભૂમિકા ઉપર ઉઠાવે છે અને પછી નીચેની ભૂમિકા ઉપર આવીને તેને ઊંચે ઊઠાવે છે; આ આરોહણ અને અવતરણની ગતિ ઘણી વખત અતિશય કસોટીરૂપ હોય છે; કારણકે મન ઊર્ધ્વીકરણ માટે સીધી લીટીમાં પક્ષપાત ધરાવે છે અને પ્રાણ ઝડપી સિદ્ધિ માટે આતુર હોય છે, તેથી તેઓ આ જટિલ ગતિને સમજી શકતા નથી અથવા અનુસરી શકતા નથી અને તેથી તેનાથી ક્લેશ પામે છે અથવા તેનો તિરસ્કાર કરે છે. પરંતુ સમગ્ર પ્રકૃતિનું રૂપાંતર કરવું અને સિદ્ધિ પ્રાપ્ત કરવી એ સહેલી વસ્તુ નથી અને જે શક્તિ તે કરે છે તે આપણી મનોમય અવિદ્યા અથવા આપણા પ્રાણમય આવેગ કરતાં અનેકગણું વધારે સારું જ્ઞાન ધરાવે છે.

*

એક વખત જે કોઈ વસ્તુ પ્રાપ્ત કરી તે ત્યાં હોય છે અને ફરીથી તેને પાછી પ્રાપ્ત કરાય છે. યોગ કોઈ એવી વસ્તુ નથી જે અમુક નિર્ણયાત્મક રીતે ધસમસતી એક યા બીજા માર્ગે ચાલી જાય. એમાં એક નવીન ચેતનાની રચના કરવાની છે અને તેમાં ચઢાણ અને ઉતરાણો પૂર્ણ રીતે હોય છે પરંતુ જો માણસ તેને મક્કમ રીતે વળગી રહે તો ચઢાણોને એક નિર્ણયાત્મક ફેરફારદ્વારા પરિણામો લાવે છે – તેથી એક વસ્તુ ખાસ કરવાની હોય છે કે તેમાં ટકી રહેવું. પડતી પછી કદી બૂમાબૂમ કરીને ન કહેવું, “હું તો ખલાસ થઈ ગયો”, પરંતુ ઊઠો, તમારી પોતાની ધૂળ ખંખેરી નાખો અને સાચા માર્ગે આગળ ગતિ કરો.

*

સંપૂર્ણ વિસ્મૃતિનો ફક્ત એટલો જ અર્થ થાય છે કે તમારી આંતર-ચેતના જેને એક પ્રકારની સમાધિમાં કોઈ અનુભૂતિ થઈ હોય તેની અને બાહ્ય ચેતના વચ્ચે પૂર્ણ રીતનો સેતુ બંધાયેલો નથી. જ્યારે ઊર્ધ્વતર ચેતના તે બેની વચ્ચે સેતુ બાંધે છે ત્યારે બાહ્ય ચેતનાને પણ તેની સ્મૃતિ રહેતી થાય છે.

*

આ પ્રકારના પરિવર્તનો આવ્યા સિવાય રહી શકે નહિ અને જ્યારે તેઓ આવે છે ત્યારે વ્યક્તિએ ખૂબ અચંચળ રહેવું જોઈએ અને સપાટી ઉપરની પરિસ્થિતિથી તટસ્થ રહેવું જોઈએ અને તે ચાલી જાય ત્યાં સુધી રાહ જોવી અને માતાજીની શક્તિને પુકાર કરવો જોઈએ. આ પ્રકારની એક તટસ્થ પરિસ્થિતિને લઈને વિશુદ્ધિ અને ફેરફારનો અમુક હેતુ ઝડપથી સરે છે – તે એવી વસ્તુઓ

લાવે છે જેમનું રૂપાંતર કરવાનું હોય છે અથવા ઈનકાર કરવાનો હોય છે; તે સ્વરૂપના અમુક ભાગને ઊંચે ચડાવે છે જેથી કરીને રૂપાંતર કરનાર બલની સામે તે ખુલ્લો થાય. જો વ્યકિત સમજી શકે અને અચંચલ રહે અને સપાટી ઉપરની ગતિઓથી અનાસકત રહે, તેમની સાથે એકરૂપ ન બને તો તે ઝડપથી ચાલી જાય છે. જે વસ્તુઓ ઉપર ઊઠી આવે તેમને પેલું દિવ્ય બલ સાફ કરી નાખે અને પછીથી ખબર પડે કે કાંઈક વસ્તુની પ્રાપ્તિ થઈ છે અને પ્રગતિ પણ થઈ છે.

*

સાધનાની અભીપ્સા અને શકિતના બલમાં ચડતી–પડતીના ગાળાઓ બધા જ સાધકો માટે અનિવાર્ય અને સામાન્ય હોય છે. જ્યાં સુધી સમગ્ર સ્વરૂપ રૂપાંતર માટે તૈયાર ન થાય ત્યાં સુધી તે આવ્યા કરે છે જ. જ્યારે ચૈત્યપુરુષ અગ્રભાગે આવે તથા સક્રિય બને અને મન અને પ્રાણ સંમતિ આપે ત્યારે તેમાં તીવ્રતા આવે છે. જયારે ચૈત્યપુરુષ ઓછો અગ્રભાગે હોય અને નિમ્ન પ્રાણની પોતાની સામાન્ય ગતિઓ હોય અથવા મનનું અવિદ્યામય કાર્ય ચાલુ હોય ત્યારે વિરોધી બલો અંદર દાખલ થઈ શકે છે, સિવાય કે સાધક ખૂબ સજાગ હોય. જડતા સામાન્ય રીતે શારીરિક ચેતનામાંથી આવે છે, ખાસ કરીને જ્યારે પ્રાણ સક્રિય રીતે સાધનાને ટેકો ન આપતો હોય. જયારે સ્વરૂપના સર્વ ભાગોમાં એક આધ્યાત્મિક ચેતનાનું સતત અવતરણ થાય ત્યારે જ આ વસ્તુઓનો ઉકેલ આવે છે.

*

એકાગ્રતામાંથી પતન દરેકની બાબત પડે છે – તેને કોઈ કરુણ પરિસ્થિતિ અથવા નિરાશાના કારણ તરીકે મંજૂર રાખવાની જરૂર નથી.

*

દિવસ દરમિયાન આ ચેતનાના પરિવર્તનો સાધના કરતા દરેક માણસ માટે સામાન્ય વસ્તુ છે. ઝોલાં ખાવાનો, શિથિલીકરણનો અથવા સામાન્ય ચેતનામાં પાછા ફરવાનો સિદ્ધાંત, અથવા ઊર્ધ્વતર સ્થિતિમાંથી ભૂતકાળની નિમ્ન સ્થિતિમાં પાછા ફરવાની લાગણી થાય છે અને હજુ પૂર્ણ સમતોલ સ્થિતિ નથી બની એ વસ્તુ જ્યારે સાધનાની પ્રક્રિયા શારીરિક ચેતનામાં હોય છે ત્યારે સ્પષ્ટ રીતે દેખાતી બળવાન વસ્તુ તરીકે અનુભવાય છે; કારણકે સ્થૂલ પ્રકૃતિમાં જડતા હોય છે, જે ઊર્ધ્વતર ચેતના સાધારણ તરીકે ઉત્કટ હોય છે તેને સતત ટકવા દેતી નથી – શારીરિક ચેતના કાયમ કોઈક વધારે સામાન્ય વસ્તુ તરફ પાછી ડૂબકી મારતી હોય છે; ઊર્ધ્વતર ચેતના અને તેની શકિતને શારીરિક પ્રકૃતિમાં ટકી રહેતી તથા સામાન્ય બને તે પહેલાં લાંબા સમય સુધી કાર્ય કરવું પડે છે અને વારંવાર આવવું પડે છે. આ

પરિર્વતનો અથવા આ ઢીલનો ગાળો ગમે તેટલો લાંબો અને શુષ્ક હોય છતાં તેમનાથી અસ્વસ્થ અને નિરાશ થતો નહિ; કાયમ એક આંતરિક સ્થિરતા રાખીને અચંચળ રહો અને જેટલું શકય બને તેટલા પ્રમાણમાં ઊર્ધ્વતર ચેતના પ્રત્યે ખુલ્લા રહો અને કોઈ પણ સાચી વિરોધી પરિસ્થિતિને તમારો કાબુ લેવાની મંજૂરી આપો નહિ. જો કોઈ વિરોધી આંદોલન નહિ હોય તો બાકીની વસ્તુ તો કેવળ અપૂર્ણતાની જીદ્દી રીતે ટકી રહેવાની ક્રિયા હશે. જે સર્વને પુષ્કળ પ્રમાણમાં રહે છે જ; તે અપૂર્ણતા અને જીદ્દને બાકાત કરવાનું કામ દિવ્ય બલનું છે, પરંતુ તેને હાંકી કાઢવા માટે સમય તો લાગે છે જ.

*

એ વારંવાર આવતી અનુભૂતિ છે (જો કે હું ધારું છું કે તે સામાન્ય રીતની નથી) – તેની સાથે ફકત શાંતિ જ નહિ પરંતુ બીજી વસ્તુઓ હોય છે; સાંજે ચેતનામાં નિમ્નતર ગતિ તરફનું વલણ હોય છે. જોકે બીજા માણસો સાથે તેનાથી ઊલટું બને છે. હું જાણતો નથી કે એનો આધાર કાર્ય ઉપર હોય છે કે લોકો સાથે હળવામળવાથી તે આવતી હોય; કે જોકે આ વસ્તુની થાક લગાડે એવી હોઈ શકે– મને ઘણી વખત એવું લાગ્યું છે કે એ એક પ્રકારનો ચેતનામાં ચડતી અને પડતીનો દિવસ દરમિયાન એક સંવાદમય લય (rhythem) હોય છે. જ્યારે શાંતિનું પૂર્ણ રીતે સ્થાપન થાય છે ત્યારે, આ લય બીજી વસ્તુઓ માટે પણ હોઈ શકે, જેમનો વિકાસ થતો હોય છે.

*

રાત્રે બે વાગ્યાને બદલે અથવા મધ્ય રાત્રીએ કે સવારમાં બની આવતી તે વસ્તુ ઘણે ભાગે સાંજે આવતી હોય તેના માટે (જડતામાં પતન) કોઈ મનોમય રીતે નિશ્ચિત વસ્તુ અથવા અસરકારક રૂઢ કારણ નથી. કેટલાક લોકો માટે તે પતન સાંજે આવે છે, કેટલાકને સવારમાં ઓટ આવે છે, બીજા કેટલાકને બીજા સમયે અને તે પ્રમાણે જ ભરતીનું થાય છે. પરંતુ આ બધા પરિવર્તનો લગભગ બધા માણસોને એક યા બીજા લયમાં આવે છે. સમય લોકો માટે ભિન્ન ભિન્ન હોય છે અને એક જ માણસ માટે ભિન્ન બની શકે છે. કોઈ ચોક્કસ સમયે આવવા માટે કોઈ નિર્ણયાત્મક કારણ નથી સિવાય કે તેણે તે જ સમયે આવવાની પોતાની ટેવ પાડી હોય. બાકીની બધી વસ્તુ એક બલોની લીલા છે, જેનું નિરીક્ષણ કરી શકાય છે પરંતુ તેના કારણો મનોમય વ્યાખ્યામાંથી મુકત હોય છે.

*

(સાધનામાં આવતા વારાફેરાના કારણો) હું જાણતો નથી. સમય અને તેને માટે અનુકૂળ ઋતુઓ ચેતનામાં રહેલા બળોની ફેરફાર પ્રમાણેની અવિરત ગતિ

પ્રમાણે થયા કરે છે. તે વસ્તુ તે પ્રમાણેની નથી જેને માટે તમે કોઈ બુદ્ધિગમ્ય અને પદ્ધતિસરની સમજૂતિ ન આપી શકો. વ્યકિત તેની અનુભૂતિ કરી શકે છે અને ચેતનાના સારતત્ત્વમાં તેને સમજી શકે છે. પરંતુ તેના માટે કાર્ય-કારણની શૃંખલા વિષે સ્પષ્ટ રીતે કહી શકાય નહિ.

*

મેં પહેલાં કહ્યું તે પ્રમાણે એટલું જ કહી શકું કે તેના માટે કોઈ "સ્પષ્ટ-ચોક્કસ" કારણ હોતું નથી, (બલના કાર્યમાં આવતા પરિવર્તનો માટે) જેનો મન નિશ્ચય કરી શકે તેનો આધાર સમગ્ર પરિસ્થિતિ તથા બલોના કાર્ય – પ્રતિકાર્ય ઉપર હોય છે - વ્યકિતએ પોતાની અભીપ્સાને ટકાવી રાખવી જોઈએ અને આ બધી અસમાનતા અને પરિવર્તનથી વિક્ષુબ્ધ થયા સિવાય પોતાના લક્ષ્ય પ્રત્યે સ્થિર નજર રાખવી જોઈએ.

*

(દિવ્ય બલના કાર્યમાં થતા પરિવર્તનો માટે) કોઈ નિશ્ચિત નિયમો નથી. તેમાં ફકત અમુક પ્રકારના વલણોનો સમુદાય અને બલો સાથે વ્યકિતએ પરિચિત બનવાનું છે. તે કોઈ એવી આંતરિક વસ્તુ નથી જેનું વ્યકિત કોઈ કુશળતાથી નિયંત્રણ કરી શકે અથવા આ કે પેલું બટન ખેંચવાથી તેના ઉપર કાબુ આવી શકે. તે ફકત એક આંતરિક સંકલ્પ, એક સતત રહેતી અભીપ્સા તથા તટસ્થતા અને ઈનકારદ્વારા, અને સાચી ચેતના અને બળ વગેરેને નીચે અવતરણ કરાવવાથી બની શકે છે.

*

ચેતનાનું નિમ્ન ગમન સામાન્ય રીતે ચેતનામાં આવતી કોઈ જડતાદ્વારા, થકાવટદ્વારા અથવા કેવળ શિથીલીકરણની ટેવદ્વારા આવે છે અથવા તે કોઈ પ્રાણમય પ્રતિકાર્ય મારફતે જે વ્યકિતના ધ્યાનમાં આવે અથવા ન આવે, પણ મનની કોઈ ખામીભરી ગતિદ્વારા આવે છે. આ બધા વિધાનાત્મક રીતના ચેતનાને નિમ્નતર કરનારા કારણો હોય છે; પરંતુ તેમની પાછળ એ હકીકત રહેલી હોય છે કે આ પરિવર્તનો જ્યાં સુધી ચેતના પોતાની જૂની પ્રકૃતિને તાબે થાય છે ત્યારે અનિવાર્ય હોય છે. સાધના અટકી જવાના ગાળાઓ આંતર-સંજોગો પ્રમાણે કદાચ ગમે તેટલા લાંબા કે ટૂંકા હોઈ શકે (પણ મુખ્યત્વે સંકલ્પની અથવા ચૈત્ય પુરુષની અથવા ઊર્ધ્વ ચેતનાની શકિત તેમનામાં ઝડપથી સમતુલા પ્રાપ્ત કરાવી શકે છે.)

*

અનુભૂતિઓની સ્થગિતતા માટે નિરાશા એ એક જ કારણ નથી; બીજા કારણો પણ હોય છે, જેવા કે જડતા વગેરે. આ બધી વસ્તુઓ હોવા છતાં પણ

જો માણસને સતત અનુભૂતિઓ થતી હોય તો તેનો અર્થ કે ચેતના નિશ્ચિત રીતે જ બીજી બધી વસ્તુઓથી અલગ પડી ગઈ છે અને બાહ્ય પ્રતિકાર હોવા છતાં ચાલુ રહી શકે છે.

*

હા – જો શાંતિની સ્થાપના થાય તો પતનો ફક્ત સપાટી ઉપરના જ હોય છે અને આંતર-ચેતનાને અસર કરતાં નથી.

*

કેટલીક વખત શારીરિક થાક હોય છતાં એ અનિવાર્ય નથી કે તે સાધનામાં વિઘ્નરૂપ બને. આંતરિક ગતિ ચાલુ રહી શકે છે.

*

જયાં સુધી ચેતનામાં રૂપાંતર ન આવે ત્યાં સુધી તે પ્રકારની ઉત્કટતામાં લાંબા વખત સુધી ટકી શકે નહિ – પાચન માટેનો ગાળો હોવો જરૂરી છે. જયારે સ્વરૂપ અભાન હોય છે ત્યારે પાચન પરદા પાછળ ચાલ્યું જાય છે અથવા સપાટીની નીચે જાય છે અને તે સમય દરમિયાન સપાટી ઉપરની ચેતના તેને જે વસ્તુ પ્રાપ્ત થઈ હતી તેને કેવળ ઝાંખી થઈ ગયેલી અથવા જાણે ગૂમ થઈ ગઈ હોય તે પ્રમાણે જુએ છે; પરંતુ વ્યકિત જયારે સચેતન બને છે ત્યારે પાચનની ક્રિયા ચાલુ છે તથા કોઈ પણ વસ્તુ ગૂમ થઈ નથી એમ તે જુએ છે; તેમાં ફક્ત જે વસ્તુનું નીચે અવતરણ થયું હતું તે સ્થિરતાથી સ્થાપિત થતું હોય છે.

વિશાળતા, સમગ્ર રીતે કબજો લેતી સ્થિરતા અને નીરવતા જેમાં તમે ડૂબી જાઓ છો તેવું લાગે છે તે જેને આત્મા અથવા નીરવ બ્રહ્મ કહેવાય છે તે છે. ઘણા યોગોનું સમગ્ર લક્ષ્ય આત્માનો અથવા નીરવ બ્રહ્મનો સાક્ષાત્કાર કરવાનો તથા તેમાં જીવન ધારણ કરવાનું હોય છે. આપણા યોગમાં તે ફક્ત પરમાત્માના સાક્ષાત્કારનો પ્રથમ તબક્કો છે અને તે વસ્તુનો સ્વરૂપમાં એક ઊર્ધ્વતર અથવા દિવ્ય ચેતનામાં વિકાસ થવો જોઈએ, જેને આપણે રૂપાંતર કહીએ છીએ.

*

માણસ અમુક સ્થિતિએ પહોંચે પછી જે વસ્તુઓ તેણે પ્રાપ્ત કરી હોય છે તે કદી ગૂમ થતી નથી – તે કદાચ ઢંકાઈ જાય પરંતુ પાછળથી પાછી દેખાય છે – તે વસ્તુઓ ભીતરમાં ગઈ હોય છે અને પછી સપાટી ઉપર પાછી આવે છે.

*

જ્યારે શારીરિક ચેતના પ્રબળ હોય છે ત્યારે અનુભૂતિઓ થતી હોય છતાં તેની કોઈ પણ નિશાની કે અસરની વ્યક્તિને ખબર પડતી નથી.

*

આવી બુદ્ધિહીન અને સ્મૃતિહીન વસ્તુઓ હોય છે. તમે કેવી રીતે એવી અપેક્ષા રાખો છો કે અનુભૂતિઓ વારંવાર ન આવે તો શારીરિક ચેતનાની અસરને થઈને તે બને છે ? તમે જ્યારે પાઠ શીખો છો ત્યારે સ્થૂલ મન તેને ઝીલી શકે ત્યાં સુધી તેનું પુનરાવર્તન કરવું પડે છે. તે પણ એ રીતનું હોય છે, નહિતો તે પછી તમારી ચેતનાનો એક ભાગ બનતો નથી.

*

૬

ગઈ કાલના પત્રમાં તમે જે શૂન્યતાનું વર્ણન કર્યું છે તે ખરાબ વસ્તુ નથી – આવી આંતર તેમ જ બાહ્ય શૂન્યતા જ યોગમાં નવીન ચેતના તરફનું પ્રથમ પગથિયું બને છે. માણસની પ્રકૃતિ એક ગંદા પાણીથી ભરેલા પ્યાલા જેવી હોય છે – તે પાણીને ફેંકી દેવાનું હોય છે, પ્યાલો દિવ્ય મદિરા ભરવા માટે ખાલી અને સ્વચ્છ કરવાનો હોય છે. મુશ્કેલી એ છે કે માનવની શારીરિક ચેતના માટે આ શૂન્યતા સહન કરવી મુશ્કેલ પડે છે. તેને બધા જ પ્રકારની નાનકડી મનોમય અને પ્રાણમય ગતિઓમાં વ્યસ્ત રહેવાની ટેવ પડી હોય છે અને તે વસ્તુઓ જ તેને રસ અને આનંદ આપે છે, ભલે પછી તે મુશ્કેલી અને દુ:ખમાં પણ સક્રિય રહેતી હોય, તેને માટે આ બધી વસ્તુઓ અટકી જાય તે સહન કરવું બહુ મુશ્કેલ બને છે. તે પોતાના જૂના રસો અને ગતિઓ માટે શુષ્કતા, અસ્વસ્થતા અને આતુરતાપૂર્વકની ઝંખના કરવાની શરૂઆત કરે છે. પરંતુ આ અસ્વસ્થતાથી તે તેની અચંચલતામાં ક્ષોભ ઉત્પન્ન કરે છે અને જે વસ્તુઓને બહાર ફેંકી દેવામાં આવી નથી તેમને પાછી લાવે છે. આ વસ્તુ મુશ્કેલી ઉત્પન્ન કરે છે અને ગતિમાં અવરોધ ઉભો કરે છે. જો તમે શૂન્યતાને સાચી ચેતના અને સાચી ગતિઓ માટેના માર્ગ તરીકે સ્વીકારો તો તમારા માટે આ વિઘ્નને દૂર કરવાનું સરળ બને.

આશ્રમમાં રહેલા બધા જ માણસો શુષ્કતા અને રસહીનતાની ભાવનાથી પીડાતા નથી, પરંતુ ઘણાને તેવું લાગે છે; કારણ કે જે દિવ્ય બલ અહીં અવતરણ કરે છે તે શારીરિક અને પ્રાણમય મનની જૂની ગતિઓ જેને તેઓ જીવન કહે છે,

તેને નિરાશ કરે છે અને તે માણસો આ બધી વસ્તુઓના ત્યાગને સ્વીકારવા માટે ટેવાયેલા નથી અથવા શાંતિ કે નીરવતાના આનંદને સ્વીકારવા માટે તૈયાર હોતા નથી.

*

શૂન્યપણું પોતે જ કોઈ ખરાબ અવસ્થા નથી. જો તે દુઃખદાયક અને અસ્વસ્થતાભર્યું, અસંતોષીભરી પ્રાણની શૂન્યતા હોય તો જ તે ખરાબ છે. સાધનામાં એક અવસ્થામાંથી બીજી અવસ્થામાં જવા માટે સામાન્ય રીતે જે અપનાવું પડે તે ઘણી સંક્રામક વસ્તુ છે. જ્યારે મન અને પ્રાણ અચંચલ બને છે અને જ્યારે તેમની ચંચળ ગતિઓ, વિચારો અને કામનાઓ અટકી જાય ત્યારે વ્યક્તિને શૂન્યતાનો અનુભવ થાય છે. કેટલીક વખત આ બિલકુલ તટસ્થ શૂન્યતા હોય છે જેમાં કાંઈ પણ હોતું નથી, સારું કે ખરાબ, સુખકર કે દુઃખકર, આવેગ કે ગતિમાંનું કાંઈ પણ નહિ. આવી તટસ્થ શૂન્ય અવસ્થા પછી ઘણી વખત અથવા સામાન્ય રીતે આંતર અનુભૂતિ ખુલ્લી થાય છે. એક એવી શૂન્યતા હોય છે જે શાંતિ અને નીરવતાની બનેલી હોય છે અને જ્યારે શાંતિ અને નીરવતા અંદર રહેલાં ચૈતસિકમાંથી બહાર આવે છે અથવા ઊર્ધ્વમાં રહેલી ઊર્ધ્વ ચેતનામાંથી અવતરણ કરે છે ત્યારે તે તટસ્થ હોતી નથી ; કારણકે તેમાં શાંતિ અને ઘણી વખત તો વિશાળતા અને મુક્તિની લાગણી હોય છે. એક એવી સુખદ શૂન્યતા હોય છે જેમાં કોઈક વસ્તુ નજીક હોય છે અથવા નજીક આવતું હોય એવું લાગે છે. પરંતુ તેમાં આવેલ નથી. દા. ત. માતાજીની સન્નિધિ અથવા કોઈ યોગ માર્ગ માટે તૈયાર કરતી અનુભૂતિ. તમે જે વર્ણન કરો છો તે તટસ્થ શૂન્યતા છે. તેથી ચિંતા કરવાની કોઈ જરૂર નથી. જ્યારે તે આવે છે, ત્યારે વ્યક્તિએ ફકત અચંચળ રહેવું અને જ્યાં સુધી અંદરમાંથી કોઈ વસ્તુનો વિકાસ ન થાય ત્યાં સુધી માતાજી પ્રત્યે ખુલ્લા રહીને તેમના તરફ જ વળેલાં રહેવું.

*

ખાલી પાત્ર બનવું એ ઘણી સારી વસ્તુ છે પણ જો માણસ જાણતો હોય કે શૂન્યતાનો ઉપયોગ કઈ રીતે કરવો તો જ.

*

જો તે ફકત શૂન્યતા હોય તો તેમાં કોઈ વસ્તુ ખરાબ નથી. શૂન્યતાના અને સભરતાના વારાફેરા સાધનામાં આવતી અનુભૂતિના બિલકુલ સામાન્ય લક્ષણો છે.

*

"ખાલીપણું (જો તમે તેનો અર્થ નીરવતા અને વિચારો, ગતિઓ વગેરેની શૂન્યતા કરતા હો તો) ઉચ્ચતર ચેતના તેમાં વહન કરી શકે તેના માટે પાયાની પરિસ્થિતિ છે.

*

પૂર્ણ ગ્રહણશીલતા માટે ખાલીપણું એ ઉત્તમ પરિસ્થિતિ છે.

*

ખાલીપણું ગમે ત્યાંથી આવી શકે છે: મનમાંથી, પ્રાણમાંથી અથવા ઊર્ધ્વમાંથી.

*

શૂન્યતા સામાન્યતયા ચેતનાની અથવા તેના કોઈ ભાગની સ્વચ્છતા તરીકે સામાન્ય રીતે આવે છે. ચેતના અથવા તેનો કોઈ ભાગ ખાલી પ્યાલા જેવો બની જાય છે જેમાં કોઈક નવીન વસ્તુથી તેને ભરી શકાય છે. ઉચ્ચતમ શૂન્યતા એ આત્માનું શુદ્ધ અસ્તિત્વ હોય છે જેમાં બધાં જ આવિર્ભાવો બની શકે છે.

*

શૂન્યતા પોતે જ એક ઉચ્ચતર ચેતનાનું લક્ષણ નથી, પરંતુ વ્યકિતને જયારે આત્માનો શુદ્ધ સાક્ષાત્કાર થાય છે ત્યારે માનવ પ્રાણને તે ઘણી વખત તે પ્રકારની દેખાય છે; કારણકે સર્વ કૂટસ્થ હોય છે અને પ્રાણને માટે જે કોઈ વસ્તુ ક્રિયાથી સભર ન હોય તે શૂન્ય લાગે છે. પરંતુ મન, પ્રાણ અથવા શારીરિકમાં જે શૂન્યતા આવે છે તે એક એવી વિશિષ્ટ વસ્તુ હોય છે જે ઊર્ધ્વમાંથી આવતી વસ્તુઓ માટે ખાલી જગા કરવાના હેતુથી આવે છે.

*

મનની અથવા પ્રાણની શૂન્યતા આધ્યાત્મિક હોઈ શકે છે, પરંતુ તે ઉચ્ચતર ચેતનાનાં મૂળભૂત ખાસિયત વગરની શૂન્યતા હોય છે. જો તે પ્રમાણે હોય તો ઊર્ધ્વતર ચેતનામાં બલ, પ્રકાશ કે આનંદ હોતાં નથી. શૂન્યતા એક પરિણામ હોય છે જે તંત્ર પદ્ધતિ ઉપર ઊર્ધ્વ બલના કોઈ કાર્યને ઉત્પન્ન થાય છે, જેથી કરીને ઊર્ધ્વ ચેતના તેની અંદર પ્રવેશ કરી શકે. એક આધ્યાત્મિક શૂન્યતા હોય છે. તે પૂર્ણ તમસની શુષ્ક અને જડ શૂન્યતા જે બિલકુલ આધ્યાત્મિક હોતી નથી તેનાથી ઊલટા પ્રકારની શૂન્યતા હોય છે.

*

શૂન્યતા એક મનોમય અથવા પ્રાણમય અથવા બધાં જ પ્રકારની ચેતના, જેમાં મનોમય કે પ્રાણિક ગતિઓ મુલાકાત લેતી નથી એવી અચંચળ અવસ્થા

હોય છે, પરંતુ તે શુદ્ધ સત્ પ્રત્યે ખુલ્લી હોય છે અને તે અસ્તિત્વ માટે તૈયાર હોય છે અથવા તેના પ્રત્યે વળવા તૈયાર હોય છે, પરંતુ તેણે સત્ તત્ત્વની પૂર્ણ-શકિતનો સાક્ષાત્કાર કર્યો હોતો નથી. આ બધી પરિસ્થિતિઓમાંથી તે કઈ રીતની બની શકે છે તે વ્યકિતગત પ્રસંગ ઉપર આધાર રાખે છે. આત્માની અવસ્થા અથવા શુદ્ધ સત્ તત્ત્વની અવસ્થા કેટલીક વખત શૂન્યાવસ્થા કહેવાય છે, પરંતુ ફકત એટલા જ અર્થમાં કે તે એવી અવસ્થા હોય છે જેમાં સ્વરૂપ કેવળ અચંચલ, આરામમય સ્થિતિમાં છે અને ચંચલ પ્રકૃતિ સાથે તેને કોઈ સંબંધ નથી.

*

"ખાલીપણા" જેવી કોઈ વસ્તુ નથી. ખાલીપણું એટલે એવું શૂન્ય જેમાં કોઈ વસ્તુઓ હોતી નથી સિવાય કે એક શુદ્ધ અને સરળ અસ્તિત્વ. તેના સિવાય વ્યકિતને નીરવ બ્રહ્મનો સાક્ષાત્કાર થઈ શકે નહિ.

*

"ખાલીપણું" એ આત્માની એક અવસ્થા છે – મુકત, વિશાળ અને નીરવ. તે મનને શૂન્યાવસ્થા લાગે છે પરંતુ હકીકતમાં તે ફકત શુદ્ધ સત્ અને ચેતનાની એક અવસ્થા હોય છે, સત્ અને શાંતિ સાથેનું ચિત્.

*

શૂન્યતા ઘણા પ્રકારની હોય છે – એક પ્રકારની આધ્યાત્મિક શૂન્યતા અથવા એક એવી શૂન્યતા જે નવીન ચેતના માટેની તૈયારી હોય. પરંતુ પ્રાણ-શકિતનું ખૂટી જવું એ બિલકુલ ભિન્ન વસ્તુ છે. તે થાકમાંથી આવે છે, કોઈ વ્યકિતમાંથી આવે છે અથવા કોઈ એવી વસ્તુ જે તમારી પ્રાણશકિતને ખેંચી લે છે અથવા તમસના હુમલામાંથી આવે છે. પરંતુ મને એ સમજાતું નથી કે તેને અંગ્રેજીના અભ્યાસની સાથે કેમ સાંકળી લેવામાં આવે છે અને ત્યારે જ તે કેમ બની આવે છે.

*

શૂન્યપણાનું સામાન્ય પરિણામ કોઈ પણ પ્રાણમય વિક્ષોભને સ્થિર કરવાનું હોય છે. જોકે તે પૂર્ણ ન હોય તો મનના વારંવાર થતા યાંત્રિક પુનરાવર્તનને અટકાવી શકતું નથી.

*

જો તે સાચી શૂન્યતા હોય તો વ્યકિત તેમાં વર્ષો સુધી આરામમાં રહી શકે છે – તે વસ્તુ એવી છે; કારણકે પ્રાણ ચંચલ છે અને કામનાથી પૂર્ણ છે (શૂન્ય નહિ) તેથી તે પ્રમાણે એવું છે. તે ઉપરાંત સ્થૂલ મન પણ કોઈ પણ રીતે આરામની સ્થિતિમાં નથી જો કામનાઓને બહાર ફેંકી દીધી હોય અને અહંકાર

ઓછો સક્રિય હોય અને શારીરિક મન આરામમાં હોય, તો સ્થૂલ મનની મૂર્ખાઈની જગાએ ઊર્ધ્વમાંથી જ્ઞાન આવે છે, પ્રાણમય મન સ્થિર અને અચંચલ બને અને માતાજીની શકિત કાર્યને પોતાના હાથ ઉપર લે અને ઊર્ધ્વતર ચેતનાનું અવતરણ થવાની શરૂઆત થાય. એ વસ્તુ શૂન્યતાને યોગ્ય–અનુકૂળ છે.

*

હું એવું ન લખી શકયો હોત કે ફકત તમને જ નીરવતાની અનુભૂતિ શૂન્ય જેવી થયેલી છે; કારણકે એવા પુષ્કળ માણસો છે જેમને પ્રથમ તે પ્રકારની જ અનુભૂતિ થાય છે. વ્યકિતને તે શૂન્યતા જેવી લાગે છે; કારણકે તેને અસ્તિત્વને વિચાર, લાગણી અને ગતિ સાથે અનુસંધાન કરવાની ટેવ પડી ગઈ હોય છે અથવા પદાર્થોને રૂપો સાથે તે અનુસંધાન કરે છે, જયારે શૂન્યતામાં આવું કાંઈ હોતું નથી. પરંતુ ખરેખર તે શૂન્યતા નથી.

*

તમે શકિતના અવતરણ વિષે લખ્યું છે – કેટલીક વખત તો બધા સ્વરૂપના ભાગોને તે ભરી દે છે – એટલે તમે આ "કદી નહિ" એટલે શું કહેવા માગો છો ? મારો કહેવાનો અર્થ બિલકુલ એવો નહોતો કે એવી કોઈક યાંત્રિક પ્રક્રિયા છે જેનાથી દરેક વખતે શૂન્યતા થાય ત્યારે એક સંપૂર્ણ સભરતા આવે છે. તે સાધનાની અવસ્થા ઉપર આધાર રાખે છે. અવતરણ થાય તે પહેલા ઘણો લાંબો સમય પણ લાગે અથવા ઘણા લાંબા સમય સુધી શૂન્યતા રહે – જે વસ્તુથી ભરાય છે તે નીરવતા અને શાંતિ અને બલ અથવા જ્ઞાન હોઈ શકે અને તેઓ ફકત મનને જ સભર કરે અથવા મન અને હૃદયને અથવા મન, હૃદય અને પ્રાણ અથવા સર્વસ્વને. પરંતુ આ બે પ્રક્રિયા વિષે કોઈ રૂઢ અને યાંત્રિક રીતની નિયમિતતા હોતી નથી.

*

સ્વરૂપની નીરવતા એ યોગનું પ્રથમ સ્વાભાવિક લક્ષ્ય છે. ક્ષ અને બીજા કેટલાક માણસો તેમાં સંતોષ પ્રાપ્ત કરતા નથી; કારણકે તેઓએ પ્રાણમય મન જેને કોઈક પ્રકારની સક્રિયતા, ફેરફાર, કાંઈક કરવું જ જોઈએ, કાંઈક બનવું જ જોઈએ એવી ઈચ્છા હોય છે, તેમના ઉપર વિજય પ્રાપ્ત કરેલો નથી. નીરવ બ્રહ્મની શાશ્વત અચલતા એવી વસ્તુ છે જેમાં તેને રસ આવતો નથી. તેથી જયારે શૂન્યતા આવે છે ત્યારે તેને તે શુષ્ક, જડ અને કંટાળાજનક લાગે છે.

*

ચોક્કસ, પ્રાણ ખાલી અવસ્થામાં રસ લઈ શકે નહિ. જો તમે તમારા પ્રાણ ઉપર આધાર રાખો તો તેને લંબાવી શકો નહિ. આત્મા જ નીરવતામાં મુકિતની અનુભૂતિ કરે છે અને તેમાં સર્વ મનોમય અથવા બીજી સક્રિયતા વગરની શૂન્યતા હોય છે, કારણકે તે નીરવતાની અંદર આત્મ-સભાન થાય છે. ખાલીપણાને વાસ્તવિક બનવા માટે વ્યકિતએ પુરુષ અથવા સાક્ષી ચેતનામાં દાખલ થવું પડે છે. જો તમે તેના તરફ તમારા મનથી અથવા પ્રાણથી જોશો તો તેમાં ખાલીપણું હોતું નથી, કારણકે તેમાં સ્પષ્ટ વિચારો ન હોવા છતાં, કોઈક મનોમય વલણ અથવા મનોમય આંદોલનો હોય છે. દા. ત. રસની લાગણી ન અનુભવવી.

*

શૂન્યતા એક શુષ્ક અથવા દુઃખદ પરિસ્થિતિ હોવા માટે કોઈ કારણ નથી. સામાન્ય રીતે મન અને પ્રાણને સુખ અથવા રસની સાથે સક્રિયતા જોડી દેવાની ટેવ હોય છે, પરંતુ આધ્યાત્મિક ચેતનામાં આવી કોઈ મર્યાદાઓ હોતી નથી.

*

હું ખરેખર જાણતો નથી કે તમારે કયા પ્રકારનો આનંદ જોઈએ છીએ. બધી જ અનુભૂતિઓનો આનંદ સાથીદાર હોતો નથી, રસ એ જુદી જ વસ્તુ છે.

*

• શારીરિક ચેતનાનું સામાન્ય વલણ શૂન્યતાની જગાએ પોતાની જડતાને મૂકે છે. સાચી શૂન્યતાની શરૂઆત હું 'આર્ય'માં જેને 'શમ' કહું છું તેનાથી થાય છે – આરામ, સ્થિરતા, શાશ્વત આત્માની શાંતિ – જેને છેવટે તો તમસ અને શારીરિક જડતાની જગાએ મૂકવાની છે. તમસ એ "શમ"નું અધઃપતન છે જેવી રીતે રજસ એ તપસ, દિવ્ય બલનું અધઃપતન છે. શારીરિક ચેતના પોતાની જડતાને સ્થિરતા, શાંતિ અથવા બાકીની સાચી ચેતનાની જગાએ પુનઃસ્થાપન કરવા પ્રયત્ન કરે છે, જેવી રીતે પ્રાણ પોતાનો રજોગુણ દિવ્ય બલના સાચા કાર્યની જગાએ સ્થાપન કરવા માગે છે તે પ્રમાણે.

*

શારીરિક ચેતના ખાલીપણાથી કંટાળતી નથી. તેને તે તામસિક લાગે; કારણકે તેનું પોતાનું વલણ જડતા તરફનું હોય છે, પરંતુ સામાન્ય રીતે તે શૂન્યપણા માટે વિરોધ ઊઠાવતી નથી. અલબત્ત, તે વસ્તુ પ્રાણમય-શારીરિક હોઈ શકે. તમારે તેનો જૂની ગતિઓના અવરોધ તરીકે ઇનકાર કરવાનો છે.

*

સાધનાના તબક્કામાં એક ખાલીપણાની અવસ્થા આ પ્રકારની "તટસ્થ-અચંચલતા" ની અવસ્થા ઘણી વખત આવે છે – ખાસ કરીને જયારે સાધના

શારીરિક ચેતનામાં ચાલતી હોય ત્યારે. એમાં એવું નથી હોતું કે અભીપ્સા ચાલી ગઈ હોય છે, પરંતુ તે સમય દરમિયાન તે આવિર્ભાવ પામતી નથી; કારણકે બધું જ તટસ્થ રીતે શાંત બની ગયું હોય છે. આ અવસ્થા મન અને પ્રાણ માટે પડકારરૂપ હોય છે; કારણકે તેઓ કોઈક પ્રકારની સક્રિયતાથી ટેવાયેલા હોય છે અને આવી અવસ્થાને નિર્જીવ સ્થિતિ ગણે છે. પરંતુ આવી સ્થિતિ આવે ત્યારે વ્યકિતએ વિક્ષુબ્ધ અથવા નિરાશ ન થવું; પરંતુ સ્થિર રહીને એવી શ્રદ્ધા રાખવી કે તે એક તબક્કો જ છે, એક એવું ક્ષેત્ર જેને સાધના દરમિયાન પસાર કરવાનું છે. ગમે તે પરિસ્થિતિમાં શ્રદ્ધા અને સમર્પણનો નિશ્ચિત વિચાર મનની નજર સમક્ષ રાખવો જોઈએ. અસ્વસ્થતાની ટૂંકી ગતિઓ માટે, આ વસ્તુને પકડી રાખવામાં આવે તો શાંત પડી જશે અને સ્થિર મન અને પ્રાણ પોતાનું પુનઃસ્થાપન સહેલાઈથી કરી શકશે.

*

"ખાલીપણું" એ એક અવસ્થા છે જેમાં સાક્ષાત્કારને આવવું પડે છે. જો તેના માટે અભીપ્સાની જરૂર હોય તો તેનો ઉપયોગ કરવો જોઈએ; જો સાક્ષાત્કાર પોતાની જાતે જ આવે તો અભીપ્સાની જરૂર રહેતી નથી.

*

હું જે અવસ્થાની વાત કરતો હતો તે "ખાલીપણા" ની નહોતી; પરંતુ બીજી જ કોઈ વસ્તુ હતી – તમારા પત્રમાં આપેલા પરિચ્છેદના સંદર્ભમાં હું એમ સમજું છું કે તે એવી "અવસ્થા છે જેમાં અભીપ્સાની જરૂર નથી." આવી સ્થિતિ ખાલીપણું હોતી નથી પરંતુ એવી 'અવસ્થા' હોય છે જેમાં માતાજીની શકિત ચેતનામાં હાજર હોય છે અને તે દરેક કાર્ય કરે છે.

*

દરેક પ્રકારના સાક્ષાત્કાર હોય છે – અને તે આત્મા, વૈશ્વિક ચેતના, માતાજીની હાજરી, પ્રકાશ, બલ, આનંદ, જ્ઞાન, સચ્ચિદાનંદનો સાક્ષાત્કાર ચેતનાના ભિન્ન ભિન્ન પ્રકારના છેક અતિમનસ ભૂમિકા સુધીના સાક્ષાત્કારો હોઈ શકે છે. આ બધી જ અનુભૂતિઓ નીરવતામાં આવી શકે છે, જે ટકી રહે છે. પરંતુ ખાલી રહેલી બંધ થઈ જાય છે.

*

જ્યારે ખાલીપણું ચાલ્યું જાય છે ત્યારે નીરવતા ટકી શકે છે. બધા જ પ્રકારની વસ્તુઓ તેમાં ભરાય છે અને તેમ છતાં નીરવતા ટકી રહે છે; પરંતુ જો

તમે શકિતથી; પ્રકાશથી, આનંદથી, જ્ઞાનથી વગેરેથી પૂર્ણ ભરપૂર રહો તો પછી તમે તમારી જાતને ખાલી કહી શકો નહિ.

*

જો તે આધ્યાત્મિક શૂન્યતા હોય તો તેને સાધના સાથે દખલ કરતી અનુભવી શકો નહિ.

*

તમે જે વર્ણન કરો છો તે તમારી પહેલાં હતી તે જ પ્રકારની તટસ્થ પરિસ્થિતિ છે. તે એક અંતરાલ સ્થિતિ છે જેમાં જૂની ચેતના સક્રિય બનતી અટકી ગઈ છે અને તટસ્થ અચંચળતાની પાછળ એક નવીન ચેતના તૈયાર થઈ રહી છે. વ્યકિતએ તેને સ્થિરતાથી સ્વીકારવાની છે અને તેનો વળાંક એક આધ્યાત્મિક શાંતિ અને ચૈતસિક આનંદમાં પરિણમે ત્યાં સુધી રાહ જોવાની છે. તે વસ્તુ પ્રાણમય આનંદ અને દર્દ કરતાં ભિન્ન છે. પ્રાણમય આનંદ અથવા પ્રાણમય શોક જેવી કોઈ પણ વસ્તુ ન હોવી એ યોગીઓદ્વારા ઈચ્છનીય મુકિત ગણવામાં આવે છે – સામાન્ય માણસને પ્રાણમય લાગણીઓમાંથી પસાર થઈને સાચી અને સતત આંતર-શાંતિ અથવા સુખ પ્રત્યે જવા માટે તે શકય બનાવે છે. હું ધારું છું કે અત્યારે તમને ધ્યાનમાં બેસવા માટે સમય નથી. ઊંઘનું દબાણ એ અંતરમાં જવાનું દબાણ છે અને ધ્યાનની ટેવ જે ઊંઘની એક પ્રકારની નિદ્રા–સમાધિ બને છે જે વ્યકિતને ભિન્ન અનુભૂતિઓમાં અને આંતર–સ્વરૂપમાં થતી પ્રગતિઓમાં પરિવર્તન કરવાનું શકય બનાવે છે.

*

તમને જે પરિસ્થિતિની લાગણી થાય છે એ સાધનામાં ખૂબ જાણીતી વસ્તુ છે. તે એક પ્રકારનો માર્ગ અથવા પસાર થવાની અવસ્થા છે, એક આંતર પરિસ્થિતિ જે વિકાસ પામે છે પણ હજુ પૂર્ણ થયેલી નથી. એ સમયે કાંઈ બોલવું અથવા પોતાની જાતને બહાર ફેંકી દેવી એ દુ:ખદાયક છે. જરૂરી વસ્તુ છે ખૂબ સ્થિર રહેવાની તથા જયાં સુધી ગતિ પૂર્ણ ન થાય ત્યાં સુધી બધો જ સમય પોતાની અંદર રહેતા થવું–વ્યકિતએ બોલવું પણ ન જોઈએ અથવા ઓછું બોલવું અથવા ધીમા શાંત અવાજે બોલવું અથવા મનને બાહ્ય વસ્તુઓમાં એકાગ્ર ન કરવું. લોકો શું કહે છે અથવા પ્રશ્ન કરે છે તેની પરવા પણ ન કરવી – જોકે તેઓ સાધનાની તાલીમ લે છે છતાં તેઓ આવી પરિસ્થિતિઓ વિષે કાંઈ પણ જાણતા નથી અને જો વ્યકિત સ્થિર અથવા અંતર્મુખ બને તો તેઓ વિચારે છે કે તે દુ:ખી અથવા માંદી હોવી જ જોઈએ. માતાજીએ તમને તેવા બિલકુલ જાણ્યા

નથી, દુ:ખી કે રોગી એ એક ફક્ત અવસ્થા અથવા કામચલાઉ સાધનાની સ્થિતિ છે, જેની તેમને અનુભૂતિ છે અને તેઓ ઘણી સારી રીતે તેને જાણે છે. જ્યાં સુધી કોઈ નિશ્ચિત વસ્તુ શરૂ ન થાય ત્યાં સુધી આવી સ્થિતિ દિવસો સુધી ચાલે છે, ઘણા વખત સુધી ચાલે છે. શ્રદ્ધા રાખો અને સ્થિર રહો.

*

૭

યોગીઓ સામાન્ય રીતે એવો નિયમ આપે છે કે સાધના ચાલુ હોય ત્યાં સુધી વ્યકિતએ પોતાની અનુભૂતિ વિષે બીજાઓને વાત ન કરવી. અલબત્ત, સિવાય ગુરુ સાથે, કારણકે તે અનુભૂતિને ક્ષીણ કરી નાખે છે. તેઓ તેને તપસ્યાનો 'ક્ષય' કહે છે. ખૂબ લાંબા સમય પહેલાં થયેલી અનુભૂતિઓ વિષે જ તેઓ વાતચીત કરે છે અને તે પણ મુક્ત રીતે નહિ.

*

પ્રકાશ તમને છોડી ગયો; કારણ કે તમે એવી વ્યકિત સાથે તેની વાત કરી જે 'અધિકારી' નહોતી. આ બધી અનુભૂતિઓ વિષે વાતચીત ન કરવી તે સૌથી સહિસલામત વસ્તુ છે સિવાય કે તમારા ગુરુ સાથે અથવા એવી કોઈ વ્યકિત સાથે જે તમને મદદ કરી શકે. જેવી અનુભૂતિ કહેવાઈ જાય કે તુર્ત જ તે ચાલી જાય છે, તેવું ઘણી વખત બને છે અને તેથી ઘણા યોગીઓએ એવો નિયમ બનાવ્યો છે કે તેમની ભીતરમાં શું ચાલી રહ્યું છે તે કદી કોઈને કહેવું નહિ, સિવાય કે તે ભૂતકાળમાં બની ગયેલી વસ્તુ હોય અથવા સ્થિર થયેલો સાક્ષાત્કાર હોય જેને કોઈ વસ્તુ દૂર કરી શકે નહિ. એક સ્થાપિત થઈ ગયેલી અનુભૂતિ ટકી રહે છે; પરંતુ આ બધી વસ્તુઓ એવી હતી જે ચેતનામાં એક ખુલ્લાપણું કરવાની શકયતા ઊભી કરવા આવે છે અને તેમાંથી કોઈ વધારે પૂર્ણ વસ્તુને શકય બનાવે – તેને સાક્ષાત્કાર માટે તૈયાર કરવા તે આવે છે.

*

મેં એમ વિચારેલું કે તમારે સમજી લેવાનું હતું કે મેં જે માણસો વિષે લખેલું તે ખાનગી હતું. પોતાની અનુભૂતિઓ અથવા બીજાઓની અનુભૂતિઓ જો વ્યકિતના જાણવામાં આવે તો તેમના વિષે વાતચીત ન કરવી જોઈએ અથવા તેમના વિષે

ગપસપ કરવી ન જોઈએ. જો તેનાથી બીજાઓને કોઈ આધ્યાત્મિક ફાયદો થતો હોય અને તેમ છતાં તે ભૂતકાળની અનુભૂતિઓ હોય તો જ તેના વિષે વ્યકિત વાતચીત કરી શકે છે નહિતો પછી તે એબીસિનિયાના અથવા સ્પેઈનના સમાચાર જેવું બની જાય છે, કોઈ સામાન્ય ક્ષુદ્ર વસ્તુ જે પ્રાણમય સામૂહિક-મનને માટે વાગોળવાની અથવા ચર્વણ કરવાની વસ્તુ બની જાય.

*

જો તમારે આનંદને ટકાવી રાખવો હોય તો તમારે તેની વાત બીજાઓ સાથે ન કરવી એ ડહાપણભરી રીત છે. જે વસ્તુઓ વિષે બોલવામાં આવે છે તેમને પાંખો આવે છે અને તેઓ છટકી જવા માટે પ્રયત્ન કરે છે.

*

• અનુભૂતિઓ વિષે જે લખવામાં આવ્યું હોય તે બતાવવું અથવા પોતાની અનુભૂતિઓ વિષે બીજાની સાથે વાતચીત કરવી એ કાયમ જોખમી છે. પોતાની પાસે જ તે વસ્તુઓ રાખી મૂકવી એ ઉત્તમ છે.

*

સામાન્ય જ્ઞાન એ જુદી જ વસ્તુ છે, તે બૌદ્ધિક છે. બુદ્ધિ બૌદ્ધિક શિક્ષણની પ્રવૃત્તિથી ફાયદો મેળવે છે. ઉપરાંત જો યોગમાં તે વિષયનું–વ્યકિતનું મનોમય જ્ઞાન બૌદ્ધિક રીતે આપવાની બાબત હોય તો તે નિયમ કદાચ ટકી રહે; પરંતુ આ મનોમય પાસું યોગનો બહુ નાનકડો ભાગ છે. કોઈ એવી વધારે જટિલ વસ્તુ છે જે યોગના ઘણા મોટા ભાગનો સમાવેશ કરે છે. બીજા માણસોને યોગનું શિક્ષણ આપવામાં વ્યકિત થોડે અંશે પોતાના શિષ્યોનો શિક્ષક બને છે. યોગીઓએ કાયમ કહેલું છે કે જે વ્યકિતઓ શિષ્યોને સ્વીકારે છે તે પોતાની જાત ઉપર પોતાના શિષ્યોની મુશ્કેલીઓને સ્વીકારી લે છે અને તેની પોતાની મુશ્કેલીઓનો પણ સ્વીકાર કરે છે – એટલા માટે જ જ્યાં સુધી માણસ સિદ્ધ ન બને ત્યાં સુધી કોઈ શિષ્યો ન સ્વીકારવા એવી સલાહ આપવામાં આવે છે અને તે પણ જો પરમાત્મા તરફથી તેને સત્તા મળેલી હોય તો જ તે પ્રમાણે કરવું – જેને રામકૃષ્ણ "ચપરાસ"ની પ્રાપ્તિ કહેતા. બીજું અહંકારનું પણ જોખમ છે – વ્યકિત જો તેમાંથી મુકત બને તો પછી તે વાંધો ટકતો નથી. એક બીજો પ્રશ્ન પણ છે અને તે પોતાની અનુભૂતિઓ વિષે બીજાને વાત કરવાનો. મોટા ભાગના યોગીઓ તેને માટે મનાઈ કરે છે – તેઓ કહે છે કે તે સાધના માટે જોખમી છે. મેં એવા ઘણા પ્રસંગો જોયા છે અને સાંભળ્યા છે જેમાં માણસોને અનુભૂતિઓનો પ્રવાહ શરૂ

થયેલો અને જ્યારે તેમણે તે વિષે બીજાઓને વાત કરેલી ત્યારે તે પ્રવાહ ચાલી ગયેલો – એટલે આ મનાઈમાં કાંઈક વજુદ લાગે છે. તેમ છતાં હું ધારું છું કે વ્યક્તિને અમુક લાંબા સમય સુધી અનુભૂતિની સ્થિરતા સ્થપાઈ જાય, તે પછી મનાઈ હુકમ બંધ થાય છે, એટલે કે જ્યારે તે અનુભૂતિ એક નિશ્ચિત અને કાયમી સાક્ષાત્કાર સુધી પહોંચે છે ત્યારે કોઈ છેવટની અને અફર વસ્તુની ચેતનામાં વૃદ્ધિ થાય છે. મેં જોયું છે કે જે લોકો પોતાની અનુભૂતિઓને પોતાની પાસે રાખે છે અને બીજાઓ પાસે વ્યકત કરતાં નથી તેઓ સાધનામાં બીજા કરતાં વધારે સ્થિર હોય છે, પરંતુ મને ખબર નથી કે તેવો કોઈ અફર નિયમ હોય. સાક્ષાત્કારની અમુક અવસ્થા પછીથી કદાચ તે નિયમ લાગુ ન પણ પડે.

★

વિભાગ ૨

દર્શનો અને પ્રતીકો

દર્શનો અને પ્રતીકો

બધા જ દર્શનોનું એક અથવા બીજું કોઈ અર્થઘટન હોય છે. આ દર્શનની શકિત યોગ માટે ઘણી અગત્યની છે અને તેનો ઇનકાર ન કરવો જોઈએ; જોકે તે સૌથી અગત્યની વસ્તુ નથી–કારણકે સૌથી અગત્યની વસ્તુ ચેતનાનું પરિવર્તન છે. આ દર્શન જેવી બીજી બધી શકિતઓનો વિકાસ, આસકિતરહિત યોગના ભાગો તરીકે અને મદદરૂપ સાધનો તરીકે કરવો જોઈએ.

*

દર્શનો અનિવાર્ય નથી-જયારે તેઓ સાચા પ્રકારના હોય છે ત્યારે તેઓ મદદરૂપ છે, બસ એટલું જ.

*

દર્શનો અને અવાજોને તેમનું એક સ્થાન હોય છે, જયારે તેઓ સાચા દર્શનો અને સાચા અવાજો હોય છે. સ્વાભાવિક રીતે જ તેઓ સાક્ષાત્કાર હોતા નથી; પરંતુ માર્ગ ઉપરના ફકત પગલાંરૂપ હોય છે અને વ્યકિતએ તેમનામાં બંધાઈ ન જવું અથવા સર્વ દર્શનને કીમતી ગણવા નહિ.

*

તમે જે દર્શનોનું વર્ણન કરો છો તે સાધનાની શરૂઆતની અવસ્થામાં આવે છે. આ સ્થળે ઘણીખરી વસ્તુઓ જે દેખાય છે તેઓ મનોમય ભૂમિકાની રચનાઓ હોય છે અને તેમના ઉપરથી કાયમ સ્પષ્ટ અર્થનું સૂચન કરી શકાતું નથી; કારણકે તેમનો આધાર સાધકના વ્યકિતગત મન ઉપર હોય છે. પછીની અવસ્થામાં દર્શનની શકિત સાધના માટે અગત્યની બને છે; પરંતુ શરૂઆતમાં વ્યકિતએ જ્યાં સુધી ચેતનામાં વધારે વિકાસ સાધેલો ન હોય ત્યાં સુધી તેમની વિગતોને બહુ અગત્ય ન આપવી. ચેતનાનો દિવ્ય પ્રકાશ, સત્ય અને દિવ્ય હાજરી પ્રત્યે ખુલ્લા થવું એ યોગમાં હંમેશાં અગત્યની વસ્તુ હોય છે.

*

તેના પત્રમાં લખે છે તે પ્રમાણે તેને વારંવાર જે પ્રકાશોના દર્શન થાય છે તે સામાન્ય રીતે સૂચન કરે છે કે દર્શન કરનાર તેની બાહ્ય સપાટીથી અથવા જાગૃત ચેતનાથી મર્યાદિત નથી પરંતુ તેનામાં એક ગુપ્ત શકિત રહેલી છે (જેને કેળવવાથી અને તાલીમથી પૂર્ણ કરી શકાય), જેનાથી આંતર-ચેતનાની અનુભૂતિ-

ઓમાં તે પ્રવેશ પ્રાપ્ત કરી શકે; ઘણાખરા લોકો આ વસ્તુ વિષે અભાન હોય છે પરંતુ તે યોગની તાલીમદ્વારા ખુલ્લી કરી શકાય છે. આ શકિત ખુલ્લી થવાથી વ્યકિત અનુભૂતિની સૂક્ષ્મ ભૂમિકાઓ વિષે તથા ભૌતિક જગત સિવાય અન્ય જગતો વિષે સભાન બની શકે છે. આધ્યાત્મિક જીવન માટે આંતર-ચેતનામાં વધારે ખુલ્લાપણાંની જરૂર રહે છે, જેને લઈને વ્યકિત વિશ્વાત્મા અને આત્મા તથા શાશ્વત તત્ત્વ અને પરમાત્મા વિષે સભાન બની શકે છે.

*

દર્શનો આધ્યાત્મિક ભૂમિકામાંથી આવતા નથી; તેઓ સૂક્ષ્મ શારીરિક પ્રાણમય, મનોમય, ચૈતસિક અથવા મન ઉપરથી રહેલી ભૂમિકા ઉપરથી આવે છે. જે વસ્તુ આધ્યાત્મિક ભૂમિકામાંથી આવે છે તે પરમાત્માની અનુભૂતિઓ હોય છે. દા. ત. સર્વ જગાએ રહેલા આત્મતત્ત્વ વિષે, સર્વમાં રહેલા પરમાત્મા વિષે વગેરે પ્રકારની.

*

દર્શનો અને અનુભૂતિઓ (ખાસ કરીને અનુભૂતિઓ) બરાબર છે; પરંતુ તમે દરેક દર્શનનો તેને અનુરૂપ ભૌતિક હકીકતમાં અનુવાદ થાય એવી ધારણા ન રાખી શકો. કેટલાક થાય છે, પરંતુ મોટાભાગના થતા નથી, બીજા સંપૂર્ણ રીતે અતિ-શારીરિક હોય છે અને તેઓ વાસ્તવિકતાઓ, શકયતાઓ અથવા વલણોનું જે જગાએ સ્થાન ધરાવતા હોય છે તેમના સૂચનોરૂપે હોય છે. તે બધા જીવનમાં કેટલા પ્રમાણમાં અસર કરશે અથવા પોતાની જાતનો સાક્ષાત્કાર કરશે અથવા તો તેઓ બિલકુલ કરશે કે કેમ તે દર્શનના પ્રકાર ઉપર, તેમાં રહેલી શકિત ઉપર, કેટલીક વખત દર્શન કરનારના સંકલ્પ ઉપર અથવા તેની રચનાત્મક શકિત ઉપર આધાર રાખે છે.

માણસો દર્શનોની કિંમત એક વસ્તુ માટે આંકે છે; કારણકે તેઓ બીજા જગતો સાથે અથવા આંતર-જગતો સાથે તથા તેમાં રહેલી બધી વસ્તુ માટે એક ચાવી હોય છે (બીજી પણ ચાવીઓ હોય છે) અને આ બધા પ્રદેશો પુષ્કળ ખજાનાથી ભરેલા હોય છે, જે હાલમાં રહેલી ભૌતિક ભૂમિકામાં જેટલા પ્રમાણમાં છે તેનાથી અનેક ગણા મોટા હોય છે. વ્યકિત એક વિશાળતર મુકત આત્મામાં અને વિશાળતર વધારે નમનીય જગતમાં પ્રવેશ કરે છે; અલબત્ત, વ્યકિતગત દર્શનો ફક્ત સ્પર્શ આપે છે, પરંતુ ખરેખરો પ્રવેશ નહિ; પરંતુ દર્શનોની શકિત સાથે બીજી સૂક્ષ્મ ઈન્દ્રિયો (શ્રવણ, સ્પર્શ વગેરે) ની શકિતઓનો સાથ હોય તો જેમ જેમ તે વધારે વિશાળ બને તેમ તેમ જરૂર આ પ્રવેશ પ્રાપ્ત કરે છે. આ વસ્તુ-ઓની અસર કેવળ કલ્પના હોતી નથી (જેવી કે કવિની અથવા કલાકારની જોકે

તે પણ પૂરતા પ્રમાણમાં સમર્થ હોઈ શકે); પરંતુ જો તેમનું પૂર્ણ રીતે અનુસરણ કરવામાં આવે તો સ્વરૂપનો તથા ચેતનાનો તથા તેની અનુભૂતિની સમૃદ્ધિનો અને તેના ક્ષેત્રનો સતત વિકાસ લાવે છે.

લોકો દર્શન-શકિતની કિંમત તેનાથી પણ વધારે મોટા કારણસર આંકે છે; તે પરમાત્મા સાથે તેના રૂપો અને શકિતઓમાં પ્રથમ સ્પર્શ આપી શકે છે; તે પરમાત્મા સાથેના વ્યવહારનું ઉદ્‌ઘાટન કરી શકે છે, તે એક એવો અવાજ સાંભળી શકે છે કે તે માર્ગદર્શન આપી શકે, એક દિવ્ય હાજરી તેમ જ હૃદયમાં પ્રતિમાનું સ્થાપન કરે છે, અને એવી બીજી ઘણી વસ્તુઓ લાવે છે જેની માણસ ધર્મ અથવા યોગ મારફતે શોધ કરતો હોય.

તે ઉપરાંત દર્શન કીમતી વસ્તુ છે, કારણકે તે પોતાના સ્વરૂપની અને પોતાની ચેતનાની આંતર–ભૂમિકાઓની ચાવી છે અને તેથી વિશ્વરૂપ ચેતનાની ભૂમિકાઓ અથવા અન્ય જગતોથી ભિન્ન વસ્તુ છે. યોગની અનુભૂતિ ઘણી વખત કપાળમાં રહેલા ત્રીજા નેત્રને ખુલ્લું કરવાથી શરૂઆત કરે છે (ભ્રૂમધ્ય વચ્ચેનું દર્શનનું કેન્દ્ર) અથવા સૂક્ષ્મ સ્વરૂપની શરૂઆત અને વિસ્તારના કોઈ પ્રકારથી શરૂઆત કરે છે જે પ્રથમ તો બિન–અગત્યનું લાગે પરંતુ એક વધારે ઊંડી અનુભૂતિનું પ્રવેશદ્વાર હોય છે. તે પ્રમાણે તે ન હોય છતાં – કારણકે માણસ અનુભૂતિ તરફ સીધેસીધો જઈ શકે છે–પછીથી અનુભૂતિની એક શકિતશાળી મદદ તરીકે તે આવી શકે છે; તે એવા સૂચનોથી ભરપૂર હોઈ શકે છે જે આત્મજ્ઞાન માટે મદદરૂપ થાય અથવા વસ્તુઓના જ્ઞાન માટે અથવા માણસોના જ્ઞાનમાં મદદરૂપ બને, તે લંબ રેખામાં પણ આવી શકે અને પૂર્વ–દર્શન અથવા પૂર્ણ ચેતવણીરૂપે તથા ઓછા અગત્યના ખુલ્લાપણા પ્રત્યે પણ દોરી જાય છે; પરંતુ તે યોગીને માટે ઘણા ઉપયોગી હોય છે. ટૂંકમાં, દર્શન એક મહાન કરણ છે, જોકે તે નિરપેક્ષપણે અનિવાર્ય નથી.

પરંતુ મેં જે પ્રમાણે સૂચન કર્યું તે પ્રમાણે ઘણાં ઘણાં દર્શનો હોય છે, જેવી રીતે સ્વપ્નાંઓ પણ ઘણાં ઘણાં હોય છે, અને વ્યકિતએ એક એવી શકિત તથા મૂલ્યોની અને વસ્તુઓની એક ભાવના વિકસાવવાની છે અને તેમને કઈ રીતે સમજવી અને તે શકિતઓનો કેવો ઉપયોગ કરવો તે જાણવાનો હોય છે. પરંતુ તે વસ્તુ વિષે લંબાણપૂર્વક વાતચીત કરવી એ ઘણી મહાન અને જટિલ વસ્તુ છે.

*

જે દર્શનો આવતા હતા તેમને તેણે બંધ કરવામાં ભૂલ કરી છે. દર્શનો અને ભ્રમજનક દેખાવો બન્ને એક વસ્તુ નથી. આંતર–દર્શન સ્થૂલ મનથી પર રહેલી

ચેતનાની ઊર્ધ્વતર ભૂમિકાઓનું તરફનું ખુલ્લું બારણું છે અને તે વિશાળતર સત્ય અને અનુભૂતિને પ્રવેશ કરવા માટે અને મન ઉપર કાર્ય કરવા માટે જગા કરી આપે છે. તે ફક્ત એક જ અને સૌથી અગત્યનું દ્વાર નથી, પરંતુ તે ઘણા માણસો માટે સૌથી તૈયાર બનીને આવે છે. જોકે ઘણાને ન પણ આવે, પણ તે ઘણી શકિતશાળી મદદ હોય છે. જે લોકો બુદ્ધિવાદીઓ હોય છે તેમના માટે એટલી સહેલાઈથી તે આવતું નથી જેટલી સહેલાઈથી જે માણસોમાં સમર્થ જીવન-શકિત હોય છે અથવા જેઓ ઊર્મિમય અને કલ્પનાશીલ હોય છે તેમની પાસે આવે છે. તે સાચું છે કે દર્શનનું ક્ષેત્ર, માનવ મનની સક્રિયતાના દરેક ક્ષેત્રની માફક એક મિશ્રણયુકત જગત જેવું હોય છે અને તેમાં ફક્ત સત્ય જ હોય છે. એટલું જ નહિ પરંતુ અર્ધસત્ય અને ક્ષતિ પણ હોય છે. એ પણ સાચું છે કે માણસો એકદમ ધસી જાય અને બિન-અધિકારી હોય; તેમને માટે તેમાં પ્રવેશ કરવાથી ગૂંચવાડો અને ગેરમાર્ગે દોરી જનારી પ્રેરણાઓ તથા ખોટા અવાજો આવે છે એટલે તેના માટે જે લોકોને આ જ્ઞાન છે અને જેને આધ્યાત્મિક અથવા ચૈતસિક અનુભૂતિઓ થઈ હોય એમની પાસેથી માર્ગદર્શન મેળવવું એ હિતાવહ છે. માણસે આ ક્ષેત્ર તરફ એક સ્થિરતાથી અને વિવેકબુદ્ધિથી જોવું, પરંતુ તેના માટે બારણાં બંધ કરી દેવા અને તેનો ઇનકાર કરવો અથવા બીજી અતિભૌતિક અનુભૂતિઓ માટે એ પ્રમાણે કરવું એનો અર્થ પોતાની જાતને મર્યાદિત કરવી અને પોતાના આંતર-વિકાસને અટકાવી રાખવો.

*

તમે આધ્યાત્મિક વસ્તુઓ માટે ઉપયોગિતાવાદની બહુ દૃષ્ટિ રાખો છો. સાધનામાં જે કોઈ વસ્તુનો વિકાસ થાય તે જો સાચો હોય તો સમગ્ર અનુભૂતિ અને જ્ઞાનમાં તેનું પોતાનું સ્થાન છે. ગુહ્ય જગતો અને ગુહ્ય બળો અને ગુહ્ય ઘટનાના જ્ઞાનને પણ તેમાં સ્થાન રહેલું છે. ગુહ્ય અનુભૂતિના વિશાળ પ્રદેશમાં દર્શનો અને અવાજોને ફક્ત એક નાનકડું સ્થાન છે. ઉપયોગિતા માટે કહેવાનું કે જે વ્યકિતમાં બુદ્ધિ હોય તથા વિવેક હોય તેમને માટે દર્શનો વગેરે ઘણાં ઉપયોગી હોય છે – પરંતુ જેમનામાં વિવેક અથવા સમજ હોતાં નથી તેમને માટે તેમનો ઘણો ઓછો ઉપયોગ હોય છે.

*

વ્યવહારુ સાધના એટલે તમે શું કહેવા માગો છો તે મને સમજાતું નથી. જો કોઈ વ્યકિત ગુહ્ય શકિત અને ગુહ્ય અનુભૂતિ તથા જ્ઞાનનો વિકાસ કરે તો તે બધી વસ્તુઓ ઘણી ઉપયોગી છે અને તેથી વ્યવહારુ છે. તેઓ પોતે તો આંતર-

ચેતનાના ખુલ્લાપણા માટેનો એક ભાગ છે અને તેને વધારે ખુલ્લી કરવામાં મદદરૂપ છે, જોકે તે વસ્તુ તેને માટે અનિવાર્ય નથી.

*

તમે પ્રગતિ એટલે શું કહેવા માગો છો ? માતાજીએ ગુહ્ય જગતોમાં પ્રવેશ કરવા માટે અને ત્યાં જે કાંઈ હતું તે શીખવાનું હતું તે સર્વ વસ્તુઓ શીખવા માટે ઘણા વર્ષો ગાળ્યા છે. તે બધાં જ સમય માટે તેમને કાંઈ પ્રગતિ થતી જ નહિ ? જયારે તેઓ સમાધિમાં જાય છે ત્યારે ઘણી વસ્તુઓ જુએ છે. તેમની એ શકિત મૂલ્ય વગરની છે ? ઘણી મોટી સંખ્યાના માનવીઓ તેમની શકિતઓનો ઉપયોગ કરવાનું જાણતા નથી અથવા તેમનો દુરુપયોગ કરે છે અથવા વધારે પડતી કિંમત આંકે છે અથવા તે વસ્તુઓથી પોતાના અહંકારને પુષ્ટ કરે છે. તેનો અર્થ એવો ખરો કે તે શકિતઓનો પોતાનો કોઈ યૌગિક ઉપયોગ અથવા તેમની કિંમત નથી ?

*

તે પોતે જ (ગુહ્ય શકિતનો વિકાસ) ચેતનાના વિકાસમાં એક પ્રગતિ છે. જોકે તે પ્રકૃતિનું આધ્યાત્મીકરણ ધારણ કરતું હોય.

*

જે લોકોમાં ગુહ્ય શકિત રહેલી હોય છે તેઓ તેને વધારે પડતી અગત્ય આપવા તરફ ઢળે છે.

*

તેઓ (ર. મ.) (ગુહ્ય શકિત સાથે કાર્ય કરવા માટે) પોતાના શિષ્યોને મનાઈ કરતા; કારણકે તેમનો હેતુ અંતરાત્મા અને સહજ – પ્રેરણાનો સાક્ષાત્કાર કરવાનો હતો – બીજા શબ્દોમાં આધ્યાત્મિક મનની પૂર્ણતા – દર્શનો અને અવાજો આંતર–ગુહ્ય શકિતના ભાગરૂપ છે, તેથી તેમના શિષ્યો તેમને વધારે પડતી અગત્ય આપે એવું તેઓ ઇચ્છતા નહોતા. હું પોતે પણ દર્શનો અને અવાજો સાથે કામ પાડવામાં કેટલાક માણસોને નિરુત્સાહ કરું છું; કારણ કે હું જોઉં છું કે તેવા માણસો ખોટા દર્શનો અને ખોટા અવાજોથી ખોટે માર્ગે દોરવાય છે. પરંતુ તેનો અર્થ એવો નથી કે દર્શનો અને અવાજોનું કોઈ મૂલ્ય નથી.

*

બધી જ ભૂમિકાઓ ઉપરથી દર્શનો આવે છે અને તે ભિન્ન ભિન્ન પ્રકારના અને ભિન્ન ભિન્ન મૂલ્યોવાળાં હોય છે. કેટલાક ખૂબ કિંમતી અને અગત્યના હોય છે, બીજા કેટલાક મનની અને પ્રાણની લીલાઓના હોય છે અને તેમના પોતાના

ખાસ હેતુઓ માટે જ હોય છે; બીજા કેટલાક મનોમય અને પ્રાણમય ભૂમિકાની રચના હોય છે જેમાં કેટલાકમાં સત્ય હોય છે, જ્યારે બીજા ખોટા અને ગેરમાર્ગે દોરનારાં હોય છે અથવા તો તેઓ એક પ્રકારની તે ભૂમિકાઓની કલાત્મક રચના હોય છે. શરૂઆતની યૌગિક ચેતનાના વિકાસમાં આંતર-મનોમય, આંતર-પ્રાણમય અને આંતર-શારીરિક વિકાસમાં તેમની ઠીક ઠીક અગત્ય હોય છે અથવા વિશ્વના રહસ્યને સમજવા માટે પણ તેમની અગત્ય હોય છે. જે દર્શનો વાસ્તવિક હોય છે તે આધ્યાત્મિક પ્રગતિમાં સહાયરૂપ હોય છે એટલે કે આપણને આંતર–વાસ્તવિકતા બતાવે છે તેવા હોય છે. દા. ત. માણસ કૃષ્ણને મળે છે, તેની સાથે વાતચીત કરે છે અને સાચા આંતર–દર્શનમાં તેનો અવાજ પણ સાંભળે છે અને તે બાહ્ય ભૂમિકા ઉપર જેટલું સાચું હોય તેટલા પ્રમાણમાં જ તે સાચું હોય છે. તેની પ્રતિમાના દર્શન કરવા એ એક જ વસ્તુ નથી જેવી રીતે દીવાલ ઉપર રાખેલા તેના ચિત્રને જોવું એ જેટલું સાચું છે તેનાથી તે મોટી વસ્તુ નથી, જેટલી રીતે પોતાનું વ્યકિતગત રીતે તેની સાથેનું મિલન સાચું હોય. પરંતુ દીવાલ ઉપરનું ચિત્ર પણ આધ્યાત્મિક જીવન માટે નકામી વસ્તુ છે એવું નથી. આપણે એટલું જ કહી શકીએ કે વ્યકિતએ આ બક્ષિસને એટલી બધી અગત્ય આપવાની જરૂર નથી જેટલી તે દેખાય છે; પરંતુ તેની બિલકુલ ઓછી કિંમત પણ આંકવાની જરૂર નથી. તેની પોતાની પણ કિંમત હોય છે અને કેટલીક વખત તો આધ્યાત્મિક ફાયદો પણ હોય છે. પરંતુ સ્વાભાવિક રીતે જ તે પરમોચ્ચ વસ્તુ નથી – પરમ ઉચ્ચ વસ્તુ એક સાક્ષાત્કાર છે; સંપર્ક, પરમાત્મા સાથેની એકતા, ભકિત, પ્રકૃતિમાં રૂપાંતર વગેરે.

*

આ પ્રકાશો અને દર્શનો ભ્રમણાઓ નથી. તેઓ આંતર-દર્શનનું ખુલ્લાપણું સૂચવે છે જેનું કેન્દ્ર ભ્રૂમધ્ય વચ્ચે કપાળમાં હોય છે. ઘણી વખત પ્રકાશો પ્રથમ દેખાય છે. પ્રકાશો સ્વરૂપની ભિન્ન ભિન્ન ભૂમિકાઓના સૂક્ષ્મ બલોની ગતિઓ અથવા કાર્ય સૂચવે છે – તે બલનું લક્ષણ પ્રકાશના રંગ અને છાયા ઉપર આધાર રાખે છે. સૂર્ય એ આંતર-શકિત અથવા ઊર્ધ્વતર સત્યનું સૂચન કરે છે; ધ્યાન દરમિયાન તેનું દર્શન થવું એ સારી નિશાની છે. સમુદ્ર પણ ઘણી વખત પ્રતીકાત્મક હોય છે અને ઘણે ભાગે તે પ્રાણમય પ્રકૃતિ સૂચવે છે, કેટલીક વખત ચેતનાનો ગતિમાં થતો વિકાસ-વિસ્તાર દર્શાવે છે. દર્શનોનું ખુલ્લાપણું થાય તેનો વિકાસ સાધવો જોઈએ, પરંતુ વ્યકિતગત દર્શનોને વધારે પડતી અગત્ય ન આપવી જોઈએ, સિવાય કે અથવા જ્યાં સુધી તેઓ સ્પષ્ટ રીતે પ્રતીકાત્મક અથવા સૂચક ન પણ હોય અથવા સાધનામાં વસ્તુઓ ઉપર પ્રકાશ ન ફેંકતા હોય.

*

દર્શનો અથવા અવાજો શ્રદ્ધા ઉત્પન્ન કરવા માટે હોતા નથી. જો માણસમાં પહેલેથી જ શ્રદ્ધા હોય તો જ તેઓ અસરકારક હોય છે.

ના, તે આંખનો ભ્રમ અથવા વિભ્રમ અથવા કાકતાલીય ન્યાય અથવા આત્મસૂચન અથવા બીજા કોઈ પણ વિચારપૂર્ણ અને ખાલી વૈવિધ્યયુકત શબ્દની જાળો પણ ન હોતી જેના વડે ભૌતિક વિજ્ઞાન સમજ આપવાનો પ્રયત્ન કરે છે અથવા વૈજ્ઞાનિક રીતે જે સમજાવી ન શકાય તેને સમજાવવાનું છોડી દે છે. આવી બાબતોમાં વિજ્ઞાન કાયમ તે જ વસ્તુ કરે છે જેમાં તે કોઈ અભણ માનવીને ઠપકો આપવાની વાત કરે છે. જાણે કે તેવો માણસ એવી વસ્તુઓ માટે નિયમ બનાવતો હોય જેના માટે તે બિલકુલ અજ્ઞાની હોય અથવા તેણે તપાસ કે પ્રયોગ કરેલો ન હોય અને જ્ઞાન પ્રાપ્ત કરેલું ન હોય તેવા માણસને જેવી રીતે તેઓ ઠપકો આપતા હોય તે રીતે તેઓ વર્તે છે – ફકત પોતાના મનમાંથી ઉત્પન્ન થયેલા પ્રથમદર્શી વિચાર ઉપરથી એક સિદ્ધાંત તારવે અને કોઈ સમજી શકાય એવી કોઈ ઘટનાને પણ પોતાના મનમાંથી ઉત્પન્ન થયેલી વસ્તુની છાપ લગાડે.

મેં તમને કહ્યું તે પ્રમાણે બાહ્ય ભૌતિક ઘટના કરતાં એક અખૂટ ઘટનાઓની હારમાળા અથવા ઈન્દ્રિયગમ્ય અને ઘણી અખૂટ સ્તરોવાળી ઘટનાઓ હોય છે, જેના વિષે વ્યકિત સચેનન બને છે, જુએ છે, સાંભળે છે, લાગણી અનુભવે છે, સુંઘે છે, સ્પર્શ કરે છે, મનોમય સ્પર્શ કરે છે – અને અમેરિકાની નવીન સ્થાપિત પરિભાષામાં – યા તો સમાધિમાં અથવા નિદ્રામાં અથવા આંતર–અવસ્થામાં જેને ખોટી રીતે નિદ્રા કહેવાય છે, અથવા ફકત સરળતાથી જાગૃત અવસ્થામાં તેમને વિષે આપણે સચેતન બનીએ છીએ. પરા–ભૌતિક વસ્તુઓને આ રીતે – આંતરિક રીતે ઈન્દ્રિયગમ્ય કરવાની શકિત અથવા બહિર્ગમન કરવાની શકિત હોય છે – આપણે એમ કહી શકીએ કે તે વસ્તુઓ દૃશ્યમાન, શ્રવણગમ્ય, બાહ્ય ચક્ષુ, શ્રવણેન્દ્રિયો અને સ્પર્શગમ્ય પણ બને અને આમ બાહ્ય ઈન્દ્રિયોદ્વારા પણ અનુભવાય છે; જે રીતે સ્થૂલ ભૌતિક વસ્તુઓ અનુભવાય તે રીતે જ. તે શકિત અથવા બક્ષિસ કોઈ ચાલાકી અથવા અસામાન્ય વસ્તુ નથી; તે એક વૈશ્વિક શકિત છે અને બધા માનવોમાં હાજર છે; પરંતુ ઘણાખરાંમાં ગુપ્ત હોય છે, કેટલાકમાં ભાગ્યે જ અથવા ટુકડે ટુકડે સક્રિય બને છે. બીજાઓમાં જાણે કે તે શકિત ઓચિંતી આવે છે અને બહુ ઓછામાં વારંવાર અથવા સામાન્ય રીતે સક્રિય બને છે. પરંતુ જેવી રીતે કોઈ પણ વ્યકિત થોડી તાલીમથી વિજ્ઞાન શીખી શકે છે અને તેના વડવાઓને જે ચમત્કારો લાગ્યા હોત તેવી

વસ્તુઓ કરી શકે છે. તે જ પ્રમાણે લગભગ દરેક વ્યકિત જો તેને ઇચ્છા હોય તો, થોડી એકાગ્રતાથી અને તાલીમથી અતિશારીરિક દર્શનની શકિત કેળવી શકે છે. જયારે વ્યકિત યોગની શરૂઆત કરે છે ત્યારે આ શકિત ઘણી વખત પણ જોકે કાયમ જ નહિ – કારણકે કેટલાક માણસને તે મુશ્કેલ લાગે છે – તેની ગુપ્ત અવસ્થામાંથી સૌથી પ્રથમ બહાર આવે છે, અને પોતાની જાતનો આવિર્ભાવ કરે છે, અને તે પણ કોઈ પણ જાતના પ્રયત્ન વગર, હેતુ કે સાધકના ભાગે પૂર્વજ્ઞાન સિવાય બહાર આવે છે. ખુલ્લી આંખો કરતાં બંધ આંખે તે સહેલાઈથી આવે છે પરંતુ તે બન્ને રીતે પણ આવે છે. તેની બાહ્ય રીતમાં ખુલ્લા થવાની પ્રથમ નિશાની તરીકે ઘણી વખત ‘તણખાઓ’ અથવા ઝીણા પ્રકાશિત બિંદુઓ, આકારો વગેરે દેખાય છે. તે તમારા માટે આ બાબતમાં પ્રસ્તાવનારૂપે હતું. બીજી નિશાની ઘણી વખત, બહુ સહેલાઈથી પણ ગોળ પ્રકાશિત, તારાઓ જેવી ચમકતી વસ્તુઓ દેખાય છે; રંગો જોવા એ આની શરૂઆતની અનુભૂતિ છે – પરંતુ તે એવા જ ક્રમમાં આવતી નથી. ભારતના યોગીઓ ઘણી વખત આ શકિત કેળવવા માટે ‘ત્રાટક’ ની પદ્ધતિનો ઉપયોગ કરે છે અને પોતાની દષ્ટિ એક બિંદુ ઉપર અથવા કોઈ વસ્તુ ઉપર એકાગ્ર કરે છે – ખાસ કરીને પ્રકાશિત પદાર્થ ઉપર તમે જે “તારા”ની ઉપર જોયા કરતા હતા એ સ્પષ્ટ રીતની ત્રાટકની તાલીમ છે અને તેની એવી અસર થઈ જેને કોઈ પણ ભારતના યોગીએ સામાન્ય વસ્તુ કહી હોત; કારણકે આ બધી વસ્તુ કોઈ કલ્પનાં કે વિભ્રમ નથી; એ ગુહ્ય વિજ્ઞાનનો એક ભાગ છે જેની તાલીમ ઐતિહાસિક અને પ્રાગ-ઐતિહાસિક યુગોથી બધા દેશોમાં લેવાય છે અને તેના પરિણામોને આત્મ–સૂચનો અથવા ભ્રમિત કલ્પનાઓ ગણવામાં આવતી નથી. પરંતુ જો કોઈ વ્યકિતને તેની ચાવી મળી જાય તો યથાર્થ અને સાબિત કરી શકાય તેવું છે. તમારો વહેમ ‘આધુનિક’ માનવી માટે સ્વાભાવિક છે; આવી વસ્તુઓ જે ભૂતકાળની, વર્તમાનની અને ભવિષ્યની છે તેમાં ડૂબકી મારવી એ સ્વાભાવિક છે, પરંતુ ન્યાયી નથી, કારણકે તે હકીકતોનું સ્પષ્ટ રીતનું અપૂર્ણ નિરીક્ષણ છે; પરંતુ એક વખત તમારાથી આ વસ્તુનું દર્શન થાય તો પ્રથમ વસ્તુ તમારે એ કરવાની છે કે આ અસ્પષ્ટ અર્ધ વિજ્ઞાનને તમારી પાછળ ફેંકી દેવું, અને આ પરાભૌતિક વસ્તુઓ ઉપરની સ્થૂલ સમજૂતિઓને પકડી રાખવાનો નિષ્ફળ પ્રયત્ન છોડી દેવો, અને કેવળ તર્કશુદ્ધ માર્ગને અપનાવવો. શકિતનો વિકાસ સાધો, વધારે અને વધારે અનુભૂતિઓ પ્રાપ્ત કરો, અને આ વસ્તુઓ જેનાથી આવે તેની ચેતનાનો વિકાસ કરો; જેમ જેમ ચેતના વિકાસ પામતી જાય, તેમ તેમ તમને આ સૂચક અર્થની અંતઃસ્ફૂરણા

પ્રાપ્ત થશે, અથવા તમારે તેમનું વિજ્ઞાન જોઈતું હોય તો ગુહ્ય વિદ્યા (ગુહ્ય વિજ્ઞાન) શીખો અને તેને વ્યવહારમાં ઉતારો. તે કેવળ એક જ એવું જ્ઞાન છે જે પરા–ભૌતિક ઘટનાઓ સાથે કામ લઈ શકે છે. તમારી પાસે જે વસ્તુ પોતે જ ખુલ્લી થઈ એ કોઈ વિચિત્ર ઘટના નહોતી, તેમ જ કોઈ પ્રતીક રંગ પણ નહોતો, પરંતુ એવી વસ્તુ હતી જે ઘણી અગત્યની છે.

આ આંતર–ઇન્દ્રિયની શકિતનો વિકાસ કરો અને તે જે વસ્તુઓ તમારી પાસે લાવે તે સર્વને સ્વીકારો. આ પ્રથમ દર્શનનો એક ફકત બહારની કિનારી-રૂપ જ હોય છે – તેની પાછળ અનુભૂતિઓના સમગ્ર જગતો રહેલા છે જે સામાન્ય માણસને ખાલી જગા જેવું લાગે છે તે સર્વને ભરી દે છે. (તમારા રસેલની આંતર–શૂન્યતા પ્રમાણે.) આ ખાલી જગા પાર્થિવ ચેતના અને શાશ્વત તથા અનંત ચેતના વચ્ચેની ખીણ છે તેને ભરી દે છે.

*

વસ્તુઓનું એક ભૌતિક પાસું હોય છે અને એક ગુહ્ય પરા–ભૌતિક પાસું પણ હોય છે – એકે બીજાની અંદર પ્રવેશ કરવાની જરૂર નથી. બધી જ ભૌતિક વસ્તુઓ પરા–ભૌતિકની અભિવ્યકિત હોય છે. શરીરનું અસ્તિત્વ તેના શારીરિક કરણો અને પ્રક્રિયાઓ વિષે જે રીતે ૧૯ મી સદી ખોટી કલ્પના કરતી હતી તે પ્રમાણે, આત્માના અસ્તિત્વને સાબિત કરતી નથી. તે આત્મા શરીરનો ઉપયોગ કરે છે, ભલે પછી તેના વડે તેનું નિયમન થતું હોય. પ્રકૃતિના ધર્મો પ્રભુના અસ્તિત્વને સાબિત કરી શકતા નથી એમ નથી. ભૌતિક જગત જેની સાથે આપણા કરણો જોડાયેલા છે તે હકીકત એવું સાબિત કરી શકતી નથી કે ઓછા ભૌતિક જગતો નથી; આવા જગતોનું દર્શન આપણને આપણા સૂક્ષ્મ કરણો કરાવી શકે છે.

*

દિવ્ય હાજરી ભૌતિક પ્રકારની છે કે આધ્યાત્મિક હકીકત? અને સ્થૂલ ઇન્દ્રિય આધ્યાત્મિક વસ્તુઓને જોવાને અને અનુભવવાને માટે ટેવાયેલી કે શકિતમાન છે – કોઈ આધ્યાત્મિક હાજરી, કોઈ બિન–ભૌતિક સ્વરૂપ? જ્યાં સુધી તમે તમારી આંતર–દૃષ્ટિમાં વિકાસ ન સાધો ત્યાં સુધી બ્રહ્મને સર્વ જગાએ જોવો એ શકય નથી – તે કરવા માટે તમારે એકાગ્રતા કરવી જોઈએ. અભૌતિક સ્વરૂપો જોવા એ ખરેખર બહુ ઓછા માણસો માટે શકય છે; કારણકે તેમને તે પ્રકૃતિદત્ત બક્ષિસ છે, પરંતુ ઘણાખરા માણસો સૂક્ષ્મ દૃષ્ટિમાં વિકાસ સાધ્યા સિવાય તે પ્રમાણે ન કરી શકે. તમે કોઈ પણ પ્રકારની તકલીફ લીધા સિવાય એવી અપેક્ષા

રાખો કે પરમાત્માની દિવ્ય હાજરી તમારી પાસે આવિર્ભાવ પામે એ મૂખાઈ છે; તમારે એકાગ્રતા કરવી જ જોઈએ.

તેનો ફક્ત એટલો જ અર્થ છે કે તમને સ્વલક્ષી દિવ્ય હાજરીની અનુભૂતિ થઈ. પરંતુ સ્વલક્ષી વસ્તુઓની લાગણી એ મિથ્યા કલ્પના જ અચૂક હોવી જોઈએ ? જો તે પ્રમાણે હોય તો કોઈ યોગ શકય નથી. તે વસ્તુને એક સૂત્ર તરીકે સ્વીકારી લેવી જ જોઈએ કે સ્વલક્ષી વસ્તુઓ ભૌતિક વસ્તુઓની માફક જ વાસ્તવિક હકીકત છે. બેશક, એવી મનોમય રચનાઓ હોઈ શકે અને હોય છે પણ ખરી – પરંતુ શરૂઆત કરીએ તો મનોમય રચનાઓ ઘણી શકિતશાળી વસ્તુઓ હોય છે અથવા હોઈ શકે છે અને તે સઘન પરિણામો લાવે છે; બીજું કોઈ વ્યકિત કાંઈ જુએ કે સાંભળે તે મનોમય રચના છે કે વાસ્તવિક સ્વલક્ષી વસ્તુ, તે જયારે વ્યકિતને આવી આંતરિક વસ્તુઓની પૂર્ણ અનુભૂતિ હોય ત્યારે જ તેનો નિર્ણય થઈ શકે.

*

સ્વલક્ષી દર્શનો બાહ્ય ભૌતિક દૃષ્ટિ જેટલા જ સાચા હોઈ શકે છે – તેમાં ભેદ એટલો જ છે કે એક વસ્તુ ભૌતિક અવકાશમાં વાસ્તવિક વસ્તુઓનું દર્શન છે, જયારે બીજી વસ્તુઓ બીજી ભૂમિકાઓની છેક સૂક્ષ્મ શારીરિક ભૂમિકાઓ સુધીની વાસ્તવિક વસ્તુઓ છે; પ્રતીકાત્મક દર્શનો પણ એટલા જ વાસ્તવિક હોય છે જેટલા પ્રમાણમાં વાસ્તવિક વસ્તુઓના પ્રતીકો સાચા હોય છે. સૂક્ષ્મ પ્રદેશમાં સ્વપ્નાંઓને પણ વાસ્તવિકતાઓ હોય છે. દર્શનો બિન-વાસ્તવિક ત્યારે જ હોય છે જયારે તેઓ કેવળ કલ્પનાશીલ મનોમય રચનાઓ હોય છે, અને તેઓ કોઈ સાચી વસ્તુઓ હોય છે અથવા સાચી હતી અથવા સાચી બનશે તેની રચના કરતાં નથી.

આ દર્શન-શકિત કેટલીક વખત જન્મગત અને ટેવ મુજબની હોય છે અને તેનો વિકાસ પ્રયત્ન સિવાય પણ થયેલો હોય છે. કેટલીક વખત તે પોતાની જાતે જાગૃત થાય છે અને પુષ્કળ પ્રમાણમાં વિકસિત બને છે અથવા તેનો વિકાસ કરવામાં થોડી જ તાલીમની જરૂર પડે છે; એ આધ્યાત્મિક પ્રાપ્તિની નિશાની હોવી જ જોઈએ એવું જરૂરી નથી, પરંતુ સામાન્ય રીતે વ્યકિત જયારે યોગની તાલીમદ્વારા અંતરમાં જવાની શરૂઆત કરે છે અથવા ભીતરમાં જીવન ધારણ કરે છે ત્યારે સૂક્ષ્મ દર્શનની શકિત ઓછા કે વત્તા પ્રમાણમાં જાગૃત થાય છે; પરંતુ આ વસ્તુ કાયમ સરળતાથી બની આવતી નથી, ખાસ કરીને તો જયારે વ્યકિત તે બૌદ્ધિક ચેતનામાં અથવા બાહ્ય પ્રાણમય ચેતનામાં રહેવાને ટેવાયેલી હોય.

હું ધારું છું કે તમે જે વસ્તુનો વિચાર કરો છો તે 'દર્શન'નો છે, ભકતની પાસે દેવનું આત્મ-પ્રગટીકરણ; પરંતુ તે જુદી જ બાબત છે, તે તેની હાજરી ખુલ્લી કરવાની બાબત છે, કામચલાઉ કે કાયમી, અને તે દર્શન તરીકે આવી શકે છે અથવા તેની નજીકની હાજરી તરીકે આવે જે દષ્ટિ કરતાં વધારે નજીકની વસ્તુ હોય અને તેની સાથે વારંવાર અથવા સતત વ્યવહાર પણ થઈ શકે; તે વસ્તુ સ્વરૂપને તેના અંતરાત્મામાં ઊંડાણમાં નિમજ્જન કરવાથી અને ચેતનાના વિકાસથી અથવા ભકિતની તીવ્રતાથી આવે છે. જ્યારે બાહ્ય ચેતનાનું કોચલું વૃદ્ધિ પામતી અને એકાગ્ર થતી ભકિતથી પૂર્ણ પ્રમાણમાં તૂટી જાય છે ત્યારે આ રીતનો સંપર્ક બની આવે છે.

*

ભ્રૂમધ્ય વચ્ચે તેને જે દર્શનો થાય છે તે કલ્પનાઓ નથી – તેઓ તો જ કલ્પનાઓ હોત જો તેણે તેમના વિષે પ્રથમ વિચારો કર્યા હોત અને તેના વિચારોએ આકાર ધારણ કર્યો હોત, પરંતુ તેઓ તેના વિચારથી સ્વતંત્ર રીતે આવે છે તેથી તેઓ આંખની કલ્પનાઓ નથી પરંતુ દર્શન છે. આ શકિત યોગમાં ઉપયોગી છે અને તેનો વિકાસ થવા દેવાય છે; તેને ઉત્સાહ વગરની ન કરી શકાય. મને સમજાતું નથી કે તેને તેમનામાં 'શ્રદ્ધા' નથી એટલે તે શું કહેવા માગે છે. અત્યારે તે જે જુએ છે તે કદાચ સૂક્ષ્મ દશ્યો અને પદાર્થોની ફકત છાપો જોતો હશે; પરંતુ જ્યારે તેમાં વિકાસ થશે ત્યારે આ વસ્તુ પ્રતીકાત્મક પ્રતિનિધિત્વ ધરાવનાર અથવા વાસ્તવિક દર્શન કરવાની શકિત બની શકે છે જે આ જગતના અથવા બીજા જગતોની વસ્તુઓના સત્યો બતાવશે અથવા ભૂત, વર્તમાન અથવા ભવિષ્યના પ્રતિનિધિઓ બનશે.

જો એકાગ્રતા ભ્રૂમધ્યના વચ્ચેના કેન્દ્રમાં થાય, જે આંતર-મન અને તેના વિચારો અને સંકલ્પ અને દર્શનનું કેન્દ્ર છે તો તેમાં કોઈ નુકસાન નથી.

તે અત્યારે અહીં આવે તેમાં કોઈ ફાયદો નથી. તેણે પ્રથમ તો વિશુદ્ધીકરણની પ્રક્રિયામાંથી અને પ્રકૃતિની તૈયારીમાંથી પસાર થવું પડશે અને ઓછામાં ઓછું વિધાનાત્મક યૌગિક ચેતનાનો પ્રાથમિક વિકાસ કરવો જોઈશે અને તેના સિવાય તેનું અહીંનું આગમન નિષ્ફળ જશે.

*

તમારી અંદર જે વિકાસ થયો હતો તે સાચા આંતર દર્શનની શકિત છે – આ વસ્તુ મારફતે તમને પરમાત્મા સાથેના સ્પર્શમાં મદદ થશે; તમારે ફકત તેનો વિકાસ થવા દેવાનો છે. બીજી બે વસ્તુઓનો વિકાસ થવાની જરૂર છે – દિવ્ય હાજરીની

અનુભૂતિ અને તમારા કાર્યોની પાછળ તેની શકિત અને પ્રેરણા તથા મારી અને માતાજીની સાથેનો આંતર-સંપર્ક. શ્રદ્ધા અને સચ્ચાઈથી અભીપ્સા કરો અને તે આવશે. જ્યાં સુધી હું જોઈ ન શકું કે તમારા અહીંના વિકાસ દરમિયાન શું બને છે ત્યાં સુધી હું તેમને બીજા કોઈ સ્પષ્ટ સૂચનો આપવાની ઇચ્છા રાખતો નથી; કારણકે જોકે માર્ગ બધાને માટે સામાન્ય છે છતાં દરેક માણસને તેનું અનુસરણ કરવાની રીત પોતપોતાની હોય છે.

*

૨

જ્યારે તમે પ્રકાશ જુઓ ત્યારે તે દર્શન છે; જ્યારે તમને એવી લાગણી થાય કે પ્રકાશ તમારી અંદર પ્રવેશ કરે છે ત્યારે તે અનુભૂતિ છે; જ્યારે પ્રકાશ તમારી અંદર સ્થિર થઈ જાય અને તમારી અંદર જ્યોતિ અને જ્ઞાન લાવે ત્યારે તે સાક્ષાત્કાર થાય છે. પરંતુ સામાન્ય રીતે દર્શનોને પણ અનુભૂતિઓ કહેવાય છે.

*

સામાન્ય રીતે દર્શનો સાક્ષાત્કારની પહેલા આવે છે, એક રીતે તેને તેઓ તૈયાર કરે છે.

*

ઉચ્ચતર ભૂમિકાઓનું દર્શન અથવા તેઓ શું હોઈ શકે તેનો ખ્યાલ રૂપાંતર પહેલાં, ઘણા લાંબા સમય પહેલાં આવી શકે છે. જો તે પ્રમાણે શકય ન હોય તો રૂપાંતર કઈ રીતે બની આવે – નિમ્ન પ્રકૃતિ પોતાની જાતે રૂપાંતર સાધી શકતી નથી. તે વિકાસ પામતી દૃષ્ટિ, દર્શન અને ઊર્ધ્વતર ભૂમિકાની ઊર્ધ્વતર ચેતનાના અવતરણથી ફેરફાર પામે છે. તે અભીપ્સા મારફતે અને વૃદ્ધિ પામતા ખુલ્લા-પણાથી આ દર્શનો અને દૃષ્ટિઓ આવવાની શરૂઆત થાય છે - સાક્ષાત્કાર ત્યાર પછી આવે છે.

*

હા, તે (ઊર્ધ્વતર ચેતના) મનની ભૂમિકામાં આવી શકે અને શાંતિ, વિશાળતા, વિશ્વરૂપ ચેતના, પરમાત્માનો સાક્ષાત્કાર, વૈશ્વિક બલો અને બીજી વસ્તુઓનું જ્ઞાન લાવી શકે – અને દર્શન મારફતે આવરણને તોડયા સિવાય પણ

નીચે આવી શકે છે. તેમ છતાં સામાન્ય રીતે ઘણા ખરા માણસોને આંતર–દર્શન પ્રથમ આવે છે.

*

મેં મનમાં પરમાત્માનો સાક્ષાત્કાર થાય તેના વિષે વાત કરેલી. જો સમગ્ર સાક્ષાત્કાર થવાનો હોય તો પરદાને હઠાવવાની ક્રિયા અનિવાર્ય છે.

*

કેટલીક વખત કોઈ દર્શનની સાથે અનુભૂતિ આવે છે અને જાણે કે તે તેની દષ્ટિગત વસ્તુ બનતું હોય અથવા તેનું સાથીદાર હોય તેવું લાગે છે, પરંતુ અનુભૂતિ પોતે એક ભિન્ન વસ્તુ છે.

*

તેમાંથી તેવો અર્થ નીકળતો નથી. ઊંડાણમાં જવાથી કોઈ વ્યકિત દર્શનો જોઈ શકે છે, બીજી વ્યકિત વધારે ઊંડાણવાળી ચેતનામાં જાય અને છતાં તેને કોઈ દર્શન થાય નહિ તે પ્રમાણે પણ બને. દરેકની પ્રકૃતિ પ્રમાણે પરિણામ ભિન્ન ભિન્ન હોય.

*

૩

આંતર–દર્શન વાસ્તવિક દષ્ટિ જેટલું સાચું હોય છે, કાયમ, સ્પષ્ટ અને તેમાં સત્ય હોય છે. મનોમય દર્શનમાં કલ્પનાઓ મનદ્વારા ઉત્પન્ન કરવામાં આવે છે અને તેમાં અંશતઃ સત્ય હોય છે અને અંશતઃ શકયતાઓની લીલા હોય છે. અથવા પ્રાણમય દર્શનની માફક મનોમય દર્શન કેવળ સૂચન પણ હોઈ શકે – એટલે કે મનોમય અથવા પ્રાણમય ભૂમિકા ઉપરની કોઈ શકયતાની રચના, જે સાધકની સમક્ષ રજૂ થાય છે અને એ આશાએ કે તેનો સ્વીકાર થશે અને તેના સાક્ષાત્કાર માટે તેને સહાય મળશે.

*

મનોમય દર્શનોનો અર્થ જે વસ્તુઓનું તેઓ પ્રતિનિધિત્વ ધરાવે છે તેવી અસરને મનમાં ગ્રહણ કરવા માટેનો હોય છે.

*

વૈશ્વિક દર્શન, વૈશ્વિક ગતિઓને બતાવે છે – તેને ચૈતસિક દર્શન સાથે કોઈ પણ અચૂક સંબંધ હોતો નથી. તે વિશ્વરૂપ મનમાં અથવા વિશ્વરૂપ પ્રાણમાં અથવા વિશ્વરૂપ ચૈતસિક તત્ત્વમાં અથવા કોઈ પણ જગાએ હોઈ શકે.

તમે ચૈતસિક દર્શન એટલે શું કહેવા માગો છો ? આંતર–દર્શન એટલે આંતર–દષ્ટિથી થયેલું દર્શન, જે બાહ્ય દષ્ટિથી વિરુદ્ધ હોય છે; બાહ્ય દર્શન એટલે બાહ્ય દષ્ટિ અને સાથે સાથે સપાટી ઉપરના મનથી, બાહ્ય સપાટી ઉપરની આંખથી દેખાતું દર્શન. આ યોગની ભાષામાં ચૈતસિક વસ્તુ અંતરાત્મા સાથે જોડાયેલી છે – ચૈત્ય પુરુષ – સામાન્ય ભાષામાં જો તમે કોઈ ભૂતને જુઓ તો 'Psychic Vision' કહેવાય તેવું તે નથી; આપણે આંતર-દર્શન અથવા સૂક્ષ્મ દષ્ટિ કહીએ છીએ – નહિ કે ચૈતસિક દર્શન.

*

સમાધિ દરમિયાન થતું દર્શન એ જાગૃત અવસ્થામાં થતા દર્શન કરતાં બિલકુલ ઓછું નથી. ગ્રહણ કરનારી ચેતનાની અવસ્થા ભિન્ન હોય છે – એકમાં જાગૃત ચેતના દર્શનમાં ભાગ લે છે, બીજીમાં વધારે મોટી સગવડ માટે અને આંતરિક અનુભૂતિની ફલકમાં તેની વિશાળતા બાતલ થાય છે. પરંતુ એક આંતર-દષ્ટિ બન્નેમાં કોઈ દર્શન કરે છે.

*

આંતરદષ્ટિ પદાર્થો જોઈ શકે છે – કેટલાકને શું બનવું છે અથવા શું બનવા પ્રયત્ન કરે છે તેના કેવળ સૂચનો જ હોય છે, કેટલાક વસ્તુઓ તરફનો અથવા તેની તરફની ગતિનો અભિગમ સૂચવે છે, અને કેટલાક દર્શનો વસ્તુ બનતી હોય છે તેની નિશાનીરૂપ હોય છે.

*

જે દશ્યો દર્શનમાં દેખાય છે તેનો વિકાસ કરવા માટે કાંઈ પણ કરવાની જરૂર નથી. તેમને જોવાની તાલીમમાં વૃદ્ધિ થાય તેની સાથે તેમનો પોતાની જાતે જ વિકાસ થાય છે, જે ઝાંખું હોય તે સ્પષ્ટ બને છે, જે અપૂર્ણ હોય તે પૂર્ણ બને છે. કોઈ પણ વ્યકિત સામાન્ય રીતે એવું ન કહી શકે કે તે સાચી છે કે સાચી નથી. કેટલીક મનની રચનાઓ હોય છે અને કેટલાક એવા દશ્યો હોય છે જે આપોઆપ આવે છે; કેટલાક સાચી વસ્તુઓના દશ્યો હોય છે જેઓ સીધા જ દષ્ટિમાં દેખાય છે, બીજા કેટલાક ચિત્રો હોય છે. ફક્ત કલ્પનાઓ નહિ.

*

આ પ્રદેશ (જેનું કેન્દ્ર ભ્રૂમધ્ય વચ્ચે હોય છે) તે આંતર-વિચાર, સંકલ્પ અને દર્શનોનો પ્રદેશ હોય છે – મોટરકાર, ચેતનાના આ ભાગમાં ઝડપી પ્રગતિનું સૂચન કરે છે. મોટરકાર એક પ્રતીકાત્મક દશ્ય છે અને આ પ્રતીકો કોઈ સ્થૂલ વસ્તુના સંદર્ભમાં નથી.

આ બધી વસ્તુઓ આંતર-મન અથવા આંતર-પ્રાણમાં બને છે અને ઘણે ભાગે તેની પાછળ સત્ય હોય છે પરંતુ જે સ્વરૂપમાં તે બાહ્ય મનમાં આવે છે એ અપૂર્ણ હોઈ શકે. દા. ત. તેનો અર્થ એવી વસ્તુનો હોય જે શબ્દોમાં સંપૂર્ણ રીતે પ્રગટ ન થાય.

*

આ બધી મનોમય છાપો નથી. જ્યારે વ્યકિત સાધના કરે છે ત્યારે એક આંતર–દષ્ટિ ખુલ્લી થાય છે અને અનેક પ્રકારની છાપો તેની સમક્ષ ઉત્પન્ન થાય છે અથવા તેની પાસેથી પસાર થાય છે. તેમનું આગમન તમારા વિચારો અથવા સંકલ્પ ઉપર આધાર રાખતું નથી. તે વાસ્તવિક અને સ્વયં રીતનું હોય છે જે રીતે તમારી શારીરિક આંખો ભૌતિક જગતમાં વસ્તુઓને જુએ છે તે પ્રમાણે આ આંતર-નેત્રો એવી વસ્તુઓના દશ્યો જુએ છે જે અન્ય જગતોના હોય છે. અને આ સ્થૂલ જગત વસ્તુઓની સૂક્ષ્મ છાપો પણ જુએ છે.

*

બહારની વસ્તુઓ જે રીતે દેખાય છે તે રીતે આંતર–વસ્તુઓને પણ સ્પષ્ટ રીતે જોઈ શકાય છે પછી તે સૂક્ષ્મ દર્શનદ્વારા, પ્રતીકદ્વારા દેખાય અથવા તેનાથી પણ વધારે સૂક્ષ્મ અને સમર્થ રીતની જોવાની દૃષ્ટિ વડે તેમના સારતત્ત્વમાં દેખાય; પરંતુ આ વસ્તુઓનો વિકાસ કરવાનો હોય છે જેથી કરીને તેમની પૂર્ણ શકિત અને ઉત્કટતા પ્રાપ્ત થાય.

*

સૂક્ષ્મ છાપો સર્વ જગતોમાં રહેલી સર્વ વસ્તુઓની છાપો હોય છે.

*

જે કોઈ વસ્તુ ભૌતિક ન હોય તે આંતર-દર્શનદ્વારા દેખાય છે.

*

રંગો દેખાય એ આંતર-દર્શનની શરૂઆત છે, જેને સૂક્ષ્મ દૃષ્ટિ કહેવાય છે. પછીથી આ દૃષ્ટિ ખુલ્લી થાય છે અને વ્યકિત આંકડાઓ અને દશ્યો તથા માણસો જોવાની શરૂઆત કરે છે. માતાજીની પ્રતિમાની સાથે તમારું 'દર્શન' થયું એ સારું છે.

*

જ્યારે આંતર-દર્શન ખુલે છે ત્યારે તેની સમક્ષ જગતમાં જે કાંઈ હતું અથવા અત્યારે છે તે આવી શકે છે અને તે એવી વસ્તુઓ પ્રત્યે પણ ખુલી શકે છે જે હવે પછી બનશે – તેથી આ રીતે આંકડાઓ અને ભૂતકાળની વસ્તુઓ જોવામાં કોઈ અશક્ય બાબત નથી.

*

જયારે વ્યકિત ધ્યાન કરવાનો પ્રયત્ન કરે છે, ત્યારે શરૂઆતમાં પ્રથમ વિઘ્ન તરીકે ઊંઘ આવે છે. જયારે આ વિઘ્ન તમે પસાર કરો ત્યારે એવી આવે જેમાં આંખો બંધ હોય ત્યારે તમે વસ્તુઓ, માણસો અને અનેક પ્રકારના દશ્યો જુઓ છો. આ વસ્તુ ખરાબ નથી; તે સારી નિશાની છે અને તેનો અર્થ કે તમે યોગમાં પ્રગતિ કરો છો. તે ઉપરાંત જે બાહ્ય સ્થૂલ દષ્ટિ બાહ્ય પદાર્થોને જુએ છે તે પ્રમાણે આપણી અંદર રહેલી આંતર-દષ્ટિ પણ હોય છે જે હજુ સુધી જોઈ ન હોય તથા તમારે માટે અજાણ હોય તેવી વસ્તુઓને જોઈ શકે છે. જે વસ્તુ દૂર રહેલી હોય, જે વસ્તુઓ બીજી જગાએ અથવા અન્ય સમયની હોય અથવા અન્ય જગતોની હોય તે પણ જોઈ શકાય છે; તે તમારી અંદર રહેલી આંતર-દષ્ટિ ખુલ્લી થતી જાય છે. તે તમારી અંદર માતાજીની શકિતનું કાર્ય હોય છે જે તમારી અંદર ખુલ્લું થતું જાય છે અને તેને બંધ કરવા માટે તમારે પ્રયત્ન ન કરવો જોઈએ. માતાજીને કાયમ યાદ રાખો, તેમને પુકાર કરો અને તેમની હાજરી અને શકિતને તમારી અંદર કાર્ય કરવા દેવા અભીપ્સા કરો; પરંતુ તેના માટે તમારે આ *વસ્તુનો ઈનકાર કરવાની જરૂર નથી અથવા તેમના તરફથી તમારી અંદર* આવતા તેમના કાર્યદ્વારા થતા વિકાસોને રોકવાનું હવે પછીથી બંધ કરવું નહિ. ફકત કામના, અહંકાર, ચંચળતા અને ખોટી ગતિઓનો ઈનકાર કરવાનો છે.

કોઈ જ્યોત ઉપર અથવા પ્રકાશિત બિંદુ ઉપર તાકી રહેવું એ યોગીઓ દ્વારા એકાગ્રતા માટે અથવા આંતર-ચેતના અને જાગૃતિ માટે ઉપયોગમાં લેવાતા પ્રણાલીગત સાધનો છે. તમે દષ્ટિને સ્થિર રીતે તાકી રહીને એક પ્રકારની સપાટી ઉપરની (ઊંડી નહિ) સમાધિમાં ગયા હો એવું લાગે છે, જે ખરેખર તેનું પ્રથમ પરિણામ હોય છે અને કદાચ પ્રાણમય ભૂમિકા ઉપરની વસ્તુઓનું દર્શન કરવાની શરૂઆત કરી હોય એમ લાગે છે. મને ખબર નથી કે કયા ‘ભયંકર પદાર્થો’ તમે જોયા. પરંતુ તે પ્રકારની ભયંકરતા ઘણી વસ્તુઓનું લક્ષણ હોય છે જે પ્રથમ તે ભૂમિકા ઉપર દેખાય છે અને ખાસ કરીને તે ભૂમિકાનો ઉંબર તમે આવા સાધનો-દ્વારા ઓળંગો છો ત્યારે ખાસ દેખાય છે. હું માનું છું કે તમારે આવા સાધનોનો

ઉપયોગ ન કરવો. કારણકે તેમની બિલકુલ જરૂર નથી અને તે ઉપરાંત તે એક નિષ્ક્રિય એકાગ્રતા તરફ લઈ જાય છે જેમાં વ્યકિત અનેક પ્રકારની વસ્તુઓ પ્રત્યે ખુલ્લી થઈ જાય છે અને સાચી વસ્તુઓની પસંદગી કરી શકતી નથી.

*

તમારા પત્ર ઉપરથી મને બરાબર સમજ ન પડી કે તમારી સમક્ષ સીનેમા ફીલ્મની માફક આ પસાર થતા દશ્યો અને પદાર્થોનો કયો પ્રકાર હતો. જો તે વસ્તુઓ આંતર-દર્શનદ્વારા દેખાઈ હોય તો તેમને હાંકી કાઢવાની કોઈ જરૂર નથી – વ્યકિતએ તેમને પસાર થઈ જવા દેવી જોઈએ. માણસ જ્યારે સાધના કરે છે ત્યારે આપણી અંદર રહેલું આંતર–મન જાગૃત થાય છે અને એક આંતર-દષ્ટિથી આ જગતમાં અને અન્ય જગતોમાં રહેલી વસ્તુઓની છાપો જુએ છે – આ દર્શનની શકિતનો પોતાનો ઉપયોગ હોય છે જોકે વ્યકિતએ તેને આસકિતથી પકડી રાખવાની જરૂર નથી; વ્યકિત તેમને સ્થિર મનથી પસાર થવા દે છે અને તેમને વળગી પણ રહેતી નથી અને છોડી દેતી પણ નથી. બાહ્ય મનના વિચારોનો ઇનકાર કરવાનો હોય છે, એવા સૂચનો અને વિચારો જે સાધનામાં ખલેલ પહોંચાડે છે તેમને ફેંકી દેવાના હોય છે. બીજા કેટલાય એટલા બધા પ્રકારના વિચારો હોય છે જેમાં બિલકુલ રસ હોતો નથી, પરંતુ મનને એક એવી ટેવ પડેલી હોય છે તેથી તેઓ આવ્યા કરે છે અને તે પણ યાંત્રિક રીતે – અને વ્યકિત જ્યારે અચચંળ બનવા પ્રયત્ન કરે છે ત્યારે તેઓ કેટલીક વખત ઉપર આવે છે. તેમના ઉપર ધ્યાન આપ્યા સિવાય તેમને પસાર થઈ જવા દેવા અને ત્યાં સુધીમાં તેઓ ભાંગી પડે છે અને મન પ્રશાંત બને છે; તેમની સાથે માથાફોડ કરવી અથવા તેમને અટકાવવા પ્રયત્ન કરવો, તેનો કોઈ ઉપયોગ નથી, તેમનો ફકત શાંતિથી ઇનકાર કરવો. તેના બદલે જો વિચારો અંદરથી આવતા હોય, ચૈતસિક તત્ત્વમાંથી – માતાજી વિષેના વિચારો, દિવ્ય પ્રેમ અને આનંદના વિચારો, સત્યનું દર્શન વગેરેના, તો આ બધાને અલબત્ત મંજૂરી આપવી; કારણ કે તેઓ ચૈત્ય પુરુષને સક્રિય બનવામાં સહાયરૂપ છે.

*

પ્રાણમય ભૂમિકા ઉપરના સ્વપ્નો અથવા દર્શનો ઘણે ભાગે આ પ્રકારનાં હોય છે.

(૧) પ્રતીકાત્મક પ્રાણમય દર્શનો;

(૨) પ્રાણમય ભૂમિકા ઉપર બનતા વાસ્તવિક બનાવો;

(૩) પ્રાણમય મનની રચનાઓ યા તો સ્વપ્ન જોનારની અથવા કોઈ બીજી વ્યકિત જેની સાથે તે નિદ્રામાં સંપર્કમાં આવે છે તેની તે ભૂમિકા ઉપર રહેલા સત્ત્વોની શકિતઓની.

આ પ્રકારની અનુભૂતિ ઉપર બહુ વિશ્વાસ મૂકી શકાય નહિ, પહેલા પ્રકારમાં પણ ફક્ત સાપેક્ષ અથવા સૂચક અર્થ હોય છે, જ્યારે બીજા અને ત્રીજા પ્રકારની અનુભૂતિઓ ઘણી વખત બિલકુલ ગેરમાર્ગે દોરે છે.

*

આ બધા દર્શનો પ્રાણમય જગતના અને પ્રાણમય ભૂમિકાઓના હોય છે અને વ્યકિત ત્યાં આવા હજારો દશ્યો જુએ છે. ... ચેતનાના સર્વ ભાગો, એવા ક્ષેત્રો જેવાં હોય છે જેમાં વૈશ્વિક પ્રકૃતિમાં રહેલી ચેતનાની એક જ પ્રકારની ભૂમિકાઓમાંથી બલો સતત પ્રવેશ કરે છે અથવા તેમાંથી પસાર થતા હોય છે. ઉત્તમ વસ્તુ એ છે કે કોઈ રીતે તે બન્નેમાં તેમની અસર નીચે પણ ન આવવું અને તેમને વધારે પડતી અગત્ય ન આપવી; કારણ કે આ નાનકડી અનુભૂતિઓ હોય છે અને વ્યકિતની પોતાની એકાગ્રતા એ વધારે મોટી અનુભૂતિઓની માગણી કરવી.

તમે ઈલેક્ટ્રિક – લાઈટના ઉપર તમારી એકાગ્રતા કરતા હતા તેથી તમે વિદ્યુત્ અગ્નિ–ઈલેક્ટ્રિસિટીના – દેવ જોયા હશે. તેને શા માટે ઘણા જ ચહેરાઓ હોવા જોઈએ? તેના માટે કોઈ કારણ નથી – અનેક મસ્તકવાળી અને અનેક બાહુઓ-વાળી આકૃતિઓ ઘણે ભાગે પ્રાણમય ભૂમિકાઓની હોય છે – અને તેનો જે આવિર્ભાવ થયો તે તેના પ્રાણમય સ્વરૂપમાં ન પણ હોઈ શકે. રંગો વિષે કહેવાનું કે રંગો બલોના પ્રતીકો હોય છે અને અગ્નિ માટે શુદ્ધ લાલ રંગ હોવો જરૂરી નથી – અગ્નિનો ગુણ બધા જ રંગોમાં આવિર્ભાવ પામી શકે છે અને વિશુદ્ધ સફેદ અગ્નિ એવો હોય છે જે પોતાની અંદર સર્વ રંગોને ધારણ કરે છે.

*

અધિમનસ ભૂમિકાના દેવોને અનેક બાહુઓ હોતા નથી. આ એક પ્રાણમય પ્રતીક છે, અને તે બીજી ભૂમિકામાં હોવું જરૂરી નથી. આ આકૃતિ સૂક્ષ્મ શારીરિક ભૂમિકાની કદાચ હોઈ શકે.

*

તમે જે જગત જુઓ છો એ કોઈ સૂક્ષ્મ શારીરિક ભૂમિકામાં છે જ્યાં માનવીઓ દેવોને પોતાના વિચારો અને કલ્પનાઓ પ્રમાણે જુએ છે.

*

તે પ્રાણમય ભૂમિકા છે – કદાચ પ્રાણમય – શારીરિક. ઘણે ભાગે પ્રાણમય જગતના સત્ત્વો પશુના મસ્તકો અથવા દેખાવોવાળાને જગતમાં દેખાય છે. એક માનવ આકૃતિ જેને કૂતરાનું મોઢું હતું તેનો અર્થ કે તે એક ગ્રામ્ય અને સ્થૂલ કામવાસનાની શકિત હતી. અલબત્ત, આ બધી શકિતઓમાં રૂપાંતર થઈ શકે છે અને તેઓ કામવાસનામાંથી અટકી જાય છે – અને તેમનામાં કોઈક પ્રકારનું ભૌતિક સામર્થ્ય આવે છે, જેવી રીતે વીર્યની શકિતનું બ્રહ્મચર્ય દ્વારા ' ઓજસ 'માં રૂપાંતર થઈ થકે છે.

*

પ્રતીકાત્મક દર્શનના પ્રકાર ઉપર તેનો આધાર છે કે તે કેવળ પ્રતિનિધિત્વ ધરાવે છે કે આંતર-દર્શન અને પ્રકૃતિ પાસે (જોકે બાહ્ય મનને તે સમજાતું નથી પરંતુ આંતર મન તેની અસર ગ્રહણ કરે છે) જે વસ્તુનું તે પ્રતીક છે, તે તેની પ્રતીકાત્મકતામાં કેવી આકૃતિમાં રજૂ થાય છે કે તેની પ્રકૃતિ સક્રિય છે. દા. ત. સૂર્યનું પ્રતીક ઘણે ભાગે સક્રિય પ્રતીકોમાંથી કેટલાક જે વસ્તુનું પ્રતીક હોય તેની ફક્ત અસર જ લાવે છે. કેટલાક દર્શનો કઈ વસ્તુ થઈ રહી છે પણ હજુ પૂર્ણ નથી થઈ તેનું સૂચન કરે છે; કેટલીક રચનાત્મક અનુભૂતિઓ હોય છે જે ચેતનાની મુલાકાત લે છે; કેટલીક એવી વસ્તુઓની ભવિષ્યવાણી હોય છે જે કદાચ બને, અથવા ભવિષ્યમાં બનશે, અથવા તુર્ત જ બનવાની હોય. બીજી કેટલીક કેવળ પ્રતીકો જ નથી હોતી પરંતુ વર્તમાન વાસ્તવિકતાઓ હોય છે, જે પ્રતીકરૂપમાં દર્શનદ્વારા દેખાય છે.

*

જ્યારે દર્શનોમાં રંગો નિશ્ચિત આકારો ધારણ કરવાની શરૂઆત કરે છે ત્યારે ચેતનામાં કોઈ સક્રિય રચનાના કાર્યની નિશાની હોય છે. દા. ત. ચોરસ એટલે સ્વરૂપના કોઈ ક્ષેત્રમાં થતી કોઈ સર્જનની પ્રક્રિયા; ચોરસ સૂચવે છે કે સર્જન પોતાની અંદર પૂર્ણ થવાનું છે; જ્યારે લંબચોરસ કોઈ અધૂરું અને પ્રાથમિક સર્જન સૂચવે છે. રંગના મોજાંઓ એટલે બલોનો ઘસારો, અને આ સંદર્ભમાં ' તારો ' એક નવીન સ્વરૂપ રચવાનું છે તેની ચોક્કસ ખાતરી સૂચવે છે. અહીં વાદળી રંગ કૃષ્ણની ચેતના હોવી જોઈએ એટલે તે કૃષ્ણ ચેતનાના દબાણ નીચે થતું સર્જન છે. આ બધા પ્રતીકો આંતર–સ્વરૂપમાં શું ચાલી રહેલું છે તે પાછળ જોયેલી ચેતનામાં શું છે તે અને બાહ્ય અથવા સપાટી ઉપરની ચેતનામાં જે અમુક અમુક સમયે પરિણામો આવે છે તેમાં સૂચનો કરે છે. એ પ્રકારની લાગણી જેવી કે નમ્રતાની લાગણી અને તમને ખુલ્લાપણું લાગ્યું, ભકિત-

પ્રફુલ્લિતતા, શાંતિ, આનંદ વગેરે. જ્યારે ખુલ્લાપણું પૂર્ણ થશે ત્યારે જે વસ્તુ ચાલી રહેલી છે તેમની એક વધારે સીધી ચેતના આવવાની શકયતા છે, અને તે પછીથી પાછળ નહિ રહે પરંતુ પ્રકૃતિની સપાટી ઉપર આવશે.

*

જ્યારે તમે ચોરસ જુઓ ત્યારે તે પૂર્ણ સર્જનનું પ્રતીક હોય છે; જ્યારે તમે ભેંસને તમારા ઉપર ધસી આવતી જુઓ છો અને તમે બચી જાઓ છો અને તમને લાગે કે તમે મહાન જોખમમાંથી મુકત થયા છો ત્યારે તે કોઈ અનુવાદ છે. એવી કોઈ વાસ્તવિક વસ્તુ બનેલી જેમાં ભેંસનો બિન–અસરકારક ધસારો એ તમારા મનનો અનુવાદ હતો – કોઈ વિરોધી બલનો ધસારો હતો – જેનું પ્રતિનિધિત્વ ભેંસદ્વારા થયું.

*

જે કોઈ વસ્તુ બંધ આંખે દેખી શકાય છે તે ખુલ્લી આંખોએ પણ દેખાય છે; એટલું પૂરતું છે કે આંતરદૃષ્ટિ સૂક્ષ્મ શારીરિક ચેતના સુધી વિસ્તાર પામવી જોઈએ જેથી તે પ્રમાણે બની શકે.

*

(૧) આ દર્શન સ્થૂલ આંખોદ્વારા દેખાયું હતું; પરંતુ સૂક્ષ્મ શારીરિક ચેતનાદ્વારા; બીજા શબ્દોમાં, એક ચેતનાનું બીજી ચેતના ઉપર દબાણ થયેલું. વિકાસના અમુક તબક્કા પછી, સામાન્ય શારીરિક ચેતનામાં ધારણ કરવાની શકિત અને તેમ છતાં તેની સાથે એક વધારે સૂક્ષ્મ ઈન્દ્રિય, દર્શન અનુભૂતિ વગેરે બિલકુલ સામાન્ય રીતે બને છે. એક થોડી ઘણી એકાગ્રતા તેને લાવવા માટે પૂરતી છે. અથવા કોઈ પણ જાતની એકાગ્રતા વગર પણ તે સ્વયંભૂ રીતે બની આવે છે.

પુષ્પ એક સૂક્ષ્મ ભૌતિક પદાર્થ હોવાથી શબ્દના સામાન્ય અર્થમાં, પૂરેપૂરું ભૌતિક અર્થમાં નહિ (જોકે તેની પોતાની ભૂમિકામાં પૂરેપૂરું ભૌતિક અને સ્થૂલ, કેવળ ભ્રમ નહિ) કોઈ કેમેરા તેને ઝડપી લઈ શકે નહિ – સિવાય કે એવો કોઈ અસામાન્ય પ્રક્ષેપ હોય જેના વડે કોઈ સૂક્ષ્મરૂપ ભૌતિક પ્લેટ (Plate) ઉપર ફેંકાય.

તે કદાચ અંધાર–કોટડીમાં (ડાર્ક રૂમ) પકડી શકાત, જોકે એટલી સહેલાઈથી નહિ, અને તેમાં તે એટલો સ્પષ્ટ દેખાવ ન પણ હોત – સિવાય કે તમે કોઈ સૂક્ષ્મ–ભૌતિક ભૂમિકાનો પ્રકાશ થોડો ઘણો પણ બહાર લાવી શકો જે તેની આસપાસ ફરી વળે અને તેને તમે સ્વાભાવિક માધ્યમ બનાવી શકો.

જો બંધ આંખે તે દેખાય તો તે સૂક્ષ્મ શારીરિક રૂપ ન હોય, પરંતુ તે પ્રાણમય, મનોમય અથવા બીજી કોઈ ભૂમિકાનો પદાર્થ અથવા રચના હોઈ શકે – સિવાય કે આંતરિક ચેતનાએ એટલી પ્રગતિ સાધી હોય કે પોતાનો પ્રક્ષેપ ભૌતિક ભૂમિકાઓ ઉપર નાખી શકે, પરંતુ આવું ભાગ્યે જ બને છે અને ઘણાખરા પ્રસંગોમાં ઘણા વિકાસ પછી જ બની શકે છે.

(૨) ઘણે ભાગે પદાર્થ અદૃશ્ય થતો નથી; ચેતનામાં ફેરફાર થાય છે. એક સતત ટકી રહેતી શકિતના અભાવને લઈને અથવા તાલીમના અભાવને લઈને વ્યકિત આ સૂક્ષ્મ શારીરિક દૃષ્ટિને ટકાવી શકતી નથી, જે શકિત ખરેખર પદાર્થને જોઈ શકે છે. આ સૂક્ષ્મ શારીરિક દૃષ્ટિ હળવી ઊંઘ અને જાગૃત અવસ્થાની વચ્ચેની ક્ષણોમાં સહેલાઈથી આવે છે – યા તો વ્યકિત ઊંઘમાંથી બહાર આવે ત્યારે તરત જ, અથવા વ્યકિત નિદ્રામાં પડે તે પહેલાં; પરંતુ વ્યકિત જ્યારે પૂર્ણ જાગૃત થાય ત્યારે પણ પોતાની જાતને તે પ્રાપ્ત કરવા માટે તાલીમ લઈ શકે.

પ્રથમ જ્યારે વ્યકિત જોવાની શરૂઆત કરે છે ત્યારે સામાન્ય રીતે તેને માટે ખોટી રીતની વ્યાખ્યા અપાયેલ અને અસ્પષ્ટ આકારોવાળી આકૃતિઓ વધારે વખત ટકે છે. જ્યારે જે આકૃતિઓ સફળ, પૂર્ણ, વિગતોમાં તથા રેખાઓમાં સ્પષ્ટ હોય છે તેવી આકૃતિઓ ક્ષણિક જ ટકે છે અને એક ક્ષણમાં અદૃશ્ય થઈ જાય છે; જ્યારે સૂક્ષ્મ દૃષ્ટિ સારી રીતે વિકાસ પામેલી હોય ત્યારે જ સંપૂર્ણ અને સ્પષ્ટ દર્શન લાંબા સમય સુધી ટકે છે. આ એવી મુશ્કેલીમાંથી પરિણમે છે જે આપણે માટે અસાધારણ ચેતના હોય છે અને આપણે તેને ટકાવી શકતા નથી અને ખાસ કરીને આ પ્રસંગમાં તો બે કામચલાઉ એકબીજા ઉપર અધિકાર જમાવતી જુદા જુદા પ્રકારની ચેતનાઓને પકડી રાખવી મુશ્કેલ પડે છે.

(૩) દરેક ભૂમિકા ઉપર ભિન્ન ભિન્ન અનુભૂતિઓ થાય છે. પ્રતીકરૂપો, સૂચન આપતી આકૃતિઓ એવી વસ્તુઓ જે ભૂમિકા હોય તેના માટે સાચી અને ટકાઉ હોય, અને એવી વસ્તુઓ જે બનાવટી અને ગેરમાર્ગે દોરનારી પણ હોય. જે અવ્યવસ્થિતતા હોય છે તે એવી ચેતનાને પરિણામે હોય છે જે પોતાની મર્યાદિતતા અને અપૂર્ણતાથી તેને જુએ છે, અને તે ભિન્ન જગતને ઓળખી શકતી નથી અને તેથી ઘટનાઓને પોતાને પણ સમજી શકતી નથી. દરેક ભૂમિકા એક જગત હોય છે અથવા એક મિશ્રણ હોય છે અથવા અનેક જગતોની શ્રેણીઓ હોય છે અને તે દરેક પોતપોતાની રીતે સુવ્યવસ્થિત હોય છે; તે વ્યવસ્થિત હોય

છે પણ અસ્તવ્યસ્ત હોતી નથી; અલબત્ત, ફક્ત સૂક્ષ્મતર ભૂમિકાઓ વધારે નમનીય અને પોતાની વ્યવસ્થામાં ભૌતિક ભૂમિકા કરતાં ઓછી રૂઢ હોય છે.

*

ગુહ્ય દર્શનની શકિત દરેકમાં હોય છે, પરંતુ ગુપ્ત હોય છે. ઘણી વખત સપાટી નજીક હોય છે પરંતુ તે ઘણી વખત ભાગ્યે જ સપાટી ઉપર આવે છે. જો વ્યકિત ત્રાટકની તાલીમ લે તો ચોક્કસ વહેલી યા મોડી બહાર આવશે જ – જોકે કેટલાક માણસોને મુશ્કેલી હોય છે અને તેમને માટે લાંબો સમય લે છે; જે લોકોમાં તે તાત્કાલિક બહાર આવે છે તેમને માટે આ ગુહ્ય દર્શનની શકિત તેમની સપાટીની નજીક જ હોય છે અને પ્રથમ સીધા દબાણથી તે બહાર આવે છે.

તમે જે વૃક્ષોને પોતાના કિરણો બહાર કાઢતા જોયા તેઓ ત્યાં કાયમ હોય છે જ પરંતુ તેઓ સામાન્ય ભૌતિક દૃષ્ટિથી ઢંકાયેલા રહે છે. મેં કહ્યું તે પ્રમાણે વાદળી અને સોનેરી બન્ને રંગો એક સાથે હતા. તેઓ કૃષ્ણ અને દુર્ગા-મહાકાલીની એક સાથે હાજરી સૂચવતા હતા. પરંતુ સોનેરી અને પીળા રંગના ભિન્ન અર્થો હોય છે. બલોના સૂચનોમાં રહેલો પીળો રંગ ચિંતનશીલ મન (બુદ્ધિ)નો નિર્દેશ કરે છે, અને ગુલાબી રંગ (જે ઝાંખો ગુલાબી રંગ જેવો લાગે છે) તે ચૈતસિક રંગ છે. તે બન્નેનું મિશ્રણ કદાચ મનોમય ચેતનામાં ચૈતસિક ચેતનાનો નિર્દેશ કરે છે.

આ બધી ઘટનાઓનું અર્થઘટન કરવામાં તમારે ખાસ યાદ રાખવું જોઈએ કે કોઈ પણ વ્યકિતગત પ્રસંગમાં બધી જ વસ્તુઓ જે રંગોનું સૂચન થાય છે તે વસ્તુઓના ક્રમ ઉપર આધાર રાખે છે. અર્થઘટનની એક ગોઠવણી હોય છે જેમાં તેઓ ભિન્ન ભિન્ન માનસશાસ્ત્રીય સક્રિયતાનું સૂચન કરે છે. દા. ત. શ્રદ્ધા, પ્રેમ, રક્ષણ વગેરે. અર્થઘટનનો એક બીજા પ્રકારનો પણ ક્રમ હોય છે જેમાં તેઓ પ્રભાચક્ર અથવા દિવ્ય સત્ત્વોની સક્રિયતા સૂચવે છે. કૃષ્ણ, મહાકાલી, રાધા અથવા બીજા અતિમાનસ સત્ત્વો; એક બીજી પણ ગોઠવણી હોય છે જેમાં તેઓ પદાર્થોની આસપાસ અથવા જીવંત વ્યકિતઓની આસપાસ રહેલા પ્રભાચક્રનું પણ સૂચન કરે છે – અને આટલી જ યાદી શકયતાઓની યાદીને ખલાસ કરતી નથી. એક પ્રકારનું જ્ઞાન, અનુભૂતિઓ, સ્વયંસ્ફૂરણાની વૃદ્ધિ એ દરેક પ્રસંગ માટે સાચા અર્થઘટનને સમજવા માટે જરૂરી હોય છે. નિરીક્ષણ અને ચોક્કસ વર્ણન પણ ઘણા જરૂરી હોય છે; કારણકે કેટલીક વખત દા. ત. લોકો એમ કહે છે કે તે પીળો રંગ છે અને તેઓ સોનેરી રંગ કહેવા માગતા હોય, અથવા એકબીજાથી ઊલટું; તે ઉપરાંત એક જ રંગની જુદી જુદી છાયાઓ માટે ભિન્ન ભિન્ન શકય અર્થો

હોય છે; વળી તમે જો કોઈ વ્યકિતની આસપાસ અથવા તેની પાસે કોઈ રંગ જુઓ અથવા તે માણસ અથવા તે સ્ત્રીની સામે જોઈને કહો તો તે અવશ્ય રીતે તે વ્યકિતના પ્રભાચક્રનું સૂચન ન હોય; તે કાંઈક બીજી જ વસ્તુ હોય જે તેની પાસે હોય અથવા તેની આસપાસ હોય. કેટલાક પ્રસંગોમાં તે વસ્તુ અને તે વ્યકિત તથા પદાર્થને જેને તમારી સામે તમે જુઓ તેની સાથે કોઈ સંબંધ ન પણ હોય, અને તે વસ્તુ કેવળ તેની પશ્ચાદ્‌ભૂમિકા અથવા એકાગ્રતાના બિંદુ માટેનો જ હેતુ હોય – જેવી રીતે તમે દીવાલ ઉપર કોઈ રંગો જુઓ અથવા કોઈ પદાર્થ ઉપરના પ્રકાશિત રંગો જોતા હો તેના જેવું તે હોય છે.

*

શરીરને જોવું (ખાસ કરીને પોતાના શરીરને જ) અને તેના પોતાના આંતરિક ભાગોમાં, એ રાજયોગ અને હઠયોગીઓએ વિકાસ કરેલી યૌગિક શકિત છે – હું ધારું છું કે તે શકિતનો બીજાઓના શરીર સુધી પણ વિસ્તાર કરી શકાય છે – તે ઉપરાંત કેટલીક સૂક્ષ્મ ગંધો પારખવાની ઈન્દ્રિયો પણ હોય છે અને મેં ખાસ નોંધ લીધેલી છે કે તે સુગંધ ઘણો સમય સુધી ટકે છે.

*

ઘંટનાદો અને પ્રકાશો તથા રંગો દેખાવા એ આંતર-ચેતના ખુલ્લી થાય છે તેની નિશાનીઓ છે. તે ચેતના તેની સાથે ભૌતિક ભૂમિકા કરતાં બીજી ભૂમિકાઓના દશ્યો અને અવાજોનું ખુલ્લાપણું લાવે છે. આમાંની કેટલીક વસ્તુઓ, જેવી કે ઘંટડીઓના અવાજો, તમરાંઓની ગુંજારવ વગેરે પણ ઉદ્‌ઘાટનમાં મદદ કરતા હોય એવું દેખાય છે. ઉપનિષદ તેમના વિષે 'બ્રહ્મવ્યકિતકરણાની યોગે' તરીકે વાત કરે છે.

પ્રકાશો બલોનું પ્રતિનિધિત્વ હોય છે – અથવા કેટલીક વખત તમે પ્રકાશનો એક રચાયેલો આકાર જોયો, તે કદાચ અતિભૌતિક ભૂમિકાઓના સત્વનો પ્રકાશ હોઈ શકે.

*

તમે જે અવાજો અથવા નાદો સાંભળો છો તે તમે જે રીતના દશ્યો જુઓ છો (વ્યકિતઓ, પદાર્થો) તેવા હોય છે. ભૌતિક દષ્ટિ જેવી રીતે હોય છે તેવી રીતે તેના સિવાય પણ એક અંતઃદષ્ટિ હોય છે. જે પ્રમાણે બાહ્ય શ્રાવણેન્દ્રિયને સંભળાય તેના કરતાં પણ એક બીજી આંતર-શ્રુતિ હોય છે, અને તે અન્ય જગતોના અન્ય સમયોના અને જગાંઓના નાદો, અવાજો અને શબ્દો સાંભળી શકે છે અથવા અતિભૌતિક સત્ત્વો તરફથી જે અવાજો આવતા હોય છે તેમને પણ

સાંભળી શકે છે. પરંતુ અહીં તમારે સંભાળવાનું છે. જો એકબીજાથી સંઘર્ષયુક્ત અવાજો આવે ત્યારે તમારે શું કરવું અથવા શું ન કરવું એ અવાજો તમને કાંઈ કહેવાનો પ્રયત્ન કરે તો તમારે તેમને સાંભળવા ન જોઈએ, તેમ પ્રત્યુત્તર પણ આપવો ન જોઈએ. ફક્ત હું પોતે જ અથવા માતાજી જ તમને કહી શકે કે તમારે શું કરવું અથવા શું ન કરવું અથવા અમે જ તમને માર્ગદર્શન કે સલાહ આપી શકીએ.

*

જ્યારે આંતર-ઈન્દ્રિયો ખુલ્લી થાય છે કે તેમાંની કોઈપણ એક, ત્યારે વ્યક્તિ બીજી ભૂમિકાઓની વસ્તુઓ સાહજિક રીતે જ જુએ છે અથવા સાંભળે છે, બીજી ભૂમિકાઓની કઈ વસ્તુ તે સાંભળે છે અથવા જુએ છે તે આંતર-ઈન્દ્રિયના વિકાસ ઉપર આધાર રાખે છે. તમે કઈ વસ્તુ સાંભળો છો, તેના પર તેનો આધાર છે; તેઓ પ્રતીકાત્મક અવાજો છે કે જેમને સાધના સાથેનો સંબંધ છે અથવા બીજી ભૂમિકાના અવાજો છે, જે ફક્ત સામાન્ય પ્રકારના છે.

*

તે વસ્તુ અવાજના પ્રકાર ઉપર આધાર રાખે છે. કેટલાકને (સાધના સાથે) સંબંધ હોય છે. બીજા કેવળ અન્ય ભૂમિકાઓના અવાજો હોય છે.

*

તેઓ (સાધના સાથે સંકળાયેલા સૂક્ષ્મ અવાજો) કોઈ વસ્તુને તૈયાર કરવા માટેની પ્રક્રિયાની નિશાનીઓ હોય છે – પરંતુ તે એક સામાન્ય વસ્તુ હોવાથી, અવાજના પોતાના ઉપરથી કઈ તૈયારી છે તે કહી શકાય નહિ.

*

એક આંતર-અવાજ એક અવાજ જ હોય છે – તે દિશાસૂચન આપી શકે પણ બલ આપી શકે નહિ. અવાજ બોલે છે, પણ તે કાર્ય કરતો નથી. કોઈ પુસ્તક વાંચવું અને તેના માટે અંતરમાંથી માર્ગદર્શન પ્રાપ્ત કરવું એ બે વચ્ચે ઘણો તફાવત હોય છે.

*

તે વસ્તુ (સૂક્ષ્મ સુગંધો અને સ્વાદો) ગુહ્ય જ્ઞાનને અને શક્તિઓને ખુલ્લાં કરતાં નથી, પરંતુ આંતર-ચેતનાને ખુલ્લી કરે છે.

*

સૂક્ષ્મ સુગંધ (કોઈ વ્યક્તિમાંથી આવતી) તે વ્યક્તિના પ્રાણમય-શારીરિકમાંથી કોઈક વસ્તુ આવતી હોય છે, તેને લઈને આવે છે. તે કોઈક વસ્તુ, દરેક સમયે

આગળ પડતી હોતી નથી. જ્યારે તે પ્રમાણે હોય છે ત્યારે ત્યાં સુગંધ હોય છે... ભિન્ન-ભિન્ન પ્રસંગોમાં તે કોઈક વસ્તુ ભિન્ન-ભિન્ન પ્રકારની હોય છે, અને કોઈ પણ વ્યક્તિ તેને માટે એવો નિયમ ન આપી શકે કે તે આ વસ્તુ છે કે પેલી વસ્તુ. સૌથી ખરાબ ગંધ એ કામવાસનાની ગંધ હોય છે.

*

૫

હું સમજું છું તે પ્રમાણે કોઈ પ્રતીક એક ભૂમિકા ઉપરનું એક રૂપ હોય છે જે બીજી ભૂમિકાના સત્યનું પ્રતિનિધિત્વ ધરાવે છે. દા. ત. એક ધ્વજ કોઈ દેશનો પ્રતીક હોય છે... પરંતુ બધા જ રૂપો પ્રતીકો હોય છે. આપણું પોતાનું આ શરીર આપણા સાચા સ્વરૂપનું એક પ્રતીક હોય છે અને દરેક વસ્તુ કોઈ ઉચ્ચતર વાસ્તવિકતાનું કોઈ પ્રતીક હોય છે. તેમ છતાં પ્રતીકોના ભિન્ન ભિન્ન પ્રકારો હોય છે.

(૧) પ્રણાલિકાગત પ્રતીકો જેવાકે 'વેદ'ના ઋષિઓએ તેમના પોતાના સંજોગોમાંથી લીધેલા પદાર્થોની સાથે રૂપો આપાને ઘડેલા. ગાય પ્રકાશનો નિર્દેશ કરતી હતી; કારણકે એક જ શબ્દ "ગો"ના બે અર્થ – કિરણ અને ગાય–હતા; અને તેમને માટે સૌથી કિમતી ખજાનો ગાય હોવાથી જેનાથી તેઓ તેમનું જીવન ધારણ કરતા અને તે ગાયોને લૂંટાઈ જવાનું અથવા ગૂમ કરી દેવાવાનું તેમને સખત જોખમ રહેતું હતું. પરંતુ એક વખત તે પ્રતીકનું સર્જન થાય પછી આ પ્રતીક જીવંત બની જાય છે. ઋષિઓએ તે પ્રતીકને સમર્થ બનાવ્યું અને તે તેમના સાક્ષાત્કારનો એક ભાગ બની ગયું. તેમના દર્શનોમાં ગાય આધ્યાત્મિક પ્રકાશના પ્રતીક તરીકે દેખાતી. અશ્વ પણ તેમનું પ્રખ્યાત પ્રતીક હતું અને તેને સહેલાઈથી અપનાવી શકાય એમ હતું; કારણકે તેનું બલ અને શક્તિ બિલકુલ સ્પષ્ટ રીતે જ જોઈ શકાતાં હતાં.

(૨) આપણે જેને જીવન-પ્રતીકો કહીએ છીએ, તેઓને કૃત્રિમ રીતે પસંદ કરવામાં આવ્યા નથી અથવા મનોમય રીતે-સચેતન રીતે જાણીબુઝીને તેની રજુઆત કરવામાં આવી નથી; પરંતુ આપણા રોજ-બ-રોજના જીવનમાંથી સ્વાભાવિક રીતે જ ઉત્પન્ન થાય છે અને આપણા સામાન્ય જીવનના માર્ગમાં સંજોગોને લઈને ઉપસ્થિત થયેલા હોય છે. પ્રાચીન યોગીઓ માટે પર્વત યોગના માર્ગ માટેનું પ્રતીક હતું,

એક પછી એક સ્તર અને એક પછી એક શિખર. એવી મુસાફરી જેમાં નદીઓ ઓળંગવી પડે અને છુપાયેલા દુશ્મનોનો સામનો કરવો પડે, પ્રાણીઓ તેમ જ માનવીઓનો એ પ્રતીકમાં પણ આ જ ખ્યાલ સમાયેલો હતો. અત્યારના સમયમાં હું હિંમતપૂર્વક કહી શકું કે આપણને યોગની સરખામણી મોટરની મુસાફરી કે રેલ્વેની મુસાફરી સાથે કરવાનું પ્રસંદ પડે.

(૩) એવા પ્રતીકો જેમાં પોતાની અંદર જ સાનુકૂળતા અને પોતાની આંતર–શકિત હોય. આકાશ અથવા ઈશ્વરનો વિસ્તાર એ અનંત સર્વવ્યાપી શાશ્વત બ્રહ્મનું પ્રતીક છે. કોઈ પણ દેશમાં તેનો તે પ્રકારનો જ અર્થ થાય છે. ઉપરાંત સૂર્ય વૈશ્વિક રીતે અતિમાનસ પ્રકાશ, દિવ્ય પ્રજ્ઞા (gnosis) માટેનું પ્રતીક છે.

(૪) મનોમય પ્રતીકોના દૃષ્ટાંતો સંખ્યાઓ અથવા અક્ષરો છે. એક વખત તેમનો સ્વીકાર થાય ત્યાર પછી તેઓ પણ સક્રિય બને છે અને ઉપયોગી થાય છે. ભૌમિતિક આકારોની જુદી જુદી રજુઆતો હોય છે. મારા અનુભવો પ્રમાણે ચોરસ અતિમનસનું પ્રતીક છે. હું કહી ન શકું કે તે કઈ રીતે આવ્યું. મારા મન સમક્ષ તે આવ્યું તે પહેલાં કોઈ વ્યકિતએ અથવા કોઈ શકિતએ તેની રચના કરી હોય એમ પણ બને. ત્રિકોણ માટે પણ જુદી જુદી સમજૂતીઓ છે. એક અર્થમાં તે ત્રણ નિમ્ન ભૂમિકાઓનું પ્રતીક બની શકે છે અને બીજા અર્થમાં તે ત્રણ ઉચ્ચતર ભૂમિકાઓનું પ્રતીક હોય છે; એટલે બન્નેને એકત્રિત કરીને એક નિશાની બનાવી શકાય છે. પ્રાચીન લોકો આવા પ્રકારની કલ્પનાઓ, સંખ્યાઓ માટે નક્કી કરતા; પરંતુ તેમની પદ્ધતિઓ કેવળ મનોમય હતી. એ બિલકુલ સાચું છે કે અતિમાનસ વાસ્તવિકતાઓ અસ્તિત્વ ધરાવે છે જેમનું ભાષાંતર મનોમય સૂત્રોમાં થઈ શકે છે, જેવાકે કર્મ, ચૈતસિક વિકાસ વગેરે. પરંતુ આપણે એમ કહી શકીએ કે તેમાં અનંત પ્રકારની વાસ્તવિકતાઓ હોય છે, જેમને આવા પ્રતીકાત્મક રૂપોથી મર્યાદિત કરી શકાય નહિ; જોકે તેમની અભિવ્યકિત બીજા પ્રતીકોદ્વારા પણ તે જ રીતે કરી શકાય છે, અને તે એક જ પ્રકારનું પ્રતીક ઘણા ભિન્ન વિચારોને અભિવ્યકત કરી શકે.

*

એક યા બીજા સ્વરૂપમાં આ બધા જ વિચારો ભૂતકાળમાં અસ્તિત્વ ધરાવતા હતા. ઈ. સ. પૂર્વે પાંચમી સદીમાં પાયથાગોરસના શિક્ષણમાં સંખ્યાઓનો મૂળભૂત તત્ત્વોમાંના એક તત્ત્વ તરીકે નિર્દેશ થતો.

*

અગ્નિ, પ્રકાશો, સૂર્ય, ચંદ્ર વગેરે સામાન્ય રીતે પ્રતીકો હોય છે અને ઘણા માણસોને સાધના દરમ્યાન દેખાય છે. તેઓ ગતિ અથવા આંતર-બલોનાં કાર્યોનો નિર્દેશ કરે છે.

*

કેટલીક વખત વ્યક્તિને પ્રકાશના પૂંજો દેખાય છે, કેટલીક વખત કેટલાક સ્વરૂપોમાં – અને ઘણાખરા સામાન્ય રીતના સ્વરૂપોમાં સૂર્ય, ચંદ્ર, તારો અથવા અગ્નિનું સ્વરૂપ હોય છે.

*

પ્રકાશ, રંગો, પુષ્પો વગેરે સાધનાની અમુક અવસ્થામાં જ્યારે બલોનું કાર્ય ચાલતું હોય છે ત્યારે કાયમ દેખાય છે. પ્રકાશ, અલબત્ત, ચેતનાના પ્રકાશનું સૂચન કરે છે, જ્યારે રંગ મનોમય બલોની ક્રીડા (પીળો રંગ), શારીરિક તથા પ્રાણમય બલોની ક્રીડા છે. પરંતુ તે બલો સ્વરૂપના આ બધા ભાગોને પ્રકાશિત કરવા માટે કાર્ય કરે છે. ફૂલો ઘણે ભાગે ચૈતસિક સક્રિયતા સૂચવે છે.

*

એ જરૂરી નથી કે પ્રકાશો જોવા માટે મન અચંચલ હોવું જોઈએ – તે વસ્તુ કેન્દ્રમાં એક સૂક્ષ્મ દર્શનના ખુલવા ઉપર આધાર રાખે છે. આ કેન્દ્ર કપાળમાં ભ્રૂમધ્યમાં આવેલું છે. કેટલાક માણસો સાધનાની શરૂઆત કરે કે તરત જ તે વસ્તુ પ્રાપ્ત કરે છે. કેટલાક માણસો સાધના સિવાય પણ, પ્રયત્ન અને એકાગ્રતાથી તેનો વિકાસ કરી શકે છે. કારણકે તેમનામાં તે શક્તિ જન્મજાત હોય છે. મનની અચંચલતા બીજી વસ્તુઓ માટે જરૂરી છે, જેવીકે માતાજીની હાજરીનું ભાન વગેરે માટે.

*

પ્રકાશ જોવા માટે એકાગ્ર થયેલું મન કાયમ આવશ્યક વસ્તુ નથી–ચેતનામાં કોઈ પણ જગાએ કોઈ ખુલ્લાપણું થયું હોય તો તેટલું પૂરતું છે.

*

બહાર પ્રકાશ દેખાય એટલે તે પ્રકાશ જે બલનો સ્પર્શ અથવા અસરનો નિર્દેશ કરતો હોય તે અર્થ થાય છે (સોનેરી રંગ સત્યના પ્રકાશનો, વાદળી રંગ કોઈ આધ્યાત્મિક શક્તિ ઊર્ધ્વ ભૂમિકામાંથી આવતી હોય તેનો નિર્દેશ કરે છે). જ્યારે ભીતરમાં કોઈ પ્રકાશ દેખાય તો તે પ્રકાશ અંદરના ભાગમાં ઉતરી ગયો છે અથવા તેની સ્થાપના થઈ છે અથવા પ્રકૃતિની પોતાની અંદર વારંવાર સક્રિય

બનેલો છે. ઊર્ધ્વમાં રહેલો પ્રકાશ એટલે બલનું મનમાં અવતરણ અને ચારે બાજુ વીંટળાઈ વળતો પ્રકાશ એટલે સામાન્ય રીતે ચારે બાજુ આવરી લેતી અસર.

*

સંધ્યાનો પ્રકાશ એટલે દબાયેલો પરંતુ સમૃદ્ધ પ્રકાશ અથવા એક પ્રકારનો હૂંફાળો આનંદ જે પ્રકાશિત પ્રકારનો હોય.

*

આંતર-દર્શન મન અને સંકલ્પનું કેન્દ્ર જે ભ્રૂમધ્ય વચ્ચે કપાળમાં આવેલું છે તેની આગળ ઘણી વખત પ્રકાશ દેખાય છે. સૂર્ય એટલે દિવ્ય સત્યનો એકત્રિત થયેલો પ્રકાશ; તારા જેવો પ્રકાશ એ પ્રકારનો જ પ્રકાશ છે અને તે વિખેરાતી શકિત તરીકે સામાન્ય ચેતના ઉપર કાર્ય કરે છે અને તે ચેતના અવિદ્યાની રાત્રી તરીકે દેખાય છે. તમારો પુકાર તે પ્રકાશને તમારા આંતર-સ્વરૂપમાં ઝરણાં માફક નીચે ઉતારી લાવ્યો.

*

સૂર્ય સત્યના પ્રકાશને એકત્રિત કરતું પ્રતીક છે.

*

સૂર્ય ઊર્ધ્વમાં રહેલું સત્ય છે, છેવટનો આશ્રય, અતિમનસ સત્ય.

*

અતિમનસ એ બિલકુલ મન છે જ નહિ. તે કોઈ ભિન્ન વસ્તુ છે. સૂર્ય સીધેસીધું સત્યનું દર્શન કરે છે પછી ભલે તે ગમે તે ભૂમિકાનું હોય. તે અતિમનસનું પ્રતીક છે, પરંતુ તે સત્ય બીજી ભૂમિકાઓમાં નીચે આવી શકે છે, પરંતુ પછીથી તે અતિમનસ સત્ય રહેતું નથી; પરંતુ બીજી ભૂમિકાના લક્ષણો અનુસાર ફેરફાર પામેલું હોય છે-તેમ છતાં તે સત્યનો સીધેસીધો પ્રકાશ છે.

*

ભિન્ન ભિન્ન ભૂમિકાઓમાં ભિન્ન ભિન્ન સત્યો હોય છે અને તે દરેકને પોત-પોતાનો રંગ હોય છે; પરંતુ એ જ પ્રકારના રંગના સૂર્યો ઊર્ધ્વમાં પણ હોય છે, પરંતુ તે વધારે પ્રકાશિત હોય છે, જેમાંથી આ નાના સૂર્યો પોતાનો પ્રકાશ અને શકિત પ્રાપ્ત કરે છે.

*

લાલ સૂર્ય સાચી, પ્રકાશિત શારીરિક ચેતનાનું પ્રતીક હોય છે અને અત્યારે માનવો જે તમોગ્રસ્ત અને અવિદ્યાયુકત શારીરિક ચેતનામાં જીવન ધારણ કરે છે

તેને બદલે પોતાનું સ્થાન પુનઃ સ્થાપિત કરે છે. લાલ સ્થૂલ તત્ત્વનો રંગ છે; લાલ હીરો શારીરિકમાં માતાજીની ચેતના છે.

*

ચંદ્ર આધ્યાત્મિકતાનો નિર્દેશ કરે છે, અને કેટલીક વખત આધ્યાત્મિક આનંદનો પણ.

*

દર્શનમાં પ્રતીક તરીકે આવતો ચંદ્ર સામાન્ય રીતે મનમાં આધ્યાત્મિકતાનો સંકેત આપે છે અથવા ફકત આધ્યાત્મિક ચેતનાનો નિર્દેશ કરે છે. તે આધ્યાત્મિક આનંદનો પ્રવાહ પણ સૂચવી શકે છે (પ્રાચીન પ્રણાલિકા પ્રમાણે ચંદ્રમાં અમૃત રહેલું છે).

*

તે (આધ્યાત્મિક મનના પ્રતીક તરીકે ચંદ્ર) મન છે જે આત્માની સત્યો સાથે સંપર્કમાં રહે છે અને તે સત્યોનું મનમાં પ્રતિબિંબ પાડે છે. સૂર્ય સત્યનો પ્રકાશ છે. ચંદ્ર સત્યના પ્રકાશનું ફક્ત પ્રતિબિંબ છે–આ રીતે બન્નેમાં ભેદ છે.

*

સોનેરી પ્રકાશ એટલે ઊર્ધ્વતર સત્યનો પ્રકાશ–ચંદ્ર આધ્યાત્મિકતાનું પ્રતિબિંબ છે. સોનેરી ચંદ્ર એટલે આધ્યાત્મિકતાની શકિત જે ઊર્ધ્વતર સત્યથી પૂર્ણ બનેલી છે.

*

તારો, એ કાયમ સર્જન અથવા રચના અથવા વચન અથવા સર્જનની અથવા રચનાની શકિતનો નિર્દેશ કરે છે.

*

તારો એ હંમેશાં આવનાર સત્યનું પુરોવચન છે; જ્યારે પ્રકાશનું અવતરણ થાય છે ત્યારે તારાનું સૂર્યમાં પરિવર્તન થઈ જાય છે.

*

તારાઓ અવિદ્યામય મનોમય ચેતનામાં પ્રકાશના બિંદુઓનો સંકેત કરે છે.

ચંદ્ર = આધ્યાત્મિક પ્રકાશ.

સૂર્ય = ઊર્ધ્વતર સત્યનો પ્રકાશ.

*

એક સુયોગ્ય રીતે રચાયેલો પ્રકાશિત વિચાર પ્રકાશના ઝબકારા માફક દેખાય છે.

*

તારાઓ અથવા પ્રકાશની ગતિ ચેતનામાં અથવા તેની આસપાસ રહેતા બળોની લીલાનું સૂચન કરે છે.

*

અગ્નિ કાર્યની સક્રિયતા સૂચવે છે.

*

૬

રંગ અને પ્રકાશ હંમેશાં એકબીજાની નજિક આવેલાં હોય છે – રંગ વધારે નિર્દેશાત્મક હોય છે અને પ્રકાશ વધારે સક્રિય હોય છે. રંગ જ્યારે વધારે ઝળહળતો હોય છે ત્યારે પ્રકાશ બને છે.

સુવર્ણરંગ જ્યારે તીવ્ર સ્વરૂપમાં હોય છે ત્યારે અતિમનસની કોઈ વસ્તુનો નિર્દેશ કરે છે; નહિતો પછી અધિમનસ સત્ય અથવા સહજસ્ફૂરણાના સત્યનો નિર્દેશ કરે છે જોકે તે સત્યો છેવટે તો અતિમાનસ સત્યોમાંથી જ આવતાં હોય છે.

*

રંગોની પ્રતીક તરીકેની ચોક્કસ વ્યાખ્યા કરવી હોય તો તે કાયમ સહેલું કાર્ય નથી, કારણકે તે રૂઢ અને સ્પષ્ટ હોતી નથી; પરંતુ જટિલ વસ્તુ છે અને તેનું અર્થઘટન કરવામાં તે ક્ષેત્ર, જોડાણો, તેની ખાસિયતો અને રંગની છાયાઓ તથા શકિતઓની લીલા પ્રમાણે અનેક પ્રકારના અર્થો ધારણ કરે છે. દા. ત. અમુક પ્રકારનો પીળો રંગ બુદ્ધિનો, તાર્કિક મનનો નિર્દેશ કરે છે એવું કેટલાક ગુહ્યવાદીઓના મત પ્રમાણે છે. અને ઘણે ભાગે તે અર્થ જ હોય છે; પરંતુ એ જ રંગ પ્રાણમય શકિતઓની લીલામાં જોવામાં આવે ત્યારે તેનો એવો અર્થ કરી શકાય – તે વધારે પડતી જડ રીત કહેવાય. અહીં વ્યકિત એટલું કહી શકે કે વાદળી રંગ (જે વિશિષ્ટ પ્રકારનો તમે વાદળી રંગ જોયો તે દરેક રંગનો વાદળી રંગ નહિ) સત્ય પ્રત્યેનો પ્રત્યુત્તર સૂચવે છે; લીલો રંગ – અથવા **આ** લીલો રંગ – સામાન્ય રીતે પ્રાણની સાથે સંકળાયેલો છે અને એક વિશાળ પ્રમાણમાં શકિતઓના કાર્યનો પ્રાદુર્ભાવ અથવા શકિતઓની ક્રિયાઓની સાથે સંકળાયેલો છે – ઘણે ભાગે ઊર્મિમય પ્રાણશકિતના અનુસંધાનમાં છે – અને કદાચ તેનો જ તે નિર્દેશ કરે છે.

*

સ્વરૂપના અલગ ભિન્ન રંગો હોતા નથી. મનનો એક વિશિષ્ટ પ્રકાશનો રંગ હોય છે, પીળો; ચૈતસિક તત્ત્વનો ગુલાબી રંગ અથવા ઝાંખો ગુલાબી, પ્રાણનો કિરમજી હોય છે; પરંતુ આ રંગો મન, ચૈતસિક તત્ત્વ અને પ્રાણના મુખ્ય બલોને અનુરૂપ હોય છે – તેઓ સ્વરૂપોના – માનવીઓના રંગો હોતા નથી. તે ઉપરાંત બીજા રંગો પણ ફીકા કરે છે. દા. ત. પ્રાણમાં લીલો અને ગાઢ લાલ રંગ તેમ જ કિરમજી રંગ હોય છે અને વિરોધી પ્રાણબલો માટે બીજા રંગો હોય છે.

*

જ્યારે વ્યકિત એકાગ્રતા કરતી હોય છે ત્યારે તેને જે પ્રકાશો દેખાય છે તે પ્રકાશો વિવિધ શકિતઓના અને બલોના હોય છે અને ઘણી વખત તે પ્રકાશો ઊર્ધ્વ ચેતનામાંથી આવતા હોય છે.

જાંબલી રંગ એ દિવ્ય કરુણાનો (કરુણા–કૃપા) રંગ છે. સફેદ પ્રકાશ માતાજીના (દિવ્ય ચેતનાના) પ્રકાશનો રંગ છે, જેમાં સર્વ રંગોનો સમાવેશ થાય છે અને જેમાંથી એ સર્વ રંગોને પ્રગટ કરી શકાય છે.

કિરમજી રંગ એ પ્રાણમય શકિતનો રંગ છે. "લાલ" રંગ એ કયા પ્રકારનો છે તેના ઉપર તેના અર્થનો આધાર રહે છે; કારણકે લાલ રંગના ઘણા પ્રકારો હોય છે. અહીં એ રંગ શારીરિક ચેતનાનો રંગ હોઈ શકે.

*

તે ચાર રંગો સત્યના રંગો હતા. સફેદ દિવ્ય સત્યની વિશુદ્ધિ અને શકિત, લીલો તેની કાર્ય માટેની સક્રિય શકિત, વાદળી દિવ્ય સત્યની આધ્યાત્મિક ચેતના અને સુવર્ણ રંગ તેનું જ્ઞાન.

તીર એ એવી શકિતનું પ્રતીક છે જે તેના લક્ષ્ય પ્રત્યે જાય છે. વાદળી એ ઊર્ધ્વ મન છે.

. ઘંટડીઓ સંભળાય છે એ સામાન્ય રીતે સાધનામાં પ્રગતિની નિશાની છે જે પ્રગતિ હજુ હવે થવાની છે.

સર્પનું સ્વરૂપ એ શકિતનું પ્રતીક છે, અને સફેદ વાદળી રંગ ઊર્ધ્વ મનમાં રહેલી માતાજીની ચેતના હોઈ શકે અથવા જો તે રંગો બે અલગ રંગો ન હોય, પરંતુ સફેદ વાદળી રંગ હોય તો તે શ્રી અરવિંદનો રંગ છે. પ્રકાશ એ બલનો આવિર્ભાવ છે અને બલનો પ્રકાર પ્રકાશના રંગદ્વારા સંકેત આપે છે.

*

આધ્યાત્મિક ભૂમિકાઓનો રંગ સામાન્ય રીતે વાદળી હોય છે. ચંદ્ર–પ્રકાશ આધ્યાત્મિક મન અને તેના પ્રકાશનું સૂચન કરે છે. પ્રકાશો કેટલાક બલોનું સૂચન કરે છે અને તે નિર્દેશ સામાન્ય રીતે પ્રકાશના રંગ ઉપરથી થાય છે. સફેદ વાદળી રંગ શ્રી અરવિંદના પ્રકાશ તરીકે ઓળખાય છે, અથવા કેટલીક વખત શ્રીકૃષ્ણના પ્રકાશ તરીકે.

*

વાદળી રંગનો અર્થ તે રંગના ચોક્કસ પ્રકાર, તેની છાયા અને વિશિષ્ટતા ઉપર આધાર રાખે છે. સફેદ સાથે વાદળી રંગ જે ચંદ્રપ્રકાશ જેવો હોય તે કૃષ્ણના પ્રકાશ અથવા શ્રી અરવિંદના પ્રકાશ તરીકે ઓળખાય છે. ઝાંખો વાદળી ઘણી વખત દ્યુતિમનસનો પ્રકાશ હોય છે. એક બીજો પણ ગાઢ વાદળી રંગ હોય છે અને તે ઉચ્ચતર મનનો પ્રકાશ હોય છે. બીજો કિરમજી રંગના નજીકનો રંગ પ્રાણમાં રહેલી શકિતનો પ્રકાશ હોય છે.

*

ઝાંખો સફેદ વાદળી પ્રકાશ, શ્રી અરવિંદનો પ્રકાશ છે – તે વાદળી રંગ માતાજીના સફેદ પ્રકાશને લઈને ઝાંખો વાદળી લાગે છે.

*

ઝાંખો વાદળી રંગ એ મારો રંગ છે, અને માતાજીનો રંગ સફેદ છે. તમારા મસ્તક ઉપર જે જગત તમે જોયું તે આલોકિત મનનું જગત હતું જે માનવબુદ્ધિની ભૂમિકા કરતાં ઘણી ઊંચે રહેલી ચેતનાની ભૂમિકા છે. ત્યાંથી દિવ્ય પ્રકાશ અને શકિત નીચે અવતરણ કરે છે અને તેનું પ્રસારણ માનવ ચેતનામાં થાય છે અને ત્યાં રહ્યા રહ્યા તેઓ કાર્ય કરે છે, અને માનવ ચેતના તથા ભૌતિક પ્રકૃતિનું પણ રૂપાંતર કરવા માટે તેમને તૈયાર કરે છે.

*

જો વાદળી રંગો ભિન્ન ભિન્ન છાયાઓવાળા હોય તો તેનો અર્થ કે તે મનથી ઊર્ધ્વમાં રહેલી ભૂમિકાઓ છે. અતિમનસ, અંત:પ્રજ્ઞા, દ્યુતિમનસ, ઊર્ધ્વમનસ.

*

કૃષ્ણના રંગો ભિન્ન ભિન્ન હોય છે – ઝાંખા હીરા જેવો વાદળી પ્રકાશ, લવંડર વાદળી, ગાઢ વાદળી રંગ વગેરે. તે કઈ ભૂમિકામાં આવિર્ભાવ પામે છે તેના ઉપર તેનો આધાર છે......

એક એવો વાદળી પ્રકાશ છે જે ઊર્ધ્વ મન છે, વધારે ગાઢ વાદળી રંગ, મનનો પ્રકાશ છે–કૃષ્ણનો મનની અંદર રહેલો પ્રકાશ......

બધા જ વાદળી રંગો કૃષ્ણનો પ્રકાશ હોતા નથી......

હીરા જેવો વાદળી રંગ, કૃષ્ણનો અધિમનસમાં રહેલો પ્રકાશ છે.

લવંડર વાદળી રંગ અંતઃસ્ફૂરણાત્મક મનનો પ્રકાશ છે.

નીલ રંગ રાધાનો રંગ પણ છે.

*

સફેદ પ્રકાશ દિવ્ય ચેતનાનો નિર્દેશ કરે છે.

*

તે સર્વનો હંમેશાં એક જ અર્થ હોય છે. સફેદ પ્રકાશ શુદ્ધ સચેતન બલ છે જેમાંથી બાકીનું બધું આવે છે. સુવર્ણ રંગ તે ઊર્ધ્વ ભૂમિકા ઉપરનો દિવ્ય સત્યનો રંગ છે.

*

સફેદ રંગ વિશુદ્ધિના બલનો નિર્દેશ કરે છે.

*

હીરાઓ માતાજીનો સૌથી ઉત્કટ પ્રકાશનું સૂચન કરી શકે છે; કારણકે તે હીરાનો સફેદ પ્રકાશ છે.

*

સૂર્યનો પ્રકાશ એ સત્યનો પોતાનો પ્રકાશ છે. જ્યારે તે પ્રાણની સાથે એકમેક થઈ જાય છે ત્યારે તે મિશ્ર રંગ બની જાય છે—અહીં સોનેરી તથા લીલો રંગ—જે રીતે સ્થૂલ તત્ત્વમાં તે સોનેરી લાલ રંગ બની જાય છે અથવા મનોમય તત્ત્વમાં તે સોનેરી–પીળો રંગ બની જાય છે તે રીતે.

*

સુવર્ણ રંગ એ દિવ્ય સત્યનો રંગ છે અને તે અતિમાનસ સૂર્યપ્રકાશમાંથી બહાર આવે છે અને જે ભૂમિકા પસાર કરે છે તે ભૂમિકાને અનુરૂપ બની જાય છે અને તે અધિમનસથી માંડીને ઊર્ધ્વ સ્તરો સુધીનું સર્જન કરે છે.

*

તે સુવર્ણ–પ્રકાશ એ ફેરફાર પામેલો (અધિમાનસીકરણ થયેલો) અતિમાનસ પ્રકાશ છે એટલે કે અતિમાનસ પ્રકાશ જે અધિમનસ, અંતઃપ્રજ્ઞા વગેરેમાંથી પસાર થતો પ્રકાશ છે અને દરેક વસ્તુઓમાંની દરેકમાં, સત્યનો પ્રકાશ તે ભૂમિકા અનુ-

સાર થયેલો છે. જયારે તે સુવર્ણ લાલ રંગ બને છે ત્યારે તે ફેરફાર પામેલો અતિમાનસ–શારીરિક પ્રકાશ છે–દિવ્ય સત્યનો પ્રકાશ, જે શારીરિકમાં રહેલો હોય છે.

*

સુવર્ણ–પ્રકાશ એટલે હંમેશાં સત્યનો પ્રકાશ–પરંતુ સત્યનો પ્રકાશ જે ભૂમિકાનું સત્ય હોય તે પ્રમાણે ફેરફાર પામે છે. પ્રકાશ એ ચેતના, સત્ય અને જ્ઞાનનો પ્રકાશ છે–સૂર્ય એ એકાગ્રતા છે અથવા પ્રકાશનું મૂળ છે.

*

ફરીથી તે દિવ્ય સત્યના પ્રકાશથી આલોકિત થયેલા મનની ઊર્ધ્વતર ભૂમિકાઓમાંની એકમાં આરોહણ છે. માણસ જેમ જેમ ઊર્ધ્વતર ચેતનામાં જતો જાય છે તેમ તેમ પીળો રંગ જે મનનો પ્રકાશ છે તે વધારે અને વધારે પ્રકાશિત બનતો જાય છે અને છેવટે તે દિવ્ય સત્યના સોનેરી પ્રકાશમાં મિલન પામે છે.

*

આધ્યાત્મિક શકિત સ્વાભાવિક રીતે જ શરીરમાં હોય તેના કરતાં તેની પોતાની ભૂમિકામાં વધારે મુકત હોય છે. અહીં રહેલો સોનેરી રંગ મહાકાલીના બલનું સૂચન કરે છે; તે શરીરમાં કાર્ય કરવા માટે સૌથી સમર્થ છે.

*

તે હજુ પણ બરાબર સ્પષ્ટ નથી. સોનેરી લાલ રંગ એ અતિમનસ શારીરિક પ્રકાશ છે–તેથી આ પીળો–લાલ રંગ કોઈ અધિમનસની ભૂમિકાનો નિર્દેશ કરતો હોય એવું લાગે છે–એવું અધિમનસ જેમાં તેની સાથે એક નજિકનું વિશિષ્ટ અનુસંધાન હોય છે. સુવર્ણ–લાલ રંગમાં એક સમર્થ રૂપાંતરની શકિત રહેલી હોય છે.

*

નારંગી અથવા લાલ સુવર્ણ રંગ માટે એમ ધારવામાં આવે છે કે તે ભૌતિક ભૂમિકામાં અતિમાનસનો પ્રકાશ હોઈ શકે.

*

નારંગી રંગ એ સાચો પ્રકાશ, શારીરિક ચેતના અને સ્વરૂપમાં આવિર્ભાવ પામેલો છે.

*

ઘેરો લાલ રંગ એ એવો રંગ છે જે શારીરિકમાં તેના રૂપાંતર માટે આવે છે. તેનો સંબંધ સૂર્યપ્રકાશ સાથે અને સુવર્ણ–પ્રકાશ સાથે છે.

*

ઘેરો લાલ રંગ તે ભૌતિક તત્ત્વમાં રૂપાંતર માટે ચોવીસમી (નવેમ્બર ૧૯૩૩) પહેલાં જે શકિતનું અવતરણ થયું હતું તે શકિતનો રંગ છે.

*

ઘેરો લાલ રંગ એ દિવ્ય પ્રેમ છે–ગુલાબી ચૈતસિક પ્રેમ છે.

*

તે ભિન્ન ભિન્ન શકિતઓ તથા શાંતિ, પ્રકાશ અને આધ્યાત્મિક ચેતનાની વિશાળતાનું ખુલ્લાપણું હોય એવું લાગે છે. લાલ–પુરુષ સાચા ભૌતિક તત્ત્વની શકિત હોઈ શકે–કારણકે લાલ રંગ ભૌતિક તત્ત્વનો રંગ છે.

*

નારંગી રંગ ગુહ્ય જ્ઞાન અથવા ગુહ્ય અનુભૂતિનો રંગ છે.

*

પીળો રંગ વિચારશીલ મન છે. પીળા રંગની છાયાઓ મનોમય પ્રકાશની ભિન્ન ભિન્ન ઉત્કટતાઓનું સૂચન કરે છે.

*

ચૈતસિક પ્રકાશનો રંગ તે જે વસ્તુનો આવિર્ભાવ કરે છે તે પ્રમાણે હોય છે–દા. ત. ચૈતસિક પ્રેમ ગુલાબી હોય છે, ચૈતસિક વિશુદ્ધિ સફેદ હોય છે વગેરે.

*

આછા રંગનું ગુલાબ = ચૈતસિક પ્રેમ અથવા સમર્પણ.

સફેદ ગુલાબ = શુદ્ધ આધ્યાત્મિક સમર્પણ.

*

ગુલાબી રંગ પ્રેમનો રંગ છે–તેથી કદાચ તમે ચૈતસિક જગતોમાં પ્રવેશ કરેલો–અથવા તેમાંના એક જગતમાં તો ખરો જ.

બીજા પત્રમાં તમે જે અનુભૂતિઓનું વર્ણન કરેલું છે તેના ઉપરથી એવું લાગે છે કે તમે તટસ્થ શાંતિના જગતોમાંથી પસાર થયા હશો જે મનને માટે અંધકાર હોય છે અને તેઓ પૂર્ણ પ્રકાશના માર્ગમાં વિઘ્નરૂપ હોય છે.

*

આછો ગુલાબી રંગ પ્રભુકૃપા અને કરુણાનો રંગ છે.

*

'જાંબલી' રંગ પરોપકાર અથવા કરુણાનો રંગ છે, પરંતુ વધારે સ્પષ્ટ રીતે તો દિવ્યકૃપાનો રંગ છે. તે કૃષ્ણના પ્રકાશની ઉજ્જવળતા છે. વાદળી રંગ

એ તેમનો ખાસ વિશિષ્ટ અને સાંકેતિક રંગ છે, જ્યારે આવિર્ભાવ પામે છે ત્યારે તેમના પ્રભાચક્રનો રંગ છે – એટલા માટે જ તેમને "નીલકૃષ્ણ" કહેવાય છે. તે વિશેષણનો અર્થ એવો નથી કે તેમના શરીરનો રંગ વાદળી અથવા કાળો હતો.

*

આછો જાંબલી રંગ એ પ્રાણ-શકિતનો રંગ છે–ઘેરો લાલ રંગ સામાન્ય રીતે ભૌતિક તત્ત્વનો રંગ છે.

*

ઘેરો લાલ રંગ એ પ્રાણ અને શારીરિકમાં રહેલો પ્રેમનો રંગ છે.

*

બન્ને રંગો (જાંબુડિયો અને ઘેરો લાલ) પ્રાણના પ્રકાશો છે, પરંતુ જ્યારે ઊર્ધ્વમાં નજર નાખવામાં આવે છે ત્યારે તેઓ મૂળભૂત બલોનું પ્રતિનિધિત્વ ધરાવે છે જેમાંથી પ્રાણ બલો નીચે ઉતરી આવેલા છે.

*

લીલો રંગ સંદર્ભ પ્રમાણે ભિન્ન ભિન્ન વસ્તુઓનો સંકેત આપે છે-ઊર્મિમય પ્રાણમાં તે ઊર્મિમય ઉદારતાના કોઈ સ્વરૂપનો રંગ છે, મુખ્ય પ્રાણમાં, પ્રાણમય વિપુલતા અથવા તેની પાછળ રહેલી પ્રાણમય ઉદારતા સાથેની સક્રિયતા દર્શાવે છે – પ્રાણમય શારીરિકમાં તે આરોગ્યના બલનું સૂચન કરે છે.

*

હા, લીલો પ્રકાશ એ પ્રાણમય બલ છે, ઊર્મિમય પ્રાણનું સક્રિય બલ, જેનામાં વિશુદ્ધ કરવાની, સંવાદ કરવાની અથવા સાજા કરવાની શકિત રહેલી છે.

*

લીલો રંગ કાર્ય કરવાની અને કર્મની શકિત છે.

*

૭

આકાશ મનોમય ચેતનાનું (અથવા ચૈતસિક ચેતનાનું) અથવા મનથી પર રહેલી અન્ય ચેતનાઓનું પ્રતીક છે – દા. ત. ઊર્ધ્વ મન, સ્વયંસ્ફૂરણા, અધિમનસ વગેરેનું. આકાશ ઈથર તરીકે અનંત તત્ત્વનું પણ સૂચક છે.

*

ઊર્ધ્વતર ચેતના એની કોઈ પણ ભૂમિકામાં સામાન્ય રીતે આકાશ કે ઈથર તરીકે દેખાય છે; પરંતુ જ્યારે તેની અનુભૂતિ પ્રાણ મારફતે થાય છે ત્યારે તે સમુદ્ર તરીકે દેખાય છે.

*

સત્, ચિત્, આનંદ, અતિમનસ, મનસ, પ્રાણ, ભૌતિક તત્ત્વ, એ સાત ભૂમિકાઓનું વેદમાં વર્ણન કરેલું છે – પરંતુ આ યોગમાં વ્યકિતની ચેતનાની ઘણી ભૂમિકાઓ દેખાય છે જે તેને આકાશ તરીકે અથવા સમુદ્રો તરીકે દેખાય છે.

*

નીલ આકાશ એ ઊર્ધ્વ મન છે – તે માનવ મનોમયતા અને અતિમનસ વચ્ચેની ભૂમિકાઓની સૌથી નજદિક ભૂમિકા છે. અહીં ચંદ્ર મનોમય ભૂમિકાઓની આધ્યાત્મિકતાનું પ્રતીક છે. ઉચ્ચતર મનનું જગત શરીર–ચેતના સાથે સીધી રીતે સંકળાયેલું ઊર્ધ્વતર મનનું જગત છે.

આકાશ હંમેશાં કોઈ મનોમય ભૂમિકા હોય છે. તારાઓ પ્રકાશની શરૂઆતો અથવા ભાવિ વચનોનો નિર્દેશ કરે છે – ભિન્ન ભિન્ન પ્રકાશો ચેતનાની ભિન્ન ભિન્ન શકિતઓનો સંકેત આપે છે; સુવર્ણ રંગ સત્ય, વાદળી રંગ = ઊચ્ચતર આધ્યાત્મિક મન, જાંબલી = સહાનુભૂતિ, ઐકયતા અથવા વિશ્વરૂપ કરુણા.

*

પ્રથમ સમુદ્ર એ સામાન્ય ચેતના છે, બીજો સમુદ્ર ઊર્ધ્વતર ચેતના છે જેના ઉપર સત્યનો સૂર્ય છે. પર્વત ઊર્ધ્વતર ચેતનાની આરોહણ કરનારી ભૂમિકાઓનું પ્રતિનિધિત્વ કરે છે: રેલ્વેમાં મુસાફરી એક ચેતનામાંથી બીજી ચેતના તરફનો માર્ગ છે.

*

સમુદ્રની સાથે તેની ઉપર સૂર્ય હોય તો તે ચેતનાની એવી ભૂમિકા છે જે સત્યથી પ્રકાશિત થયેલી છે. કિરણોમાં પ્રવેશ કરવો એટલે તેના વડે ફકત પ્રકાશિત થવું. એટલું જ નહિ પરંતુ પોતાના સચેતન સ્વરૂપમાં સત્યના અંશ બનવાની શરૂઆત કરવી.

*

નીલ સમુદ્ર ઘણી વખત ઊર્ધ્વતર મનમાં એક અને અવિભાજ્ય આધ્યાત્મિક ચેતનાનું પ્રતીક છે.

*

પ્રભાતનો અર્થ હંમેશાં કોઈ પ્રકારનું ખુલ્લાપણું થાય છે – એવી કોઈ વસ્તુનું આગમન જે હજુ પૂર્ણ રીતે ત્યાં આવેલું નથી.

*

રાત્રી એ અજ્ઞાન અથવા અવિદ્યા જેમાં અત્યારે જીવન ધારણ કરીએ છીએ તેનું પ્રતીક છે. જે રીતે પ્રકાશ એ સત્ય અને જ્ઞાનનું પ્રતીક છે.

*

પર્વત એ શરીરધારી ચેતના છે જેનો પાયો પૃથ્વી ઉપર છે; પરંતુ પરમાત્મા તરફ ઊંચે ચડે છે તેનું પ્રતીક છે.

*

પર્વત પરમાત્મા સાથેનું અસ્તિત્વનો ઉપર ચડતા પહાડનો હંમેશાં નિર્દેશ કરે છે. અને તેના શિખરો ઉપર આપણે પહોંચવાનું હોય છે.

*

પહાડ સામાન્ય રીતે ચેતના સાથેની તેની ચઢતી ભૂમિકાઓનું પ્રતીક હોય છે. શિખર ઉપરથી વહેતું પાણી ઊર્ધ્વમાં રહેલી ઉચ્ચતર ચેતનામાંથી કોઈ શકિતના પ્રવાહનું સૂચન કરે છે.

*

તમને જે બરફનું દર્શન થયું તે બરફાચ્છાદિત ભૂમિ જેવી પવિત્રતા, નીરવતા અને શાંતિની અવસ્થામાં રહેલી ચેતનાનું કદાચ પ્રતીક છે. તેમાં એક નવીન જીવન (ફૂલોદ્વારા સૂચન થયું તે પ્રમાણે ચૈતસિક આધ્યાત્મિક જીવન) જૂના મનોમય અને પ્રાણમય જીવનની જગાએ દેખાય છે, અને તે જીવન બરફ જેવા શ્વેત બુરખાથી ઢંકાયેલું છે.

*

નદી ચેતનાની કોઈ ગતિનું પ્રતીક સૂચવે છે.

*

પાણી ચેતનાની અવસ્થા અથવા તેની કોઈ ભૂમિકાનું પ્રતીક છે.

*

જ્યારે પાણી પ્રતીકાત્મક હોય (ચેતનાની કોઈ ભૂમિકાનું) ત્યારે તે પાણીનો ખૂબ વિશાળ વિસ્તાર હોય છે. પરંતુ નદી અથવા તળાવ એટલા વિશાળ હોતા નથી કે તે કોઈ ભૂમિકાનું પ્રતીક હોય.

*

કેટલીક વખત ચેતનાનો કોઈ અંશ તળાવ, સરોવર કે દરિયાના પ્રતીકરૂપે દેખાય છે. માછલી પ્રાણમય મન હોવું જોઈએ.

*

તળાવ એ પોતાની વ્યકિતગત ચેતનામાં રહેલું સ્વરૂપ છે, સમુદ્ર તે જ પ્રમાણે વિશ્વરૂપ ચેતના સહિતનું સ્વરૂપ છે જે પોતાની અંદર વિશ્વને તેમ જ વૈશ્વિક બલોને ધારણ કરે છે – એક (વ્યકિત) બીજામાં (વિશ્વરૂપમાં) નિમગ્ન બની જાય છે. હોડી માતાજીની ચેતનાની તમારી અંદર થયેલી રચના છે જેમાં તમે આ સમુદ્રમાં તરવા માટેની તૈયારી કરો છો.

*

વરસાદ પ્રભુકૃપાના અવતરણનું અથવા ઊર્ધ્વચેતનાના અવતરણનું પ્રતીક છે અને તે સમૃદ્ધિ અને આધ્યાત્મિક ચેતનાની વિપુલતાનું કારણ છે.

*

મેઘધનુષ્ય શાંતિ અને મુકિતની નિશાની છે.

*

વાદળાંઓ તમોગ્રસ્તતાના પ્રતીકો છે.

*

પાતાળનો ફક્ત એટલો જ અર્થ છે કે તે પૃથ્વી નીચે રહેલું અવચેતન છે – પૃથ્વી એટલે સચેતન ભૌતિક ભૂમિકા.

*

જંગલ પુનર્જન્મ ન પામેલી કોઈ પ્રાણમય પ્રકૃતિ હોવી જોઈએ અને સર્પ-એક દુષ્ટ બલ તેમાંથી બહાર આવે છે.

*

વૃક્ષ અવચેતન પ્રાણનું પ્રતીક છે.

*

પક્ષી ઘણી વખત આત્માનું પ્રતીક હોય છે અને વૃક્ષ વિશ્વનું સ્થિર ઊભું રહેલું સ્વરૂપ છે – જીવનનું વૃક્ષ.

*

અશ્વત્થ વૃક્ષ સામાન્ય રીતે વિશ્વરૂપ આવિર્ભાવનું પ્રતીક છે.

*

પુષ્પો ચેતનાનો ખીલી ઊઠવાનો નિર્દેશ કરે છે, અને તેનો ખાસ સંદર્ભ ચૈતસિક ચેતના સાથે અથવા ચૈતસિક થયેલી પ્રાણમય અને મનોમય અને શારીરિક ચેતના સાથે હોય છે.

*

સામાન્ય રીતે ચૈતસિક પુરુષ જ્યારે સક્રિય બને છે ત્યારે પુષ્પોના દર્શન વિપુલ પ્રમાણમાં થાય છે.

*

લાલ ફૂલો સામાન્ય રીતે શારીરિક અથવા પ્રાણની આંશિક ચેતનાનું ખુલ્લાપણું, તેના રંગની છાયા પ્રમાણે સૂચવે છે.

*

જે શાશ્વત સ્મિતનું ફૂલ (જેનું તે નામ આપેલું છે) છે તેનો અર્થ સ્વયંભૂ આનંદ અને આત્માની પ્રફુલ્લિતતા.

*

સાધનામાં (ફૂલનું નામ) પ્રાણમય આત્મીયતા છે, તે સામાન્ય રીતે પ્રાણમય ભૂમિકા ઉપર પરમાત્મા સાથેની આંતર-આત્મીયતાનો નિર્દેશ કરે છે.

*

ફળો સાધનાના પરિણામો છે.

*

ગુહ્ય વિદ્યાના પ્રતીક તરીકે ગાય 'પ્રકાશ'નું અથવા 'ચેતના'નું પ્રતીક છે–સફેદ રંગ વિશુદ્ધિ અથવા આધ્યાત્મિક ચેતનાનું સૂચન કરે છે–સફેદ પ્રકાશ.

*

તે બિલકુલ સ્પષ્ટ છે; તે વૈદિક પ્રતીક છે. વેદમાં ગાય દિવ્ય પ્રકાશ છે–સફેદ ગાય શુદ્ધ ચેતના છે જેમાં પ્રકાશ છે. દૂધનો અર્થ જ્ઞાન અને શકિત દિવ્ય ચેતનામાંથી અવતરણ કરે છે તે છે.

*

ગાયનો સામાન્ય અર્થ ઊર્ધ્વ ચેતના છે. કદાચ ગાયનું વાછરડું ઊર્ધ્વતર ચેતના (સફેદ)નું સત્ય ભૌતિક ચેતનામાં (લાલ) સૂચવે છે.

*

ગાયોનું દર્શન ચૈતસિક જગત્‌માં બન્યું હોવું જોઈએ. તેનો પ્રતીકાત્મક સંકેત પણ છે. સૂર્ય દિવ્ય સત્યનું પ્રતીક છે, ગાયો તેની શકિતઓ છે, સૂર્યકિરણો સાચા જ્ઞાન, સાચી લાગણી અને સાચી અનુભૂતિનું મૂળ.

*

તમને જે અનુભૂતિ થઈ તે કદાચ પ્રકાશના કોઈ ઊંડાણમાં થઈ હોવી જોઈએ, કદાચ ચૈતસિક પ્રકૃતિમાં.

*

દૂધ હંમેશાં ઊર્ધ્વતર ચેતનાના પ્રવાહનું પ્રતીક છે.

*

અશ્વ એક શકિત છે, સામાન્ય રીતે પ્રાણમય શકિત; પરંતુ તેનો અર્થ મનઃ-શકિત અથવા તપસ્ પણ થાય છે, જો તે સક્રિય અને ચંચળ હોય તો.

*

કાળો અશ્વ-એટલે એવો અશ્વ જેના ગુણો અજ્ઞાત હોય પછી તે સારા કે ખરાબ હોય. તે હરીફાઈમાં હારે અથવા જીતે-એક તમોગ્રસ્ત અને અજાણ તત્ત્વ.

*

તમે જે સ્વપ્નો ૧લી મેના રોજ જોયા અને તમારા પત્રમાં ટૂંકમાં લખ્યું તેમાં એક અશ્વ વિષેની વાત સ્પષ્ટ નથી, જેવી રીતે સફેદ વાછરડાંની સ્પષ્ટ છે. પરંતુ અશ્વ એ હંમેશાં શકિતનું પ્રતીક છે; તો પછી કોઈ શકિતને ગ્રહણ કરીને તમારી પોતાની બનાવવાનો તમારો પ્રયત્ન હતો. જ્યારે કેટલીક વખત તે તમારી પાસે આવવા પ્રયત્ન કરતી હતી. કદાચ તમારો ઉપયોગ કરવા માટે તે આવતી હોય. પ્રાણમાં આવી વસ્તુ બને છે જેમાં આવી અનિશ્ચિત અને છટકી જતી ગતિઓ હોય છે. જે ઊંચી વ્યાસપીઠ હતી તે સ્પષ્ટ ઊર્ધ્વ ચેતનાની કોઈ ભૂમિકા હતી જેણે આ દોલાયમાન ગતિને પ્રશાંત કરી અને શકિત ઉપરનો કાબુ વધારે શકય બનાવ્યો, કારણકે તે વધારે શાંત અને સ્થિર બની.

સફેદ વાછરડું એ વિશુદ્ધ અને સ્વચ્છ ચેતનાની નિશાની છે – ગાય અથવા વાછરડું ચેતનામાં પ્રકાશનું પ્રતીક છે, કોઈ ચૈતસિક અથવા આધ્યાત્મિક તત્ત્વ જે તમને સ્વાભાવિક અને આત્મીય લાગ્યું તથા તમારાથી અલગ ન લાગ્યું.

*

અશ્વ એ પ્રગતિ માટેનું સક્રિય બલ છે. રેલ્વે ટ્રેન પૂર્ણ ગતિમાં હોય તેનો અર્થ ઝડપી પ્રગતિ થાય છે.

*

ગર્દભ એ જડતા અને શરીરમાં રહેલા વિઘ્નનું પ્રતીક છે. અશ્વ બલ અથવા શકિતનું પ્રતીક છે. પાણીનો ભૂગર્ભ માર્ગ પ્રાણમય શારીરિક હોવું જોઈએ અને તેમાં રહેલી કમાન એ બહાર નીકળવાનો માર્ગ છે, જેને લઈને જો ગર્દભ તેને પસાર કરી શકે અથવા તેનાથી તે માર્ગ પસાર કરી શકાય તો તે અશ્વ બની જાય

છે. બીજા શબ્દોમાં શારીરિકમાં જડતા અને વિરોધમાં ફેરફાર થશે અને તે શકિત અને પ્રગતિના બલમાં પરિવર્તન થશે.

*

હાથી સામર્થ્ય છે – કેટલીક વખત ડહાપણથી થયેલું સામર્થ્ય.

*

હાથી એક સામર્થ્ય છે–કેટલીક વખત એવું સામર્થ્ય જે વિઘ્નોને હઠાવે છે.

*

સિંહનો અર્થ પ્રાણમય બલ, શકિત અને હિંમત થાય છે – અહીં તે પૂર્ણ પ્રકાશિત અને આધ્યાત્મિક ચેતનાથી દ્યુતિમાન બનેલ છે.

*

સિંહ શકિત અને હિંમતનો તથા સામર્થ્ય અને શકિતનો નિર્દેશ કરે છે– નિમ્ન પ્રાણ સિંહ સમાન હોતો નથી.

*

તે સર્વ વસ્તુ વાઘના વલણ ઉપર આધાર રાખે છે. જો તે ભયંકર અને વિરોધી હોય તો તે વિરોધી બલનું સ્વરૂપ હોઈ શકે, નહિતો પછી એ ફકત પ્રાણમય પ્રકારની શકિત હોય જે મિત્રતાભરી હોય.

*

વૃષભ સામર્થ્ય અને બલનું પ્રતીક છે. તે વેદમાં પણ દેવોની પ્રતિમા છે, પ્રકૃતિમાં રહેલી પુલ્લિંગ–શકિતથી સભર. વૃષભ એ શિવનું 'વાહન' છે. તે કદાચ સ્વપ્ન હોઈ શકે, અથવા આમાંના કોઈ પણ પ્રતીકોમાંની કોઈ અનુભૂતિ હોય; પરંતુ અહીં તે પ્રથમ કહેલી વસ્તુનું પ્રતીક છે.

*

સુવર (ભૂંડ) રાજસિક સામર્થ્ય અને આવેગ છે. પરંતુ તેનો ઘણો આધાર સંદર્ભ ઉપર રહેલો છે – આ બધી આકૃતિઓના બીજા અર્થો પણ હોય છે.

*

હા, ભેંસની મોટી સંખ્યા પ્રાણમય બલનો ઘસારો અને તમોગ્રસ્તતા સૂચવે છે.

*

ભેંસ ઘણી વખત પ્રકૃતિની તમોગ્રસ્ત ઉગ્રતાના વિચારનો નિર્દેશ કરે છે – અહીં તે બંધાયેલી છે, એટલે કે કાબુ નીચે છે, પરંતુ તે બાકાત થઈ નથી. પરંતુ તે કઈ વસ્તુના સંદર્ભમાં છે તે સ્પષ્ટ નથી–જો તે કોઈ પણ રીતે પ્રતીકાત્મક હોય તો.

*

દર્શનમાં દેખાયેલો બકરો એ ઘણી વખત કામવાસનાનું પ્રતીક હોય છે.

*

કૂતરો ભક્તિપૂર્ણ પ્રેમ અને આજ્ઞાંકિતતાનું પ્રતીક છે.

*

કૂતરો સામાન્ય રીતે વફાદારી સૂચવે છે અને તે પીળો છે; તેથી તેમાં પ્રભુ પ્રત્યેની મનમાં વફાદારી રહેલી છે – પરંતુ બીજા કાળા તથા સફેદ કૂતરાનું અર્થઘટન કરવું મુશ્કેલ છે – તે પ્રાણમાં રહેલી કોઈ વસ્તુ છે, પરંતુ કાળા ડાઘાનો અર્થ સ્પષ્ટ નથી.

*

હરણ એ કદાચ આધ્યાત્મિક પ્રગતિની ગતિનું પ્રતીક છે.

*

હનુમાન = પૂર્ણ ભક્તિ.

હરણ = આધ્યાત્મિક માર્ગમાં ઝડપી ગતિ.

*

દેડકો = વિવેકપૂર્ણ ઉપયોગિતા.

*

માછલી હંમેશાં ગતિ કરતું પ્રાણમય મન હોય છે જે અનેક પ્રકારની રચનાઓ કરતું હોય છે.

*

[માખો] = કોઈ નાનકડી વસ્તુ જે વધારે નાનકડા પ્રાણમાં હોય છે.

*

સ્પષ્ટ રીતે જ ઉધઈ નાનું પણ નિમ્ન પ્રાણનું અથવા શારીરિકમાં રહેલું વિનાશક બલનું પ્રતીક છે.

*

ઉપનિષદોમાં કરોળિયાની ઉપમાનો ઉપયોગ બ્રહ્મ પોતે પોતાનામાંથી જગતને ઉત્પન્ન કરવા માટે કરે છે અને તે તેમાં નિવાસ કરે છે અને તેને પોતાની અંદર પાછું સમાવી લે છે. પરંતુ પ્રતીકમાં, જે વસ્તુ તમારા માટે છે તેમાં, તેનો તમારા માટે શો અર્થ છે તે અગત્યનું છે, તમારા માટે તેનો અર્થ સફળતા અથવા સફળતાપૂર્વકની રચનાઓ હોઈ શકે.

*

સર્પ હંમેશાં કોઈ પ્રકારની શક્તિનો નિર્દેશ કરે છે – ઘણી વખત ખરાબ, પરંતુ તે કોઈ પ્રકાશિત અથવા દિવ્ય શક્તિનું પણ સૂચન કરે છે. આ તમારી અનુભૂતિમાં શારીરિકમાંથી ઉત્પન્ન થયેલું કોઈ બલ ઊર્ધ્વમાં આરોહણ કરે છે. બીજી વિગતો સ્પષ્ટ નથી.

*

સર્પ શક્તિનું પ્રતીક છે, પરંતુ તે ઘણી વખત પ્રાણમય ભૂમિકાનું કોઈ વિરોધી અથવા દુષ્ટ બલ હોય છે.

સમુદ્ર ચેતનાની ભૂમિકાનું પ્રતીક છે.

સફેદ પ્રકાશ, શુદ્ધ દિવ્ય બલ, સત્ય ભૂમિકાઓ ઉપરથી અવતરણ કરે છે અને અતિમાનસ ભૂમિકા તરફ દોરી જાય છે તેનો આવિર્ભાવ છે.

*

સાપ જ્યારે તેની ફેણ ઊંચી કરે છે ત્યારે તે વિજયપૂર્ણ અથવા સફળતા-પૂર્વકની શક્તિના ખુલ્લાપણાનું સૂચન કરે છે.

*

મસ્તક ઉપર ફેણ ફેલાવેલો સર્પ હોય તે સામાન્ય રીતે ભાવિમાં આવવાની સિદ્ધિનો નિર્દેશ કરે છે.

*

નાગ પ્રકૃતિમાં રહેલી શક્તિનું પ્રતીક છે – ઊંચી કરેલી ફેણ તથા પ્રકાશ, બહાર આવતી શક્તિની ઉજ્જવલ અને વિજયી સ્થિતિનો સંકેત આપે છે.

*

તમારી અભીપ્સાના પ્રતીકરૂપે મહાકાલીની શક્તિનું અવતરણ થયું – સર્પ એ શક્તિ છે જે ઊર્ધ્વમાંથી કુંડલિની સર્પિણીની પ્રાણમાં પ્રત્યુત્તર આપે છે જે નીચેથી ઊર્ધ્વમાં ચડે છે. શ્વેત અગ્નિ એ અભીપ્સાનો અગ્નિ છે, રાતો અગ્નિ એ ત્યાગ અને તપસ્યાનો અગ્નિ છે, વાદળી અગ્નિ એ આધ્યાત્મિકતા અને આધ્યાત્મિક જ્ઞાનનો અગ્નિ છે અને તે અવિદ્યાને વિશુદ્ધ કરે છે અને તેનો નાશ કરે છે.

*

સર્પ એ શક્તિનો પ્રતીક છે – ખાસ કરીને કુંડલિની શક્તિનો. જે દિવ્ય શક્તિ સૌથી નિમ્ન (સ્થૂલ) કેન્દ્રમાં (મૂલાધારમાં) ગૂંચળું વાળીને પડેલી છે તે કરોડ-રજ્જૂમાંથી પસાર થઈને ઊર્ધ્વમાં ગમન કરે છે અને ત્યાં રહેલી ઊર્ધ્વ ચેતના સાથે

જોડાઈ જાય છે. શકિતઓ અનેક પ્રકારની હોય છે અને સર્પો પ્રાણમય પ્રકૃતિની રૂપાંતર થયા વગરની દુષ્ટ શકિતઓનાં પ્રતીકો હોય છે–પરંતુ અહીં તે પ્રમાણે નથી.

*

કમળ એ કેન્દ્રોનું પ્રકાશ પ્રત્યેનું ખુલ્લાપણાનું પ્રતીક છે. હંસ એ વ્યકિતગત આત્મા માટેનું ભારતીય પ્રતીક છે; તે કેન્દ્રવર્તી સ્વરૂપ અથવા દિવ્ય અંશ છે જે પ્રભુ પ્રત્યે વળેલો હોય છે, અને ત્યાંથી નીચે અવતરણ કરીને તેના પ્રત્યે આરોહણ કરે છે.

બે સર્પો એકબીજા સાથે વીંટળાઈ વળેલા છે તે કરોડ–રજ્જૂમાં રહેલા બે માર્ગો છે જેમના મારફતે શકિત ઊર્ધ્વ તરફ અને નીચેની તરફ ગતિ કરે છે.

છ ફેણવાળો સર્પ એ કુંડલિની શકિત છે, દિવ્ય શકિત, જે સૌથી નીચેના ભૌતિક કેન્દ્રમાં સુષુપ્ત પડેલી છે. તે યોગમાં જાગૃત થઈને પ્રકાશ તરફ ઊર્ધ્વ ગમન કરે છે – અને તે ખુલ્લા થયેલા કેન્દ્રો મારફતે ગતિ કરે છે જેથી તેનું પરમાત્મા સાથે સૌથી ઉચ્ચ કેન્દ્રમાં મિલન થાય અને તેથી આવિર્ભાવ પામેલી અને બિન આવિર્ભાવ પામેલી વસ્તુઓનું તે મિલન કરે છે તથા આત્મા અને ભૌતિક તત્ત્વને તે જોડી આપે છે.

*

(૧) નારાયણ સામાન્ય રીતે વિષ્ણુના નામ તરીકે લેવામાં આવે છે. વૈષ્ણવો માટે તે પરમ તત્ત્વ છે જે રીતે શૈવો માટે શિવ પરમ તત્ત્વ છે. બન્ને પરમાત્માના વૈશ્વિક રૂપો – વ્યકિતતાઓ છે અને તે બન્નેનું બ્રહ્માની માફક મુખ્ય સ્થાન અધિ-મનસમાં રહેલું છે, જોકે તેઓ માનવ ચેતના માટે મનોમય, પ્રાણમય અને સૂક્ષ્મ શારીરિક ભૂમિકાઓમાં ભિન્ન સ્વરૂપો ધારણ કરી શકે છે.

(૨) લક્ષ્મીનો સામાન્ય રીતે સોનેરી રંગ હોય છે અને નહિકે શ્વેત. સરસ્વતીનો રંગ શ્વેત હોય છે.

(૩) સર્પ ફકત શકિતનું પ્રતીક છે. તમારા દર્શનમાં નારાયણ એ સ્પષ્ટ રીતે વિષ્ણુ છે, કારણકે તેમાં લક્ષ્મીની હાજરી છે તથા તેમાં ઘણી ફણાવાળો એક સર્પ છે.

(૪) વિષ્ણુ અથવા નારાયણ આ પ્રતિકૃતિમાં, જે સામાન્ય રીતે પૌરાણિક પ્રતીકમાં અવકાશ અને જલોનો સ્વામી છે – તે વિશ્વના તત્ત્વોનો રક્ષક છે જેને તે પોતાની અંદર એક બીજ તરીકે ટકાવી રાખે છે અને એક અને બીજા સર્જનના ગાળા દરમિયાન ધારણ કરી રાખે છે. તેની નાભિમાં રહેલા તે બીજમાંથી (નાભિ

એ પ્રાણની કેન્દ્રસ્થ જગા છે. જીવનતત્ત્વ બ્રહ્મા જે સર્જક છે તે કમળમાંથી ઉત્પન્ન થાય છે (વૈશ્વિક ચેતના), જે તેમાં વૃદ્ધિ પામે છે અને તે પણ જ્યારે વિષ્ણુ તેમની આંતર-યુગોની ચક્રગતિવાળી સુષુપ્તિમાંથી જાગ્રત થાય છે ત્યારે તે સર્જન થાય છે. અનંત નાગ એ અનંતની અવકાશ અને સમયમા થતી વિશ્વરૂપ આવિર્ભાવની શકિત છે.

*

અનંત નામનો નાગ એ અનંત કાળ-અવકાશ, જે વિશ્વને ટેકો આપી રહેલો છે તેની અનંત શકિત છે.

*

તમે ધ્યાન દરમિયાન જે સર્પ જોયો તે વિષે કહેવાનું કે, સર્પો હંમેશાં પ્રકૃતિની શકિતઓનો નિર્દેશ કરે છે અને ઘણી વખત તે પ્રાણમય ભૂમિકાની દુષ્ટ શકિતઓનો નિર્દેશ કરે છે; પરંતુ તેઓ જ્યોતિર્મય અથવા દિવ્ય શકિતઓનું પણ સૂચન કરે છે, જેમકે વિષ્ણુનો સર્પ. તમે જે સર્પ જોયો તે સ્પષ્ટ રીતે જ બીજા પ્રકારનો હતો – એક દિવ્ય જ્યોતિર્મય શકિત. તેનાથી ડરવાનું કોઈ કારણ નહોતું, તે સારી નિશાની હતી.

*

કમળનું ફૂલ ખુલ્લી ચેતનાનો નિર્દેશ કરે છે.

*

લાલ કમળ પરમાત્માની પૃથ્વી ઉપરની હાજરી છે; સૂર્ય દિવ્ય સત્ય છે. તે પૃથ્વી ઉપર પ્રભુનો આવિર્ભાવ સૂચવે છે અને પાર્થિવ ચેતનાને સત્ય તરફ ઊંચે ચડાવે છે.

*

સફેદ કમળ માતાજીની ચેતનાનું પ્રતીક છે – તે વ્યકિતગત ચેતનાના કોઈ ભાગનું સંકેત આપતું નથી.

*

તમારી અનુભૂતિમાં કમળો ખીલતાં હતાં એટલે હું માનું છું કે સાચી પ્રાણમય અને શારીરિક ચેતનાનું ખુલ્લાપણું છે જેમાં આધ્યાત્મિક સ્વરૂપ (હંસ) તે ખુલ્લાપણાને લઈને આવતા બધા પરિણામોનો આવિર્ભાવ કરી શકે.

*

હંસ, ઊર્ધ્વતર ભૂમિકા ઉપર રહેલા આત્માનું પ્રતીક છે.

*

હંસ એ મુક્ત આત્મા છે, કમળ જે ચેતના પ્રભુ પ્રેમના રંગમાં લાલાશ પકડે છે તે છે અથવા તો તે પૃથ્વી ઉપર પ્રભુની હાજરીનું પ્રતીક છે.

*

આ હંસ સ્વરૂપનું પ્રતીક છે – અને જ્યાં સુધી તે ઉચ્ચતમ સત્યમાં જ્યોતિર્મય બને ત્યાં સુધી તે ઊંચે ઊડે છે, તે પોતાની વિશુદ્ધિને પાછી પ્રાપ્ત કરે છે.

*

બતક આત્માનું પ્રતીક છે; રૂપેરી રંગ, આધ્યાત્મિક ચેતના છે. સોનેરી પાંખો દિવ્ય સત્યની શકિત છે.

*

બતક સામાન્ય રીતે આત્મા અથવા આંતર–સ્વરૂપનું પ્રતીક છે – કદાચ તમે જે ચાર સ્વરૂપો જોયા તે મનોમય, ચૈતસિક, પ્રાણમય અને શારીરિક સ્વરૂપો હોઈ શકે.

*

બન્ને (બતક અને હંસ) માણસમાં રહેલા સ્વરૂપોના પ્રતીકો છે – પરંતુ હંસ, અથવા સામાન્ય હંસ સામાન્ય રીતે મનોમય પુરુષના સંદર્ભમાં હોય છે.

*

પક્ષી વ્યકિતગત આત્માનું પ્રતીક છે.

*

પક્ષી સામાન્ય રીતે જયારે તે પોતે આત્મા ન હોય ત્યારે કોઈ આત્માની શકિત હોય છે – અહીં તે સફેદ વાદળી પ્રકાશ - શ્રી અરવિંદનો પ્રકાશ – શકિત છે (આત્મામાં જાગ્રત થયેલી શકિત).

*

પક્ષી ઘણી વખત મનની શકિતઓ અથવા આત્માની શકિતઓનો નિર્દેશ કરે છે.

*

કબૂતર શાંતિનું પ્રતીક છે. રંગો પ્રાણનો નિર્દેશ કરે છે – લીલો રંગ પ્રાણમાં આત્માર્પણ હોઈ શકે, વાદળી પ્રાણમાં ઊર્ધ્વતર ચેતના છે તેથી તે એવી શાંતિ હોવી જોઈએ જે ઊર્ધ્વમાંથી પ્રાણ ઉપર પોતાની અસર ફેંકતી હોય.

*

સફેદ કબૂતર શાંતિ હોવી જોઈએ.

*

મોર વિજયનું પક્ષી છે.

*

મોર આધ્યાત્મિક વિજયનું પ્રતીક છે.

*

મોર યોગમાં વિજયનું સૂચન કરે છે, દિવ્ય વિજય, સ્વચ્છ આકાશ કદાચ તમોગ્રસ્તતાથી મુક્ત મનોમય ભાગનો નિર્દેશ કરે છે.

*

રાધા સાથે કૃષ્ણ દિવ્ય પ્રેમનું પ્રતીક છે. વાંસળી દિવ્ય પ્રેમનો પુકાર છે; મોર વિજય છે.

*

બગલો સુખનો દૂત છે.

*

ઓસ્ટ્રિચ કદાચ ગતિની ઝડપનો અર્થ સૂચવે છે.

*

આવું બાળક વિષેનું સ્વપ્ન – ખાસ કરીને તાજું જન્મેલું બાળક – સામાન્ય રીતે આત્માનો જન્મ અથવા ચૈત્ય પુરુષનો બાહ્ય પ્રકૃતિમાં જન્મ (અથવા જાગ્રતિ) નો નિર્દેશ કરે છે.

*

એ હકીકત સાચી નથી કે ચૈત્ય પુરુષ કાયમ બાળક જેવો દેખાય છે – કેટલીક વખત પ્રતીકાત્મક રીતે નવ-જન્મ પામેલા બાળક જેવો દેખાય છે; ઘણા માણસો તેને ભિન્ન ભિન્ન ઉંમરનો જુએ છે – એ ઘણી સામાન્ય રીતની અને વારંવાર બનતી અનુભૂતિ છે; તેમાં કેટલાક સંકેતો હોય છે જેવા કે ચેતનાનો સાચી ચૈતસિક પ્રકૃતિમાં નવ-જન્મ, આ નવીન સ્વરૂપનો હજુ ઘણો નાનો વિકાસ, વિશ્વાસ, આધાર, બાળકનો માતાજી ઉપર આધાર વગેરે.

*

બાળક સામાન્ય રીતે ચૈત્ય પુરુષનું સૂચન કરે છે – એ અર્થમાં નવ જન્મ કે છેવટે તે સપાટી ઉપર આવે છે. કાપડનો એવો અર્થ લઈ શકાય કે તે તંદુરસ્તી (આંતરિક અથવા બાહ્ય અથવા બન્ને) તથા આધ્યાત્મિક સમૃદ્ધિ સહિત આવે છે.

*

બાળક (જ્યારે તેનો અર્થ ચૈત્ય પુરુષ ન હોય ત્યારે) એ ચેતનાના કોઈ ભાગમાં નવ જન્મનું સામાન્ય રીતનું પ્રતીક હોય છે. લાલ રંગ તેની છાયાઓ પ્રમાણે ઘણી ભિન્ન ભિન્ન વસ્તુઓનો નિર્દેશ કરે છે.

*

હું ધારું છું કે સોનેરી બાળક એ સત્ય આત્મા છે જે આધ્યાત્મિકતાના રૂપેરી રંગ પછીથી આવે છે. જયારે તે અવચેતનના ઊંડા જળમાં ડૂબકી મારે છે ત્યારે તે પોતાની અંદરથી પ્રકાશને મુકત કરે છે અને દિવ્ય શકિતની સપ્તવિધ ધારાઓને છોડે છે અને અવચેતનમાં રહેલા બધા કલંકોને સ્વચ્છ કરીને તે પોતાના પરમ દિવ્ય તત્ત્વને (માતાજી પ્રત્યે) ઊડ્ડયન કરવા માટે તૈયાર કરે છે.

*

વાંસળી કોઈ પુકારનું પ્રતીક છે – સામાન્ય રીતે આધ્યાત્મિક પુકાર.

*

વાંસળી એ પ્રભુનો સાદ છે.

*

શંખ આધ્યાત્મિક પુકારનું પ્રતીક છે.

શંખ સાક્ષાત્કાર માટેનો પુકાર છે.

*

શંખ કદાચ વિજયની ઘોષણા છે.

*

મોતી બિંદુની રજૂઆત હોઈ શકે, જે અનંત તત્ત્વનું ઘણું નાનકડું વ્યકિતગત બિંદુ હોય, છતાં વિશ્વરૂપ હોય, તેનું તે પ્રતીક છે.

*

(વીણા) : સંવાદ.

*

મુગટ એ સિદ્ધિની નિશાની છે.

*

મુગટ ઊર્ધ્વ ચેતના તેની અચલ સ્થિતિમાં હોય તેનું સૂચન કરે છે. ચક્ર એ તેનું સક્રિય કાર્ય છે. લાલ પ્રકાશ એ શારીરિકમાં પરિવર્તન લાવવા માટેની શકિત છે.

*

પુસ્તક કોઈ પ્રકારના જ્ઞાનનું સૂચન કરે છે.

*

શ્રાવણેન્દ્રિયો (કાન) સામાન્ય રીતે અંતઃસ્ફૂરણાયુકત જ્ઞાનની જગાનું સૂચન કરે છે અથવા અંતઃપ્રજ્ઞાની અભિવ્યકિત – લાલ અને સોનેરી રંગનો અર્થ સત્ય અને શકિત બન્નેનું એકત્રીકરણ સૂચવે છે.

*

મકાન નવીન સર્જનનું પ્રતીક છે.

*

પીરામીડ સામાન્ય રીતે અભીપ્સાનું પ્રતીક છે – લાલાશવાળું કદાચ, કારણ કે તે શારીરિકમાં છે.

*

સ્ફીંક્સ શાશ્વત શોધનું પ્રતીક છે જેનો પ્રત્યુત્તર રહસ્યમય જ્ઞાનથી જ પ્રાપ્ત થઈ શકે.

*

ક્રોસ એ ત્રિવિધ સ્વરૂપની નિશાની છે, પરાત્પર, વૈશ્વિક અને વ્યકિતગત સ્વરૂપ.

*

ક્રોસ ત્રિવિધ પરમાત્માનું સૂચન કરે છે (પરાત્પર, વિશ્વરૂપ અને વ્યકિતગત); ઢાલનો અર્થ રક્ષણ થાય છે.

*

હા, ચક્રાકાર ગતિ અને ચક્ર હંમેશાં કાર્યાન્વિત શકિતઓની નિશાનીઓ છે. સામાન્ય રીતે સર્જનાત્મક કાર્ય.

*

સુદર્શન ચક્ર શ્રીકૃષ્ણના બલના કાર્યનું પ્રતીક છે.

*

ચક્કર ફરતી રકાબી એટલે પ્રકૃતિ ઉપર કાર્યમાં રહેલું બલ. સફેદ વાદળી પ્રકાશ કૃષ્ણના પ્રકાશ તરીકે ઓળખાય છે અને શ્રી અરવિંદના પ્રકાશ તરીકે પણ. સફેદ માતાજીનો પ્રકાશ છે, કદાચ અહીં તે બન્નેની ઐકયતા છે.

*

ચક્ર બલના કાર્યની નિશાની છે, (પ્રતીકના પ્રકાશ તરીકે જે કોઈ બલનો નિર્દેશ થતો હોય તે) અને તે ઊર્ધ્વ તરફ ગતિ કરતું હતું તેથી તે અભીપ્સાનો અગ્નિ પ્રાણમાંથી ઉત્પન્ન થતો હતો (નાભિનું કેન્દ્ર), અને ઊર્ધ્વતર ચેતના તરફ ઊંચે ચડતો હતો.

*

ધનુષ્ય જે બલને પોતાના લક્ષ્ય તરફ પહોંચવા માટે શકિતને મોકલી તેનું પ્રતીક છે.

*

અગરબત્તીની સળી એ આત્મસમર્પણનું પ્રતીક છે.

*

તમાકુ તમસની સાથે જોડાયેલી છે અને ધૂપસળીઓ ભકિતની સાથે.

*

મુસાફરી કરતા હોય એવી છાપ કાયમ જીવનમાં કોઈ ગતિ અથવા સાધનામાં કોઈ પ્રગતિ સૂચવે છે.

*

હોડીમાં મુસાફરી અથવા બીજા કોઈ વાહનમાં મુસાફરી એટલે હંમેશાં યોગમાં ગતિ – ઘણી વખત કોઈ આગળ જવાની ક્રિયા અથવા પ્રગતિ.

*

અશ્વ ઉપર મુસાફરી અથવા તો કોઈ વાહનમાં મુસાફરી જો પ્રતીકાત્મક હોય તો તેનો અર્થ પ્રગતિ અથવા જીવનમાં કોઈ ગતિ, અથવા સાધનામાં થતું કાર્ય થાય છે.

*

ગાડી, ટ્રેન, મોટરકાર, સ્ટીમર, બોટ, એરોપ્લેન વગેરેમાં મુસાફરી સાધનામાં ગતિનું સૂચન કરે છે, સફેદ અશ્વ સાત્ત્વિક મન હોઈ શકે અને લાલ અશ્વ પ્રાણમય રજોગુણ છે, જે શકિત આપે છે અને બન્ને એકઠા થઈને પ્રગતિ કરે છે.

*

એરોપ્લેઈન, સ્ટીમર અને રેલ્વે હંમેશાં ઝડપી પ્રગતિ અથવા આગળ જવાની ગતિના પ્રતીકો હોય છે.

*

રેલ્વેલાઈન ઝડપી પ્રગતિનું પ્રતીક છે.

*

જ્યારે તમે તમારી જાતે ઊડતા હો ત્યારે તે કાયમ પ્રાણમય જગતમાં રહેલા સૂક્ષ્મ શરીરનો પ્રાણમય પુરુષ હોય છે જે તે પ્રમાણે કરે છે.

*

માંસનો ટુકડો શારીરિક સ્વરૂપમાં રહેલી કોઈ ચંચળ વસ્તુનો નિર્દેશ કરે છે અને તે આનંદના પૂર્ણ પ્રવાહના માર્ગમાં તેની ચંચળતા અને અતિશય ઉગ્રતાથી વચ્ચે વિઘ્નરૂપ થાય છે: સ્વપ્નાંઓમાં આ વસ્તુ સક્રિય બની અને ચૈત્ય પુરુષના દબાણથી તેનો નિકાલ થઈ ગયો.

*

હા, વેદમાં લૂંટારાઓ પ્રાણમય સત્ત્વો હોય છે. તેઓ સારી અવસ્થાઓને ચોરી લેવા માટે અથવા સાધનામાં જે વસ્તુઓ પ્રાપ્ત કરી હોય તેમની ચોરી કરવા આવે છે.

*

આ પ્રાણમય સ્વપ્નાંઓનું અર્થઘટન થઈ શકે નહિ. સિવાય કે કોઈ તેમના માટે સ્પષ્ટ ચાવી ન મળે. માસી અથવા માતા સામાન્ય રીતે સામાન્ય શારીરિક ચેતનાનો નિર્દેશ કરે છે; એક બંધિયાર ઓરડો સ્થૂલ પ્રકૃતિનો કોઈ ભાગ છે, જે પ્રકાશ પ્રત્યે ખુલ્લો નહોતો; ચામાચિડિયાનો અર્થ રાત્રીના બલો થાય એટલે કે અવિદ્યામય ગતિઓ જે તમોગ્રસ્ત અને બિન-પ્રકાશિત પ્રકૃતિની અંદર પોતાનું સ્થાન પ્રાપ્ત કરે છે.

*

પ્રતીકાત્મક રીતે જો સ્વપ્ન પ્રતીક હોય તો દાંત પડી જવા એટલે જૂની અને રૂઢ મનોમય ટેવો જે સ્થૂલ મનની હોય છે તેમનું અદૃશ્ય થવું.

*

મૃત્યુ પામવાની લાગણી કોઈ દર્શન અથવા સ્વપ્નની અનુભૂતિમાં આવે છે, જ્યારે સ્વપ્નમાં રહેલી કોઈ વસ્તુને નીરવ અને પૂર્ણ રીતે નિષ્ક્રિય બનાવવાની રહે છે અને તે વસ્તુ પ્રકૃતિના ભાગ તરીકે અસ્તિત્વ ધરાવતી બંધ થઈ જાય છે. તે ઘણો નાનકડો ભાગ હોઈ શકે પરંતુ તે પ્રક્રિયા દરમિયાન ચેતના તેની અંદર એકાગ્ર થયેલી હોય છે, અને તે કાર્ય કરવાના હેતુ માટે તેની સાથે તદ્રૂપ બની ગઈ હોય છે ત્યારે એવી લાગણી થાય છે કે "હું મૃત્યુ પામ્યો છું." જ્યારે તમે કહ્યું "હું મૃત્યુ પામેલો છું, હવે મને ઊઠીને જવા દો", તેનો ફક્ત એટલો જ અર્થ થાય છે, "વસ્તુ પૂર્ણ બની ગઈ છે, અને તે પ્રક્રિયા પૂરી થઈ ગઈ. હવે આ ભાગ સાથે મારી જાતને તદ્રૂપ બનાવવાની કોઈ જરૂર નથી." તમારી અનુભૂતિમાં છેવટે કોઈ નિર્દેશ નથી, કે તે કઈ વસ્તુ હતી જે તમારી અનુભૂતિ-માંથી પસાર થઈ ગઈ.

*

તે શારીરિકની વિશુદ્ધિ છે, જેનો સામાન્ય રીતે સળગી જવાના પ્રતીક તરીકે નિર્દેશ થાય છે.

*

તમે જે દર્શન કર્યું તે બાહ્ય શારીરિક ચેતના, સામન્ય ગતિઓથી (વાદળો) તમોગ્રસ્ત બનેલી તેનું પ્રતીક હતું. પરંતુ આધ્યાત્મિકતાની સાથે (ચંદ્ર) સામાન્ય

માનવ અવિદ્યાની પાછળ પોતાનો પ્રકાશ બધે રેલાવતું હતું. કૂતરો કોઈ શારીરિકમાં રહેલી વસ્તુનો નિર્દેશ કરે છે (જે ભાગ વફાદાર, આજ્ઞાંકિત વગેરે છે) અને તે શ્રદ્ધાપૂર્વક પ્રકાશના આગમનની રાહ જુએ છે.

તમને જે અગ્નિની અનુભૂતિ થઈ તે અગ્નિ વિશુદ્ધિનો અગ્નિ હતો અને ગરમી એટલા માટે આવી કારણ કે તે કોઈ પ્રતિકારને સળગાવતો હતો. તે બધું સળગી ગયું પછી ઠંડી, શાંતિ અને અચંચળતા આવી. જુદી જુદી જાતના અવાજો તથા નાદો તથા એવી છાપ કે 'ક્ષ' ત્યાં હતો તે એક પ્રાણમાં રહેલી ગુહ્ય ભાવનાની ગોટાળાભરી સક્રિયતા હતી, જે શારીરિક સિવાય બીજી વસ્તુઓને સાંભળે છે – આવા પ્રકારની કોઈ વસ્તુ આવે છે ત્યારે આપણા સ્વરૂપમાં એક અચંચળ રીતનો ઇનકાર આવવો જોઈએ અને તે વસ્તુ ચાલી જશે. કેટલાક માણસોને તેમાં રસ આવે છે અને તેથી ઘણી મુશ્કેલીઓ ઉપસ્થિત થાય છે; કારણકે તેઓને અવાજ સાંભળવાની ટેવ પડી જાય છે અને એવી વસ્તુઓને જોવાની અને અનુભવવાની ટેવ પડે છે, જે વસ્તુઓ અંશત: અથવા કોઈક વખત સાચી હોય છે પરંતુ તેની સાથે ઘણી જૂઠાણાભરી વસ્તુઓનું મિશ્રણ થાય છે, અને તે ગેર-માર્ગે દોર છે. એટલું સારું કે તમારા પ્રાણમય પુરુષમાં કોઈ એવી વસ્તુ હતી જેનો તેણે ઇનકાર કર્યો હતો.

*

ભિન્ન ભિન્ન છાપો સામાન્ય રીતે આંતર-અનુભૂતિના પ્રતીકો હોય છે પરંતુ અહીં તે બધી ફરી મુશ્કેલ રીતે એકઠી થઈ ગઈ છે. અલબત્ત, અગ્નિ એ ચૈતસિક અગ્નિ છે જે ઢંકાયેલા ચૈતસિક મૂળમાંથી બહાર નીકળી આવે છે. પક્ષી એ આત્મા છે અને ફૂલ એ પ્રેમ અને સમર્પણનું ગુલાબ છે. ચંદ્ર એ આધ્યાત્મિકતાનું પ્રતીક છે. તારો ભીતરમાં હોવાથી તેનું વર્ણન આંતર-અંધકારનું ગ્રંથિઓ મારફતે ભેદીને તે પ્રકાશ બહાર નીકળે છે – અને જે પ્રાણમય વિકાસો થાય છે, જે વાદળો માફક વીંટળાઈ વળે છે, તેમને ખરાબ કરે છે. હાથી એ આધ્યાત્મિક બલ છે અને તે વિઘ્નોને હઠાવે છે, અને અશ્વ તપસ્યાનું બલ છે જે આધ્યાત્મિક સાક્ષાત્કારના શિખરો ઉપર ઠેક ભરે છે. સૂર્ય ઊર્ધ્વતર શકિતનું પ્રતીક છે. કમળ આંતર-ચેતનાનું પ્રતીક છે.

*

સ્પષ્ટ રીતે જ આ સ્વપ્ન તમે જે મુશ્કેલી અનુભવો છો તેનું સૂચન કરે છે. સમુદ્ર એ પ્રાણમય પ્રકૃતિનો સમુદ્ર છે, જેની ભરતી તમારી સાધનાની પાછળ પડી છે (કામનાઓ સમુદ્રનું જળ છે). માતાજી તમારા હૃદયમાં છે પરંતુ નિદ્રાધીન

છે એટલે કે તમારી આંતર–ચેતનામાં તેમની શકિત તમારી અંદર સભાન બનેલી નથી; કારણકે તેમની આસપાસ તમારી ચામડીનો પાતળો પરદો છે (શારીરિક પ્રકૃતિની તમોગ્રસ્તતા). તે આ વસ્તુ છે (હવે એ પરદો જાડો નથી પરંતુ તેમ છતાં તમારાથી ઢાંકી દેવા માટે અસરકારક છે). તેણે ખસી જવું જોઈએ જેથી કરીને તેઓ જાગૃત થાય. તમારી સંકલ્પશકિત માટે તે ખંત અને પ્રયત્ન માગી લે છે. તમારી અંદરથી આવતો પ્રત્યુત્તર તમારા હૃદયની અંદર માતાજીની જાગૃતિ લાવશે.

*

તે કદાચ આધ્યાત્મિક જીવનના ત્રણ તબક્કાઓ અથવા વિકાસો અથવા ભૂમિકાઓ હોઈ શકે. તારો એટલે સર્જન. ત્રિકોણ એટલે ત્રિવિધ તત્ત્વો. વૃક્ષ નવસર્જનમાં રહેલું જીવન. લીલો રંગ એ ઊર્મિમય પ્રાણનો રંગ છે. ચંદ્ર આધ્યાત્મીકરણ થયેલી ઊર્મિમય જીવન ઉપર નિયંત્રણ રાખે છે. વાદળી રંગ ઉચ્ચતર મનનો રંગ છે. ત્યાં રહેલો ચંદ્ર આધ્યાત્મીકરણ થયેલા ઊર્ધ્વતર મનોમય જીવન ઉપર શાસન રાખે છે. સુવર્ણ રંગ દિવ્ય સત્યનો રંગ છે; પછી તે અંત:પ્રજ્ઞા હોય કે અધિમનસ હોય. અહીં ચંદ્ર આધ્યાત્મીકરણ થયેલું સત્ય જીવન છે, સ્તંભ સ્ફટિક રંગનો હોવાથી ત્રિકોણ સચ્ચિદાનંદ તત્ત્વનો નિર્દેશ કરે છે. પતંગિયાઓ અને પક્ષીઓ અલબત્ત જીવનશકિતઓ અને આત્માના બલો છે, શકિતઓ અથવા સત્યો છે. અતિમનસ પોતાનું પૂર્ણ સામ્રાજ્ય ચલાવે તે પહેલાં કદાચ તે વસ્તુ રૂપાંતરના ત્રણ તબક્કાઓનું સૂચન કરે છે, અથવા અતિમનસ તરફ દોરી જતા ત્રણ પગલાં તરીકે તે ત્રણ વસ્તુઓ અસ્તિત્વ ધરાવે છે.

★

વિભાગ ૩

આંતર તેમ જ વિશ્વરૂપ ચેતનાની અનુભૂતિઓ

આંતર તેમ જ વિશ્વરૂપ ચેતનાની અનુભૂતિઓ

બાહ્ય ચેતના અને આંતર–સ્વરૂપ વચ્ચે રહેલા પરદાને ભેદી નાખવો એ યોગની એક ઘણી મહત્વની ક્રિયા છે; કારણકે યોગ એટલે પરમાત્મા સાથેની એકતા, પરંતુ તેનો બીજો અર્થ તમારા પોતાના અંતરાત્મા પ્રત્યે પ્રથમ જાગ્રત થવું અને ત્યાર પછી તમારા ઊર્ધ્વતર આત્મા પ્રત્યે – એક આંતર–ગતિ કરવી અને બીજી ઊર્ધ્વ–ગતિ કરવી. હકીકતમાં તો અંતરાત્માની જાગૃતિ મારફતે તથા અંતરાત્મા અગ્રભાગે આવે ત્યારે જ તમે પરમાત્મા સાથે એકતા પ્રાપ્ત કરી શકો છો. બાહ્ય શારીરિક માનવી, ફક્ત કરણરૂપ વ્યક્તિતા છે અને પોતાની જાતે તે આ એકતા પ્રાપ્ત કરી શકતો નથી – તે કોઈ કોઈ પ્રસંગે કેટલાક સ્પર્શો, ધાર્મિક લાગણીઓ, અપૂર્ણ સંકેતો વગેરે પ્રાપ્ત કરી શકે છે અને આ પણ બાહ્ય ચેતનામાંથી આવતા નથી, પરંતુ આપણી અંદર જે રહેલું છે તેમાંથી આવે છે.

બે અરસપરસ એકબીજાની પૂરક ગતિઓ છે; એકમાં આંતર–સ્વરૂપ અગ્રભાગે આવે છે અને પોતાની સામાન્ય ગતિઓની બાહ્ય ચેતના ઉપર છાપ પાડે છે જે તેના માટે અસામાન્ય અને અસ્વાભાવિક છે. બીજી ગતિમાં બાહ્ય ચેતનામાંથી પાછા હઠીને આંતર–ભૂમિકાઓમાં જવાનું હોય છે, તમારા અંતર–આત્માના જગતમાં પ્રવેશ મેળવવાનો હોય છે, અને તમારા સ્વરૂપના ઢંકાયેલા ભાગોમાં જાગ્રત થવાનું હોય છે. એક વખત તમે તેમાં ભૂસકો માર્યો ત્યાર પછી તમે યૌગિક અથવા આધ્યાત્મિક જીવન માટે નોંધાઈ ગયા; અને તમારા ઉપર લાગેલું સીલ પછી કોઈ વસ્તુ તોડી શકે નહિ.

આ આંતર–ગતિ ઘણી રીતે બની આવે છે, અને કેટલીક વખત તો કોઈ જટિલ અનુભૂતિ હોય છે અને તેમાં નિમજ્જનની બધી નિશાનીઓ ધારણ કરે છે. એક અંદરમાં અથવા ઊંડાણમાં જવાની લાગણી થાય છે, એક આંતર–ઊંડાણો તરફ જવાની ગતિ; કેટલીક વખત પ્રશાંતતા એક આનંદપૂર્ણ જડતા, અંગોનું અકડાઈ જવું વગેરે લાગે છે. ચેતનાની આ નિશાની તરીકે શરીરમાંથી પાછા હઠી જઈને, કોઈ ઊર્ધ્વમાંથી આવતા બલના દબાણને લઈને અંદર જતા હોઈએ એવું લાગે છે – તે દબાણ શરીરને અક્કડ કરે છે અને આંતર–જીવનના ટેકા માટે અચલ બનાવે છે, અને એક પ્રકારનું મજબુત અને સ્થિર સ્વાભાવિક 'આસન' બનાવે

છે. કેટલીક વખત એવી લાગણી થાય છે જાણે કે મોજાં અંદરથી ઊછળીને ઉપર – મસ્તક ઉપર ચડી જતાં હોય જે બાહ્ય ચેતનામાં તથા આંતર–ચેતનામાં જાગૃતિ લાવે છે. તે આધારમાં નિમ્ન ચેતનાનું ઊર્ધ્વ ગમન હોય છે, જે મહત્તર ચેતનાનું મિલન કરવા ઉપર ચડે છે. તાંત્રિક પદ્ધતિમાં જે આટલો બધો ભાર મૂકવામાં આવ્યો છે તેના જેવી જ આ પદ્ધતિ છે, કુંડલિનીની જાગૃતિ–જે શકિત ગૂંચળું વળીને પડેલી છે અને શરીરમાં સુષુપ્ત છે – પણ તે કરોડરજજૂ મારફતે ઉપર ચડે છે અને કેન્દ્રો (ચક્રો) મારફતે ઉપર બ્રહ્મરંધ્રમાં પરમાત્માનું મિલન સાધવા માટે ચડે છે. આપણા યોગમાં તેવી કોઈ વિશિષ્ટ રીતની પ્રક્રિયા નથી, પરંતુ એક નૈસર્ગિક રીતે જ સમગ્ર નિમ્ન પ્રકૃતિનો ઉપર ધસારો થાય જે કેટલીક વખત પ્રવાહોમાં અથવા મોજાંઓમાં હોય છે, કેટલીક વખત ઓછી સઘન ગતિમાં હોય છે અને બીજી બાજુએ એક દિવ્ય ચેતના અને તેના બલનું શરીરમાં અવતરણ થાય છે. આ અવતરણની અનુભૂતિદ્વારા ચેતના અને શાંતિનો પ્રવાહ આવતો હોય, બલ અને શકિતનો, પ્રકાશનો, આનંદ અને પરમાનંદનો, વિશાળતા અને મુકિતનો અને જ્ઞાનનો એક દિવ્ય સત્ અથવા દિવ્ય હાજરીનો પ્રવાહ હોય એવી આપણને અનુભૂતિ થાય છે – કેટલીક વખત આમાંની કોઈ એક વસ્તુ, કેટલીક વખત વધારે વસ્તુ અને કેટલીક વખત બધી જ વસ્તુઓની એક સાથે અનુભૂતિ થાય છે. આરોહણની ગતિના ભિન્ન પરિણામો હોય છે; તે ચેતનાની મુકિત આપી શકે જેથી કરીને વ્યકિત શરીરમાં ન હોય એવી તેને પોતાને અનુભૂતિ થાય છે અથવા તે શરીરથી પર રહેલ હોય અથવા શરીર સાથે કોઈ વિશાળતામાં વિહરતો હોય, જાણે કે તેનું બિલકુલ અસ્તિત્વ જ ન હોય, અથવા પોતાની મુકત વિશાળતામાં એક બિન્દુ જ હોય. તે સ્વરૂપને અથવા સ્વરૂપના કોઈ ભાગને શરીરમાંથી બહાર નીકળવા અને બીજી જગાએ ફરવા માટે શકિતમાન બનાવે છે, અને આ કાર્ય સામાન્યતયા કોઈ 'આંશિક' સમાધિના પ્રકાર દ્વારા અથવા પૂર્ણ સમાધિની સાથે બની આવે છે, અથવા તેનું પરિણામ એવું આવે કે ચેતનામાં એવી શકિત આવે જે શરીર અને બાહ્ય પ્રકૃતિની ટેવોથી મર્યાદિત ન રહેતાં અંદર ઊંડાણમાં જઈ શકે, જેથી કરીને આંતર–મનોમય ઊંડાણોમાં, આંતર–પ્રાણમાં, આંતર (સૂક્ષ્મ)–શારીરિકમાં, તથા ચૈતસિકમાં પ્રવેશ કરે અને અંતરતમ ચૈતસિક આત્મા અથવા તેના આંતર–મનોમય, પ્રાણમય અને સૂક્ષ્મ શારીરિક સ્વરૂપમાં પહોંચે અને એવું પણ બને કે તે પ્રદેશોમાં, ભૂમિકાઓમાં અને પ્રકૃતિના આ પ્રકારના વિભાગોને અનુરૂપ જગતોમાં રહેતી થાય. નિમ્નતર ચેતનાનું વારંવાર તથા સતત આરોહણ મન, પ્રાણ અને શારીરિકને અતિમનસની ઊર્ધ્વતર ભૂમિકાઓના સ્પર્શમાં લાવે

અને તેના પ્રકાશ અને શકિત તથા પ્રભાવથી સભર બનાવી દે છે અને વારંવાર દિવ્ય ચેતના અને તેના બલનું સતત થતું અવતરણ સમગ્ર સ્વરૂપ અને સમગ્ર પ્રકૃતિના રૂપાંતર માટેનું કરણ બને. એક વખત આ અવતરણની ટેવ પડે પછી દિવ્ય શકિત, માતાજીની દિવ્ય શકિત, કાર્ય કરવાની શરૂઆત કરે છે, અને તે કેવળ ઊર્ધ્વમાંથી જ નહિ અથવા પરદા પાછળથી જ નહિ પરંતુ સચેતન રીતે આધારમાં પોતાનામાં જ કાર્ય કરે છે અને તેની મુશ્કેલીઓ અને શકયતાઓની સાથે પોતાના હાથમાં તે કામ લઈ લે છે અને યોગમાં પ્રગતિ કરાવે છે.

છેવટે આવે છે સીમાનું ઉલ્લંઘન. તેમાં નિદ્રામાં પડી જવાનું અથવા ચેતનાનો લોપ થતો નથી, કારણકે ચેતના હંમેશાં ત્યાં હાજર હોય છે જ; ફક્ત તે બાહ્યમાંથી અને શારીરિકમાંથી ખસી જાય છે, બાહ્ય વસ્તુઓ પ્રત્યે બંધ થઈ જાય છે અને આંતર–ચૈતસિકમાં અને સ્વરૂપના પ્રાણમય ભાગમાં ચાલી જાય છે. ત્યાં તે ઘણી અનુભૂતિઓમાંથી પસાર થાય છે અને આમાંની કેટલીક જાગૃત અવસ્થામાં અનુભવી શકાય છે અથવા અનુભવ થવો જોઈએ, કારણકે બન્ને ગતિઓ જરૂરી છે, આંતર–સ્વરૂપને બહાર અગ્રભાગે આવવાની તેમ જ ચેતનાને અંદર જઈને આંતર–પુરુષ તથા પ્રકૃતિ વિષે સભાન બનવાની. પરંતુ ઘણા માણસો માટે અંદર જવાની ગતિ અનિવાર્ય હોય છે. તેની અસર આ બાહ્ય કરણરૂપ ચેતના અને પેલા આંતર–સ્વરૂપ વચ્ચે રહેલા વિઘ્નને પસાર કરવા માટે અથવા તોડી નાખવા અથવા ખુલ્લા કરવા માટે થાય છે. તે વસ્તુ અંશતઃ વ્યક્ત થવા પ્રયત્ન કરે છે અને ભાવિમાં અનંત ખજાનાઓની શકયતા વિષે સચેતન જાગૃતિ લાવે છે. આપણી આ જે ક્ષુદ્ર અને અંધ તથા મર્યાદિત વ્યકિતતા છે તેની નીચે રહેલા નવીન સ્વરૂપ અને નવીન જીવન વિષે અનુભવ થાય છે. માણસો પોતાની આવી નાનકડી ભૌતિક વ્યકિતતાને ખરા સ્વરૂપ તરીકે સમજે છે. તેના બદલે વધારે ઊંડી અને વધારે પૂર્ણ અને વધારે સમૃદ્ધ સભાનતાની શરૂઆત તથા સતત વિશાળતાવાળી આંતર–ચેતનામાં ડૂબકી મારીને અને પછી આ આંતર–જગતમાંથી પાછા જાગૃત અવસ્થામાં આવીએ, તે બેની વચ્ચે સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

સાધકે સમજવું જ જોઈએ કે આ અનુભૂતિઓ કેવળ કલ્પનાઓ અથવા સ્વપ્નો નથી; પરંતુ સાચી ઘટનાઓ છે, કારણકે ઘણી વખત બને છે તે પ્રમાણે તેઓ જૂઠી અથવા ગેરમાર્ગે દોરનારી અથવા વિરોધી રચનાઓ હોવાં છતાં તેમનામાં રચનાઓ તરીકેની શકિત હોય છે અને તેમનો ઈનકાર કરવામાં આવે અથવા તેમને વિખેરી નાખવામાં આવે તે પહેલાં તેમને સમજવી જોઈએ. દરેક આંતર–અનુભૂતિ

તેની પોતાની રીતે સંપૂર્ણ હોય છે, જોકે જુદી જુદી અનુભૂતિના મૂલ્યો ઘણા ભિન્ન હોય છે; પરંતુ અંતરાત્મા અને આંતર–ભૂમિકાની વાસ્તવિકતા સાથે તે સાચી હોય છે. આપણે કેવળ શારીરિક રીતે ફક્ત બાહ્ય મન અને બાહ્ય પ્રાણમાં જ જીવીએ છીએ એમ માનવું ખોટું છે. આપણે સમગ્ર સમય દરમિયાન ચેતનાની બીજી ભૂમિકાઓ ઉપર જીવતા અને કાર્ય કરતા હોઈએ છીએ. બીજાઓની સાથે ત્યાં મિલન સાધીએ છીએ અને તેમના ઉપર કાર્ય કરતા હોઈએ છીએ; તેમના ઉપર લાગણી ધરાવીએ છીએ અને તેમના વિષે વિચારીએ છીએ. આપણે જે બલોને એકત્રિત કરીએ છીએ તેમની મહાન અગત્ય અને અસર હોય છે. તે આપણા બાહ્ય જીવન ઉપર શી અસર કરે છે તેના વિષે આપણે જાણતા પણ નથી અને જે તેમની આરપાર આવે છે તે શારીરિકમાં બીજા સ્વરૂપમાં આવે છે – જોકે તે તેને બરાબર અનુરૂપ પણ હોય છે; પરંતુ જે આ થોડી વસ્તુ છે તે આપણા બાહ્ય અસ્તિત્વના પાયામાં રહેલું છે. આપણે જે કોઈ બનીએ છીએ અને કરીએ છીએ અને શારીરિક જીવનમાં ધારણ કરીએ છીએ તે આપણી પાછળ રહેલા પરદાની પાછળ તૈયાર થઈ રહ્યું હોય છે. એટલા માટે જે યોગનું લક્ષ્ય જીવનના રૂપાંતર માટેનું છે તેના માટે એ ઘણું અગત્યનું છે. આ બધા પ્રદેશોમાં જે ચાલી રહેલું છે તે વિષે સચેતન બનવામાં વિકાસ સાધવો, ત્યાં કાબુ પ્રાપ્ત કરવો અને જે ગુપ્ત બલો આપણું ભાવિ, આપણો આંતર તેમ જ બાહ્ય વિકાસ અથવા પતન નક્કી કરે છે તેમને ઓળખવું અને તેમની સાથે કામ પાડવું.

જેમણે પરમાત્મા સાથે એકતા પ્રાપ્ત કરવી હોય તેમના માટે પણ એ એટલું જ અગત્યનું છે; કારણકે તેના સિવાય રૂપાંતર અશકય છે. જો તમે તમારા બાહ્ય સ્વરૂપથી જ બંધાયેલા રહો અને તમારા સ્થૂલ મન અને તેની ક્ષુદ્ર ગતિઓમાં જ રહો તો આ અભીપ્સાનો સાક્ષાત્કાર થઈ શકશે નહિ. બાહ્ય સ્વરૂપ આધ્યાત્મિક ઝંખના માટેનું મૂળ સ્રોત નથી; આધ્યાત્મિક સ્વરૂપ ઉપર અંદરમાંથી પરદા પાછળથી કોઈ વસ્તુ તેને ફરજ પાડે ત્યારે જ પરિવર્તન પામે છે; તમારી અંદર રહેલો ચૈત્ય પુરુષ ભકત છે; અને તે એકતા અને આનંદની શોધ કરે છે અને જે બાહ્ય પ્રકૃતિને પોતાને માટે અશકય છે તે, જયારે આંતર–સ્વરૂપ અગ્રભાગે આવીને તે બેની વચ્ચે રહેલા વિઘ્નને હઠાવે છે ત્યારે તે શકય બને છે; કારણકે જયારે આ વસ્તુ સમર્થ રીતે અગ્રભાગે આવે છે અથવા ચેતનાને મજબૂત રીતે પોતાની અંદર ખેંચે છે ત્યારે શાંતિ, પરમાનંદ, મુકિત, વિશાળતા, પ્રકાશ પ્રત્યે ખુલ્લાપણું અને ઊર્ધ્વ–જ્ઞાન નૈસર્ગિક રીતે અને ઝડપથી બહાર આવવા માટે શરૂઆત કરી દે છે.

એક વખત આ વિઘ્ન તૂટી જાય, એક યા બીજી ગતિથી, ત્યાર પછી તમે જાણવાની શરૂઆત કરશો કે આ બધી યોગ માટે જરૂરી પ્રવૃત્તિઓ અને ગતિઓને તમે પહોંચી શકો એમ છો, અને બાહ્ય મનને જે વસ્તુ અશકય લાગે છે તે પ્રમાણે તે અશકય અથવા મુશ્કેલ નથી. તમારી અંદર અંતરતમમાં રહેલા ચૈત્ય પુરુષમાં યોગી અને ભકત રહેલો છે અને જો તેઓ પૂર્ણ રીતે બહાર આવી અગ્રેસર થાય તો તમારો આધ્યાત્મિક વળાંક નિર્ણિત અને અનિવાર્ય બને. પ્રાથમિક સફળતા પ્રાપ્ત કરેલા સાધકમાં તેણે એક ઊંડાણભરી તથા યૌગિક અને આધ્યાત્મિક જીવનની રચના કરેલી છે; પરંતુ તે ઢંકાયેલું એટલા માટે છે કે વિચારશીલ મન અને નિમ્ન પ્રાણમય પ્રકૃતિના કેટલાક ભાગોને તમારી શિક્ષણની બાહ્ય પ્રવૃત્તિઓએ કોઈ મજબૂત વળાંક આપેલો છે. આમાં આ બાહ્ય પ્રવૃત્તિઓની નવરચના કરીને તેમને સુધારવાની છે અને તે પરદો ખસેડવા માટે તેણે વધારે શ્રમપૂર્વક યોગનો અભ્યાસ કરવાની જરૂર છે. એક વખત આંતર–સ્વરૂપ મજબૂત રીતે આવિર્ભાવ પામે, પછી ભલે તે બહારથી અંદર જવાની ક્રિયાદ્વારા અથવા બહિર્ગમનની ક્રિયાદ્વારા આવિર્ભાવ પામે તો તેનું દબાણ ફરીથી નવજીવન પ્રાપ્ત કરવા માટે બંધાયેલું છે. તે રસ્તો સાફ કરશે અને પોતાના સામ્રાજ્યમાં પાછું ફરશે. આ પ્રકારની શરૂઆત ભાવિમાં મહત્તર પ્રમાણમાં જે વસ્તુ બનવાની છે તેનો નિર્દેશ કરે છે.

*

તમને જે ચીસ સાંભળાઈ તે શારીરિક હૃદયમાં નહોતી, પરંતુ ઊર્મિમય કેન્દ્રમાં હતી. દીવાલનું તૂટી પડવું એટલે વિઘ્નનું તૂટી પડવું અથવા તમારા આંતર–સ્વરૂપ અને બાહ્ય સ્વરૂપ વચ્ચે રહેલા કોઈ વિઘ્નનું ખંડન થવું. ઘણા ખરા માનવીઓ પોતાની સામાન્ય બાહ્ય અવિદ્યામય ચેતનામાં રહે છે અને તે પરમાત્મા પ્રત્યે સહેલાઈથી ખુલ્લી થતી નથી; પરંતુ તેમની અંદર તેમનું એક આંતરિક સ્વરૂપ હોય છે જેમના વિષે તેમને જ્ઞાન હોતું નથી અને તે સહેલાઈથી સત્ય અને પ્રકાશ પ્રત્યે ખુલ્લું થઈ શકે છે. પરંતુ વચ્ચે એક દીવાલ રહેલી હોય છે જે તેમને તેનાથી અલગ રાખે છે, એક તમોગ્રસ્તતા અને અચેતનતાની દીવાલ. જ્યારે તે તૂટી પડે છે ત્યારે મુકિત પ્રાપ્ત થાય છે; સ્થિરતા, આનંદ અને પ્રફુલ્લિતતાની તમને ત્યાર પછી જે અનુભૂતિ થઈ તે તેને લઈને થઈ આવી. તમે જે ચીસ સાંભળી તે તમારી અંદર રહેલા પ્રાણમય ભાગની હતી અને દીવાલ તૂટવાથી અને ખુલ્લાપણું આવવાથી તેના ઉપર વિજય પ્રાપ્ત થયો.

*

• ચૈત્ય પુરુષનો શરૂઆતમાં ભેદ જાણવો એ શકય નથી. પ્રથમ તો આપણે આપણા આંતર–સ્વરૂપની ચેતનામાં વિકાસ કરવો જોઈએ અને તે બાહ્ય વ્યકિતત્વ અને પ્રકૃતિથી ભિન્ન છે–એ એવી ચેતના અથવા પુરુષ છે જે પ્રકૃતિથી ભિન્ન છે–એ એવી ચેતના અથવા પુરુષ છે જે પ્રકૃતિના બાહ્ય કાર્યોમાં સ્થિર અને મુકત છે.

તમે જે અનુભૂતિઓનું વર્ણન કરો છો તે માનસશાસ્ત્રીય-શારીરિક છે, જેમાં કેવળ એક જ અનુભૂતિ અગત્યની છે જેમાં પ્રવાહ ઊર્ધ્વમાં ચડે છે. તે વસ્તુ કપાળમાં રહેલા મનોમય કેન્દ્ર (આંતર–મન, સંકલ્પ, દર્શન) અને ઊર્ધ્વમાં રહેલા કેન્દ્ર વચ્ચે એક અનુસંધાનના માર્ગનું સર્જન કરવાના પ્રયત્નની શરૂઆત છે.

વિઘ્નોને ખંતપૂર્વકની સાધનાદ્વારા જ ક્રમિક રીતે ઓળંગી શકાય છે. તિમિર–યુકત અને પ્રકાશિત અવસ્થાઓની અદલાબદલી થયા કરવી એ અનિવાર્ય હોય છે.

તમને જે પ્રકાશની અનુભૂતિ થઈ તે બલના કાર્યનો નિર્દેશ કરે છે (વાદળી જેવો રંગ કદાચ આધ્યાત્મિક મનોમય–બલનું સૂચન કરે છે); બાકીનું કાર્ય ઊર્ધ્વતર આધ્યાત્મિક કેન્દ્રને ખોલવા માટેનું કાર્ય છે (સહસ્રદલ).

*

એ શોચનીય છે કે તમારી અંદર બીક આવી અને તમારી આંતર–ગતિને બગાડી નાખી–કારણકે આ આંતર–ગતિ સાધના માટે ઘણી અગત્યની વસ્તુ છે. તમારી અંદર વારંવાર ચૈતસિક ચેતના આવતી અને સામાન્ય ચેતનાની જગાએ તેનું પુનઃસ્થાપન થતું હતું; એ પ્રગતિ માટેનું ઘણું આશાજનક ચિહ્ન હતું – પરંતુ જો આંતરિક ગતિમાં તે વસ્તુનું સ્થાપન થયું હોય તો તે વધારે મોટી બાબત બની શકત, કારણકે તેનું સ્વાભાવિક પરિણામ અંતરમાં આત્માની મુકિતનું પરિણામ લાવીને તમને આંતર–સ્વરૂપમાં પ્રતિષ્ઠિત કર્યા હોત. તેને લઈને તમને જે બાહ્ય ચેતનામાં પરિવર્તન આવે તેમાં તેઓ તમારી આંતર–સ્થિરતા અને મુકિતમાં કોઈ દખલ કરી ન શકત. પરંતુ તે ગતિ ફરીથી ચોક્કસ આવશે જ અને પોતાની જાતને સિદ્ધ કરશે. એ ઘણું સારું છે કે તમે જયારે પુકાર કરો છો ત્યારે મદદ આવે છે અને તેથી તમે બીજી વસ્તુઓને ખંખેરી નાખીને મુકત બની જાઓ છો–તે ચૈતસિક વિકાસની બીજી નિશાની છે.

*

તમે જે કહો છો તે તમારી પોતાની અંદર નથી, પરંતુ પ્રાણમય પ્રકૃતિમાં જે વસ્તુ રહેલી છે તેનું પ્રતીક છે. વીંછી તથા સામાન્ય રીતે સર્પો નુકસાન કરતી શકિતઓના પ્રતીકો છે; પૃથ્વીની પ્રાણમય પ્રકૃતિ આવી શકિતઓથી ભરેલી હોય

છે અને તેને લઈને જ બાહ્ય પ્રકૃતિનું વિશુદ્ધીકરણ આટલું બધું મુશ્કેલ છે. આટલી બધી ખોટી ગતિઓ અને ઘટનાઓ તે કારણને લઈને જ તેનામાં બને છે–કારણકે તેનો પ્રાણ આવી પાર્થિવ ગતિઓ પ્રત્યે સહેલાઈથી ખુલ્લો થાય છે. તેમાંથી મુકત બનવા માટે આંતર–સ્વરૂપ જાગૃત થવું જોઈએ અને તેની પ્રકૃતિએ બાહ્ય પ્રકૃતિનું સ્થાન લેવું જોઈએ. કેટલીક વખત સર્પો ફક્ત શકિતઓનું સૂચન કરે છે પરંતુ તે નુકસાનકારક નથી હોતી, જોકે ઘણી વખત નુકસાનકારક હોય છે પણ ખરી. બીજી બાજુએ તમે જે મોર જોયા તે વિજયની શકિતઓ હતી, અંધકરની શકિતઓ ઉપર પ્રકાશની શકિતઓનો વિજય.

તમે જે બાહ્ય સ્વરૂપ વિષે કહો છો તે સાચું છે, તેણે પરિવર્તન પામવું જ જોઈએ અને આંતર–પ્રકૃતિમાં જે વસ્તુ રહેલી છે તેનો આવિર્ભાવ થવો જ જોઈએ. પરંતુ તેના માટે વ્યકિતને આંતર-પ્રકૃતિમાં અનુભૂતિઓ થવી જોઈએ અને તેમની મારફતે આંતર–પ્રકૃતિની શકિતનો વિકાસ થાય છે અને તે ધીરે ધીરે બાહ્ય પ્રકૃતિ ઉપર અસર કરે છે તથા બાહ્ય સ્વરૂપ ઉપર કાબુ પ્રાપ્ત કરે છે. આંતર–ચેતનામાં વિકાસ સાધ્યા સિવાય બાહ્ય ચેતનામાં પરિવર્તન કરવું એ ઘણું મુશ્કેલ કાર્ય છે. એટલા માટે જ આ આંતર–અનુભૂતિઓ આંતર-ચેતનામાં વિકાસની તૈયારી માટે આવ્યા જ કરે છે. એક આંતર–મનોમય, આંતર–પ્રાણમય અને આંતર–શારીરિક ચેતના હોય છે જે ઊર્ધ્વમાં રહેલી ઉચ્ચતર ચેતનાને બાહ્ય ચેતના કરતાં વધારે સહેલાઈથી ગ્રહણ કરી શકે છે અને પોતાની જાતને ચૈત્ય પુરુષની સાથે સહેલાઈથી સંવાદમાં મૂકી શકે છે; જ્યારે તે વસ્તુ બને ત્યાર પછી બાહ્ય પ્રકૃતિ વિષે એવું લાગે છે કે તે ફકત બાહ્ય સપાટીની કિનારી ઉપરની જ ચેતના છે પરંતુ તે પોતાની જાત નથી અને પછીથી તેમાં સહેલાઈથી રૂપાંતર થાય છે.

બાહ્ય પ્રકૃતિમાં ગમે તે મુશ્કેલીઓ અત્યારે હોય, છતાં તમે તમારા અંતરમાં જાગૃતિ પ્રાપ્ત કરી છે એ હકીકતમાં કોઈ ફેરફાર કરી શકશે નહિ; તમારી અંદર માતાજીનું બલ કાર્ય કરી રહ્યું છે અને દરેક રીતે તમે તેમના સાચા બાળક છો. તમારી શ્રદ્ધા અને તમારા વિચારો સંપૂર્ણ રીતે તેમના ઉપર મૂકી દો અને તમે સહિસલામત રીતે તે સર્વમાંથી પસાર થઈ શકશો.

*

સપાટી ઉપર રૂપાંતર થાય છે. માણસે પોતાના ઊંડાણમાંથી જે પ્રાપ્ત કર્યું હોય છે તેને લઈને તે સપાટી ઉપર આવે છે. તમારે ફરીથી અંદર જવું પડે એવી જરૂર પડે, અને તે ગતિને ફરીથી પાછી લાવવી એ મુશ્કેલ પડે. જ્યારે સમગ્ર

સ્વરૂપ નમનીય બને ત્યારે જે કોઈ ગતિ કરવી હોય તે ઝડપી રીતે કરવા માટે તમે શકિતમાન બનશો.

*

અલબત્ત, એક અવસ્થામાંથી બીજી અવસ્થામાં સંચાર કરવો તેના માટે સમય લાગે છે. તમારી ચેતના જેમ જેમ બાહ્ય વસ્તુઓ માટે માગણી કરવામાંથી પાછી હઠતી જાય છે તેમ તેમ તમારી અનુભૂતિ હૃદયના પ્રદેશમાં ઊંડાણમાં જતી જાય છે અને ચૈતસિક પુરુષ સાથે રાખીને ત્યાંથી જોવા માટે અને અનુભવવા માટે ઉત્તેજિત અને પ્રકાશિત કરે છે. તે ગતિની સાથે શ્રદ્ધામાં પણ વૃદ્ધિ થાય છે; કારણકે બાહ્ય બુદ્ધિ શ્રદ્ધામાં નિર્બળ અને ખામીભરી હોય છે, જયારે હૃદયમાં રહેલો આંતર-પુરુષ કાયમ શ્રદ્ધાયુક્ત હોય છે.

*

તમારા પત્રમાં તમે લખો છો તે વિચારવાની અને જોવાની સાચી રીત છે. મનનો આત્મ-સંકલ્પ પોતાની રીતે જ વસ્તુઓની ઈચ્છા રાખે છે અને પરમાત્માની રીતે તેને વસ્તુઓ જોઈતી નથી એ મહાન વિઘ્ન છે. જો તે વસ્તુ ચાલી જાય તો માર્ગ ઓછો કઠિન બને અને તેનું અનુસરણ કરવામાં મુશ્કેલી ન પડે.

બાહ્ય સ્વરૂપનો શ્રદ્ધામાં, પરમાત્મા તરફની વફાદારીમાં, ભકિત, પ્રેમ, પૂજા અને સંમાનમાં વિકાસ થઈ શકે છે, જે પોતે જ ઘણી મહાન વસ્તુઓ છે – જોકે હકીકતમાં આ બધી વસ્તુઓ અંદરમાંથી પણ આવી શકે છે – પરંતુ સાક્ષાત્કાર ત્યારે જ બની શકે જયારે આંતર-સ્વરૂપ પોતાની દૃષ્ટિમાં જાગૃત થાય અને તેની સાથે જે વસ્તુઓ દેખાતી નથી તેમની તેને અનુભૂતિ થાય, ત્યાં સુધીમાં તેને પરમાત્માની સહાયના પરિણામોનું જ્ઞાન થાય અને જો તેનામાં શ્રદ્ધા હોય તો તે જાણી શકે કે તે પરમાત્માનું કાર્ય છે; અને તે સમયે જ વ્યકિતને સ્પષ્ટ રીતે દિવ્ય બલની, દિવ્ય હાજરીની અને પરમાત્મા સાથે સીધા વ્યવહારની અનુભૂતિ કરી શકે.

*

નીરવતાનો અર્થ એવો નથી કે અનુભૂતિઓની ગેરહાજરી છે. તે એક આંતર-નીરવતા હોય છે તથા એક તટસ્થતા હોય છે જેમાં બધી જ અનુભૂતિઓ કોઈ પણ પ્રકારની ખલેલ કર્યા વગર બની શકે છે. તમારી અંદર જે છાપો ઉત્પન્ન થાય છે તેમની સાથે ચેડાં કરવા એ મહાન ભૂલ છે. તેઓ મનોમય છે કે ચૈતસિક તેની સાથે કોઈ નિસ્બત નથી. વ્યકિતને કેવળ સાચી ચૈતસિક અનુભૂતિ જ હોવી જોઈએ એવું નથી, પરંતુ આંતર-મનોમય, આંતર-પ્રાણમય અને સૂક્ષ્મ શારીરિક જગતો અથવા ચેતનાની ભૂમિકાઓની પણ અનુભૂતિ હોવી જોઈએ.

અનુભૂતિઓની છાપો એક નિશાની છે કે આ બધી વસ્તુઓ ખુલ્લી થાય છે અને તેમને સ્વીકારવી એટલે ચેતનાની વિશાળતાને તથા અનુભૂતિઓને સ્વીકારવી, જેના સિવાય આ યોગ સાચો યોગ બની શકે નહિ.

*

નીરવતામાં બધી જ અનુભૂતિઓ આવે છે પરંતુ તે ટોળાબંધ અથવા અવ્યવસ્થિત રીતે આવતી નથી. પ્રથમ તો આંતર–નીરવતા અને શાંતિનું સ્થાપન થવું જોઈએ.

*

તમારા છેલ્લા (લાંબા) પત્રમાં જે મુશ્કેલી દર્શાવી છે તે સૂચવે છે કે તમે આંતર–સ્વરૂપમાં પ્રવેશ કરો છો અને ત્યાં તમને અનુભૂતિઓની શરૂઆત થાય છે પરંતુ તેમને વ્યવસ્થિત કરવામાં અથવા એકસૂત્રમાં જોવામાં તમને મુશ્કેલી પડે છે. મુશ્કેલીનું કારણ આંતરમન છે. તે પુરતા પ્રમાણમાં વસ્તુઓની અંદરની બાજુને જોઈ શકતું નથી અને તે પ્રમાણે પુરતા પ્રમાણમાં કાર્ય કરવાની તેને ટેવ પડી નથી અને તેથી સામાન્ય બાહ્ય મન વચ્ચે દખલરૂપ બને છે તથા તેમની ગોઠવણી કરવા પ્રયત્ન કરે છે; પરંતુ બાહ્ય મન વસ્તુઓની આંતરિક વસ્તુ જોવા માટે શક્તિમાન હોતું નથી. જ્યારે બાહ્ય મનને બિલકુલ બાહ્યમાં છોડી દેવામાં આવે, ત્યારે જ અંદર રહેલી વસ્તુઓ સ્પષ્ટ અને સ્વચ્છ રીતે જોઈ શકાય છે. પરંતુ આંતર–મન સક્રિય ન હોવાથી, તેમની એકસૂત્રતા દેખાતી નથી અથવા ચેતના પ્રાણમય ભૂમિકાની જટિલ અનુભૂતિઓમાં અટવાઈ જાય છે અને વધારે ઊંડાણભરી, વધારે સંગઠિત અને જે વસ્તુનું સૂચન કરતી હોય તેનો પાર પામી શકતી નથી. આંતર–ચેતનાનો વિકાસ જરૂરી છે – જ્યારે તે વિકાસ થાય ત્યારે તમને બધું જ સ્વચ્છ અને સંગઠિત દેખાશે, જો તમે વિક્ષુબ્ધ ન થાઓ, તમે અચંચળ રહીને અભીપ્સા રાખ્યા કરો અને માતાજીની શક્તિની જેના માટે જરૂર હોય તે વસ્તુ માટે પુકાર કરો તો આ વિકાસ બની આવશે.

તમારો પુકાર હંમેશાં માતાજીને પહોંચશે જ. જો તમે સ્થિર અને શ્રદ્ધાવાન રહેશો તો સમય જતાં તમે પ્રત્યુત્તર વિષે સભાન બનશો. જેટલા વધારે પ્રમાણમાં મન અચંચળ બને તેટલા વધારે પ્રમાણમાં તે વસ્તુ સ્પષ્ટ બનશે અને તમે માતાજીના કાર્યને અનુભવી શકશો. અમુક અમુક સમયે તમારી અનુભૂતિઓ વિષે તમે લખી શકો છો અને જેના ઉત્તરની જરૂર હશે તે તમને આપીશ.

*

સંપર્કનો અર્થ તે પ્રમાણે જ છે અને તમે લખ્યું તે પ્રમાણે જ તે આવે છે.

તે કાયમ આવતો નથી. તેના વિષે કહેવાનું કે આપણા સ્વરૂપના કેટલાક ભાગો એવા હોય છે જે હજુ પણ અચેતન હોય છે અથવા આપણી અંદર કેટલીક વખત અચેતનાના તબક્કાઓ આવે છે. દા. ત. લોકો એકબીજાને પત્રો લખે છે, પરંતુ તેઓ બિલકુલ અભાન હોય છે કે તે પ્રમાણે કરવામાં તેઓ શકિતઓનો વિનિમય થાય છે. તમે સચેતન બન્યા છો; કારણકે તમારી આંતર-ચેતનામાં યોગદ્વારા વિકાસ થયેલો છે અને તેમ છતાં એવો સમય હોય છે જેમાં તમે કેવળ બાહ્ય સભાનતામાંથી જ લખો છો અને ત્યાર પછી તમે કેવળ શબ્દોને જ જોઈ શકશો અને તેમની પાછળ શું રહેલું છે તેને વિષે તમે સભાન નહિ હો. તેથી આંતર-ચેતનાના વિકાસને લઈને તમે કેવા સંપર્કોમાં છો તેને સમજી શકો છો અને સાચો સંપર્ક પ્રાપ્ત કરી શકો છો. પરંતુ બીજે સમયે બાહ્ય ચેતના આંતર-ચેતના કરતાં વધારે તાકાતવાળી હોય છે અને તેથી પછીથી (તે સમય પૂરતો) તમે સંપર્ક પ્રાપ્ત કરી શકતા નથી.

*

એવું કાંઈ નથી કે તમારી પાસેથી કાંઈ લેવામાં આવ્યું હોય, પરંતુ તમે છેવટે કહો છો તે પ્રમાણે તમારા સ્વરૂપને તમે બે ભાગમાં જુઓ છો. જેમ જેમ સાધના આગળ વધે તેમ તેમ તે પ્રમાણે બને છે અને તે વ્યક્તિને પોતાની જાત વિષે સંપૂર્ણ જ્ઞાન મળે એટલા માટે તે પ્રમાણે બને છે. આ બે ભાગો એક આંતર-સ્વરૂપ અને બીજું બાહ્ય સ્વરૂપ છે. બાહ્ય સ્વરૂપ (મન, પ્રાણ અને શરીર) હવે અચંચળ બનવા લાગ્યા છે અને ધ્યાન દરમિયાન મુકત, પ્રફુલ્લિત અને ખાલી તથા તટસ્થ બને છે અને સાચી ચેતના માટે તે પ્રથમ પગથિયું છે. આંતર-સ્વરૂપ (આંતર-મન, આંતર-પ્રાણ અને આંતર-શારીરિક) ગૂમ થયેલ નથી, પરંતુ અંદર ચાલી ગયેલ છે – બાહ્ય સ્વરૂપને ખબર પડતી નથી કે કયાં – પરંતુ તે કદાચ અંદર ચૈત્ય પુરુષ સાથેના ઐકયમાં ગયેલું હોય છે. જો કોઈ વસ્તુ ચાલી ગઈ હોય તો તે ફકત જૂની પ્રકૃતિ ચાલી ગયેલી છે, જે આ અનુભૂતિમાં દખલરૂપ નથી.

*

• એક આંતર-સ્વરૂપ હોય છે અને એક અંતરતમ સ્વરૂપ હોય છે જેને આપણે ચૈત્ય પુરુષ કહીએ છીએ. જયારે વ્યકિત ધ્યાન કરે છે ત્યારે વ્યકિત આંતર-સ્વરૂપમાં જવા પ્રયત્ન કરે છે. જો વ્યકિત તે પ્રમાણે કરે તો તેને એવી અનુભૂતિ થાય છે કે તે પોતે અંતરમાં ઉતરે છે. જે વસ્તુનો સાક્ષાત્કાર ધ્યાનમાં થાય તે વસ્તુ વ્યકિત સામાન્ય ચેતનામાં રહેલી હોય તેમાં પણ બની શકે છે. તે

વખતે વ્યકિતને એમ લાગે છે કે હવે જે સામાન્ય ચેતના છે તે કોઈ બાહ્ય સપાટી ઉપર રહેલી જ વસ્તુ છે અને નહિકે વ્યકિતનો પોતાનો સાચો આત્મા.

*

તમને જે અત્યારે નવીન જીવન લાગે છે તે તમારી અંદર તમારા આંતર-સ્વરૂપનો વિકાસ છે. આંતર-સ્વરૂપ એ સાચું સ્વરૂપ છે અને તે જેમ જેમ વિકાસ પામે તેમ તેમ સમગ્ર ચેતનામાં ફેરફાર થવાની શરૂઆત થાય છે. આ લાગણી અને માણસોના તરફનું નવીન વલણ એ ફેરફારની નિશાનીઓ છે, આંતર-વસ્તુઓનું દર્શન પણ સામાન્ય રીતે આ આંતર-સ્વરૂપ અને ચેતનાના વિકાસની સાથે આવ્યા કરે છે. સાધકો જ્યારે આ અવસ્થામાં પ્રવેશ કરે ત્યારે તેમની અંદર આ આંતર-દર્શન જાગૃત થાય છે.

આંતર-ચેતનાની એ પણ વિશિષ્ટતા છે કે તે સક્રિય હોય છતાં કાર્યની પાછળ અથવા તેની અંદર એક પૂર્ણ સમતા અથવા શાંતિની અનુભૂતિ થાય છે. જેમ જેમ વ્યકિત વધારે એકાગ્રતા કરે છે તેમ તેમ આ અચંચળતા અને નીરવતા વૃદ્ધિ પામતાં જાય છે. તેથી પોતાની અંદર અસંખ્ય પ્રકારની વસ્તુઓ બનતી હોય છતાં વ્યકિત સ્થિરતા અનુભવે છે.

એ પણ સ્વાભાવિક છે કે જે વસ્તુ આંતર-ચેતનામાં બને છે તે બાહ્ય શારીરિક ચેતનામાં અત્યારે અભિવ્યકત થાય એવું બનતું નથી. શરૂઆતમાં તે બહાર ફેરફાર ઉત્પન્ન કરે છે, પરંતુ બાહ્ય કરણો ઉપર પાછળથી કાબુ પ્રાપ્ત થાય છે.

*

એ ઘણી સારી નિશાની છે કે જ્યારે વિચારો અને બાહ્ય દખલ ત્યાં આવે છે ત્યારે કોઈક એવી વસ્તુ હોય છે જે સ્થિર અને શાંત રહે છે – કારણકે તે, અંદરથી આવતા ચૈતસિક પ્રત્યુત્તરની માફક, એવું દર્શાવે છે કે આંતર-ચેતના સ્થિર થયેલી છે અથવા સ્વરૂપના અમુક ભાગમાં દૃઢ થતી જાય છે. સાધનામાં આ આંતર-પરિવર્તનની અવસ્થા ખૂબ જાણીતી છે. તે જ પ્રમાણે એક સ્વયંભૂ આનંદ જે કોઈ બાહ્ય વસ્તુ ઉપર આધાર રાખતો નથી તે બહાર આવે છે. એ હકીકત છે કે આ આંતર-પ્રફુલ્લિતતા અને સુખનો અનુભવ એવી વસ્તુ છે જે શાંત અને આનંદયુકત એકી સાથે હોય છે – તે બાહ્ય પ્રાણમય ગતિની માફક ઉત્તેજનાભર્યો હોતો નથી જોકે તે વધારે તીવ્ર અને ઉત્કટ હોઈ શકે. બીજું સારું પરિણામ એવું આવે છે કે "આ કામ મારું છે" એવી લાગણી અદશ્ય થતી જાય છે અને સાથે સાથે બાહ્ય ચેતના સાથે કાર્ય કરવાની શકિત પ્રાપ્ત થાય છે; પરંતુ આંતર-સ્વરૂપ તેમાં વ્યસ્ત રહેલું નથી.

ચૈત્ય પુરુષ બહાર આવે ત્યારે એક જાતની મુકિતની લાગણી, જાણેકે કારાગારમાંથી મુકત થતા હોઈએ તેવી થાય છે, અથવા ઊર્ધ્વમાં આત્માનો સાક્ષાત્કાર થાય છે, એટલા માટે જ તેને 'મુકિત' કહેવામાં આવે છે. તે શાંતિ, સુખ અને આત્માની સ્વતંત્રતામાં 'મુકિત' હોય છે, અને તેમાં જે અવિદ્યામય અસ્તિત્વમાં હજારો બંધનો અને ચિંતાઓ હોય છે તેમાંથી મુકિત હોય છે.

તમને જે દર્શન થયું તેમાં તમે માતાજીનું 'મુખદર્શન' કર્યું; પરંતુ તમે કદાચ તેમના અતિશારીરિક સ્વરૂપમાંના એકનું દર્શન કર્યું હોય; તેમના શારીરિક સ્વરૂપનું મુખદર્શન નહિ – જે મહાન પ્રકાશ તે સ્વરૂપમાંથી આવતો હતો અને તે તમને દેખાય નહિ એટલું જાજવલ્યમાન હતું તે આ વસ્તુનું સૂચન કરે છે.

*

વિચારોની ગેરહાજરી એ બિલકુલ સાચી વસ્તુ છે; કારણકે સાચી આંતર–ચેતના એક નીરવ ચેતના હોય છે જેને વસ્તુઓ માટે વિચાર કરવાનો નથી હોતો, પરંતુ ભીતરમાંથી જ નૈસર્ગિક રીતે તેને સાચું દર્શન, સમજ અને જ્ઞાન હોય છે અને તે પ્રમાણે જ તે બોલે છે અને કાર્ય કરે છે. બાહ્ય ચેતનાને બહારની વસ્તુઓ ઉપર આધાર રાખવો પડે છે અને તેમને વિષે વિચાર કરવાનો હોય છે; કારણકે તેનામાં આ નૈસર્ગિક માર્ગદર્શન હોતું નથી. જયારે વ્યકિતમાં આ આંતર–ચેતનાનું સ્થાપન થાય છે ત્યારે તે વ્યકિત પોતાના સંકલ્પના પ્રયત્નથી જૂના કાર્યમાં અલબત્ત પાછી જઈ શકે છે, પરંતુ પછીથી તે સ્વાભાવિક ગતિ રહેલી નથી અને જો લાંબો સમય રહે તો થાક લગાડે તેવો તેનો પ્રયત્ન હોય છે, સ્વપ્નો વિષેની બાબત જુદી છે. ભૂતકાળમાં પસાર થઈ ગયેલી જૂની વસ્તુઓ અવચેતનમાંથી ઉપર ઊઠે છે, જે જૂની છાપોને સંઘરી રાખે છે અને જૂની ગતિઓના અને ટેવોના બીજો તે વસ્તુઓને જાગૃત ચેતનામાંથી છોડી દીધા હોય પછીથી પણ બાકી રહે છે. જાગૃત ચેતનાએ તેમનો ત્યાગ કર્યો હોવાથી તેઓ સ્વપ્નમાં આવે છે; કારણકે નિદ્રા દરમિયાન બાહ્ય શારીરિક ચેતના અવચેતનમાં ચાલી જાય છે અથવા તેના તરફ જાય છે અને ઘણાં સ્વપ્નો ત્યાંથી આવે છે.

એવી નીરવતા જેમાં બધું સ્થિર હોય અને વ્યકિત પોતે સાક્ષીભૂત રહે ત્યારે ચેતનામાં રહેલી કોઈ વસ્તુ ઊર્ધ્વમાં રહેલી કોઈ વસ્તુનું નીચે અવતરણ કરાવે છે, તે નીરવતાપૂર્ણ હોય છે. અને જયારે ઊર્ધ્વતર ચેતનાની મન, પ્રાણ અને શરીર ઉપર પૂર્ણ શકિત આવે છે ત્યારે પણ પૂર્ણ નીરવતા હોય છે.

બાહ્ય વસ્તુઓ જેટલી સ્પષ્ટ રીતે દેખાય છે તેટલી જ સ્પષ્ટ રીતે અંતરમાં પણ સ્પષ્ટ રીતે જ દેખાય છે અને પછી તે સૂક્ષ્મ દર્શનમાં પ્રતીકરૂપે અથવા

સારભૂત તત્ત્વ તરીકે દેખાતું હોય છે. તે વધારે સૂક્ષ્મ અને શકિતશાળી જોવાની રીત છે; પરંતુ આ બધી વસ્તુઓ પૂર્ણ શકિત અને તીવ્રતાથી જોઈ શકે તેના માટે તેમનો વિકાસ કરવો જોઈએ.

*

૨

• સાધનામાં એવી અવસ્થા આવે છે જેમાં આંતર–સ્વરૂપ જાગૃત થવાની શરૂઆત થાય છે. ઘણી વખત શરૂઆતના પરિણામરૂપે નીચેના તત્ત્વોની બનેલી પરિસ્થિતિ ઉત્પન્ન થાય છે.

(૧) એક પ્રકારનું સાક્ષીરૂપ વલણ, જેમાં આંતર-ચેતના જે કાંઈ વસ્તુ બને તેને એક પ્રેક્ષક અથવા નિરીક્ષક તરીકે જુએ છે, વસ્તુઓનું નિરીક્ષણ કરે છે, પરંતુ તેમાં કોઈ સક્રિય રસ અથવા આનંદ લેતી નથી.

(૨) એક તટસ્થ સમતા, જેમાં નથી હોતો આનંદ કે દુ:ખ પણ કેવળ અચંચળતા હોય છે.

(૩) જે કાંઈ બને છે તેને વિષે તે પોતે અલગ હોય એવી લાગણી થાય છે. તે પરિસ્થિતિમાં માણસ વસ્તુઓનું નિરીક્ષણ કરે છે પરંતુ તેમાં કોઈ ભાગ તે લેતો નથી.

(૪) વસ્તુઓ, માણસો અથવા બનાવો પ્રત્યે આસકિતનો અભાવ.

એવું લાગે છે કે જાણે તમારી અંદર આ અવસ્થા આવવા માટે પ્રયત્ન કરે છે; પરંતુ તે હજુ અપૂર્ણ છે. દા. ત. આવી સ્થિતિમાં : (૧) લોકો જયારે વાતચીત કરે ત્યારે તે માટે ઘૃણા, અધીરાઈ અથવા ગુસ્સો ન હોવાં જોઈએ, પરંતુ એક તટસ્થતા અને આંતર–શાંતિ તથા નીરવતા હોય છે. તે ઉપરાંત (૨) કેવળ એક તટસ્થ અચંચળતા અને બિનપક્ષપાતીપણું જ ન હોવાં જોઈએ, પરંતુ સ્થિરતા, અનાસકિત અને શાંતિની વિધાનાત્મક ભાવના હોવી જોઈએ. તે ઉપરાંત (૩) શરીરમાંથી બહાર ન નીકળી જવું જોઈએ, જેથી કરીને જે વસ્તુ બને છે અથવા તમારે શું કરવાનું છે તેની તમને ખબર પડે. શરીર ન હોય એવી લાગણી હોઈ શકે, પરંતુ એક બીજી જ વસ્તુ હોય છે–તે સારી વસ્તુ છે; પરંતુ તે સર્વ વસ્તુઓની

સાથે એક પૂર્ણ સભાનતા હોવી જોઈએ કે તમારી અંદર અથવા તમારી આસપાસ કઈ વસ્તુ ચાલી રહી છે તે તમે જોઈ શકો.

તે ઉપરાંત આ અવસ્થા પૂર્ણ હોય છતાં પણ એક વચગાળાની સ્થિતિ છે–તેનો હેતુ એક સ્વતંત્રતા અને મુકિતની સ્થિતિ લાવવાનો છે. પરંતુ તે શાંતિની અંદર એક દિવ્ય હાજરીની લાગણી થવી જોઈએ, માતાજીની શકિત તમારી ઉપર કાર્ય કરતી હોય એવી લાગણી તથા આનંદ હોવા જોઈએ.

જો તમે હૃદયમાં તેમ જ મસ્તકમાં બન્ને જગાએ એકાગ્રતા કરી શકતા હો તો આ વસ્તુઓ વધારે સહેલાઈથી આવી શકે છે.

*

તમારા સ્વરૂપમાં તમને જે વિભાજનની અનુભૂતિ થાય છે અને સાથે સાથે આંતરિક શૂન્યતા અને તટસ્થતા, 'ઉદાસીન'તા લાગે છે – દુ:ખપૂર્ણ નહિ, પરંતુ તટસ્થ અને અલિપ્તપણાની લાગણી એ એવી અનુભૂતિ છે જેમાંથી ઘણા માણસો પસાર થાય છે અને સંન્યાસીઓ તેની ઘણી કિંમત આંકે છે. આપણા માટે તે ફક્ત એક માર્ગ છે જે વધારે વિશાળ અને વધારે વિધાનાત્મક વસ્તુ પ્રત્યે લઈ જાય છે. તેમાં ક્ષુદ્ર જૂની માનવ–લાગણીઓ ખરી પડે છે અને એક પ્રકારની સ્થિર તટસ્થતા, શૂન્યતા આવે છે જેથી કરીને એક ઊર્ધ્વતર પ્રકૃતિનો આવિર્ભાવ થાય. તેની ખાલી પડેલી જગા વધારે વિશાળ શાંતિ અને મુકિતથી ભરવી જોઈએ જેમાં માતાજીની ચેતના ઊર્ધ્વમાંથી નીચે વહી આવે.

*

એવી અવસ્થા જેમાં બધી જ ગતિઓ સપાટી ઉપરની અને શૂન્ય બને અને તમને આત્મા સાથે કોઈ સંબંધ ન હોય ત્યારે સપાટી ઉપરની ચેતના ત્યાંથી પાછી ખેંચાઈને આંતર–ચેતનામાં ચાલી જાય છે. જયારે વ્યકિત આંતર–ચેતનામાં જાય છે ત્યારે તેની અનુભૂતિ એક સ્થિર, શુદ્ધ અસ્તિત્વયુકત, કોઈ પણ ગતિ-વિહીન હોય એવી થાય છે અને તે બાહ્ય ચેતનાથી અલગ હોય એવો અનુભવ થાય છે. વ્યકિત બધી ગતિઓમાંથી અનાસકત બને છે તેના પરિણામે આ વસ્તુ બને છે અને તેમાં આંતર–ચેતના ફકત પાછળ ઊભી હોય છે તેવી સાધનાની ગતિ ઘણી અગત્યની હોય છે. તેનું શરૂઆતનું પરિણામ એક અચંચળતા હોય છે પરંતુ પછીથી તે અચંચળતા (બંધ પડયા વગર પણ) ચૈતસિક અને અન્ય આંતર–ગતિ-ઓથી ભરાવાની શરૂઆત થાય છે. તે બાહ્ય જીવન અને બાહ્ય પ્રકૃતિની પાછળ રહેલી એક સાચી આંતર અને આધ્યાત્મિક જીવનની શરૂઆત કરે છે. ત્યાર પછી બાહ્ય જીવન અને બાહ્ય પ્રકૃતિમાં ફેરફાર કરવાનું અને તેમના ઉપર શાસન કરવાનું સહેલું પડે છે.

અત્યારે તમારી ચેતનામાં પરિવર્તનો આવ્યા કરે છે; કારણકે આ આંતર–અવસ્થા હજુ સુધી પૂરેપૂરી વિકાસ પામેલી કે પ્રતિષ્ઠિત થયેલી નથી. જયારે તે-પ્રમાણે બનશે ત્યારે પણ બાહ્ય ચેતનામાં પરિવર્તનો આવશે, પરંતુ એક આંતર–સ્થિરતા, બલ તથા પ્રેમ વગેરે સતત ટકી રહેતાં થશે અને ઉપરછલ્લા પરિવર્તનના આંતર-સ્વરૂપદ્વારા નિરીક્ષણ થશે અને તે બિલકુલ ડગી જશે કે મુશ્કેલી અનુભવશે નહિ અને છેવટે તે બધી વસ્તુઓનું પૂર્ણ બાહ્ય રૂપાંતર થશે.

• ક્ષ માટે કહેવાનું કે તેણે તે વસ્તુને પસાર થઈ જવા દેવી એ ઉત્તમ છે અને તેણે અંદરથી સ્થિર અને અનાસકત રહેવું. વ્યકિત બધા જ સંપર્કમાંથી પોતાની જાતને અલગ કરી શકતી નથી. વ્યકિતને માણસો સાથે જે સામાજિક ટેવોના પ્રત્યાઘાતો હોય છે તેમનાથી તેણે વધારે અને વધારે ઊંચે ઊઠવું જોઈએ.

*

તમારા કાર્યોમાં રહેલી અવસ્થાનું જે તમે વર્ણન કર્યું તેનો અર્થ કે આંતર–સ્વરૂપ જાગૃત થયું છે અને અત્યારે દ્વિવિધ પ્રકારની ચેતના છે. એ આંતર–સ્વરૂપ છે જેને આંતર–પ્રફુલ્લિતતા, સ્થિરતા અને અચંચળતા તથા નીરવતા તથા કોઈ પ્રકારની વિચાર–તરંગોમાંથી મુકિત લાગે છે. નામનો જપ કરવાથી આંતર–નીરવતા આવે છે. મંત્રનું સ્વાભાવિક રીતે જ રટણ થાય છે તે એક ઘટનાનો ભાગ છે. 'મન્ત્રમાં' તે વસ્તુ બનવી જ જોઈએ અને ચેતનાના પોતાના મસાલામાં જ તેનું સચેતન અને નૈસર્ગિક પુનરાવર્તન થવું જોઈએ અને તેમાં મનનો કોઈ પણ પ્રયત્ન ન હોવો જોઈએ. આ બધી મનની શંકાઓ તથા તેના પ્રશ્નો નિરુપયોગી છે. જે વસ્તુ બનવી જોઈએ તેમાં આ આંતર–ચેતના કાયમ રહેવી જોઈએ અને તેમાં કોઈ વિક્ષોભ તમારી સતત શાંતિ અને આંતર–આનંદને અસર પહોંચાડવો ન જોઈએ. જયારે બાહ્ય ચેતના કાર્ય કરવાની રીતમાં જે જરૂરી હોય છે તે કાર્ય કરે છે અથવા વધારે સારી રીતે કરે છે, તેની મારફતે જ કાર્ય થવું જોઈએ. આ બીજી અનુ–ભૂતિએ તમને એક સતત બલ આપ્યા કર્યું અને તમને કાર્યમાં થાક લગાડયા સિવાય આગળ કામ કરાવ્યું.

જો તમને વધારે અચંચળતા લાગે અને વધારે ઉત્કટ લાગણીઓનું સમર્પણ કરો તો તે સારી સ્થિતિ છે, ખરાબ નહિ–અને જો તેને લઈને તમારું મન વધારે શૂન્ય બનાવે અને તેમાં પ્રકાશ ગ્રહણ કરી શકાય તો વધારે સારું, અનુભૂતિઓ અને અવતરણો સારી તૈયારી છે, પરંતુ ચેતનામાં પરિવર્તન એ ખાસ જરૂરી વસ્તુ છે–તે સાબિતી છે કે અનુભૂતિઓ અને અવતરણોએ અસર કરેલી છે. શાંતિના અવતરણો સારી વસ્તુ છે પરંતુ વૃદ્ધિ પામતી મનની સ્થિર અચંચળતા અને નીર-

વતા એ કોઈક ભારે કિંમતી વસ્તુ છે. તે જયારે આવે છે ત્યાર પછી બીજી વસ્તુઓ આવી શકે છે–ઘણે ભાગે એક વસ્તુ એક સમયે, પ્રકાશ અથવા સામર્થ્ય અને બલ અથવા જ્ઞાન અથવા આનંદ. કાયમ માટે એક જ પ્રકારની તૈયારીરૂપ અનુભૂતિઓની જરૂર નથી–એક એવો સમય આવે છે જયારે ચેતના એક નવીન સ્થિરતા અને અન્ય પ્રકારની અવસ્થા ધારણ કરવાની શરૂઆત કરે છે.

*

તમારી મનોમય અને પ્રાણમય સક્રિયતાઓ અને સંબંધોને લઈને તે બને છે. વ્યકિતએ મનોમય અને પ્રાણમય સક્રિયતાને અચંચળ બનાવવા માટે શકિત પ્રાપ્ત કરવી જોઈએ, ભલે પછી તે બધો જ સમય તે પ્રમાણે ન બને પરંતુ જયારે માણસ સંકલ્પ કરે ત્યારે તે પ્રમાણે બની શકવું જોઈએ – કારણકે મન અને પ્રાણ ચૈત્ય પુરુષને તેમ જ આત્માને ઢાંકી દે છે અને તે બેમાંથી કોઈ પણ એક વસ્તુ પ્રત્યે પહોંચવું હોય ત્યારે તે પરદામાંથી બહાર નીકળવું જોઈએ; પરંતુ જો તેઓ કાયમ સક્રિય રહે અને તમે તેની સક્રિયતાની સાથે તદ્રૂપ બન્યા કરો, તો પરદો ત્યાં કાયમ રહેવાનો જ. તે પ્રક્રિયાઓથી અલગ પડવું પણ શકય છે અને તે ક્રિયાઓને એવી રીતે જોવી જાણે કે તમારી પોતાની ન હોય પરંતુ પ્રકૃતિની યાંત્રિક ક્રિયાઓ હોય, જેમને તમે અનાસકત સાક્ષીની માફક જુઓ છો. ત્યાર પછી વ્યકિત પોતાના આંતર–સ્વરૂપ વિષે સભાન બને છે જે અલગ, સ્થિર અને પ્રકૃતિમાં સામેલ થયેલું હોતું નથી. આ કદાચ આંતર ‘ મનોમય ’ અથવા ‘ પ્રાણમય ’ પુરુષની ચેતના પ્રાપ્ત કરવી એ કાયમ ચૈત્ય પુરુષને ખુલ્લો કરવા તરફનું એક પગલું છે.

હા, વાણી ઉપર પૂરેપૂરો કાબુ પ્રાપ્ત કરવો એ વધારે સારું – એ ભીતરમાં જવા માટેનું અને સાચી આંતર અને યૌગિક ચેતનાની વૃદ્ધિ કરવા માટેનું અગત્યનું પગથિયું છે.

*

આંતર–સ્વરૂપ, આંતર–મનોમય, આંતર–પ્રાણમય અને આંતર–શારીરિકનું બનેલું છે. ચૈત્ય પુરુષ અંતરતમ ભાગમાં રહેલો છે અને બીજા બધા સ્વરૂપોને આધાર આપી રહેલો હોય છે. ઘણે ભાગે તો આંતર–મનોમયમાં આ અલગતા પ્રથમ આવે છે અને આંતર–મનોમય પુરુષ નીરવ રહે છે અને પ્રકૃતિનું નિરીક્ષણ કરે છે, જાણેકે પોતે તેનાથી અલગ હોય. પરંતુ આંતર–પ્રાણમય પુરુષ અથવા આંતર–શારીરિક પુરુષ અથવા કોઈ પણ સ્થાન વગરની સમગ્ર પુરુષની ચેતના પ્રકૃતિમાંથી અલગ હોય છે. કેટલીક વખત મસ્તકની ઉપરના ભાગમાં અનુભૂતિ

થાય છે, પરંતુ તે સમયે તેને આત્મા કહેવામાં આવે છે અને જે સાક્ષાત્કાર થાય છે તે નીરવ બ્રહ્મનો સાક્ષાત્કાર હોય છે.

*

• તમે જે ચેતના વિષે વાત કરો છો તેને ગીતામાં 'સાક્ષીપુરુષ' કહે છે. પુરુષ અથવા મૂળભૂત ચેતના સાચું સ્વરૂપ છે અથવા ઓછામાં ઓછું જે કોઈ ભૂમિકામાં તેનો આવિર્ભાવ થાય તે સાચા સ્વરૂપનું પ્રતિનિધિત્વ ધરાવે છે. પરંતુ માનવની સામાન્ય ચેતનામાં તે અહંકારથી તથા પ્રકૃતિની અવિદ્યામય લીલાથી ઢંકાયેલું હોય છે અને બુરખા પાછળ અદૃશ્ય હોય એમ છુપાયેલું હોય છે. અને અવિદ્યાની લીલાને ટેકો આપે છે. જ્યારે તે બહાર આવે છે ત્યારે તમને તેની પાછળ એવી ચેતનાનો અનુભવ થાય જે સ્થિર કેન્દ્રસ્થ તથા જે લીલાનો તેના ઉપર આધાર છે તેની સાથે તે તદ્રૂપ ન હોય. તે કદાચ ઢંકાયેલી હોય, પરંતુ તેની હાજરી ત્યાં હંમેશાં હોય છે જ. પુરુષનું બહાર આવવું એ મુક્તિની શરૂઆત છે. પરંતુ ધીરે ધીરે તે સ્વામી પણ બની શકે છે – ધીરે ધીરે એટલા માટે કે અહંકારની સમગ્ર ટેવ અને નિમ્ન બલોની લીલા તેની વિરુદ્ધ કાર્ય કરતી રહે છે. તેમ છતાં તે ઊર્ધ્વતર લીલા છે. તે નિમ્નતર ગતિઓ ઉપર શાસન કરી શકે છે અને પછી તેની જગાએ તે ઊર્ધ્વતર ચેતનાની પુન:સ્થાપના કરે છે. તે ઊર્ધ્વતર વસ્તુ આવતી જાય છે, નિમ્નતર ટકી રહેવા માટે પ્રયત્ન કરતી હોય છે અને ઊર્ધ્વતર ગતિને ફેંકી દેવા પ્રયત્ન કરતી હોય છે. તમે કહો છો તે સાચું છે કે પરમાત્માને સમર્પણ કરવાથી સમગ્ર માર્ગ ટૂંકો થતો જાય છે અને વધારે પ્રભાવશાળી બને છે, પરંતુ ભૂતકાળમાં પડેલી ટેવોને કારણે તે સંપૂર્ણ રીતે ઝડપથી બનતું નથી અને બન્ને પદ્ધતિઓ જ્યાં સુધી સંપૂર્ણ ન બને ત્યાં સુધી એક સાથે ચાલુ રહે છે.

*

• પુરુષ પોતે અવૈયક્તિક છે, પરંતુ પ્રકૃતિની ગતિઓની સાથે મળી જવાથી તે પોતાને માટે એક સપાટી ઉપરના અહંકારનું અને વ્યક્તિત્વનું સર્જન કરે છે. જ્યારે તે પોતાની અલગ પ્રકૃતિમાં દેખાય છે ત્યારે તે અલગ અને નિરીક્ષક તરીકે દેખાય છે.

*

• સાક્ષીરૂપ સ્વરૂપ હંમેશાં એક બિંદુ માફક રહેતું નથી. બીજા બધાને આધાર આપતું તે વિસ્તાર પામેલું રહે છે.

*

• અંદર રહેલી સાક્ષીરૂપ ચેતનાનું વલણ – હું માનતો નથી કે બાહ્ય રીતે અચૂક અલગ જ રહે છે, જોકે વ્યકિત તે પ્રમાણે કરી શકે છે – એ પ્રગતિમાં ઘણી અગત્યની અવસ્થા છે. તે નિમ્ન પ્રકૃતિમાંથી 'મુકિત' માટે મદદરૂપ છે – અને તે સામાન્ય પ્રકૃતિની ગતિઓમાં ભળી જતી નથી; એક પૂર્ણ સ્થિરતા તેમ જ આંતર–શાંતિનું સ્થાપન કરવામાં તે મદદ કરે છે, કારણકે ત્યાર પછી સ્વરૂપનો એક ભાગ જે તટસ્થ રહે છે અને સપાટી ઉપર કોઈ પણ વિક્ષોભ કે અસ્વસ્થતા સિવાય જુએ છે; તે ઉપરાંત ઊર્ધ્વતર ચેતનામાં આરોહણ કરવામાં તથા ઊર્ધ્વ ચેતનામાં અવતરણ કરવામાં તે મદદ કરે છે; કારણકે આ સ્થિર અનાસકત અને મુકત આંતર–સ્વરૂપ મારફતે જ આરોહણ અને અવતરણ સહેલાઈથી બની શકે છે. તે ઉપરાંત બીજાઓમાં પણ પ્રકૃતિની ગતિઓનું નિરીક્ષણ સાક્ષીરૂપે કરવા માટે તથા જોવા અને સમજવા માટે પરંતુ તેમનાથી બિલકુલ અકળાયા સિવાય જોવામાં મદદરૂપ બને છે અને મુકિત અને સ્વરૂપની વિશ્વમયતામાં મદદરૂપ બને છે. એટલા માટે સાધકમાં આ ગતિ માટે મારે માટે કોઈ વિરોધ કરવો શકય નથી.

• સમર્પણ માટે કહેવાનું કે તે સાક્ષીરૂપ વલણની સાથે અસંગત નથી. તેનાથી ઊલટું સામાન્ય પ્રકૃતિમાંથી મુકત થવાથી, ઊર્ધ્વતર શકિત અથવા પરમાત્માની શકિતને સમર્પણ કરવું વધારે સહેલું પડે છે, ઘણી વખત જયારે આ સાક્ષીભૂત વલણને લેવામાં નથી આવતું પરંતુ વ્યકિત સફળ રીતે બલને પોતાની અંદર કાર્ય કરવા માટે પુકાર કરે છે ત્યારે બલ જે એક પ્રથમ ખાસ વસ્તુ કરે છે તેમાં સાક્ષીરૂપ વલણ પ્રસ્થાપિત કરે છે, જેથી કરીને નિમ્ન પ્રકૃતિની ગતિઓમાંથી ઓછામાં ઓછી દખલ અથવા મિશ્રણ થાય.

હવે રહ્યો પ્રશ્ન બીજા માણસો સાથેના સંપર્કને અલગ કરવાનો અને તેમાં થોડી મુશ્કેલી અને અનિશ્ચિતતા રહેલી છે. તમારી પ્રકૃતિનો અમુક ભાગ બીજાઓ સાથેના સંપર્ક સાધવા તરફ વળેલો છે; તમે બીજાઓની ઉપર કાર્ય કરો છો અને વ્યવહાર કરો છો અને તે તમારે માટે જરૂરી છે. આ વસ્તુ કેટલીક દોલાયમાન પરિસ્થિતિ ઉત્પન્ન કરે છે – એક એકલતા તરફનું વલણ અને બીજું માણસો સાથેના સંપર્ક અને કાર્ય તરફ ઢળેલું વલણ. આ પ્રકારની જ દ્વિવિધ પરિવર્તનની ગતિ બીજાઓમાં પણ હોય છે, જેવીકે અહીં રહેલા 'ક્ષ' માં છે તે પ્રમાણે. આવા પ્રસંગોમાં હું કોઈ પણ પ્રકારના વલણ માટે દબાણ કરતો નથી, પરંતુ ચેતનાને પોતાને પોતાની સ્થિરતાનું સ્થાપન કરવાનું શોધી લેવાનું છે; કારણકે એકાંત ઉપર વધારે પડતો ભાર મૂકવાથી મેં જોયું છે કે જયારે પ્રકૃતિ મુખ્યત્વે **ચિંતક** હોતી નથી ત્યારે તે આ બાબતમાં સફળ થતી નથી – સિવાય કે સાધક પોતે જ તે

પ્રમાણેનો એક સમર્થ અને નિશ્ચિત સંકલ્પ કરે. તમને જે વસ્તુ લાગી તે આ કારણે હોઈ શકે. પરંતુ સાક્ષીરૂપ ચેતના અને સમર્પણ વચ્ચે પ્રશ્ન ઉપસ્થિત થતો જ નથી; કારણકે મેં સમજાવ્યું તે પ્રમાણે – એક વસ્તુ બીજી વસ્તુને સારી રીતે મદદરૂપ થઈ શકે છે અથવા દોરી શકે છે; કારણકે આપણો યોગ આ બન્ને વસ્તુઓનો સમન્વય સાધે છે અને તે બન્ને વસ્તુને હંમેશાં અલગ રાખતી નથી.

*

*નીરવતા પ્રથમ તો આંતર–સ્વરૂપમાં અવતરણ કરે છે – અને જે રીતે બીજી વસ્તુઓ ઊર્ધ્વમાંથી ઉતરે તે રીતે આવે છે. વ્યકિત આ આંતર–સ્વરૂપ વિષે સભાન બને ત્યારે તે સ્થિર, નીરવ અને પ્રકૃતિની ક્રિયાઓદ્વારા અસ્પર્શ્ય રહે છે, તે પ્રકાશથી સભર રહે છે અને વધારે કે ઓછા પ્રમાણમાં પોતાના સ્વરૂપ વિષે પણ સજ્ઞાન બને છે, જે સપાટી ઉપરની નાની વ્યકિતતા હોય છે. આ વ્યકિતતા પ્રકૃતિની ગતિઓની બનેલી હોય છે, અથવા તેની ગુલામ હોય છે, અને તેમના ઉપરના હુમલા પ્રત્યે ખુલ્લી હોય છે. આ એવી સ્થિતિ હોય છે જેને ઘણા સાધકોએ અને યોગીઓએ પણ અનુભવી હોય છે – આંતર–સ્વરૂપ એટલે ચૈત્ય પુરુષ, આંતર-મન, આંતર–પ્રાણ અને આંતર–શારીરિક. આવી પરિસ્થિતિમાં આમાંની કોઈ પણ વસ્તુનો સ્પર્શ પણ થતો નથી અને તેથી એક મૂળભૂત વિશુદ્ધીકરણ થાય છે. બધા જ માણસોને આવી ચેતનાના બે વિભાજનની જરૂરીયાત રહેલી નથી, પરંતુ ઘણા ખરાને રહે છે. જયારે તે ત્યાં હોય છે ત્યારે જે સંકલ્પ કાર્ય કરવાનો નિશ્ચય કરે છે તે આંતર–સ્વરૂપ હોય છે અને નહિ કે બાહ્ય વ્યકિતત્વ – જેથી કરીને બાહ્ય સ્વરૂપ ઉપર પ્રાણમય ગતિઓનો હુમલો કોઈ પણ રીતે કાર્ય કરવાની ફરજ પાડી શકતો નથી. તેનાથી ઊલટું તે અવસ્થા રૂપાંતર માટેની અવસ્થા માટે ઘણી અનુકૂળ હોય છે; કારણકે આંતર-સ્વરૂપ, ઊર્ધ્વતર ચેતનાનું સમગ્ર બલ તેના ઉપર લાવી શકે છે જેથી કરીને પ્રકૃતિમાં પૂરેપૂરું રૂપાંતર થઈ શકે અને તેનાથી તેને કોઈ પણ અસર થાય નહિ અને પ્રકૃતિના કાર્યનું નિરીક્ષણ થયા કરે, જેથી જેટલી જરૂરીયાત હોય તેટલા પ્રમાણમાં તેના ઉપર બલને મૂકી શકાય અને જેવી રીતે માણસ યંત્ર ઉપર બરાબર કાર્ય કરી શકે તે પ્રમાણે સમગ્ર સ્વરૂપ ઉપર કાર્ય થઈ શકે છે – એટલે કે જો વ્યકિતને પોતાને રૂપાંતર કરવું હોય તો કરી શકે, કારણકે ઘણા વેદાંતિઓ તેને જરૂરી ગણતા નથી – તેઓ કહે છે કે આંતર-સ્વરૂપ ' મુક્ત ' છે જ્યારે બીજી બધી બાકીની વસ્તુઓ કેવળ પ્રકૃતિની પ્રેરણાથી થતી યાંત્રિક ગતિઓની સતત ચાલતી માણસની અંદર રહેલી

પ્રક્રિયાઓ છે, અને શરીરના પતનની સાથે તેઓ પણ ખરી પડશે, જેથી કરીને વ્યકિત ' નિર્વાણ 'ની અંદર ચાલી જઈ શકે.

*

તે પ્રાચીન વેદાન્તનો વિચાર છે–અંદરમાં મુકત થઈને તટસ્થ બનવું અને પ્રકૃતિને પોતાની જાત ઉપર છોડી દેવી. તમે મૃત્યુ પામો ત્યારે પુરુષ પોતાના જાત પ્રદેશમાં જશે અને પ્રકૃતિનું પતન થશે – કદાચ નર્કમાં. આવો સિદ્ધાંત આત્મ-વંચના અને જીદપૂર્વકની આત્મરતિનું મૂળ છે.

*

તમે અલબત્ત સાક્ષી પુરુષની ચેતનાનો ઊર્ધ્વમાં વિકાસ સાધી શકો છો, પરંતુ જો તે ફકત સાક્ષી હોય અને નિમ્ન પ્રકૃતિને પોતાની રીતે રહેવા દેવામાં આવે તો આવી પરિસ્થિતિઓને કાયમ બંધ કરવા માટેનું કોઈ કારણ રહેતું નથી. ઘણા માણસો આ પ્રકારનું વલણ ધારણ કરે છે કે પુરુષે અલગ ઊભા રહીને પોતાની જાતને મુકત કરવી જોઈએ, અને પ્રકૃતિને પોતાનો વ્યવહાર જીવનના અંત સુધી કરવા દેવી જોઈએ–તે ' પ્રારબ્ધ–કર્મ ' છે; જ્યારે શરીરનું પતન થાય ત્યારે પ્રકૃતિ પણ નાશ પામે છે અને પુરુષ નિરાકાર બ્રહ્મમાં ચાલ્યો જશે! આ એક સગવડભર્યો સિદ્ધાંત છે, પરંતુ તેમાં સત્યની શંકા રહે છે; હું ધારતો નથી કે મુકિત એટલી બધી સરળ અને સહેલી હોય. ગમે તેમ, પરંતુ આપણા યોગનું ધ્યેય જે રૂપાંતર છે તે બની શકે નહિ.

ઊર્ધ્વમાં રહેલો પુરુષ એ કેવળ સાક્ષીમાત્ર નથી. તે મંજૂરી આપનાર (અથવા લઈ લેનાર) અથવા અનુમંતા અને અટકાવનાર પણ છે; જો પ્રકૃતિની ગતિને મંજૂરી આપવાનો ઈનકાર કરે અને પોતાની જાતને અલગ રાખે, તો ભૂત-કાળની ગતિને લઈને થોડો સમય સુધી ચાલ્યા કરતો હોવા છતાં પણ સામાન્ય રીતે પોતાનો કાબુ ગુમાવે છે અને છેવટે અદૃશ્ય થઈ જાય છે. જો તમે પુરુષને ચેતના તરીકે માનો, તો તે ફક્ત સાક્ષી જ ન હોવો જોઈએ પરંતુ અનુમંતા પણ હોવો જોઈએ અને વિક્ષુબ્ધ કરનાર ગતિઓનો ઈનકાર કરનાર હોવો જોઈએ અને કેવળ શાંતિ, સ્થિરતા, વિક્ષુબ્ધતા અને દિવ્ય પ્રકૃતિનો કોઈ પણ અંશ હોય તેને સંમતિ આપનાર પણ હોવો જોઈએ. આ સંમતિનો ઈનકાર એટલે નિમ્ન પ્રકૃતિ સાથે સંઘર્ષ નહિ; એ એક અચંચળ, ખંતપૂર્વકનો અને અનાસકત ઈનકાર હોવો જોઈએ અને દિવ્ય પ્રકૃતિની વિરુદ્ધ રહેલી કોઈ પણ વસ્તુને ટેકો કે સંમતિ વગરની અર્થહીન અથવા ન્યાયી દેરવનાર ન હોવો જોઈએ.

*

જ્યારે વ્યક્તિ અવૈયક્તિક આત્માનું અનુકરણ કરે છે ત્યારે તે બે વિરોધી સિદ્ધાંતો વચ્ચે ગતિ કરે છે—અવૈયક્તિક અક્રિય આત્માની નીરવતા અને વિશુદ્ધિ તથા અવિદ્યામય પ્રકૃતિની સક્રિયતા. વ્યક્તિ આત્મામાં ચાલી જઈ શકે છે અને અવિદ્યામય પ્રકૃતિને છોડી દે છે અથવા તેને નીરવ બનાવે છે અથવા તો વ્યક્તિ આત્માની શાંતિ અથવા મુક્તિમાં રહી શકે છે અને પ્રકૃતિઓની ગતિઓનું સાક્ષી તરીકે નિરીક્ષણ કરી શકે છે. વ્યક્તિ પ્રકૃતિના કાર્ય ઉપર તપસ્યા વડે એક સાત્વિક કાબુ પણ રાખી શકે છે પરંતુ અવૈયક્તિક આત્મતત્ત્વમાં પ્રકૃતિમાં રૂપાંતર કરવાની અથવા તેનું દિવ્યીકરણ કરવાની શક્તિ હોતી નથી. તેના માટે વ્યક્તિએ અવૈયક્તિક આત્મતત્ત્વની પેલે પાર જવું પડે છે અને પરમાત્માની શોધ કરવી પડે છે જે બન્ને વૈયક્તિક અને અવૈયક્તિક અને તે બન્ને પાસાંઓથી પણ પર રહેલો છે અને તેમ છતાં જો તમે અવૈયક્તિક આત્મામાં જીવન ધારણ કરવાનું ચાલું રાખો અને અમુક આધ્યાત્મિક અવૈયક્તિકતા પ્રાપ્ત કરી શકો તો તમે સમતામાં, વિશુદ્ધિમાં, શાંતિમાં, અનાસક્તિમાં વિકાસ સાધી શકો. તમે એક આંતર–મુક્તિમાં રહેવાની શક્તિ પ્રાપ્ત કરો છો અને તમને સપાટી ઉપરની ગતિઓ અથવા મનોમય, પ્રાણ-મય અને શારીરિક પ્રકૃતિનો સંઘર્ષ સ્પર્શ કરશે નહિ અને આ વસ્તુ મહાન મદદ-રૂપ બને છે. જ્યારે તમારે અવૈયક્તિકતાથી પર જવાનું હોય છે અને વિક્ષુબ્ધ થયેલી પ્રકૃતિમાં પરિવર્તન કરવાનું હોય છે અને તેનું દિવ્યીકરણ કરવાનું હોય છે ત્યારે આ વસ્તુ ઘણી સહાયરૂપ બને છે.

કર્મોનું પરમાત્માને સમર્પણ કરવાની બાબતમાં અને તેને લઈને જે પ્રાણમય મુશ્કેલી ઉત્પન્ન થાય છે તે વિષે કહેવાનું કે તે મુશ્કેલી દૂર કરવી શક્ય નથી. તમારે તેમાંથી પસાર થઈને તમારે તેના ઉપર વિજય પ્રાપ્ત કરવાનો છે; કારણકે જે ક્ષણે તમે આ પ્રયત્ન કરો છો તે ક્ષણે પ્રાણ પોતાની બધી ચંચળ અપૂર્ણતાઓ સાથે પરિવર્તનનો વિરોધ કરવા માટે ઉપર ઊઠે છે. તેમ છતાં તમે મુશ્કેલીને હળવી કરવા માટે ત્રણ વસ્તુઓ કરી શકો છો :

(૧) આ પ્રાણમય–શારીરિકમાંથી તમારી જાતને અલગ પાડો. તે તમારી પોતાની જાત નથી એ પ્રમાણે નિરીક્ષણ કરો, તેનો ઇનકાર કરો, તેના હક્ક દાવાઓ અને આવેગોને સંમતિ આપવી બંધ કરો; પરંતુ એવી સ્થિરતાથી બંધ કરો જાણે સાક્ષીરૂપ પુરુષની અસંમતિ છેવટે વિજયી બને. જો તમે અત્યારે બિનવૈયક્તિક આત્મામાં જીવન ધારણ કરતાં શીખી લીધેલું હોય તો તમારા માટે આ કાર્ય મુશ્કેલ ન બનવું જોઈએ.

(૨) જ્યારે તમે અવૈયકિતકતામાં ન હો તો પણ તમારા મનોમય સંકલ્પ અને તેની શકિતનો સંમતિ અથવા ઇનકાર માટે તેનો ઉપયોગ કરો, નહિકે દુ:ખ-પૂર્ણ સંઘર્ષ વડે; પરંતુ તેટલી જ સ્થિરતાથી કામનાઓનો, હકદાવાઓનો ઇનકાર કરીને અને આ હકદાવાઓને સંમતિ અથવા અનુમતિ ન મળે ત્યાર પછી તેમનું બળ ઘટી જઈને ધીરે ધીરે વધારે ક્ષીણ અને બાહ્ય રીતનું જ રહે ત્યાં સુધી તે પ્રમાણે કરો.

(૩) જો તમે ઊર્ધ્વમાં અથવા હૃદયમાં રહેલા પરમાત્મા વિષે સભાન બનો તો ત્યાંથી પ્રકાશ અને શકિત માટે સહાય મોકલવા પુકાર કરો જેથી પ્રાણ પોતે જ પરિવર્તન પામે અને તે જ સમયે આ પ્રાણ પોતે જ પરિવર્તન કરવા માટે પ્રાર્થના કરતો થઈ જાય ત્યાં સુધી તે પ્રમાણે આગ્રહ રાખો.

છેવટે મુશ્કેલીનું પ્રમાણ સૌથી ઓછું થઈ જશે. જે ક્ષણે તમારી પરમાત્મા પ્રત્યેની અભીપ્સાની સચ્ચાઈને લઈને અને તમારા સમર્પણને લઈને તમારી અંદર જાગૃત થશે (હૃદયના ગુહ્ય ભાગમાં રહેલો પુરુષ) અને તે અગ્રભાગે આવીને રહેતો થશે અને મન, પ્રાણ અને શારીરિક ચેતનાની બધી ગતિઓ ઉપર પોતાનો પ્રભાવ વરસાવશે. તેમ છતાં રૂપાંતરનું કાર્ય કરવાનું રહેશે; પરંતુ તે ક્ષણથી એટલું બધું મુશ્કેલ અને દુ:ખપૂર્ણ રહેશે નહિ.

*

બિલકુલ નહિ. સાક્ષીરૂપ ચેતનાનો એવો અર્થ નથી કે તે પોતાની ક્ષતિઓને અને તેમને સુધારવા માટેની જવાબદારીમાંથી છટકી જવાનું એક સગવડભર્યું સાધન છે; તે આત્મજ્ઞાન માટે છે. અને આપણા યોગમાં, એક સગવડભર્યું વિરામસ્થાન છે (તે અનાસકત અને કોઈ વસ્તુમાં સંડોવાયેલ નહિ હોવાથી તેનું વલણ પ્રકૃતિનું ગુલામપૂર્ણ વલણ નથી). તે વલણમાંથી વ્યકિત ખોટી ગતિઓને અનુમતિ આપતી બંધ થાય છે અને તેમની જગાએ આંતરમાંથી અથવા ઊર્ધ્વમાંથી આવતી સાચી ચેતનાના કાર્યનું સ્થાપન કરે છે.

*

૩

વ્યકિતના યોગમાં આ એક ઘણી ગંભીર મુશ્કેલી છે – પ્રકૃતિના બળોના આંદોલનોથી ઘણી ઉચ્ચતર કેન્દ્રસ્થ સંકલ્પશકિતનો અભાવ, તેમ જ માતાજીના

સંપર્કમાંથી હંમેશાં ગેરહાજર રહેવું અને પોતાના કેન્દ્રસ્થ લક્ષ્ય પ્રત્યે તથા પ્રકૃતિ ઉપરની પોતાની અભીપ્સાની ખામી. એટલા માટે જ તમે હજુ સુધી તમારા કેન્દ્રસ્થ સ્વરૂપમાં રહેતા શીખ્યા નથી; તમે બલના હરેક તરંગની સાથે દોડવા ટેવાયેલા છો, પછી તે ગમે તે પ્રકારનું હોય, અને તમારી ઉપર તે ધસી આવેલું હોય અને તે સમય દરમિયાન તમે તેની સાથે તદ્રૂપ બની જાઓ છો. તે એવી વસ્તુ છે જે તમારે ભૂલી જવી જોઈએ; તમારે તમારા ચૈત્ય પુરુષના પાયાવાળું મધ્યસ્થ સ્વરૂપ શોધી કાઢવું જોઈએ અને તેમાં જીવન ધારણ કરવું જોઈએ.

*

જયાં સુધી મન બહારની વસ્તુઓ પ્રત્યે ઠેકડા માર્યા કરે છે અથવા બહાર ધસી જાય છે ત્યાં સુધી અંદરમાં રહેલી ચેતનામાં સચેતન બનીને અંતર્મુખ બની સંવરણયુકત થવું શકય નથી.

*

આત્મ-સ્વામીત્વ માટેના પ્રથમ નિશ્ચિત પગથિયા તરીકે પોતાની કેન્દ્રસ્થ ચેતના વિષે સભાન બનવું અને બલોના કાર્યને જાણવું જોઈએ.

*

ચેતના એટલે બન્ને વસ્તુઓ. વ્યકિતએ પોતાની બધી જ અવસ્થાઓ અને ગતિઓ તેમ જ તેમના કારણો અને અસરો જેને લઈને તેઓ બને છે તે વિષે સભાન બનવું અને તે ઉપરાંત પરમાત્મા વિષે પણ સભાન બનવું - તેમની સ્મૃતિ, હાજરી, શકિત, શાંતિ, પ્રકાશ, જ્ઞાન, આનંદ વગેરે સર્વ વસ્તુઓ વિષે સચેતન બનવું જોઈએ.

*

અનાસકિત એટલે સ્વામીત્વની શરૂઆત, પરંતુ પૂર્ણ પ્રભુત્વ પ્રાપ્ત કરવા માટે કોઈ પણ પ્રકારના પ્રત્યાઘાતો ન હોવાં જોઈએ. જયારે આપણી અંદર કોઈક એવી વસ્તુ હોય છે, જેનાં પ્રત્યાઘાતો તરફથી કોઈ પણ અસર ન થાય, તેનો અર્થ કે આંતર-સ્વરૂપ મુકત છે અને પોતાનું સ્વામીત્વ ધરાવે છે, પરંતુ હજુ સુધી સમગ્ર પ્રકૃતિ ઉપર સ્વામીત્વ ધરાવતું નથી. જયારે તેનું પ્રભુત્વ હોય ત્યારે તે કોઈ પણ પ્રત્યાઘાતને મંજૂર કરતું નથી - જો કોઈ આવે તો તેમનો તાત્કાલિક સામનો કરી ફેંકી દેશે, અને છેવટે પછીથી કોઈ પણ પ્રત્યાઘાત આવશે નહિ.

*

તમારે તમારી જાતનું સંવરણ વધારે મક્કમ રીતે કરવું જોઈએ, જો તમે તમારી જાતને સતત વિખેરતા હશો અને આંતર-વર્તુળમાંથી બહાર નીકળી જતા

હશો તો તમે સતત બાહ્ય પ્રકૃતિની ક્ષુદ્રતામાં સરી પડો અને તમે બીજી અસરો પ્રત્યે ખુલ્લા થઈને તેમની નીચે આવી જશો. અંતરમાં રહેવાનું શીખો, અંતરમાંથી જ હંમેશાં કાર્ય કરતા શીખો, અને માતાજીની સાથે સતત સંપર્કમાં રહીને જ કાર્ય કરો. શરૂઆતમાં તે પ્રમાણે કાયમ અને સંપૂર્ણ રીતે કરવું મુશ્કેલ લાગે પણ જો માણસ મક્કમ રહે તો તે પ્રમાણે બની શકે છે – અને તે કિંમત ચૂકવવાથી જ અને તે પ્રમાણે કરવાનું શીખવાથી જ વ્યકિતને યોગમાં સિદ્ધિ મળી શકે છે.

*

તમે તમારી જાતને કોઈ પણ રીતે વધારે પડતી બહિર્મુખ કરી નાખી હશે. માણસે પોતાની આંતર–ચેતનામાં રહીને જ અને તે ચેતનામાંથી જ કાર્ય કરવાથી સાચું ચૈતસિક કાર્ય બની શકશે, નહિતો પછી તે અંદર જાય છે અને બાહ્ય ચેતનાને ઢાંકી દે છે. તે ગૂમ થતી નથી પરંતુ ગુપ્ત રહે છે – માણસે ફરીથી તેને પ્રાપ્ત કરવા માટે ભીતરમાં જવું જોઈએ.

*

એ પ્રાણની ભૂતકાળની ટેવ છે જે તમને વારંવાર તમારા બાહ્ય ભાગમાં મોકલી આપે છે; તમારે ટકી રહેવું જોઈએ અને તેનાથી વિરુદ્ધની ટેવનું સ્થાપન કરવા માટે તમારા આંતર–સ્વરૂપમાં જીવવાની ટેવ પાડવી જોઈએ. તે આંતર–સ્વરૂપ તમારું સાચું સ્વરૂપ છે અને તમારે ત્યાં રહીને દરેક વસ્તુને જોવાની ટેવ પાડવી જોઈએ. તમે ત્યાંથી સાચા વિચારો, સાચું દર્શન તથા વસ્તુઓ વિષે સાચી સમજ પ્રાપ્ત કરો છો અને તે ઉપરાંત તમારા પોતાના આત્મા અને પ્રકૃતિ વિષે પણ તમને સાચી સમજ પ્રાપ્ત થાય છે.

*

હા, જ્યારે વ્યકિત સાચી ચેતનામાં હોય છે ત્યારે સાચી ગતિ, સાચું સુખ અને દરેક વસ્તુમાં સત્યનો સાચો સંવાદ પ્રાપ્ત કરે છે.

જ્યારે ખોટી ચેતના હોય છે ત્યારે માગણી, અસંતોષ, શંકા અને બધા જ પ્રકારની અસંવાદિતા પ્રાપ્ત થાય છે.

*

કોઈ વસ્તુ આંતર–મનથી કરવામાં આવે છે કે બહિર્મનથી કરવામાં આવે છે તેના ઉપરથી ફેરફાર થાય છે. તમને જે અનુભૂતિ થાય છે તેમાં આંતર–મન તેનો કબજો લે છે – ત્યાર પછી તે ચેતનાનો એક ભાગ બની જાય છે અને વસ્તુઓ સાચી રીતે શીખી શકાય છે – બાહ્ય મનનું કાર્ય કાયમ મુશ્કેલ અને ઉપરછલ્લું હોય છે.

એ સ્પષ્ટ છે કે તમારી અંદર રહેલું તમારું આંતર-સ્વરૂપ વધારે અને વધારે અગ્રભાગે આવતું જાય છે. તે પ્રમાણે થવાથી આ બધી બાહ્ય મુશ્કેલીઓ બહાર નીકળી જશે અને તમારી ચેતના પોતાના વધારે મોટા ભાગમાં પ્રથમ શાંતિ અને બલ રાખતી થશે અને પછીથી સમગ્ર ચેતનામાં તે પ્રમાણે બનશે.

*

હા, તે સાચું છે. મુખ્યત્વે બધી બાહ્ય પદ્ધતિઓ ઉપર આધાર રાખવાથી તેમાં વધારે સારી સફળતા મળતી નથી. જ્યારે આંતર-સ્વસ્થતા પ્રાપ્ત થાય ત્યારે જ બાહ્ય ગતિ ખરેખર અસરકારક બને છે અને પછી આંતર-સ્વસ્થતા પોતાની જાતે જ આવે છે.

*

તે સારું છે. સાચી વસ્તુને વળગી રહો. આંતર-સ્વરૂપમાં અને આંતર-જીવનમાં એકાગ્રતા રાખો. આ બધી બાહ્ય વસ્તુઓ ઓછી અગત્યની છે અને જ્યારે આંતર-જીવન સાચી રીતે પ્રસ્થાપિત થાય ત્યારે જે મુશ્કેલીઓથી તેમનામાં અવરોધ આવે છે તેમનો બધાનો ઉકેલ મળી જશે. તમે જ્યારે અંદર ગયેલા છો ત્યારે તમે તે પ્રમાણે ઘણી વખત જોયેલું છે. મનમાં બાહ્ય મુશ્કેલીઓ વિષે વધારે પડતા વ્યસ્ત રહેવાથી તે બાહ્યમાં રહેતું થઈ જાય છે. અંદર જીવન ધારણ કરવાથી તમને માતાજી તમારી નજીક લાગશે અને તમે તેમના સંકલ્પ અને કાર્યનો સાક્ષાત્કાર કરી શકશો.

*

મુશ્કેલી એ છે કે તમે ઘણી ક્ષુદ્ર કિંમતની વસ્તુઓને વધારે પડતી અગત્ય આપો છો. તમે એવી રીતે વર્તન કરો છો જાણે ટેબલ હોવું અથવા ન હોવું એ એક પરમ અગત્યની વસ્તુ હોય અને તેવી સાચી કે ખોટી વસ્તુઓ વિષે ચિંતા કરીને એટલા બધા ઉશ્કેરી જાઓ છો કે તેને લઈને તમે તમારા મનની શાંતિમાં ઉથલપાથલ કરી મૂકો છો અને તેથી તમે સાચી અવસ્થામાંથી પતન પામો છો. આ બધી વસ્તુઓ ઘણી નાની અને સાપેક્ષ છે. તમને ટેબલ મળે અથવા નવું ટેબલ ન મળે તેમાંથી કોઈ પણ બાબત એટલી બધી અગત્યની નથી અને તમારી અંદર રહેલા દિવ્ય હેતુ માટે તેનાથી કોઈ તફાવત પડતો નથી. એક અગત્યની વસ્તુ છે કે તમારે સ્થિરતા અને શાંતિમાં વિકાસ સાધવો જોઈએ તેમ જ દિવ્ય બલના અવતરણમાં વૃદ્ધિ કરવી જોઈએ અને સમતા તથા આંતર-પ્રકાશ અને ચેતનામાં વૃદ્ધિ કરવી જોઈએ. બાહ્ય વસ્તુઓ મહાન સ્થિરતાથી બનવી જોઈએ તેમ જ જે જરૂરી વસ્તુ હોય તે કરવી જોઈએ પરંતુ તમારી જાતમાં કોઈ

પણ વસ્તુથી ઉશ્કેરાટ અથવા અસ્તવ્યસ્તતા ઉત્પન્ન થવાં દેવા ન જોઈએ. આ રીતે જ તમે સ્થિરતાથી અને ઝડપથી પ્રગતિ કરી શકશો. જ્યારે તમને માતાજીની શકિત તમારી આસપાસ અનુભવાય, તેમ જ તમારી ચારે બાજુ નજિકમાં જ શાંતિનો અનુભવ થાય એ એક જ અગત્યની વસ્તુ છે – આ બધી નાનકડી બાહ્ય વસ્તુઓ એક હજાર જુદા જુદા માર્ગોદ્વારા નિવારી શકાય અને તેની ખરેખર કોઈ અગત્ય નથી.

*

૪

ક્ષ વિષેનું સ્વપ્ન, અલબત્ત, અવચેતન પ્રાણમાંથી આવતી જૂની ગતિઓના અવશેષોની સફાઈની પ્રગતિ હતી.

• તમે જે અનુભૂતિનું વર્ણન કરો છો, પ્રશાંતતા, મન અને પ્રાણનું ખાલીપણું, અને વિચારોનું અટકી જવું, તથા બીજી બધી ગતિઓ બંધ થઈ જવી, એ એક 'સમાધિ'ની કહેવાતી દશાનું આગમન હતું, જેમાં ચેતના અંદર ઊંડાણમાં પ્રશાં-તતા અને નીરવતામાં ચાલી જાય છે. આવી અવસ્થા આંતર–અનુભૂતિ, સાક્ષાત્કાર, વસ્તુઓનું જે સત્ય દેખાતું નથી તેનું દર્શન વગેરે માટે અનુકૂળ પરિસ્થિતિ છે, જોકે વ્યકિત જાગૃત અવસ્થામાં પણ તે પ્રાપ્ત કરી શકે છે – તે નિદ્રા નથી પરંતુ એવી અવસ્થા છે જેમાં વ્યકિત ભીતરમાં સચેતન હોય છે પરંતુ બાહ્ય સ્વરૂપમાં સચેતન હોતી નથી.

તમારા હૃદયમાં રહેલો હીરો ત્યાં માતાજીની ચેતનાના પ્રકાશની રચના હતી – કારણકે માતાજીનો પ્રકાશ સફેદ અને સૌથી વધારે તીવ્રતમ કક્ષામાં હીરાનો પ્રકાશ હોય છે. પ્રકાશ તમારા હૃદયમાં માતાજીની હાજરીની નિશાની છે અને તમે તેને એક વખત એક ક્ષણુ માટે જોયો હતો.

જ્યારે ચેતના અંતર્મુખ બનવાનું વલણ ધારણ કરે છે ત્યારે પુસ્તકો કે મેગેઝીનો વાંચવાની અશકિત ઘણી વખત અનુભવાય છે.

*

તમને જે અનુભૂતિ થઈ તે અલબત્ત ચેતના ભીતર ગયેલી, તેને લઈને થયેલી, જેને સામાન્ય રીતે 'સમાધિ' કહેવામાં આવે છે. તેમ છતાં તેનો સૌથી અગત્યનો

ભાગ મન અને પ્રાણની નીરવતા છે, જેનો પૂર્ણ રીતે શરીર તરફ વિસ્તાર થયેલો છે. આ નીરવતા અને શાંતિની શક્તિ પ્રાપ્ત કરવી એ સાધનામાં સૌથી અગત્યનું પગલું છે. પ્રથમ ધ્યાનમાં શાંતિ આવે છે અને ચેતનાને સમાધિમાં નાખી દઈ શકે છે, પરંતુ પછીથી તેને જાગ્રત અવસ્થામાં આવવું પડે છે અને પોતાની જાતને સમગ્ર જીવન અને કાર્ય માટે પાયો બનાવવો પડે છે. તે આત્માના સાક્ષાત્કાર માટે તથા પ્રકૃતિના આધ્યાત્મિક રૂપાંતર માટેની અવસ્થા છે.

*

(૧) ના, તે નિદ્રા નહોતી. તમે તમારી આંતર-ચેતનામાં ચાલ્યા ગયેલા; આ આંતર–ચેતનામાં વ્યક્તિ પોતાની અંદર જાગૃત હોય છે, પરંતુ બહાર જાગૃત હોતી નથી, બાહ્ય વસ્તુઓ માટે સચેતન હોતો નથી, પરંતુ ફક્ત આંતરિક વસ્તુ વિષે જ સચેતન હોય છે. તમારું બાહ્ય મન જે કાર્ય કરવા પ્રયત્ન કરતું હતું તે વસ્તુ કરવા માટે તમારી આંતર–ચેતના વ્યસ્ત હતી. એટલે કે જે વિચારો અને સૂચનો તમારામાં ચંચળતા લાવતાં હતાં તેમના ઉપર તે કાર્ય કરતી હતી અને તેને બરાબર કરતી હતી. બાહ્ય મન કરતાં આંતર–ચેતનાથી વધારે સહેલાઈથી બની શકે છે.

(૨) જે વસ્તુઓ કરવાની જરૂર છે તેના વિષે કહેવાનું કે તે તમારા પોતાના મનોમય પ્રયત્ન કરતાં બલ અને શાંતિના અવતરણથી ઘણી વધારે સરળતાથી થઈ શકે છે (અને તે એક સઘન સામર્થ્ય લાવે છે).

*

કોઈ પણ વ્યક્તિને એક પ્રજ્વલિત અભીપ્સા, નિદ્રામાં ન આવી શકે તેના માટે કોઈ કારણ નથી, એ શરતે કે વ્યક્તિએ પોતાની નિદ્રા દરમિયાન સચેતન હોવું જોઈએ. હકીકતમાં તમે જે પરિસ્થિતિનું વર્ણન કરો છો તે નિદ્રા નહોતી – તેમાં ફક્ત ચેતના એક પ્રકારની પાછી ખેંચાયેલી પરિસ્થિતિમાં ભીતરમાં જવા માટે પ્રયત્ન કરતી હતી (એક પ્રકારની અર્ધ–સમાધિમાં) જ્યારે બાહ્ય મન સતત બહાર આવ્યા કરતું હતું. જ્યારે તમે આવી પાછી ખેંચાયેલી ચેતનાની પરિસ્થિતિમાં હો ત્યારે જે કાંઈ બને છે તે સ્વપ્નો હોતાં નથી, પરંતુ ચેતનાની બીજી અતિભૌતિક ભૂમિકાઓમાં આવતી આધ્યાત્મિક અનુભૂતિઓ અથવા દર્શનો હોય છે. તમારી સળગતી અભીપ્સા કેવળ એક આધ્યાત્મિક અનુભૂતિ હતી.

*

હવે તમારી અનુભૂતિઓ વિષે :-

(૧) જ્યારે તમે ધ્યાન કરતા હતા ત્યારે તમને જે નિદ્રાની લાગણી થઈ તે નિદ્રા નહોતી; પરંતુ એક ચેતનાની આંતર–અવસ્થા હતી. જ્યારે આ આંતર–

અવસ્થા ઘણી ઊંડી નથી હોતી, ત્યારે વ્યકિત ભિન્ન ભિન્ન દશ્યો તથા દર્શનો વિષે સભાન બને છે, જે વસ્તુઓ ભૌતિક જગતની હોતી નથી પરંતુ તે બીજી ચેતનાની આંતર–ભૂમિકાઓની હોય છે–તેમનું મૂલ્ય અથવા સત્ય જે ભૂમિકા ઉપર વ્યકિત પહોંચી હોય તેના ઉપર આધાર રાખે છે. સપાટી ઉપરની વસ્તુઓની કોઈ અગત્ય હોતી નથી અને વ્યકિત જ્યાં સુધી વધારે ઊંડાણમાં ન જાય, ત્યાં સુધી તેમની આરપાર તેણે પસાર થઈ જવું પડે છે.

(૨) તમે નામોનો જાપ કરતા હતા ત્યારે જે બીક, ગુસ્સો, નિરાશા વગેરે ઉત્પન્ન થયાં હતાં તે, પ્રકૃતિમાં રહેલા પ્રાણના પ્રત્યાઘાતમાંથી આવતાં હતા (આ પ્રત્યાઘાત દરેકમાં હોય છે), જેણે આ વસ્તુઓને ફેંકી દીધી; કારણકે સાધનામાં પ્રાણમય ભાગને પણ પરિવર્તન પામવાનું હોય છે. તેને લઈને તેના ઉપર દબાણ આવે છે અને આ બધા પ્રત્યાઘાતો ઉત્પન્ન થાય છે અને પછીથી જો માણસ સાચું વલણ ધારણ કરે તો ધીરે ધીરે અથવા ઝડપથી તેમની સફાઈ થાય છે. માણસે તેમનું નિરીક્ષણ કરવાનું હોય છે અને પોતાની જાતને તેમનાથી અલગ કરવાની હોય છે અને જ્યાં સુધી પ્રાણ સ્થિર અને સ્વચ્છ ન બને ત્યાં સુધી એકાગ્રતામાં તથા સાધનામાં ટકી રહેવાનું હોય છે.

(૩) તમે જે વસ્તુઓ જોઈ (ચંદ્ર, આકાશ વગેરે) તે આંતર–દર્શન ખુલ્લું થવાથી બની છે; જયારે એકાગ્રતા આંતર–ચેતનાને ખુલ્લી કરવાની શરૂઆત કરે છે, જેનું સૂક્ષ્મ દર્શન એક અંશ હોય છે ત્યારે સામાન્ય રીતે આ પ્રમાણે બને છે. આંતર–દર્શનના વિકાસમાં આ દર્શનની અગત્ય હોય છે તેથી તેનો ઉત્સાહ ઓછો ન કરવો; જોકે શરૂઆતની અવસ્થામાં જે દર્શન થાય તેને વધારે પડતી અગત્ય ન આપવી.

(૪) તેમ છતાં કેટલાંક દર્શનો વિકાસ પામતી આધ્યાત્મિક ચેતનાના અંશો હોય છે, જેવાકે સૂર્ય, જેને તમે મસ્તક ઉપર જોયો તથા સોનેરી પ્રકાશનો ભાગ – કારણકે આ બધી અંદર ખુલ્લાપણાંની નિશાનીઓ છે અને તેઓ પ્રતીકાત્મક છે. બન્ને દિવ્ય સત્ય તથા પ્રકાશ તેમના પ્રભાવના કાર્યના પ્રતીકો છે.

(૫) તેમ છતાં સૌથી અગત્યની અનુભૂતિ સારી એકાગ્રતાની સાથે જે શાંતિ અને અચંચળતા આવે છે તે છે, આ વસ્તુનો વિકાસ થવો જોઈએ અને તેઓ મન તથા પ્રાણ અને શરીરમાં વણાઈ જવા જોઈએ – કારણકે આ શાંતિ અને અચંચળતા, સાધના માટેનો મક્કમ પાયો બનાવે છે.

*

(૧) આ બધા વિચારો અને અસરો ખરેખર બહારથી આવે છે, વૈશ્વિક પ્રકૃતિમાંથી – તેઓ આપણી અંદર રચનાઓ કરે છે અને વ્યકિતરૂપ સ્વરૂપની ટેવ મુજબના પ્રત્યુત્તરો પ્રાપ્ત કરે છે અને જો વ્યકિત સચેતન બને તો તેમને બહારથી આવતાં અનુભવે છે અને તેઓ અંદર સ્થાન પ્રાપ્ત કરવા અને ટેવ મુજબનો શકય પ્રત્યુત્તર જાગૃત કરવા પ્રયત્ન કરે છે. વ્યકિતએ ખંતપૂર્વક તેમનો ઈનકાર કરવો જોઈએ જેથી કરીને તે પ્રત્યુત્તર આવવાની શકયતા રહે નહિ. જો એક પ્રકારની આંતર-સ્થિરતા, વિશુદ્ધિ અને નીરવતાનું સ્થાપન થાય તો આ વસ્તુ ઝડપથી બને છે અને તે બધી વસ્તુઓ સ્પર્શ કર્યા સિવાય પણ ખરી પડે છે.

(૨) જે લોકો યોગની શરૂઆત કરે છે તેમને માટે આ સામાન્ય વિઘ્ન છે. નિદ્રા બે રીતે ધીરે ધીરે ચાલી જાય છે. (અ) એકાગ્રતાના અગ્નિને ઉત્કટ કરવાથી (બ) નિદ્રા પોતે જ એક પ્રકારની સ્વપ્ન સમાધિ બને, જેમાં વ્યકિત પોતાની આંતર-અનુભૂતિઓ વિષે સચેતન બને અને તે સ્વપ્નો હોતાં જ નથી (એટલે કે જાગ્રત ચેતના થોડા સમય માટે લુપ્ત થઈ જાય છે, પરંતુ તેની જગા નિદ્રા લેતી નથી, પરંતુ એક આંતર-ચેતનાની અવસ્થા તેનું સ્થાન લે છે જેમાં વ્યકિત અતિભૌતિક અથવા મનોમય અથવા પ્રાણમય સ્વરૂપમાં ગતિ કરે છે).

(૩) નિદ્રામાં આવતી અચેતનના વિષે : આ વસ્તુ બિલકુલ સામાન્ય છે. નિદ્રામાં ચેતનાનું ક્રમિક રીતે સ્થાપન થાય છે અને તેની સાથે સાથે જાગ્રત અવસ્થમાં સાચી ચેતનાનો વિકાસ થાય છે.

(૪) હૃદયનું કેન્દ્ર અને હૃત્-કેન્દ્ર બન્ને એક જ છે.

(૫) એક સઘન કલ્પના, જેનો તમે ઉપયોગ કરો છો તે અવતરણ લાવવામાં મદદરૂપ થાય છે.

*

સ્વપ્ન વિષે કહેવાનું કે તે સ્વપ્ન નહોતું, પરંતુ સચેતનાવસ્થામાં સ્વપ્ન-સમાધિમાં અનુભૂતિ હતી. અક્કડતા અને સ્વરૂપને એવી લાગણી થઈ કે ચેતના ગૂમ થવાની તૈયારી કરે છે, આ બધી વસ્તુઓ શરીરને જેની ટેવ પડી નથી તેના ઉપર એક દિવ્ય બલનું દબાણ હતું અને તેને લઈને તે બન્યું, પરંતુ શરીરને તેનો સમર્થ અનુભવ થાય છે. અહીં ફકત ભૌતિક શરીરને સીધે સીધી દબાણની અનુભૂતિ થયેલી નહિ, પરંતુ સૂક્ષ્મ શરીરને થયેલી જેમાં આંતર-સ્વરૂપ વધારે ગાઢ રીતે રહે છે અને નિદ્રા દરમિયાન અથવા સમાધિમાં ત્યાં ચાલ્યું જાય છે અથવા તો મૃત્યુની ક્ષણે ચાલ્યું જાય છે : પરંતુ ભૌતિક શરીર આવી સ્પષ્ટ અનુભૂતિઓમાં

એવી લાગણી અનુભવે છે જાણેકે તેને પોતાને તેવી અનુભૂતિ થઈ હોય; અક્કડતાનો અનુભવ અને દબાણની અસરને લઈને થયેલો. સમગ્ર શરીર ઉપરના દબાણના અનુભવનો અર્થ સમગ્ર આંતર–ચેતના ઉપરનું દબાણ, અને તેમાં કદાચ થોડો ફેરફાર લાગે પણ તે તેને જ્ઞાન અથવા અનુભૂતિ માટે તૈયાર કરે છે; ત્રીજી અથવા ચોથી પાંસળી એ પ્રાણમય પ્રકૃતિના પ્રદેશનું સૂચન કરે છે, અને તે જીવન–શકિતનો પ્રદેશ છે અને ત્યાં પરિવર્તન કરવા માટે કોઈ દબાણ છે.

*

આ પ્રશ્નની કોઈ જરૂર રહેતી નથી. આવી સ્થિતિમાં તમારે કેવળ અનુભૂતિ–ઓનું નિરીક્ષણ કરવાનું છે અને તેમની યથાર્થતા સમજવાની છે. જ્યારે પ્રાણમય પ્રદેશની અનુભૂતિઓ થાય ત્યારે તેમાંની કેટલીક ખોટી સૂચનાઓ હોય છે. તમે જે અનુભૂતિઓ વિષે લખો છો તે ફક્ત યૌગિક ચેતનાના ખુલ્લાપણાની સામાન્ય અનુભૂતિઓ છે અને તેમને ફકત સમજવાની રહે છે.

અહીં નાનકડો સપાટી ઉપરનો પ્રાણ તૂટે છે અને વધારે સાચા અથવા આંતર–પ્રાણમય સ્વરૂપની વિશાળતામાં તેનું પરિવર્તન થાય છે જે તાત્કાલિક ઊર્ધ્વતર ચેતના, તેની શકિત, પ્રકાશ અને આનંદ પ્રત્યે ખુલ્લી થાય. તે જ પ્રમાણે નાનકડું સ્થૂલ મન ભાંગવાની શરૂઆત થઈ છે અને એક આંતરિક શારીરિક ચેતનાની વિશાળતાની ભાવનામાં તે પરિણમે છે. આંતર-ભૂમિકાઓ હંમેશાં વિશ્વમય ભૂમિકાઓ પ્રત્યે વિશાળ અને ખુલ્લી બને છે, પરંતુ બાહ્ય સપાટી ઉપરના ભાગો પોતાની જાતની અંદર બંધ બારણામાં પૂરાયેલા રહે છે અને તેમનામાં સંકુચિત અને અવિદ્યામય ગતિઓ હોય છે.

*

તમારી અનુભૂતિઓની હારમાળા તેઓ જે વસ્તુઓના વિકાસનો સતત નિર્દેશ કરતા હોય છે (જોકે તેમાં વચ્ચે કેટલાક ગાળાઓ હોય છે) તે ઘણી રસિક છે. તમારી અનુભૂતિઓના પહેલા મસલામાં આ બે નવીન સૂચક તત્ત્વો ઉમેરાયેલા છે. પ્રથમનું સ્પષ્ટ સ્થાન તમારી હોજરીની નીચેની ખાઈમાંથી ચેતનાનો ધસારો છે – એટલે કે નાભિ ઉપરના ભાગમાંથી; અને ગતિ પોતે નાભિમાંથી ઉત્પન્ન થાય છે અથવા તેનાથી નીચેના ભાગમાંથી પણ. નાભિ–કેન્દ્ર (નાભિપદ્મ) એકત્રીકરણ થયેલી પ્રાણમય ચેતનાનું મુખ્ય સ્થાન છે (સક્રિય કેન્દ્ર) જે હૃદયના ભાગથી માંડીને (ઊર્મિમય) નાભિના કેન્દ્રની નીચે જાય છે (નિમ્ન પ્રાણ, સંવેદનશીલ કામનાઓનું કેન્દ્ર). આ ત્રણ પ્રદેશો પ્રાણમય સ્વરૂપના પ્રદેશો છે. એટલે એ સ્પષ્ટ છે કે તમારો આંતર–પ્રાણમય પુરુષ જેને આ અનુભૂતિ થઈ તથા તેની ઉત્કટતા અને તીવ્રતા સમગ્ર પ્રાણમય પુરુષને લઈને થયેલી (અથવા તેનો ઘણો

ખરો મોટો ભાગ) જે જાગૃત થયો હતો તે આ અનુભૂતિમાં ભાગ લેતો હતો. અનુભૂતિ તેના મૂળ સ્વરૂપમાં ચૈતસિક હતી, પરંતુ તેની અભિવ્યક્તિમાં તેને બળવાન ઊર્મિમય-પ્રાણસ્વરૂપ આપવામાં આવ્યું. પૂર્ણપણે સમજવા માટે હું એટલું કહું છું કે ચૈત્ય પુરુષનું કેન્દ્ર હૃદયની પાછળ હોય છે અને સામાન્ય રીતે વિશુદ્ધ થયેલી ઊર્મિઓ દ્વારા ચૈત્ય પુરુષ પોતાનો માર્ગ શોધી શકે છે. હૃદયથી ઉપર રહેલી સર્વ વસ્તુઓ મનોમય-પ્રાણની સાથે સંકળાયેલી હોય છે અને તેની ઉપર મન હોય છે જેના ત્રણ કેન્દ્રો હોય છે: એક ગળામાં કેન્દ્ર હોય છે (જે બહિર્મુખ જતું અથવા બાહ્ય મન છે). એક બે આંખોની વચ્ચે અથવા કપાળના મધ્ય ભાગમાં (દર્શન અને સંકલ્પનું કેન્દ્ર) અને એક તેનાથી ઉપર જે મગજની સાથે વ્યવહાર ચલાવે છે, જેને સહસ્રદલ પદ્મ કહેવામાં આવે છે અને ત્યાં કેન્દ્રસ્થ અને ઉચ્ચતમ વિચારો અને બુદ્ધિ રહેલાં છે, જે વધારે મહાન ભૂમિકાઓ સાથે સંપર્ક ધરાવે છે (દ્યુતિમનસ, અંતઃસ્ફૂરણા, અધિમનસ) જે ઉપર રહેલા છે.

બીજું નવીન સૂચક તત્ત્વ આંતર-મનનો આત્મ-આવિર્ભાવ છે; કારણકે તમારું આંતર-મન તે વસ્તુઓને જોતું હતું અને નિરીક્ષણ કરતું હતું અને પ્રાણ-મય પુરુષની ચૈતસિક અનુભૂતિની ટીકા કરતું હતું. તમને આવું સ્પષ્ટ વિભાજન વિચિત્ર લાગ્યું, પરંતુ એક વખત તમારા સ્વરૂપના ભિન્ન ભાગોનું વિભાજન, પૂર્ણ સ્વાભાવિક છે એમ જાણો પછી તમને વિચિત્ર લાગશે નહિ. બાહ્ય સપાટી ઉપરની પ્રકૃતિમાં મન, ચૈત્ય પુરુષ, પ્રાણ, શારીરિક બધું એક સાથે સેળભેળ થયેલું હોય છે અને આપણી પ્રકૃતિના ઘટકો અને તેના ભાગોનો એકબીજાની સાથેનો સંબંધ તથા તેમના એકબીજા સાથેના પ્રત્યાઘાતો શોધી કાઢવા માટે આંતર-નિરીક્ષણ, આત્મ-પૃથક્કરણ અને ઝીણવટભર્યા અભ્યાસની એક સમર્થ શક્તિની જરૂર પડે છે. પરંતુ તમે જે પ્રમાણે કર્યું તે પ્રમાણે માણસ જ્યારે અંતરમાં જાય છે ત્યારે આપણને આ સપાટી ઉપરના કાર્યના મૂળ સ્રોતો વિષે જાણ થાય છે અને આપણા સ્વરૂપના એવા વિભાગો હોય છે જે એકબીજાથી બિલકુલ અલગ અને સ્પષ્ટ રીતે ભિન્ન હોય છે. આપણે ખરેખર તે બધાને અલગ સ્વરૂપો તરીકે અનુભવી શકીએ છીએ અને જેવી રીતે એક સામૂહિક ભાગમાં બે માણસો કાર્ય કરતા હોય ત્યારે તે બન્ને નિરીક્ષણ કરતા, ટીકા કરતા, મદદ કરતા અથવા વિરોધ કરતા અને એકબીજાને અટકાવતા જોઈ શકીએ છીએ, તે પ્રમાણે જ તે ભાગોમાં હોય છે; તે જાણે કે આપણું સમૂહ સ્વરૂપ હોય અને તે સમૂહના દરેક સભ્યની અલગ જગા તથા અલગ કાર્ય હોય અને તે દરેક એક કેન્દ્રસ્થ સ્વરૂપદ્વારા સંચાલિત થતું હોય, જે કેટલીક વખત બીજા સભ્યોથી અગ્રભાગે હોય અને દૃશ્યની પાછળ

કેટલીક વખત ગુપ્ત હોય. તમારો મનોમય પુરુષ પ્રાણમય પુરુષનું નિરીક્ષણ કરતો હતો અને તેની ઉગ્રતા જીરવવી તેના માટે સહેલું નહોતું. કારણકે મનોમય સ્વરૂપ સ્થિર, વિચારશીલ, સંયમી, કાબુવાળું અને સમતાયુકત છે, જ્યારે પ્રાણનું સ્વાભાવિક વલણ સક્રિય હોય છે, અને તેની શકિત, ઊર્મિ, સંવેદન અને કાર્યમાં ફેંકાય છે. તેથી બધું જ સ્વાભાવિક અને બરાબર હતું.

*

તમારી અનુભૂતિની સમજૂતિ સરળ છે. નિમ્ન સ્વરૂપ (પ્રાણમય અને શારીરિક) એક પ્રભાવને ગ્રહણ કરતું હતું (મનોમય પ્રકાશ, પીળો) અને તે પ્રકાશ બુદ્ધિયુકત મન અને ઊર્ધ્વતર પ્રાણમાંથી આવતો હતો અને નિમ્નતર પ્રાણમય જૂની ટેવો પ્રમાણેના પ્રતિભાવોમાંથી તેને સ્વચ્છ કરતો હતો; ઘણી વખત સાધનામાં આંતર-સ્વરૂપ બાહ્ય સ્વરૂપ સાથે વાતચીત કરે છે અથવા મન અથવા ઊર્ધ્વ પ્રાણ, નિમ્ન પ્રાણની સાથે વાતચીત કરે છે, જેથી કરીને તે પ્રકાશિત બને.

*

અગત્યની અનુભૂતિ હૃદયમાં સફેદ પ્રકાશની છે-સફેદ પ્રકાશ અને તે પ્રકાશથી હૃદય પ્રકાશિત થવું એ આ સાધનામાં મહાન શકિતશાળી વસ્તુ છે – તે (મહિલા) જે અંતઃસ્ફૂરણાઓની વાત કરે એ આંતર-ચેતનાનો તેનામાં વિકાસ થાય છે તેની નિશાની છે – તે ચેતના યોગ માટે જરૂરી છે.

*

તમે જે ત્રણ અનુભૂતિઓ વિષે વાત કરો છો તે પ્રમાણે જ તેમની ગતિ છે અથવા તમારા આધ્યાત્મિક જીવનની તે જ અવસ્થા છે; તેઓ ચેતનાની પ્રાથમિક ક્ષણો છે જેથી કરીને તમે તમારા આંતર-સ્વરૂપ વિષે સભાન બનો, જે ઘણે ભાગે ઘણા ખરા માણસોમાં ઢંકાયેલું હોય છે, તે પ્રમાણે બાહ્ય જાગૃત આત્માથી ઢંકાયેલું હતું. આપણે એમ કહી શકીએ કે આપણામાં બે સ્વરૂપો હોય છે: એક સપાટી ઉપરનું આપણું સામાન્ય બાહ્ય મન, બાહ્ય પ્રાણ અને બાહ્ય શારીરિક ચેતનાવાળું સ્વરૂપ અને બીજું પરદા પાછળ રહેલું સ્વરૂપ – આંતર-મન, આંતર-પ્રાણ અને આંતર-શારીરિક ચેતનાવાળું સ્વરૂપ, જે બીજી વસ્તુઓથી બંધાયેલું છે અથવા તો તે આપણો અંતરાત્મા છે. અંતરાત્મા એક વખત જાગૃત થાય પછી તે આપણા સાચા શાશ્વત આત્મા પ્રત્યે ખુલ્લો થાય છે. તે આંતરિક રીતે આત્મામાં ખુલ્લો થાય છે, જેને આપણા યોગની ભાષામાં ચૈત્ય પુરુષ કહીએ છીએ; તે આપણા ક્રમિક જન્મોને ટેકો આપે છે અને દરેક જન્મમાં એક નવીન

મન, પ્રાણ અને શરીર ધારણ કરે છે. તે ઊર્ધ્વમાં આત્મતત્ત્વ અથવા જીવાત્મા પ્રત્યે ખુલ્લું થાય છે જે અજન્મા છે અને તેને સચેતન રીતે પ્રાપ્ત કરવાથી આપણે બદલાતા વ્યકિતત્વથી આરોહણ કરીએ છીએ અને આપણી પ્રકૃતિમાંથી મુકિત અને તેના ઉપર પૂર્ણ સ્વામીત્વ પ્રાપ્ત કરીએ છીએ.

પ્રથમ સાત્ત્વિક ગુણોનો વિકાસ કરવામાં અને આંતર–ધ્યાનયુકત અચંચળતાની સ્થાપના કરવામાં તમે બિલકુલ સાચા છો. પ્રયત્નપૂર્વક ધ્યાનદ્વારા અથવા આંતર–સ્વરૂપનાં બારણાં ખોલવા માટે તીવ્ર પ્રયત્ન કરવાની કેટલીક પદ્ધતિઓદ્વારા અથવા તેમાં પૂર્ણ બનવા માટે આંતર–સ્વરૂપ અને બાહ્ય સ્વરૂપ વચ્ચે રહેલી દીવાલ તોડવાથી અથવા પ્રાથમિક આંતર-સંયમથી તે શકય બને છે, પરંતુ તે પ્રમાણે હંમેશાં કરવું ડહાપણભર્યું નથી; કારણકે તેને લઈને સાધનાની પરિસ્થિતિ એવી વસ્તુ તરફ દોરવાઈ જાય, જે ઘણી મિશ્રાણયુકત, ગોટાળાભરી અથવા બિનજરૂરી જોખમો પ્રત્યે લઈ જાય. તમે ધૈર્યયુકત માર્ગ અપનાવીને એવા બિંદુએ પહોંચ્યા છો, જયાંથી આંતર–સ્વરૂપના દ્વારો સ્વાભાવિક રીતે જ ખુલ્લા થઈ જાય : હવે બન્ને પદ્ધતિઓ એક સાથે ચાલી શકે છે, પરંતુ સાત્ત્વિક અચંચળતા, ખંત અને જાગરૂકતા રાખવી જરૂરી છે – કોઈ પણ વસ્તુ માટે ખોટી ઉતાવળ ન કરવી, કોઈ વસ્તુનું દબાણ ન કરવું, મધ્યગાળાની અવસ્થામાં કોઈ પણ વસ્તુથી અથવા અવાજથી લોભાઈ ન જવું, પરંતુ સાચો પુકાર આવે એવી ખાતરી થાય તે પહેલાંની આ શરૂઆત છે. કારણકે આંતર–ભૂમિકાના બલો તરફથી ઘણા ખેંચાણો આવે છે જેમને અનુસરવું એ સહિસલામતિભર્યું નથી.

તમારી પ્રથમ અનુભૂતિ આંતર–મનોમય સ્વરૂપમાં ખુલ્લા થવાની હતી – ભ્રૂમધ્ય વચ્ચેનું કેન્દ્ર આંતર–મન, આંતર–દર્શન અને સંકલ્પનું કેન્દ્ર છે અને તમે જે વાદળી પ્રકાશ જોયો તે ઉચ્ચતર મનોમય ભૂમિકાનો, આધ્યાત્મિક મનનો હતો. આપણે એમ કહી શકીએ કે તે સામાન્ય માનવીની મનોમય બુદ્ધિથી ઊર્ધ્વતર રહેલો છે. આ ઊર્ધ્વતર મનમાં થતું ખુલ્લાપણું સામાન્ય મનોમય વિચારની નીરવતા સાથે આવે છે. આપણા સામાન્ય વિચારો આપણે જેને નાનકડું વિચાર-શીલ યંત્ર, મન કહીએ છીએ તેમાંથી ખરેખર ઉત્પન્ન થતાં નથી; હકીકતમાં તે એક બૃહદ્ મનોમય અવકાશ અથવા ઈથર યા તો મનોમય આંદોલનોદ્વારા અથવા મનોમય–બલદ્વારા આવે છે, જે આપણા વ્યકિતગત મનમાં સૂચક અર્થમાં આકાર ધરાવે છે અથવા આપણે તૈયાર થયેલી મનોમય-રચનાઓને સ્વીકારી લઈને આપણે તેમને આપણી પોતાની રચનાઓ કહીએ છીએ. આપણું બાહ્ય મન પ્રકૃતિની આ પ્રક્રિયા પ્રત્યે અંધ હોય છે; પરંતુ આંતર–મનની જાગૃતિથી

આપણે તેમના વિષે સજાગ બનીએ છીએ. તમે જે જોયું તે આ સતત મનોમય હુમલો પાછો ફરતો હતો અને વિચાર–સ્વરૂપોની પીછેહઠ હતી અને તે મનોમય પ્રકૃતિની વિશાળ સીમાની પેલે પાર ચાલ્યા જતા હતા. તમે આ ક્ષિતિજને તમારી પોતાની અંદર કોઈ જગાએ અનુભવી, પરંતુ તે બૃહત્તર અવકાશમાં હતી, જેને તમે તમારા ભ્રૂમધ્યની વચ્ચે તેના મર્યાદિત ક્ષેત્રમાં જોઈ, અને તેને તમે ભૌતિક ભૂમિકાથી ઘણી વિશાળ જગામાં અનુભવી. હકીકતમાં જોકે આંતર–મનોમય અવકાશમાં ક્ષિતિજો હોવા છતાં, તેઓ ક્ષિતિજોની પેલે પાર દૂર દૂર સુધી હોય છે અને અનંત હોય છે. આંતર–મન ઘણી વિશાળ વસ્તુ છે અને તે અનંતમાં વિસ્તાર પામે છે અને છેવટે વિશ્વરૂપ મનની સાથે તદ્રૂપ બને છે. જ્યારે આપણે સ્થૂલ મનની સાંકડી મર્યાદાઓને ભાંગી–તોડી નાખીને અંતરમાં નજર કરીએ છીએ અને આ વિશાળતાનો અનુભવ કરીએ છીએ ત્યારે છેવટે આ મનોમય આત્મ–પ્રદેશની વિશ્વમયતા અને અનંતતાને અનુભવી શકીએ છીએ. વિચારો મનોમય પુરુષનું સારતત્ત્વ નથી, તેઓ ફક્ત મનોમય પ્રકૃતિની સક્રિયતા છે; જો તે સક્રિયતા બંધ થઈ જાય તો જે વિચાર–મુક્ત અસ્તિત્વ દેખાય છે અને તેની જગાએ જે આવિર્ભાવ પામે છે, તે ખાલી જગા અથવા શૂન્યતા નથી હોતી, પરંતુ એવી કોઈ વસ્તુ હોય છે જે વાસ્તવિક, સાચી, સઘન વસ્તુ છે એમ આપણે કહી શકીએ – એક મનોમય પુરુષ હોય છે. તે પોતાની જાતનો વિસ્તાર કરે છે અને તેના પોતાના અસ્તિત્વનું નીરવ ક્ષેત્ર હોય છે અને તે ક્ષેત્ર અને તેના કાર્યનો સ્વામી હોય છે. કેટલાક લોકોને તે શૂન્યતા તરીકે અનુભવાય છે, પરંતુ એટલા માટે કે તેમનું નિરીક્ષણ તાલીમ વગરનું અને અપૂર્ણ હોય છે અને સક્રિયતાની ખામી તેમનામાં ખાલીપણાનો ભાવ ઉત્પન્ન કરે છે; એક શૂન્યતા ત્યાં હોય છે પરંતુ તે શૂન્યતા સામાન્ય સક્રિયતાની શૂન્યતા હોય છે, નહિકે અસ્તિત્વનું ખાલીપણું.

વિચારો પાછા હઠી જવાની અનુભૂતિ જે વારંવાર આવે છે, વિચારોની યાંત્રિક ક્રિયાઓનું અટકી જવું, અને તેની જગાએ મનોમય અવકાશનું સ્થાપન થવું, એ સામાન્ય વસ્તુ છે અને જે પ્રમાણે બનવું જોઈએ તે પ્રમાણે જ બને છે; કારણકે નીરવતા અને તેની માટેની શકિતનો ત્યાં સુધી વિકાસ થવો જોઈએ. જ્યાં સુધી માણસ પોતાની ઈચ્છા પ્રમાણે કરી શકે અથવા તો તેનું કાયમી સ્થાપન ન થાય ત્યાં સુધી થવો જોઈએ. કારણકે આ સામાન્ય યાંત્રિક મનોમયતાની નીરવતા જરૂરી છે, જેથી કરીને ઊર્ધ્વતર મનોમયતાનો આવિર્ભાવ થાય, તેનું અવતરણ થાય અને ક્રમિક રીતે કાલની અપૂર્ણ મનોમયતાનું તે સ્થાન લઈ શકે, અને તેમની સામાન્ય પ્રક્રિયાઓનું પોતાની વધારે પૂર્ણ રીતની ક્રિયાઓમાં રૂપાંતર કરી શકે. તમે

જ્યારે કાર્યમાં હો ત્યારે તેને આવવામાં મુશ્કેલી થાય છે તે ફક્ત શરૂઆતમાં જ બને – પછીથી જ્યારે તે વધારે પ્રમાણમાં સ્થિર થતી જાય ત્યારે માણસને અનુભવ થાય છે કે તે પોતે પોતાના જીવનની બધી ક્રિયાઓને ચાલુ રાખી શકે છે અને તેનામાં નીરવતા વ્યાપી રહે છે અથવા નીરવતા તેને સહાય કરે છે અને પશ્ચાદ્-ભૂમિકામાં હોય છે જ. નીરવતા પાછળ રહેલી હોય છે અને સપાટી ઉપરથી જરૂરી કામ થયા કરે છે અથવા નીરવતા એ આપણું વિશાળ આત્મ-તત્ત્વ છે અને તેની અંદર કોઈ જગાએ સક્રિય શકિત પ્રકૃતિના કાર્યો કરે છે અને તમારી નીરવતાને ખલેલ પહોંચાડતી નથી. એટલે જ્યારે આ અનુભૂતિ તમારી મુલાકાત લે ત્યારે તમે કાર્યને મુલતવી રાખો તે બરાબર છે – આ આંતરિક નીરવ ચેતનાનો વિકાસ ટૂંકા ગાળા માટે કાર્યમાં વિરામ લેવા માટે પૂરતા પ્રમાણમાં ન્યાયી છે અને અગત્યનું છે.

બીજી બે અનુભૂતિઓના પ્રસંગમાં તેનાથી ઊલટી જ વસ્તુ છે. તમારે તમને થયેલ સ્વપ્નોની અનુભૂતિમાં તમારા જાગ્રત અવસ્થાના કલાકોને ન રોકવા જોઈએ અને તમારી ચેતનાને અંદર ન ખેંચી રાખવી જોઈએ; તેણે તેના સ્વપ્નોના કલાકો નિદ્રા દરમિયાન જ કાર્યમાં રોકી રાખવા જોઈએ. તે ઉપરાંત અંતરાત્મા અને બહાર રહેલો "હું" વચ્ચેની દીવાલ તોડવા માટે કોઈ ધસારો ન કરવો જોઈએ કે કોઈ દબાણ ન મૂકવું જોઈએ – તે બન્નેનું મિશ્રણ વૃદ્ધિ પામતી ચેતનાના આંતર–કાર્યદ્વારા પોતાના સ્વાભાવિક સમય પ્રમાણે ચાલવા દેવું જોઈએ. તે પ્રમાણે કેમ થવું જોઈએ એ હું તમને બીજા પત્રમાં સમજાવીશ.

*

તમારી બીજી અનુભૂતિ એ નિદ્રા દરમિયાન તમારા આંતર-સ્વરૂપની જાગૃતિની પ્રથમ ગતિ છે. સામાન્ય રીતે માણસ જ્યારે ઊંઘમાં હોય છે ત્યારે એક જટિલ ઘટના બને છે. જાગૃત ચેતના ત્યાં હોતી નથી; કારણકે સર્વ વસ્તુઓ અંદરના પ્રદેશોમાં પાછી હઠી ગઈ હોય છે. જેના વિષે આપણે જાગ્રત હોઈએ ત્યારે સભાન હોતા નથી, જોકે તેઓ અસ્તિત્વ ધરાવે છે; કારણકે તે સમયે બહુ જ જાગ્રત મન દ્વારા એક પરદા પાછળ મૂકવામાં આવે છે અને બાહ્ય સ્વરૂપ સિવાય બીજું કાંઈ પણ બાકી રહેતું નથી – ઘણું ખરું એવી રીતે બને છે જેવી રીતે સૂર્યના પ્રકાશના પરદા પાછળ તારાઓના જગતો આપણી પાછળ ઢાંકી દેવામાં આવે છે. નિદ્રા એ અંદર જવાની ક્રિયા છે, જેમાં બાહ્ય સપાટી ઉપરનું સ્વરૂપ અને બાહ્ય જગત આપણી ઈન્દ્રિયો અને દર્શનની બહાર રહે છે. પરંતુ સામાન્ય નિદ્રામાં આપણે આપણી અંદર રહેલા જગતો વિષે સભાન બનતા નથી; આપણું સ્વરૂપ એક

ઊંડા અવચેતનમાં ડૂબી ગયું હોય તેવું લાગે છે. આ અવચેતનની સપાટી ઉપર એક તમોમય સ્તર તરતો હોય છે, જેમાં સ્વપ્નાંઓ પોતાનું સ્થાન લે છે, એમ આપણને લાગે છે, પરંતુ સાચી રીતે એમ કહેવાય કે તેમની નોંધ લેવાઈ જાય છે. જ્યારે આપણે ઘણી ગાઢ નિદ્રામાં હોઈએ છીએ, ત્યારે આપણને એવું લાગે છે કે તે સ્વપ્નવિહીન ઊંઘ છે; પરંતુ હકીકતમાં સ્વપ્નાં ચાલ્યા કરે છે પરંતુ તેઓ પોતે ઘણા ઊંડાણમાં હોય છે જે નોંધ કરનાર સપાટી સુધી પહોંચતા નથી અને ભૂલાઈ જાય છે; તેઓનું અસ્તિત્વ હતું તેની સ્મૃતિ જાગૃત ચેતનાના વચ-ગાળાના સમયમાં ભૂંસાઈ જાય છે. સામાન્યતયા સ્વપ્નો ઘણે ભાગે અવ્યવસ્થિત લાગે છે, કારણકે તેઓ યા તો અવચેતન દ્વારા ઊંડાણમાં પડેલી છાપો તેમાં રહેલી હોય છે, તેમાંથી આપણા ભૂતકાળની આંતર અથવા બાહ્ય જીવન સાથે ગૂંથાયેલા હોય છે અને એક હાસ્યાસ્પદ રીતે ગૂંથાયેલા હોય છે જેની કોઈ પણ ચાવી જાગૃત મનની સ્મૃતિમાં સહેલાઈથી આવી શકતી નથી અથવા તે ટુકડાઓની નોંધ હોય છે, ઘણે ભાગે વિકૃત હોય છે. તે અનુભૂતિઓ નિદ્રાના પરદાની પાછળ ચાલી ગઈ હોય છે – અને ઘણે ભાગે બન્ને તત્ત્વોનું મિશ્રણ થઈ જાય છે, કારણકે હકીકતમાં આપણી ચેતનાનો ઘણો મોટો ભાગ નિદ્રા દરમ્યાન અવચેતન અવસ્થામાં ડૂબી જતો નથી. તે પરદા પાછળ સ્વરૂપની અન્ય ભૂમિકાઓમાં ચાલ્યો જાય છે અને તે ભૂમિકાઓ આપણી આંતર–ભૂમિકાઓ સાથે સંકળાયેલી હોય છે, એવી ભૂમિકાઓ જે અતિભૌતિક હોય છે, એક વિશાળતર પ્રાણ, મન અને ચૈતસિક ભૂમિકાઓના જગતો, જે તેમની પાછળ રહેલા હોય છે. તેમનો પ્રભાવ આપણી જાણ બહાર આપણી ઉપર પડે છે. પ્રસંગોપાત્ત આપણને આવી ભૂમિકામાંથી કોઈ સ્વપ્ન આવે છે, સ્વપ્ન કરતાં કોઈક જુદી જ વસ્તુ – એવી સ્વપ્નની અનુભૂતિ જે એક સીધી નોંધ હોય છે અથવા આપણી સાથે શું બને છે અથવા તેની આસપાસ કઈ વસ્તુ રહેલી છે તેનું પ્રતીક હોય છે. જેમ જેમ સાધના દ્વારા આંતર–ચેતના વિકાસ પામે છે, તેમ તેમ આ સ્વપ્ન–અનુભૂતિઓ સંખ્યામાં, સ્પષ્ટતામાં, એકસૂત્રતામાં તથા ચોકસાઈમાં વિકાસ પામતી જાય છે અને અનુભૂતિ અને ચેતનાના અમુક વિકાસ પછી જો આપણે નિરીક્ષણ કરીએ તો આપણે તેમને સમજી શકીએ છીએ તથા આપણા આંતર–જીવન માટે તેઓ શું સૂચવે છે તેની પણ આપણને સમજ પડે છે. આપણે તાલીમ દ્વારા તેમને વિષે એટલા સભાન પણ બનીએ છીએ કે આપણા માર્ગનું અનુસરણ કરીએ છીએ, જે માર્ગ સામાન્ય રીતે આપણી સભાનતા અને સ્મૃતિથી ઢંકાયેલું હોય છે અને આપણે ઘણા પ્રદેશો મારફતે પસાર થઈએ છીએ તેમ જ આપણી જાગૃત અવસ્થા તરફ

પાછા ફરીએ છીએ. આ આંતર–જાગૃતિના અમુક બિંદુએ આવા પ્રકારની નિદ્રા, અનુભૂતિઓની નિદ્રા, સામાન્ય અવચેતન નિદ્રાનું સ્થાન લે છે.

અલબત્ત, એક આંતર–સ્વરૂપ અથવા ચેતના અથવા આંતર–આત્માની કોઈ વસ્તુ આ રીતનો વિકાસ સાધે છે, નહિકે સામાન્ય રીતે નિદ્રાના બુરખાની પાછળ, પરંતુ નિદ્રામાં પણ વિકાસ સાધે છે. તમે જે પરિસ્થિતિનું વર્ણન કરો છો, તેમાં તે નિદ્રામાં અને સ્વપ્નમાં સજાગ બનતી જાય છે અને તે બધાનું અવલોકન કરે છે – પરંતુ હજુ સુધી તે આગળ જતી નથી – સિવાય કે તમારા સ્વપ્નોના પ્રકારમાં કોઈ એવી વસ્તુ હોય જે તમારાથી અલગ પડી ગઈ હોય. પરંતુ તે તમારી સપાટી ઉપરની ચેતના માટે પૂરતા પ્રમાણમાં જાગૃત છે અને આ સ્થિતિને સ્મૃતિમાં રાખે છે એટલે કે તેની નોંધને ગ્રહણ કરે છે અને રાખે છે, ભલે પછી તે સ્વપ્ન–સ્થિતિમાંથી જાગૃત સ્થિતિમાં પસાર થતી વખતે પણ રાખી શકે છે, જેનો સામાન્યતયા સર્વ રીતે સ્મૃતિનાશ થાય છે, પરંતુ નિદ્રા દરમ્યાન બનેલી હકીકતોના ટૂકડાઓની નોંધ રહે છે. જાગૃત ચેતના અને આ ચેતના જે નિદ્રા સમય દરમિયાન સભાન હોય છે તે બન્ને એક જ ચેતના નથી. એ બાબતમાં તમે સાચા છો – તે સ્વરૂપના ભિન્ન અંશો છે.

જ્યારે આંતર–નિદ્રાની ચેતનાનો વિકાસ શરૂ થાય છે ત્યારે એક અંદર જવાનું ખેંચાણ થાય છે અને થાકયા હોઈએ ત્યારે અથવા નિદ્રાની જરૂર હોય ત્યારે પણ વિકાસ થાય છે. બીજું કારણ તે આ ખેંચાણને સહાયરૂપ થાય છે. સામાન્ય રીતે આંતર-સ્વરૂપનો પ્રાણમય ભાગ નિદ્રા દરમિયાન જાગૃત થાય છે અને પ્રથમના સ્વપ્નોની અનુભૂતિઓ (સામાન્ય સ્વપ્નો વિરુદ્ધની) સામાન્ય રીતે મોટી સંખ્યામાં પ્રાણમય ભૂમિકાનાં સ્વપ્નો હોય છે. અતિભૌતિક જીવનનું જગત જેમાં ઘણી વિવિધતા અને રસ હોય છે, તેમાં ઘણા પ્રદેશો હોય છે, પ્રકાશિત અને તમોગ્રસ્ત, સુંદર અને ભયંકર, ઘણી વખત ખૂબ આકર્ષક, ત્યાં આપણને આપણી પ્રકૃતિના ગુપ્ત ભાગો તેમ જ પરદા પાછળ બનતી ઘણી ઘટનાઓ વિષે ઘણું જ્ઞાન મળે છે અને આ વસ્તુઓ આપણી પ્રકૃતિના જુદા જુદા ભાગોના વિકાસ માટે ઘણી જરૂરી હોય છે. આપણી અંદર રહેલો પ્રાણમય પુરુષ ત્યાર પછી અનુભૂતિઓના આ સ્તર તરફ ઘણો આકર્ષાય છે, તેમાં તેને વધારે રહેવાની ઈચ્છા થાય છે અને બાહ્ય જીવનમાં રહેવું ઓછું ગમે છે. નિદ્રામાં પડવાની ઈચ્છા સાથે તે રસપ્રદ અને આકર્ષક પ્રદેશમાં જવાની ઈચ્છાનું કારણ પણ આ વસ્તુ હોઈ શકે. પરંતુ જાગૃત અવસ્થાના સમયમાં આ વસ્તુને ઉત્સાહ ન આપવો જોઈએ, જ્યાં તેને તેનું સ્વાભાવિક ક્ષેત્ર મળે; નહિતો એક એવી અસમતુલા થાય, એક એવું વલણ

જેમાં અતિભૌતિક પ્રદેશોના દર્શનમાં જીવન ધારણ કરવાનું વલણ હદબહારનું ઉત્પન્ન થાય અને બાહ્ય વાસ્તવિકતા ઉપરનો કાબુ ઓછો થતો જાય. આ વસ્તુઓનું જ્ઞાન, આંતર–પ્રકૃતિના આ ક્ષેત્રોમાં આપણી ચેતનાનો વિસ્તાર ઘણો ઇચ્છનીય છે; પરંતુ તેની પોતાની જગાએ અને તેની મર્યાદાઓમાં તેને રાખવું જોઈએ.

*

મારા છેલ્લા પત્રમાં તમારી ત્રીજી અનુભૂતિની સમજૂતિ મુલતવી રાખી હતી. તમને જેનો સ્પર્શ થયો છે તે તમારો આત્મા છે, નહિકે ઊર્ધ્વમાં રહેલો અજન્મા આત્મા જે ઉપનિષદોનો આત્મા છે, કારણકે તે વિચારશીલ મનની નીરવતા મારફતે ભિન્ન રીતે અનુભવાય છે, પરંતુ તમારો અંતરાત્મા છે, તમારો ચૈત્ય પુરુષ જે તમારા આંતર મનોમય, પ્રાણમય અને શારીરિક સ્વરૂપોને ટેકો આપે છે, જેને વિષે મેં તમને કહેલું છે. પૂર્ણ જ્ઞાનના શોધક માટે એક એવો સમય આવવો જોઈએ, જ્યારે તે આ બે જગતોમાં સભાન રીતે જીવન અનુભવતો હોય, એકી વખતે બે ચેતનાઓમાં, એક જ અસ્તિત્વના બે ભાગો વિષે. અત્યારે તે બાહ્ય આત્મામાં જીવન ધારણ કરે છે, પરંતુ તે વધારે અને વધારે અંતરમાં જતો જાય છે. જ્યારે આ સ્થિતિ ઊલટી જ બનશે અને તે પોતાની નવીન આંતર–ચેતનામાં, અંતરાત્મામાં જીવન ધારણ કરતો થશે અને બાહ્ય જીવનને એવી રીતે અનુભવશે, જાણેકે તે કોઈ બાહ્ય સપાટી ઉપર જીવન ધારણ કરતો હોય અને તે વસ્તુની રચના ભૌતિક જીવનમાં અંતરાત્માની આત્મ–અભિવ્યકિત માટે કરણરૂપ વ્યકિતત્વ હોય ત્યાર પછી એક અંતરમાં રહેલી શકિત બાહ્ય જીવન ઉપર કાર્ય કરે છે જેથી કરીને તે એક નમનીય સચેતન કરણ બને જેથી છેવટે આંતર તેમ જ બાહ્ય ચેતનાઓ બન્ને એક જ બની જાય. તમને જે આડદીવાલ લાગે છે તે અહંકારની દીવાલ છે જેનો પાયો પોતાની જાતને બાહ્ય વ્યકિતતા સાથે તથા તેની ગતિઓ સાથે તદ્રૂપ બનાવવાથી રચાય છે. આવી તદ્રૂપતા મર્યાદા અને ગુલામીની ચાવી છે જેમાંથી બાહ્ય સ્વરૂપ સહન કરે છે અને તે વિશાળતા, આત્મજ્ઞાન અને આધ્યાત્મિક મુકિતને અટકાવે છે. પરંતુ તેમ છતાં આ દીવાલ પરિપકવ થાય તે પહેલાં ન તોડવી જોઈએ; કારણકે તે વસ્તુ બે અલગ અલગ જગતો સંવાદયુક્ત બનવા તૈયાર થાય તે પહેલાં કોઈ પણ એક ભાગ બીજા ભાગ ઉપર હુમલો લાવીને તેમાં વિખવાદ ઊભો થાય. થોડા સમય માટે બન્ને ભાગો અલગ રહે તે જરૂરી છે અને વ્યકિત જ્યારે સ્વરૂપના બન્ને ભાગો વિષે સભાન બને ત્યારે જ તે એક સાથે અસ્તિત્વ ધરાવે છે. યોગના બલને જરૂરી અનુકૂળતાઓ અને ખુલ્લાપણાંઓ માટે પૂરતો સમય આપવો જોઈએ અને સ્વરૂપને અંદર લઈ જઈને પછી અંદરની સમતુલામાંથી બાહ્ય પ્રકૃતિ ઉપર કાર્ય કરવાનો સમય મળવો જોઈએ.

આનો અર્થ એવો નથી કે માણસે પોતાની ચેતનાને ભીતરમાં ન જવા દેવી જોઈએ અને તે પોતાના સ્વરૂપોના આંતર-જગતમાં બને તેટલી ઝડપથી રહેતી થાય અને ત્યાંથી બધું નવીન ન જોયા કરે. તે આંતર–ગમન ઘણું ઈચ્છનીય છે અને જરૂરી પણ છે અને તે દર્શનનો ફેરફાર પણ જરૂરી છે. હું ફક્ત એટલું જ કહેવા માગું છું કે બધું સ્વાભાવિક ગતિથી ઉતાવળ વગર બનવું જોઈએ. અંતરમાં જવાની ગતિ ઝડપી રીતે પણ આવી શકે, પરંતુ તેની પછીથી પણ અહંકારની દીવાલનો કેટલોક ભાગ ત્યાં રહેશે અને તેને સ્થિરતાથી અને ધીરે ધીરે ક્રમશઃ એવી રીતે તોડવો જોઈએ જેથી તેમાંનો કોઈ એક પણ પથ્થર બાકી ન રહી જાય. મેં જે ચેતવણી આપી છે કે નિદ્રાના જગતે જાગૃત ચેતના ઉપર કબજો ન જમાવવો જોઈએ તે ફક્ત એટલાપૂરતું જ મર્યાદિત છે અને જાગ્રત એકાગ્રના અને સામાન્ય જાગૃત ચેતના ઉપર પેલી ઉપરની આંતર–ગતિને લાગુ પડતી નથી. જાગૃત ચેતનાની ગતિ છેવટે આપણને અંતરાત્મામાં લઈ જાય છે અને તે અંતરાત્માદ્વારા આપણે અતિભૌતિક જગતોના સંપર્કમાં અને જ્ઞાનમાં આવીએ છીએ, પરંતુ આ જ્ઞાન અને સંપર્ક સાથે તમે અતિશય વ્યસ્ત રહો એ જરૂરી નથી અને તે આંતર–જગતના સત્ત્વો અને બલોના સંપર્કમાં રહેવું અતિશય જરૂરી નથી. નિદ્રા દરમિયાન આપણે આવા જગતોમાં પ્રવેશ પામીએ છીએ અને જો નિદ્રા દરમિયાન રહેલી ચેતનામાં અતિશય આકર્ષણ રહે અને તે જાગૃત ચેતના ઉપર કબજો રાખે તો ત્યાં જોખમ રહેલું છે અને એટલા માટે આ અતિશય વધારે વ્યસ્તતા અને અસરનું જોખમ છે.

એ બિલકુલ સાચું છે કે એક આંતર–વિશુદ્ધિ અને સચ્ચાઈ, જેમાં વ્યકિત ઊર્ધ્વતર પ્રકાશદ્વારા પ્રેરિત થાય છે, તે અંતરાલ અવસ્થાઓની લાલચ સામે સૌથી ઉત્તમ સહીસલામતી છે. તે વસ્તુ ચૈત્ય પુરુષ જાગૃત થઈને અગ્રભાગે આવે ત્યાં સુધી માણસને સાચા માર્ગ ઉપર રાખે છે અને આડમાર્ગે જવામાંથી બચાવે છે અને એક વખત તે પ્રમાણે બને પછી કોઈ જોખમ રહેતું નથી. આ વિશુદ્ધિ અને સચ્ચાઇ ઉપરાંત જો મન સ્વચ્છ હોય અને તેનામાં વિવેકબુદ્ધિ હોય તો શરૂઆતની અવસ્થામાં તેની સુરક્ષામાં વૃદ્ધિ કરે છે. મારે પૂર્ણ રીતે તથા ચોક્કસ રીતની લાલચો અથવા ખેંચાણ આવે છે તેનું વર્ણન કરવું જોઈએ એમ હું ધારતો નથી. આવા વિરોધી બલો ઉપર ધ્યાન આપવું અને તેમને બોલાવવા નહિ એ વધારે સારું છે; કારણકે તેની જરૂર નથી. હું ધારું છું કે તમે મહાન જોખમી લાલચોદ્વારા ખેંચાઈને આ માર્ગમાંથી પતન પામો એવા નથી. નાની નાની અગવડો જે અંતરાલ સ્થિતિમાં આવે છે તેઓ જોખમી હોતી નથી અને માણસમાં જ્યારે

ચેતના, વિવેકશક્તિ અને સાચી અનુભૂતિનો વિકાસ થાય ત્યારે સહેલાઈથી નિવારી શકાય છે.

મેં કહ્યું તે પ્રમાણે આંતરિક ખેંચાણ, અંદર તરફ જવાનું ખેંચાણ અનિચ્છનીય નથી અને તેને અટકાવવાની જરૂર નથી. એક વિશિષ્ટ તબક્કામાંથી તેની સાથે પુષ્કળ દર્શનો આવે છે; કારણકે આંતર-દષ્ટિનો વિકાસ થાય છે જે એવી વસ્તુઓ જુએ છે જે અસ્તિત્વની એક ભૂમિકાઓમાં આવેલી હોય છે. તે એક કીમતી શકિત હોય છે જે સાધનામાં ઘણી ઉપયોગી છે અને તેનો ઉત્સાહ ઓછો ન કરવો જોઈએ. પરંતુ વ્યકિતએ જોવું જોઈએ અને આસકિત વગર નિરીક્ષણ કરવું જોઈએ તથા મુખ્ય લક્ષ્યને કાયમ નજર સમક્ષ રાખવું જોઈએ – અંતરાત્માનો સાક્ષાત્કાર તથા પરમાત્માનો સાક્ષાત્કાર – આ બધી વસ્તુઓને ચેતનાને અનુરૂપ તથા મદદરૂપ ગણવી જોઈએ, નહિકે તેમનું પોતાના લક્ષ્યો તરીકે અનુસરણ કરવાનું. એક વિવેક-શીલ મન પણ હોવું જોઈએ જે વસ્તુને તેની યોગ્ય જગાએ મૂકે છે અને તેના ક્ષેત્રને અને પ્રકૃતિને સમજવા માટે અટકી શકે છે. કેટલાક લોકો એવા હોય છે જેઓ આ ગૌણ અનુભૂતિઓની પાછળ એટલા બધા આતુર હોય છે કે ભિન્ન ભિન્ન જાતની વાસ્તવિક હકીકતો વચ્ચે સાચા વિવેક તથા ભેદનો ખ્યાલ બિલકુલ ભૂલી જાય છે. જે કોઈ વસ્તુ આ અનુભૂતિઓમાં બને છે તે બધીને સાચી માનવાની જરૂર નથી – વ્યકિતએ વિવેકબુદ્ધિ રાખવી જોઈએ. કોઈ મનોમય રચના છે અથવા સ્વલક્ષી રચના છે અને કઈ સાચી વસ્તુ છે અને કઈ મનોમય અથવા પ્રાણમય ભૂમિકામાંથી આવતી વસ્તુઓ છે અથવા કઈ વસ્તુની ત્યાં વાસ્તવિકતા રહેલી છે અને કઈ વસ્તુ આંતર-સાધના અથવા બાહ્ય જીવન માટે કિંમતી અને મદદરૂપ છે તે જોવું જોઈએ.

*

'ક્ષ'ની અનુભૂતિઓ એવી છે જે સામાન્ય રીતે બાહ્ય ચેતનામાંથી પાછી હઠીને આંતર-ભૂમિકામાં જાય છે. પ્રથમ અનુભૂતિમાં જે ઠંડકની લાગણી થઈ તે એક નિશાની છે – 'ય'ની અનુભૂતિ જડતા 'અને' અક્કડતા આવી – તેમાં ચેતના બાહ્ય અથવા શારીરિક કોશમાંથી પાછી હઠતી જાય છે અને આંતર-પ્રદેશમાં રહેતી થાય છે. જે સ્ફટિકો બનવાની અનુભૂતિ થઈ, તે એવું સ્વરૂપ હતું, જેમાં તેને આંતર-ચેતનાની સંગઠિતતાની અનુભૂતિ થઈ, તે ચેતના મક્કમપણે અને મુક્ત રીતે ઝડપથી ઊર્ધ્વમાંથી ગ્રહણ કરી શકે છે. સ્ફટિકો તાત્કાલિક વ્યવસ્થિત રચનાઓનું સૂચન કરે છે અને એક મક્કમ પારદર્શિતામાં મહત્તર દર્શન અને અનુભૂતિ ઊર્ધ્વતર ભૂમિકાઓ ઉપરથી સ્પષ્ટ રીતે પ્રતિબિંબિત થઈ શકે છે.

બીજી અનુભૂતિ વિષે કહેવાનું કે તેની જાગૃત ચેતનાનો તેણે ઈનકાર કર્યો. તેણે પોતાની જાતને આંતર-સચેતનામાં ફેંકયો. તેમાં તેને અતિભૌતિક ભૂમિકાઓ સાથે સંપર્કમાં આવવાની શરૂઆત થઈ. લાલ રંગનો દરિયો અને તારાઓનો અર્થ તે લાલ રંગના પ્રકાર ઉપર આધાર રાખે છે. જો તે કીરમજી રંગ હોય તો તેણે જે સમુદ્ર જોયો તે શારીરિક ચેતનાનો અને શારીરિક જીવનનો સમુદ્ર હતો, કારણકે તે તેના પ્રતીકાત્મક દર્શન પ્રમાણેની રજૂઆત હતી; જો તે જાંબુડિયો લાલ રંગ હોય, તો તે પ્રાણમય ચેતના અને પ્રાણમય જીવન-શકિતનો સમુદ્ર હતો; કદાચ તેણે માતાજીની હાજરીને ન અટકાવી હોત તો વધારે સારું હોત – કદાચ જો તે હાજરીને પોતાની સાથે આંતર-ભૂમિકાઓમાં લઈ જઈ શકયો હોત, તો તેને ભીતિ પામવાનો પ્રસંગ ઉપસ્થિત ન થયો હોત.

કોઈ પણ રીતે જો તેને આંતર-ચેતનામાં જવાની ઈચ્છા હોય અને આંતરિક ભૂમિકાઓમાં ગતિ કરવી હોય – તો તેના ધ્યાન દરમિયાન જાગ્રત ચેતનાને બંધ કરી દે તો તે અનિવાર્ય રીતે બને – તો તેણે ભયને ફેંકી દેવો જોઈએ. કદાચ તેણે ગીતાના સૂચનોના અનુસરણદ્વારા દિવ્ય ચેતનાનો સ્પર્શ અથવા નીરવતા પ્રાપ્ત કરવાની અપેક્ષા રાખી હોય. પરંતુ નીરવતા અથવા દિવ્ય ચેતનાનો સ્પર્શ એટલા જ પ્રમાણમાં અથવા વધારે સહેલાઈથી જાગૃત ધ્યાનદ્વારા તથા માતાજીની હાજરી-દ્વારા અને ઊર્ધ્વમાંથી આવતા અવતરણદ્વારા સહેલાઈથી પ્રાપ્ત થઈ શકે છે. તેમ છતાં આંતરિક ગતિ અનિવાર્ય છે અને તેણે તેને સમજવા પ્રયત્ન કરવો જોઈએ અને તેમાંથી પાછા હઠયા સિવાય અથવા ડર વગર માતાજી તરફ તે જ પ્રકારનાં વિશ્વાસ અને શ્રદ્ધાથી જવું જોઈએ, જે રીતે તે જાગૃત ધ્યાનમાં જાય છે. તેમાં સ્વપ્નો અલબત્ત આંતર (પ્રાણમય) ભૂમિકાની અનુભૂતિઓ હોય છે. મેં જે 'ય'ને આપેલી સમજૂતિ છે તેને ફરી આપવાની જરૂર નથી.

નોંધ :– મહાદેવની પ્રતિમા વિષે તો એવો અર્થ હોઈ શકે કે કોઈક (આ જગતની વ્યકિત અલબત્ત નહિ) તેને ખોટે માર્ગે દોરવાની ઈચ્છા રાખતું હતું અને તે જે મહાન સત્યની શોધ કરી રહેલ છે તેના સ્વરૂપ સાથે વધારે સંકુચિત પ્રણાલિગત રૂપની સાથે મિશ્રણ કરવા ઈચ્છતું હતું.

*

તમને જે વસ્તુઓની અનુભૂતિ થાય છે તે હકીકતને લઈને કે તમારી ચેતના અંદર જાય છે તેથી ભૌતિક વસ્તુઓ વિષે તેવી લાગણી થાય છે જાણેકે તે ઘણે દૂર હોય. તે જ ઘટના જયારે વ્યકિત બીજી ભૂમિકાઓમાં જાય ત્યારે પણ બની

શકે છે. અને ભૌતિક વસ્તુઓને ત્યાંથી જુએ છે, પરંતુ તમારી સાથે કદાચ પહેલી વસ્તુ બનતી હોય તેવું લાગે છે. જ્યારે વ્યકિત પૂર્ણ રીતે અંદર જાય છે ત્યારે ભૌતિક વસ્તુઓ અદૃશ્ય થઈ જાય છે, જ્યારે કોઈ સંબંધ રાખવામાં આવે છે ત્યારે તેઓ દૂરની હોય એવું લાગે છે. પરંતુ આ વચગાળાનો ફેરફાર લાગે છે, પછીથી તમે બે ચેતનાઓ એકી સાથે રાખી શકશો, તમે તમારી જાતના કોઈ એક ભાગમાં ચૈતસિક ચેતનામાં રહેતા થશો અને તેમાં ચૈત્ય પુરુષની અને પ્રકૃતિની બધી જ અનુભૂતિઓ અને સક્રિયતાઓમાં રહેતા થશો અને તેમ છતાં તમારું સપાટી ઉપરનું સ્વરૂપ ભૌતિક વસ્તુઓમાં પણ પૂર્ણ જાગૃત અને સક્રિય રહેશે અને સાથે સાથે તેમાં ચૈતસિક સહાય અને અસર તમારા બાહ્ય કર્મની પાછળ રહેતી થશે.

*

એ સ્પષ્ટ છે કે તમે સૂક્ષ્મ જગતમાં અને નહિ કે શારીરિક જગતમાં ગતિ કરો છો; એ વસ્તુઓની જુદી ગોઠવણી હોય છે તેનાથી તે સ્પષ્ટ થાય છે; પરંતુ એવી વિગતો કે ત્રીજો હાથ અને પુસ્તકમાં મૂકેલી નિશાની (Page-mark) ખસેડી લેવામાં આવ્યા હતા છતાં ત્યાં હતા એ દર્શાવે છે કે એ ભૌતિક જગતની ઘણી નજીકનું સૂક્ષ્મ જગત છે; તે યા તો સૂક્ષ્મ શારીરિક જગત છે અથવા ઘણું ભૌતિક પ્રાણમય પ્રદેશ છે. બધા જ સૂક્ષ્મ પ્રદેશોમાં ભૌતિક વસ્તુઓ ફેરફાર સાથે ફરીથી ઉત્પન્ન થાય છે અને વ્યકિત જેમ જેમ દૂર જાય તેમ તેમ આ ફેરફાર વધારે મુક્ત પ્રમાણમાં અને સ્થિતિસ્થાપક બનતો જાય છે. એવી વિગતો જેમાં પંગુપણું છે તે એ જ વસ્તુ દર્શાવે છે – શારીરિકનો કાબુ ત્યાં પણ છે. ભૌતિક જગતમાં ગતિ કરવી શકય છે, પરંતુ સામાન્ય રીતે બીજા શારીરિક પ્રાણીઓના વાતાવરણ ઉપર આધાર રાખીને જ બની શકે છે જેથી કરીને રૂપનું વધારે મજબુત ઘનીભૂતપણું બની શકે – જ્યારે તે વસ્તુ બને ત્યારે વ્યકિત તેમનામાં હરે ફરે છે, તેમને જુએ છે અને ભૌતિક જગતમાં તે જ સમયે જે પ્રકારની પરિસ્થિતિઓ હોય છે તે પ્રમાણે જ બને છે અને જો વ્યકિત પોતાના શરીરમાં તાત્કાલિક પાછી ફરે (જે સામાન્ય રીતે તેમાં પ્રવેશ પામવાની સમગ્ર પ્રક્રિયાની સ્પષ્ટ ચેતના સાથે બની શકે છે) અને તેની ચોક્કસતાની ખાતરી કરે તો તે સમયે બરાબર તે જ રીતનું હોય છે અને વ્યકિત તે દૃશ્યમાં બરાબર સ્થૂલ શરીરમાં પણ હરી ફરી શકે છે; પરંતુ આ પ્રમાણે ભાગ્યે જ બને છે; સૂક્ષ્મ રખડપટ્ટી તેનાથી ઊલટી રીતની વારંવાર બનતી ઘટના હોય છે. જ્યારે તે ભૌતિક જગતની ખૂબ નજિક હોય છે ત્યારે બધું ખૂબ સ્થૂલ અને સઘન હોય છે અને જે શારીરિક ટેવો અને સ્થૂલ મનોમય ગતિઓ હોય છે તેમનો સંપર્ક સૂક્ષ્મ ઘટનાઓ સાથે ઘણો નજિકનો હોય છે.

*

તે અંશતઃ બહિર્નિગમન હતું. ચેતનાનો અમુક અંશ તમે જે દૃશ્ય તથા પરિસ્થિતિઓ વર્ણવી તેને જોવા માટે બહાર નીકળ્યો અને બાકીની ચેતના શરીરમાં રહી અને સામાન્ય સંજોગો વિષે તે અંશ સભાન હતો અને બીજી ચેતનાને જે અનુભૂતિ થતી હતી તેની સાથે વ્યવહાર અથવા પરોક્ષ રીતે ચેતના ભાગ લેતી હતી. આ વસ્તુ બિલકુલ શક્ય છે અને તેને માટે કોઈ પણ પ્રકારની સમાધિની અથવા બાહ્ય ચેતનાની લુપ્ત થવાની જરૂર નથી. આવી અનુભૂતિના કારણ માટે કહેવાનું કે તેનો આધાર વ્યકિતની પોતાની સામાન્ય મનોમય અથવા બીજા કોઈ પણ પ્રકારના રસની જરૂર નથી. આવી અનુભૂતિના કારણ માટે કહેવાનું કે તેનો આધાર વ્યકિતની પોતાની સામાન્ય મનોમય અથવા બીજા કોઈ પણ પ્રકારના રસની જરૂર નથી; તે કોઈ માણસના એક પ્રકારના આકર્ષણ અથવા સ્પર્શદ્વારા બની આવે છે જે તે દૃશ્યમાં હાજર હોય છે અને જેને કોઈક પ્રકારની અનુભૂતિ, ટેકો અથવા સહાયની જરૂર હોય છે. તે જરૂર એટલી બધી સમર્થ હોય છે કે તે એક પ્રકારના પુકારનું સ્વરૂપ લે છે; ઘણે ભાગે તે એવી કોઈ વ્યક્તિ પાસેથી આવે છે જે બિલકુલ અજાણી વ્યકિત હોય છે અને જેને તે પુકારનો સ્પર્શ થાય છે, તેના ઉપર તેનો આધાર રહે છે, કારણકે તે માણસ તે વખતે ખુલ્લો હતો અને તે આંદોલનને ગ્રહણ કરે છે અને તેમના પ્રત્યુત્તર આપવાની તેનામાં શકિત હોય છે. સામાન્ય રીતે તે પુકાર કરનાર માણસની એક પ્રકારની ચેતના સાથેની તદ્રૂપતા હોય છે જેથી કરીને વ્યકિત આજુબાજુના સંજોગો અને જે વસ્તુઓ તેની મારફત બને છે તે જોઈ શકે છે. તે સમયે શારીરિક ચેતના આવા સંજોગોમાં શિથિલ બને છે. આ વસ્તુ ઉપર વિજય પ્રાપ્ત કરવો જોઈએ; જેમ જેમ આંતર મનોમય, પ્રાણમય અને શારીરિક ચેતના ગાઢ શારીરિક પરદાની પાછળ રહેલી વસ્તુઓ પ્રત્યે ખુલ્લી થાય છે તેમ તેમ એવી અનુભૂતિઓ બને જે સ્થૂલ મન માટે ઘણી વિચિત્ર લાગે અને આવી વસ્તુઓથી તેનું વલણ શંકાશીલ બને છે તથા નાડીતંત્રનું શિથિલીકરણ ન બનવું જોઈએ. તેણે ભયંકર વસ્તુઓનો સામનો કરતાં પણ શીખવું જોઈએ અને ડરવું ન જોઈએ.

નેત્રો માટે તે અનુભૂતિએ પોતાની પકડ રાખેલી અને એવી અપેક્ષા પણ નહિ રાખેલી કે તે વસ્તુ એક સાથે તાત્કાલિક અદૃશ્ય થઈ જવી જોઈએ. આ વસ્તુઓ ટકી રહેવા માટે પ્રયત્ન કરે છે, પરંતુ જો ઇનકાર દૃઢ રીતનો હોય અને ફેરફાર ન પામે તો તેઓ થોડા સમય પછી ઝાંખી પડી જાય છે અને અટકી જાય છે. આનંદનો તીવ્રતાનો ઘટાડો એ અત્યારે એવી નિશાની છે કે ઇનકારની પોતાની

અસર થાય છે. તમારે ફક્ત ખંત રાખવાની જરૂર છે અને થોડા સમય પછી પ્રાણમય ચેતના અદશ્ય થઈ જશે.

*

તમે જે જગાએ હતા એ એટલી જ સાચી અને વાસ્તવિક જગતની જગા છે, જે પ્રમાણે ભૌતિક જગતની જગા હોય અને ત્યાં બનતી ઘટનાઓને કેટલીક વખત આ જગતની ઘટનાઓ ઉપર એટલી જ અસર થાય છે. તમે બધા કેવા અવિશ્વાસમય શિષ્યો છો ! અતિશય આધુનિક બનેલ વ્યકિતત્વવાળા અને અર્ધા ચાર્વાક મતવાદીઓ જેવા !

આ બધી વસ્તુઓ પ્રાણમય ભૂમિકા ઉપરનું મિલન છે, પરંતુ જે વસ્તુ બની તેનો અનુવાદ કરવામાં એવી વિગતો પ્રવેશ કરે છે જે વસ્તુઓ અવચેતન ભાગની છે. બાકીની બધી વસ્તુઓ બરાબર છે. લલાટ ઉપરનું લખાણ, અલબત્ત, તમારી પ્રાણમય ભૂમિકાઓની વસ્તુઓ જે નિશ્ચિત થઈ ગયેલી છે અને હવે પછીથી શારીરિક ચેતનામાં બનવાની છે, તે અર્થ બતાવે છે.

*

તમે અતિશય ભૌતિકવાદી છો; ઉપરાંત ગુહ્ય વસ્તુઓ વિષે તમે તદ્દન અજ્ઞાની છો. પ્રાણ, જેને યુરોપિયન માનસશાસ્ત્રીઓ પૃષ્ઠસ્થ ચેતના કહે છે તે ભાગ છે અને દરેક માણસે જાણવું જ જોઈએ કે જે ભૌતિક ચેતના ન કરી શકે એવી વસ્તુઓ કરી શકે છે. દા. ત. કોઈ કોયડાનો થોડી જ મિનિટોમાં ઉકેલ લાવી શકે છે જેને માટે શારીરિક ચેતના દિવસો અને દિવસો ઉકેલ લાવવા માટે પસાર કરે છતાં તે ઉકેલ ન લાવી શકી હોય વગેરે.

બન્ને ભૂમિકાઓ ઉપર એક જ વસ્તુ બને તેનો શો ઉપયોગ ? તે ફાલતુ અને નિરર્થક છે. પ્રાણમય જગત એવું ક્ષેત્ર છે જ્યાં વસ્તુઓ કોઈ એક યા બીજા કારણસર બની શકે છે અથવા બીજી વસ્તુ ભૌતિક ભૂમિકા ઉપર અત્યારે બની ન શકે.

અલબત્ત, પ્રાણમય ભૂમિકાઓમાં હજારો જાતની વસ્તુઓ હોય છે; કારણકે તે ભૌતિક ભૂમિકા કરતાં વધારે સમૃદ્ધ અને વધારે નમનીય ચેતનાનું ક્ષેત્ર છે, અને બધી જ વસ્તુઓ એકસરખી વાસ્તવિક અને કિંમતી હોતી નથી. હું જે ઉપરની વાત કરું છું તે વાસ્તવિક વસ્તુઓ વિષે કહું છું. સાથે સાથે આ પ્રાણમય ભૂમિકા વગર કોઈ પણ પ્રકારની કલા, કાવ્ય અગર સાહિત્ય–વગેરે અહીં આવિર્ભાવ પામે તે પહેલાં પ્રાણમય જગત મારફતે તે બધી વસ્તુઓ આવે છે.

*

તમે ભિન્ન ભિન્ન પ્રાણમય જગતો વિષે જે કહો છો તે બેશક રસિક છે અને તેમાં અમુક સત્ય છે; પરંતુ તમારે યાદ રાખવું જોઈએ કે આ જગતો સાચા અથવા દિવ્ય પ્રાણના જગતો કરતાં ભિન્ન છે, લાલચો અને ભ્રમજનક વસ્તુઓથી સભર છે અને તેઓ સૌંદર્યના એવા દેખાવો રજૂ કરે છે જે તમને ખોટે માર્ગે દોરી જાય છે અથવા તમારો વિનાશ કરે છે. તેઓ 'રાક્ષસી માયા'ના પ્રદેશો છે અને તેમના નર્કો કરતાં સ્વર્ગો વધારે ભયંકર હોય છે. તેમના વિષે જ્ઞાન લેવું જોઈએ અને તેમની શકિતઓ સાથે જરૂર પડે ત્યારે મિલન સાધવું જોઈએ, પરંતુ તે શકિતઓને સ્વીકારવાની નથી. આપણું કાર્ય અતિમાનસ સાથે છે અને પ્રાણ સાથે ત્યારે જ કાર્ય કરવાનું છે જયારે તેનું અતિમાનસીકરણ થાય અને તેના બીજી દિશાઓમાંથી આવતા આકર્ષણો સામે આપણે સચેતન રહી શકીએ. હું ધારું છું કે તમે જે જગતો વિષે વાત કરો છો તેમનામાં ખાસ વિશિષ્ટ આકર્ષણ હોય છે અને કવિઓ કલ્પનાશીલ માનવીઓ અને કેટલાક કલાકારો માટે જોખમ રહેલું હોય છે. એક વિશિષ્ટ પ્રકારની તેમનામાં નૈતિક, સૌંદર્યયુકત પ્રાણમય શંકાશીલતા અથવા સંવેદન અથવા લાગણીશીલતા હોય છે જેમની મારફત તેઓ માણસ ઉપર અસર કરે છે અને તે એક ખાસ વસ્તુ છે જેનું માણસ ઉચ્ચતમ કાવ્યમાં, કલામાં અને કલ્પનાશીલ સર્જનમાં ઊંચે ઊઠે, તે પહેલાં વિશુદ્ધિકરણ કરવાની ખાસ જરૂર છે.

*

જયારે પ્રાણ બહાર જાય છે, ત્યારે તે પ્રાણમય ભૂમિકા ઉપર તથા પ્રાણમય ચેતનામાં ગતિ કરે છે અને ભૌતિક દશ્યો અને વસ્તુઓ વિષે સભાન હોય છતાં તેનામાં સ્થૂલ દૃષ્ટિ હોતી નથી. જેણે પોતાની શકિતઓ કેળવી હોય, તેના માટે સ્થૂલ વસ્તુઓના સંપર્કમાં પ્રવેશ કરવું શકય બને છે, ભલે પછી તે પ્રાણમય શરીરમાં ફરતો હોય. તે સ્થૂલ વસ્તુઓ જોઈ શકે છે, તેમના ઉપર કાર્ય પણ કરી શકે છે અને તેમને સ્થૂલ રીતે ખસેડી પણ શકે છે. પરંતુ સામાન્ય સાધક જેને જ્ઞાન અથવા સુબદ્ધ અનુભૂતિ હોતી નથી અથવા આની તાલીમ હોતી નથી, તે આ પ્રમાણે કરી શકતો નથી. તેણે સમજવું જોઈએ કે પ્રાણમય ભૂમિકા ભૌતિક ભૂમિકા કરતાં ભિન્ન હોય છે અને તે ભૂમિકામાં જે વસ્તુઓ બને છે તે સ્થૂલ ઘટનાઓ બનતી નથી; તેમ છતાં, જો તેઓ સાચા પ્રકારની હોય અને તેમને બરાબર સમજવામાં આવે અને ઉપયોગમાં લેવામાં આવે, તો તેમનો પાર્થિવ જીવન માટે કોઈક અર્થ અથવા મૂલ્ય હોઈ શકે. પરંતુ તેમ છતાં પ્રાણમય ચેતના ખોટી રચનાઓ અને ઘણા ગોટાળાઓથી ભરેલી હોય છે અને તેની વચ્ચે જ્ઞાન વગર અને સીધા રક્ષણ અને માર્ગદર્શન સિવાય હરવું ફરવું એ સહીસલામત હોતું નથી.

*

તમે શરીરમાંથી બહાર નીકળી ગયા હશો અને તેને રક્ષણ વગરનું રાખ્યું હશે અને તમારા ઉપર એક હુમલો થયો જેમાંથી તમે તમારા શરીરમાં પાછા આવ્યા પછી જ મુક્ત થયા. મસ્તકનો કાનથી માંડીને ગળા સુધીનો ભાગ, એ સ્થૂલ મનનો પ્રદેશ છે. સ્થૂલ મન અથવા બહિર્ગમન કરતા મનનું કેન્દ્ર ગળામાં રહેલું છે, જે કરોડ રજજૂની સાથે પાછળના ભાગમાં જોડાયેલું છે. તે સ્થૂલ મન ઉપરનો હુમલો હતો.

*

તમારી ત્રણ અનુભૂતિઓ જેનું તમારા પત્રમાં વર્ણન કરેલું છે તેનો અર્થ કે તમે તમારા પ્રાણમય શરીરમાંથી બહાર નીકળીને પ્રાણમય જગતોમાં જાઓ છો અને ત્યાંના સત્ત્વો અને રચનાઓ સાથે તમારું મિલન થાય છે. તમે જે મંદિરના વૃદ્ધ માણસને તથા કન્યાઓને જોઈ તે પ્રાણમય ભૂમિકાના વિરોધી સત્ત્વો છે.

આ રીતે જવું સારું નથી સિવાય કે માણસને એવા કોઈ માણસનું રક્ષણ હોય (જે શારીરિક રીતે હાજર હોય) જેનામાં પ્રાણમય જગતનું જ્ઞાન અને તેના ઉપરની શકિત હોય. ત્યાં તમારા માટે એવી કોઈ વ્યકિત હાજર ન હોવાથી, જે આ પ્રમાણે કરી શકે, તમારે આ ગતિમાંથી પાછા હઠી જવું જોઈએ. પૂર્ણ સમર્પણ, સ્થિરતા, શાંતિ, પ્રકાશ, ચેતના અને મન તથા હૃદયનું સામર્થ્ય પ્રાપ્ત કરવા માટે અભીપ્સા કરો. જયારે મનોમય પુરુષ અને ચૈત્ય પુરુષ આ પ્રમાણે ખુલ્લા થાય, પ્રકાશિત અને સમર્પિત થાય, ત્યાર પછી પ્રાણમય પુરુષ ખુલ્લો થઈ શકે છે અને તે જ પ્રમાણે પ્રકાશ પ્રાપ્ત કરી શકે. ત્યાં સુધી પ્રાણમય ભૂમિકા ઉપરના આ અપરિપકવ સાહસો સલાહકારક નથી.

જો આ પ્રકારની ગતિ બંધ ન થઈ શકતી હોય તો નીચેના સૂચનો ખાસ લક્ષ્યમાં રાખો :–

(૧) કોઈ પણ પ્રકારના ડરને તમારી અંદર પ્રવેશ ન કરવા દેવો. જે કોઈ વસ્તુનું તમને આ જગતમાં મિલન થાય તેમને તટસ્થતાથી અને હિંમતથી જોયા કરો.

(૨) તમે નિદ્રામાં પડો અથવા ધ્યાન કરો ત્યારે રક્ષણની માગણી કરો. તમારા ઉપર જયારે હુમલો આવે અથવા લાલચ ઉત્પન્ન થાય ત્યારે અમારા નામ–સ્મરણનો ઉપયોગ કરો.

(૩) કોઈ પણ પ્રકારની મંદિરમાં રહેલા માણસ પ્રત્યે સહાનુભૂતિ રાખીને આ જગતમાં પ્રવેશ કરશો નહિ, અથવા તેમના આવા સૂચનોને સ્વીકારશો નહિ– જેવા કે તે તમારો આધ્યાત્મિક શિક્ષક હતો. તે વસ્તુ બિલકુલ જૂઠાણા ભરેલી છે;

કારણકે અમારા સિવાય બીજો કોઈ પણ તમારો ગુરુ હોઈ શકે નહિ. આ સહાનુભૂતિ અને સૂચનના સ્વીકારને લઈને જ તે માણસે તમારી અંદર પ્રવેશ કર્યો અને તેણે તમારી અંદર જે દર્દ ઉત્પન્ન કર્યું તેનું સર્જન કર્યું.

(૪) કોઈ પણ વિદેશી વ્યકિતત્વને તમારી અંદર પ્રવેશ ન પામવા દેશો. ફક્ત પ્રકાશ, શકિત વગેરે જે ઊર્ધ્વમાંથી આવતા હોય તેને પ્રવેશ આપશો.

*

તે એવું લાગે છે જાણે તે એવું બહિર્ગમન હોય જેમાં તે (સ્ત્રી) તેના પ્રાણમય શરીરમાં જાય છે. જયારે વ્યકિત તે પ્રમાણે સચેતન રીતે અને પોતાના સંકલ્પથી કરે છે ત્યારે તે બરાબર હોય છે. પરંતુ આ અભાન રીતનું બહિર્ગમન કાયમ સહીસલામત હોતું નથી. અગત્યનો પ્રશ્ન એ છે કે તેના ઉપર કેવી અસર થાય છે. જો તેમાંથી તે સમર્થ બનીને અથવા બિલકુલ સામાન્ય રીતે બહાર આવે અથવા તાજગીયુકત બનીને આવે, તો કોઈ તકલીફ કે ચિંતાની જરૂર નથી; જો તે થાકેલી અથવા નિરાશ થઈને બહાર આવે તો ત્યાં કેટલાક એવા બલો છે જેઓ તેને પ્રાણમય જગતમાં ખેંચી જાય છે અને તેને લઈને તેના પ્રાણમય કોષને નુકસાનકર્તા છે. તે વસ્તુ ચાલુ ન રહેવી જોઈએ.

*

'ક્ષ'ની અનુભૂતિઓમાં એક કાગળના મસ્તકવાળી "સપાટી ઉપરની ચેતના છે"; તેમાં જે વર્ણન કરવામાં આવ્યું છે તે નાડીતંત્ર અથવા શારીરિક–પ્રાણમય આવરણ છે. આ વસ્તુઓનું માધ્યમો દ્વારા નિરીક્ષણ થયું છે અને તેના તરફ ઓછું કે વધારે બહિર્નિગમન કરવાથી તેઓ તેમની ઘટનાઓનું સર્જન કરે છે. 'ક્ષ' ને કઈ રીતે તે વસ્તુની ખબર પડી? તે અંત:સ્ફૂરણાથી કે દર્શનથી કે વ્યકિતગત અનુભૂતિથી જાણ થઈ? જો તે વ્યકિતગત રીતની જાણ થઈ હોય તો તેને ચેતવણી આપો કે આ પ્રાણમય આવરણમાં બહિર્ગમન ન કરે; કારણકે યોગ્ય રક્ષણ સિવાય તે પ્રમાણે ન કરવું એટલે કે તે વસ્તુ, જે માણસ આ બાબતનો જાણકાર હોય તેના દ્વારા જ થવું જોઈએ અને તે માણસ તે સમયે ત્યાં શારીરિક રીતે હાજર હોવો જોઈએ અને નહિતો તે વસ્તુ ગંભીર મનોમય જોખમો લાવે છે અને મજ્જાતંત્રના સ્વરૂપને તથા શરીરને નુકસાન પહોંચાડે છે અથવા તેનાથી પણ વધારે ખરાબ વસ્તુ બનવાની શકયતા છે.

*

આવી અનુભૂતિઓનો કોઈ ઉપયોગ નથી, વ્યકિતને જયાં સુધી પ્રાણમય ભૂમિકા ઉપરની અનુભૂતિઓમાંથી પસાર થવાનું હોય ત્યાં સુધી તે બને છે. પરંતુ

લક્ષ્ય તેનાથી પર જવાનું હોવું જોઈએ અને તેણે શુદ્ધ ચૈતસિક અને આધ્યાત્મિક અનુભૂતિમાં રહેવું જોઈએ. પોતાના સ્વરૂપમાં બીજી ભૂમિકાઓની અનુભૂતિઓને પ્રવેશ કરવા દેવી અથવા બીજા પ્રદેશોની અનુભૂતિઓના હુમલાને પુકાર કરવો એટલે કાયમ એક અંતરાલ પ્રદેશના ગોટાળાઓમાં રહેવું. કેવળ પરમાત્માને જ પોતાના વ્યકિતગત આધારમાં આવવા માટે પુકાર કરવો જોઈએ–તેનો અર્થ એવો નથી કે વ્યકિતગત સ્વરૂપ ગુમ થઈ જાય છે અથવા એવો ખ્યાલ ન રાખવો જોઈએ કે આપણે પરમાત્મા બની જઈએ છીએ; કારણકે તે ખ્યાલ તો છોડવો જોઈએ. અહંકાર ઉપર વિજય પ્રાપ્ત કરવો જોઈએ, પરંતુ કેન્દ્રસ્થ વૈયકિતક સ્વરૂપ (જે અહં નથી, પરંતુ વ્યકિતગત અંતરાત્મા અથવા આત્મા કે પરમાત્માનો અંશ છે) એક નહેરરૂપ હોવું જોઈએ અને દિવ્ય શકિતનું એક કરણ રહેવું જોઈએ. બીજી વ્યકિતઓને, સાધકો વગેરેને માણસ તેમને વૈશ્વિક બનેલી ચેતનામાં અનુભવે છે, તેમની ગતિઓ વિષે સભાન બની શકે છે, પરંતુ તેમની હાજરીને પોતાના વૈયકિતક આધારમાં બોલાવતા નથી અથવા આવવાની મંજૂરી આપતા નથી. ઘણી વખત તે વસ્તુને લઈને પ્રાણમય શકિતઓ અથવા એવા સત્વોની હાજરી તેવા સ્વરૂપો ધારણ કરે છે અને જો તેમને મંજૂરી આપવામાં આવે તો તેમનો હુમલો લઈ આવે છે– અને આ વસ્તુ બિલકુલ અનિચ્છનીય છે. સાધકે પોતાની મૂળભૂત ચેતનાને નીરવ, સ્થિર, શુદ્ધ અને શાંતિપૂર્ણ બનાવવી જોઈએ અને તેને ટકાવી રાખવી જોઈએ અથવા તેમાં કઈ વસ્તુને પ્રવેશ કરવા માટે સંમતિ આપવી યા ન આપવી તેના વિષે નિયંત્રણ રાખવું જોઈએ–નહિ તો જો તે આ નિયંત્રણ ન રાખે તો તે પોતે એક ગોટાળાભર્યું અને અવ્યવસ્થિત અનુભૂતિઓનું ક્ષેત્ર બને છે અથવા તો બધા જ પ્રકારના મનોમય અને પ્રાણમય સત્વો અને બલોની લીલાનું ક્ષેત્ર બની જાય છે. પોતાના માટે કેવળ એક જ નિયમ અથવા અસરને સંમતિ આપવી જોઈએ, આધાર ઉપર દિવ્ય શકિતના સામ્રાજ્યનું સ્થાપન.

*

તમારા મિત્રની અનુભૂતિઓ વિષેના વિધાનના સૂચક અર્થ વિષે હું બહુ ચોક્કસ નથી. "દ્વિવિધ" અવાજ એ વારંવાર બનતી ઘટના છે; જ્યારે વ્યકિત ઘણા સમય સુધી એક મંત્રનું રટણ કર્યા કરે છે ત્યારે એવું ઘણી વખત બને છે કે કોઈ ધ્વનિ અથવા ભીતરમાં રહેલી ચેતના તેનું સહજ રીતે પુનરાવર્તન કરતી હોય – બધી જ પ્રાર્થનાઓ આ રીતે અંદર લેવાવી જોઈએ. સામાન્યતયા, આ વસ્તુ આંતર–ચેતનાની જાગૃતિને લઈને અથવા ચેતના પોતાની બાહ્ય સમતુલામાંથી વધારે ઊંડાણમાં જાય ત્યારે બને છે. એ હકીકત તેના પ્રસંગમાં મદદરૂપ છે કે તે પોતાની જાતે અર્ધસમાધિમાં હોય તેવું અનુભવે છે, તેનું શરીર પીગળી જતું હોય

એવું લાગે છે અને તેને પુસ્તકનું વજન લાગતું નથી વગેરે; આ બધી વસ્તુઓ આંતર-ચેતના જાગૃત થઈને બહારની ચેતનાનું સ્થાન લે છે તેની નિશાનીરૂપ છે. પરંતુ બીજી બાજુએ તેને એવું લાગે છે કે આ બીજો અવાજ જાણેકે તેની બહારની બાજુએથી આવે છે અને તે પોતાના સિવાય બીજા સત્વનો આવે છે અને તે એક રૂમમાં આવતી અદૃશ્ય હાજરી છે. એટલે આંતર-સ્વરૂપ વિષે ઘણી વખત અનુભૂતિ થાય છે કે જાણે તે કોઈક બીજી જ, પોતાની જાતથી અલગ વસ્તુ હોય, પરંતુ તે સામાન્ય રીતે જાણે કે બહારની વસ્તુ હોય એવો અનુભવ થાય છે, એટલે એવું હોઈ શકે કે આવી અંદર પાછા હઠવાની અવસ્થામાં તે કોઈ બીજી જ ભૂમિકા અથવા જગતના સ્પર્શમાં આવે છે અને એવા સત્વોમાંના કોઈકને પોતાના તરફ આકર્ષે છે જેને તેની સાધનામાં ભાગ પડાવવો હોય છે અને તેના ઉપર શાસન જમાવવું છે. છેવટની ઘટના એ બહુ સહીસલામતી ભરી વસ્તુ નથી, કારણકે તેણે જે માહિતી આપી તેના ઉપરથી તે કયા પ્રકારનું સત્વ છે તે કહેવું મુશ્કેલ છે, પરંતુ તેનું પોતાનું આંતર-વિકાસનું શાસન પરમાત્મા અથવા ગુરુના બદલે બીજાના હાથમાં સોંપી દીધું છે અથવા તેના ચૈત્ય પુરુષ માટે તે વસ્તુ ભયંકર જોખમ લાવે એવું લાગે છે. હું અત્યારે તો ફક્ત એટલું જ કહી શકું.

*

તમારા વર્ણન ઉપરથી એટલું સ્પષ્ટ છે કે એક પ્રાણમય બલ હતું જે શરીરનો ભયંકર કબજો લેવા પ્રયત્ન કરતું હતું. આ પ્રમાણેનો નિયંત્રણનો અભાવ અને બહારની અસરની દખલને મંજૂરી આપવા જેવી કોઈ જોખમી વસ્તુ નથી. અત્યારની તમારી અવિદ્યાની પરિસ્થિતિમાં, જેમાં પ્રાણમય પુરુષ હજુ પૂરતા પ્રમાણમાં ખુલ્લો થયો નથી, ચૈત્ય પુરુષ હજુ પૂરતા પ્રમાણમાં જાગૃત થયો નથી, ત્યારે કોઈ વિરોધી બલ સહેલાઈથી પ્રવેશ કરીને પોતાની જાતને દિવ્ય બલ તરીકે જાહેર કરે. યાદ રાખો કે કોઈ પણ વ્યક્તિત્વ અથવા કોઈ પણ શક્તિએ તમારો કબજો ન લેવો જોઈએ, દિવ્ય બલ કદી આ પ્રકારે કાર્ય કરશે નહિ, તે પહેલા તો ચેતનાને વિશુદ્ધ કરવાનું અને પ્રકાશિત કરવાનું, દિવ્ય પ્રકાશ અને સત્ય પ્રત્યે ખુલ્લા કરવાનું તથા હૃદય અને ચૈત્ય પુરુષને જાગૃત કરવાનું કાર્ય કરશે. ત્યાર પછી જ એક શુદ્ધ અને સચેતન સમર્પણ દ્વારા ક્રમિક અને સ્થિર નિયંત્રણ હાથમાં લેશે.

તમારે એ પણ સમજવું જોઈએ કે ફક્ત એક જ દિવ્ય શક્તિ કાર્ય કરે છે અને નહિકે તમે યા પેલો પુરુષ અથવા બીજી કોઈ પણ વસ્તુ કાર્ય કરે તેનું મૂલ્ય

નથી. દરેક વ્યકિતએ તેની પોતાની અંદર તે શકિતના કાર્યો પ્રત્યે પોતાની જાતને ખુલ્લી કરવાની છે અને એવા સાધકોનું સંગઠન ન કરવું જેનો કોઈ નેતા હોય જો આ દિવ્ય શકિત અને સાધકો વચ્ચે દખલ કરે.

*

બાકીના બીજા બધા સંજોગો જેનું તમે વર્ણન કરો છો તે સામાન્ય છે અને તે ઘટના ભવિષ્યમાં એક આનંદની ભરતી લાવશે અને સમગ્ર કરણરૂપ સ્વરૂપનો કબજો લેશે જ્યારે અંદર રહેલું નીરવ આંતર-સ્વરૂપ અલગ રહેશે. જે રીતે તે સામાન્ય રીતે બહારથી આવતી બધી વસ્તુઓ તરફ રહે છે તે પ્રમાણે રહેશે. તમને જે પ્રસંગ સ્પષ્ટ નથી થતો તે દિવ્ય હાજરી છે. તે જો પ્રાણમય હાજરી હોત જે પ્રાણમય આનંદ ઉત્પન્ન કરે, તો તે સામાન્ય રીતે પ્રાણમય ઘટનાઓ હોય અને તેમનું મૂળ તમે પકડી શકયા હોત, પરંતુ તે અહીં સ્પષ્ટ નથી. આવા સંજોગોમાં એક જ માર્ગ છે કે અનુભૂતિનું નિરીક્ષણ કરવું અને તે સત્ત્વ શેના માટે આવે છે અને તેનો જે વ્યવસાય છે તેને સ્વીકારવું નહિ અને તેને એક અનુભૂતિ તરીકે સ્વીકારવી, જેના ઉપર આંતર-સ્વરૂપ સાક્ષી તરીકે જોયા કરતું હોય અને ત્યાં સુધીમાં જે મુદ્દો ઢંકાયેલો છે તે સ્પષ્ટ થશે.

નોંધ :- કેટલીક બીજી શકય સમજૂતિઓ પણ હોઈ શકે પરંતુ હું તેમના વિષે કહેતો નથી; કારણકે તમારી અનુભૂતિના સ્પષ્ટ નિરીક્ષણમાં એક મનોમય સૂચન આવવાથી તેના ઉપર કોઈ અસર લાવે અને કોઈક દખલ લાવે.

*

મેં તમારો પત્ર વાંચ્યો છે અને મેં તે માતાજી પાસે પણ વાંચ્યો છે. તે અનુભૂતિ વિષેનું મારું તારણ – મેં અત્યાર સુધી મુલતવી રાખેલ – તે માતાજીના તારણ સાથે એકસરખું છે.

અમે માનીએ છીએ કે ભવિષ્યમાં તેના વિષે બરાબર સજાગ રહેવું એ તમારા માટે ડહાપણભરી હકીકત છે. પ્રથમ તો તે બુદ્ધ હોઈ શકે નહિ – બુદ્ધની હાજરી શાંતિ લાવે, પરંતુ કદી આ પ્રકારનો આનંદ આપી શકે નહિ. બીજું તમારી સ્વલક્ષી લાગણી જે ભૂતકાળના સૂચન ઉપરના પાયા ઉપર હતી તે તમારી ઉપર કોઈ સાહસિક વલણ કરવા માટે ફેંકાયેલી હોય એવું લાગે છે અને તેના માટે તે અનુભૂતિ તેના સ્થાપન માટેનું કરણ છે. ઉપરાંત તમને એવો આનંદ થયો જે તમે સહન ન કરી શકો એવો હતો, તે તમારી અનુભૂતિને અનુકૂળ નહોતો; તમે એવું ધારો છો કે તમને જે લાગણી થયેલી તેને તમારામાં અનુરૂપ થવાની ખામી હોવાથી તે પ્રમાણે બનેલું છે, પરંતુ વધારે શકયતા તો એવી છે કે કોઈ વિદેશી

તત્ત્વ તમારા પ્રાણમય સ્વરૂપ મારફતે તમારી ઉપર ફેંકાયેલું હતું જેની સાથે તમારો ચૈત્ય પુરુષ અનુકૂળતા અનુભવતો નથી. છેવટે તમે જ્યારે અહીં યોગ કરતા હો ત્યારે બીજી કોઈ પણ અસરને તમારે મંજૂરી આપવાની નથી, પછી તે ભલે ગમે તે હોય અને તે પ્રભાવ અમારો નથી અથવા તેમાં કોઈ અંશ નથી. જો તે પ્રમાણે બને તો ગમે તે વસ્તુ બને અને અમે તેની સાથે તમારું રક્ષણ કરી શકીશું નહિ; કારણકે તમે રક્ષણના વર્તુળની બહાર નીકળી ગયા હશો. અત્યાર સુધી તમે વિકાસના નક્કર માર્ગ ઉપર ચાલી રહેલા છો; આ માર્ગમાંથી આડમાર્ગે જવું, જે પ્રાણમય ભૂમિકાનો માર્ગ લાગે છે તે કોઈ ગંભીર દખલ ઉત્પન્ન કરે. કોઈ પણ સુંદર આંખો અથવા સુંદર મુખ ઉપર કોઈ પણ વિશ્વાસ મૂકી શકાય નહિ. નિમ્ન ભૂમિકાના એવા ઘણા સત્ત્વો હોય છે જેમનામાં આકર્ષક ખેંચાણવાળું સૌંદર્ય હોય છે અને તે તમને મોહમાં નાખી દે અને એવો આનંદ આપે જે ઉચ્ચતમ કક્ષાનો ન હોય અને તેનાથી ઊલટું તેમના લલચામણા સ્વરૂપથી તમને બિલકુલ જુદા જ માર્ગે દોરી જાય. જ્યારે તમારામાં પૂર્ણ વિવેકની સ્થિતિ આવે જેમાં દરેક આવતી વસ્તુ ઉપર ઉચ્ચતમ પ્રકાશ પથરાતો હોય, ત્યારે અનેક પ્રકારની અનુભૂતિઓનો સલામત રીતે સામનો થઈ શકે છે. પરંતુ હવે કડક સજાગતા રાખવી પડશે અને બધા આડમાર્ગોને છોડી દેવા પડશે. ઉચ્ચતમ (પરમાત્મા) સાથેના સીધા માર્ગ ઉપર મક્કમ પગલાં મૂકવા ખાસ જરૂરી છે. બાકી બધા માટે ભલે તમે યોગ્ય સમય સુધી રાહ જુઓ.

*

મને શંકા નથી કે આ બલનું કાર્ય એક વખત ઇનકાર કર્યા પછી થોડા સમયમાં અદૃશ્ય થઈ જશે. તે એવી કોઈ વસ્તુ છે જેના સંપર્ક પ્રત્યે તમને લઈ જવામાં આવ્યા છે, તે એવી કોઈ વસ્તુ નથી, જે તમારી જાત સાથે સઘન સંપર્કમાં હોય અને તમારા સ્વરૂપનો કોઈ ભાગ તેને કુદરતી રીતે જ પ્રત્યુત્તર આપતો હોય. તે વસ્તુ દેખાઈ આવે છે કે સત્ત્ર આવિર્ભાવ પામીને તમારી સાથે તેને જે વહેવાર કરવાનો હતો તેમાં અશકિતમાન નીવડયું છે. એવું લાગે છે કે તમે કહો છો તે પ્રમાણે તે કોઈ હુમલાનો પ્રયત્ન હતો જે દબાણપૂર્વક અને બલપૂર્વક તમારા ઉપર આવેલો. એ બિલકુલ સાચું છે કે જ્યારે પ્રકાશ પ્રત્યે ખુલ્લાપણું આવે છે, ત્યારે વિરોધી બલો તેમ જ નિમ્ન કક્ષાના બલો જ્યારે સક્રિય બની શકે છે ત્યારે સક્રિય બને છે. સાધકની ચેતના તેની સામાન્ય મર્યાદાઓમાંથી બહાર નીકળે છે અને વિશ્વરૂપ ચેતના તેમ જ ઊર્ધ્વતર આત્મા પ્રત્યે ખુલ્લી બને છે ત્યારે તેનો લાભ લઈને તેઓ પ્રવેશ કરવા પ્રયત્ન કરે છે. આવા હુમલાઓ તેમ છતાં અનિવાર્ય નથી અને તમે તમારા વિચારમાં સાચા છો કે તમે 'ક્ષ'ના

પર્યાવરણમાં પકડી પાડયા. તેણે ગુહ્ય ક્ષેત્રના ઘણા પ્રકારના પ્રયોગો કરેલા છે અને ત્યાં વ્યકિત ઘણી સહેલાઈથી અંધકારમય પ્રકૃતિના બલો અને સત્ત્વોના સંપર્કમાં સહેલાઈથી આવે છે અને તેવે સમયે વ્યકિતમાં મહાન શકિત અને પ્રકાશ અને વિશુદ્ધિની જરૂર પડે છે – પોતાની જ અથવા પોતાને સહાય કરનારની શકિતની – જેથી કરીને તે તેમનો સામનો કરી શકે અને વિજય પ્રાપ્ત કરી શકે. તે ઉપરાંત વ્યકિતની પોતાની પ્રકૃતિમાં ઘણી ક્ષતિઓ અને ભૂલો હોય છે જે આવા સત્ત્વો પ્રત્યેના દ્વારો ખુલ્લાં કરી શકે; પરંતુ વ્યકિતને જો તેમની સાથે કાંઈ પણ વ્યવહાર ન હોય તો સૌથી ઉત્તમ બાબત છે, કારણકે નિમ્ન પ્રકૃતિના બલો ઉપર વિજય પ્રાપ્ત કરવો એ પૂર્ણ પ્રકારનું મુશ્કેલ કાર્ય છે અને તેમાં ઘણી જટિલતા હોય છે. પરંતુ જો કાર્ય કરવાનું જ હોય તો તેમની સાથે સંપર્ક અને સંઘર્ષની ખાસ જરૂર છે અને તે અલગ વસ્તુ છે. તમારા પ્રસંગોમાં હું માનું છું કે આ વસ્તુ એક અકસ્માતરૂપે બની આવેલી અને તમારી સાધનાના વિકાસ માટે તે જરૂર નહોતી.

*

ના, તે સમયે માતાજી તરફથી કાંઈ ખાસ એકાગ્રતા અથવા પુકાર નહોતો. તે એવો સમય હતો જ્યારે તેઓ કોઈને મળતા નથી અને તેથી એ સ્પષ્ટ છે કે તેમણે તમારા ઉપર કોઈ પણ બલ મૂકેલું નહિ તેમ જ તેઓ કદી આ પ્રમાણે પોતાની શકિત બીજાઓ ઉપર સામાન્ય રીતે વાપરતા નથી. તમે તે આવેગના ખેંચાણનો સામનો કર્યો તે સારું કર્યું. આંતર-દર્શન અને સ્વચ્છ સંકલ્પ સચેતન અને પૂર્ણ સમતાયુકત રાખવા અને કોઈ પણ દબાણ કે હકદાવાને સંમતિ ન આપવી એ હંમેશાં જરૂરી છે. તેમ છતાં તે આવેગ પોતે જ હાજર થઈને તમારી વિવેકવાળી સંમતિને બાજુ પર હઠાવી, પ્રાણતત્ત્વને તથા શરીરમાં થતા કાર્યને સાફ કરી નાખે છે. તેઓ ગમે તે પ્રકારનો દેખાવ ધારણ કરે તેમ છતાં તેવા બલો ઉપર વિશ્વાસ ન મૂકી શકાય. એક વખત વિવેકશીલ બુદ્ધિ પોતાના ઉપરનો કાબુ ગુમાવી દે તો તે પ્રકારનું બલ આ રીતે વચ્ચે દખલ કરે છે અને સાધનાને નુકસાન કરે તેવી રીતે સમતાયુકત પ્રાણમય આવેગો માટેનો માર્ગ ખુલ્લો કરી આપે છે. કોઈ ચૈતસિક અથવા આધ્યાત્મિક નિયંત્રણ જે મનોમય નિયંત્રણની જગાએ આવે તે આ પ્રકારે કાર્ય કરે નહિ – પરંતુ ગમે તે પ્રકારની ઉત્કટતા અથવા તીવ્રતા તે આપે છતાં તે વસ્તુઓનું એક સ્પષ્ટ દર્શન એક પૂર્ણ વિવેક અને આંતરિક તેમ જ બાહ્ય વાસ્તવિકતાનો સંવાદ કાયમ ટકાવી રાખે છે. ફકત પ્રાણ જ આવા આવેગોથી સાફ થઈ જાય છે. પ્રાણ, બુદ્ધિના અથવા ચૈત્ય પુરુષના

કાબુ નીચે રાખવો જ જોઈએ અથવા જ્યારે તે સક્રિય બને ત્યારે ઊર્ધ્વતર આધ્યાત્મિક ચેતનાના કાબુ નીચે રહેવો જોઈએ.

*

આ બધી અનુભૂતિઓ એક જ પ્રકારની છે અને જે વસ્તુ એકને લાગુ પડે છે તે બીજીને પણ લાગુ પડે છે. કેટલીક અંગત અનુભૂતિઓ સિવાયની બાકીની વિચાર–સત્યો હોય છે અને તે વિચાર–સત્યો ઊર્ધ્વમાંથી નીચે આપણી ચેતનામાં વરસે છે. જ્યારે વ્યકિત સ્વરૂપની અમુક ભૂમિકાઓના સંપર્કમાં આવે છે અથવા શકિતશાળી રચનાઓ બૃહત્તર મનોમય અને પ્રાણમય જગતોમાંથી રચાય છે અને વ્યકિત જ્યારે આ જગતો સાથે સીધેસીધી ખુલ્લી બને છે ત્યારે આવી અનુભૂતિઓ અંદર ધસારો કરે છે અને તેમણે સાધકનો પોતાની સિદ્ધિ માટે ઉપયોગ કરવો હોય છે. આવી વસ્તુઓ જ્યારે નીચે રેલાય છે અથવા પ્રવેશ કરે છે, પોતાની જાતને ખૂબ બળપૂર્વક રજૂ કરે છે ત્યારે એક સ્પષ્ટ અભીપ્સા અથવા દ્યુતિમયતાની ભાવના પ્રકાશ અને આનંદની પ્રચંડ લાગણી અને એક વિશાળતાની અને શકિતની અનુભૂતિ કરાવે છે. સાધક અનુભવે છે કે તે પોતાની સામાન્ય મર્યાદાઓમાંથી મુકત થયો છે, એક નવીન જગતની અનુભૂતિઓમાં તેનો પ્રક્ષેપ થયો છે અને પોતાની જાતનો વિસ્તાર થયેલો છે અને ઉન્નત અનુભવથી તે સભર બનેલો છે. આ જે આવે છે તે તેની અભીપ્સાઓ, મહત્વાકાંક્ષાઓ, આધ્યાત્મિક ચરિતાર્થતાના ખ્યાલો અને યૌગિક સિદ્ધિ સાથે સંકળાયેલું હોય એવું લાગે છે. તે પોતાની જાતને એવી રીતે રજૂ કરે છે જાણે કે તે પોતે જ સાક્ષાત્કાર અને સિદ્ધિ હોય. તેની ભવ્યતા અને ધસારાથી તે સહેલાઈથી ખેંચાઈ જાય છે અને તેને એવો સાક્ષાત્કાર થાય છે કે તેણે પોતે સાચી રીતે કર્મ કર્યું હોય તેનાથી વધારે તેને પ્રાપ્ત થયું છે, જાણેકે કોઈ અંતિમ વસ્તુ હોય અથવા ઓછામાં ઓછું કોઈ પરમ સત્ય તેને પ્રાપ્ત થયું હોય. આ અવસ્થાએ સામાન્ય રીતે તેનામાં જરૂરી જ્ઞાન અને અનુભૂતિની ખામી હોય છે જે તેને એમ કહી શકે છે કે આ તો ફકત અનિશ્ચિત અને મિશ્રણયુકત શરૂઆત જ છે. તેને એકદમ એવું સમજાશે નહિકે તે હજુ વૈશ્વિક અવિદ્યામાં છે; નહિકે વૈશ્વિક જ્ઞાનમાં અને પરાત્પર સત્યમાં તો બિલકુલ અલ્પ હોય છે. તે ઉપરાંત જે કોઈ રચનાત્મક અથવા વિચાર–સત્યો તેની પાસે આવેલાં છે તે ફકત આંશિક છે અને તે ઉપરાંત હજુ મિશ્રણયુકત ચેતનાદ્વારા જ તેની પાસે રજૂ થયેલાં છે, તેને કદાચ એ જાણ પણ નહિ થાય કે જે વસ્તુનો તેને સાક્ષાત્કાર થયેલો છે અથવા જેને તે ગ્રહણ કરે છે તેનો અમલ કરવા દોડી જશે અને એમ માનીને કે તે નિશ્ચિત વસ્તુ છે તો તે ગોટાળામાં અને ભૂલમાં

પડી જશે અથવા તો એવી આંશિક રચનામાં પૂરાઈ જશે જેમાં કદાચ આધ્યાત્મિક સત્યનો કાંઈક અંશ હોઈ શકે, પરંતુ તે સત્યની સામી બાજુએ તેનાથી પણ વધારે શંકાસ્પદ પ્રાણ અને મનના વળગણો હશે જે તેને બિલકુલ વિકૃત કરી નાખશે. જયારે તે પોતાની અનુભૂતિઓમાંથી પાછો હઠી જઈ શકશે (તરત જ અથવા તો થોડા સમય પછી) અને એક અનાસકત સાક્ષી ચેતનાની માફક તેમનાથી ઊર્ધ્વમાં ઊભો રહીને તેમનો સાચો પ્રકાર, મર્યાદાઓ, રચનાઓ અને મિશ્રણને નિહાળી શકશે ત્યારે જ એક સાચી મુકિત અને ઊર્ધ્વતર, વિશાળતર અને વધારે સાચી સિદ્ધિના માર્ગે પ્રયાણ કરી શકશે. આ વસ્તુ દરેક પગલે તેણે કરવાની છે. કારણકે આ યોગના સાધક પાસે જે કોઈ વસ્તુ આ પ્રમાણે આવે પછી તે અધિમનસ-માંથી અથવા અંતઃસ્ફૂરણામાંથી અથવા દ્યુતિમનસમાંથી હોય અથવા કોઈ ઉન્નત પ્રાણમય ભૂમિકામાંથી હોય અથવા આ બધામાંથી એક સાથે આવતું હોય તો પણ તે કોઈ નિશ્ચિત અથવા અંતિમ વસ્તુ નથી; તે કોઈ પરમ સત્ય નથી જેમાં તે આરામ લઈ શકે. પરંતુ તે એક તબક્કો છે અને તેમ છતાં તે અવસ્થાઓમાંથી પસાર થવાનું છે; કારણકે અતિમનસ અથવા પરમ સત્યમાં એક કૂદકે કે ઘણા કૂદકાઓથી પણ પહોંચી શકાતું નથી; સાધકે એક સ્થિર ખંતપૂર્વક ધીરજપૂર્વકની પ્રગતિ કરવાની છે અને તેમાં ઘણી વચગાળાની અવસ્થાઓમાંથી પસાર થવાનું છે તથા તેમાં રહેલા ઓછા સત્ય અથવા પ્રકાશ અથવા શકિત તથા આનંદથી બંધાઈ જવાનું નથી.

હકીકતમાં આ એક મધ્યવર્તી અવસ્થા છે, એક મનની સામાન્ય ચેતના અને સાચા યૌગિક જ્ઞાન વચ્ચેનો એક સંક્રાંતિનો પ્રદેશ. વ્યકિત કોઈ ઈજા વગર પસાર થઈ શકે છે અને તે તાત્કાલિક અથવા શરૂઆતની અવસ્થા જોઈ શકે છે કે તેમનું સાચું સ્વરૂપ કેવું છે અને તેના અર્ધ પ્રકાશો અને લાલચ આપનાર પરંતુ અપૂર્ણ અને ઘણે ભાગે ગેરમાર્ગે દોરનાર અનુભૂતિઓમાં અટકવાનો ઈનકાર કરે છે; વ્યકિત તેમાં આડમાર્ગે પણ જઈ શકે, ખોટા અવાજો અને જૂઠા માર્ગદર્શનને અનુસરે તો તેને લઈને આધ્યાત્મિક આપત્તિમાં પણ આવી પડે; અથવા વ્યકિત આ મધ્યવર્તી પ્રદેશમાં પોતાનું નિવાસસ્થાન લઈ શકે, તેનાથી આગળ જવાની ઈચ્છા પણ ન કરે અને ત્યાં કોઈ અર્ધ-સત્યની રચના કરે જેને તે પૂર્ણ સત્ય માની લે અથવા આ સંક્રાંતિવાળી ભૂમિકાઓની શકિતનું કરણ બની શકે—ઘણા સાધકો અને યોગીઓમાં આ પ્રમાણે બને છે. એક અતિ સામાન્ય પરિસ્થિતિની શકિતના પ્રથમ ધસારાની અનુભૂતિથી થોડાઘણા પ્રકાશથી પણ તેઓ અંજાઈ જાય છે અને તે તેમને બળવાન પ્રકાશ અથવા બલનો સ્પર્શ થયો છે એવું લાગે છે, અને તે બલ પરમાત્માનું બલ છે અથવા ઓછામાં ઓછી ઘણી મહાન યોગશકિત

છે એમ માનવાની તેઓ ભૂલ કરે છે; અથવા તેઓ કોઈ મધ્યવર્તી શકિતને એ પ્રમાણે સ્વીકારે છે (પરમાત્માની શકિત કાયમ હોતી નથી), જાણે કે તે પરમ શકિત હોય અને મધ્યવર્તી ચેતનાને પરમ સાક્ષાત્કાર માની લે છે. બહુ જલદીથી તેઓ એવું વિચારે છે કે તેઓ પૂર્ણ વૈશ્વિક ચેતનામાં પહોંચ્યા છે જ્યારે ખરેખર તો તે બૃહત્તર મન, પ્રાણશકિત અથવા સૂક્ષ્મ શારીરિક પ્રદેશોનો કોઈ આગળના ભાગમાં અથવા તેના આંશિક પ્રદેશમાં પહોંચ્યા હોય છે અને તેમની સાથેના સક્રિય સંકલ્પમાં રહેલા હોય છે. અથવા તેમને એવું લાગે છે કે તેઓ પૂર્ણ રીતની પ્રકાશિત ચેતનામાં પહોંચેલા હોય છે, જ્યારે હકીકતમાં તેઓ અપૂર્ણ રીતની વસ્તુઓને ઊર્ધ્વમાંથી ઝીલતા હોય છે અને તે કોઈ મનોમય અથવા પ્રાણમય ભૂમિકાના આંશિક પ્રકાશ મારફતે તે વસ્તુ બનતી હોય; કારણકે જે વસ્તુ તેમના તરફ આવતી હોય છે તે આ ભૂમિકાઓમાંથી સંક્રમણ થતી વખતે ક્ષીણ બની ગઈ હોય છે અથવા વિકૃત બનેલી હોય છે. સાધકનું ગ્રહણ કરતું મન અને પ્રાણ પણ જે વસ્તુઓ ઝીલવામાં આવતી હોય છે તેને ખોટી રીતે સમજતાં હોય છે અથવા ખોટી નોંધ કરતાં હોય છે અથવા પોતાના વિચારો, લાગણીઓ અને ઈચ્છાઓનું તેમની સાથે મિશ્રણ કરીને તે સત્યનો ભાગ હોય એમ માની લે છે; કારણકે તે મિશ્રણને લઈને તેના આકારનું અનુકરણ કરતાં હોય છે, તેના પ્રકાશથી પ્રકાશિત બનેલાં હોય છે અને આવા મિલન તથા ઊછીના પ્રકાશથી તેઓને અતિશય કિંમતી વસ્તુ મળી હોય એમ તેઓ માને છે.

આ મધ્યવર્તી પ્રદેશની અનુભૂતિઓના ઘણા જોખમો હોય છે, કારણકે જે ભૂમિકાઓ પ્રત્યે સાધકની ચેતના અત્યારે ખુલ્લી થઈ હોય છે–પહેલાં એ ભૂમિકાઓની ઝાંખીઓ અથવા થોડીક અસરો મળતી હતી તેવું નહિ પરંતુ પૂરેપૂરો સંપર્ક સાધ્યો છે–તે તેના તરફ પુષ્કળ વિચારો, આવેશો, સૂચનો, દરેક પ્રકારની રચનાઓ મોકલતી હોય છે અને તે એકબીજાથી ઊલટી હોય છે, અસંબદ્ધ અથવા સુમેળ વગરની હોય છે, પરંતુ તેની રજૂઆત ખૂબ જોરદાર અને શકય અસંખ્ય દલીલો સાથે નિશ્ચિત રીતની થતી હોય છે તથા વિશ્વાસ બેસે તે રીતની હોય છે. આવા વિશ્વાસની લાગણીથી, તાદશતાથી અને વિપુલતા તથા સમૃદ્ધિના દેખાવથી સાધકનું મન ગોટાળામાં પડી જાય છે અને તેને વિશાળ સુગ્રથિતતા અને આયોજન ગણી લે છે નહિતો પછી સતત પરિવર્તનો અને વર્તુળોમાં ચક્કર ચક્કર ફર્યા કરે છે. તે એક ઝડપી પ્રગતિ લાગે છે પરંતુ તે તેને કોઈ પણ જગાએ દોરી જતું નથી–તેના બદલે એક ઊલટું જોખમ હોય છે, કે તે બાહ્ય રીતના જાજ્વલ્યમાન પરંતુ અજ્ઞાની રચનાનું કરણ બને છે; કારણકે આ મધ્યવર્તી પ્રદેશો નાનકડા

દેવો અથવા સમર્થ દૈત્યો અથવા વધારે નાનાં સત્ત્વોથી ભરપૂર હોય છે અને તેઓ બધા કશીક રચના, કાંઈક સાકાર કરવા અથવા કોઈ મનોમય અને પ્રાણમય રચના આ પૃથ્વી ઉપર બળજબરીથી કરવા માગતા હોય છે અને તે હેતુ પાર પાડવા માટે સાધકના વિચારો અને સંકલ્પનો કબજો મેળવવા અને પોતાનો પ્રભાવ નાખવા તેને પોતાનું કરણ બનાવવા ખૂબ આતુર હોય છે. બીજું એક વાસ્તવિક વિરોધી સત્ત્વોનું પ્રખ્યાત જોખમ તો હોય છે જ જેમનો કેવળ એકમાત્ર હેતુ ગોટાળો, જૂઠાણું, સાધનામાં સડો તથા વિનાશક બિન આધ્યાત્મિક સ્ખલનો ઊભા કરવાનો હોય છે. આવા કોઈ પણ સત્ત્વને કોઈ પણ વ્યક્તિ પોતાની જાતનો કાબુ સોંપી દે, જે સત્ત્વ કોઈ દિવ્ય નામ ધારણ કરે તેવો સાધક પોતાના યોગનો માર્ગ ચૂકી જાય છે. આથી ઊલટું એવું પણ બને કે સાધકને તેના આ મધ્યવર્તી પ્રદેશદ્વાર ઉપર એક દિવ્ય શક્તિનું મિલન થાય ત્યાં સુધી જે મહત્તર વસ્તુઓ પ્રત્યે તૈયાર થાય તેને મદદ કરે અને દોરી; પરંતુ તેમ છતાં આ પ્રદેશ માટે ક્ષતિઓ અને સ્ખલનો માટે રક્ષણ આપે એવી ખાતરી નથી; કારણકે આ પ્રદેશની શક્તિઓ અથવા વિરોધી બલો બહુ જ સિફતથી માર્ગદર્શક અવાજનું કે સ્વરૂપનું અનુસરણ કરી શકે છે અને સાધકને છેતરી શકે તેમ જ ગેરરસ્તે દોરી શકે છે અથવા તો સાધક પોતે પણ તેના મન, પ્રાણ કે અહંના સર્જનો અને રચનાઓને તે પ્રભુનાં છે એમ માની લે છે, કારણકે આ મધ્યવર્તી પ્રદેશ એ અર્ધ સત્યનો પ્રદેશ છે – અને તેનું પોતાનું તો કોઈ મહત્વ નથી, કારણકે અતિમાનસની નીચેની કોઈ પણ ભૂમિકામાં પૂર્ણ સત્ય નથી; પરંતુ અહીં રહેલું અર્ધ સત્ય ઘણી વખત એટલું બધું આંશિક અથવા વ્યવહારમાં સંદિગ્ધ હોય છે કે તે ગોટાળો, ભ્રમ અને ભૂલનું વિશાળ ક્ષેત્ર છે. સાધક એવું વિચારે છે કે પોતે પોતાની નાનકડી ચેતનામાં હવે બિલકુલ રહેતો નથી કારણકે તે પોતાની જાતને વધારે વિશાળ અને ઘણી શક્તિ-શાળી વસ્તુના સંપર્કમાં આવેલો છે; પરંતુ ખરેખર તો તેનામાં જૂની ચેતના રહેલી જ હોય છે અને તે ખરેખર નાશ પામેલી હોતી નથી. તે કોઈ તેના પોતાનાથી વધારે મહાન શક્તિ, સત્ત્વ અથવા બલના નિયંત્રણ અથવા પ્રભાવ નીચે આવેલો છે એમ તેને લાગે છે, તેનું કરણ બનવાની અભીપ્સા રાખે છે અને એમ વિચારે છે કે તેનો અહંકાર વિસર્જન થયેલો છે. પરંતુ અહંકાર–વિહીનતાનો જે આ ભ્રામક ખ્યાલ છે તે એક અતિશય મહાન અહંકારનું ઢાંકણ છે. વિચારો તેની ઉપર પકડ જમાવીને તેના ઉપર ધક્કો મારે છે, જેમાં કેવળ આંશિક સત્ય જ હોય છે અને અતિવિશ્વાસપૂર્ણ ખોટા વ્યવહારને લઈને તેઓ જૂઠાણામાં પરિવર્તન પામે છે. આ વસ્તુ ચેતનાની ગતિઓને બગાડે છે અને ભ્રમણ માટેના દ્વારોને ખુલ્લાં કરે છે.

કેટલીક વખત એવા રોમાંચક પ્રકારના સૂચનો મૂકવામાં આવે છે કે તેઓ સાધકની અગત્યને ખોટી રીતે પ્રશંસા કરતા હોય અથવા તેની ઈચ્છાને એવા અનુકૂળ હોય છે કે તેમની તપાસ કર્યા સિવાય અથવા વિવેકપૂર્વકના નિયંત્રણ સિવાય તેમને તે સ્વીકારી લે છે. જે સાચી વસ્તુ હોય છે તેને પણ એવા ઉન્નત અને મર્યાદા કે માપ વગર એટલી ઊંચાઈએ ચડાવી દેવામાં આવે છે અથવા વિસ્તારપૂર્વક કરવામાં આવે છે કે તે ભૂલને ઉત્પન્ન કરે છે. આ એવો પ્રદેશ હોય છે જે ઘણા સાધકોને પસાર કરવાનો હોય છે જેમાં ઘણા માણસો લાંબો વખત ભટકયા કરે છે અને ઘણા તો તેમાંથી બહાર આવતા નથી. ખાસ કરીને તેમની મોટે ભાગે મનોમય અને પ્રાણમય સાધના હોય તો તેમને ઘણી મુશ્કેલીઓ અને ભીતિનો સામનો કરવો પડે છે; જે લોકો કડક રીતે કાળજીપૂર્વક માર્ગદર્શનને અનુસરે છે અથવા જેમનામાં ચૈત્ય પુરુષ તેમની પ્રકૃતિમાં અગ્રસ્થાને રહેલો હોય તેઓ જ ખાતરીભર્યા સ્પષ્ટ આંકેલા માર્ગે આ મધ્યવર્તી પ્રદેશની આરપાર સહેલાઈથી પસાર થાય છે. એક કેન્દ્રવર્તી સચ્ચાઈ અને મૂળભૂત નમ્રતા પણ ઘણા જોખમોને મુશ્કેલીમાંથી બચાવી લે છે. ત્યાર પછી સાધક ઝડપથી તેની પાર વધારે સ્પષ્ટ પ્રકાશમાં પહોંચે છે, તેમ છતાં ત્યાં ઘણું મિશ્રણ, અનિશ્ચિતતા અને સંઘર્ષ હોય છતાં વૈશ્વિક સત્ય પ્રત્યે એક ઓપ પ્રાપ્ત થાય છે અને પછીથી માયા અને અવિદ્યાની અર્ધ–પ્રકાશિત લંબાણ-પૂર્વકની ગતિ થતી નથી.

મેં સામાન્ય પરિભાષામાં ચેતનાની આ અવસ્થાની શકયતાઓ તથા તેના મુખ્ય લક્ષણોનું વર્ણન કર્યું છે. આ ચેતના આપણી સામાન્ય ચેતનાની સરહદ પછીની ચેતના છે; કારણકે આ અનુભૂતિઓ આ પ્રદેશમાં જ થતી લાગે છે. પરંતુ ભિન્ન ભિન્ન સાધકો એ પ્રદેશમાં ભિન્ન ભિન્ન રીતનો વ્યવહાર કરે છે અને એક વખત એક પ્રકારની શકયતા પ્રત્યે પ્રત્યુત્તર આપે છે અને બીજી વખત બીજા પ્રકારની શકયતાને. અને કેટલીક વખત કોઈક ત્રીજી જ શકયતાને. આ પ્રસંગમાં એમ લાગે છે કે વૈશ્વિક ચેતનાને નીચે બોલાવવાનો પ્રયત્ન કરવા જતા તથા બળજબરીથી પ્રવેશ કરવા જતા આ પ્રદેશમાં પ્રવેશ થયો છે–એ વાતનું બહુ મહત્વ નથી કે તમે તેને કઈ રીતે મૂકો છો અથવા તમે જે કાંઈ કરો છો તેના વિષે તમે સભાન છો કે નહિ. અથવા આ પરિભાષા વિષે સભાન છો કે નહિ; પરંતુ મૂળતત્ત્વ આ હોય છે. આ જે પ્રવેશ થયો છે તે અધિમનસનો પ્રવેશ નથી; કારણકે અધિમનસમાં સીધેસીધા જવું એ અશકય છે. અલબત્ત, વિશ્વ ચેતનાના સમગ્ર કાર્ય ઉપર અધિમનસ પાછળ રહેલું હોય છે; પરંતુ પ્રથમ તો તેની સાથે આડકતરો સંબંધ હોય છે – એમાંથી વસ્તુઓ મધ્યવર્તી પ્રદેશમાં થઈને એક વધુ

વિશાળ પ્રકારની મનોમય ભૂમિકામાં, પ્રાણમય ભૂમિકામાં, સૂક્ષ્મ સ્થૂલ ભૂમિકામાં નીચે ઉતરે છે અને તે આગમનની ક્રિયામાં તે એટલી બધી બદલાઈ જાય છે અથવા તો નાની બની જાય છે કે એ વસ્તુઓ પાસે અધિમનસ ભૂમિકામાં જે પૂર્ણ સભર શકિત અને સત્ય હોય છે કે તેના જેવું કાંઈ રહેતું નથી. ઘણી ખરી ક્રિયાઓ અધિમનસમાંથી નહિ; પરંતુ ઊર્ધ્વમનના પ્રદેશોમાંથી આવે છે. આ અનુભૂતિઓમાં અમુક વિચારો એવા એકબીજામાં સંકળાઈ ગયેલા હોય છે અને જે વિચારો ઉપર તે પોતાનો સત્યનો દાવો કરતી હોય છે તે વિચારો અધિમનસના નહિ; પરંતુ ઊર્ધ્વમનસના અથવા દ્યુતિમનસના હોય છે; પરંતુ તે નિમ્ન મન અને પ્રાણમાંથી આવતા સૂચનો સાથે મિશ્રણરૂપ બની ગયેલા હોય છે અને તેમનો વ્યવહાર કરવામાં ખૂબ નાનકડા બની ગયેલા હોય છે, અથવા ઘણી બાબતમાં તેમનો ખોટો પ્રયોગ ઘણી જગાઓમાં કરવામાં આવે છે. આ બધામાં કોઈ વસ્તુ વાંધાજનક નથી. એ હંમેશાં સ્વાભાવિક અને સામાન્ય હોય છે અને સાધકે તેમાંથી પસર થવાનું હોય છે અને એક સ્વચ્છ વાતાવરણમાં આવવાનું હોય છે. ત્યાં વસ્તુઓ વધારે ગોઠવણીવાળી હોય છે અને વધારે ખાતરીભર્યા પાયા ઉપર મૂકાયેલી હોય છે; પરંતુ અહીં જે ક્રિયા થઈ છે તેમાં એક અતિશય ઉતાવળ અને આતુરતા છે. પોતાના વિષે વધારે પડતો ખ્યાલ બાંધેલો છે અને વધારે પડતા આત્મવિશ્વાસથી બનેલું છે તથા અપરિપકવ નિશ્ચિતતા છે. પોતાના મનના સિવાય બીજા કોઈ પણ માર્ગદર્શનનો આધાર લેવાયો નથી તથા એક ઘણી મર્યાદિત જ્ઞાનની અવસ્થામાં પોતાના કલ્પનાના અને અનુભવના ‘પરમાત્મા’ના માર્ગદર્શનને અનુસરવામાં આવેલ છે. પરંતુ સાધક પ્રભુ વિષે જે કલ્પના કરે છે અને અનુભવે છે તે મૂળમાં સાચું હોય છે તો પણ આવી સ્થિતિમાં તે કદી પણ સંપૂર્ણ અને વિશુદ્ધ વસ્તુ હોતી નથી; તે અનુભૂતિ કલ્પનાના ઘણા પ્રકારના મનોમય અને પ્રાણમય મોહથી મિશ્રિત થયેલી હોય છે અને આ દિવ્ય માર્ગદર્શન સાથે દરેક પ્રકારનાં વસ્તુઓ જોડાઈ ગઈ હોય છે તથા તેને અનુરૂપ માની લેવામાં આવે છે જ્યારે તે તદ્દન બીજા જ મૂળમાંથી આવે છે. આપણે એમ ધારીએ કે તેમાં કોઈ સીધું માર્ગદર્શન હોય છે–ઘણે ભાગે તો આવી સ્થિતિમાં પ્રભુ પરદા પાછળથી જ કાર્ય કરતા હોય છે–તો પણ તે વારંવાર આવતું હોય છે અને બાકીનું કામ શકિતઓની લીલાદ્વારા જ થતું હોય છે; ભૂલો અને સ્ખલનો અને અવિદ્યાનું મિશ્રણ મુકત રીતે બની આવે છે અને આ વસ્તુઓને મંજૂરી આપવામાં આવે છે; કારણકે સાધકની વિશ્વશકિતઓદ્વારા કસોટી લેવાની હોય છે, તેણે અનુભવદ્વારા શીખવાનું હોય છે, અને અપૂર્ણતા મારફતે પૂર્ણતા તરફ જવાનું હોય છે–જો તે આ પ્રમાણે

કરવા શકિતમાન હોય, જો તેને શીખવા માટે તૈયાર હોય, પોતાની ભૂલો અને ક્ષતિઓ માટે આંખ ખોલવા તૈયાર હોય, તેમના દ્વારા શીખવા અને લાભ લેવા તૈયાર હોય જેથી કરીને તે એક વધારે સત્ય, પ્રકાશ અને જ્ઞાનમાં વૃદ્ધિ પામવા તૈયાર હોય તો તે પૂર્ણતા તરફ જઈ શકે છે.

મનની આ સ્થિતિનું પરિણામ એવું આવે છે કે સાધક આ મિશ્રિત અને સંદિગ્ધ પ્રદેશમાં જે કાંઈ આવતું હોય તે બધું જ જાણે સમગ્ર સત્ય હોય અને કેવળ પ્રભુની જ ઈચ્છા હોય એવું ભારપૂર્વક કહેવાની શરૂઆત કરે છે. જે વિચારોનું અથવા સૂચનોનું વારંવાર પુનરાવર્તન થયા કરે છે તેમને એક આત્મ-સ્થાપનાવાળી નિરપેક્ષ વસ્તુ તરીકે અભિવ્યકત કરવામાં આવે છે; જાણેકે તેઓ જ ફકત સમગ્ર અને ઈનકાર ન કરી શકાય એવું સત્ય હોય. સાધકના મન ઉપર એક એવી છાપ પડી હોય છે કે તે વ્યકિતતાથી પર અને અહં-મુકત બની ગયો છે અને મનનો સમગ્ર ભાવ, તેની કહેવાની રીત અને ભાવ, પ્રચંડ આત્મ-સમર્થનથી સભર હોય અને તે ભારપૂર્વક એવું સાચું ઠેરવવાનો પ્રયાસ કરે છે કે તે એક વિચાર કરતું અને કાર્ય કરતું પ્રભુનું કરણ છે અને જે કાંઈ કરે છે તે પરમાત્માની પ્રેરણા નીચે કરે છે. વિચારોને આક્રમક રીતે રજૂ કરવામાં આવે છે જે મનને માટે સાચા હોય; પરંતુ આધ્યાત્મિક રીતે સાચા ન પણ હોય, છતાં તેઓ નિરપેક્ષ રીતે સાચા હોય એમ કહેવામાં આવે છે. દા. ત. સમતા, તે તે અર્થમાં લે તે કેવળ મનોમય અર્થ હોય છે–પણ યૌગિક સમતા એક જુદી જ વસ્તુ છે–એક પવિત્ર સ્વતંત્રતા માટેનો હકદાવો, કોઈ પણ વ્યકિતને ગુરુ તરીકે સ્વીકાર કરવાનો ઈનકાર અને પરમાત્મા તથા માનવ–પ્રભુ વચ્ચેનો વિરોધ વગેરે. આવા બધા વિચારો મન અને પ્રાણદ્વારા સ્વીકારવામાં આવે છે અને તેમને સિદ્ધાંતોનું સ્વરૂપ આપવામાં આવે છે, અને તે વસ્તુઓને તેઓ ધાર્મિક અથવા આધ્યાત્મિક જીવન તરીકે ઠોકી બેસાડવા પ્રયત્ન કરે છે, તે વસ્તુઓ કદી આધ્યાત્મિક હોતી નથી. તે ઉપરાંત પ્રાણ-મય ભૂમિકા ઉપરથી સૂચનો આવવાની શરૂઆત થાય છે, ત્યાંથી રોમાંચક, તરંગી કે ચાલાકીભરી કલ્પનાના તરંગો આવે છે, છૂપી રીતના અર્થઘટનો આવે છે, ખોટી સહજસ્ફૂરણાઓ આવે છે; ઉપરની વસ્તુઓમાં દિક્ષાઓ મળશે એવી નિશા-નીઓ પ્રાપ્ત થાય છે અને તે બધું ઉશ્કેરી દે છે અને ખુશ કરે છે અને ઘણી વખત અહંકાર અને તેના મહિમાને રોચક તેમ જ વધારે મોટું એવું રૂપ આપવામાં આવે છે; પરંતુ આ બધું અનિશ્ચિત હોય છે, સાચી આધ્યાત્મિક કે ગુહ્ય વાસ્તવિકતા હોતી નથી. આ પ્રદેશ આ પ્રકારનાં તત્ત્વોથી ભરેલો હોય છે અને તેમને રજા આપવામાં આવે તો તે સાધક ઉપર ટોળાબંધ રીતે ધસી આવે છે;

પરંતુ જો તેને ગંભીરતાથી ઉચ્ચતમ તત્ત્વ તરફ પહોંચવાની ઇચ્છા હોય તો તેણે તેમનું ફક્ત નિરીક્ષણ કરવાનું હોય છે અને તેમને પસાર થઈ જવા દેવાના હોય છે. એવું નથી કે આ બધી વસ્તુઓમાં કોઈ પણ સત્ય નથી હોતું; પરંતુ જો એક સત્ય સાચું હોય તો બીજાં નવ નકલ કરનારાં અસત્યો રજૂ થયેલાં હોય છે. એક તાલીમ પામેલો ગુહ્ય વિદ્યાનો જાણકાર જ લાંબા અનુભવમાંથી જન્મેલી અફર કુશળતાને લઈને સ્ખલન વગર અથવા ભૂલભૂલામણીમાં ફસાયા વગર પોતાની જાતને સાચું માર્ગદર્શન આપી શકે છે. સાધકનું આખુંયે વલણ અને કાર્ય અને ઉદ્‌ગારો આ મધ્યવર્તી પ્રદેશની ભૂલોથી એટલા બધા સભર હોય છે કે આ રસ્તે જો તે પ્રગતિ કરે તો પ્રભુ અને યોગથી ઘણે દૂર દૂર ચાલ્યો જાય છે.

*

અહીં સાધકની પાસે એક પસંદગી ખુલ્લી રહે છે કે આ અનુભૂતિઓની વચ્ચે તેને જે મિશ્રણયુક્ત માર્ગદર્શન મળે છે તેને સ્વીકારવું કે સાચું માર્ગદર્શન લેવું. દરેક માણસ જે યૌગિક અનુભૂતિના ક્ષેત્રમાં પ્રવેશ કરે છે તેને પોતાને માર્ગે જવાની સ્વતંત્રતા હોય છે; પરંતુ આ યોગ દરેક માણસ માટે અનુસરવાનો માર્ગ નથી; પરંતુ જે આ યોગના લક્ષ્યનો સ્વીકાર કરે છે, જેઓ તેમને દર્શાવેલી એક અનિવાર્ય માર્ગદર્શન આપતી સાધના સ્વીકારે છે તેમને માટે જ આ યોગ છે. જો કોઈ એવી અપેક્ષા રાખે કે તે આ માર્ગે ઘણે દૂર સુધી જઈ શકે–અને પોતાના આંતરિક સામર્થ્ય અને જ્ઞાન વડે જ સાચી મદદ કે જ્ઞાનદર્શન સિવાય પણ અંતિમ ધ્યેય સુધી પહોંચી શકશે તો તે મિથ્યા છે. લાંબા સમયથી તાલીમ લેતા સામાન્ય યોગોમાં પણ ગુરુ વગર આગળ વધવું ઘણું મુશ્કેલ છે, જેમ જેમ વ્યક્તિ આ યોગમાં આગળ જાય છે તેમ તેમ વણખેડાયેલા પ્રદેશોમાંથી અને અજાણ્યા ગૂંચવાયેલા પ્રદેશોમાંથી તેને પસાર થવું પડે છે; તેમાં ગુરુની મદદ વગર આગળ વધવું અશક્ય છે. અહીં જે કાર્ય કરવાનું છે તે પણ સાધનાનો, કોઈ પણ સાધક કરી શકે એવું કાર્ય નથી. તે કાર્ય કોઈ અવૈયક્તિક પરમાત્માનું કાર્ય નથી–જે તે કાર્ય માટે સક્રિય શક્તિરૂપે હોતા નથી; પરંતુ વિશ્વમાં રહેલા સર્વ કાર્યને નિષ્પક્ષ રીતે ટેકો આપતા હોય છે; આ કાર્ય આ યોગની મુશ્કેલ અને સંકુલ સાધનામાં પસાર થવા માટેનું તાલીમનું કેન્દ્ર છે અને બીજું કાંઈ નથી. અહીં બધું કાર્ય એક સ્વીકારની, શિસ્તની અને સમર્પણની ભાવનામાંથી કરવાનું હોય છે, નહિકે અંગત માગણીઓ અને શરતો સાથે. પરંતુ નિયંત્રણ અને માર્ગ-દર્શન પ્રત્યે એક સજાગ સચેતન આજ્ઞાધીનતા સાથે કરવાનું છે. આવી ભાવના સિવાય કરેલું કાર્ય એક બિનઆધ્યાત્મિક અવ્યવસ્થાવાળું ગોટાળામાં તથા વાતાવરણની

શુદ્ધતામાં પરિણમે છે. તેમાં ખૂબ મુશ્કેલીઓ, ભૂલો, સ્ખલનો વારંવાર બને છે; કારણકે આ યોગમાં લોકોને મન અને પ્રાણને માટે સ્વાભાવિક એવા અજ્ઞાનમાંથી વિશાળતર ભાવ અને જ્ઞાનમાં દોરી જવાનું રહે છે, તેમને તેમના પુરુષાર્થ માટે થોડું ક્ષેત્ર આપવામાં આવે છે અને તેમને અનુભવ પ્રાપ્ત કરવા દેવાનો છે; પરંતુ સરહદની પેલી પારની કોઈ પણ દોરવણી વગર તેમને ભટકવા દેવા આવે તો યોગના પોતાના જ પાયાથી વિરુદ્ધ બને અને જે પરિસ્થિતિઓમાં કામ કરવાનું છે તે સર્વ નાશ પામી જાય. આ મધ્યવર્તી પ્રદેશમાંથી પસાર થવું જ પડે–એ ફરજિયાત નથી, કારણકે ઘણા સાધકો વધારે સાંકડા પણ વધારે ખાતરીભર્યા માર્ગે પસાર થાય છે–પરંતુ એ એક કટોકટીભર્યો માર્ગ છે. તેમાંથી જે પ્રાપ્ત થાય છે તેમાં વધારે વિશાળ અને વધારે સમૃદ્ધ સર્જન થવાની શકયતા છે; પરંતુ જ્યારે કોઈ સાધક ત્યાં જ ફસડાઈ પડે છે ત્યારે તેમાંથી બહાર નીકળવું મુશ્કેલ, વેદના-ભર્યું બને છે. એક લાંબા સંઘર્ષ અને સખત પ્રયત્ન પછી જ તે તેમાંથી બહાર આવી શકે છે.

*

તમે બધી અનુભૂતિઓ લખી અને મોકલી તે મેં વાંચી છે અને મને તમારો અને 'ક્ષ'નો પત્ર મળ્યો છે. તમે કહો છો એ અલબત્ત સાચું છે કે તમારી સાધના બીજાઓની સાધના કરતાં અલગ માર્ગો ઉપર ગયેલી છે. પરંતુ તેમાંથી એવું ફલિત થતું નથી કે તેના વિષે તમારા પોતાના વિચારોનો આગ્રહ રાખવામાં સંપૂર્ણ સાચા છો. મેં તમારી અનુભૂતિઓ વિષે શું નિરીક્ષણ કર્યું છે તે હું તમને ટૂંકમાં કહીશ.

તમે જે પ્રથમ વસ્તુઓ લખી મોકલી તે ઘણી રસિક છે અને મનોમય આધ્યાત્મિક અને માનસશાસ્ત્રીય મનોમય અનુભૂતિઓ અને સંદેશાઓ તરીકે મૂલ્યવાન છે. પાછળની અનુભૂતિઓ વધારે મનોમય, ઊર્મિમય તરફ ઢળતી જાય છે અને તેનામાં એક પ્રકારની એકપક્ષિલતા અને મિશ્રણ રહેલું છે અને તેમાં માનસશાસ્ત્રીય, પ્રાણમય અને મનોમય–શારીરિક વિવિધ પ્રકારના વિકાસો રહેલા છે, હું એમ નથી કહેવા માગતો કે તેમાં બધું અસત્ય છે, પરંતુ તેમાં ઘણા સમર્થ આંશિક સત્યો છે જેમને બીજાઓદ્વારા સુધારવાની ખાસ જરૂર છે અને તેઓ તેમની ઉપેક્ષા કરતા હોય અથવા બાતલ કરતા હોય એવું લાગે છે. તે ઉપરાંત બુદ્ધિના અને પ્રાણમય પુરુષના પણ કેટલાક બહારથી આવતા સૂચનો પણ છે, તેમને તમારે સહેલાઈથી સ્વીકારવા ન જોઈએ જે રીતે તમે સ્વીકારો છો. આ મિશ્રણ શરૂઆતની અવસ્થામાં અનિવાર્ય છે અને તેને લઈને ઉત્સાહ ખોઈ બેસવાની

જરૂર નથી. પરંતુ જો તમે તેમને ટકાવી રાખવા આગ્રહ રાખો તો તે તમને તમારા માર્ગમાંથી ચ્યુત કરીને તમારી સાધનાને નુકસાન પહોંચાડશે.

હજુ સુધી તો તમને ચૈત્ય પુરુષ અને ચૈતસિક જગતોની પ્રકૃતિની પૂરતા પ્રમાણમાં અનુભૂતિ નથી. તેથી કરીને જે બધું તમારા તરફ આવે છે તેનું સાચું મૂલ્યાંકન કરવાનું તમારા માટે શકય નથી. જ્યારે ચૈતસિક ચેતના ખુલ્લી થાય અને ખાસ કરીને એટલી મુક્ત અને ઝડપથી, જેટલી તમારામાં ખુલ્લી થઈ છે, ત્યારે તે બધા પ્રકારની વસ્તુઓ તરફ અને બધી જ પ્રકારની ભૂમિકાઓ તથા જગતો અને બલો તથા સત્ત્વો તરફથી આવતા સૂચનો અને સંદેશાઓ તરફ ખુલ્લી થાય છે. એક સાચો ચૈત્ય પુરુષ હોય છે જે કાયમ કલ્યાણકારી હોય છે અને એક ચૈનસિક ખુલ્લાપણું મનોમય, પ્રાણમય અને અન્ય જગતો પ્રત્યે હોય છે જેમાં સર્વ પ્રકારની વસ્તુઓ, સારી, ખરાબ અને તટસ્થ, સાચી, જૂઠી અને અર્ધ–સત્યવાળી હોય છે, જેમાં અનેક પ્રકારનાં વિચાર, સૂચનો હોય છે અને અનેક પ્રકારના સંદેશાઓ પણ હોય છે. તે બધા પ્રત્યે બિનપક્ષપાતીપણે તમારે તમારી જાતને સોંપી દેવાની નથી, પરંતુ પૂરતા પ્રમાણમાં જ્ઞાન તથા અનુભવ અને વિવેકશકિતનો વિકાસ કરવાનો હોય છે જેથી કરીને તમે તમારી સમતુલા જાળવી શકો અને અસત્ય, અર્ધ–સત્ય અને મિશ્રણોનો ત્યાગ કરી શકો. અધીરાઈથી વિવેકશકિતની જરૂર માટે એવી દલીલ કરવી કે તે કેવળ બુદ્ધિવાદ છે, એમ ગણીને ફેંકી દેવાથી કોઈ કામ ચાલશે નહિ. વિવેકશકિત બુદ્ધિયુક્ત જ હોવી જોઈએ એવું નથી, જોકે તે વસ્તુ પણ એવી છે કે તેના માટે ધિક્કાર રાખવાની જરૂર નથી. પરંતુ તે એક ચૈતસિક વિવેકશકિત હોઈ શકે અથવા એવી શકિત જે ઊર્ધ્વતર અતિબૌદ્ધિક મન તથા ઊર્ધ્વતર સ્વરૂપમાંથી આવે છે. જો તમારામાં આ વસ્તુ ન હોય તો તમારે જેમનામાં એવી શકિત હોય અને એવી વ્યકિતઓ જેમને લાંબી ચૈતસિક અનુભૂતિ હોય તેમના તરફથી સતત રક્ષણ અને માર્ગદર્શન પ્રાપ્ત કરવું જરૂરી છે. કેવળ તમારી જાત ઉપર જ સંપૂર્ણ આધાર રાખીને આવા માર્ગદર્શનનો ઈનકાર કરવો તે કદાચ તમારા માટે જોખમી બને.

દરમિયાન સાધના માટેના ત્રણ નિયમો છે જેમની શરૂઆતની અવસ્થામાં ખૂબ જરૂર પડે છે અને જેમને તમારે ખૂબ યાદ રાખવા જોઈએ, પ્રથમ તો તમારી જાતને અનુભૂતિ પ્રત્યે ખુલ્લી કરો, પરંતુ અનુભૂતિઓનો 'ભોગ' ભોગવો નહિ. કોઈ પણ પ્રકારની ખાસ અનુભૂતિ પ્રત્યે તમારી જાતને આસકિત વધારશો નહિ. બધા જ વિચારો અને સૂચનોને સાચા તરીકે સ્વીકારો નહિ અને કોઈ પણ જ્ઞાન, અવાજ અથવા વિચાર–સંદેશને નિરપેક્ષણપણે અંતિમ અને નિશ્ચયપૂર્વક રીતે

સ્વીકારો નહિ. જ્યારે પૂર્ણ સત્ય હોય ત્યારે જ તે સત્ય હોય છે અને જેમ જેમ માણસ ઊંચે ચડે છે અને ઊર્ધ્વતર ભૂમિકામાંથી તેના ઉપર નજર નાખે છે ત્યારે તેનો અર્થ બદલાતો જાય છે.

આ યોગમાં સાધકો ઉપર જે વિરોધી બલના સૂચનો આવે છે તેમની સામે તમારે તમારી જાતને સજાગ રાખવી જોઈએ એ ખાસ જરૂરી છે. જે યુરોપિયનનું તમને દર્શન આવ્યું તે એક એવું સૂચન છે કે આવા બલોની તમારા ઉપર નજર છે અને જો અત્યારે તમારી સામે કાર્ય ન કરતા હોય તો કાર્ય કરવા માટે તૈયાર થયેલા છે. તેમના સૂક્ષ્મ સૂચનો છે જે સત્યનું રૂપ ધારણ કરે છે અને તેમના ખુલ્લા હુમલાઓ નહિ પણ તેવા સૂક્ષ્મ સૂચનો વધારે ભયંકર છે, તેમાંના ખાસ પ્રકારના સૂચનોનું હું તમને નિર્દેશ કરીશ.

તમારા અહંકારને પુષ્ટ કરવા માટે કોઈ પણ સૂચન આવે તો સાવચેત રહો, દા. ત. તમે બીજાઓ કરતાં મહાન સાધક છો અથવા તમારી સાધના ઉત્તમોત્તમ છે અથવા કોઈ મહાન ઊંચા પ્રકારની છે. તમારામાં આવા પ્રકારના કેટલાંક સૂચનો અત્યારે જ હોય એવું લાગે છે. તમને ચૈતસિક પ્રકારની સમૃદ્ધિ અને ઝડપી પ્રગતિ પ્રાપ્ત થઈ છે, પરંતુ અહીં રહેલા ઘણા સાધકો જેઓ ધ્યાન કરે છે, તેમને એટલી સ્પષ્ટ રીતની અનુભૂતિ થયેલી છે કે તમને થયેલી અનુભૂતિ તેમની સરખામણીમાં કોઈ પ્રકારની એવી અદ્‌ભૂતતા કે એવી કક્ષા ધરાવતી નથી જે અમારી જાણ બહાર હોય, તેમ ન હોય છતાં પણ, અહંકાર એ સાધનામાં રહેલું મહાન જોખમ છે અને આધ્યાત્મિક રીતે તેને કોઈ પણ રીતે ન્યાયી ઠેરવી શકાય એમ નથી. બધી જ મહાનતા પ્રભુની છે; તે બીજા કોઈની માલિકીની વસ્તુ નથી.

તમારામાં કોઈ પ્રકારની અશુદ્ધિ અથવા અપૂર્ણતા, મનમાં ગોટાળો, હૃદયમાં આસક્તિ, પ્રાણમાં કાર્યનો આવેગ અથવા શરીરમાં રોગ ન દાખલ થાય અથવા કોઈ પણ આસક્તિ ન લગાડે એવા સૂચનો આપનારી કોઈ પણ માટે સજાગ રહો, આ વસ્તુઓને ટકાવી રાખવી અને તેમના માટે બુદ્ધિપ્રધાન બહાનાંઓ અને ઢાંકણો રાખવા એ આવા વિરોધી બલોની સામાન્ય તરકીબો હોય છે.

દિવ્ય બલોના જેવાં જ નકલ કરતાં આવા વિરોધી બલોને સંમતિ આપનાર કોઈ પણ વિચાર પ્રત્યે ચેતતા રહો. હું એમ સમજું છું કે તમે એમ કહ્યું છે કે તમારી બધી વસ્તુઓને મંજૂરી આપવી જોઈએ; કારણકે સર્વ વસ્તુઓ પ્રભુનો આવિર્ભાવ છે. સર્વ પ્રભુનો આવિર્ભાવ છે એ અમુક અર્થમાં ખરું, પરંતુ તેને જો ખોટી રીતે સમજવામાં આવે, અને આવું વારંવાર બને છે, તો આ વેદાન્તનું

સત્ય અસત્યના હેતુઓ માટે વાળી શકાય છે એવી ઘણી વસ્તુઓ છે જે આંશિક આવિર્ભાવો છે અને તેમની જગાએ વધારે પૂર્ણ અને વધારે સાચા આવિર્ભાવોનું સ્થાપન થવું જોઈએ. બીજા કેટલાક અવિદ્યાના આવિર્ભાવો હોય છે અને જયારે આપણે વિદ્યામાં ગતિ કરીએ ત્યારે તેઓ ખોટી પડે છે. બીજા કેટલાક અંધકારના સર્જનો હોય છે જેમની સાથે યુદ્ધ કરવું પડે છે, અને તેમનો વિનાશ કરવાનો હોય છે અથવા તેમને દેશનિકાલ કરવાના હોય છે. તમારા દર્શનમાં જે યુરોપિયનને તમે જોયો તેના પ્રતિનિધિત્વરૂપ વિરોધી બલદ્વારા આ આવિર્ભાવ એવી વસ્તુ છે જેનો તે બલે મુકતપણે ઉપયોગ કરેલો છે અને આવા બલોએ ઘણા માણસોના યોગમાં વિધ્વંસ કરેલો છે; તમે પોતે જ બુદ્ધિનો ઇનકાર કરવાની ઇચ્છા કરી હતી અને તેમ છતાં બુદ્ધિ એ પ્રભુનો આવિર્ભાવ છે અને સાથે સાથે બીજી વસ્તુઓ પણ છે જેમનો તમે સ્વીકાર કર્યો છે.

જો તમે સાચી રીતે સ્વીકારો અને તમે મને તમારી જાતને સોંપી દેતા હો તો તમારે મારું સત્ય સ્વીકારવું જ જોઈએ, મારું સત્ય એવું છે જે અવિદ્યાનો અને અસત્યનો ઇનકાર કરે છે અને જ્ઞાન તરફ પ્રગતિ કરે છે, અંધકારનો ઇનકાર કરે છે અને પ્રકાશ તરફ ગતિ કરે છે, અહંકારનો ઇનકાર કરે છે અને દિવ્ય આત્મા તરફ પ્રયાણ કરે છે, અપૂર્ણતાઓનો ઇનકાર કરે છે અને પૂર્ણતા તરફ જાય છે. મારું સત્ય કેવળ ભકિતનું જ સત્ય અથવા ચૈતસિક વિકાસનું જ સત્ય નથી; પરંતુ જ્ઞાન, વિશુદ્ધિ, દિવ્ય સામાર્થ્ય અને સ્થિરતાનું સત્ય છે. તેમ જ આ બધી વસ્તુઓને તેમના મનોમય, ઊર્મિમય અને પ્રાણમય સ્વરૂપોમાંથી અતિમનસ વાસ્તવિકતા માટેના વિકાસ માટેનું સત્ય છે.

આ બધી વસ્તુઓથી હું તમારી સાધનાની કિંમત ઘટાડતો નથી, પરંતુ તમારા મનને એક સંપૂર્ણતા તથા વૃદ્ધિ પામતી પૂર્ણતાના માર્ગ તરફ તમારા જાતને વાળવા માટે કહું છું.

તમને હમણાં જ અહીં બોલાવવા મારા માટે શકય નથી. પ્રથમ તો જરૂરી શરતો ત્યાં નથી અને બીજું કારણ તમે અહીં આવો તે પહેલાં મારા પૂર્ણ માર્ગ-દર્શનને અનુસરવા માટે તમે તૈયાર નથી. જો તમારા અત્યારના સંજોગો અનુસાર તમે ઘરે ગયેલા છો અને ત્યાં ધ્યાન કરો છો તો તમે મારા તરફ તમારી પોતાની જાતને વાળવા માટે પ્રયત્ન કરો અને તમારી જાતને તૈયાર કરો જેથી તમે અહીં આવવા માટે પછીથી તૈયાર થઈ શકો. તમારે જેની અત્યારે જરૂર છે તે વધારે ચૈત્ય પુરુષના વિકાસની નહિ, જે તમને હંમેશાં પ્રાપ્ત થશે જ (હું તમને તે

બિલકુલ બંધ કરવાનું કહેતો નથી) પરંતુ તમારે એક આંતરિક અચંચલતા અને સ્થિરતાનો સાચો પાયો બનાવવાનો છે અને તમારા ભાવિના વિકાસ અને અનુભૂતિના માટે મનમાં એક સ્થિરતા, પ્રાણમય સ્વરૂપમાં અને શારીરિક ચેતનામાં વિશુદ્ધતાનું વાતાવરણ જરૂરી છે. તમારા માટે મનોમય–પ્રાણમય અથવા મનોમય–શારીરિક યોગ, જ્યાં સુધી તમારામાં આ સ્થિરતા અને સ્વરૂપની નિશ્ચયાત્મક વિશુદ્ધિ નહિ આવે અને તમારામાં એક પૂર્ણ અને કાયમી પ્રાણમય અને શારીરિક રક્ષણ નહિ આવે ત્યાં સુધી તમારા માટે આ યોગ સહીસલામતીવાળો નહિ બને.

*

મેં 'ક્ષ'નો પત્ર સંભાળપૂર્વક વાંચ્યો છે અને હું ધારું છું કે તે વર્ણન કરે છે તે રીતે પ્રથમ તેની હાલની પરિસ્થિતિ તેને સમજાવવી એ ઉત્તમ વસ્તુ છે; કારણકે મને લાગે છે તે સાચા કારણો અને તેનો અર્થ સમજતો હોય તેવું લાગતું નથી.

હાલની નિષ્ફળતા અને તટસ્થતાની પરિસ્થિતિ આવવાનું કારણ પ્રથમ અસામાન્ય સ્થિતિ, તેના પોતાના આંતરિક પ્રયત્નથી આવેલી, તેના પ્રત્યાઘાતરૂપે છે અને તેને બહારથી અથવા અંદરથી સાચું માર્ગદર્શન મળેલું નહિ. તેને લઈને આવેલી–તેના પ્રયત્નથી જે પરદાઓ ભૌતિક જગત, ચૈતસિક અને પ્રાણમય જગતોને જુદા પાડે છે તે તૂટી ગયા. પરંતુ તેનું મન તેની અનુભૂતિઓને સમજવા માટે તૈયાર નહોતું અને શકિતમાન પણ નહોતું, અને તેણે તેમનો નિર્ણય મોહક અને કલ્પનાયુકત તથા ભૂલભરેલા મનોમય અને પ્રાણમય સૂચનોના પ્રકાશમાં કર્યો. તેનો પ્રાણમય પુરુષ રાજસિક અને અહંકારયુક્ત શકિતથી ભરેલો હોવાથી આ નવીન ક્ષેત્રોનો આનંદ લૂંટવા માટે પ્રચંડ ઝડપથી દોડી ગયો અને જે શકિત હતી તેનો ઉપયોગ નિમ્ન હેતુઓ માટે કર્યો. આ વસ્તુએ પ્રાણમય જગતની એક વિરોધી શકિતને તેની અંદર પ્રવેશ કરવાની તક આપી અને તેનો આંશિક કબજો લઈ લીધો અને તેને પરિણામે મજજાતંત્ર તથા શરીર–તંત્રનો અને કેટલાક મગજના કેન્દ્રોમાં ગેરવ્યવસ્થા આવી. તે હુમલો અને તેણે લીધેલો કબજો પસાર થઈ ગયા હોય તેવું લાગે છે અને તેણે પાછળ આ નિષ્ક્રિયતા તથા તમસ અને તટસ્થતાના સમર્થ કબજાનો હાલ પ્રત્યાઘાત આપ્યો છે. તમસ અને તટસ્થતા એ પોતે અનિચ્છનીય વસ્તુ નથી; પરંતુ તે ભૂતકાળના અકુદરતી તણાવમાંથી કામચલાઉ ઉપયોગી વસ્તુ છે. નિષ્ક્રિયતા ઇચ્છનીય વસ્તુ છે અને શકિતના નવીન અને સાચા કાર્ય માટેનો સારો પાયો છે.

તેની અવસ્થાનું એવું અર્થઘટન કરવું કે તે અંદરથી મૃતવત્ થયો છે અને કેવળ બાહ્ય સક્રિયતા છે એ સાચું નથી, સાચી બાબત એ છે કે પ્રાણમય અહંકારનું કેન્દ્ર

જે એમ માને છે કે તે પોતે જ અભિનેતા છે, તે છુંદાઈ ગયો છે અને અત્યારે તેને એવું લાગે છે કે બધા જ વિચારો અને સક્રિયતા તેની બહાર લીલા કરે છે. આ જ્ઞાનની અવસ્થા છે; કારણકે વાસ્તવિક સત્ય એ છે કે આ બધા વિચારો અને પ્રવૃત્તિઓ પ્રકૃતિના છે, અને તેઓ આપણી અંદર પ્રવેશ કરે છે અને આપણી આરપાર વિશ્વરૂપ પ્રકૃતિમાંથી તરંગો માફક પસાર થાય છે. આપણો અહંકાર અને આપણી શરીરની મર્યાદા તથા વ્યકિતગત સ્થૂલ મન આ સત્યને સમજવા તથા અનુભવ કરવામાંથી આપણને અટકાવે છે. તે અત્યારે જે પ્રમાણે કરે છે તે પ્રમાણે સત્યને સમજવા તથા તેની અનુભૂતિ કરવા શકિતમાન બનવું એ મહાન પગલું છે. અલબત્ત, આ પૂર્ણ જ્ઞાન નથી. જેમ જેમ જ્ઞાન વધારે પૂર્ણ બનતું જાય અને ચૈત્ય પુરુષ ઊર્ધ્વ તરફ ખુલ્લો થતો થાય તેમ તેમ વ્યકિતને અનુભવ થાય છે કે બધી જ પ્રવૃત્તિઓ ઊર્ધ્વમાંથી અવતરણ કરે છે અને તે પોતે તેમનું સાચું મૂળ પ્રાપ્ત કરી શકે છે અને તેમનું રૂપાંતર કરી શકે છે.

તેના મસ્તકમાં જે પ્રકાશની લીલા ચાલી રહેલી છે તેનો એવો અર્થ છે કે તેનામાં ઊર્ધ્વતર બલ અને જ્ઞાન તરફ કોઈ ખુલ્લાપણું થયેલું છે અને તે પ્રકાશ ઊર્ધ્વમાંથી અવતરણ કરે છે અને મનને પ્રકાશિત કરવા કાર્ય કરે છે. વિદ્યુત્ પ્રવાહ એક બલ છે જે નિમ્ન કેન્દ્રોમાં કાર્ય કરવા નીચે ઉતરે છે, અને તેમને પ્રકાશ માટે તૈયાર કરે છે, જ્યારે પ્રાણમય બલો જે ઊર્ધ્વતર ધસારો કરવાને બદલે સ્થિર અને સમર્પિત થાય અને પ્રકાશ માટે પૂર્ણ સંમતિ સાથે રાહ જોઈ રહે ત્યારે સાચી પરિસ્થિતિ આવશે અને તે બેની વચ્ચે જે ખાઈ છે તેને બદલે હૃદયની એક સતત અભીપ્સા ઊર્ધ્વતર સત્ય પ્રત્યે રહેશે. નિમ્ન કેન્દ્રોમાં પ્રકાશનું અવતરણ થવું જોઈએ જેથી કરીને ઊર્મિમય અને પ્રાણમય અને શારીરિક સ્વરૂપ તેમ જ મનોમય વિચારો અને સંકલ્પમાં પણ રૂપાંતર થવું જોઈએ.

અદૃશ્ય જગતો તેમ જ અન્ય યૌગિક અનુભૂતિઓનું જ્ઞાન તથા ચૈતસિક અનુભૂતિઓની ઉપયોગિતાનું માપ આપણા સાંકડા માનવ ખ્યાલો કે કઈ વસ્તુ હાલના માનવના ભૌતિક જીવન માટે ઉપયોગી થશે તેવા માપથી માપવાનું નથી. પ્રથમ તો આ વસ્તુઓ ચેતનાની પૂર્ણતા માટે તથા સ્વરૂપની પૂર્ણતા માટે જરૂરી છે. બીજું આ અન્ય જગતો આપણા ઉપર કાર્ય કરતા હોય છે. અને તમને જો જ્ઞાન હોય અને તમે તેમાં પ્રવેશ કરો તો તેમની શકિતઓનો શિકાર અને પૂતળાંઓ બનવાને બદલે આપણે તેમની સાથે સચેતન રીતે કાર્ય કરી શકીએ, તેમના પર નિયંત્રણ રાખી શકીએ અને તેમનો ઉપયોગ કરી શકીએ. ત્રીજું મારા યોગમાં, અતિમાનસ યોગમાં, ચૈતસિક ચેતનાનું ખુલ્લાપણું જેનો આ અનુભૂતિઓ વિષય

છે, તે બિલકુલ અનિવાર્ય છે; કારણકે ફક્ત ચૈતસિક ખુલ્લાપણા મારફતે જ અતિમનસ પૂર્ણ રીતે સમર્થ અને સઘન પક્કડથી અવતરણ કરી શકે અને મનોમય, પ્રાણમય અને શારીરિક સ્વરૂપનું રૂપાંતર કરી શકે.

આ તેની અત્યારની પરિસ્થિતિ છે તથા તેનું મૂલ્ય છે. ભવિષ્યમાં જો તેણે મારા યોગનો સ્વીકાર કરવો હોય તો તેને માટે સ્થિર નિશ્ચયબલ અને અભીપ્સા રાખવાં જોઈએ. એક સ્થિર નિષ્ક્રિયતા અને જે મૂળમાંથી પ્રકાશ આવે છે તેના માટે ઊર્ધ્વમાં એક ખુલ્લાપણું હોવાં જોઈશે. દિવ્ય શકિત તેનામાં કાર્ય કરી રહી છે અને જો તે આ વલણ રાખે અને તેને ટકાવી રાખે અને તેને જો મારામાં સંપૂર્ણ શ્રદ્ધા હોય, તો ભલે તેના શારીરિક અને પ્રાણમય તંત્રમાં નુકસાન થયું હોય, છતાં સાધનામાં સહીસલામત રીતે તે પ્રગતિ કેમ ન કરી શકે તેના માટે કોઈ પણ કારણ નથી. તેને અહીં આવીને મને મળવું છે એ બાબતમાં હું બરાબર તૈયાર નથી; પરંતુ તમે પોંડિચેરી પાછા ફરો પછી આપણે તે વિષે વાતચીત કરી લઈશું.

*

તે પત્ર માટે કહેવાનું કે હું ધારું છું કે તમારે તે લખનારને કહેવું પડશે કે તેના પિતાએ ગુરુ વગર યોગ સ્વીકાર્યો તેમાં ભૂલ કરી હતી – કારણકે ગુરુ વિષેનો મનોમય ખ્યાલ વાસ્તવિક જીવંત પ્રભાવનું સ્થાન લઈ શકે નહિ. આ યોગમાં ખાસ કરીને મેં મારા પુસ્તકોમાં લખ્યું છે તે પ્રમાણે, ગુરુની મદદની ખાસ આવશ્યકતા છે અને ગુરુ સિવાય થઈ શકે નહિ. તેના પિતા જે પરિસ્થિતિમાં આવી પડયા અને ભાંગી પડયા તે સિદ્ધિની અવસ્થા નહોતી. તેઓ સામાન્ય મનોમય ચેતનામાંથી પસાર થઈને ચેતનાના કોઈ મધ્યવર્તી પ્રદેશમાં રહેલી ચેતનાના સંપર્કમાં આવ્યા (આધ્યાત્મિક નહિ), જેમાં વ્યકિત બધા જ પ્રકારના નાદો, સૂચનો, વિચારો, કહેવાતી પ્રેરણાઓ, જે સાચી હોતી નથી, તેમના કાબુ નીચે આવે છે. મેં આવા મધ્યવર્તી પ્રદેશના જોખમો વિષે મારા એક પુસ્તકમાં ચેતવણી આપેલી છે *. સાધક આ પ્રદેશમાં પ્રવેશ કરવાનું દૂર રાખી શકે છે – જો તે આ પ્રદેશમાં પ્રવેશ કરે તો તેણે આ બધી વસ્તુઓ પ્રત્યે અનાસકત દૃષ્ટિથી નિરીક્ષણ કરવાનું છે અને તેમના ઉપર કોઈ વિશ્વાસ મૂકવાનો નથી – આ પ્રમાણે કરવાથી તે સહીસલામત રીતે સાચા આધ્યાત્મિક પ્રકાશમાં પહોંચી શકે છે. જો તે સર્વ વસ્તુઓને સાચી

* શ્રી અરવિંદે આ મધ્યવર્તી પ્રદેશ વિષેના જોખમો વિષેની ચેતવણી એક લાંબા પત્રમાં આપેલી છે જેનું પ્રથમ પ્રકાશન ૧૯૩૩માં 'આ જગતની સમસ્યા' નામના પુસ્તકમાં થયેલું છે.

અથવા વાસ્તવિક વસ્તુઓ તરીકે સ્વીકારે અને તેમાં વિવેકબુદ્ધિનો ઉપયોગ ન કરે તો તે એક મનોમય ગોટાળાની ભૂમિ ઉપર જઈ ચડે છે અને તે ઉપરાંત જો તેના મગજમાં કોઈ દુર્બળતા કે ઈજા હોય – જે માણસ મૂર્ચ્છાનો કે મસ્તિષ્ક રક્તઘાતનો દર્દી હોય તેના માટે આ સ્વાભાવિક વસ્તુ છે – તો તેનામાં ગંભીર પરિણામો આવે અને પોતાની બુદ્ધિની અસ્તવ્યસ્તતા તરફ દોરી જાય. જો તેમાં કોઈ મહત્વાકાંક્ષા હોય, અથવા બીજા કોઈ પ્રકારનો હેતુ હોય, જે આધ્યાત્મિક શોધની સાથે ભળી ગયેલો હોય, તો તે યોગમાં પતન તરફ દોરી જાય અને અહંકારમાં અતિશય વૃદ્ધિ થાય અથવા તેનામાં ખોટી મહત્તાની ભ્રમણાનો વિકાસ થાય – આના ઘણા લક્ષણો હોય છે જે તેના પિતા કટોકટી દરમિયાન ઉચ્ચારે છે. હકીકતમાં વ્યકિતએ આ સાધનાની અનુભૂતિઓમાં લાંબા સમયની તૈયારી અને વિશુદ્ધિ સિવાય ઝંપલાવવું જોઈએ નહિ, (સિવાય કે વ્યકિત શરૂઆતથી જ મહાન આધ્યાત્મિક સામર્થ્ય અને અનુભૂતિઓમાં ઉચ્ચ દરજ્જે પહોંચેલી હોય). શ્રી અરવિંદ પોતે આ માર્ગમાં સાધકોની સ્વીકારવાની પરવા કરતા નથી અને તેઓ સ્વીકારે તેના કરતાં વધારે સાધકોનો ઈનકાર કરે છે. તેના પિતાની આ સાધનામાં આગળ ન વધે એવી વ્યવસ્થા કરી શકે તો વધારે સારું છે – કારણકે તે જે સાધના કરે તે ખરેખર શ્રી અરવિંદનો યોગ નથી; પરંતુ એવી કોઈ વસ્તુ છે જેની રચના તેણે તેના મતમાં પોતાની જાતે કરેલી છે અને એક વખત આ પ્રકારની મનની ઊથલપાથલ થઈ જાય પછી સૌથી ડહાપણભર્યો માર્ગ એ છે કે તેને બંધ કરવી.

*

મધ્યવર્તી પ્રદેશ એટલે ફકત ગોટાળાભરી અવસ્થા અથવા એવો માર્ગ જેમાં વ્યકિત પોતાની અંગત ચેતનામાંથી બહાર નીકળીને વૈશ્વિક વસ્તુઓમાં ખુલ્લી થાય છે (વૈશ્વિક મન, વૈશ્વિક પ્રાણ, વૈશ્વિક શારીરિક અને વૈશ્વિક ઊર્ધ્વતર મનનું કદાચ કાંઈક) અને તેમ છતાં તે માનવ મનની ભૂમિકાઓથી પર થયેલી હોતી નથી. વ્યકિત દિવ્ય સત્યની સાથે તેની પોતાની ભૂમિકા સાથેના સીધા સંપર્કમાં અથવા કાબુમાં હોતી નથી, પરંતુ તે તેમનામાંથી કોઈક વસ્તુ ગ્રહણ કરી શકે છે અને અધિમનસમાંથી પણ પરોક્ષ રીતે ગ્રહણ કરી શકે છે. ફકત વ્યકિત હજુ સુધી વૈશ્વિક અવિદ્યામાં ડૂબી રહેલી હોવાથી, જે કાંઈ વસ્તુ ઊર્ધ્વમાંથી આવે છે તે મિશ્રણયુકત, વિકૃત અને નિમ્ન વસ્તુના હેતુઓ માટે તથા વિરોધી શકિતઓદ્વારા તેને પકડમાં લેવામાં આવે છે.

દરેક માણસે મધ્યવર્તી પ્રદેશ મારફતે સંઘર્ષ વેઠવાની જરૂર નથી. જો વ્યકિતએ પોતાની જાતનું વિશુદ્ધિકરણ કરેલું હોય, જો તેનામાં અસામાન્ય મિથ્યાભિમાન,

અહંકાર, કીર્તિની ભૂખ અથવા બીજું સમર્થ આડમાર્ગે દોરી જનારું તત્ત્વ ન હોય, અથવા વ્યકિત જાગ્રત અને સાવચેત હોય અથવા ચૈત્ય પુરુષ અગ્રભાગે હોય, તો તે યા તો ઝડપથી અથવા સીધે સીધી રીતે અથવા ઓછામાં ઓછી તકલીફથી ચેતનાના ઊર્ધ્વતર પ્રદેશોમાં જઈ શકે છે, જ્યાં માણસ દિવ્ય સત્યની સાથે સીધા સંપર્કમાં આવી શકે છે.

તેનાથી ઊલટું ઊર્ધ્વતર પ્રદેશો મારફતે જતો માર્ગ–ઊર્ધ્વ મન, પ્રકાશિત મન, અંતઃસ્ફૂરણા, અધિમનસ એ ફરજિયાત છે – તેઓ જ સાચા મધ્યવર્તી પ્રદેશો છે જે હાલની ચેતના અને અતિમનસ ચેતના વચ્ચે આવેલા છે.

*

તેનો અર્થ હું એવો કરું છું (મધ્યવર્તી પ્રદેશનો) કે જ્યારે સાધક તેના પોતાના શરીરધારી અંગત મનની આડશોની પેલે પાર જાય છે ત્યારે તે અનુભૂતિઓની વિશાળ હારમાળામાં પ્રવેશ કરે છે જેમાં વસ્તુઓનું મર્યાદિત સઘન ભૌતિક સત્ય હોતું નથી તેમ જ તેમાં વસ્તુઓનું આધ્યાત્મિક સત્ય પણ હોતું નથી. તે એક રચનાઓનો પ્રદેશ હોય છે, મનોમય, પ્રાણમય, સૂક્ષ્મ શારીરિક રચનાઓનો અને વ્યકિત જે કોઈ રચના કરે છે તે રચનાઓ આ જગતના બલોદ્વારા આપણી અંદર કરવામાં આવી હોય છે, જે સાધક માટે થોડા સમય માટે સત્ય હોય છે – સિવાય કે તેને તેના માર્ગદર્શકદ્વારા માર્ગદર્શન ન મળતું હોય અથવા તેને તે અનુસરતો ન હોય. પછીથી જો તે તેની આરપાર પસાર થઈ જાય તો તે કઈ વસ્તુ હતી તે શોધી કાઢે છે અને પછી તે વસ્તુઓના સૂક્ષ્મ સત્યમાં જાય છે. તે એક સીમાનો પ્રદેશ હોય છે જ્યાં બધા જ જગતોનું મિલન થાય છે, મનોમય, પ્રાણમય, સૂક્ષ્મ શારીરિક અને અર્ધ–આધ્યાત્મિક જગતો; પરંતુ તેમનામાં કોઈ સુવ્યવસ્થા અથવા ક્રમબદ્ધતા હોતી નથી – એક એવો માર્ગ જે ભૌતિક અને સાચા આધ્યાત્મિક પ્રદેશો વચ્ચેનો માર્ગ હોય છે.

*

તમે વિશ્વરૂપ ચેતના તરફ પ્રથમ પગલાં ભરો છો જેમાં બધી જ વસ્તુઓ સારી અને ખરાબ, સાચી અને ખોટી, વૈશ્વિક સત્ય અને વૈશ્વિક અવિદ્યામય હોય છે. હું અહંકાર વિષે એટલો બધો વિચાર નહોતો કરતો જેટલો આ હજારો અવાજો, શકયતાઓ, સૂચનો વિષે કરતો હતો. જો તમે આ વસ્તુઓને છોડી દો તો આ મધ્યવર્તી પ્રદેશ મારફતે પસાર થવાની જરૂર નથી; "છોડી દો" એટલે તેમને સંમતિ ન આપો એમ હું ખરો અર્થ કરું છું. વ્યકિત તેમની પ્રકૃતિને ધ્યાન પર લે અને પછી પસાર થઈ જાય.

*

કોઈ પણ વ્યક્તિ સામાન્ય ચેતનાની સીમાને પસાર કરીને આ (મધ્યવર્તી) પ્રદેશમાં પ્રવેશ કરી શકે છે, જો તે ચૈતસિક પ્રદેશમાં પ્રવેશ કરવાની દરકાર ન કરે, તો તેના પોતાનામાં તેની મારફતે પસાર થવામાં કોઈ નુકસાન નથી, સિવાય કે વ્યક્તિ ત્યાં અટકી ન જાય. પરંતુ અહંકાર, કામવાસના, મહત્વાકાંક્ષા વગેરેમાં જો વધારે પડતી વૃદ્ધિ થાય તો સહેલાઈથી ભયંકર પતનમાં તે દોરી જાય છે.

*

તે (પરદો હઠી જવાની ક્રિયા) તેની પોતાની જાતે જ સાધનાના દબાણ સાથે આવે છે. તે વસ્તુ વિશિષ્ટ એકાગ્રતા અને પ્રયત્નદ્વારા લાવી શકાય છે.

વ્યક્તિગત અને વૈશ્વિક ચેતના વચ્ચે રહેલો પરદો અથવા આવરણ હઠી જાય તે પહેલાં જો ચૈતસિક પુરુષ સચેતન અને સક્રિય બને તો અલબત્ત વધારે સારું, પરંતુ તે ત્યારે બને જ્યારે આંતર–સ્વરૂપ તેની સમગ્ર વિશાળતામાં અગ્રભાગે લાવવામાં આવે; કારણકે તો પછી મેં જેને મધ્યવર્તી પ્રદેશ કહેલો છે તેની મુશ્કેલીઓનું જોખમ ઘણું ઓછું થઈ જાય છે.

*

તમારી આ બધી જ અનુભૂતિઓ મેં જેને મધ્યવર્તી પ્રદેશ કહેલો છે તે પ્રદેશની છે; તેમાંનો ઘણો મોટો ભાગ પ્રાણમય ભૂમિકાનો છે. પ્રાણમય ભૂમિકામાં બધી જ પ્રકારની વસ્તુઓ, સારી અને ખરાબ, સહાયરૂપ અને જોખમરૂપ, સાચી, અર્ધ–સાચી અને ખોટી, સત્યનિષ્ઠ તેમ જ છેતરામણી હોય છે. એટલા માટે વ્યક્તિએ ખૂબ સંભાળપૂર્વક રહેવું જોઈએ તથા હંમેશાં સજાગ રહેવું જોઈએ અને પ્રકાશના સાચા સ્રોત તરફ વળેલા રહેવું જોઈએ. મુશ્કેલી એ છે કે અહીં માણસને આધ્યાત્મિક અનુભૂતિ આવી શકે અને ત્યાર પછી બધી જ પ્રકારની નકલી છેતરપીંડીવાળી વસ્તુઓ પણ અંદર આવી શકે અને તેની સાથે ખોટી અનુભૂતિનું જોખમ પણ લાવી શકે. વ્યક્તિએ જોયા કરવાનું છે, પોતાની અનુભૂતિઓનું નિરીક્ષણ કરવાનું છે અને તેમાં વિવેકશક્તિ વાપરીને સમજવા પ્રયત્ન કરવાનો છે – અને બે વસ્તુઓની રાહ જોવાની છે–ઊર્ધ્વમાંથી વિશાળતર ઉચ્ચતર ચેતના પ્રત્યે ખુલ્લા થવાનું અને પાછળના ભાગમાંથી ચૈત્ય પુરુષ અગ્રભાગે આવે તેની. જ્યારે આ બે વસ્તુઓ બને તો ભૂલ થવાની તક ઓછી થતી જાય છે અને સાચું આંતર–માર્ગદર્શન સાધનામાં વધારે અને વધારે પ્રમાણમાં મળવાની શરૂઆત થાય છે.

ˎ પ્રકાશો બધા પ્રકારના હોય છે : અતિમનસ, મનોમય, પ્રાણમય, શારીરિક, પરમાત્માનો અથવા અસુરનો – વ્યક્તિએ નિરીક્ષણ કરવાનું છે, અનુભૂતિમાં વૃદ્ધિ

કરવાની છે અને એકથી બીજાને જુદી રીતે સમજવાનું છે. સાચા પ્રકાશો તેમ છતાં તેમની સ્પષ્ટતાથી અને સૌંદર્યથી ઓળખવા અઘરા નથી.

ઊર્ધ્વમાંથી આવતો પ્રવાહ અને નીચેથી આવતો પ્રવાહ એ યૌગિક અનુભૂતિની પરિચિત વસ્તુઓ છે. તેમાં ઊર્ધ્વ પ્રકૃતિની શકિત અને નિમ્ન પ્રકૃતિની શકિત સક્રિય બને છે અને એકબીજા તરફ મિલન કરવા ગતિ કરે છે. એક નીચે અવતરણ કરે છે અને બીજી ઊર્ધ્વમાં આરોહણ કરે છે. તેમનું મિલન થાય ત્યારે શું બને છે તે સાધકના ઉપર આધાર રાખે છે. જો તેની સતત અભીપ્સા ઊર્ધ્વ ચેતનાદ્વારા નિમ્ન ચેતનાની વિશુદ્ધિ માટે હોય તો તેમનું મિલન તેમાં અને આધ્યાત્મિક પ્રગતિમાં પરિણમે છે. જો તેનું મન અને પ્રાણ મલીન હોય અને વાદળ છાયાવાળાં હોય તો એક સંઘર્ષ થાય છે. એક અશુદ્ધ મિશ્રણ અતિશય તકલીફમાં પરિણમે છે.

સ્વરૂપનું વિભાજન બે ભાગમાં – એક વિશાળ ચેતના પાછળ હોય છે અને બીજી વધારે નાની ચેતના અગ્રભાગે હોય છે. એ પણ સાધનાનું પરિચિત લક્ષણ છે. તેના પોતાનામાં એ વસ્તુ જરૂરી ગતિ છે; તે સ્વાભાવિક રીતે જ વિશાળતર યૌગિક ચેતનાના વિકાસમાં પરિણમતું જોઈએ જેણે નાની સામાન્ય બાહ્ય ચેતનાની ઉપર વિજય પ્રાપ્ત કરવો જોઈએ અને દિવ્ય શકિતના દબાણ નીચે રૂપાંતર માટેનું કરણ બનવું જોઈએ. પરંતુ અહીં પણ ભૂલ થવા સંભવ છે – ખાસ કરીને કોઈ બાહ્ય બલ અંદર પ્રવેશ કરે અને પાછળ રહેલી વિશાળતર ચેતનાની જગાએ આવીને તેની જગાએ દિવ્ય શકિતનો મહાન દંભ કરીને એક વધારે વિશાળ પ્રાણમય અહંકારની સ્થાપના કરે. આવા કોઈ પણ પ્રવેશની સામે વ્યકિતએ સજાગ રહેવું જોઈએ; કારણકે ઘણા સાધકોને આવા પ્રક્ષેપથી લાંબા સમય સુધી સહન કરવું પડયું છે જે સાધનાના માર્ગને બગાડી નાખે છે.

એકંદરે ચૈત્ય પુરુષના વિકાસ અને તેના નિયંત્રણ નીચે બાકીની પ્રકૃતિ રહે તેને માટે અભીપ્સા કરો અને ખુલ્લાપણા માટે વધારે વિશાળ પ્રાણમય ચેતના તરફ નહિ; પરંતુ ઊર્ધ્વમાં રહેલી ઊર્ધ્વતર ચેતના પ્રત્યે ખુલ્લા થાઓ અને દરેક અવસ્થામાં માતાજીના રક્ષણ અને તેમની કૃપા પ્રત્યે તમારી જાતને ખુલ્લી કરો અને તે શકિતને તમારી સલામતી અને માર્ગદર્શન માટે પુકાર કરો.

*

આ પ્રકારનો આવિર્ભાવ (આદેશ) યોગની તાલીમના અમુક તબક્કામાં ઘણી વખત આવે છે. મારો અનુભવ એ પ્રકારનો છે કે તે ઉચ્ચતમ મૂળમાંથી આવતો

નથી અને તેના ઉપર વિશ્વાસ ન કરી શકાય, અને વધારે સારું એ છે કે જ્યાં સુધી વ્યકિત ઊર્ધ્વતર ચેતના અને સત્યમાં પ્રવેશ ન પામી શકે ત્યાં સુધી રાહ જોયા કરવી અને આ પ્રકારના વ્યવહારોમાં રજૂઆત થાય તેમાં ન પડવું. કેટલીક વખત આવી વસ્તુઓ મધ્યવર્તી ભૂમિકાઓના સત્ત્વો તરફથી આવે છે જેમને સાધકનો ઉપયોગ પોતાના કામ અથવા હેતુ માટે કરવાની ઇચ્છા હોય છે. ઘણા સાધકો તેમને સ્વીકારે છે અને કેટલાક, જોકે કોઈ પણ રીતે બધા જ નહિ, કોઈક કરવામાં સફળ પણ થાય છે; પરંતુ તે યોગના વધારે ઉચ્ચતર હેતુઓના ભોગે બનતું હોય છે. બીજા પ્રસંગોમાં તેઓ સાધનાના વિરોધી હોય એવા સત્ત્વો તરફથી આવે છે અને એક ઉશ્કેરાટભરી મહત્વાકાંક્ષા, મહાન કાર્યના મિથ્યાભ્યાસ અથવા અહંકારના કોઈ સ્વરૂપમાં સાધનાને નિષ્ફળ બનાવે છે. દરેક સાધકે પોતે જ નિર્ણય કરવાનો છે કે (સિવાય કે તેને માર્ગદર્શન આપનાર ગુરુ ન હોય તો) તેને એક લાલચ તરીકે સ્વીકારવી કે એક મહાન સંદેશ તરીકે સ્વીકારવો.

*

આ બધા અવાજો કેટલીક વખત માણસની પોતાની મનોમય રચનાઓ હોય છે. તેઓ સારાં કે ખરાબ છે તેનો આધાર તેઓ શું કહે છે અને તેઓ કઈ દિશામાંથી આવે છે તેના ઉપર આધાર છે.

*

ગમે તે વ્યકિત "અવાજો" પ્રાપ્ત કરી શકે છે–શરૂઆતમાં પોતાની પ્રકૃતિની ગતિઓ પોતાની જાતને અવાજ તરીકે સ્વીકારી લે છે–બીજું, બધા પ્રકારના સત્ત્વો હોય છે, જેઓ ગમ્મત ખાતર અથવા ગંભીર હેતુ માટે તેમના અવાજોથી હુમલો કરે છે.

*

આવી અવસ્થામાં શકિત પ્રાપ્ત થઈ હોય એવી લાગણી થાય છે; પરંતુ સાચી શકિત હોતી નથી. બીજી કેટલીક મિશ્રણયુકત અને બિલકુલ સાપેક્ષ શકિતઓ હોય છે–કેટલીક વખત થોડી અસરકારક અને કેટલીક વખત બિન–અસરકારક–જો આપણે તેને સીધી પ્રભુના નિયંત્રણમાં મૂકીએ અને સમર્પિત કરીએ તો તેનો વિકાસ વાસ્તવિક શકિતમાં બનાવી શકાય. પરંતુ અહંકાર વચ્ચે આવે છે. નાની વસ્તુઓને અતિશય મોટી બનાવે છે અને તેમની રજૂઆત કોઈ પ્રચંડ અને અદ્વિતીય હોય એ રીતે કરે છે, અને સમર્પણ કરવાનો ઇનકાર કરે છે. ત્યાર પછી સાધક કોઈ પ્રગતિ કરતો નથી–તે પોતાની કલ્પનાના જંગલમાં ભટકે છે અને તેનામાં કોઈ વિવેકબુદ્ધિ અથવા ઝીણવટથી નિરીક્ષણ કરવાની શકિત હોતી નથી,

અથવા ગોટાળાભર્યા એવા બલોની લીલાને અંદર પ્રવેશ થવા દે છે જેમને સમજવા માટે અથવા કાબુમાં લેવા માટે અશક્તિમાન હોય છે.

*

અધિમનસ બલોના પ્રવાહના અવતરણનું પ્રથમ પરિણામ ઘણી વખત અહંકારને અતિશય વધારી મૂકે છે જે પોતાની જાતને ખૂબ જ સમર્થ સમજે છે અને લગભગ અવિરોધ્ય (જોકે હકીકતમાં તે વસ્તુ સાચી નથી) તથા દિવ્યીકરણ થયું હોય તેવો અને પ્રકાશિત બન્યો હોય એવું લાગે છે. આ વસ્તુની થોડી અનુભૂતિ પછી જે વસ્તુ પ્રથમ કરવાની છે એમાં આ અતિશય વિશાળ થયેલા અહંકારમાંથી મુક્ત થવાનું છે. તેના માટે તમારે પાછળ ઊભા રહી જવું જોઈએ અને તેની સક્રિયતામાં તમારી જાતને ઘસડાવવી નહિ; પરંતુ જોયા કરવું, સમજવું, બધા મિશ્રણોનો ઇનકાર કરવો અને વધારે વિશુદ્ધ અને તેનાથી પણ વિશુદ્ધતર પ્રકાશ તથા કાર્ય માટે અભીપ્સા રાખવી. આ વસ્તુ સંપૂર્ણ રીતે ત્યારે જ બને જો ચૈત્ય પુરુષ અગ્રભાગે આવે, મન અને પ્રાણ, ખાસ કરીને પ્રાણ, આ શક્તિઓને ગ્રહણ કરવાથી તેમને પકડી લેવાના વલણનો મહામુશ્કેલીથી સામનો કરી શકે છે, અને તેમના અહંકારના હેતુઓ માટે ઉપયોગ કરે છે. તે લગભગ તેના જેવું જ બને છે જેમાં તેઓ અહંકારની માગણીઓને ઊર્ધ્વતર હેતુની સેવા સાથે સેળભેળ થવા દે છે.

*

પ્રથમ વાત તો એ છે કે 'ક્ષ'ના શિષ્યોએ તેમના મૃત્યુ પછી તેમના વિષે જે કાંઈ લખ્યું હોય તે માનવા માટે કોઈ પણ માણસ બંધાયેલો નથી. તે ઉપરાંત તેઓ તેમની જે અનુભૂતિઓ વિષે વર્ણન કરે છે તે મધ્યવર્તી ભૂમિકાની અનુભૂતિઓ છે, નહિકે ઉચ્ચતમ આધ્યાત્મિક ચેતનાની. પરમ તત્ત્વ વિષે તેમને જે કાંઈ અનુભૂતિ થઈ હોય તે તેમના શિષ્યોથી ગુપ્ત હતી અને આશ્ચર્યજનક અને કલ્પનાશીલ દંતકથાઓના જંગલમાં અટવાઈ ગયેલી હતી. એ શકય છે કે તેમને મહાન સિદ્ધ બનાવવા માટે તેમણે (શિષ્યોએ) તેઓ જે સાચી વાસ્તવિકતાવાળા હતા તેમાંથી તેમને નીચે ઉતારી પાડેલા છે.

*

સાચી અંતઃસ્ફૂરણા પ્રાપ્ત કરવા માટે માણસે પોતાના મનમાં આત્મસંકલ્પથી મુક્ત રહેવું જોઈએ તેમ જ પ્રાણમય સંકલ્પથી પણ, પોતાની પસંદગીઓ, કલ્પનાઓ, કલ્પનાવિહારો, સમર્થ ટેવોને વળગી રહેવામાંથી પણ મુક્ત બનવું જોઈએ અને મનોમય અને પ્રાણમય અહંકારના દબાણનો પણ ત્યાગ કરવો જોઈએ. જે વસ્તુ ચેતનાને તેના પોતાના હકદાવાઓ અને કામનાઓની સેવામાં જોડી આપે છે, નહિતો

પછી આ વસ્તુઓ બળપૂર્વક અંદર આવશે અને પોતાની જાતને અંતર-સ્ફુરણાઓ, પ્રેરણાઓ અને બાકીની એવી બધી વસ્તુઓ તરીકે મહેર કરશે અથવા તો જે કોઈ પ્રેરણાઓ આવશે તેમને વિકૃત બનાવશે અને આ અવિદ્યાના બલોના મિશ્રણ વડે બગાડી નાખવામાં આવશે.

*

ના, આ સમયના નિર્દેશો અને આ અવાજો માતાજી તરફથી આવેલી આજ્ઞાઓ નહોતી. આ વસ્તુના સત્યનું મેં તમને સૂચન આપેલું છે; માતાજીએ શારીરિક જીવન માટે જે નિયમો બનાવેલા છે તેમનું તમારે અનુસરણ કરવું જ જોઈએ; જો કોઈ પણ ફેરફાર કરવાનો હોય તો તેઓ પોતે જ તમને તેની જાણ કરશે અથવા તમારે તેના માટે તેમની મંજૂરી મેળવવી પડશે. કોઈ પણ અંદરથી સંભળાતો અવાજ તેમના શબ્દો ઉપર વિજય મેળવી શકશે નહિ અને તેઓ પોતે જો મંજૂરી ન આપે તો કોઈ પણ સૂચન જે તમારા મનમાંથી ઉત્પન્ન થયું હોય તેને સ્વીકારી શકાય નહિ.

આવી અનુભૂતિઓનો શરૂઆતમાં વારંવાર બને છે તે પ્રમાણે તમે ગોટાળો કરેલો છે. અલબત્ત, તમારી અંદર અથવા તમારી ઉપર માતાજીનું બલ કાર્ય કરતું હતું, અને કેટલીક અનુભૂતિઓ, જેવી કે માતાજીને તમારા હૃદયની અંદર અનુભવવાં, એ બિલકુલ સાચી અનુભૂતિઓ હતી. પરંતુ જ્યારે દિવ્ય બલનું દબાણ તમારી ચેતના ઉપર કાર્ય કરે છે ત્યારે, જે ભૂમિકા ઉપર તે કાર્ય કરે છે તેમાં ભિન્ન ભિન્ન બલોની પ્રક્રિયાની લીલાઓ શરૂ થઈ જાય છે. દા. ત. જો તે મનની ભૂમિકા હોય તો મનોમય બલો, તે જો પ્રાણમય ભૂમિકા હોય તો પ્રાણમય બલોની લીલા શરૂ થાય છે. આ બધી વસ્તુઓને સાચી તરીકે સ્વીકારવી એ સલામતીભર્યું નથી અને તેમને શંકા વગર સ્વીકારી લેવાની નથી તેમ જ માતાજીની આજ્ઞા તરીકે અનુસરણ કરવાનું નથી. તમને એક એટલા બધા સમર્થ બલનું દબાણ થયું છે કે તમારું મસ્તક લાંબા સમય સુધી ધ્રૂજતું રહ્યું. જો માથું એ રીતે ધ્રૂમેલું રહ્યું હોય તો તે એવી નિશાની છે કે મન અથવા ઓછામાં ઓછું મનોમય-શારીરિક બલ તે બલને સમર્થ રીતે ગ્રહણ કરીને પચાવી શક્યું નહિ. જો તેણે તે પ્રમાણે કર્યું હોત તો મસ્તકની તેવી સ્થિતિ ન થઈ હોત, બધું જ પૂર્ણ રીતે સલામત, સ્થિર અને શાંત રહ્યું હોત; પરંતુ તમારા મને કાર્ય કરવાની શરૂઆત કરી, તેનું અર્થઘટન કરવાની શરૂઆત કરી; આ વિશિષ્ટ ઘટના ઉપર પોતાનો અર્થ બેસાડવાની શરૂઆત કરી અને એક પદ્ધતિ અપનાવવા પ્રયત્ન કર્યો અને તમારા વર્તનને નિયંત્રણ કરવા અને તેને સત્તા આપવા માટે તેને માતાજીની આજ્ઞા માનીને અમલમાં મૂકવાની શરૂઆત

કરી. બલનું કાર્ય એ હકીકત હતી, અને તેના આવાગમનની વિગતો તમારા મનની રચનાઓ હતી પરંતુ તેનું કોઈ વિધાનાત્મક મૂલ્ય નહોતું.

જો તમે તેનું સંભાળપૂર્વક નિરીક્ષણ કરો–મેં તમે નિવેદન કરેલું છે તેની વિગતો તપાસી છે–તો તમે જોઈ શકશો કે આ બધા સૂચનો ખૂબ અસ્તવ્યસ્ત અને ફેરફારવાળા લક્ષણો ધરાવતાં હતાં, અત્યારે એક વસ્તુ અને પછી બીજી વસ્તુ; ફક્ત તમારું મન તે ફેરફારોને અનુરૂપ બન્યું, તેનું અર્થઘટન પોતાને અનુકૂળ આવે તે રીતે તેમને સ્વીકાર્યા અને એક પદ્ધતિની ગોઠવણીને જાળવી રાખવા પ્રયત્ન કર્યો. પરંતુ હકીકતમાં બધી વસ્તુઓ અનિયમિત અને ગોટાળાભરી હતી અને તેમણે તમારી વર્તણૂકને અનિયમિત અને ગોટાળાભરી બનાવી. સાચી સ્વયંફુરણા તે પ્રમાણે કરે નહિ; તે ઓછામાં ઓછું સમતુલા, વ્યવસ્થા અને સંવાદ સ્થાપન કરવાનો પ્રયત્ન કરે.

તમે સમયના સૂચનો વિષે તમારી અંતઃસ્ફુરણાની વાત કરો છો. એક સમય વિષેની અંતઃપ્રજ્ઞા હોય છે જે મનનો વિષય નથી અને તે જ્યારે આવે છે ત્યારે દરેક મિનિટ માટે પણ ખૂબ ચોક્કસ હોય છે અને જો જરૂર હોય તો સેકંડ સુધી પણ. પરંતુ આ તમે કહી તે સ્વયંસ્ફુરણા નહોતી–કારણકે તે કાયમ ચોક્કસ હતી નહિ; કેટલીક વખત તે સાચી રીતે આવી અને પછીથી તે છેતરનારી બની અને તેણે તમને મોડું કરાવ્યું. તેણે તમને બપોરના ખોરાક માટે મોડા પડવાની શરૂઆત કરવાની અને ભોજન ખંડના કાર્યકરો સાથે અગવડ માટેનો સંઘર્ષ ઉત્પન્ન કરાવ્યો. તેણે તમને સાંજે પણ મોડું કરાવ્યું જેથી કરીને તમને સાંજનું ખાણું ન મળ્યું. પરંતુ તમારું મન તમારી પોતાની રચનાઓ સાથે આસકત રહેલું હતું અને તમે તે વસ્તુને યોગ્ય ઠરાવવા પ્રયત્ન કર્યો, જેણે તમારી ગોટાળાભરી તરંગી ધૂનોને અર્થ આપવા માંડયો અને તમે તેને માતાજીની ઈચ્છા પ્રમાણે (વારંવાર બદલાતી) સમજાવવા માંડી. જે માણસોને યોગનો અનુભવ હોય છે તેઓ આ વસ્તુ બરાબર સમજે છે અને તેઓ જાણે છે કે આ વસ્તુઓ સ્વયંફુરણાઓ નથી; પરંતુ મનની રચનાઓ છે. મનોમય સ્વરૂપો જો તે કોઈ પ્રકારે અંતઃસ્ફુરણા હોત, તો તે પ્રેરણાત્મક મન હતું; પરંતુ પ્રેરણાત્મક મન આપણને જે આપી શકે છે તેમાં શકયતાઓની પ્રેરણા આપે છે, જેમાંની કેટલીક સાચી પડે છે, કેટલીક સાચી પડતી નથી અને તેમની સિદ્ધિ માટે માણસોનો કરણ તરીકે ઉપયોગ કરે છે. આ બળો વિરોધી હોવા જરૂરી નથી; પરંતુ તેઓ પોતાના માટે રમત રમે છે. તેમને શાસન ચલાવવું હોય છે, પોતાની જાતને ન્યાયી ઠેરવવાની હોય છે અને પોતાના પરિણામોનું સર્જન કરવાનું હોય છે. જો તેઓ માતાજીની અનુજ્ઞા પ્રાપ્ત કરી શકે અથવા માતાજીની

આજ્ઞા તરીકે ચાલી જઈ શકે તો તે પ્રમાણે કરવા તૈયાર હોય છે; જો તેઓ શરીરધારી માતાજીની સંમતિ પ્રાપ્ત ન કરી શકે, તો માતાજીના સૂક્ષ્મ અદૃશ્ય વૈશ્વિક સ્વરૂપમાં અથવા હાજરીમાં પોતાની જાતને રજૂ કરીને સંમતિ તરીકે રજૂ થવા તૈયાર થાય છે એટલું જ નહિ; પરંતુ તેમની અંદર રહેલા માતાજી વચ્ચે વિરોધ ઉત્પન્ન કરે છે જે તેમને સાંભળવું હોય તે જ કાયમ કહે છે. જ્યારે શરીરધારી માતાજી, તેમને અનુરૂપ નથી લાગતા, તેમની ચકાસણી કરે છે અને તેમની કલ્પનાઓ અને ભૂલોને સુધારે છે. આ અવસ્થાએ એક વધારે ગંભીર જૂઠાણાનો હુમલો આવવાનું જોખમ હોય છે, જે વિરોધી બળ અંદર પ્રવેશ કરે છે તેના તરફથી, જે મનની ક્ષતિઓનો લાભ ઊઠાવે છે યા તો જે માતાજીનું સ્થાન લેવા પ્રયત્ન કરે છે અને તેમના નામને વટાવે છે અથવા તેમની વિરુદ્ધ બંડ પોકારે છે. એવું મનાવવું કે પ્રણામ માટે ન આવવું, તમારી અનુભૂતિઓ વિષે તેમને જાણ ન કરવી અને તેમને સુધારવા માટે તેમની પાસે રજૂ ન કરવી, તેમણે વ્યક્ત કરેલી ઈચ્છા પ્રમાણે જીવનને ન ગોઠવવું, એ આવી અવસ્થામાં જોખમની નિશાની હોય છે—કારણકે તેનો અર્થ એવો થાય કે વચ્ચે પ્રક્ષેપ કરનાર બલને નિયંત્રણ સિવાય મુકત રીતે કામ કરવા માટેની જગા જોઈએ છીએ—અને એટલા માટે જ વિરોધી માયાના જોખમ પ્રત્યે તમારું ધ્યાન દોરવાની મારે ફરજ પડી.

અવાજો માટે કહેવાનું કે ઘણા પ્રકારના અવાજો હોય છે. દરેક બલ, મનોમય, પ્રાણમય અને શારીરિક ભૂમિકાની દરેક ગતિ, પોતાની જાતના એક અવાજથી સજ્જ હોય છે. તમારા અવાજો પણ એકસરખા આવેલા નથી; એક અવાજે કાંઈક કહ્યું જ્યારે તેને કાર્ય કરવું નહોતું ત્યારે અને બીજા અવાજે તેની સાથે સુસંગત ન હોય એવી વાત કરી ત્યારે; પરંતુ તમે તમારી મનોમય રચનાઓ સાથે આસકત હતા અને તેમ છતાં તેમનું અનુસરણ કરવા પ્રયત્ન કર્યો.

આ બધું એટલા માટે બને છે; કારણકે મન અને પ્રાણ તેમની ઉત્કટતામાં અને સાધનાના દબાણ નીચે ઘણા સક્રિય બન્યાં. એટલા માટે સૌથી પ્રથમ એ વસ્તુ જરૂરી છે કે તમારી સાધના એક મહાન સ્થિરતા, મહાન સમત્વ ઉપર રચાવી જોઈએ અને તેણે અનુભૂતિઓ અને તેમના ફલ માટે દોડી જવું ન જોઈએ; પરંતુ તેમની સમક્ષ નજર રાખીને, તેમનું નિરીક્ષણ કરીને વધારે અને વધારે પ્રકાશ માટે પુકાર કરવો જોઈએ, અને વધારે અને વધારે વિશાળ, ખુલ્લા, સ્થિરતાથી અને વિવેકથી ગ્રહણશીલ બનવા પ્રયત્ન કરવો જોઈએ. જો ચૈત્ય પુરુષ કાયમ અગ્રભાગે હોય, તો આ મુશ્કેલીઓ ઘણી ઓછી થઈ જાય, કારણકે અહીં એવો પ્રકાશ છે જે મન અને પ્રાણ પાસે નથી, એક નૈસર્ગિક અને સ્વાભાવિક દિવ્ય અને અદિવ્ય

વસ્તુનું, સાચી અને ખોટી વસ્તુનું, નકલી અને સાચા માર્ગદર્શનનું, ચૈતસિક દર્શન છે–એટલા માટે જ હું તમારી અનુભૂતિઓની અમને જાણ કરવાનું કહું છું, કારણકે બીજી બધી વસ્તુઓ બાજુ પર મૂકી દઈએ તો અમને આ વસ્તુઓનું જ્ઞાન અને અનુભૂતિ છે અને કોઈ પણ ભૂલની સંભાવના ઉપર અમે કાબુ મૂકી શકીએ.

તમારી જાતને માતાજીની શકિત પ્રત્યે ખુલ્લી રાખો, પરંતુ બધા જ બલો ઉપર વિશ્વાસ ન મૂકો. જો તમે બરાબર ચાલો, તમે સીધો માર્ગ પકડી રાખો, તો તમારે એવો સમય આવશે જ્યારે તમારો ચૈત્ય પુરુષ વધારે શકિતશાળી રીતે સક્રિય બનશે અને ઊર્ધ્વમાંથી આવતો પ્રકાશ વધારે શુદ્ધ રીતે અને સમર્થ રીતે વિજયી બનશે, જેથી કરીને મનોમય રચનાઓ અને પ્રાણમય રચનાઓનું સાચી અનુભૂતિઓ સાથે મિશ્રણ થવાની તક ઓછી બનતી જશે. મેં તમને કહ્યું તે પ્રમાણે, આ વસ્તુઓ અતિમાનસ બલો હોઈ શકે નહિ અને છે પણ નહિ; તે એક તૈયારીરૂપ કાર્ય છે જે ભાવિ યોગ–સિદ્ધિ માટે વસ્તુઓને તૈયાર કરે છે.

*

આ આશ્રમમાં રહેલા માણસો કઈ રીતે ન્યાય આપી શકે કે કોઈ માણસે યોગમાં પ્રગતિ કરી છે કે નહિ? તેઓ બાહ્ય દેખાવો ઉપરથી નિર્ણય બાંધી શકે છે–જો કોઈ સાધક એકાંત સેવે, ધ્યાનમાં લાંબા સમય સુધી બેસી રહે, તેને અવાજો અને અનુભૂતિઓ પ્રાપ્ત થાય વગેરે વગેરે તો તેઓ વિચારે છે કે તે મહાન સાધક છે! 'ક્ષ'નો 'આધાર' કાયમ નિર્બળ હતો તેને થોડીક પ્રાથમિક અનુ-ભૂતિઓ થયેલી, ગોટાળાભરી અને અચોક્કસ, પરંતુ દરેક પગલે તે મુશ્કેલીમાં મૂકાતો અને આડમાર્ગે વળી જતો અને અમારે તેને સાચે માર્ગે દોરી લાવવો પડતો. છેવટે તેને અવાજ સાંભળવાની શરૂઆત થઈ અને પ્રેરણાઓ આવવા લાગી–મેં તેને ગંભીર ચેતવણી આપતા અને સમજૂતિ આપતા ઘણા પત્રો લખ્યા, પરંતુ તેણે સાંભળવાનું બંધ કર્યું, તેના પોતાના ખોટા અવાજો અને અનુભૂતિઓને વધારે વળગી રહ્યો અને ઠપકો અને સુધારણાનો ત્યાગ કરવા માટે તેણે લખવાનું અથવા અમને જાણ કરવાનું બંધ કર્યું. તેથી તે બિલકુલ ખોટે માર્ગે ગયો અને છેવટે વિરોધી બન્યો. જે કોઈ માણસ તમારી માફક આ બાબત વિષે મૂંઝાય તેને તમે આ વસ્તુ મારા નામે અને સત્તાવાર રીતે કહી શકો છો.

*

'ક્ષ'ને શું બન્યું હતું અને તેના જેવા 'ય', 'ઝ' તથા બીજાઓને શું બન્યું હતું તે કહેવાનો મારો અર્થ હતો. ઉચ્ચ અનુભૂતિઓ કોઈને પણ નુકસાન કરતી નથી–હવે પ્રશ્ન રહે છે કે ઉચ્ચતર એટલે શું? દા. ત. 'ય' એમ વિચારતો

હશે કે તેની પોતાની અનુભૂતિઓ જ ઉચ્ચતમ સત્ય છે–મેં તેને કહ્યું કે તે બધી કલ્પનાઓ છે. પરંતુ તેનું એ પરિણામ આવ્યું કે તેણે મારી સાથે ઉગ્ર ગુસ્સો કર્યો. જયારે મન અથવા પ્રાણ કોઈ વિચાર અથવા સૂચનને પકડી લે છે અને તેને તે તે લાગણીમાં ફેરવી નાખે છે અને જયારે બલોનો ધસારો થાય છે ત્યારે ઘણી નકલી ઉચ્ચતર અનુભૂતિઓ આવે છે. બધા પ્રકારની આજ્ઞાઓ આવે છે, દર્શનો, કદાચ 'અવાજો' પણ. આ અવાજો જેવી કોઈ વધારે જોખમી વસ્તુઓ નથી–જયારે હું કોઈની પાસેથી સાંભળું છું કે તેને 'અવાજ' આવે છે ત્યારે મને કાયમ અસ્વસ્થતા આવે છે, જો કે કેટલીક વખત સાચા અને મદદગાર અવાજો આવે છે અને હું એમ કહેવાનું વલણ ધરાવું છું કે "કોઈ પણ 'અવાજો' મહેરબાની કરી મને ન કહેતી–મૌન, નીરવતા અને સ્પષ્ટ વિવેકબુદ્ધિવાળું મન રાખો." આ નકલી અનુભૂતિઓ, ખોટી પ્રેરણાઓ, જૂઠા અવાજો જેમાં હજારો યોગીઓ પ્રવેશ કરે છે અને તેમાંથી બહાર નીકળતા નથી, તે વિષે મારા મધ્યવર્તી પ્રવેશના પત્રમાં સૂચન કરેલું છે. જો માણસમાં સમર્થ, સ્પષ્ટ બુદ્ધિ અને અમુક આધ્યાત્મિક સંશયશીલતા હોય તો તે તેમાંથી પસાર થઈ શકે છે અને થાય છે પણ ખરો. પરંતુ જે લોકો 'ય' અને 'ઝ' જેવા હોય, જેમનામાં વિવેકબુદ્ધિ હોતી નથી, તેઓ તેમાં ખોવાઈ જાય છે; ખાસ કરીને અહંકાર અંદર પ્રવેશ કરે છે અને તેમથી અદ્‌ભુત સ્થિતિ સાથે તેમને એટલા બધા આસકત બનાવી દે છે કે તેમાંથી બહાર આવવાનો તેઓ બિલકુલ ઇનકાર કરે છે. હવે, એકાંતમાં ચાલ્યા જવું એ આ કાર્ય માટે મુકત જગા આપે છે; કારણકે તે વસ્તુ માણસને કેવળ પોતાના સ્વલક્ષી સ્વરૂપમાં મૂકી આપે છે અને તેમાં તેનો કોઈ પણ કાબુ રહેતો નથી, સિવાય કે તેની પોતાની જન્મગત વિવેકબુદ્ધિ લાવી શકે તો–અને તે જો સમર્થ ન હોય તો? અહંકાર અલબત્ત આ સ્વલક્ષી અસત્યોનો આધાર હોય છે; પરંતુ બીજા સહાયકો પણ હોય છે. કાર્ય અને બીજાઓ સાથે હળવા–મળવાથી પરલક્ષી વસ્તુઓના સંપર્કમાં તેઓ આવે છે, કોઈ નિરપેક્ષ સંરક્ષણ આ વસ્તુઓની સામે હોતું નથી, પરંતુ તે એક રક્ષણ યોય છે, અને એક કાબુ તરીકે કામ કરે છે તેમ જ એક સુધારણા માટે સમતુલા લાવે છે. મારા ધ્યાન પર આવેલું છે કે જે લોકો આવા મધ્યવર્તી પ્રદેશમાં પ્રવેશ કરે છે તેઓ સામાન્ય રીતે એકાંતમાં ચાલ્યા જાય છે અને તેમાં રહેવાનો આગ્રહ રાખે છે. એ જ કારણને લઈને સામાન્ય રીતે સાધકોએ સંપૂર્ણ એકાંતમાં ન ચાલ્યા જવું એ હું વધારે પસંદ કરું છું; પરંતુ નીરવતા અને કાર્ય વચ્ચે અમુક સમતુલા રાખવી, અને આંતર તેમ જ બાહ્ય વસ્તુઓ વચ્ચે સુમેળ રાખવો.

*

જોખમો વિષે કહેવાનું કે, આ એકાંતવાસમાં રહેવું ખરેખરું જોખમ (અભિમાન સિવાય) સ્વલક્ષી અસરો અને કલ્પનાઓ તથા વાસ્તવિકતા ઉપરનો કાબુ ગુમાવે છે, જેને લઈને આપણે બીજાઓ સાથે સંપર્કમાં રહીને કાર્ય કરીએ છીએ અને આપણી જાતને ટકાવી રાખીએ છીએ. તેમાં ખામી આવે છે. અલબત્ત, વ્યકિત બીજાઓ સાથે સંપર્કમાં રહીને પણ 'ક્ષ'ની અને બીજાઓની માફક કાબુ ગુમાવે છે. પરંતુ હું માનું છું કે તમારું મગજ ઠંડું છે જેથી કરીને તમે જોખમને દૂર કરી શકશો.

*

એક ભૂમિકામાંથી બીજી ભૂમિકા તરફ જવા માટે એકાંતવાસ જરૂરી નથી. બહુ વિરલ પ્રસંગોમાં એ જરૂરી છે અને કેટલાક એવા સ્વભાવના માણસો માટે થોડા સમય માટે જરૂરી હોય છે.

*

તમે આ વસ્તુ એક સપ્તાહ સુધી કરો; તેના માટે અમારો કોઈ વિરોધ નથી. હું સમજુ છું કે તે એકાંતવાસ નથી; પરંતુ સામાજિક મુલાકાતોને બંધ કરવા માટે છે. મારો એકાંતવાસનો વિરોધ એટલા માટે છે કે ઘણા માણસો તેનાથી 'માંદલા' બની જાય છે, અથવા ખોટી પ્રાણમય અનુભૂતિઓની ભૂમિકામાં આડમાર્ગે જાય છે; બીજું આધ્યાત્મિક જીવન માટે પૂર્ણ એકાંતવાસ જરૂરી નથી. 'ક્ષ' જેવા લોકો માટે જુદી વસ્તુ છે. જેઓ તેવી રીતે જન્મ પામેલા હોય છે અથવા તેમાં તેમણે સંપૂર્ણ તાલીમ લીધેલી હોય છે. "જાહેરાત પર પ્રતિબંધ રાખવો" એ જુદી જ બાબત છે. તે ઉપરાંત એકાંત માટે શકિતમાન હોવું અને એકાંતનો આનંદ લેવો એ સાધનામાં મદદરૂપ હોય છે અને આંતરિક એકાંતની શકિત એ યોગી માટે સ્વાભાવિક વસ્તુ છે.

અમે અમારી મદદ આપીશું અને આશા છે કે તમે સફળ થશો. ઓછામાં ઓછું તમે એકાંતમાં જવાનો નિયમ સ્થાપન કરશો અને ઉદાહરણરૂપ ભાવિમાં ઇચ્છા થાય ત્યારે તમે કરી શકશો.

*

આત્મામાં જીવન ધારણ કરવું એ અલબત્ત પાછા હઠી જવાનો યોગ્ય હેતુ છે, અને આત્મામાં જીવન ધારણ કરવાથી ઉચ્ચતર અનુભૂતિઓ આવે છે, જે સ્પષ્ટ રીતે જ સહાયરૂપ હોય અને નહિકે નુકસાનકર્તા. મેં જે લખ્યું તે ફક્ત એટલું જ સમજાવવા માટે કે એકાંતવાસમાં કેવું જોખમ રહેલું છે અને શા માટે તે 'ક્ષ' 'ય' અને બીજાઓને નુકસાનરૂપ નીવડયું. કેટલાક 'ઝ' જેવા માણસો

છે જેમને તેમાંથી મિશ્રણ વિનાનો ફાયદો થયો છે. તે વસ્તુ માણસના સ્વભાવ અને તેના પોતાના વલણ અને લક્ષ્ય તેમ જ મૌન દરમિયાન આંતર–સમતુલા ઉપર આધાર રાખે છે.

*

એકાંતવાસનો આવેગ પોતાની અંદર એકાગ્રતા કરવાના દબાણમાંથી આવે છે – પરંતુ તે દબાણનું કારણ ભિન્ન ભિન્ન પ્રસંગોમાં જુદું જુદું હોય છે. કેટલાક એવા પ્રસંગો છે જેમાં પોતાની જાતને માતાજીની અસરોમાંથી અલગ કરવાની ઈચ્છા હતી (પ્રણામ, ધ્યાન વગેરે સમયે) અને પોતાની કલ્પના અનુસાર કાર્ય કરવું હતું દા. ત. 'अ', 'ब', કેટલીક વખત દીર્ઘગ્રંથિ પણ કારણભૂત હોય છે – "મારા જેવા મહાન યોગી માટે આવી વસ્તુઓની કોઈ જરૂર નથી." બીજા દૃષ્ટાંતોમાં એકાંતવાસની તીવ્ર ઈચ્છા હતી, પરંતુ તેમાં મગજ અસમતોલ થયેલું (क) અથવા ખોટી અસર કાર્ય કરતી હતી (ड). હું ધારું છું કે ई આ સંદર્ભમાં કહેતો હશે. પરંતુ બીજાઓની ફકત એકાગ્રતા કરવાની ઈચ્છા હતી અને તેમને બહિર્મુખ બનવાની ઈચ્છા નહોતી (फ અને ग ના એકાંતવાસનો ગાળો તે માટે હતો). તેથી બધા વિષે એક વાકયમાં કહી શકાય નહિ.

*

જ્યારે માણસ શાંતિની ઉત્કટતામાં હોય છે ત્યારે બોલવું નહિ કે બીજા માણસો સાથે સંપર્ક ન રાખવો એ અલગ વસ્તુ છે – તે પ્રમાણે બની શકે. જીવનના નિયમ તરીકે એકાંતવાસમાં રહેવું એ મને જરૂરી લાગતું નથી – જે લોકો સમગ્ર રીતે આંતર જીવનમાં રહી શકે છે અને બાહ્ય વસ્તુઓ ઉપરનો કાબુ ગુમાવતા નથી તેમને માટે તે સલામત છે. જો માણસમાં કાયમ શાંતિની સઘન સમતુલા હોય તો તે પ્રમાણે કરી શકે છે અથવા તેનું વિશુદ્ધ સમતોલ મન હોય અને ભિન્ન ભિન્ન બની આવતી અનુભૂતિઓને તે વિવેક શકિતથી જોઈ શકતો હોય અને તેમને યોગ્ય જગાએ મૂકી શકતો હોય તો પણ તે બરાબર છે. પરંતુ કેટલાક માણસો તેમની અનુભૂતિઓમાં ડૂબી જાય છે અને ગુમ થઈ જાય છે અને તેમની સાથે તીવ્ર આસકિતમાં પડી જાય છે અને આવું આંતર–જીવન તેમને માટે એક-માત્ર વાસ્તવિક જીવન બને છે અને તેઓ બાહ્ય જીવનમાં સમતુલા મેળવી શકતા નથી અને તેમના ઉપર નિયંત્રણ રાખે છે અને કસોટી કરે છે – ત્યાં જોખમ રહેલું છે. બીજું જો વ્યકિતમાં આંતર–સમતુલાનું સ્થાપન ન થયું હોય અને તે સિવાય એકાંતમાં રહે અને તેનામાં સતત આવતી અનુભૂતિ ઉપર વિવેકશીલ નિયંત્રણ ન હોય, તો ખાલીપણાના ગાળાઓમાં પ્રાણ જાગ્રત થાય છે અને સંઘર્ષો, મુશ્કેલીઓ, અસ્વસ્થતા બધા જ પ્રકારના સૂચનો, એક મુશ્કેલીભરી અને 'માંદી' પરિસ્થિતિ

લાવે છે – અને તેમાં સમય બરબાદ કરવાને બદલે, જેમ કેટલાક માણસો કરે છે તે પ્રમાણે – બીજાઓ સાથે હળવું–મળવું અથવા કોઈ કાર્ય કરવું અથવા પોતાની જાતને તંદુરસ્ત રીતે બાહ્ય સંજોગોમાં બહાર કાઢવી એ વધારે સારું છે.

*

કોઈ પણ સંપર્કથી અતિશય સંવેદનશીલ અથવા ઉશ્કેરાયેલા રહેવું એ વધારે પડતું છે; પરંતુ ઘણા વધારે સંપર્કો રાખવા તથા પોતાની જાતને કાયમ વિખેરી નાખવાથી વિકાસ પામતી સાધના તથા આંતર-સ્વરૂપમાં આવતી સઘનતામાં અટકી જઈએ છીએ; કારણકે માણસ સામાન્ય બાહ્ય ચેતનામાં વિખેરાઈ જાય છે.

*

માણસો સાથેના તમારા સંબંધોમાં સરળ રીતે અને સ્વાભાવિક રીતે જ વર્તો. નાડીતંત્રની ધ્રૂજારીઓમાંથી મુક્ત બની જાઓ, કારણકે તે નબળાઈઓ છે. અગત્યની વસ્તુ સાચું આંતર–વલણ રાખવાનું છે અને સ્થિર અને અનાસક્ત રહેવાનું છે. જો તમે તે પ્રમાણે કરી શકો તો બધી વિગતો તુચ્છ વસ્તુઓ બની જશે અને તેઓ પોતાની જાતે સગવડ પ્રમાણે અને સામાન્ય બુદ્ધિથી ગોઠવાઈ જશે.

*

તમે બધા જ બાહ્ય સંબંધોમાંથી એકસામટા પાછા હઠી જઈને સાચા બાહ્ય સંબંધો કઈ રીતે શોધવાના છો? અને કેવળ આંતર–જીવનમાં જીવવાથી પૂર્ણ રૂપાંતર સાધવામાં તથા તમારું પોતાનું સંવરણ કરવા માટે કઈ રજૂઆત કરો છો, જેમાં તમને રૂપાંતરની કોઈ કસોટી ન થઈ હોય, તેમ જ બાહ્ય સંપર્કો અને બાહ્ય કાર્ય અને જીવનની કસોટીઓમાંથી પસાર થયા ન હો તો કઈ રીતે કરી શકો? સંપૂર્ણતામાં બાહ્ય કાર્ય તેમ જ સંબંધો પણ આવી જાય છે અને નહિકે કેવળ એકાંતિક જીવન.

જ્યારે પ્રાણમય અહંકાર પોતાના હકદાવાઓ અને માગણીઓને છોડી દે છે અને તે વસ્તુઓનો સંતોષ મળતો નથી પછી જે પ્રત્યાઘાતો ઉત્પન્ન થાય છે તેમને છોડી દેવામાં આવે ત્યારે જ રૂપાંતર અને (સ્વરૂપમાં) એકતા આવે છે અને સિવાય બીજો કોઈ માર્ગ નથી.

*

મેં તમને કહ્યું કે તમારા મનથી તમારે નિર્ણય કરવા પ્રયત્ન ન કરવો. તમે જીદી રીતે એમ બોલ્યા જ કરો છો, "મારે નિશ્ચય કરવો પડશે, મારે નિર્ણય લેવો પડશે, મારે નિર્ણય લેવો જ જોઈએ." તમે કાયમ આ રીતે વારંવાર મારે, મારે, મારે નિશ્ચય કરવો જ જોઈએ એમ બોલ્યા કરો છો, જાણેકે તમે મારા તથા

માતાજી કરતાં વધારે સારી રીતે જાણતા હો! "મારે સમજવું જોઈએ, મારે નિર્ણય લેવો જોઈએ!" અને દરેક વખતે તમને ભાન થાય છે કે તમારું મન કોઈ નિશ્ચય કરી શકશે નહિ અને કાંઈ પણ સમજી શકશે નહિ અને તેમ છતાં તમે આ રીતનું એકના એક અસત્યનું પુનરાવર્તન કર્યા કરો છો.

હુ ફરીથી સ્પષ્ટ રીતે કહું છું કે તમારી આ કહેવાતી બધી જ અનુભૂતિ-ઓનું કોઈ મૂલ્ય નથી, કેવળ પ્રાણમય અજ્ઞાન અને ગોટાળો છે. જે અનુભૂતિને તમારે કેવળ એકમાત્ર જરૂર છે તે માતાજીની હાજરીની અનુભૂતિની, માતાજીના પ્રકાશની, માતાજીના બલની અને તેને લઈને તમારામાં જે ચેતના આવે તેની.

તમારે બીજી બધી અસરોને છોડી દેવાની છે અને તમારી જાતને માતાજીની અસર નીચે મૂકવાની છે.

તમારે હવે પછી એવો કોઈ પણ વિચાર કરવાનો કે વાતચીત કરવાની નથી કે શકિતઓ તમારામાંથી બહાર નીકળે છે તેમ જ બીજાઓની શકિતઓ વિષે પણ વાત કરવાની નથી. જે કોઈ શકિતની અનુભૂતિ કરવાની છે તે માતાજીની શકિતનું તમારી અંદર અવતરણ અને વહેણ વિષે તથા તેમના કાર્ય વિષેની અનુભૂતિ કરવાની છે.

આ બધી મારી સૂચનાઓ હતી અને જ્યાં સુધી તમે તેનું પાલન કર્યું ત્યાં સુધી તમે ઝડપથી પ્રગતિ કરતા રહ્યા.

આ બધી અવ્યવસ્થિત અને જૂઠી અનુભૂતિઓને ફેંકી દો, મેં તમને જે એક જ નિયમ આપ્યો છે તેના તરફ પાછા ફરો, માતાજીની હાજરી, અસર, પ્રકાશ અને બલ પ્રત્યે ખુલ્લા થાઓ – અને બાકીના બધાનો ઈનકાર કરો. તે પ્રમાણે જ તમને સ્પષ્ટતઃ (ગોટાળાને બદલે) શાંતિ, ચૈતસિક દર્શન અને સાધનામાં પ્રગતિ થશે.

*

તમે ખોટા પ્રયત્નને જીદપૂર્વક વળગી રહ્યા છો જે તમને તમારા લક્ષ્યમાંથી અટકાવે છે. તમારી ઈચ્છા તમે તમારી અંદર જેને "દિવ્યીકરણ" કરવાનું કહો છો તે છે; પરંતુ તમે જે રીતે પ્રયત્ન કરો છો તે પ્રમાણે તમારી અંદર બની શકે નહિ.

હું તમને તમારી ભૂલ બતાવીશ; તેને બરાબર સંભાળપૂર્વક વાંચશો અને સાચી રીતે સમજવા પ્રયત્ન કરશો. ખાસ કરીને મારા શબ્દોને સીધી સાદી રીતે

સમજશો અને તેની અંદર કોઈ "ગુપ્ત અર્થ" અથવા બીજો કોઈ અર્થ મૂકશો નહિ, જે તમારા હાલના વિચારને અનુરૂપ હોય.

આપણે જે દિવ્ય ચેતનાનું અહીં અવતરણ કરવાનો પ્રયત્ન કરીએ છીએ એ સત્ય–ચેતના છે. તે આપણને આપણા સ્વરૂપનું સર્વ સત્ય દર્શાવે છે અને બધી જ ભૂમિકાઓ ઉપરની પ્રકૃતિનું દર્શન કરાવે છે – મન, પ્રાણ અને શરીરની. તે તેમને ફેંકી દેતી નથી અથવા એવી અધીરાઈપૂર્વકનો પ્રયત્ન કરતી નથી કે તેમનો તાત્કાલિક ત્યાગ કરવો અને તેમની જગાએ કોઈ કલ્પનાશીલ અથવા અદ્‌ભુત વસ્તુઓનું સ્થાપન કરવું. તે તેમના ઉપર ધીરજથી અને ધીમે ધીમે કાર્ય કરે છે અને તેમનામાં જેટલી પૂર્ણતા શકય થઈ શકે તેટલા પ્રમાણમાં પૂર્ણ બનાવવા પ્રયત્ન કરે છે અને તેમાં જે કાંઈ તમોગ્રસ્ત અને અપૂર્ણ હોય તેમાં ફેરફાર કરે છે.

તમારી પ્રથમ ભૂલ એ છે કે તમે કલ્પના કરો છો કે એક ક્ષણમાં દિવ્ય બનવું શકય છે. તમે એવી કલ્પના કરો છો કે ફક્ત ઊર્ધ્વતર ચેતનાને તમારી અંદર અવતરણ કરવાનું છે અને તેને ત્યાં ટકી રહેવાનું છે એટલે સર્વ કાર્ય પૂર્ણ થયું. તમે એવી કલ્પના કરો છો કે તેને માટે સમયની જરૂર નથી. તેમ જ તેના માટે કોઈ લાંબા સમય માટે કે સખત કે સંભાળપૂર્વક કાર્ય કરવાની જરૂર નથી અને દિવ્યકૃપા એક ક્ષણમાં તમારા માટે બધું કરી આપશે આ બિલકુલ ખોટું છે. તે વસ્તુ એ પ્રમાણે બનતી નથી અને જયાં સુધી આ ભૂલમાં ચાલુ રહેશો ત્યાં સુધી કોઈ કાયમી દિવ્યીકરણ બનશે નહિ અને તમે જે સત્યનું અવતરણ કરાવવાનો પ્રયત્ન કરો છો તેને ખલેલ પહોંચાડશો અને નિષ્ફળ સંઘર્ષદ્વારા તમારા મન અને શરીરમાં ખલેલ પહોંચાડશો.

બીજું એવું વિચારવામાં પણ તમે ભૂલ કરો છો કે તમને અમુક બલ અને હાજરીની અનુભૂતિ થાય છે તેથી તમે એકદમ દિવ્ય બની ગયા છો. દિવ્ય બનવું એટલું સહેલું નથી. કોઈ પણ બલ કે હાજરી આવે તેના પ્રત્યે એક સાચું અર્થ-ઘટન અને પ્રત્યુત્તર, મનમાં સાચું જ્ઞાન, પ્રાણની અને શારીરિક સ્વરૂપની સાચી તૈયારી હોવી જોઈએ. પરંતુ તમને જે અનુભૂતિ થાય છે એ સામાન્ય પ્રાણનું બલ તથા તમારી કામનાની અધીરાઈથી ઉત્પન્ન થયેલો ઉશ્કેરાટ છે અને તેને લઈને તમારી ઈચ્છામાંથી ઉત્પન્ન થતા સૂચનો આવે છે જેમને તમે સત્ય તરીકે માની લો છો અને તેમને પ્રેરણાઓ અને અંતઃસ્ફુરણાનું નામ આપો છો.

તમે આવી સ્થિતિમાં કેટલીક ભૂલો કરો છો તે હું તમને દર્શાવીશ. તમે તાત્કાલિક એવું વિચારવાનું શરૂ કરો છો કે હવે તમારે મારી સૂચનાઓ અથવા માર્ગદર્શનની જરૂર નથી; કારણકે તમે કલ્પના કરો છો કે તમે મારી સાથે તદ્રૂપ બની ગયા છો, એટલું જ નહિ, પરંતુ તમારે જે સૂચનો સ્વીકારવા હોય છે તે મારી સૂચનાઓથી વિરુદ્ધ જાય છે. એવું કઈ રીતે બને જો તમે મારી સાથે એકતા-વાળા હો? તે સ્પષ્ટ છે કે આ વિચારો જે મારી સૂચનાઓથી વિરુદ્ધ જાય છે તે તમારા મનમાંથી અને શિઘ્રવૃત્તિઓમાંથી આવે છે અને નહિકે મારા તરફથી અથવા કોઈ દિવ્ય ચેતનામાંથી અથવા એવી કોઈ વસ્તુમાંથી જેને શ્રી અરવિંદ ચેતના કહી શકાય.

આ સંદર્ભમાં તમે લખો છો "હું મુશ્કેલી જોઉં છું કે જ્યારે હું તમારાથી સભર છું ત્યારે તમારી સૂચનાઓને આજ્ઞાધીન બનવાનું અને અનુસરવાનું બને છે અને તેમ છતાં તમે મને તમારી પોતાની બીજી જાત જ બનાવ્યો છે. હું તમને જરૂરી વસ્તુ કરવા માટે પ્રાર્થના કરું છું." મારી સૂચનાઓને આજ્ઞાધીન બનવાનું અથવા તેમનું અનુસરણ કરવાનો વિચાર એ મુશ્કેલી નથી, તે એક જ એવી વસ્તુ છે જે તમને મદદ કરી શકે. આજ્ઞાધીનતા એ ખાસ જરૂરી વસ્તુ છે.

"તમે મને તમારી પોતાની જાત જેવો બનાવ્યો છે" એટલે તમે શું કહેવા માગો છો? આ શબ્દોનો કોઈ અર્થ લાગતો નથી. તમે એવો અર્થ તો ન કરી શકો કે તમે પોતે વ્યકિતગત આત્મા રીતે મારા જેવા જ બનો છો; બે અરવિંદ હોઈ શકે નહિ; જો તે શકય હોય તો પણ તે મૂર્ખાઈભર્યું અને બિનઉપયોગી છે. તમે એવો અર્થ તો ન કરી શકો કે તમે પરમ સત્–તત્ત્વ બની ગયા છો; કારણકે તમે પ્રભુ અથવા ઈશ્વર ન હોઈ શકો. જો તે સામાન્ય (વેદાન્તિક) અર્થમાં હોય તો, દરેક વ્યકિત મારી પોતાની જાત છે, કારણકે દરેક જીવ એકમેવનો અંશ છે. કદાચ તમે થોડા સમય માટે આ એકતા વિષે સચેતન બન્યા હો; પરંતુ તે ચેતના પોતે જ એટલી પૂરતી નથી કે તમારું રૂપાંતર કરી શકે અથવા તમને દિવ્ય બનાવે.

તમે એવી કલ્પના કરવાની શરૂઆત કરી છે કે તમે ખોરાક અથવા નિદ્રા વગર ચલાવી શકો અને શરીરની જરૂરિયાતો પ્રત્યે ઉપેક્ષા રાખી શકો અને તમે મારી સૂચનાઓ ભૂલી જાઓ છો અને ભૂલપૂર્વક આ બધી જરૂરિયાતોને વિક્ષુબ્ધ કરનાર અથવા વિરોધી પદાર્થો અને શારીરિક બલો તરીકે ગણાવો છો. આ વિચાર ખોટો છે. તમને જે લાગે છે તે એક પ્રાણમય બલ છે, ઉચ્ચતમ સત્ય નહિ અને શરીર

તો પહેલાં જેવું હતું તેવું જ રહે છે; જો તેને ખોરાક, આરામ અને નિદ્રા ન આપવામાં આવે તો તેને સહન કરવું પડશે અને તે ભાંગી પડશે.

તે જ રીતનો ભૂલભરેલો તમારો પ્રાણનો આનંદ હતો જેણે તમારા શરીરને એવી લાગણી કરાવી કે તે અતિમાનસ મસાલાથી ભરપૂર છે. એટલું સમજી લો કે શરીર કદી તે રીતે રૂપાંતર પામી શકતું નથી કે તે બિલકુલ બિનશારીરિક પદાર્થ બની જાય. શારીરિક સ્વરૂપને અને શરીરને પૂર્ણ બનાવવા માટે ઘણી લાંબી તૈયારી અને ક્રમિક ફેરફારમાંથી પસાર થવું પડે છે. જો તમે આ પ્રાણમય ભૂલભરેલા ઉત્સાહમાંથી બહાર નીકળી ન જાઓ અને પ્રથમ તમારી સામાન્ય શારીરિક ચેતનામાં નીચે ઉતરી ન જાઓ અને સ્પષ્ટ રીતની શારીરિક વાસ્તવિકતામાં આવી ન જાઓ તો તે વસ્તુ બની શકે એમ નથી.

છેવટે જો તમારે સાચો ફેરફાર અને રૂપાંતર જોઈતાં હોય તો તમને સ્પષ્ટ અને નિશ્ચયાત્મક રીતે જાણ થવી જોઈએ કે તમે ભૂલો કરેલી છે અને હજુ પણ કરે જાઓ છો અને એવી પરિસ્થિતિમાં તમે આવી પડયા છો જે તમારા લક્ષ્ય માટે સાનુકૂળ નથી. તમે તમારા વિચારશીલ મનમાંથી મુક્ત થયા છો અને તેને પૂર્ણ કરવા અને પ્રકાશિત કરવાને બદલે તે પ્રમાણે કર્યું છે અને તમે તેની જગાએ કૃત્રિમ "પ્રેરણાઓ અને અંત:સ્ફૂરણાઓ" મૂકવા પ્રયત્ન કર્યો છે.

તમે શરીર માટે ઘૃણા અને પીછેહઠનો વિકાસ કર્યો છે તેમ જ શારીરિક સ્વરૂપ અને ગતિઓ માટે ઘૃણા કરેલી છે; અને એટલા માટે તમારે સામાન્ય શારીરિક ચેતનામાં પાછા ફરવું નથી અને ધીરજપૂર્વક રૂપાંતર માટે જે કાર્ય ત્યાં કરવાનું જરૂરી છે તે કરવા તૈયાર નથી. તમે તમારી જાતમાં કેવળ પ્રાણમય ચેતના રાખેલી છે જે કેટલીક વખત મહાન બલ અને આનંદની અનુભૂતિ કરે છે અને બીજી વસ્તુઓ પ્રત્યે નિરાશામાં પડી જાય છે; કારણકે તેને ઊર્ધ્વમાંથી મનનો ટેકો નથી અથવા નીચે તરફથી શરીરની સહાય નથી.

તમારે આ બધી વસ્તુઓમાં પૂર્ણ ફેરફાર કરવો જ જોઈશે, જો તમારે સાચું રૂપાંતર જોઈતું હોય તો.

તમારો પ્રાણનો આનંદ ખોઈ બેસો તો પરવા ન કરવી જોઈએ; તેમ જ શારીરિક ચેતનામાં પાછા ફરવામાં મુશ્કેલી પણ ન અનુભવવી જોઈએ અને તેની સાથે સ્વચ્છ વ્યાવહારિક મન હોવું જોઈએ જે શારીરિક પરિસ્થિતિઓ અને શારીરિક

વાસ્તવિકતાને જોતું હોવું જોઈએ. તમારે પ્રથમ તો તેમને સ્વીકારવાનાં છે, નહિનો પછી તમે કદી રૂપાંતર કરી શકશો નહિ કે તેમને પૂર્ણ બનાવી શકશો નહિ.

તમારે એક સ્થિર મન અને બુદ્ધિને પાછા પ્રાપ્ત કરવા જોઈએ. જો તમે સૌથી પ્રથમ આ વસ્તુઓ મક્કમતાપૂર્વક કરશો તો મહત્તર સત્ય અને મહત્તર ચેતના તેના યોગ્ય સમયે સાચી રીતે અને સાચી પરિસ્થિતિઓમાં પાછી આવી શકે છે.

*

સફળ થવા માટે તમારી અંદર સંકલ્પ અને કાર્યની સંપૂર્ણ શકિત હોવી જોઈએ. તમારા શરીરને જ બળવાન બનાવવું એટલું પૂરતું નથી; તમારે તમારા મનને પણ સમર્થ બનાવવું જોઈએ; તમારે આ પાપના વિચારોમાંથી મુકત બનવું જોઈએ, કામવાસનાના આવેગોના સૂચનો વિષે મનમાં ચિંતન કરવાનું બંધ કરવું અને દરેક જગાએ અંધકારમય પ્રાણના બલોને જોવાની ટેવ છોડી દેવી જોઈએ. તમારા માણસો બિલકુલ સામાન્ય માનવીઓ છે, તેઓ દુષ્ટ બલો અથવા દુષ્ટ તત્ત્વો નથી. તેમના તરફનું તમારું વલણ ન તો આસકિતપૂર્ણ હોવું જોઈએ કે ન તો બીક, ભયંકરતા અને ધ્રૂજવા જેવું હોવું જોઈએ; પરંતુ સ્થિર, અનાસકત હોવું જોઈએ.

પ્રેરણા માટે શોધ ન કરો; પરંતુ સ્થિરતાથી અને બુદ્ધિયુક્ત રીતે અમારી સૂચનાઓ પ્રમાણે સ્થિર મનથી અને સ્થિર સંકલ્પથી કામ કરો. અહીં આવીને અમારે પગે પડવાની તમારી હઠમાંથી મુકત બનો. આ અને બીજા સૂચનો તથા અવાજો અંતઃસ્ફુરણાઓ નથી; પરંતુ તમારા પોતાના મને તથા તમારી શિઘ્રવૃત્તિએ સર્જન કરેલી વસ્તુઓ છે. તમારી સહીસલામતી સ્થિર રહેવામાં તથા અમે જે કહીએ તેને સ્થિરતાપૂર્વક અને આગ્રહપૂર્વક અમલમાં મૂકવામાં રહેલી છે અને તમે પૂરેપૂરા સાજા થઈ જાઓ ત્યાં સુધી પૂર્ણ વિશ્વાસ રાખો.

*

"આર્ય"...વાંચીને તેનું ભાષાંતર કરવું તમારે માટે ઘણી સારી વસ્તુ છે. હું તમને 'ગીતા પર નિબંધો'ની એક નકલ પ્રથમ મોકલીશ. આ વસ્તુથી શરૂઆત કરવી અને તેનું ભાષાંતર કરવું તમારા માટે ઉત્તમ રહેશે. દરરોજ ફકત થોડું ભાષાંતર કરવાની તમે ટેવ પાડો અને તેમાં ખૂબ સંભાળપૂર્વક કામ કરો. ઝડપથી ન લખશો. તમે જે લખેલું હોય તે વારંવાર વાંચો અને મૌલિક ભાવની બરાબર રજૂઆત છે કે કેમ તે જુઓ અને જુઓ કે ભાષામાં સુધારો થઈ શકે છે કે કેમ. દરેક વસ્તુમાં, મનોમય તેમ જ શારીરિક ભૂમિકામાં હાલમાં તે તમારું લક્ષ્ય હોવું જોઈએ

અને નહિકે ઝડપી રીતે જઈને તેને તાત્કાલિક પૂરું કરવું; પરંતુ દરેક વસ્તુને ચીવટપૂર્વક, સંપૂર્ણ અને સાચી રીતે કરવી.

તમે સમજો અને હવે પછીથી શારીરિક, પ્રાણમય આવેગો, જેના વિષે તમે ફરિયાદ કરો છો તેના સંદર્ભમાં સાચું વલણ રાખો એમ અમે ઇચ્છા રાખીએ છીએ; એટલે કે ખોરાક, પૈસો, કામવાસનાના આવેગો વગેરે વિષે. તમે એક નૈતિક અને તપસ્વીનું વલણ ધારણ કરતા થયા છો જે બિલકુલ ખોટું છે અને પ્રકૃતિની શકિતઓ ઉપર તે વસ્તુ કાબુ લાવવામાં મદદરૂપ બની શકે નહિ.

ખોરાક માટે કહેવાનું કે તે શરીર માટેની જરૂરિયાત છે, અને તમારે શરીરને સુયોગ્ય અને બળવાન બનાવવા માટે તેનો ઉપયોગ કરવો જોઈએ. તમારે ખોરાકની લાલસાની જગાએ ખોરાકના આનંદને સ્થાન આપવું જોઈએ. જો તમારામાં આ આનંદ હોય અને તેનો સાચો ઉપયોગ થાય તો કોઈ તેના પ્રત્યે આસકિત હોય તો પણ તેની જાતે જ થોડા સમય પછી અદશ્ય થઈ જશે.

ધન માટે પણ કહેવાનું કે તે જીવન અને કાર્ય માટે જરૂરી વસ્તુ છે...... પૈસો જીવનની એક મહાન શકિતનું પ્રતિનિધિત્વ ધરાવે છે અને પ્રભુ માટે ઉપયોગ કરવા માટે તેના ઉપર વિજય પ્રાપ્ત કરવો જોઈએ. તેથી તમને તેના તરફ આસકિત ન હોવી જોઈએ; પરંતુ તેના માટે ધૃણા કે ડર પણ ન હોવાં જોઈએ.

કામવાસનાના આવેગ માટે કહેવાનું કે તેને માટે કોઈ નૈતિક ડર ન રાખવો અથવા નૈતિકતાના ચુસ્ત હિમાયતીઓ કે ત્યાગીઓ માટે હોય છે તેવી ધૃણા પણ ન હોવી જોઈએ. આ 'પણ' જીવનની એક શકિત છે અને અત્યારના રૂપમાં રહેલી શકિતને ફેંકી દેવાની છે (એટલે કે શારીરિક કર્મ), તે બલ ઉપર સ્વામીત્વ પ્રાપ્ત કરવાનું છે, અને તેમાં રૂપાંતર લાવવાનું છે. જે લોકોમાં સમર્થ પ્રાણમય પ્રકૃતિ હોય છે તેમાં તે સૌથી સમર્થ શકિત ઘણી વખત હોય છે અને આ બળવાન પ્રાણમય પ્રકૃતિને દિવ્ય જીવનના શારીરિક સાક્ષાત્કાર માટેનું મહાન કરણ બનાવી શકાય છે. જો કામવાસનાનો આવેગ આવે તો તેને માટે દુ:ખી અથવા ક્ષુબ્ધ ન બનશો, પરંતુ તેની તરફ સ્થિરતાથી જુઓ, તેને શાંત પાડો, તેની સાથે સંકળાયેલા બધા ખોટા સૂચનોનો ઇનકાર કરો અને ઊર્ધ્વચેતના તેનું સાચા બલમાં અને આનંદમાં રૂપાંતર કરે તેના માટે રાહ જુઓ. તમને જણાવેલી આ બધી વસ્તુઓ તમે તમારી શારીરિક ચેતનામાં રહેતા થાઓ તેને માટે જરૂરી છે અને શારીરિક જીવન સાથે સાચા સંબંધો રાખી શકો એટલા માટે કહી છે.

*

૬

વૈશ્વિક ચેતના એ ખાસ કરીને અધિમનસની વસ્તુ નથી; તે બધી અનુભૂતિઓને આવરી લે છે.

માણસ અત્યારે તેની સપાટી ઉપરની વ્યકિતગત ચેતનામાં પૂરાયેલો છે અને જગતને (અથવા જગતની ઉપરની સપાટીને) તેના પોતાના મન અને ઈન્દ્રિયોદ્વારા જાણે છે અને તેના ઉપરથી જગત સાથેના સંબંધોનું અર્થઘટન કરે છે. યોગદ્વારા તેની અંદર એક એવી ચેતના ઉત્પન્ન થાય છે જે ચેતના જગતની સાથે એકરૂપ થઈ શકે છે; તે સીધેસીધો વિશ્વરૂપ સ્વરૂપ વિષે સજ્ઞાન બને છે, વિશ્વરૂપ અવસ્થાઓ, વિશ્વરૂપ બલ અને શકિત, વિશ્વરૂપ મન, પ્રાણ અને ભૌતિક તત્ત્વ વિષે સભાન બને છે અને આ બધી વસ્તુઓ સાથેના સચેતન સંબંધોમાં જીવન ધારણ કરે છે. ત્યાર પછી તેનામાં વિશ્વરૂપ ચેતના છે એમ કહેવાય છે.

*

અધિમનસ એ સમગ્ર વિશ્વરૂપ ચેતનાનો પાયો છે, પરંતુ વૈશ્વિક ચેતના પોતે ગમે તે ભૂમિકા ઉપર અનુભવી શકાય છે, કેવળ મનથી ઉપરની ભૂમિકા ઉપર જ નહિ; પરંતુ મનમાં, પ્રાણમાં અને શારીરિકમાં પણ.

*

વૈશ્વિક ચેતનાના બે પાસાંઓ હોય છે–એક સામાન્ય વૈશ્વિક બલો સાથેનો સંપર્ક, અને તેમનું દર્શન અને આ બધા બલો પાછળ રહેલા સત્ત્વો સાથેનો સંપર્ક, જેને હું વૈશ્વિક અવિદ્યા કહું છું–બીજું બાજુમાં વિશ્વરૂપ સત્યનું દર્શન, વિશ્વરૂપ એક તત્ત્વનો સાક્ષાત્કાર, એક વિશ્વરૂપ બલ, એકમેવ (પરમાત્મા) ના બધા જ વેદાન્તિક સત્યો, તેમ જ સર્વ એકમાં રહેલું છે તે, વૈશ્વિક રૂપમાં પરમાત્માના વિવિધ પાસાંઓ, અને બીજી અસંખ્ય વસ્તુઓ આવી શકે છે, એક સાક્ષાત્કાર અને જ્ઞાનને ખરેખર સહાય કરે છે–એક શરતે કે તેમને સાચી રીતે લેવામાં આવે. તેમ છતાં જ્યારે તે વસ્તુઓ વાસ્તવિક રીતે આવે છે ત્યારે તેમની સાથે ઉત્તમ રીતે વ્યવહાર થઈ શકે છે. જેવી વિશાળતા આવે કે તુરત જ તે વસ્તુ આવતી નથી – ઘણા ચેતનાની વિશાળતામાંથી પસાર થાય છે અને વિશ્વરૂપતાથી પર રહેલી વસ્તુમાં પહોંચે છે અને ત્યાર પછીથી વૈશ્વિકતાને સ્વીકારે છે–અને તે જ કદાચ સૌથી સહીસલામત ક્રમ છે.

*

જ્યારે વ્યકિતમાં વૈશ્વિક ચેતના હોય છે, ત્યારે તે વિશ્વરૂપ આત્માને પોતાના આત્મા તરીકે અનુભવે છે, તે વિશ્વમાં રહેલા બીજા પ્રાણીઓ સાથે પોતાની જાતને એકતામાં અનુભવે છે. પ્રકૃતિના બલોને પોતાની અંદર ગતિ કરતાં અનુભવે છે, અને બધા જ આત્માઓને પોતાના આત્મા તરીકે અનુભવે છે.

તેમાં શા માટે તેવું છે એવો પ્રશ્ન નથી; કારણકે સર્વ એકમેવ પરમાત્મા છે.

*

આત્મામાં સર્વ વસ્તુઓ રહેલી છે; જ્યારે વિશ્વરૂપ આત્મા સાથે તાદાત્મ્ય થાય છે ત્યારે સર્વ તમારી અંદર રહેલું હોય છે; ઉપરાંત ઝીણામાં ઝીણી સૂક્ષ્મ પ્રતિકૃતિમાંથી સર્વ બ્રહ્માંડનું સર્જન કરે છે–તેથી દરેકમાં સર્વ વસ્તુઓ હાજર હોય છે જોકે દરેક વસ્તુ સપાટી ઉપરની ચેતનામાં અભિવ્યક્ત થતી નથી (અને થઈ શકે પણ નહિ).

*

દરેક વસ્તુ આત્મામાં કાર્ય કરે છે. પ્રકૃતિની સમગ્ર લીલા આત્મામાં, પરમાત્મામાં બને છે. આત્મા વિશ્વને ધારણ કરે છે.

*

આત્મા સત્-તત્ત્વ છે; નહિકે કોઈ વ્યકિતગત સ્વરૂપ. આત્મા એટલે સચેતન મૂળભૂત અસ્તિત્વ, સર્વમાં એક.

*

બધા જ આત્માનો મૂળભૂત મસાલો શુદ્ધ અસ્તિત્વ છે જે પોતાની અંદર શુદ્ધ સ્વયંભૂ ચેતના (અથવા ચિત્–શકિત) અને શુદ્ધ સ્વયંભૂ આનંદને ધારણ કરે છે.

*

પદાર્થ અને સત્–તત્ત્વ બન્ને એક જ વસ્તુ છે. સર્જનમાં તેમને આત્માના બે પાસાંઓ તરીકે જોઈ શકાય છે.

*

આત્મા મૂળભૂત રીતે વિશ્વરૂપ છે; વ્યકિતગત બનેલો આત્મા એ સમગ્ર વિશ્વરૂપને વ્યકિતગત કેન્દ્રમાંથી અથવા કેન્દ્રમાં અનુભવાતું વૈશ્વિક તત્ત્વ છે, તમને જે વસ્તુનો સાક્ષાત્કાર થયો તેમાં સર્વમાં એકનો સાક્ષાત્કાર ન હોય તો તે આત્મા નથી; તે એક કેન્દ્રવર્તી સ્વરૂપ છે જે હજુ સુધી પોતાના વિશ્વરૂપ પાસાંનું આત્મા તરીકે પ્રગટીકરણ કરતું નથી.

*

આત્માની અનુભૂતિ યા તો વિશ્વરૂપ તરીકે, સર્વમાં એક તરીકે અથવા વિશ્વરૂપ બનેલ વ્યકિત, જે બીજામાં સારતત્ત્વ જેવું જ છે તે રીતે થાય છે. અલબત, કેન્દ્ર

એ એક કહેવા માટેની રીત છે, કારણકે કોઈ પણ ભૌતિક કેન્દ્રની અનુભૂતિ થતી નથી. ફક્ત બધા જ કાર્યો વ્યકિતની આજુબાજુ બને છે.

*

અવૈયકિતક તત્ત્વની સામાન્ય અનુભૂતિ એવી થાય છે કે 'તત્' સર્વત્ર રહેલું છે જે નિરાકાર અથવા અનંત, સર્વત્ર અને સર્વકાલમાં હાજર હોય છે.

*

અવૈયકિતક પરમાત્માને કોઈ નિવાસસ્થાન નથી અને હોઈ શકે પણ નહિ; તે સર્વત્ર રહેલું છે. જો કોઈ વ્યક્તિ એમ કહે કે અવૈયકિતક પરમાત્માનું સ્થાન હૃદયમાં છે, તો તેને પૂછી શકાય કે અવૈયકિતક પરમાત્મા એટલે તે શું સમજે છે.

*

વૈશ્વિક ચેતનામાં વ્યકિતગત "હું" સર્વના એક આત્મામાં અદૃશ્ય થઈ જાય છે. પછી જે "હું" એકલો અસ્તિત્વ ધરાવે છે તે વ્યક્તિનો અહં હોતો નથી. વ્યકિતગત બનેલો 'હું' પણ વિશ્વરૂપ બનેલો "હું" હોય છે જે સર્વની સાથે અને વિશ્વરૂપ આત્મા સાથે તદ્રૂપ હોય છે.

*

મુકિત પછી જે બાકી રહેશે તે મધ્યવર્તી સ્વરૂપ હોય છે – નહિકે અહં. કેન્દ્રસ્થ સ્વરૂપ પરમાત્માની ચેતનામાં જીવન ધારણ કરે છે, સર્વત્ર અને સર્વ ભૂતમાત્રમાં; તેથી તેને એક અલગ અહંની ચેતના નહિ હોય; પરંતુ દિવ્ય અનેકત્વમાં રહેલું એક કેન્દ્ર રહેશે.

*

તમને જે અત્યારે લાગે છે તે જયારે મુકિતની અવસ્થા આવે ત્યારે તે સામાન્ય પરિસ્થિતિ હોય છે. ઈન્દ્રિયોનું કાર્ય વગેરે પહેલાના પ્રમાણે જ ચાલ્યા કરે છે, પરંતુ ચેતના બદલાઈ ગયેલી હોય છે તેથી વ્યકિતને કેવળ મુકિત અને અલગતા વગેરેની જ અનુભૂતિ થતી નથી, પરંતુ વ્યકિત સામાન્ય મન, પ્રાણ અથવા ઈન્દ્રિયો કરતાં, જગત્ કરતાં કોઈક અન્ય જગતમાં જીવન ધારણ કરે છે. તે એક જુદી જ ચેતના હોય છે જેમાં જુદા પ્રકારનું જ્ઞાન હોય છે અને તેમાં વસ્તુઓ પ્રત્યેની જોવાની દૃષ્ટિ પણ અલગ હોય છે. પછીથી જયારે આ ચેતના કરણોનો કબજો લે છે ત્યાર પછી ઈન્દ્રિયોમાં અને જીવનમાં પણ સાથે સાથે એક સંવાદ આવે છે; પરંતુ આ બધું પણ જુદું જ બની જાય છે, જેમાં દૃષ્ટિનો ફેરફાર થાય છે અને પહેલાં જે રીતનું જગત દેખાતું હતું તેના કરતાં ભિન્ન પદાર્થનું બનેલું અને ભિન્ન અર્થસૂચકતાવાળું હોય છે.

*

આત્માની શાંતિ, નીરવતા, વિશુદ્ધતા અને મુકિતમાં જીવન ધારણ કરવા માટે 'મુકિત' એ પ્રથમ જરૂરિયાત છે. તેની સાથે અથવા તો પાછળથી જો વ્યકિત વિશ્વરૂપ ચેતનામાં સચેતન બને, તો તે મુકત બને, છતાં સમગ્ર વસ્તુઓ સાથે એકતા પ્રાપ્ત કરે.

મુકિત વગર વિશ્વરૂપ ચેતના હોવી એ શકય છે, પરંતુ પછીથી સ્વરૂપમાં કોઈ પણ જગાએ નિમ્ન પ્રકૃતિમાંથી મુકિત હોતી નથી અને વ્યકિત પોતાની વિસ્તાર પામેલી ચેતનામાં બધા જ બલો માટે રમતગમતનું મેદાન બની જાય છે અને તે પોતે મુકત અથવા તેમનો સ્વામી રહી શકતો નથી.

તેનાથી ઊલટું જો આત્મ-સાક્ષાત્કાર થયેલો હોય તો સ્વરૂપનો એક ભાગ તો એવો હોય છે જ જે વિશ્વરૂપ બલોની લીલામાં અસ્પર્શ્ય રહે છે – જો આત્માની શાંતિ અને વિશુદ્ધિનું સમગ્ર ચેતનામાં સ્થાપન થયેલું હોય, તો નિમ્ન પ્રકૃતિના બાહ્ય સ્પર્શો અંદર પ્રવેશ પામી શકતા નથી અથવા વિજય પ્રાપ્ત કરી શકતા નથી. વૈશ્વિક ચેતનાની પુરોગામી અવસ્થામાં આત્મ-સાક્ષાત્કારનો આ ફાયદો હોય છે અને તે તેમને ટેકો આપતો રહે છે.

જ્યારે આત્મ-સાક્ષાત્કારનો અથવા વૈશ્વિક ચેતનાનો વિકાસ થયો હોય છે અથવા જો કોઈ ખાલીપણું થયું હોય જે આ વસ્તુઓ માટેની પ્રાથમિક અવસ્થા હોય છે, ત્યારે એક સ્વાભાવિક રીતનું સર્વ સાથેની એકતાનું વલણ થાય છે – તેમની લાગણીઓ, મનોમય, પ્રાણમય અને શારીરિક, સહેલાઈથી સ્પર્શ કરે છે. વ્યકિતએ પોતાની જાતને મુકત રાખવી જોઈએ.

*

તમને વિશ્વરૂપ ચેતના પ્રત્યે મનોમય અને પ્રાણમય ખુલ્લાપણાની શરૂઆત થઈ હતી – આધ્યાત્મીકરણ થયેલી ભૂમિકા ઉપર, દિવ્ય આનંદનું દર્શન અથવા અનુભૂતિ રાખીને, કોઈ પણ જાતની માલિકી માટેની શોધ રાખ્યા સિવાય અથવા ભૌતિક બાહ્ય આનંદ રાખ્યા સિવાય, એક યૌગિક ચેતનાનું સ્થાપન કર્યું હોત તથા જ્ઞાન તથા શાંતિ અને શકિત તથા ચૈતસિક પ્રેમ અને સમર્પણ નીચે આવવા માટેનો તેને પાયો બનાવી શકયા હોત.

*

તે ઘણું સારું છે. ચેતનાની વિશાળ થવાની ક્રિયા, જેથી કરીને તે વિશ્વરૂપ અનંતની સાથે એક બની જાય. એ સાધનામાં અગત્યનો તબક્કો છે.

*

હા, તમારી અનુભૂતિ ઘણી સારી હતી અને તેના વિષેની તમારી લાગણી સાચી હતી. જ્યારે ચેતના સંકુચિત હોય છે અને અંગત રીતે તથા શરીરમાં બદ્ધ હોય છે, ત્યારે પરમાત્મા તરફથી કાંઈ ગ્રહણ કરવું મુશ્કેલ હોય છે – જેમ જેમ તે વિશાળ બનતી જાય, તેમ તેમ તે વધારે ગ્રહણ કરી શકે છે. એક એવો સમય આવે છે જ્યારે તે વિશ્વ જેટલી વિશાળ બની હોય એવું તેને લાગે છે અને તે સમગ્ર પરમાત્માને પોતાની અંદર ગ્રહણ કરવા શકિતમાન બને છે.

*

તે ચેતનાના વિસ્તારની અનુભૂતિ છે. યોગની અનુભૂતિમાં ચેતનાનો વિસ્તાર સમગ્ર દિશામાં થાય છે, ચારે બાજુ, નીચે, ઊર્ધ્વમાં અને દરેક દિશામાં અનંત સુધી વિસ્તાર પામેલી હોય છે. જ્યારે યોગીની ચેતના મુકત થાય છે ત્યારે તે શરીરમાં મુકત બનતી નથી, પરંતુ તેની અનંત ઊંચાઈમાં, ઊંડાણમાં અને વિશાળતામાં મુકત બને છે અને તે એવી ચેતનામાં જીવન ધારણ કરે છે. તેનો પાયો એક અનંત શૂન્યમાં અથવા નીરવતામાં હોય છે; પરંતુ તેમાં સર્વ વસ્તુઓ આવિર્ભાવ પામે છે – શાંતિ, મુકિત, શકિત, પ્રકાશ, જ્ઞાન, આનંદ. આ ચેતનાને સામાન્ય રીતે આત્મતત્ત્વ અથવા આત્માની ચેતના કહેવામાં આવે છે; કારણકે તે શુદ્ધ અસ્તિત્વ હોય છે અથવા આત્મા હોય છે, જે સર્વ વસ્તુઓનું મૂળ છે અને સર્વ વસ્તુઓને પોતાની અંદર ધારણ કરે છે.

*

હા – તે (વિશાળતા)ની એવી અનુભૂતિ થાય છે જાણેકે કોઈ મૂળભૂત પદાર્થની વિશાળતા શકિતથી પૂર્ણ હોય છે અને એકત્વની ભાવના લાવે છે, જે મુકત અને અનંત હોય છે અને તે વસ્તુ ટોચથી તળિયા સુધી તેવી હોય છે.

*

શરૂઆતમાં વિશાળતાની અનુભૂતિ, બીજી બધી અનુભૂતિઓની માફક અમુક અમુક સમયે આવે છે. ત્યાર પછી જ તે વારંવાર આવે છે અને ઘણા લાંબા સમય સુધી ટકી રહે છે અને છેવટે તે પ્રતિષ્ઠિત થાય છે અને ચેતના હંમેશાં વિશાળ રહે છે.

*

તમારે એકાગ્રતાનો ડર કાઢી નાખવો જોઈએ. તમારામાં જે શૂન્યતા આવે છે એવું તમને લાગે છે તે મહાન શાંતિની નીરવતા છે જેમાં તમે તમારા આત્મા વિષે સભાન બનો છો, નહિકે નાનકડા અહંની માફક જે શરીરમાં પૂરાયેલો હોય છે, પરંતુ એક આધ્યાત્મિક આત્મતત્ત્વ જે વિશ્વ જેટલું વિશાળ હોય છે. ચેતના

વિખેરાઈ જતી નથી; ચેતનાની મર્યાદાઓ વિખેરાઈ જાય છે. તે નીરવતામાં વિચારો થોડા સમય માટે અટકી જાય, બીજું કાંઈ પણ ન હોય, પરંતુ એક મહાન અમર્યાદિત મુક્તિ અને વિશાળતા હોય છે, પરંતુ તે નીરવતામાં, તે શૂન્ય વિશાળતામાં એક બૃહદ્ શાંતિ ઊર્ધ્વમાંથી અવતરણ કરે છે, પ્રકાશ, પરમાનંદ, જ્ઞાન, ઊર્ધ્વતર ચેતના આવે છે જેમાં તમે પરમાત્મા સાથે એકતા અનુભવો છો. તે રૂપાંતરની શરૂઆત હોય છે અને તેમાં ભીતિ રાખવાનું કોઈ કારણ નથી.

*

તેનો અર્થ કે શરીર-ભાનમાંથી મુક્તિ જેમાં વ્યક્તિ સાચી રીતે કહી શકે "હું શરીર નથી". આ મુક્તિ વૈશ્વિક ચેતનાનો એક ભાગ છે – તેમ જ વિશ્વરૂપ સંકલ્પનો સાક્ષાત્કાર.

તે ફક્ત શરીરની ભાવનામાંથી મુક્તિ છે – તે શરીર ઉપરના કાબુમાંથી મુક્તિ કરતાં બિલકુલ ભિન્ન વસ્તુ છે.

*

તમને જે બળવાન સૂક્ષ્મ હવાની લાગણી થઈ એ ચેતનાની સઘન અનુભૂતિ હતી અથવા એવી ચેતનાનું પોતાનું અસ્તિત્વ જે શરીર કરતાં સ્વતંત્ર હતું. હજુ-સુધી અનુભૂતિ શરીરથી મર્યાદિત છે; પરંતુ જ્યારે જે શરીર વગર પણ અનુભવાય ત્યારે વિશાળ ઈથરથી સમગ્ર જગા ભરપૂર છે એવી અનુભૂતિ થાય છે એટલે કે અક્ષર બ્રહ્મની. આમાં જેમ જેમ વિકાસ થાય છે તેમ તેમ શરીર વિષેનું ભાન અદૃશ્ય થતું જાય છે અને મન પણ જ્યારે બિલકુલ નિષ્ક્રિય બની જાય ત્યારે માણસને પોતાને એવી અનુભૂતિ થાય છે. તે પોતે એટલો બધો વિસ્તાર પામતો જાય છે કે સમગ્ર અનંતતા સુધી ફેલાયેલો છે.

*

જો આ બધી કલ્પનાઓ હોત તો દરેક વખતે તમે વિચાર કરો તેપ્રમાણે તે જ સમયે તેનું પુનઃ સર્જન કરી શકો. એવો વિચાર કે તે કલ્પના છે તે તમારા સ્થૂલ મનમાંથી આવે છે, જે કાંઈ પણ અતિભૌતિક વસ્તુને માની શકતું નથી.

આ છાતીનું ઉદ્‌ઘાટન થઈને શૂન્યતાની (ખરેખર શૂન્ય નહિ; પરંતુ ચિત્તના અનંત આકાશમાં જે વિશ્વરૂપ છે અને અમર્યાદ છે) અનુભૂતિ થઈ એ હંમેશાં ઊર્મિમય સ્વરૂપનું વિશ્વરૂપ પ્રભુની વિશાળતામાં ખુલ્લા થવાની નિશાની છે. આકાશનું પ્રતીક સાધકોને ધ્યાનમાં વારંવાર દેખાય છે. જ્યારે ચેતના મુક્ત થાય છે, પછી તે મનમાં અથવા બીજા કોઈ ભાગમાં થાય, ત્યારે વિશાળ અનંત ખાલીપણું લાગે છે. મસ્તકની ટોચથી ગળા સુધીનો ભાગ એ સ્વરૂપની મનોમય ભૂમિકા છે – એવા જ

પ્રકારનું ખુલ્લાપણું અને ખાલીપણું અથવા વિશાળતા જે અહીં લાગે છે તે મનની એવી નિશાની છે જે વિશ્વરૂપમાં મુકત થાય છે. ગળાથી માંડીને હોજરી સુધીનો ભાગ એ ઉચ્ચતર પ્રાણ અથવા ઊર્મિમય પ્રદેશ છે, એનાથી નીચેનો ભાગ નિમ્ન પ્રાણમય ભૂમિકા છે.

*

હું ધારું છું કે તે તદ્રૂપતાની ખામી બદલે તેમાં શરીર ચેતનાની વિસ્મૃતિ છે. તે એક તીવ્ર મનોમયતા અથવા તીવ્ર પ્રાણમય સક્રિયતા છે; તેમાં શરીરનું સ્થાન ગૌણ હોય છે અને તે બહારની વસ્તુ બની જાય છે અને આવી જ વસ્તુ સતત રીતે થોડા પ્રમાણમાં એવા માણસો સાથે બને છે જે મનમાં અથવા પ્રાણમાં જીવન ધારણ કરતો હોય અને જે તેમની સાથે તદ્રૂપ બનેલો હોય; પરંતુ તેમ છતાં શરીરમાં રહેલી તે મનોમય અને શરીરની પ્રાણમય ચેતના રહે છે જ, કોઈ મુકિત નથી; જે રીતે આધ્યાત્મિક મુક્તિમાં બને છે તે રીતે તેમાંથી બિલકુલ અલગ થઈ જવાતું નથી.

*

હા, માનવ મન શરીરની બિલકુલ ઉપેક્ષા કરીને પણ એટલી હદ સુધી પોતાની અંદર રહી શકે એ શકય નથી – સાચી અથવા પૂર્ણ મુકિત, અથવા શરીર સાથે બિલકુલ તદ્રૂપતા ન હોય એ વસ્તુ આધ્યાત્મિક મુકિત સિવાય આવી શકે નહિ. મન માટે એટલું શકય બને કે તે સતત પોતાની અંદર નિમગ્ન રહી શકે અને શરીરની બને તેટલી ઉપેક્ષા અને વિસ્મૃતિ કરી શકે. તે વસ્તુ જેઓ મનોમય જીવનમાં જ નિવૃત્ત થયા હોય છે (પંડિતો, ચિંતકો વગેરે) અને જેમને કોઈ પણ જાતની, તેમના જીવન વ્યવહારની, કુટુંબની વગેરેની તકલીફ લેવાની કોઈ જરૂરિયાત ન હોય, તેવા માણસો કરી શકે છે.

*

સૂર્યનું ક્ષિતિજ ઉપર ઊગવું એ સ્વરૂપમાં સીધેસીધો પ્રકાશ ઊગી ઊઠે છે – ઉપર બાજુએ જતા કિરણો સ્વરૂપને સત્ય તરફ ખુલ્લું કરે છે; કારણકે તે મનથી પર રહેલું છે, આગળ જતા કિરણો, આપણે જેને વિશ્વરૂપ ચેતના કહીએ છીએ તેના તરફ ખુલ્લા કરે છે. તે અંગત વ્યકિતત્વની મર્યાદામાંથી મુક્ત થાય છે અને વિશ્વરૂપ મન, વિશ્વરૂપ પ્રાણ અને વિશ્વરૂપ શારીરિક વિષે સભાન બને છે અને ખુલ્લું થાય છે. હૃદય ઉપરનું કાર્ય આ સૂર્યનું તેના ઉપર દબાણ હતું જેથી કરીને આ સીધેસીધું ખુલ્લાપણું થાય, જેથી કરીને ચેતના મુક્ત, વિશાળ અને સંપૂર્ણ રીતે શાંતિપૂર્ણ બને.

એ મહાન વસ્તુ છે કે વિરોધી સંજોગો વચ્ચે પણ તમે અક્ષુબ્ધ અને ખલેલ વગરના રહી શકયા અને છેમ છતાં તમારી પાછળ શાંતિની ચેતના રાખી શકયા. તે એવી નિશાની છે કે તે વધારે સઘન અને અસરકારક બનતી જાય છે.

*

વિશાળતા ત્યારે આવે છે જ્યારે વ્યકિત વિકાસ પામે છે અથવા વ્યકિતગત ચેતનાનો વિસ્તાર વિશ્વરૂપ ચેતનામાં વિસ્તાર પામે છે; પરંતુ ચૈત્ય પુરુષ વ્યકિતગત ચેતનામાં પણ વિસ્તાર પામે છે.

*

ચૈત્ય પુરુષ વ્યકિતગત ઉત્ક્રાંતિનો આધાર છે; તે વિશ્વરૂપ ચેતના સાથે સીધા સંપર્કમાં અને મન, પ્રાણ અને શરીર સાથે સંકળાયેલો છે.

*

પ્રેમ, આનંદ અને સુખ ચૈત્ય પુરુષમાંથી આવે છે. આત્મા શાંતિ આપે છે અથવા વૈશ્વિક આનંદ.

*

આત્મા અક્રિય હોય છે. પ્રકૃતિ અથવા શકિત કાર્ય કરે છે. જ્યારે આત્માની અનુભૂતિ થાય છે ત્યારે પ્રથમ તેની અનંત અસ્તિત્વની, નીરવતાની, મુકિતની અને શાંતીની અનુભૂતિ થાય છે – તે આત્મા કહેવાય છે. તેનામાં જે સક્રિયતા આવે છે તેના સાક્ષાત્કારની એ પ્રમાણેની અનુભૂતિ થાય છે. તે યા તો પ્રકૃતિના બલો તેની વિશાળતામાં કાર્ય કરતા હોય છે, જાણે દિવ્ય શકિત કાર્ય કરતી હોય અથવા જાણે વિશ્વરૂપ પ્રભુ અથવા તે બધાની ભિન્ન શકિતઓ કાર્ય કરતી હોય. કદી એવી અનુભૂતિ થતી નથી કે આત્મા પોતે કાર્ય કરે છે.

*

પ્રેક્ષક અને ડ્રેગનના ગૂંચળા વિષે કહેવાનું કે જગતની શકિત વિશ્વના કાલ-પ્રવાહમાં વિસ્તાર પામતી હોય તેનું ચીન અને જાપાન માટેનું તે પ્રતીક છે અને સાક્ષીરૂપ તરીકે તે સર્વનું નિરીક્ષણ કરતું હોય અને પરમાત્માની દિવ્ય લીલા ખુલ્લી થતી હોય તેનું નિરીક્ષણ સાક્ષીરૂપે કરતું હોય છે. આવું વલણ સૌથી મહાન સ્થિરતા, શાંતિ, 'સમતા'–આ વિશ્વરૂપ કાર્યની સમસ્યાની સામે રહેતું હોય છે. તેનો અર્થ એવો નથી કે કાર્ય અને ગતિનો સ્વીકાર થતો નથી; પરંતુ તેઓનો સ્વીકાર દિવ્ય કાર્ય તરીકે થાય છે અને તે એવા લક્ષ્યો પ્રત્યે લઈ જાય છે જે મન કાયમ એકી સમયે જોઈ શકતું નથી; પરંતુ આત્મા સમગ્ર દિવ્ય હેતુ અને ગુપ્ત માર્ગદર્શનની મારફતે, દિવ્ય દૃષ્ટિથી સમજી શકે છે.

અલબત્ત, ત્યાર પછીથી એવી અનુભૂતિ થાય છે જેમાં સમગ્ર પ્રભુના બે પાસાંઓ, સાક્ષીરૂપ અને લીલા કરનાર, બન્નેનું મિશ્રણ એક સાથે થાય છે; પરંતુ આ સાક્ષીરૂપ સમતા પ્રથમ આવે છે અને પછીથી તે પૂર્ણ અનુભૂતિ તરફ દોરી જાય છે. તે સમતુલા, સ્થિરતા, અંતરાત્મા અને આત્માની વૃદ્ધિ પામતી સમજશકિત, તેમ જ જીવન અને તે બધાનું ગુહ્યતર અર્થસૂચક સમજ આપે છે. તેના સિવાય પૂર્ણ અતિમનસ અનુભૂતિ આવી શકે નહિ.

*

વૈશ્વિક બલો તેમની અંદર રહેલી શકિત અને ચેતનાથી ગતિ કરે છે. પરંતુ એક વૈશ્વિક આત્મા પણ છે જે તેમને ટેકો આપે છે અને તેની દૃષ્ટિ અને વ્યવહાર કરનારી સંકલ્પશકિત વડે તેમની લીલા નિશ્ચિત કરે છે – જોકે સીધેસીધું કાર્ય તો બલોના હાથમાં રાખવામાં આવે છે. તે વિશ્વરૂપ પ્રકૃતિની, વિશ્વરૂપ પુરુષની સાથેની લીલા હોય છે અને વિશ્વરૂપ પુરુષ પાછળથી તેને ટગર ટગર નિહાળ્યા કરે છે. વ્યકિતમાં પણ એક વ્યકિતરૂપ પુરુષ હોય છે; તેનો પણ જો સંકલ્પ હોય તો તે કેવળ પ્રકૃતિની લીલાને અનુમતિ આપી શકે છે – એટલું જ નહિ પણ સ્વીકારી શકે છે કે ઈનકાર કરે છે અથવા અન્ય રીતે ફેરફાર પણ કરી શકે છે. તે બધું જ અહીં આપણે જે રીતે જોઈએ છીએ તે રીતની એક લીલા હોય છે. કોઈક વસ્તુ ઊર્ધ્વમાં રહેલી હોય છે – પરંતુ તેનું કાર્ય એક પ્રક્ષેપરૂપ હોય છે અને તે નિયંત્રણ કરવાની ક્રિયા, તે સીધેસીધું સતત નિયંત્રણ ત્યારે બની શકે જયારે બલોની લીલાની જગાએ તે પોતે પ્રભુના શાસનનું સ્થાપન કરે.

*

તે સાચી યૌગિક ચેતના છે, જેમાં વ્યકિતને પરમાત્મા સાથે એકતા અનુભવાય છે અને તેમાં જીવન ધારણ કરે છે; બાહ્ય સ્વરૂપ અને તેની નિમ્ન ગતિઓ તેને સ્પર્શ કરતાં નથી; પરંતુ તે તેમના અજ્ઞાન અને ક્ષુદ્રતા પ્રત્યે સ્મિત કરે છે. જો તે પ્રકારની અલગતા કાયમ ટકાવી રાખવામાં આવે તો આ બધી બાહ્ય વસ્તુઓ સાથે કામ પાડવું વધારે શકય બનશે.

*

પુરુષ અને પ્રકૃતિ એમ પ્રકૃતિના બે પાસાંઓ છે – એક શુદ્ધ સચેતન અસ્તિત્વ હોય છે, અક્રિય. બીજું પાસું શુદ્ધ ચિન્મય શકિત હોય છે, તે સક્રિય હોય છે. તે ભૂતકાળની તમોગ્રસ્તતામાંથી જેઓ બહાર નીકળેલા છે. તે અવિદ્યાની તમોગ્રસ્તતા છે – જે ભાવિની તમોગ્રસ્તતા ઊર્ધ્વમાં અનુભવાય છે તે અતિચિત્ વસ્તુ છે. પરંતુ અલબત્ત તે પરાતીત તો ખરેખર પ્રકાશિત છે – ફકત તેનો પ્રકાશ

જોઈ શકાતો નથી. ચેતનાના ત્રણ રૂપો એ પ્રકૃતિની ત્રણ બાજુઓ છે અને તે ત્રણ ગુણોના પ્રતિનિધિરૂપે છે – અવચેતન, તમસ, જડતાનું બલ; તે ભૌતિક વસ્તુનો ધર્મ છે. અર્ધ–ચેતન, કામનાનું બલ, ગુપ્ત શકિત, જે રજસ છે, જે જીવનનો ધર્મ છે અને સાત્વિક પ્રકારનું બલ છે તે બુદ્ધિનો ધર્મ છે.

*

પુરુષ એક હોય છે, તેનું કાર્ય તે સમય પૂરતું ચેતનાની સ્થિતિ અને જરૂરિયાત પ્રમાણે હોય છે.

તે કાર્યનો પ્રકાર સામાન્ય મનથી પર રહેલો હોય છે અથવા તો તે વૈશ્વિક ચેતના પ્રમાણે હોય છે, જે અનેક બાજુઓવાળી હોય છે.

*

પ્રકૃતિ એક કાર્યકારી વ્યવસ્થા શકિત અથવા કાર્ય કરનારી શકિત છે – પ્રકૃતિની પાછળ શકિત રહેલી છે તે ચિત્–શકિતનો આવિર્ભાવ છે. તે આધ્યાત્મિક ચેતના છે.

*

તે વસ્તુ મનોમય જ્ઞાન અને સંકલ્પ માટે સાચી છે, પરંતુ ઊર્ધ્વતર જ્ઞાન અને ઊર્ધ્વ સંકલ્પ માટે સાચી નથી. અતિમનસમાં, જ્ઞાન અને સંકલ્પશકિત બન્ને એક હોય છે.

બધી જ શકિતઓનું મૂળ ચિત્–શકિત હોય છે, પરંતુ જેમ જેમ તેમનું અવતરણ થતું જાય છે, તેમ તેમ તેમનામાં ભેદ થતો જાય છે.

આટલું સાચું છે કે પ્રાણ એ વાસ્તવિક શકિત છે – શારીરિક એ વાસ્તવિક રીતે પદાર્થરૂપ છે, પરંતુ બન્નેની સક્રિયતા ચિત્તમાંથી આવે છે – મનની સક્રિયતા પણ, તેમ જ સર્વ સક્રિયતા પણ તેમાંથી આવે છે.

*

એક સામાન્ય બલ સર્વમાં કાર્ય કરે છે અને તે બલનું આંદોલન અથવા તેની કોઈ પણ સક્રિયતા (જો કે હંમેશાં નહિ) બીજામાં એ પ્રકારનું આંદોલન જાગૃત કરી શકે છે.

એક સતત ગતિ હોય છે (પ્રકૃતિ) અને એક સતત નીરવતા હોય છે (પુરુષ).

*

ઉપનિષદમાં એવું વિધાન છે કે આનંદનું એક તત્ત્વ ઈશ્વર હોય છે જેમાં સર્વ શ્વાસોચ્છ્વાસ લે છે અને જીવન ધારણ કરે છે; જો તે ત્યાં ન હોય તો કોઈ શ્વાસ પણ ન લઈ શકે કે જીવન પણ ધારણ ન કરી શકે.

*

જે બલનું "સર્જન થયું છે" તે તમારું નથી – તે પ્રકૃતિનું બલ છે – તમારો સંકલ્પ તેને ગતિમાન કરે છે, તે તેનું ખરેખર સર્જન કરનો નથી; પરંતુ એક વખત ગતિમાં આવ્યા પછી તે પોતાની જાતને ચરિતાર્થ કરવા પ્રયત્ન કરે છે. આવી વસ્તુ જયાં સુધી બીજા બલોની લીલા તેને મંજૂરી આપે ત્યાં સુધી જ તેથી સ્વાભાવિક રીતે જ જો તમારે તેને બંધ કરવું હોય તો તમારે એક વિરુદ્ધ બલને ગતિમાં મૂકવું જોઈએ જે તેની ગતિની વિરુદ્ધ પૂરતા પ્રમાણમાં મજબુત હોય.

*

આ દર્શન વસ્તુઓની વૈશ્વિક ગતિનું દર્શન છે, જે એક અવસ્થામાંથી બીજી અવસ્થામાં વિકાસ પામે છે અને તેમાં વ્યકિતગત ગતિઓ તેનો બદલો વાળી આપે છે. એ પણ શકય છે કે સર્વનો ભાવ સમયની ગતિમાં હોય અથવા સર્વ વસ્તુઓ જાણે કે વિસ્તારની અંદર, અવકાશની સાથે કાપડની માફક તાણા અને વાણા મારફતે ગૂંથાયેલું હોય વગેરે.

*

જગત એક સ્વરૂપ-આકાર છે; વાસ્તવિકતા એ પરમાત્મા છે. માણસે રૂપમાં પરમાત્માની હાજરી જોવી જોઈએ.

*

પરમાત્મા એ પરમ સત્ય છે, કારણકે તે પરમ સ્વરૂપ (સત્-છે) જેમાંથી બધું જ બહાર આવેલું છે અને જેમાં બધા જ રહેલાં છીએ.

*

પરમાત્મા એવા છે જેમાંથી સર્વ આવે છે, જેમાં સર્વ જીવન ધારણ કરે છે અને આપણે પરમાત્માના સત્યમાં પાછા ફરવાનું છે. જે સત્ય અત્યારે અવિદ્યારૂપી વાદળદ્વારા ઢંકાયેલું છે, પરંતુ જીવનમાં આત્માનું લક્ષ્ય છે તેના પરમ સત્યમાં, પરમાત્મા નિરપેક્ષ અને અનંત શાંતિ, ચેતના, અસ્તિત્વ, શકિત અને આનંદ છે.

*

પરમાત્મા મારફતે પરમ તત્ત્વ સર્જન કરી શકે નહિ; કારણકે પરાત્પર એ જ પરમ તત્ત્વ છે. વિશ્વરૂપ શકિતમાંથી પરમાત્મા સર્જન કરે છે.

*

વિશ્વરૂપ બલ અધિમનસના કાબુ નીચે છે. અતિમનસ તેના ઉપર સીધેસીધું કાર્ય કરતું નથી. તેમાંથી જે કાંઈ નીચે આવે છે તેમાં ફેરફાર થતો જાય છે જેથી તે અધિમનસ મારફતે પસાર થતો જાય છે અને ઓછી ગુણવત્તાવાળું સ્વરૂપ સ્વીકારે છે અને જે ભૂમિકા ઉપર તે કાર્ય કરે છે, મનોમય, પ્રાણમય અથવા શારીરિક તેને અનુરૂપ બને છે. પરંતુ આ પ્રક્ષેપ વિશ્વરૂપ બલોની સામાના લીલામાં અપવાદ-રૂપ હોય છે.

*

વૈશ્વિક આત્મા અતિમનસને ધારણ કરે છે; પરંતુ તેને તે ઊર્ધ્વમાં રાખે છે અને અત્યાર પૂરતો અતિમનસ અને શારીરિકની વચ્ચે કાર્ય કરે છે. જ્યારે અવિદ્યાનો લોપ થાય ત્યારે અતિમનસ અહીં રહેલી વિશ્વરૂપ પ્રકૃતિના કાર્યનો એક સીધેસીધો સક્રિય ભાગ બને છે. ત્યાં સુધી તો તેના ફક્ત પ્રતિબિંબો જ પડતાં રહે છે.

*

તે (વિશ્વરૂપ આત્મા) સત્ય અને અસત્ય, વિદ્યા અને અવિદ્યા તેમ જ સર્વ દ્વૈતો આવિર્ભાવના ઉપયોગમાં મૂળ તત્ત્વ તરીકે લે છે અને સર્વસ્વ ઊર્ધ્વતર કાર્ય માટે તૈયાર થાય ત્યાં સુધી જે કાર્ય કરવાનું હોય તે કરે છે.

*

વિશ્વરૂપ બલો અહીં સારા હોય કે ખરાબ, પરંતુ અવિદ્યાના બલો છે. તેમનાથી ઊર્ધ્વમાં સત્ય ચેતના રહેલી છે. તે ત્યારે જ આવિર્ભાવ પામે જયારે અહંકાર અને કામનાઓ ઉપર વિજય પ્રાપ્ત થાય – તે દિવ્ય ઋત્–ચેતનાનું બલ છે. તેમાંથી તે બલનું અવતરણ થવું જોઈએ; ઊર્ધ્વતર શાંતિ, પ્રકાશ, જ્ઞાન, વિશુદ્ધિ, આનંદ, બધા વ્યકિતમાં રહેલા બલો ઉપર કાર્ય કરવું જોઈએ જેથી કરીને તેમનામાં ફેરફાર લાવે અને સામાન્ય કાર્યમાં સત્ય અને બલનું તે જગાએ સ્થાપન કરે.

*

વિશ્વ અથવા જગત કાયમ એક સંવાદ હોય છે, નહિતો તેનું અસ્તિત્વ રહી શકે નહિ, તેના ટુકડા થઈને ઊડી જાય. પરંતુ જે રીતે સંવાદના સુરો હોય છે, જેમનું આંશિક રીતે અસમતુલામાંથી અથવા મુખ્યત્વે અસંવાદમાંથી સર્જન થાય છે, તે જ પ્રમાણે આ વિશ્વ (ભૌતિક જગત) તેના ભિન્ન ભિન્ન મૂળભૂત તત્ત્વોમાં અસંવાદી હોય છે. વ્યકિતગત તત્ત્વો એકબીજાથી ઘણે ભાગે વિરોધી હોય છે; તેમની પાછળ દિવ્ય સંકલ્પને લઈને જ જે લોકો વિશ્વરૂપ દૃષ્ટિવાળા હોય છે તેમને માટે સંવાદી હોય છે. પરંતુ તે એકંદરે પ્રગતિમાં રહેલી સંવાદિતા હોય

છે – એટલે કે સમગ્રનું એકીકરણ. હજુ સુધી જે લક્ષ્ય પ્રાપ્ત કર્યું નથી તેને માટે પ્રયત્ન કરવામાં આવે છે અને આપણા યોગનો હેતુ આ લક્ષ્યને ઝડપી લાવવાનો હોય છે. જ્યારે આપણે તેમાં પહોંચીશું ત્યારે અસંવાદિતામાં પણ સંવાદમય સ્થિતિ થશે અને આજનો જે સંવાદ અસંવાદ પર રચાયેલો છે તેની જગાએ તેનું સ્થાપન થશે. વસ્તુઓનો હાલનો જે દેખાવ છે તેની આ સમજુતી છે.

*

અહીં દરેક વસ્તુ પૂર્ણ નથી; પરંતુ સર્વ કાર્ય વિશ્વરૂપ સંકલ્પમાંથી યુગોના કાર્યક્રમ પ્રમાણે ચાલ્યા કરે છે.

*

નિમ્ન ચેતનાનો સંવાદ એક અસંવાદનો સંવાદ બનેલો છે અને તે બલોના મિશ્રણ અને સંઘર્ષદ્વારા ઉત્પન્ન થયેલો છે.

*

આ દર્શન વિશ્વરૂપ સંવાદના ધ્વનિમાં રહેલી રજૂઆત છે જેમાંથી અવિદ્યા એ પતન અને અસંવાદિતા છે.

*

દરેકમાં કોઈ એવો સંવાદ હોય છે જેને સ્થૂલ શ્રાવણેન્દ્રિય સાંભળી શકતી નથી અને તે સંવાદને લઈને વસ્તુઓ અસ્તિત્વ ધરાવે છે.

*

આ બન્ને વસ્તુઓ (ૐ અને દેવળના ઘંટનાદો) સામાન્ય રીતે એવા અવાજો છે જે વૈશ્વિક ચેતના પ્રત્યે ખુલ્લાપણું અથવા ખુલ્લા થવા માટેનો પ્રયત્ન સૂચવે છે.

*

જ્યારે તમે વિશ્વરૂપ અથવા દિવ્ય સૌંદર્ય અથવા વસ્તુઓમાં પ્રભુની હાજરી અનુભવો ત્યારે તમારી ઈન્દ્રિયો પરમાત્મા પ્રત્યે ખુલ્લી થાય છે.

*

વ્યકિત વિશ્વરૂપ બલોની મધ્યમાં પણ પરમાત્મા સાથેના સંકલ્પમાં રહી શકે છે – પરંતુ પરમાત્મામાં જીવન ધારણ કરવા માટે માણસે નિમ્ન વિશ્વરૂપ પ્રકૃતિથી પર ઊઠી શકવું જોઈએ અથવા દિવ્ય ચેતનાને અહીં નીચે આવવા માટે પુકાર કરવો જોઈએ. ઘણા માણસો માટે આ શરૂઆતમાં મુશ્કેલ હોય છે – અને તે વસ્તુ કોઈ પણ સમયે કરવી સહેલી નથી.

*

• કાયમ પ્રભુમાં મગ્ન રહેવું એ એટલું બધું સહેલું નથી. પોતાના અંતરાત્મામાં કાયમ નિમગ્ન રહેવાથી અથવા માણસમાં એવી ચેતના હોવી જે સર્વને પ્રભુમાં જુએ અને પ્રભુને સર્વમાં જુએ અને 'હંમેશાં' તેવી સ્થિતિમાં જ રહેતો હોય તો જ તે શક્ય બને છે. હજુ સુધી તે વસ્તુ પ્રાપ્ત કરી હોય એવો કોઈ નથી.

*

• વૈશ્વિક આત્મા વિશ્વમાં રહેલી સર્વ વસ્તુઓને ધારણ કરે છે – તે વિશ્વરૂપ મન, વિશ્વરૂપ પ્રાણ અને વિશ્વરૂપ ભૌતિક તત્ત્વને તેમ જ અધિમનસને ધારણ કરે છે. આત્મા આ બધી વસ્તુઓ કરતાં વધારે છે, કારણકે આ બધી વસ્તુઓ પ્રકૃતિમાં બનેલી ઘટનાઓ છે.

• (વૈશ્વિક મન તરફ ખુલ્લા થવાના પરિણામો :–) માણસ વિશ્વરૂપ મન અને તેમાં ફરતાં મનોમય બલો તેમ જ માણસના મન ઉપર અને બીજાઓના મન ઉપર જે રીતે તેઓ કાર્ય કરે છે તેના વિષે સભાન બને છે અને તે પોતાના મનની સાથે વધારે જ્ઞાનપૂર્વક અને અસરકારક શકિતથી કાર્ય કરી શકે છે. બીજા પણ ઘણા પરિણામો હોય છે, પરંતુ આ મૂળભૂત પરિણામ હોય છે. આ અલબત્ત, ત્યારે જ બને છે, જો વ્યકિત સાચી રીતે ખુલ્લી થાય અને સર્વ પ્રકારના વિચારોનું અને મનોમય બલોનું કેવળ નિષ્ક્રિય ક્ષેત્ર ન બને.

*

વૈશ્વિક મન પ્રત્યે ખુલ્લા થવાથી પરમાત્માની દરેક જગાએ અનુભૂતિ થવી વધારે સહેલી બને છે – પરંતુ તે તાત્ત્વિક રીતે આધ્યાત્મિક હોતી નથી; જો વધારે વિશાળ આધ્યાત્મિક અનુભૂતિઓ ન આવે તો તેણે, બિલકુલ આધ્યાત્મિક બનવાની જરૂર નથી.

*

એવું બન્યું છે કે તમે વૈશ્વિક મનના સ્પર્શમાં આવતા જાઓ છો, જેમાં બધા પ્રકારના વિચારો, શકયતાઓ, રચનાઓ, આમતેમ ગતિ કરતાં હોય છે. વ્યકિતગત મન આ બધી વસ્તુઓને, જે વસ્તુ તેને અસર કરે છે તે સ્વીકારી લે છે અથવા જયારે તેનો સ્પર્શ કરે છે ત્યારે ભિન્ન વસ્તુઓ બની જાય છે. પરંતુ આ બધી શકયતાઓ હોય છે, સત્યો નહિ, એટલે વધારે સારું એ છે કે તે પ્રમાણે તેમને મુક્ત રીતે ગતિ ન કરવાં દેવા.

*

મનને પોતાના પ્રદેશો હોય છે અને પ્રાણને પોતાના પ્રદેશો હોય છે. મનોમય પ્રદેશોમાં પ્રાણ અને તેના પદાર્થો મનની પાસે ગૌણ બની જાય છે અને તેઓ

તેના હુકમો પાળે છે. અહીં પૃથ્વી ઉપર ભૌતિક વસ્તુની ઉત્ક્રાંતિ શરૂઆતના બિંદુ તરીકે થાય છે અને તેમાં પ્રાણ માધ્યમ હોય છે અને મન તેનામાંથી ઉદ્ભવે છે. વિશ્વમાં ઘણા તબક્કાઓ, પ્રદેશો અને સંયોજનો હોય છે – ઘણા વિશ્વો પણ હોય છે. આપણું વિશ્વ તો ઘણા વિશ્વોમાંનું એક છે.

*

(વિશ્વરૂપ પ્રાણ પ્રત્યે ખુલ્લા થવાનું પરિણામ :) માણસ બધા જ પ્રાણબલો પ્રત્યે સભાન બને છે તેમ જ તેઓ કઈ રીતે પોતાની જાત ઉપર અસર કરે છે તેમ જ બીજાઓ ઉપર, મન ઉપર, તેમ જ શરીર ઉપર કેવી રીતે અસર કરે છે તેના વિષે સભાન બને છે – તેમ જ ઘટનાઓની પાછળ રહેલી બલની ગતિઓ વિષે પણ સભાન બને છે. વ્યકિત પ્રાણમય ભૂમિકા, તેના જગતો, તેના સત્ત્વો, તેમ જ તેની પાર્થિવ–જીવન ઉપરની રચનાઓના સીધેસીધા કાર્ય વિષે સીધી જ સજ્ઞાન બને છે. તે જ સમયે વ્યકિતએ પોતાના સાચા પ્રાણમય પુરુષ વિષે સભાન બનવું જોઈએ અને તેમાંથી કાર્ય કરવું જોઈએ અને નહિકે આ બધી વસ્તુઓ સાથે રહેલા સપાટી ઉપરના અથવા કામનામય પ્રાણ વિષે. આ બધી અસરો તાત્કાલિક બની આવતી નથી – જેમ જેમ વિશ્વરૂપ પ્રાણ સાથેનો સંપર્ક વિકાસ પામે તેમ તેમ તેનો વિકાસ થતો જાય છે.

*

વિશ્વરૂપ પ્રાણમાં ખાસ કરીને એક લલચામણું આકર્ષણ અને ઉત્સાહજનક શકિતનો ધસારો હોય છે (સાચી સ્થિર શકિત નહિ. પરંતુ કેવળ બલ) જેમના પ્રત્યે જે લોકો તાબે થાય અને મદિરાપાન કરવાવાળો મનુષ્ય જેવી રીતે પોતાને ઉશ્કેરાટ આપતા મદ્યને વળગી રહે છે તેવી રીતે તેને વળગી રહે છે. તે વસ્તુ તેમને બળવાન બનાવે છે, મહાન બનાવે છે અને જાણેકે ખૂબ આનંદદાયક વસ્તુઓ મળી હોય તેવી તેમને ભાવના થાય છે – જ્યારે તેમની પાસેથી તે વસ્તુ છીનવી લેવામાં આવે છે, ત્યારે તેઓને એવું લાગે છે કે "તેઓ સામાન્ય માણસો" બની ગયા છે અને તે વસ્તુની પાછી માગણી કરે છે.

*

વિશ્વરૂપ બલો એટલે સર્વ પ્રકારના બલો, સારા યા નરસા, અનુકૂળ કે પ્રતિકૂળ, પ્રકાશના અને અંધકારના જેઓ વિશ્વમાં ગતિ કરે છે.

*

પૃથ્વી એ ઉત્ક્રાંતિનું સ્થળ છે, જેમાં આ બધા બલો એકઠા થાય છે અને તેમના કાર્યદ્વારા એવી વસ્તુઓનો આવિર્ભાવ કરવા પ્રયત્ન કરે છે જેનો વિકાસ

કરવાનો હોય છે. બીજી ભૂમિકાઓ ઉપર (મનોમય, પ્રાણમય વગેરે) ઉત્ક્રાંતિ હોતી નથી – ત્યાં દરેક પોતપોતાની રીતે સ્વધર્માનુસાર અલગ અલગ રીતે કાર્ય કરે છે.

*

વૈશ્વિક વસ્તુઓ વિશ્વમાં રહેલી દરેક વસ્તુને લાગુ પડે છે – દરેક જગાએ વ્યક્તિગત સત્ત્વો હોય છે; પરંતુ પૃથ્વીના અર્થમાં તેઓ ભૌતિક હોતા નથી – તેમનું બંધારણ ભિન્ન પ્રકારનું હોય છે.

*

ના, તેઓ (વિરોધી સત્ત્વો) વૈશ્વિક બલોનું સર્જન કરતા નથી; તેઓ પોતપોતાની જાતદ્વારા ગતિમાન થાય છે અને ગતિ કરે છે.

*

હા, અલબત્ત, પ્રકાશનાં બલો અને અંધકારના બલો વચ્ચે હંમેશાં યુદ્ધ ચાલતું જ હોય છે.

સાધનામાં તે એકાગ્ર થાય છે અને આપણે તેમને વિષે સભાન બનીએ છીએ.

વિરોધી સત્ત્વો વિષે કહેવાનું કે તેઓ એકબીજાનો સાથે કાયમ યુદ્ધ કરતાં હોય છે; પરંતુ સત્ય અને પ્રકાશની વિરુદ્ધ તેઓ પોતાની જાતને સામાન્ય કારણ-રૂપ બનાવે છે.

*

બલો સચેતન હોય છે. તે ઉપરાંત કેટલાંક વ્યક્તિગત સત્ત્વો હોય છે જેઓ બલોનું પ્રતિનિધિત્વ કરે છે અથવા તેમનો ઉપયોગ કરે છે. ચેતના અને બલ, અવૈયક્તિકતા અને વૈયક્તિકતા વચ્ચેની દીવાલ, વ્યક્તિ જ્યારે ભૌતિક વસ્તુના પરદાની પાછળ જાય છે ત્યારે વધારે પાતળી થતી જાય છે. જો વ્યક્તિ અવૈયક્તિક બલની બાજુ તરફથી કાર્ય ઉપર નજર નાખે તો વ્યક્તિ કોઈ બલ અથવા શક્તિ કોઈ હેતુ માટે કાર્ય કરતી હોય એમ જુએ છે અથવા કોઈ પરિણામ માટે કાર્ય કરતી જુએ છે. જો વ્યક્તિ કોઈ સ્વરૂપની બાજુએથી જુએ તો કોઈ સ્વરૂપને પોતાની અંદર બધું ધારણ કરતું અને માર્ગદર્શન આપતું તથા ઉપયોગ કરતું અથવા કોઈનું પ્રતિનિધિત્વ ધરાવતું અથવા કોઈ સચેતન બલ દ્વારા તેને વિશિષ્ટ કાર્ય અને અભિવ્યક્તિનું એક કરણ બનાવતું જુએ છે. તમે આંદોલન વિષે કહો છો; પરંતુ આધુનિક વિજ્ઞાન દ્વારા એવું સાબિત થયું છે કે જો તમે શક્તિની ગતિનો અભ્યાસ કરો, તો એક બાજુએ તે આંદોલન દેખાય છે અને એક તરંગ માફક કાર્ય કરે છે; જ્યારે બીજી બાજુએ એક પરમાણુઓના જથ્થા

તરીકે તથા કાર્ય કરતા એક પરમાણુઓના જથ્થા તરીકે જુએ છે. લગભગ એ જ પ્રકારનો સિદ્ધાંત અહીં છે.

*

પ્રકૃતિના બલો સચેતન બલો હોય છે – તેઓ જરૂરી હોય તે બધાનું કોઈ કાર્ય અથવા હેતુ માટે સંગઠન કરી શકે છે અને એક સાધન નિષ્ફળ જાય તો તેઓ બીજું સાધન હાથ ઉપર લે છે.

*

હા, જો તેઓ (બલો) સામાન્ય રીતનું માનસશાસ્ત્રીય કાર્ય જે માનવ પ્રકૃતિ માટે સામાન્ય હોય છે તેના કરતાં ખાસ વિશિષ્ટ રચના કરે તો વધારે શકિતથી કાર્ય કરી શકે છે.

*

✓ અહંકાર વિશ્વરૂપ પ્રકૃતિની યાંત્રિકતાનો એક ભાગ – મુખ્ય ભાગ–છે. પ્રથમ તો પ્રકૃતિના વિવેકવિહીન બલ અને પદાર્થમાંથી એક વ્યકિતત્વનો વિકાસ કરવા માટે, અને બીજું કારણ કે વ્યકિત (અહંકારયુકત વિચાર, લાગણી, સંકલ્પ અને ઈચ્છાની યાંત્રિકતા મારફતે) વિશ્વરૂપ બલો માટેનું એક કરણ બને. જયારે વ્યકિત ઊર્ધ્વતર પ્રકૃતિના સંપર્કમાં આવે ત્યાર પછી જ આ અહંકારના નિયમોમાંથી અને બલોની ગુલામીમાંથી મુકત બને છે.

*

હા, જો એક સઘન અનુભૂતિ થાય (કે વ્યકિતની બધી જ શકિતઓ અને શકયતાઓ વૈશ્વિક બલોમાંથી આવે છે), તો અહંકારની ટેવ ઘણી ઘટતી જાય છે; પરંતુ તે બિલકુલ અદૃશ્ય થતો જ નથી. તે સ્વરૂપમાં એક કરણ તરીકે આશ્રય લે છે અને – જો તેમાં ચૈતસિક વલણ ન આવે – તો તે સહેલાઈથી કોઈ અહંકારને પોષણ આપે એવું બલ હોય તો તેનું સાધન બનવા માટે સહેલાઈથી પસંદગી કરે છે. આવા પ્રસંગોમાં અહંકાર પૂરતા પ્રમાણમાં સમર્થ રહે છે. જોકે તે, પોતે એક કરણ તરીકે પોતાની જાતને અનુભવે છે અને નહિકે એક મુખ્ય અભિનેતા તરીકે.

*

જો ચૈત્ય પુરુષ સક્રિય હોય–અથવા જ્યાં સુધી તે સક્રિય હોય, તો તેમાં એવી વસ્તુ હોય છે જે વિશ્વરૂપ બલો માટે એક સ્વાભાવિક કસોટી જેવું હોય છે, જે ન બનવું જોઈએ તેને માટે ચેતવણી આપે છે (એક વિશિષ્ટ લાગણીથી અને નહિકે વધારે પડતા વિચારો દ્વારા) અને ઇનકાર કરે છે, અને જે હોવું જોઈએ તેનો સ્વીકાર કરે છે અને પરિવર્તન લાવે છે.

*

હા, તે પ્રમાણે જ છે. વિશ્વરૂપ બલો ઘણી વખત અવચેતન મારફતે કાર્ય કરે છે. ખાસ કરીને તેઓ જે બલ મોકલે છે તે એવી કોઈ વસ્તુ હોય છે જેને માણસને આજ્ઞાધીન બનવાની ટેવ હોય છે અને જેના બીજો, જેની છાપો, "ગ્રંથીઓ" અવચેતનમાં મજબૂત રીતે મૂળ નાખીને પડેલી હોય છે–અથવા તો તેવો પ્રસંગ ન હોય તો તે એવી વસ્તુ હોય છે જેની સ્મૃતિ અવચેતનમાં હજુ સુધી પણ પડેલી હોય.

*

તેના માટે કોઈ નિયમ નથી. માનવી સામાન્ય રીતે સપાટી ઉપર જ સચેતન હોય છે; પરંતુ સપાટી તો પૃષ્ઠસ્થ રહેલી ચેતનાની શકિતઓના કાર્યના પરિણામોની જ નોંધ રાખે છે. ઘણી વખત બલો કેન્દ્રો મારફતે અંદર પ્રવેશ કરે; કારણકે તો પછી પ્રકૃતિ ઉપર કાર્ય કરવા માટે તેમનામાં સૌથી મોટી શકિત આવે છે – પરંતુ તેઓ ગમે ત્યાંથી પણ પ્રવેશ કરી શકે છે.

*

તેઓ (દર્દ અને નિરાશા) વૈશ્વિક બલોના કાર્યના પરિણામે કદાચ આવે છે – પરંતુ અમુક અર્થમાં નિરાશા અને દુ:ખ વિશ્વરૂપ બલો કહી શકાય – કારણકે આ વસ્તુઓનાં મોજાં હોય છે અને કોઈ પણ બાહ્ય કારણ સિવાય તેઓ આવે છે અને સ્વરૂપ ઉપર હુમલો કરે છે.

*

તે (મૃત્યુ) વિશ્વરૂપ બલ છે–જે ઘટના અથવા ફેરફાર જેને આપણે મૃત્યુ કહીએ છીએ તે, તે બલનાં કાર્યનું ફકત એક કારણ છે.

★